Final

# અમદાવાદનો મહિમા

● **ઉદ્ધવનો અયોધ્યામાં આવિર્ભાવ**

ઈક્ષ્વાકું વંશના રાજાઓની રાજધાની મુક્તિપુરી અયોધ્યા નગરીમાં કાશ્યપ ગોત્રમાં જન્મેલા ઋગ્વેદી શ્રેષ્ઠ અજય નામના એક બ્રાહ્મણ હતા. આ બ્રાહ્મણ પુણ્યમાં જ મતિવાળા હતા. વિદ્યાવિનયે સંપન્ન સત્યવાદી જીતેન્દ્રિય હતા. તેમના પત્નીનું નામ સુમતિ હતું. અર્થથી જેમ સુમતિ તેમ નામથી પણ સુમતિ આ અજય વિપ્રનાં પત્ની સુમતિના ઉદરે દુર્વાસા મુનિના શાપને અનુસરીને એ જ ઉદ્ધવજી આવિર્ભાવ પામ્યા હતા. શ્રીકૃષ્ણની ભક્તિરૂપ કુમુદ (પોયણું) પ્રફલ્લિત કરવામાં ચંદ્ર સમાન થયા.

● **અજય વિપ્રના ઘેર ઉદ્ધવ અવતર્યા**

તે ઉદ્ધવજી સંવત ૧૮૭૫ ના શ્રાવણ વદ ૮ અષ્ટમીએ પ્રભાતમાં અજય વિપ્રના ઘરમાં પ્રગટ થયા હતા. એમનું શરીર ગૌર વર્ણવાળું, સુંદર મુખવાળા, પ્રૌઢ આકૃતિ છે. અજાનબાહુ છે. એટલે જાનુપર્યંત બે ભુજાઓ લાંબી છે. પલ્લવ જેવા બે પાદકમળ છે. ગંભીર નાભિ છે. લાલ વર્ણવાળી નેત્ર પ્રાંતની કાંતિવાળા છે. વિશાળ વક્ષઃસ્થળ છે. ચારે તરફથી પાકા ટીંડોળાના જેવા અધર હોષ્ઠ (હોઠ) છે. વાંકા શ્યામ કેશ છે. કમળની પાંખડી સમાન નેત્ર છે. વિશાળ લલાટ છે. એવા ઉદ્ધવજી શોભતા હતા ને માતા પિતાના મનને હરે એવા હતા.

● **પુત્રનું નામ પાડ્યું રામશર્મા**

ત્યાર પછી વિપ્રવર્ય અજય વિપ્રે પુત્રનો જન્મ થવાથી અધિક આનંદમાં આવી તે જ ક્ષણમાં વસ્ત્ર સહિત સ્નાન કરીને તત્કાળ જાતકર્મ વિધિઓ જાણનારા બ્રાહ્મણોને બોલાવી યથાવિધિ જાતકર્મ

સંસ્કાર કર્યો. રાજી થયેલા અજય વિપ્રે જન્મથી બારમે દિવસે સ્તસ્તિકાસન પૂર્વક પુત્રનું (જોનારા જનોના મનને આનંદ આપનાર હોવાથી) રામ એવું ગુણાનુગુણ નામ પાડ્યું, માતાપિતાએ પોષણાદિથી લાડ લડાવેલા રામ. જોનારા જનોના નેત્રોને આનંદ ઉપજાવતા થકા, ઉદય પામેલા બાલચંદ્રની પેઠે, થોડા કાલમાં વૃદ્ધિ પામ્યા.

● **રામશર્માનો જનોઈ સંસ્કાર કર્યો**

પિતા અજય વિપ્રે હર્ષથી આઠમે વર્ષે યથાવિધિ જનોઈ આપવાનો યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યો. પછી ધર્માત્મા રામશર્મા વિપ્ર બ્રહ્મચર્ય વ્રતને દૃઢપણે પાળવા લાગ્યા. પોતાને નૈષ્ઠિકવ્રત વિશેષ વહાલું હોવાથી ગૃહસ્થાશ્રમની ઈચ્છા ન કરતા વિરક્ત રામશર્મા ધર્મ-પુણ્ય રૂપ વિધિઓમાંથી નિવૃત્તિ પામેલા, અર્થાત્ મુમુક્ષુ એવા સંતોનો સમાગમ વિશેષપણે કરવા લાગ્યા. રામશર્મા દશ વર્ષની અંદરની ઉંમર એટલે પૌંગડ અવસ્થામાં રહ્યા છે પણ પરમ પ્રીતિથી પોતાના પિતાજી જે ભાગવત્-પુરાણ વાંચે તેને આદરથી સાંભળવા લાગ્યા.

● **અયોધ્યા છોડી ગુજરાતની વાટે**

એ રીતે ભાગવત પુરાણને સાંભળવા રામશર્મા વિપ્રને ભગવાનમાં દઢ ભક્તિ ઉત્પન્ન થઈ. ભક્તિથી પ્રેરાયેલા રામશર્મા વિપ્ર પ્રતિમારૂપે રહેલા ભગવાનનું પૂજન નિયમથી કરવા લાગ્યા. આ રામશર્મા વિપ્રને પ્રતિમામાં પ્રત્યક્ષપણે રહેલા ભગવાનનું સાક્ષાત્ દિવ્ય રૂપ જે યોગીઓને પણ દર્શન દુર્લભ, તેમનો સાક્ષાત્કાર કરવાની ઈચ્છા થઈ. પછી ગૃહકુટુંબાદિકમાં આસક્તિએ રહિત થઈને વેદાધ્યાયનના મીષથી પોતાના ઘરથી તત્કાળ ચાલી નીકળ્યા. રામશર્મા ઘેરથી નીકળીને વિષયની સ્પૃહારહિત થઈને જુદા જુદા દેશોમાં રહેલા ગંગા-યમુના આદિક તીર્થોમાં વિચરતા વિચરતા શ્રીહરિનું હૃદયમાં નિરંતર ધ્યાન કરતા કરતા રૈવતાચળ (ગિરનાર) ને પામ્યા.



Final



● **રામશર્મા રૈવતાચળની ગોદમાં**

રૈવતાચળને ગુજરાતી ભાષામાં ગિરનાર કહેવાય છે, ત્યાં નજીકમાં ગોપનાથ મહાદેવની જગ્યા છે. તેમાં ગોપાળાનંદ નામના યોગી, બ્રહ્મચારી રહેતા હતા. તેમના શિષ્ય આત્માનંદ મુનિને આ રામશર્માએ જોયા. જે યોગના પારને પામેલા, લોકમાં ખૂબ પ્રસિદ્ધ પામેલા, સદાય સમાધિ દશાને પામેલા, અક્ષરની સાથે એકતા પામેલા. આ સ્થળે પ્રાપ્તિ તો સાક્ષાત્કારરૂપ જાણવી. અર્થાત્ સમાધિમાં જેમણે અક્ષરાત્મક સ્વસ્વરૂપ સાક્ષાત્ કર્યું છે. ગોપાળાનંદ યોગીના અનુગ્રહથી પ્રાણ શરીરમાં થોડો કે ઝાઝો સમય રાખવો તેમાં સ્વતંત્ર સ્થિતિને પામેલા બહુ શિષ્યોથી વીંટાયેલા મુનિને રામશર્માએ પ્રાણ કર્યા.

● **રામશર્મા આત્માનંદજીને શરણે**

પોતાના પ્રતાપથી ખૂબ પ્રસિદ્ધ પામેલા એવા આત્માનંદ મુનિને બહુ આદર આપતા, રામશર્મા ત્યાં એક માસ રહ્યા. ત્યાં કોઈ એક અવસરે આ આત્માનંદ મુનિને સાક્ષાત્ ભગવાનનું દર્શન થાય છે તો તેમનો અનુગ્રહ મારા ઉપર થાય તો મને પણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય એવા હેતુથી બે હાથ જોડી પ્રણામ કરી મુનિને કહેવા લાગ્યા : હે મુનિ ! મને સાક્ષાત્ વિષ્ણુનાં દર્શન કરવાની બહુ વખતથી ઈચ્છા છે માટે તેને સિદ્ધ કરનારું જે સાધન હોય તે મને કૃપા કરીને કહો ત્યારે આત્માનંદ મુનિ કહેવા લાગ્યા : હે રામશર્મા, પ્રભુનાં સાક્ષાત્ દર્શન માટે અષ્ટાંગયોગ મુખ્ય સાધન છે. બીજું કોઈ સાધન નથી, માટે મેં ઉપદેશેલા યોગમાર્ગને અનુસરો, તેથી ટૂંકા ગાળામાં તમારો મનોરથ સિદ્ધ થશે.

● **રામશર્મા દીક્ષાથી રામાનંદ બન્યા**

આવું આત્માનંદ મુનિનું વચન સાંભળ્યું એટલે રામશર્મા ખૂબ હર્ષ પામ્યા અને આત્માનંદ મુનિના શિષ્યભાવને પામીને રહ્યા. અને

મુનિએ પણ હર્ષથી રામશર્માનું 'રામાનંદ' એવું નામ પાડ્યું અને પછી ધીરે ધીરે આત્માનંદ મુનિ રામાનંદજીને અષ્ટાંગયોગ શીખવવા લાગ્યા. એ રીતે થોડા જ સમયમાં રામાનંદ સ્વામીએ અષ્ટાંગયોગ શીખવી દીધો અને આત્માનંદ મુનિ ગુરુની જેમ રામાનંદ સ્વામી પણ બ્રહ્મની સાથે ઐક્યપણું પામ્યા. રામાનંદ સ્વામી જ્યારે ધ્યાનમાં ઊંડા ઉતર ત્યારે દશે દિશામાં પ્રસરતું તેજ દેખાય પણ સર્વેના પ્રકાશક પરમાત્મા તો દેખાય જ નહિ.

● **રામાનંદજી અષ્ટાંગયોગ શીખ્યા**

ત્યારે અસંતોષ પામેલા રામાનંદ સ્વામીએ મનમાં અતિ વ્યાકુળ થઈને ગુરુ આત્માનંદ મુનિને કહ્યું : હે ગુરુજી, આપની કૃપાથી હું યોગના પારને પામ્યો, પણ ધ્યાનમાં માત્ર તેજ દેખાય છે. પણ સર્વેને સુખ આપનારા કમળાપતિ ભગવાન મને નથી દેખાતા અને એ નહિ દેખાતામાં મારું મન અતિ ખેદ પામે છે. માત્ર નિરાકાર તેજ સિવાય મને કાંઈ દેખાતું જ નથી. તેથી મારા આત્મામાં મને અસંતોષ જ જણાય છે. આટલા આટલા દાખડાને અંતે યોગના પારને પામ્યા પછી જો સાક્ષાત્ ભગવાનનું મને દર્શન ન થાય તો પછી આ મનુષ્ય જન્મ ધર્યાનો શો અર્થ છે ? માટે હે ગુરુજી ! આપ મારા પર દયા કરો અને સાકાર પ્રભુનું દર્શન થાય એવી કૃપા કરો.

● **આત્માનંદે હરિઆકારનું ખંડન કર્યું**

ત્યારે આત્માનંદ મુનિ બોલે છે : હે રામાનંદજી, આકાર માત્ર નાશવંત છે. એક માત્ર તેજ એ જ સત્ય છે. આકાર માત્ર માયિક, અવિદ્યા કલ્પિત છે. તેજ છે એ જ સર્વમાં વ્યાપીને રહે છે માટે તેને વિષ્ણુ કહેવાય છે. તે વિષ્ણુ જ્ઞાનરૂપ તેજો શશી થકી બીજા નથી પણ તેજરૂપ જ છે. પ્રકાશ એકરસ છે. માટે તેજોમય કહેવાય છે. જે આકાર છે તે સર્વેનો ચોક્કસ નાથ થાય છે. જ્યારે નિરાકારનો તો વિનાશ નથી જ. અવિનાશી શ્રીકૃષ્ણને આકારનો સંભવ જ કેમ કહેવાય ? એ તો નિરાકર જ છે. એ જ વિષ્ણુ માનો.



Final



● **પ્રભુનો દ્રોહ સાંભળી રામાનંદ મૂર્છામાં**

આવું ગુરુ આત્માનંદ મુનિનું વચન સાંભળી પરમાત્માને નિરાકાર કહ્યા, જેથી પ્રેમાદ્ર હૃદયવાળા તે રામાનંદ સ્વામી તરત મૂર્છા ખાઈ પડી ગયા. ત્યાર પછી રામાનંદ સ્વામી એક મુહૂર્ત પછી મૂર્છામાંથી જાગી પરમાત્માના આકારનું ખંડન સાંભળેલું જેથી ખૂબ દુઃખી થઈ ખેદ કરવા લાગ્યા. અને શ્રીહરિના આકારને અસભ્ય કહેનારા ગુરુ આત્માનંદ મુનિનો તત્કાળ ત્યાગ કરીને ચાલી નીકળ્યા. ગુરુએ રામાનંદજીને અહીં રહો, અહીં રહો કહી ઘણું ઘણું વાર્યા છતાં એક પળ પણ ત્યાં ન રોકાતાં તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

● **ઢોંગી ગુરુ ભટકાય તો પાછા વળજો**

રામાનંદ સ્વામીને દિલમાં ખૂબ દુઃખ થયાનું એ કારણ હતું કે કેટલા સમયથી આત્માનંદ મુનિ ભેગા રહ્યા ત્યાં સુધી આત્માનંદે હું નિરાકારવાદી છું એવું જણાવા ન દીધું ને સારો શિષ્ય આવ્યો છે તો અહીં મારા મતમાં બાંધી રાખું એમ માની ઘણા કાળ સુધી જણાવા ન દીધું અને રામાનંદ સ્વામીને પોતાની પાસે રૂંધી રાખ્યા. જેથી રામાનંદ સ્વામીને એમ થયું કે મારો પ્રભુ મેળવવાનો, સાધન કરવાનો સમય આમણે ખોટો બગાડ્યો. આખો દિસ વલોવણું કર્યું પણ પાણીમાંથી શું મળે ? એમ મારો કીમતી સમય બગડ્યો ને પ્રભુનું દર્શન ન થયું. એ રામાનંદ સ્વામીને ખુબ દુઃખ થયું અને પ્રભુ પ્રેમીને પ્રભુના આકારનું ખંડન કોઈ કહે તો કેટલું દુઃખ લાગે ? આ તો ગુરુ થઈ અવળું જ્ઞાન ભરાવ્યું. જેથી રામાનંદ સ્વામી મહાદુઃખ પામ્યા.

● **જ્ઞાનના ગોટાળાવાળા ગુરુ ન કરશો**

આજે પણ જીવોએ ચેતવાની જરૂર છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે ડોબું લેવું તો દોહીને લેવું અને ગુરુ કરવા તો જોઈને કરવા. આજકાલ સહજાનંદ સ્વામીના આદેશ પ્રમાણેના રસ્તે ચાલવા કરતાં

લોકોએ જુદા જુદા રસ્તા મનસ્વી રીતે ચાલવાના ઊભા કર્યા છે. માટે ભલા થઈ ગુરુ કરો તો પ્રભુની પાસે પહોંચવાનો રસ્તો બતાવે તેને કરજો. નહિતર અવળા ભરાઈ જશો. તો ધામ નહિ મળે, ધક્કા મળશે. માટે પ્રભુને પામવાનું સાચું જ્ઞાન દે તેવા ગુરુ કરજો.

- **સૌરાષ્ટ્ર દેશમાંથી ચાલી નીકળ્યા**

રામાનંદ સ્વામી પોતે 'પરબ્રહ્મ' સદા સાકાર છે,' આવો બુદ્ધિમાં દૃઢ નિશ્ચય હોવાથી એક ક્ષણ પણ ત્યાં ન રોકાતાં પરમાત્મા સાકાર જ છે. એવો સિદ્ધાંત સ્થાપન કરનારા ગુરુવર્યને શોધવા માટે સૌરાષ્ટ્ર દેશમાંથી ચાલી નીકળ્યા. એ રીતે તે તે સ્થળમાં ગુરુને શોધતા એવા ગુરુ તો ભગવાન રામાનુજાચાર્યે સ્થાપેલ તેમના ગાદી સ્થાનમાં હોવા જોઈએ, એમ માની જ્યાં રામાનુજાચાર્યે આચાર્યપદની સ્થાપના કરી એવા રંગક્ષેત્રમાં આવ્યા. જ્યાં રંગનાથ પ્રભુ બિરાજે છે.

- **દક્ષિણ તરફથી રંગક્ષેત્ર ભણી પ્રયાણ**

રામાનંદ વર્ણિ હૃદયમાં ભગવાનનું ચિંતવન કરતા તે શ્રીરંગનાથ ભગવાનના મંદિરની સમીપમાં જ નિવાસ કરીને રહ્યા, એ તે શ્રીરંગનાથજીના મંદિરની બંને બાજુ વિશાળ પટવાળી કાવેરી નદી વહે છે. તેમાં પ્રતિદિન સ્નાન કરી સંધ્યા વંદનાદિ નિત્ય કર્મથી પરવારી દરરોજ આદરથી ભગવાન શ્રી રંગનાથજીના દર્શન કરતા. શ્રીરંગક્ષેત્ર એ દક્ષિણનું મોટું તીર્થધામ ગણાય છે. સાત પ્રદક્ષિણાનું ઉલ્લંઘન થયા પછી દેવનાં દર્શન થાય છે તે વૈકુંઠ તુલ્ય છે.

- **સાચા ગુરુની શોધમાં**

રામાનંદ સ્વામી ત્યાં ભગવાનના દિવ્ય આકારનું પ્રતિપાદન કરનારા જે રામાનુજાચાર્યકૃત શ્રીભાષ્ય તથા ભગવદ્‌ગીતા વગેરે સત્શાસ્ત્રો સાભળવાની ઝંખના કરવા લાગ્યા. દિવ્ય આકારવાળા ભગવાનનાં દર્શન કરાવે એવા ગુરુને શોધવા રામાનંદ સ્વામી ત્યાં



Final



વૈષ્ણવોનો સમાગમ કરવા લાગ્યા. પછી વૈષ્ણવોના સમાજમાં રામાનુજાચાર્યના દિવ્ય ચરિત્રથી ભરપૂર એવો પ્રપન્નામૃત નામનો ગ્રંથ તેની ત્યાં કથા થતી હતી તે આદરથી સાંભળવા લાગ્યા.

- **રામાનુજાચાર્યની ગાદી શ્રીરંગક્ષેત્ર**

'પ્રપન્નામૃત' ગ્રંથની કથા સાંભળી રામાનંદવર્ણિને તીવ્ર શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે. સંપ્રદાયમાં રહેલા સર્વે વૈષ્ણવોએ આચરેલ શ્રીરામાનુજાચાર્ય જ મારો મનોરથ પૂરો કરનાર આચાર્ય છે. તેમનો અવતાર સમય તો વ્યતીત થઈ ગયો છે. પણ પોતાના આશ્રિતોના અનુગ્રહ માટે દિવ્ય રૂપથી બિરાજતા શ્રીરંગનાથજી ભગવાનના મંદિરની સમીપે પ્રસિદ્ધ ગાદીસ્થાનમાં રહેલા રામાનુજાચાર્યની ગુરુભાવથી આરાધના કરવાની દૃઢ ઈચ્છા કરી, વૈષ્ણવો થકી પોતાને પ્રિય શ્રી ભાષ્યાદિ ગ્રંથો સાંભળવા લાગ્યા.

- **રંગક્ષેત્રમાં ત્રણ માસ સાધના કરી**

રામાનંદ સ્વામી રામાનુજાચાર્યના ૧૦૮ નામવાળું જે સ્તોત્ર તેનો પ્રીતિથી પાઠ કરવા લાગ્યા. અને પ્રપન્નામૃતમાં જેવું તેમનું રૂપ વર્ણવેલું છે. તેનું ધ્યાન, પઠન, સ્તુતિ કરવા લાગ્યા. આ રીતે શ્રીરંગક્ષેત્રમાં રામાનુજાચાર્યનું ચિંતવન કરતાં રામાનંદ વર્ણિને ત્રણ માસ વીતી ગયા. પછી ચૈત્ર માસમાં સુદી પાંચમે પ્રાતઃકાળમાં (અતિથિ રામાનુજાચાર્યની અવતરણતિથિ છે) કાંઈક સ્વપ્ન થયું. બ્રાહ્ય ઈન્દ્રિયોનો ઉપરામ થાય અને માત્ર મનથી પ્રત્યક્ષ દર્શન થાય તેને સ્વપ્ન સમાન કહેવાય, માટે સ્વપ્ન કહ્યું છે.

- **રામાનુજાચાર્યનું દર્શન થયું**

શ્રી રામાનુજાચાર્યે રાજી થઈ પોતાનું સ્વરૂપ સાક્ષાત્કાર કરવા સારું જાગૃત દશા થકી જુદી મનોમાત્ર જાગૃત દશા બતાવીને જે તિથિએ પોતે અવતર્યા હતા તે જ તિથિએ પ્રભાતમાં તેમની આગળ પ્રાદુર્ભાવ પામ્યા. શ્રીરંગ નિવાસ શ્રીમન્નનારાયણ ભગવાનને જ

એમની સેવાથી સંતુષ્ટ થઈને યતિરાજનું દર્શન કરવા માટે સ્વપ્નમાં રામાનુજાચાર્યનો પ્રાદુર્ભાવ કરાવ્યો અથવા યતિરાજ રામાનુજાચાર્યને રામાનંદ સ્વામીએ જોયા એ અર્થ થાય.

● **રામાનુજાચાર્યનું વર્ણન**

તે સ્વપ્નમાં રામાનંદ વર્ણિએ રામાનુજાચાર્યને કેવા જોયા તે કહે છે. સૂર્યની સમાન અંગની કાંતિવાળા, અતિ મનોહર દિવ્ય રૂપવાળા, કરુણામય નેત્રોવાળા, ત્રણ દંડને હાથમાં ધારી રહેલા, લલાટ આદિ સ્થાનોમાં બાર ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારી રહેલા, મંદહાસ્યયુક્ત મુખારવિંદવાળા એવા સાક્ષાત્ રામાનુજાચાર્યને જોયા. પ્રપન્નામૃત ગ્રંથમાં કહેલા લક્ષણોએ યુક્ત જાણી આ શ્રીમન્નનાથ છે એમ જાણી દંડવત્ પ્રણામ કર્યા. 'મન્નાથ' એવું રામાનુજાચાર્યનું બીજું નામ તેમના ગુરુગોષ્ઠિ પૂર્ણ કર્યું છે.

● **રામાનુજાચાર્યનો અનુગ્રહ**

તે પછી રામાનુજાચાર્યે બે હાથ જોડી ઉભેલા રામાનંદ સ્વામીને હસતા હસતા કહ્યું : 'હે વર્ણિન ! આટલા કાળથી તમે જેની આરાધના કરતા હતા તે હું રામાનુજાચાર્ય જ છું. એમ તમે જાણો. હું તમારી ઉપર પ્રસન્ન થયો છું. જે ઈચ્છા હોય તે વરદાન માગો. ત્યારે ગળગળા કંઠે રામાનંદજી બોલે છે : હે યતિશ્વર ! બહુ કાળનો મારો મનોરથ આજે આપના દર્શનથી પરિપૂર્ણ થયો છે. હે યતિશ્વર ! જગતની ઉત્પત્તિ, પાલન, પ્રલય કરનાર એવા ભગવાન શ્રીમન્નારાયણનું જલ્દી મને સાક્ષાત્ દર્શન થાય એવો અનુગ્રહ કરો.

● **રામાનુજાચાર્યે વૈષ્ણવી દીક્ષા આપી**

અને તે લક્ષ્મીનારાયણનું દર્શન કરવા માટે જે સરળ ઉપાય હોય તે આપ મને બતાવો. તમે પ્રભુ છો. તે પછી પ્રસન્ન થયેલા રામાનુજાચાર્ય વૈષ્ણવી દીક્ષા આપી તથા બે શરણાગત મંત્ર રામાનંદ મુનિ આપ્યા ને કહ્યું, હે રામાનંદજી ! હવે તમે પરમ પ્રીતિથી



Final



શ્રીમન્નારાયણને ભજો અ; મે રચેલા જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વૃદ્ધિ કરનારા શ્રીભાષ્ય એ આદિ ગ્રંથોનો આળસે રહિત થઈ પઠન-પાઠનાદિકથી અભ્યાસ કરો.

● **આચારનો ત્યાગ કરશો**

ત્યાં પોતાના વર્ણાશ્રમને ઉચિત સ્વધર્મનો ત્યાગ કદી ન કરવો. વિષ્ણુ ભગવાનની ભક્તિ કરવી. અને વૈષ્ણવોનો નિત્ય સમાગમ કરવો અને ઈન્દ્રિયોને જગત સંબંધી વિષયોમાં ન તણાવા દેવી. અથવા ઈન્દ્રિયોનો નિગ્રહ કરવામાં તત્પર થવું. હે નિષ્પાપ રામાનંદ મુનિ ! આ ચાર પ્રકારના સદાચારમાં વર્તતા તમોને ટૂંક સમયમાં સાક્ષાત્ શ્રીમન્નારાયણનાં દર્શન થશે.

● **તમારે શરણે આવે તેને દીક્ષા આપજો**

મુમુક્ષુ હોવાથી તમારે શરણે આવેલા જનોને મારી જ આજ્ઞાથી આવી વૈષ્ણવી દીક્ષા તમારે આપવી. તમોએ દીક્ષા આપેલા જનોને પણ તમારી માફક સાક્ષાત્ ભગવદ્ દર્શન રૂપ ફળ સિદ્ધિ થશે એમાં સંશય લેશ પણ નથી. ભગવદ્ ભક્તિની વૃદ્ધિ કરનારા જનો જેમાં ન હોય એવા ક્ષેત્રમાં તમો નિવાસ કરીને રહો. એમ કહીને શ્રી રામાનુજાચાર્ય અચાનક અંતર્ધાન થઈ ગયા. પછી રામાનંદવર્ણી સમાધિમાથી જાગ્યા ને જોયું તો પોતાના શરીરમાં તપાવેલું સુદર્શન ચક્ર જોયું.

● **ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં**

ચિન્હિત ઉર્ધ્વપુંડ્ર શોભાયમાન ચક્ર જોયું, બહુ હર્ષ પામ્યા ને જે સ્વપ્નમાં દેખાયું તે સત્ય જ છે એમ માન્યું પણ સ્વપ્નની જેમ ખોટું ન માન્યું. કારણ સ્વપ્નાં હોય તે જાગૃતમાં સંભવતું નથી પણ શરીર પરનાં જે ચિન્હો તે જાગૃતમાં શરીર ઉપર જોયાં તેથી કરીને સ્વપ્નને સમાધિ કીધી છે. અને તે સમાધિને સત્ય માની છે, પછી ભક્તિયોગથી ભજતા સ્વધર્મમાં રહીને ભજન કરતા તે રામાનંદ

મુનિને અલ્પકાળમાં જ સાક્ષાત્ લક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. પછી પ્રત્યક્ષ દર્શન પામેલા રામાનંદમુનિ રાજી થકા પૃથ્વી ઉપરનાં તીર્થોમાં વિચરણ કરવા લાગ્યા.

● **શિષ્યો ઠેર ઠેર મહિમા કહેવા લાગ્યા**

રામાનંદ મુનિ પૃથ્વી ઉપર વિચરણ કરતા. જ્યાં જ્યાં તીર્થોમાં જતા ત્યાં પોતાને શરણે જે મુમુક્ષુઓ આવતા તેમને વૈષ્ણવી દીક્ષા આપવા લાગ્યા. હે પ્રતાપસિંહ રાજન્ ! રામાનંદ સ્વામીએ પૃથ્વી ઉપર જેને જેને દીક્ષા આપી તે તે જનો સ્વધર્મમાં દઢ નિષ્ઠાવાળા, દંભ આદિ દોષે રહિત, ભગવાનમાં દઢ ભક્તિ, નિષ્ઠાવાળા થયા અને તે સર્વે ભક્તો થોડા સમયમાં જ ભગવાનના સ્વરૂપ રૂપ વિભૂતિના સાક્ષાત્કારવાળા થયા. પછી શિષ્યો ઠેર ઠેર ગુરુ મહિમા કહેવા લાગ્યા.

● **એ ઉત્કર્ષ સહન ન કરી શક્યા**

સુવ્રત મુનિ કહે છે : હે રાજન્ ! રામાનંદ સ્વામી પર પ્રસન્ન થયેલા એવા રામાનુજાચાર્યના અનુગ્રહથી લક્ષ્મીનારાયણના કૃપાપાત્ર બની તેમના દિવ્યરૂપના સાક્ષાત્કારવાળા થઈ દંભ રહિતની ભક્તિ જે ધર્મે સહિત કરવાથી પ્રબળ પ્રતાપવાળા થયા. આ રામાનંદ સ્વામીની પ્રતિષ્ઠા વધવાથી જે બીજા વૈષ્ણવો ખરેખર કેવલ આભાસવાળા, પારકાની પ્રતિષ્ઠા સહન નહી કરી શકનારા, મત્સર સ્વભાવવાળા, દાંભિક, પોતાની પ્રતિષ્ઠા માટે જ ધર્મનું આચરણ કરવાવાળા, કેવળ શિશ્નોદરનું પોષણ કરનારા હતા.

● **તાડન, તિરસ્કાર કરવા લાગ્યા**

(આને વૈષ્ણવ નહિ પણ વૈષ્ણવ ધર્મને કલંકિત કરનારા અસુર જ કહી શકાય). આવા દાંભિકો લોકોમાં રામાનંદ સ્વામીનું જે જે પ્રકારે અપમાન થાય તે તે પ્રકારે મિથ્યા અપવાદ આરોપણ કરવા લાગ્યા. અને બીજા પોતાના શિષ્યો પાસે કરાવવા લાગ્યા. તો પણ



Final



તેમનો પ્રતાપાતિશય લેશ પણ ઓછો નહિ થયેલો જોઈને તેમનો શાસ્ત્રવાદથી પરાભવ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેમાં પોતાનો મનોરથ સિદ્ધ તો ન થયો, પણ ઉલટા પરાભવને પામ્યા. પરાભવ પામવાથી કોપાવેગના વશપણાને પામીને તેમને તેઓ તાડન-તિરસ્કાર કરવા લાગ્યા.

● **તિલક ભૂંસી કંઠી-માળા તોડી નાંખી**

ક્ષમાના નિધિરૂપ રામાનંદ સ્વામીએ તો આ સર્વ અત્યાચાર પ્રારબ્ધરૂપ છે. એવી બુદ્ધિથી પૂર્વે જેમ અવંતિના ભિક્ષુક જે કદર્ય બ્રાહ્મણે પોતાનો મહિમા નહિ જાણનારા અજ્ઞાનીએ કરેલો અત્યાચાર, ક્ષમા અને વિવેકથી જેમ સહન કર્યો હતો તેમ સહન કર્યો (આ વાત ભાગવતમાં પ્રસિદ્ધ છે.) તે પછી નગ્ન, જટલી લોઢાના ચીપિયાવાળા એવા કેટલાક અસુરો લાગ જોઈને રામાનંદજીના ઉર્ધ્વપુંડ્ર તિલક જળાદિથી ભૂંસી નાંખીને તુલસીની કંઠી અને માળા તોડી નાખી.

● **સિંહાસન ભાગી મૂર્તિ ઝુંટવી ગયા**

મદોન્મત્ત કેટલાક દુર્જનોએ પૂજામાં પ્રવર્તાવેલા રામાનંદ મુનિનું, ભગવાનને પધરાવવાનું સિંહાસન પણ ભાંગી નાંખ્યું. કેટલાક દુર્જનો ભગવાનની મૂર્તિ ઝુંટવી ગયા. આ પ્રમાણે કોઈ પણ કારણ વિના દુર્જનોએ કરેલો ઉપદ્રવ પ્રારબ્ધના ભોગરૂપ માનતા અને ક્ષમાને વશબનેલા બધું સહન કરતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરુ થયા એ રામાનંદ સ્વામીની જો આ દશા હોય તો માણસને દુ:ખ આવે એ વિશેષ નથી.

● **દાદાગુરુનું ઋણ સૌને શિરે છે**

આ સંપ્રદાયમાં તમામ અનુયાયીઓએ ઉપર રામાનંદ સ્વામીનું ઋણ છે. આ સંપ્રદાયનું મેદાન રામાનંદ સ્વામીએ તૈયાર કર્યું છે. જેમ પાયામાં કાંકરેટરૂપ ઈંટ દેખાય નહિ પણ ઈમારત તેની ઉપર જ ઊભી હોય તેમ રામાનંદ સ્વામી આ સંપ્રદાયમાં ભલે અગ્રસ્થાને

ન હોય પણ સંપ્રદાયના પાયામાં રામાનંદ સ્વામીએ ઘણું જ સહન કર્યું છે. પણ પાયાની ઈંટ દેખાય નહિ જેથી ખ્યાલ ન આવે આ મહાન પુરુષે સંપ્રદાયનું મેદાન તૈયાર કરવા ન શાંતિથી ઉંઘ લીધી કે અન્ન લીધું.

● **રામાનંદ સ્વામી વૃંદાવનમાં આવ્યા**

હવે રામાનંદ સ્વામીને અજ્ઞાનીઓનો, ઠેર ટેર ગામેગામ ત્રાસ વધી ગયો જેથી બ્રાહ્ય જે રામાનુજાચાર્ય થકી ગ્રહણ કરેલાં ચિહ્ન જે ઉર્ધ્વપુંડ્ર કંઠી વગેરે સ્વાત્મ સંરક્ષણ સારુ તેનો ત્યાગ કરીને અલભ્યપણે બીજા ન જાણે એ રીતે વિચરતા વિચરતા ઉપદ્રવાલા દેશનો ત્યાગ કરી વૃંદાવનમાં આવ્યા. રામાનંદ સ્વામી દરરોજ યમુના મહારાણીમાં સ્નાન કરી નિત્ય-સંધ્યા,વંદનાદિક કર્મ કરીને કિનારા પર ઘણાં જ રહેલા કૃષ્ણ મંદિરોમાં દર્શન કરવા લાગ્યા.

● **વૃંદાવનવિહારીએ દર્શન આપ્યાં**

બપોર પછીના સમયમાં વૈષ્ણવ વિપ્રોએ તે તે ભગવન્મંદિરોમાં વાંચવા માંડેલું શ્રીમદ્ ભાગવત પુરાણ તેને અતિ આદરથી સાંભળવા લાગ્યા એવા નિયમથી વૃંદાવનમાં નિવાસ કરીને રહેલા, ગુપ્તપણે રહેલા, જેથી કોઈ વિક્ષેપને નહિ પામેલા રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણમાં દિવસે દિવસે ભક્તિ વૃદ્ધિ પામવા લાગી. એ વૃદ્ધિ પામતી ભક્તિથી દિવસે દિવસે અહર્નિશ શ્રીકૃષ્ણનું ધ્યાન, ભજન, ભક્તિપરાયણ થયા. આ રીતે પ્રભુપરાયણ બનેલ રામાનંદ સ્વામીને વૃંદાવનવિહારીને ભગવાને પોતાની કૃપાનું ફળ પ્રકાશ કરવા દિવ્ય રૂપે સમાધિમાં પોતાનું દર્શન આપ્યું.

● **દિવ્ય શ્રીકૃષ્ણચંદ્રનું દર્શન**

દર્શન દીધાનો પ્રકાર કહે છે : એકાગ્ર મનથી શ્રીકૃષ્ણના મંત્રનો જપ કરતાં રામાનંદ સ્વામીએ અકસ્માતે હૃદયારવિંદમાં મોટો તેજનો સમુહ જોયો. તેની મધ્યમાં શ્યામસુંદર શ્રીકૃષ્ણનું દર્શન થયું. અનેક



Final



આભૂષણોથી વિભૂષિત, દિવ્ય બંસી વગાડતા, જાનુપર્યંત બે લાંબી ભૂજાવાળા, ડાબી બાજુ રાધિકાજીથી શોભાયમાન શ્રીકૃષ્ણને રામાનંદ મુનિએ જોયા. જગતની ઉત્પત્તિ, પાલન, પ્રલયને કરનારા ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર પામી રામાનંદજી પરમાનંદને પામ્યા.

● **શ્રીકૃષ્ણ ભગવાને બે મંત્રો આપ્યા**

અને એ જ શ્રીકૃષ્ણ થકી રામાનંદ સ્વામી સમગ્ર જીવોના ઉદ્ધાર કરવામાં અને સંસાર-સંતાપને શમાવવા સમર્થ એવા બે મંત્ર આપ્યા, અને એવા પૂર્ણ પુરુષોત્તમની પ્રત્યક્ષ પ્રાપ્તિથી પોતાને પૂર્ણકામ માનવા લાગ્યા. પછી જ્યારે જ્યારે હૃદયકમળમાં ધ્યાન ધરે ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન આવિર્ભાવ પામતા હતા. ક્યારેક બાહ્યપૂજન કરે ત્યારે પણ ઘણી વાર પ્રત્યક્ષ પ્રગટ થઈ રામાનંદ સ્વામીએ આપેલ પૂજાની સામગ્રી પણ સ્વીકારતા.

● **હું શ્રીકૃષ્ણનો ભક્ત ઉદ્ધવજી છું**

શ્રીકૃષ્ણના આવા અપૂર્વ અનુગ્રહથી રામાનંદ સ્વામી પરમાનંદને પામ્યા અને એ જ શ્રીકૃષ્ણના સંકલ્પથી જ પોતાના પૂર્વ વૃત્તાંતની સ્મૃતિ પામતા કે, ‘હું શ્રીકૃષ્ણનો એકાંતિક ભક્ત ઉદ્ધવજી જ છું. મને શ્રીકૃષ્ણે પોતાના અંતર્ધાન સમયે સ્વજ્ઞાનનો ઉપદેશ કરી તેના રક્ષણ માટે બદરિકાશ્રમમાં મોકલ્યો હતો. એવું વિજ્ઞાન પામ્યા દુર્જનોના ઉપદ્રવમાં મૂળભૂત દુર્વાસાનો શાપ છે એવું પણ જાણ્યું ત્યારથી સ્વેષ્ટદેવ શ્રીકૃષ્ણની ભક્તિ કરવા લાગ્યા કે અંતે સૌને એ જ કરવાનું છે.

● **નવો સંપ્રદાય સ્થાપન કર્યો**

ત્યાર પછી જીવોને જ્ઞાનોપદેશથી હિત કરવા શ્રીકૃષ્ણ ભગવાને મારી પૃથ્વી ઉપર સ્થાપના કરી છે એમ જાણીને જગતના જીવોનું હિત જ કરવા લાગ્યા. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! રામાનંદ મુનિએ સચ્છાસ્ત્ર અને ભગવદ્ વાક્યોનો સાર કાઢીને નિર્ભય નવીન

એવો સંપ્રદાય પૃથ્વી ઉપર પ્રવર્તાવ્યો. એટલા માત્રથી રામાનુજાચાર્યના સંપ્રદાયથી અત્યંત બહિર્ભૂતતા નથી. કેમ કે રામાનંદ સ્વામીએ જીવ, ઈશ્વર અને માયાનો નિર્ણય બહુધા રામાનુજાચાર્યે કરેલો શ્રીભાષ્યનો જે નિર્ણય એ જ માન્ય કર્યો છે.

● **સંપ્રદાયનું મૂળભૂત લક્ષણ ધર્મે સહિત ભક્તિ**

આ ઉદ્ધવ સંપ્રદાયમાં રાધિકાપતિ શ્રીકૃષ્ણની ભક્તિ સ્વવર્ણાશ્રમ ધર્મે સહિત દઢપણે કરવી એ ઉદ્ધવ સંપ્રદાયનું મૂળ લક્ષણ છે. સકળ સચ્છાસ્ત્રમાં આ અર્થની પ્રસિદ્ધ જણાવી છે. રામાનંદ સ્વામી શરણાગત મુમુક્ષુઓને વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ નહિ કરીને કોઈ પણ ફળની આશા વિના ભક્તિ કરવી. આટલું સ્વસંપ્રદાયનું લક્ષણ ઉપદેશ કરતા થકા પોતે પૂર્વ જન્મમાં પ્રસિદ્ધ એ જ વૃંદાવન સ્થાનમાં એક માસ રહ્યા.

● **રામાનંદ સ્વામી પ્રયાગક્ષેત્રમાં આવ્યા**

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તીર્થયાત્રામાં વિચરણ કરતા આ વર્ણિ રામાનંદ સ્વામી, તે તે તીર્થોમાં રહેલા મુમુક્ષુ મનુષ્યોને સ્વધર્મે સહિત શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો ઉપદેશ આપતા થકા ફરતા ફરતા પ્રસિદ્ધ તીર્થરાજ પ્રયાગ ક્ષેત્રમાં આવ્યા. હવે અહીં ધર્મદેવ રામાનંદ સ્વામીની સેવા કરવા લાગ્યા. એમ તમે જાણો એટલે રામાનંદ મુનિના દેશ-જાતિ-ગુરુ અને આચાર્યપણાના પ્રશ્નોના ઉત્તરો આપ્યા એ પ્રમાણે છે. હવે ચાલુ કથા કહું છું.

● **રામાનંદ સ્વામીને ધર્મદેવનો મેળાપ**

હે રાજન્ ! ધર્મદેવ કોઈ સમયમાં શ્રી રામાનંદ સ્વામીના ચરણ ચાંપતા ચાંપતા તત્કાળ થયેલા સ્વપ્નમાં દિવ્ય તેજોમંડળના મધ્યમાં બિરાજમાન સાક્ષાત્ શ્રીકૃષ્ણ નારાયણનું દર્શન પામ્યા. જેથી ધર્મદેવે નક્કી કર્યું છે કે આ મને દિવ્ય રૂપે ભગવાનનું દર્શન થયું એ રામાનંદ સ્વામીની કૃપા જ મુખ્ય કારણ છે એમ મનમાં નક્કી કર્યું અને તેથી



Final



આ લોકમાં રામાનંદ સ્વામી જ એક સમર્થ અધિપતિ સદ્‌ગુરુ છે. એમ નિશ્ચય કર્યો.

● **ધર્મદેવે રામાનંદજી થકી દીક્ષા લીધી**

હે રાજન્ ! ધર્મદેવે એવો નિશ્ચય કરીને પત્ની સાથે સર્વ ભાવથી રામાનંદ મુનિના શરણને પામીને તેમના થકી સંસારસાગર તરવામાં મુખ્ય સાધનભૂત ભાગવતી દીક્ષા ગ્રહણ કરી રામાનંદ મુનિએ ઉત્તમ મુમુક્ષુ એવા ધર્મદેવને તુલસીની બેવડી કંઠી પહેરવા માટે આપી સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે ઉપદેશ કરેલો. અષ્ટ અક્ષર જે શ્રીકૃષ્ણનો મંત્ર તેનો ઉપદેશ કર્યો. પ્રથમ મંત્ર એ છે કે : 'શ્રી કૃષ્ણ ત્વ ગતિર્મમઃ' અને બીજો મંત્ર 'બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ' આ મંત્રો દાસપણું બતાવનારા અને મુમુક્ષુને સકળ મનોરથની સિદ્ધિને આપનાર છે. પ્રથમ મંત્ર શરણ મંત્ર. બીજો મહામંત્ર કહેવાય છે.

● **રામાનંદ સ્વામીએ બે મંત્રો આપ્યા**

સામાન્ય દીક્ષા અને મહાદીક્ષા એવા ભેદથી દીક્ષા બે પ્રકારની છે. તેમાં યથાધિકાર આ બે મંત્રનો ઉપયોગ છે. (વિશેષ વિવરણ ચતુર્થ પ્રકરણમાં દીક્ષા વિધિમાં આવશે.) ઉપરના બે મંત્રનો ઉપદેશ કર્યા પછી રામાનંદ સ્વામીએ ધર્મદેવને મુમુક્ષુએ ખાસ અનુષ્ઠાન કરવા યોગ્ય સદ્ધર્મોનો ઉપદેશ કર્યો, જે સદ્ધર્મનું પાલન કરવાથી મનુષ્ય આ લોક અને પરલોકમાં પૂજ્યતા પામે છે. હવે તે ધર્મોને કહે છે. હે ધર્મ ! મેં પ્રવર્તાવેલા આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલાં જે સ્ત્રી-પુરુષો હોય તેમના નિયમો ઉત્સાહથી પાળવાના.

● **સદ્. શ્રી રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય**

સદ્. શ્રી રામાનંદ સ્વામીનો જન્મ અયોધ્યામાં પિતા અજય શર્મા અને માતા સુમતી થકી થયો હતો તીર્થાટન કરતા કરતા સૌરાષ્ટ્રમાં તેમણે સોરઠની ભૂમિ ઉપર લોજમાં આશ્રમ સ્થાપીને સત્સંગની વૃદ્ધિ કરી. તેમાં તેમનું સંતમંડળ ૫૦ ની સંખ્યામાં હતું.

અને હજારોની સંખ્યામાં ગૃહસ્થ ભક્તો હતા. રામાનંદ સ્વામી પોતાના શિષ્ય મંડળ સાથે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, ઝાલાવાડ, હાલાર, વાળાક, નાઘેર અને ભાલ વગેરે વિસ્તારોમાં વિચરણ કરતા કરતા ધર્મ સ્થાપનનું કાર્ય કરતા હતા. તેથી રામાનંદ સ્વામીના શિષ્યોની સંખ્યા ગામો ગામ ખૂબજ વધવા લાગી.

● **સદ્. શ્રી રામાનંદ સ્વામીનું સંતમંડળ**

રામાનંદ સ્વામીનાં શિષ્યોની નામાવલીમાં, રામદાસ સ્વામી, રઘુનાથદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, સંન્યાસી દેવાનંદ સ્વામી, સેવાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, મુકુંદવર્ણી, આનંદમુનિ, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ચિદ્રુપાનંદ સ્વામી, વ્રજવાસી ભજનાનંદ સ્વામી, નિવૃત્તાનંદ સ્વામી, સાંખ્યાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, અષ્ટવક્રાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, સજ્જનાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, ઉજાસાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી, ભાણેશ્વરાનંદ સ્વામી, શ્રીગુરુચરણતાનંદ સ્વામી આદિક પચાસ હતા.

● **સત્સંગના રંગે રંગાયેલા ગામો**

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ આવા સમર્થ શિષ્યો સાથે વિચરણ કરતા કરતા સમગ્ર ગુજરાત - રાજ્યનાં ઘણા બધા ગામોમાં સત્સંગ સ્થાપી દીધો. આ ગામોનાં નામો આ પ્રમાણે છે.

ગુજરાતના વડનગર, વીસનગર, પ્રાંતિજ, મેઉ, ઉંઝા, નારદીપુર, કડી, શ્રીનગર, વહેલાલ, મેમકા, મુળી, ખાણ-રાજસ્થાન, કણભા, ગામડી, જેતલપુર, ચલોડા, મછિયાવ, દદુકા, દેવળિયા, મેથાણ, કચ્છમાં ભુજ, માંડવી, તેરા, અંજાર, ધમડકા, આધોઈ, ફરેણી, ધોરાજી, સાંકળી, ભાડેર, મેઘપુર, આખા, પીપલાણા, અગતરાય, જેતલસર, જેતપુર, ગોંડલ, બંધિયા, સરધાર, કોટડા, કારિયાણી, કાલવાણી, માંગરોળ, લોજ, માણાવદર, રાજકોટ, અલૈયા, મોડા,



Final



શેખપાટ, ભાદરા, જોડિયા, ગોરવીયાળી વગેરે ગામોમાં સત્સંગના મથક હતા.

● **રામાનંદ સ્વામીના સદાવ્રતો**

ફરેણી, ધોરાજી, સાંકળી, ભાડેર, જામવાળી, પીપલાણા, માણાવદર, અગત્રાઈ, લોજ, માંગરોળ, જેતપુર, સરધાર, નવાનગર, કોટડા, ગઢડા, કારિયાણી, માણેકવાડા, મેથાણ, જેતલપુર, અમદાવાદ આદિક સ્થાનોમાં સદાવ્રતો શરૂ કરેલા હતા. સદાવ્રત સ્થાપવા પાછળનો હેતુ એ હતો કે, શરણાગત જીવોનું કલ્યાણ કરવાનો. આથી રામાનંદ સ્વામી અવાર-નવાર ઝાલાવાડમાં મુળી, મેથાણ, દદુકા વગેરે ગામોમાં વિચરણ કરીને ખૂબજ સત્સંગ કરાવ્યો હતો.

● **સર્વાવતારી શ્રીહરિનું પ્રાગટ્ય**

પરમ કૃપાળુ, સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય સં. ૧૮૩૭ ના ચૈત્ર સુદ નવમીના રોજ ઉત્તર ભારતના નાના એવા છપૈયા ગામે ધર્મપિતા-ભક્તિમાતા થકી થયું. ૧૧ વર્ષ સુધી છપૈયા, અયોધ્યા તથા આજુબાજુના ગામોમાં વિચરીને બાળ લીલા કરી ભક્તજનોને ખૂબ સુખીયા કર્યા ને પછી માતા-પિતાને દિવ્યગતિ આપીને સંવત ૧૮૪૯ ની સાલમાં આષાઢ સુદ-૧૦ મી ના વહેલી સવારે વનિવચરણની વાટ લીધી. સાત વર્ષ વનવિચરણ દરમ્યાન અનેક મુમુક્ષુ જીવો તથા ઋષિ મુનિયોને દર્શન આપી તેમના તપની નિવૃત્તિ કરાવી મોક્ષપદ આપ્યું ને અનેક ગામો-શહેરો, સરોવર, સાગર, નદી, કૂવા, વાવ, મહેલો, ઝુંપડી, માઢ વગેરેને પોતાના પદરજથી પાવન કરીને સં. ૧૮૫૬ ના શ્રાવણ વદ-૬ ના રોજ પશ્ચિમ ભારતના સિમાડે આવેલા લોજ ગામે વાવ ઉપર આવીને બેઠા.

વહેલી સવારે સુખાનંદ સ્વામી વાવ ઉપર સ્નાન કરવા માટે આવ્યા અને પ્રભુની મુખાકૃતિ જોઈને અંતરમાં આનંદ થયો ને પ્રભુને

આશ્રમમાં તેડી લાવ્યા. ગુરુ રામાનંદ સ્વામી કચ્છ-ભુજમાં બિરાજે છે. તેથી હમણાં તમો અહીં લોજમાં રહો. ત્યારબાદ જેઠ વદ એકાદશી ના રોજ રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા ને ત્યાંથી કુંવરજી ભગતને તેડવા મોકલ્યા. તેથી મુક્તાનંદ સ્વામી અને સંતો તથા નીલકંઠ વર્ણી વગેરે પીપલાણા પધાર્યા અને દર્શન કરીને ગુરુ રામાનંદ સ્વામીને ભેટ્યા ને સં. ૧૮૫૭ ના કારતક સુદ એકાદશીના રોજ શ્રી નીલકંઠ વર્ણીને દીક્ષા આપીને નારાયણ મુનિ, સહજાનંદ સ્વામીએ બે નામ પાડ્યા.

ગુરુ રામાનંદ સ્વામીએ આ સહજાનંદ સ્વામી ઓળખાણ કરાવવા એક વર્ષ સુધી સોરઠમાં સાથે રહીને વિચરણ કર્યું. સં. ૧૮૫૮ ના કારતક સુદ એકાદશીએ જેતપુર મુકામે પોતાની ધર્મધુરા સોંપીને મોટો ઉત્સવ કર્યો. ત્યારબાદ ફરેણી મુકામે સદ્. રામાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહત્યાગ કરી ધામમાં સિધાવ્યા. ને તેમના ચૌદમાંના દિવસે રામાનંદ સ્વામીના આશ્રિતો ૨૫૦૦૦ ની સંખ્યામાં ફરેણી આવેલા ને તે વખતે સભામાં સહજાનંદ સ્વામીએ સર્વ સભાને સંબોધતા કહ્યું કે, આજથી હવે તમે સર્વે 'સ્વામિનારાયણ - સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરજો ને જે સામા મળે તેને જય શ્રીસ્વામિનારાયણ કહેવા. પછી સૌ હરિભક્તો પોતપોતાને ગામ ગયા.

શ્રીહરિએ ગુરુ રામાનંદ સ્વામીનો વિરહ મટાડવા અને ગુરુ રામાનંદ સ્વામીનો ભગવાનપણાનો નિશ્ચય મૂકાવવા માટે સમાધિ પ્રકરણો ચલાવ્યા ને તે દ્વારા અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં રામાનંદ સ્વામીને દેખાડ્યા ને રામાનંદ સ્વામીએ પણ કહ્યું કે, હવેથી સૌ આ સહજાનંદ સ્વામીનું ભજન કરજો મારા જેવા તો કેટલાય તેમના સેવક છે.



Final



- **રામાનંદ સ્વામી ઉતરતા તે રામજી મંદિરો**

(૧) હાજા પટેલની પોળમાં રામજી મંદિર આવેલું છે તે મંદિર ઘણું પ્રાચીન હોવાથી પોતાનું નામ રામજી મંદિરની પોળ પાડેલું છે. રામાનંદ સ્વામી ઘણી વખત આ મંદિરમાં પધારેલા છે.

(૨) અંબાબાવાળું રામજી મંદિર : આ રામજી મંદિર અકા શેઠ કૂવાની પોળમાં આવેલું છે તેમાં રામચંદ્રજીની મૂર્તિઓ છે. તે શ્રીરામાનંદ સ્વામીને અંબાબાએ આપ્યું હતું. તેથી તેમાં પધારતા અને ઉતરતા.

(૩) રાયપુર દરવાજા પાસેનું રામજી મંદિર રઘુનાથદાસ રહેતો હતો તે

- **અમદાવાદવાસીઓને રામાનંદ સ્વામીના અંતિમ દર્શન**

વિ.સ. ૧૮૫૫ ની સાલમાં અનંત કરોડો બ્રહ્માંડોના ધણી, સર્વ અવતારના અવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યાથી વનવિચરણની વાટે ચાલ્યા ત્યારે તેમના યોગમાં આવેલા ઘણા મુમુક્ષુઓ, ઋષિમુનિઓ, તથા પવિત્ર પુરાણા તીર્થોને પોતાના પદરજથી પાવન કરીને પવિત્ર ગુજરાતની ભૂમિમાં વિચરતા વિચરતા જેતલપુરમાં ગામથી પશ્ચિમે દેવ સરોવનરી કાંઠે મતવાલા પર વહેલી સવારે બિરાજમાન થયા.

તે સમયમાં ગંગામાં અચાનક ત્યાં આવ્યા ને તેમને આ મનોહર મૂર્તિ એવા શ્રીનીલકંઠવર્ણીને જોતા જ ચિત્તવૃત્તિ તેમનામાં ચોટી ગઈ ને વિચાર કર્યો કે આવી નાની ઉંમરમાં કેમ ઘરનો ત્યાગ કર્યો હશે ? એવા અનેક વિચારે ચડી ગયા. ને પાસે જઈને કહ્યું જે બાવા જમવા ચાલો. ત્યારે મહારાજે ચરિત્ર કર્યું જે અમે તો ચાલીને ક્યાંય જતા નથી. ત્યારે ગંગામાએ કહ્યું જે અહીં શી રીતે આવ્યા ? ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સેવક લાવ્યા, ત્યારે તેમણે કહ્યું જે સેવક ક્યાં

છે ? તમે એકલા છોને ? ત્યારે મહારાજ કહે જે અમારા સેવકો અદૃશ્ય છે, તે તમે દેખી શકો નહિ.

ત્યારે ગંગામા એ જાણ્યું જે આ નાનું બાળક છે તે હઠ કરે છે, પણ ભૂખે મરશે એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયાં. પછી ઓસરીમાં ઉતારીને શોળે થઈને જમવાનું કાઢી લાવ્યાંને કહ્યું જે બાવા જમો, ત્યારે મહારાજ બોલ્યા જે હું તો દિશાએ ગયો નથી ને દાતણ કર્યું નથી ને નાહ્યો પણ નથી. ત્યારે ગંગામાએ કહ્યું જે જાઓ દિશાએ જઈને તળાવમાં નાહી આવો. ત્યારે મહારાજે કહ્યું જે, જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ. પણ તે વિના જવું પડતું નથી. ત્યારે ગંગામાં કહે જે, રોજ કોણ લઈ જાય છે ? પછી મહારાજ બોલ્યા જે જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય. પછી ગંગામાએ જાણ્યું જે આ તો ગાંડા છે, તે એનાં માબાપે કાઢી મેલ્યા છે પણ હવે ક્યાં જશે ? એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા અને હાથે પાણી લેવાનું કહ્યું, ત્યારે કહ્યું જે તમારે ગરજ હોય તો ધૂઓ. પછી ગંગામાં એ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું. ને પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે જમો. ત્યારે મહારાજે કહ્યું જે અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડ્યા. એવી સેવા કરી તો લાભ બહુ મળ્યો. કેમ જે સાક્ષાત્ ભગવાનની સેવા થઈ. એમ પંદર દિવસ સેવા કરી.

એવામાં રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોકસીને ઘેર આવ્યા હતા, તેમણે ખબર મોકલી જે અમે અહીં આવ્યા છીએ ને બે દિવસ રહેવું છે માટે દર્શન આવવું હોય તો આવી જજો. પછી ગંગામાએ જાણ્યું જે હું દર્શને જઈશ ત્યારે આ બ્રહ્મચારી ક્યાંઈક જતા રહેશે, એમ જાણી ઘરમાં પૂરી તાળું દઈને અમદાવાદ ગયાં. ત્યાં શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન કરીને કહ્યું જે, મારે ઘેર એક



Final



બ્રહ્મચારી આવ્યા છે, તેમને ઘરમાં પૂરીને આવી છું, તે જો રાત રહુ તો મુંઝાય, માટે મેં આપના દર્શન કર્યા ને હવે રજા માગું છું. ત્યારે શ્રી રામાનંદ સ્વામીએ કહ્યું જે જાઓ એ બ્રહ્મચારીની સેવા કરજો, બહુ મોટા છે. ગંગામાં જેતલપુર સર્વેનો સંકલ્પ હતો. અંતર્યામી પ્રભુએ તેમનો સંકલ્પ જાણીને જેતલપુર પધાર્યા. અને સર્વે ભક્તજનોના ભાવને પૂર્ણ કરવા માટે ત્યાં રોકાઈને ઘેર ઘેર બોજન કરવા જતાને ભાવથી પ્રભુ જમીને ભક્તજનોને ખૂબ રાજી કર્યા ને પછી ત્યાંથી અમદાવાદ થઈ કારિયાણી પધાર્યા. *(શ્રીહરિલીલાસિંધુ રત્ન-૮, તરંગ-૧૯)*

● **શ્રી નીલકંઠ વર્ણીએ સાબરગંગામાં પ્રથમવાર સ્નાન કર્યું.**

સંવત્ ૧૮૫૫ની સાલમાં શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે વન વિચરણ કરતા કરતા વડોદરાથી ચાલ્યા તે બામણગામ, આણંદ, ડાકોર, ઉમરેઠ, ભાલેજ, વરતાલ, બોચાસણ, દેવાણ, ખંભાત, જેતલપુર, અસલાલી થઈને અમદાવાદ શહેરમાં આવ્યા. ત્યાં કાંકરિયા નામના સરોવરના કિનારે એક સુંદર વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા. વર્ણીની અલૌકિક મૂર્તિ જોઈ શહેરના ઘણા જ માણસો દર્શન કરવા આવ્યા. તેઓને શ્રીહરિએ તેમના કલ્યાણનો ઉપદેશ આપ્યો. શહેરમાં વાત પ્રસરી ગઈ કે કાંકરિયા સરોવરના કિનારે એક મહાન તપસ્વી બાળાયોગી આવ્યા છે તે બહુ ચમત્કારી જણાય છે. આથી શહેરના માણસોનો દર્શન માટે મોટો ઘસારો ચાલુ થયો. તેમાં શહેરમાં રહેતા રામાનંદ સ્વામીના શિષ્યો પણ દર્શને આવ્યા. તે દરેકને વર્ણીએ ઉપદેશ આપ્યો. લોકો ચોખ્ખું જમવાનું લાવતા તે વર્ણી જમતા. શહેરમાં પણ બ્રાહ્મણોને ઘરે જમવા પધારતા. કેટલીક વખત સાબરમતી નદીના કિનારે શ્રીનરનારાયણદેવની જન્મભૂમિ નારાયણ ઘાટે પણ શ્રીહરિ પધારી સ્નાન કરી, નિત્યવિધિ કરતા. એમ અમદાવાદ શહેરમાં થોડા દિવસો રહી અનેક પોતાના આશ્રિતો કરી

શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે સાબરમતી નદી ઉતરીને ફરતા ફરતા બુધેજ નામના ગામમાં પધાર્યા. (શ્રીહરિ વનવિચરણ વિશ્રામ ૧૬)

**● ૧૮૫૯ની સાલમાં સાબરમતી તથા નારાયણઘાટે પધાર્યા.**

સંવત ૧૮૫૯ની સાલમાં શ્રીહરિ રાજાધીરાજ થયા પછી પ્રથમવાર મછિયાવથી ચાલ્યા તે વિંછીયા, સાણંદ થઈ સરખેજ ગામે પધાર્યા પાસે સાબરમતી ગંગા વહે છે. તેના પૂર્વ કિનારે શ્રીનગર શોભી રહ્યું છે. તે શહેરની ચારે બાજુ અપાર બાગ બગીચા શોભી રહ્યા છે. અનેક જાતનાં ફૂલઝાડમાં સુગંધિમાન પુષ્પો શોભી રહ્યાં છે. અને તેની સુગંધી ચારે બાજુ છાઈ રહી છે. અનેક પ્રકારનાં પક્ષીઓ તથા વાનરોના અવાજોથી આકાશ તથા દિશાઓ ગાજી રહ્યા છે. ઠેક ઠેકાણે ઘાટો બાંધેલા છે. અને તેના ઉપર ગગનચુંબી ઈમારતો શોભી રહી છે. અનેક સ્ત્રી પુરુષો નારાયણનું નામ બોલતા બોલતા સ્નાન કરે છે. આવું શોભાયમાન શહેર તથા નદી જોઈ શ્રીહરિ રાજી થયા. પછી જે જગ્યાએ રામાનંદ સ્વામી સ્નાન કરતાં તે જગ્યાએ શ્રીહરિએ સંતો તથા હરિભક્તો સહિત સ્નાન કર્યું. પછી પૂજાપાઠ વગેરે નિત્યકર્મ કરી, સાથે લાવેલા ભાતાનું ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યું તથા મેવાઓ પણ ધરાવ્યા. પ્રથમ શ્રીહરિ જમ્યા. પછી સંતોને તથા પાર્ષદોને તથા રાજાઓને જમાડ્યા. અને બાકીનું ત્યાં આવેલા માણસોને પ્રસાદ તરીકે વહેંચાવી દીધું. ત્યાં અમદાવાદના સત્સંગીઓને સમાચાર મલ્યા કે શ્રીહરિ સરખેજ પધાર્યા છે એટલે તેઓએ તે વખતના શહેરના સુબા રઘુનાથ મહિપત જે કાકા સાહેબ વગેરે મળીને શ્રીહરિનું હાથી ઉપર શાનદાર વાજતે ગાજતે સ્વાગત કરીને પુરમાં પધરાવ્યા. તે દિવસે ચોકસી હીરાચંદભાઈની રસોઈ હતી. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને જમવા બોલાવવા આવ્યા એટલે સભા વિસર્જન કરી પોતે ઉતારે જઈ સ્નાન કરી પીતાંબર પહેરી જમવા પધાર્યા. સોનાના બાજોઠ પર શ્રીહરિ જમવા બિરાજ્યા સોનાના



Final



થાળમાં દૂધપાક, પુરી, વડાં, ભજિયાં, શાકો, અથાણાં વગેરે પીરસ્યાં. શ્રીહરિ પ્રેમથી જમ્યા; જમી રહ્યા પછી હાથ મુખ ધોઈ ઈલાયચીનો મુખવાસ લીધો. પછી સંતોને તથા સાથેના બીજા માણસોને શ્રીહરિએ પીરસીને જમાડ્યા. પછી હાથ ધોઈ ઉતારે જઈ પોઢી ગયા. સંતો ભજન કરવા લાગ્યા. બીજા બધા સૂઈ ગયા.

અરૂણોદય થયો ત્યારે સંતોએ ઊઠી નારાયણ ધૂન્ય કરી. શ્રીહરિ પણ ઊઠ્યા અને દરેકને કહ્યું "આજે વસંત પંચમીનો દિવસ છે. માટે સાબરગંગામાં સ્નાન કરવા જઈએ." તે સમયે ચીમનરાવજીને આવીને શ્રીહરિને નમસ્કાર કરી મેવા મીઠાઈ વગેરેના થાળ ભરી લાવીને ભેટ મૂક્યા. પછી શ્રીહરિ શરણગારેલા હાથી ઉપર બિરાજ્યા. ચીમનરાવજી ચામર કરવા લાગ્યા. પાર્ષદો તથા રાજાઓ ઘોડેસ્વાર થઈ સાથે ચાલ્યા. સંતો કીર્તનો ગાતા ગાતા ચાલ્યા. આગળ નિશાન ડંકા, વાજિંત્રો હતાં. શ્રીહરિ સવારી સહિત શહેરના મુખ્ય બજાર માણેકચોક, ભદ્ર, દિલ્હી દરવાજે થઈ નદી કિનારે આવ્યા, ત્યાં હાલ ઘાટ બાંધેલો છે. જે નારાયણ ઘાટ કહેવાય છે. ત્યાં શ્રીહરિ-સંતો, સંતો -સત્સંગીઓ સહિત સાબરગંગાના જળમાં જળક્રિડા કરવા લાગ્યા. તે સમયનાં શ્રીહરિનાં દર્શન કરવા આકાશમાં દેવતાઓ વિમાનોમાં બેસીને આવ્યા ને પુષ્પની વૃષ્ટિ કરી. મૂર્તિમાન સાબર ગંગાજી પણ ત્યાં આવી શ્રીહરિને નમસ્કાર કરીને પ્રાર્થના કરવાં લાગ્યાં, "હે પ્રભુ ! આપે સંતોએ સહિત મારા જળમાં સ્નાન કરી, મને પવિત્ર અને ઘણા વખતનો વિયોગ ટાળ્યો. આપ હવે જ્યારે જ્યારે આ શહેરમાં પધારો ત્યારે ત્યારે જરૂરથી મારા જળમાં સ્નાન કરી મને કૃતાર્થ કરજો." ગંગાજીની પ્રાર્થના સાંભળી શ્રીહરિ બોલ્યા, "તમો મને ખૂબ પ્રિય છો અને તમારા ઉપર અમોને બહુ હેત છે. આ જગ્યાએ તમારા જળમાં જે સ્નાન કરશે, દાન વ્રત વગેરે સત્કર્મો કરશે તેનું અનંતગણું ફળ થશે. જેનું અહીં શ્રાદ્ધ કરશે તથા જેના

અસ્થિ આ જળમાં પધરાવશે તે જીવ નરકમાં ગયો હશે તો પણ તેનો ઉધ્ધાર થશે. મારા સંબંધથી તમારું ગૌરવ તથા માહાત્મ્ય સર્વ તીર્થો કરતાં શ્રેષ્ઠ થયું છે. અમો જ્યારે જ્યારે આ શહેરમાં આવીશું ત્યારે ત્યારે તમારા જળમાં જરૂર સ્નાન કરીશું.'' આ રીતે સાબરગંગાજીને વરદાન આપી શ્રીહરિએ સાબરમતી નદીનો ઘણો જ મહિમા કહ્યો. શ્રીહરિએ આ ઘાટે સ્નાન કર્યું તેથી તેનો મહિમા ઘણો જ અધિક સાબિત થયો છે. (અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ પ્રકરણ ૫)

● **શ્રીહરિએ ગંગામાને રામાનંદ સ્વામીનો શોક ન કરવા કહ્યું**

એમ વાતો કરતા શ્રીહરિએ શાંતિથી જેતલપુરનાં ગંગામા તરફ કૃપાદૃષ્ટિ કરી તે ગંગામાં રામાનંદ સ્વામી ધામમાં ગયા પછીથી તેમના વિયોગથી મીઠા વિનાનો ફક્ત સાથવો એક જ વખત જમતાં, અને ચક્વાકીની માફક નિરંતર સ્વામીનો શોક કર્યા કરતા. તેઓ તપસ્વી અને રસોઈ બનાવવામાં અત્યંત કુશળ હતાં. તે ગંગામાને શ્રીહરિ કહેવા લાગ્યા. કે હે તપસ્વિની ! જે રામાનંદ સ્વામીને તમોએ ભગવાન માન્યા છે, તે તો પૂર્વ જન્મમાં સાક્ષાત ઉદ્ધવ હતા અને દુર્વાસાના શાપના બાનાથી અહીં આવ્યા હતા. તે શાપથી તેઓ હવે મુક્ત થઈ બદરિકાશ્રમમાં ગયા છે. માટે પ્રાકૃત માણસની માફક સ્વામીનો શોક તમારે જરા પણ ન કરવો જોઈએ. હવે તો શાંતિ રાખી સાથવો ન પીતાં રાંધેલ અન્ન જમો. શ્રીહરિનું આવું વચન જ્યારે ગંગાબાએ ન માન્યું ત્યારે દયાળુ પ્રભુ રામાનંદ સ્વામીના જેવો જ સ્વર કાઢીને બોલ્યા. તે સાંભળી બુદ્ધિવાળાં તે ગંગાબા સંશય રહિત થઈ શ્રીહરિના ચરણમાં પડ્યાં. પછી બેઠાં થઈ શ્રીહરિની ખૂબ સ્તુતિ કરી કહ્યું, ''હે પ્રભો ! આજથી હું આપનીજ સેવક છું. માટે મારા



Final



ગુના માફ કરી આપ રાજી થઈ મારી સેવા અંગીકાર કરો. કારણ આપજ સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન છો.''

ગંગાબાનાં વચનો સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા. ''હે કલ્યાણી ! તમોએ મને જેવો જાણ્યો છે તેવો જ હું છું. હું તમારા ઉપર ખૂબ રાજી થયો છું અને બીજી સ્ત્રીઓને દુર્લભ એવો વર તમોને આપું છું. કે જે જે સ્થળે જ્યારે અમારો અને તમારો મેળાપ થાય ત્યાં ત્યાં ત્યારે ત્યારે તમોએ બનાવેલ રસોઈ રામાનંદ સ્વામીની માફક અમો જરૂર જમીશું. આ પ્રમાણે ગંગાબાને વર આપ્યો ત્યારે ગંગાબા અત્યંત રાજી થઈ શ્રીહરિની આજ્ઞાથી રાંધેલ અન્ન જમવા લાગ્યા. પછી દરરોજ શ્રીહરિ ગંગાબાએ બનાવેલ રસોઈ જમતા.

આ પ્રમાણે શહેર, શાખાનગરો તથા આજુબાજુના ગામોમાંથી દર્શને આવતા સત્સંગીઓને દર્શન સેવા તથા કથાવાર્તાનું સુખ આપી પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા હતા. તેજ અરસામાં ગામ જેતલપુરથી (નારાયણક્ષેત્રથી) સદ્‌ગુરુ ગોવિંદાનંદ સ્વામી તથા આશજીભાઈ વગેરે સત્સંગીઓ અમદાવાદ આવ્યા. તેમણે શ્રીહરિનાં દર્શન કરી જેતલપુર પધારવા ભાવભીની વિનંતી કરી એટલે શ્રીહરિ અમદાવાદના સત્સંગીઓની રજા લઈ વાજતે ગાજતે જેતલપુર પધાર્યા.

● **નારાયણઘાટે શ્રીહરિ પાંચ દિવસ રોકાયાને બે વિપ્રો નિત્ય શ્રીહરિને થાળ જમાડતા.**

સંવત ૧૮૬૦ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ભદ્રેશી ગામથી ચાલ્યા તે કડુ થઈને અમદાવાદ પધાર્યા. શ્રીહરિ પધાર્યા જાણીને દેવાનંદ દંડી આદિ સંતો, નથુભટ્ટ હિરાચંદભાઈ, ગંગામાં, અંબા આદિક બાઈઓએ મળીને શ્રીહરિનું વાજતે ગાજતે સામૈયું કર્યું. તે ખાનપરાથી શહેરમાં પધાર્યા. ને માંડવીની પોળે

અંબામાનો મુકામ છે. ત્યાં ઉતારો કરાવ્યો. ને સારી સભાનું આયોજન થયું તેમાં રઘુનાથ દાસે કપટ કર્યું ને સાત ગાદી બિછાવી તેમાં છેલ્લી ગાદીએ શ્રીહરિને બેસાડવા એમ નક્કી કર્યું. અંતર્યામી પ્રભુએ રઘુનાથદાસનું કપટ જાણીને પોતે મોટી ગાદી ઉપર જઈને સૌ પહેલા બેસી ગયા ને બીજી ગાદી ઉપર મુક્તાનંદ સ્વામીને બેસાર્યા ને ત્રીજી ગાદી ઉપર રામદાસસ્વામીને બેસાર્યા. પછી મહારાજે રઘુનાથદાસને કહ્યું આવો બેસો પરંતુ તે બહુ માની હતો તેથી તે ગાદીએ ન બેઠો. ને શ્રીહરિનું અપમાન કરવાનું મનમાં ધારીને અંબામાં, શ્યામલભાઈ એ આદિને પોતાના પક્ષમાં લઈને તે સભામાં શ્રીહરિને કહે છે કે તમારે જો સત્સંગમાં રહેવું હોય તો આ સમાધિના પાખંડ બધા મેલી દો, તે સમાધિઓ સહેલી નથી બહુ દુર્લભ છે. ને તમે ભગવાન થઈ બેઠા છો. ભગવાન તો એક રામાનંદસ્વામી હતા. માટે આવા પાખંડ કરશો તો આંય તમને રોટલો નહિ મળે.

આવા ઉદ્ધત વચન રઘુનાથદાસના સાંભળીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે આનંદ સ્વામીને સાથે લઈને નારાયણ ઘાટે જ્યાં પાદશાહી મોલ છે. ત્યાં પધાર્યા. શ્રીહરિને આનંદસ્વામીએ કહ્યું કે આપણે જમીને આવ્યા હોત તો સારું અહીં શું જમશો. ? આનંદસ્વામીની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા કે હમણાં જ ભોજનના થાળ આવશે. આમ વાત કરે છે. ત્યાં બે વિપ્ર દૂધેશ્વર બાજુથી શિવ પૂજા કરીને આવ્યા તેમની પાસે ચંદન પાત્ર તરભાણા, જળના લોટા હતા. તે આવીને પગે લાગ્યા ને પૂછ્યું કાંઈ જમશો ? ત્યારે મહારાજ કહે હા લાવો તો જમીશું. પછી તે બંને ઘેર જઈને દૂધપાક પુરી, શાક વગેરે બનાવીને લાવ્યા. ને શ્રીહરિને તથા આનંદસ્વામીને ખૂબ ભાવથી જમાડ્યા ને જમતા પ્રસાદી વધી તે તમારી પાસે રાખો. રાત્રીમાં કોઈ ચોર આવે તો તેને આપજો. તે આપણને હેરાન ન કરે માટે તેને આ વધેલું ભોજન આપજો.



Final



## ● શ્રીહરિ અમદાવાદ પધાર્યા

શ્રીહરિ કચ્છ-ભુજમાં રઘુનાથદાસનો પરાભવ કરી તેને ત્યાંથી ભગાડી તેણે કરેલા ઉપદ્રવને શાંત કરી, કચ્છ દેશનાં તથા વાગડ દેશનાં ગામોમાં ફરી પોતાના સદુપદેશથી તથા પ્રતાપથી સત્સંગનો પ્રચાર કરતા ધમડકામાં આવ્યાં. ત્યાં વસંત પંચમીનો ઉત્સવ કરી ઝાલાવાડ દેશના ગામોમાં ફરી સત્સંગીઓને દર્શનનો તથા સેવાનો લાભ આપી વઢિયારમાં થઈ વિસનગરમાં આવ્યા. ત્યાં મોટો ફુલદોલનો ઉત્સવ કરી વડનગર થઈ દંઢાવ્ય દેશમાં સત્સંગનો પ્રચાર કરી, ફરતા ફરતા વહેલાલ પધાર્યા. ત્યાંથી ડભાણ થઈ જેતલપુર અસલાલી થઈ સં. ૧૮૬૦ ની સાલમાં જેઠ માસમાં અમદાવાદ પધાર્યા. શહેરના હરિભક્તોને સમાચાર મલ્યા કે શ્રીહરિ પધારે છે એટલે ચીમનરાવજી તથા સત્સંગીઓ અનેક પ્રકારની શોભાએ યુક્ત સામૈયું લઈ તેમની સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરી હાર પહેરાવી, ભેટો ધરી, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પગે લાગ્યા. શ્રીહરિએ દરેકને યથાયોગ્ય કુશળ સમાચાર પૂછ્યાં. પછી શ્રીહરિને શણગારેલા ઘોડા ઉપર બેસારી, વાજતે ગાજતે સવારીએ સહિત ચાલ્યા તે પૂર્વ તરફના દરવાજેથી શહેરમાં પ્રવેશ કર્યો.

## ● શ્રીહરિના દર્શન માત્રે સમાધિ

શ્રીહરિનાં દર્શન કરવા રાજમાર્ગો ઉપર હજારો માણસોની મેદની જામી હતી. સ્ત્રીઓ પણ પોતાનાં કામો છોડી દર્શન કરવા દોડી આવી હતી. અગાસીઓ, અટારીઓ ઉપર પણ માણસો ઊભરાતા હતા અને ફુલોથી શ્રીહરિને વધાવતા હતા. શ્રીહરિ સૌને દર્શન આપતા આપતા મદનગોપાળની હવેલી પાસે અંબાબાનું મંદિર છે, જેમાં રામાનંદ સ્વામી કાયમ ઊતરતા હતા, ત્યાં આવ્યા. તેઓ ઘોડા ઉપરથી ઉતરી મંદિરમાં પ્રવેશ કરતા હતા ત્યારે શ્રીહરિનાં દર્શન માત્રથી જ રણછોડ નામના કોઈ વૈશ્યની માતા વ્રજકુમારી નામની

બાઈને સમાધી થઈ ગઈ તેથી તે પૃથ્વી ઉપર પડી ગઈ. શ્રીહરિ તે બાઈને સમાધિમાંથી જગાડીને મંદિરમાં પધાર્યા અને ત્યાં જ ઉતારો રાખ્યો. સાંજે સભા થઈ તેમાં સિંહાસન ઉપર શ્રીહરિ બિરાજ્યા અને પોતાની દૃષ્ટિમાત્રથી જ અનેક માણસોને સમાધિ કરાવી દીધી. ઘોડીવાર પછી તે બધાને સમાધિમાંથી જગાડ્યા ને શ્રીહરિએ આજ્ઞા કરી તેથી તેઓએ સમાધિમાં જે જે જોયું હતું તે વિગતવાર કહ્યું, તે સાંભળી સભામાં બેઠેલા પંડિતો તથા અન્ય સભાજનો આશ્ચર્યમુગ્ધ બન્યા. પછી તે પંડિતોએ વિચાર કરી નક્કી કર્યું કે આ સ્વામિનારાયણ પોતે સાક્ષાત્ ભગવાન છે, તે સિવાય આવી સમાધિઓ કરાવી શકે જ નહિ. માટે આપણા જીવાત્માના કલ્યાણ માટે આ પ્રભુનો આશ્રય કરવો. પછી તેઓ તેજ વખતે પોતાનાં તન, મન, ધન તથા પૂર્વજન્મનાં તથા આ જન્મનાં કર્મો શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણે અર્પણ કરી વર્તમાન-નિયમો ધારીને તેમના આશ્રિત બન્યા. તે જોઈ સભામાં બેઠેલા બીજા ઘણા માણસો પણ શ્રીહરિનાં આશ્રિત બન્યા. આ બધું આશ્ચર્ય સાંભળી શહેરમાંથી તથા શાખાનગરોમાંથી શ્રીહરિનાં દર્શન કરવા માટે જેમ કીડીઓ ઉભરાય તેમ માનવ મહેરામણ ઉભરાવા લાગ્યો. તેઓ શ્રીજીમહારાજના આશ્રિત બનવા લાગ્યા.

- **સાબરગંગા મૂર્તિમાન આવીને શ્રીહરિને પ્રાર્થના કરી અને શ્રીહરિએ વર આપ્યો.**

સંવત ૧૮૬૧ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મછિયાવથી ચાલ્યા તે વિછીંઆ, સરખેજ થઈ અમદાવાદ નવાવાસમાં પધાર્યા. ને શ્રીહરિ સભામાં બેઠા હતા. ત્યાં વર્ણી બોલાવવા આવ્યા. આજ પહેલે દિવસ બધા ચોક્સી હરિભક્તોની રસોઈ કરી હતી. શ્રીહરિ જમવા ઉઠ્યા શહેરના ભક્તોને ઉઠવાની આજ્ઞા કરી. શ્રીહરિ ઉતારે આવ્યા અને વિધિ પ્રમાણે સ્નાન કર્યું. રૂમાલથી શરીર કોરું કર્યું. ધર્મકુમાર શ્રીહરિએ એક પીતાંબર વસ્ત્ર પહેર્યું . બીજું પીતાંબર ઓઢી



Final



લીધું. નિપુણતાથી ચરણોમાં ચાખડીઓ પહેરી. જ્યાં વિપ્રોએ રસોઈ બનાવી હતી. ત્યાં પોતે પધાર્યા. જઈને સોનાના બાજોઠ ઉપર બેઠા. થાળ ભરીને ભોજન લાવ્યા. દૂધપાક અને પૂરી બનાવ્યા હતા. વડાં અને ભજીયાં પણ કર્યાં હતાં. બધું પીરસાયું જેટલી જાતના શાક બનાવ્યા હતા તે તથા પાપડ અને અથાણાં જે હતા, બધું જ શ્રીહરિને પીરસ્યું. શ્રીહરિ સ્નેહ ભાવથી બધું જમવા લાગ્યા. સત્સંગના જીવનપ્રાણ શ્રીહરિ જમતાં જમતાં ભોજનના વારંવાર વખાણ કરતા હતા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે ચળું કર્યું. મુખ કમળ શુદ્ધ કરી જળપાન કર્યું. રૂમાલથી હાથ લૂછ્યા. પછી તજ તથા એલાયચીનો મુખવાસ લીધો.

સંતોને અને દરબારોને બોલાવ્યા. તત્કાળ તેમની પંગત બેસાડી આવીને શ્રીહરિ પીરસવા લાગ્યા. જમનારા ના, ન કહે ત્યાં સુધી પીરસ્યું. સંતો તો પોતાની રીત પ્રમાણે ભોજન મેળવીને જમવાનું શરૂ કર્યું. શ્રીહરિની આજ્ઞાના લોપના ભયથી કયારેય તેઓ અલગ અલગ જમતા નહિ. સંતો પંચવિષયના ભોગને ઝેર કરતા પણ વધારે હાનિકારક સમજતા હતા. તેમને તો શ્રીહરિની આજ્ઞા પાળવાનો જ આનંદ રહેતો અને તે આનંદને અમૃત કરતાં પણ સરસ જાણતા હતા.

સંતો એ જ્યારે જમી લીધું ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી જઈને પથારીમાં પોઢી રહ્યા. સંતો આવીને ભજન કરવા બેઠા. દરબારો પોતાને ઉતારે ગયા. શ્રીહરિના સ્વરૂપના કીર્તનોનું સાથે મળીને ગાન કરતા કરતા સહુ સૂઈ ગયા.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા. સહુ ભેળા મળી એકતાર થઈને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ ઊઠ્યા. તેમણે સહુને સંભળાવ્યું કે આજ હુતાશનીનો દિવસ છે. એટલે સહુએ સાબરમતી નદીએ જઈને નાહવું છે. બધી સવારી તૈયાર થઈ. શહેરના હરિભક્તો બધા આવ્યા. કુબેરસંગ અને તેના ભાઈ - મોતી

રામ બંને ચોપદાર પણ આવ્યા. ચિમનરાવજીને સમાચાર મળ્યા. તેથી તે પણ સવારી સાથે લઈને આવ્યા. ડંકા અને નિશાન વગેરે પણ સાથે લાવ્યા. છત્રીશ પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યા. વિવિધ પ્રકારના શબ્દ ચોતરફ છવાઈ ગયા. બધા જ પ્રદેશોના હરિભક્ત બાઈ-ભાઈ સહુ આવ્યા.

શ્રીહરિની સવારી આવી. પ્રભુ હાથી ઉપર બેઠા. તેમને ભક્તોના ઉપર ખૂબ જ પ્રેમ છે, એટલે બધો જ પોશાક સોનેરી અને મોતીનો પહેર્યો. હાથીને પણ સોનેરી અને મોતીના શણગારોથી શણગાર્યો. તે રીતે જ બધા દરબારોને પણ શણગારોથી સજ્જ કર્યા. મોટા નથુભાઈ નામે જે વિપ્ર હતા તેની તે દિવસ રસોઈ હતી. બ્રાહ્મણો બધા રસોઈ કરવા લાગ્યા. અનેક પ્રકારના પકવાન બનાવ્યા.

ચિમનરાવજી શ્રીહરિને ચામર કરવા લાગ્યા. ચોપદાર આગળ છડી પોકારવા લાગ્યા. હાથી ઉપરથી બધી અંબાડી મોતીથી જડેલી હતી. તેમાં રમણીય સ્વરૂપ શ્રીહરિ બેઠા. તેમની આગળ બધા સંતો ચાલતા હતા તે વસંતના અને હોરીના પદ ગાતા હતા. જેને બજાવતા ફાવતું હતું એવા કેટલાક સંતો ઝાંઝ અને અને મૃદંગ બજાવતા હતા. કેટલાક સંતો ભગવાનના અવતારોના સરસ શ્લોક બોલતા હતા.

શહેરના બધા લોકો દર્શન કરવા આવ્યા તેથી બજારમાં ઘણી જ ભીડ થઈ. શ્રીહરિ માણેક ચોકમાં થઈને ત્રણ દરવાજાથી આગળ ભદ્રના દરવાજા સન્મુખ ચાલ્યા. ભદ્રના દરવાજા આગળ થઈને દિલ્હી દરવાજે આવ્યા. ત્યાંથી આગળ સાબરમતીને કિનારે સૂબાનો મહેલ હતો ત્યાં પધાર્યા. ત્યાં સુંદર ઘાટ બાંધેલો હતો. ઘાટે આવીને શ્રીહરિ હાથીએથી ઊતર્યા. દાતણ આદિ કર્યા. પછી નિર્મળ જળમાં નાહ્યા. નદીના પ્રવાહમાં ઉપરવાસમાં શ્રીહરિ રહ્યા અને હેઠવાસમાં સંતો અને હરિભક્તો રહ્યા. એક પહોર સુધી સહુ નાહ્યા. બધાના મનમાં ઘણો ઉત્સાહ હતો. શ્રીહરિએ ઘણી જળ ક્રીડા કરી તેથી સાબરમતી-



Final



ગંગા મનમાં ઘણીજ ખુશી થઈ. દેવીના જેવું રૂપ ધારીને આવી અને શ્રીહરિના ચરણોમાં પડી.

શ્રીહરિ જ્યારે પાણીથી બહાર નીકળ્યા. વસ્ત્ર આભૂષણ વગેરે પહેર્યા. ત્યારે સાબરમતીએ પુષ્કળ પૂજાનો સામાન લઈને પૂજા કરી. કેસર યુક્ત ચંદન લલાટમાં ચરચ્યું. વચ્ચે લાલ કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલના હાર, બાજુબંધ અને તોરા ધરાવ્યા. પછી કેસર ચંદન ચરણોમાં લગાવીને તે ચરણ કમળ પોતાને મસ્તકે ધાર્યા. વારંવાર વિનંતી કરીને તેણે કહ્યું કે પ્રભુ, આપે મારો ઉધ્ધાર કર્યો છે. અનંત ધામના આ સંતો આપની સાથે આવીને મારા જળમાં નાહ્યા છે. તેનાથી હું અત્યંત પવિત્ર થઈ છું. અત્યારે હું વારંવાર વિનંતી કરીને કહ્યું છું કે આપ જ્યારે જ્યારે શ્રીનગરમાં પધારો ત્યારે ત્યારે અહીં આવીને મને દર્શન આપજો. હે હરિ, આપ મને આટલું વરદાન આપો. અને મને પોતાની સમજીને સ્વીકારી લો. જેને આપનો યોગ થાય છે. તેને સંસારનો રોગ રહેતો નથી. મારા જળમાં અનંત પાપી લોકો નહાય છે, તેના પાપના ડરથી હું હંમેશા ધ્રૂજતી રહું છું. મારા તે ભયને આપ દૂર કરો. કારણ કે આપ સાક્ષાત્ અક્ષરાધિપતિ મને મળ્યા છો.

સાબરમતી-ગંગાના એવા અમૃત તુલ્ય વચન સાંભળીને સુખદ શ્યામ સુંદર પ્રસન્ન થયા. અને બોલ્યા જેવી ઉન્મત્ત ગંગા મને વહાલી છે. તમે પણ તેવા જ મને પ્રિય છો. હવે તમને કોઈ પાપી માણસના પાપ લાગશે નહિ જે કોઈ પણ જીવ તમારા જળમાં સ્નાન કરશે, અરે ! અજાણતા કોઈ પાણી પણ પીશે, પશુ - પક્ષી, મનુષ્ય કે અપાર જીવજંતુ એ બધા તમારા જળમાં સ્નાન કરશે કે તમારું જળ પીશે, તો તે સમયે જ તે પ્રથમ દેવના શરીરને પામશે.પછી મનુષ્યના જન્મને પામીને સત્સંગના નિયમો રાખીને મોક્ષ પદને પામશે. મારો પ્રતાપ મહિમા સમજીને આ જગ્યાએ કોઈ અસ્થિ વિસર્જન કરશે - ફૂલ નાખશે તો કદાચ તે જીવ જમપુરમાં ગયો હશે તો પણ જમદૂત તેને

છોડી મૂકશે. કદાચ કોઈ અવગતિને પામ્યો હોય, ભૂત, પ્રેત કે પિશાચ થયો હોય પછી, તેના સંબંધી લોકો મારું માહાત્મ્ય સમજીને આ સ્થળે શ્રાદ્ધ કરશે કે પિંડદાન કરશે. તો તે અસદ્ ગતિને પામેલો જીવ ભૂત, પ્રેત કે પિશાચના દેહને છોડીને મનુષ્યનો જન્મ પામશે. તેમાં કોઈ સંદેહ નથી. મારા આ વચનનો મારા પ્રતાપને સત્ય જાણીને જે મનુષ્ય અહીંયાં આવીને નહાશે. અને જે જે સંકલ્પ-મનોરથોને કરશે તે તત્કાળ તેને સફળ થશે. પ્રાપ્ત થશે.

અહીંયા કોઈ ઘાટ બંધાવશે, અથવા બ્રાહ્મણોને જમાડશે, બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપશે તો તેને કરોડ ગણું તેનું ફળ મળશે. જે સુજ્ઞ મનુષ્ય અહીંયા ગાય, અશ્વ કે વસ્ત્રનું દાન આપશે. તો તેને તેનું કરોડગણું ફળ પ્રાપ્ત થશે અને આ ભવાટવીમાં ભટકવાનું નહિ રહે. મારા સંબંધને લીધે ફળ અપાર મળે છે. તેને તો કોઈ જાણકાર હોય તે જ સમજી શકે છે. જેને સત્સંગનો જોગ હોય તે જ યથાર્થ માહાત્મ્ય સમજતો હોય છે. ધર્મકુળના જે વિપ્રો છે તે સહુથી અધિક પૂજ્ય છે. ધર્મકુળના આશ્રિત જે વિપ્ર છે. તે તેના સંબંધથી પૂજ્ય છે. જો કે બીજા બધા વિપ્રો પણ પૂજ્ય છે. પણ સંબંધ કે પ્રતાપ તેનો અધિક - વિશેષ કહેવાય છે. કે જેમાં જેટલો સદાચારમય ધર્મ વધારે હોય છે. ધર્મને લીધે જ તે અધિક પૂજ્ય છે.

શ્રીહરિના ઉપર કહ્યા પ્રમાણેના વચન સાંભળીને સાબરમતી - ગંગા ખૂબ જ રાજી થઈ. તેણે જેવી શ્રીહરિની મૂર્તિ દેખી તેવી જ અંતરમાં ઓળખી લીધી. તે મૂર્તિને નિત્ય પૂજા માટે પોતાના હૃદયમાં રાખી લીધી. ઘાટ ઘડી ઘડીને નિદિધ્યાસ કરી કરીને હાલર પક્ષીએ પગમાં પકડેલી લાકડીની જેમ હૃદયમાં દૃઢ બાંધી દીધી. નારાયણ મુનિ - શ્રીહરિ અહીંયા આવીને વારંવાર નહ્યા, તેનાથી ત્યાં જે ઘાટ થયો તે 'નારાયણ ઘાટ' કહેવાયો - ભવ, બ્રહ્મા અને સુરરાજ ઈન્દ્ર અને બીજા અનંત કોટિ દેવતાઓના સમાજ ભેળો



Final



મળીને હરેક પર્વમાં અહીંયા ન્હાય છે. જે દિવસે ભગવાન નારાયણમુનિ આવીને અહીંયાં નાહ્યા. ત્યારથી આ તીર્થનો મહિમા ચાર ધામ અને ત્રિલોકમાં પ્રસિધ્ધ થયો અને અતિશય વધ્યો. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૪ તરંગ ૯૭-૯૮)*

પરમ કૃપાળુ, સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રિત જનને પોતાની મૂર્તિનું સુખ આપવા તથા તેમના મનોરથ પૂર્ણ કરવા સંતો - પાર્ષદો સાથે વિચરી રહ્યા છે.

વિ.સ.૧૮૬૧ના સાલમાં ફાગણ માસમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે શ્રી અમદાવાદ પધાર્યા. ફાગણ વદી-૧ ને દિવસે નરનારાયણ દેવનો જન્મોત્સવ હતો તે માટે રંગ તૈયાર કર્યો. ફૂલદોલમાં બાલમુકંદને પધરાવ્યા. પૂજા, આરતી કરીને નૈવેદ્ય ધરાવ્યું. પછી રંગના માટલાં ભરીને લાવ્યાં. શ્રીજીએ વસંતી વસ્ત્ર પહેરી પિચકારી હાથમાં લઈ સંતો પર રંગ નાખ્યો, અને સામસામી રંગની ધૂમ મચી.

સંત હરિજન પરસ્પર રંગ ઉડાડવા લાગ્યા. શ્રીજી મંચ ઉપર ઊભા રહી ગુલાલ નાંખતા હતા. સહુને રંગમાં રસબસ કર્યા. કેસર ચંદનનો કાદવ થયો. બાઈઓ પાણી ભરી લાવી દૂરથી આપતી હતી. તેમને શ્રીહરિની મૂર્તિ જોઈ સમાધી થઈ. તેમને ગોલોક ધામમાં ભગવાન રાધા, રમા સાથે રંગ રમતા દેખાયા. તેમાં જઈ તેમણે પણ રંગ ક્રીડાનો લાવો લીધો. સૌ રંગ રમી રહ્યા પછી શ્રીજી હાથી પર બિરાજી કાંકરિયા સરોવરે સંતો સહિત નહાવા ગયા.

અનેક પ્રકારના વૃક્ષોથી અતિ સુંદર સરોવર જોઈને ચારેબાજુ ફર્યા અને સંતો સહિત ચાર ઘડી જળક્રિડા કરી. સરોવરની વચ્ચે બંગલો છે ત્યાં જઈ પુલ ઉપર થઈ સુંદર બેઠક ઉપર બેઠા. મુક્તમુનિ કહે આ સરોવરનાં ધન્ય ભાગ્ય છે કે જેમાં તમે જળક્રિડા કરી. ત્યારે શ્રીજી કહે જીવ પાપમય છે, તે પોતાની મેળે પાપમાંથી છૂટતો નથી.

તે માટે વ્યાસજીએ ગ્રંથમાં ઘણા ઉપાયો બતાવ્યા છે. પૂર્તકર્મ કરવાના પણ કહ્યા છે. જેથી વાવ, કૂવા, તળાવ કરાવે અને સંતના ઉપયોગમાં આવે તો તે પાપમાંથી છૂટે.

શ્રીહરિએ સ્વમૂખે જેતલપુરના ૪ થા વચનામૃતમાં કહ્યું છે કે તમ જેવા ધર્મનિયમે યુક્ત એવા સંતની વાત જ નોખી છે, તમે જે નદી, તળાવને વિષે પગ બોળો છો તે તે તીર્થરૂપ થાય છે. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પુર - ૪, તરંગ ૧૦૪ ૧૦૫)*

- **વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવમાં અમદાવાદના ભક્તજનોએ પૂજા કરી**

સંવત ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમીના રોજ વડતાલમાં શ્રીહરિનો પ્રાગટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. તેમાં શ્રીહરિ પાંચ દિવસ અગાઉથી આવ્યા હતા. અને સંતો તથા દેશ દેશના હરિભક્તો-રાજાઓ વગેરે બહુ મોટી સંખ્યામાં પધાર્યા હતા. તેમાં શ્રીનગરના ભક્તજનો પણ પધાર્યા હતા.

- **શ્રીહરિના સમાધિવાળા ભક્તો**

શ્રીહરિ ધૂન કરીને જ્યારે બેઠા ત્યારે હરિભક્તોએ સ્વામિનારાયણની જય એવો એક સાથે ઉચ્ચાર કર્યો. વૃક્ષોમાંથી પણ એવો જ ઉચ્ચાર થયો. ધૂન કરતાં મૂર્તિમાં તદ્રૂપ થઈ ગયેલા, તેમને શ્રીહરિ ગોવિંદરામ, નંદલાલ એમ એકેક નામ લઈને ગંભીર શબ્દે દેહમાં લાવી ફૂલહાર આપતા. હીરાચંદને ઈચ્છારામ બંને ભાઈઓ સમાધિવાળા હતા અને તે શ્રીનગરના રહેવાસી હતા. ઈચ્છારામના પુત્ર આશારામ અને હીરાચંદના પુત્ર ગોવિંદ અને ગોકળ તથા તે ઘરની બાઈઓ સૌ સમાધિવાળા હતા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૮, તરંગ-૫૭)*

- **શ્રીનગરના ભક્તજનોએ શ્રીહરિની પૂજા કરી**

શ્રીહરિ ભક્તોને કહે, જાણે અજાણે પણ અમૃતનું પાન થાય તો તેને ક્યારેય વિઘ્ન થતું નથી એવો તેનો પ્રતાપ છે. તેમ આ



Final



અવસરમાં જે નરનારીએ સત્સંગ કર્યો છે તેના પુણ્યનો પાર નથી અને તેને લખચોરાસી અને નરકનાં દુઃખ નાશ પામ્યા છે. આમ વાત શ્રીહરિ કરતા હતા ત્યાં દેશ દેશના હરિભક્તો પૂજા કરવા આવ્યા. દરેક સંઘ વિવિધ વાજાં અને જરીના નિશાન સાથે ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા. પ્રથમ શ્રીનગરના હીરાચંદ ચોકસી વગેરે કેસર, ચંદન, અત્તર, ફુલ થતા કપૂરને સોનાના મોતીના હાર, બાજુબંધ, તોરા, સુવર્ણના દરેક અંગના આભૂષણ વગેરેથી શ્રીહરિની પૂજા કરી અને અલૌકિક લાભ પોતાના ઉમંગથી લીધો. કોઈ કોઈને પૂજા કરવા પ્રેરણા કરતું નહિ. કોઈની પ્રેરણાથી પૂજા લાવે તો શ્રીહરિ તે સ્વીકારતા નહિ. પોતાની ઈચ્છાથી ફૂલ માત્ર લાવે તેને ઘણું માનતા. શ્રીનગરના હરિભક્તો મેવા મીઠાઈ જે અર્પણ કર્યું તેનું વર્ણન કવિથી થઈ શકે તેમ નહિ.

શ્રીનગરના હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ તેમને પ્રસાદીના ફૂલહાર આપી રાજી કર્યા. પછી તેમણે શ્રીહરિની આરતી ઉતારી સ્તુતિ કરીને કહ્યું કે, સત્સંગમાં અમને ક્યારેય સંત હરિભક્તોની અરુચિ ન થાય, પોતાના શરીરનો અભાવ આવે. પછી શ્રીનગરના હરિભક્તોએ સંતની પૂજા કરી એકેક વસ્ત્ર ઓઢાડી પાંચ પાંચ કેળાં આપ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૮, તરંગ-૬૬-૬૭)*

- **કારિયાણી યજ્ઞમાં શ્રીનગરના વિપ્રો વરૂણીમાં વરાયા હતા**

સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિએ કારીયાણીમાં યજ્ઞ કરાવ્યો. તે વાત હવે અમે નજરે જોઈ છે, તે કહીશું. યજ્ઞનો વિધિ જાણનારા હળવદના નિવાસી શંભુ શુકલ નામે વિપ્ર હતા તેમને તથા તે ગામના બીજા હરિભક્તો વિપ્રોને બોલાવ્યા. બોટાદ, રાણપુર, ચુડા, લીંબડી, વઢવાણ, શિયાણી, લખતર, મેથાણ, ધ્રાંગધ્રા, શિહોર, મોરબી, વાંકાનેર, સાયલા, મુળી, સુદામડા, જસદણ, બાબરા, લાઠી, ગઢપુર, સરધાર, રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉના, મહુવા,

ભાવનગર, પાલીતાણા, તળાજા, વળા, પછેગામ, કુંડલા, રાજુલા, ઉમરાળા, બરવાળા, ધોલેરા, ગાંફ તથા શ્રીનગરના અપાર વિપ્રો આવ્યા. પૂરની પશ્ચિમ બાજુ ચોકમાં ત્રણ દિવસ સુધી બ્રાહ્મણ જમાડ્યા. અશ્વ ઉપર બેસી શ્રીહરિ નિત્ય એક વખત ખબર લેતા અને કહેતા કે ભાવે તેટલું જમવું. ખૂબ ઘી ખાઓ બગાડ ન કરવો. પોશ પોશ ભરીને ઘીને તમારા મુખમાંથી કાઢીને અગ્નિમાં નાંખી દીધું. તમે વિચારતા નથી. પાંચ દિવસ અમે જમાડવા ધાર્યું હતું. હવે ત્રણ દિવસ જમાડાશે. બે દિવસ અમારું ઘી તમે અગ્નિમાં હોમી દીધું. અમે તો માનીએ છીએ કે વિપ્ર અને અગ્નિ એક જ છે. ત્યારે વિપ્ર બોલ્યા કે તમે વિશ્વના નાથ પ્રગટ થયા છો. તમારા વિના તૃપ્ત કોણ કરે ? અગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે અમારું ઘી પચે, અગ્નિ અને વિપ્ર તે બન્ને મુખો દ્વારા યજ્ઞદેવ જમે છે. તેમની પ્રસન્નતા થયે અને પ્રસન્ન થઈએ છીએ. અમે વિપ્રો પ્રથમ અગ્નિને જમાડીએ છીએ. પોતાની સંપત્તિ પ્રમાણે અગ્નિને સૌ જમાડે છે. હવે તમે પ્રસન્ન થાઓ તેમ ઘી વાપરીશું. તમને પ્રસન્ન કરવાને માટે જ અગ્નિને પ્રદીપ્ત કર્યો. યજ્ઞ અને વિપ્ર તે બન્નેને માટે તમે ઘી લાવ્યા. અમને પ્રથમ કહ્યું નહિ. તેથી દોષમાં આવ્યા. ત્યારે શ્રીહરિ કહે તમારો દોષ નથી. તમને કહ્યું તે અમારો દોષ છે. અમે જાણ્યું કે તમો જાણી જોઈને ઘી બગાડો છો. હવે તમે કહ્યું તે અમે સત્ય માન્યું. તમારે જેવી મતિ છે તેવું ફળ પામો. તમે બધા શુધ્ધ વિપ્ર છો એમ કહી શ્રીહરિએ યજ્ઞકુંડ પાસે આવી પૂર્ણાહુતિ કરી અને ભાવથી બ્રાહ્મણોને દક્ષિણા આપી. ઘી વધ્યું તે બ્રાહ્મણોને પીવાડી દીધું. પોતે ઘીનું પાત્ર લઈને પાતા. જેટલા શેર ઘી પીવે તેટલા રૂપિયા તે બ્રાહ્મણને આપતા. એમ વિપ્રને પ્રસન્ન કર્યા અને વિદાય આપી. ઘી, ગોળ અને લોટ વધેલો તેનાથી શ્રીહરિએ સંત-હરિભક્તો અને પુરના લોકોને જમાડ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૨, તરંગ-૪૪)*



Final



- **દરિયાવખાનના ઘુંમટમાં સંતો ઉતર્યા**

સ.ગુ. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોને અમદાવાદ મોકલ્યા. તેમણે સત્સંગ વધાર્યો. અમદાવાદમાં સં. ૧૮૬૭ ની સાલમાં પેશ્વાના સુબા વિઠ્ઠુબા ભાઉએ શ્રીહરિને ભદ્રમાં બોલાવી ટાંકામાં નાંખી અથવા વધ કરી મારી નાખવાનો પ્રયત્ન કરેલો તેમાં નિષ્ફળ જવાથી અને ઉલટું શ્રીહરિએ તેનું કપટ ઉઘાડું પાડ્યું તેથી રોષે ભરાઈ તેણે શ્રીહરિને કહેલું કે અમારું રાજ્ય હોય ત્યાં સુધી તમારે આ શહેરમાં આવવું નહિ. ત્યારે શ્રીહરિએ ઉત્તર આપેલો કે તમારું રાજ્ય નહિ હોય ત્યારે આવીશું. ત્યારબાદ થોડાજ સમયમાં અંગ્રેજોએ પેશ્વાને હરાવી અમદાવાદ શહેર કબજે કર્યું હતું અને સૂબો ભાગી ગયો હતો. તે વખતે પ્રથમ અંગ્રેજ અમલદાર એરણ સાહેબ શહેરના મુખ્ય અધિકારી થઈને આવેલા અને ભદ્રમાં મહેલમાં રહેતા. બરાબર તેજ અરસામાં શ્રીહરિએ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામી આદિક દોઢસો સંતોને અમદાવાદ મોકલ્યા હતા તે વખતે શહેરમાં એટલા સંતોને રહેવા માટે કોઈ જગ્યા ન હતી. અને શ્રીહરિની આજ્ઞા ગામ બહાર રહેવાની હતી તેથી સંતો શહેરની બહાર ઉત્તર તરફ પાદશાહવાડીમાં નદીથી શહેર તરફ થોડે અંદર દરિયાખાનના ઘૂંમટ તરીકે ઓળખાતો એક રોજો છે. આ જગા ઉજ્જડ હતી અને તે વખતે તેની ચારેય તરફ જંગલ જેવું હતું. તેથી ત્યાં કોઈ રહેતું નહિ. (હાલ તો ત્યાં પોલીસ હેડ ક્વાટર્સ છે. અને સરકારી કોલોની છે.) એટલે સંતો બધા ત્યાં ઊતર્યા. રાત્રે સંતો સ્વામિનારાયણ નામની ધૂન્ય અને કથાવાર્તા કરવા લાગ્યા. તે સમયે તે ઘૂંમટમાં રહેતાં અનેક ભૂતો બહાર ગયાં હતાં તે પોતાના સ્થાનકે આવ્યાં. ત્યાં સંતોને તેમાં ઊતરેલા જોયા. પરંતુ તેઓ આવા પવિત્ર સંતોને પરાભવ કરી શકે તેમ નહિ હોવાથી તેઓએ સંતોને વિનંતીપૂર્વક કહ્યું જે આ અમારું સ્થાન આપે કબજે કર્યું છે તો હવે

અમો ક્યાં જઈએ ? ત્યારે આનંદાનંદ સ્વામીને તેમના ઉપર દયા આવી અને પોતાની તુંબડીમાંથી જળ લઈને બધાં ભૂતો ઉપર છાંટીને કહ્યું કે તમો બદરિકાશ્રમમાં જાઓ. સ્વામીનાં વચન અને પ્રસાદીના જળના પ્રભાવથી તેઓનાં પાપો બળી ગયાં એટલે તેઓ બદરિકાશ્રમમાં ગયાં.

● **મુક્તાનંદ સ્વામીની વાણી સાંભળીને શાંતિ થઈ**

અમદાવાદમાં મુક્તાનંદ સ્વામી પાસે ત્યાંના શાસ્ત્રી બેસવા આવ્યા હતા. તેમણે સ્વામીને પૂછ્યું. જે સ્વામી તમે ગીતા ભાગવતની વાતો કરો છો ને અમે પણ ગીતા ભાગવતની વાતો કરીએ છીએ. તેમાં તમારી વાતે કરીને કેટલાક જીવોનો મોક્ષ થાય છે અને અમારી વાતે કરીને કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી ! તેનું કારણ શું ? ત્યારે સ્વામીએ કહ્યું જે તમને ખોટું ન લાગે તો કહું ત્યારે શાસ્ત્રી બોલ્યા જે ના મહારાજ, જેમ હોય તેમ કહો, પછી સ્વામી કહે તમે જે વાત કરો છો તે તમારાં હૃદયમાં માયાના વિકારો ભરેલા છે અને તેમાંથી જે શબ્દ નીકળે છે તે જેમ સેકેલ અનાજ હોય તેવા નીકળે છે. કેમકે સેકેલ અનાજ વાવીયે તો ઉગે નહીં. તેમ તમારી વાત તેવી છે માટે કોઈને લાગે નહીં. વળી તમારે સ્વાર્થબુદ્ધિ છે અને એમે જે વાત કહીએ તે અમારા હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીયે અને સામાના હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીયે અને પછી વાત કરીયે એટલે તેના હૃદયમાં પ્રવેશ કરે. જેમ ઉનાળાના તાપે કરીને તપેલું પાણી હોય અને તે ગંગાજીના ધરામાં જઈને પડે અને જેમ શાંતિ પામે તેમજ અમારા મુખમાંથી નીકળેલાં જે શબ્દ તેણે કરીને તેના ત્રિવિધીનાં તાપ નાશ પામે છે પછી સૌ શાસ્ત્રી હાથ જોડીને પગે લાગીને સ્વામીને તેની હા પાડી જે સ્વામી તમે યથાર્થ ઉત્તર કર્યો. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૭૬૮)*



Final



● **મુક્તાનંદ સ્વામીએ માથેથી રૂમાલ કાઢી નાખ્યો ને તડકો બહુ લાગ્યો**

શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. ત્યાં મહારાજે પાંચસેહે પરમહંસને કહ્યું જે તમે સૌ ઉઘાડે માથે બજાર વચ્ચે ચાલો અને મુક્તાનંદ સ્વામીને કહ્યું. જે તમારે માથે રુમાલ રાખજો. કેમકે તમને ઝેર દીધું છે તે તાપથી તમારું માથું દુઃખવા આવે. પછી સૌ સંત શહેરની બજારમાં ઉઘાડે માથે નીસર્યા. પછી ગામના સૌ લોક બોલવા લાગ્યા જે આ બધાય મુંડીયા તો સ્વામિનારાયણના પણ આ એક માથે બાંધ્યું તે સ્વામિનારાયણનો નહી તે સાંભળીને સ્વામીએ રૂમાલ માથેથી ઉતારીના હાથમાં લીધો. પછી ગામ બહાર આવ્યા પછી મહારાજે પૂછ્યું જે સ્વામી કેમ રુમાલ હાથમાં લીધો ? ત્યારે સ્વામી કહે મહારાજ જ્યારે હું મતારો હઉં ત્યારે રુમાલ માથે રાખુંનાં. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૭૯૮)*

● **સૂર્ય સામી ધૂળ ઉડાડે તે પોતાની આંખમાં પડે છે**

એકવાર મુક્તાનંદ સ્વામી પોતાનું મંડળ લઈને અમદાવાદ ગયા ને ગામ બહાર ઉતર્યા હતા ને હંમેશા કથા વાર્તા કરે તે સાંભળવા ગામમાંથી માણસો બેસવા આવે ને તે સ્વામીની વાતો સાંભળીને સત્સંગી થયા એમ ગામમાં સત્સંગ વધવા લાગ્યો તે દેખીને ગામના ભેખધારી અસુર હતા તે બળી મુવા ને ભેગા થઈ વિચાર કરવા લાગ્યા કે "સ્વામિનારાયણના સાધુએ આપણા શિષ્યોને વાળી લીધા માટે એના મોટા મોટા હોય તેને મારી નાખીએ એમ વિચાર કરીને મુક્તાનંદ સ્વામીને મારવા માટે ઝેર ભેળવીને પ્રસાદી આપી પણ તે પ્રસાદી સ્વામીએ ખાધી નહિ પછી અસુરોએ ચંદનમાં ઝેર ભેળવ્યું ને તેની સ્વામીને કપાળે અર્ચા કરી ત્યારે શ્રીજીમહારાજે સ્વામીને ઉગારી લીધા ને જેણે અર્ચા કરી તેના હાથની ખાલ ઉતરી ગઈ ને જેણે તે ચંદનને આંખે કરીને જોયું તેની આંખનું તેજ જતું રહ્યું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૪)*

## ● ભગવાનના પ્રતાપથી સંતોનો બચાવ થયો

મુક્તાનંદ સ્વામીને ઝેર આપ્યું : જેઠ માસ આવ્યો ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ચાતુર્માસ કરવા શ્રીનગર મોકલ્યા. ભણનારા સંતો સાથએ મુક્તમુનિ ભીમ એકાદશી પહેલાં અમદાવાદ આવી ગયા. અંગ્રેજનું રાજ્ય થવાથી વૈરાગીઓ હવે ચૂપ થઈ ગયા. હતા. મુક્તમુનિ ચાતુર્માસમાં અમદાવાદમાં રહી ભાગવતની કથા કરતા હતા. ત્યાં શહેરના હરિભક્તો પૂજાનો સામાન લઈને આવ્યા. લાલજીને ઝુલાવવા સુંદર પારણું બાંધ્યું હતું. ઉત્સવીયા ભક્તો ઝાંઝ, મૃદંગ લઈને ઉત્સવ કરતા જન્મ સમયનાં સુંદર પદો બોલતા હતા. પછી લાલજીને પારણે બેસાડી આરતી કરી, મેવા, મીઠાઈ ધરાવ્યાં. પંચામૃત ને પંચાજીરીની પ્રસાદી સૌને આપી. સાકર, ખાંડ વગેરેનાં પડીકાં આવ્યાં હતાં તે ખોલ્યા વિના જ રાખી મૂક્યાં. ઉત્સવ થઈ રહ્યાં પછી સત્સંગીઓએ કેસર, ચંદન, હાર, બાજુબંધ વગેરેથી મુક્તાનંદ સ્વામીની પૂજા કરી. સવારે સંતો નદીમાં નાહી આવ્યા. મુક્તમુનિ નિત્ય ધર્મશાળામાં જ સ્નાન કરતાં. પછી શાલીગ્રામની પૂજા કરતા. શ્રીહરિએ કહ્યા પ્રમાણે ગોપીચંદનનું તિલક દર્પણમાં જોયા વિના જ કરતા સાચા સંત વચનથી અધિક ન્યૂન વર્તે નહી. ને કપટી હોય તે વચનની રીતથી ઉઘાડા પડી જાય. સંતની સભાથી જે જુદી ગોષ્ઠિ કરે તથા પૂજાવાનો દંભ કરે તે વિમુખથી પણ વિમુખ છે કારણ તેમને વચનમાં વર્તવુ કઠણ પડે. ગુપ્ત જ્ઞાનગોષ્ઠિમાં મૂરખજનોને ભાવ અધિક રહે. અને તેને એટલાંજ સંતો ગમે. સભાથી જુદી જ્ઞાનગોષ્ઠી કરનારા મુક્તમુનિ જેવા હોય તો પણ વિમુખ કહેવાય એમ શ્રીહરિ વારેવારે કહેતા.

શ્રીનગરમાં દામોદર પટેલ નામે વૈશ્યમાં આગેવાન ભક્ત હતા તે સવારમાં નાહીને સંતને જગ્યામાં આવી પગે લાગીને રાતે આવેલાં પડીકાં જોવા લાગ્યાં. શહેરી લોકો શેતાન હોય છે તેથી દ્વેષથી સંતોને



Final



મારી નાખવા સાકરનાં પડીકાં ભેગું કોઈએ એક પડીકું મોરથુથાનું મુકેલૂં તે તેમણે જોયું. તેને તેમણે ઊંડી ખાળમાં નાખી દીધું. પણ કોઈને વાત ના કરી, મનમાં સમજી રાખી. પછી ખાંડના પડીકાં ભેગાં કરી જોવા લાગ્યા. તેમાં અબીલના જેવું એક પડીકું હતું તે જુદું રાખ્યું. તે રવાજી પાર્ષદને આપ્યું મુક્તમુનિ રોજ સાંજે કથા કરતા ત્યારે પુસ્તકની ને મુનીની પૂજા કરવા રવાજી નિત્ય ચંદન ઘસતા ચાર ઘડી પાછલો દિવસ રહે ત્યારે કથા થતી ઘણા માણસો સાંભળવા આવતા, એક દિવસ રવાજીએ તે પડીકામાં અબીલ છે એમ માની તેને ચંદનમાં મેળવ્યું ને મુક્તમુનિની તેનાથી પૂજા કરી ચંદન સુકાયું ત્યારે ચરચરવા લાગ્યું એટલે મુક્તમુનિએ ભીના રૂમાલથી લુછી નાખ્યું. કાતિલ ઝેરના લીધે જેટલી જગ્યામાં ચંદન લાગ્યું હતું. એટલામાં ચામડી લાલ થઈ ગઈ. પરાણે કથા પૂરી કરી આરતી ધૂન્ય થઈ ગયા પછી સત્સંગીઓ ઘેર ગય. ભણનારા સંતો દીવો કરીને વાંચવા બેઠા. મુક્તમુનિ પણ ત્યાં બેઠા ને રવાજીને બોલાવી કહ્યું કે ચંદનમાં આજે કાંઈક આવ્યું છે તેથી બળતરા ને ચરચર થાય છે. એટલે રૂમાલથી લૂછી નાખ્યું છે પણ ચામડી લાલ થઈ છે. રવાજી કહે ચંદનમાં અબીલ વધારે નાખ્યું હતું. ત્યારે સ્વામી કહે, તે અબીલ લાવો જોઈએ ? ત્યારે રવાજી પડીકું લાવ્યા મુનિએ તે જોઈને સૂંઘી જોયું તો તરત માથું ભારે થઈ ગયું એટલે સમજી ગયા ને બોલ્યા કે આતો ઝેર છે. પછી તુરત ભૂમિમાં દાટી દીધું. મુક્તમુનિ કહે ભગવાનના પ્રતાપથી આજે સંતો બજી ગયા. ભગવાન આગળ કોઈનું ચાલતું નથી છતાં આસુરી લોકો સ્વભાવ છોડતા નથી.

હરિભક્તો નિત્ય વારાફરતી રસોઈ આપતા. સંતો ના પાડતા તો પણ પરાણે આપતા. શ્રીજી આજ્ઞા પ્રમાણે સંતોને નિત્ય જોળી ફેરવવાનો નિયમ હતો. ઉત્તમ જાતિના પવિત્ર હરિભક્તોને ઘેર ભિક્ષા માગતા. શ્રદ્ધા હોય તે જે વસ્તુ હાજર હોય તે જોળીમાં નાખતા. સૂતકીના ઘરનો ત્યાગ કરતા.

● **સંતોની અભૂતપૂર્વક ધીરજ**

તે અરસામાં અમદાવાદમાં એક દિવસ કોઈ શાહુકાર દેહ મૂકી ગયેલો તેનો અગ્નિસંસ્કાર કરવા આશરે હજારો બારસો માણસો નીકળ્યા. તેમાં કેટલાક છેક સ્મશાન સુધી ગયા. અને બીજા ઘુંમટમાં જ્યાં સંતો ભજન કરતા હતા. ત્યાં આવીને બેઠા ને સંતોને પ્રશ્ન પૂછવા લાગ્યા અને બોલવા લાગ્યા કે તમો બ્રહ્મ શાના ? અમેજ બ્રહ્મ છીએ. ત્યારે સ્વામીએ તેમને ઘણી જ ઉપદેશની વાતો કરી પણ તે લોકોને કાંઈ અસર ન થઈ. એમ ચર્ચા ચાલે છે. ત્યાં તે સભામાં આંબલી ઉપરથી એક મોટો કાળો સર્પ પડ્યો. તે જોઈ જે પોતાને બ્રહ્મ કહેતા હતા તેઓ બીકથી એકદમ ત્યાંથી ભાગ્યા. ઉતાવળમાં ભાગતા એક બીજા ઉપર પડ્યા તેથી કેટલાકને વાગ્યું પણ ખરું. તેઓ છેટે જઈ ઊભા રહ્યા. તે સર્પ ઊંચેથી પડવાથી જરા સ્થિર થઈ ગયો. જ્યારે કળ વળી ત્યારે તે ત્યાંથી ધીરે રહીને ચાલીને જ્યાં સંતો બેઠા હતા ત્યાં ગયો. શ્રીજીની આજ્ઞા એવી હતી કે સર્પ, વીંછી, વાઘ વગેરે જીવજંતુ આવે તો પણ પ્રયોજન વિના જ્યાં બેઠા હોય ત્યાંથી ઊઠવું નહિ. તેથી બધા સંતો જ્યાં બેઠા હતા ત્યાંજ બેસી રહ્યા. સર્પ પ્રથમ અદ્ભૂતાનંદ સ્વામીની પલાંઠી ઉપર થઈ કોઈકના હાથ ઉપર થઈ. કોઈકના પગ ઉપર થઈ, કોઈકની સાથળ ઉપર થઈ, એમ દોડતો સંતોના ઉપર ફરી, સચ્ચિદાનંદ સ્વામીના ગળે આંટો દઈને માથા ઉપર છત્રની માફક ફેણ ઊંચી કરી બેઠો. તે વખતે સચ્ચિદાનંદ સ્વામી તો સ્વામિનારાયણ નામની ધૂન્ય જેમ કરતા હતા. તેમજ કરતા રહ્યાં. જરા પણ ડર્યા નહિ. મોરલીના જેવો ધૂન્યનો મધુર શબ્દ સાંભળી સર્પ ક્ષણવાર માથા ઉપર ડોલતો રહ્યો. પછી ત્યાંથી ઉતરીને આંબલી ઉપર ચડી ગયો. સંતોની આવી અભૂતપૂર્વ ધીરજ જોઈને જે પોતાને બ્રહ્મ કહેતા હતા તેમનો સર્વેનો ગર્વ ઉતરી ગયો અને પસ્તાયા અને આવીને સંતોના પગમાં પડી માફી માગીને બોલ્યા કે આપ જ સાચા



Final



બ્રહ્મ છો, અમે ખોટા બ્રહ્મ છીએ, માટે અમારો અપરાધ માફ કરો અને અમારું અન્ન આપ જમો તો અમારું સારું થાય. આપ કહો તેમ અમો કરીએ. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે પહેલાં જે રસોઈ લાવશે તેની લઈશું. આમ સંતોનો વર્તાવ ને પ્રભાવ જોઈને ઘણા વર્તમાન ધારી સત્સંગી થયા. આ રીતે સંતો આંબલીયો વચ્ચે ઘૂંમટમાં દોઢ માસ રહ્યા તેમાં પંદર દિવસ ધરાઈને અન્ન જમવા મલ્યું હતું.

● **સંતોની સહન શીલતાની પરાકાષ્ઠા**

પરમાત્મા જેતલપુરમાં થોડા દિવસ રોકાઈને ખોખરા પધાર્યા. સ્વામિનારાયણ ભગવાન ખોખરા-મહેમદાવાદમાં નથુભાઈ વિપ્રના ઘેર જ ઊતર્યા હતા. નથુભાઈ અને તેમનાં ધર્મપત્ની નાથીબાઈ શ્રીહરિની સેવા કરવા લાગ્યાં. શ્રીહરિ દરરોજ ત્યાંથી કાંકરિયા સરોવરમાં સ્નાન કરવા પધારતા. ખોખરામાં મોટો યજ્ઞ થવાનો છે એવું સાંભળીને સર્વે સંતો અને હરિભક્તો ખોખરા આવવા લાગ્યા. સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે - યજ્ઞ કરવા માટે આ ગામ જરા સાંકડું પડે એમ છે. ભવિષ્યવાણી ભાખતાં ભગવાને ભક્તોને મર્મવાણીમાં કહ્યું કે -

ગામમાંય સંકોચ છે સરે, હોમ થાશે ગામને ગોંદરે,
તે તો જાણશે સર્વે જન, કહેશે ભલો કર્યો એ જગન.

સર્વજ્ઞ સ્વામિનારાયણ ભગવાનની જાણે કે આ આગાહી હતી. શ્રીહરિના સંતો દરરોજ શ્રીનગરમાં ભિક્ષા માંગવા જતા. ત્યારે અસુરો સંતોને બહુ કનડતા, બહુ હેરાન કરતા. કોઈ જાતના વાંક-ગુના વગર અપશબ્દો બોલતા. એટલું જ નહિ પણ લાકડીઓના પ્રહારો કરતા, નિષ્કુળાનંદ સ્વામીએ નોંધ્યું છે કે -

ગેડી ધોકા પડે લાકડી, વળી કંદે ભાંગી કટિયું,
કર્યા પ્રહાર કડિયાળીએ, તે તો સંતે સર્વે સહ્યું.

શ્રીહરિની આજ્ઞાથી સંતો શ્રીનગરમાં જુદા જુદા વિસ્તારમાં

ભિક્ષા માંગવા જતા. એમાં બે સંતો ઝોળી લઈને ગોમતીપુર વિસ્તારમાં ભિક્ષા માંગવા ગયા. અને એ બે સંતોને અસુરોએ પકડ્યા. સંતોને પકડીને પોતાના મઠમાં લઈ ગયા, હાથપગ બાંધી દીધા. સ્વામિનારાયણના મુંડીયા આજે હાથમાં આવ્યા છે. રિબાવી રિબાવીને મારી નાખવા છે. ત્યાં બીજા બધા કહે છે - રિબાવ્યા કરતાં દરરોજ આપણું કામ કરાવો. પછી તો વાસણ મંજાવે, માથે લાકડી લઈને ઊભા રહે. ગટરો સાફ કરાવે. ખાવાપીવાનું કાંઈ આપે નહિ. કામ ન હોય ત્યારે બાંધી રાખે. પાંચ-છ દિવસ થયા. અમદાવાદના હરિભક્તોને ખબર પડી, ક્યાંકથી ને ક્યાંકથી વાત મળી ગઈ. અરેરે..! હવે એમને ત્યાં જવું એ તો બહુ જોખમ છે. પણ કંઈક તો કરવું પડશે. બે સત્સંગીઓએ યુક્તિપૂર્વક શૌર્ય દાખવ્યું. સુંદર વસ્ત્રો પહેર્યાં. મોટા શેઠ હોય એમ પાઘડી લગાવી અને ફક્ત તિલક કર્યું. કંઠી કાઢી નાંખી. ભેગી એક મોટી પોટલી લીધી અને પહોંચી ગયા ગોમતીપુરના મઠમાં - શ્રીરામ.. શ્રીરામ.. બોલતા બોલતા પહોંચ્યા અને કહ્યું - મહંતજી, મહારાજ કીધર હૈ ? ચેલાએ કહ્યું - આવો બેસો. થોડીવારમાં મહંતજી આવ્યા. બન્ને શેઠિયાઓને બેસાડી પૂછ્યું - બોલો શું કામ છે ? અરે, મહંતજી ! અમારી એક માનતા પૂરી થઈ. એટલે અમને વિચાર થયો કે અહીં એક ભંડારો કરીએ. ભંડારો એટલે રસોઈ. મોટો ભંડારો કરીએ એટલે કેટલો ખર્ચ લાગશે ? તીનસો રૂપિયા. પણ સારો ભંડારો કરવાનો છે. તીનસો ના છસો થાય તોય ચિંતા નથી. પણ બરાબર ભંડારો જયજયકાર સાથે કરો. તો 'કાલી રોટી ઔર ધોલી દાલ' લગાવો. શેઠજી ! બહુ સરસ રીતે ભંડારો કાલે જ કરીશું.

પછી શેઠજી દર્શન કરવાને બહાને મઠમાં ફરવા લાગ્યા. તો ખૂણામાં બે સંતો મ્લાન મુખે ઉદાસીનતાથી ભૂખથી દૂબળા પડી ગયેલા. હાથે પગે બાંધેલા જોયા. એટલે એકદમ શેઠ ગરમ થઈ ગયા.



Final



મહંતને કહે - કાલના ભંડારાની વાત બંધ. કેમ શેઠ ? મારો એક નિયમ છે. જ્યાં સ્વામિનારાયણનો સાધુ દેખાય ત્યાં હું કોઈ રસોઈ ન આપું. સ્વામિનારાયણનો સાધુ ક્યાંય પણ જો દેખાય તો એ જગ્યાએ હું કોઈ શુભ કામ ન કરું. પાંચ રૂપિયા આપ્યા હોય તોય પાછા લઈ લઉં છું.

મહંતને એમ થયું આ બે સ્વામિનારાયણીયાને અહીં બાંધ્યા એમાં આપણી રસોઈ જાય છે. એટલે કહે - નહીં શેઠજી નહીં. હમ નિકાલ દેંગે. પણ હવે મને વિશ્વાસ નથી. હું બીજા મઠમાં જઈને રસોઈ આપીશ. અહીં નહિ અને મહંતે ચેલાઓને તરત જ કહ્યું - નિકાલો ઉસે, છોડ દો. આ બે સાધુઓને છોડ્યા. સંતો જાય ભાગ્યા. જલ્દી જલ્દી ખોખરા ભેગા થઈ ગયા. આ બે શેઠિયાઓ કહે - હા, તો કાલે ખૂબ ધામધૂમથી ભંડારો કરજો.

બન્ને હરિભક્તો ઘેર પહોંચી ગયા અને પોતાનો અસલ ડ્રેસ પહેર્યો. કંઠી લગાવી. સાંજે સભામાં મહારાજ પાસે આવ્યા. ખોખરા ગામમાં સભા થયેલી. શ્રીજીમહારાજ સંતોને કહે છે - સંતો ! તમે કઈ રીતે છૂટ્યા ? મહારાજ ! આમ તો તેઓ અમને છોડત નહીં, પણ કોઈક બે શેઠિયાઓ આવ્યા હતા. એ પણ આપણા ઈર્ષાળુ જ હતા. એટલે અમને જોઈને કતરાયા અને એમને રાજી કરવા માટે અમને છોડી મૂક્યા. સ્વામિનારાયણ ભગવાન કહે છે - કોણ હતા શેઠિયા ? જે હોય તે આ સભામાં ઊભા થાય. એટલે બે હરિભક્તો ઊભા થયા. સંતો ! એ તમને જોઈને કતરાયા નહોતા, તમને છોડાવવા માટે જ આવ્યા હતા. જુઓ આ બે હતા.

- **શ્રીહરિની આજ્ઞાથી સંતો ઝોળી માગતા**

દરિયાખાનના ઘુંમટમાં રહીને સંતો રોજ ગામમાં ભિક્ષા માગવા જતા ત્યારે ઝોળીમાં કોઈ અન્ન નાખે. કોઈ કાંકરા નાખે, કોઈ અભક્ષ્ય વસ્તુ નાખે, તે લઈને સાબરમતી નદીમાં જઈને પાણીથી

તે અન્નને શુદ્ધ કરી તેના જેટલા સંતો હોય તેટલા સરખા ગોલા કરી દરેક એક એક ગોળો જમી પાણી પીને ભજન કરતા. એક દિવસ ઝોળી માગવા સંતો ગયા. પગ ઉઘાડા હતા. ગરમી ઘણી હતી, તેથી પગે ફોલ્લા પડ્યા, તેથી શ્રીહરિ ભુજમાં હતા ત્યાં તેમના પગે ફોલ્લા પડ્યા. તે જોઈ હરિભક્તોએ પૂછ્યું કે આપને પગે ફોલ્લા કેમ પડ્યા ? ત્યારે શ્રીહરિએ બધી વિગતવાર વાત કરી. આવી રીતે સાધુને વિશે પોતાનો એકાત્મભાવ બતાવ્યો, તેથી સત્સંગીઓ ખૂબ આશ્ચર્ય પામ્યા. સંતો અમદાવાદમાં દોઢ માસ રહ્યા, નવટાંક, પાશેર અન્ન મળે તે જમતા. જે દિવસે અભક્ષ્ય વસ્તુ કોઈ દુર્જન અંદર નાખે ત્યારે તે અન્ન નાખી દેતા તેથી તે દિવસે ઉપવાસ થતો. આથી હેરાન થઈ તેમણે મહારાજને ભુજ વિગતવાર પત્ર લખ્યો કે આવા કારણથી અમો અન્ન છોડી દઈએ છીએ. તે પત્ર વાંચી શ્રીજીએ ઉત્તર લખ્યો કે પૂર્વે અનેક જન્મમાં અભક્ષ્ય વસ્તુઓ ખાવામાં આવી હશે. તેનાં પાપ બાળવા જે સમર્થ છે તે આ પાપને પણ બાળવા સમર્થ છે. માટે હે મહાપુરુષો ! અન્ન મૂકશો નહિ. તમારાથી બહુ કામ કરાવવાનાં છે. તે પત્ર વાંચી સંતો રાજી થયા.

● **કોટેશ્વરના ઝવેર ભક્ત :**

અમદાવાદ પાસે મોટેરા ગામ આવેલું છે. બહુ પ્રસાદીનું ગામ છે. શ્રીહરિ ઘણીવાર પધારીને આ ગામને પાવન બનાવ્યું છે. સંવત ૧૮૬૭ની સાલમાં આ ગામને પાવન કરવા દંઢાવ્યમાં વિચરણ કરતા કરતા શ્રીહરિ આવી પહોંચ્યા. ગામમાં સત્સંગ સભા કરી. સંતો પાસે કીર્તન ગવરાવ્યાં. શ્રીહરિએ સાબરમતીમાં સંતો સહિત સ્નાન કર્યું.

સંતોએ કહ્યું - મહારાજ ! અહીં બાજુમાં કોટેશ્વર ગામ છે. ત્યાં એક ઝવેર નામે ભક્ત રહે છે. બહુ ભલો અને શૂરવીર છે. એની શૂરવીરતાની - એની શ્રદ્ધાની શું વાત કરવી ! એણે તો રંગ રાખ્યો છે.



Final



આ ઝવેર દરરોજ વહેલો ઊઠે અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉચ્ચ સ્વરે બોલતો બોલતો સાબરમતીમાં સ્નાન કરવા જાય. આ જોઈને ગામના કેટલાક ઈર્ષાળુ, તેજોદ્વેષીઓ બળવા લાગ્યા કે આ ઝવેરીયો રોજ વહેલો ઊઠીને બૂમો પાડે છે. પણ કોઈની તાકાત નહોતી કે ઝવેરનો સત્સંગ છોડાવી શકે.

એક દિવસ વિધર્મી લોકો ભેગા થયા અને ભલાભોળા ઝવેરને કહ્યું - 'તારા સ્વામિનારાયણ ખોટા છે, સાચા નહિ.' 'કેમ ખોટા ? સાચા છે.' 'નહિ,' 'ખોટા છે સાચા હોય તો પરચો બતાવ.' 'બોલો શું પરચો જોઈએ છે?' આ કોટેશ્વર મહાદેવના દેરા ઉપર ચડી જા અને ત્યાંથી પડતું મૂક. તને કંઈ ન વાગે તો તારા સ્વામિનારાયણ સાચા. દુર્જનોનું આ કાવત્રુ હતું. ઝવેરીઓ ઉપર ચડશે અને હેઠો પડશે. તેથી કાં તો તેનું મૃત્યુ થઈ જશે અથવા તો હાથ-પગ તૂટી જશે. ઈર્ષા શું નથી કરતી? ઊંચું દેરું છે કોટેશ્વર મહાદેવનું. નીચે પથરા ગોઠવ્યા. બીજા દિવસે ઝવેર અને આ બધું ટોળું દેરા પાસે આવ્યું. ભગવાનનું નામ લેતાં લેતાં ઝવેર દેરા ઉપર છેક ચડ્યો અને પછી :

"ત્યાંથી પડતું મૂક્યું છે તન, સ્વામી સ્વામી કરતાં ભજન."

સ્વામિનારાયણનું નામ લેતાં દેરા ઉપરથી પડતું મૂક્યું. કેટલો વિશ્વાસ હશે ! કેવી એ શ્રદ્ધા હશે ! આપણા હૃદયમાં કોઈ દહાડો કંઈ આવી શ્રદ્ધાનો એક અંશ પણ જાગે છે ? વિષમ પરિસ્થિતિમાંથી પસાર થતા હોઈએ ત્યારે એમ થાય છે કે મારા ભગવાન મારી રક્ષા કરશે ?

ઉપરથી જ્યાં હેઠે પડતું મૂક્યું, કાંઈ થયું નહિ. કશું જ વાગ્યું નહિ. સ્વામિનારાયણ ભગવાને રક્ષા કરી. એ કોટેશ્વરનું દેરુ આજે પણ એ જ રીતે ઊભું છે. સ્વામિનારાયણ ભગવાનનો જાણે યશ ગાઈ રહ્યું છે. સાબરમતી નદીને કિનારે છે. કંઈ પચીસ-પચાસ કિલોમીટર

દૂર નથી. પણ આપણા મનની એવી શિથિલતા છે કે દેરા ઉપરથી પડવાને કોઈ તૈયાર નથી. ઝવેર ભક્ત પડ્યો છે સ્વામિનારાયણની સાક્ષીએ, એ જરા જોવા તો જાવ ! આપણા હૃદયમાં એમ થશે કે - ધન્ય પ્રભુ ! અને ધન્ય એ ભક્તજનોને કે જેના હૃદયમાં આટલો વિશ્વાસ અને આવી શ્રદ્ધા હતી. સાબરમતીના સામા કિનારે કોટેશ્વર મહાદેવનું દેરુ છે.

શ્રીહરિએ આ રીતે ઝવેર ભક્તની રક્ષા કરી. જ્યારે અકસ્માત થાય, આપત્તિ આવી પડે, કુદરતી હોનારત થાય, રોગ થાય એવા સમયે જો સંસારી માણસ ઊગરી જાય તો એમ માનશે કે હાશ, આપણું નસીબ કેટલું સારું કે આપણે બચી ગયા. જ્યારે ભગવાનનો ભક્ત આવા સમયે એવો વિચાર કરશે કે ભગવાને આપણને બચાવી લીધા. ભગવાને શૂળીનું દુઃખ કાંટેથી કાઢ્યું. આ ભક્તે વિચાર કર્યો કે સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી જ હું બચ્યો છું. તેથી ઝવેર ભક્ત શ્રીહરિનાં દર્શન કરવા માટે મોટેરા ગામ આવ્યા. અને શ્રીહરિને કોટેશ્વર મહાદેવની ઘટના કહી સંભળાવી. શ્રીહરિએ ઝવેર ભક્તના શૌર્યની તથા વિશ્વાસની ખૂબ પ્રશંસા કરી.

- **વૌઠાના સમૈયામાં શ્રીહરિની પૂજાનો મહા લાભ અમદાવાદના ભક્તજનોને મળ્યો ને દામોદરભાઈએ શ્રીહરિને કિનખાબનો પોશાક ભેટ કર્યો.**

સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ-૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના ભક્તજનો આવ્યા હતા. તેમાં પ્રથમ શ્રીનગર (અમદાવાદ)ના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમના નામ આગળ કહું છું. ચોકસી હીરાચંદભાઈ તથા તેના ભાઈ ઈચ્છારામ, ગોવિંદભાઈ, ગોકુળભાઈ, કેવળરામ, દોલતભાઈ, બેચરભાઈ, રણછોડભાઈ, ત્રિકમભાઈ, મોહનલાલ એ



Final



સહુએ પૂજા કરી. તેમનો બધો પરિવાર પણ પૂજા કરવામાં હતો. જડિયા સોની બનારસી દાસ અને તેના પરિવારે પણ શ્રીહરિની પૂજા કરી. દામોદરદાસ નામે એક કણબી પટેલ પાકા હરિભક્ત હતા તે કિનખાબનું કામ કરતા હતા. તેઓ વરસમાં એક વાર વિવિધ પ્રકારના કિનખાબનો જામો અને સુરવાળ બનાવી લાવતા હતા. કોઈ વખતે સુરવાળ લાવતા તો કોઈવાર સારો જામો લાવતા હતા. તેમાં જે કિનખાબના કારીગર હરિભક્ત હતા તે કામ કરતા અને તેના સિવાયના તેમના મિત્રો કામ કરતા. છેવટે તો મિત્ર પણ હરિભક્ત થઈ ગયા હતા. તે બધા કારીગરોને સાથે લાવ્યા હતા. એટલે તેણે સહુએ પૂજા કરી. તે સિવાય બીજા પણ કણબી અપાર હરિભક્ત થયા હતા. એક શંભુદાસ નામે સારા સત્સંગી હતા. તેઓ પોતાના બધા પરિવારને પણ સાથે લાવ્યા હતા. બે કે ત્રણ કેવલરામ, લાલદાસ અને એક શ્યામલાલ હતા. રણછોડભાઈ, હરિભાઈ કે જે નિરંતર ભગવાનમાં ચિત્ત જોડી રાખતા હતા. તેમના પુત્ર હરિવલ્લભ હતા. જે સ્વભાવે ઉદાર અને ઘણા ગુણવાન હતા.

તેની પાસે જે કાંઈ ધન હતું તે બધું ભગવાનની સેવાના ઉપયોગમાં જ તે વાપરતા હતા. એક બાલદાસ નામે વણિક હરિભક્ત હતા. બીજા ત્રિભુવનભાઈ અને વૃંદાવનભાઈ નામે હતા. આ બધા હરિભક્તો નવા વાસ નામે સ્થાનમાં રહેતા હતા. શાહપુરમાં પણ કેટલાક હરિભક્તો રહેતા હતા. તે સહુ હરિભક્તોએ મળીને શ્રીહરિની પૂજા કરી. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૫૧)*

- **શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા**

સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી રચિત શ્રીહરિકૃષ્ણ લીલામૃત પ્રમાણે શ્રીહરિ સંવત ૧૮૬૮માં અમદાવાદ પધારેલા અને ત્રણ દિવસ રોકાયા હતા અને તે વર્ષે ભાદરવા વદ અમાસના દિવસે

શ્રીહરિએ ભીમનાથ મહાદેવના દર્શન કરીને ત્યાં રૂદ્રાભિષેક કર્યો હતો.

સંવત ૧૮૭૧માં શ્રીહરિનું અમદાવાદમાં બે વખત આગમન થયેલું અને તે વર્ષે ભાદરવા સુદ એકાદશીનો જલઝીલણાનો મહોત્સવ શ્રીહરિએ અમદાવાદમાં કર્યો હતો. એ વખતે સ્વામિનારાયણ ભગવાન અમદાવાદમાં અનુક્રમે પંદર દિવસ અને મહિનો રોકાયા હતા. મહાનુભાવાનંદ સ્વામીના ગ્રંથમાં શ્રીહરિએ અમદાવાદમાં કરેલી આ બધી લીલાઓ વિસ્તારપૂર્વક વર્ણવી છે.

હંમેશાં ભગવાનથી વિરુદ્ધ પડે એને નુકસાન જ થાય છે. એ કોઈ દિવસ ઊંચો આવે નહિ. અમદાવાદના સૂબાને એના કાવત્રાનું ફળ મળી ગયું. એનું રાજ ગયું. થોડા જ સમયમાં અંગ્રેજોની સત્તા આવી અને અંગ્રેજ સર એન્ડ્ર્યુડનલોપ અમદાવાદના મુખ્ય કલેકટર તરીકે નિમાયા. ઈ.સ. ૧૮૧૮માં અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે એક કરાર થયેલો. એ કરાર પ્રમાણે ગાયકવાડ સરકારે અંગ્રેજોને અમદાવાદ અને અમદાવાદના બે સિવાયના બધા તાલુકાઓ અને ખેડા જિલ્લાનું માતર તથા મહેમદાવાદ તાલુકાનાં કેટલાંક ગામો સો વર્ષને પટ્ટે આપેલાં પરંતુ આટલું મેળવીને અંગ્રેજો જંપીને બેઠા નહિ. પણ ઘૂસણખોરી કરી. આખું ગુજરાત પડાવી લીધું. એટલે કહેવત પડી કે, 'હવેલી લેતાં ગુજરાત ખોઈ.'

### ● વડોદરાના રામચંદ્ર વૈદ્યને ડાકોરના ઠાકોરે અમદાવાદમાં મુક્તાનંદ સ્વામી પાસે મોકલ્યા

એક સમે વડોદરાના રામચંદ્ર વૈદ્ય ડાકોરનાથજીના દર્શને ડાકોર ગયા હતા અને તેઓ ડાકોરનાથના મુખ્ય ભક્ત હતા અને પોતાને એવો સંકલ્પ થયો મારૂં કલ્યાણ થાશે કે નહીં થાય ? તેની પરીક્ષા માટે ડાકોરનાથજી પાસેથી કરવી ! પછી તેઓ ડાકોરનાથજીના ડેરા ઉપર જઈને રાત્રે બેઠા અને એવો સંકલ્પ કર્યો જે જો મને ડાકોરનાથ



Final



મૂર્તિમાન આવીને કહે જે તારું કલ્યાણ થાશે કે નહીં થાય ત્યાર પછી અન્ન જળ લેવું ! પછી રાત્રે ડાકોરનાથ આવીને વિપ્રનું સ્વરૂપ ધારણ કરીને રામચંદ્ર વૈદ્ય પાસે આવ્યા અને બોલ્યા જે તારા જીવનો મોક્ષ કરવો હોય તો અમદાવાદમાં સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ કરીને છે તેમને જઈને મળો તો તે તારૂં કલ્યાણ કરશે. પછી વૈદ્યે કહ્યું કે તમે કોણ છો ? ત્યારે ડાકોરનાથ કહે કે હું ડાકોરનાથ પંડ્યે છું ! ત્યારે વૈદ્યે કહ્યું કે તેની મને શી રીતે પરીક્ષા થાય ? ત્યારે ડાકોરનાથ બોલ્યા જે આ મૂર્તિમાં હું પ્રવેશ કરૂં તો તારે જાણવું જે ડાકોરનાથ છે ! અને બીજી નિશાની એ જે આવતી કાલે દિવસના બાર વાગ્યે મારી પછવાડે પૂજારી જે કામ કરે છે તે તમારા દેખવામાં આવશે ! તો જાણજો જે ડાકોરનાથ કહી ગયા છે. પછી પોતે બીજે દિવસે બાર વાગ્યે મંદિરમાં છાનામાના રહ્યા અને પછી પૂજારીઓને વ્યભિચાર કરતાં જોયાં. પછી પૂજારીની બદલી કરીને બીજા સારા પૂજારી રાખ્યા અને પોતાની સાથે પોતાનાં ઘરવાળાં હતાં તેને કહ્યું જે મારે અમદાવાદ કામ પ્રસંગને લીધે જવાનું છે માટે તમે સૌ ઘરે જાઓ એમ કહીને તેમને વડોદરે મોકલ્યા અને પોતે એકલા અમદાવાદ આવ્યા. ત્યાં હેમાભાઈ, હઠીભાઈને ઘરે ઉતારો કર્યો. પછી તેમણે ઘણોજ આદર સત્કાર કરીને રાખ્યા પછી તેને વૈદ્યરાજે પૂછ્યું. જે અહીંયા સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ સ્વામી કરીને છે ? ત્યારે કહે હા, અહીંયા ભીક્ષા કરવા માટે આવે છે ! અને આ નવા વાસમાં ઉતરેલા છે પછી વૈદ્યે કહ્યું. જે મારે તેમના દર્શન કરવાની જરૂર છે પછી પોતાની સાથે બે ચાર માણસોને લઈને પોતે ગાડીમાં બેસીને સ્વામીને દર્શને ગયા. સ્વામીએ વૈદ્યને આવતાં ભાળીને સૌ સંતને કહ્યું. જે વૈદ્યરાજને અને દિવાનને સ્નેહ છે. માટે તે જો મહારાજના સમાચાર પૂછે તો તમે સૌ ઉત્તર આપજો. કેમ કે દિવાનજી મહારાજનો દ્રોહી છે ! માટે વૈદરાજને કદાચ તેણે

મોકલ્યા હોય. પછી વૈદ્ય આવીને સ્વામીને પગે લાગ્યા અને આસન નખાવી દીધું. તે ઉપર બેસાર્યા અને સ્વામીએ તેની આગળ નીતિની કેટલીક વાતો પણ કરી. પછી રામચંદ્ર વૈદ્યે સ્વામીને કહ્યું જે સ્વામી મહારાજ ક્યાં વિરાજે છે ? પછી કેટલાક સાધુ બોલ્યા જે અમને બરાબર ખબર નથી. પછી વળી વૈદ્ય બીજે દિવસ સ્વામીને દર્શને આવ્યા અને પછી સ્વામીએ ઘણીક વાતો કરીને વૈદ્યને સંતોષ પમાડ્યા. એટલે વૈદ્ય હાથ જોડીને બોલ્યા. જે સ્વામી હું કાંઈ કપટભાવથી આવ્યો નથી ! મને તો ડાકોરનાથે પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું છે જે તારા જીવનો મોક્ષ કરવો હોય તો સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ સ્વામીને મળ ! એટલે હું તમારે દર્શને આવ્યો છું. અને આજથી હું તમારો આશ્રિત છું ! માટે દયા કરીને મહારાજ જે ગામમાં હોય તે મને બતાવો એટલે હું મહારાજને દર્શને જાઉં. પછી સ્વામીએ કહ્યું. જે મહારાજ તો હાલ ગઢપુરમાં વિરાજે છે. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૭૬૯)*

## શ્રી નરનારાયણદેવની પ્રાગટ્યભૂમિ નારાયણઘાટ

● **સાબરમતી નદીના જુદા જુદા નામો**

પુરાણો પ્રસિદ્ધ સાબરમતી નદીના નામો ચાર છે. સત્યયુગમાં કૃતવતિ, ત્રેતાયુગમાં મણિકર્ણિકા, દ્વાપરયુગમાં ચંદ્રાવતી, અને કળિયુગમાં સાબરમતી આ સાબરમતી નદીમાં શ્રીહરિએ, નારાયણઘાટ, મોટેરા, પેથાપુર, વિજાપુર, ગોલાણા સાબરમતીનો આરો કહેવાય છે ત્યાં, વૌઠા, ધોળકાથી જેતલપુર આવતા ઘણીવાર ૫૦૦ પરમહંસો સાથે સ્નાન કરીને અતિ પ્રસાદીમય, દર્શનીય તીર્થરૂપ બનાવી છે. જેનો મહિમા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહ્યો છે. તેનું વર્ણન આપણા સંપ્રદાયના ગ્રંથોમાં સદ્‌ગુરુઓએ કર્યું છે. તેનું વાંચન મનન કરીને સાબરમતી નદી તથા





નારાયણઘાટનો મહિમા સમજીએ અને તે મહિમા દરેક સત્સંગી તથા મુમુક્ષુઓને સમજાય તે માટે આપણે સૌ આ મહિમા સાગરમાં એક ડૂબકી મારીએ.

● **સાબરમતી નદીનો પુરાણોમાં મહિમા**

ચોપાઈ :

નારાયણ ઘાટમાં શ્રીહરિ, તેમાં નાહ્યા ઘણું ફરી ફરી;
ગંગાજીને વર આપ્યો જીયાં, અખંડ રેવાનો વળી તિયાં ॥ ૨૦ ॥
વળી ન્હાતા થકા જળમાંથી , પાણીમાં બુડીને ચાલ્યા ત્યાંથી;
સપ્તઋષિને આરે જણાણા, સર્વે સંતને તિયાં દેખાણા ॥ ૨૧ ॥
એવી રીતે લીલા કરી માવે, સાબરમતી ગંગામાં ભાવે;
સર્વેઘાટમાં પોતે નાહ્યા છે, મુક્ત મંડળ સાથે આવ્યા છે ॥ ૨૨ ॥
વળી સાબરનો મહિમાય, શત જોજન જે કોઈ ગાય;
તેહ પ્રાણી અક્ષરમાં જાય, એવી પુરાણમાં છે કથાય ॥ ૨૩ ॥

*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ ૯૩)*

● **સાબરમતીનો પૌરાણિક ઈતિહાસ :**

પદ્મપુરાણમાં (૧૩૪ માં અધ્યાયમાં) મહાદેવનું દેવી પાર્વતીને સાબરમતીનો મહિમા સંભળાવે છે. મહાદેવજી કહે છે કે પાર્વતીજી ! આ સાબરમતીના તટે કશ્યપ ઋષિએ મહાન તપ કર્યું હતું. ગીચ વનરાજીથી ઘેરાયેલા આબુ પર્વત ઉપર રહીને કશ્યપ મુનિએ તપસ્યા આદરી હતી. જ્યાં પવિત્ર સરસ્વતી નદી વહ્યા કરે છે.

એક દિવસ કશ્યમ મુનિ નૈમિષારણ્ય ગયા હતા. ત્યાં બધા ઋષિઓ ભેગા મળીને કથા - વાર્તા કરતા હતા. કશ્યપ ઋષિને જોઈને ઋષિઓએ કહ્યું કે હે મહર્ષિ ! તમને અમારા ઉપર પ્રેમ હોય તો આ પ્રદેશમાં ગંગાજી લાવો અને તે ગંગાજી તમારા નામથી ‘કશ્યપી ગંગા’ તરીકે પ્રસિદ્ધ થાઓ. ઋષિઓનાં વચન સાંભળીને કશ્યપમુનિએ સૌને પ્રણામ કર્યા અને પુનઃ આબુ આવ્યા. સરસ્વતી નદીને કિનારે



Final

તપ કરવા લાગ્યા. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને મહાદેવજીએ દર્શન દઈને કહ્યું ‘મનવાંછિત વરદાન માંગો.’

ઋષિએ કહ્યું - ‘હે મહાદેવજી ! જો તમે રાજી થયા હો તો મને આપના મસ્તક ઉપર રહેલાં ગંગાજી આપો.’ ત્યારે મહાદેવજીએ રાજી થઈને પોતાના જટા સમુહમાંથી એક જટા (લટ) સમુહ તોડી આપ્યો અને કહ્યું - ‘લો આ ગંગાજી !’ કશ્યપ મુનિ મહાદેવજીને પ્રણામ કરીને ગંગાને લઈ પોતાના આશ્રમમાં આવ્યા. એ વખતે પોત પોતાના પરિવાર સાથે અનેક મુનિઓ ત્યાં આવ્યા. કશ્યપ મુનિ આ ગંગાને લાવ્યા હોવાથી આ ‘કશ્યપી ગંગા’ તરીકે પ્રસિદ્ધ થયાં. જેના દર્શન માત્રથી બ્રહ્મહત્યારો પણ બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત બને છે.

મહાદેવજી પાર્વતીને કહે છે કે ‘હે દેવી ! પિતૃઓના મોક્ષ માટે મેં રાજા ભગીરથને આ ગંગા આપી હતી. આ નદી સત્યુગમાં કૃતવતી, ત્રેતામાં ગિરી કર્ણિકા, દ્વાપરમાં ચંદ્રાવતી અને કળિયુગમાં સાબરમતી નામે ઓળખાય છે. પ્લક્ષાવતરણ ક્ષેત્રમાં, સરસ્વતીમાં અને કેદારમાં કે કુરુક્ષેત્રમાં સ્નાન કરવાથી જેટલું ફળ મળે છે એટલું ફળ સાબરમતીમાં સ્નાન કરવાથી મળે છે. એમાં કોઈ જાતની શંકા નથી. કારણ કે, આ ભગવાન વેદ વ્યાસનું વચન છે. આ સાબરમતી સર્વ લોકમાં પવિત્ર અને પાપ નાશક છે. મોટા મોટા ઋષિઓ જેવા કે ગૌત્તમ, કશ્યપ, શ્વેતકેતુ, પુલહ, દેવલ, વિશ્વામિત્ર, જલદગ્નિ, ધૌમ્ય, લોમશ, ભાર્ગવ, વાલખિલ્ય વગેરે મુનિઓ સાબરમતીમાં સ્નાન કરીને ભગવાન વિષ્ણુની ભક્તિ કરે છે. ‘શિવજી કહે છે કે ‘હે દેવી ! પિતૃઓની પ્રિય વારાણસી તથા વિમલેશ્વર નામનું તીર્થ, પ્રયાગરાજ, સપ્તધારા, કેદાર, ગંગાસાગર, બ્રહ્મસભર વગેરે તીર્થો મારા કહેવાથી સાબરમતીના જળમાં નિવાસ કરે છે. પવિત્ર મંદાકિની, મહીનદી વગેરે સાબરમતીને મળે છે. ક્ષિપ્રાનદી, હરિદ્વાર, નર્મદા, ગંગા વગેરે



Final



નદીઓમાં પિંડ આપવાથી જે ફળ મળે છે. એની સમાન ફળ સાબરમતીમાં પિંડ આપવાથી મળે છે.’’

જ્યારે પરમાત્માએ વરાહ અવતાર ધારણ કર્યો હતો એ વખતે પૃથ્વીને ધારણ કરીને પરમાત્મા કર્દમાલમાં નીકળ્યા હતા. એટલે એ જગાએ ‘વરાહ’નામે મહાન તીર્થ થયું છે. ત્યાં સ્નાન કરનાર મુક્તિને પામે છે. આ સાબરમતી નદીને કિનારે શ્રાધ્ધ કરવાનો પણ ખૂબ મહિમા છે. પિતૃઓની મુક્તિ માટે જે અહીં શ્રાદ્ધ કરે છે, તેના પિતૃઓ મુક્ત થાય છે. આ નદીના દર્શન માત્રથી મનુષ્ય પાપ મુક્ત બને છે. જેવી ગંગા નદી છે એવી જ સાબરમતી છે. હે દેવી ! સાબરમતીના ગુણને તો હું યથાર્થ કેમ વર્ણવી શકું !

यदि चेच्छतशो जिह्वा मुखे वै मामके सति ।
तस्या अपि न शवनोमि गुमान् वक्तुं कदाचन् ॥

કળિયુગમાં આ સાબરમતી બહુ કાળ સુધી ફળ આપે છે. આ નદીના એટલા બધા ગુણો છે કે - જો મારા મુખમાં સેંકડો જીભ હોય તો પણ એના ગુણોને હું વર્ણવી શકું એમ નથી.

આ સાબરમતીનો કિનારે ત્રેપન જેટલાં પ્રાચીન તીર્થો આવેલા છે. જેમાં કપાલમોચન, નંદીતીર્થ, શ્વેતતીર્થ, હિરણ્ય સંગમ તીર્થ, કપિલેશ્વરતીર્થ, કાશ્યપ તીર્થ, સોમેશ્વર તીર્થ, ચંદનેશ્વર, ખડગતીર્થ, દૂધેશ્વર, સપ્તધારેશ્વર, ચંદ્રેશ્વર, કપોત તીર્થ, વામનતીર્થ, ગોતીર્થ, ચંડેશતીર્થ, નીલકંઠતીર્થ, વરાહતીર્થ, નારાયણઘાટ વગેરે અનેક તીર્થો આવેલા છે. જેમાં નારાયણઘાટને દૂધેશ્વરતીર્થ મુખ્ય છે. આ બન્ને તીર્થો અમદાવાદમાં જ આવેલાં છે. સાબરમતી નદીના કિનારે નારાયણઘાટ ક્ષેત્રમાં વિશાળ જંગલ આવેલું હતું. જેને પદ્મપુરાણમાં ‘ધર્મારણ્ય’ તરીકે વર્ણવ્યું છે. આ ધર્મારણ્યમાં જ ધર્મદેવ મૂર્તિ દેવી સાથે તપસ્યા કરી હતી અને પરમાત્મા ચાર સ્વરૂપે પ્રગટ થયા હતા.

● **શ્રી ધર્મભક્તિની ઉત્પતિ શ્રીહરિના સ્વમુખે.**

માંગરોળમાં શ્રીજીમહારાજે વાવ ગળાવીને તેનું ભર્યું કર્યું તે ઉત્સવને વિશે નારાયણ મુનિએ ચતુર્ભુજ રૂપે હોમ કરનારા બ્રાહ્મણોને દર્શન દીધાં. તે સમયે ધર્મ તથા ભક્તિનાં દર્શન વિપ્રોને થયા. તે ધર્મને ચાર પગ, ચાર હાથ, ચાર મુખ અને આઠ નેત્રવાળા જોઈને મયારામ ભટ્ટ પૂછતા હતા જે, "ધર્મ ભક્તિ પ્રથમ ક્યાંથી ઉત્પન્ન થયા ? ધર્મ ક્યાં રહે છે. ? ધર્મના કેટલા સ્વરૂપ છે ?" નીલકંઠ બોલ્યા, "પ્રથમ મુક્તો સહિત એક અવતારી હતા. તેમણે મુક્ત સામે જોયું. તેથી મુક્ત પ્રકૃતિ સાથે જોડાયાં, મૂળ પુરુષ પ્રકૃતિ દ્વારા અનેક કોટી પ્રધાન પુરુષ થયા. તેમાંથી અનેક કોટી બ્રહ્માંડ થયા. તે બ્રહ્માંડોના સર્વ જીવોના સુખ માટે અને મોક્ષને માટે તે મૂળ પુરુષ સામું ફરીથી અવતારી જોતાં હતા. મુળપુરુષના હૃદયમાંથી ચિદ શક્તિ, બ્રહ્મવિદ્યા, અહિંસા તેણે સહિત ધર્મદેવ પ્રગટ થયા; અવતારી આગળ હાથ જોડી ને બંને ઊભા રહ્યા. પ્રભુ કહે, "હે ધર્મ, તમો સર્વે બ્રહ્માંડમાં વસો અને સર્વના સુખને માટે અને મોક્ષને માટે તમને ઉત્પન્ન કર્યા છે." ધર્મ કહે, "તમારો વિરહ સહન ન થાય, આંહી રહેવા દ્યો." અવતારી કહે, "હું તમારું તથા સાધુઓનું રક્ષણ કરવા માટે તથા જીવોનો મોક્ષ કરવા માટે યુગે યુગમાં તમારો પુત્ર થઈશ. તમે અમારા માતા-પિતા. હું તમારા થકી જ અવતાર લઈશ. મારા અવતારો ભલે બીજા થકી ઉત્પન્ન થાય, અને જ્યારે સંભારશો ત્યારે હું પ્રગટ ઊભો રહીશ."

● **ધર્મને અહિંસા થકી નર, નારાયણ, હરિ, કૃષ્ણ એ ચાર સ્વરૂપે પ્રગટ થયા.**

પછી તે ધર્મ જેટલાં બ્રહ્માંડ તેટલા સ્વરૂપ ધારણ કરીને દરેક બ્રહ્માંડમાં ગયા. તે શ્વેતદ્વીપ પાસે વિશ્વકર્મા દ્વારા વિષ્ણુપુર રચાવીને તેમાં રહે છે. ધર્મ એ વિષ્ણુપુરમાંથી અહિંસા સહિત સાબરમતીને



Final



કાંઠે (નારાયણઘાટે) આવીને દશ વર્ષ તપ કર્યું. તે સમયે વારાહ કલ્પ, સ્વાયંભૂ, મન્વંતર, પ્રથમનો સતયુગ, પ્રભવ વર્ષ, ઉત્તરાયન કાળ, વસંત ઋતુ, ચૈત્ર માસ, શુકલપક્ષ, એકાદશી, બ્રાહ્મમુહૂર્ત અને રવિવારે તે દિવસે નર,નારાયણ, હરિ, કૃષ્ણ એ ચાર સ્વરૂપે પ્રગટ થાતા હવા. ચાક્ષુષ મન્વંતરમાં દુર્વાસાના શાપથી પ્રલય થયો. ત્યારે નરનારાયણ સ્વધામ-બ્રહ્મધામ પધાર્યા અને ધર્મ, અહિંસા અક્ષરધામમાં પધાર્યા.

● **શ્રી નરનારાયણદેવનું પૂર્ન પ્રાગટ્ય**

પછી બ્રહ્માએ ફરીથી સૃષ્ટિ કરી. ત્યારે બ્રહ્માના હૃદયમાંથી ધર્મદેવ પ્રગટ થયા. અહિંસા દક્ષની દીકરી થઈ. તે ધર્મ દક્ષ પ્રજાપતિની કન્યા મૂર્તિ તે સહિત પૂર્વ સ્થળે સાભ્રમતિને કાંઠે તપ કર્યું. પછી બાર વર્ષે પ્રભુ પ્રસન્ન થયા. અને નરનારાયણ રૂપે વૈવસ્વત મન્વંતર સતયુગ પ્રભાવ વર્ષ ઉત્તરાયન કાળ અને ફાગણ માસની પૂર્ણિમાની રાત્રીએ ચોથા પહોરનાં અંતે ધર્મ મૂર્તિ થકી નર અને નારાયણ સ્વરૂપે ફરીથી પ્રગટ થતા હતા. તે સમયે સર્વે દેવો તથા મુનિયો તથા ઋષિઓ તથા મૂર્તિ ધર્મને તે સર્વે મળીને હિંડોળો બાંધીને તેમાં નરનારાયણને પધરાવીને ફૂલદોલોત્સવ કરતા હતા. પછી ફરીથી નરનારાયણ બદરિકાશ્રમમાં પધાર્યા. અને તે ધર્મ મૂર્તિ વિષ્ણુપુરમાં પધાર્યા. તે પુરમાં ધર્મ કાયમ રહે છે. અને બ્રહ્માના પુત્ર ધર્મ બળદનું રૂપ ધરીને વિષ્ણુપુરમાં રહે છે. અને ધર્મના અંશથી સૂર્યપુત્ર ધર્મ થયા. તે પણ વિષ્ણુપુરમાં રહે છે, તેને બે પગ અને ચાર હાથ છે. તેમાં એક પગ પૃથ્વી ઉપર ધર્મ મૂકી શક્તા નથી.

● **આ ધર્મભક્તિનો ત્રીજો અવતાર છે**

તેના મંત્રથી યુધ્ધિષ્ઠિર ધર્મ થયા. અને માંડણ્યમુનિના શાપથી પોતે હરિશ્ચંદ્ર તથા વિદુર તથા શ્વાનરૂપ થયા. ત્યાં સુધી જમપુરીમાં કચેરીનું કામ અર્યમાં પિત્રિએ કર્યું. હે મયારામ ભટ્ટ ! તે ધર્મ તથા

મૂર્તિ દુર્વાસાના શાપથી પૃથ્વીમાં ધર્મ-ભક્તિ થયા. (આ શ્રાપ બદરિકાશ્રમમાં થયો હતો. તેથી ધર્મ-ભક્તિનો આ ત્રીજો અવતાર છે.) તે અમારા માતા-પિતા છે. તે દિવ્ય રૂપે અમારી સાથે રહે છે. તેમના દર્શન ધર્મવાન પુરુષોને થાય છે. (દક્ષ પ્રજાપતિને સાઈઠ પુત્રી હતી. તેમાં સૌથી મોટા પાર્વતી હતા અને સૌની નાના મૂર્તિ હતા. તેથી શંકરભગવાન અને ધર્મદેવ સાઢુભાઈ થાય છે.

- **શ્રીહરિના સ્વમુખે પ્રગટતીર્થ સાબરમતી - નારાયણઘાટનો મહિમા**

શ્રીહરિ બોલ્યા હે સ્વામી ! તમે સાંભળો ગંગાજી આવ્યા હતા. તેમણે અમારી બહુ જ સ્તુતિ કરી. ને નેત્રોમાં પ્રેમનાં આસુઓ લાવીને દુઃખ પૂર્વકના તૂટેલા વચનો માંડ માંડ બોલતી હતી. જ્યારે ગંગાએ અતિશય વિનંતી કરી ત્યારે મેં એને પ્રેમથી નદીમાં વાસ દીધો. આજ નારાયણઘાટમાં રહેવાનું કહ્યું અહીંયા અમારા સંતોનો સતત સંગ રહેશે. ગંગા તમને પ્રતિદિન સત્સંગનું સુખ મળશે. બધાં જ પાપો પરિતાપો કલેશો બધું જ પ્રગટના પ્રતાપથી નાશ જ થઈ જશે. આમ કહીને પછી અમે જળમાંથી બહાર આવ્યા.

પછી મુક્તાનંદસ્વામી પ્રભુને પૂછતા હતા. જે હે મહારાજ ! ગંગાના મહિમાની બધી જ વાતો સંભળાવો ને કેવી રીતે સ્નાન કરવું ને લોકો તે સ્નાનનું ફળ પ્રાપ્ત કરીને નિષ્પાપ થાય. હે રાજન ! મુનિજનોનું કહેવું સાંભળીને શ્રીહરિ પોતાના મનમાં રાજી થઈને સાબરમતીનો મહિમા કહેતા હતા. સાબરમતી નદી બહુ જ સુંદર પવિત્ર નદી છે. તેમાં આ નારાયણ ઘાટ તે મુખ્ય સ્થાન છે. તે સ્થળે જે નરનારી સ્નાન કરશે તો તે મહાસુખને પામશે. નારાયણ ઘાટમાં સ્નાન કરવાથી કરોડો જન્મનાં બધા જ પાપો બળી જાય, મનવાંછિત ફળને પામશે અંતે તે નરનારી મુક્ત થાશે. નિયમ ધારીને મહિમા જોઈને જે નરનારી સાબરમતીમાં સ્નાન કરશે. તે સુખને પામશે. વિધિ



Final



પ્રમાણે સ્નાન કરીને બ્રાહ્મણોને દાન દે તથા સંતોને ને બ્રાહ્મણોને જમાડે તો સુખ પામશે. તે નરનારી જલ્દીથી મુક્ત થાય છે. પોતાના અનેક કુળનો ઉધ્ધાર કરે છે. નિર્વિકારી થઈને તે જન મારા ચરણને પામે છે. જે નરનારી જનો નારાયણ ઘાટનું નામ લે છે. તે નારાયણ ઘાટને પરિણામે પાપનો નાશ કરનારું છે. તે જન દૃઢવ્રત ધારણ કરીને સ્નાન કરે છે. તે મારા ધામને પામે છે.

નારાયણ ઘાટે આવીને જો કોઈ નારાયણ બલી કરાવે તો તેનાથી ભૂતપ્રેત સૌ ભય પામીને ભાગે છે. પિત્રીઓ વિધિથી પર સદ્‌ગતિને પામે છે. તેના માટે અહીં આવીને શ્રાધ્ધ વિધિ કરાવે તો મુક્તિ પામે છે. કાયિક, વાચિક કે માનસિક પાપો સર્વે સાબરમતીના પ્રતાપે નાશ પામે છે. સાબરમતી નદી ગંગાનદી કરતા એકસો ગણી મહાન છે. યમુના નદી કરતાં પણ સાબરમતી શ્રેષ્ઠ થાય છે. ક્ષિપ્રાદીનાં કરતાં પણ વધારે પાપનો નાશ કરનારી છે. નર્મદા કરતા પણ મહિમા સાબરનો વધારે મોટો છે. ગંડકી નદી કરતા વધારે ગુણવાળી છે. ચંદ્રભાગા નદી કરતા વધારે સારી છે. બધી નદીઓ મળીને કરોડો ગણી ઉપમા કહે તોય સાબરમતી નદી જેવી કોઈ ન થાય. કેમ કે હું પુરુષોત્તમ પોતે આમાં સ્નાન કરીને પવિત્ર કરેલ છે.અમે સૌ સંતોની સાથે મહિમા જોઈને રસબસ રંગવાળા વસ્ત્રો ધારીને બહુવાર સુધી સુંદર રીતે સ્નાન કરેલા છે. તેનાથી આ સાબરમતી ગંગાનો મહિમા અપરંપાર થયો છે. બીજા તીર્થોમાં સો વાર વિધિ પ્રમાણે તીર્થ કરે તોય સાબરમતી નદીએ આવીને અજાણતા જનો સ્નાન કરે તો તે બંનેના ફળમાં સાબરમતી જ શ્રેષ્ઠ થાય છે. બધા તીર્થો મળીને આવે તોય સાબરમતીના બરોબર ન જ આવે. કેમ કે પેલા બધાય તીર્થો પરોક્ષ તીર્થ છે. અને આ સાબરમતી તો પ્રગટતીર્થ છે. એટલે સાબરમતી તીર્થનો મહિમા ઉંચો છે. સંસારનાં માણસો સાબરમતી નદીનું નામ લેતા મનુષ્યો સાબરમતીનું જળનું

બિંદુ પીયે તોય જગતની સંસૃત્તિ કષ્ટ મટી જાય છે. જે ગાયના પગલાંને ઉલંઘવું જેટલું કઠીન લાગે તેટલું જ જગતને પાર કરવું સહેલું થાય છે. સવારે વહેલા ઉઠીને સાબરમતીમાં સ્નાન કરે તો તે ભક્ત મને બહુ જ પ્રિય ભક્ત થાય છે. મારા ભક્તો સાબરમતી નદીને કાંઠે પૂજાવિધિ શ્રાધ્ધ કરે તો તેનાં અનંત કુળની સાથે તે મુક્તિ પામે છે. જે મનુષ્ય સાબરમતીનો મહિમા ગાય ને સાબરમતીમાં સ્નાન કરે ને મનમાં આનંદ પામતા થકા છાપો લે તો તે અક્ષરધામને પ્રાપ્ત કરે છે. પ્રભુના ચરણમાં વાસ કરે છે. હરિકૃષ્ણ એવું મારા નામનું છાપું લે તે નરનારી મુક્ત થાય છે. અષ્ટ આવરણને તરીને પાર પામે છે. રિધ્ધિ સિધ્ધિઓ તો તેની દાસી થઈને સેવા કરે છે. તે જન મારા પરમધામને પ્રાપ્ત કરે છે. નિર્વિકારી ધામમાં જાય છે. બધા જ નરનારી મુક્ત થાય છે. અષ્ટ આવરણોને પાર કરે છે. અવિનાશી થાય છે. તે સ્ત્રી ને પુરુષ ઈચ્છિત સુખને પામે છે. જે સાબરમતીમાં સ્નાન કરે છે. તે જીવન મુક્ત થઈને મહા ભાગ્યવાન થાય છે. મુક્તિને પામે છે. મુનિજનો-નરનારીજનો અનંત સુખોને પામે છે. તેને કોઈ આશ્ચર્ય તો ન જ કહેવાય કેમ કે જળચરો, આકાશ વિચરનારા પક્ષીઓ અપાર જીવો છે. તે નદીનાં કાંઠા ઉપર જ વસે છે ને ઉદારતાથી રહે છે. તે પ્રાણી મરીને સુરપુર-દેવપુર સ્વર્ગમાં જાય છે. જે મારા ચરણકમળનો માહાત્મ્યે સહિત સ્પર્શ કરે તેને દેવની સ્ત્રીઓ સેવા કરે છે. તે સર્વ દેવો કરતા તે ભક્ત શ્રેષ્ઠ થાય છે. તે જન પછી ઉર્ધ્વગતિવાળો જ થાય છે. પાછો ક્યારેય અધોગતિને નથી પામતો, ધામને જ પામે છે. જળના જંતુઓ પણ મુનિજનો જેવી ગતિને પામે છે. તો પછી મનુષ્ય ઉર્ધ્વ ગતિને પામે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સાબરમતી બધી જ નદીઓની શિરોમણી છે. તેનો મહિમા અગણિત અપાર છે. શેષજી, ઈન્દ્ર, સદાશિવ, બ્રહ્માજી, શારદા-નારદ આદિક સાબરમતીના ગુણને ગાયા જ કરે છે. પણ અનંત મહિમાને



Final



પાર નથી પામી શક્તા એવો મહિમા છે. સર્વના આદિ પુરુષ અમે પોતે જ છીએ. અવતારના અવતારી સર્વ બ્રહ્માંડના નિયામક અમે જ છીએ. પ્રગટનો જ પ્રતાપ છે. આ નદીમાં અમે સંતોની સાથે સ્નાન કરેલાં છે. તેના કારણે જ સાબરમતી સર્વોપરી સ્થાને શોભ્યા કરે છે. જડજાતિના જંતુઓ છે તે સાબરમતીમાં સ્નાન કરે છે તેનાથી તરત તરી જાય છે. લગારે વાર નથી લાગતી એવો મહાન મહિમા છે. નિર્ગુણ નિષ્કામ થઈને આનંદ ઉત્સાહથી મારા ધામને પામે છે.

હે રાજન ! આવી રીતે મુક્તાનંદ સ્વામીને સાબરમતીનો મહિમા કહીને પછી પ્રભુ ઘોડા ઉપર વિરાજી ને સર્વે સાજ સમાજની સાથે તરત જ ચાલતા થયા. અશ્વની ઉપર વિરાજીને ઘનશ્યામ પ્રભુ મોટેરા પધાર્યા. *(શ્રીહરિલીલાસિંધુ રત્ન ૧૩ તરંગ ૩૬)*

● **શ્રીહરિના જન્મ પૂર્વે ભારતની રાજકીય-ધાર્મિક સ્થિતિ**

શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો સં. ૧૮૩૭ (ઈ.સ. ૧૭૮૧) અને તે સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)માં અંતર્ધાન થયા. જો આપણે સં. ૧૮૩૭ પહેલાંના પચાસ અને પછીના પચાસ એમ સો વર્ષનો ઈતિહાસ વાંચીએ તો તેને પૂર્વાર્ધ કુસંપ, અનિતિ અને અધર્મથી ભરપુર લાગે અને ઉત્તરાર્ધ ધર્મ-સદાચારે યુક્ત ઉન્નત ભાસે છે. પૂર્વાર્ધ સમયમાં અધર્મે ધર્મનો અંચળો ઓઢ્યો હતો, અજ્ઞાને જ્ઞાનનું રૂપ લીધું હતું અને ભ્રષ્ટાચારે ભક્તિનો વેશ ધારણ કર્યો હતો. અઢારમી સદીનાં એ અંતિમ વર્ષો હતાં. એ વખતે ગુજરાતમાં મોગલાઈ સત્તાનો સૂર્યાસ્ત થઈ રહ્યો હતો અને કેટલાક વિસ્તારો ઉપર મરાઠાઓનું આધિપત્ય હતું. મરાઠાઓ લશ્કર લઈને ગુજરાતમાં ઠેર ઠેર ફરી વળતા અને બળજબરીથી મહેસૂલ ઉઘરાવતા. એક સરદાર મહેસૂલ ઉઘરાવીને ગયો હોય ત્યાં બે-ચાર મહિનામાં બીજો સરદાર આવે અને પોતાને મનપસંદ રકમ ઉઘરાવે. ન આપે તો લૂંટી લે. 'જેની લાઠી એની ભેંસ' નો કાયદો હતો. પ્રજાની સંપૂર્ણ

અસલામતી હતી. કાયદો અને વ્યવસ્થાનું કોઈ ઠેકાણું નહોતું. લૂંટફાટની બોલબાલા હતી. તલવારની જ એક ભાષા હતી. સૌરાષ્ટ્રની કાઠી પ્રજાઓમાં પણ તલવારની જ ચાલ પ્રચલિત હતી. હિંસા તો એમના જીવનમાં સહજ થઈ ગઈ હતી.

અઢારમા સૈકામાં ભારતની રાજકીય સ્થિતિ પણ બહુ અંધાધૂંધી ભરેલી હતી. ભારત નાનાં નાનાં રાજ્યોમાં વિભાજિત થઈ ગયું હતું. પેશ્વા, મરાઠા, ગાયકવાડ, નિઝામ, રજપૂતો અને શીખો પરસ્પર સંહાર કરતા હતા. આ સાર્વત્રિક રાજકીય અંધાધૂંધીનો લાભ લઈને ચોર, લૂંટારા, પીંઢારા, ડાકુ, કાઠી, કોળી, ભીલ-ભાવર ધોળે દિવસે લોકોને લૂંટી લેતા અને પ્રજાનું સર્વસ્વ લૂંટીને મોજશોખ કરતા. વળાવિયા સિવાય એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાતું નહિ. આ રીતે ત્રાહિમામ્ વર્તાઈ રહ્યો હતો. સમાજમાં અફીણ, દારૂ, તમાકુ, ગાંજો વગેરે વ્યસનો સામાન્ય થઈ પડ્યાં હતાં. અણહકનું પડાવી લેવાની વૃત્તિ વૃદ્ધિ પામી હતી. દીકરીના જન્મને અશુભ ગણવામાં આવતો. કેટલીક વર્ણોમાં જન્મ પછી દીકરીને દૂધમાં ડુબાડી દેવાતી. આ દૂધપીતીનો કુરિવાજ ભયંકર રીતે સમાજને કોરી રહ્યો હતો.

ભારતની ધાર્મિક પરિસ્થિતિ તો વળી બહુ ખરાબ હતી. ધર્મના નામે છેતરપિંડી, વિલાસ, વૈભવ, વ્યસનો અને મલિનતા ફેલાયેલી હતી. ભક્તિના નામે ભ્રષ્ટાચાર ચાલતો. જ્ઞાનીઓ, ધર્મના વડાઓ, ગુરુઓ પોતાના વિલાસને પોષવા શાસ્ત્રોના મનફાવતા અર્થ કરીને, મદ્ય, માંસ, મૈથુન વગેરે આચરીને ભોળી પ્રજાનું શોષણ કરતા અને મંત્ર, તંત્ર, મૂઠ, મારણ વગેરેથી લોકોને બિવડાવીને પ્રજાનું શોષણ કરતા. તેમજ મલિન દેવ-દેવીની ઉપાસનામાં રચ્યા-પચ્યા રહેતા. કેટલાક ભેખધારીઓ હથિયારો રાખતા અને હથિયારના જોરે અનેક પ્રકારના હુકમો કરતા.



Final



કોઈ વ્યાધિ અને રોગચાળામાં વહેમને જોડી દેવામાં આવતો. રોગનો ઉપચાર કરવાના બદલે દેવ-દેવીનો કોપ સમજીને દેવ-દેવીઓ આગળ બકરા, કૂકડા, પાડા વગેરે નિર્દોષ પશુઓનો બલિ ચઢાવવામાં આવતો. ક્યારેક દેવ આગળ માનવ બલિ પણ ચઢાવવામાં આવતો. વળી ધર્મના નામે યજ્ઞમાં પણ નિર્દોષ પશુઓ બકરા, મૃગલાની હિંસા કરવામાં આવતી. એ હિંસાને રોકનાર એ વખતે કોઈ નહોતો. પ્રજા અજ્ઞાન અને અંધકારમાં ડૂબેલી હતી. ક્યાંય એમનો કોઈ તારણહાર દેખાતો નહોતો. સત્ય, ક્ષમા, અહિંસા, સદાચાર, નીતિ, દયા સમાજમાંથી લુપ્ત થયાં હતાં. કેવળ હિંસા, અસત્ય, દંભ, દુરાચાર, અન્યાય, વહેમ, વિલાસ, વ્યસન વગેરે વિકારો વૃદ્ધિ પામ્યા હતા.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે

*ચારે વર્ણને આશ્રમ, તેણે ત્યાગી દીધા નિજ-ધર્મ ।*
*અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી ॥*
*રાજા ઉન્નત થઈ અપાર, કરે સત્ય ધર્મનો સંહાર ।*
*આપે પાપ કરે અણલેખે, તેમ પ્રજા કરે દેખાદેખે ॥*

આ રીતે ધાર્મિક અને સામાજિક પતન તરફ જઈ રહેલી ભારતીય પ્રજાનો કોઈ ઉદ્ધારક નહોતો. બીજી બાજુ આજથી બસો વર્ષ પહેલાં ભારતીય સંસ્કૃતિને તોડનારાં અનેક પરિબળો તૈયાર થયાં હતાં. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને ધર્મ એટલાં બધાં એકમેક છે કે એને જુદાં કરવાં અશક્ય છે. આજ સુધીમાં અનેક મહાપુરુષો અને ઈશ્વર અવતારો દ્વારા આ સંસ્કૃતિની રક્ષા થતી આવી છે. પણ આ વખતે સંસ્કૃતિને તોડનારાં પરિબળો એકસામટાં ઊભાં થયાં હતાં. એ અનિષ્ટ તત્ત્વોની ઘેરી અસર નીચે રાજા અને પ્રજાએ પોતાની પવિત્ર ફરજો મૂકી દીધી હતી. ગુરુઓ પણ પોતાનું કર્તવ્ય ભૂલીને સ્વાર્થી જીવન જીવતા હતા. ભારતીય સંસ્કૃતિનો કોઈ તારણહાર રહ્યો

નહોતો. એટલે ભારત સામાજિક, નૈતિક અને ધાર્મિક ક્ષેત્રે પતનની ગર્તામાં ધકેલાઈ ગયો હતો. આ પતનમાં ગુજરાત મોખરે રહ્યું હતું. કારણ કે દાંભિક ગુરુઓ અને સ્વાર્થી રાજાઓએ ગુજરાતની ભોળી પ્રજાને ભરપૂર છેતરી અને અંધશ્રદ્ધાના અંચળા ઓઢાડી દીધા હતા. એ વખતે અમદાવાદની રાજકીય અને ધાર્મિક સ્થિતિ કેવી હતી એ જોઈએ.

સં. ૧૮૩૭ના અરસામાં અંગ્રેજોની રાજ્યસત્તા માત્ર બંગાળમાં જ હતી. હૈદર, મરાઠાઓ, નિઝામ, ટીપુ વગેરે અંગ્રેજોને હંફાવી રહ્યા હતા. જ્યાં જ્યાં મરાઠાઓની સત્તા હતી ત્યાં અનેક પ્રકારના જુલ્મો થતા. કારણ કે તેઓ દરેક પ્રદેશો અને નગરો ઈજારાથી આપી દેતા. ઈજારો રાખનારા ભારે કરવેરા દ્વારા પ્રજાને દંડતા પણ લોકોને સગવડ આપતા નહિ. અમદાવાદ પણ ભારે કરવેરાનું ભોગ બનેલું. પરંતુ કરવેરાના બદલામાં શહેરના લોકોને સુખ થાય - સગવડ વધે એવું કશું કરાતું નહિ. માત્ર રૂપિયા ઉઘરાવવાની વાત જ મુખ્ય હતી. મરાઠા સત્તાની જુલ્મશાહીથી કંટાળીને અમદાવાદની પ્રજાએ સ્થળાંતર કરેલું. અને એ પ્રજા જ્યાં રાજકીય ત્રાસ ન હોય એવાં નગરોમાં જઈને વસી હતી. આ રીતે શાસકોની દમન નીતિથી પ્રજામાં સ્થળાંતર થયા કરતું. આ સ્થળાંતરના કારણે શહેરના ઘણા વિસ્તારો ઉજ્જડ થયા હતા. પરંતુ જ્યારે અમદાવાદમાં અંગ્રેજ સરકાર આવી એટલે લોકો ફરીથી અમદાવાદમાં આવીને વસવા માંડ્યા.

જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા ધારણ કરી ત્યારે અમદાવાદમાં કેશવરાવ સેલૂકર પેશ્વા તરફથી સૂબો થઈને આવ્યો હતો. આ સેલૂકરે અમદાવાદના લોકો પર ઘણો જુલમ કર્યો હતો. તેણે જાતજાતના વેરા નાંખ્યા હતા. એ સમયમાં ગાયકવાડના લશ્કરે અમદાવાદ ઉપર ચડાઈ કરી અને સેલૂકરને પકડ્યો. સોળ દિવસ અમદાવાદની જેલમાં રાખ્યો પછી પૂના મોકલી દીધો. એ પછી



Final



ગાયકવાડ તરફથી અમદાવાદમાં રાવબા સૂબા તરીકે આવ્યા. એમના પછી ઈ.સ. ૧૮૦૦માં રઘુનાથ મહીપતરામ સરસૂબો બન્યો. એમના દશેક વર્ષના શાસનમાં લોકો સુખી હતા. એમના શાસનમાં સંવત ૧૮૫૯માં મહામાસમાં પહેલવહેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધાર્યા. ત્યારે રઘુનાથ મહીપતરામના રાજ કર્તાઓ (સૂબા રઘુનાથ ન હોય ત્યારે મલ્લબા કાર્યકારી સૂબા તરીકે કારભાર ચલાવતા. તે મલ્લબા અને તેમનો ભત્રીજો ચીમન રાવજી-વચનામૃત વડતાલ - ૬ અને ૭ માં પ્રશ્ન પૂછવાવાળા) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ઉમળકાભેર સ્વાગત કર્યું. શ્રીહરિએ અમદાવાદમાં સમાધિઓ કરાવી. એ જોઈને અમદાવાદના સૂબા રઘુનાથને શ્રીહરિ પ્રત્યે ભાવના જાગી. અમદાવાદમાં જ્યારે લોલંગર બાવાએ તોફાન કર્યું ત્યારે આ સૂબાએ શ્રીહરિને મદદ કરી હતી. એટલું જ નહિ પણ તેણે ભદ્ર ખાતે પોતાના બંગલામાં શ્રીહરિની પધરામણી કરાવી હતી.

મહીપતરામ પછી એમના ભત્રીજા વિઠ્ઠલરાવ સં. ૧૮૬૫માં અમદાવાદના સૂબા બન્યા હતા. આ વખતે શ્રી સ્વામિનારાયણ ધર્મનો પાયો નંખાઈ ગયો હતો. આ સૂબો વામપંથી હતો. તેણે લોલંગરને ગુરુ બનાવ્યા હતા. તે લોલંગર કહે તેમજ કરતો. એ વિઠ્ઠલરાવે અમદાવાદમાંથી સ્વામિનારાયણ ધર્મ નાબૂદ કરવા માટે ઘણી મહેનત કરી પણ ફાવ્યો નહિ. આ એ જ સૂબો હતો કે જેણે (સંવત ૧૮૬૭)માં જેતલપુરના યજ્ઞમાં લશ્કર મોકલીને વિઘ્ન કર્યું હતું અને એણે જ ભદ્રના કિલ્લામાં શ્રીહરિને પાણીના ટાંકામાં નાંખી દેવા માટે કપટભરી પધરામણી કરાવેલી પણ એનું આ કાવત્રું નિષ્ફળ ગયું હતું. એ પછી લગભગ તરત જ મરાઠા સત્તાનો અંત આવ્યો અને ખેડા જિલ્લાના કલેકટર ડનલોપ સાહેબે (સાંપ્રદાયિક શાસ્ત્રોમાં

ઉલ્લેખાયેલ દુર્લભ સાહેબ) ઈ.સ. ૧૮૧૭ના નવેમ્બર માસમાં અમદાવાદમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં.

અંગ્રેજો હવે ધીમે ધીમે વ્યાપાર ત્યજી દઈને રાજ્ય સત્તા હાંસલ કરવામાં પ્રવૃત્ત થયા હતા. ભારતના રાજા-રજવાડાંનો કુસંપ અને પોતાની રાજનિતીને કારણે ધીમે ધીમે તેઓ આગળ વધી રહ્યા હતા અને તેવામાં શ્રીહરિની સેવા કરવાની તેમને તક મળી. પેશ્વાઈ સત્તાનો અંત ઈ.સ. ૧૮૧૭માં આવ્યો ત્યારથી તે ઈ.સ. ૧૮૫૭માં બળવો થયો ત્યાં સુધીનાં ૪૦ વર્ષોનો ભારતીય ઈતિહાસમાં આ સમયગાળો સંપૂર્ણ અવ્યવસ્થાનો અને અરાજકતાનો હતો. પ્રજાનો કોઈ રણીધણી નહોતો. ધર્મ અને સમાજમાં કેટલાક કુરિવાજોએ માઝા મૂકી હતી. પ્રજાજનો-ભક્તજનો એ સમયે વિકટ સમયના બેલીને અને ભાંગેલાના ભેરુને અને '**यदा यदा हि धर्मस्य**' એ વચનો ઉચ્ચારનાર પરમાત્માને પોકારી રહ્યા હતા. પૂર્વમાંથી ઉદય પામીને સૂર્ય દરરોજ સમગ્ર બ્રહ્માંડને અજવાળે છે છતાં અજ્ઞાનરૂપી અંધારુ, દુ:ખરૂપી અંધારુ સૂર્ય ક્યાંથી દૂર કરી શકે ! એ તો પૂર્વમાંથી સહજાનંદ સૂર્યનો ઉદય થાય ત્યારે જ દુ:ખ, અજ્ઞાન, મોહ, વિકાર વગેરે દૂર થાય. સૂર્યોદય થયા પહેલાં અરુણોદય થાય એટલે ખબર પડે કે હવે સૂર્યોદય થવાનો છે, એમ સહજાનંદ સૂર્યના આગમન પૂર્વે શાસ્ત્રોએ અને મહાપુરુષોએ એમના આગમનની આલબેલ પોકારી હતી.

ઈતિહાસકાર શ્રી હેન્રી જ્યોર્જ બ્રીગ્સે નોંધ્યું છે કે ઈ.સ. ૧૮૩૦ (સં. ૧૮૮૬)માં શ્રી સ્વામિનારાયણના ૧૦૦૦ સાધુઓ ૩૦૦ બ્રહ્મચારીઓ, ૨૦૦ પાર્ષદો, ૨૦૦ હજુરી સેવકો અને પાંચ લાખ ગૃહસ્થ હરિભક્તો હતા.

આમ માનવમાત્રમાં સદાચારના સંસ્કાર સિંચવાનું કામ ભગવાન શ્રી સ્વામિનારાયણ કરી રહ્યા હતા.



Final



## ● શ્રીહરિ પર્વતભાઈની દીકરીમાં રહીને બોલ્યા

શ્રીજીમહારાજે ભાદરેથી કાગળ લખ્યો હતો તેમાં મહારાજે લખેલું જે તમો તથા નાનાભાઈ થઈને ભેગા યજ્ઞનો સામાન કરાવજો અને અમારાથી જો અવાશે તો આવશું. અને એક કાગળ અમદાવાદ સંતો ઉપર લખી મોકલ્યો જે ગોવિંદ સ્વામી યજ્ઞ કરાવે છે તે તમોને તેડાવે તો જજો નહી. બેઠા હરિગુણ ગાજ્યો પછી યજ્ઞનો સામાન પુરો કરાવીને ગોવિંદ સ્વામી તથા નાનાભાઈએ યજ્ઞ કરાવ્યો તેમાંથી બે હજાર રૂપિયા વધ્યા પછી બન્ને જણ વિચાર કર્યો જે આપણે ક્યારેય મહારાજને કામ પડે ત્યારે આપવા પણ અમથા ન આપવા. કેમકે મહારાજ અમથા વાપરી નાંખે એમ જાણીને નાનાભાઈને ત્યાં તે રૂપિયા મુક્યા હતા. પછી સૌ સંઘને સાથે લઈને ગોવિંદ સ્વામી મહારાજના દર્શન કરવા ગઢપુર આવ્યા અને સભામાં મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને સૌ સભામાં બેઠા. પછી ગોવિંદ સ્વામીએ મહારાજને કહ્યું જે મહારાજ તમે પધાર્યા નહીં. અને અમે છ મહીના દાખડો કરીને યજ્ઞ કર્યો. મહારાજ કહે સ્વામી એવા યજ્ઞ તો અમે ચાલતા કરીએ ત્યારે સ્વામીને સંકલ્પ થયો જે ભગવાન તો ખરા પણ નાના ખરા ને ! પછી મહારાજે સભામાં પૂછ્યું : જે સ્વામી યજ્ઞ કર્યો તેમાં કાંઈ વધ્યું ? સ્વામી કહે ના મહારાજ દરની માટી દરમાં સમાઈ ગઈ પણ કાંઈ વધ્યું નહી. એમ મહારાજે બે ત્રણ વાર પૂછ્યું. તો પણ સ્વામીએ તો ના ને ના કહી. પછી સભામાંથી પર્વતભાઈની દસ વર્ષની દીકરી ઉભી થઈ અને બોલી. જે ગોવિંદ સ્વામી, તમે નાનાભાઈને ઘરે બે હજાર રૂપિયા મેલ્યા છે અને મહારાજ ક્યારના પૂછે છે ને ના કેમ પાડો છો ? ત્યારે મહારાજ કહે ગોવિંદ સ્વામી ઓલી છોડી શું કહે છે ? ત્યારે ગોવિંદ સ્વામી કહે જે એ છોડી ક્યાં કહે છે ? એ તો તમે કહો છો પછી સ્વામીએ કહ્યું. જે હા મહારાજ નાનાભાઈને ઘરે બે હજાર રૂપીયા મુકેલા છે. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૮૨૪)*

● **દર્શનમાં અતિશય શ્રધ્ધાળુ દલા ભક્ત**

જ્યારે અમદાવાદના હરિજન મહારાજના દર્શને જતા. ત્યારે સરસપુરના દલા ભક્ત પણ સાથે જતાં. અમદાવાદના હરિજન તો મહારાજનાં દર્શન કરી ઉતારે આવી પરસ્પર મળીને બોલે કે કાલે શાની રસોઈ કરીશું ? પછી દૂધપાક ઈત્યાદિ રસોઈનો ઠરાવ કરીને તેનો સરસમાન લઈ આવવાનો ઠરાવ કરે અને ઠરાવે કે ફલાણા દૂધ લાવે. એમ ઠરાવ કરીને સૂઈ રહે. પછી સવારમાં ઊઠી પોતપોતાના કામમાં લાગી જાય. નાહી-ધોઈ પૂજા કરીને પરવારે ત્યાં તો મહારાજ સભામાં વિરાજમાન થાય ને વાજિંત્ર વાગે તે સાંભળીને મહારાજનાં દર્શન કરવા આવે. દર્શન કરીને થોડીવાર સભામાં બેસે. પછી એકબીજા સામે જુએ - કે રસોઈનું મોડું થશે. એટલે ઉતારે જઈ સારી રસોઈ બનાવી જમે અને ચાર વાગે એટલે ઊઠી નાહી-ધોઈ પાછા મોડેથી મહારાજનાં દર્શને આવે. પછી આરતી થાય, સભામાં વાતો થાય તે સાંભળે અને થોડીવાર થાય એટલે ડોલાં ખાવા માંડે, એટલે એક એક જણ ઉતારે જઈ સૂઈ રહે. બીજે દિવસે પણ એવી જ રીતે કરે.

દલા ભક્ત તો વહેલા સવારમાં ત્રણ વાગે ઊઠે. નાહી-ધોઈ પૂજા કરીને મહારાજ ઊઠ્યા પણ ન હોય તે સમયમાં જઈને મહારાજનાં દર્શન કરવા ખડા થાય. તે મહારાજનાં નાતાં દર્શન કરે - પૂજા કરતાં દર્શન કરે. સભામાં તથા જમતાં અને પોઢે ત્યાં પણ દર્શન કરે. પછી પાળા કાઢી મૂકે ત્યારે ઉતારે આવીને બીજા હરિજનને આગળથી પોતાનો ડબ્બો આપીને કહી રાખેલું હોય કે આમાં મારે માટે રાખજો, હું પછી જમીશ. તે જ્યારે બપોરે મહારાજનાં દર્શન બંધ થયા ત્યારે જમીને વળી પાછા નાહી-ધોઈને મહારાજ ઊઠ્યા ન હોય તે પહેલાં જઈને ખડા થઈ જાય. તે મહારાજ ઊઠે એટલે દર્શન કરે.



Final



એમ મહારાજનાં સભામાં-આરતી વખતે અને મહારાજ પોઢવા જાય ત્યારે પણ દર્શન કરે અને પાળા જ્યારે કાઢી મૂકે ત્યારે ઉતારે આવીને સૂઈ રહે. પછી બીજે દિવસે પણ એવી રીતે દર્શન કરે. એમ મહારાજના દર્શનનું સુખ લે અને બીજા પહેલાં કહ્યું તેવી રીતે દર્શન કરે.

એમ એકાગ્ર વૃત્તિથી જે દર્શન કરે છે તેને દર્શનાદિકનું સુખ મળે છે બીજાને તો મહારાજનાં દર્શન મહારાજે જેમ વચનામૃતમાં કહ્યું છે તેમ જ થાય કે 'ખિસકોલી બોલે તે ભેગું પૂંછડું ઊંચું કરે તેમ થાય.' *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૬૦૭)*

● **અમદાવાદમાં શ્રીહરિએ શાસ્ત્રીને આશ્રિત કર્યો**

અમદાવાદમાં શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા. તે સમયે એક શાસ્ત્રી આવીને સભામાં બેઠો અને તેણે શ્રીજીમહારાજને પૂછ્યું તમે સમાધિ કરાવો છો ? અને જેને સમાધિ કરાવો તેને ષટ્ ઉર્મિઓ ન વ્યાપે ? પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદ નામના સંતને સમાધિ કરાવી અનંતકોટિ મુક્તે સહિત પોતે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે, એવું અક્ષરધામને વિષે દિવ્ય દર્શન કરાવ્યું. તેમના હાથમાં સળગતા કોલસા મૂક્યા અને પછી બોલ્યા જે શાસ્ત્રીજી, જુઓ, આ પુરુષને કાંઈ ઉર્મિ છે ? પછી શાસ્ત્રીએ કહ્યું જે એ દેહમાં જ નથી તો ઊર્મિ ક્યાંથી હોય ? આ જોઈને તે શ્રીજીમહારાજનો આશ્રિત થયો.

એક વખત શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા અને સંતો કીર્તન ગાતા હતા. પછી કીર્તન બંધ રખાવીને શ્રીજીમહારાજ બોલ્યા : હે સંતો, સાંભળો, આજે ધ્યાનની વાત કરવી છે. અમે ધ્યાન કરવાનું સ્થાનક જોવા ગયા, પણ અમને પ્રકૃતિ પુરુષ પર્યંત સર્વ લોક અને તેના સ્થાનક નાશવંત અને કાળગ્રસ્ત દેખાયાં. પછી તો અમે જાણ્યું કે આત્માને અક્ષરરૂપ માનીને ભગવાનની મૂર્તિ પધરાવવી અને ધ્યાન

કરવું એજ સૌથી શ્રેષ્ઠ ધ્યાન કરવાનું સ્થાન છે, માટે સર્વ હરિભકતોએ આવી રીતે ધ્યાન કરવું, અને વળી કહ્યું કે જ્યારે કામાદિક સંકલ્પ થાય ત્યારે મોટા મોટા એકાંતિક સાધુ તથા મોટા મોટા એકાંતિક ભક્તને સંભારવા, એટલે એ રક્ષા કરવા દોડી આવે. તેથી કામાદિક શત્રુ નાશ પામી જાય. જેમ કોઈને લૂંટવા ચોર આવ્યો હોય, ત્યારે તે બૂમો પાડે તો બીજા લોકો દોડી આવે, એટલે ચોર નાસી જાય, તેમ મોટા એકાંતિક સત્પુરુષને સંભારવાથી અંતઃશત્રુઓનું બળ ઘટી જાય છે અને મારું ચિંતવન સહજે થાય છે.

- **નથુ ભટ્ટ દ્વારા બેચરભાઈ મણકીવાળાને સત્સંગ ઓળખાયો**

શહેરમાં બેચર મણકીવાળા નામે એક મોટા શાહુકાર હતા. નથુ ભટ્ટ સારા હરિભક્ત હતા તે બેયને પરસ્પર ઘણો સ્નેહ હતો. નથુ ભટ્ટે બેચરભાઈને કહ્યું કે જગતમાં જે મોટા શાહુકાર હોય તે જો ભગવાનને અને સંતને ભાવથી પૂજે તો જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં સુખી થાય. ત્યારે બેચર મણકીવાળા બોલ્યા કે ભગવાનને અને સંતને પૂજવાનો મને પણ ભાવ છે. સારા સંત મળે તો સેવા કરીએ. ભેખ માત્રને ભગવાન જાણું છું. પણ સ્વામીના સંતને નવા સમજીને માનતો નથી. કારણ કે સૌ ભેખ તેમને માનવાની ના પાડે છે. નથુ ભટ્ટ કહે ધનાઢ્ય લોકો સાચા સંતને નવા કહે છે પણ કોણ નવા કે કોણ જૂના તેની કોઈ તપાસ કરતું નથી. નક્કી કરવા જેવી વાતને કોઈ નક્કી કરતું નથી ને અજ્ઞાનથી ખોટા ભ્રમમાં પડ્યા રહે છે. તેથી જે વસ્તુ સ્થિર નથી તેની દૃઢતા કર્યા કરે છે. પૃથ્વી ઉપર મોટા ચક્રવર્તી રાજાઓ થઈ ગયા. પણ મર્યા પછી તેમની કોઈને આબરૂ કે સમૃદ્ધિ રહી નથી.

ભગવાન ને ભગવાનના સંતને અર્થે જો કામ ન આવે તો ગમે તેટલી સંપત્તિ હોય તો પણ નકામી છે. મરતી વખતે ને મર્યા પછી



Final



પણ જે સહાય કરે તે જ વાત સાચી કહેવાય. માટે તમે સાચા સંતનો સમાગમ કરી, ભગવાનની તથા સંતની સેવા કરી તમારી લક્ષ્મીનો સદુપયોગ કરો. અને આ લોક તથા પરલોક સુધારો. નથુ ભટ્ટની વાત સાંભળી બેચર મણકીવાળા બોલ્યા કે તમે મારા સાચા મિત્ર છો. માટે તમે કહો તેમ કરું. ત્યારે નથુ ભટ્ટ કહે કુસંગે કરીને તમે સ્વામિનારાયણને ભગવાન માનતા નથી પણ વિઠ્ઠલનાથ, કૃષ્ણ જેને તમો કહો છો તે આ પોતે જ છે. પૂર્વના અપાર પુન્ય હોય ત્યારે તેમનો યોગ તથા દર્શન થાય. અહીં તેમના મોટા સંત છે તેમના તમે દર્શન કરો ને તમારી મરજી પ્રમાણે તેમને કહો અને પૂછો તે સરળ સ્વભાવના સાચા સંત છે. તે તારી મરજી પ્રમાણે કરશે. તેઓ આજ-કાલમાં બીજે ગામ જવા તૈયારી કરે છે. તેમના ગયા પછી આવો જોગ જલદી નહીં મળે. મુમુક્ષુને સાચી વાત જલદી મનાય છે. તેથી બેચરભાઈ બોલ્યા કે સવારે સંતને બોલાવીશું. અમે કદાચ ભૂલી જઈએ તો તમે સંભારજો. પણ વૈષ્ણવમાં અમે આગેવાન છીએ તેથી ગુરુને ખબર પડવી જોઈએ નહિ. કારણ કે તેમને આ વાત રુચે નહિ તેથી અમારે તેમની મર્યાદા રાખવી જોઈએ. ત્યારે નથુ ભટ્ટ બોલ્યા કે તમે ગુરુ કોને કહો છો ? ગુરુનાં લક્ષણ શાસ્ત્રમાં કહ્યા છે તે જાણતા હો તો કહો નહિ તો હું કહુ જીવને અનાદિકાળથી માયાનું બંધન છે તેનું તથા મોક્ષમાર્ગનું યથાર્થ જ્ઞાન આપે તેને ગુરુ કહેવાય ને સાચું જ્ઞાન ન થાય તો તે વરુ કહેવાય. જ્ઞાન વિનાના ગુરુ તો નરકનું દ્વાર છે. વિષયમાત્ર અજ્ઞાની ગુરુમાં રહ્યાં હોય છે. એવાને લોકો ગુરુ માને છે અને અજ્ઞાનતાથી અભાવ લેતા નથી. જે ગુરુ વિષયનું ખંડન કરી તેમાં હેત રાખતા ન હોય તે ગુરુ કહેવાય. વિષય ઉપર મન રાખે તે ગુરુને શિષ્ય બેય બંધનમાં છે. જેટલા વિષયથી દૂર રહે એટલો તેમાં ભગવાનનો નિવાસ થાય છે ને ત્યારે જ અજ્ઞાનરૂપી અંધારું દૂર થાય છે. ભગવાનના સંતનું દર્શન પણ

અનંત ફળ આપે છે. એક ક્ષણ પર સાચા સંતનો જો સમાગમ થાય તો અનંત પાપોનો નાશ કરે છે. આ સાંભળી બેચરભાઈ કહે, આવી સાચી વાત અમને કોઈ કહેતું નથી. આપે મને હેતથી મારા હિતની સાચી વાત કહી માટે સવારે સંતને બોલાવીશું ને તેમનાં દર્શન કરીશું.

બીજે દિવસે નથુ ભટ્ટે બેચર મણકીવાળાને ઘેર જઈ વાત યાદ કરી. ત્યારે તેમણે કહ્યું કે દેશકાળ બધો અનુકૂળ અને શુભ છે. માટે હમણાં જ પાંચ દસ સંતોને બોલાવી લાવો. સાથે પાંચ દસ હરિભક્તોને પણ બોલાવી લાવજો. તેમને બેસવા માટે વાહન જોઈએ તો લઈ જાઓ. પછી નથુ ભટ્ટે મુક્તમુનિ પાસે આવી બધી વાત કરી. ત્યારે મુક્તમુનિ કહે ચાલીને જવું તે સંતનો ધર્મ છે. ગૃહસ્થનો ધર્મ ગૃહસ્થ રાખે અને સંતનો ધર્મ સંત રાખે તેમાં જ બેઉની મોટપ ને શોભા છે. એમ કહી તૈયાર થઈને ચાલ્યા. બેચર મણકીવાળાનું વિશાળ મકાન નજીકમાં જ હતું. સંતને આવ્યા જોઈને તેઓ સન્મુખ આવ્યા ને માનનો અંકુર રાખ્યા વિના બે હાથ જોડીને સ્વામીને પગે લાવ્યા, ને સ્વામીનો હાથ ઝાલી મકાનમાં લઈ  જઈ સુંદર ગાદી ઉપર બેસાડ્યા ને પછી બોલ્યા કે આપના પાવન ચરણનાં સ્પર્શથી અમારું ઘર પાવન થયું, ગંગા, યમુના વગેરે તીર્થો પણ આપના ચરણને વારે વારે પૂજે છે. કારણ કે સંતના ચરણમાં બધાં તીર્થો રહ્યાં છે એમ અમે બરાબર સાંભળ્યું છે. વિષયી માણસોને ભગવાન અને સાચા સંત મળવા દુર્લભ છે. કારણ કે વિષયીજન વિષયમાં જ સુખ માને છે ને વિષય માટે જ જપ તપાદિ કરે છે. મરણના ભયનો ત્યાગ કરી વિષય માટે જ પરદેશમાં જવા જહાજમાં બેસી સમુદ્ર પાર કરે છે. તેમાં કેટલાય વહાણ ડૂબે છે પણ તેનો ભય રાખતા નથી. ભગવાન ભજવા મનુષ્યતન મળ્યું છે તો પણ ભજતો નથી તેનું કારણ અમને કહો. કારણ આપને ભગવાન મળ્યા છે તેથી તમે બધું જાણો છો અને ભગવાનને પ્રસન્ન કરવા પ્રયત્ન કરો છો.



Final



ત્યારે મુક્ત મુનિ બોલ્યા કે તમે જે વાત પૂછી તે સંત સમાગમ કર્યા વિના તરત સમજ્યામાં આવે તેમ નથી. જેમ જેમ સત્સંગ થાય તેમ તેમ અંતરમાં પ્રકાશ થતો જાય તેમ વાતમાં રસ આવે ને શ્રદ્ધા ચોંટે. રસ અને શ્રદ્ધા વિના જ્ઞાન કોઈ મેળવી શકે નહિ. ભગવાન વિનાની જેટલી વાતો છે તે બધી મોભારાનું પાણી નેવે જાય તેવી સુગમ છે અને ભગવાનની વાત નેવાના પાણી મોભારે લઈ જવા જેવી કઠણ છે. ભગવાનનું જ્ઞાન મેળવવા માટે પ્રથમ દ્વાર સંત સમાગમ કરવો તે છે. ને સત્સંગ થયા પછી બીજા દ્વાર સુગમ થાય છે. વિષયમાં જ્યાં સુધી સુખ દેખતો રહે છે ત્યાં સુધી જન્મ મરણ ને યમપુરીનાં દુઃખ ભોગવ્યા કરે છે. વિષયમાં જ્યારે એવાં દુઃખ જૂવે ત્યારે અંતરમાં ત્રાસ થાય. પછી વિષયમાંથી નિવૃત થઈ ભગવાન ભજવામાં સુખ માને મોતૈયા વગેરે લાડુ દેખવામાં ઘણા પ્રિય લાગે છે પણ તેમાં જરા સોમલ (ઝેર) પડેલ જોવામાં આવે તો ગમે તેવી ભૂખ લાગી હોય તો પણ જમવાનો ભાવ રહે નહિ. તેમ ભગવાન વિના બીજા વિષયમાં ગમે તેટલો પ્રેમ હોય તો પણ જો તેમાં દોષ દેખ્યામાં આવે તો તેને અપ્રિય થતાં વાર લાગતી નથી. પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ બંધનરૂપ છે એટલો પરસ્પર પ્રેમ છે. પણ કામદેવ જેવો રૂપાળો મનુષ્ય હોય તોપણ તેમાંથી જીવ જતો રહે તો તેને પ્રિય લાગતો નથી. ભગવાનને ભગવાનના સંતના ગુણ ગાવાથી અનંતગણું ફળ થાય છે. બીજુ ગમે તેટલું માન કે ધન હોય પણ તે કામ લાગતું નથી. સ્વામીની વાત સાંભળી બેચર મણકીવાળા શેઠ આનંદ પામ્યા અને સ્વામીનો ખૂબ મહિમા સમજ્યા. પછી શેઠે સ્વામીની કેસર ચંદનાદિકથી પૂજા કરી હાર પહેરાવ્યા અને બેય છેડે ગજગજ સોનાના તારે યુક્ત ચંદેરીના અમૂલ્ય દુપટ્ટા આગળ મુક્યા. દસ આંગળ તારની કોરો બેઉ બાજુએ હતી. બરફી, પેંડા વગેરેના થાળો ભરી આગળ મૂક્યા. બીજા સંતોની પણ પૂજા કરી ચાદરો ઓઢાડી.

પછી મુક્તમુનિ ઉતારે આવ્યા. દશહરા કરી ત્યાંથી વહેલાલ આવી દસ દિવસ રહ્યા. ત્યાંથી પાછા શ્રીનગર આવી દિવાળીને અન્નકૂટના ઉત્સવો કરી હરિભક્તોને રાજી કર્યા. આ રીતે મુક્તાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી અમદાવાદમાં રહી સત્સંગનો પ્રચાર કરી રહ્યા હતા તે દરમ્યાન શ્રીહરિ ગઢડામાં ચાતુર્માસ કરી ચાલ્યા તે ગામોમાં ફરતા અને સત્સંગીને સુખ આપતા આપતા શ્રીનગર પાસે આવેલા સુંદર અને પવિત્ર જેતલપુર નામના ગામમાં પધાર્યા. ત્યાંથી શ્રીહરિએ મુક્તમુનિને તથા આજુબાજુનાં ગામોમાં રહેલા સંતોને દર્શન માટે બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી સમાચાર સાંભળીને સંત પાર્ષદોને તથા હરિભક્તોને સાથે લઈ પ્રભુનાં દર્શન કરવા જેતલપુર જવા રવાના થયા. જેતલપુર નજીક આવ્યા ત્યારે શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સાથે લઈ સ્વામીના સન્મુખ આવ્યા. રસ્તામાં ભેગા થયા. શ્રીહરિને દરેકે સાષ્ટાંગ પ્રણામ કર્યા. પ્રભુ દરેકને મલ્યા. પછી સભામાં આવીને બેઠા. મુક્તાનંદ સ્વામીએ શ્રીનગરના બધા સમાચાર કહ્યા. તે સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા.

● **બેચર મણકીવાળા શેઠને ત્યાં પધરામણી**

શ્રીહરિ સાંજના ચાર વાગ્યાના સુમારે સભામાં આવીને બિરાજ્યા. સંતો હરિભક્તો પણ આવીને મર્યાદા પ્રમાણે બેઠા. તે વખતે શેઠ બેચરભાઈ મણકીવાળાએ આવી શ્રીહરિને વિનંતી કરી કહ્યું કે હે પ્રભો ! આપ સંતો-હરિભક્તો સહિત મારે ભવન પધારી મને પાવન કરવા કૃપા કરો. એટલે શ્રીહરિ સંતો-હરિભક્તોને સાથે લઈ બેચરભાઈ શેઠને ઘરે પધાર્યા. શેઠે શ્રીહરિનો ઘણો જ સત્કાર કરી પાટ ઉપર પધરાવ્યા. પછી ષોડશોપચારથી શ્રીજીનું પૂજન કરી હારો પહેરાવી આરતી કરી ભેટ ધરી પ્રાર્થના કરતા કહ્યું કે હે પ્રભો ! મને આપનો તથા આપના સંતોનો ક્યારેય અભાવ ન આવે તેવી કૃપા કરજો. પછી સંતોની પણ પૂજા કરી ચાદરો ઓઢાડી. પછી શ્રીહરિ



Final



ત્યાંથી મંદિરમાં આવી સભામાં બિરાજ્યા. ત્યારે શ્રીજીએ મંદિરની સેવા કરવાના મહિમાની ખૂબ વાતો કરી. ત્યાં સંધ્યા આરતી થઈ એટલે દેવનાં દર્શન કરી. આરતી નારાયણ ધૂન્ય વગેરે નિયમો સર્વ સંતો-હરિભક્તો સહિત કરી સભામાં પધાર્યા. ત્યાં રાત્રિના નિત્ય નિયમો કર્યા ત્યાં શયન આરતી થઈ એટલે શ્રીહરિ સૌની સાથે દર્શન કરી દરેકને પોતપોતાને ઉતારે સૂવા જવાની આજ્ઞા કરી પોતે પણ પોતાને ઉતારે જઈ પોઢી ગયા. આમ રાત્રે દશ વાગયા સુધી દર્શનની ખૂબ જ ભીડ રહી હતી. દેવ પોઢી ગયા પછી સૌ વિખરાયા. આ પ્રમાણે સુદ-૩ નો આખો દિવસ ખૂબ પ્રવૃત્તિમય રહ્યો હતો.

● **હિમાભાઈ શેઠે સંતોના નિષ્કામી વ્રતની પ્રશંસા કરી**

શ્રીહરિ કાંકરીયા સરોવરે આંબલીયોમાં સભામાં બિરાજી અંગ્રેજ સાહેબો સાથે ઉપર પ્રમાણે વાતચીત કરી રહ્યા હતા. ત્યાં શહેરના બીજા સત્સંગીઓને તથા આગેવાન નાગરિકોને સમાચાર મલ્યા કે શ્રી સ્વામિનારાયણ ભગવાન કાંકરીયા ઉપર પધાર્યા છે. એટલે તેઓ બધા અનેક પ્રકારના વાજિંત્રો, ફૂલના હારો, મેવા વગેરે ભેટો લઈ કાંકરીયા ઉપર શ્રીહરિ જ્યાં બિરાજ્યાં છે ત્યાં ગયા. શહેરના નગરશેઠ હિમાભાઈ તથા શેઠ મોહનલાલભાઈ તથા બેચરભાઈ મણકીવાળા શેઠ તથા અન્ય પ્રતિષ્ઠિત શહેરીઓ પણ પોતપોતાની ગાડીઓમાં બેસી ત્યાં ગયા. દરેક શ્રીજીને સાષ્ટાંગ પ્રણામ કરી હારો પહેરાવી ભેટો ધરીને પગે લાગ્યા. પછી શ્રીહરિએ દરેકને કુશળ સમાચાર પૂછ્યાં.

પછી હિમાભાઈ શેઠ હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા - નિષ્કામ વ્રત સમાન બીજું કોઈ વ્રત નથી. જ્યાં નિષ્કામ વ્રત છે. ત્યાં બધું ઐશ્વર્ય હોય છે. એવો શીલવ્રતનો પ્રતાપ છે. જપ, તપ, વ્રત, દાન એ બધાં જે શીલવ્રત પાળે છે. તેમાં રહે છે. નિષ્કામ વ્રત વિનાનો ધર્મ નકામો છે. યથાર્થ ધર્મ નિષ્કામ વ્રત કહેવાય છે. તમારા

મતમાં નિષ્કામ વ્રત મુખ્ય છે તે જણાય છે. જે બાઈ ભાઈ તમારે શરણે થાય છે તે તમારા પ્રતાપે નિષ્કામ વ્રત સહેજે પાળે છે. તમારા સંતો મુખ્ય તે વ્રત પાળે છે તેથી તેમની તથા આપની મોટપ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

- **શ્રીહરિએ ચારણના છોકરાને મુખે વેદ બોલાવ્યા ને કેશવરામને શરણે લીધો**

બરાબર તેજ સમયે ચાર વેદ ભણેલો દક્ષિણી બ્રાહ્મણ કેશવરામ નામનો પંડિત તેનો વૈરાગી સાથી જે ક્રોધથી લાલ આંખોવાળો. લાંબી જટાવાળો, તુચ્છ બુદ્ધિવાળો હતો, તેને સાથે લઈને સભામાં આવ્યો. શ્રીહરિ તે બેયને આવતા જોઈ એકદમ ઊંચા આસન ઉપરથી નીચે ઉતરી ગયા અને ચાકળા ઉપર બેસી ગયા. વિવેકશૂન્ય કેશવરામ પંડિત શ્રીહરિની સમીપે આવીને બેસી ગયો. પેલો વૈરાગી તો શ્રીહરિને ગાળો દેતો દેતો બેઠો તેને જેસંગભાઈએ કહ્યું કે હે હલકટ ! શ્રીહરિના જરાપણ અપરાધ વિના ગાળો બોલે છે તે બંધ કર, નહિ તો મારે તને મારવો પડશે. પોતાના ભક્ત જેસંગભાઈને ક્રોધ યુક્ત આવાં વચનો બોલતા સાંભળી શ્રીહરિ બોલ્યા કે તમે કંઈ જાણતા નથી ને શા માટે બોલો છો ? એમ કહી જેસંગભાઈને બોલતા અટકાવ્યા. ત્યારે પંડિતાઈના મદથી મહા અભિમાની તે કેશવરામ શ્રીહરિ પ્રત્યે કુવાક્યો બોલ્યો કે હે અસાધો ! અતિ કપટવાળા, ધૂર્ત, તમો બહુ ભેદવાળા, યક્ષાદિ વશીકરણ મંત્રો, ઈંદ્રજાળ આદિ વિદ્યાઓ સાધી તેનાથી ઘણાં નરનારીઓને વશ કરો છો. તેથી તેઓ-તમો જેમ કહો તેમ કરે છે. અને તમને ભગવાન પણ કહે છે એવા લોકોને ભગવાન માનેલા તમો મારા પ્રશ્નોના ઉત્તર કરો. જો નહિ કરો તો તમો ઠગ છો એમ નક્કી થશે. એમ કહી તે કેશવરામ શ્રીહરિને સંસ્કૃત ભાષામાં પ્રશ્નો પૂછવા લાગ્યો. તે સાંભળી તેને મોહ પમાડવા મનુષ્યભાવ જણાવતાં શ્રીહરિ બોલ્યા



Final



કે હે કેશવરામ ! અમો સંસ્કૃત ભણ્યા નથી તેથી ગુજરાતી ભાષામાં ઉત્તર કરીશું.

તે સાંભળી તે બોલ્યો કે જ્યારે તમો સંસ્કૃત નથી ભણ્યા તો તમારા શિષ્યો સંસ્કૃત ને વેદ ક્યાંથી ભણ્યા છે ? તે સાંભળી શ્રીહરિ પોતાની પાસે બેઠેલા સોળ વર્ષના, મલિન વસ્ત્રોવાળા, કોઈ પણ જાતના જ્ઞાન રહિત ગાંડા જેવા જણાતા ચારણના પુત્રને બતાવી બોલ્યા કે હે કેશવરામ ! આ ચારણનો છોકરો અંગો સહિત ચાર વેદોને જાણે છે તેથી તે અમારો ગુરુ છે. અમારા શિષ્યોને ભણાવનાર પણ આજ છોકરો છે.

શ્રીહરિએ આ પ્રમાણે કેશવરામને કહી, તે ચારણના છોકરા સામે કૃપાદૃષ્ટિ કરી તેને કહ્યું કે હે દેવીપુત્ર ! તું મારી આગળ જે વેદોનો પાઠ કરતો હતો, તે વેદોનો પાઠ આ પંડિત આગળ કર. શ્રીહરિની આજ્ઞા થતાં જ છોકરો સુંદર સ્પષ્ટ મધુર વાણીથી સ્વરો સહિત ચારેય વેદોના મંત્રો તે પંડિત આગળ બોલી ગયો. તે સાંભળી રાજી થયેલા શ્રીહરિએ તે છોકરાને ફરી કહ્યું કે હે દેવીપુત્ર ! તું તે વેદોના અર્થને જાણે છે અને આ બધા તેને નથી જાણતા, માટે આ કેશવરામ વગેરે વેદોના અર્થ સમજે તેમ સ્પષ્ટ રીતે સંભળાવ. ત્યારે છોકરો વેદોના અર્થને બધા સમજે તેમ વ્યાખ્યા સહિત બોલવા લાગ્યો. તે સાંભળી આશ્ચર્ય પામેલો પણ અંતરમાં કપટવાળો તે કેશવરામ બોલ્યો કે હે મુને ! તમોએ શુદ્રને વેદો કેમ ભણાવ્યા છે ? ત્યારે શ્રીહરિ બોલ્યા કે મેં પ્રથમ જ તમને કહ્યું છે કે અમો તો સંસ્કૃત ભણ્યા નથી તો પછી અમોએ વેદ દેવીપુત્રને ક્યાંથી ભણાવ્યા હોય ? પરંતુ હે પંડિત ! આપના જેવા વેદના જ્ઞાતા બ્રાહ્મણોમાંથી જ કોઈએ દ્રવ્યની લાલસાથી શુદ્રને વેદ ભણાવીને વેદવિક્રય કર્યો હોય તેમ સ્પષ્ટ જણાય છે.

શ્રીહરિનું આવું વચન સાભળી તે દક્ષિણી કેશવરામ પંડિત મનમાં વિચાર કરવા લાગ્યો કે ઉચ્ચાર કરવામાં અતિ કઠિન અને અર્થોમાં દૂરાવગાહ વેદો ક્યાં ? અને મલિન ચિત્તવાળો આ ચારણનો છોકરો ક્યાં ? તે પણ વેદોનો અનધિકારી આ ચારણનો છોકરો સ્વરો અને અર્થો સહિત ચારેય વેદોના મંત્રોને મારી આગળ બોલો છે. આ શક્તિ આ ચારણના છોકરાની નથી પણ આ સહજાનંદ સ્વામીએ જ પોતાના સામર્થ્યથી જ તેને બોલાવ્યો છે. માટે આ સહજાનંદ સ્વામી કોઈ પ્રાકૃત મનુષ્ય નથી. પણ સાક્ષાત્ પરમાત્મા છે. તેમાં જરા પણ હવે શંકા નથી, એમ શ્રીહરિની કૃપાથી કેશવરામે જાણ્યું. આ પ્રમાણે પોતાના મનમાં નિર્ણય કરી અભિમાનનો ત્યાગ કરી, નેત્રોમાં આંસુભરી, બેય હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરી ગદ્ગદ્ વાણીએ બોલ્યો કે હે પ્રભો ! પોતાની માયાથી ઐશ્વર્યને ઢાંકી વર્તતા એવા આપને બ્રહ્માદિ દેવતાઓ પણ જાણી શકતા નથી તો પામર એવો હું કેવી રીતે જાણી શકું ? મેં અજ્ઞાનતાથી, ને મૂર્ખતાથી આપને અનેક કઠોર વચનો કહ્યાં તે મોટો અપરાધ કર્યો છે તેને આપ માફ કરો. આપ અક્ષરબ્રહ્મના પણ નિયામક સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ-નારાયણ છો તો આ ભવાર્ણવના ક્રોધ, માન, કામ, મદ, લોભરૂપી મઘરોવાળા વિષયરૂપી જળમાં પોતાનાં કર્મોથી ડૂબતો એવો મારો આપ ઉદ્ધાર કરો. હું આપના શરણમાં આવ્યો છું.

તે કેશવરામ પંડિત શ્રીહરિને આ પ્રમાણે કહી શ્રીજીના ચરણમાં પડ્યો. શ્રીહરિના ચરણાશ્રયથી જેનાં સમગ્ર પાપો બળી ગયાં છે એવો તે ફરી ફરી નમસ્કાર કરી બોલ્યો જે હે પ્રભો ! આજથી હું તમારો દાસ છું. માટે મને જન્મમરણથી મૂકાવી મારો મોક્ષ કરો. આ પ્રમાણે કેશવરામને શ્રીહરિની પ્રાર્થના કરતો જોઈ તેની સાથે આવેલો વૈરાગી બોલ્યો કે હે પંડિત ! મેં તમને પહેલાં જ કહ્યું હતું કે આ સ્વામિનારાયણ મંત્રતંત્રવાળા છે તેમણે હમણાં જ મારા ઉપર ત્રણ વાર મંત્ર પ્રયોગો કર્યા પણ મારા ગુરુની કૃપાથી હું સ્વામિનારાયણને



Final



વશ ન થયો અને તમો તો વશ થઈ ગયા. આ શું કર્યું ? તે વૈરાગીનું વચન સાંભળી કેશવરામ બોલ્યો કે હે મૂર્ખ ભિક્ષુક ! તારાં ભાગ્ય ફૂટ્યાં છે તેથી તારી અવળી મતી થઈ છે. આમ તિરસ્કાર વચનો કહી તેનો ત્યાગ કરીને તેને સભામાંથી કાઢી મુકાવ્યો. પછી તે કેશવરામ પંડિત તે સભામાં જ સર્વના દેખતાં શ્રીહરિ પાસેથી વર્તમાન-નિયમ ધારી શ્રીજીનો આશ્રિત બન્યો અને બોલ્યો કે હે પ્રભો ! મને આપ સાક્ષાત્ ભગવાન મલ્યા માટે હવે હું સંસારસાગરમાં ન પડતાં વિવાહ રહિત રહી તમારા સંતોની માફક જ ત્યાગી બની આપની સેવામાં રહી આપનું ભજન કરીશ. આ પ્રકારે પોતાના પુત્રને બોલતો સાંભળી તેની માતાએ શ્રીહરિને કહ્યું કે પ્રભો ! મારે આ એક જ પુત્ર છે. તે જો વિવાહ ન કરે તો મારો વંશચ્છેદ થાય .માટે તેને સાધુ ન કરશો. ત્યારે શ્રીહરિએ કેશવરામને કહ્યું જે તમારો વિવાહ કરવો. તમારું કલ્યાણ કરનારો તો હું છું. તેથી કલ્યાણ કેમ થશે એવી ચિંતા ન કરશો. પરંતુ તમારે એકાન્તિક ધર્મે સહિત ગૃહસ્થના ધર્મો યથાર્થ રીતે પાળીને એકાન્તિક ધર્મસહિત નિરંતર મારું ભજન કરવું. આ પ્રમાણેની શ્રીહરિની આજ્ઞા સાંભળી તે બોલ્યો કે હે પ્રભો ! આપની આજ્ઞા પ્રમાણે હું કરીશ. પરંતુ જ્યારે જ્યારે આપ અમદાવાદમાં પધારો ત્યારે મારું અન્ન આપના ઉપયોગમાં આવે તેવો લાભ મને મળે એવો વર આપો. શ્રીહરિએ કેશવરામને તે વર આપ્યો. પછી શ્રીહરિ ચાકળા ઉપરથી ઉઠીને ફરી પોતાના ઊંચા આસને બિરાજ્યા પછી તે કેશવરામે શ્રીહરિને પોતાના ઘરે પધરાવીને ખૂબ સેવા કરી જમાડી રાજી કર્યા.

- **શ્રીહરિ ભક્તજનોના આગ્રહથી અમદાવાદમાં રોકાયા ને ઉત્સવો દ્વારા અઠળક સુખો આપ્યા**

આ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રીનગરમાં રોકાઈને પોતે દિવ્ય તેમ જ મનુષ્ય ચરિત્રો કરીને, અસંખ્ય જીવોને સમાધિઓ

વગેરે કરાવીને. અસંખ્ય મનુષ્યોને પોતાના તરફ આકર્ષી પોતાના આશ્રિતો બનાવી તેઓને અભયદાન આપીને શુધ્ધ ધર્મની સ્થાપના કરી રહ્યા હતા. તે દરમ્યાન સત્સંગના પ્રચાર અને પ્રસાર માટે, પોતાના અન્ય ભક્તોને લાડ લડાવવા માટે, બીજા ગામોના હરિભક્તોના આગ્રહ ભર્યા નિમંત્રણને માન આપીને, શ્રીહરિએ શ્રીનગરથી પ્રયાણ કરવાનો પોતાનો વિચાર, ત્યાંના મુખ્ય ભક્તોને જણાવ્યો. ત્યારે તે સર્વે હરિભક્તો શ્રીહરિ પ્રત્યે વિનંતી પૂર્વક બોલ્યા જે હે મહારાજ ! આપના થોડા દિવસના રોકાણમાત્રથી આપના યોગે કરીને શહેરમાં સત્સંગની સારી વૃધ્ધિ થયેલ છે. વિરોધીઓ પરાસ્ત થતા જાય છે. મતપંથીઓ ઝાંખા પડતા જાય છે. અને સત્સંગનો સૂર્ય સોળે કળાએ ખીલી ઉઠેલ છે તેથી આપ જો થોડા વધુ દિવસ રોકાઈ જાવ તો હરિભક્તોને ઘણો સમાસ થાય. નવા હરિભક્તોને નિશ્ચયની દૃઢતા થાય અને સર્વેને આપની સેવાનો લાભ મળે.

આમ પુરના ભક્તોની વિનંતી સાંભળીને કૃપાનિધિ શ્રીહરિએ કારતક સુદ પૂનમ સુધી અમદાવાદમાં જ રોકાવાનું વચન આપ્યું તે સાંભળીને સર્વે હરિભક્તો ખૂબ જ રાજી થયા. હવે શ્રીહરિ દિન પ્રતિદિન સત્સંગીઓને સેવાનું સુખ આપી રહ્યા છે. શિષ્યો પણ પોતાના ઈષ્ટદેવની સુંદર સેવા કરી રહ્યા છે. ઘરોઘર પધરામણીઓ, આરતીઓ, રસોઈઓ વગેરે અર્પણ કરીને શ્રીહરિનો રાજીપો મેળવી રહ્યા છે. શ્રીહરિ પોતે પણ ભક્તોને સદ્દુપદેશ આપીને. આત્મ કલ્યાણનો સાચો માર્ગ ચિંધીને મંત્રજંત્રનો -ભૂતપ્રેતાદિકોનો ઉપદ્રવ તેને નાશ કરીને, લોકોમાં ઘર કરી ગયેલી બાધા-આખડી અંધશ્રધ્ધા વગેરેનો ઉચ્છેદ કરીને લોકોને શુધ્ધ, સાત્વિક જીવન જીવવાનો પરમ સંદેશ આપતા હતા. પોતાના અણિશુધ્ધ ચારિત્ર્ય વડે જ ઉપદેશ આપીને, ભક્તોના ચારિત્ર્યશુધ્ધિ ઉપર ભાર મુકતા હતા. આમ



Final



પોતાના પ્રૌઢ પ્રતાપી વ્યક્તિત્વથી શુધ્ધ સંપ્રદાયનો પાયો ઊંડો અને મજબૂત કરી રહ્યા હતા.

તે દરમ્યાન ભાદરવા સુદી ચોથ-ગણપતિ ચોથ આવી તે દિવસે ગૌરી પુત્ર ગણેશજીનું શ્રીહરિએ ખૂબજ ઉત્સાહથી ધામધૂમ પૂર્વક પૂજન કર્યું અને વિઘ્નવિનાયક દેવને પ્રિય એવું ગોળના લાડુનું નૈવેદ્ય ધરી આરતી કરી. ઉત્સવીયા ભક્તજનોએ પણ તે સમયને અનુરૂપ એવાં કીર્તનો ગાઈ ઉત્સવ કરી શ્રીહરિને રાજી કર્યા.

આ રીતે શ્રીનગરનું વાતાવરણ શ્રીહરિના પ્રૌઢ પ્રતાપથી ભક્તિમય અને ધાર્મિક બની રહ્યું. તેટલામાં ભાદરવા સુદી એકાદશી- પરિવર્તીની જલઝીલણી એકાદશી આવી તે દિવસે વામન જયંતિ હોવાથી શ્રીહરિએ બાર વાગે વામનજી ભગવાનનું પૂજન કરી તેમના જન્મની આરતી કરી પછી શ્રી ગણપતિજીનું પૂજન કરી તેમના વિસર્જન માટેનો મોટો વરઘોડો કાઢ્યો. તેમાં અનેક પ્રકારના શાહી વાજાંઓ વાગતા હતા. ઉત્સવિયા હરિભક્તો ઝાંઝ, પખાજ વગેરે વાજિંત્રો વગાડી ઉત્સાહથી ઉત્સવ કરતા હતા. વરઘોડોમાં સંતો તથા શહેરના હાકેમ શ્રી ચીમનરાવજી તથા આગેવાન નાગરિકો વગેરે પણ આ વરઘોડામાં શ્રીહરિની સાથે ચાલતા હતા. સંતો કીર્તનો બોલતા હતા. વરઘોડો માણેકચોક થઈ દિલ્હી દરવાજા થઈ સાબરમતી નદીના નારાયણ ઘાટે પહોંચ્યો. ત્યાં શ્રીહરિએ શ્રી ગણપતિનું ઉત્તર પૂજન કરી આરતી કરી. શ્રી ગણપતિજીની મૂર્તિનું જળમાં વિસર્જન કર્યું. પછી ત્યાંથી વરઘોડા સાથે શ્રીહરિ વાજતે ગાજતે નવાવાસમાં પોતાના ઉતારે પધાર્યા અને ત્યાં વરઘોડાની સમાપ્તિ કરી પછી રાત્રે શ્રીહરિ સભામાં આવી સિંહાસન ઉપર બિરાજમાન થયા. સંતો સત્સંગીઓ પણ આવી મર્યાદા પ્રમાણે સભામાં શ્રીહરિને પ્રણામ કરીને બેઠા. સમયને અનુરૂપ કથાવાર્તા કરી. પછી શ્રીહરિ સંતો તથા હરિભક્તોની વિનંતીથી ઉતારે પોઢવા પધાર્યા. અને સંતો તથા

સત્સંગીઓએ કીર્તનો બોલતા આખી રાત્રી જાગરણ કર્યું. બારશની વહેલી સવારે શ્રીહરિ સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરી સભામાં આવી સિંહાસન ઉપર બિરાજ્યા. સંતો સત્સંગીઓ પણ સભામાં આવી બેઠા. થોડીવાર કથા વાર્તા થઈ ત્યાં રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિએ પ્રથમ બ્રાહ્મણોને જમાડ્યા. પછી સંતોને તથા સત્સંગીઓને પોતે પીરસીને ખૂબ જમાડ્યા. પછી ઉતારે જઈ સ્નાન કરી શ્રીહરિ જમ્યા.

એમ શ્રીહરિ દરેકને આનંદ અને ઉત્સાહ આપી રહ્યા છે. સત્સંગીઓ તથા ધર્મપ્રેમી જનતા શ્રીહરિની સેવા ઉમંગથી કરી રહ્યા છે. શહેરમાં સત્સંગની અભિવૃદ્ધિ થતી જાય છે. વિરોધીઓના વિરોધનો વંટોળ શમતો જાય છે. તે દરમ્યાન આસો સુદી દશમ દશેરાનો દિવસ આવ્યો તે દિવસે શ્રીહરિએ પ્રભુની મૂર્તિને રથમાં પધરાવી વિધિ પ્રમાણે પૂજન કરી આરતી ઉતારી અને ઉત્સવીયા હરિભક્તોએ પ્રેમથી ઉત્સવ કર્યો. પછી સાંજના સમયે લૌકિક રીવાજ પ્રમાણે શ્રીહરિ ધામધૂમથી મોટા સમારોહ પૂર્વક વરઘોડો કાઢી શમી (ખીજડી) પૂજન કરવા માટે કાંકરિયા સરોવર પધાર્યા. ત્યાં વિધિપૂર્વક શમીપૂજન કર્યું. તે દિવસે શમીપૂજન કર્યા પછી ચાષ નામના પક્ષીના દર્શન મહાન શુભ શુકનવંતા ગણાય છે. તેથી શ્રીહરિ ચાષ પક્ષીનાં દર્શન માટે થોડીવાર ત્યાં રોકાયા. પછી ચાષ પક્ષીના દર્શન કર્યા પછી (ચાષ પક્ષીને જોયા પછી) શ્રીહરિ ધામધૂમથી વરઘોડા સાથે નવાવાસમાં પોતાને ઉતારે પધાર્યા અને પ્રસાદ વહેંચાવી વરઘોડાની સમાપ્તિ કરી.

ત્યાર પછી આસો સુદી પૂનમ જેને શરદ પૂનમ અથવા કોજાગરી પૂનમ કહેવાય છે. તે દિવસ આવ્યો એટલે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તે ઉત્સવ ઉજવવા માટેની તમામ સામગ્રીઓ સત્સંગીઓએ તૈયાર કરી હતી. તે દિવસે નવા અન્ન પ્રથમ ભગવાનને જમાડી જમવાનો રીવાજ છે. તેથી નવી ડાંગરના પૌંઆ દૂધમાં પલાળી અંદર



Final



સાકર, એલાયચી, બદામ, કેસર, વગેરે મસાલાઓ નાખી તૈયાર કર્યા હતા. આ ઉત્સવ રાત્રીનો હોવાથી એક બંગલાની સુંદર અગાશીમાં (ચંદ્રશાળામાં) જ્યાં રાત્રે ચંદ્રમાનો બરાબર પ્રકાશ પડે તેવી રીતે એક પાટ ઉપર સુંદર સિંહાસન બનાવી તેના ઉપર શ્વેત વસ્ત્રો બીછાવ્યા અને પછી તેના ઉપર શ્વેત વસ્ત્રો ધરાવી શ્રી ભગવાનની મૂર્તિ પધરાવી. પછી શ્રીહરિએ ભગવાનની મૂર્તિનું વિધિપૂર્વક પૂજન કર્યું. અને દૂધ સાકર યુક્ત પૌવાનું નૈવેદ્ય ધરાવી આરતી કરી. પછી ઉત્સવિયા હરિભક્તો શરદોત્સવના કીર્તનો બોલી ખૂબ પ્રેમથી ઉત્સવ કરવા લાગ્યા. સમયે સમયે વચમાં આરતીઓ કરી પછી સમય થયો એટલે ઉત્સવ બંધ કરાવી ઉત્સવની સમાપ્તિ કરી. શ્રી ઠાકોરજીને પોઢાડી દીધા પછી દરેકને પૌંઆનો પ્રસાદ આપ્યો. પછી શ્રીહરિએ દરેકને જવાની આજ્ઞા કરી. શ્રીહરિ પણ પોતાના ઉતારે જઈ પોઢી ગયા. એમ આસો સુદી પૂનમનો ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો.

આ પ્રમાણે શ્રીહરિ અમદાવાદમાં રહી અનેક પ્રકારના ચરિત્રો તથા ઉત્સવો કરી પોતાના ભક્તોને સુખ આપી આનંદ આપી રહ્યા હતા. તેથી સમય કેવી રીતે વ્યતીત થતો તેની પણ ખબર રહેતી ન હતી. એમ સમય પસાર થઈ રહ્યો હતો. તેટલામાં આસો વદમાં ધનતેરસ, કાળીચૌદશ, અમાસ, દિવાળી તથા કારતક સુદી એકમ બેસતું નવું વર્ષ તથા બીજ જે ભાઈબીજ, યમદ્વિતીયા કહેવાય છે. આ પાંચ દિવસો સળંગ ઉત્સવના દિવસો કહેવાય છે. તે દિવસો આવ્યા એટલે શ્રીહરિએ લૌકિક રીવાજ મુજબ સામાન્ય રીતે ધનતેરસનો ઉત્સવ ઉજવ્યો. પછી કાળી ચૌદશના રોજ પોતાના કુળદેવ શ્રી હનુમાનજીનું વિધિપૂર્વક શ્રીહરિએ પૂજન કર્યું. પછી ખીર, ભજીયા, દહીંવડા, સુખડી વગેરેનું નૈવેદ્ય ધરાવી આરતી કરી પછી અમાસ જે દિવાળીના દિવસે હરિભક્તોએ એક સુંદર શોભાયમાન મંડપ બનાવી તેમાં એક સુંદર સિંહાસન ગોઠવી ફરતે જરા દૂર

દીપમાળા કરી. તેના મધ્યે સિંહાસન ઉપર શ્રીહરિને સુંદર સોનેરી વસ્ત્રો નાના પ્રાકરના આભૂષણો, પુષ્પના હારો, વગેરે પહેરાવી બિરાજમાન કરી. શ્રીહરિની આગળ ખૂબ પ્રેમ અને ઉત્સાહથી દિવાળીના પદો બોલી ઉત્સવિયા હરિભક્તો ઉત્સવ કરવા લાગ્યા. મોડી રાત સુધી ઉત્સવ કર્યો. તે વખતે શ્રીહરિની મૂર્તિમાંથી અપાર શીતળ તેજ નીકળ્યું. જેના પ્રકાશમાં દીવાનો પ્રકાશ ઝાંખો થઈ ગયો. એમ થોડીવાર દિવ્ય દર્શન આપી તેજ પોતાની મૂર્તિમાં સમાવી લીધું. તેથી દરેક જન આશ્ચર્ય પામ્યા. પછી ઉત્સવ સમાપ્તિ કરી પ્રસાદ વહેંચી દરેકને સુવા જવાની આજ્ઞા કરી. પોતે પણ ઉતારે જઈ પોઢી ગયા.

પડવાના દિવસે સવારે વહેલા ઉઠી શ્રીહરિએ સ્નાનાદિ કરી પોતાનો નિત્યવિધિ કર્યો. પછી વહેલાં સભામાં આવી સિંહાસન ઉપર બિરાજમાન થયા. સંતો તથા અગ્રગણ્ય હરિભક્તો શ્રી ચિમનરાવજી વગેરે તમામ સત્સંગીઓ પણ સભામાં આવી શ્રીહરિને નમસ્કાર કરીને મર્યાદા પ્રમાણે સભામાં બેઠા. આજે બેસતા વર્ષનો પ્રથમ દિવસ હોવાથી શુભ દિવસ માની સત્સંગીઓએ ષોડશોપચારથી વિધિપૂર્વક શ્રીહરિનું પૂજન કરી આરતી કરી નાના પ્રકારની ભેટો ધરી પોતાને ધન્ય ભાગ્યશાળી માનવા લાગ્યા. શ્રીહરિ પણ પોતાના ભક્તોનો અપાર પ્રેમ જોઈ આનંદ વિભોર બની દરેકના ઉપર રાજી થઈ શુભાશિર્વાદ આપતા થકા કથા વાર્તા કરી આનંદ આપતા હતા. પછી સમય થયો એટલે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે અગાઉથી અન્નકૂટ માટેના અનેક જાતના પકવાનો તૈયાર કરેલા હતા. તે તથા અમાસની રાત્રે બ્રાહ્મણ રસોઈયાઓ પાસે અનેક પ્રકારના શાકો, જાતજાતના ભજીયાઓ, ચટણીઓ, દૂધપાક, બાસુંદી, શીખંડ તથા પત્તર વેલીયા સાકરયુક્ત દૂધ. દહીં, દાળ, ભાત, કઢી, અથાણાં, રાયતા, પાપડો, વગેરે તૈયાર કરાવેલ હતા. તે તમામ સામગ્રીઓ લાવી શ્રીહરિની



Final



આજ્ઞા અને માર્ગદર્શન પ્રમાણે એક સુંદર સિંહાસન ઉપર રૂપેરી શ્વેત વસ્ત્રો ધરાવી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પધરાવી. તેમની આગળ અન્નકૂટ બરાબર વ્યવસ્થિત ગોઠવી થાળ ધરાવ્યો. પછીથી શ્રીહરિએ અન્નકૂટની આરતી કરી. તે વખતે અપાર માણસો દર્શન કરવા આવતા હતા. તે સમયે શ્રીહરિને બીજા દિવ્ય સ્વરૂપે ભગવાનની મૂર્તિ પાસે સિંહાસનમાં બેસી અન્નકૂટની સામગ્રીઓ જમતા દરેકને દર્શન થયા. તે જોઈ દરેક દર્શનાર્થીઓ મંત્રમુગ્ધ બની આશ્ચર્ય પામ્યા. અને વિચાર કરવા લાગ્યા કે આ તો જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વતને અન્નકૂટ કર્યો ત્યારે પર્વતને ધરાવેલ અન્નકૂટની સામગ્રીઓ પોતે દિવ્ય સ્વરૂપ ધારણ કરી જમતા દરેક વ્રજવાસીઓને દર્શન આપ્યા હતા એ બીજા સ્વરૂપે પોતે દરેકની સાથે બેઠા હતા તે પ્રમાણે જ શ્રીહરિએ આપણને બે સ્વરૂપે દર્શન આપી કૃતાર્થ કર્યા તેથી બધા ખૂબ જ આનંદ પામ્યા. પછી સમયે સમયે અન્નકૂટની આરતીઓ કરાવતા અને ઉત્સવિયા હરિભક્તો વાજિંત્રો વગાડી ભગવાન આગળ ઉત્સવ કરતા હતા. પછી સમય થયો ત્યારે અન્નકૂટ ઉપાડી લઈને તે પ્રસાદ બ્રાહ્મણોને, સંતો, હરિભક્તોને શ્રીહરિએ પીરસીને જમાડી તૃપ્ત કર્યા. અને પછી પોતે પણ જમ્યા. એમ બેસતા વર્ષનો આખો દિવસ ભગવદ્ પ્રવૃત્તિમાં વ્યતીત કર્યો પછી રાત્રે દરેકને સૂઈ જવાની આજ્ઞા કરી એટલે બધા સૂઈ ગયા. શ્રીહરિ પણ પોતાના ઉતારે જઈ પોઢી ગયા.

ભાઈબીજના દિવસે શ્રીહરિ સવારે વહેલા ઉઠીને સ્નાનવિધિ કરી પોતાનું દેવાર્ચનાદિક નિત્ય કર્મ કરી તૈયાર થઈ સભામાં આવી બીરાજ્યા. સંતો, હરિભક્તો પણ સભામાં આવી બેસી ગયા. સંતોએ કીર્તનો ગાયા. પછી શ્રીહરિએ ઉપદેશ અને ભગવાનના મહિમાની ઘણી વાતો કરી દરેકને આનંદ આપ્યો.

ઉપર પ્રમાણે શ્રીનગરમાં શ્રીહરિ ઉત્સવો કરી સત્સંગીઓને આનંદ આપી રહ્યા છે. ધર્મનો અને સંપ્રદાયનો પ્રચાર કરી રહ્યા છે.

તેટલામાં કારતક સુદી પ્રબોધિની દેવ ઉઠી એકાદશી આવી આ એકાદશીથી પૂનમ સુધીના પાંચ દિવસો દેવદિવાળીના ગણાય છે. એકાદશીની વહેલી સવારે શ્રીહરિ પોતાનો નિત્યવિધિ કરી મહાપૂજા કરી (શ્રીહરિ દરેક એકાદશીએ કાયમ મહાપૂજા કરતા) સભામાં આવી સિંહાસન ઉપર બિરાજમાન થાય. સંતો સત્સંગીઓ તથા અન્ય ધર્મપ્રેમી જનતા પણ આવી શ્રીહરિને સાષ્ટાંગ પ્રમાણ કરી મર્યાદા પ્રમાણે સભામાં બેઠા. શ્રીહરિએ એકાદશીના મહિમાની ઘણી જ વાતો કરી. પછી કહ્યું આજે તો અમારા પિતાશ્રી ધર્મદેવનો જન્મ દિવસ છે. અને ભગવાન પણ આજે જાગે છે. માટે આ પવિત્ર દિવસ ખૂબ ધામધૂમથી ઉજવવો જોઈએ અને ઉપવાસ કરવો જોઈએ.'' ત્યારે હરિભક્તોએ કહ્યું કે, ''આ ઉત્સવનો દિવસ બરાબર ઉજવવો જોઈએ. તે તો બરાબર છે. પરંતુ આપે જે ઉપવાસ કરવાની વાત કરી તે માટે અમારે વિનંતી કરવાની છે કે પ્રભુ આપ તો કર્તુમકર્તુ અન્યથા કર્તુ સમર્થ છો. આપની આજ્ઞા એ જ વિધિ નિષેધ છે. આપની આજ્ઞા વિના ગમે તેટલા વ્રત ઉપવાસો કરે તે નિરર્થક છે. આપની આજ્ઞાથી જમે અથવા ફળાહાર કરે તે જ ફળપ્રદ છે. તો પ્રભુ અમોએ આજે આપના માટે તથા દરેક સંતો હરિભક્તો માટે ફળાહારની તૈયારી કરી રાખી છે. તેમાં રાજગરાના લોટની પૂરીઓ રાજગરાના લોટનો તથા શિંગોડાના લોટનો શિરો, શીખંડ, બાસુંદી, પેંડા, બરફી, ગુલાબજાંબુ, વગેરે પકવાનો તથા અનેક પ્રકારના ફળાહારી શાકો, પત્તરવેલીયા, ભજિયાઓ તૈયાર કરી રાખ્યા છે. તથા મોરૈયાનો ભાત કઢી વગેરે કરાવેલ છે. તો પ્રભુ અમારા ઉપર કૃપા કરી રાજી થઈ આજે સ્પેશીયલ કેસ તરીકે દરેકને ફલાહાર કરવાની આજ્ઞા આપો. જેથી દરેક ફળાહાર કરે. જેથી આજના પવિત્ર દિવસે અમોને સેવાનો સારો લાભ મળે.'' ભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ રાજી થઈ દરેકને ફળાહાર કરવાની આજ્ઞા કરી તેથી દરેકે



Final



શ્રીહરિની આજ્ઞા એ જ સર્વસ્વ છે. એમ માની ફળાહાર કર્યું. શ્રીહરિએ પણ ફળાહાર કર્યું. જેથી શહેરના સત્સંગીઓ ખૂબ જ રાજી થયા.

પછી સાંજે ફરી સભા થઈ તેમાં કીર્તનો કથાવાર્તા, નિત્ય નિયમો કરી રહ્યા પછી સંતો હરિભક્તોએ કીર્તનો બોલી જાગરણ શરૂ કર્યું ને ઉત્સવિયા હરિભક્તોએ વાજિંત્રો વગાડતા કીર્તનો બોલી ઉત્સવ શરૂ કર્યો. શ્રીહરિ મોડી રાત્રે ઉતારે જઈ પોઢી ગયા. વહેલી સવારે જાગરણ બંધ કર્યું. ઉત્સવ બંધ કર્યો પછી બધા સ્નાનાદિ નિત્યવિધિ કરવા ગયા.

બારશના દિવસે શ્રીહરિ સવારે વહેલા ઉઠી સ્નાનાદિક નિત્યવિધિ કરી સભામાં બિરાજ્યા સંતો હરિભક્તો પણ સભામાં આવી બેઠા થોડી વાતો થઈ ત્યાં રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિએ પ્રથમ બ્રાહ્મણોને જમાડી દક્ષિણાઓ આપી રાજી કર્યા. પછી સંતો તથા સત્સંગીઓને પોતે પિરસીને ખૂબ જમાડી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિ ઉતારે જઈ ફરી સ્નાન કરી પોતે જમ્યા. એમ ઉત્સવ પૂરો થયો. એમ અમદાવાદના સત્સંગીઓ શ્રીહરિની સેવા, દર્શન, ઉપદેશ વગેરેનું સુખ લઈ રહ્યા છે. ત્યાં કારતક સુદી પૂનમ આવી તે દિવસ પણ ખૂબ ધામધૂમથી ઉજવ્યો.

ઉપર પ્રમાણે શ્રીનગરના સત્સંગીઓની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ એકી સાથે આ શહેરમાં સાડાત્રણથી ચાર માસ રોકાઈ જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, જલઝીલણી એકાદશી, દશેરા, શરદ પૂનમ, ધનતરેસ, કાળી ચૌદશ, દિવાળી, અન્નકૂટ, ભાઈબીજ, પ્રબોધિની એકાદશી અને કારતક સુદી પૂનમ સુધીના તમામ ઉત્સવો ખૂબ ધામધૂમથી ઉજવ્યા. આ તમામ ઉત્સવો ઉપર દર્શન કરવા માટે દેશ દેશાન્તરના હરિભક્તોને કંકોત્રીઓ લખીને બોલાવતા હરિભક્તો વારા ફરતી દર્શન સેવાનું સુખ લેવા માટે આવતા શહેરના સત્સંગીઓ

બહાર ગામોથી આવતા તમામ સત્સંગીઓની ઉતારા જમવા વગેરેની સારી સંભાવના પ્રેમથી કરતા હતા.

તેમજ તે તમામ ઉત્સવો ઉપર ઉત્સવને અનુરૂપ અનેક પ્રકારના દારૂખાના પણ લાવી ફોડતા હતા. આ વખતે શ્રીહરિએ સમાધિ પ્રકરણ પુરજોસમાં ચલાવ્યું હતું. પાત્ર, કુપાત્ર, જોયા વિના જ અનેક માણસોને દૃષ્ટિ માત્રથી સમાધિઓ કરાવતા.

ઉપર પ્રમાણે અમદાવાદ શહેરમાં રોકાઈ અપાર ચરિત્રો કરી તથા પ્રતાપ દેખાડી અનેક માણસોને પોતાના આશ્રિત કરી, ધર્મની સ્થાપના કરી. પછી ત્યાંથી જવાની તૈયારી કરી. ત્યારે શહેરના સત્સંગીઓ વાજતે ગાજતે શ્રીહરિને વળાવવા સાથે ચાલ્યા. રાજમાર્ગોમાં અપાર માણસોને દર્શન આપતા શ્રીહરિ કાંકરિયા સરોવરે આવ્યા. ત્યાં ઉભા રહી શહેરના સત્સંગીઓને પ્રસાદી આપી પાછા વાળ્યા. પોતે પોતાની સાથેના માણસોને સાથે લઈ આગળ ચાલતા અસલાલી થઈ જેતલપુર પધાર્યા.

● **સુબાએ મુસ્લિમ સિપાઈની સલાહ માની**

બીજા દિવસે ખોખરાથી નથુભાઈ વિપ્ર આવ્યા. નથુભાઈએ મહારાજને એકાંતમાં એક સમાચાર કહ્યા - હે મહારાજ ! ખોખરાથી તમે ગયા પછી વિરોધીઓ બધા ભેગા થયા. હરિભક્તોને મળ્યા કે હવે અમારો વારો છે. તમે સ્વામિનારાયણીયાઓએ અમારા ઘણા માણસો મારી નાંખ્યા. એટલે રાજા પાસે ફરિયાદ કરીશું. રાજા તમને મોટો દંડ કરશે. સત્સંગીઓએ કહ્યું -તમારાથી જે થાય એ કરજો, પણ ધાર્યું તો સ્વામિનારાયણ ભગવાનનું જ થશે. તમે તમારા પાપથી જ નાશ પામશો. અમે ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી કાળ કે યમદૂતથીય નથી ડરતા તો તમારા જેવાં ક્ષુદ્ર માણસોથી શું ડરીએ ? ભગવાનના ભક્તનો દ્રોહ કરનારા કદીયે સુખી થયા નથી. તેઓ કુળ સહિત નાશ પામી ગયા છે.



Final



સંત સંતાપે જાત હૈ, રાજ કુળ ઔર વંશ,
તુલસી તીનો ન રહા, રાવણ, કૌરવ, કંસ.

આ બાજું અસુરોએ સૂબાને ફરિયાદ કરી. સૂબા સાહેબ ! તમે અમને પૂજ્ય માનો છો, અમારો આદર જાળવો છો અને અમારા લીધે તમારા રાજ્યનો અભ્યુદય થયો છે. તમારા સામ્રાજ્યમાં બધા લોકો અમારો આદર જાળવે છે. પરંતુ આ સ્વામિનારાયણના શિષ્યોએ અમારું માન હણી નાંખ્યું. એ લોકોએ અમારા ઘણા માણસોને મારી નાંખ્યા. માટે તેઓને દંડ કરો. સ્વામિનારાયણીયાઓ પાસે ઘણા રૂપિયા છે. મોટા મોટા યજ્ઞ કરે છે. માટે ગમે તેમ કરીને મોટો દંડ ઉઘરાવો. અને લશ્કર મોકલીને સ્વામિનારાયણને પકડો. અસુરોએ બરાબર કાન ભંભેરણી કરી રાજાને ઉશ્કેર્યો.

રાજા, વાજા અને વાંદરાં, જેમ દોરો એમ દોરવાય. તેણે પોતાના લશ્કરને હુકમ કર્યો. સ્વામિનારાયણ ગમે ત્યાં હોય એને પકડી લાવો. સૈન્યમાં એક મુસલમાન હતો. એ જરા ડાહ્યો હતો. શ્રીહરિનો પ્રભાવ જાણતો હતો. ભગવાનના પ્રતાપની ઘણી વાતો એણે સાંભળેલી. એને એમ લાગ્યું કે આમાં કંઈક કાચું રંધાય છે. એટલે એકાંતમાં સૂબાને મળ્યો. અને સમજાવ્યું કે, રાજા સાહેબ ! મારું માનો તો આ સ્વામિનારાયણ તો ખુદા છે ! માટે એમનું અપમાન કરનારાઓનું નિકંદન નીકળી જશે. એમની ધરપકડ કરવાનો વિચાર મૂકી દો. એમાં જ તમારું શ્રેય છે. મિયાંજીએ સૂબાને ઘણી રીતે સમજાવ્યો. એ વખતે ખેડા નગરમાં અંગ્રેજ ગવર્નરનું આગમન થયેલું. સૂબાને અંગ્રેજ ગવર્નરના સમાચાર સાંભળીને મનમાં બીક પેઠી. જો સ્વામિનારાયણને પકડીશ તો ગવર્નર મારાથી વિરુદ્ધ જશે અને મારી ફજેતી થશે. એટલે પકડવાનો વિચાર માંડી વાળ્યો. સૂબાને ફરિયાદ કરનારા વિરોધીઓ પણ ડેલે હાથ દઈને પોતાના નિવાસે ગયા. નથુભાઈ વિપ્રે આ વાત કહી સંભળાવી. શ્રીહરિ રાજી થયા.

● **શ્રીહરિનો ઉપદેશ. સૂબાની પ્રાર્થના**

ત્યાં અમદાવાદ શહેરના હરિભક્તોને ખબર મલ્યા કે શ્રીહરિ મોટેરા ગામમાં પધાર્યા છે. એટલે તેઓ શ્રીહરિના દર્શન કરવા માટે ફૂલોના હાર તથા ભેટો લઈ મોટેરા ગામે આવવા લાગ્યા. શહેરથી આરંભી શ્રીહરિ મોટેરામાં જ્યાં. બિરાજ્યા હતા. ત્યાં સુધી દર્શનાર્થીઓની કતાર થઈ ગઈ હતી. સૌ આવીને પગે લાગી ફૂલોના હાર પહેરાવી બરફી પેંડા વગેરે ભેટો મૂકતા હતા. એમ મોડી રાત સુધી ચાલ્યું. અમદાવાદના હરિભક્તોએ શ્રીહરિને અમદાવાદમાં પધારવા વિનંતી કરી. ત્યારે પ્રભુએ કહ્યું કે કાલે આવીશું. પછી સભા વિસર્જન કરી પોતે પોઢવા પધાર્યા. સવારે વહેલા ઉઠી પોતાનું નિત્યકર્મ કરી અમદાવાદ જવા રવાના થયા. પાદશાહવાડી સામે આવીને નદી ઊતર્યા. ત્યાં નદીમાં જળક્રીડા કરતા ચાર ઘડી સંત-હરિભક્તોએ સહિત સ્નાન કર્યું. નદીમાં સ્નાન કરતા શ્રીહરિ વહેણમાં ઉપરવાસ રહેતા. સંતો, પાર્ષદો નીચેવાસમાં રહેતા. હરિભક્તો તેથી નીચે રહેતા. એવો ક્રમ હતો. કારણ કે તેઓ શ્રીહરિનું તથા સંતોનું માહાત્મ્ય સમજતા તેથી વિવેક રાખતા. જે સંતોનું માહાત્મ્ય ન્હોતા સમજતા તેઓ સંતોની આગળ નહાતા. આવું જોઈ શ્રીહરિ તેમને વિવેકથી ઘણી વાતો કરતા પણ અજ્ઞાન અને માનને લઈને તેમને સમજાતું નહિ. સંતોનું માહાત્મ્ય સમજનારા ભક્તો શ્રીહરિને બહુ પ્રિય હોય છે. સંતોનું માહાત્મ્ય જેને ન હોય તેનો સત્સંગ ફળ પાંદડા વિનાના વૃક્ષ જેવો જાણવો. માહાત્મ્ય વિનાનું જ્ઞાન પર અમૃતમાં છાનું વિષ રહ્યું હોય તેવું જાણવું. માટે વિવેકી માણસોએ તેવાઓનો સંગ ક્યારેય ન કરવો. પોતાની પ્રકૃતિને મળતા આવે એવા સંતને હરિતુલ્ય કહે, બીજાને વિમુખ કહે, એવી જેની બોલી હોય તેને સત્સંગમાં કુસંગ સમજવો. જ્ઞાન ધ્યાનમાં જ બેસી રહે આંખ ખોલે નહિ. એવું જેને તાન હોય તેને કપટી કહેવાય. એવા ઢોંગીને લોકો સિદ્ધ જાણે અને



Final



પૂજે તેથી તેને માન વધે. પછી તેની પ્રકૃતિ કોઈ મરોડે તો તે પાપી કહે અને તેની સાથે પોતાના મનનો મેળ બેસે નહિ. આવો માણસ શ્રીહરિ પાસે રહેતો હોય તોપણ તેને અને ભગવાનને કોટી ગાઉનું છેટું છે. પોતાના દોષ સૂઝે નહિ ને બીજાના દોષ જોયા કરે તે મોટું દૂષણ છે. ભલે શ્રીહરિના પ્રતાપથી સિદ્ધગતિને પામે તો પણ સત્સંગમાં નાના મોટા સૌ કોઈ હરિભક્તોનો મન, કર્મ, વચને દાસ થઈને રહે. અને જેવો ભાવ ઉપરથી રાખે તેવો જ ભાવ અંદરથી રાખે તે સત્સંગમાં મોટો ગણાય. માટે ગમે તેવા સિદ્ધ કે જ્ઞાની હોય પણ સંત કે હરિભક્તોનું અપમાન કરે તો તેને સંત કે સત્સંગી ન જાણવો. ભગવાન જે સંતો અને ભક્તો માટે અવતાર ધારે છે એવા સંત. હરિભક્તો આજે આવ્યા છે તેને તુચ્છ કરી દેખાડે અને પોતાને અનુકૂળ એક બે સંત, હરિભક્તની અપાર મોટપ કહે અને બીજાના ગુણને દોષરૂપ કહે તે સમાધિવાળો હોય તો પણ તેને રઘુનાથદાસ જેવો વિમુખ જાણવો. ઉપર પ્રમાણે મહિમાની વાતો કરતાં કરતાં શ્રીહરિએ સાબરગંગામાં સ્નાન કરી જળથી બહાર નીકળી જરિયાની વસ્ત્રો પહેર્યા.

પછી શ્રીહરિની સાથે આવેલા કાઠીઓએ તથા રાજાઓએ હાથી, અશ્વ, મેના, રથ, સુખપાલ, વગેરે પોતપોતાનાં વાહનો સુવર્ણમય સાજથી તૈયાર કર્યા. શ્રીહરિ માટે સોનાની અંબાડીથી હાથીને તૈયાર કરી શ્રીહરિને વિનંતી કરી તેના ઉપર બેસાડ્યા. બીજાં વાહનો ઉપર સંતોને બેસાડ્યા. સંતોને પોતાના વાહન ઉપર બેઠેલા જોઈને રાજાઓ પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. કેટલાક સંતો કીર્તનો ગાતા ગાતા પગે ચાલતા હતા. આમ શ્રીહરિ સવારી સાથે શહેર નજીકમાં આવ્યા. ત્યારે પુરવાસી ભક્તો સામૈયું લઈ સન્મુખ આવ્યા. કેટલાક શાહુકારો રથને મેના ઉપર બેસીને આવ્યા. શહેરનો સૂબો પણ પોતાની સવારી લઈ શ્રીહરિની સન્મુખ આવ્યો. આમ

દરેકને સામે આવેલા જોઈ શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતર્યા. બધાએ શ્રીહરિને હાર પહેલાવી શ્રીફળ વગેરે ભેટો મુકી સાષ્ટાંગ દંવડત પ્રમાણ કર્યા. પછી આંબલીના છાંયે જાજમો બિછાવરાવી સભા કરી. શ્રીહરિ ત્યાં બિરાજમાન થયા. શ્રીહરિની આસપાસ સંતોની સભા જોઈ સૂબો બોલ્યો કે આપ અને આ સંતો આ લોકના નથી, બધા અક્ષરધામના તથા ગોલોક, વૈકુંઠ વગેરે ધામોમાંથી આવ્યા હોય તેમ જણાય છે. આ લોકના સંસારીઓ અને મતપંથીઓ આપને દેખીને વિરોધ કરે છે. અધર્મીઓને ધર્મવાળા ગમતા નથી. આપનાં તથા આ સંતોનાં દર્શન કરવાથી લોકો પવિત્ર થાય છે. અમારા જેવા અજ્ઞાનીઓનું અજ્ઞાન નાશ કરવા આપ આ સંતો સાથે પ્રગટ થયા છો. આ ભૂમિનાં પણ ધન્યભાગ્ય છે કે તેના ઉપર આપ વિચરો છો. પરંતુ અજ્ઞાની ગુરુ મળ્યા છે તેને આવું જ્ઞાન થતું નથી કારણ તેમના ગુરુઓ પોતાનું પેટ ભરવા તેમનું કાર્ય બગાડે છે. આ પ્રમાણે સૂબાએ ઘણીજ પાર્થના કરી.

ત્યારે શ્રીહરિએ સૂબાને કહ્યું, 'આ સંતો પોતાના વર્તનથી બધું દેખાડે છે. અજ્ઞાનીનાં વચનને સહન કરે તે સંત છે. સંત સર્વથી અધિક છે. સહન નથી કરતા તે અસંત છે. સંત બાવના ચંદનથી પણ અધિક શીતળ અને શાંત છે. પોતે નિષ્કલંક હોવાથી બીજાને શુદ્ધ કરે છે. ગમે તેવું મેલું વસ્ત્ર હોય પણ તેને શુદ્ધ જળ જેમ શુદ્ધ કરે છે તેમ આવી વાતે ડાહ્યા સુજ્ઞ માણસ હોય તે જાણે છે. અને તેથી તે જન્મ-મરણના દુઃખથી મુકાય છે.''

સૂબાએ કહ્યું, ''મારાં સદ્ભાગ્ય છે કે આપનાં અને આ સંતોનાં મને દર્શન થયાં. ભાગ્ય વગર આવો જોગ મળતો નથી. હવે મારાં ભવદુઃખ મટી ગયાં એમ માનું છું. કારણ આપ અને આપના સંત ભવદુઃખરૂપી રોગનો નાશ કરો છો. તીર્થ, વ્રત, તપ, યજ્ઞ, દાન, તેનું આટલું જ ફળ છે કે આપ અને આપના સંત મળે, તેમાં સર્વે સાધન



Final


આવી જાય છે. તેમનો દ્રોહ ક્યારેય ન કરવો જોઈએ. તેમની સેવા કરવામાં પ્રીતિ રાખવી. સેવાથી તે રાજી થાય છે અને તેઓ રાજી થાય ત્યારે સંસારમાં અરુચી થાય છે અને ત્યારે જ આપની મૂર્તિ અંતરમાં ચોટે છે. આપના સેવકોને આ જ્ઞાન છે. બાકી સંસારમાંતો અજ્ઞાન ભરેલું છે. હે પ્રભુ ! અજ્ઞાનનો નાશ કરવા આપે અવતાર ધાર્યો છે. ભરતખંડના જીવોનાં ધન્ય ભાગ્ય છે કે આપ આ દેશમાં વારંવાર અવતાર ધારણ કરીને વિચરો છો જેને આપનાં દર્શન થાય છે તેને ભવભટકન મટી જાય છે.''

સૂબાની વાત સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા. પછી સૂબાએ કહ્યું કે હે પ્રભો ! હવે આપણે ચાલીએ નહિ તો તાપ થઈ જશે. પછી સભા વિસર્જન કરી શ્રીહરિ હાથી ઉપર બિરાજ્યા. સૂબાને પણ હાથી ઉપર પોતાની પાસે બેસાડ્યા. સોનાની છડી લઈ મોતીરામ તથા કુબેરસિંહ જયજયકાર કરી છડી પોકારવા લાગ્યા.

શ્રીહરિનાં દર્શન કરવા શહેરના માણસો રસ્તાની બેય તરફ ઘણે દૂર સુધી ઊભા હતા. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. વાહનોનો પાર નહોતો. વાજિંત્રોના અવાજથી ચારે દિશાઓ તથા આખું શહેર ગાજી ઊઠ્યું હતું. રસ્તામાં ધૂળ ન ઊડે એટલા માટે સૂબાએ બધે પાણી છંટાવી સાફ કરાવ્યું હતું.

રસ્તામાં શહેરનાં માણસો અપાર હારો શ્રીહરિને પહેરાવતા હતા. વસંતના દિવસો હતા. તેથી સત્સંગીઓ ઘણો ગુલાલ લાવેલા તે શ્રીહરિથી દૂર ઉડાડતા હતા. સવારીમાં ચારે તરફ ગુલાલ છાઈ રહ્યો હતો. રસ્તાઓ પણ રંગ અને ફૂલોથી છાઈ રહ્યા હતા. રસ્તાઓ બેય બાજુના બગીચાઓમાંનાં નાના પ્રકારનાં વૃક્ષો, ફળો, ફૂલોથી અને અનેક જાતના પંખીઓના મધુર શબ્દોથી શોભતા હતા. દરેક બગીચામાં એક બંગલો હતો. તેના ઉપર તથા અગાસીઓમાં અપાર માણસો દર્શન કરવા ઊભાં હતાં. શહેરના ફરતો સુંદર કોટ છે. તે

કોટના કાંગરા સોનાના વરખ ચોડીને શોભાયમાન કર્યા હતા. બુરજો ઉપર મોટી મોટી તોપો શોભી રહી હતી. એવી શોભાએ યુક્ત શ્રીહરિની સવારી શણગારેલા દિલ્હી દરવાજેથી નગરમાં પ્રવેશી. શહેરમાં રાજબજારો, મકાનો, વગેરે શણગારેલાં હતાં. આખું શહેર મંગલ સાજથી શોભતું હતું. રસ્તામાં લોકો શ્રીહરિની પૂજા કરતા હતા. ગોખ-અટારીઓમાં ઊભી રહેલી સ્ત્રીઓ સાચાં મોતીથી તથા સોનાનાં ફૂલોથી શ્રીહરિને વધાવતી હતી. જેનો જેવો ભાવ તેવા સ્વરૂપે ભગવાનનાં દર્શન સૌને થતાં. માણેકચોકમાં સવારી આવી. ત્યારે ખૂબ ભીડ થઈ. શહેરના નગરશેઠ હિમાભાઈએ શ્રીહરિને પોતાના બંગલામાં પધરાવી. ષોડશોપચારથી પૂજા કરી શાલ ઓઢાડી આરતી કરી. હિમાભાઈ શેઠ શ્રાવકોનો અહિંસારૂપ ધર્મ જોઈ તે ધર્મ પાળતા હતા. સમયસર નહાતા ધોતા, મલિન ધર્મ તેમને ગમતો નહિ. જે શીલવ્રત (બ્રહ્મચર્ય વ્રત) રાખે તેને ઈશ્વર માની પૂજતા. શ્રીહરિ ત્યાંથી સવારી સાથે નવાવાસમાં આવ્યા. ત્યાં મોટો ચોક હતો. તેમાં ચંદની બાંધી હતી તેની નીચે સભા કરી. લીંબડાના વૃક્ષ નીચે સિંહાસન ગોઠવ્યું હતું. તેના ઉપર શ્રીહરિ બિરાજ્યા. સવારીનું વિસર્જન કર્યું. સૂબો આવીને પગે લાગીને બેઠા. શ્રીહરિએ તેમને તેમના દીવાનને તથા શાહુકારોને પેંડા, હાર અને પાનની પ્રસાદી આપી. પછી સમય થયો એટલે બધા પોતાને ઘેર ગયા. પછી ગંગામાએ શ્રીહરિની રુચિ પ્રમાણે સુંદર નાગરશાહી રસોઈ બનાવી હતી. તે પોતે જમ્યા. સંતોને તથા સાથેના માણસોને પણ જમાડ્યા. પછી શ્રીહરિ પોઢી ગયા. સંતો માળા ફેરવવા લાગ્યા. સાંજે ફરી સભા થઈ એટલે શ્રીહરિ સભામાં બિરાજ્યા. પછી હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી ભેટો મૂકી. તે વખતે ગામડી ગામના સત્સંગીઓ શ્રીહરિ પાસે આવી વિનંતિ પૂર્વક કહેવા લાગ્યા, “હે પ્રભો ! આપે તો અમને વિસારી જ દીધા છે. શ્રીરામાનંદ સ્વામી તો કેરીની



Final



મોસમમાં ઘણીવાર પધારતા, પણ આપનાં દર્શન તો હવે દુર્લભ થયાં છે. આપને અનેક ભક્તો છે તેથી આપ અમને ભૂલી ગયા હશો. અમો કોની પાસે પોકાર કરીએ ? અમારો ક્યો દોષ જોઈ અમારી વિનંતી નથી સાંભળતા ?” શ્રીહરિએ રાજી થઈ તે સત્સંગીઓને કહ્યું જે અમો જરૂર આ વખતે ગામડી આવીશું.

● **શ્રીહરિની મૂર્તિમાંથી તેજ નીકળ્યું**

પછી શહેરનાં કેટલાક સત્સંગીઓએ પોતાના ઘરે શ્રીહરિની પધરામણી કરી હતી ત્યાંથી પાછા નવાવાસમાં આવ્યા. ત્યાં પણ કેટલાક હરિભક્તોએ પૂજા કરી. સંધ્યા સમય થયો પણ પૂજાનો પાર આવ્યો નહિ. પછી ઘણીક મશાલો પ્રગટાવી. ત્યાર બાદ શ્રીહરિએ બધાની સાથે આરતી કરી. નારાયણ ધૂન્ય કરવા લાગ્યા. તેને સંતો અને હરિભક્તો ઝીલવા લાગ્યા. તે સમયે શ્રીહરિની મૂર્તિમાંથી શીતળ શાંત તેજ નીકળવા લાગ્યું તેથી બીજા દીવાનાં તેજ ઝાંખા થઈ ગયા. તે તેજ જોઈ બધા આશ્ચર્ય પામ્યા. ધૂન બંધ કરી ત્યારે તે તેજ શ્રીહરિની મૂર્તિમાં સમાઈ ગયું તે જોઈ કોઈ કહે આ દેવ છે. કોઈ કહે આ સૂર્ય અથવા ચંદ્ર છે. કોઈ કહે આ સાક્ષાત્ ભગવાન છે, તે વિના આવું તેજ હોય જ નહિ આ પ્રમાણે લોકોને બોલતા સાંભળી શ્રીહરિએ તેમને પૂછ્યું કે તમે શી વાતો કરો છો ? ત્યારે માણસો પૂછ્યું કે હે પ્રભુ ! આવું તેજ ક્યાંથી પ્રગટ્યું ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમો જ્યારે ધૂન્ય કરવા લાગ્યા ત્યારે આ લોકની સ્મૃતિ ન રહી અને અમે અક્ષરધામમાં બેઠા છીએ અને આ સભા પણ ત્યાં બેઠી છે એમ દેખાયું. ધૂન્ય થઈ રહી ત્યારે અહીંની સ્મૃતિ થઈ આવી ને એમ દેખાયું કે અનેક દેવો વિમાનમાં બેસીને અમારી પૂજા કરવા આવ્યા છે ને પૂજા કરે છે. પછી તેઓ તેમના સ્થાનકે ગયા. શ્રીજીમહારાજની આવી વાત સાંભળી સૌ એમ માનવા લાગ્યા કે આ શ્રીજીમહારાજ પોતે જ સાક્ષાત્ સર્વાવતારી પ્રગટ પુરુષોત્તમ

નારાયણ છે. અને જે તેજ દેખાયું તે તેમની મૂર્તિનું જ છે. પછી શ્રીહરિ હરિભક્તોનો સંગ દુર્લભ છે એ અર્થવાળાં પદો ગાવા લાગ્યા એને સંતો તથા સત્સંગીઓ ઝીલવા લાગ્યા, તે બોલી રહ્યા પછી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો ઝાંઝ મૃદંગ વગાડીને શ્રીજીની મૂર્તિનાં તથા અક્ષરધામના વર્ણનનાં કીર્તનો ગાવા લાગ્યા. તે સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા પછી સભા વિસર્જન કરી પોતે પોઢવા પધાર્યા.

● **રઘુનાથદાસ ઝાંખો પડી ગયો**

શ્રીહરિ અંબાબાના ઘેરથી છાની રીતે જ તે મહેલના બગીચામાં આવીને રહ્યાં હતાં. તેથી શહેરના સત્સંગીઓને ખબર ન હતી કે શ્રીજી ક્યાં ગયા છે. તપાસ કરતા છઠ્ઠા દિવસે હરિભક્તોને ખબર પડી કે શ્રીહરિ નારાયણઘાટે છે તેથી તેઓ ત્યાં આવી ખૂબ પ્રાર્થના કરી શહેરમાં તેડી ગયા. આ વખતે શ્રીહરિ ચોકસી હીરાચંદભાઈના ઘેર રામજી મંદિરની પોળમાં ઊતર્યા. હીરાચંદભાઈએ શ્રીહરિની ખૂબ પ્રેમથી સારી સેવા કરી. બીજા સત્સંગીઓએ પણ સેવા કરી. શ્રીહરિને રાજી કર્યા. શ્રીહરિએ અનેક ચમત્કારો બતાવી, સમાધિઓ કરાવી, તથા ઉપદેશ આપી પોતાના પ્રભાવથી સત્સંગનો પ્રચાર કરી સંપ્રદાયનો પાયો દૃઢ કર્યો તેથી રઘુનાથદાસ ઝાંખો પડી ગયો. લોકો તેને વિમુખ તથા ખોટો માની તેને માનતા બંધ થયા. એટલું જ નહિ પણ તેની પાસે જતા પણ બંધ થઈ ગયા.

આ પ્રકારે અનેક લીલાચરિત્રો કરી ભક્તોને સુખ આપતા થકા શ્રીહરિ અમદાવાદમાં પંદર વીસ દીવસ રોકાઈ ત્યાંથી ચાલવા તૈયાર થયા. રાયધણજીના હાથી ઉપર સોનાની અંબાડીમાં શ્રીહરિ બિરાજ્યા. નગરના સત્સંગીઓ અપાર વાહનો લાવ્યા તેમાં સંતોને બેસાર્યા. જેવી શોભાએ યુક્ત શ્રીહરિને શહેરમાં પધરાવ્યા હતા તેવી જ શોભાએ સહિત શ્રીહરિને વળાવવા ચાલ્યા. બજારોમાં અનેક માણસો પુષ્પોથી



Final



શ્રીહરિને વધાવતા હતા. સવારી પુરથી બહાર આવી, રાયપુર દરવાજેથી આગળ ચાલતાં કાંકરીયા સરોવર આવ્યું, ત્યાં શ્રીહરિ હાથી ઉપરથી ઉતર્યા, સંતોએ સહિત સરોવરમાં સ્નાન કર્યું. પછી સરોવરના કિનારે રહેલા આંબલીયોનાં વૃક્ષની ઘાટી છાયામાં ઉતારો કર્યો. પછી પૂર્વ અને દક્ષિણ તરફના કિનારે જેટલાં આંબા, આંબલીયોનાં વૃક્ષો હતાં ત્યાં બધે પગે ચાલીને ફર્યા. એમ ઘણા સમય સુધી રમૂજ કરી શહેરના હરિભક્તોને પ્રસાદ આપી પાછા વાળી પોતે હાથી ઉપર બિરાજી વટવા થઈ ગામડી ગામ પધાર્યા.

● **શ્રીહરિએ સમાધિઓ કરાવી**

એવી રીતે નારાયણ ઘાટે શ્રીહરિ પાંચદિવસ રોકાયા ને નિત્ય સાબરમતી નદીમાં સ્નાન લીલા કરતા ને પાંચેય દિવસ તે બંને વિપ્ર શ્રીહરિ તથા આનંદસ્વામી માટે થાળ લાવતા તે મહારાજ ને સ્વામી જમતા. પછી છઠ્ઠે દિવસે અમદાવાદથી હીરાચંદ ચોક્સી, નથુરામ, છડીદાર કુબેરસિંહ, વ્રજલાલ, દામોદરભાઈ, લાલદાસ ગોરા આદિ ભક્તજનોએ આવીને શ્રીહરિને વિનંતી કરીને શ્રીહરિને શહેરમાં લાવ્યા ને ઉતારો કરાવ્યો. ને ત્યાં શ્રીહરિ ભક્તજનોને સમાધિઓ કરાવે છે. ને એક એકના ઉપર સમાધિ થયેલા ભક્તોને ખડકી મૂકે છે. પછી જેનું નામ લઈને બોલાવે તે સમાધિમાંથી જાગીને શ્રીહરિને પગે લાગીને સમાધિમાં બદ્રિકાશ્રમ, વૈકુંઠાદિક ધામ તથા બ્રહ્મા, સૂર્ય, ચંદ્ર તથા ભૂમાપુરુષના લોક તથા અક્ષરધામની વાત વિસ્તારીને કહેતા. *(શ્રીઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ ૩૧-૩૨)*

● **પ્રાણનાથ શુક્લની સેવાથી રાજી થઈને શ્રીહરિએ કૃપા કરી**

સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદ - શ્રીનગર બહુ ગમતું. જ્યારે જ્યારે ઉત્તર ગુજરાતમાં શ્રીહરિ પધારતા, ત્યારે શ્રીનગર થઈને જ જતા. એકવાર સત્સંગીઓનાં ગામોમાં સેવાનું સુખ આપતા

આપતા શ્રીહરિ ઉત્તરાયણ પછી અમદાવાદ પધાર્યા. આ વખતે ઉતારો પ્રાણનાથ શુકલને ઘેર હતો. પ્રાણનાથ શુકલની સેવાથી એવા તો રાજી થઈ ગયા કે પોતાના કંઠમાંથી સોનાનો હાર કાઢીને પ્રસાદી રૂપે આપી દીધો. ભગવાન શુકલના રથમાં બેસીને એક દિવસ અંબારામ વૈદ્યને ઘેર પધાર્યા. થોડા દિવસ પછી શ્રીનગરથી મોટેરા ગામ પધાર્યા.

ગીતાજીમાં લખ્યું છે કે* મારો અનન્ય ભક્ત હોય એના વ્યવહાર અને મોક્ષની ચિંતા હું કરું છું.

*अनन्याश्चिंतयन्तो मां ये जना पर्युपासते ।*
*तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम् ॥*

● **કોઈને દુઃખિયો રે, દેખી ન ખવાય, દયા આણી રે,**

સ્વામિનારાયણ ભગવાનના જે અનન્ય ભક્તો છે એમનો વ્યવહાર શ્રીહરિ પોતે જ ચલાવે છે. ભગવાન પોતાના ભક્તોની રાતદિવસ સંભાળ રાખે છે. પણ કેવા ભક્તનો વ્યવહાર ભગવાન ચલાવે છે, એ વિચારવાની વાત છે. જેને પોતાના ઈષ્ટદેવ સિવાય ક્યાંય આસ્થા ન હોય, ગમે એવું સુખ- દુઃખ આવે છતાં ઈષ્ટદેવની ભક્તિમાંથી પડે નહિ, અને સુખ-દુઃખના દાતા ભગવાનને જ જાણે. આવા નિશ્ચયવાળા અનન્ય ભક્તની ભગવાન સંભાળ રાખે છે. બાકી ગમે તેના માટે પ્રભુ દોડાદોડી કરતા નથી.

ખોખરામાં આવા એક નિશ્ચયવાળા નથુભાઈ વિપ્ર હતા. તેમની આર્થિક સ્થિતિ બહુ નબળી હતી. આજે જમવાનું ઠેકાણું પડ્યું હોય તો કાલે શું ખાશું એની ચિંતા સતાવતી હોય. આવા ગરીબ હતા. શ્રીહરિ જેતલપુર બિરાજતા હતા. ત્યારે નથુભાઈ શ્રીજીમહારાજને મળ્યા. દંડવત પ્રણામ કર્યાં. શ્રીહરિએ પૂછ્યું. નથુભાઈ ! કેવી રીતે વ્યવહાર ચલાવો છો ? સુખી છો ને ? નથુભાઈએ કહ્યું,



Final



તનકી જાણે મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી,
ઉનકે આગે કહાં છીપાઉં, જિનકે હાથમેં જગકી દોરી.

મારી સ્થિતિ તો તમે જાણો જ છો. અંતર્યામીને કહેવાનું શું હોય? ત્યારે ખોખરાના હરિભક્તોએ કહ્યું - હે પ્રભુ ! આ નથુભાઈ તો અમારી બાજુમાં જ રહે છે. એટલે અમને ખબર છે. એમના ઘરની સ્થિતિ બહુ ગરીબ છે. ઘરમાં અન્ન કે વસ્ત્ર કાંઈ નથી. એમાંય વળી એમની બે દીકરીઓ પરણાવવા લાયક થઈ ગઈ છે. ન પરણાવે તો સમાજમાં વાતો થાય. પણ હવે નથુભાઈની શક્તિ નથી કે દીકરીઓના લગ્નનો ખર્ચો નીકળી શકે. ગૃહસ્થાશ્રમમાં કન્યાદાન એ બહુ પુણ્યનું કાર્ય છે. કન્યાદાનનો અધિકારી જો કન્યાદાન ન કરે તો તે કન્યાના પ્રત્યેક ઋતુકાળમાં તેને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે.

પોતાના ભક્તજનને આવા પાપથી બચાવવા માટે ભક્તવત્સલ પરમાત્મા બોલ્યા, "નથુભાઈ ! આ તો બહુ દુઃખની વાત છે પણ તમે ચિંતા ન કરતા. એ બન્ને દીકરીઓના કન્યાદાનનો ખર્ચો અમે આપીશું." નથુભાઈ હાથ જોડીને ઊભા રહ્યા. પ્રભુની સામે જોઈ રહ્યા. ઓહોહો..! ભગવાન મારી કેવી ચિંતા કરે છે ! ભક્ત જો નિષ્ઠાવાળા હોય તો ભગવાન એના ગમે એવાં વ્યવહારનાં કાર્યો પાર પાડી દે છે. હરિભક્તે ભગવાનનું ભજન કરવું હોય તો વ્યવહારની બધી ચિંતાઓ ભગવાનને સોંપી દેવી. આપણે માલિક ન થવું. દાસ થવું. ચિંતા તો માલિકને થાય, પણ દાસને કાંઈ ચિંતા થાય નહિ. કૃષ્ણ પરમાત્માએ નરસિંહ મહેતાની હુંડી સ્વીકારેલી તેમ શ્રીહરિએ નથુભાઈની ચિંતા દૂર કરી.

● **શ્રીહરિ ખોખરા પધાર્યાને નરમેઘીની આગમ**

ખોખરાના યજ્ઞ નિમિત્તે હોંશિયાર હરિભક્તોને તેડાવ્યા. શ્રીહરિએ જેતલપુરમાં નિર્વિઘ્ને એક મહાન યજ્ઞની પૂર્ણાહુતી કરી. આ યજ્ઞમાં હજારો બ્રાહ્મણો વરૂણીમાં વર્યા હતા. બીજા હજારો આવ્યા

હતા. લાખો માણસો ભેગાં થયા હતાં. આ યજ્ઞ કરીને શ્રીહરિએ અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કર્યું અને હિંસામય યજ્ઞનો નિષધ કર્યો. શાસ્ત્રર્ચા પણ આ વિષયમાં કરી આવા દિગ્વિજયથી ગામોગામ લોકો વિચારવા લાગ્યા કે જે હેતુથી આ ઘોર કળિયુગમાં બીજાથી મનથી પણ ન કરી શકાય એવા મોટા યજ્ઞોને આ શ્રીસહજાનંદ સ્વામી દર વર્ષે કરે છે. તેથી તે સ્વામી નિશ્ચય ભગવાન જ છે. આમ પરસ્પર વાર્તા ગુણબુદ્ધિવાળા જનો કરતા. પરંતુ આવા યજ્ઞોથી જેમનું અંતઃકરણ બળી ગયું એવા પાપબુદ્ધિ અસુરોથી સહન થઈ શક્યું નહિ. તેઓ કહેવા લાગ્યા કે સ્વામિનારાયણ વિષ્ણુયાગ કરે છે તેની અમને ખબર ન્હોતી ! નહિ તો અમે તે નિર્વિઘ્ને થવા ન દેત. હવે અમો સર્વે એકઠા થઈશું. ત્યારે તે સ્વામી યજ્ઞો કેવી રીતે કરે છે તે જો જો. અમારી યમદૂતો જેવી જ્ઞાનયોગી સમાન સેના જ્યારે ગુજરાતમાં આવશે ત્યારે આ પાખંડી સ્વામિનારાયણની વાત છે. અમે લાખો રૂપિયા ખરચીને પણ તે સ્વામિનારાયણને ઉખાડી દઈશું.

આવી આવી વાતો ગામોગામ ફેલાતી શ્રીહરિ પાસે પહોંચી ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું કે આપણે ફરીથી યજ્ઞ કરીએ. એમ કહીને શ્રીહરિ ફરતા ફરતા સં. ૧૮૬૫ ના વૈશાખ માસમાં જેતલપુર પધાર્યા ત્યાંના હરિભક્તોએ ખૂબ ભાવપૂર્વક પ્રાર્થના કરી તેથી થોડા દિવસો ત્યાં રોકાયા. શ્રીહરિએ સંતોને તથા હરિભક્તોને ત્યાં બોલાવવા દેશોદેશ પત્રો લખાવ્યા. તેમાં લખાવ્યું કે વૈશાખ માસમાં પાકા હરિભક્તો હોય તેમણે જેતલપુર આવવું, ખોખરા મહેમદાવાદમાં યજ્ઞ કરવો છે. યજ્ઞ થાય અથવા ન થાય તે ઈશ્વરના હાથની વાત છે તેમાં સંશય ન થાય તે પાકા હરિભક્ત કહેવાય. અમારાં ચરિત્ર જોઈ સત્સંગ છૂટી જાય તેવાને સાથે લાવવા નહિ. માર્ગમાં ભય હોવાથી દેશદેશના હરિભક્તોએ ભેગા થઈને હથિયાર સાથે લઈને આવવું. શ્રીહરિનો પત્ર વાંચીને સંતો તથા હરિભક્તો ઉતાવળા



Final



જેતલપુર આવ્યા. શ્રીહરિ સભામાં સિંહાસન ઉપર બિરાજી નિત્ય દર્શન આપી, ઉપદેશ આપી સત્સંગની દૃઢતા કરાવતા હતા અને ભગવાનનાં ચરિત્રોમાં દોષ નહિ જોવાની તથા સંશય નહિ કરવાની ભલામણ કરતા.

### ● અંબાલાલ વિપ્ર છંછેડાયોને લોલંગરને મળ્યો

એક વખત શ્રીહરિ નવાવાસમાં સભા ભરીને બિરાજમાન હતા. ભગવદ્‌વાર્તા થતી હતી. ઘણા હરિભક્તો કથા શ્રવણ કરતા હતા અને ઘણા જનો સભાની પાછળ ઉભા ઉભા શ્રીહરિના દર્શન કરતા હતા. તે સમયમાં અંબાલાલ નામે બ્રાહ્મણ જય અંબે.. જય.. અંબે.. બોલતો બોલતો ભગવાન પાસે આવ્યો. ભગવાનને નમસ્કાર કર્યા વિના જ સભામાં બેસી ગયો અને બોલવા લાગ્યા કે : હે સ્વામિનારાયણ! તમને બધા ભગવાન માને છે, પણ હું તમને ભગવાન માનતો નથી. ઈશ્વર તો એક બહુચર માતા છે. એ સિવાય બીજા કોઈ ઈશ્વર નથી. હું એની જ ભક્તિ કરું છું. ભગવાન કહે છે કે તું એને ઈશ્વર માને છે અને પરબ્રહ્મને પરમાત્મા માનતો નથી. એને ઓળખતો નથી. એ તારી સમજણ કેવી છે? ઉપાસના ભક્તિ તો ભગવાનની જ થાય. પરબ્રહ્મ પરમાત્મા સિવાય કોઈનું ધ્યાન-ઊપાસના ન થાય. ભગવાન અને ભગવાનની શક્તિઓમાં ઘણો ફેર છે. શક્તિનું નહિ પણ તેના પ્રદાતાની ઉપાસના થાય. ભગવાનની ભક્તિ વગર જમપુરીમાં જવું પડશે.

શ્રીહરિનાં વાક્યો સાંભળીને અંબારામ છંછેડાયો. ભગવાનની નિંદા કરતો કરતો લોલંગર પાસે પહોંચ્યો. લોલંગર એટલે અંબારામનો ગુરુ. અંબારામે કહ્યું - હે ગુરુ ! જ્યારથી સ્વામિનારાયણ આપણા શહેરમાં આવ્યા છે ત્યારથી નગરવાસીઓ એને જ ઈશ્વરરૂપે જુએ છે. અને એ સ્વામિનારાયણ સમાધિ દ્વારા સૌને વશ કરી લે છે અને એમના આવવાથી આપણી આજીવિકા ભાંગી પડી છે. આપણને કોઈ

બોલાવતું નથી. આ સાંભળીને લોલંગર વગેરે અસુરો ઉશ્કેરાયા. લોલંગરે અમદાવાદના એ વખતના સૂબા મલ્લરાજને સ્વામિનારાયણ ભગવાનની ફરિયાદ કરી. સૂબાએ લોલંગરને છૂટો દોર આપ્યો. એટલે બધા અસુરો હાથમાં હથિયાર લઈને ઊપડ્યા. કોઈના હાથમાં ત્રિશૂળ, કોઈની પાસે પથરા, કોઈની પાસે ચીપિયા, કોઈની પાસે ધોકા આદિક હથિયારો સાથે સજ્જ થઈને તેઓ શ્રીહરિ પાસે આવ્યા.

સ્વામિનારાયણ ભગવાન એ વખતે અંબાબાને ઘેર બિરાજતા હતા. (તે ઘરની જગ્યાએ હાલમાં એક મંદિર આવેલું છે. જે મદન ગોપાળની હવેલી પાસે આવેલુ છે.) લોલંગર ભયંકર શરીરવાળો, લાંબો, જટાવાળો, ગાંજો પીવાથી લાલ બનેલી આંખોવાળો, અભિમાની, ક્રોધી, અપશબ્દો બોલતો બોલતો ત્યાં આવ્યો. એની સાથે આસુરી સેના તો હતી જ. એ ફાવે એમ બોલવા લાગ્યો. સ્વામિનારાયણને પકડો, મારો, બાંધો, ઓ સ્વામિનારાયણ ! તું આ સમાધિનું પાખંડ કેમ ચલાવે છે ? લોલંગરે ગર્જના કરી. શ્રીહરિ કહે છે - જે મોટા પુરુષો સાથે દ્વેષ કરે છે એ લોકો જ પાખંડી છે અને અંતે નરકમાં જાય છે. પણ લોલંગરને ઉપદેશ આપવો એ 'ભેંસ આગળ ભાગવત' જેવું હતું. પાપી લોલંગરે ક્રોધમાં આવીને ભગવાનના મસ્તક ઉપરથી પીતાંબર ખેંચી લીધું. પછી તો લોલંગરે બધા અસુરોને ઉશ્કેર્યા. એમાં એક અસુર તો સાબરનું શીંગડું લઈને શ્રીજીમહારાજને મારવા ધસી આવ્યો. તરત જ હીરાચંદભાઈએ અસુરને પકડ્યો. એને બરાબર મુશ્કેટાટ પકડીને સમાધિમાં ઊતરી ગયા. પેલો તરફડિયાં મારવા માંડ્યો. જાણે બિલાડીના પંજામાં ખિસકોલી. અસુર છટકી શક્યો નહિ. એવામાં મુકુંદ બ્રહ્મચારીએ અસુરોને ભય પમાડવા માટે તીવ્ર ગર્જના કરી. બ્રહ્મચારીજી શ્રીહરિને ઊંચકીને ઓરડામાં ચાલ્યા ગયા. બહાર તોફાન ચાલુ રહ્યું. અસુરો ભગવાનની માયાથી એવા મોહિત થઈ ગયા કે અંદરો અંદર લડવા



Final



લાગ્યા. એ મૂરખાઓ લાકડી, પથ્થર, ધૂળ, ઈંટો, ચીપિયા, ત્રિશૂળથી એક બીજાના ઉપર પ્રહાર કરવા લાગ્યા અને અસુરો શહેરવાસીઓ ઉપર પણ ધૂળ અને પથ્થરનો વરસાદ વરસાવવા લાગ્યા.

આ બાજુ ઘરની અંદર બેઠા બેઠા શ્રીહરિ મનુષ્યલીલા કરવા લાગ્યા. અરેરે..! અમારા કારણે તમને બહુ તકલીફ પડી. હે ભક્તો! આ અસુરો તમારા ઘર લૂંટી લેશે તમારા પશુઓ ચોરી જશે. એટલે જલ્દી કરો. મને ઘાસના ભારામાં સંતાડીને શહેર બહાર લઈ જાઓ. અથવા તો પાણી નીકળવાના માર્ગેથી મને નગર બહાર કાઢો. પરમાત્મા આમ મનુષ્યભાવમાં આવીને ભય ભર્યા શબ્દો બોલતા હતા. પરમાત્માની લીલા કળી શકાતી નથી. જેમ શ્રીકૃષ્ણ ભગવાન કાળયવનને જોઈને ડરી ગયા, મૂઠીઓ વાળીને નાઠા. રામચંદ્રજીએ રાજ્યાભિષેકને બદલે વનવાસ સ્વીકાર્યો. પરમાત્માની લીલા બહુ અલૌકિક હોય છે. જે ભક્ત પરમાત્માની લીલાને દિવ્ય માને છે એ ભગવાનને જ પામે છે. ગીતામાં લખ્યું છે કે -

जन्म कर्म च मे दिव्यं एवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देह पुनर्जन्म नैति मामेति सोऽर्जुनः ॥

હે અર્જુન મારાં જન્મ અને કર્મ દિવ્ય છે. તેમ તું સમજ. માયા તો ભગવાનની શક્તિ છે. તે માયા આ જીવને મોહ પમાડે છે. અને ભજનમાં વિક્ષેપ પાડે છે. જ્યારે જ્યારે ભગવાન મનુષ્ય ચરિત્ર કરે છે ત્યારે ભલભલાની પણ સમજણ ચુંથાઈ જાય છે.

નથુ ભટ્ટ બોલ્યા - મહારાજ ! તમે મનુષ્ય લીલા ન કરશો. થોડીવાર પછી અસુરોનો ઉપદ્રવ શાંત થઈ ગયો. એવામાં રાજાના માણસો આવ્યા. એટલે તરત જ અસુરો અંબાબાના ઘેરથી ભાગી ગયા. સ્વામિનારાયણ ભગવાન સંતો અને ભક્તો બહાર આવ્યા અને પછી તો શ્રીજીમહારાજ તો રમૂજમાં આવીને બોલ્યા કે - હે બ્રહ્મચારીજી ! આ અસુરો આવ્યા ત્યારે એકાએક તમને શું થઈ ગયું

અમને ઊંચકીને ઘરમાં ઘાલી દીધા ! આ બધું શું થયું છે ? પછી મહારાજે હીરાચંદભાઈ સામે જોયું. ઓ હીરાચંદ શેઠ ! તમારા મનમાં કેવું ભૂત પેઠું કે અસુરથી ભય પામીને સમાધિમાં ઊતરી ગયા. અને ઓહોહો ! આ દેવાનંદ સંન્યાસી તો બહુ શૂરવીર ગણાય છે. એમનો હાકોટો વાગે તો ભલભલા ધ્રૂજી જાય. પણ જ્યારે અસુરો આવ્યા ત્યારે દેવાનંદ ન જાણે ક્યાં સંતાઈ ગયા ! દેવાનંદ તમે તો ભારે શૂરવીર. આવી રીતે ગમ્મતભર્યાં વચનો બોલતા શ્રીહરિ હસવા લાગ્યા. મુખ આડો રૂમાલ મૂકીને મહારાજ ઘણીવાર સુધી હસ્યા. આસુરી જીવો ભગવાન અને ભગવાનના ભક્તો સાથે હંમેશા લડતા જ આવ્યા છે. તેમ છતાં પણ ક્યારેય હજુ સુધી તેમનો વિજય થયો નથી. જેના પક્ષે ભગવાન પોતે હોય તેને અક્ષૌહણી સેનાનો પણ ડર નથી. મહાભારતના યુધ્ધ પછી એક પણ કૌરવ બચ્યો નહિ અને એક પણ પાંડવને કશું જ થયું નહિ. રામાયણમાં યુધ્ધના અંતે રામ, લક્ષ્મણ, જાનકીને કાંઈ થયું નહિ અને રાવણ પક્ષે કોઈ બચ્યું પણ નહિ. આમ હરિભક્તે અસુરોથી ગભરાવું નહિ પણ ભગવાનને શરણે રહેવું.

● **શ્રીહરિનું ખોખરા મહેમદાવાદમાં વિચરણ**

આ રીતે શ્રીહરિ જેતલપુરમાં થોડા દિવસ રોકાઈ ત્યાંથી સંતો તથા હરિભક્તો સાથે ખોખરા-મહેમદાવાદ પધાર્યા (આ ગામ હવે અમદાવાદ શહેરનું શાખા નગર બન્યું છે અને શહેરથી પૂર્વ-દક્ષિણ દિશામાં આવેલું છે). ત્યાં સત્સંગીઓએ ધામધૂમથી સામૈયું કરી ગામમાં પધરાવ્યા. ત્યાં નથુભાઈ વિપ્ર જે મેવાડા બ્રાહ્મણ સત્સંગી હતા તેમને ઘેર શ્રીહરિ ઊતર્યા સંતો બધા કાંકરિયા સરોવર ઉપર દક્ષિણ તરફ આંબલીઓની ઘાટી છાયામાં ઊતર્યા. શ્રીહરિ ખોખરામાં પધારેલા છે ને તેઓ ત્યાં પણ જરૂર યજ્ઞ કરશે એવી કર્ણોપકર્ણ વાત સાંભળી સત્સંગીઓ અને બીજા જનો પણ ખોખરા આવવા લાગ્યાં.



Final



આમ બહારગામથી દર્શન કરવા આવેલા બધા હરિભક્તોને ગામમાં ઉતાર્યા સંતો આખો દિવસ કીર્તનો ગાતા તથા જ્ઞાનવાર્તાઓ તથા ભગવાનનાં ચરિત્રોની વાતો કરતા અને નિર્માનીપણે રહેતા. અનેક લોકો તેમનાં દર્શન કરવા આવતા. શ્રીહરિ રોજ સવારે કાંકરીયા સરોવરે સત્સંગીઓ તથા પાર્ષદો સાથે સ્નાન કરવા આવતા. પાર્ષદો તથા કાઠીઓ ત્યાં બૂંદકોના ખૂબ અવાજો કરતા તેથી આખું સરોવર, વૃક્ષો, બંગલાઓ, નાળાંઓ વગેરે ગાજી ઉઠતું હતું. શ્રીહરિ પૂર્વ તરફના ગરનાળા પાસે ભક્તો સાથે જળક્રીડા કરતા. શ્રીનગરના સત્સંગીઓ તથા આજુબાજુનાં ગામોના સત્સંગીઓ હંમેશા શ્રીહરિનાં દર્શન કરવા ખોખરામાં આવતા. શ્રીહરિને હારો પહેરાવી પૂજા, આરતીઓ કરી, ફળો, મીઠાઈઓ વગેરે લાવીને ભેટ મૂકતા કેરીઓ પણ ખૂબ લાવતા. અમદાવાદ શહેર છે એટલે દરેક પ્રકારની વસ્તુઓ મળતી તેથી ઘણી નવીન વસ્તુઓ પણ લોકો લાવતા. શ્રીહરિ તે તમામ વસ્તુઓ સંતોને, પાર્ષદોને સાથેના દરબારોને તથા સત્સંગીઓને પ્રસાદ તરીકે આપતા. શ્રીહરિ દરરોજ સંતોને ઉતારે જઈ સભા કરતા. અને દર્શનનું તથા કથાવાર્તાનું સુખ આપતા.

શ્રીહરિ અમદાવાદ શહેરના સત્સંગીઓના અમંત્રણથી રોજ શહેરમાં પધરતા. ત્યાં સત્સંગીઓ શ્રીહરિને પોતપોતાના ઘરોમાં પધરાવી પૂજાઓ કરી ભેટો ધરી સેવાનો અલભ્ય લાભ લેતા શ્રીહરિ પણ પોતાનો અલૌકિક પ્રતાપ જણાવી. સમાધિઓ કરાવી તથા ઉપદેશ આપી ઘણા માણસોને પોતાના આશ્રિત બનાવી, સત્સંગનો ખૂબ પ્રચાર કરતા.

આ પ્રમાણે ખોખરા ગામમાં શ્રીહરિ અનેક લીલાઓ કરતા રોકાયા હતા ત્યાં વૈશાખ સુદી એકાદશી આવી. તે દિવસે શ્રીહરિએ નાનાભાઈ નામના ભક્તને કહ્યું કે પાંચ મણ પેંડા, બરફી લાવો, સંતોને ફરાળ કરાવીએ. ત્યારે નાનાભાઈએ કહ્યું કે બે મણ તો ઘણા

થઈ પડશે. ત્યારે શ્રીહરિ બોલ્યા કે દશ મણ લાવો. અવસર ગયો ફરી આવશે નહિ ત્યારે નાનાભાઈ દશ મણ પેંડા-બરફી લાવ્યા. તેમાંથી શ્રીહરિએ ફરાળ કર્યું. પછી સંતો, પાર્ષદો હરિભક્તોને પણ પેંડા, બરફી, કેળાં, કેરી વગેરે ખૂબ પીરસીને ફરાળ કરાવ્યું. અભ્યાગતો આવ્યા હતા તેમને પણ ફરાળ કરાવ્યું. પછી સભા કરી. તેમાં શ્રીહરિએ મર્મવાક્ય કહ્યું કે આજે અમે શ્રેષ્ઠ, મહાયજ્ઞ કરી લીધો. હે ભક્તજનો ! આ દેશમાં યજ્ઞ કરવા લાયક આ ગામ સિવાય બીજું ગામ નથી. પરંતુ આ ગામમાં યજ્ઞ નહિ થાય કારણ જગ્યાની સંકડાશ છે. પંરતુ આ ગામના સમીપે યજ્ઞકુંડમાં કહેતા માનભેદ સ્થાનમાં હોમ થશે જે હોમ જાણીને સર્વે જનો યજ્ઞ સારો કર્યો તેમ કહેશે. આવાં શ્રીહરિનાં મર્મવચનો સાંભળી સંતો વગેરે બધા આશ્ચર્ય પામ્યા પણ મર્મમાં કોઈ સમજ્યા નહિ. એટલે શ્રીહરિને પૂછ્યું ત્યારે શ્રીહરિએ કહ્યું કે એ તો થશે ત્યારે સમજાશે. પહેલેથી કહેવામાં રસ આવે નહિ.

શ્રીહરિ ખોખરામાં રહ્યા તે દરમિયાન સંતો શહેરમાંથી શાખાનગરોમાથી ઝોળી માગી લાવી તે અન્નને શુદ્ધ કરી તેના ગોળા કરી જમતા. ત્રણ વર્ણના ઘરેથી જ ભિક્ષા માગી લાવતા. માંદા સંતોને તેમને માફક આવે તે પ્રમાણે જમાડતા. સત્સંગીઓ પણ સંતોની રુચિ પ્રમાણે સેવા કરી રાજી કરતા.

બારશના દિવસે મોટા આસુરી સૈન્યે ગોમતીપુર (ખોખરાની પાસેનું ગામ જે અમદાવાદ શહેરનું પરૂં છે) ગામમાં ને તેના સીમાડામાં પડાવ નાખ્યો. અહી શ્રીહરિના દ્વેષી લોલંગર બાવાનો મુકામ હતો. તેઓ સઘળા બંદૂકો, તલવારો, ભાલા વગેરે શસ્ત્રોથી સજ્જ હતા. ભયંકર દેખાવના, લાલ તથા કાળા રંગના તંબુઓ નાખીને રહેલા હતા. વાહનો પણ ઘણાં હતાં. ગામોગામ ફરી લોકને ડરાવી ધન લૂંટતા, ફાવે તેમ અનીતિ કરતા તો પણ રાજાઓ તેમને



Final



રોકતા કે શિક્ષા કરતા નહિ તેથી ઉદ્ધત થઈ ગયેલા હતા. રાજાઓ પણ તેમનાથી ડરતા. આવા ભેખધારીઓ ત્યાં રહ્યા થકા બોલવા લાગ્યા કે સ્વામિનારાયણ ખોખરામાં યજ્ઞ કરવાના છે તેનો ભંગ કરવો છે. કારણ કે તેમણે બીજા બધા મતો કરતાં વિશિષ્ટ મત ચલાવ્યો છે તેથી બીજા મતો ઝાંખા બની ગયા છે. માટે જ્યારે આપણી બંદૂકોના અવાજો થશે ત્યારે પક્ષીઓ જેમ અવાજ સાંભળીને ઉડી જાય છે. તેમ તેઓ પણ આપણી બીકથી અહીંથી ભાગી જશે. તેમના સંતો પણ ઘણાં જ આકરાં વર્તમાન પાળે છે. તેથી લોકો તેમને બહુ માને છે. માટે તેમાંથી પણ જો બે ત્રણ જણા હાથમાં આવે તો તેમને બાંધીને પશુની પેઠે ખૂબ મારવા જેથી તેઓ આપણને નમીને ચાલે.

- **નિર્દોષ સંતો પર અત્યાચાર**

શહેરમાંથી ભિક્ષા માગીને આવતા યોગાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી તથા અરિહંત્રાનંદ સ્વામી, એ ચારેય સંતોને દેખીને તેઓ એકદમ તેમની પાસે જઈ ગાળો દેતા દેતા તેમને પકડ્યા, ઝોળી માગી લાવ્યા હતા તે બધું પડાવી લીધું અને માથે લાકડાના ભારા ઉપડાવી પોતાના મુકામે લાવ્યા. ત્યાં હાથ બાંધી જોડાથી તથા પગની લાતોથી ખૂબ માર્યા. મારથી સંતો મૂર્છિત થઈ ગયા. બરડામાંથી લોહી નીકળવા માંડ્યું ત્યાં સુધી માર્યા. તે જોઈ તે બાવાઓમાં આગેવાન એક વૃદ્ધ વેરાગીને દયા આવી. તેણે સંતોને છોડીને કાઢી મૂક્યા અને મારનારાઓને ખૂબ ધમકાવ્યા. તેથી તેઓમાં અંદરો અદંર કલહ થયો. પેલા વૃદ્ધ વેરાગીએ કહ્યું કે મેં સંતોને મારવાનું ક્યાં કહ્યું હતું ? છતાં તમોએ પૂછ્યા વિના માર્યા તેથી તમારા પાપે તમારું ઠેકાણું નહિ રહે, અને તમોએ તમારાં માથાં તમારા હાથે જ કાપ્યાં છે. શાંતિથી રસ્તે ચાલ્યા જતા નિર્માની અભ્યાગતોને તમોએ વગર વાંકે માર્યા છતાં તેમણે તમને એક ગાળ

પણ દીધી નહિ. તેમ જ બીજી રીતે પણ કાંઈ પ્રતિકાર કર્યો નહિ. ગરીબ શાંતિ મૂર્તિ સંતોને તમે દુઃખ દીધું તે તમોએ ભારે પાપ કર્યું છે. તેનું ફળ તમોને ચોક્કસ મળશે. ત્યારે આસુરી મતિવાળા તેઓ ઉદ્ધતાઈથી બોલયા કે અમને કોઈનો ડર નથી. તમે ડરતા હો તો બેસી રહો. એમ અંદરો અંદર બોલાચાલી થઈ.

ચારેય સંતો તો જેમ વાઘના પંજામાંથી હરણ છૂટીને ભાગે તેમ વિરોધિઓના હાથનો ઘણો જ માર ખાઈ છૂટકારાનો દમ ખેંચી એકદમ જ્યાં શ્રીહરિ સભા કરી બિરાજ્યા હતા. ત્યાં ગયાં. સંતોના બરડામાં વાગવાથી રુધિર વહેતું હતું. ઘણો માર પડવાથી ધીરજ રહિત થયેલા સંતોનાં નેત્રોમાંથી આંસુઓ ચાલ્યાં જતાં હતાં. અત્યંત દુઃખી જણાતા સંતોને જોઈ શ્રીહરિએ દુઃખનું કારણ વિગતવાર જણાવવા કહ્યું. એટલે સંતોએ દુઃખી હૃદયે વિગતવાર વાત કરી. તે સાંભળી શ્રીહરિની રોમાવળી ખડી થઈ ગઈ નેત્રો લાલચોળ થઈ ગયાં અને આવેશમાં આવી બોલ્યા કે ભૂમિ ઉપર આવી અનીતિ કરનારા કોણ છે ? કીડી જેવા જીવને પણ ન દુઃખવે એવા, રસ્તામાં શાંતિથી ચાલતા અમારા સંતોને પકડીને આવો જુલમ કર્યો ! એમ વાત કરતાં શ્રીજીની ભ્રકુટી જરા વક્ર થઈ. જો કે સ્વયં શ્રીહરિ સંકલ્પ માત્રથી જ તે વિરોધીઓનો નાશ કરવા સમર્થ છે છતાં પણ ક્ષમાની મૂર્તિ શ્રીહરિએ તેનો સંકલ્પ ન કર્યો. પરંતુ એટલું વચન બોલ્યા કે શાસ્ત્રોમાં કહ્યું છે કે,

हति श्रेयासि सर्वाणिपुंसो महदतिक्रमः

- **મોટા પુરુષોના અપરાધથી મનુષ્યોના સર્વ પુણ્યોનો નાશ થાય છે.**

માટે હે મુનિઓ ! મૂઢ એવા તે અસુરોએ નિરપરાધી આ વૃદ્ધ મુનિઓને માર્યા છે તેથી તેમનું આ લોકમાં તથા પરલોકમાં શું સારું થશે ? માટે હે સંતો ! જેમ આ લોકમાં કોઈ મનુષ્યને ભય આવે



Final



ત્યારે તે પોતાની સમગ્ર સંપત્તિને પ્રથમથી જ નિર્ભયસ્થાને મોકલી દે છે. તેમ અમારી અત્યંત વહાલી સંપત્તિરૂપ સાધુ એવા તમોને નિર્ભય સ્થાને મોકલવા મેં નિર્ણય કર્યો છે. કારણ કે તમો અમારા સ્વરૂપના અલૌકિક સુખના અધિકારી છો. અમારા ધામનાં જે સુખો છે તેની આગળ અનંતકોટી બ્રહ્માંડનાં સુખો સૂર્ય પાસે દીવા જેવાં દેખાય છે. એવા અમારા ધામના તમો અધિકારી છો. તમારા દ્વારે અનેક જીવોનો મોક્ષ કરવો છે. તમો મોક્ષના બીજરૂપ છો. અહિનો રાજ્યનો વડો અધિકારી અનીતિથી ભરેલો છે. તેથી તમારા જેવા ક્ષમાવંત સંતોને અસુરો પીડે છે. તો પણ તે લોકોને તે કંઈ શિક્ષા કરતો નથી. માટે નીતિ વિનાનો રાજા હોય ત્યાં તમારા જેવા નિર્માની સંતોએ રહેવું ન જોઈએ માટે અત્યારે તમો, સુરત શહેર જાઓ. કારણ સુરતમાં નીતિવાળો રાજા આવ્યો છે. નીતિમાન રાજા હોય ત્યાં બધા કામ સુધરે. સમય વિના ફળ, ફુલ આવે નહિ. સમય આવે બધાં કામ સારાં થશે. નીતિવાળો રાજા સુરત સુધી આવ્યો છે. ભરૂચ સુધી તેનાં મુળ રોપાયાં છે. વડોદરા સુધી તેની છાયા પડી છે. વારંવાર વિચાર કરી તે પોતાનું રાજ્ય જમાવે છે. નીતિ વિનાના રાજાને કબજે કરે છે. માટે ત્યાં જે ગવર્નર નીતિથી રાજ્ય કરે છે. તે ગર્વનર તમારું રક્ષણ જરૂર કરશે. તેથી મુકતાનંદ સ્વામી. રામદાસ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી સિવાય તમો બધા હાલ સુરત જાઓ. સુરત જતાં માર્ગમાં આ સૂબાની હદમાં તમારે ક્યાંય પણ ન રહેવું.

શ્રીહરિનાં વચનો સાંભળી સંતો બોલ્યા કે તમે અમારા જીવનપ્રાણ છો. તેથી આપને છોડતાં કેમ સુખ થાય ? આવા વિષમ કાળમાં આપને કેવી રીતે છોડી શકીએ ? આપને છોડીને જવું અમને યોગ્ય ન લાગે. ત્યારે શ્રીહરિએ કહ્યું જે તમારો મુખ્ય ધર્મ નિર્માનીપણાનો છે. તો પછી તમો વિષમ કાળમાં અમારી કેવી રીતે સહાય કરી શકશો ? નિર્માનીરૂપી ખડગથી જગત જીતી શકાશે. માટે

તમો જાઓ તેમાં જ જીત છે. પણ રહેવામાં નથી. અમો હિતની વાત કહીએ છીએ, માટે વિશ્વાસ રાખો. અમારે જે કામ કરવાનું છે તે થયું નથી તેથી શ્રીહરિ પ્રસન્ન થયા. ફક્ત આગળ જણાવ્યા તે ત્રણ સંતોને જ પોતાની પાસે રાખ્યા. હરિભક્તોમાં ક્ષત્રિય સિવાયના બીજા તમામ હરિભક્તોને પણ પોતપોતાના વતનમાં જવા વિદાય કર્યા. ખરા શૂરવીર ભક્તોને જ પોતાની પાસે રાખ્યા.

પછી ક્ષત્રિયાદિ શૂરવીર ભક્તો પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે સંતો, બ્રાહ્મણો, ગાયો, ગરીબો, વગેરેનું રક્ષણ કરવાનો તમારો ધર્મ છે. અને તે ધર્મનું પાલન કરવાથી જ જગતમાં મોટા મોટા શૂરવીર અને ધીરજવાળાનો યશ અત્યાર સુધી ગવાય છે. ધીરજને હિંમત કઠણ સમયમાં દેખાય છે. ખરા સમયે પીઠ ફેરવે નહિ તે સાચો ક્ષત્રિય છે. એક સિંહ લાખ શિયાળોથી પણ ડરે નહિ. ક્ષત્રિય, સર્પ અને સિંહ એ ત્રણેયનો એક સરખો જ સ્વભાવ છે. તેઓ પહેલાં કોઈનું નામ ન લે પણ જો કોઈ પહેલાં તેમને છંછેડે તો પછી તેને છોડે નહિ. ધર્મવાળા ક્ષત્રિયો પ્રથમ ઘા કરે નહિ, ગાળો બોલે નહિ ધર્મવાળા સંતો તથા વિપ્રોની ક્ષત્રિયોએ રક્ષા કરવી જોઈએ. કારણ અપરાધ વિના ધર્મિષ્ઠનો દ્રોહ કરે તો મહા પાપ લાગે છે. નીતિ વિના રાજાઓ આંધળા અને બહેરા ગણાય છે. હાલમાં કેટલાક રાજાઓ અનીતિમય બની ગયા છે. તેથી સાચા સંતોનું રક્ષણ થતું નથી. ધર્મની રક્ષા કરવા માટે ક્ષત્રિય જો શરીર ત્યજે તો કીર્તિ જગતમાં વૃદ્ધિ પામે છે. માટે આજે આવેલો અવસર સુધારી લેવો. ત્યારે શૂરવીર ભક્તો બોલ્યા કે આપની આજ્ઞા એજ અમારો ધર્મ છે. આપ તથા સંતોને માટે અમો અમારા પ્રાણ પણ આપવા તૈયાર છીએ. આપ અમારી તરફ છો અને રાજી છો તેથી અધિક અમારે શું જોઈએ ? અધર્મીઓને તો અમો તૃણ જેવા તુચ્છ ગણીએ છીએ.



Final



આ રીતે આગળ કરવાના કાર્યની યોજનાની વાતો કરતાં ત્રણ પહોર રાત્રી વીતી ગઈ પછી એક પહોર શ્રીહરિ પોઢ્યા. પ્રભાતે વહેલા જાગીને ક્ષત્રિયો પ્રત્યે બોલ્યા કે, તમો દરેક આયુધો બાંધીને તૈયાર થાઓ. અને ઘોડેસ્વારો ઘોડે બેસી ઢાલ અને કવચ સજીને આવો. આપણે કાંકરિયા સરોવરમાં સ્નાન કરવા જવું છે. બાળકો વૃદ્ધો અને સ્ત્રીઓએ પુરમાં ઉતારામાં રહેવું. બહાર નીકળવું નહિ. એમ દરેકને બરાબર સમજણ પાડી. પછી પોતે દરેકને પોતાનાં દિવ્યરૂપે દર્શન આપી અશ્વ ઉપર બેઠા. શ્રીહરિની સૂચના મુજબ બંદૂકોવાળા, ધનુષ્યબાણવાળા, તલવારોવાળા, ભાલાવાળા સૌ પોતપોતાના જૂથમાં ચાલતા હતા. કેટલાક તો શ્રીહરિની ચારેકોર બરાબર ખબરદાર થઈ ચાલતા હતા. બંદૂકોના અવાજો કરતા કરતા પુરમાંથી ચાલતા સૌ કાંકરિયા સરોવરે આવ્યા. શ્રીહરિ કાંકરિયામાં સ્નાન કરવા જતા આવતા હતા ત્યારે હંમેશા નીચેનું પદ ગાતા અને ગવરાવતા :-

"किल्ला लिया तनका, निरंजन निरगुणका ।
गढपर तोप जंजालु बाजे, जोतां सैन कायरका भागे ॥
त्यां लडे सद्गुरु संत सिपाई, किल्ला सुरतका ।
पांच पचीसकुं जोहर कीना ॥

કાંકરિયે શ્રીહરિએ બધાની સાથે સ્નાન કર્યું. પછી સભા કરી બિરાજ્યાં. ત્યાં ચાર અસુરો છાના જોવા માટે આવ્યા હતા તે આવું શૂરવીરતાભર્યું વાતાવરણ જોઈ સ્તબ્ધ થઈ ગયા. તે વખતે અમદાવાદ શહેરમાંથી ઘણા બધા સત્સંગીઓ આવ્યા હતા. તેમણે કેસર, ચંદન, પુષ્પથી શ્રીહરિની પૂજા કરી હારો પહેરાવી આરતી કરી, સ્તુતિ કરતાં કહ્યું કે હે પ્રભો ! આપના સંકલ્પનું ઉલ્લંઘન કરવા કોઈ સમર્થ નથી. ધર્મ અને ભક્તિનું સ્થાપન કરવા આપ પ્રગટ થયા છો. અધર્મનો નાશ કરવા આપે ધાર્યું છે. તો હવે તેની ઉપેક્ષા કરશો નહિ. આપ

સમર્થ છો. જે અક્ષરના સાધર્મ્યપણાને પામવા માટે બીજા ધામના મુક્તો તપ વગેરે સાધનો કરી પુરૂષાર્થ કરે છે, તે અક્ષર પણ આપની આગળ તુચ્છ જેવું ગણાય છે. આપનો પ્રતાપ તો આપ જેટલો કહો અથવા દેખાડો તેટલો અમે કહી શકીએ. સંપૂર્ણ આપનો પ્રતાપ તો આપ પણ કહી શકો નહિ એવો અપાર છે. હવે જે કારણ માટે આપ અહીં આવ્યા છો તે અધુરું છોડશો નહિ. આટલી અમારી વિનંતી છે. હરિભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને બોલ્યા કે તમારા મનોરથો પૂર્ણ કરીને જ અમારે ધામમાં જવું છે એમાં સંશય નથી.

આમ ખૂબ વાતો કરતાં એક પહોર દિવસ ચઢતાં સુધી શ્રીહરિ ત્યાં બેઠા. પછી પુરમાં આવ્યા. ત્યાં ગામથી પૂર્વ તરફ ખાલી જગ્યા હતી ત્યાં સભા કરી બિરાજ્યા. ત્યાં ખોખરાના મુખીને બોલાવ્યા. શ્રીહરિએ તેમને સત્સંગની રીત તથા સંત હરિભક્તોના ધર્મ કહી સંભળાવ્યા તથા બીજી કેટલીક સમયોચિત વાતો કરી. તે સાંભળી મુખી રાજી થયા.

● **ખોખરા મહેમદાવાદમાં નરમેધ યજ્ઞ**

પછી શ્રીહરિ નથુ વિપ્રને ત્યાં ભોજન કરવા પધાર્યા. મુક્તાનંદ સ્વામી શ્રીજીની આજ્ઞાથી પુરની બહાર (હાલમાં જ્યાં છત્રી છે ત્યાં) પાટ ઉપર બેસીને વાતો કરતા હતા. દૈત્યાંશ વેરાગીઓ જમીને લડવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે તેમના એક આગેવાન વેરાગીએ કહ્યું કે તમો અન્યાયનું કામ કરવા જાઓ છો. પણ તેમાં તમો ફાવશો નહિ. સ્વામિનારાયણે તમારું શું બગાડ્યું છે ? જીવનો મોક્ષ થાય તેમ શિષ્યોને ધર્મ પળાવે છે. ઘોર કળિયુગમાં આવા પુરુષો મળવા ઘણા જ દુર્લભ છે. તમારાં અંદરના અને બહારના બેય નેત્રો ફૂટી ગયાં છે તેથી તમો અંધ બની ગયા છો. એટલે સારા સારનો તથા કર્તવ્યા કર્તવ્યનો વિચાર કે વિવેક તમારામાંથી નાશ પામ્યો છે કરોડો



Final



પતંગીયાં ભેગાં થાય પણ સૂર્યના તથા અગ્નિના પ્રકાશને ઢાંકી શકે નહિ. તેમ તમારામાં રહેલા અધર્મથી તમો ધર્મને દબાવી શકશો નહિ. એમ ઘણું સમજાવ્યા તો પણ અપરાધથી જેમની બુદ્ધિ નષ્ટ પામી છે એવા આસુરી બુદ્ધિવાળા તેમણે તેમનું માન્યું નહિ અને ગાંજો-ભાંગ વિગેરે કેફી પદાર્થોનું પાન કરી મદોન્મત બની હડકાયા શ્વાન જેવા તેઓ ભરેલી બંદૂકો તથા અનેક પ્રકારનાં બીજાં હથિયારો લઈને ચાલ્યા. અપશુકનો ઘણા થયા પણ વિનાશ કાળે વિપરિત બુદ્ધિ જેવું થવાથી ભાન ભૂલેલા તેઓએ આવી ખોખરા ગામને ચારે તરફથી ઘેરી લીધું. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ દૂરથી આ બધું દૃશ્ય જોયું અને વેરાગીઓને ક્રોધે ભરેલા જોયા. એટલે ઈશ્વરની પ્રેરણાથી મુક્તાનંદ સ્વામી આદિક ત્યાંથી એકદમ સ્થાન છોડી ગયા. કેટલાક વેરાગીઓ તેમને મારવા પાછળ દોડ્યા પણ સ્વામી તો ઉતાવળા ગામમાં પેસી ગયા. વેરાગીઓએ પાછળ બંદૂકોના અવાજો કર્યા પણ એકેય ગોળી કોઈને વાગી નહિ. આ પ્રમાણેનું તોફાન જોઈ ગામની બાઈઓ બજારમાં આવી વચ્ચે ઊભી રાખી. વાઘણ જેવી શૂરવીર તે બાઈઓએ મરવાનો પણ ભય રાખ્યા વિના તે વેરાગીઓનો સામનો કરી તે દુષ્ટોને પાછા હટાવ્યા. અને સ્વામીને એક ઘરમાં સંતાડી દઈ બચાવી લીધા. શ્રીહરિએ આજ્ઞા કરેલી છે કે આપત્કાળમાં ત્યાગીઓએ સ્ત્રીઓ સાથે અને સ્ત્રીઓને ત્યાગીઓ સાથે બોલવામાં કે અડવામાં બાધ નથી, તે આજ્ઞા સ્ત્રીઓ પણ જાણતી હતી તેથી સ્વામીને તથા સ્ત્રીઓને આ પ્રસંગે અડવા બોલવામાં કાંઈ પણ સંશય થયો નહિ.

તે સમે વેરાભાઈ નામના ગરાસીઆ ત્યાગી થઈને મુક્તાનંદ સ્વામી પાસે સેવામાં રહેતા હતા. તેમનું નામ પરમાનંદ સ્વામી હતું. તેમણે આ દૃશ્ય જોઈને એમ માન્યું કે સંતની રક્ષા કરવા માટે આપત્કાળમાં ધર્મ છોડાય તેનો દોષ નથી અને હું ક્ષત્રિય છું ને મારી

હાજરીમાં આવા મોટા સંતને આ દુષ્ટો મારવા આવ્યા છે તે વ્યાજબી નથી અને અત્યારે જો આ દુષ્ટોનો સામનો કરી સ્વામીને બચાવીશ તો મારું પરાક્રમ જોઈ મહારાજ મારા ઉપર રાજી થશે. ને જો મરીશ તો આ લોકમાં ને પરલોકમાં મારી કીર્તિ થશે. પણ મારી પાસે કાંઈ હથિયાર નથી તેથી શું કરવું ? એમ વિચાર કરી હિંમત કરી હથિયાર વિના જ સંતની એક ગોદડી હતી તેને ઢાલની પેઠે હાથમાં રાખી. જેમ સિંહ ઘેટા ઉપર દોડે તેમ તે વૈરાગીઓની સેના મધ્યે પડીને એક જણાની તલવાર ઝૂંટવી લઈ તેને મારી નાખ્યો અને બીજા ચાર જણાને માર્યા. તેટલામાં બીજા ઘણા પટા ખેલનારા વેરાગીઓએ આવીને તેમને ઘેરી લીધા. તેજ વખતે દૈવ યોગે વેરાભાઈની તલવાર ભાંગી ગઈ, તેથી લાગ જોઈ વેરાગીઓએ તેમને ઘાયલ કર્યા. તોપણ ગદડા પાટુથી લડવા લાગ્યા. ત્યાં ડાંગરવાના ડાભી અમરાજી વગેરે સ્નાન કરવા ગયા હતા તેમને ખબર પડી કે ગામમાં મહારાજને તથા મુક્તાનંદ સ્વામીને મારવા ઘણા વિરોધીઓએ તોફાન કરવા માંડ્યું છે તેથી તેઓ જલ્દી ગામમાં આવ્યા ને જોયું તો વેરાભાઈ વેરાગીઓથી ઘેરાયેલા હતા. એટલે પડકાર કરીને ક્ષત્રિયો બોલ્યા કે ખબરદાર રહેજો. લંગોટાઓ ! એના એ પગે ઊભા રહેજો. હવે ખબર પડશે કે કેવી રમત થાય છે. એમ કહી લડવાનું શરૂ કર્યું અને પંદર વીશ જણાને માર્યા. ને ઘાયલ થયેલા વેરાભાઈને તથા મુક્તાનંદ સ્વામીને લઈને શ્રીહરિ પાસે ગયા. શ્રીહરિને આ બધી બીનાની ખબર ન હતી. પણ મુક્તાનંદજી સ્વામી આદિએ ઉપરના તોફાનની વિગતવાર બીના કહી તે સાંભળી શ્રીહરિએ વેરાભાઈ (પરમાનંદ સ્વામી) પોતાનો ત્યાગીનો નિર્માનીપણા વગેરેનો ધર્મ ચૂક્યા તે બદલ તેમને ઠપકો આપ્યો. (આ બાબતમાં એમ પણ જાણવા મળે છે કે શ્રીજીએ તેમને પછી ધોળાં પહેરાવ્યાં હતાં) અને તેમને સારવાર કરવા એકાંતમાં મોકલી આપવા ભલામણ કરી. તે સમય



Final



દરમ્યાન પેલા વિરોધીઓ નથુ ભટ્ટના ઘરે જ્યાં શ્રીહરિ જમવા બેઠા હતા ત્યાં હલ્લો લઈને આવ્યા. ઘરનું દ્વાર બંધ હતું અને ત્યાં સલકી ગામના દયાળજીભાઈ તથા તેમના બધા શૂરવીર માણસો ધનુષ્યબાણો તથા તલવારો વગેરે હથિયારો લઈને રક્ષણ કરવા બારણા પાસે ઊભા હતા. કારણ કે સર્વાન્તર્યામી શ્રીજીમહારાજ પ્રથમથી જ આ નરમેઘ થવાનો છે તે જાણતા હતા. તેથી અગાઉથી જ તે અંગેની બધી વ્યવસ્થા ગોઠવી રાખી હતી. અસુરોએ પોતાના ઘરે આવેલા જોઈ નથુભાઈ વિપ્રે તેમની પાસે આવીને કહ્યું કે તમો ભેખ છો અને અમો બ્રાહ્મણ છીએ. તો તમારે અત્યારે મારા ઘરે આ તોફાન ન કરવું જોઈએ. અને મારી લાજ રાખો તો સારું. અને જો મારી આ વાત નહિ માનો તો મારી દીકરીને તમારી આગળ લાવીને પટકીને મારી નાખીશ. તેની તમોને સ્ત્રી હત્યા લાગશે. તોફાનીઓ બોલ્યા કે અમોને તેવી હત્યાનો ડર નથી.

આ પ્રમાણે બેફામ બોલતા બોલતા તેઓ નથુ ભટ્ટના ઘરની વંડી ઉપર ચડીને અંદર જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તે બાવાઓને શ્રીહરિના રક્ષકો ઉપર આવતા રોકતા હતા. ગામના લોકો પણ તે વેરાગીઓને તોફાન નહિ કરવા સમજાવતા હતા. છતાં પણ તેઓ પાછા ખસતા નહોતા ત્યારે શ્રીજીની સેનાના શૂરવીર ક્ષત્રિયો શ્રીહરિને કહેવા લાગ્યા કે હે મહારાજ ! અમને આપ આજ્ઞા આપો તો તે દુષ્ટોના બળને અમે જોઈએ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે જરા ધીરજ રાખો, કારણ કે ગામના માણસો તેમને વારે છે ત્યાં સુધી આપણે લડાઈ કરવી નથી. પરંતુ તેઓ મદાંધ છે. તેથી કોઈના વચન માનશે નહિ. તો પછી આપણે મુખીના કહેવા પ્રમાણે છેલ્લો દંડ કરીશું ત્યારે તમો યુધ્ધ કરજો. એમ કહીને શ્રીહરિએ શકટવ્યૂહ આદિ લડાઈના વ્યોહ તથા બીજા લડવાના ઉપાયો બતાવ્યા.

● **મુખીએ પડકારો કરીને કહ્યું મારો મારો શું જોઈ રહ્યા છો ?**

પછી ગામના મુખી પણ લડાઈની વાત સાંભળીને ત્યાં આવ્યા અને બોલ્યા કે લંગોટાઓ ! બેફામ થઈને ગામમાં કેમ આવ્યા છો ? સ્વામિનારાયણે તમારો ક્યો ગરાસ લઈ લીધો છે કે તેમની સાથે તોફાન કરવા આવ્યા છો ? અમો ગામના મુખી છીએ. અમારા બોલાવ્યાથી તેઓ અહીં આવ્યા છે. માટે તોફાન કર્યા વિના ચાલ્યા જાઓ તો સારુ. તમે તેમના યજ્ઞનો ભંગ કર્યો છે તેનું ખરાબ ફળ જરૂર તમને મળશે. ત્યારે અસુરો બોલ્યા કે તમો અત્યારે દૂર રહો, નહિ તો માર્યા જાશો. એમ કહી એક જણે તલવાર ખેંચી મુખી ઉપર ઘા કર્યો. તે ઘા હાથરોલી ગામના રતુ ખાંટે ઝીલી લીધો. ત્યારે મુખીએ શ્રીહરિના શૂરવીર ક્ષત્રિયોને આજ્ઞા કરી કે હવે આ હડકાયા કૂતરાઓને મારો, શું જોઈ રહ્યા છો ? હડકાયા કૂતરા યોગ્ય અયોગ્ય જોતા નથી. તેમ આ લોકો પણ તેવા ઉન્મત્ત છે. માટે દયા રાખવાની જરૂર નથી. આ માથાં કાપી નાખવાની શિક્ષાને યોગ્ય છે. જગતને પીડા પમાડનારા આવા લોકોને મરવા તેના જેવો બીજો યજ્ઞ નથી મુખીની વાત સાંભળી ક્ષત્રિયોએ શ્રીહરિની આજ્ઞા માગી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે મુખી કહે તેમ કરો. પ્રભુનું વચન સાંભળી ભક્તોએ માન્યું કે શ્રીહરિની આજ્ઞા મળી ગઈ. એટલે બધા ક્ષત્રિયો હથિયારો લઈ બાવાઓના સામે થયા. તેથી બીકના માર્યા કેટલાક અસુરો ભાગી ગયા અને કેટલાક લડવા સામે આવ્યા. તેમાંથી કેટલાકના માથાં ક્ષત્રિયોએ કાપી નાખ્યાં. કેટલાકના હાથ, પગ, નાક વગેરે અંગો કપાયાં. આ રીતે લડાઈમાં ઘણા જ વેરાગીઓ મરાયા તે જોઈ બીજા ત્યાંથી ભાગવા લાગ્યા. એટલે ક્ષત્રિયો તેમની પાછળ દોડ્યા. એટલે તેમને શ્રીહરિએ પાછા બોલાવ્યા અને કહ્યું કે લડાઈમાંથી જે ભાગે અથવા શસ્ત્રો નીચે મૂકી દીધાં હોય તેવાઓને મારવાથી અધર્મ થાય



Final



છે. માટે તેવાઓને મારવા ન જોઈએ. પછી લડનારા સર્વે હરિભક્તોને કહ્યું જે તમને શાબાશ છે કે તમે અમારી તથા સંતોની રક્ષા કરીને તમારી સર્વ પ્રકારે જીત થઈ. હવે આપણાં જેટલાં માણસો ઘાયલ થયા હોય તેમને સલકી ગામ તથા ઘોડાસર ગામે મેવાસરૂપી (સંરક્ષિત) સ્થાનકે પહોંચાડો ને ત્યાં તેમની સારી સેવા ચાકરી તથા દવા વગેરે કરજો. કરાવજો. અમો તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ. તેથી તમારી આ લોકને વિષે તથા પરલોકને વિષે સર્વે પ્રકારે ખબર રાખીશું. એમ દરેક રીતે ભલામણ કરી.

પછી શ્રીહરિએ વિચાર કર્યો કે હાલ અહીંયાં રહેવું તે યોગ્ય નથી. એમ માની ત્યાંથી ચાલવા તૈયાર થયા. પોતાનો ઘોડો તૈયાર કરાવી તેના ઉપર બેસી પોતે ચાલ્યા. ત્યારે ગામ ધમડકાના રાજા રામસિંહજી તથા બંધીયા ગામના બે જાડેજા રાજાઓ તથા ડાંગરવાના અગરાજી તથા અમરાજી વગેરે ક્ષત્રિયો પોતાનાં હથિયારો બાંધી શ્રીહરિને ચારે તરફ વીંટળાઈ ચાલવા લાગ્યા. પુરનાં માણસો શ્રીહરિનો જયજયકાર કરવા લાગ્યા. શ્રીહરિએ કહેલું તેવો આ નરમેઘ થયો તેથી લોકો સ્તબ્ધ થઈ ગયા. અને તોફાનીઓને ફિટકાર કરવા લાગ્યા. શ્રીહરિ બજારમાં આવ્યા ત્યાં મરાયેલા અનેક અસુરોનાં શબો પડ્યાં હતાં. તે ભંયકર દેખાતાં હતા તે જોઈ શ્રીહરિ બોલ્યા કે પરશુરામ જેવા વિપ્રને આવા નરમેઘ યજ્ઞો ગમે. પૂર્વદેશના વિપ્રો ક્ષત્રિયોની આજીવિકાથી જીવે છે. તેઓ આવા નરમેઘ યજ્ઞો કરતાં ડરતા નથી. ત્યાગી માત્ર આયુધો રાખે તથા ધન, સ્ત્રી, રાખે તે જગતના લાંછનરૂપ છે. એમ વાતો કરતા શ્રીહરિ ખોખરા મહેમદાવાદ ગામ બહાર આવ્યા. અસુરોનો સંહાર થયેલો જોઈ દેવતાઓએ શ્રીહરિ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. સદ્‌ગુરુ નિષ્કુલાનંદ સ્વામી કહે છે કે,

"હરિ હરિજન હેતુ સૌના, કલ્પવૃક્ષ સમ કહેવાય.
તેમાં જે જન જેવું ચિંતવે, તેને તે તેવું થાય. ૪૪
નરતન ધરી નાથજી, વળી સૂર્ય સમ શોભે ઘણું,
પણ પાપીને ન પડે પાધરું, નડે પાપ પોતાતણું. ૪૫
એમ ભાર ઉતાર્યો ભૂમિનો, વૈશાખ વદિ ચતુર્દશી,
તેદિ પાપી મારિયા જે, આવ્યા'તા મારવા ધશી. ૪૬

*(ભક્તચિંતામણિ ૫૮)*

- **આગેવાન ૧૮ દૈત્યો (વેરાગીઓ) હતા તેમને તરવારના ઝાટકે માર્યા.**

વિ.સં. ૧૮૬૫ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અમદાવાદ પધાર્યા હતા ને સાથે પર્વતભાઈ, મુળુભાઈ બંને ચમર કરે છે ને મહારાજ કાંકરિયે તળાવ થઈને ખોખરે પધાર્યા, અને સભા કરીને ગામ બહાર બેસતા હતા. પછી ગામમાં પધારીને થાળ જમ્યા પછી પોઢી ગયા. ત્યારબાદ શ્રીહરિ જાગીને કાંકરિયા ન્હાવા ગયા. તે સમયે શ્રીહરિની સાથે સર્વે પરમહંસ, સંન્યાસી તથા ગૃહસ્થ જે અગરોજી, જાલોજી, દયાળજી, ભગુ ખાંટ એ આદિક હથિયારબંધ સાથે હતા. પછી મહારાજ કાંકરિયામાં નાહ્યા. પછી ઘોડીએ અસવાર થઈને ઉતારે આવ્યા અને સંતો શહેરમાં ઝોળી માગવાં ગયા અને તળાવ ઉપર આવીને ગોળા વાળીને હાથમાં લઈને જમતા. તે કોઈકે ફેરો પૂરું થાય, ને ના પણ થાય પરંતુ મહારાજની મૂર્તિના સુખે આનંદમાં રહે.

શ્રીહરિએ શૂરવીરપણાની વાતો કરીને પોઢી ગયા. સવારે જાગીને બોલ્યા જે આજ સૂર્ય કેવો ઊગ્યો છે ! જાણે રુધિર વરસતો હોય ને શું ? પછી બોલ્યા જે જે સરબંધી હોય ને નાહવા ચાલો, બીજા આવશો નહિ. પછી ઘોડીએ પલાણ મંડાવીને તે પર બેસીને ચાલ્યા. તે ઘોડી પણ અસવારને ઓળખી ગઈ અને પૃથ્વી પર પગ



Final



માંડે નહિ તેમ ચાલવા લાગી. પછી કાંકરિયામાં જઈને નાહ્યા અને અસવાર સાથે ગામમાં આવીને બાઈઓના કહ્યું જે કાળ વિસમ હોય ત્યારે ઘર પર ચઢી જજો અને નળિયાથી પ્રહાર કરજો. પછી થાળ જમજ્યો.

તે સમે અસુરોએ આવીને ખોખરા ગામને ઘેરો ઘાલ્યો. આવીને મારવા માંડ્યા અને મહારાજના સેવક જે વેરાભાઈ તથા ભગુ ખાંટ તેમના ઉપર ઘા કર્યા. પછી સુભટો બોલ્યો કે હે મહારાજ ! હવે અમે કેમ કરીએ ? ત્યારે મહારાજ કહે, તમે તમારો ક્ષત્રિયનો ધર્મ સંભારો, તે પ્રમાણે કરો. પછી તે જ ક્ષત્રિયોએ દૈત્યને બાણે કરીને તથા તલવારે કરીને જે આગેવાન દૈત્યો (વૈરાગીઓ) હતા તેમને અઢારને તલવારોથી સુવાડી દીધા. તે બધા પટના રમતલ હતા. તે સમે દયાળજી તથા જાલોજી વગેરે ક્ષત્રિયોએ રણસંગ્રામ કર્યો. તે અર્જુનના બાણ છૂટે તેમ અને ભીમની ગદાની જેમ તલવારો અસુરો ઉપર તૂટી પડતી અને હોકારો કરે તે વખતે સિંહને જોઈને બકરાં ભાગે તેમ ભાગ્યા. અને ઉપરથી નળિયાંનો માર પડવા લાગ્યો. અને વૈરાગીઓના વાંસે પડીને તેમને બચી ગયેલાઓના ભગાડી દીધા. કેટલાક તો ઝાડોના ઓથે સંતાયા અને કેટલાક તો મોઢામાં ઘાસ લઈને હાથ જોડતા હતા અને હથિયાર નાખી દેતા હતા. પછી દયાળજી વગેરે બોલ્યા જે પૂંઠ દેખાડીને ભાગ્યા અને દાંતોમાં ઘાસ લીધા તેમને શું મારવા ? પછી ક્ષત્રિયો કાંકરિયામાં નાહીને હથિયારો ધોઈને મહારાજ પાસે આવ્યા. પછી ત્યાંથી શ્રીહરિ વહેલાલ પધાર્યા.
*(સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો, વિશ્રામ - ૧૬)*

- **ખોખરા-મેમદાવાદની લડાઈમાં વેરાભાઈનો કાન કપાયો.**

વેરાભાઈ પ્રથમ તો ચોરમાં મોવડી હતા. તે ધાડો પડાવે અને કોઈની નજરે પડી વસ્તુ લીધા વિના રહે નહિ. એવા સ્વભાવવાળા હતા. પાછળથી તે સત્સંગી થયા અને મહારાજનાં દર્શને આવવા

માંડ્યા. એક વખત રસ્તામાં કોઈના ઉપાડામાંથી એમણે દાતણ લીધું પછી વિચાર થયો કે કોઈના ધણિયાતા કાંટામાંથી તેના ધણીને પૂછ્યા વિના દાતણ લીધું એ મેં ચોરી કરી એટલે એ ગામમાં ગયા. તેના ધણીને એક દંડવત્ કર્યો અને કહ્યું કે, તમને પૂછ્યા વિના તમારા ઉપાડામાં મેં દાતણ લીધું છે. તે મેં તમારી ચોરી કરી છે. મારો એ અપરાધ ક્ષમા કરજો.

ત્યાંથી પછી મહારાજ પાસે આવ્યા, અને મહારાજનાં દર્શન કરીને ત્યાં રહ્યા. પછી ત્યાંથી ચાલતી વખતે મહારાજને કહ્યું, મહારાજ, તમે કૃપા કરો તો સઘળાં બંધન નાશ પામી જાય, એટલે તમારી સેવામાં રહેવાય. આ સાંભળ્યા પછી મહારાજે એવી કૃપા કરી કે વર્ષમાં તેનાં બાવીસ માણસોનો નાશ થઈ ગયો. એટલે પરવારીને તે મહારાજ પાસે આવ્યો અને ત્યાગી થઈને તેમની સેવામાં રહ્યો. પછી એ સાધુ થયા. પણ ક્ષત્રિય પ્રકૃતિવાળા હોવાથી ખોખરા મહેમદાવાદની લડાઈમાં કોઈની તલવાર લઈને, પોતાની ગોદડીની ઢાલ કરી મંડ્યા લડવા. એ તો કોઈને મારી શક્યા નહિ પણ સામા પક્ષવાળાએ એક ઝાટકે એનો કાન ઉડાવી દીધો. પછી મહારાજે તેમને ધોળાં પહેરાવીને પોતાની સેવામાં રાખ્યા.

એ વેરોભાઈ એક દિવસ પાછલી પહોર રાત્રીએ ઊઠીને મહારાજનું ધ્યાન કરતા હતા. એ વખતે પોતાના દેહમાંથી મૂર્તિમાન જે કામાદિક દોષ તે પોતપોતાની સેના સહિત અનુક્રમે બહાર નીકળતા હતા. વેરાભાઈ તેમને વારા ફરતી પૂછતા હતા કે તમે કોણ છો ? એટલે સર્વે પૃથક્ પૃથક્ કહેતા હતા, અમે કામાદિક દોષ છીએ. હવે અમારાથી તારામાં રહેવાતું નથી. એટલે અમે ઉચાળા ભરીને જઈએ છીએ. આ વાત વેરાભાઈ સવારમાં મહારાજને કહી એટલે મહારાજે કહ્યું, હવે તમારામાં એ દોષ રહી શકે નહિ. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૨૩૫)*



Final



## ● શ્રીહરિના બળવાળા શૂરવીર વખતબા

શ્રીજીમહારાજે બધા પાર્ષદોને રજા આપી. પોતે એકલા ઘોડે બેસીને કણભા પધાર્યા. સ્વામિનારાયણ ભગવાન કણભા એક વખત નહિ, ઘણી વખત પધાર્યા છે. શ્રીજીમહારાજ કણભા પધાર્યા. બધા હરિભક્તો કહે - મહારાજ ! બિરાજો, અહીં રોકાઓ. મહારાજ કહે - તમને ખબર નથી ? ખોખરામાં ઝઘડો થયો છે. ખોખરામાં ભારે તોફાન થયું છે. એટલે અમને પકડવા માટે પાછળ લશ્કર આવે છે. તમે કહેતા હો તો રોકાઈએ. 'ના મહારાજ તો તો પધારો'. બસ કણભાના ભક્તોએ આ વખતે આટલી જ ભૂલ કરી કે મહારાજને વિદાય આપી દીધી. અને સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી ખારી નદી ઉલ્લંઘીને વહેલાલ પધાર્યા. વહેલાલમાં જેસીંગભાઈ પટેલ, અમીન પાટીદાર, ખૂબ શૂરવીર હતા. સ્વામિનારાયણ ભગવાન ઘેર પધાર્યા ત્યારે પટેલ પોતે ઘરમાં નહીં. એમનાં બહેન વખતબા હતાં. જો જો આ બહેનની શૂરવીરતા ! મહારાજ કહે છે - ઘરમાં કોઈ નથી ? પ્રભુ ! ખેતરમાં ગયા છે. તો અમે જતા રહીએ છીએ. પ્રભુ શા માટે ? અમારી પાછળ લશ્કર આવે છે અમને પકડવા. મહારાજ ! અહીં ઘરમાં બિરાજો. હું ગામની બહાર જાઉં છું. હું જોઉં છું - કોણ આ ગામમાં પગ મૂકે છે ! એકલી બહેનની કેટલી શૂરવીરતા !

માણકી ઘોડીને સંતાડવા માટે ઘરમાં બાંધી. મહારાજ એક ઓરડામાં બિરાજ્યા અને વખતબા સાડલાનો છેડો બરાબર ખોસી સાંબેલું લઈને નીકળી પડ્યાં. ગામની ભાગોળે કોઈ આવે તો ખરા ? હું જોઈ લઈશ. એક એકનાં માથાં ભાંગી નાંખું.

વખતબા ગામની ભાગોળે ઊભા છે. ત્યાં જેસીંગભાઈ આવ્યા. બહેન, આ શું ? કેમ આવી રીતે ? અરે મહારાજને પકડવા લશ્કર આવે છે. ના, ના કોઈ નથી આવતું. એક ગાઉથી તો હું આવું છું. કોઈ નથી. ત્યારે બહેન ઘેર આવ્યાં.

શ્રીજીમહારાજ હસ્યા. ના કોઈ નથી આવતું. આ તો તમારી કસોટી કરી. શ્રીજીમહારાજ વહેલાલમાં ત્રણ દિવસ રોકાયા. એ વખતે ખોખરાથી મુક્તાનંદ સ્વામી, રામદાસ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નાનાભાઈ આવ્યા. શ્રીહરિ જમીને બિરાજ્યા હતા. સ્વામિનારાયણ ભગવાને સંતોને પણ જમવા બેસાર્યા અને પોતાના થાળની પ્રસાદી આપી. કેરીના રસમાં ખૂબ ઘી-સાકર નાંખીને સંતોને પીરસ્યું. હે સંતો! તમે ગરમીમાંથી આવ્યા છો. માટે આ રસ બરાબર જમો. જેથી ટાઢક વળે. પછી શ્રીહરિએ સંતોને કહ્યું - તમે અમારી સાથે કચ્છમાં ચાલો, હમણાં અહીં શાંતિ નથી. અહીં અશાંત વાતાવરણમાં રહેવું યોગ્ય લાગતું નથી.

## સૂબાએ કરેલું કપટ - જુદા જુદા શાસ્ત્રોના મતે

- **શ્રીહરિના દ્વેષી લોકોને ભમરિયા મધની ભમરીએ તગડી મૂક્યા**

ત્યારે અમદાવાદના બ્રાહ્મણોએ પેશ્વા સરકારના સુબાને ભરાવ્યું જે "સ્વામિનારાયણ યજ્ઞ કરે છે તેથી કરીને તમારા રાજ્યનું તેજ જાતું રહે છે ને વળી તેમણે જેતલપુરમાં યજ્ઞ કર્યો ત્યારે તમારા પિતા મરી ગયા ને હવે બીજો યજ્ઞ કરશે ત્યારે તમારો વારો છે" તે સાંભળીને તે સુબાને અંધી આવી ગઈ ને બે હજાર બાવાની જમાત ખોખરા મહેમદાવાદમાં રહેતી હતી તેનો ઉપરી લોલંગર નામે બાવો હતો તેને તેડાવીને કહ્યું જે "તમે બાવાઓ બધા મળીને જો સ્વામિનારાયણને પકડી લાવો તો તમે જે માગશો તે આપીશ" એવો રાજાનો વિચાર મહારાજ અંતર્યામીપણે જાણી ગયા પછી પોતે વિચાર કર્યો જે "હું આંહી હમણાં રોકાઈશ તો કજીયો થાશે" એમ જાણીને મહારાજે સહું સંતોને કહ્યું જે "અમે ગામ ચલોડા જીતબાની કાણે જાશું ને કોઈ અમદાવાદથી આવે તો તેને પેશવા દેશોમાં" એમ કહીને



Final



થોડાક સ્વાર સાથે લઈને ચાલ્યા ને વાંસે કાઠી તથા પાળાઓ હથીયાર બાંધી સજ્જ થઈને ઉભા રહ્યા ને અમદાવાદથી બાવાની ફોજ જેતલપુર મહારાજને પકડવા સારુ ચાલી તે ભેગા સરકારી માણસો પણ હતાં ને તેનો એક જમાદાર ઉપરી હતો તેણે મનમાં એવો સંકલ્પ કરેલો જે "સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે તેમણે કહ્યું "એ તો સવારમાં ઘોડીયે ચડીને ક્યાં ગયા છે તે અમને ખબર નથી જે તમારે કાંઈ કામ હોય તો કહો અમે તૈયાર ઉભા છીએ" ત્યારે તેઓ કહે "ના કાંઈ કામ નથી અમે તો અમથા પુછીએ છીએ" એમ વાત કરે છે તેવામાં ત્યાં મહોલમાં ભમરીયા મધનાં પુડા હતા તેમાંથી માંખીયું ઉડીને તે ફોજના સીપાઈઓને તથા બાવાઓને કરડવા લાગીયું તેથી તેઓ એકદમ ત્યાંથી ભાગ્યા ને માંખીયું અમદાવાદ સુધી કરડતીયું વાંસે ગઈ. પછી સ્વારોએ તથા બાવાઓએ જઈને સુબાને વાત કરી કે 'અમે તો માંડ જીવતા આવ્યા છીએ"

- **અમદાવાદના સુબાનું શ્રીહરિને ભદ્રમાં આમંત્રણ**

સુબાએ ભદ્રના કિલ્લામાં કપટ કરીને શ્રીહરિને પધરાવવા માટે બે હમેલીયાઓને નવાવાસમાં શ્રી સ્વામિનારાયણ પાસે પધરામણી માટે વિનંતી કરવા મોકલ્યા. તેઓએ સભામાં આવીને શ્રીજીમહારાજને કહ્યું કે, હે મહારાજ, આ શહેરના સુબાએ આપને ભદ્રમાં પધારવા માટે વિનંતી કરી છે, માટે કૃપા કરી ત્યાં પધારો, તો સરકાર તરફથી સવારી સામૈયું આપને તેડવા આવે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે ભલે મોકલો, અમે સુબાને ત્યાં આવીશું. પછી હમેલીયાઓએ જઈને કહ્યું, તેથી સૂબાએ ડંકા, નિશાન, પાયગા તથા ભારે વાજિંત્ર સાથે મોટી ધામધૂમથી શ્રીજીમહારાજને તેડવા સવારી મોકલી. શ્રીજીમહારાજ તથા સર્વ સંતમંડળ ત્યાં જવાં તૈયાર થયું. તે વખતે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને ક્યું કે હે મહારાજ, જેતલપુરમાં યજ્ઞ બંધ કરાવવા આરબની બેરખ મોકલી હતી, તે જ એ સૂબો

છે. વળી ત્યાં લાખો માણસોની વચ્ચે તમે વામમાર્ગનું ખંડન કર્યું હતું અને સૂબા વામમાર્ગના અગ્રણી છે. તેથી કપટમાં પધરામણી કરવા તેડતા હોય એમ જણાય છે, માટે ત્યાં જવું એ ઠીક નથી. એવું સાંભળી શ્રીજીમહારાજ હસીને બોલ્યા : સ્વામી, અનંતકોટિ બ્રહ્માંડના નાડીપ્રાણ અમારા હાથમાં છે. તો એ સૂબાથી શું થશે ? એ તો જેમાં જેવા ગુણ અને જેનાં જેવાં કૃત્ય હશે, તે સર્વને જણાશે, માટે ચાલો.

- **ભક્તજનોએ પ્રભુને ભદ્રમાં જવાની ના પાડી ત્યારે પ્રભુ બોલ્યા પેશ્વા બિચારો શું કરવાનો ?**

બીજા દિવસે સ્વામિનારાયણ ભગવાન, દેવાનંદ દંડી તથા ડાંગરવાના અમરાજીને સાથે લઈને ભદ્રમાં ત્રણ દરવાજે આવ્યા. મહારાજે દૂત દ્વારા પેશ્વાને કહેવડાવ્યું કે અમે આવીએ છીએ. અમારી સાથે પાંચસો પરમહંસો અને એકાદ હજાર હરિભક્તો છે તે સર્વે માટે ઉતારા વગેરેની વ્યવસ્થા કરે. ત્યારે અસુરોએ પેશ્વાને કહ્યું કે સ્વામિનારાયણના તો આ શહેરમાં અસંખ્ય હરિભક્તો છે. માટે તે બધા ત્યાં જ ઉતરે આપણે સ્વામિનારાયણ સિવાય બીજા કોઈને અહીં કચેરીમાં બોલાવવા નથી. માટે સંત-હરિભક્તોની વ્યવસ્થા આપણે શા માટે કરવી ? ત્યારે શ્રીહરિએ કહેવડાવ્યું કે તમે અમને બધાને બોલાવ્યા છે કાંઈ સત્સંગીઓએ બોલાવ્યા નથી. માટે તમારે વ્યવસ્થા કરવી જોઈએ. અને જો ન જ કરવી હોય તો કાંઈ વાંધો નહિ અમે તો નવાવાસમાં જ ઉતરીશું. આમ કહીને શ્રીહરિ સંત હરિભક્તો સાથે નવાવાસમાં ઉતર્યા. ત્યારે પેશ્વાના માણસો ત્યાં આવ્યા અને કહ્યું કે - હે પ્રભુ ! શાસ્ત્રાર્થ બંધ રાખ્યો છે. પણ પેશ્વા સરકારની ઈચ્છા છે કે ભદ્રના કિલ્લામાં આપની પધરામણી કરવી. સત્સંગીઓ વ્યવહારકુશળ હતા. વાતની આંટીઘૂંટી ગૃહસ્થોએ જલ્દી સમજવી જોઈએ. પેશ્વાના માણસોએ આમંત્રણ આપ્યું. વ્યવહારકુશળ હરિભક્તો



Final



તરત સમજી ગયા. મહારાજને કાયમ માટે ગાળો દેનારો, હુકમ કરીને પકડવા માટે માણસો મોકલનારો, આજે તમને પધરાણીએ બોલાવે એ વાતમાં અમને શંકા છે ! માટે દયાળુ ના જશો. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે ભક્તો ! તમે અમને કેવા જાણો છો ? પેશ્વા બિચારો શું કરવાનો? તુચ્છ જીવડું છે. એમનું શું ચાલે ? મહારાજે એમના માણસોને હા પાડી. પધરામણીએ આવીશું. અને શ્રીજીમહારાજ, સંતો હરિભક્તો બધા ભદ્રના કિલ્લા તરફ ચાલતા થયા. ભદ્રનો કિલ્લો થોડો દૂર હતો. અને પેશ્વાના માણસોએ અટકાવ્યા કે ભાઈ હુકમ છે. એકલા સ્વામિનારાયણ ભગવાન જ અંદર કચેરીમાં પધારે. તમે બધા જ ત્યાં દૂર ઊભા રહો. સરકારી કચેરીઓ છે, એમાં બધા સાધુઓ - ભક્તો ભેગા થાઓ અને ધૂન્ય કરો એ શોભે નહિ. માટે એકલા સ્વામિનારાયણ ત્યાં પધારશે. પધરામણી કરીને પાછા આવશે. શ્રીજીમહારાજે સંતોને હરિભક્તોને કહ્યું. બધા ઊભા રહો. અમે એકલા જઈશું.

પણ એક સંત બહુ આકળા સ્વભાવના હતા. એમનું નામ હતું દેવાનંદ દંડી. (કીર્તનકાર દેવાનંદ સ્વામી નહિ. બીજા એક દંડી દેવાનંદજી હતા.) એ કહે - હું તો મહારાજની સાથે જવાનો. આ પાપીઓની વચમાં શ્રીજીમહારાજને એકલા ન મોકલાય. દેવાનંદ દંડી મહારાજની સાથે ચાલવા લાગ્યા.

ભદ્રની કચેરીને દરવાજે સિપાઈઓ ઊભેલા તેણે દંડીને અટકાવ્યા. એકલા સ્વામિનારાયણ પધારે. તેમ છતાં સિપાઈને સમજાવીને દેવાનંદજી શ્રીજીમહારાજની સાથે અંદર પ્રવેશી ગયા. હવે કચેરીમાં કેવું કારસ્તાન રચાયું છે તે જુઓ. કચેરીઓમાં કોઈ દહાડો જનમંગલ કે કે કથા-વાર્તા ન હોય. કચેરીઓમાં કારસ્તાન ચાલતા હોય.

અંદરો અંદરના કારસ્તાન તો ચાલ્યા કરે પણ આજે એને કુબુદ્ધિ આવેલી એટલે કરુણાનિધિ શ્રીહરિની સાથે એમણે કાવત્રુ કરેલું. ભદ્રના કિલ્લામાં એક મોટું વિશાળ ટાંકુ જમીનમાં હતું અને એમાં તેલ ભરેલું હતું તેની ઉપરનું ઢાંકણું ખોલી નાંખ્યું. પછી ટાંકાના મુખ ઉપર નાની નાની સળીઓ ગોઠવી, ગાદી તકિયો ગોઠવ્યો, ઉપર સારો ઓછાડ પાથરી દીધો. કેવું ભયંકર કાવત્રું ! જેવા સ્વામિનારાયણ એના ઉપર બેસશે એવા સીધા જ ટાંકામાં પડશે. ઊંડું ટાંકું છે. આપણે ઉપર ઢાંકણું ઢાંકી દેવાનું બહાર એમના આશ્રિતોને કહી દેવાનું કે તમારા ભગવાન તો પાછલે દરવાજેથી નીકળીને ચાલ્યા ગયા અને એ લોકો શું કરી નાંખવાના? સત્તા આપણી પાસે છે. રાજ્ય આપણું છે. સ્વામિનારાયણ સાથે આજે છેલ્લો હિસાબ. કૃપાળુ કચેરીની વચ્ચે પધાર્યા અને પેશ્વાએ હાથ જોડ્યા.

નમન નમન મેં ફેર હૈ, બહોત નમે નાદાન ।
દગલબાજ દુગુના નમે જેસે ચિત્તા ચાક કમાન ॥

- **શ્રીહરિ ભદ્રમાં જતા દેવતાઈ વાજાં વાગ્યા ને યવનોને ખુદારૂપે તથા આરબોને પેગંબર રૂપે દેખાયા**

એમ કહી શ્રીજીમહારાજ ઝટ માણકી ઉપર સવાર થયા. આગળ ડંકા નિશાન સહિત વાજિંત્ર વગાડનારા અસલથી બાદશાહી શિરસ્તા પ્રમાણે રસ્તામાં જ્યાં મસીદ કબ્રસ્તાન આવે ત્યાં વાજાં બંધ રાખતા હતા, ત્યારે એની મેળે દેવતાઈ વાજાં વાગતા. તે સાંભળી હજારો યવન લોકો તો ''આ ખુદા છે'' એમ નિશ્ચય કરી પોતાના બે હાથ ઊંચા કરી, કુરાને શરીફના કલમાઓ પઢવા મંડી પડ્યા. તે જોઈ હજારો લોકો વિસ્મય પામ્યા. એમ વાજતે ગાજતે હજારો સાધુ કીર્તન ગાય છે, હજારો ભક્તજનો ઉચ્છવ કરે છે, સેંકડો પાળા બંદૂકોના ભડાકા કરે છે. શ્રીજીમહારાજની બે બાજુએ ચમર થઈ રહ્યાં છે, ઉપર સોનાના કળશનું છત્ર તથા સૂર્ય ને ચંદ્રમુખી



Final



અબદાગીરી ધરી છે, પાછળ કુબેરસિંહ ચોપદાર સોનાની છડી ઝાલી, ઊંચે સ્વરે ''જય મહારાજાધિરાજ'' એમ બોલે છે. પાછલ ચળકતી બરછીઓવાળા હથિયારબંધ સેંકડો મહાશૂરવીર કાઠીના સવાર ધીમે ધીમે આવે છે. સર્વ સોનેરી સાજથી શણગારેલી માણકી ઘોડી ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા હતા. તેમણે એક હાથમાં લગામ અને બીજા હાથમાં સોનાની સોટી ધારણ કરી હતી, શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, મસ્તક પર છોગા સહિત કાઠિયાવાડી પાઘ પહેરી હતી. એ રીતે અદ્ભુત શોભાયુક્ત શ્રીજીમહારાજની સવારીનાં દર્શન કરવા હજારો લોકોની ચારે તરફ ભીડ થઈ રહી હતી. બધા લોકો ''જય જય'' બોલી વંદન કરતા હતા. તે સર્વેને દર્શન આપતા આપતા. શ્રીજીમહારાજ પાનકોરના નાકા આગળ થઈને ધીરે ધીરે ત્રણ દરવાજા આગળ આવ્યા. ત્યાં સુબાના હુકમથી તેના પાંચ મોટા જમાદાર ઘોડે સવાર થઈ ઊભા હતા. અને ત્રણ દરવાજાથી ભદ્ર સુધી હજારો આરબોને હથિયાર સજ્જ કરાવીને ઉભા રાખ્યા હતા. તે બધાએ અને સર્વ લોકોએ, શ્રી સ્વામિનારાયણને સર્વોપરિ અક્ષરધામના પતિરૂપે દીઠા અને બીજા સાધુઓને તેજોમય મુક્તરૂપે દીઠા. તેમજ સર્વ આરબોએ પણ પેગંબર અને નુરી ફિરસ્તારૂપે દીઠા. તેથી એમ સર્વ ઘોડેથી ઉતરીને સાષ્ટાંગ નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા. અને આરબો તો ઊંચા હાથ કરીને કુરાનના કલમાઓ પઢવા લાગ્યા. શ્રીજીમહારાજ અમારા સર્વની વંદના અંગીકાર કરતા ધીરે ધીરે ભદ્રના દરવાજા સુધી પધાર્યા.

પછી સુબાનું કપટ શ્રીહરિએ ઉઘાડું પાડ્યું ને રોષે ભરાયો ને બોલ્યો કે અમારુ રાજ્ય હોય ત્યાં સુધી અમદાવાદમાં તમારે આવવું નહિ. પછી શ્રીહરિ હસતા હસતા બોલ્યા કે તમારું રાજ્ય ન હોય પછીથી તો આવીયે ને. પછી સુબો બોલ્યો પછી સુખેથી આવજો.

● **શ્રીહરિએ શેખજીનું માન ઉતાર્યું**

એક વખત અમદાવાદમાં સાહેબને મળવા સારુ મહારાજને જવું હતું તેથી મહારાજે શેખજીને કહ્યું કે "તમે સાહેબને પૂછી આવો કે મહારાજને મળવા આવવું છે તે ક્યારે આવે ?" ત્યારે શેખજી કહે "મહારાજ ! મારે સારાં લુગડાં નથી તે અપાવીને મારા ભેળા ચાર પાળા મોકલો" પછી મહારાજે તેને સારાં લૂગડાં અપાવ્યા ને ભેળા ચાર પાળા મોકલ્યા પછી શેખજી તો પોતાનો ઠાઠ માણસોને દેખાડવા સારુ માણેક ચોકમાં થઈને ભદ્રમાં ગયા પછીથી મહારાજ માણકી ઉપર સ્વાર થઈને પાંચ સાત પાળા ભેળા લઈને પરબારા સાહેબને બંગલે ગયા ને જાસુદને કહ્યું "સાહેબને ખબર આપો કે સ્વામિનારાયણને મળવા આવવું છે તે આવે ?" ત્યારે જાસુદે જઈને તે પ્રમાણે સાહેબને કહ્યું ત્યારે સાહેબ બોલ્યા કે "સ્વામિનારાયણને તથા તે સાથે જે માણસો હોય તેમને પણ આવવા દીયો" ત્યારે જાસુદે આવીને મહારાજને તથા મહારાજે કહ્યું તે માણસોને જવા દીધા ને મહારાજ તથા પાળાઓ સર્વે અંદર ગયા તે પછી ત્યાં શેખજી આવ્યા ને તેણે ત્યાં ઉભેલા ઘોડાં ને તથા માણસોને જોઈને જાણ્યું કે "અહીં મહારાજ આવી ગયા લાગે છે" પછી પોતે સાહેબના બંગલા ઉપર ચડવા માંડ્યા ત્યારે જાસુદે ના પાડી ત્યારે શેખજી કહે "મારે મહારાજ પાસે જાવું છે' એમ કહીને તેતો જોરાઈએ ચડવા ગયા એટલે જાસુદે ધક્કો માર્યો તેથી શેખજી નીચે પડી ગયા ને દાંતમાં લોહી નીકળ્યું ને મોઢામાં ધુળ ભરાઈ ગઈ ને છેટે ઉભા થઈ રહ્યા પછી મહારાજ સાહેબને મળીને ઉપરથી ઉતર્યા ત્યારે શેખજીને જોઈને બોલ્યા "તમે આવ્યા છો કે શું ?" ત્યારે તે કહે 'અરે મહારાજ મને તો જાસુદે ધક્કો માર્યો તે વાગ્યું. તે સાંભળીને મહારાજ મુખ આડો રુમાલ દઈને હસતા હસતા ઉતારે પધાર્યા. એમ શેખજીનું માન મહારાજે ઉતાર્યું. *શ્રીહરિચરિત્ર ચિંતામણી વાર્તા-૨૪૯)*



Final



● **અમદાવાદના ભુદેવે શ્રીહરિની માફી માગી**

એક વખત શ્રીજીમહારાજ શ્રીનગર પધાર્યા ને ત્યાં ખાડીયા પોળમાં ઉતર્યા હતા તે વખતે મહારાજ પાસે એક ખાખી બાવો ને એક બ્રાહ્મણ એ બેય આવ્યા તેમાં બાવો તો આવીને મહારાજની ગાદી ઉપર બેસી ગયો અને બ્રાહ્મણ સામો બેઠો. પછી ખાખી બોલ્યો કે "અરે સ્વામિનારાયણ તમે પાખંડ કેમ કરો છો ?" ત્યારે મહારાજ કહે અમે તો ભગવાનની ભક્તિ કરીએ છીએ ને ધર્મ પાળીએ છઈએ" ત્યારે બ્રાહ્મણ હતો તે બોલ્યો કે "અરે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો ને જગતના કલ્યાણ માટે જ આ લોકમાં અવતર્યા છો" તે સાંભળીને ખાખી કહે 'ઓય સાલેકું ચોટ લગાઈ દીયા" એમ બોલી ચીપીયો લઈને ભાગી ગયો ને પછી બ્રાહ્મણ તો મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા કે "હે પ્રભો મેં આ ઉપાધી કરીને તમારો દ્રોહ કર્યો તે મારો ગુન્હો માફ કરજો" એમ કહીને પોતાને હાથે કરીને પોતાને મુખે થપાટું મારવા માંડ્યો ને પછી નિયમ ધારીને આશ્રિત થયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૦)*

● **શ્રીજીમહારાજના અપરાધનું ફળ સુબાને મળ્યું**

શ્રીજીમહારાજ ત્યાંથી ધીરે ધીરે સર્વ સંત સખા સહિત બહાર આવ્યા ને આરબોને પોતાનું દિવ્ય દર્શન આપી કહ્યું કે હવે તમને સુબા રજા આપે કે તરત તમે વડોદરે જજો. પછી શ્રીજીમહારાજ તો પોતાના અશ્વ ઉપર વાજતે ગાજતે સવારી સહિત મુકામ ઉપર નવાવાસમાં પધાર્યા. ત્યાંથી બીજે દિવસે જેતલપુર થઈને પશ્ચિમ દેશમાં ગઢપુર પધાર્યા. પછી હું સુબા પાસે ગયો અને શ્રીજીમહારાજના અપાર મહિમા તથા પરમેશ્વરપણાનું અપાર ઐશ્વર્ય જે મેં મારી નજરે પ્રત્યક્ષ જોયેલું તે સૂબાને કહ્યું : તેમજ આરબોના પાંચ જમાદારો કહેવા લાગ્યા કે 'અરે તુમ સુબા હો કે બૂબા ? તુમ્હારી અક્કલ કહાં ગઈ હે ? દોજખમેં જાઓગે. નારાયણ સ્વામી, આપ ખુદ ખુદા

હે, જિનકે ઉનકી પાસ જાકે ઉનકે કદમોમેં શિર રખ દો, નહી તો પેશ્વાઈ બેશ્વાઈ જહાનમેં જાયેગા.'' એવું સાભળી મને તથા પાંચે જમાદારોને ''તમને તો શ્રી સ્વામિનારાયણે જાદુ વડે વશ કરી લીધા છે'' એમ કહી નોકરીમાંથી રજા આપી. તેથી અમો વડોદરે આવ્યા અને સરકારને સઘળી હકીકત કહી. સરકારે અમારી નિમણૂંક વધારી ખાનગીમાં રાખ્યા છે. અને ત્યાંના સૂબા વિઠુબાનાં ઘોર કૃત્ય વડે પેશ્વા રાજ્યનો તે જ વર્ષમાં અંત આવ્યો. એથી વિઠુબા પોતાનું શ્યામ વદન લઈ સૂરદાસ (આંધળો થયો) થઈને અહીં વડોદરે આવ્યો છે અને વળી હાલ તેને પતનો રોગ થયો છે. આમ શ્રીહરિના અપરાધથી રાજ્ય ગયું ને આજીવન અંધાપો થયો ને શરીરે પતનો રોગ થયો ને હેરાન પરેશાન થઈ ગયો. તે જીવતા જમપુરી જેવું દુઃખ ભોગવ્યું. *(શ્રી સ્વામિનારાયણ ભાગવત સ્કંધ-૮, અધ્યાય-૧૪)*

● **શ્રીહરિ પંડિતોને પોતાનો પરિચય આપે છે**

કપટી માણસો પણ હાથ જોડતા હોય છે. પ્રેમી માણસોને હાથ જોડતાં આવડે કે ન પણ આવડે. જેમ તેમ પગે લાગે. પણ કપટી માણસ બહુ વ્યવસ્થિત પગે લાગે. પેશ્વાએ માથું નમાવી બે હાથ જોડીને નમસ્કાર કર્યા. પ્રભુ પધારો.

સૂબાએ શ્રીહરિ સાથે શાસ્ત્રાર્થ કરવા માટે પંડિતોને બોલાવેલા. શાસ્ત્રાર્થ તો એક બહાનું હતું. પણ એનો અંદરનો ઈરાદો બહુ મલિન હતો. એ વખતે સૂબો ક્યાંક સંતાઈ ગયેલો. પંડિતોએ ભગવાનને પેલા કપટવાળા આસન ઉપર બેસવાનું કહ્યું. પણ અંતર્યામી ભગવાનની ઈચ્છા જુદી હતી. પ્રભુએ પૂછ્યું - સૂબા સાહેબ ક્યાં ગયા ? કોઈ જવાબ મળ્યો નહિ. ભગવાન કહે છે - હે પંડિતો ! તમારે જે પૂછવું હોય તે પૂછો. પણ ન્યાયપૂર્વક પૂછજો. જો સત્પુરુષનું અપમાન કરશો તો એનું ખરાબ ફળ ભોગવશો. પંડિતો કહે છે કે તમે તો જેવી વાત



Final


કરો છો એવું જ સત્યયુક્ત આચરણ કરો છો અને અમે તો અન્યાયથી પેટ ભરીએ છીએ અને અન્યાયથી પૈસા રાખીએ છીએ. તમારી પાસે તો ઘણા બધા પૈસા છે. મોટા મોટા યજ્ઞો કરો છો. તમે ધારો તો આખું શહેર અહીં બેઠા બેઠા જમાડી શકો. તમે મહાન સિદ્ધ છો. ભગવાન વિના આવો પ્રતાપ ન હોય. અમે જાણવા માંગીએ છીએ કે તમારી જન્મભૂમિ, જ્ઞાતિ, ગુરુ શાસ્ત્રાભ્યાસ વગેરે કોણ છે ? અને શું છે ?

સ્વામિનારાયણ ભગવાન કહે છે - હે પંડિતો ! અયોધ્યા પાસે આવેલું છપૈયા ગામ અમારી જન્મભૂમિ છે. અમે સરવરિયા બ્રાહ્મણ છીએ. અમારો વેદ સામવેદ છે. અગિયાર વર્ષે અમે ઘરનો ત્યાગ કરી સાત વર્ષ વનવિચરણ કર્યું. ભારતના મહાન તીર્થમાં વિચર્યા. પછી લોજ ગામમાં મુક્તાનંદ સ્વામીને મળ્યા અને રામાનંદ સ્વામીને ગુરુ બનાવ્યા. અમારો સંપ્રદાય જીવન મુક્તાનો સંપ્રદાય કહેવાય છે. અમારી વાતોથી ઘણા જીવો મુક્ત થયા છે. તેથી અમને જીવનમુક્તા કહે છે. ધર્મ સહિત ભક્તિ કરવી એ અમારા સંપ્રદાયની રીત છે. આટલી વાત કરીને ભગવાને કહ્યું - જો તમને શંકા હોય કે, અમે બ્રાહ્મણ નથી તો અમારા વતનમાં વિશ્વાસુ માણસને મોકલો. વિશ્વાસુમાં બે માણસ તમારા અને બે માણસો અમારા. એ તપાસ કરતાં જે જૂઠા ઠરે એણે દસ હજાર રૂપિયા ધર્માદામાં વાપરવા. બોલો કબૂલ છે ? પંડિતો બોલ્યા - હે પ્રભુ ! અત્યારે કળિયુગ ચાલે છે. કળિયુગમાં સન્માર્ગે ચાલનારો દુઃખી થાય છે. શ્રીહરિ કહે છે - તમે વિદ્વાન થઈને આવું કેમ બોલો છો ? જે રાજા ન્યાયથી શાસન ચલાવે તે ભગવાનનો અંશ કહેવાય છે. ભાગવતમાં વેનરાજાની કથા છે. વેન રાજા મન ફાવે તેમ વર્તતો હતો. તો ઋષિઓના કોપથી ભસ્મ થઈ ગયો. માટે અન્યાયને માર્ગે ચાલે એની ભૂંડી દશા થાય છે.

- **પ્રભુએ નાચનારી સ્ત્રી ઉપર કૃપાદૃષ્ટિ કરીને એના નાડી પ્રાણ ખેંચી લીધા**

પંડિતો અને સ્વામિનારાયણ ભગવાન વચ્ચે ચર્ચા ચાલી રહી હતી, અને આ બાજુ સૂબાએ સ્વામિનારાયણ ભગવાનને હેરાન કરવા માટે નવી તરકીબ અજમાવી. એક નૃત્ય કરનારી સ્ત્રીને બોલાવી. પોતાના શરીર ઉપર સાજ-શણગાર કરીને નૃત્યાંગનાએ તો રાજદરબારમાં નૃત્ય આરંભી દીધું. ઘૂઘરા ઘમકવા લાગ્યા. તરત જ સ્વામિનારાયણ ભગવાને એ નાચનારી સ્ત્રી ઉપર કૃપાદૃષ્ટિ કરીને એના નાડી પ્રાણ ખેંચી લીધાં. નાચનારી સ્ત્રીને સમાધિ થઈ ગઈ. ધબાક દઈને એ જમીન ઉપર પડી. સભામાં હાહાકાર મચી ગયો. આ જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા. રાજદરબારમાં સન્નાટો છવાઈ ગયો. અને એવામાં ભગવાને થોડીવાર પછી પેલી સ્ત્રીને સમાધિમાંથી જગાડી. એ સ્ત્રીને જાણે કે નવો અવતાર આવ્યો. તે શ્રીહરિના પગમાં પડી. પોતાનાં કરેલાં ખરાબ કર્મોનો પસ્તાવો કરવા લાગી. હે પ્રભુ! મારા ગુના માફ કરો. મારો ઉદ્ધાર કરો. મારો ધંધો બહુ ખરાબ છે. ભગવાને કહ્યું - હવે ચિંતા ન કરીશ. તારું કલ્યાણ થશે. આજથી આ નાચવાનો ધંધો બંધ કરી દેજે. સ્ત્રીએ હાથ જોડીને કહ્યું - આજથી નાચવાનો નિંદિત ધંધો હું છોડી દઈશ. તમારું ભજન કરીશ.

આ સ્ત્રીનો જન્મારો સુધરી ગયો. પ્રભુને નમસ્કાર કરીને એ તો ચાલી ગઈ. સભામાં જે શાંતિ વ્યાપી ગઈ હતી એ શાંતિને તોડતાં સૂબો બોલ્યો કે તમે આ શહેરમાં આવ્યા ત્યારે શહેરના હાકેમની રજા લીધી હતી ? સૂબાએ પાણીમાંથી પોરો કાઢ્યો. ભગવાન બોલ્યા. આ શહેરમાં તો અમારું મંદિર છે. અમારા ગુરુ રામાનંદ સ્વામી અવારનવાર અમદાવાદ આવતા. ક્યારેય રજા લીધી નથી. એ હું કાંઈ ન જાણું. પણ, તમારે રજા લેવી જોઈએ. સૂબાએ આગળ વાત કરી કે તમારે મારા રાજ્યમાં યજ્ઞો ન કરવા. પ્રભુ કહે છે - યજ્ઞો



Final



તો થશે. એ બંધ નહિ થાય. પછી પેશ્વાને એમ થયું - હવે આપણે સ્વામિનારાયણ સાથે છેલ્લો હિસાબ કરવાનો છે એ પતાવી દઈએ. એટલે પેશ્વો ભગવાનને પેલા ટાંકા પાસે લઈ આવ્યો. પ્રભુ, આ આસન ઉપર બિરાજો ને પાવન કરો.

- **શ્રીહરિએ સૂબાનું કાવત્રું ખુલ્લું પાડ્યું :**

સ્વામિનારાયણ ભગવાને કહ્યું - 'પેશ્વા, એ આસન તમારા માટે છે, અમારા માટે નથી.' આ શબ્દોમાં એવો અર્થ છે કે જો તમે ધર્મનું પાલન નહીં કરો, નીતિનું પાલન નહીં કરો અને આવી જ રીતે કાવત્રાં કરતા રહેશો તો તમારા માટે આવા નરકકુંડના ટાંકા ઘણા તૈયાર છે. એટલે એ તમારા માટેનું આસન છે, અમારા માટે નથી. ધર્મ રાખ્યા વગર સત્તાના સિંહાસને બેસવાથી નરકકુંડની જ પ્રાપ્તિ થાય. ધર્મમાં રાજકારણ ન જોઈએ પણ રાજકારણમાં ધર્મ જરૂરથી જોઈએ.

પેશ્વાને એમ થયું - સ્વામિનારાયણ નહિ બેસે તો અમારી બાજી બધી બગડવાની. 'દયાળુ, તમે તો બહુ કૃપાળુ છો. બધા ભક્તોને ઘેર જાઓ છો. એમની વિનંતી સ્વીકારો છો. તો અમારી પણ વિનંતી છે. થોડું બેસીને પ્રસાદીનું કરી દો'. શ્રીજીમહારાજ કહે - 'બહુ સારું, તમારો ભાવ બહુ સારો છે. આસન પ્રસાદીનું કરવું છે ? લ્યો,' મહારાજના હાથમાં સોટી હતી તે દબાવી તો ગાદીને તકિયો ટાંકામાં પડ્યાં. ધબાકો થયો. ભરપૂર તેલ ભરેલું ટાંકું હતું. શ્રીજીમહારાજની મુખાકૃતિ ઉપર લગીર પણ ક્રોધ ન આવ્યો. ઉદાસીનતા ન આવી. તિરસ્કાર પણ નહિ. એ જ મધુર મુખારવિંદના મંદ હાસ્યથી યુક્ત પરમાત્મા કહે છે - ''પેશ્વા, એટલો તો વિચાર કર, કોઈક તો જોવાવાળો હશેને ! અમારી સાથે આવાં કાવત્રાં ! તારા રાજ્યમાં કેટલાક પાપીઓ રહે છે, દુરાચારીઓ રહે છે, ચોર લોકો રહે છે. એમને પકડવાની તારી તાકાત નથી. જ્યારે અમે માણસોને ધર્મના માર્ગે ચલાવીએ છીએ. ઝઘડા અને કલેશ મિટાવીએ છીએ. દારૂ,

વ્યસન, માંસ, મદિરાથી સમાજને મુક્ત કરીએ છીએ. એમની સાથે આવું કપટ ! અમે તારું શું બગાડ્યું છે કે તું અમારા માટે આટલાં કાવત્રાં કરે છે ? આ ઈશ્વર સહન નહિ કરે. આટલું યાદ રાખજો.'' કાવત્રાનો પર્દાફાશ થયો.

પેશ્વાના મોઢા ઉપર કાળીશાહી ઢળી ગઈ. દેવાનંદ દંડી ક્રોધથી ધ્રૂજવા લાગ્યા. શાપ આપવા હાથ ઊંચો ઉપાડ્યો અને જમીન ઉપર હાથ પછાડવા જતા હતા ''પટ્ટણ સો દટ્ટણ કરી નાંખું. આખા અમદાવાદ શહેરનો નાશ કરી નાખું.'' સ્વામિનારાયણ ભગવાને હાથ પકડી લીધો. સ્વામીજી શાંત બનો. આખા શહેરનો નાશ કરી નાખશો પછી આપણે કલ્યાણ કોનું કરીશું ? આપણે જીવોની અવળાઈ જોવી નથી. આપણા બિરૂદ સામે જુઓ. છોરું કછોરુ થાય પણ માવતરથી કમાવતર ન થવાય. એકના વાંકે અનેકને દંડ ન દેવાય, આ અમદાવાદની ધરતી તો બહુ પુણ્યશાળી છે. સાબરમતીના આ કિનારાની આ ભૂમિકા બહુ દૈવી છે. અહીં તો આપણે મોક્ષનું સદાવ્રત ખોલવાનું છે. અને તમે આખા શહેરનો નાશ કરવા તૈયાર થયા ? બિલકુલ બોલશો નહિ, ચાલો બહાર. દેવાનંદજીનો હાથ પકડીને શ્રીજીમહારાજ કચેરીમાંથી બહાર પધાર્યા. અને પાછળ ને પાછળ પેશ્વાએ બે માણસો મોકલ્યા. સ્વામિનારાયણ ભગવાન માટે હુકમ સંભળાવ્યો. માણસોએ કહ્યું - ''સ્વામિનારાયણ ભગવાન! નામદાર પેશ્વા સરકારનો હુકમ છે કે તમારે અમદાવાદમાં ફરીથી નહિ આવવાનું. આજથી જતા રહો.'' શ્રીજીમહારાજ દૂતને એક સરસ વાત કરી કે - હે બુદ્ધિશાળી કર્મચારી સાંભળ.

धीमन् दूतानुगच्छत्वमिति ब्रूया भवन्नृपम्
भवद् राज्यं भवेद्यावन्नायेयं तावदेव हि
राज्ये जातेऽन्य भूपस्य बलं किं स्यात्ततस्तव

તારા પેશ્વાને કહેજે કે અત્યારે તો અમે અમદાવાદ છોડીને



Final



જઈએ છીએ અને તારું રાજ્ય હશે ત્યાં સુધી નહિ આવીએ, બીજાનું રાજ્ય થશે પછી તારું શું ચાલવાનું ? તારા રાજાને કહેજે કે સત્તા કોઈ પણ પુરુષની સાથે સ્થિર થતી નથી. કેટલા સરસ શબ્દો છે ! સત્તા કોઈ પણ પુરુષને વફાદાર રહેતી નથી. એ અલગ અલગ પુરુષ પાસે જતી હોય છે. તારા રાજ્ય પાસે સત્તા કાયમ રહેવાની નથી. બીજું રાજ્ય થશે એટલે અમે તરત અહીંજ પાછા આવીશું.

- **માનમર્દન**

'બોલો શ્રી સ્વામિનારાયણનો જય, જય, જય !''

જેતલપુરના યજ્ઞની પૂર્ણાહુતિ થતાં ઉપરોક્ત ઘોષણાયે દિગંતને ગજવી મૂક્યા : તે સાથે જ વામમાર્ગીયોનાં મુખ ઝાંખાં પડ્યાં. ઈર્ષ્યા ભાવથી તેઓનાં હૃદય ખાખ થયાં શાસ્ત્રાર્થ કરતાં વામમાર્ગી વિપ્રોના સિદ્ધાંતને શ્રીજીએ તોડી પાડ્યો અને પછી તુરત પોતાના લાડીલા આશ્રિતોની સાથે તે મહાપ્રભુએ ગામ ગામડી તરફ પોતાનું પ્રયાણ શરૂ કર્યું.

સુરો ખાચર, અલૈયા ખાચર, રતનજી બાપુ, ભગુજી, મીયાંજી, નાજો જોગીયો, મુક્તાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, મુકુંદ બ્રહ્મચારી વિગેરેનો સાથ સહકાર સાથે હોય જ ને ! એ કાઠી રાજવીઓ, એ ઘોડાં અને એ મહારાજની છાયા સમી ન્હાનીશી દાઢી વાળી. બ્ર. મૂળજીની મૂર્તિ ! એ દેખાવ અદ્‌ભૂત હતો : ચાલતાં ચાલતાં ગામડી આવી પહોંચ્યું. શ્રીજીએ ત્યાં રાતવાસો કર્યો.

બીજે દિવસે પ્રભાતમાં, શ્રીજી અને તેમનો લાડીલો સાથ શ્રીનગર (અમદાવાદ) તરફ જવા સુસજ્જ બન્યા : પ્રયાણ આદર્યું : સુરાખાચરની મીઠી નિર્દોષ ઠેકડી મહારાજનું મરકવું - સર્વ સાથીઓની હસાહસ એ લીલા કરતાં કરતાં આવ્યું શ્રીનગર : શ્રીમાળી હરિભક્ત વૈદ્ય અંબારામ સામા આવ્યા. મહારાજે તેમને મેડે ઉતારો કર્યો. વખતે દિવસ સવારમાં જ દારિદ્રયમૂર્તિ શુકલ

પ્રાણનાથ શ્રીજીનાં દર્શને આવ્યા. શ્રીજીને સાષ્ટાંગ દંવડત્ પ્રણામ કરી શ્રીજીની સન્મુખ હાથ જોડી ઉભા રહ્યાં.

"લ્યો, શુકલ, આ ઉતરી !"

પોતાની ડોકમાંથી સાવ સોનાની નવી નક્કોર ઉતરી કાઢી આપતાં શ્રીજીએ પ્રાણનાથ શુકલને કહ્યું

શુકલ ખુશી થયા, શ્રીજીનાં કરૂણામય લોચનમાં તેણે પોતાનું લોચન સાનંદ ઠેરવ્યું. પછી કેટલાક દિવસ સુધી વૈદ્ય અંબારામ, પ્રાણનાથ શુકલ અને બીજાં કેટલાક શ્રીનગરનાં આશ્રિતો મેડા ઉપર બેસી શ્રીજીનાં ઉપદેશામૃતનું પાન કરતા.

આ સમયે શ્રીનગરના સુબા તરીકે વિઠુબા કરીને હતા. તેઓ વામ માર્ગી હતા.

એક દિવસ કોઈએ સુબાને ભંભેર્યો : "અરે સાહેબ, આપના શહેરમાં સ્વામિનારાયણ આવ્યા છે. તે જાતે બ્રાહ્મણ નથી અને બ્રાહ્મણોને ઉપદેશ આપે છે : યજ્ઞો કરે છે અને પાખંડ ચલાવી રહ્યા છે તેને તુરત ગામમાંથી કાઢી મૂકો : નહીંતર તમારૂં સત્યાનાશ વાળશે. આપના પિતાને તેણે જ મારી નાખ્યા છે."

હેં સાચી વાત ?" "હા જીનાબ."

"ક્યારે આવ્યા ?" બે ચાર દિવસ થઈ ગયા."

"ઠીક, હું જોઈશ, તેનું પાખંડ કેમ ચાલે છે. તે હું જોઈશ."

વિઠુબાની આંખ્યોમાં ઝેર આવ્યું : મનમાં સંકલ્પ કર્યો - ઠીક છે, કાલે હું સ્વામિનારાયણને દરબારમાં બોલાવું, તેને એકને જ મારી પાસે આવવા દઈશ, ઓરડામાં યુક્તિ પૂર્વક એક તેલનું ટાંકું ગોઠવું. તેના ઉપર ખપાટીયા બિછાવું, હં તે બેસશે કે ખપાટીયા તુડશે, અને તે તેલમાં બૂડી મરશે. અહા, કેવો ઉપાય ! હા ઠીક છે."

આવો સંકલ્પ કરી, વિઠુબા પોતાના ભુવને દરબારમાંથી વિદાય થયો.



Final



બીજે દિવસે સવારમાં રાજ્યના કેટલાક માણસોને, શ્રીજીને બોલાવી લાવવા શ્રીમાળી અંબારામને ઘેર સુબાએ મોકલ્યા.

સુબાનું તેડું જોઈ, શ્રીજીએ મળવા જવા તૈયારી કરી સર્વ સત્સંગી સાથ સાથે જ હતો. પેશ્વાઈ ધામધુમ સાથે શ્રીજી ભદ્રમાં દરબાર હતો ત્યાં પહોંચ્યા. વિઠુબાએ કહેવરાવ્યું કે 'સ્વામિનારાયણ સિવાય કોઈ મને મળવા ન આવે, એકાંતમાં તેમને એકને જ મળવાથી મને આનંદ થશે."

પરંતુ જડભરત જેવા સંન્યાસી દેવાનંદ દંડી સ્વામી ઝાલ્યા રહે તેવા ન હતા. તે તો મહારાજની સાથે જ વિઠુબાના ઓરડામાં દાખલ થયા. "પધારો મહારાજ. આ ગાદી ઉપર બેસો." વિઠુબાએ આવકાર આપ્યો.

"ના જી, એ ગાદી તો કોઈ રાજવીને છાજે તેવી છે, એ અમે તો સાધુ છીએ, અમારે આવા સન્માન ન હોય !"

એમ બોલતાં મહારાજે ગાદી ઉપર પોતાના હાથમાં રહેલી સોટીનો એક છેડો દાબ્યો ! કે તુરત ગાદી અને તકીયા, ઓછાડ અને ખપાટીયા, કડુડુધુસ તેલના ટાંકામાં પડ્યાં !

સન્યાસી દેવાનંદ સ્વામીની આંખો લાલ બની, શાપ દેવાને હસ્ત ઉંચો કર્યો : શ્રીજીએ તે પકડી રાખ્યો સંન્યાસીને શાંત કર્યા.

કરૂણામય લોચનથી શ્રીજીએ સુબાને કહ્યું : "આ વર્તન તમારા જેવા સુજ્ઞને ન શોભે, જગદાધાર આ પાપને નહિ સહન કરે ?"

સુબો મુંઝવણમાં પડ્યો : બોલવાની ગતાગમ ન રહી, ક્ષણ પછી સહુજ ઉંચુ જોયું : અને તે બેશરમ બોલ્યો.

"સ્વામિનારાયણ ? તમારે આજથી અમદાવાદ છોડી જવું ઈડરીયે દરવાજે થઈ પાછા વળો, જો જો અમદાવાદમાં ફરી પાછો પગ મૂક્યો છે તો ?"

મહારાજ હસ્યા : "કેમ, ક્યાં સુધી ન આવીયે ?"

'જ્યાં સુધી પેશ્વાનું રાજ્ય હોય ત્યાં સુધી.''

''બસ, એટલું જ ને !'' એમ કહી મહારાજે અને તેના સાથીઓએ દક્ષિણાદે દરવાજેથી જેતલપુર જવા માટે તૈયારી કરી.

દવાજામાં પેસતા, દરવાને સુબાનો હુકમ સંભળાવ્યો : શ્રીજીને અટકાવ્યા.

મહારાજે પછી બારે દરવાજે દર્શન આપ્યાં, ઈડરીયે દરવાજેથી નીકળ્યા, સામો જ કોઈ પ્રેમી હરિભક્ત મળ્યો.

મહારાજને તેણે બરફીની માટલી ભેટ ધરી.

તેમાંથી થોડું થોડું આરોગતા, મહારાજ ગામ મોટેરે પહોંચ્યા. ત્યાં સભા કરી.

સુબાની નઠોરતા ઉપર ચર્ચા થઈ.

થોડા રોજ પછી સાંભળ્યું, કે અમદાવાદ પેશ્વાના હાથમાંથી ગયું ! ખરેખર ગયું ! અગ્રેજોની સત્તા ત્યાં આવી પડી !

એ રીતે શ્રીજી પ્રત્યેના વિઠુબાના વચનોની નિષ્ઠુરતા વિઠુબાના હૈયે જ વાગી : સ્વામિનારાયણનો વિજય થયો !

અંગ્રેજોએ શ્રી સ્વામિનારાયણને ખુદા પ્રમાણ્યા, તેઓએ શ્રીજીને મંદિર કરવા મફત જગ્યાઓ આપી ત્યાં ત્રણ શિખરનું સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર થયું અને નરનારાયણદેવ, આદી સ્વરૂપોની પ્રતિષ્ઠા થઈ અને ડંકો વાગ્યો જગ સમગ્રમાં શ્રી સ્વામિનારાયણના નામનો ! *(કુસુમવાલી-૧૧)*

● **શ્રીહરિની આ વિદાય ભક્તજનોને વસમી લાગી**

દૂતને આ રીતે સંભળાવીને સ્વામિનારાયણ ભગવાન બધા સત્સંગીઓની પાસે આવ્યા, સંતો મૌન રાખીને ઊભા હતા. હરિભક્તો ઉદાસ થઈ ગયેલા. અરેરે પેશ્વા સરકારે મનાઈ કરી, આપણા ઈષ્ટદેવ હવે અમદાવાદ નહિ આવે. આપણે દર્શનથી, સેવાથી વંચિત રહીશું. એ દુઃખથી હરિભક્તો રડવા લાગ્યા. સ્વામિનારાયણ ભગવાન કહે



Final



- હે ભક્તજનો ! આ રીતે કોઈનાં રાજ્ય ટક્યાં છે ? શા માટે ચિંતા કરો છો ? થોડા જ વખતમાં અમે અહીં પાછા આવીશું. તમે ચિંતા છોડી દો. બધા સત્સંગીઓને આશ્વાસન આપ્યું. અને કૃપાળુ શ્રીહરિ બીજા દિવસે શ્રીનગરથી મોટેરા પધાર્યા. સાથે સંતો હતા. કોઈ બ્રાહ્મણ ભક્તે પ્રભુને માખણનો પિંડો ને સાથવાનો લાડવો આપેલો તે જમતા જમતા શ્રીહરિ દરિયાપુર દરવાજેથી બહાર પધાર્યા.

પછી શ્રીહરિ ભદ્રના કિલ્લેથી પ્રાણનાથ શુક્લને ઘેર આવ્યા. રાત્રે પોઢી ગયા. રાતના સમયે ધરતીકંપ થવા માંડ્યો. પૃથ્વી કંપવા લાગી. શુક્લ ભક્તને ખ્યાલ આવી ગયો કે આ ભગવાનના અપમાનનું ફળ છે. આજે જરૂર શહેરનો નાશ થશે. હે સ્વામિનારાયણ ભગવાન ! તમે તો દયાળુ છો. આ ધરતીકંપ બંધ થાય તો સારું. આ શહેરને બચાવી લો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે અતિ મોટાના અપરાધથી આ પૃથ્વી કંપે છે. પરંતુ તમારા જેવા ભક્તોની રક્ષા કાજે હવે ધરતીકંપ બંધ થઈ જશે. પછી તરત જ ધરતીકંપ બંધ થઈ ગયો.

બીજા દિવસનું પ્રભાત ખીલ્યું. શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ચાલતા ચાલતાં આકાશેઠ કૂવાની પોળ આવી. ત્યાં રામાનંદ સ્વામીનું મંદિર હતું. શ્રીહરિની સવારી ત્યાં આવી ઊભી. નાગર ભક્તો પણ ત્યાં આવ્યા. તેમણે શ્રીહરિની પૂજા કરી. અંબાબાએ પણ મહારાજનો સત્કાર કર્યો. અને હાથ જોડીને કહ્યું કે હે મહારાજ ! આ મંદિર આપનું જ છે. માટે હવેથી તમારે અહીંયાં જ ઉતારો કરવો. એટલું કહીને અંબાબાએ સર્વ નાગરોને સાથે રાખીને એ મંદિર શ્રીહરિને અર્પણ કર્યું અને રઘુનાથદાસને મોરલીધરની પોળવાળું મંદિર આપી દીધું. શ્રીહરિ કહે- છે. અમે આ મંદિરનો સ્વીકાર તો કરીએ પણ, અમારી એક શરત છે કે આ મંદિરમાં કોઈ બહેનો આવે નહિ. તો જ અમારા સંતો મંદિરોમાં ઉતારો કરી શકે. નાગરો બોલ્યા - હે પ્રભુ ! સ્ત્રીઓ વિનાનું મંદિર સાવ સૂનકાર લાગે. જરાયે ગમે નહિ.

પ્રભુ બોલ્યા - હે નાગરો! દારૂ અને અગ્નિ ભેગાં રહે છતાં એમાં આગ ન લાગે એવું તમે સાંભળ્યું છે ? એવું તમારા ધ્યાનમાં હોય તો બોલો અને આ જીવને તો અનંત જન્મોથી વાસના વળગી છે, એ છૂટતી જ નથી. જેમ જેમ વિષયનું સેવન કરે તેમ તેમ વધતી જ જાય છે. વાસનાનું કામ અગ્નિ જેવું છે. વિષયો બળતણ જેવાં છે. જ્યાં સુધી વિષયમાંથી છુટાય નહિ ત્યાં સુધી ભગવાનમાં મન ચોટતું નથી. સાચા સંતોનો સત્સંગ કરવાથી, સેવા કરવાથી તથા ધ્યાન કરવાથી જ વાસનામાંથી છૂટી શકાય છે. આટલી વાત કરીને સ્વામિનારાયણ ભગવાન પ્રાણનાથ શુકલની ગાડીમાં બેસીને જેતલપુર પધાર્યા. (અહીં પાઠાંતર છે. સત્સંગિભૂષણ કહે છે કે ભદ્રના બનાવ પછી શ્રીહરિ મોટેરા પધાર્યા તો ક્યાંક જેતલપુર પધાર્યા તો ક્યાંક કણભા તઈ વેલાલ પધાર્યા. એવી વાત પણ અન્ય ગ્રંથમાં જોવા મળે છે.)

● **શ્રીહરિના દ્વેષથી પેશવાના રાજ્યનો નાશ થયો**

એ પ્રમાણે પેશવાએ મહારાજનું અપમાન કર્યા પછી અંગ્રેજ સરકારે પેશ્વાનું રાજ્ય લીધું ને પેશ્વા ત્યાંથી ભાગી છૂટ્યા ને ત્યાં અંગ્રેજનું રાજ્ય થયું ને ત્યાં બે સાહેબો આવ્યા ને આવતાંજ તેઓ કુબેરસિંહ હરિભક્ત હતા તેને મળ્યા ને કહ્યું "આંહી સ્વામિનારાયણ ક્યારે પધારશે ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "તમે બે માણસોને તેડવા મોકલો તો સ્વામિનારાયણ આંહી આવે ત્યારે તે સાહેબે પોતાના બે સ્વારોને તૈયાર કરીને કાગળ લખી આપ્યો ને મહારાજ બોલાવવા સારું મોકલ્યા ને કહ્યું જે "સ્વામિનારાયણને કહેજો કે આંહી અમદાવાદમાં હવે સાહેબનું રાજ્ય થયું છે માટે તમે જેમ પ્રથમ આવ્યા હતા તેમ સાધુ પાળા તથા કાઠીના સ્વાર લઈને આંહી અમદાવાદ આવજો." ત્યારે પછી તે સ્વાર ગઢડે ગયા ને મહારાજને તે પ્રમાણે વાત કરીને સાહેબનો કાગળ આપ્યો તે વાંચીને મહારાજે



Final



સભામાં વાત કરી જે "સાધુ, બ્રહ્મચારી, પાળાઓ તથા કાઠી સ્વાર સર્વે તૈયાર થાઓ આપણે અમદાવાદ જાવું છે" એમ આજ્ઞા કરીને સર્વેને સાથે લઈને મહારાજ ગઢડેથી ચાલ્યા તે પાંચમે દિવસે સવારના પહોરમાં અમદાવાદ પહોંચ્યા ત્યારે દામોદર તથા કુબેરસિંહ અને નથુ ભટ્ટ વિગેરે ત્યાંના હરિજનો સામૈયું લઈને સામા આવ્યા ને એંશી જોડ્ય ત્રાંસાં તથા અંગ્રેજી વાજાં લાવ્યા હતા તથા ગુલાબ અને ફુલના હાર પણ લાવ્યા હતા તથા કેટલીક ગાડીયું અને બે હજાર માણસોની પલટન સાથે બે સાહેબો ઘોડેસવાર થઈને સામા આવ્યા હતા ને તેમણે મહારાજ પાસે આવીને ટોપીયું ઉતારીને મહારાજને પગે લાગ્યા ને કહ્યું "સ્વામિનારાયણ ! ચાલો ગામમાં" ત્યારે મહારાજ માણકી ઉપર સ્વાર થઈને ચાલ્યા ને બે સાહેબો ઘોડેસ્વાર થઈને મહારાજની સાથે ચાલ્યા એવી રીતે વાજતે ગાજતે શહેરમાં સોંસરા થઈને કાંકરીયે તળાવે જ્યાં ઉતારો હતો ત્યાં પુગ્યા ત્યારે સભા કરીને મહારાજ બિરાજમાન થયા ને સાહેબ કહે "અમે જાશું" એમ કહી હાથની પારશી કરીને ગયા પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું "સ્વામી ! એ સાહેબ શું કહી ગયા તે તમે સમજ્યા ?" ત્યારે સ્વામી કહે "ના મહારાજ એ તો તમને ખબર પડે" પછી મહારાજે કહ્યું એ સાહેબે એમ વાત કરી કે અમારે તમારી પધરામણી તથા પૂજા કરવી છે માટે તમે ત્રણ વાગ્યે દરબારમાં આવજો" પછી મહારાજે નાહીને શરીર લુહી કોરાં વસ્ત્ર પહેર્યાં પછી હરિજને મહારાજને ચંદન ચરચીને ફુલના હાર પહેરાવ્યા પછી મહારાજ થાળ જમવા બેઠા તે સારી રીતે જમી જળપાન કરીને મુખવાસ લીધો પછી સંત પાર્ષદ તથા કાઠી સ્વારોને મહારાજે પોતે પીરશીને ખૂબ જમાડ્યા પછી હાથ પગ ધોઈને ઢોલિયા ઉપર વિરાજમાન થયા પછી બે કલાક પોઢીને જાગ્યા ને જલપાન કર્યાં ત્યાં સાહેબનાં માણસો વાજાં સાથે મહારાજને તેડવા આવ્યા એટલે મહારાજે સહુને આજ્ઞા કરી તેથી સર્વે સંત હરિજન

તૈયાર થયા તે સાથે મહારાજ દરબારમાં પધાર્યા ત્યાં ખુરશીયું તથા બીછાણાં પાથરેલ હતાં ત્યાં ખુરશી ઉપર મહારાજ બિરાજમાન થયા ને બીજા સર્વ હેઠા બેઠા ને મોટા બે સાહેબ હતા તે ટોપીયું ઉતારીને મહારાજ આગળ ઉભા ને મહારાજને કહ્યું "કાંઈ વાત કરો"

● **જૈન મુનિને સત્સંગ :**

શ્રીહરિ અને સંતોના પ્રતાપે શ્રીનગરમાં ભક્તિનું અલૌકિક આંદોલન જાગ્યું હતું. શ્રીહરિનો પ્રતાપ જોઈ રાજા હોય કે રંક, બાળક હોય કે વૃદ્ધ, આસ્તિક હોય કે નાસ્તિક, હિંદુ ધર્મી હોય કે પરધર્મી, સાધુ હોય કે ગૃહસ્થ, ગાદીપતિ હોય કે સામાન્ય આશ્રિત, સૌ કોઈને એ પ્રભાવ સ્પર્શી જતો હતો. આ પ્રભાવ કોઈ લૌકિક નહોતો. જેમાં કોઈ કામણટૂમણ, દોરાધાગા, મંત્ર-તંત્રનું તો કોઈ સ્થાન નહોતું. જગતનું કલ્યાણ કરવા માટે આવાં મલિન સાધનો કામ લાગતાં નથી, પરંતુ પરમાત્માનો પ્રતાપ જ એવો અલૌકિક હોય છે કે એમના આશ્રયમાં આવનાર સૌનું કલ્યાણ થઈ જાય છે.

એમાં એક દિવસ એક જૈન મુનિ શ્રીહરિ પાસે આવેલા. ભાવથી પ્રભુનાં દર્શન કર્યાં. એ જૈન સાધુને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં ચોવીસ તીર્થંકરનાં દર્શન થયાં. આવો પ્રતાપ તો ભગવાન સિવાય બીજે ક્યાં હોય ! અને એ જૈન મુનિ સ્વામિનારાયણ ભગવાનના દૃઢ આશ્રિત બન્યા. આ જોઈને જૈન લોકો વઢવા લાગ્યા - 'અરેરે ! તમે અમારા ગુરુ થઈને આ શું કર્યું ! તમને આ બુદ્ધિ ક્યાંથી સૂઝી ?' જૈન મુનિએ કહ્યું - 'સાંભળો, સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ તીર્થંકરરૂપ સ્વયં ભગવાન છે અને એમના બધા સાધુઓ બ્રહ્મ છે. હે કુબુદ્ધિવાળાઓ! એવા મુક્ત સંતોનું હું ભાવથી દર્શન કરું છું.'

જૈનોએ કહ્યું - 'આ કળિયુગમાં તો ભગવાનનો અવતાર થતો જ નથી.' જૈન મુનિએ કહ્યું કે - 'આ સ્વામિનારાયણ સાક્ષાત્



Final


પરમાત્મા છે અને એમના સમાગમથી પરમપદની પ્રાપ્તિ થાય છે.' જૈન મુનિ એકના બે ન થયા. તેમને દ્રઢ પણે નિશ્ચય થઈ ગયો હતો. જૈનોએ તો વધુ દલીલબાજી કરી. જો સ્વામિનારાયણ ભગવાન હોય તો તમને આજીવિકા કેમ આપતા નથી ? જૈન મુનિ કહે - 'આજીવિકા ! કીટથી લઈને બ્રહ્મા સુધી સૌને એજ આજીવિકા આપે છે. તો એ પરમાત્મા શું મારી આજીવિકા નહીં ચલાવે ? એ શું મારી ઉપેક્ષા કરશે ? અનંત કોટી બ્રહ્માંડમાં આ સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજો કોઈ પોષણ કરનાર છે જ નહિ. બોલો હવે તમારે શું કહેવું છે ? હું સ્વામિનારાયણ ભગવાનનો છું અને એમનો જ થઈને રહીશ, એમનું જ ભજન કરીશ. તમારે જે માનવું હોય તે માનો' અને એ વખતે શ્રીહરિની ઈચ્છાથી હજારો જૈનોને શ્રીહરિના દર્શનથી સમાધિ થઈ. આ અલૌકિક સામર્થ્ય જોઈને હજારો જૈનો સત્સંગી બન્યા અને કેટલાક લોકો જેમના તેમ પાછા ગયા.

અસંખ્ય જૈનોને આશ્રિત બનાવવા એ કોઈ નાનીસૂની વાત નથી અને એ કોઈ ઓછો પ્રતાપ નથી. અમદાવાદમાં આવા અનંત પરચાઓ અને અનંત ઐશ્વર્યો શ્રીહરિએ બતાવ્યાં છે.

● **શ્રીહરિએ વૈરાગીઓને પત્ર લખ્યો તે વાંચીને મનોમન સમજી રહ્યા :**

શ્રીહરિ વહેલાલથી સાદરા, વિજાપુર, કરજીસણ, પાટણ થઈને રાધનપુર - વાળા રસ્તે કચ્છ પધાર્યા. ભૂજ પહોંચીને અમદાવાદ વૈરાગીઓને કાગળ લખ્યો કે તમને બધાને માલૂમ થાય કે તમારા ઉપર અમને ઘણો ભાવ છે. પરંતુ તમે અમારા સંતો ઉપર અને અમારા ઉપર શત્રુભાવ રાખો છો એ બરાબર નથી. વગર વાંકે તમે અમારા સંતોને માર્યા. છતાં અમે કાંઈ બોલ્યા નહિ. અને ઊલટાનું તમે હથિયારો સાથે અમને મારવા આવ્યા. અમારા હરિભક્તોએ લડાઈ રોકવા માટે તમારી ઘણી ગાળો સહન કરી. અમારા

હરિભક્તોએ જેમ જેમ ક્ષમા રાખી તેમ તેમ તમે માથે ચડી આવ્યા. અને તમારા લીધે જ ધીંગાણું થયું. આપને માલૂમ થાય કે અમે તો ખોખરામાં એકલા હતા. તમે આવ્યા ત્યારે તમારું સન્માન બરાબર થઈ શક્યું નથી. પણ હવે અમે ડભાણમાં યજ્ઞ કરવાના છીએ એટલે તમે બધાં જ ડભાણ આવજો. ત્યાં તમારો સારી રીતે સત્કાર કરીશું. તમે યજ્ઞમાં કેટલા જણા આવવાના છો એ લખી જણાવજો. અમારે ત્યાં ભાંગ કે તમાકું મળશે નહીં. આવો કાગળ લખ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે -

સામ, દામ, દંડ ભેદે ભર્યો, વાંચી કાગળ વિચાર કર્યો.

આ પત્રમાં શબ્દોમાં ઘણો ઘણો ઠપકો છે. કટાક્ષ પણ છે. આ પત્ર અમદાવાદ આવ્યો. વૈરાગીઓએ ભેગા થઈને વાંચ્યો અને એમાં જે બુદ્ધિવાળા હતા તેઓએ વિચાર કર્યો કે આ મર્મ ભરેલો પત્ર છે. પછી તેઓની વાણીમાં સ્વામિનારાયણ ભગવાન વિષેની એક સનાતન હકીકત પ્રગટ થયા વિના ન રહી. તેઓ બોલ્યા કે ચાર ધામમાં આવા કોઈ સિદ્ધ નથી. અત્યારે દરેક સંપ્રદાયમાં લોકો ફેલ, વ્યસન, ધન અને નારીમાં ડૂબેલા છે. ત્યારે સ્વામિનારાયણ ભગવાને ત્યાગ-વૈરાગ્યની જ્યોત જગાવી છે. સમર્થ વિના આવું બીજા કોઈ કરી ન શકે ! લાગે છે કે જીવ પ્રાણી માત્રની દોરી એમના હાથમાં છે. પત્ર વાંચીને કેટલાકને આવો ગુણ આવ્યો ત્યારે કેટલાક વૈરાગીઓ બોલી ઊઠ્યા કે આ કાગળ બીજાને વંચાવશો નહિ કારણ કે કાગળમાંય એમનો જાદુ છુપાયેલો છે.

કાગળ ઉપર વૈરાગીઓમાં જે ચર્ચા થઈ એ ખાનગી વાતો પણ નથુભાઈ ભટ્ટ દ્વારા શ્રીહરિ પાસે પહોંચી ગઈ. શ્રીહરિ બોલ્યા કે હવે વૈરાગીઓ સમજી ગયા છે. એટલે આપણા સંતોને હેરાન નહિ કરે. આ જીવ કુસંગને લીધે પ્રભુથી વિમુખ થાય છે. આચાર-વિચાર પાળવા, ધર્મ પાળવો, પરબ્રહ્મની ઊપાસના કરવી, ઈન્દ્રિયોને નિયમમાં



Final



વર્તાવવી આ બધાં સાધુનાં લક્ષણો છે. પણ ઠગ ભગત જેવા સાધુ હોય તેને આ બધું કાંઈ રૂચે નહિ. વ્યસનો અને ફેલફતુરમાં રાચ્યા કરે તેની તેને આવી અવળી બુદ્ધિ જ આવે.

- **શ્રીહરિએ સાબરમતી નદીમાં સ્નાન લીલા કરી અને બ્રાહ્મણોને એક એક રૂપિયા દક્ષિણા આપી.**

સંવત ૧૮૭૬ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઓળા ગામથી ચાલ્યા તે કલોલ, અડાલજ,મોટેરા થઈ સાબરમતી થઈ અમદાવાદ નવા વાસમાં આવ્યા હતા. તે કારતક સુદ દશમને દિવસે શ્રીહરિ અમદાવાદ પધાર્યા. ને રાત દોઢ પહોર વીતી તે પછી શ્રીહરિ પોઢી ગયા અને સવારે ઊઠ્યા. પછી સાબરમતી નદીએ સ્નાન કરવા માટે ગયા.

જ્યારે નગરના દરવાજાઓ ખુલ્યા ત્યારે શ્રીહરિ અમદાવાદ શહેરની બહાર નીકળ્યા. જે બાજુ બાદશાહી બાગ હતો તે માર્ગે ભક્તજન ચિત્તચોર શ્રીહરિ ચાલ્યા. સંતો, વર્ણી તથા પાર્ષદો જેટલા હતા તે શ્રીહરિની સાથે ગયા. અને જે વખતે હરિભક્તોએ સાંભળ્યું કે શ્રીહરિ સ્નાન કરવા ગયા છે એટલે તરત જ બધા તેમની પાછળ પાછળ સ્નાન કરવા આવ્યા. બાદશાહી બાગના મહેલની પાછળના ભાગ તરફ શ્રીહરિએ સ્નાન કર્યું હતું. સ્નાન કરીને જ્યારે ધર્મકુમાર શ્રીહરિ બહાર નીકળ્યા ત્યારે પીતાંબર વસ્ત્ર પહેર્યું. તે સમયે જેટલા વિપ્ર આવ્યા હતા તે બધાને પંક્તિબદ્ધ બેસાડ્યા.

શ્રીહરિએ તે વખતે ચટ્ ચટ્ ચાલીને સહુ વિપ્રો જે નદી ઉપર આવ્યા હતા તેમને એક એક રૂપિયો દાનમાં આપ્યો અને તે રીતે સહુની પૂજા કરી. શ્રીહરિ જ્યારે દાન આપી રહ્યા તે પછી વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેરી લીધાં. ત્યારે જે હરિભક્તો આવ્યા હતા તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. તે હરિભક્તોએ અનુપમ અવસર જોઈને ફૂલના હાર પહેરાવ્યા અને પ્રશન્ન મનથી રૂપિયાની ભેટ મૂકી. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર ૧૮ તરંગ ૮૧-૮૨)*

● **એરણ સાહેબને સંતોની ક્રિયા જોઈ ગુણ આવ્યો**

આ સમય દરમિયાન શ્રીસ્વામિનારાયણના સંતો ભદ્રના વિસ્તારમાં ભિક્ષા માગવા આવતા. શાહુકારના ફળિયામાં આવી "નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !" એ પ્રમાણે બે વાર બોલીને નીચે જોઈ થોડીકવાર ઊભા રહેતા. બાઈઓ, ઝોળીમાં ભિક્ષા નાખે ત્યારે સંતો અવળુ મુખ રાખીને લે. આ દ્રશ્ય એક વખતે એરણ સાહેબના જોવામાં આવ્યું. સંતોનો અનોખો પહેરવેશ તથા ભિક્ષા માગવાનો અનોખો પ્રકાર જોઈ તેમને સંતોનો ગુણ આવ્યો અને વિચાર કરવા લાગ્યા કે આ કળિકાળમાં સ્ત્રીઓ સામું ન જુએ તેવા પવિત્ર સંતો કોના હશે ? પછી પોતાની પાસે રહેતા કુબેરસિંહના મોટાભાઈ મોતીરામને પૂછ્યું કે "યે કીસકા સાધુ હૈ ?" ત્યારે તેમણે કહ્યું જે "સાહેબ ! યહ તો સ્વામિનારાયણ કે સંત હૈ !" ત્યારે સાહેબે પૂછ્યું કે "સ્વામિનારાયણ કહાં હૈ ? યહાં આતે હૈ યા નહિ ?" ત્યારે મોતીરામે કહ્યું, "હાલમાં તેઓ સૌરાષ્ટ્રમાં વિચરે છે. પૈશ્વાના સૂબા ભાઉએ સ્વામિનારાયણને કહ્યું હતું જે તમારે મારું રાજ્ય હોય ત્યાં સુધી આ શહેરમાં ન આવવું. ત્યારે સ્વામિનારાયણે કહેલું કે તમારું રાજ્ય નહીં હોય ત્યારે આવીશું. એમ સ્વામિનારાયણે કહ્યું હતું. 'સાહેબે પૂછ્યું જે "એમના શિષ્યો આ શહેરમાં છે ?" ત્યારે મોતીરામ કહ્યું જે 'મારો નાનોભાઈ કુબેરસિંહ આદિક ઘણાજ તેમના સેવકો છીએ." ત્યારે સાહેબે કહ્યું : "તેમને બધાને કહેજો કે તેઓ સ્વામિનારાયણને આ શહેરમાં બોલાવવા અરજી કરે, કારણ કે હવે પેશ્વાનું રાજ્ય નથી. હવે તો અંગ્રેજોનું રાજ્ય છે. એટલે અમે શહેરના લોકો ને મળી ને બંદોબસ્ત કરીશું. કારણ અમારે સ્વામિનારાયણને અહીં તેડાવવા છે. તેમની દુવાથી અમને રાજ્ય અને શહેર મલ્યાં છે." પછી મોતીરામના કહેવાથી બધા સત્સંગીઓએ મળી ને અરજી કરી, એટલે સાહેબે શહેરના આગેવાન નાગરિકોને તથા દરેક



Final



સંપ્રદાયના આગેવાનોને બોલાવ્યા અને પૂછ્યું જે અમારે સ્વામિનારાયણને આ શહેરમાં બોલાવવા છે, તો જો કોઈને વાંધો હોય તો અત્યારે બોલજો. પછીથી બોલશે તેને સરકાર નસિયત કરશે. ત્યારે બીજા કોઈ કાંઈ બોલ્યા નહિ. પરંતુ સાહેબના કારભારી પૂંજો શાહ બોલ્યા જે એ તો પુરુષને સ્ત્રીથી, અને સ્ત્રીને પુરુષથી છોડાવી ત્યાગી કરી નાખે છે માટે તેમને અહી બોલાવવા ઠીક નહિ ત્યારે તેને સાહેબે કહ્યું જે તું નવી સ્ત્રી પરણ્યો છું અને અમારો નોકર છું તે તું અમારા કહેવાથી તારી સ્ત્રીને છોડી દે ખરો ? ત્યારે તેણે ના પાડી. ત્યારે સાહેબે કહ્યું જે "વે તો બડા મુરશિદ હૈ ઔર હિન્દુઓકા કનૈયા હૈ યે બાત તુમ ક્યા જાને ?"

● **શ્રીહરિ એરણ સાહેબને ત્યાં પધાર્યા અને સદ્બોધ આપ્યો**

પાંચમે દિવસે એરણ સાહેબે શ્રીહરિને પોતાના ભવન પધરાવી વિનંતી કરી. શ્રીહરિએ ત્યાં જવાની હા પાડી. એટલે સાહેબે શહેરની બજારો પાણી છંટાવી સાફ કરાવી જેથી ધૂળ ન ઊડે. શ્રીહરિ શણગારેલા અશ્વ ઉપર બેસી ચાલવા તૈયાર થયા ત્યારે સાહેબે શ્રીહરિની સન્મુખ પલટણ સાથે બધાજ પ્રકારના અંગ્રેજી પડઘમ વાજાં મોકલ્યાં. હરિભક્તો પણ શ્રીહરિની સાથે ગાતા ગાતા ચાલ્યા. સંતોને મુકામ પર રહેવાની આજ્ઞા કરી એટલે સંતો ઉતારા ઉપરજ રોકાયા. નવ વાગે શ્રીહરિ બજારમાં થઈ સ્વારી સાથે ભદ્રમાં આવ્યાં. ત્યાં અશ્વ ઉપરથી ઉતર્યા એટલે સાહેબ ટોપી હાથમાં લઈ સન્મુખ આવી શ્રીહરિને પગે લાગ્યા. પછી જમણા હાથે શ્રીજીનો જમણો હાથ ઝાલી બંગલામાં મેડા ઉપર લઈ ગયા. ત્યાં શ્રીહરિને સોનાની ખુરશી ઉપર બેસાડી પોતે સામે બેઠા. પછી સાહેબ બોલ્યા કે હે પ્રભો ! હવે કંપની સરકારનું રાજ્ય થયું છે માટે તમારે તથા તમારા સંતોને જ્યાં ઈચ્છા આવે ત્યાં ફરો. હવે કોઈ આપનું નામ લેનાર નથી. આપને પીડનાર દુઃખી થયા છે. આપ દરેકનું હિત ઈચ્છતા હતા અને ઈચ્છો છો.

પણ તમારું બુરુ કરવાનો જેને ભાવ હતો તે બધા પોતાના દ્વેષરૂપી અગ્નિમાં બળી મર્યા છે. આપને તુચ્છ દેખાવાથી તેઓજ તુચ્છ થયા છે. આપનો તથા આપના સંતોનો જે કોઈ વિના વાંકે અપરાધ કરે તો અમને જણાવજો.

શ્રીહરિ કહે તમારા રાજ્યમાં તમોએ એવી સુવ્યવસ્થા કરી છે કે કોઈ જુલમ કરી શકે નહિ. તમો બરાબર ન્યાયપુરઃસર રાજ્ય કરતા જણાઓ છો તેથી પ્રજા અશાંતિમાંથી શાંતિ મળવાથી સુખી થઈ છે. અમે કોઈ સુવ્યવસ્થિત રાજ્ય ઈચ્છતા હતા. અમે અમારા સેવકોને અનીતિ ત્યજાવીએ છીએ.

ત્યારે સાહેબ કહે તમો સમજાવીને અનીતિ ત્યજાવો છો. તે ભારે કઠણ કામ છે. અમારાથી તે બંને નહિ. અમો રાજ્ય કરતા છતાં અસંગી રહીએ છીએ. પ્રયોજન જેટલો બીજાનો સંગ રાખીએ છીએ. માણસનો વગ કરનાર ગમે તેટલો મોટો હોય તો પણ તેને ફાંસીએ દઈએ છીએ. ધન કરતાં ધર્મને ઉત્તમ માનીએ છીએ. ગુનાના પ્રમાણમાં વિચાર કરી યોગ્ય દંડ કરીએ છીએ.

શ્રીહરિ કહે જ્યાં સુધી તમે નીતિમાં ચાલશો ત્યાં સુધી વધતા રહેશો. નીતિનો ત્યાગ કરશો ત્યારે બુદ્ધિમાં અંધકાર થઈ જશે અને પ્રજા દુઃખી થશે અને તમે પણ દુઃખી થશો.

પછી સાહેબે શ્રીહરિને ગુલાબના હાર પહેરાવી કિંમતી શાલ ઓઢાડી ઘણી પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને ઘણી જ્ઞાનની વાતો કરી. ત્યારે સાહેબ બોલ્યા કે અમે આપની અગાધ વાતમાં સમજીએ નહિ પણ એટલું જાણીએ છીએ કે બીજા મતોવાળા ધર્મથી ઊતરતા થઈ ગયા છે. આપના જેવો કોઈ રહ્યો નથી. છતાં તેમને પોતાના દોષ દેખાતા નથી તેથી આપના જેવા સારાની અવગણના કરે છે. તેનું પરિણામ અંતે દુઃખરૂપ છે. તે તેમને સમજાતું નથી. આપના જેવા પુરુષોનો દ્રોહ કરે છે તેનું અપાર પાપ લાગે છે. અને જે આપનો



Final



સત્કાર કરે છે તેના પાપમાત્ર બળી જાય છે. માટે હાથ જોડીને આપની પાસે એટલું માગીએ છીએ કે આપનો સત્કાર અને સેવા થાય. હવે આપ તથા આપના સંતો વગેરેને જ્યારે અહીં આવવાની ઈચ્છા થાય ત્યારે આ શહેરમાં આવતા રહેજો. આપને કોઈ રોકશે નહિ. વધુમાં અમારી એવી ખાસ ઈચ્છા છે કે આપ અહીં આપનો મુકામ (મંદિર) બાંધો. આપ કહો ત્યાં અને તેટલી સારામાં સારી જમીન અમો અપાવીએ.' આતો કંપની રાજ્ય છે એટલે અમો સ્વતંત્ર નથી.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમો શહેરમાં જમીન જોઈશું. તપાસ કરતાં અમને જે જમીન પસંદ પડશે તે લેવાનું નક્કી કરી અમારા સેવકો મારફતે તમોને કહેવરાવીશું. એટલે તે જમીન અમોને સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધીની શરતે આપવાની કાર્યવાહી તમો કરજો.

પછી શ્રીહરિએ સાહેબને કહ્યું જે અમો તમારી મરજી જોઈને અહીં પાંચ દિવસ રોકાયા. હવે જવાની રજા આપો. (લોકમાં તથા શાસ્ત્રોમાં એવો નિયમ છે કે જેણે બોલાવ્યા હોય તેને ત્યાંથી તેની રજા સિવાય જવાય નહિ. એટલે શ્રીહરિએ વિવેક કરી શિષ્ટાચાર સાચવવા સાહેબ પાસે રજા માગી. તેમાં કાંઈ અનુચિત નથી.) ત્યારે સાહેબે કહ્યું કે આપના સેવકોને ઘેર પધારી તેમને રાજી કરીને પછી પધારજો. પછી શ્રીહરિ પોતાના ઉતારે પધાર્યા. બીજા દિવસે હરિભક્તોએ ઘેર ઘેર પધરાવી પૂજા કરી પોતપોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રો, ઘરેણાં, રૂપિયા વગેરે અર્પણ કરી સેવાનો અલૌકિક લાભ લીધો. પુરવાસીઓને પહેલાં આવો અવસર ક્યારેય ન હતો. કારણ પહેલા રાજ્યનો તથા વિરોધીઓનો ઉપદ્રવ હતો.

શ્રીહરિ ત્યારબાદ બે દિવસ રોકાઈ જવા તૈયાર થયા. ત્યારે વિપ્ર નાનાભાઈ, કુબેરસિંહ ચોપદાર, ચોકસી રણછોડ તથા ચોકસી હીરાચંદ, લાલદાસ ગોરા, કણબી દામોદર, શંભુદાસ, બંને નથુ ભટ્ટ

વગેરે આગેવાન હરિભક્તોને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે નવાવાસની સામે જે નાયકના ઘર છે ત્યાં સુધી વચમાં જેટલી જગ્યા છે તે લઈને તેમાં બંને બાજુ સંતોને ઊતરવા ધર્મશાળા કરાવજો. સાહેબને ધર્મશાલા તથા મંદિર કરાવવાનો ઘણો ભાવ છે માટે તમે કહેશો તેટલી જમીન તે આપશે. જ્યારે સંતને માટે જગ્યા થશે ત્યારે શ્રીનરનારાયણદેવ ત્યાં બિરાજશે. ત્યારે નાનાભાઈ બોલ્યા કે આપની આજ્ઞાથી સૌ હરિભક્તો મળીને મદદ કરીને જગ્યા કરાવીશું. કારણ દરેકને સંતો ઉપર ભાવ છે.

પછી જમીને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા ને ચાલતા તૈયાર થયા. ત્યારે વહેલાલ ગામના અમીન જેસીંગભાઈએ શ્રીહરિને વિનંતી કરી કહ્યું કે હે પ્રભુ ! દયા કરી અમારે ગામ પધારો. આપ તથા સંતો માટે પાકી કેરીઓ રાખી છે, તે આપ જમીને સંતો ખૂબજ જમાડો. આપની મરજીમાં આવે તેટલા દિવસ રોકાજો, અમો તાણ નહિ કરીએ. ત્યારે શ્રીહરિ કહે તમારે ત્યાં એક રાત રોકાઈ બીજા દિવસે ચાલીશું. એમ જેસીંગભાઈને કહી બહાર ગામથી દર્શન કરવા આવેલા સત્સંગીઓને તેમના ગામ જવાની આજ્ઞા આપી પોતે ત્યાંથી ચાલ્યા. શહેરના હરિભક્તોએ પુષ્પના હારો પહેરાવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી દર્શન કર્યા. પછી ચોકસી, સોની, પાટીદાર વગેરે શહેરના સત્સંગીઓ ઉત્સવ કરતા કરતા આગળ ચાલતા હતા. નિશાન-ડંકાવાળા તથા વાજાંવાળા પણ આગળ ચાલતા હતા. શહેરના માણસો બજારમાં તથા બારીઓમાં ઊભા રહી પ્રભુ ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા અને શ્રીહરિ તથા સંતોના મહિમાની વાતો કરતા હતા. એમ વાજતે ગાજતે શ્રીહરિ પુરની બહાર આવ્યા. ત્યાં વળાવવા આવેલા માણસોને ઊભા રાખ્યા. વાજાંવાળાને યોગ્ય ઈનામો આપી રજા આપી પોતે આગળ ચાલ્યા તે સંધ્યા વખતે ગામ વહેલાલમાં પધાર્યા.



Final



- **નરભેરામ શાસ્ત્રીને શ્રીહરિ સાથે ચર્ચા કરતા સંતોનો મહિમા સમજાયો**

શ્રીહરિ નવાવાસમાં રોકાયા હરિભક્તો ભાવથી વારાફરતી રસોઈઓ વગેરેથી સેવા કરતા. તે દરમિયાન શહેરમાં નરભેરામ શાસ્ત્રી નામના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણ હતા. તેઓ રાજ્યના શાસ્ત્રી હતા. શ્રીહરિને આવ્યા સાંભળી એક દિવસ શ્રીફળ ને હાર લઈને શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. તેઓ હાર પહેરાવી પગે લાગીને બેઠા. તેમણે જૂનાં વસ્ત્રો પહેર્યા હતાં તેથી તપસ્વી જેવા લાગતા હતા. શ્રીહરિએ તેમને આસન નંખાવી તે ઉપર બેસાર્યા ને કુશળ સમાચાર પૂછ્યા. વિપ્રે કહ્યું કે સુખ, શાંતિ આપની પાસે રહે છે. આપના શરણ વિનાના બીજા જીવો ફાવે તેવાં શ્રીમંત હોય તો પણ ત્રણ તાપમાં બળ્યા કરે છે. તેવા લોકો પાસે હું ક્યારેય માગતો નથી. માગ્યા વિના અન્ન, ધન, વસ્ત્ર, બોલાવીને કોઈ આપે તે લઉં છું. તે આપની જ સહાય અને કૃપા માનું છું. આ શહેરના રાજાએ મને બોલાવી દર વર્ષે બે હજાર રૂપિયા બક્ષિસ આપવાના કર્યા પણ રાજાનું ધન દૂષિત માની મેં તે લેવાનું સ્વીકાર્યું નહિ. કારણ ધર્મ જાય ત્યારે શું રહે ? બ્રાહ્મણનું શરીર વારે વારે મળે નહિ. આપના પ્રતાપથી ધર્મમાં રુચિ રહી છે. તેમની વાત સાંભળી શ્રીહરિ રાજી થયા. તેમને સારા પવિત્ર અને સુબુદ્ધિ વિપ્ર જાણીને એક પ્રશ્ન પૂછ્યો કે તમો સિદ્ધાંતના ગ્રંથો ભણેલા છો. કેટલાક આચાર્ય થઈ ગયા પણ વ્યાસજી બરાબર કોઈ કહેવાય નહિ. વ્યાસજીએ બધા જ પુરાણના સિદ્ધાંત રૂપે ભાગવત પુરાણ કર્યું. તેમાં બીજી ઘણી વાતો લખી છે. અને ભગવાનના ચરિત્રોનો મહિમા પણ કહ્યો છે. તે તથા રામાનુજભાષ્ય સહિત ભગવદ્‌ગીતા તથા વ્યાસસુત્ર અમને પ્રિય લાગે છે. તેમજ જેમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું પ્રતિપાદન હોય અને ભગવાનના સંબંધે કરીને જ બીજાની મોટાઈ કહેલી હોય એવા ગ્રંથ અને વચનો

અમને પ્રિય લાગે છે. માટે ફાવે તેવા નિરાકારના પ્રતિપાદન કરનારા ગ્રંથો સાંભળે તો પણ ભગવાનની સાકાર ઉપાસનાનો ભંગ ન થાય એવો ઉપાય હોય તે કહો. અપાર ચમત્કારો દેખાડે પણ ભગવાન સમાન કોઈ થઈ શકતું નથી. ભગવાન પોતાનાથી પણ વધુ સામર્થ્ય બીજામાં દેખાડે તો પણ તે ભગવાનના એક રોમ બરાબર થઈ શકે નહિ. કુપાત્ર હોય તે સામર્થ્ય પામીને છકી જાય. તેવા ઉપર ભગવાનનો કોપ થાય છે. ભગવાનનાં કામ ભગવાનથી જ થઈ શકે. એવી સમજણ વિનાના આકડાના તુલની પેઠે ઊડી જાય છે અને કાળના મોઢામાં પડી દુઃખ પામે છે પણ તે દુઃખ કોઈને દેખ્યામાં આવતું નથી. તે કેવી રીતે દેખાય તે કહો. ત્યારે તે નરભેરામ શાસ્ત્રી બોલ્યા કે આપની વાત તો અમાપ છે. જ્યારે અમાપનો સંગ થાય ત્યારે અંતરમાં પ્રકાશ થાય અને યથાર્થ વાત સમજાય. અમે શાસ્ત્ર ભણ્યા પણ વાત અગમની અગમ રહી. કોઈ જાતનો મારાથી નિર્ધાર થઈ શક્યો નથી. જેથી ચોધારી મતિ થઈ ગઈ છે. તો આપ નિશ્ચય કરાવીને એક મતિ ઉપર લાવવા કૃપા કરો.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે બધાં શાસ્ત્રો ભણે પણ શુદ્ધ સત્સંગ વિના મોક્ષ થતો નથી. વિવિધ ભોજનો જોયા કરવાથી ક્ષુધા નાશ પામતી નથી. પણ તેને જમવાની જ તૃપ્તિ થાય છે. વ્યાસજી ભગવાને ઘણાં શાસ્ત્રો લખ્યાં, તેમાં જેવા પ્રકારના માણસો હોય તેવા પ્રકારની વાત પાત્ર પ્રમાણે લખી છે. તે બધાય જીવોના મોક્ષ માટે છે એમ સત્સંગ કરવાથી સમજાય છે. વ્યાસજીએ કહ્યું છે કે વેદ-પુરાણનું આલોચન કરતાં એમ જણાય છે કે નારાયણના શરણ વિના મોક્ષ થાય નહિ. જેનાથી ભગવાન રાજી થાય તેજ ખરો મોક્ષ છે. ભગવાનના અવતાર પૃથ્વી ઉપર પ્રગટ હોય ત્યારે તેમનો પ્રતાપ છાનો રહેતો નથી. સૂર્ય ઉદય થાય ત્યારે તેનો પ્રકાશ પ્રગટ દેખાય છે. છતાં આંખો મીંચી રાખે તેને દેખાય નહિ. તેમાં સૂર્યનો દોષ કહેવાય



Final



નહિ. તેમ માયિક નાશવંત સુખને માટે જીવ રાત્રિ દિવસ ઉદ્યમ કરે છે. પણ પોતાનું ધાર્યું સુખ મેળવી શકતો નથી તેથી દુઃખી થાય છે. ભગવાનના અવિનાશી સુખ માટે દિવસમાં એક ક્ષણ વાર પણ પ્રયત્ન કરતો નથી. ઉદ્યમ કર્યા વિના કોઈ પ્રાપ્તિ થાય નહિ. તમો જો આટલું ચાલીને આવ્યા તો અમારાં તથા સંતના દર્શન થયાં અને ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ થયું. ત્યારે શાસ્ત્રી બોલ્યા કે સત્પુરુષના વચન સત્ય છે, તે અસત્ય થતાં નથી. વિપ્રનો નિષ્કપટ ભાવ જાણી શ્રીજીએ રાજી થઈ પોતે પહેરેલી કિનખાબની ડગલી તથા સોનાનો હાર ઉતારીને આપ્યાં.

- **શ્રીહરિ મોહનલાલ શેઠના દીકરાના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા**

શ્રીહરિને આવ્યા સાંભળી શહેરના તથા શાખાનગરોના અનેક ભાવિકજનો દર્શન કરવા આવતા તેથી ઘણી જ ભીડ રહેતી મેવા, મીઠાઈ, વગેરે ઘણું જ આવતું તે તમામ સભામાં પ્રસાદી તરીકે વહેંચાવી દેતા. એમ બે દિવસો વીતી ગયા. ત્રીજે દિવસે સાંજે સંધ્યા આરતી થઈ રહ્યા પછી મોહનલાલ શેઠ શ્રીહરિને પોતાના ભૂવને પધરાવવા માટે પોતાનો સોનાનો રથ લઈને આવ્યા. તેમને ત્યાં તેમના દીકરાના લગ્નનો પ્રસંગ હતો તેથી તેમણે શ્રીહરિને પંચભાઈની પોળમાં પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. શ્રીહરિ તેમની વિનંતી સ્વીકારી તૈયાર થયા. સંતો હરિભક્તોને પણ સાથે લીધા. પછી શ્રીહરિને રથમાં બેસાર્યા. વાજતે ગાજતે પોતાના ભવને લાવ્યા. ત્યાં બંગલાની આગળ વિવાહ માટે ભારે મંડપ બંધાવ્યો હતો. અપાર દીવા કરાવ્યા હતા. ત્યાં સોનાની ખુરશી ઉપર શ્રીહરિને પધરાવ્યા. તેમની બેય તરફ સંતો બેઠા. સત્સંગીઓ તથા બીજા ગૃહસ્થો સામે બેઠા. શ્રીહરિએ શ્વેત વસ્ત્રો પહેર્યા હતા. મંડપમાં ચારે બાજુ કાચના મોટા તક્તાઓ ગોઠવ્યા હતા. તેમાં આખા મંડપની રચના દેખાતી

હતી. અજાણ્યા લોકો તેમાં ભૂલા પડ્યા હતા. પાંચ ઠેકાણે સભા દેખાતી હતી અને દીવા પણ અસંખ્ય દેખાતા હતા. સંતોએ બ્રહ્મમુનિનાં મુક્તમુનિનાં, પ્રેમાનંદમુનિનાં બનાવેલાં ચાર ચાર પદો ગાયાં. શહેરમાં ગણિકાઓ હતી તે ધનાઢ્યના ત્યાં વિવાહ પ્રસંગ હોય ત્યારે વાજિંત્રો લઈને ગાન કરવા આવતી. તે રિવાજ પ્રમાણે સત્સંગની રીત નહિ જાણવાથી તે વખતે ત્યાં આવી મંડપમાં સંતની સભા જોઈ બંને ગણિકાઓ દૂર ઊભી રહી અને બે ગંધર્વો પ્રથમ આવીને શ્રીહરિની આગળ વાજાં વગાડવા લાગ્યા. ત્યારે સંતોને શ્રીહરિએ દૂર બેસાડ્યા. પછી ગણિકાઓએ પાંચ હાથ દૂર રહી. શ્રીહરિ સન્મુખ ગાન અને નૃત્ય કર્યું. તે વખતે સંતો તો શ્રીહરિની મૂર્તિ સંભારી કલ્યાણ રાગનું પદ ગાતા હતા. નૃત્ય થઈ રહ્યાં પછી શ્રીહરિએ રાજી થઈ ને તેને દસ રૂપિયા અપાવ્યા. પછી તે ગઈ. પછી મોહનલાલ શેઠે શ્રીહરિની પૂજા કરવા માટે પૂજાનો સામાન લાવી સર્વ પ્રકારના ઉપચારોથી વિધિપૂર્વક પૂજા કરી ભેટો ધરી. શ્રીહરિ ઉપર તથા સભામાં ગુલબજળ છાંટી શેઠ પગે લાગ્યા. છોકરાને પણ પગે લગાડ્યો.. શ્રીહરિએ બન્નેને હારો પહેરાવી આશીર્વાદ આપ્યા. પછી શેઠના ગોર વિપ્રે પણ શ્રીહરિની તથા સંતોની પૂજા કરી. પછી શ્રીહરિ શેઠની રજા લઈ ઉભા થયા અને રથમાં બેસી વાજતે ગાજતે ઉતારે આવ્યા. રથમાંથી ઉતરી રથ હાંકનારને દુપટ્ટો આપ્યો.

● **મોહનલાલ શેઠના ઘરે શ્રીહરિ બીજીવાર પધાર્યા**

શ્રીહરિ મોહનલાલ શેઠને ત્યાં પધાર્યા હતા તે પ્રસંગને સદ્‌ગુરુ આધારનંદ સ્વામીએ હરિચરિત્રામૃતસાગર નામના ગ્રંથમાં ગયા પ્રકરણમાં લખ્યા પ્રમાણે વર્ણવ્યો છે. જ્યારે તેજ પ્રસંગને સદ્‌ગુરુ બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીએ ''સત્સંગિભૂષણ'' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે વર્ણવ્યો છે :-



Final



શ્રીહરિ નવાવાસમાં લીંબડાના વૃક્ષ નીચે સભામાં બિરાજમાન હતા તે વખતે કાનમ દેશના કરાળી ગામના અજુભાઈ સભામાં આવી શ્રીહરિનો સાષ્ટાંગ પ્રણામ કરી સભામાં બેઠા. તેમને શ્રીહરિએ પૂછ્યું કે અજુભાઈ ! તમો અમદાવાદમાં ક્યારે અને શા માટે આવ્યા છો ? ત્યારે અજુભાઈ બોલ્યા કે હે પ્રભો ! આ શહેરમાં અમારા શેઠ મોહનલાલભાઈના ઘેર તેમના દીકરાનાં લગ્ન પ્રસંગે આજે આવ્યો છું. એમ કહીને થોડીવાર પછી ઊઠીને મોહનલાલ શેઠને ઘેર ગયા. ત્યાં મોટા અરીસાઓ તથા રત્નો જડેલો તથા રંગબેરંગી વસ્ત્રોથી તથા બીજાં અનેક પ્રકારના સાધનોથી શણગારેલો સુંદર ભવ્ય મંડપ જોઈને અજુભાઈ મિત્રભાવે તેમનું હિત કરવા મોહનલાલબાઈને કહ્યું કે હે શેઠ ! આવા સુંદર મંડપમાં જ્યાં સુધી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન ન પધારે ત્યાં સુધી તમોએ કાંઈ નથી કર્યું તેમ માનો. ત્યારે શેઠે કહ્યું કે હે અજુભાઈ, મારા આ મંડપમાં સ્વામિનારાયણ ભગવાન આવશે ખરા ? ત્યારે અજુભાઈ બોલ્યા કે કરુણાસાગર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને અહીં પધારવા આપ વિનંતિપૂર્વક આમંત્રણ આપશો તો તેઓ જરૂર આપના મંડપમાં પધારશે. ત્યારે મોહનલાલ શેઠે અજુભાઈને કહ્યું કે હે અજુભાઈ ! તમો જલદી જાઓ અને મારા વતી પ્રાર્થના કરી શ્રીહરિને મારા મંડપમાં બોલાવી લાવો. જેથી મારું કાર્ય સફળ થાય અને મંડપમાં કરેલી શોભા લેખે લાગે ત્યારે અજુભાઈ મોહનલાલ શેઠના સોનાના રથમાં બેસી શ્રીહરિ પાસે જઈને પ્રાર્થના પૂર્વક બોલ્યા કે હે પ્રભો ! આપને સેવકો સહિત મોહનલાલ શેઠે પોતાના ઘરે પધરામણી કરવા બોલાવ્યા છે. તો આપ સંતો પાર્ષદો સાથે શેઠના ઘેર પધારી તેમના ઘરને પાવન કરો. અજુભાઈની વિનંતી સાંભળી શ્રીહરિ રથમાં બેસી સંતો, પાર્ષદો, હરિભક્તો સહિત નવાવાસથી પંચભાઈની પોળમાં આવ્યા. શ્રીહરિ પોતાના ઘેર પધારે છે તેમ જાણી મોહનલાલ શેઠ હાથ જોડી શ્રીહરિની

સન્મુખ આવ્યા. શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરી પ્રભુને પોતાના મંડપમાં લાવી એક સુંદર સોનાના સિંહાસન ઉપર બેસાડ્યા. તેમની ચારે તરફ સંતો વર્ણિઓ ને પાર્ષદોને બેસાડ્યા. પછી મોહનલાલ શેઠ બે હાથ જોડી નમસ્કાર કરી વિનયથી બોલ્યા કે હે પ્રભો ! આપના અહીં આગમનથી હું કૃતાર્થ થયો છું તથા મારું ઘર પવિત્ર બન્યું છે તથા મારા કુળનો પણ ઉદ્ધાર થયો. કારણ આપ કૃપા કરી સંસાર સાગરમાં ભટકતા જીવોનું કલ્યાણ કરવા જ પ્રગટ થયા છો. મોહનલાલ શેઠની પ્રાર્થના સાંભળી શ્રીહરિ બોલ્યા કે હે શેઠ ! મનુષ્ય દેહ પામીને માણસે ખરુ કરવાનું કર્તવ્ય એટલું જ છે કે બ્રહ્મનિષ્ઠ સત્પુરુષોનું દર્શન, તેમનું સન્માન અને તેમને પ્રેમથી નમસ્કાર આટલું કરવાથી તે સત્પુરુષો બ્રહ્મહત્યાદિક પાપવાળાને પણ અક્ષરધામ પમાડે છે. તો પુન્યશાળીને તો અક્ષરધામ પમાડે તેમાં કહેવું જ શું ?

પછી મોનહલાલ શેઠે શ્રીહરિનું પૂજન કરી, હારો પહેરાવી, કિંમતી વસ્ત્રો તથા રૂપિયાનો થાળ ભેટ ધરી આરતી કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી શેઠે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું કે હે પ્રભો ! હું આપનો જ દાસ છું. સર્વ પદાર્થોથી સમૃદ્ધિવાળું આ ઘર આપનું જ છે. માટે આપ આમ માર ઘેર વારંવાર પધારવા કૃપા કરશો તથા અંત સમયે મને આપનું દર્શન આપશો, અને મારા કરેલા અપરાધો માફ કરજો અને મારા યોગ્ય સેવા પોતાનો માની અવશ્ય કહેશો. પછી બ્રહ્મચારી, સંતો, પાર્ષદોની પણ પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. પછી શ્રીહરિએ મોહનલાલ શેઠને કહ્યું કે હવે આરતીનો સમય થઈ ગયો છે. તેથી અમો જઈશું. ત્યારે મોહનલાલ શેઠ બોલ્યા કે હે પ્રભો ! મારા મંગળ માટે આરતી અને નારાયણ ધૂન્ય અહીંયા મંડપમાં જ કરો. શેઠની વિનંતીથી શ્રીહરિએ સંતો તથા હરિભક્તો સાથે મંડપમાં જ આરતી તથા નારાયણધૂન્ય કર્યા. પછી સંતો પાસે ઘણી વાર કીર્તનો ગવરાયા. પછી શેઠને આશીર્વાદ આપતાં તેમની



Final



પ્રશંસા કરીને ત્યાંથી ઊઠ્યા. મંડપથી બહાર સારથીએ રથ તૈયાર રાખ્યો હતો તેમાં બેસી નવાવાસમાં આવ્યા. ત્યાં સારથીને પાઘ અને દુપટ્ટો આપ્યાં. પછી ત્યાં સભામાં આવેલા પંડિતો સાથે ઘણી વાર સુધી પ્રશ્નોત્તર કરી સભા વિસર્જન કરી પોઢી ગયા.

### ● શ્રીહરિ બાપાલાલના યજ્ઞમાં પધાર્યા

પ્રભાતે ઊઠી નિત્યવિધિ કરી લીંબડા નીચે વેદિકા ઉપર બિરાજ્યા. શાહપુરમાં રહેતા ભગવાનદાસે આવી શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું કે હે પ્રભો ! સંતો સહિત આપ મારા ઘેર જમવા પધારો. આપને માટે બ્રહ્મચારીજી રસોઈ બનાવશે અને સંતો વગેરે માટે વૈષ્ણવ બ્રાહ્મણો પાસે રસોઈ બનાવરાવીશ. ત્યારે શ્રીહરિએ તેમની વિનંતી સ્વીકારી જમવા જવાની હા પાડી. પછી તે ઘેર જઈ જલદી રસોઈ બનાવરાવી શ્રીહરિને બોલાવવા આવ્યા. પછી શ્રીજી સંતોએ સહિત જમી રહ્યા પછી ભગવાનદાસે શ્રીહરિની તથા સંતોની પૂજા કરી પછી શ્રીહરિ નવાવાસમાં આવી સભામાં બિરાજ્યા. ત્યાં પુરુષોત્તમ નામના સોનીએ આવી શ્રીહરિને વિનંતી કરીને કહ્યું કે હે પ્રભો ! આવતી કાલે સંતો સહિત આપ મારે ત્યાં જમવા પધારવા કૃપા કરો. હું સારા પવિત્ર વૈષ્ણવ બ્રાહ્મણ પાસે રસોઈ બનાવરાવીશ. ત્યારે શ્રીહરિએ તેમને ત્યાં જમવા જવાની હા પાડી. તેજ સમયે બાપાલાલભાઈ નામના બ્રાહ્મણ મહારુદ્ર યજ્ઞ કરતા હતા. તેમણે શ્રીહરિને યજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપવા પોતાના પંડિત બ્રાહ્મણોને મોકલ્યા. તેમણે આવી શ્રીહરિને નમસ્કાર કરી વિનંતિ પૂર્વક કહ્યું કે હે પ્રભો ! સાંકડી શેરીમાં બાપાલાલ નામના પંડિત બ્રાહ્મણ છે. તેમણે મહારૂદ્ર યજ્ઞ કરવાનો આરંભ કરેલો છે. તે યજ્ઞમાં ઘણા દેશના પંડિત બ્રાહ્મણો આવેલા છે, માટે આપને પણ તે યજ્ઞમાં પધારવા આમંત્રણ આપવા તેમણે અમને મોકલ્યા છે. હે શ્રીહરે ! આપના આવવાથી અમારો તે યજ્ઞ સફળ થશે. માટે અમારા ઉપર કૃપા કરી

અમારી પ્રાર્થના સ્વીકારી આપ ત્યાં પધારો. શ્રીહરિએ તેમને કહ્યું જે અમો કાલે ત્યાં આવીશું. એટલે તે બ્રાહ્મણો શ્રીજીને નમસ્કાર કરી પોતાને ત્યાં જઈ યજમાનને બનેલી બધી વાત કરી.

બીજા દિવસે બપોરે પુરુષોત્તમ સોનીને ત્યાં સંતો સહિત જમી, તેમની પૂજા સ્વીકારી શ્રીહરિ માણકી ઘોડી ઉપર બેસી ત્યાંથી સંતો સત્સંગીઓએ સહિત જ્યાં બાપાલાલનો યજ્ઞ થતો હતો ત્યાં પધાર્યા. ઘોડી ઉપરથી ઉતરી શ્રીહરિ યજ્ઞશાળામાં પધાર્યા. બધા બ્રાહ્મણો સામે આવ્યા. અને શ્રીહરિનો સત્કાર કરી કહ્યું કે હે પ્રભો આપના માટે તૈયાર રાખેલા આ આસન ઉપર આપ બિરાજો. સર્વાન્તર્યામી શ્રીહરિ તે બ્રાહ્મણોનું પોતાને મારી નાખવાનું કપટ જાણીને બોલ્યા કે હે ભુદેવો ! આપને યોગ્ય આ આસન ઉપર હું નહિ બેસુ. એમ કહી બધા બેઠા હતા ત્યાં બેસી ગયા. એટલે તે બ્રાહ્મણો મનમાં ઘણું પસ્તાયા, તો પણ ઉપરથી હાથ જોડી ને સામે ઊભા રહ્યા. પછી યજમાન બાપાલાલે ચંદન, પુષ્પથી પૂજા કરી વસ્ત્રો ભેટ આપ્યાં. યજમાન બાપાલાલ સહિત તે બધા બ્રાહ્મણો શ્રીહરિને મારી નાખવાના કપટમાં હતા પણ શ્રીહરિના પ્રભાવથી પરાભવ પામી તેઓ કાંઈ પણ કરી શક્યા નહિ. પછી શ્રીહરિએ અનાદિ સિદ્ધ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના ભેદ રૂપ ઉદ્ધવ (સ્વામિનારાયણ) સંપ્રદાયનો સિદ્ધાંત તે પંડિતોને સમજાવ્યો તેથી તેમાં કેટલાક જે સમજુ અને મુમુક્ષુ હતા તે સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરી સત્સંગી થયા.

● **શ્રીહરિના કહેવાથી રણછોડભાઈએ પોતાનું ઘર સંતોને રહેવા આપવાથી બ્રહ્મરાક્ષસ જતો રહ્યો**

પછી શ્રીહરિ તે યજ્ઞ સ્થળેથી પોતાના સેવકોએ સહિત ચાલ્યા. રસ્તામાં ગોવિંદભાઈ વાણિયાએ શ્રીહરિને પોતાના ઘેર પધરાવી પૂજા કરી ધન, આભૂષણની ભેટ ધરી. ત્યાંથી રણછોડભાઈએ પણ શ્રીહરિને પોતાના ઘેર પધરાવી પૂજા કરી ભેટ ધરી. પછી નાનાભાઈએ



Final



પણ શ્રીહરિને પોતાના ઘેર પધરાવી પૂજા કરી પછી નાના ભાઈએ શ્રીહરિને કહ્યું જે હે મહારાજ ! આ ઘરમાં બ્રહ્મરાક્ષસ રહે છે. તે ક્યારેક આ ઘરમાં મળમૂત્ર કરે છે. બીજી રીતે પણ આ ઘરમાં રહેનારને ઘણું દુઃખ આપે છે. ત્યારે શ્રીહરિએ નાનાભાઈને કહ્યું જે તમો આ ઘર સંતોને રહેવા આપો એટલે તેમાંથી બ્રહ્મરાક્ષસ જતો રહેશે. શ્રીહરિની આજ્ઞાથી તે ઘર નાનાભાઈએ સંતોને રહેવા માટે શ્રીકૃષ્ણાર્પણ આપી દીધું. એટલે તેમાંથી બ્રહ્મરાક્ષસ જતો રહ્યો. પછી રામાનંદ સ્વામીના સેવક અંબાબાએ પણ શ્રીહરિને પોતાના ઘેર પધરાવી ષોડશોપચારથી પૂજા કરી ઘણી સ્તુતિ કરી. પછી શ્રીહરિ શહેરની શોભા જોતા જોતા નવાવાસમાં પોતાના ઉતારે પધાર્યા.

● **શાસ્ત્રાર્થ માટે સંન્યાસીનું તેડું**

અસલાલી ગામમાં શ્રીહરિ સભા કરી બિરાજ્યા છે. બરાબર તે વખતે અમદાવાદમાં રહેતા શંકરાચાર્યના એક સંન્યાસીને તેના શિષ્યોએ તથા શ્રીહરિના વિરોધીઓએ મળીને કહ્યું કે સ્વામિનારાયણે આ શહેરમાં ઘણા દિવસો રોકાઈ પોતાનો ખૂબ પ્રભાવ જમાવ્યો પણ કોઈએ તેમની સાથે શાસ્ત્રાર્થ કર્યો નહિ તેથી તેમનો વિજય થયો તેમ લોકોએ માન્યું છે. તેઓ અહીંથી આજે જ ગયા છે. માટે હવે આપણે તેમને શાસ્ત્રાર્થ માટે પાછા બોલાવીએ અને તેઓ આજે જ ગયા છે એટલે પાછા નહિ આવે એટલે આપણે એવો પ્રચાર કરવો કે સ્વામિનારાયણને શાસ્ત્રાર્થ માટે બોલાવ્યા પણ બીકથી તેઓ પાછા આવ્યા નહિ, એટલે તેમની આબરૂ જશે. ઉપર પ્રમાણેની તે લોકોની વાત સાંભળી સંન્યાસીએ વિચાર્યા વિના સ્વામિનારાયણને પાછા બોલાવવા હા પાડી. એટલે તે લોકોએ શ્રીહરિને શ્રીનગર પાછા બોલાવવા માટે માણસો મોકલ્યા તે માણસોએ અસલાલીમાં જ્યાં શ્રીહરિ બિરાજ્યા હતા ત્યાં આવી શ્રીહરિને કહ્યું કે હે સ્વામિનારાયણ ! આપ અમદાવાદથી રવાના થયા તેની અમારા ગુરુ સંન્યાસીને ખબર

ન રહી. તેમને સભા કરી આપની સાથે શાસ્ત્રાર્થ કરવાનો હતો તે રહી ગયો. માટે શાસ્ત્રાર્થ કરવા આપને અમદાવાદ પાછા બોલાવવા અમને ખાસ મોકલ્યા છે. તો આપ સભામાં શાસ્ત્રાર્થ કરવા અમદાવાદ આજે અત્યારે અથવા કાલે સવારે પધારો. તે લોકોની વાત સાંભળી શ્રીહરિએ ત્યાં સભામાં બેઠેલા આગેવાન સંતોને પૂછ્યું કે આપણે તે સંન્યાસીના બોલાવવાથી અમદાવાદ પાછા જવું કે નહિ ? ત્યારે સંતોએ કહ્યું કે આપની ઈચ્છા પ્રમાણે કરો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે જો આપણે શ્રીનગર પાછા નહિ જઈએ તો તે લોકો અવળો અર્થ કરી આપણી નિંદા કરશે. માટે જવું તો ખરૂં. એમ નક્કી કરી તે માણસોને કહ્યું કે અમો સવારે વહેલા અમદાવાદ આવીશું. તો અમારા માટે તથા અમારા ભેળા ઘણા માણસો આવશે તેમના માટે ઉતારા વગેરેની સગવડતા તથા સભા માટેનું આયોજન તૈયાર કરી રાખજો. એમ કહી તેમને રવાના કર્યા. પછી પોતાના માણસોને સવારે વહેલા ચાલવાનું છે માટે તૈયાર થઈ રહેજો. એમ આજ્ઞા કરી. પછી ગંગાબાએ બનાવેલ થાળ જમી સભામાં આવી પોતાના સ્વરૂપનું રહસ્ય જ્ઞાન દરેકને સમજાવ્યું.

પછી થોડીવાર પોતે પોઢી ગયા. મધ્ય રાત્રીએ ઊઠી સ્નાનાદિ કરી સાધુ, પાર્ષદો, હરિભક્તોને સાથે લઈ બહુ મશાલો કરાવી તેના અજવાળે ચાલ્યા તે દિવસ ઊગ્યા પહેલાં શ્રીનગરના દરવાજે આવીને ઊભા રહ્યા. દરવાજો ઊઘાડ્યો ત્યારે શહેરમાં પધાર્યા ને તે સંન્યાસીના આશ્રમ તરફ ચાલ્યા. રસ્તામાં અમૃતલાલ નાગરે બંધાવેલા મહાદેવજીના મંદિર પાસે આવી ઊભા રહ્યા પછી અમદાવાદવાળા દામોદર પટેલ તે વખતે સાથે હતા તેમને કહ્યું કે તમો તે સંન્યાસી પાસે જઈ તેમને કહો કે તમારા બોલાવવાથી સ્વામિનારાયણ અસલાલીથી અહીં પાછા આવ્યા છે અને તેમની સાથે ઘણા જ માણસો છે. તો તેમના માટે તથા તેમના માણસો માટે ઉતારાની તથા



અમદાવાદનો મહિમા

જમવાની વ્યવસ્થા જલદી કરો. ત્યારે દામોદરભાઈએ તે સંન્યાસી પાસે જઈ શ્રીહરિએ કહેલા સમાચાર કહ્યા. તે સાંભળી તે સંન્યાસી ગભરાઈ ગયા ને કાંઈ બોલ્યા નહી. ઘણીવાર થઈ તો પણ દામોદરભાઈ કાંઈ પણ જવાબ લઈ પાછા આવ્યા નહિ એટલે શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા અને તે સંન્યાસીના મઠ આગળ આવીને તે સંન્યાસીના તથા દુર્જનોના મનને ગભરાવે તેવા ગંભીર અને ઊંચા સ્વરે બોલ્યા કે ક્યાં ગયા તે સંન્યાસી ? કેમ કાંઈ જવાબ આપતા નથી ? અમને બોલાયા છે તો સભાની વાત પછી પણ પ્રથમ ઉતારાની તથા જમવાની વ્યવસ્થા જલદી કેમ કરતા નથી ? સામે મળવા પણ આવતા નથી ને સંતાઈને કેમ બેસી રહ્યા છે ? શ્રીહરિનાં ઉપરોક્ત વચન સાંભળી તે સંન્યાસી વધારે ગભરાઈ ગયા. ચોઘડીયાં વાગતાં હતાં તે પણ બંધ થઈ ગયા. પછી તેણે પોતાના માણસ સાથે કહેવરાવ્યું કે અમારાથી ઉતારાની વ્યવસ્થા થઈ શકે તેમ નથી માટે આપ શ્રીનરનારાયણદેવના મંદિરમાં ઊતરો. ત્યારે શ્રીહરિએ કહ્યું ભલે અમે અમારા મંદિરમાં ઊતરીશું, પણ સીધું ત્યાં પહોંચતું કરજો. એમ કહી શ્રીહરિ પોતાના માણસો સાથે શ્રીનરનારાયણદેવના મંદિરમાં જઈ દેવનાં દર્શન કરી પોતાના ઉતારે પધાર્યા.

ત્યાં શહેરના કલેકટર (અંગ્રેજ સાહેબ)ને સમાચાર મલ્યા કે સ્વામિનારાયણ પાછા પધાર્યા છે તે સાંભળી તેમણે પોતાના ખાસ માણસ મોતીસિંહને પૂછ્યું કે સ્વામિનારાયણ કાલે તો રજા લઈને ગયા હતા અને આજે પાછા કેમ પધાર્યા ? ત્યારે તેમણે કહ્યું કે તેમને તો શંકરાચાર્યના સંન્યાસીએ સ્વામિનારાયણ સર્વત્ર ભગવાન થઈને પૂજાય છે તે સહન નહિ થવાથી તેમનું ઈશ્વરપણું ખંડન કરવા સભા કરી, તેમાં શાસ્ત્રાર્થ કરી તેમનો પરાજ્ય કરવા અહીં પાછા બોલાવ્યા છે. તે સાંભળી સાહેબ એકદમ ક્રોધ કરી બોલ્યા કે સ્વામિનારાયણ અહીંયા પંદર વીસ દિવસો રોકાયા હતા ત્યારે તે સંન્યાસી ક્યાં ગયા



Final

હતા ? ને તેમના ગયા બાદ પાછા બોલાવ્યા. એમ કહી સાહેબે પોતાના ઘોડે સ્વારોને તે સંન્યાસીના સેવક મુરંબીલાલ પાસે મોકલી કહેરાવ્યું કે તમોએ સ્વામિનારાયણને પાછા કેમ બોલાવ્યા છે ? ત્યારે તેઓ ગભરાયા અને બોલ્યા કે અમો તે અંગે સાહેબ પાસે આવીએ છીએ. પછી મુરંબીલાલ શેઠ હેમાભાઈને સાથે લઈને સાહેબ પાસે ગયા ને નમ્રતાપૂર્વક કહ્યું કે તેમને પાછા બોલાવ્યા તે અમારી ભૂલ થઈ છે, કારણ સ્વામિનારાયણને તો કોઈ પ્રકારે જીતી શકાય તેમ છે જ નહિ. માટે અમારી ભૂલ માફ કરો. ત્યારે સાહેબે કહ્યું કે તમો સ્વામિનારાયણ પાસે જઈ તેમની માફી માગો. તેઓ માફ કરશે તો અમને વાંધો નથી. પરંતુ ફરીથી આવી ભૂલો ન થાય તેનો ખ્યાલ રાખશો. પછી તેઓ શેઠ હેમાભાઈ વગેરે શહેરના આગેવાન નાગરીકોને સાથે લઈ મંદિરમાં શ્રીહરિ પાસે આવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલ્યા કે હે પ્રભો ! આપને શંકરાચાર્યના સંન્યાસીએ તથા આપના વિરોધીઓએ સભામાં શાસ્ત્રાર્થ કરવા વિચાર્યા વિના બોલાવ્યા તે તેમણે ભૂલ કરી છે. માટે આપ તો દયાળુ છો, મોટા છો. ઈશ્વર મૂર્તિ છો, માટે આપને મોટું પેટ રાખવું જોઈએ. આ બ્રહ્માંડમાં જેટલા પંડિતો હોય તે બધાજ ભેગા થઈને પણ શાસ્ત્રાર્થમાં અથવા બીજી કોઈ પણ રીતે આપનો પરાભવ કરી શકે તેમ નથી. તો આ સંન્યાસી તથા તેમને ખોટું શિખવનાર બીજા મૂર્ખ લોકો શી ગણત્રીમાં ? તે લોકોથી તો આપના એકેય પ્રશ્નનો ઉત્તર થઈ શકે તેમ નથી. માટે અમારો તથા તે સંન્યાસીનો અપરાધ ક્ષમા કરો. તેમની વિનંતી સાંભળી ક્ષમાસાગર, કરૂણામૂર્તિ શ્રીહરિ બોલ્યા કે અમારે તો એ વાતનું મનમાં કાંઈ નથી. પણ ફરીથી આવો ભૂલો કરતા પહેલા જરા વિચાર કરવો જેથી પછી પસ્તાવું ન પડે. હવે અમો સરકારને કહીશું એટલે તમને કોઈને કાંઈ હરકત નહિ કરે. એમ કહી તેમનો અપરાધ માફ કર્યો. તેઓ શ્રીહરિને નમસ્કાર કરી



Final



પસ્તાવો કરતા તે સંન્યાસી પાસે જઈ તેમને ઠપકો આપવાની સાથે બનેલી બધી વાત કરી. ત્યારે તે સંન્યાસીએ પણ શાંતિનો દમ ખેંચ્યો. પછી તે લોકો શહેરમાં દરેક ઠેકાણે કહેવા લાગ્યા કે સ્વામિનારાયણ તો કોઈ મહાન વિભૂતિ છે. તેમનો જે અપરાધ કરે છે તે દુઃખી થાય છે. તેમના જેવા દયાળુ અને ક્ષમાશીલ કોઈ જોયા નથી.

તે લોકોના ગયા બાદ ગંગાબાએ બનાવેલ થાળ શ્રીહરિ જમ્યા. પછી ભાલ (ભાસાણી) ભક્તે બનાવેલા શીરાપુરીનં ભોજન સંતોને પીરસીને ખૂબ જમાડ્યા. પછી સાંજના સમયે લીંબડાનાં વૃક્ષ નીચે વેદિકા ઉપરા આવીને બિરાજમાન થયા. સંત હરિભક્તો પણ આવી શ્રીહરિને નમસ્કાર કરી સભામાં બેઠા. બરાબર તેજ સમયે જુનાગઢથી સદ્‌ગુર બ્રહ્માનંદ સ્વામી પોતાના મંડળનાં સંતો સહિત અમદાવાદ આવ્યા. અને સભામાં બેઠેલા શ્રીહરિનાં દર્શન કર્યા. શ્રીહરિએ પણ સ્વામીને રાજી થઈ ભેટી પુષ્પના હારો પહેરાવ્યા. પછી શ્રીહરિએ કામ ક્રોધ લોભાદિ દોષો જીતવાથી થતા ફાયદા અને નહિ જીતનારને થતા નુકશાન બાબતની તથા બીજી કેટલીક ઉપદેશની તથા મહિમાની વાતો કરી. પછી સભા વિસર્જન કરી ઉઠીને શ્રીનરનારાયણદેવનાં દર્શન કરી ઉતારે જઈ પોઢી ગયા. સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી સ્નાનાદિ પોતાનું નિત્યકર્મ કરી સભામાં આવી સૌને દર્શન આપ્યા.

ઉપર પ્રમાણે શ્રીહરિ અમદાવાદમાં ત્રણ દિવસ રોકાઈ લોકાકર્ષક લીલાઓ કરી પોતાના ભક્તોને અપાર સુખ આપી ત્યાંથી ચાલવા તૈયાર થયા. સાથેના સૌ માણસોને પણ તૈયાર થઈ ચાલવાની આજ્ઞા કરી. પોતે ઘોડા ઉપર બેસી સંઘ સાથે ચાલ્યા. ત્યારે શહેરના હરિભક્તો વાજતે ગાજતે શ્રીહરિને વળાવવા ચાલ્યા. આસ્ટોડીયા દરવાજેથી શહેર બહાર નિસરી વળાવવા આવેલા શહેરના હરિભક્તોને પાછા વાળી પોતે અસલાલી ગામના માર્ગે ચાલ્યા. રસ્તામાં ભમરીયા કૂવે આવી ત્યાં હજામત કરાવી સ્નાન કરી શ્વેત વસ્ત્રો પહેરી અશ્વ ઉપર બેસી અસલાલી ગામ પધાર્યા.

● **અનેક સ્વરૂપે લીલા : એક સાથે થાળ જમ્યા**

આ વખતે શ્રીહરિ અમદાવાદમાં લગભગ ત્રણેક મહિના રોકાયા હતા એક દિવસ સભામાં શ્રીહરિ સત્સંગીઓ પાસેથી વિદાય માગી - ‘હે ભક્તો! અમે અહીંયાં બહુ દિવસ રોકાયા છીએ. ગુરુ પૂનમ, રક્ષાબંધન, જન્માષ્ટમી, જલઝીલણીના મોટા મોટા ઉત્સવ ઊજવ્યા છે. તો હવે અમને રજા આપો.’ એ વખતે સભામાં રેવાબાઈ નામે બ્રાહ્મણ બહેન બેઠાં હતાં એમણે પ્રાર્થના કરી - ‘હે મહારાજ ! મારા ઘેર જમવા પધારો.’ બીજા ભક્તોએ પણ સૂર પુરાવ્યો કે અમારે ઘેર જમવા પધારો. એ ભક્તોનાં નામ છે - હીરાચંદભાઈ ચોકસી, દામોદરભાઈ, બેચરભાઈ, લાલદાસ ગોરા, વગેરે અસંખ્ય ભક્તોએ વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ સૌને નવાઈ લાગે એવી વાત કરી. હે ભક્તો! આવતી કાલે તમે સૌ સંતો માટે અને અમારા માટે રસોઈ બનાવજો. અમે જમવા આવીશું. આ સાંભળીને બધા ભક્તો રાજી થયા.

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરીને સંતો સાથે ભક્તોને ઘેર જમવા પધાર્યા. એકસાથે એક જ સમયે વિવિધ સ્વરૂપે શ્રીહરિભક્તોના થાળ જમ્યા. **एकोऽपि सन् यो बहुधा विभाति** - એક હોવા છતાં બહુ સ્વરૂપે દેખાવું એ ભગવાનનું દિવ્ય ઐશ્વર્ય છે. સાંજના સમયે દરેક ભક્તો મંદિરમાં ભેગા થયા અને ચર્ચા કરવા લાગ્યા. મારે ઘેર જમવા પધાર્યા હતા. બીજો કહે - મારે ઘેર આવેલા. ત્રીજાએ કહ્યું, ચોથાએ કહ્યું, સત્સંગીઓને પરમ આશ્ચર્ય થયું છે. એક સાથે આટલા બધા ઘેર પ્રભુ કઈ રીતે જમ્યા ! શ્રીહરિની લીલા અલૌકિક છે. એ ધારે ત્યારે વિશ્વરૂપ ધારણ કરે, એ ઈચ્છે ત્યારે બહુરૂપે દેખાય અને ઈચ્છે ત્યારે અદૃશ્યરૂપ રહે અને એજ મૂર્તિરૂપે દર્શન આપે.

જેમ વૃંદાવનની લીલામાં શ્રીકૃષ્ણ ભગવાને જેટલી ગોપીઓ તેટલાં સ્વરૂપ ધારણ કર્યા હતાં, જેમ પંચાળામાં રાસલીલા વખતે



Final



જેટલા સંતો તેટલા સ્વરૂપ ધારણ કર્યા હતાં તે જ પ્રમાણે આજે મહારાજે જેટલા હરિભક્તોએ થાળ બનાવ્યા હતા તે સર્વેના ત્યાં અનેક સ્વરૂપ ધારણ કરીને હરિભક્તોના ભાવ પૂરા કર્યા.

● **બિંદુભાઈ દરબારે શ્રીહરિની ત્યાગ ભાવના જોઈ આશ્રિત થયા**

શ્રીહરિનો અદ્‌ભૂત પ્રતાપ સાંભળી શ્રીનગરના કર્કનામથી ઓળખાતા એક દરબારના પિતા બિંદુ પોતાના રસાલા સાથે શ્રીહરિ પાસે આવ્યા પ્રભુને બે હાથ જોડી નમસ્કાર કરી દર્શન કર્યા. સમયોચિત વ્યવહારમાર્ગને અનુસરતા શ્રીહરિએ તેમનું યોગ્ય સન્માન કરી આસન ઉપર બેસાડ્યા. ત્યાં શ્રીહરિની પાસે અખંડ સમાધિમાં રહેલા નારાયણદાસ સંતને જોઈ તે આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિની પૂજા કરી એક હજાર રૂપિયા તથા સોનામહોરો ભેટ મૂકી તથા પતાસાંના થાળો ભરીને મૂક્યા. શ્રીહરિએ તે બધું જ ધન તેમના દેખતાં જ દાનમાં આપી દીધું અને પતાસાં સભામાં વહેંચી દેવડાવ્યાં. શ્રીહરિની ઉદારતા, ત્યાગ ભાવના જોઈ દરબારને તેમને વિષે ઘણો જ ભાવ થયો. પછી શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ તેમને શ્રીહરિના મહિમાની તથા જ્ઞાનની વાતો કરી જે સાંભળી તે દરબારનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું. પછી તેમણે ઊભા થઈ શ્રીજીની સ્તુતિ કરતાં કહ્યું કે હે પ્રભો ! આજથી હું આપનો દાસ છું તો મારા ગુના માફ કરી મને આપને ચરણે રાખો અને મારા યોગ્ય જે કાંઈ કામ સેવા હોય તે અવશ્ય કહેશો. એમ કહી નમસ્કાર કરી પ્રભુના ગુણો ગાતા ગાતા પોતાના ઘેર ગયા.

● **શ્રીહરિએ દુર્લભરામ અને દયારામને સંન્યાસી કરી સેવામાં રાખ્યા**

ત્યારબાદ સાંજે સભામાં દુર્લભરામ અને દયારામ નામના બે બ્રાહ્મણોએ આવી તાંબાના પંચપાત્રમાં શ્રીહરિનાં ચરણ ધોઈ પૂજા

કરી. તુલસીની માંજરોના હારો, બાજુબંધ, કડાં પહેરાવી કપૂરની આરતી કરી. સ્તુતિ કરી સાષ્ટાંગ પ્રણામ કર્યા. ચરણોદકનું પાન કરી પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. આથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે બેય જણાની છાતીમાં તથા બીજાં અંગોમાં ચરણાર્વિંદ આપ્યાં. પ્રસાદીના હારો પહેરાવ્યા. (પાછળથી તે બેય બ્રાહ્મણો શ્રીહરિની સેવા કરવા માટે પૂર્ણાનંદ ને માધવાનંદ નામે સંન્યાસી બની શ્રીહરિની પાસે રહ્યા હતા) તે વખતે પણ સભામાં શ્રીહરિની ઈચ્છાથી ઘણા માણસોને સમાધિ થઈ ગઈ. જ્યારે તેઓ સમાધિમાંથી જાગ્યા ત્યારે તેમણે સમાધિમાં જે જે જોયું હતું તે કહ્યું જે સાંભળી સભામાં બેઠેલા બધા આશ્ચર્ય પામ્યા.

● **ભદ્રમાં આવેલા શ્વેત-કૃષ્ણ મંદિરના અંધ પૂજારીને દેખતો કર્યો**

એકવાર શ્રીહરિ વાજતે ગાજતે શ્રીનગર પધાર્યા અને બરકતરામની હવેલીમાં ઉતારો કર્યો હતો.

શ્રીનગરમાં એક દક્ષિણીઓનો મહોલ્લો છે. ત્યાં એક સુંદર શ્વેતકૃષ્ણનું મંદિર આવેલું છે. એ મંદિરના પૂજારી અને આશ્રિતો શ્રીહરિનો પ્રતાપ જોઈને આકર્ષાયા. એટલે ભગવાનને ભાવપૂર્વક ત્યાં પધારવાનું આમંત્રણ આપ્યું. સ્વામિનારાયણ ભગવાન એ શ્વેતકૃષ્ણના મંદિરે પધાર્યા. ત્યાંના પૂજારી પુષ્કરદાસજી પ્રજ્ઞાચક્ષુ હતા. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં શ્રીકૃષ્ણની પ્રેમથી સેવા કરતા અને એમ સમજતા કે હું તો ચર્મચક્ષુઓ વડે ભગવાનને દેખી શકતો નથી. પરંતુ તેઓ તો મને જરૂરથી દેખે છે.

સ્વામિનારાયણ ભગવાનને મળીને તે ગદ્‌ગદ્‌ થઈ ગયા. ભગવાનનો સત્કાર કર્યો. શ્રીહરિએ દેવનાં દર્શન કર્યાં. પૂજારી પુષ્કરદાસજીએ ભગવાનને આસન આપ્યું. ભાવથી ભગવાનનો સ્પર્શ કર્યો. સ્પર્શ કરતાની સાથે દિવ્ય અનુભૂતિ થઈ. ''ઓહો ! આવો



Final



સ્પર્શ તો ભગવાનનો જ હોય'' પૂજારી ફાવી ગયા. કારણ કે એમને ભૌતિક ચક્ષુ નથી તેથી કેવળ સ્પર્શ કરીને અંર્તચક્ષુ દ્વારા ભગવાનને ઓળખી ગયા. તેથી જ તો તેઓ પ્રજ્ઞાચક્ષુ કહેવાય છે. જેને જન્મજાત દૃષ્ટિ નથી હોતી તેમની છઠ્ઠી ઈન્દ્રિય સતેજ હોય છે. અને સાત્ત્વિક ભાવ સર્વોચ્ચ હોય એવા સુરદાસો ભગવાનને પોતાની છઠ્ઠી ઈન્દ્રિયથી ઓળખી લે છે. સ્વામિનારાયણ ભગવાન બોલ્યા - 'હે પૂજારીજી! તમને દૃષ્ટિ નથી કે શું ?' ''નહીં પ્રભુ ! હું દેખતો નથી.'' ભગવાને કહ્યું -''ઓરા આવો પૂજારીજી'' આજે જાણે પૂજારીનાં ભાગ્ય ઊઘડી ગયાં છે. ભગવાન સામેથી નજીક બોલાવે એનાથી વધુ કૃપા શું જોઈએ ? પૂજારીજી નજીક ગયા. પગે લાગ્યા.

શ્રીહરિએ એમના ઉપર કૃપા કરી - ''લાવો તમારી આંખો જોઉં. પૂજારીની આંખો સામે જોઈ રહ્યા.'' થોડીવાર પછી પ્રભુએ કહ્યું - ''હવે તમને જીવનભર બરાબર દેખાશે.'' પ્રભુની કૃપાથી પૂજારીજીને સુંદર દેખાવા માંડ્યું. 'કેવો અદ્‌ભુત પ્રતાપ !' ભગવાન કોઈકને અંતર્દષ્ટિ આપે છે તો કોઈકને બાહ્યદૃષ્ટિ આપે છે. અંતર્દષ્ટિથી જ ભગવાનને ઓળખી શકાય છે. પૂજારીજીમાં બન્ને દૃષ્ટિનો મેળાપ થયો. ભગવાનનો આ પ્રતાપ જોઈને દક્ષિણી પંડિતો પરમ આશ્ચર્ય પામ્યા. 'ઓહ.. ! કેવો પ્રતાપ ! આ તો સાક્ષાત્‌ પરમાત્મા છે. પછી તો પૂજારી સહિત સર્વે પંડિતો ભગવાનને પગે લાગ્યા. ભેટ અર્પણ કરી. સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી ઘીકાંટા પધાર્યા. ત્યાં મોદીની વાડીમાં ગૌરીશંકર મહાદેવજીનાં દર્શન કર્યાં.

ભગવાન દયાળુ છે. ભગવાન કૃપા કરે ત્યારે જ આ શરીર જુદાં જુદાં કર્મ કરે છે. ભગવાન ખોરાક પચાવે છે. એમની કૃપાથી સંભળાય છે. એમની કૃપાથી ચલાય છે. એમની કૃપાથી જ દેખાય છે. અને એમની કૃપાથી જ હૃદય રાત-દહાડો ધબક્યા કરે છે. એમની કૃપા તો અપરંપાર છે. જો એમની કૃપાનો સ્તોત્ર બંધ થઈ જાય તો

માણસ સૂનમૂન થઈ જાય, જડ બની જાય. ભગવાનની કૃપાની તો ત્યારે જ ખબર પડે કે જ્યારે આંખોની દૃષ્ટિ ઓછી થઈ જાય, હાથપગ નકામાં બની જાય, પરંતુ મુમુક્ષુ જીવ છે એમને સદાય પરમાત્માની કૃપાનો અનુભવ થાય છે. ભક્તજીવ ભગવાનને કર્તા-હર્તા માનીને ગાય કે -

મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય,
એમ મુને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી.

જે મનુષ્ય ભગવાનની કૃપાને ઓળખી નથી શકતો અને ભગવાનને જે કિંમતી માનવ-દેહ આપ્યો છે એની જેને મન કિંમત નથી એ તો કૃતઘ્ની છે. શ્વેતકૃષ્ણ મંદિરના પૂજારી પુષ્કરદાસજી કૃતઘ્ની નહોતા. ભગવાને દૃષ્ટિ આપી ત્યારથી એવો ગુણ આવી ગયો કે જ્યારે જ્યારે સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધારે ત્યારે પ્રભુની વાણી સાંભળવા આવતા. એટલું જ નહિ પરંતુ નરનારાયણદેવનાં દર્શન કરવાનું કોઈ દિવસ ચૂકતા નહિ. તેઓ જીવ્યા ત્યાં સુધી શ્રી નરનારાયણદેવના નિત્ય દર્શન કરવાનો નિયમ તેમણે પાળ્યા હતો. આ રીતે શ્રીનગરમાં દિવ્ય પ્રતાપ જણાવીને દસ દિવસ રોકાઈ પરમાત્મા જેતલપુર પધાર્યા. આજે પણ જામનગરના ઝવેરબાઈને ઘનશ્યામ મહારાજ દ્રષ્ટિ આપી જ છે ને ! આપણને મહારાજે સત્ શાસ્ત્રો રૂપી આંખ્યો આપી છે. તે વડે ભગવાનને ઓળખી લેવા.

● **અંગ્રેજ સરકારનું શ્રીહરિને આમંત્રણ :**

પછી બધાના ગયા બાદ સાહેબે સત્સંગીઓના આગેવાન નથુ ભટ્ટ, દામોદર પટેલ, હીરાચંદ ચોકસી, કુબેરસિંહ છડીદાર (પહેલાં તેઓ વૈષ્ણવના મહારાજના ચોપદાર હતા. સત્સંગી થયા બાદ તેઓ શ્રીહરિના ચોપદાર બન્યા હતા.) તથા લાલદાસ ગોરા વગેરેને બોલાવી સાહેબે કહ્યું જે, સ્વામિનારાયણને જલદી અહી બોલાવી



Final



લાવો. તેમને જરા પણ વાંધો નહિ આવે અમે બધો બંદોબસ્ત કર્યો છે. અને તેમને એમ કહેજો કે તમારા ક્ષત્રિય અને કાઠી સેવકોને સારા ઘોડા, સારાં સાજ (શણગાર) તથા સર્વ હથિયારો બંધાવીને સાથે લાવજો, સાથે તુપકદાર (બંદૂકધારી) પાળાઓને પણ લાવજો. પછી સાહેબે તે હરિભક્તોના કહેવાથી શ્રીહરિ ઉપર વિનંતી પૂર્વકનો આમંત્રણ પત્ર લખી આપ્યો. ત્યારે સત્સંગીઓએ કહ્યું જે આપના બે માણસો અમારી સાથે મોકલો તો સારું. ત્યારે સાહેબે રાજી થઈ પોતાના બે માણસોને સાથે મોકલ્યા. તે બધા ગઢપુરમાં શ્રીહરિ સંતો તથા હરિભક્તોની સભા મધ્યે બિરાજમાન હતા ત્યાં આવ્યા. ત્યારે સભાના દરવાજો ચોકી કરતા કરીમ ભક્તે શ્રીહરિને ક્યું જે અમદાવાદના કુબેરસિંહ ચોપદાર વગેરે હરિભક્તો આવ્યા છે. ત્યારે મહારાજે કહ્યું જે પહેલાં ચોપદાર એકલાને બોલાવો. ત્યારે કુબેરસિંહ આવ્યા. તેમને શ્રીહરિએ શહેરના બધા સમાચાર પૂછ્યું. ત્યારે કુબેરસિંહે તે બધી વાત તથા સાહેબ સાથે જે વાતચીત થઈ હતી તે તમામ વાત કહી તથા એરણ સાહેબનો પત્ર પણ શ્રીહરિને આપ્યો અને કહ્યું જે આપને તેડવા અમને તથા તેમના ખાસ હજુરી બે માણસોને મોકલ્યા છે. તેમને આપના ઉપર ઘણોજ ભાવ છે. તેમણે ઘણાજ ભાવપૂર્વકના આગ્રહથી કહેવરાવ્યું છે કે આપ બધાજ સમાજ સાથે પધારો. માટે આપશ્રી હવે વહેલી તકે અમદાવાદમાં પધારી સાહેબના તથા બધા ભક્તોના મનોરથ પૂર્ણ કરવા કૃપા કરો. પછી શ્રીહરિએ સાહેબના માણસોને તથા હરિભક્તોને પોતાની પાસે બોલાવ્યા અને તેઓને કુશળ સમાચાર પૂછ્યા. બધી વાતચીત થઈ રહ્યા પછી સત્સંગીઓને તથા તે માણસોને સારી રીતે જમાડ્યા. પછી શ્રીહરિએ સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી (જેઓ તે દરમિયાન અમદાવાદથી ગઢડા આવી ગયા હતા.) આદિ સંતો હરિભક્તોને અમદાવાદથી આવેલ પત્ર વંચાવીને કહ્યું જે આપણને સરકાર

અમદાવાદ તેડાવે છે. તેથી અમદાવાદ જવું છે. માટે દરેક સંતોએ તૈયાર થવું. દરેક ઘોડાવાળાઓએ ઘોડાનો દરેક સાજ સારી રીતે સજીને તૈયાર થવું. તથા દરેક દેશમાં કંકોત્રી લખીને અસવાર મોકલો કે શ્રીહરિને સરકારે અમદાવાદ તેડાવ્યા છે. માટે દરેક અસવાર તૈયાર થઈને આવજો. અને જેની પાસે ભારે પલાણ (સાજ) ન હોય તેને અમે રૂપિયા ખર્ચીને કરાવી આપીશું. કંકોત્રી મલ્યા પછી ઘણા કાઠી તથા ગરાસીયા રાજાઓ પોતાપોતાના ઘોડાઓને સારી રીતે શણગારીને તથા બખ્તર, ઢાલો, તલવારો વગેરે હથિયારો ધારીને આવ્યા. શ્રીહરિએ તે દરેકનો યથાયોગ્ય સત્કાર કર્યો. ભગુજીને કહીને દોઢસો પાર્ષદો તૈયાર કરાવ્યા. તથા મારવાડમાં ચાલતા દુષ્કાળને લીધે સ્થળાંતર કરી આવેલા મારવાડી શુરવીરોને લેખદાર તરીકે રાખ્યા, અને તેનો પગાર નક્કી કરે તેમને અછતના સમયમાં રોજગારી પૂરી પાડી. દરેકની પરીક્ષા પણ કરી લીધી જેથી શહેરમાં હરકત ઊભી ન થાય.

● **અંગ્રેજ સાહેબે શ્રીહરિને અમદાવાદ તેડવા કાગળ મોકલ્યો**

ને પછી વળતે દિવસે ચાલ્યા તે ફરતા ફરતા ગઢપુર પધાર્યા ને ગાજતે વાજતે દાદા ખાચરના દરબારમાં પધાર્યા ને વળતે દિવસે સભામાં સહુ સંત આગળ અમદાવાદના સાહેબની વાત કરી કે "સાહેબને અમારા ઉપર બહુ હેત તેથી તેણે મંદિર કરવા સારુ ગામ વચાળે જગ્યા આપી ને તેનો લેખ કરી દીધો ને તે જગ્યામાં હજારો ભૂત રહેતાં તેને અમે બદરિકાશ્રમમાં મોકલી દીધાં" તે સાંભળીને સહુ સંત હરિજન રાજી થયાં ને જીવુબા આદિક બાઈઓ પણ રાજી થયાં ને બોલ્યા કે "હે મહારાજ ! ત્યાં મંદિર થાય તો તો બહુ સારું કારણ કે અમદાવાદ મોટું શહેર છે તેથી હજારો માણસો દર્શન કરે ને તેથી સત્સંગ પણ બહુ વધે" તે પછી થોડા દિવસ થયા ત્યાં તો અમદાવાદથી સાહેબનો કાગળ આવ્યો તે મહારાજે વાંચ્યો ને સર્વે



Final



સદ્ગુરુઓને વંચાવ્યો ને બોલ્યા કે "અમદાવાદમાં મંદિર કરવાનો સાહેબનો બહુ આગ્રહ છે તેથી કોને મંદિર કરવા મોકલવા ?" ત્યારે ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે "હે મહારાજ ! આનંદ સ્વામીને મોકલો" ત્યારે મહારાજે આનંદ સ્વામીને આજ્ઞા કરી કે "તમે તમારા મંડળે સહિત આજ બપોર પછી અમદાવાદ જવા ચાલજો" પછી મહારાજ થાળ જમ્યા ને આનંદ સ્વામીને તથા તેમના સાધુઓને જમાડ્યા ને ચાલવા ટાણે સ્વામી વગેરે સહુને મહારાજ મળ્યા પછી સ્વામી ચાલ્યા ને પાંચમે દિવસે અમદાવાદ પહોંચ્યા પછી સાહેબને મળીને ખાત મુહૂર્ત જોવરાવી મંદિરનો પાયો ખોદાવીને પુરાવ્યો ને કામ ઝડપથી લેવા માંડ્યું.

● **અંગ્રેજ સાહેબના આમંત્રણથી શ્રીહરિ ગઢપુરથી અમદાવાદ જવા ચાલ્યા. ને સાહેબ તથા મેડમે સામા આવીને શ્રીહરિના ચરણારવિંદ ઝાલ્યા.**

બીજે દિને એ આમંત્રણ પત્ર, મહારાજે સભામાં વાંચી સંભળાવ્યો અને સર્વે મળીને અમદાવાદ જવાની તૈયારી કરીને કુબેરસિંહજીને 'અમો જરૂર આવીશું ?' એમ કહીને એમને જ આગળ મોકલ્યા. પછી પોતે સંત પાર્ષદ સહ ગઢડાથી ચાલ્યા તે સુંદરિયાણા થઈને ભેંસજાળ વાગડ, તાવી, દેવળિયા આવીને રાત્રી રહ્યા. ત્યાં દેવળિયામાં અપૂર્વ લીલા કરીને, ત્યાંથી ચાલ્યા ને અમદાવાદ નજીક આવ્યા. સાહેબને પ્રથમથી ખબર થઈ હોવાથી પોતે હિંદુઓના શાસ્ત્રીઓને બોલાવીને પૂછ્યું કે, તમારા શાસ્ત્રમાં મોટા પુરુષની સન્મુખ જવામાં કેટલું ફળ કહ્યું છે ? ત્યારે શાસ્ત્રીઓએ કહ્યું કે, 'મહાપુરુષને સન્મુખ જવામાં ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે.' આ વાત સાંભળીને સાહેબે કુબેરસિંહજીને કહ્યું કે, 'તમારા સ્વામિનારાયણ એક ગાઉ છેટા હોય ત્યારે મને ખબર આપજો, કેમ કે મારે સન્મુખ જવું છે.' પછી કુબેરસિંહે મહારાજને એક ગાઉ છેટે

ઊભા રાખીને સાહેબને ખબર આપવાથી પોતે તથા તેમના મેડમ સામા ગયા તેમને આવતા જોઈને, મહારાજે સંતોને કહ્યું કે, 'ઉપવાસ કરવો પડશે, મોટે છેટા રહો' એટલે સંતો છેટા જઈને ઊભા રહ્યા. મેડમ અને સાહેબ બન્ને એક ડાબે અને એક જમણે ચરણારવિંદે પગે લાગ્યાં તે ઘણી વાર સુધી મૂકે નહિ પછી મહારાજે પરાણે મૂકાવ્યાં ત્યારે સન્મુખ હાથ જોડીને ઊભા રહેતાં કુશળ સમાચાર પૂછ્યા આ સમયે મહારાજે શ્વેત વસ્ત્રો ધાર્યા હતા અંગમાં અલ્પ પણ ઘરેણું પહેરેલું ન હતું. જ્યારે ડભાણના યજ્ઞમાં સાહેબે દર્શન કરેલાં ત્યારે તો સર્વે જરીયાની વસ્ત્રો અને હજારો રૂપિયાના દાગીના પહેર્યા હતા. હાલમાં તો સાવ સાદા વેશમાં મહારાજનાં દર્શન કરતાં સાહેબે પૂછ્યું કે, 'તમારે દારિદ્રય કયું આવ્યું ?' ત્યારે મહારાજે કહ્યું કે, 'અમારે કંઈ પણ દારિદ્રય નહિ હે પરંતુ જે સમયે સેવક લોકો જેવાં વસ્ત્રો ઘરેણાં ધારણ કરાવે એવાં ધારીયે, ડભાણમાં તો યજ્ઞ મહોત્સવ હોવાથી સેવકોએ એવાં વસ્ત્રો ઘરેણાં ધરાવ્યાં હતાં, આ સમયે આવાં વસ્ત્રો સમયોચિત સાદાં છે.' આવું વચન સાંભળીને સાહેબ બહુજ રાજી થયા. પછી મહારાજે વાઘ થકી પોતાની રક્ષા કરી હતી તે બધી વાત સર્વ સંત હરિજનોને સાંભળતા કહી. પછી છેવટે તમે તો સાક્ષાત જગત્કર્તા પરમેશ્વર છો. તે તમોએ મારી ઘણી રક્ષા કરી હોવાથી હું તમારો ઋણી સેવક છું તમે કહો તો સાથે ચાલુ અને કહો તો પાછળ રહું આજ આપના દર્શન થવાથી મારા જન્મનું સાફલ્ય થયું છે.' વગેરે વિનય વચનો કહીને ટોપી ઉતારીને, સર્વસંતોને પણ પગે લાગીને મહારાજ સન્મુખ ઊભા રહ્યા. પછી મહારાજે કહ્યું કે, 'તમે આગળ જાવ અને અમે તો ધીમા ધીમા સહુને દર્શન દેતા હતા આવીશું.' એવું વચન સાંભળીને સાહેબ પગે લાગીને ચાલ્યા. તે સમયે મહારાજે ગુલાલના પુષ્પના હાર તથા ગુચ્છ બન્ને આપ્યા. તેને લઈને બહુ રાજી થઈ. આગળ ચાલ્યાં ગયાં અને મહારાજ તો સર્વ સમાજને



Final



દર્શન દેતા થકા સભા કરીને બિરાજમાન થયા. *(સદ્. શ્રીઅદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો વાર્તા-૧૪૯)*

- **એરણ સાહેબની વાઘ થકી રક્ષા કરતા શ્રીહરિ**

હે પ્રભુ ! હું હાથી ઉપર બેસીને જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યારે ત્યાં ભયંકર ગર્જના કરતા વાઘથી મારી રક્ષા કરી હતી. એ મારી સામે આવતો હતો. તેની સામે મેં તાકેલી બંદૂકની ગોળી નિષ્ફળ ગઈ પણ તમારી પ્રાર્થના સફળ થઈ. મેં પરમાત્માનું સ્મરણ કર્યું તો દિવ્ય સ્વરૂપે તમે જ મને હાથી ઉપરથી ઊંચકીને સીધો ઘેર મૂકી દીધો. માટે તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો ! હે આપત્તિમાં રક્ષા કરનારા પ્રભુ ! તમે મારા લાયક કાંઈ પણ કામકાજ હોય તો વિના સંકોચે મને સેવા કરવાની તક આપજો. ડભાણના યજ્ઞમાં જે ભગવાનનાં મેં દર્શન કરેલાંએ એ જ પ્રભુએ મને બચાવ્યો. એ રક્ષા કરનારી મૂર્તિ હૃદયમાં કાયમને માટે વસી ગઈ હતી. મારા મનમાં સંકલ્પ હતો કે હવે સ્વામિનારાયણને અમદાવાદ તેડાવવા છે. તે સંકલ્પ અત્યારે પરિપૂર્ણ થયો.

એમ કહીને ટોપી ઉતારીને શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યું. હે પ્રભુ! તમે તો ઈસુ ખ્રિસ્તના પણ આરાધ્ય દેવ છો, કારણ કે જ્યારે મને વાઘ મારવા આવ્યો ત્યારે મેં ઈસુ ખ્રિસ્તને ઘણી પ્રાર્થના કરી પણ તેમણે મારી રક્ષા ન કરી. અને તમે તો પ્રાર્થના કર્યા વગર જ મને ઉગારી લીધો. માટે તમે ભગવાન છો. શ્રીહરિએ ગુલાબનો હાર અને પુષ્પ ગુચ્છ અંગ્રેજને આપ્યો. તેઓ બહુ રાજી થયા અને બોલ્યા - હે પ્રભુ ! હું તમારો ઋણી છું.

ડનલોપ સાહેબ બોલ્યા - 'સાક્ષાત્ પરમાત્મા અમને મળ્યા. અમારાં એવાં કયાં પુણ્ય હશે જેથી તમારો ભેટો થયો. આપ કૃપા કરીને મને કહો કે મારાં કયા પુણ્યે તમારો મેળાપ કરાવી દીધો ? ત્યારે શ્રીહરિએ તેમને ભરતખંડમાં મનુષ્ય જન્મની દુર્લભતા સમજાવી

અને સત્કાર્ય તથા સંત સેવાનું ફળ સમજાવ્યું અને કહ્યું કે,

તમે અનેક જન્મોથી ધર્મનાં કાર્યો કર્યાં છે. આ જન્મમાં પણ સંતોની સેવા કરો છો. પાપીઓને શિક્ષા કરો છો. એ બધા પુણ્યના પ્રતાપે તમને અમારાં દર્શન થયાં. અમારો મેળાપ થયો. આ સાંભળીને એરણ અને ડનલોપ સાહેબ તથા અન્ય અંગ્રેજ સાહેબોને સ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય થયો.

કાંકરિયા સરોવર ઉપર ઘટાટોપ આંબલીઓની ઝાડીમાં શ્રીહરિ અને અંગ્રેજો વચ્ચે આ રીતે બહુ વખત સુધી દિવ્ય સંવાદ થયો.

- **અંગ્રેજ સાહેબને શ્રીહરિ વિષે ખુદાપણાનો ભાવ થયો**

ત્યારે મહારાજે તેના દેશ વિલાયતની વાત કરવા માંડી તેમાં તે સાહેબની હવેલી પાસે લીંબડાના ઝાડ છે તે વાત કરી અને અંગ્રેજ સરકારની અગીયાર પેઢીની વાત કરી દીધી તે સાંભળીને તે સાહેબ બોલ્યા જે “હે મહારાજ ! તમે તો ખુદા છો ને આંહી બેઠા થકા સર્વને દેખો છો ને સર્વેના અંતર્યામી છો” એમ કહીને બહુ રાજી થયા પછી બોલ્યા જે “હે નારાયણ સ્વામી ! હવે આંહી અમારું રાજ્ય થયું છે તો ગામમાં પડતર જગ્યા છે ત્યાં તમારા એક બડા મંદિર કરાવો અમે તે જગ્યાનો લેખ કરી દઈએ” તે સાંભળી મહારાજે કહ્યું “તમે કેવી રીતનો લેખ કરી આપશો ?” ત્યારે સાહેબ કહે નવાણું વરસનો લેખ કરી આપશું” ત્યારે મહારાજ કહે “સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધીનો લેખ કરી આપો.” પછી સાહેબે તેવો લેખ કરીને મહારાજના હાથમાં દીધો પછી મહારાજને કહ્યું ‘હે નારાયણસ્વામી ! આ દેશમાં કોળી કાઠીનું બહુ બળ છે તે અમારું રાજ્ય ચાલશે કે નહિ ચાલે ?” ત્યારે મહારાજ કહે ‘આ હિંદુસ્તાન આખાનું રાજ્ય અમે તમને તુલસીને પાંદડે દીધું છે પણ તમે અમારા પાદરીની ખબર રાખજો” ત્યારે સાહેબ બોલ્યા ‘તમારા પાદરી તો અમારા આંખ માથા ઉપર છે’ એમ કહીને પછી મહારાજની પૂજા કરીને ફુલના હાર પહેરાવ્યા



Final



ને ગુલાબજળ છાંટ્યું ને હાથમાં ફૂલનો ગુચ્છ આપ્યો ને પોશાક ધરાવીને કપૂરની આરતી ઉતારી પછી સંતની સેવા કરીને તેમને ધોતીયાં ઓઢાડ્યાં ને સંતને તથા મહારાજને વિનય કરીને પગે લાગ્યા.

- **અંગ્રેજ સાહેબનો અમદાવાદમાં મંદિર કરવા માટે અંતરનો ભાવ**

ત્યારે સાહેબ બોલ્યા કે તમારા સેવકોનો ભાવ પૂરો કરો. અમારે પણ એટલો ભાવ છે કે મંદિર કરવા જગ્યા આપીએ. અને તમારું કોઈ નામ ન લે તેવો બંદોબસ્ત રાખીએ એટલા માટે જ આપને બોલાવ્યા છે. આપના મંદિરો કરાવવામાં ઘણાજ ગુણો હોય છે તે સાહેબ લોકો જાણે છે. કેટલાક મતમાં અવેરી થાય છે. આપનું મંદિર થાય તો તે બંધ થઈ જાય. માટે દેશોદેશમાં આપનાં મંદિરો કરો. કોઈથી ડરશો નહિ. જ્યાં જ્યાં અમારા સાહેબો છે. ત્યાં ત્યાં આપની બરદાસ્ત રાખશે. તમારું મંદિર થવાથી બીજાં મંદિરોવાળાની નિંદિત વાતો ઉઘાડી પડવાથી તે અનાચાર ઘટી જશે. આ ભરતખંડમાં યવન વિના બીજા જે છે તે તમામ વેદ, પુરાણના વિધિનિષેધ પ્રમાણે ચાલે છે. તે નિર્દોષ કહેવાય. યવનમાં પણ તેમનું હિત કરવા ઓલિયા થયા તેમણે કુરાન લખ્યું. તેમાં વચનમાં જે ચાલે તે સ્વર્ગમાં જાય. બીજા નરકમાં જાય છે. અમારા ઈષ્ટદેવ ઈશુખ્રિસ્ત છે. તેમણે તપે કરી ભગવાનને પ્રસન્ન કર્યા. ભગવાને કહ્યું તેમ તેમણે પુસ્તક (બાયબલ) લખ્યું. અમે તે પ્રમાણે વર્તીએ તો સુખી થઈએ. રવિવારે ભેગા થઈને ભગવાનનું સ્મરણ કરીએ છીએ. તે દિવસે વ્યવહારનું કામ કરતા નથી. પાદરી લોકો અમારા ગુરુ છે. તે અમારા બાળકોને અમારી રીત (ધર્મ) શીખવાડે છે. અને કિતાબો લખે છે. જેવો હોશિયાર હોય તેવો અધિકાર મળે, અધિકારનો આધાર વિદ્યા ને બુદ્ધિ છે પણ જાતિ નથી.

શ્રીહરિ કહે જેવી નીતિ, જે રાખે તેવું સુખ આ લોકમાં પામે છે. જુદા જુદા સમર્થ પુરુષો થયા. તેમણે દેશની રીત જોઈને નીતિ બાંધી છે. ભરતખંડ બધા દેશો કરતાં શ્રેષ્ઠ છે. તેમ અમારા શાસ્ત્રોમાં કહ્યું છે કારણ કે અહીંયા તીર્થ, યજ્ઞ, વ્રત, દેવપૂજા, વિપ્ર, સંત પ્રત્યે પૂજ્યબુદ્ધિ, ઈશ્વરની કથા, કીર્તન વગેરે થાય છે. ભગવાનમાં જોડાવું તે જ સાચી બુદ્ધિ છે. ભગવાનમાં જ બધા આશ્ચર્ય રહેલા છે. આકાશમાં કાંઈ પણ ન હોય તો પણ તેમના સંકલ્પથી ક્ષણવારમાં વાદળાં, ગાજવીજ, અને વરસાદ થવા લાગે છે. એમ અપાર આશ્ચર્યમય તેમની શક્તિ છે. બધા દેવોમાં જે સામર્થ્ય છે તે તેમનું છે. ભારતમાં ગ્રંથનો પ્રબન્ધ કરવા વ્યાસરૂપે ભગવાન પ્રગટ થયા. તેમણે વર્ણાશ્રમની વ્યવસ્થા કરી. વેદના અર્થો વિસ્તાર કર્યો. મહાભારત કર્યું, સત્તર પુરાણ કર્યા, પણ તેમાં ભગવાનની વાત મુખ્ય ન આવી તેથી વ્યાસજીને શાંતિ ન થઈ ત્યારે નારદજીની પ્રેરણાથી શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના અવતારોનાં ચરિત્રોથી તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી ભરપુર શ્રીમદ્ ભાગવત નામનું અઢારમું પુરાણ શુદ્ધ પરીક્ષિતનાં સંવાદથી કર્યું ત્યારે શાંતિ થઈ. એમ શ્રીહરિએ ઘણીજ વાતો સાહેબને કરી.

શ્રીહરિની વાતો સાંભળી સાહેબ રાજી થયા. પછી શ્રીહરિનું પૂજન કરી સુંદર કિંમતી શાલ ભેટમાં આપી. હાર પહેરાવી પાનબીડી આપી. પછી શ્રીહરિ સાહેબની રજા લઈ ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે સાહેબે શ્રીહરિને કહ્યું કે અહીંથી અમારી બદલી થઈ છે તેથી અમે હવે સુરત જઈશું. માટે આપ કૃપા કરી ત્યાં દર્શન દેવા પધારજો. આપના ઉપર અમારે ખૂબ ભાવ છે. કારણ આપ સાક્ષાત્ ભગવાન છો. માટે લોભવશ થઈને ક્યારેય અમારી મતિ પ્રજા ઉપર વિપરીત ન થાય તેવી કૃપા કરજો. શ્રીહરિ કહે સંગના યોગથી મતિમાં ફેર પડે છે. એવું સંગનું પ્રધાનપણું છે. જેને વિવેકરૂપી તંત્ર છે તેને તે



Final



સમજાય છે. કેટલીક વાત સંગથી પણ ફરતી નથી. પરંતુ જો તે દ્રઢ કરી રાખેલી હોય તો. એમ વાત કરી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા ત્યારે સાહેબ દરવાજા સુધી વળાવવા આવ્યા. પછી શ્રીહરિ પોતાના ભક્તો સાથે નવાવાસમાં પધાર્યા.

ઉપરોક્ત રીતે શ્રીહરિ શહેરમાં અનેક ચરિત્રો કરી તથા ચમત્કારો બતાવી ધાર્મિક જનતાને પોતા તરફ આકર્ષી પોતાના આશ્રિત બનાવી સંપ્રદાયનો પ્રચાર કરી લોકોને મોક્ષભાગી બનાવતા અને પોતાના ભક્તોની સેવા અંગીકાર કરી તેમને મોક્ષનો ઉપદેશ આપી અલૌકિક અલભ્ય લાભ આપતા થકા શ્રીનગરમાં દસ પંદર દિવસ રોકાઈ ને પછી ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે સત્સંગીઓએ પ્રાર્થના કરતાં કહ્યું કે હે પ્રભો ! ફરી જલદી અહી પધારી દર્શન દેવા કૃપા કરજો. પછી શ્રીહરિ પોતાની સાથેના સંતો પાર્ષદો વગેરેને સાથે લઈને ચાલ્યા ત્યારે શહેરના સત્સંગીઓ વાજતે ગાજતે વળાવવા ચાલ્યા. પુરના બીજા પણ અનેક માણસો વળાવવા સાથે ચાલ્યા. રાજબજારોમાં શ્રીહરિ પધાર્યા ત્યારે ગોખ, અગાસી, બારીઓમાં તથા રસ્તામાં અનેક માણસો દર્શન કરી પુષ્પોથી વધાવતા હતા. શ્રીહરિ પુરની બહાર પધાર્યા ત્યારે બધાને ત્યાં ઉભા રાખ્યા. વાજાંવાળાઓને યોગ્ય ઈનામો અપાવી રાજી કર્યા. બીજાઓને પ્રસાદી આપી પાછા વળવાની આજ્ઞા કરી. ત્યાંથી આગળ ચાલ્યા તે વટવા ગામ થઈ જેતલપુર પધાર્યા. ત્યાં વડ નીચે સભા કરી સૌને દર્શન આપી કૃતાર્થ કર્યા.

- **અમદાવાદમાં તમારું મંદિર કેમ નહિ ?**

અંગ્રેજ કલેકટરે પૂછ્યું કે - 'હે પ્રભુ ! મને એક વાતની શંકા થાય છે કે આ શહેરમાં હું ફરું છું અને જોઉં છું - કેટલાં બધાં હિન્દુ ધર્મનાં મંદિરો છે, મઠો છે, આશ્રમો છે. તમારા સત્સંગીઓ આ શહેરમાં ઘણા છે. છતાં અહીં તમારું મંદિર કે તમારો આશ્રમ કેમ ક્યાંય નથી ? આનું કારણ શું ?'

શ્રીજીમહારાજ કહે - 'આ અમદાવાદ શહેરમાં અમારી પાસે એક વેંત જેટલી પણ જમીન નથી. મંદિર ક્યાં કરીએ ? આશ્રમ ક્યાં ઊભો કરવો ? એક વેંત મૂકો એટલી પણ જમીન અમારી પાસે નથી. આ એક જ કારણ છે.'

કલેકટર કહે - 'જમીન હું આપું. તમે જ્યાં માંગો ત્યાં જમીન આપું. તમે કહેતા હો તો માણેકચોકમાં જમીન આપું. જેનાં મકાનો અને દુકાનો છે. એ સંપાદન કરીને તમને આપું.' સ્વામિનારાયણ ભગવાને કહ્યું - 'ના, કોઈના નિઃસાસાવાળી જમીન અમારે ન જોઈએ.' કારણ કે કાયદો જેના હાથમાં હોય એ મકાન સંપાદન કરે અને પછી સ્વામિનારાયણ ભગવાનને આપે. તો જે કાયમથી રહેતા હોય એ કેવા દુઃખી થાય ? પ્રભુ કહે - 'અમે નક્કી કરીને તમને કહીશું.'

શ્રીજીમહારાજ અંગ્રેજ અધિકારીને કહેવા લાગ્યા - 'જુઓ, આ અમારા સંતો છે એમને પહેરવા માટે આ શરીર ઉપર દેખાય છે એટલાં બે વસ્ત્ર તથા દિવસમાં એક વખત જમવા માટે ભિક્ષા માંગીને જમે છે. કીડી જેવા જીવોને પણ દૂભવતા નથી. દુર્જનનો પણ તિરસ્કાર કરતા નથી. એવા અમારા સંતો છે. આમનાં દર્શન કરીને ઘણા રાજી થાય છે અને ઘણાં મનમાં દુઃખી થાય છે.' કલેકટરે કહ્યું - 'તમારા સંતોને હું શહેરમાં ઘણીવાર ફરતા દેખું છું ત્યારે મને પણ ભાવ થાય છે. પણ હું શું કરું ? હું એ સંતો સાથે વાત કરી શકતો નથી. અમારી ભાષા એમને ફાવતી નથી.' એમની ભાષા અમને ફાવતી નથી. વ્યક્તિ જ્યારે ભાષાના માધ્યમથી બોલીને કે લખીને વાર્તાલાપ કરે ત્યારે બંને જણા એક જ ભાષા જાણતા-સમજતા હોય તે જરૂરી છે. નહિ તો પછી બંને જણ એક બીજાની અભિવ્યક્તિથી અજાણ રહે અથવા અનર્થ કરે. પણ જો બંને અંતરની ભાષાથી વાત કરતા હોય તો એકબીજાએ કશું બોલવાનું હોતુ નથી. માત્ર આંખો



Final



જ વાત કરી લેતી હોય છે. પ્રભુનાં દર્શન કરો ત્યારે અંતરથી પ્રભુ સાથે વાત-ચીત કરો. પ્રભુ શું કહેવા માંગે છે તે આપને જરૂર સમજાશે. એ વખતના ઈતિહાસમાં લખેલું છે કે અંગ્રેજ અધિકારીએ સ્વામિનારાયણ ભગવાનની સાથે વાતચીત કરવા માટે મોતીલાલ નામે એક નાગરને દુભાષીયા તરીકે રાખેલો. એ નાગર એ વખતે પણ અંગ્રેજી જાણતા હતા અને અંગ્રેજીમાં સમજાવતા હતા. અને અંગ્રેજ જે બોલે એ ગુજરાતીમાં સંભળાવે.

- **સંતોએ સાબરમતી નદીમાં ત્રણભક્તોની રક્ષા કરી.**

સંવત ૧૮૭૬ની સાલમાં શ્રીહરિ મોટા સંઘ સાથે દંઢાવ્યદેશમાં આદરજનો અન્નકૂટનો ઉત્સવ કરવા પધારેલા તે ઉત્સવ પૂર્ણ કરીને વિચરણ કરતા કરતા શ્રીહરિ મોટેરા ગામે પધાર્યા. ને શ્રીહરિએ પુરુષોત્તમ પટેલને હાર પહેરાવ્યા. પછી ત્યાંના ભક્તોએ ઘેર ઘેર પધરાવી પૂજા કરી ભેટો ધરી. પછી શ્રીહરિ નદીમાં સુંદર પાણી જોઈ બોલ્યા કે નદીએ જઈને નાહીએ, એમ કહી નદીમાં મોટો ઊંડો ધરો હતો ત્યાં સૌને સાથે લઈને ગયા. પાણી ઘણું ઊંડુ જોઈ શ્રીહરિ બોલ્યા કે જેને તરતાં ન આવડતું હોય તેમણે જ આ ધરામાં પડીને સ્નાન કરવું. બાકીનાઓએ કાંઠે બેસીને નહાવું. એમ આજ્ઞા અને બંદોબસ્ત કરી શ્રીહરિ ધરામાં સ્નાન કરવા લાગ્યા. (શ્રીહરિ સાથે સંતો-ભક્તો-દરબારોનો મોટો સંઘ હતો તેથી શ્રીહરિએ કહ્યું જેને તરતા આવડે તે જ ઘરામાં સ્નાન કરજો ન આવડે તેમણે કાંઠે બેસીને સ્નાન કરવું.) જેને તરતાં આવડતું હતું તે બધા શ્રીહરિ સાથે સ્નાન કરવા લાગ્યા. જળક્રિડા કરતા શ્રીહરિને પ્રસન્ન દેખીને સંતો કીર્તનો ગાવા લાગ્યા. એમ ચાર ઘડી સુધી સ્નાન કર્યું. સ્નાન કરતાં બરાબર તરતાં આવડતું ન હતું એવા ત્રણ જણા શેઠ કૃષ્ણજી, દાદાખાચર તથા જગન્નાથ વિપ્રને સંતોએ જળમાં ડૂબતાં બચાવ્યા. પછી શ્રીહરિ જળમાંથી બહાર આવી વસ્ત્ર પહેરી પુરમાં પધાર્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૧૮ તરંગ ૮૦)*

- **શ્રીહરિનો અમદાવાદમાં મંદિર કરવાનો સંકલ્પ**

શ્રીહરિ પશ્ચિમ પંચાળદેશમાં ફરી ગઢપુર પધાર્યા પછી એક દિવસ એકાંતમાં બેસી વિચાર કરવા લાગ્યા કે જે માટે હું પ્રગટ થયો છું. તે કાર્ય મેં કરી લીધું મે શુદ્ધ ભાગવત ધર્મ પૃથ્વી ઉપર સ્થાપન કર્યો. મનુષ્યોને આ લોક પરલોકમાં દુઃખ આપનારો કામ, ક્રોધ, લોભાદિ વંશે સહિત અધર્મનો નાશ કર્યો. તથા જીવાત્મા, પરમાત્મા સંબંધી વૈરાગ્યયુક્ત અનુભવજન્ય તથા શસ્ત્રજન્ય જ્ઞાન પ્રવરતાવ્યું તથા પરબ્રહ્મ એવો જે હું તે મારું સાકારપણું સિદ્ધ કરી, નિરાકારપણાનું ખંડન કર્યું. ઘણા ધર્મવૈરીઓને પણ પરાભવ કર્યો. આટલું કાર્ય કર્યું તો પણ પૃથ્વી ઉપરથી હું જ્યારે અંતર્ધાન થઈશ ત્યારે મારા બધા આશ્રિતો નિરાશ્રય બની જશે. મેં સ્થાપન કરેલો ભાગવત ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક પણ ગૌણ થઈ જશે. ભક્તિમાર્ગ પણ વૃદ્ધિ નહિ પામે. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિમાર્ગની તથા મારી ઉપાસનાની પ્રવૃત્તિ બરાબર શુદ્ધરૂપે ચાલુ રહે તે માટે તથા વર્તમાન તથા ભાવિ મારા ભક્તોના હિત માટે મારે નિશ્ચે કાંઈક કરવું જોઈએ જેથી ભક્તિમાર્ગ બરાબર ચાલુ રહે અને ભક્તોને સુખ થાય. શ્રીહરિએ એ એના ઉપાય તરીકે ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા, તેમાં (૧) પૃથ્વી ઉપર મોટાં મંદિરો કરાવી તેમાં પોતાના અવતારરૂપ ભગવત્સ્વરૂપોની તથા પોતાના સ્વરૂપોની સ્થાપના કરી. (૨) મુમુક્ષ જનોને દીક્ષા આપવા તથા ધર્મમાં વર્તાવવા માટે મારા ધર્મકુળમાં ગુરુપણું (આચાર્યપણું) સ્થાપન કરવું. (૩) પોતાના સંપ્રદાયનાં શાસ્ત્રો રચવાં રચાવવાં. ત્યાર પછીજ હું મારા ધામમાં જઈશ. આમ સંકલ્પો કર્યા.

- **મંદિર નિર્માણ માટે શ્રીહરિએ ભક્તજનોનો અભિપ્રાય લીધો**

શ્રીજીમહારાજે રાત્રે હરિભક્તોને બોલાવ્યા - 'બોલો શું કરીશું?' સત્સંગીઓ ખુશ થઈ ગયા - 'મંદિર કરીએ.' 'એમ ઉતાવળા ન થતા.'



Final



શ્રીજીમહારાજ કેવી દીર્ઘદૃષ્ટિ ધરાવે છે ! સ્વામિનારાયણ ભગવાનની વિચારસરણી અને તેમના સિદ્ધાંતો જોજો. પ્રભુ કહે - 'તમે બધા ગૃહસ્થો છો. આરંભે શૂરા થઈ જાવ છો. પણ તમે કોઈએ વિચાર કર્યો છે ? મંદિર બનાવવું બહુ સરળ છે, પરંતુ મંદિરને મંદિરની રીતે ચલાવવું બહુ કઠણ છે. મંદિર, એ કાંઈ વ્યવહારની પેઢી નથી. મંદિર કોઈ કારખાનું નથી. મંદિર સારુ ચાલે છે એમ ક્યારે કહેવાય કે મંદિરમાં ભજન થાય. મંદિરમાં ભક્તિ થાય. મંદિરમાં કથા-વાર્તા, ઉત્સવ, સત્સંગ આ કાર્યો સતત ચાલે. દેવપૂજન, આરાધના, નિયમ પ્રમાણે આરતી, નિયમ પ્રમાણે પૂજા, નિયમ પ્રમાણે ઉત્થાપન, સમય પ્રમાણે શયન થાય તો સમજવું કે મંદિર બહુ સુંદર ચાલે છે. મંદિર એ કોઈ પથ્થર કે ઈંટોની ઊભી કરેલી જડ ઈમારત નથી. મંદિર તો આધ્યાત્મિક સ્થળ છે. મંદિરમાં પ્રવેશ કરતાની સાથે, પ્રવેશ કરનારના હૃદયમાં શાંતિના ઓળા ઊતરવા જોઈએ. તો એ મંદિર સાચું. મંદિરમાં આવનારના મનના સંકલ્પ બંધ થવા જોઈએ. આવું ક્યારે બને ? કે જે મંદિરમાં અખંડ ભજન, અખંડ ભક્તિ, અખંડ કથા-વાર્તા, અખંડ માળા, અખંડ ધ્યાન, આવું ચાલ્યા જ કરે તો એ સ્થળ એવું દિવ્ય અને ચમત્કારી બની જાય કે પાપી માણસ આવે તો પણ પુણ્યશાળી બને, એને પોતાના પાપનો પશ્ચાત્તાપ થાય. આપણે આવું મંદિર કરવું છે. બોલો તૈયાર છો ?

હરિભક્તો કહે - 'મહારાજ ! એમાં અમારે શું કરવાનું ? અમે તો મંદિર થતું હોય તો અમારી સંપત્તિ ધરી દેવા તૈયાર છીએ.' સ્વામિનારાયણ ભગવાન કહે - 'હે ભક્તો ! મંદિર એકલી સંપત્તિથી બનતું નથી. મંદિર શ્રદ્ધાથી બને છે. મંદિરમાં જે કાંઈ આપો એ પૂરી શ્રદ્ધા સાથે અપાય, પ્રેમથી અપાય. પાંચ માણસ વચ્ચે આપણે કોઈને દબડાવીને, શરમાવીને એની પાસે દાન લઈએ તો એ દાનમાં શ્રદ્ધા નથી આવતી. શ્રદ્ધા તો સ્વયં અંદરથી ઉદ્ભવે છે. શ્રદ્ધા સાથે

એક રૂપિયાનું દાન લાખ રૂપિયાનું કામ કરી દે છે. વહાલા ભક્તો! સપંત્તિ તો તમારી શક્તિ પ્રમાણે આપજો, પણ તમે આ મંદિરમાં દર્શન, ભજન, કથા-વાર્તા માટે આવવા તૈયાર છો ? તો મંદિર કરીએ.'

હરિભક્તો કહે - 'હા મહારાજ, ચોક્કસ આવશું'. શ્રીજીમહારાજ કહે 'સારું, કરો તૈયારી. શોધો જમીન. કઈ જગ્યાએ મંદિર કરવું? સંતો તમે પણ બોલો. મંદિર ક્યાં કરવું સારું ? બધા અલગ અલગ વિસ્તારની વાતો કરવા લાગ્યા. પણ નવા વાસના હરિભક્તોને એમ થયું. મંદિર આપણી નજીકમાં હોય તો દર્શન, ભજન, ભક્તિનો ભારે આનંદ રહે.'

'મહારાજ ! અમારી એક વિનંતી છે. આ નવા વાસની આજુબાજુમાં જ જમીન છે. મૂળ તો એ જમીનનું નામ પાઠકવાડી છે. પણ પાઠક જ્ઞાતિના કોઈ બ્રાહ્મણો કે કોઈ પરિવાર અહીં ક્યાંય છે નહિ. કોઈ આવતા નથી. અને જમીનમાં જાળાં ને ઝાંખરાં અરે અંદર જતાં બીક લાકે એવી ઉજ્જડ જમીન છે.

બીજે દિવસે શ્રીહરિ એ જાળાં, ઝાંખરા અને ઉકરડા વાળી જમીન ઉપર પધાર્યા. સાથે સંત-હરિભક્તોનું વૃંદ હતું. તે સર્વેએ ત્યાં નારાયણ ધૂન્ય કરી પછી મહાપ્રભુ કહે- 'તમે જે વિચાર કર્યો છે એ અમને પણ ઠીક લાગે છે. આ જમીન સાત્ત્વિક દેખાય છે. ધરતીના ગુણ હોય છે. રાજસ, તામસ અને સાત્ત્વિક. ઘણા મકાનમાં કોઈ કુટુંબ રહેવા જાય પછી એમનામાં પરસ્પર પ્રેમ વધે. સદ્ભાવ વધે, સંપત્તિ વધે, આરોગ્ય વધે. અને ઘણાં મકાન એવાં હોય છે કે એમાં રહેવા જાઓ પછી ઝઘડા વધે, દુઃખ વધે, એ જમીનના ગુણ હોય છે.'

સ્વામિનારાયણ ભગવાન કહે - 'ભલે, આ ધરતી ઉજ્જડ દેખાય છે. અવાવરુ દેખાય છે. બીક લાગે એવી જણાય છે. પરંતુ આ ધરતી



Final



સાત્ત્વિક છે, પવિત્ર છે.' અત્યારે માણસને ભય ઉપજે તેવી આ જમીન દેખાય છે પણ જ્યારે અહીં મંદિર થશે અને દેવ બિરાજશે ત્યારે માનવ-દાનવ, ભૂતપ્રેત, સંત-જંત, રાજા-પ્રજા, સર્વેને સર્વ કોઈ રીતે સુખ-શાંતિ આપનાર થશે.

● **ક્યા દેવ પધરાવીશું ?**

સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં એકાંતમાં બિરાજતા હતા. પ્રભુએ સંકલ્પ કર્યો કે મોક્ષની પરંપરા અવિરત ચાલુ રહે, ભક્તિ ઉપાસના કાયમ જળવાઈ રહે તે માટે હવે અમદાવાદમાં મંદિર બનાવીશું. સંપ્રદાયમાં આ પહેલવહેલું મંદિર બનાવવાનું છે. એટલે એની બાંધણી કેવી હોવી જોઈએ? ક્યા દેવની એમાં સ્થાપના કરીશું? વગેરે બાબતોની સંતો અને ભક્તો સાથે ચર્ચા કરીશું.

આ સંકલ્પ કર્યો એના થોડા દિવસો થયા એવામાં અમદાવાદથી સત્સંગીઓ આવ્યા. કુબેરસિંહ, નથુ ભટ્ટ, હીરાચંદભાઈ ચોકસી, લાલદાસભાઈ ગોરા, આદિ હરિભક્તોએ અમદાવાદના કલેકટર ડનલોપ સાહેબનો પત્ર શ્રીહરિને આપ્યો અને કહ્યું - 'હે મહારાજ ! હવે અમદાવાદના સત્સંગીઓની તથા અંગ્રેજ સાહેબની ઈચ્છા છે કે તમે મંદિર બનાવો. હવે કોઈ જાતનો ભય રહ્યો નથી. તેથી કાર્યનો શુભારંભ કરો.' સાહેબનો પત્ર વાંચીને શ્રીહરિએ કહ્યું - 'હે ભક્તો! હવે થોડા સમયમાં જ અમદાવાદ મંદિરનું કામ શરૂ થશે. પરંતુ મંદિરમાં ક્યા દેવ પધરાવીશું એનું નક્કી કરી લઈએ. સર્વ પ્રથમ મંદિરમાં કયા દેવ પધરાવવા એની ચર્ચા કરવા સ્વામિનારાયણ ભગવાને સંતો અને ભક્તોની એક સભા બોલાવી, જેમનાં શુભનામ આ પ્રમાણે છે :

વાસુદેવાનંદ બ્રહ્મચારી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, મુકુંદાનંદ બ્રહ્મચારી, અખંડાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, અક્ષરાનંદ

સ્વામી આદિ સંતો તથા ભગુજી, વિરાજી, રતનજી, હસનજી વગેરે પાર્ષદો, માંચા ખાચર, સૂરા ખાચર, દાદા ખાચર, સોમલા ખાચર, મયારામ ભટ્ટ, મૂળજી તથા અમદાવાદના હરિભક્તો તથા જીવુબા, લાડુબા, આદિ બહેનો સંતો અને હરિભક્તોની સભામાં શ્રીહરિએ પૂછ્યું - 'હે સંતો ! હે ભક્તો ! આપણે કયા દેવ પધરાવીશું ?' સૌએ કહ્યું - 'આપની ઈચ્છા પ્રમાણે આપને જે દેવ યોગ્ય લાગે એ દેવની સ્થાપના કરજો.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે - 'શ્રી નરનારાયણદેવ ભરતખંડના રાજા છે અને ભરતખંડના મુખ્ય દેવ છે. તેથી અમારે શ્રી નરનારાયણદેવ પધરાવવા છે.'

શ્રીહરિએ કહ્યું કે હે ભક્તજનો ! તમોને જો રુચતું હોય તો તેમાં શ્રી નરનારાયણ પ્રભુની સ્થાપના કરીએ. કારણ કે અક્ષરધામાધિપતિ. સર્વે કર્તા, સર્વાવતારધર્તા, સર્વના નિયામક જે શ્રીહરિ છે. તેજ ભગવાન પુરુષોત્તમ ધર્મદેવ થકી મૂર્તિદેવીમાં આલોકમાં પ્રગટ થઈ બદરિકાશ્રમમાં લોકોનો કલ્યાણ માટે કલ્પ પર્યન્ત તપ કરે છે. તેથી ભારતીય પ્રજાને તે નરનારાયણદેવનું ભજન જ કલ્યાણ કરનારનું છે. (વળી આ બ્રહ્માંડ થયું તેમાં સૌથી પ્રથમ (આદિસતયુગમાં) શ્રીનગરમાં જે સાબરમતી નદી વહે છે તેના કિનારે ધર્મારણ્ય (ધર્મદેવના આશ્રમ)માં ધર્મદેવ થકી ભક્તિ દેવીમાં શ્રીનરનારાયણ દેવનો અવતાર થયો હતો. બ્રહ્માનો સવા પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી શ્રીનરનારાયણ ભગવાન હિમગિરિમાં રહી તપ કરી રહ્યા છે.) કાળ પણ કંપે તેવું આકરું તેમનું તપ છે. ત્યાર પછી આ ભરતખંડમાં ભગવાનના ઘણા જ અવતારો થયા, તેમણે નવા-ચરિત્રો કર્યા છે. તેથી અનેક જીવોનો ઉદ્ધાર થયો છે. માટે શ્રીનગરમાં જે મંદિર કરવાનું છે તેના મધ્યના મંદિરમાં શ્રીનરનારાયણ પ્રભુની સ્થાપના કરીશું. અને તેનાથી પશ્ચિમ તરફના મંદિરમાં ધર્મ ભક્તિ સહિત અમારી હરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરીશું અને પૂર્વ તરફના



Final



મંદિરમાં રાધાકૃષ્ણ દેવની સ્થાપના કરીશું. શ્રી નરનારાયણદેવને કોઈ નરનારી જાણતા નથી કે કેવા છે માટે અમારે તેમને પ્રસિદ્ધ કરવા છે. ભરતખંડના તે મુખ્ય દેવ છે છતાં કોઈ જાણતા નથી. તેમને અમારે ભરતખંડમાં સ્થાપવા છે. આવો અમારો દ્રઢ નિર્ધાર છે. શ્રીહરિની ઉપરોક્ત ઈચ્છા જાણી સર્વે સંત-હરિભક્તોએ કહ્યું જે હે પ્રભુ ! આપે જે નિર્ણય કર્યો છે તે બરાબર છે ને બધાની મરજી પણ તેમજ છે.

प्रतिष्ठां कस्य देवस्य करिष्यामो वयं बुधाः ।
उच्चतां मंदिरे तत्र स्व स्वधिया विचिंत्य च ॥

- **સવારીમાં ભાવ વિભોર થયેલા ભક્તોને જોઈ શેઠે સંપ્રદાયની પ્રશંસા કરી**

શ્રીજીમહારાજની અસ્વારી પસાર થઈ જાય એટલે તરત જ વેપારીઓ, બીજા માણસો, બજારમાં અનેક માણસો હોય તે સર્વે, પાછા સભાન થાય અને કારકુન પાસેથી શેઠ ચોપડો જોવા માટે હાથમાં લે. આ શું લખ્યું છે ચોપડામાં? સ્વામિનારાયણ આમાં ક્યાં પેઠા ચોપડામાં ? ભાઈ શું કરું, સ્વામિનારાયણ હૈયામાં પૈઠા ને હૈયામાંથી ચોપડામાં પેઠા. કાઢી નાંખ, શેઠે હુકમ કર્યો. શેઠ, ભલે લખેલું રહ્યું. જેના ચોપડામાં સ્વામિનારાયણ હોય એની હંમેશા ઉન્નતિ થાય. સમૃદ્ધિ ભરપૂર રહે કાયમ માટે, જમા પાસું વધતું જ જાય. માટે રહેવા દો શેઠ. તું સ્વામિનારાયણીયો લાગે છે ? ના, હજુ સુધી તો નથી પણ હવે પણ એમ થાય છે કે સ્વામિનારાયણની અસ્વારીની પાછળ પહોંચી જાઉં, અને સ્વામિનારાયણને વંદન કરું, નમસ્કાર કરું. એવો વિચાર તો આવે છે.

શેઠ બોલે છે તારી વાત તો સાવ સાચી છે. મને રસ્તામાં સ્વામિનારાયણની અસ્વારી સામી મળી. આવવા માટે રસ્તો નહોતો એટલે એક બાજુ ઓટલા ઉપર ઊભો રહ્યો. લગભગ એક કલાક

જેટલો સમય મારે પસાર થઈ ગયો. ઊભા રહેવું પડ્યું. એમના સાધુઓને તથા ભક્તોને જોયા. આપણા અમદાવાદના મોટા મોટા આગેવાનો હીરાચંદ ચોકસી, બેચર માણકીવાળા તેમજ છડીદાર કુબેરસિંહ, આવા આગેવાન શહેરના નામાંકિત માણસો, આ બધાય ભાવ વિભોર થઈને નૃત્ય કરતા હતા. ઉચ્ચ સ્વરે કરીને ધૂન્ય કીર્તન કરતા હતા. શ્રીહરિને રાજી કરવા સંત હરિભક્તો વાજિંત્રો લઈને કીર્તન-ભક્તિ કરતા હતા અને સવારીની સૌથી છેલ્લે શ્રીહરિનો જયઘોષ કરતી મહિલાવૃંદ હતું. સ્વામિનારાયણ શબ્દ અમદાવાદના દિગંતમાં વ્યાપી રહ્યો હતો. ભક્તજનો ભક્તિરસથી તરબોળ છે અને શહેરી જનો આ દૃશ્યનો આનંદ લેવા મકાનો, અગાશીઓ, ઝરૂખાઓ ઉપર ઊંચે ચડીને શ્રીહરિને નિરખે છે. કેટલાય સંતો રથમાં બેઠેલા. સ્વામિનારાયણ પોતે સુંદર રથમાં બેઠા હતા. જે કોઈ નમસ્કાર કરે એને સ્વામિનારાયણ ભગવાન હાથથી અભયદાન દેતા હતા. જોડે અને બેય બાજુથી મકાનોમાંથી પુષ્પની વૃષ્ટિ થાય, ચોખાની વૃષ્ટિ થાય. આ બધું જોયા પછી તને સાચું કહું, મારા મનમાં શાંતિ શાંતિ થઈ ગઈ છે. સાચું કહું તો શરૂઆતમાં હું જે વ્યવહારીક કામે નીકળેલો તે કામ આ અસવારીની ભીડમાં મોડું થવાથી મને મનમાં રીસ હતી. પછી મને થયું કે આ વ્યવહારિક કામો તો રોજ કરવાનાં જ છે. આ પ્રભુના આવાં દર્શન વારેઘડીએ થતાં નથી અને મને શ્રીહરિની મૂર્તિ જોઈને જ અંતરમાં શાંતિ પ્રર્વતી ગઈ છે.

લોકોનાં ટોળેટોળાં રસ્તામાં વાતો કરે છે : 'ભાઈ કહો કે ન કહો, ભલે આપણે માનીએ કે નહિ, પણ સ્વામિનારાયણ સંપ્રદાય જેવો બીજો કોઈ ચોખ્ખો સંપ્રદાય નથી. આપણા દેશમાં હજારો સંપ્રદાયો છે પણ વ્યક્તિગત ધર્મ, મર્યાદા, સ્વચ્છતા, આચાર, વ્યવહારની ચોખ્ખાઈ એ તો આ સંપ્રદાયની કોઈ અજોડ વ્યવસ્થા છે. આવો સંપ્રદાય તો આપણે ક્યાંય જોયો નથી.' તો વળી બીજો



Final



બોલવા માંડ્યો : 'અને સંપ્રદાયની તો ક્યાં વાત કરો છો.' સંપ્રદાયમાં તો વળી કોઈ જ્ઞાનની વાત હશે. પણ તો હું ક્યારનો જોઉં છું, ચારે બાજુ મારે તો ફરવાની ટેવ, આવા સાધુઓ મેં ક્યાંય જોયા નથી.

નેતાદશા સાધવશ્ચ દૃષ્ટ્વા ક્વાપિ શ્રુતાન વૈ ।

આવા સાધુઓ તો ક્યાંય જોયા નથી. કોઈ ગાળો દે તોય કાંઈ નહિ. એના પ્રત્યે ઊંચી આંખ ન કરે, પોતાને મારનાર કે પોતાનું અહિત કરનારને પણ હંમેશા આશીર્વાદ જ આપે કે ભગવાન તને સારી બુદ્ધિ આપે. કોઈ તિરસ્કાર કરે તો કહેશે કાંઈ નહીં ભગવાને એમને એવું શિખવાડ્યું હશે. કોઈના પ્રત્યે રાગ અને દ્વેષ નહિ, બધાના પ્રત્યે પ્રેમ. પોતાની સેવા કરનાર, પોતાના શિષ્યો, પોતાને ભિક્ષા આપનાર એ બધાને પોતાના અંગત ગણે અને તે સિવાયની પારકા-પરાયા ગણે તેવા આ સંતો નથી. તેમને તો બધાના પ્રત્યે સદ્ભાવ. બધાને ઘેર ભિક્ષા માંગવા જાય છે. ત્યારે તમે જે આપો એ લઈને ચાલ્યા જાય છે.

વળી ત્રીજો એ ચર્ચામાં બોલ્યો, સાધુ સુધી તો ઊંચા ક્યાં જાઓ છો ! એમના સત્સંગીઓને જોયા તમે ? આ સ્વામિનારાયણના જે ભક્તો છે એ આપણી જેમ વ્યવહારની જવાબદારીવાળા છે. ઘર કુટુંબવાળા છે. છતાં પણ જુઓ છો ને !

પરસ્ત્રી ધનત્યાગશ્ચ સત્ય વાચો જિતેન્દ્રિયા ।

સમાજ કરતાં એ જુદા પડી જાય છે. કોઈ દિવસે એ પારકા ધનની આશા રાખતા નથી. એ એમજ કહે છે કે કર્તાહર્તા સ્વામિનારાયણ ભગવાન છે. સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છા હશે એટલું મળશે. બાકી કોઈ દિવસે કોઈના ધનની આશા રાખતા નથી. અરે રસ્તામાં કોઈનું કાંઈ પડ્યું હોય તો પણ એ અડતા નથી, ભલે સોનાનો સિક્કો પડ્યો હોય. તો પણ શ્રી સ્વામિનારાયણના આશ્રિતો એની સામે લક્ષ જ નથી કરતા. પરસ્ત્રીનો સર્વથા ત્યાગ, પરધનનો

ત્યાગ, પછી તો એ સુખી થાય ને ! એ તો સ્વામિનારાયણની કૃપાનું ફળ છે. આ રીતે માણસો વાતો કરે છે.

શ્રીહરિની અસ્વારી રાયપુર દરવાજે થઈને શહેરમાં પ્રવેશી. રસ્તામાં અનેક દેવસ્થાનો આવ્યાં. તે દરેકનાં શ્રીહરિએ આદરપૂર્વક દર્શન કર્યા અને તેના પૂજારીઓને રાજી કર્યા. આગળ ચાલતાં ચાલતાં અસ્વારી એવા સ્થાન ઉપર આવી કે જ્યાં રહેનારા લોકોએ વર્ષો પહેલાં શ્રીહરિ અને સંતોનું અપમાન કરાવેલું. આ અસ્વારીમાં બંદૂકોના ભડાકા થતા હતા. હરિભક્તોએ પૂછ્યું - મહારાજ ! આ દ્વેષી લોકોના મકાન આગળ બંદૂકોના ભડાકા કરીએ ? ત્યારે અંગ્રેજ સરકારના ચોપદાર શોભાનસિંગે કહ્યું કે આ સત્સંગી શું પૂછે છે ? ત્યારે શ્રીહરિ કહે છે - એ તો પૂછે છે કે આ હવેલીઓ આગળ બંદૂકોના ધડાકા કરીએ? એવામાં જમાદાર બોલ્યો - તમ-તમારે જેટલા ધડાકા કરવા હોય એટલા કરો. કોની તાકાત છે કે તમને રોકે? તમે તો સરકારના આમંત્રિતો છો. એટલે કે સરકારી મહેમાન છો પછી તો તે હવેલી આગળ બંદૂકના પાંચ ભડાકા કર્યા. એટલે એ લોકો ખિજાયા. જમાદારે કહ્યું - 'શાંતિ રાખો. આ તો સરકારનો હુકમ છે એટલે બંદૂકો ફોડે છે.' ત્યાંથી શ્રીહરિ માણેકચોક આવ્યા. સ્વામિનારાયણ ભગવાનની આ અલૌકિક અસ્વારી, એનો ઠાઠ, એની શોભા, વાજિંત્રો, આટલા બધા સંતો, હજારો હરિભક્તો અને સેવામાં હાજરાહજૂર અંગ્રેજ સરકારના અધિકારીઓ, આવી અસ્વારીની શોભાથી શહેરના કેટલાક દ્વેષીઓ ઝાંખા પડી ગયા. શ્રીહરિનો દ્રોહ કરનારાનાં તો મોંઢાં સિવાઈ ગયાં.

- **શ્રીહરિ કહે ગામડાની અને શહેરની સંસ્કૃતિ જુદી હોય છે**

આ અસ્વારીમાં નાથા ખાચરની તલવાર ચોરાઈ ગઈ. ત્યારે શ્રીજીમહારાજે ઠપકો આપ્યો કે અમે ક્યારના કહીએ છીએ કે તમારી



Final



વસ્તુઓ બરાબર સાચવજો. તમારા ઘોડાઓ, હથિયારો, એના ઉપર સતત દેખરેખ રાખજો, નહિ તો ચોરાઈ જશે. આ તો અમદાવાદ શહેર છે. ગામડાં અને શહેરની સંસ્કૃતિમાં ફેર જ આ છે. ગામડાંમાં લોકો અન્યને આપીને રાજી થાય છે. જ્યારે શહેરના લોકો અન્યનું અણહક્કનું પડાવી લેવામાં રાજનીતિ સમજે છે. અબુધ અને અજ્ઞાની લોકો જમતાં પહેલાં અન્નદેવને નમસ્કાર કરી, ગાય-કૂતરાના રોટલા જુદા કાઢે, જ્યારે કહેવાતા વિદ્વાન, લુચ્ચા લોકો ગાય-કૂતરાના રોટલા ખાતાં પણ શરમાતા નથી ! તેથી તો શ્રીહરિએ અમદાવાદ શહેરને પણ તેની જૂની સંસ્કૃતિ ચાલુ રહે તે માટે મુખ્ય કેન્દ્ર બનાવી તેમાં સંપ્રદાયનું ગાદી પીઠ સ્થાન સ્થાપ્યું. નાથા ખાચર, તમારી તલવાર કેટલા રૂપિયાની હતી ? ભક્તે કહ્યું કે તલવારની મૂઠ સોનાની હતી. એટલે એકસો રૂપિયા કિંમત થાય. પ્રભુ બોલ્યા - કાંઈ નહિ. તમે તો રાજા છો, એટલે બીજી તલવાર મળી જશે. તલવાર ચોરનારો ભલે સુખી થાય. તમારા જેવા હોય તો જ ચોરને અન્નવસ્ત્ર મળેને ! એમ કહીને રમૂજ કરી. ત્યાંથી રતનપોળ થઈને શ્રીહરિ નવા વાસમાં પધાર્યા અને લીમડાના વૃક્ષ નીચે સભા કરી. પછી થાળ જમીને વિશ્રાંતિ લીધી.

- **ભૂમિદાન માટે નવાણું વર્ષ સુધીનો દસ્તાવેજ કરવા શ્રીહરિએ ના પાડીને સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધીનો કરી આપો**

હીરાચંદ ચોકસી, બેચરભાઈ તથા અન્ય બધા હરિભક્તો કુબેરસિંહ વગેરે ભક્તો શ્રીહરિની આજ્ઞાથી કચેરીમાં ગયા અને કહ્યું - 'અમે જમીન પસંદ કરી છે.' અને એનો લેખ દસ્તાવેજ કરી આપો. કલેકટરને એ વખતે નવ્વાણું વર્ષ સુધીનો દસ્તાવેજ આપવાની સત્તા હતી. વ્યવાહરિક દીર્ઘ દ્રષ્ટિ રાખીને શ્રીહરિએ તે અંગ્રેજ અમલદારને કહેવડાવ્યું કે અમારે આ જમીન ભાડેપટ્ટે રાખવી નથી. જો આપ

આ જમીન અમને ''યાવત્ચંદ્ર દિવા કરૌ'' એટલે કે સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધીના માલિકી હક્કના ધોરણે આપતા હો તો જ અમારે આ જમીન લેવી છે. નહિ તો નથી જોઈતી જમીન, નથી બાંધવું મંદિર.' સ્વામિનારાયણ ભગવાન વ્યાવહારિક બાબતમાં કાચું રાખવા માંગતા નથી. પહેલું કામ પાકું કરવું, પછી આગળ વધવું. આધારાનંદ સ્વામી નોંધે છે કે, શ્રીહરિએ કુબેરસિંહજીને કહ્યું કે, આ જમીનનો ખત-દસ્તાવેજ અમારા નામનો કરાવજો. અને ક્યારેય ફરે નહિ એવો કરાવજ્યો.

- **શ્રીહરિ સાહેબને કહે અમારે પ્રેમના પૈસાથી મંદિર ઉભું કરવું છે !**

આ કલેકટરને તો એટલી જ સત્તા હોય. એમણે એ વખતે એમના દેશ ઈંગ્લેન્ડમાં લખ્યું અને ત્યાંથી સ્પેશ્યલ પરવાનગી આપી અને પછી 'यावत् चन्द्र दिवाकरौ' તાંબાના પત્ર ઉપર લખાવ્યું. અને આવો દસ્તાવેજ કરીને કલેકટરે જાતે આવીને સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કર્યો. પછી શ્રીજીમહારાજને આ અંગ્રેજ કલેકટરે કહ્યું - 'હે પ્રભુ ! આ જમીન અર્પણ કરવામાં અમે તો નિમિત્ત છીએ. પણ એક બીજી વિનંતી છે - અહીં તમે મંદિર બનાવો, ભલે લાખો રૂપિયાનું બને, બધા જ પૈસા અંગ્રેજ સરકારની તિજોરીમાંથી આપીશું.' એ વખતે આપણે હોઈએ તો મન લલચાઈ જાય. પણ સ્વામિનારાયણ ભગવાન અંગ્રેજ અધિકારી - એન્ડ્રયુ ડનલોપને કહે છે કે - 'જુઓ સાહેબ, એ વાત નહિ. આ મંદિર આજે થવું હોય તો થાય કે સો વરસ પછી થાય પણ કોઈ રાજ્યસત્તાના પૈસા અમારે નથી જોઈતા. અમારે તો અમારા સત્સંગીઓના પૈસાથી મંદિર બનાવવું છે. અમારા સત્સંગીઓ પાસે ઓછા પૈસા હશે તો મંદિર પચાસ વર્ષ પછી બનશે એની અમારે ચિંતા નથી. અમારે પ્રેમના પૈસાથી મંદિર ઊભું કરવું છે. સત્તાની સંપત્તિથી મંદિર ઊભું નથી



Final



કરવું.' આવી ના પાડનાર કોણ મળે ? મંદિરના નામે પૈસા ઉઘરાવનાર ઠગ-ગુરુઓની કમી નથી ત્યારે માત્ર કલ્યાણના હેતુઓ માટે મંદિર બાંધવાની ભાવના સાંભળીને અંગ્રેજ અધિકારીઓ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. સ્વામિનારાયણ ભગવાને બાંધેલા મંદિરો એ લક્ષ્મીને કેદ કરવાની જેલો નથી પણ આત્યંતિક કલ્યાણની મંઝિલે પહોંચવા માટે શ્રમ-સંસ્કાર-સહયોગથી બાંધેલા પ્રભુ નિવાસ સ્થાનો છે. સ્વામિનારાયણ ભગવાનનાં મંતવ્યો એટલાં સચોટ છે કે શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં નવ મંદિરો બનાવ્યાં પણ કોઈ રાજા-મહારાજાના પૈસા લીધા જ નથી, પરંતુ સમર્પિત સત્સંગીઓના પૈસા લીધા અને કરકસર કરીને મંદિર બનાવ્યાં.

શ્રીજીમહારાજ અંગ્રેજ અધિકારીને કહે - 'તમારી સંપત્તિ અમે નહિ સ્વીકારીએ, તમે જમીન આપી એ ઘણું છે.' પાઠકવાડી સ્વામિનારાયણ ભગવાને લીધી. પસંદ કરી.

- **શ્રીહરિના રોઝા ઘોડાએ ખાતમુહૂર્ત કર્યું :**

શ્રી સ્વામિનારાયણ ભગવાન અશ્વ ઉપર બિરાજ્યા. સંતો અને પાર્ષદો પણ ચાલવા માટે તૈયાર થયા. અમદાવાદ મંદિર માટે જેટલી જમીન લેવાની હતી એટલી જમીન ઉપર શ્રીહરિએ ઘોડો ફેરવ્યો અને કહ્યું - 'આપણને આટલી જમીન જોઈએ છે.' પછી થોડીવાર ઘોડો ઊભો રાખ્યો અને ઘોડો ઊભો ઊભો જમીન ખોતરવા માંડ્યો. શ્રીહરિ બોલી ઊઠ્યા કે 'અમારી ઈચ્છાથી અમારા ઘોડાએ ખાતમુહૂર્ત કરી દીધું.' ('ઘોડાએ પગ વડે ખોતરીને ખાતમુહૂર્ત કર્યું એ તો જાણે શુભ સંકેત હતો. પરંતુ આ સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર બનવાનું હતું. તેનું ખાતમુહૂર્ત શ્રીહરિએ જમીન અંગ્રેજ પાસેથી લીધી ત્યારે વિ.સં. ૧૮૭૫માં સ્વહસ્તે કર્યું હતું.) હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. હવે તો તમારી વારમા વાર છે. એટલું કહીને શ્રીહરિ વહેલાલ તરફ ચાલ્યા. જેસીંગભાઈ શ્રીહરિને લેવા આવ્યા

હતા. જ્યારે શ્રીહરિ શહેરમાંથી નીકળ્યા ત્યારે હરિભક્તો પુષ્પની વૃષ્ટિ કરતા હતા. સેંકડો હરિભક્તો શ્રીહરિને વળાવવા માટે શહેરની ભાગોળ સુધી આવ્યા. તે સૌની ભાવભરી વિદાય લઈને શ્રીહરિ વહેલાલ પધાર્યા.

● **શ્રીહરિએ અંગ્રેજ સાહેબનું પૂર્વ વૃત્તાંત કહ્યું**

પછી બીજા સાહેબ બોલ્યા કે આપ અલ્લા છો. તો વિલાયતમાં અમારું સ્થળ ક્યાં છે ? અને કેવું છે તે ચિતરી બતાવો. ત્યારે શ્રીહરિએ કાગળમાં આખી વિલાયત ચિતરી તેમાં એરણ સાહેબનું ઘર ત્યાંના વૃક્ષો, ફળીયું, વગેરેનો આબેહૂબ નકશો ચિતર્યો. તે જોઈ તે બધા સાહેબો રાજી થયા. અને બોલ્યા કે આપ સાક્ષાત્ ખુદા છો.

પછી દુર્લભ (ડનલોપ) સાહેબ બોલ્યા કે આપ સાક્ષાત્ ભગવાન છો તો મારા એવાં શાં પૂન્ય હશે કે આપ સાક્ષાત્ મલ્યા. તે જેમ હોય તેમ કૃપા કરીને કહો. આપ સર્વજ્ઞ છો, ત્રિકાળજ્ઞ છો, તેથી આપનાથી કાંઈ અજાણ્યું નથી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે તમારી ભૂતકાળની વાત તો ઘણીજ લાંબી છે. પણ સંક્ષેપમાં કહું તે સાંભળો. તમારો યુરોપ નામે ખંડ છે તેમાં ગ્રીસ નામે દેશ છે. તે દેશમાં મધ્યમ વર્ગના કુટુંબમાં તમારો જન્મ થયેલો. તમારા માતા-પિતાએ સમયાનુસાર તમને વિદ્યાભ્યાસ કરાવેલો ત્યાંનો રાજા બળવાન હતો. તેણે બીજાં બધાં રાજ્યો જીતવાની તૈયારી કરી. તે રાજાએ તમોને હોંશિયાર માની લશ્કરના અમલદાર બનાવ્યા. એક વખતે કોઈ રાજા સાથે લડાઈ થઈ ત્યારે રાજાએ તમોને આજ્ઞા કરી કે સામા રાજાનું લશ્કર જ્યારે ઊંઘમાં હોય ત્યારે તેમની કતલ કરી નાખવી. રાજાનો આવો અન્યાયી, અત્યાચારી હુકમ સાંભળી તમને વિચાર આવ્યો કે આવું ભયંકર પાપ કરવા કરતાં નોકરી છોડવી સારી. એમ વિચારીને તમો નોકરીમાંથી રાજીનામું આપી છુટા થયા. પછી આયુષ્ય પુરૂં થતાં દેહ પડી ગયો.



Final



બીજા જન્મે તમો પૂર્વનાં કાંઈક પુણ્યે ભવિષ્યવેત્તા મોટા શાસ્ત્રી (જ્યોતિષી) થયા. તે વખતે જર્મન દેશના રાજાએ આખા યુરોપ ખંડના રાજાઓને તથા પંડિતોને ભેગા કર્યા. તેમાં તમો પણ ગયા હતા. ત્યાં તમોએ શાસ્ત્રાર્થ કરી સર્વ પંડિતોને જીતી લીધા, તેથી આખાયે યુરોપ ખંડમાં સૌથી મોટા પંડિત ગણાયા. આવી રીતે તે જન્મમાં પણ મોટું આયુષ્ય ભોગવી તમારો દેહ પડી ગયો.

ત્રીજે જન્મ ફ્રાંસમાં પાદરીને ત્યાં તમારો જન્મ થયો. ત્યાં પણ ઘણીજ વિદ્યા ભણી હોંશિયાર થયા ને બાયબલ વગેરે ઈસુખ્રિસ્ત ધર્મના ગ્રંથો ભણી ધર્મનો સારો બોધ કરવા લાગ્યા. ત્યાંના માણસો ઘણા પાપી, ક્રુર, અનીતિપરાયણ હતા ને શત્રુની ખોપરીમાં મદિરા પીવી તેમાં સ્વર્ગનું સુખ માનતા. આવા દુષ્ટ માણસોને ઉપદેશ આપી, અનીતિમાંથી અટકાવી ધર્મ તરફ વાળ્યા. ને દેશમાં સારો સુધારો કર્યો. દેવાલયો બંધાવ્યાં, વગેરે ઘણાં સત્કાર્યો કરાવ્યાં. એ રીતે સત્તાણું વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને તમો અવસાન પામ્યા.

ચોથે જન્મે અમીર કુટુંબમાં વિલાયતમાં તમારો જન્મ થયો. નાની અવસ્થામાં જ વિદ્યાભ્યાસ કરી રાજકારણમાં જોડાયા. તમો ઘણા હોશિયાર હતા તેથી લશ્કરના મુખ્ય સરદાર નિમાયા. પછી દેશ જીતવા અહીં હિંદુસ્તાનમાં તમોને વિલાયતના રાજ્ય તરફથી મોકલ્યા. અહી તમોએ ઘણી ખંત ને હોંશિયારીથી બંગાળા દેશ જીત્યો પછી સુરત વગેરે દેશો જીતીને પેશ્વા સરકારને હરાવી આ અમદાવાદ શહેર કબજે કહ્યું અને ઘણા વખતનું લોકોનું દુઃખ દૂર કર્યું. આ તમારું પૂર્વનું વૃત્તાંત. તે દરેક જન્મમાં તમોએ ધર્મનાં કામો કરેલાં તથા આ જન્મમાં પણ લોકોનાં દુઃખ મટાડ્યાં ને સાચા સંતોની સેવા કરી અને કરો છો. અધર્મીઓનો પરાભવ કરો છો. તે પુણ્યથી તમોને અમારાં દર્શન ને મેળાપ થયો છે. આ બધું સાંબળી દુર્લભ સાહેબ તથા બીજા ગોરા અમલદારો ઘણા રાજી થયા ને સર્વેને શ્રીહરિને વિષે ભગવાનપણાનો પાકો નિશ્ચય થયો.

- **સાહેબે શ્રીહરિને પૂછ્યું કે, 'આટલા બધા બાવા ભેગા બેઠા તે બાઝતા કેમ નથી ?'**

કારિયાણીથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા અને નવા વાસમાં ઉતર્યા. હીરાચંદ ચોકસીના ઘેર થાળ જમીને સંત પાર્ષદોને જમાડ્યા સાંજ સમયે સભા કરીને ઘણા માણસોને સમાધિ કરાવી, તે જોવા હજારો માણસો આવ્યાં. જાટ ગરાસિયા કુંબેરસિંહજી છડીદારે ખબર આપી. તેથી સાહેબો પણ પ્રભુના દર્શને આવ્યા. પ્રભુનાં દર્શન કરીને પાંચસો પરમહંસની સભા જોઈને દુર્લભ સાહેબે પૂછ્યું, 'આટલા બધા બાવા ભેગા બેઠા છે તે બાઝતા કેમ નથી ?'શ્રીજી કહે, "આ લોકમાં ત્રણ વસ્તુ માટે તકરાર હોય છે તે અમારા સાધુને અમે કાઢી નાખી છે." સાહેબ કહે, "ત્રણ વસ્તુ કજિયાનું મૂળ શું તે કહો." શ્રીજી કહે, "જર, જમીન અને જોરૂ, તે ત્રણ કજિયાના છોરૂ." ધન, સ્ત્રી અને જમીન એ ત્રણે તકરાર કરાવે છે. તે અમારા સાધુ ધન રાખે રખાવે નહી, ધનને અડે પણ નહિ, સ્ત્રી સાથે બોલે નહિ, સ્ત્રીને અડે નહિ. જમીન પણ અમારા સાધુને નથી. તે ત્રણ તકરાર અમારા સાધુને નથી તેથી શાન્તિથી પ્રભુ ભજન કરે છે." સાહેબ કહે, "ચોથો કજિયો સ્વભાવનો છે. કેમ કે બોલવામાં બાઝે, બેસવામાં બાઝે, પાણીનો છાંટો પડે તેથી બાઝે." પ્રભુ કહે સ્વભાવ મૂકાવવા માટે અમે કાયદા કર્યા છે જે ગાળ દે તે એક ઉપવાસ કરે, કોઈને માટે લોહી નીકળે, કે સોજો ચડે તો ચાર ઉપવાસ લાગઠ કરે. ત્યારે સાહેબ કહે, "ત્યારે તો ભજન કરે ખરા." *(શ્રી સ્વામિનારાયણ સંહિતા ચિંતામણી-૪૩)*

- **શ્રીહરિએ અમદાવાદ મંદિર કરવા માટે આનંદ સ્વામીની પસંદગી કરી**

પછી શ્રીહરિએ મુનિઓમાં શ્રેષ્ઠ અને બુદ્ધિવાળા સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને બોલાવી કહ્યું કે હે આનંદ સ્વામી ! આ



Final



કુબેરસિંહ વગેરે ભક્તો અમદાવાદમાં ભગવાનનું મંદિર બંધાવવા સારું અમને ત્યાં લઈ જવા આવ્યા છે પરંતુ અમારે હાલ અમદાવાદ જાવાનો અવકાશ નથી, કારણ મંદિર બંધાવવામાં ઘણો સમય લાગે, ત્યાં સુધી અમો ત્યાં રોકાઈએ તો બીજા દેશોમાં ફરી સત્સંગનો વિકાસ કરવાનું કાર્ય અટકી જાય. માટે હાલ તમો અમારી આજ્ઞાથી અમદાવાદ જાઓ. શ્રીનગરના સત્તાવાળાનો પણ અમે ત્યાં મંદિર કરાવીએ તેવો પાકો આગ્રહ છે, તેથી કોઈ વાંધો નથી. ગોવિંદાનંદ, જ્ઞાનાનંદ સ્વામી આદિ મુનિઓ તથા રતનજી આદિ પાર્ષદોને પણ તમારી સાથે લઈ જાઓ. અને ત્યાં અતિ સુંદર ત્રણ શિખરવાળું, સર્વોત્કૃષ્ટ, ખૂબ મજબૂત, શિલ્પ શાસ્ત્રાનુસારે મનોહર મંદિર બનાવરાવો. પરંતુ શ્રીનગર મોટું શહેર છે. દર્શન કરનાર ભક્તોની ભીડ કાયમ ઘણી થશે, જેથી કોઈ પડી જાય તો પણ હરકત ન થાય તથા વૃદ્ધને અશક્ત માણસોને દર્શન કરવા જવા આવવાનું સરલ બને માટે નીચે પરથારનું અને ખુલ્લા ઘુંમટનું મંદિર કરાવજો.

- **શ્રીહરિએ આનંદ સ્વામીની મદદમાં બ્રહ્માનંદ સ્વામીને અમદાવાદ જવા આજ્ઞા કરી**

ઉપર પ્રમાણે અમદાવાદમાં મંદિર કરાવવાની વાત ચાલી રહી હતી તે દરમિયાન શ્રીહરિએ શીઘ્ર કવિ, કવિ સમ્રાટ, સર્વકળાકુશળ, વ્યવહારાભિજ્ઞ, શ્રીહરિના પરમ સખા, હાસ્યરસની મૂર્તિ, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી ને બોલાવ્યા. તેઓ આવી શ્રીહરિનાં દર્શન કરી સભામાં બેઠા, ત્યારે શ્રીહરિએ સ્વામીને અમદાવાદમાં મંદિર કરવા બાબતની ઉપરોક્ત બધીજ વાત વિગતવાર કરીને કહ્યું કે તમો અને આનંદાનંદ સ્વામી બન્ને જણ અમદાવાદમાં ઉપર કહ્યા પ્રમાણેનું મંદિર કરાવવા માટે શ્રીનગર જાઓ. કારણ કે આપ શીલ્પ શાસ્ત્રોમાં ખૂબ પ્રવીણ છો અને બીજા વ્યવહારમાં પણ હોંશિયાર છો. તેમજ અમદાવાદ શહેરમાં સત્સંગની મોટા ભાગની અભિવૃદ્ધિ તમારા

વ્યક્તિત્વ તથા કવિત્વ તથા ઉપદેશ કરવાની છટા વગેરે ગુણો ને આભારી છે. તેથી શહેરના સત્સંગીયો, આગેવાન નાગરીકો, પંડિતો તથા અંગ્રેજ સરકારના તમામ અમલદારો વગેરેને તમારા ઉપર ઘણો જ ભાવ છે, તમોને ગુરુ માની પૂજ્યભાવ રાખે છે. માટે તમારા જવાથી મંદિરના કામમાં સરળતા થાય અને સંપ્રદાયનું પ્રથમ મોટું મંદિર બંધાવવાનું હોવાથી તેમાં જરા પણ ઉણપ ન રહે અને તે સારૂ સુશોભિત બને તે માટે તમો બન્ને ત્યાં જઈ જમીનના દસ્તાવેજ અંગેનું કામ પૂરું કરાવજો અને બીજી પણ યોગ્ય વ્યવસ્થા કરી. શુભ મુહૂર્ત જોવરાવી મંદિરના કામનો આરંભ કરાવજો. ખાતપૂજા તો અમોએ પહેલા કરેલ છે. અને અમો પણ જેમ બને તેમ જલદી મંદિરનું કામ જોવા માટે ત્યાં આવીશું. ઉપરોક્ત શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય ગણી બ્રહ્માનંદ સ્વામી પણ પોતાના મંડળના સંતો સાથે અમદાવાદ જવા તૈયાર થયા.

- **મંદિરના બાંધકામમાં ઈર્ષાળુ રઘુનાથદાસની આડોડાઈ ને ગુરુચરણતાનંદ સ્વામીએ સરળ બનાવ્યું**

મંદિરનું કામ ચાલતું હતું તે દરમિયાન રઘુનાથદાસે ઈર્ષ્યાથી ઈડરના રાજાને ખોટી રીતે સમજાવ્યો તેથી રાજાએ પથ્થરો લેવા જનારાઓને જણાવ્યું કે દાણ લીધા વિના હવે પથ્થરો નહિ લેવા દઈએ. તેથી હીરાચંદ શેઠ, દામોદરભાઈ તથા લાલદાસ ગોરા આદિ ભક્તોએ સ્વામી પાસે આવીને કહ્યું જે રઘુનાથદાસે ઈડરના રાજા ગંભીરસિંહને એવું સમજાવ્યું છે કે અમદાવાદમાં સ્વામિનારાયણ બહુ મોટું મંદિર કરે છે તેથી તમારી આખી ખાણના પથ્થર લઈ જશે. માટે પથ્થર ન લેવા દેશો અને કદાચ લેવા દો તો દાણ લઈને લેવા દેજો. માટે આપણે હવે તેનો ઉપાય કરવો જોઈએ. ત્યારે કુબેરસિંહે કહ્યું જે હું સાહેબને કહીને તેનો બંદોબસ્ત કરાવી દઈશ.



Final



ત્યારે સ્વામી કહે બહુ સારું પછી તે વાત તેમણે સાહેબને કહી. સાહેબે કહ્યું જે આવા નાના કામમાં હું કાંઈ કરી શકું નહિ. કારણ કે તે રાજા તો ઉદ્ધત છે. પણ તમો આ અંગે નારાયણસ્વામી (સ્વામિનારાયણ) પાસે જાઓ અને તેઓ કહે તેમ કરો. પછી ચોપદાર ગઢડે ગયા. ત્યાં શ્રીહરિને બધી વાત કરી. ત્યારે શ્રીજીએ શ્રીગુરુચરણરતાનંદ સ્વામીને કહ્યું જે તમો ઈડર જાઓ ને ત્યાંના રાજાને વર્તમાન ધરાવી સત્સંગી કરો જેથી આપણું કામ થાય. એ રાજા જ્યારે મહેલમાંથી નીચે ઉતરતો હોય ત્યારે તમારે તેનો હાથ એકદમ ઝાલીને તુંબડીમાં પાણી રાખ્યું હોય તેમાંથી પાણી લઈ વર્તમાન ધરાવી દેવાં તેથી તમારો પડઘો પડશે ને તમારી આગળ હાથ જોડશે. ત્યારે તમારે પથ્થરો બાબતની વાત કરવી. આ પ્રમાણે કહી સ્વામીને શ્રીહરિએ ઈડર મોકલ્યા. ત્યાં તેમણે શ્રીજીના કહેવા પ્રમાણે કર્યું. પછી સ્વામીએ રાજાને પંચવર્તમાન પાળવાનો ઉપદેશ આપ્યો. ત્યારે રાજાએ કહ્યું જે ચાર વર્તમાન તો પળાશે પણ રજબુતીયા શાક (માંસ)નું વર્તમાન નહિ પળાય. ત્યારે સ્વામી બોલ્યા જે તે તો ચાલશે કારણ કે અમે એમ જાણીશું જે તમે ગરુડ ભક્ત છો પણ ચાર તો અવશ્ય પાળજો. પછીથી સ્વામીએ પથ્થર માટે દાણની વાત કરી. ત્યારે રાજાએ કહ્યું જે તમારે જેટલા પથ્થર લઈ જવા હોય તેટલા લઈ જજો. આવી રીતે પથ્થર બાબતની હરકત શ્રીહરિએ કૃપા કરી દૂર કરાવી.

અમદાવાદમાં મંદિરનું બાંધકામ ધમધોકાર ચાલતું હતું. બ્રહ્માનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે દરેક સંત પાર્ષદ તન મનથી સેવા કરતા હતા. હરિભક્તો પણ પૂર્ણ ભાવથી તન, મન, અને ધનથી સેવા કરતા હતા. ઉત્સાહ માતો ન્હોતો. સંપ્રદાયમાં પહેલું મંદિર થતું હતું. નૃનાટ્યકારે કરવટ બદલી હતી. પોતાના અવતારકાર્યની પદ્ધતિને વળાંક (કાયમીરૂપ) આપવાનું નક્કી

કર્યું હતું ત્યારે ક્યો સંત કે હરિભક્ત ઉત્સાહ ન પામે ? સૌ કોઈ ખૂબ આનંદ અને રાજીપા સાથે યથાશક્તિ કામે લાગી ગયા હતા.

- **અમદાવાદમાં ભાઈ રામદાસજી સ્વામીએ રઘુનાથદાસ આગળ શ્રીહરિનો પક્ષ રાખ્યો**

એક સમયે સત્સંગ પ્રચાર માટે ભાઈ રામદાસ સ્વામીને શ્રીહરિએ અમદાવાદ જવા આજ્ઞા કરી. સ્વામીશ્રી અમદાવાદ ગયા ને સત્સંગીઓને મળ્યા અને સત્સંગ પ્રચારર્થે ત્યાં રોકાયા. તે સમયમાં રામાનંદ સ્વામીના શિષ્ય રઘુનાથદાસ સત્સંગમાંથી બહિષ્કૃત થઈને સત્સંગ અને શ્રીહરિથી વિરુદ્ધ પ્રચાર કરતા કરતા અમદાવાદ ગયા. ત્યાંના સત્સંગીઓને મળીને તેઓને અવળું સમજાવીને તેણે સત્સંગ વિરુધ્ધ પ્રચાર કર્યો. ગુરુભાઈના સંબંધથી રઘુનાથદાસ રામદાસજીને મળ્યો ને આદરભાવથી સ્વામીશ્રીને કહેવા લાગ્યો કે, "સત્સંગમાં આપણે બન્ને સર્વ પ્રકારે મોટા છીએ માટે આપણે બન્ને સાથે રહીને સત્સંગનું પોષણ કરીને સત્સંગનો વિકાસ કરીએ વળી, આ સહજાનંદ સ્વામી તમને ક્યારેય આદરભાવ આપશે નહી ને તેમણે જે રીતે મને સત્સંગમાંથી બહિષ્કૃત કર્યો છે એજ રીતે તમને પણ તેઓ સત્સંગમાંથી બહિષ્કૃત કરશે માટે તમારા હિત માટે હું કહું છું.

રઘુનાથદાસની વાત સાંભળીને ભાઈ રામદાસ સ્વામીએ તેને કહ્યું કે, આપણા ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ આપણને સર્વેને કહ્યું છે કે, 'આ સહજાંદ સ્વામીને તમે ગુરુ માનજો, ઈષ્ટદેવ માનજો અને જેવા ભાવ અને પ્રેમથી તમે મારી સેવા કરો છો એવા જ ભાવ અને પ્રેમથી આ સહજાનંદ સ્વામીની સેવા તમે સર્વે કરજો.'' વળી, સ્વામીએ વિશેષમાં કહ્યું છે કે મારી આ આજ્ઞા જે નહીં માને તે સત્સંગથી બહિષ્કૃત છે એમ માનજો. રામદાસ સ્વામીએ વિશેષમાં કહ્યું કે રઘુનાથદાસ ! સ્વામીએ આ પ્રકારની આજ્ઞા કરી ત્યારે તમે પણ હાજર હતા ખરુંને ? રામાનંદ સ્વામીની આજ્ઞાને શિરોમાન્ય



Final



રાખીને હું તો સહજાનંદ સ્વામીનો દાસ થઈને સત્સંગમાં રહ્યો છું અને રહેવાનો છું. સ્વામીશ્રીના વચનો સાંભળીને રઘુનાથદાસ ગુસ્સે ભરાયો અને રામદાસ સ્વામીનું અપમાન કરીને ચાલ્યો ગયો. *(સંત સુમન સ્રજ પેઈજ ૧-૨)*

- **મંદિરની સેવામાં જતા સંતો ઉપર શ્રીહરિનો રાજીપો**

પછી અમદાવાદમાં મંદિરની સેવા કરવા જવા જેટલા સંતો તૈયાર થયા તેમને બોલાવીને શ્રીહરિએ જાતે પીરસીને ખૂબ જમાડ્યા. પછી તે બધા સંતોએ ભેગા થઈને શ્રીહરિની પૂજા કરવા માટે કેસર, ચંદન, પુષ્પના હારો, બાજુબંધ, તોરા, પોંચીઓ, ગુચ્છ વગેરે લાવીને મૂક્યા. શ્રીહરિ સર્વવિધ્નનિવારણ, જગવંદન છે. એમ જાણી પ્રથમ બ્રહ્માનંદ સ્વામીએ તથા આનંદાનંદ મુનિએ પ્રભુની પૂજા કરી. પછી બીજા બધા સંતોએ પૂજા કરી પછી શ્રીહરિ અને હેતે કરીને સર્વે સંતોને મળ્યા. જયાનંદ વર્ણી તથા કેટલાક પાળાઓને શ્રીહરિએ અમદાવાદ જવાની આજ્ઞા કરી તેથી તે સર્વેએ પણ શ્રીજીની પૂજા કરી. તેમને પણ શ્રીહરિ મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને શ્રીજીમહારાજે મંદિર નિર્માણ માટે પોતાના ચરણે આવેલી ભેટમાંથી મૂઠી ભરીને રૂપિયા આનંદ સ્વામીને આપ્યા. પ્રભુની મૂઠીમાં અગિયાર રૂપિયા હતા. આનંદ સ્વામી ચૌદ સંતોના મંડળ સાથે અમદાવાદ પધાર્યા. કડિયા-શિલ્પીઓને પગથી લીટો દોરીને દોરવણી આપી. આ રીતે મંદિરનું કામ શરૂ થયું. પછી શ્રીહરિએ અમદાવાદ જીલ્લાનાં તથા આજુબાજુના ગામોમાં જે હરિભક્તો હતા તેમના ઉપર પણ પત્રો લખી મોકલયા કે અમારી આજ્ઞાથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી શ્રીનગરમાં મંદિર કરવા આવ્યા છે. તો તેઓ મંદિર માટે તથા સંતો માટે જે સેવા કહે તે કરજો. ધર્મના પુત્ર શ્રીનરનારાયણદેવનું શિખરબંધ મંદિર કરવા અમે ધાર્યું છે. ધન વિના મંદિર બને નહિ. સત્સંગીઓ તે પત્ર વાંચી રાજી થયા કે સેવાનો

સારો લાભ મળશે. શ્રીનગરના જે ભક્તો ત્યાં આવ્યા હતા તેમને પણ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે સેવા કરવાની ભલામણ પત્ર લખી આપ્યો. તેમાં દરેક બાઈ-ભાઈઓનાં નામો લખ્યાં. તેમાં લખ્યું હતું કે તમારું હિત કરવા શ્રીનરનારાયણ દેવ ત્યાં આવીને નિવાસ કરશે. તેમનું મંદિર કરવા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને તથા સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને અમે મોકલ્યા છે. ભક્તોનો ભાવ હોય ત્યાં દેવ નિવાસ કરે છે. માટે ભાવ પ્રમાણે સેવાનો લાભ લેવો. આ પત્ર લઈ બ્રહ્માનંદ સ્વામી તથા આનંદ સ્વામી અમદાવાદ આવ્યા. શ્રીહરિનો પત્ર સત્સંગીઓને આપ્યો. પત્ર વાંચી સત્સંગીઓ આનંદ પામ્યા. નવાવાસની સમીપે પૂર્વ-ઉત્તર મુખે ખાલી મેદાન હતું તે જમીન શ્રીહરિએ પ્રથમ લઈ રાખી હતી, ત્યાં શહેરના નિયમ પ્રમાણે સાહેબની રજા લઈ જમીન સાફ કરાવી. ખાતપૂજન તો શ્રીજીએ પહેલાં કરેલ હતું એટલે જ્યોતિષી પાસે ફક્ત શુભ માસ અને તિથિ ચોઘડીયું જોવરાવી શુભ મુહૂર્તમાં મંદિરનો આરંભ કર્યો. અંબારામ અને કુબેર નામના બે કડીયા ભક્તોને મંદિર કરવાના કામમાં મુખ્યપણે રોક્યા. મંદિરનું કામ થતું જોઈ દુર્લભ સાહેબ ઘણા ખુશી થયા.

● **મૂર્તિઓ માટે ડુંગરપુર સંતોને મોકલ્યા**

પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને કહ્યું કે ડુંગરપુર શહેરમાં મૂર્તિઓ બહુ જ સારી બનાવે છે, માટે ત્યાં ખુબ કુશળ સંતોને મોકલી શ્રીનરનારયણદેવની તથા રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ મંગાવવી અને ધર્મભક્તિ ને હરિકૃષ્ણ નામની અમારી ત્રણેય મૂર્તિઓ ધાતુની બનાવરાવવી. એમ બધીજ મૂર્તિઓ તૈયાર થઈ ને આવી જાય અને મંદિર તૈયાર થાય એટલે અમોને પત્રિકા લખશો. ત્યારે આનંદાનંદજી સ્વામીએ કહ્યું જે હે પ્રભો ! આપે જેમ કહ્યું તેમજ કરીશું. પરંતુ હે હરે ! મંદિર કરવાનું કામ ઘણું કઠણ છે કારણ કે માણસ અને



Final



ધનની મદદ વિના તે થઈ શકે નહિ. માણસ અને ધન હું ક્યાંથી લાવું ? મારી પાસે કાંઈ વચનસિદ્ધિ નથી. ત્યારે શ્રીહરિ બોલ્યા કે શ્રીનરનારાયણદેવના સંકલ્પમાં અષ્ટસિદ્ધિ અને નવનિધિ રહેલી છે. માટે તમે ચિંતા કરશો નહિ. અમારો વિશ્વાસ રાખી અમારું વચન શિરે ચડાવી લો. તેમાં બધું આવી ગયું તેમ માનો. તમે તો નિમિત્ત માત્ર છો. જેમ મહાભારતના યુદ્ધ વખતે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હતું કે તું તો નિમિત્ત માત્ર છું તેમ શ્રીનગરના તથા આજુબાજુના ગામોના સર્વે હરિભક્તો તન, મન અને ધનથી ખૂબ સેવા કરવામાં ઉત્સાહવાળા છે. તેથી સેવામાં હાજર રહેશે, ભગવાન નિમિત્તે જે જે વસ્તુ આપશે તે દિવ્ય ધામમાં અનેકગણી દિવ્ય થઈને મળશે. જે જે વસ્તુ શ્રીહરિના સંબંધમાં આવે છે તેટલી દિવ્ય થઈને ધામમાં અખૂટ થાય છે. મંદિર થાય છે તેમ હરિભક્તો જાણશે ત્યારે તમારે તેમાં જે જે વસ્તુઓ જોઈશે તે લાવીને સહજમાં પ્રેમથી આપશે. હરિભક્તોને જેજે સત્કાર્ય કરવું તેમાં મંદિર સેવા કરવાનું દ્વાર બનશે. સંતો સદા નિર્બંધ છે. નિર્બંધ રહેવામાં મોક્ષ રહેલો છે.

જેટલા ત્યાગી છે તેમને ધન, સ્ત્રી બંધનરૂપ થાય છે. મંદિર થશે તેથી ધન, સ્ત્રીનું બંધન ક્યારેય પણ નહિ થાય. ધન અને સ્ત્રીના બંધનમાં ન આવે, સભામાં સંતો પ્રમાણ કરે એવા, નિવૃત્તિપરાયણ સંતોને વિષે મહિમાવાળા હોય એવા માણસને ધોળે કપડે ધનની લેવડ દેવડ કરવા માટે રાખવા. તે માટે કણભા ગામના ઉમાભાઈ નામે વૃદ્ધ ભક્ત હતા. તેમને સભાએ તે કામ માટે પસંદ કર્યા. શ્રીહરિએ તેમને ઉપરોક્ત કામ માટે શ્રીનગર જવાની આજ્ઞા કરી. અને પછી ફરીથી બોલ્યા કે જે શ્રીનરનારાયણદેવ હિમાલયમાં બિરાજે છે તેમને સ્ત્રી-પુરુષો કોઈ જાણતું નથી કે નરનારાયણ કેવા છે. તેમને પ્રસિદ્ધ કરવા અમોએ આ નિશ્ચય કર્યો છે તે હવે ફરે તેમ નથી. આ

ભરતખંડના મુખ્ય દેવ અને અધિપતિ શ્રીનરનારાયણદેવ છે. તેમને આ મંદિર કરી ભરતખંડમાં સ્થાપન કરવા છે. તેમનામાં અપાર પ્રતાપ રહેલો છે. અધિપતિ વિનાનો ખંડ કેવો શોભે ! રાજાને લીધે પ્રજા નિતિમાં વર્તે. અધિપતિના પ્રતાપથી અનીતિ રહેતી નથી.

પછી શ્રીહરિ આનંદાનંદજી સ્વામીને પ્રીતે કરીને કહેવા લાગ્યા કે, દસમીના દિવસે તમારે શ્રીનગર જવા માટે ચાલવું. સંત, વર્ણી, પાર્ષદ જે જોઈએ તેમને સાથે લઈ જવાની તમને રજા છે જે જે કામ કરવું તે ઉત્સાહ વિના બનતું નથી. જેને જેટલી લાજ છે તેટલા વચન તેને મનાય છે. જેટલો જોઈએ તેટલો ખપ જેને ન હોય તે વચનમાં કેટલા વર્તે છે તે ઉપરથી પ્રસિદ્ધ દેખાય છે. ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન કરતાં સેવામાર્ગ કઠણ છે. "सेवामुक्तिस्च गम्यताम्" સેવાથી મુક્તિ મળે છે. તેમજ "सेवाधर्मो परमगहनो योगीनामप्यगम्यः" સેવા કરવામાં શરીરનું જતન લેશ માત્ર રહેતું નથી. પ્રભુના મંદિર માટે જેટલી સેવા કરે છે અને કરશે તેટલું ફળ તેને મળશે. સેવા વગર અલ્પ ફળ મળે છે.

શ્રીહરિની વાત સાંભળી સંતો બોલ્યા કે મંદિરની સેવા કરવામાં કમી રાખવી નથી. આપના વચનમાં વર્તે છે તેમાં મોટપ છે. મનમુખી થઈ જે વર્તે છે તેને તેટલું બંધન થાય છે. આત્મનિષ્ઠ કે દેહાભિમાની છે તે સેવા કરવામાં દેખાઈ આવે છે. તે વિના જણાતો નથી. જ્ઞાન, ધ્યાનની ઓથ લઈ સત્સંગમાં અપાર આત્મનિષ્ઠ અને જ્ઞાનનિષ્ઠ થશે. તેનો ગણતાં પાર નહિ આવે. પણ સેવાનિષ્ઠ છે તે જ સાચા આત્મનિષ્ઠ છે. તેમ જેને ઝીણી બુદ્ધિ છે તે દેખે છે. સેવા વગર જેટલા આત્મનિષ્ઠ કે જ્ઞાનનિષ્ઠ છે તે મલિન છે ને ધ્યાનનિષ્ઠ છે તે દંભી છે. જેટલા તન, મન, ધન, વચને કરીને મહિમાથી આનંદયુક્ત સેવા કરે છે તેના તુલ્ય બીજી કોઈ વાત અધિક નથી.



Final



- **બોટાદના ભગા દોશીએ અમદાવાદ મંદિરમાં તકની સેવા કરી**

સંવત ૧૮૭૪ માં શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા ત્યારે ત્યાંના એરણ સાહેબે મંદિરની જગ્યા માટેનો લેખ કરી આપ્યો હતો. શ્રીહરિએ તે જગ્યામાં ભવ્ય મંદિર બંધાવી નરનારાયણદેવ પધરાવવાનું મનમાં નિર્ધાર્યું હતું.

એક વખત શ્રીજીમહારાજ ગઢડામાં વિરાજમાન હતા, ત્યારે શ્રીજીમહારાજે અમદાવાદની તે જગ્યામાં મંદિર કરવા માટે આનંદાનંદ સ્વામીને પસંદ કર્યા અને તેમને અમદાવાદ જઈ મંદિર બાંધવાની આજ્ઞા કરી. ત્યારે આનંદાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, 'હે મહારાજ ! મંદિર કાંઈ અમથું તો ન થાય....! એને માટે તો પૈસા જોઈએ, માણસ જોઈએ.' ત્યારે શ્રીજીમહારાજ કહે, સ્વામી ! તમે અમદાવાદ જાઓ, ત્યાંના હરિભક્તો તમને મદદ કરશે.' પણ આનંદાનંદ સ્વામીને અંતરમાં થોડું એમ રહ્યું કે, 'પરવારું ત્યાં જઈને કઈ રીતે મંદિરનું કામ મારાથી કરાશે ?' અંતર્યામી શ્રીહરિએ તે મુંઝવણ જાણી.

બરાબર એ સમયે બોટાદથી ભગા દોશી શ્રીજીમહારાજનાં દર્શન કરવાં ગઢડા આવ્યાં. શ્રીહરિએ તેમને બોલાવી વાત કરી કે, 'અમારે અમદાવાદમાં મંદિર કરવાની ઈચ્છા છે, અંગ્રેજ સરકારે પાકો દસ્તાવેજ કરીને જમીન આપી છે. ત્યાંના હરિભક્તો તેમાં મદદ કરશે પણ હાલ શરૂઆતમાં નાણાની જરૂર પડી છે, તો તમો કાંઈ મદદ કરી શકશો ? તમે જે કાંઈ મદદ આપશો તે બીજા હરિભક્તો જ્યારે ભેટ વગેરે જે આપશે, તેમાંથી તમને પાછું આપશું.' ત્યારે ભગા શેઠ બોલ્યા હે, મહારાજ ! મારી પાસે જે કાંઈ છે તે આપનું જ છે. શા માટે મને શરમાવો છો. કહો તો બધું જ આપી દઉં. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમારે બધુંય કાંઈ જોઈતું નથી. મંદિર શરૂ થાય

એટલાં પૂરતું થોડું આપો.' આ વાક્ય સુણી તરત જ ભગા દોશીએ અમદાવાદનાં શેઠિયા ઉપર રૂપિયા દશ હજારની હૂંડી લખી આપી જે, 'આ આવનારને રૂપિયા દશ હજાર સુધી મારા નામે ઉધારી આપજો, અને વળી સાથે એક બીજો કાગળ એવો લખીને આપ્યો કે, 'બીજા વિશેષ રૂપિયા જોઈએ તો પણ આપજો.'

● **ડુંગરપુરથી સંતો મૂર્તિઓ લાવ્યા તે નાની પડી**

આનંદાનંદ સ્વામીની સૂચનાથી શુદ્ધજ્ઞાનાનંદ સ્વામી આદિ ચાર સંતો ડુંગરપુર મૂર્તિઓ લેવા ગયા હતા. તેઓ શ્રીનરનારાયણદેવની તથા રાધાકૃષ્ણની મૂર્તિઓ લઈને આવી ગયા હતા. મૂર્તિઓ ઘણી સુંદર હતી. પરંતુ તેમાં શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ જરા નાની હતી, તેથી દરેકને એમ થયું કે આ મૂર્તિઓ શહેરના પ્રમાણમાં જરા નાની પડશે અને હજી સમય છે તો બીજી મોટી મૂર્તિઓ મંગાવીએ તો સારું એમ વિચાર કરી તેજ સંતોને બીજી મોટી મૂર્તિઓ લેવા ફરીથી ડુંગરપુર મોકલ્યા. ત્યાં જઈ સંતોએ સલાટને કહ્યું કે પેલી મૂર્તિઓ જરા નાની પડી તેથી ચાર સનકાદિકો સહિત નરનારાયણની બીજી મોટી મૂર્તિઓ જલ્દી કરી આપો. ત્યાલે સલાટે કહ્યું કે થોડા દિવસ રોકાઓ તો કરી આપું. પરંતુ શ્રીહરિએ કહ્યું છે કે 'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય'' એ વચનાનુસારે સર્વ જીવ પ્રાણીમાં વ્યાપકપણે રહેલા, સર્વના પ્રેરક, સર્વાન્તર્યામી શ્રીહરિની મરજી વિના તે કારીગર જલ્દી સમયસર મૂર્તિઓ કેવી રીતે બનાવી શકે ? અર્થાત્ પ્રભુની મરજી વિના બનાવી શકે નહી, કારણ ભગવાન સ્વામિનારાયણની ઈચ્છા અમદાવાદના મંદિરમાં શ્રીનરનારાયણદેવની અલૌકિક, અદ્ભૂત મૂર્તિઓ લાવી પધરાવવાની હતી. અને તે મૂર્તિઓ સમયસર આવી જાય તે પ્રમાણે શ્રીહરિએ પોતાના પ્રભાવથી બધી ગોઠવણ પણ કરી રાખી હતી. પરંતુ બીજા માણસો આ બાબતને અગાઉથી કેવી રીતે જાણી શકે ? ડુંગરપુરમાં



Final



સંતો શ્રીનરનારાયણદેવની બીજી મોટી મૂર્તિઓ બનાવરાવવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા તે દરમિયાન ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજની ત્રણેય મૂર્તિઓ (વડોદરા) જે ધાતુની બનાવવા આપી હતી તે પણ તૈયાર થઈ ને આવી ગઈ હતી અને તે ઘણીજ સુંદર માપસરની બની હતી તેને જોઈ બધા રાજી થયા.

● **શ્રીહરિ અમદાવાદ મંદિરને નિરીક્ષણ કરવા પધાર્યા**

બરાબર તેજ અરસામાં શ્રીહરિ લોકોમાં રહેલા અધર્મનો તથા અજ્ઞાનનો પોતાના સદ્દુપદેશથી તથા પ્રભાવથી નાશ કરી, માણસોના હૃદયમાં જ્ઞાનરૂપી દીવો પ્રગટાવી આત્મા પરમાત્માના સ્વરૂપને જ્ઞાનરૂપી પ્રકાશ કરી, ધર્મનું તથા ભક્તિનું સ્થાપન કરી સંપ્રદાયનો પ્રચાર કરતા કરતા અનેક ગામોમાં વિચરી પોતાના ભક્તોની સેવા અંગીકાર કરી, અનેક ચરિત્રો કરતા કરતા અમદાવાદમાં ચાલી રહેલા મંદિરના કામનું નિરીક્ષણ કરવા તથા ઉપયોગી કેટલાંક સલાહ સૂચનો આપવા. શ્રીહરિ સંવત ૧૮૭૭ ના અરસામાં અમદાવાદમાં પધાર્યા. શ્રીહરિ પધાર્યા છે એવા સમાચાર જાણી સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્ગુરુ આનંદાનંદ સ્વામી તથા બીજા સંતો તથા શહેરના હરિભક્તો નાના પ્રકારનાં વાજિંત્રો સહિત શોભાયમાન સામૈયું લઈ શ્રીહરિની સન્મુખ ગયા. દુર્લભ સાહેબ પણ રાજ્યની સ્વારી લઈ શ્રીજીની સન્મુખ ગયા તેમણે શ્રીહરિનાં દર્શન કરી હારો પહેરાવી યોગ્ય સત્કાર કર્યો. પછી વાજતે ગાજતે ધામધૂમપૂર્વક સામૈયું કરી શ્રીહરિને શહેરમાં પધરાવી નવાવાસમાં ઉતારો કરાવ્યો.

ત્યાંથી શ્રીહરિ મંદિરનું બાંધકામ ચાલતું હતું તે જોવા પધાર્યા. મંદિરનું નિરીક્ષણ કરીને બોલ્યા, 'અમારી ઈચ્છા પ્રમાણે જ કામ થઈ રહ્યું છે.' એટલું કહીને શ્રીહરિએ કેટલીક સૂચનાઓ આપી. તથા કેટલાક સુધારા વધારા બતાવ્યા. નરનારાયણદેવ મંદિરની જમીન અંગ્રેજોએ સ્વામી સહજાનંદજીને બક્ષિસ આપેલી. તેની ઉપર

બાંધકામ દરમ્યાન ઘણી વખત વહીવટી કામ દરમ્યાન શ્રીહરિને અંગ્રેજ અધિકારીઓની વારંવાર મુલાકાત લેવી પડે. તેથી તે જમાનામાં શ્રીહરિએ તે અંગેનું કુલમુખ્યત્યાર નામું એક રૂપિયાના સ્ટેમ્પ પેપર કુબેરસિંહ છડીદારને કરી આપેલું અને તેની ઊપર સ્વયં શ્રીહરિએ સહી કરેલી છે. આ સ્ટેમ્પ પેપર ઉપર અંગ્રેજ અમલદારની સહી, સિક્કા છે. આખા સંપ્રદાયમાં શ્રીહરિએ સ્વયં સહી કરી હોય તેવો આ એક માત્ર પત્ર છે. જે આજે પણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે સુરક્ષિત છે. સંતો તથા સેવાભાવી ભક્તોની ખૂબ પ્રશંસા કરી. મંદિર નિર્માણ જોઈને શ્રીહરિ રાજી થયા. એટલે સેવા કરનારનો ઉત્સાહ બેવડાયો. પરમાત્મા પછી ઉતારે પધાર્યા.

● **વિલાયતથી શુભ સમાચાર :**

એ વખતે કુબેરસિંહ છડીદાર આવ્યા. શ્રીહરિને પત્ર આપ્યો. એ પત્ર સ્વામિનારાયણ ભગવાને સભામાં વાંચી સંભળાવ્યો. એના શબ્દો હિન્દી ભાષામાં છે :

માનનીય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ, લખીતંગ દુર્લભ સાહેબકી સલામ પઢના, ફીર લીખના કારન ઐસા હૈ કી આપે મંદિર બનવાને કે લીયે જો જમીન પસંદ કીયા હૈ, ઉસ જમીન આપકો શ્રી કૃષ્ણાર્પણ (બક્ષીસ) દેનેકા ઑડર વિલાયતસે આ ગયા હૈ તો આપકો જબ ફુરસદ મીલે તબ હમકો ખબર દેના તો ઉસ સમય હમ આપકી પાસ આકર આપકો ઉસ રૂકકા (ઓડર) પઢકર સુનાયેગા ક્યોંકી વહ સબ અંગ્રેજીમેં લીખા હૈ, ઔર આપ ઉસ જમીનકા લેખ (દસ્તાવેજ) તાંબાપત્ર મેં સૂર્ય ચંદ્રકી શાખસે લીખવાના ચાહતે હો તો હમ આપકો બનવા દેવે (લીખવા દેંગે). આવો કાગળ વાંચીને શ્રીહરિ તથા સભામાં બેઠેલા સંતો તથા હરિભક્તો વગેરે બહુ આનંદ પામ્યા અને બોલ્યા કે હવે નિરભે નામું થયું. પછી શ્રીહરિએ તેની



Final



ખુશાલીમાં સંતો તથા હરિભક્તોને તથા સલાટ, કડિયા મજુરો તથા બીજા સેવા કરતા માણસોને એક એક ખોબો સાકર તથા એક એક ખોબો સૂકો મેવો પ્રસાદ તરીકે આપીને રાજી કર્યા. પછી શ્રીહરિએ મંદિરના કામમાં તન, મન, ધનથી સેવા કરવાના માહાત્મ્યની ખૂબ વાતો કરી. તે સાંભળી બધાને સેવાનો વધારે ઉત્સાહ થયો. અને તે પ્રમાણે સેવા વધારે પ્રમાણમાં કરવાનો પોતપોતાના મનમાં નિશ્ચય કર્યો. પછી શ્રીજીમહારાજ સભામાંથી ઉઠી પોતાના ઉતારે પધાર્યા.

શ્રીહરિએ ઉતારે જઈ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવીને કહ્યું કે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જેવા વિદ્વાન અને મહાકવિ મંદિરના કામમાં રોકાઈ રહ્યા છે. તેથી અમારા ચરિત્રોનાં કાવ્યો તથા કીર્તનો કરવાનાં બંધ થયાં છે. તેઓ પ્રગટ ભગવાન એવા અમારી મૂર્તિનું નખશીખા પર્યન્તનું વર્ણન, શોભા તથા ચરિત્રોનાં એવાં સુંદર કીર્તનો કરે છે કે તે ગાનારના તથા સાંભળનારના અંતરમાં અમારી મૂર્તિ ચોંટી જાય છે. પછી તેને કાંઈ કરવાપણું રહેતું નથી. એવા સબીજ તેમનાં કીર્તનો છે અને લોકો તેને પ્રેમથી ગાય છે અને ભગવાનમાં મન જોડે છે. મંદિરનાં કામો કરનારા કરાવનારા તો ઘણા મળશે પણ કીર્તનો કરનારા આવા બીજા નહિ મળે. અને અમોએ તો આ મંદિરનું કામ ચાલું કરાવવામાં પ્રાથમિક અચડણો આવે તો તેને દૂર કરવા તથા પાયા વગેરે બરાબર નકશો કરીને તે પ્રમાણે કરાવવ માટે તેમને અહીં મોકલ્યા હતા. કારણ તેમનામાં તે શક્તિ ઘણીજ ઊંચા પ્રકારની છે. પરંતુ હવે તો દરેક અડચણો દૂર થઈ છે. મંદિરનું કામ બરાબર વ્યવસ્થિત શરૂ થઈ ગયું છે. અને ચાલે છે અને અત્યારે મંદિર કરતાં કીર્તન કાવ્યો કરવાં તે વધારે મહત્વનું છે તેથી તેમની હાલમાં ઘણી જરૂરત છે. માટે અત્યારે અમો તેમને અમારી સાથે લઈ જઈએ છીએ. તમો મંદિરનું કામ અમારી તથા સ્વામીની સૂચના પ્રમાણે બરાબર કરાવજો. વચમાં કાંઈ જરૂરત

જેવું જણાય તો અમને જણાવજો એટલે અમો તેનો નિર્ણય લખી મોકલીશું અથવા અમો જાતે આવીશું અથવા બ્રહ્મમુનિને મોકલીશું માટે તમો કાંઈ ચિંતા ન કરશો. પ્રગટ ભગવાન વિચરતા હોય ત્યારે તેમનાં ચરિત્રોનાં ગ્રંથો લખાય છે અને તેમાં મંદિરો, તીર્થો વગેરેનો મહિમા બરાબર આવી જાય છે.

હરિભક્તો ઉત્સાહથી મંદિરમાં સેવા કરતા હતા. સ્વામીની આવડત અને દેખરેખથી થોડા જ સમયમાં ત્રણ શિખર બનવા લાગ્યાં. મંદિરનો સુંદર આકાર રચાયો. જેમાં અષ્ટકોણ અને ખુલ્લાં ઘુમ્મટો, કમળાકાર જેવી આકર્ષક કલાત્મક રચનાઓ રચાઈ. જોતજોતામાં તો મૂર્તિઓ પધરાવવા લાયક મંદિર બની ગયું. શિલ્પશાસ્ત્રના નિયમ મુજબ મંદિરનો એક ચોક્કસ આકાર હોય છે. અમદાવાદ મંદિરનો આકાર કમળ જેવો છે. તેથી તે "કમલાકાર" કહેવાય છે. એ જ પ્રમાણે વિમાન-આકાર, ચક્ર-આકાર, રથ-આકાર વગેરે પ્રકારનાં મંદિરો બને છે.

ઉપર પ્રમાણે આનંદ સ્વામીને વાત કરી શ્રીહરિ અમદાવાદમાં બે ત્રણ દિવસો રોકાઈ મંદિર અંગેના કામની બધી જ સૂચનાઓ આપી તથા વ્યવસ્થા કરી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને સાથે લઈ ત્યાંથી ચાલ્યા ત્યારે શહેરના સત્સંગીઓ વાજતે ગાજતે વળાવવા ચાલ્યા. શહેર બહાર આવી શ્રીહરિ આગળ ચાલતા થયા તે ગામ અસલાલી થઈ જેતલપુર પધાર્યા.

- **શિખરની કોળીનો પથ્થર**

શ્રીજીમહારાજે તે સભામાં એક ઝાલાવાડી હરિભક્તને પોતાની પાસે બોલાવ્યા. અને સભાને સાંભળતા શ્રીજી બોલ્યા કે આ હરિભક્ત પણ ભારે શ્રધ્ધાવાલા અને સેવાભાવી છે. શ્રીનરનારાયણદેવના આ મંદિરનું કામ ચાલતું હતું ત્યારે શિખરની કોળીમાં નાખવાનો આશરે ૧૬૦ (એકસોને સાઠ) મણ વજનનો



Final



મોટો ભારે પત્થર ધ્રાંગધ્રાંથી લાવવાનો હતો. તે પથ્થરને ગાડું ભાંગી જવાની બીકથી તથા બળદ ખેંચી નહી શકે અને પરાણે ખેંચે તો બળદ હેરાન થાય-ઊતરી જાય તેવી બીકથી તે પથ્થરને કોઈએ ગાડામાં ચડાવ્યો નહિ. ત્યારે ભગવાનને વિષે અડગ શ્રધ્ધાવાળા વિશ્વાસુ, ધ્રાંગધ્રા પાસેના ગામ નાના અંકેવાળીયાના (લખતર તાલુકાનું) પટેલ જીવા વિરમગામાએ વિચાર્યું કે ભગવાનને અર્થે કામ કરવામાં કદાચ ગાડું કે બળદ ભાંગી જશે તોપણ આપનાર ભગવાન જ છે. અને ધાર્યું પણ ભગવાનનું જ થાય છે. એમ ભગવાન ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી પોતાના ગાડામાં તે પથ્થર બીજાની મદદથી ચડાવ્યો. અને તે ગાડાને છ બળદ ચોકીયાની પેઠે જોડીને ગાડું ચલાવ્યું. ગાડું ચાલતું થયું ત્યારે આ ભગતે જોયું તો ધોંસરૂં બળદની કાંધે અડતું જ ન હતું. બળદ તો જેમ ખાલી ચાલે તેમ ચાલ્યા જાય છે.

અને ગાડું એમને એમ ચાલ્યું આવે છે, તે જોઈ આ ભક્ત મનમાં આશ્ચર્ય પામી બોલ્યા કે અહો ! ભગવાનનો પ્રતાપ તો જુઓ, એમ ચાલતાં રસ્તામાં ગામ ગોધાવી. નજીકમાં ગાડાનો ઈસોટો ભાંગી ગયો તો પણ ગાડું તો ચાલતું જ રહ્યું. તે જોઈ ભગત વધારે આશ્ચર્ય પામી ભગવાનનો પ્રતાપ વિચારી રાજી થયા. ને બોલ્યા કે આ તો મારે જીવનમાં સંભારણું થયું. ને આથી અંત વખતે ભગવાન સંભારવાનું સાધન થયું. પછી અમદાવાદમાં આ મંદિરમાં ગાડુ લાવીને પથ્થર ઉતાર્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે અમે આ વાત જ્યારે સાંભળી ત્યારે આ ભક્તને બોલાવી તેને કહ્યું જે ભક્ત ! તમો બહુ ભારે પથ્થર લાવ્યા હતા. ત્યારે આ ભક્તે કહ્યું જે હે મહારાજ ! એ તો આપજ લાવ્યા છો. મારા બળદ, ગાડું ને હું બધા નિમિત્તમાત્ર છીએ. કારણ કે બળદની કાંધે ધોંસરૂં અડ્યું જ નથી. તે તો ખાલીજ ચાલ્યા આવ્યા હતા. એમ વાત કરી તે ભક્તને શ્રીજીએ કહ્યું જે અમારા હાથના કાંડે બાંધેલ આ સુંદર રાખડી તમે છોડી લો. અમો

તમારા ઉપર બહુજ રાજી થયા છીએ તેથી આ અમારી પ્રસાદીની રાખડી સંભારણા તરીકે દર્શન કરવા તમોને તમારા ઘેર રાખવા આપીએ છીએ. પછી તે પટેલે શ્રીહરિના કાંડેથી રાખડી છોડી લીધી. પછી શ્રીહરિએ તે સભામાં બેઠેલા મોટા મોટા હરિભક્તોને ભગવાનની સેવાનો મહિમા તથા ભગવાનનો વિશ્વાસ રાખવાનો ઉપદેશ આપતાં કહ્યું કે તમો બધા ઊંચા આસને આગળ બેઠા છો. પણ બકરા જેવા છો. બકરું અડધો શેર દૂધ કાઢે. આ ગામડાના ભક્તો ભેંસો જેવા છે. ભેંસો માદળામાં બેસે પણ દૂધ ઘણું કાઢે, તેમજ અમારે આવા ભક્તોની ઉતારાની તથા ખાવા-પીવાની કાંઈ ખબર ન રાખવી પડે તો પણ ગમે તેવી રીતે રહીને શીર સાટે સેવા કરે. એમ તેમની ઘણી પ્રશંસા કરી તેને બાથમાં ઘાલીને મલ્યા ને ખૂબજ રાજીપો બતાવ્યો.

- **બળદ માંદો થયો ને ભક્ત પોતે ગાડે જૂત્યા ને પથ્થર સાબરકાંઠાથી લાવ્યા ને આનંદ સ્વામી બહુ રાજી થયા**

આ સેવાયજ્ઞમાં બીજો એક પ્રસંગ ધર્મ-ઈતિહાસમાં સ્મારક બની ગયો છે. ઉત્તર ગુજરાતના કેટલાય હરિભક્તો ગાડું અને બળદ લઈને મંદિરની સેવામાં આવી ગયેલાં. એમાં એક હરિભક્તે તો કમાલ કરી. સાબરકાંઠાથી એક લાંબો પથ્થર ગાડે ચડાવ્યો. ગાડું ચાલ્યું આવતું હતું. રસ્તામાં ક્યાંક ખાડામાં બળદનો પગ પડ્યો. બળદનો પગ ભાંગી ગયો. આ સત્સંગી બહુ ગભરાયા. હવે શું કરું ? થોડો વિચાર કર્યો ત્યારે લાવ ત્યારે સ્વામિનારાયણને અર્થે ગાડે જોડાઈ જાઉં.

સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને એક બાજુ સાજો બળદ અને બીજી બાજુ હરિભક્તે સ્વયં ધૂંસરી ખભે લીધી. ગાડું ખેંચ્યું, માંદા પડી ગયા. બીજું ગામ આવ્યું ત્યાં ગાડાં નીચે સૂઈ ગયા. પછી ગામમાંથી એક બળદ ભાડેથી લીધો. બીજો બળદ જોડીને અમદાવાદ આવ્યા. એની સેવાથી રાજી થઈને આનંદ સ્વામીએ માથે હાથ મૂકીને કહ્યું- 'ધન્ય છે તમને ! આ પથ્થર હું નામ લખીને જુદો રાખીશ.



Final



એનો થાંભલામાં જ ઉપયોગ કરીશ. અને આ તમારી સમર્પણ ભરેલી સેવાની યાદ સ્વામિનારાયણ ભગવાનને આપીશ.' આ રીતે હરિભક્તો અને સંતોના સમર્પણથી આ મંદિર બન્યું છે. આમ આ મંદિરના એકેએક પત્થરમાં સંત-હરિભક્તોના પ્રસ્વેદની સુવાસ છે. એકેએક અણુંપરમાણુંમાં સ્વામિનારાયણનો નિવાસ છે.

- **હનુમાનજીની મૂર્તિ કરવા જયપુરના હીરાજી સોમપુરાને શ્રીહરિની આજ્ઞા**

બીજના દિવસે સવારમાં શ્રીહરિ સભામાં આવી પાટ ઉપર બિરાજ્યા. સંતહરિભક્તો પણ આવીને બેઠા સંતો કીર્તન ગાવા લાગ્યા. તે વખતે જયપુરના હીરાજી નામના સોમપુરા સલાટ વડોદરામાં રહેતા હતા. તે સત્સંગીઓના સમામગથી પાકા હરિભક્ત થયા હતા અને ઘરનો ત્યાગ કરી મંદિરમાં રહીને મંદિરની સેવા કરતા હતા. તેઓ આ ફુલદોળના સમૈયા ઉપર દર્શન કરવા અમદાવાદ આવ્યા હતા. તેમને શ્રીહરિએ પોતાની પાસે બોલાવીને કહ્યું કે અમે કહીએ તેવી શ્રીહનુમાનજીની મૂર્તિ તમે કરી આપો. ત્યારે તેમણે કહ્યું કે આપ કાગળમાં આપની મરજી પ્રમાણેની શ્રી હનુમાનજીની મૂર્તિ ચિતરાવી આપો તેવી મૂર્તિ હું બનાવી આપું. ત્યારે શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે અમો કહીએ તેવી શ્રીહનુમાનજીની મૂર્તિ કાગળમાં ચીતરો. એટલે આધારાનંદ સ્વામી કાગળ લાવ્યા. શ્રીહરિ હનુમાનજીની પેઠે પાટ ઉપર બેઠા ને તે પ્રમાણે સ્વામીએ મૂર્તિ ચીતરી. તે જોઈ શ્રીહરિ રાજી થયા. પછી તે હીરાજી સલાટને આપીને કહ્યું કે આવીજ મૂર્તિ જલદી બનાવી આપો. અમારે તે મૂર્તિ અહીં પધરાવી છે. (આ મૂર્તિ પછી તૈયાર થઈ કે કેમ અને ક્યાં પધરાવી છે તેનો ઉલ્લેખ મળતો નથી. નરનારાયણદેવના મંદિરમાં જે હનુમાનજીની મૂર્તિ છે તે ઊભી છે).

● **નાની મૂર્તિઓને બદલે મોટી મૂર્તિઓ જોઈએ**

ઉપર પ્રમાણે વાતચીત ચાલે છે, ત્યારે સંતો તથા આગેવાન હરિભક્તોએ કહ્યું કે હે મહારાજ ! આ શહેરના પ્રમાણમાં આ શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ બહુ નાની જણાય તેથી. બીજી મોટી મૂર્તિઓ લેવા તેજ સંતોને ફરીથી ડુંગરપુર મોકલ્યા છે તો તેનું કેમ કરીશું ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે બીજી મોટી મૂર્તિઓ લેવા સંતો ડુંગરપુર ગયા છે તે તો બરાબર છે. પરંતુ ભગવાનની મરજી વિના માણસો કાંઈ પણ કરી શકતા નથી, છતાં પણ માણસો અહંભાવથી હું આમ કરીશ અથવા આમ કરવું છે. એમ મિથ્યાભિમાન કરે છે, પણ તે એમ નથી સમજતા કે આપણે પરતંત્ર છીએ. પરાધીન હોય તે શું કરી શકે ? માટે તમો નાની મોટી મૂર્તિઓના વિચારો છોડી એક ભગવાન ઉપર વિશ્વાસ રાખો. તેઓ જે કરશે તે સારું જ કરશે અને શ્રીનરનારાયણદેવ અમારૂં જ સ્વરૂપ છે કારણ કે શ્રીનરનારાયણદેવ દ્વારાએ જ અમો આ પૃથ્વી ઉપર અનંત જીવોનો મોક્ષ કરવા મનુષ્યરૂપે પ્રગટ થયા છીએ તેથી શ્રીનરનારાયણ અને અમો એકજ છીએ. તેથી અમારામાં અને શ્રીનરનારાયણદેવમાં જરા પણ ભેદ સમજવો નહી. અમારી મરજીથી શ્રીનરનારાયણ દેવ મૂર્તિઓ દ્વારાએ અહીં બિરાજી અનંત જીવોનો મોક્ષ કરવો હશે તે મૂર્તિઓ રૂપે જ પોતે આ મંદિરમાં બિરાજી દરેકને દર્શન આપશે, માટે અમારું સ્મરણ કરી બધું તેમની મરજી ઉપર છોડો એટલે ભક્તવત્સલ ભગવાન ભક્તોના મનોરથો પૂર્ણ કરશે.

એમ મર્મમાં વાત કરતા શ્રીહરિએ કહ્યું કે હવે બધીજ તૈયારી થઈ ગઈ છે અને આવું ઉત્તમ શુભ મુહૂર્ત ફરી આવે કે ન આવે, માટે હવે તે અંગે બીજા વિચારો કરવા યોગ્ય નથી. અને આ હરિકૃષ્ણ નામની અમારી મૂર્તિ સહિત ધર્મભક્તિની મૂર્તિઓ બરાબર છે. અને તે મૂર્તિઓ દ્વારા અમો અનેકને દર્શન આપી ભક્તોના મનોરથો પૂરા



Final



કરીશું. અને આ રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ પણ બરાબર છે. માટે હવે ત્રણેય મંદિરમાં મૂર્તિઓ આ શુભ મુહૂર્તમાં સાથેજ પધરાવવી છે. એમ કહી સદ્‌ગુરુ આનદાનંદ સ્વામીને કહ્યું કે હવે પડખેના બેય મંદિરોમાં જો કાંઈ થોડું ઘણું કામ બાકી હોય તો તે જલદી પુરુ કરાવી લેજો.

ઉપર પ્રમાણે મૂર્તિઓ અંગેની તથા બીજી વ્યવસ્થાની વાતચીત કરી શ્રીહરિ મોટા દરવાજાના મેડા ઉપર અગાસીમાં જઈને ઊભા રહ્યા ત્યારે નીચેથી અપાર માણસો શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા અને જયજયકાર બોલવા લાગ્યા. એમ બે ઘડી દર્શન આપી પછી વાજાં વાળાઓને ઈનામો અપાવી રજા આપી. બીજા માણસોને પણ પોતપોતાના સ્થાકને જવાની આજ્ઞા કરી, તેવામાં મુકુંદાનંદ વર્ણીએ આવી થાળ તૈયાર થયાના સમાચાર આપ્યા એટલે પોતે ત્યાં જઈ સ્નાન કરી પીતાંબર પહેરી કનકના બાજોઠ ઉપર જમવા બેઠા. બ્રહ્મચારીએ દૂધપાક, પુરી, વડાં, ભજિયાં, સાકરનો કંસાર, શાકો, ભાજી, રાયતાં, અથાણાં, પાપડ, કઢી, ભાત, છૂટી દાળ વગેરે અનેક પ્રકારનાં પકવાનોના થાળો ભરીને શ્રીહરિ આગળ મૂક્યા એટલે શ્રીહરિ જમવા લાગ્યા. જમી રહ્યા પછી આવીને પાટ ઉપર બિરાજ્યાં. તે દિવસે તમામ ચોકસી હરિભક્તો તરફથી રસોઈ હતી. એટલે રણછોડભાઈ, ત્રિકમભાઈ, ગોકળભાઈ, ગોવિંદભાઈ, હીરાચંદભાઈ, બેચરભાઈ, કેવળભાઈ, ઘેલોભાઈ, મોહનલાલભાઈ, હરિવલ્લભભાઈ, આદિ ચોકસી સત્સંગીઓએ મળીને કેસર ચંદન, પુષ્પના હારો વગેરેથી શ્રીહરિની પૂજા કરી આરતી ઉતારી ભેટો ધરી પગે લાગ્યા. અને છાતીમાં શ્રીહરિનાં ચરણારવિંદ લઈ પોતાને પરમ ભાગ્યશાળી માનવા લાગ્યા. પછી રંગોળી પૂરી કેળના સ્થંભો રોપી મંડપ બનાવ્યો હતો તેમાં સંતોની પંક્તિ થઈ. સંતો નારાયણ ધૂન્ય બોલવા લાગ્યા. હરિભક્તો સંતોનું માહાત્મ્ય ખૂબ સમજતા. ચોકસી

હરિભક્તોએ સંતોની પૂજા કરી. પછી શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. જેવી રીતે સંતો શ્રીહરિનું માહાત્મ્ય જાણે છે તેવી રીતે શ્રીહરિ સંતોનું માહાત્મ્ય જાણતા. જે જે વાત છે તે માહાત્મ્ય વિના બનતી નથી. જેની જેવી વાત છે સાંભળવામાં આવે ત્યારે માહાત્મ્ય વધે છે. ગમે તેવો હોય પણ તેનો ભાવ કે અભાવ થવાનો મુખ્ય હેતુ તેની વાત શ્રવણ કરવાનો છે. તેમાં પણ વિવેક જોઈએ છીએ, ''સત્સંગ કે મારગ ચલત જબહુ, સાચે વિવેક આવત તબહું'' સત્સંગના માર્ગે ચાલે ત્યારે સાચો વિવેક આવે છે.

શ્રીહરિ જે જે ચરિત્રો કરે છે તે સત્સંગનો રંગ અધિક અધિક ચડતો રહે તે માટે કરે છે. સમૈયાઓમાં શ્રીહરિ સંતોને અધિક ઉત્સાહ અને ભાવથી શ્રદ્ધાપૂર્વક જમાડે છે સંતોને જમાડી શ્રીહરિ મંદિરમાં શ્રીનરનારાયણદેવના સિંહાસન નીચે સુંદર મોટું ભોયરું છે તેમાં જઈને પોઢી ગયા. બે ઘડી પછી જાગ્યા અને સંતોને કહ્યું કે અમે કાંકરીયા સરોવરે જઈને સભા કરીશું, કારણ ત્યાં જગ્યાની મોકળાશ વધારે છે. માણસોનો ભીડો વધારે થયો છે. તેથી અહીં સંકડાશ પડે. તેથી તેમાં બાળકો અને ઘરડા માણસો ભીડામાં દબાઈ મરણ પામવાનો ભય રહે. અમે જે જે વાત કરીએ છીએ તેનો વિચાર દસવીસવાર આગળથી કરીએ છીએ તેથી બુઢાં ને બાળ ભીડથી મરતાં નથી. જે સ્થળે અમે સમૈયા અને યજ્ઞો કર્યા હતા ત્યાં ત્યાં ભીડો ઘણો થયો હતો, પણ કોઈ મર્યું નથી. જગતમાં ઘણી જગ્યાએ જનોની ભીડ થાય છે અને તેમાં ઘણાં માણસો મરે છે તેમ અમે સાંભળ્યું છે તથા અમે વનમાં ફરતા હતા હરિદ્વાર કુંભમાં ત્યારે નજરે પણ જોયું છે. આમ છતાં આવી બાબતનો કોઈ અભાવ લેતું નથી. પરંતુ આપણે ત્યાં જો કોઈ મરે તેનો તરત અભાવ લે છે. કોઈ વાતનો જ્યાં નિયમ નથી ત્યાં તેટલો અંધકાર છે.



Final



- **મધ્યરાત્રીએ અચાનક ઊંટ સ્વાર મૂર્તિઓ આપી ગયો**

મંદિરમાં આવી શ્રીહરિ બધી વાતો કરી પોઢવા પધાર્યા. ત્યારે અર્ધી રાતે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, વગેરે આગેવાન સંતો એકાંતમાં શ્રીહરિને મળી પૂછવા લાગ્યા કે હે પ્રભો ! પ્રતિષ્ઠાનો દિવસ નજીકમાં આવ્યો અને શ્રીનરનારાયણદેવની મોટી મૂર્તિઓ લેવા સંતો ગયા છે. તેઓ હજી મૂર્તિઓ લઈને આવ્યા નથી. મૂર્તિઓને વિધિ માટે યજ્ઞમંડપમાં વેદિકા ઉપર પધરાવવાનો સમય થઈ ગયો છે. જે મૂર્તિઓ પ્રથમ લાવ્યા છીએ તે નાની છે તો મૂર્તિઓનું શું થશે ? એમ વાતો કરે છે ત્યાં તો બહાર દરવાજે આવીને કોઈકે લાકડી વતી દરવાજો ખખડાવીને સાદ કર્યો કે દરવાજો ઉઘાડજો. ત્યારે દરવાણીએ કહ્યું અત્યારે કોણ આવ્યું હશે તેની તપાસ બરાબર કરી ખાતરી કરી પછી કોઠારી પાસેથી કુંચીઓ લાવીને દરવાજો ઉઘાડ્યો એટલે ઉંટવાળો મંદિરમાં આવીને બોલ્યો કે આ તમારી મૂર્તિઓ ઉતારી અને આ કાગળ વાંચો પછી સંતોએ મૂર્તિઓ ઉતારી લીધી, પછી કાગળ વાંચ્યો તે અંદર લખેલું જે અમાસના દિવસે દિવસ આથમ્યે રબારીના ઊંટ ઉપર મૂર્તિઓ ચઢાવીને ઊંટ રવાના કર્યો છે તે બીજા દિવસ સવારમાં ત્યાં પહોંચશે તે સંભાળી લેજો. પછી શ્રીહરિએ તથા સંતોએ ઊંટવાળાને કહ્યું જે ઊંટને બાંધીને થોડો નાસ્તો કરી આરામ કરો. ત્યારે ઊંટવાળો બોલ્યો જે ના, મારે તો મારાં બીજાં ઊંટ છે ત્યાં જવું છે. એમ કહીને ચાલ્યો, દરવાજા બહાર ગયો, સંતોએ બરાબર ધ્યાન રાખ્યું કે એ ક્યાં જાય છે, તો તે દરવાજા બહાર થોડે દૂર જઈને અદૃશ્ય થઈ ગયો. આ જાણી બધા આશ્ચર્ય પામ્યા, અને તેથી દરેકે એમ માન્યું જે આ તો શ્રીહરિની ઈચ્છાથી અલૌકિક દૈવી રીતે આ મૂર્તિઓ અહીં આવી છે. પછી શ્રીહરિએ તેજ વખતે મૂર્તિઓ છોડાવીને નિરખીને

તથા મૂર્તિઓ ઉપર ચારે તરફ બરાબર હાથ ફેરવીને જોઈ પછી બોલ્યા કે ચાર સનકાદિકોએ સહિત મૂર્તિઓ સુંદર અને ઉંચાઈમાં પણ બરાબર શોભે તેવી સરસ જોઈતી હતી. તેવીજ આવી છે. એમ મૂર્તિઓનાં ખૂબ વખાણ કર્યા. મૂર્તિઓ જોઈ સંતો તથા સત્સંગીઓ પણ ખૂબ રાજી થયા. પછી શ્વેત વસ્ત્રો, ધરાવરાવ્યાં અને સવારે વૈદિક ક્રિયા કરાવનાર વિપ્રોને બોલાવી વિધિપૂર્વક મૂર્તિઓને ધાન્યાદિ વાસમાં મૂકાવી દીધી.

● **ડુંગરપુરમાં શ્રીહરિએ દિવ્ય દર્શન આપી મૂર્તિઓ બતાવી**

અંગ્રેજ ગવર્નર સર ડનલોપના પુણ્ય પ્રયાશથી રાણી વિકટોરીયાએ યાવત્ચંદ્ર દિવાકરૌ પર્યન્તની જમીનનો બક્ષીસ લેખ કરી આપ્યા બાદ શ્રીજીમહારાજે શિલ્પ શાસ્ત્રના પંડિત જ્યોર્તિધર પૂર્વાશ્રમના ભરતપુર રાજસ્થાનના રાજવી સદ્ગુરુ આનંદાનંદ સ્વામીને મંદિર બાંધવાની સેવા સોંપી. માત્ર બે વર્ષના અલ્પ સમયમાં જ મંદિરનું બાંધકામ પૂર્ણ થતાં આનંદ સ્વામીએ મહારાજને મૂર્તિયો બનાવવા સંદેશો મોકલ્યો ત્યારે શ્રીહરિએ શુધ્ધજ્ઞાનાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી અને સુખાનંદ સ્વામી એમ ત્રણ સંતોને મૂર્તિયોની માહિતી આપીને ડુંગરપુર મોકલ્યા. ત્યાં કેટલાક દિવસમાં શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિ સિવાયની મૂર્તિયો તૈયાર થતાં ઉંટ પર ચડાવીને અમદાવાદ મોકલી આપી. શ્રીનરનારાયણ ભગવાનના સ્વરૂપ શિલ્પીએ અગાઉ ક્યારેય બનાવેલ ન હોવાથી દ્વિધામાં ને દ્વિધામાં વિલંબ થતો રહ્યો. સંતો કામને ઝડપી કરવા વારંવાર ઠપકો આપતા. પરંતુ વિલંબ થયા જ કરે. એવામાં આનંદ સ્વામીએ પત્ર લખીને પાર્ષદને મોકલ્યા, કે હવે મંદિરનું કામ પૂર્ણ થયું છે. શ્રીહરિ મૂર્તિયો પધરાવવા થોડા જ દિવસમાં પધારશે. ૧૮૭૮ ફાગણ સુદિ ત્રીજનું મુહૂર્ત નક્કી કરીને કંકોતરી ગામોગામ પહોંચી ગઈ છે. મુખ્ય સ્વરૂપ શ્રી નરનારાયણની મૂર્તિયો હજી સુધી આવી નથી. અમોને



Final



ખૂબજ ચિંતા થાય છે. ગમે તેમ કરીને પણ મહા વદ-અમાસ સુધીમાં પહોંચી આવે તો જ આબરુ રહે. નહીંતર સંપ્રદાયનું પ્રથમ મંદિર હોય મૂર્તિયો વિના વિરોધીઓ નિંદા કરશે. મહારાજનો ઠપકો સાંભળવો પડશે.

પત્ર વાંચી ત્રણેય સંતો મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા કે હવે તો પ્રભુ શિલ્પીના હાથની વાત નથી. આપ કંઈ દયા કરો તો જ મૂર્તિયો મળી શકે તેમ છે. તે દિવસની રાત્રે શ્રીજીમહારાજે સંતોને દર્શન આપીને કહ્યું કે, પૂર્વ દિશાના અમુક ઝાડને અડીને આવેલ ખેતરના ઈશાન ખૂણામાં મૂર્તિયો જમીનમાં દબાવેલી છે. તે મૂર્તિયો કાઢીને મોકલી આપો. સંતોએ વહેલી સવારે જાગીને શિલ્પીઓને વાત કરી અને શિલ્પીના જ ખેતરમાંથી અતિ મનોહર સુંદર શ્યામ વર્ણના શ્રી નરનારાયણ ભગવાનના સ્વરુપ જમીનમાં ખોદીને બહાર કાઢ્યા. સંતોએ ઉંટ પર ચડાવી બે અલગ અલગ ઉંટ પર કાલે સવાર સુધીમાં પહોંચાડવાની શરત કરી.

બન્ને ઉંટવાળા ડુંગરપુરથી નિકળ્યા. ૧૮૦ કિ.મી. દૂર ઉંટને આવતાં ત્રણ દિવસ તો થાય જ. પરંતુ આ ઉંટવાળા કોઈ આ લોકના ન હતા. દેવ લોકમાંથી આવેલા ઉંટવાળા એક જ રાત્રીમાં વહેલી સવારે હજી મંદિરના દરવાજા ખૂલ્યા નથી તેનાં પહેલાં આવી પહોંચ્યા.

મૂર્તિયોની ચિંતામાં આનંદાનંદ સ્વામીને તો નિંદ્રા આવતી નથી. રાત્રે ઉંટ પર મૂર્તિયો આવેલી જોઈને જાણે દેહમાં જીવ આવ્યો. સાચવીને મૂર્તિયો ઉતારી. ઉંટવાળાને મહેનતાણું આપવા લાગ્યા ત્યારે તેઓએ ના લીધું. અને કહ્યું કે અમારા શેઠે ભાડુ લેવાની ના પાડી છે. થોડીવારમાં તો દરવાજે જતાં જતાં તો ઉંટ અને ઉંટવાળા અદૃશ્ય થઈ ગયા.

- **શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ ખુદ શ્રીકૃષ્ણ ભગવાને બનાવરાવી હતી.**

સવારમાં શ્રીહરિ મૂર્તિયો જોવા પધાર્યા ત્યારે ખૂબજ પ્રસન્ન થયા. બોલ્યા કે આ મૂર્તિયો ભક્તો સાથે વાતો કરે એવી છે. આપણે આ લેખમાં માત્ર નરનારાયણની મૂર્તિયોની વિષે લખવું છે. તો ડુંગરપુરમાં એકાદશીના રાત્રે શ્રીજીમહારાજે દર્શન આપીને જે કહ્યું તે ઈતિહાસ જાણવા જેવો છે. શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયોની કથા એવી છે કે :

એકવાર ભગવાન શ્રીકૃષ્ણ બદ્રિકાશ્રમ પધાર્યા. કઠીન તપસ્યા કરતા નૈષ્ઠિક વ્રતધારી મનુષ્યાવતાર શ્રી નરનારાયણ સ્વરૂપના દર્શન કર્યા. ભરતખંડના ભક્તોના કલ્યાણના માટે જ તપ કરતા બન્ને સ્વરૂપની પૂજા કરી. તે સમયે સંકલ્પ કર્યો કે ભરતખંડમાં ભવ્ય મંદિર બનાવી તેમાં આ બન્ને સ્વરૂપની મૂર્તિયો મારે પધરાવવી છે.

ભગવાન કૃષ્ણ દ્વારિકા આવ્યા. ત્યાં પોતાની દેખરેખ હેઠળ બદરીકાશ્રમની તપો મૂર્તિ શ્રી નરનારાયણ ભગવાનની શ્યામ પથ્થરમાં બે મૂર્તિયો શિલ્પકાર પાસે ઘડતર કરાવી.

ભગવાન શ્રીકૃષ્ણનો અવતારનો સમય મોટા ભાગે અધર્મના સંહારમાં જ પૂર્ણ થતાં મંદિર બનાવવાના સંયોગો થયા નહિ, તેથી ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થવાના સમયે આ સંકલ્પ પૂર્ણ કરવા સુધી આ મૂર્તિયોને સાચવવા રથમાં મુકી મૂર્તિયોના ઘડવૈયા શિલ્પીયોનું નગર ડુંગરપુરમાં મોકલી. એક શિલ્પીને આ મૂર્તિયો સાચવી રાખવા ભલામણ કરી. ઘણા સમય બાદ તે શિલ્પીએ તે મૂર્તિયો કોઈને ન આપતાં તેને લાંબો સમય સાચવવા પોતાના ખેતરમાં સલામત સ્થાને દબાવી દીધી. નિર્દેશ કરેલ જગ્યાએ ખોદવાથી પાંચ હજાર વર્ષનો દીર્ઘ સમય વિત્યો હોવા છતાં સલામત રીતે જમીનમાં સચવાયેલી શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયો મળી.



Final



જેને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે સ્વસાનિધ્યમાં ઘડાવીને તૈયાર કરેલ છે. ભગવાન જેના ઘડવૈયા હોય અને ભગવાન જેને બાથમાં લઈને પધરાવેલ હોય તે મૂર્તિયોની અલૌકિકતા તો અવર્ણનીય હોય. શ્રીહરિએ બાથમાં લઈને પધરાવ્યા પછી યથા સ્થાને (ફેરફાર વિના) અખંડ બિરાજમાન સંપ્રદાયમાં એક માત્ર શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયો અમદાવાદમાં છે.

મૂર્તિયો પધરાવીને ઉંબરા પર બેસી અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન બોલ્યા કે, **અમો શ્રી નરનારાયણની મૂર્તિમાં અખંડ રહીને ભક્તોના મનોરથ પુરા કરીશું.** અમારામાં અને નરનારાયણના સ્વરૂપમાં ભેદ માનશો નહિ. અમારા જ સ્વરૂપ છે. જે ભેદ માનશે તે ગુરુ દ્રોહી - વચન દ્રોહી છે. વચનામૃત અમદાવાદ-૬-૭, જેતલપુર-૫, ગ.પ્ર.૪૮-૭૪, સારંગપુર-૧૬. એટલે તો અમદાવાદ પછીના મંદિરોમાં પણ નરનારાયણના સ્વરૂપ પધરાવ્યાં તેમાં ભૂજ સિવાયના મંદિરોમાં નરનારાયણના નામ બદલીને રણછોડરાય ત્રિકમરાય નવા નામકરણ કર્યા છે. પણ અન્તે તો શ્રી નરનારાયણ ભગવાન જ છે. વળી જૂનાગઢમાં તો મધ્ય મંદિરમાં જ બિરાજમાન છે.

અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયોની કોપી કોઈનાથી આજ સુધી થયેલ નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ, કેમ કે ભગવાન શ્રીકૃષ્ણએ કંડારેલ સ્વરૂપ છે. કેવા સુંદર, મનોહર, નયન રમ્ય, દિવ્ય, અલૌકિક, મનમોહક, શાન્ત, ધૈર્યવાન, પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ અક્ષરધામના અધિપતિનું તપસ્વી સ્વરૂપ, ધર્મ મૂર્તિના નંદન શ્રી નરનારાયણ ભગવાન બિરાજમાન છે. જેને પ્રતિતી થાય તેના ભાગ્યનો કોઈ પાર નથી. શ્રીજીમહારાજ અને શ્રીનરનારાયણમાં જેને ભેદ જણાય તેના દુર્ભાગ્યનો અંત નથી. કેમ કે ધર્મસુતના વચન એજ ધર્મ છે.

● **શુભ મુહૂર્ત :**

સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ના એક બાજુ મંદિરનું બાંધકામ ધમધોકાર ચાલે છે. બીજી બાજુ આનંદ સ્વામીએ ચાર સંતોને નરનારાયણદેવની મૂર્તિઓ લેવા માટે ડુંગરપુર મોકલ્યા, તથા ધર્મ-ભક્તિ અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પણ તૈયાર થવા આવી હતી. કેટલાક સંતોને વડોદરા મોકલ્યા. થોડા સમયમાં સુંદર મૂર્તિઓ તૈયાર થઈને આવી ગઈ. આનંદ સ્વામીએ શહેરના આગેવાન હરિભક્તો સાથે વિચાર કર્યો કે હવે મંદિરનું કામ પૂરું થયું. ઠાકોરજીનાં સિંહાસન પણ તૈયાર થવા આવ્યાં છે. તો પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરીને શ્રીહરિને અહીં બોલાવીએ. આનંદ સ્વામીએ શ્રીહરિને બોલાવવા માટે બે સંતોને ગઢપુર મોકલ્યા અને સમાચાર આપ્યા કે 'હે પ્રભુ ! મંદિર તૈયાર થઈ ગયું છે તો તમે અમદાવાદ પધારો અને મંદિરનું નિરીક્ષણ કરો. અને આજ્ઞા કરો, પ્રતિષ્ઠા ક્યારે કરવી ?' સ્વામિનારાયણ ભગવાને પવિત્ર ભૂદેવ મયારામ ભટ્ટ સામે જોયું - 'ભટ્ટજી ! નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવી છે. સારુ મુહૂર્ત ક્યારે આવે છે ?' ભટ્ટજીએ ટીપણું જોયું અને કહ્યું - 'હે મહારાજ! ફાગણ સુદ ત્રીજ સારામાં સારો દિવસ છે. ફરીથી આવો યોગ ઘણા વર્ષે આવે છે.'

● **શ્રી નરનારાયણાદિક દેવોની પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારી**

પછી આનંદાનંદજી સ્વામીએ તથા શહેરના આગેવાન હરિભક્તોએ મળીને વિચાર કર્યો કે મંદિરનું કામ પુરું થઈ ગયું છે. સિંહાસનો પણ તૈયાર થઈ જવા આવ્યા છે. શ્રીનરનારાયણદેવની મોટી મૂર્તિઓ લેવા સંતો ગયા છે તેઓ પણ થોડા દિવસમાં આવી જશે. માટે હવે આપણે દેવોની પ્રતિષ્ઠા કરવાનું સારું શુભ મુહૂર્ત જોવરાવી શ્રીહરિને તેની ખબર આપવા તથા સાથે સાથે દેવોની પ્રાણપ્રતિષ્ઠા કરવા અમાવાદ પધારવા આમંત્રણ પત્રિકા લખી



Final



મોકલાવીએ. પછી શહેરના સારામાં સારા દૈવજ્ઞો પાસે મંદિરમાં દેવોની પ્રતિષ્ઠાનું સારામાં સારું શુભ મુહૂર્ત જોવરાવી પ્રતિષ્ઠા કરવાનો દિવસ નક્કી કર્યો. પછી શ્રીહરિને પ્રતિષ્ઠાના મુહૂર્તની જાણ કરવા તથા પ્રતિષ્ઠાના કાર્યમાં શ્રીહરિનું માર્ગદર્શન બરાબર મળી રહે જેથી પ્રતિષ્ઠાની વિધિમાં તથા કાર્યમાં જરા પણ ઉણપ ન રહે તે માટે પ્રતિષ્ઠા કરવાના દિવસ કરતાં થોડા દિવસો વહેલા અમદાવાદ પધારવા વિનંતી પૂર્વક આમંત્રણ પત્રિકા લખી અને તેમાં લખ્યું કે પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત વિ.સં. ૧૮૭૮ ના ફાગણ શુદ-૩ ને સોમવાર (તા. ૨૪-૨-૧૮૨૨) ના રોજ ઘણું જ ઉત્તમ છે. ફરી જલદી આવું અતિ ઉત્તમ મુહૂર્ત આવે તેમ જણાતું નથી માટે તે મુહુર્ત નક્કી રાખેલ છે.

● **દેશોદેશ કંકોત્રીઓ મોકલાવી**

ઉપર પ્રમાણેના અભિપ્રાયવાળી પત્રિકા લખી તે પત્રિકા શ્રીહરિને પહોંચાડવા માટે બે સંતોને ગઢપુર મોકલ્યા. સંતોએ ગઢપુર આવી તે પત્ર શ્રીહરિને આપી, દર્શન કરી, કેટલાક સમાચાર મૌખિક પણ કહ્યા. શ્રીહરિએ તે પત્ર સભામાં વંચાવ્યો અને અમદાવાદના મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા કરવાનો તે દિવસ અત્યુત્તમ છે તેમ પોતે પણ નક્કી કર્યું. પછી શ્રીહરિએ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીને બોલાવીને નીચે જણાવેલા દેશોમાં તથા બીજે જ્યાં જ્યાં આપણા સત્સંગીઓ હોય ત્યાં આ પ્રતિષ્ઠાના ઉત્સવ ઉપર શ્રીનગર આવવાની આમંત્રણ પત્રિકા લખી મોકલી આપવા આજ્ઞા કરી.

**દેશોનાં નામ** : મત્સ્યદેશ, માલવ, પંચાળ, કુરુ, કોશલ, કચ્છ, ઝાલાવાડ, હાલાર, મરુદેશ, ગુજરાત, દક્ષિણદેશ, સોરઠદેશ, સુરત, મુંબઈ, બુરાનપુર, કંક-દેશ વગેરે.

પછી શુકાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ઉપર જણાવેલ દેશોનાં ગામોમાં તથા બીજે જ્યાં જ્યાં સત્સંગીઓ હતા તે તે ગામોમાં

નીચે પ્રમાણે કુંકુમ પત્રિકાઓ લખી મોકલાવી આપી.

લિખાવિંત-સ્વામી શ્રીસહજાનંદજી મહારાજના નારાયણ વાંચજો. જત લખવા કારણ જે ગુજરાતના પાટનગર શ્રીનગર (અમદાવાદ)માં પહેલવહેલું આપણા સંપ્રદાયનું ત્રણ શિખરનું સુંદર મોટું મંદિર બંધાવ્યું છે. તેમાં શ્રીનરનારાયણદેવની તથા શ્રીધર્મભક્તિ સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજ નામની અમારી મૂર્તિ તથા શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું શુભ મુહુર્ત વિ. સં. ૧૮૭૮ ના ફાગણ સુદી ત્રીજ ને સોમવારના શુભ દિવસે રાખેલ છે. તો તે શુભ પ્રસંગે અમારા તથા દેવોનાં તથા સંત-હરિભક્તોનાં દર્શન સમાગમ વગેરેનો અલભ્ય લાભ લેવા સર્વે સહકુટુંબ મિત્રમંડળ સહિત શ્રીનગર જરૂર પધારશો. વિશેષમાં આપણા સંપ્રદાયનું સૌ પ્રથમ આ મોટું મંદિર બંધાવ્યું હોઈ તેમાં દેવોની પ્રતિષ્ઠા ખૂબ મોટા સમારોહ અને ધામધૂમથી વેદ વિધિપૂર્વક કરવાની છે. તેથી તે અંગેનો મોટો ઉત્સવ થશે. તેથી આવો અલભ્ય લાભ ફરી મળવાનો દુર્લભ છે. માટે ખાસ આવવાનું રહેશે.

ત્યારબાદ શ્રીહરિએ શિષ્ટાચારનું પાલન કરવા શ્રીનગર જવા માટે શુભ મુહૂર્ત જોવરાવ્યું અને તે પ્રમાણે સંતો, પાર્ષદો, હરિભક્તો સાથે અમદાવાદ જવાની તૈયારી કરવા માંડી.

- **અમદાવાદ શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠામાં સર્વે ધામના દેવો-મુક્તોને સંતો દ્વારા આમંત્રણ મોકલાવ્યું**

શ્રીજીમહારાજે ગઢપુરમાં સંવત ૧૮૭૮ ની સાલમાં મહાસુદ પાંચમનો વસંતોત્સવનો સમૈયો ખૂબ ધામધૂમથી ઉજવ્યો ને ખૂબ રંગે રમ્યા. ને ઉન્મત્ત ગંગામાં ખીજડાના આરે સ્નાન કરવા પધાર્યા. સ્નાન લીલા કરીને પાછા દરબારમાં પધાર્યા. તે સમયે અમદાવાદથી આનંદ સ્વામીનો કાગળ આવ્યો, તે શુકમુનિ પાસે વંચાવ્યો જે, “મંદિર છોવરાવી રહ્યા ને નરનારાયણની મૂર્તિઓ ઓપી રહ્યા છે. સંવત



Final



૧૮૭૮ ના ફાગણ સુદિ ત્રીજનું મુહૂર્ત પધરાવ્યાનું છે.” માટે મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુને મોકલજો. સામાન પણ કરાવવા માંડ્યો છે.” એવી રીતે આનંદાનંદ સ્વામીએ કાગળ લખીને મોકલ્યો. ત્યારે મહારાજ કહે, “તેડાવો સંતને” પછી સંતો મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કાગળની વાત કરીને કહે, “મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીને નિત્યાનંદ સ્વામી ! તમે અમદાવાદ આનંદ સ્વામી પાસે જાઓ.” પછી મહારાજે વસ્ત્ર ઉતારીને સ્નાન કર્યું ને થાળ જમવા બિરાજ્યા. તે જમતા જાય ને અમદાવાદના મંદિરની ભલામણની વાત કરતા જાય. પછી ચળુ કરીને સદ્‌ગુરુને થાળ જમાડ્યો. પછી મહારાજે સદ્‌ગુરુને ગાડી જોડાવી દીધી, તે ચાલ્યા ને મહારાજ પોઢ્યા.

પછી થોડીવાર કેડે જાગીને જળપાન કરીને ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી કાઠીના અસવારને તેડાવ્યા ને દેશ દેશ પ્રત્યે કંકોતરીઓ લખાવીને મોકલાવી. પછી મહારાજે અંગૂઠા પાસેની આંગળીની સાને કરીને સચ્ચિદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે, “તમે અક્ષરધામના મુક્તને ખબર કરો અને ગોલોક ને વૈકુંઠ ત્યાં પણ ખબર કરો. અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, વરુણ, કુબેર, સૂર્ય, ચંદ્ર આદિ નવ ગ્રહને દશ દિગપાળ ને બૃહસ્પતિ આદિ સર્વે ઋષિ, પિતૃ, મનુષ્ય અને ગંગાદિક જે નદીઓ તે સર્વેને તમે ખબર કરો જે, મહારાજ અમદાવાદમાં નરનારાયણની મૂર્તિઓ પધરાવે છે. તે સર્વે આવજો.” પછી મહારાજે શતાનંદ સ્વામીને કહ્યું જે, “તમે શ્વેતદ્વીપમાં ને બદ્રિકાશ્રમમાં જઈને મેરુપર્વત ને હિમાચલ આદિ જે અષ્ટકુલ પર્વત તેમને ખબર કરો જે, મહારાજ અમદાવાદમાં નરનારાયણની મૂર્તિઓ પધરાવે છે. તે તમે સર્વે તમારા કુટુંબ પરિવારને દાસ-દાસીઓ સહિત આવજો.” એમ કહીને મહારાજે બેય સંતોને મોકલ્યા, તે ચૌદ લોક, સાત દ્વીપ ને નવ ખંડ તેમાં સૌને ખબર કરી આવ્યા અને મહારાજ અક્ષર મહોલમાં પધાર્યા ને પોઢ્યા.

પછી દેશદેશના બાઈબાઈ હરિજન વેલ્યું, માફા, પાલખી, મેના, વિમાન, હાથી, ઘોડા ને ઊંટ તેણે કરીને શોભતા, કચ્છ દેશ, હાલાર, સોરઠ, વાળાક ને કાઠિયાવાડ આદિ સર્વ દેશના સંઘ આવવા માંડ્યા તેણે ગામ બહાર ઉતારો કર્યો. પછી કાઠીના અસવાર, પાળા, પરમહંસ, બ્રહ્મચારી ને સંન્યાસી તે સર્વે આવ્યા. અને સાત સ્વર્ગના જે સર્વે દેવ તે મનુષ્યનાં રૂપ ધરીને આવ્યા. પ્રહ્‌લાદ આદિ જે સંત લોકના વાસી, તે પણ સર્વે મનુષ્યનાં રૂપ ધરીને આવ્યા. તળાતળ, મહાતળને પાતાળ તેના રહેવાસી નાગ પણ મનુષ્યનાં રૂપ ધરીને આવ્યા. જેમ સમુદ્રને વિષે નાનો બેટ હોય તેમ ચારેકોર સંઘ ઊતર્યો, તેથી ગઢપુર નાનું દેખાતું હતું.

પછી મહારાજે સવારે વહેલા જાગી, નિત્યવિધિ કરીને થાળ જમી, વાળુ કરીને મુખવાસ લીધો. પછી ભારે રેંટો બાંધી, ખભા પર ભારે શેલું નાખીને, ઉગમણે બાર ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા તે સમે હરિજને પુષ્પના હાર પહેરાવ્યા ને ઢોલ, શરણાઈ ને ત્રાંસાં ઈત્યાદિક વાજાં વાગ્યાં ચખલાદી પલાણ માંડી, સોનેરી મૂઠવાળી તરવાર ને રોઝી ઢાલોની શોભા સહિત કાઠીના અસવાર પણ તૈયાર થઈને આવ્યા ને બખ્તર પહેરી, ઢાલો, તરવારો ને બંદૂકો બાંધીને ને હાથમાં ઝળકી રહેલા ભાલા સહિત પાળા તૈયાર થઈને આવ્યા. મુનિમંડળ, બ્રહ્મચારી ને સંન્યાસી તે પણ તૈયાર થયા ને પછી માણકી ઘોડી ઉપર પલાણ માંડી અને શણગારીને લાવ્યા.

- **ગઢપુરથી શ્રીહરિનું મોટા સંઘ સાથે અમદાવાદ આગમન**

વિ. સ. ૧૮૭૮ ના મહા વદી છઠના દિવસે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે કૌકા ગામ થઈ જેતલપુર પધાર્યા. ડંકા, નિશાન સાથે ગામધણી કાઠિયો, ક્ષત્રિયો વગેરે હરિભક્તો જેટલા હતા તે તમામ પોતપોતાના ઘોડાઓ ઉપર બેસીને આવ્યા હતા. તેમાં દાદા ખાચર,



Final



જીવા ખાચર, સોમલા ખાચર, દાહા ખાચર, અમરા ખાચર, સુરા ખાચર, માણસીયા ખાચર, ડોસા ખાચર, કુંપા ખાચર, કાંધા ખાચર, વાઘા ખાચર, ત્રણ માતરા ધાધલ, રાઠોડ ધાધલ, વસ્તા ખાચર, વેલા ખાચર, ઝીણાભાઈ ભોજાભાઈ, પુંજાભાઈ, અલૈયા ખાચર, જેઠસુર ખાચર, મૂળુ ખાચર, મોકા ખાચર, મૂળુભાઈ વગેરે તથા બોટાદ, નાગડકા, કોટડા, ભેંસજાળના કાઠિયો તથા કાયાભાઈ, રાજાભાઈ, જીવાભાઈ, મેથાણના ક્ષત્રિય ભક્તો પુંજાભાઈ, કાકાભાઈ, તાવી ગામના અદાભાઈ જેઠીભાઈ, ધમડકાના રાયધણજી, અજુજીભાઈ, દેવળીયાના જાલમસિંહજી, જેઠીભાઈ તથા દદુકાના ભક્તો વગેરે હતા. તેઓ સૌ પોતપોતાનાં ઘોડાં લઈને આવ્યા હતા. મચ્છિયાવના રાજા બાપુભાઈ ઘોડા જોડેલો પોતાનો રથ લઈને આવ્યા હતા. ગાંફના રાજા અજુબાઈ સ્વારી લઈને આવ્યા હતા. પીપળીનાં દાદાભાઈ, ધોલેરાના પુંજાભાઈ વગેરે, રોજકાના કાકાભાઈ, ખરડ, ઝીંઝર, વાગડ, કુંડળ, સારંગપુર, બગડ, કારિયાણી, ઝીંઝાવદર, ગોરડકા, ગુંદાળી, કરિયાણા, કંથારીયા, ભાડેર, પંચાળા, માંગરોળ, ગોધાવી, ડાંગરવા, આદિ ગામોના ક્ષત્રિય ભક્તો તથા બીજા ભક્તો પણ શ્રીહરિ સાથે ઘોડાઓ ઉપર બેસીને આવ્યા હતા. બીજા અનેક દેશોના તથા ગામોના ભક્તો પણ જરૂર પૂરતાં માણસો ઘરમાં રાખીને બાઈ-ભાઈઓ સર્વે આવ્યા હતા. જેનો ગણાતાં પાર ન આવે. ગાડાઓ વગેરે વાહનો લઈને પણ આવ્યા હતા. શ્રીહરિ દરેકની બરાબર સંભાળ રાખતા હતા.

- **ગઢપુરથી શ્રીહરિ મોટા સંઘ સાથે અમદાવાદ જતા શ્રીહરિ સાથે નરનારાયણ દેવના દિવ્ય દર્શન સુરબાઈ આદિ ઘણાને થયા.**

એક વખત ગઢપુરમાં ઉગમણા બારના એ ઓરડાની ઓસરીના દક્ષિણ કોરના ખંડમાં મહારાજ બિરાજમાન હતા ને તે સિંહાસન ઉપર

બેઠા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. તે પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે અમદાવાદથી આનંદાનંદ સ્વામીનો પત્ર આવ્યો. તેમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરવાનું લખેલ હતું. પછી ઉત્તમ રાજાને બોલાવીને તથા સદ્‌ગુરુ સહિત મહારાજે કહ્યું, જે સર્વ તૈયાર થયા અને મહારાજ માણકી ઘોડી ઉપર ચડી ગાજતાં–વાજતાં અમદાવાદ પધાર્યા હતા. તે વખતે મનુષ્યને જોવામાં એમ આવ્યું કે, ચતુર્ભુજ મૂર્તિ નરનારાયણ મહારાજને બેય પડખે શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિત ચાલ્યા જાય છે. એવું આઈ સુરબાઈ વગેરે ઘણા માણસોને નજરે દેખાણું તેથી આવો મહારાજનો મહિમા છે, તેમ જાણી ખૂબ આનંદ થયો, એવું ચરિત્ર તે જગ્યાએ કર્યું. *(શ્રીજીમહારાજના ચરિત્રો–ગઢપુરલીલા ચરિત્ર ૮૦)*

● **સરકારની તકેદારી**

ત્યાર પછી શ્રીહરિએ પ્રતિષ્ઠાના કાર્યની તૈયારીમાં મદદ કરવા માટે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને અગાઉથી અમદાવાદ જવાની આજ્ઞા કરી એટલે તેઓ બન્ને સદ્‌ગુરુઓ પોતાના મંડળના સંતોને સાથે લઈને શ્રીનગર જવા મહા માસમાં રવાના થયા. તેઓ ધોળકા થઈને અમદાવાદ નજીક આવ્યા તો ત્યાં અંગ્રેજ સરકારના લશ્કરના આશરે બે હજાર ગારદી રસ્તામાં તંબુ નાખીને પડાવ કરી રહેલા જોયા. આ જોઈ સંતોને આશ્ચર્ય થયું, અંગ્રેજોના સમયમાં પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનના વિરોધીઓનો ઉદ્રવ બિલકુલ મટી ગયો નહોતો. પરંતુ તે ભૂગર્ભમાં ચાલ્યો ગયો હતો. તેની પ્રતીતિ અવાર-નવાર વિરોધના નાના મોટા પ્રસંગો અગાઉ વર્ણવી ગયા અને હવે પછી વર્ણવવામાં આવશે તેના ઉપરથી જણાશે. તેમજ આ પ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાશે અને તે અંગે



Final



હજારો માણસો અમદાવાદમાં એકત્રીત થશે તેથી તેમાં તોફાન થવાની સંભાવના નકારી શકાય નહિ આની તકેદારી તરીકે શહેરના સતાવાળાઓએ સજાગ રહેવું પડે તે માટે ઉપરની વ્યવસ્થા હોઈ શકે તેની પ્રતીતિ આગળ જમાવાશે તેવી પ્રશ્નોતરીથી સંતોને થઈ.

સંતોને દૂરથી આવતા જોઈ તે સંત્રીઓએ સંતોને પૂછ્યું કે સ્વામિનારાયણ આવે છે ? અને તેઓ કેટલે દૂર છે ? તેમની સાથે કેટલા કાઠી છે ? તમે જેવું જાણતા હો તેવું કહો. આ નગરમાં લુચ્ચા અને કૌભાંડી અનેક જનો રહેલા છે. તેઓ અશાંતિના અગ્નિમાં પોતાની ભાખરી શેકી ખાનારા છે. તેમને સ્વામિનારાયણ ઉપર પૂર્ણ દ્વેષ છે. દ્વેષી લોકોએ એવી ગપ આ નગરમાં ચાલવી છે કે આ નગરમાં તેઓ હથિયારધારી કાઠિયોને મોટી સંખ્યામાં લઈને આવે છે. કાઠિયો લૂંટફાટ કરનારા હોય છે તેથી તેઓ અમદાવાદને લૂંટી લેશે. સંભવ છે કે સ્વામિનારાયણ સાથે આવનારા કાઠિયો ધર્મવાળા ને નીતિવાળા હોય. પરંતુ કેટલાય વેશધારી કાઠિયો પણ આ નિમિત્તે ઘૂસી આવે અને તોફાન મચાવે. માટે નગરની રક્ષા કરવા જે સાહેબ રહેલા છે તેમણે ખેડાથી અમને બોલાવ્યા છે. તેથી અમે આવ્યા છીએ. દશ બાર તોપો પણ સાથે લાવ્યા છીએ. માટે સ્વામિનારાયણના આવ્યાની વાત કહો ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સહર્ષ ખુલાસો કર્યો કે, તમે આવ્યા છો તે સારું થયું. તમને જોઈને અમને શાંતિ થઈ. પ્રજામાં સુખ શાંતિ છે અને નીતિથી રાજ્ય ચાલે છે. તેથી પ્રજા સુખી છે. શાંતિમાં આબાદી છે. વિકાસ છે જે કૌભાંડીઓ છે તેઓને શાંતિ ગમતી નથી. અશાંતિમાં તેઓનો રોટલો છે. સ્વામિનારાયણની રીતને વિલાયત સુધીનાં મોટા સાહેબો જાણે છે. સ્વામિનારાયણ હજી ગઢપુરમાં છે. અમને આગળ વ્યવસ્થા માટે મોકલ્યા છે. સ્વામિનારાયણના સેવક જે કાઠી કોળી છે તેમણે અનીતિ માત્ર છોડી દીધી છે. તેઓ કોઈને લૂંટતા નથી.

ચોરી કરતા નથી. જે કાઠી કોળી સ્વામિનારાયણના આશ્રિત નથી તેમની વાત તે જાણે. સ્વામિનારાયણનો આદેશ છે કે ગામોગામના અમારા આશ્રિતોએ સંઘમાં ભેગા ચાલવું. કોઈ અજાણ્યાને પોતાના સંઘમાં ઘુસવા દેવો નહિ. તેનો વિશ્વાસ રાખવો નહિ. સત્સંગીનો વેશ લઈને આવ્યો હોય તો પણ અજાણ્યાને સંઘમાં ઘૂસવા ન દેવો. એટલે સ્વામિનારાયણના સંઘમાં તેમની નીતિને સદાચાર ચૂસ્તપણે પાળનારા આશ્રિતોજ હશે. તેમના તરફથી સરકારને કોઈ બીક રાખવાની જરૂર નથી.

આવો ખુલાસો સાંભળી સંત્રી રાજી થયા અને બોલ્યા કે એક તમારો મતજ સાહેબને રુચે તેવો છે. સાહેબનો જે સાહેબ રહ્યો છે તે સાહેબની રીત મુજબ ચાલે છે. સાહેબની રીત મુજબ ચાલ્યા વિના સાહેબ નથી થવાતું. એ રીતને જ્યાં સુધી શીખતો નથી ત્યાં સુધી સજ્જન કહેવાતો નથી. ભગવાન અને નીતિની એકજ રીત છે. નીતિ ને ધર્મ એક રહેલાં છે. અનીતિ અને અધર્મ એકજ છે.

ઉપર પ્રમાણે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તે લશ્કરના અમલદારો સાથે સમય સૂચકતા વાપરી સમયોચિત વાતચિત કરી તેમને સંતોષ પમાડ્યા ત્યારે લશ્કરનો ઉપરી બોલ્યો કે સાહેબને તો સ્વામિનારાયણના ઉપર ઘણોજ ભાવ છે પણ ઉપરથી પાંખંડીઓએ પ્રજામાં ઘૂસાડેલો ભય દૂર કરવા ને પ્રજાને શાંત પાડવા અમને મોકલ્યા છે. સ્વામિનારાયણ અહીં આવે તેમાં સાહેબ ઘણા રાજી છે. માટે તમો ચિંતા કરશો નહિ. પછી ત્યાંથી સંતો અમદાવાદમાં આવ્યા ને નવાવાસ પાસે સંતોની ધર્મશાળામાં આનંદાનંદજી સ્વામી સાથે ઊતર્યા. પછી શ્રીજીએ કહ્યા પ્રમાણે આનંદસ્વામી સાથે વાતચીત કરી પ્રતિષ્ઠા અંગેના કાર્યની બધીજ તૈયારીઓ કરવા માંડી.



Final



- **શ્રીહરિ ડનલોપ સાહેબને મળ્યાને શાનદાર સવારી સાથે શોભાયાત્રા થઈ**

શ્રીહરિ એકાદશીની રાત્રી જેતલપુરમાં રહી બારસના દિવસે સવારે બધાં સંઘને સાથે લઈને ચાલ્યાં સર્વે વાહનો પણ સાથે ચલાવ્યાં. ને તમામને કાંકરીયા ઉપર વ્યવસ્થિત રીતે મુકામ કરાવી પછી અગાઉ આયોજન કર્યા પ્રમાણે શ્રીહરિ સવારી સાથે રાયપુર દરવાજે આવીને ઊભા રહ્યાં. ત્યાં શહેરના હરિભક્તો તથા આગેવાન નાગરિકો ઢોલ ત્રાંસા, વાજાં, અંગ્રેજી બેન્ડ વાજાં, પડઘમ, વગેરે વાજિંત્રો વગાડતા. સંતો તથા વર્ણી વગેરેને સાથે લઈ મોટું સામૈયું લઈ શ્રીહરિની સન્મુખ આવ્યા અને હારો પહેરાવી દર્શન કર્યા. પછી વાજતે ગાજતે શ્રીહરિની સ્વારી ચાલી પહોર એક દિવસ ચડ્યો હતો. શ્રીજી માણકી ઘોડી ઉપર બિરાજ્યા હતા. ઘોડી સોનેરી સાજથી શણગારી હતી. શ્રીહરિએ સોનેરી કસુંબલ ફેંટો મસ્તકે બાંધ્યો હતો. છોગાની શોભા અનેરી હતી. પાઘમાં મોતીનાં સુંદર તોરા લટકી રહ્યા હતા તે જાણે મોતીનો વરસાદ વરસતો હોય તેમ દેખાતું હતું. સોનાનાં આભૂષણો પણ શોભી રહ્યાં હતા. પુષ્પના હારો પહેર્યા હતા તેથી શ્રીહરિની મૂર્તિ પૂનમના ચંદ્ર જેવી શોભતી હતી. એવી શોભાએ યુક્ત સ્વારી રાજબજારમાં આવી ત્યારે પુરનાં માણસો બજારમાં ઉભા રહી. શ્રીહરિના દર્શન કરવા લાગ્યાં. પૃથ્વીતળથી તે દુકાનો, મકાનો, તેના સર્વ માળો, અગાસીઓ બાઈ-ભાઈથી ભરાઈ ગયાં હતાં. ભાવથી બધાં દર્શન કરતાં હતાં. બજારમાં તમામ દુકાનો ચિત્ર વિચિત્ર રંગથી રંગી તોરણોથી શણગારી હતી. રાજબજારમાં ધૂળ ન ઊડે તેટલા માટે પાણી છંટાવી દીધું હતું. અને બેય તરફ કેળનાં વૃક્ષો રોપી દીધાં હતાં. આવી અનેકવિધ શોભાવાળા શહેરમાં સ્વારી ચાલતી હતી. સ્વારીની આગળ ઘોડા ઉપર ડંકો, નિશાન રહેલાં હતા. તેમની પાછળ વિધવિધના વાજાં વાગતાં હતાં. વાજાંવાળાની પાછળ અપાર હરિભક્તો

ચાલતા હતા. તેમની પાછળ સંતો, વર્ણીઓ ચાલતા હતા. બધા ઊંચે સ્વરે કીર્તનો બોલતા હતા. સંસ્કૃત ભણેલા સંતો વેદસ્તુતિ, ગોપીકાગીત, જુગલગીત, વેણુંગીત, ભ્રમરગીત તથા સ્તુતિના શ્લોકો બોલતા હતા. તેમની પાછળ પાર્ષદો ખભે બંદૂકો રાખીને ચાલતા હતા. તેમની પાછળ કનકની છડીઓ હાથમાં લઈને દસ-બાર ચોપદારો જયજયના પોકારો કરતા હતા. તેમની પછી અશ્વ ઉપર બેસીને શ્રીહરિ ચાલતા હતા. તેમની પાછળ અપાર નર-નારીઓ ચાલ્યાં આવતાં હતા. વાહનો પણ પાછળ આવતાં હતાં. શહેરના માણસો બજારમાં હારો પહેરાવી ફૂલોથી વધાવતા હતા. ગુલાબ પણ ખૂબ ઉડતો હતો.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પધારે છે તેમ સાંભળી શહેરના હાકેમ ડનલોપ સાહેબ ઘોડાગાડીમાં મેડમને સાથે લઈ જાતે ઘોડાગાડી ચલાવતા સામા આવ્યા. રાયપુર દરવાજાથી શ્રીહરિની સ્વારી શહેરમાં આવી બજારમાં શ્રીહરિ અને સાહેબ ભેગા થયા. જમણા હાથ તરફ સાહેબે ગાડી ઊભી રાખી. પ્રથમ હરિભક્તોની રીતભાત જોઈ માણસની જેવી રીત હોય તે જોઈ તેના ઉપરથી તેની પરીક્ષા થાય છે. હજારો માણસો સ્વારીમાં ચાલતાં હતાં છતાં શિસ્તબધ્ધ જોઈ તેઓ પ્રભાવિત થયા. શ્રીહરિને અવ્યવસ્થા અને ગેરશિસ્ત ગમતાં નહિ અને તેમ કરે તેના ઉપર અપ્રસન્નતા દાખવતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આ વિશિષ્ટતા હતી અને છે. હરિભક્તો આવી ગયા પછી સંતના મંડળો આવ્યાં. તેમની અલૌકિક રીત, નેત્ર, શ્રોત, તન, મન, બધું જ નિયમમાં જોઈ સાહેબે મનમાં નિશ્ચય કર્યો કે ખરા મોક્ષના દાતા આ સંત છે. મોક્ષના દાતા મળ્યા વિના કોઈ નિયમમાં વર્તાવી શકતું નથી. એક ઘરના મનુષ્યો પણ સમાન નિયમમાં વર્તાવ કરવામાં અશક્ય હોય છે. જ્યારે અહીં તો અનેક ઘરનાં અને અનેક ગામોનાં મનુષ્યો એક જ નિયમમાં વર્તે છે. તે આશ્ચર્ય છે. સાધુતા રાખી નિયમમાં વર્તાવવા તે કઠિન કામ છે. સરકારના હાથમાં સત્તા છે



Final



તેથી ભયને લીધે રૈયત નિયમમાં વર્તે છે. જે સરકારના નિયમમાં રહે છે તેને રક્ષણ મળે છે. છતાં પ્રજા કેટલી ઉદ્ધત થઈ જાય છે અને સરકારના કાયદાનું ઉલ્લંઘન કરે છે. જેવો ગુનો કરે છે તેવો દંડ થાય છે. આમ સાહેબ મનમાં વિચાર કરે છે ત્યાં સ્વારીમાં પાર્ષદો, ચોપદારો આવ્યા તેમને પણ જોયા. પછી શ્રીહરિ પધાર્યા. તેમને જોઈ સાહેબ પગે લાગ્યા. જ્યારે શ્રીહરિની અને સાહેબની એક નજર થઈ ત્યારે વિવેકના જાણકાર સાહેબ નમસ્કાર કરી બોલ્યા કે હે સ્વામિનારાયણ ! તમે ખુશી છો ને ? આપ મારા આ શહેરમાં પધાર્યા તેથી હું ઘણો ખુશખુશ થયો છું. આ શહેરમાં જે કૌભાંડી છે તેમણે આપ આવવાના છો તેમ સાંભળી તેમનું ચાલ્યું તેટલું કર્યું. આપના અવવાથી તેમને જરા પણ આનંદ નથી. કૌભાંડીઓને વશ કરવા માટે જ અમારું રાજ્ય થયું છે. તે લોકો ગમે તેટલા હશે તોપણ અમને જીતી શકે તેમ નથી. આપનું જે વર્તન છે તે કૌભાંડીને શાંત નથી કરતું. તેમનાથી ચાલે તેટલો વિરોધ કરે છે. પણ તેમનું કાંઈ ચાલતું નથી. આપનું વર્તન શાસ્ત્ર મુજબનું છે. જેનો શાસ્ત્રો નિષેધ કરે છે તેનો તમે નિષેધ કરો છો. તે લોકો જેટલો આપનો નિષેધ કરે છે તેટલો શાસ્ત્રનો નિષેધ થાય છે. વેદ જાણે તો પણ શું ? જે શાસ્ત્ર મુજબ વર્તે છે તેની સહાય શાસ્ત્રો કરે છે. અમારા જેવું કામ હોય તે અવશ્ય કહેજો. તમો જ્યારે અને જે કહેશો ત્યારે તે કામ કરી દઈશ. માટે જરા પણ સંકોચ રાખશો નહિ.

શ્રીહરિએ કહ્યું જે રાજ્યમાં શાંતિ છે તેથી રૈયત સુખી થઈ છે. માટે તમે જેમ રૈયત સુખી થાય તેમ તપાસ કરીને કરતા રહેજો. જેને અનીતિ રુચે છે એવા કૌભાંડી, પ્રપંચી, કુટીલ જનોનાં મૂળ ઉખાડી નાખજો. જે શાહુકાર પ્રજાને નીતિ ગમે છે તે સુખી છે તમારા રાજ્ય પહેલાં રાજકીય અંધાધૂંધી હતી તેથી પ્રજા દુઃખી હતી. અત્યારે જે કુમાર્ગે ચાલે છે તે તેવુ દુઃખ પામે છે. કૌભાંડી રાજાઓ રૈયતને

પીડે છે. કૌભાંડી ગુરુઓ શિષ્યની નારીને ભોગવે છે, તેમાં તેમને કાંઈ શંકા થતી નથી. સત્સંગ કર્યા વિના કલ્યાણ થતું નથી. વારંવાર જન્મમરણ ન થાય, જમપુરી ન મળે, લખચોરાશીમાં ભટકવું ન પડે તેને સત્‌શાસ્ત્રો કલ્યાણ કહે છે. રોગીને ઔષધ પાયા સિવાય અને પથ્ય રાખ્યા સિવાય રોગ મટતો નથી. સત્સંગ અને સદ્‌ગ્રંથોનો માર્ગ છોડી અવળે માર્ગે ચાલે છે તેને સંસૃતિ થાય છે. અને તેમાં જેવો કહ્યો છે તેવો તેનો મોક્ષ થાય છે.

એટલી વાત સાહેબે સાથે કરી શ્રીહરિ સ્વારી સાથે ચાલતા થયા.

- **શ્રીહરિનું અંબાબાએ કરેલું સ્વાગતને રઘુનાથદાસ સંતાઈ ગયો**

શ્રીહરિ સ્વારી સાથે રાજબજારમાં ધીરે ધીરે ચાલ્યા આવતા હતા. અનેક માણસો ફૂલોથી વધાવતા હતા. આસુરી લોકોએ જેટલા ઉપાય કર્યા તે ચાલ્યા નહિ તેથી પસ્તાવો કરવા લાગ્યા અને બોલતા બંધ થઈ ગયા. સત્સંગનો ત્યાગ કરીને વિમુખ થયેલા રઘુનાથદાસને બરાબર ઓળખતા હતા. રામાનંદ સ્વામીના મંદિરમાં તે રહેતો હતો. પ્રભુ જ્યારે તે મંદિર પાસે આવ્યા ત્યારે તે મંદિરનાં બારણાં બંધ કરી અંદર સંતાઈ ગયો જેથી શ્રીહરિનાં દર્શન ન થાય. શ્રીહરિ મંદિરનાં બારણાં પાસે આવી બે ઘડી ઊભા રહ્યાં. વાજાંનો શબ્દ સાંભળી વિમુખને બહુ દુઃખ થયું. તે જાણી શ્રીજી ત્યાંથી ચાલી નીકળ્યા. આગળ બધા નાગરો રહેતા હતા. તેમાંનાં અંબાબાઈના ઘરની પછીતમાં એક બારી હતી. શ્રીહરિ પધારે છે તે જાણીને અંબાબાઈ ત્રણ ચાર ફૂલોના હારો લઈ બારીમાં ઊભાં હતાં. નાગરો પણ રસ્તામાં ઊભા હતા. શ્રીહરિ જ્યારે પાસે આવ્યા ત્યારે પાસે આવી હાર પહેરાવી પ્રભુને પગે લાગ્યા. અંબાબાઈએ પણ હાર પહેરાવ્યા.



Final



- **શ્રીહરિએ નાગર ભક્તોને રઘુનાથદાસથી દૂર રહેવા જણાવ્યું**

પછી નાગરો શ્રીહરિને હાથ જોડીને કહેવા લાગ્યા કે અમારી મતિ બહુ થોડી છે. રઘુનાથદાસે અમને કહ્યું હતું કે આપણે રામાનંદ સ્વામીથી વિમુખ ન થવું, પણ રામાનંદ સ્વામી ગયા પછી સહજાનંદ સ્વામી પોતાનું ભજન કરાવે છે. આત્માનંદ સ્વામીના જેટલા શિષ્ય હતા તે રામાનંદ સ્વામીને તેવા સમર્થ માનતા નહિ. આપણે તે રીતે રામાનંદ સ્વામી જેવા બીજાને માનવા નહિ. સહજાનંદ સ્વામીને માનવાનું જે રામાનંદ સ્વામીએ કહ્યું છે તે તો તેમના શિષ્યોનો નિશ્ચય કેટલો છે તે જોવા માટે કહેલું છે તે વાત હું જાણું છું. માટે આપણે સહજાનંદ સ્વામીનું ભજન ન કરવું. સહજાનંદ સ્વામી તો રોગી છે, તે નભવાના નથી. પોતાનું હિત દૃઢ કરવા તે નવાં નવાં વર્તન કરે છે. સત્સંગમાં હમણાં જ આવ્યા છે તેથી સત્સંગની રીત જરા પણ જાણતા નથી, અને બધા મતથી પોતાના મતને અધિક કરવાનું તાન રાખે છે, પણ તેમ કરતાં બધા મતવાળાઓ સાથે વેર થાય છે. પહેલાં કોઈને પૂછતા નથી અને પછી ઉપાધિ થાય તો સાધુને ભજન કરવાનું સુખ આવે નહિ. આ તો હેતે કરીને તમને આ વાત કરી. પોતાનું માને તેને વાત કહેવી ઠીક છે. ન માને તેને ક્યારેય ન કરવી. એમ અમને રઘુનાથદાસે કેટલીક વાર વાત કહી હતી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે મડદામાં જીવ જાણીને તમે બાઝી રહ્યા છો એમ અમે કહીએ છીએ. સત્સંગને માટે તમે બહુ કર્યું છે તેના ઉપર તમે પાણી ફેરવ્યું. તમારા અપરાધ અમે માફ કરીશું. માટે હજી સમજો તો સારું, પછી તમે જાણો. જે દોષ છે તે કુસંગથી આવે છે. માફ કરવા ઘટે તેટલા દોષ અમે માફ કરીએ છીએ. પરંતુ મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી કુસંગથી અજ્ઞાનરૂપી અંધકારમાં ભટક્યા કરે છે અને ભગવાનથી દૂર દૂર ચાલે છે. પોતાને ચતુર માની જેટલું દુઃખ છે

તેને માથે ઊંચકે છે પણ જ્યારે સત્સંગ કરે ત્યારે કુસંગ ઓળખાય છે "जानत अपने चतुर ही करत नहि सत्संग । सत्संग जब होत है, तब जानत कुसंग ।"

એમ વાત કરી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે માણેક ચોકમાં આવ્યા. દરેક મતના અગણિત માણસો. શ્રીહરિને પુષ્પથી વધાવી ભાવથી દર્શન કરતાં હતાં. જેને જેવો ભાવ તેવા રૂપે તેઓ શ્રીહરિને દેખતા અને તેથી આશ્ચર્ય પામતા.

શ્રીહરિ માણેકચોકથી આગળ ચાલ્યા ત્યાં શેઠ હિમાશાની હવેલી આવી. તેના ગોખમાં તેમનાં ઘરનાં બાઈઓ દર્શન કરવા ઊભાં હતાં. તેમણે શ્રીહરિને સોનાના ફૂલોથી વધાવ્યા.

● **શ્રીહરિ સંઘ સાથે અમદાવાદ પહોંચ્યા**

પછી મહારાજ ઘોડીએ અસવાર થઈને ચાલવા તૈયાર થયાં. તે સમે જય જય કાર શબ્દ થયો ને પુષ્પની વૃષ્ટિ થઈ. મુક્તમંડળ સર્વે આવ્યાં ને નમસ્કાર કરીને હાથ જોડીને ઊભા ત્યારે મહારાજે નેત્રની સાને કરીને કહ્યું, જે, "આગળ ચાલો." આગળ જાતજાતનાં વાજાં વાગી રહ્યાં છે, તે ગુલાલ ઊડી રહ્યો છે, ને કાઠીના ઘોડા હણહણી રહ્યાં છે. ને પાળા બંધૂકના અવાજ કરી રહ્યાં છે, ને મહારાજને માથે સોનાનું ઈંડાવાળું છત્ર બિરાજી રહ્યું છે. તે બેય કોરે ચમર થઈ રહ્યાં છે. એવી શોભા સહિત મહારાજ ચાલ્યા. અને ગામ બહાર આવ્યા. દેશદેશના હરિજનનાં સંઘ સર્વે મહારાજની વાટ જોઈને ઊભા હતા. તેમણે મહારાજનાં દર્શન કર્યું ને પગે લાગીને ચાલ્યા. આમ કાઠીના અસવાર બે હજાર સરબંધી ને સંઘના અગણિત મનુષ્ય સહિત મહારાજ ચાલ્યા ત્યારે રજે કરીને સૂર્ય ઢંકાઈ ગયો. મહારાજને પછવાડે જે ચાલે તેને રજ ન ઊડે તે કીચડ થયો.

એવી રીતે ચાલ્યા તે ગામ ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ઝીંઝર, બળેલ, કોઠ, ધોળકા, વસઈ, જેતલપુર, અસલાલી,



Final



થઈ અમદાવાદ પધાર્યા. *(સદ્‌શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૫૬)*

● **શ્રીહરિએ મંદિરનું બાંધકામ નિહાળ્યું**

ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે નવાવાસની પાસે નવા થયેલા મંદિરના ચોકમાં આવ્યા. અને ઘોડા ઉપરથી ઊતરીને મંદિરનાં ત્રણેય શિખરોનું ચણતર કામ પુરુ થયું હતું અને તેમ પ્લાસ્ટર થતું હતું. તે બરાબર જોયું. ત્રણેય સિંહાસનો પણ તૈયાર થઈ ગયાં હતાં તે પણ જોયાં. કોળીમાં જઈ કોળીનું કામ પણ જોયું મંદિરનું બધું કામ બરાબર જોઈને શ્રીહરિ ખૂબ રાજી થયા ને આનંદ પામ્યા. પછી આનંદાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે મંદિર ઘણું જ સુંદર, સુશોભિત, જેવી અમારી ઈચ્છા હતી તેવું જ બન્યું છે. આ મંદિરનું કામ જેટલાએ કર્યું છે તેમણે કામ કરવામાં કાંઈપણ કસર રાખી નથી. માટે તે કામ કરવામાં જેટલા સાધુ, વર્ણી, પાળા હરિભક્તો છે તેમને અહીં બોલાવો, તે સર્વેને અમે મળીએ, પછી નવરાશ નહિ મળે. તેમ કહીને પોતાના કંઠમાં જેટલા હાર પહેરેલા હતા તે તમામ શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને પહેરાવ્યા. પછી ખૂબ હેતથી સ્વામીને મલ્યા. પછી મંદિરનું કામ કરનાર બધા આવ્યા એટલે આનંદાનંદ સ્વામીએ જેને જેને બતાવ્યા તેને તેને શ્રીહરિ ભાવથી મલ્યા અને હારો પહેરાવ્યા. પછી અંબારામ તથા કુબેર નામના બે કડિયા જે આ કામમાં મુખ્ય હતા ને આ સેવા વારેવારે મળતી નથી તેમ માની ભાવથી રાત દિવસ કામ કરતા હતા તેમને બેયને શ્રીહરિ મળ્યા અને પાઘડીઓ બંધાવી તથા દુપટ્ટા આપ્યા તથા સોનાની બે સેરોની એક એક કંઠી બેયને કંઠમાં પહેરાવી. પછી તે કડિયા પ્રભુને પગે લાગ્યા.

પછી શ્રીહરિ આનંદાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુક મુનિ, વગેરે આગેવાન સંતોને તથા ચાર પાંચ શહેરના આગેવાન હરિભક્તોને

સાથે લઈ જ્યાં શ્રીનરનારાયણ આદિ દેવોની મૂર્તિઓ રાખી હતી. ત્યાં ગયા. બધી મૂર્તિઓ જોઈ પોતે ખૂબ રાજી થયા. મૂર્તિઓ પૂર્વમુખે ઊભી રાખી હતી. મસ્તકે રૂમાલ બાંધ્યા હતા. સફેદ ઝીણાં વસ્ત્રનાં કકડા જનોઈની માફક ખભા ઉપર ધારેલા હતા. શ્રીહરિ મૂર્તિઓનાં વખાણ કરતા હતા.

- **સાહેબે કાંકરિયા જઈને સર્વેના ઉતારાનો બંદોબસ્ત જોયો**

પછી સાહેબ ગાડીમાં બેસી કાંકરીયા તળાવે ઉતારા જોવા તથા બંદોબસ્ત કરવા ગયા. ત્યાં ફરીને દરેક ઉતારા જોયા. જ્યાં જુઓ ત્યાં ગાડીઓ રથ વેગરે વાહનો રહેલાં છે. માણસો કોઈ દેખાતા ન્હોતા (કારણ બધા વરઘોડામાં ગયા હતા). પછી સાહેબ મેડમ પ્રત્યે બોલ્યા કે કૌંભાડી લોકો તપાસ કર્યા વગર કેવું જૂઠું બોલે છે અને ઉત્પાત કરે છે ? પણ શ્રીહરિ ક્ષમા રાખે છે. ક્ષમારૂપી મંત્રથી અધિક બીજો કોઈ મંત્ર નથી. ક્ષમા એ સાધુનું ભૂષણ છે. ક્ષમારૂપી ખડગ જે ધારણ કરે છે તે ધારેલું કામ સુધારી શકે છે. અનંત પ્રકારનાં શાસ્ત્રો છે, તેમાં ક્ષમારૂપી શસ્ત્ર સૌથી મોટું છે. સાચા સાધુનો મુખ્ય ગુણ ક્ષમા છે. ક્ષમા વડે સાચા સંત કહેવાય છે. પૃથ્વી, મીઠો સમુદ્ર, શીતળ પવન, આકાશ, કલ્પતરુ સમાન સાધુનો ગુણ રહેલો છે, શુભગુણ વગર સંત થાય તે નામમાત્રના સંત છે.

- **સાહેબના આમંત્રણથી શ્રીહરિ તેમને મલ્યા. નીતિ ચર્ચા કરી**

મહા વદ ચૌદસના દિવસે એક પહોર દિવસ ચડ્યો ત્યારે સાહેબનો ચોપદાર શ્રીહરિને બોલાવવા આવ્યો. એટલે શ્રીજીએ બધાને તૈયાર થવાની આજ્ઞા કરી. અશ્વો તૈયાર કરી બધા તૈયાર થયા. ત્યારે શ્રીહરિએ અશ્વ ઉપર બેસીને સંઘ સાથે વાજતે ગાજતે પૂરમાં ચાલ્યા. મુક્તમુનિ, બ્રહ્મમુનિ, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, શુકમુનિ વગેરે આગેવાન



Final



સંતોને ગાડીમાં બેસાર્યા. રાયપુર દરવાજે થઈને શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ માણેકચોકમાં આવ્યા. ત્યાં શ્રીજીનાં દર્શન કરવા અપાર માણસો ઊભાં હતાં. તેઓ દર્શન કરી ફૂલોથી વધાવતા હતા. ત્યાંથી ભદ્રમાં આવ્યા. ત્યારે સાહેબ કચેરીના બંગલે હતા. તેઓ શ્રીહરિને આવતા જોઈ સન્મુખ આવ્યા. શ્રીહરિનો હાથ ઝાલી બંગલા તરફ લઈ ચાલ્યા. સાથેના આગેવાન સંતોને તથા શહેરના તથા બહારના આગેવાન થોડા હરિભક્તોને તથા ભગુજી પાર્ષદ આટલાને સાથે લીધા. બીજા બધાને ભદ્રના બગીચામાં બેસાડ્યા. સાહેબ શ્રીહરિને બંગલાના મેડા ઉપર લઈ ગયા. તેમાં ઈન્દ્રભવન જેવી શોભા અને સાહ્યબી હતાં. શ્રીજીને સોનાના સિંહાસન ઉપર બેસાડ્યા. સંતહરિભક્તો પણ ઘટે તેમ બેસાડ્યા. સાહેબ શ્રીહરિ આગળ હાથ જોડીને ઉભા રહ્યા ત્યારે શ્રીહરિએ ખુરશી મંગાવી સાહેબને બેસાડ્યા. મનુષ્ય જેટલા ઊંચા બીલોરી કાચના તકતા ચારેકોર જડેલા હતા. પછી સાહેબ કહે અમે આપને પ્રસન્ન કરવા અહીં બોલાવ્યા છે. આપનાં ચાર વર્તમાનમાંથી બે વર્તમાન અમો પાળીએ છીએ અને પળાવીએ છીએ. ચોરી, અવેરી, કોઈ કરે તેને અમે પકડીએ છીએ. મનુષ્યની હિંસા કરે તે ફાવે તેવો ધનવાન કે પ્રતિષ્ઠિત હોય તોપણ મહોબત રાખ્યા વિના તેને ફાંસીની શિક્ષા કરીએ છીએ. પ્રથમથી ચોર, લુંટારા, કાઠી, કોળી, જત, મીયાણા વગેરે પ્રજાને દુઃખી કરતા તે રાજાને ચોરીના માલમાંથી ચોથો ભાગ આપતા તેથી રાજાઓ કોઈની ફરિયાદ સાંભળતા નહિ. તે બધાને અમો વશ કરીએ છીએ. પ્રથમ અમો પેશ્વાની સહાયતામાં હતા પરંતુ તેણે અમારી સાથે દગો કરાવનો વિચાર કર્યો તે અમારા જાણવામાં આવ્યું. તથા તે પ્રજાની રક્ષા કરતો ન હતો તથા વ્યભિચારી હતો તેથી અમોએ તેને હરાવી કાઢી મૂક્યો.

આપની નીતિ અમને બહુ ગમે છે કારણ આટલા બધા માણસો ભેગા થયા છે પણ જાણે બધા એકજ કુટુંબના સભ્યો હોય તેમ શાંતિથી વર્તે છે. આપ બધાને ઉપદેશ આપી સંપથી જેવી રીતે ભેગા રાખો છે, તેમ અન્ય કોઈ ધન આપવા છતાં પણ ભેગા રાખી શકે નહિ. એ કળા આપ જાણો છો તે અમને શીખવાડો.

શ્રીહરિ કહે અમે કરામતને માનતા નથી પણ ઈશ્વરને માનીએ છીએ. ઈશ્વરમાં તે બધી કરામતો રહેલી છે. માટે તેમને ભજે તેને તેઓ યોગ્યતા પ્રમાણએ દૈવત (શક્તિ) આપે છે. તે સૌના અંતર્યામી છે. બહાર દેખાતા નથી તેજ પોતે મનુષ્યાકૃતિ ધારે છે ત્યારે ઓળખવા કઠણ પડે છે. પણ તેમને ઓળખવાની એક રીત છે. જેમ પિત્તળ કાળું પડી જાય અને સોનું તેજસ્વી દેખાય, તેમ ઈશ્વર હોય તે કોઈ પદાર્થને માટે દીન બને નહિ. તેઓ પદાર્થ માત્રને તુચ્છ દેખે છે, કારણ પદાર્થ માત્ર તેમનાં જ આપેલાં હોય છે. અને પ્રભુની ઈચ્છા હોય ત્યાં સુધી જીવ તે ભોગવે છે તેથી પોતે તો કોઈપણ પદાર્થમાં કે શરીરમાં કે બ્રહ્માંડમાં ક્યાંય પણ ક્યારેય વિષમ દેશકાળમાંય બંધાતા નથી અને પોતે બીજા બંધાયેલા જીવોને છોડાવે છે. બીજા માણસથી એવું થઈ શકતું નથી. પણ પ્રભુ મનુષ્યની રીતે વર્તે છે તેથી તેઓ ઓળખાતા નથી પણ બધો દિવ્યભાવ તેમનામાં રહેલો છે. જેને દેખાડવો ઘટે તેને દેખાડે છે. આસુરી લોકોને દેખાડે તો પણ તેમને સમજાતું નથી. શ્રીકૃષ્ણ ભગવાને એવો દિવ્યભાવ ઘણો દેખાડ્યો છે છતાં અસુરોને ભગવાનને વિષે દિવ્યભાવ ન આવ્યો. આ બાબત શ્રીમદ્ ભાગવતમાં લખેલી છે.

### ● સાહેબે કહેલું સરવરીયા સંબંધી જ્ઞાન

પછી સાહેબ શ્રીહરિને કહેવા લાગ્યા કે અયોધ્યા પાસે સરયુ નદી પાર સાત ગાઉ દૂર બમનીયાહર ગામના અદ્‌ભૂતસિંહ રાજાનું છપૈયા નામનું ગામ છે. ત્યાં આપના પિતાનો વિવાહ થયેલો. તેમને



Final



ત્રણ પુત્રો હતા તેમાં તમે વચેટ પુત્ર છો. ધર્મદેવ આપના પિતાનું નામ છે. અને માતાનું નામ ભક્તિદેવી છે. ઈટારપાંડે સરવરીયા તમે વિપ્ર છો. સરવરીયામાં ત્રણ, તેર, અને સોલ ઘર ઉત્તમ ગણાય છે. તેમાં આપના પિતાનું ઘર તેર ઘરમાં ગણાય છે. તે અતિ ઉત્તમ છે એમ અમે સાંભળ્યું છે. સરવારમાં જે વિપ્રો કંઠી બાંધે છે તેઓની વૃત્તિ ઉત્તમ છે. તેઓ કોઈ જીવહિંસા કરતા નથી. બીજા જે દેવી વગેરે ક્ષુદ્ર દેવોના ઉપાસકો છે તે દેવોનો અભક્ષ્ય પ્રસાદ લેવામાં શંકા રાખતા નથી. કેટલાક શસ્ત્રો બાંધી રાજાના નોકરો થઈને રહે છે. પોતે ખેતી કરતા નથી. ભીખ પણ માગતા નથી. દેશમાં અન્ન વિના દુઃખી થતા હોય તો પરદેશમાં જઈને નોકરી કરે છે. નોકરીમાં તેમને નાનપ મનાતી નથી. ભગવાનના ભક્તને હિંસક દેશ ગમતો નથી. આપ પ્રગટ થયા તેથી તે હિંસક દેશ પણ ઉત્તમ થયો છે અને તીર્થરૂપ બન્યો છે. આપનું જેને જ્ઞાન કે મહિમા છે તે આ વાત સમજે છે તમે કલ્યાણમૂર્તિ છો. આપની સેવા કરે તેને ફરી દુઃખ રહે નહિ. આપના સંતો જેવા પવિત્ર સંતો પણ ક્યાંય નથી. એમ ઘણીક વાત કરી.

પછી સાહેબે શ્રીજીની વિધિપૂર્વક પૂજા કરી, કિંમતી શાલ ઓઢાડી મેવા, મીઠાઈ અર્પણ કર્યા અને પ્રાર્થના કરી કે આપના જેવાનો અપરાધ ક્યારેય ન થાય એવી કૃપા કરજો. ત્યારે શ્રીહરિ કહે નીતિમાં ન વર્તે તેના ઉપર ઈશ્વરનો કોપ થાય છે તેથી તે કોઈનું માનતો નથી અને સત્તાથી ભ્રષ્ટ થાય છે. સાહેબ કહે આપ સાચું કહો છો. એમ કેટલીક ઉપદેશની તથા મહિમાની વાતો કરી.

પછી શ્રીહરિ સાહેબની રજા લઈ ત્યાંથી ઊઠીને ચાલ્યા. બહાર આવી ઘોડે બેસી ચાલ્યાં ત્યાં સુધી સાહેબ શ્રીહરિ સામું જોઈને પાસે ઊભા રહ્યાં. શ્રીહરિ ભદ્રમાંથી બહાર ગયા ત્યારે સાહેબ પોતાના બંગલામાં ગયા. શ્રીહરિ મંદિરમાં આવી સ્નાન કરી રસોઈ તૈયાર

થઈ હતી. એટલે જમ્યા. તે દિવસે લાલદાસ ગોરાની રસોઈ હતી. શ્રીજી જમી રહ્યા પછી લાલદાસે શ્રીહરિની વિવિધ ઉપચારોથી પૂજા કરી ભેટ ધરી મેવા અર્પણ કર્યા. સંતોની પણ પૂજા કરી. સંતોને જમવા બેસાર્યા એટલે સંતો નારાયણધૂન્ય કરવા લાગ્યા. શ્રીહરિએ સંતોને પીરસીને ખૂબ જમાડ્યા. પછી હાથ, પગ ધોઈ દરવાજાના મેડા ઉપર પોઢી ગયા. ત્રીજે પહોરે હંમેશની માફક કાંકરીયા સરોવરે જઈ સભા કરી. અનેક માણસો દર્શને આવતા, ભેટો ધરતા, તે જોઈ વિરોધી લોકો બળી મરતા, પણ તેમનું કાંઈ ચાલતું નહિ. તેથી ચૂપચાપ બેસી રહેતા.

- **હરિભક્તોને ઉતરવા માટે શ્રીહરિએ કાંકરિયા સ્થાન પસંદ કર્યું**

શ્રીહરિ મહાવદી એકાદશીના દિવસે સર્વે સંઘને જેતલપુર રાખી બધા સંઘને માટે શ્રીનગરમાં દરેક રીતે સગવડતાવાળું ઉતારાનું સ્થાન જોઈ નક્કી કરવા પચાસથી સાંઈઠ ઘોડેસ્વારોને તથા પાર્ષદોને સાથે લઈ શ્રીનગર આવવા રવાના થયા. જમાલપુર દરવાજેથી શ્રીહરિએ શહેરમાં પ્રવેશ કર્યો. છડી સ્વારી હતી. શ્રીહરિને મળવા જેતલપુર આવેલા શ્રીનગરના આગેવાન સત્સંગીઓ કુબેરસિંહ ચોપદાર, નથુવિપ્ર, દામોદરભાઈતથા ચોકસી મંડળના હરિભક્તો શ્રીહરિની સાથે હતા. પુરના બીજા ભક્તો સમાચાર મળવાથી શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓએ ગુલાબના તથા ગુલદાવદીના હાર, તોરા, ગુચ્છ, બાજુબંધ વગેરે લાવી શ્રીહરિને ધરાવ્યા. તે વખતે પ્રભુએ સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા. પૂર્ણ ચંદ્ર ઊગ્યો હોય તેમ મુખકમળ શોભી રહ્યું હતું. મંદિરમાંથી કેટલાક સંતો પણ શ્રીજીનાં દર્શન કરવા આવ્યા હતા. શહેરના અનેક માણસોએ દર્શન કર્યા. શ્રીહરિ માંડવીની પોળમાં થઈ ચાલ્યા તે માણેક ચોકથી ઉત્તર દિશામાં દિલ્હી દરવાજે આવ્યા, ત્યાંથી ઉત્તર તરફ સાબરમતી નદીના કિનારે



Final



પાદશાહવાડી (શાહીબાગ)માં આવ્યા. ત્યાં નદી કિનારે એક અનુપમ શાહી મહેલ રહેલો છે. શહેરના કલેકટર ડનલોપ સાહેબ તેમાં રહેતા. મહેલની ચારે બાજુ આંબલીઓ વગેરે ઘણી જાતનાં વૃક્ષોની ઘણી ઘટા હતી. અને બીજા વિલાયતી વૃક્ષોના નાના પ્રકારના છોડ રોપેલા હતા. તેથી તે જગ્યા અત્યંત શોભાયમાન, સુંદર બગીચા જેવી લાગતી હતી. શ્રીહરિને તે જગ્યા ઊતરવા માટે ગમી એટલે ઊતરવા માટે સાહેબની રજા માગી. સાહેબને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો તેથી બગીચાના નુકશાનની પરવા કર્યા વિના ત્યાં ઊતરવાની રજા આપી પછી શ્રીહરિએ તે સ્થળ ચારે તરફ ફરીને જોયું. નદી કિનારો હોવાથી પાણીની તથા છાંયાની સારી સગવડતા જોઈ મન પ્રસન્ન થયું. પરંતુ વિચાર કર્યો કે જગ્યા છે તો સારી, પણ માણસો ઘણાં ઊતરે તેથી વૃક્ષોને નુકશાન થાય તેમ છે. માટે આ જગ્યાએ ઉતારો કરવો વ્યાજબી નથી. કારણ કે સાહેબે તો હેત અને ભાવથી ઊતરવાની રજા આપી પરંતુ સ્થળને જરા પણ નુકસાન થાય તે આપણા માટે શોભાસ્પદ ન ગણાય. માટે તે જગ્યા ન રાખી. મહેલને અડીને એક અંધારી વાડી હતી તે જોઈ. તેમાં સીતાફળનાં ઘણાં વૃક્ષો હતાં તેથી તેને પણ નુકસાન થાય. તેમ જણાવાથી ત્યાં પણ ઊતરવાનો વિચાર બંધ રાખ્યો. પછી કુબેરસિંહે મહેલની ફરતાં જેટલામાં સાહેબે ઊતરવાની રજા આપી હતી તે જગ્યાઓ શ્રીહરિને બતાવી. પણ ત્યાં હરિભક્તોને સુખ થાય તેમ નહિ લાગવાથી ત્યાં ઉતારો કરવાની ના પાડી. પછી બીજી જગ્યાઓ જોતા જોતા મોટેરાના માર્ગે થઈને શહેર તરફ ચાલ્યા. કોટ પાસે આવી કોટની પૂર્વ તરફ ચાલ્યા, તે બીજી જગ્યા જોતા જોતા કાંકરીયા સરોવરે આવ્યા. આ કાંકરિયા સરોવરમાં પવિત્ર, નિર્મળ, કલ્યાણકારી અમૃતતુલ્ય જળ ભરેલું છે. જ્યાં મોટા મોટા મહર્ષીઓ નિવાસ કરીને રહે છે. મોટા મોટા પથ્થરોથી ચારે તરફ બાંધેલું છે. માણસોને હંમેશા સેવવા યોગ્ય તે સરોવરને ચારે

તરફ ફરીને જોઈ ખુબ આનંદ પામી તે સરોવરનાં તથા તેની શોભાનાં વખાણ કરતા ઘોડા ઉપરથી ઊતરી, સંતો-હરિભક્તોને કહેવા લાગ્યા કે હે ભક્તો ! બદરિકાશ્રમમાં જે માનસરોવર છે તે આ શહેરમાં નરનારાયણ ભગવાનનું આગમન થશે તેમ જાણી પ્રથમથી જ બીજા સ્વરૂપે અહીં આવીને રહ્યું છે. આ વાત હું સત્યજ કહું છું. તેમાં જરાપણ ખોટું નથી. આ સરોવરના જળને જે માત્ર નજરે જુએ છે તેનાં સો જન્મમાં પાપો નાશ પામે છે અને અજાણે પણ જો તેના જળનો સ્પર્શ થયો હોય અથવા સ્પર્શ કર્યો હોય તો સ્પર્શ કરનારના ત્રણસો જન્મના પાપો નાશ પામે છે. આ સરોવરમાં સ્નાન કરવાથી હજારો જન્મના પાપો નાશ પામે છે. જે માણસ મહાત્મ્યજ્ઞાનપૂર્વક આ સરોવરને જુએ તો તે સ્વર્ગને પામે છે. તેવીજ રીતે માહાત્મ્યપૂર્વક સ્નાન કરનાર માણસ વૈકુંઠ ધામને પામે છે. મહા પાપી માણસ જો આ સરોવરનું જળ પીવે તો તે મહાપાપથી મુકાઈ જાય છે. હજારો એકાદશી વ્રત તથા હજારો જયંતિ વ્રત, હજારો અશ્વમેઘ યજ્ઞો, સેંકડો વાજપેય યજ્ઞો, સેંકડો શિવરાત્રી વ્રત, હજારો રાજસૂય યજ્ઞો વગેરે આ સરોવરના જળપાન બરાબર (સમાન) થતાં નથી જે માણસ આ સરોવરમાંથી જરા પણ માટી કાઢે તો તે યાવત્ચંદ્રદિવાકર સ્વર્ગમાં વાસ કરે છે. હે ભક્તજનો ! આ સરોવરમાં બ્રહ્માના પુત્ર ચાર સનકાદિકો, નારદાદિક મુનિઓ, નિત્ય સ્નાન કરે છે. હું પણ હંમેશાં આમાં સ્નાન કરું છું. પાર્વતીજી સહિત શિવજી તથા અઠ્યાસી હજાર મુનિઓ પણ અમારી આજ્ઞાથી આ સરોવરના કાંઠે વસી નિત્ય સ્નાન કરે છે. પુષ્કરાદિક તીર્થો, ગંગા આદિ નદીઓ, બ્રહ્માદિક દેવો, નક્ષત્રો, ગ્રહો, તુંબરું આદિક ગંધર્વો, સિદ્ધિઓ, વિદ્યાધરો. નાગો વગેરે આ સરોવરમાં વાસ કરે છે. અને જે માણસનાં અસ્થિ આ સરોવરમાં નાખે છે તો તે માણસ જન્મ-મરણ રહિત થઈને ગોલોકમાં જાય છે. આ સરોવરમાં સ્નાન, દાન, હોમ, જપ, કરે તે મોક્ષને પામે



Final



છે. આ સરોવરમાં જે નિત્ય સ્નાન કરે છે તથા જે માઘ સ્નાન કરે છે તે મોક્ષને પામે છે. આ કાંકરીયું સરોવર તથા નારાયણઘાટ, એ બેય સાક્ષાત્ નરનારાયણનાં દર્શન જેવાં છે. તેથી સર્વ તીર્થોમાં આ ઉત્તમ છે. આ સરોવરના કાંઠે દેવતાઓ પણ મરણને ઈચ્છે છે. આ સરોવરનો જેટલો મહિમા કહું તેટલો ઓછો છે. કારણ અમોએ આ સરોવરમાં સંતો તથા ભક્તો સાથે અનેક વાર જળક્રીયા કરેલી છે.

આ પ્રમાણે કાંકરીયા સરોવરનો ખૂબ મહિમા કહીને પછી ઘોડાને ત્યાં પાણી પાયું. પછી ચારે તરફ ફરીને જગ્યા જોઈ. તલાવથી દક્ષિણ તરફ આંબલીયોનાં તથા આંબા વગેરેનાં અપાર સુંદર વૃક્ષો હતાં. ખેતર એક પણ હતું નહિ. તેમજ બીજી કોઈપણ રીતે સ્થાનને નુકસાન થાય તેમ નથી અને છાયાની તથા પાણીની સગવડ પણ બરાબર છે તેમ માની સંઘ સાથે પોતાનો આ જગ્યાએ ઉતારો રાખવાનો નિશ્ચય કર્યો. ધણિયાતી જગ્યામાં ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો તેવા નીતિશાસ્ત્રના વાક્યનું પાલન કરવા શ્રીહરિએ આ જગ્યા ખોખરા મહેમદાવાદ ગામની હદમાં હોવાથી ખોખરાના મુખીને બોલાવી બધી વિગતવાર વાત સમજાવી. એટલે મુખીએ ત્યાં ઉતારો કરવાની રજા આપી. પછી ઉતારો ત્યાંજ કરવાનો ઠરાવ નક્કી કરી શ્રીહરિ જેતલપુર પધાર્યા.

### ● સલામતીની દૃષ્ટિએ સંઘના ઉતારાની વ્યવસ્થા

શહેરના માણસોના ગયા બાદ શ્રીહરિએ મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું કે હે મુને ! સંઘના આપણા માણસોને ચોરી વગેરેથી કાંઈ નુકશાન ન થાય તે માટે તેની વ્યવસ્થા એમ કરો કે ધનાઢ્ય મોટા માણસોને સંઘની વચમાં ઉતારા કરાવો. અને જે શસ્ત્રધારીઓ હોય તેમને સંઘની ચારે તરફ ફરતા ઉતારા કરાવો, અને તેમને ચેતવણી આપો કે બરાબર સાવધાન રહે. એટલે મહાનુભાવાનંદ સ્વામી તે પ્રમાણે વ્યવસ્થા કરી. આ પ્રતિષ્ઠા ઉત્સવનાં દર્શન કરવા

જેટલા માણસો આવ્યા તે દરેકને કાંકરીયા ઉપર જ ઉતારા કરાવ્યા હતા.

મહા વદી તેરશના દિવસે મંદિરમાં નથુ ભટ્ટે મોતૈયા, જલેબી વગેરે પકવાન્નો તથા અનેક પ્રકારનાં શાકો, અથાણાં વગેરે બનાવરાવી શ્રીહરિને તથા સંતોને જમાડ્યા. શ્રીહરિ જમીને ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી નથુ ભટ્ટે શ્રીહરિની તથા સંતોની પૂજા કરી ભેટ ધરી સેવાનો લાભ લીધો.

પછી એક પહોર દિવસ રહ્યો ત્યારે શ્રીહરિ મંદિરમાંથી સ્વારી સાથે કાંકરીયા આવી સભા કરી. પુરના માણસો તથા બહારગામથી આવેલા માણસો શ્રીહરિને હારો પહેરાવી મેવા, મીઠાઈ તથા ધનની યથાશક્તિ ભેટો મૂકવા લાગ્યા. તે વખતે આનંદ સ્વામીએ શહેરના કારીગર પાસે તૈયાર કરાવેલા નરનારાયણ નામથી અંકિત રેશમી શ્યામ ડગલી તથા સુરવાલ શ્રીહરિએ ધારણ કર્યા હતા. તેથી ગોલોકમાં રહેલી શ્રીકૃષ્ણની શ્યામ મૂર્તિ સમાન અતિ શોભતા હતા. સંતો કીર્તનો ગાતા હતા. પછી શ્રીહરિએ ઉપદેશની તથા ભગવાનના તથા સંતોના મહિમાની વાતો કરી. ત્યાં સંધ્યા આરતીનો વખત થયો એટલે આરતી ધૂન્ય કરી સ્તુતિ કરી. હંમેશા નિયમસર કીર્તનો તથા ભગવદ્ વાર્તા થતા, જેને સાંભળીને માણસોનાં અંતર શુદ્ધ થતા, અને પોતામાં રહેલાં વ્યસનો દુર્ગુણો, વગેરેનો ત્યાગ કરી કેટલાક શ્રીહરિના આશ્રિત બનતા. જે પાપ ચાંદ્રાયણાદિક વ્રતોથી ન બળે તે પાપો આવી ભગવદ્-વાર્તાઓ સાંભળવાથી તથા શ્રીહરિનાં દર્શન માત્રથી બળી જાય છે. તથા બીજા પણ મનોરથો પૂર્ણ થાય છે.

- **કાંકરીયા ઉપર સભા. સરકારે ઠેરઠેર પોલીસ ચોકીયો સ્થાપી**

એમ વાત કરી શ્રીહરિ સંતો સાથે કાંકરીયા સરોવરે પધાર્યા. ત્યાં દક્ષિણબાજુ સભા કરી. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ મંચ રચ્યો



Final



હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બિરાજ્યા. સંત, વર્ણી સંન્યાસી, હરિભક્ત તે સર્વે ચારે બાજુ વ્યવસ્થિત બેઠા, જાણે કમળનું વન ફુલી રહ્યું હોય, તારાના મંડળમાં જેમ પૂર્ણ ચંદ્ર શોભે તેમ શ્રીહરિની મૂર્તિ શોભતી હતી. ભાઈઓ ભાઈઓમાં બેઠા છે. બાઈઓ બાઈઓમાં બેઠી છે. શ્રીનગરમાં જે જે હરિભક્તો છે તે તથા બીજા ધાર્મિક માણસો તથા જે જે બહારથી આવ્યા હતા તે સૌ સભામાં બેઠા છે. ગાડી, ઘોડા, રથ, બળદગાડી, મ્યાના, પાલખી અને વહેલ વગેરે વાહનોમાં બેસી સૌ આવે જાય છે. નજર ન પહોંચે ત્યાં સુધી પુરજનોનું વન છાઈ રહેલું લાગે છે. તે સભામાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે ગવૈયા સંતો વાજિંત્રો વગાડીને હોળીનાં પદો ગાવા લાગ્યા. ત્યાં સંધ્યા સમય થયો એટલે અપાર મશાલો પ્રગટાવી. સંતો ઊભા થઈ આરતી, ધૂન્ય કરી સ્તુતિ બોલ્યા. પછી શ્રીહરિએ શહેરના માણસોને કહ્યું જે તમે બધા શહેરમાં પોતપોતાના ઘેર જાઓ. રસ્તામાં તમે બધા ભેગા થઈ ચાલજો. એકલા કોઈ ચાલશો નહિ પુરપતિ સાહેબે રસ્તામાં રક્ષા માટે અહીંથી તે દરવાજા સુધી ઠેર ઠેર ચોકીઓ રાખી છે એટલે હરકત નથી છતાં પણ ચેતીને ચાલવું સારું.

- **હિમાળાના વાસી નરનારાયણ ઋષિ અહીં આવ્યા છે એટલે ઠંડી તો પડે જ ને ! તેથી સાહેબોએ તંબુઓ મોકલાવ્યા**

ત્યાં શ્રીહરિ પાસે ગાર્ડન સાહેબ તથા દુર્લભ સાહેબ ઘોડા ઉપર બેસીને આવ્યા. શ્રીજીએ તેમનો યોગ્ય સત્કાર કરી યોગ્ય આસને બેસવા કહ્યું, ત્યારે તે બેય સાહેબો ટોપી ઉતારી શ્રીહરિને નમસ્કાર કરી પાસે બેઠા અને બોલ્યા કે હે સ્વામિનારાયણ ! આપ કાંકરીયા પર ખુલ્લી જગ્યામેં ઊતરે હૈં ઔર ઠંડી બહુત પડતી હૈ તો આપકે લીયે તંબુ ભેજવા દે ? ત્યારે શ્રીહરિ બોલ્યા જે આ આંબલીયું છે

તે તંબુ જેવી જ છે. એટલે તંબુની જરૂર નથી. અને હિમાળાની વાસી નરનારાયણ ઋષિ અહીં આવ્યા છે તે હિંમાળો પર્વત સાથે લેતા આવ્યા છે. એટલે ઠંડી તો પડેજને ! (શ્રીજીએ તંબુની ના પાડી હતી તો પણ ઘેર જઈને જરિયાની તંબુ સાહેબે મોકલાવ્યો હતો અને શ્રીજી તેમાં રહ્યા હતા.) પછી ફરી સાહેબો બોલ્યા કે આપના આ પ્રતિષ્ઠાના ઉત્સવ ઉપર લાખો માણસો આવ્યા છે તે તમારાં માણસો કાંકરીયા જાય અને શહેરમાં આવે તે સારું અમે બે દરવાજાઓ રાત ને દિવસ ઉઘાડા રખાવશું. ચોકી પહેરાનો બંદોબસ્ત પણ કર્યો છે, તો પ્રભો ! આ સિવાય પણ અમારા જેવું કામ જ્યારે તમારે પડે ત્યારે અમને જણાવજો. અમારાથી બનશે તેટલું અમે કરીશું. જ્યારે કહો ત્યારે ખબર પડે, કહ્યા વગર ખબર ન પડે. આપને જોઈને ખૂબ ખુશી થાય છે. બુદ્ધિવાળા જનો જોઈને રાજી થાય તેવી તમારી પ્રથા છે. બુદ્ધિ વિનાના જનો આપની પ્રથાની હાંસી કરે છે તેથી તેમનું રૂપ જણાઈ આવે છે. તમારી તથા તમારા અનુયાયિઓની નીતિ-રીતિ સાચી જોઈ અમને બહુ આનંદ થાય છે. આપના દ્વેષી લોકો ઉપરથી ભક્તિ કરે છે, પણ વ્યભિચાર વગેરે. અનીતિમાં વર્તનારા છે. તે લોકોનું વર્તન હાથીના સ્નાન જેવું તથા શેકીને વાવે તે ઊગે નહિ તેવું છે. એમ વાતો કરી ત્યાંથી ઊઠી સંઘને ફરતો એક આંટો મારી તેમની ખબર અંતર પૂછી. ચોકીદારોને બરાબર ચેતવણી આપી ફરી શ્રીજી પાસે આવી કહ્યું જે અમારા યોગ્ય કામ અવશ્ય ફરમાવજો. એટલા માટે આપ જ્યાં સુધી આ શહેરમાં રોકાશો ત્યાં સુધી અમો દરરોજ સવાર-સાંજ બેય વખત આપની પાસે આવીશું. એમ કહીને તેઓ પોતાના બંગલે ગયા. પછી શ્રીહરિ જ્યાં સુધી અમદાવાદમાં રોકાયા ત્યાં સુધી તેઓ દરરોજ બેય વખત શ્રીજી પાસે આવતા અને ખબર અંતર પૂછતા. અને તેવીજ રીતે રોજ એક વખત સંતોની રસોઈ થાય ત્યારે મંદિરમાં આવતા.



Final



## ● કાંકરિયા સરોવરે સભા

કાંકરિયા ઉપર સભામાં ઉપદેશ કાંકરીયા ઉપર શ્રીહરિને રહેવા માટે સુંદર રાજાશાહી જરિયાની તંબુ ઊભો કર્યો હતો તેમાં શ્રીહરિ પોઢી ગયા. અમાસના દિવસે સવારે વહેલા ઉઠી સ્નાનવિધિ વગેરે નિત્યકર્મ કરી, દિવસ ઊગતાં શ્રીહરિ મંચ ઉપર આવીને બિરાજ્યાં. સંતો તથા હરિભક્તો પણ પોતાનું નિત્યકર્મ કરી સભામાં આવી બેઠા. તે દિવસ ઘણીજ ઠંડી (ટાઢ) હતી તેથી શ્રીહરિએ કહ્યું કે હિમાલયના વાસી નરનારાયણ અહીં આવ્યા છે તે હિમાળો સાથે લાવ્યા છે તેથી ઠંડી વધારે જણાય છે. પછી સંતો કીર્તનો ગાવા લાગ્યા. શ્રીજીના દર્શનથી ત્યાં ખૂબ આનંદ થઈ રહ્યો હતો. જેવો આનંદ અક્ષરધામમાં વર્તી રહ્યો છે તેવો આનંદ અહીં શ્રીહરિ જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ વર્તી રહ્યો હતો. જે આનંદ લેવા માટે ચિત્રકેતુ, સ્વયંભુમનું, પ્રિયવ્રત, વગેરે ચક્રવર્તી રાજાઓએ રાજ્ય, ધન, સ્ત્રી, સત્તા ભોગનો ત્યાગ કર્યો છતાં પણ તે આનંદ મલ્યો ન હતો, તે આનંદ આ સમયે સંતો-હરિભક્તોને સહેજે મળતો હતો.

પછી શ્રીહરિએ વાત કરી કે જેને જેટલો પ્રગટ ભગવાનનો નિશ્ચય હોય તેટલો તે વચનમાં વર્તી શકે ભગવાન ચિંતામણિ સમાન છે. તેથી તેમના પ્રત્યે જેવો ભાવ રાખે તેવું ફળ મળે છે. હરિભક્તને દુઃખમાં સહાય કરે તે એકાંતિક ભક્ત કહેવાય. દરેક મોક્ષના સાધનથી પણ તે વાત અધિક છે. જ્ઞાન, ધ્યાન, સમાધિ, વગેરે સાધન કરે પણ હરિભક્તોના દુઃખમાં સહાયરૂપ ન થાય તેને તે વૃથા છે. અમોએ દેશોદેશ શિખરબંધ મંદિરો કરવાનો સંકલ્પ કર્યો છે. માટે અવકાશ મળે તે પ્રમાણએ શ્રધ્ધાથી હરિભક્તોએ સેવા કરવી. તે સાંભળી બધા સત્સંગીઓ પ્રસન્ન થયા અને બોલ્યા કે અમારે તો તન, મન, ધનથી તેવી સેવા મળે. એજ ધ્યાન સમાધિ કે યોગ છે. અન્ન, ધન, વગેરે તમામ આપનું આપેલું અમે ભોગવીએ છીએ. આ

તન પણ તમે આપ્યું છે તે આપને આપવામાં અમને કાંઈ કઠણ નથી. જેને અજ્ઞાનરૂપી દિશાભ્રમ થાય તેને આ વાત ન સમજાય.

● **પ્રતિષ્ઠાવિધિની શરૂઆત**

અમાસની રાત્રે મૂર્તિઓ આવ્યા બાદ શ્રીહરિ તથા સંતો બે ઘડી પોઢી ગયા. ફાગણ સુદી પડવાને દિવસે સવારમાં વહેલા ઊઠી સંતો તથા હરિભક્તો સાથે શ્રીહરિ કાંકરીયા સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. કાંકરિયા ઉપર ઉતારામાં રહેલા ભક્તો પણ તે વખતે ત્યાં સ્નાન કરવા આવ્યા હતા. જે દિવસથી શ્રીહરિએ સંઘ સાથે કાંકરિયા સરોવર પાસે આવીને ઉતારો કર્યો હતો. તે દિવસથી રોજ સવાર સાંજ બે વખત સંતો તથા હરિભક્તો સાથે શ્રીહરિ ઉમંગથી કાંકરીયા સરોવરમાં જ સ્નાન કરતા. સરોવર સાગરની માફક નિર્મળ જળથી ભરેલું હતું. કાંઠાઓ અપાર વૃક્ષો તથા વેલીઓથી તથા નાના પ્રકારના પક્ષીઓના શબ્દોથી શોભતું હતું. તેની શોભાનું વર્ણન થાય તેમ નથી. શ્રીહરિ કાંકરિયા સરોવરમાં તથા સાબરમતી નદીના નારાયણઘાટના આરે તથા બીજા આરાઓએ જઈ સંતો સાથે વારંવાર સ્નાન કરતા. તેમજ શ્રીજીની સાથે ભવબ્રહ્માદિક તથા તેત્રીસ કરોડ દેવતાઓ તથા ઋષિઓ સર્વે અદશ્ય રૂપે આવીને સ્નાન કરતા તેથી કાંકરિયા સરોવર તથા સાબરમતી નદી તથા તેના દરેક ઘાટો સર્વોત્તમ તીર્થ બની ગયાં. તેના મહિમાનું વર્ણન કોઈથી શકે તેમ નથી. જેને શ્રીહરિનો જેટલો મહિમા સમજાયો હોય તેટલો તીર્થનો મહિમા જાણે છે. જેટલા તીર્થ પૃથ્વી ઉપર છે તે તમામ શ્રીહરિનાં ચરણકમળમાં રહેલાં છે. સંતોના ચરણમાં પણ અડસઠ તીર્થો રહેલા છે શ્રીહરિની તથા સાચા સંતની આવી મોટી વાત છે. જેને તેમનો મહિમા નથી તેમને આ સમજાતું નથી. અને જેને તેમનો મહિમા સમજાય છે તે ભવપાર થઈ જાય છે. ભગવાન અને સાચા સંતનો મહિમા મિથ્યા છે તેમ કહેનારા દૈત્ય, અસુર, રાક્ષસ છે. મિથ્યા હરિ અને મિથ્યા સંત ઠેકઠેકાણે



Final



મનોકલ્પિત ઊભા થાય છે. તેનો મહિમા કહેનારાઓ નર્કમાં જાય છે માટે સાચા ખોટાને ઓળખવા ને પછી તેમનો મહિમા કહેવો ને સમજવો.

શ્રીહરિ સરોવરમાં સ્નાન કરી ઉતારા પર આવ્યા. દેવાર્ચન વગેરે પોતાનું નિત્યકર્મ કરી, મંચ ઉપર આવીને બેઠા. ત્યાં સભા ભરાઈ, સંતો પ્રેમસભરથી કીર્તનો ગાવા લાગ્યા. તેથી આખું વન ગાજી ઊઠ્યું. પછી કથાવાર્તા થઈ, ખૂબ આનંદ આનંદ થઈ રહ્યો હતો. જમવાનો સમય થયો એટલે શ્રીહરિ સંતોને સાથે લઈ ઘોડા ઉપર બેસી વાજતે ગાજતે મંદિરમાં આવ્યા. જયાનંદ વર્ણી રોજ શ્રીહરિ માટે સુંદર રસોઈ બનાવતા. થાળ તૈયાર હતો. શ્રીજી સ્નાન કરી એક પીતાંબર પહેરી એક ઓઢી જમવા બેઠા. અનેક પ્રકારનાં પકવાન્નો, શાકો, અથાણાં, રાયતાં વગેરે પીરસ્યાં તે શ્રીહરિ જમ્યા. હાથ મુખ ધોઈ મુખવાસ લીધો. કુબેરસિંહ ચોપદાર તથા શંભુદાસ વગેરે પટેલોની તે દિવસે રસોઈ હતી. તેમણે શ્રીહરિની પૂજા કરી આરતી કરી પગે લાગી ભેટો ધરી. સંતોને જમવા બેસવા કેવળ સ્થંભો રોપી, રંગોળી પૂરી સુંદર બાગ જેવું બનાવ્યું હતું. સંતો જમવા બેઠા, તેમની પૂજા કરી શ્રીહરિએ સંતોને ખૂબ પીરસીને જમાડ્યા.

● **મંદિરમાં પધાર્યા**

પછી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થઈ સંત હરિભક્તો સાથે મંદિરમાં આવ્યા. મંડપમાં જઈ મૂર્તિઓના દર્શન કર્યા. બ્રાહ્મણોનો સત્કાર કરી દરેકને એક એક હાર પહેરાવ્યો રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિ સ્નાન કરી જમવા પધાર્યા. તે દિવસે બધા સોનીભક્તોએ મળીને કેળાં રોટલીની રસોઈ કરાવી હતી તેથી કેળાં રોટલી વગેરે ભાવથી જમ્યા. પછી પાટ ઉપર બિરાજ્યા. ત્યારે પુરુષોત્તમ, હીરાચંદ, વણારસી વગેરેએ શ્રીહરિની પૂજા કરી. સોનાનાં કડાં, તોડા, હારો, કંઠીઓ વગેરે આભૂષણો શ્રીજીને પહેરાવી આરતી કરી. પછી

સંતને પણ પૂજા કરી. શ્રીહરિએ સંતોને પીરસીને ખૂબ જમાડ્યા. પછી શ્રીજી મંદિરમાં જઈને પોઢી ગયા. સાંજે ફરી સભા થઈ. શ્રીહરિ પાટ ઉપર આવીને બિરાજમાન થયા. સંતો તથા સત્સંગીઓ પણ આવીને બેઠા. રોજ અનેક દેવતાઓ ભવબ્રહ્માદિકો તથા જેટલાં ભગવાનનાં ધામો છે તેના અધિપતિઓ વિમાનમાં બેસીને પૂજાપો લઈને આવતા અને શ્રીહરિની પૂજા કરતાં. તેથી અપાર આનંદ થઈ રહ્યો હતો. સંધ્યા સમય થયો ત્યારે જેટલા વાળંદ હરિભક્તો હતો. તેઓ મશાલો સળગાવી લાવ્યા. મંદિરમાં તથા મંડપમાં જેટલાં કાચનાં ઝુમરો તથા હાંડીઓ બાંધી હતી. તે સર્વમાં દીવાઓ પ્રગટાવી દીધા. તેથી મંદિર તથા મંડપ અપાર શોભવા લાગ્યા. તે વડે યજ્ઞમંડપમાં વિપ્રો ખૂબ ભાવથી ઊંચા સ્વરે પ્રતિષ્ઠાના મંત્રો બોલવા લાગ્યા. પછી સંધ્યા આરતી તથા નારાયણધૂન્ય કરી રહ્યા. પછી સંતો કીર્તન બોલવા લાગ્યા. એમ આનંદ ઉત્સવ કરતાં એક પ્રહર રાત્રી વીતી ગઈ ત્યારે શ્રીહરિએ સભા વિસર્જન કરી.

- **ટોરડાના ગૌરીશંકર ધન પાઠી અમદાવાદ પ્રતિષ્ઠાના યજ્ઞમાં વરૂણીમાં રહ્યા હતા.**

એક સમયે બરોલી ગામમાં ગરીબ બ્રાહ્મણ ગૌરીશંકર રહેતો હતો, તે જન્મથી મૂંગો હતો ને મેડેથી પડવાથી તેનાં સર્વ અંગ ભાંગી ગયાં હતાં, તેથી બીજા બ્રાહ્મણો ટોડલા ગામે ખુશાલ ભટ્ટ પાસે લાવ્યા. ખુશાલ ભટ્ટના આશીર્વાદથી તે છોકરાને સર્વ અંગે સારું થયું ને વેદ વિદ્યા વગર ભણે આવડી. પછી તે છોકરો બ્રાહ્મણો સાથે પોતાને ગામ ગયો અને તે, ઈડર, અમદાવાદ વગેરે ઘણે ઠેકાણે ચાલીને જતો. ત્યાં સારા ગૃહસ્થને ઘેર વેદના મંત્રો બોલતો, તથા પુષ્કળ ભોજન અને દક્ષિણા મળતી. પછી બ્રાહ્મણોને ત્યાં યજુર્વેદના ચાળીસે અધ્યાય સ્વરે સહિત શુધ્ધ ઉચ્ચાર વડે મુખપાઠ બોલી જવાથી વિદ્વાન બ્રાહ્મણોની સભામાં પણ એનું ઘણું સન્માન અને પ્રતિષ્ઠા જામી, તેથી



Final



જ્યાં યજ્ઞ યાગાદિક થાય ત્યાં એને નિમંત્રણ થતું અને એનું નામ "ગૌરીશંકર ધનપાઠી" પ્રસિદ્ધ થયું. એ ગૌરીશંકર ધનપાઠી, સંવત ૧૮૭૮ ના ફાગણ માસમાં શ્રીજીમહારાજે પોતે અમદાવાદમાં પ્રથમ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારે વરૂણીમાં પણ હતા. તેમને જોઈ શ્રીજીમહારાજે તે મંડપમાં બેઠેલા સર્વને કહ્યું જે મોટા પુરુષ તો જડને ચૈતન્ય કરે અને પશુને દેવ કરે છે, તે જુઓ આ બેઠા. ત્યારે ગૌરીશંકર ઉઠીને સાષ્ટાંગ નમસ્કાર કરી હાથ જોડી બોલ્યા : હે મહારાજ, આ ગોપાળાનંદ સ્વામી પોતે પૂર્વાશ્રમમાં હતા ત્યારે હું આ દેહે જમપુરી જેવું દુઃખ ભોગવતો હતો તેમાંથી મને મુક્ત કર્યો છે અને તમારા ચરણકમળનો આશ્રિત કર્યો છે, માટે હું એમને મોટા પુરુષ જાણું છું અને આપને સર્વોપરિ ભગવાન સમજું છું. તે સાંભળી શ્રીજીમહારાજ મંદમંદ હસ્યા.

- **ત્રણે સિંહાસનોના ઉપર શ્રીહરિએ બેસીને જોયું**

પછી શ્રીહરિ આગેવાન સંતો તથા હરિભક્તોને સાથે લઈ મંદિરની કોળીમાં આવ્યા અને તેમને બધાને કહ્યું કે ત્રણેય સિંહાસનો તૈયાર થયાં છે પણ તે બરાબર છે કે કાંઈ ફેરફાર કરવાની જરૂર છે તે આપણે જોઈ લઈએ. પ્રથમ હું વારાફરતી ત્રણેય સિંહાસનોમાં બેસું અને તમો બધા બરાબર જુઓ એટલે ખબર પડે પછી શ્રીહરિ તે ત્રણેય સિંહાસનોમાં ક્રમ પ્રમાણે બેઠા. બધાએ બરાબર નિરખીને દર્શન કર્યા અને જોયું પછી શ્રીહરિ બહાર આવ્યા ત્યારે તે દરેકે કહ્યું જે પ્રભુ ! સિંહાસનોની ઉંચાઈ પહોળાઈ વગેરે બધું જ બરાબર છે. પછી શ્રીહરિ મંદિરના દરવાજાના મેડા ઉપર જઈને પોઢી ગયા.

- **શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં ઘાલીને શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી**

પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીને શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાનો સામાન કરવા મોકલતાં હતા અને શ્રીનગરમાં

નરનારાયણદેવની પ્રતિષ્ઠા ફાગણ સુદી-૩ ત્રીજની છે. તે પર સર્વે આવજો. તેથી કુમકુમ પત્રિકાઓ લખીને સર્વ દેશમાં મોકલતા હતા. પછી પ્રભુ પોતે નરનારાયણદેવ પધરાવવા માટે સંત, પાર્ષદો, દાદા ખાચર, સુરો ખાચર, આદિ સહિત ધોળકા, જેતલપુર થઈને અમદાવાદ પધાર્યા અને મંદિરમાં આવીને શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ જોઈને બહુ રાજી થયા. પછી કાંકરિયા તળાવે ઉતારો કર્યો અને સંઘ સર્વે આંબલીઓમાં ઉતર્યા. પછી પણ બીજા દિવસે દુર્લભ સાહેબ તથા એરણ સાહેબ આવીને ટોપી ઉતારીને પગે લાગીને દર્શન કરીને બહુ ખુશી થયા. અને કહે, "તમો અમારે બંગલે પધારો" પછી શ્રીજી સાહેબને બંગલે પધાર્યા અને સાહેબે બહુ સનમાન કર્યું. પછી ઉતારે આવ્યા પછી. શિવરાત્રીના દિવસે સર્વ વેદના ભણેલા બ્રાહ્મણો વરુણી કરીને હોમ ચાલુ કર્યો. તે પાંચ દિવસ હોમ કરીને સંવત ૧૮૭૮ ના ફાગણ સુદી-૩ ના દિવસે રવિવાર દોઢ પહોર દિવસ ચડતે શ્રીજી નરનારાયણદેવને મળીને વિધિ સહિત પોતે પધરાવતા હતા. અને પોતે આરતી ઉતારતા હતા. *(સ્વામિનારાયણ સંહિતા ૭૩ અધ્યાય)*

- **શ્રી નરનારાયણદેવ મંદિરની વિશેષતાઓ**
- ભગવાન શ્રીહરિએ પોતે અક્ષરધામમાંથી આ ભરતખંડમાં આવીને, જીવોના કલ્યાણને અર્થે ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા અને તે સંકલ્પની પૂર્તિને અર્થે તેમણે સૌથી પ્રથમ અમદાવાદને પસંદ કર્યું. માટે સર્વે તીર્થોમાં તે સર્વોત્તમ છે. ભગવાને જેને સૌથી પ્રથમ નંબર આપ્યો હોય તેમાં આપણે કહેવાનું શું હોય!
- શ્રી નરનારાયણદેવ તો સર્વ મુમુક્ષુઓના ઉત્કર્ષ માટે અખંડ તપશ્ચર્યા કરે છે. આ દેવની સ્થાપના અહીં કરીને અમદાવાદને સંપ્રદાયનું ગાદી પીઠ-સ્થાન બનાવ્યું છે. તેથી આ ગાદી પણ સૌ મુમુક્ષુઓના સર્વે પ્રકારના હિતને વરેલી છે.
- ભારતભરમાં આવેલા અન્ય મંદિરોમાં પધરાવેલા શ્રી



Final

અમદાવાદનો મહિમા

નરનારાયણદેવ અને આ મંદિરમાં પધરાવેલા શ્રી નરનારાયણદેવમાં ફેર છે. કેમ કે શ્રીહરિએ અનેક વખત સ્વયં કહ્યું છે કે આ નરનારાયણદેવ તો અમારું જ સ્વરૂપ છે. તેમાં અને અમારામાં અણુમાત્રનો ફેર નથી. (જે.૫, અમ. ૬)

- સં. ૧૮૭૮ ફાગણ સુદ ૩ના દિવસે જ્યારે શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે ઉંબરા ઉપર બેસીને શ્રીજીમહારાજે દેવને પ્રાર્થના કરી છે કે હે મહારાજ ! જે કોઈ મુમુક્ષુ આ મંદિરમાં આવી આપનાં દર્શન કરે તેના સર્વે મનોરથ આપ પૂર્ણ કરજ્યો. અને શ્રી નરનારાયણદેવે પ્રત્યક્ષ સ્વરૂપે તથાસ્તુ કહ્યું છે.
- શ્રીજીએ પધરાવેલા સર્વે દેવો સરખા જ છે તેમાં અધિક ન્યૂન ભાવ નથી જ. તેમ છતાં પણ સંપ્રદાયના વચનામૃત જેવા શાસ્ત્રમાં માત્ર શ્રી નરનારાયણદેવ પધરાવ્યાનો ઉલ્લેખ કર્યો છે. (ગ.મ. ૨૨) તે સૂચક છે કે શ્રીજીમહારાજને શ્રી નરનારાયણદેવ પ્રત્યે અધિક રૂચિ હતી.
- શ્રીજીમહારાજનો પોતાનો સ્વભાવ પણ તપ-ત્યાગમાં રૂચિવાળો હતો અને તેમને નિષ્કામ વ્રત અતિપ્રિય હતું. તેથી બ્રહ્મચારી અને તપસ્વી એવા શ્રી નરનારાયણદેવની સૌ પ્રથમ પ્રતિષ્ઠા કરી છે.
- શ્રીજીએ સંપ્રદાયના વહીવટ માટે બે ગાદીનું સ્થાપન કર્યું. એક અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ અને બીજી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ. બંને ઉપર પોતાના દત્તપુત્રોને સર્વેના ગુરુપણાને વિશે સ્થાપન કર્યા અને તેમાં પણ શ્રી નરનારાયણદેવની ગાદી ઉપર પોતાના મોટાભાઈ રામપ્રતાજીના દીકરા અયોધ્યાપ્રસાદજીને આચાર્યપદે સ્થાપન કર્યા. તે પણ સૂચક છે. મોટાને મોટી ગાદી જ અપાય ને!

- સત્સંગીમાત્રે સેવા પૂજામાં શ્રી નરનારાયણદેવની પ્રતિમાં સેવા-પૂજામાં રાખવી એવી શ્રીહરિની આજ્ઞા છે. (ગ.પ્ર. ૪૮.)
- અત્રે પધરાવેલા શ્રી નરનારાયણદેવનો સર્વે હરિભક્ત માત્રને ઉપદેશ છે કે :
  - — હું જેમ સર્વેના કલ્યાણ માટે તપ કરું છું. તેમ તમે પણ સર્વેનું કલ્યાણ થાય તેમજ વર્તજો.
  - — હું જેમ અખંડ બ્રહ્મચર્યવ્રતને ધારી રહ્યો છું તેમ તમે પણ ધર્મના પાયા નિષ્કામવ્રતને મુખ્યપણે રાખજો.
  - — શ્રીહરિએ સત્સંગમાં આવવા માટે જેમ મને નિમિત્ત બનાવ્યો તેમ અક્ષરધામમમાં જવા માટે તમે પણ મને ભજો.
  - — સંપ્રદાયની બે ગાદીમાંથી મોટાભાઈને જેમ અહીં પ્રસ્થાપિત કર્યા તેમ તમે સર્વે પણ મોટાભાઈ જેવું ઉદાર અને સહિષ્ણુતા ભર્યુ વલણ સત્સંગમાં રાખજો.
  - — અક્ષરધામની પ્રાપ્તિને અર્થે તમે મારી જેમ જપ, તપ, વ્રતને મુખ્યપણે સ્વીકારો.
- વિશ્વભરમાં આ એક જ એવું હિન્દુ મંદિર છે કે જેને માટે અંગ્રેજ શાસનકર્તાઓએ મંદિર અંગેની જમીન બક્ષિસ આપી હોય.
- અત્યારે વર્તમાનકાળે પ્રાતઃ સ્મરણીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ચૂડામણિ ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવની ગાદીના પીઠાધિપતિ છે. તેઓના માર્ગદર્શન હેઠળ આ મંદિર અનેક ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. જેમાં મુખ્યત્વે બાળસંસ્કાર સિંચન માટેની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આર્ટસ્ અને કોમર્સ કોલેજો વગેરેનો સમાવેશ થાય છે. વિપ્રોના બાળકો માટે ખાસ સંસ્કૃત



Final



પાઠાશાળાઓ પણ ચાલે છે. આ ઉપરાંત ઔષધાલય, ગૌશાળા, અન્નક્ષેત્ર, સાહિત્ય પ્રકાશન જેવી ઘણી પ્રવૃત્તિઓ મંદિર ચલાવે છે. માસિક ધોરણે સામયિકો નિયમિત રૂપે બહાર પાડવામાં આવે છે. અનુકૂળતા પ્રમાણે પૂર, સંકટ, રેલ સંકટ, ભૂકંપ સંકટ કે અન્ય મોટી હોનારતો વખતે તન, મન, ધનથી સમાજને મદદ કરાય છે. વિદ્યાર્થીઓ માટે રાહત દરની નોટબુકો વગેરેનું પણ વિતરણ કરાય છે. અઠવાડિક ધોરણે સત્સંગ સભાના આયોજનો થાય છે. જેમાં સંતો વ્યસન-મુક્તિ, રક્તદાન જેવા કાર્યક્રમોને પ્રાધાન્ય આપે છે. જુદી જુદી કક્ષાનું સાહિત્ય પ્રકાશન પણ મંદિર તરફથી અવારનવાર કરવામાં આવે છે. બાળયુવક મંડળો, શ્રી નરનારાયણદેવ યુવક મંડળો, મહિલા મંડળો ઈત્યાદિક પણ ચાલે છે. ટુંકમાં દરેકને માટે દરેક પ્રવૃત્તિનું આ કેન્દ્ર છે. અમદાવાદમાં કુલ ચાર શિખરબંધ મંદિરો અને લગભગ ૪૦ હરિમંદિરો છે. અમદાવાદ દેશમાં શ્રી નરનારાયણદેવના તાબાના લગભગ ૧૦૦૦ હરિમંદિરો અને ૪૦ શિખરબંધ મંદિરો છે. વિદેશોમાં પણ લગભગ ૩૦ મંદિરો છે. આ સર્વેનો વહીવટ પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સીધી દેખરેખ હેઠળ થાય છે.

- વાર તહેવારે યથાયોગ્ય સમય પ્રમાણે મંદિરમાં સાંપ્રદાયિક ઉત્સવો ઉજવાય છે. અહીંનું ઓચ્છવીયા મંડળ સંપ્રદાયમાં સ્થપાયેલું સૌ પ્રથમ ઓચ્છવ મંડળ છે.
- નાત, જાતના ભેદભાવ સિવાય મંદિરના દ્વાર દર્શન કરવા માટે સૌ મુમુક્ષુઓ માટે ખુલ્લાં છે. હરિભક્તો માટે ઉતારાની સગવડ છે. કોઈ પણ જાતના પંક્તિભેદ સિવાય જનતા જનાર્દન માટે મંદિરનું રસોડું ખુલ્લું હોય છે.

- શાસ્ત્રો પ્રમાણે આ મંદિરમાં દર પૂનમે નિયમિત દર્શન કરવાથી હિમાલયમાં આવેલા શ્રી નરનારાયણદેવના દર્શન કરવાનું પુણ્ય નિશ્ચય મળે જ છે.
- સ્વયં ભગવાન શ્રીહરિએ ઉપયોગમાં લીધેલી ઘણી પ્રસાદીની ચીજ-વસ્તુઓ, તેઓશ્રીના ચરણારવિંદની છાપો વગેરે યોગ્ય રીતે સંગ્રહીત કરીને હરિભક્તોના દર્શન માટે મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.
- **શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાવિધિ વખતે હજારો હરિજનોને સમાધિ થઈ હતી**

શ્રીહરિ ફાગણ સુદ ત્રીજના સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરી અને વસ્ત્ર પહેર્યા ઘોડીએ અસવાર થઈને, કાઠી પાળા, સંત, સંન્યાસી, બ્રહ્મચારી, હરિજન અને અક્ષરધામ, શ્વેતદ્વીપ તે બદરિકાશ્રમના મુક્ત સહિત મહારાજ શહેરમાં પધાર્યા ને મંદિરમાં આવ્યા. પછી બહુ ભીડ થઈ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘દરવાજા અટકાવો.’’ પછી નરનારાયણની મૂર્તિઓને મહારાજ મળ્યા અને મૂર્તિઓ ઉપાડીને મંદિરમાં લઈ ગયા. પછી પ્રાણ પ્રતિષ્ઠા કરીને સિંહાસન ઉપર બેસાડી ને મહારાજ પાસે ઉભા છે, જયજયકાર થઈ રહ્યો છે, ને બ્રાહ્મણ વેદનો ધ્વનિ કરી રહ્યાં છે, ને અક્ષરધામના મુક્તો પણ જયજયકાર કરી રહ્યા છે. તે સમે હજારો હરિજનોને સમાધિયો થઈ. પછી મહારાજ સન્મુખ જઈને ઉભા ને કહે, ‘હવે મૂર્તિઓ સ્થાપન કરો.’’ પછી સ્થાપન કરી. ને મહારાજે મૂર્તિયોને શરીરે હાથ ફેરવ્યો ને કહ્યું જે, ‘‘વસ્ત્ર પહેરાવો.’’

પછી હરિજન મહારાજને ઘરેણાં આપતા જાય ને મહારાજ બ્રહ્મચારીને આપે. નરનારાયણને પહેરાવવા હરિજન જે પોશાક મહારજને આપે તે મહારાજ પૂજારીને આપે. પછી વસ્ત્ર-ઘરેણાં પહેરાવી રહ્યા ત્યારે મહારાજે પુષ્પના હાર પહેરાવ્યા, ચંદનની અરચા



Final



કરીને કુંકુમનો ચાંદલો કર્યો. ને નરનારાયણની મૂર્તિમાંથી તેજનાં કિરણો વછૂટવા માંડ્યા. મહારાજ મંદિરના ઉંબરા ઉપર ઊભા રહ્યા ને નરનારાયણની મૂર્તિની સન્મુખ જોઈ રહ્યા. પછી આરતી ઉતરાવી ને નાના પ્રકારનાં વાજાં વાગ્યાં, નોબત ગડગડી રહી છે ને હરિજન ભેટ મેલવા માંડ્યા. અને મહારાજ કહે, ‘‘આડી વળીઓ બંધાવો.’’ પછી હરિજનો સેલાં, પાઘડીઓ વગેરે નાના પ્રકારનાં પોશાક અને વેઢ, વીંટીઓ, તોડા, પોંચીઓ, ઊતરી, રૂપિયા ને સોનામહોર તે ઠાકોર આગળ ભેટ મેલી.

- **શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા પછી દેવને થાળ ધરાવ્યો ને શ્રીહરિ સભામંડપમાં થાળ જમ્યા.**

એવી રીતે ઠાકોરજીની પૂજા કરીને મહારાજ સભામંડપમાં સભા કરીને બિરાજ્યા. પછી નરનારાયણ આગળ થાળ આવ્યો, તે જમી રહ્યા ને આરતી થઈ. ચોખડિયાં, નોબત, ત્રાંસા, ઢોલ, શરણાઈને દુંદુભી વાજાં તે સર્વે વાગ્યાં. મહારાજ સભામંડપમાં બિરાજ્યા ત્યાં ઠાકોરજીનો થાળ લાવ્યા. દૂધમાં કરેલી સામગ્રી જમવા બિરાજ્યા તે જમતા જાય ને ભોજન વખાણતા જાય. પછી જમીને ચળું કરી, મુખવાસ લીધો ને સંતોને પીરસવા તૈયાર થયા. સંતની પંક્તિ પણ જ્યાં મહારાજ બેઠા હતા તે ઠેકાણે થઈ. પછી જલેબી પીરસવા માંડી. તે પીરસતા જાય ને તાણ કરતા જાય. અને મહારાજની કેડે નાના પ્રકારનાં વ્યંજન, સંતો પીરસતા જાય. મહારાજ તાણ કરી કરીને પરાણે પીરસતા જાય, તે ત્રણ રસોઈની જલેબી એક દિવસમાં જ જમાડી. પછી મૂળજી બ્રહ્મચારીને જેરામ બ્રહ્મચારી દૂધ, ભાત ને સાકર પીરસવા લાગ્યા ને મહારાજના હાથ ધોવરાવ્યા. પછી ઘોડીએ અસવાર થઈને કાંકરિયે પધાર્યા. સંત, કાઠીને પાળા તે પણ મહારાજના ભેગા ઉતારે આવ્યા. *(સદ.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૫૭)*

**● મૂર્તિને વાઘા ધરાવ્યા**

પછી હરિજન મહારાજને ઘરેણાં આપતા જાય ને મહારાજ બ્રહ્મચારીને આપે. નરનારાયણને પહેરાવા હરિજન જે પોષાક મહારાજને આપે તે મહારાજ પૂજારીને આપે. પછી વસ્ત્ર-ઘરેણાં પહેરાવી રહ્યા ત્યારે મહારાજે પુષ્પના હાર પહેરાવ્યા. ચંદનની ચરચા કરીને કુકુંમનો ચાંદલો કર્યો ને નરનારાયણદની મૂર્તિમાંથી તેજના કિરણો વછૂટવા માંડ્યા. મહારાજ મંદિરના ઉંબરા ઉપર ઊભા રહ્યાને નરનારાયણની મૂર્તિની સન્મુખ જોઈ રહ્યા. પછી આરતી ઉતરાવી ને નાના પ્રકારના વાજાં વાગ્યાં. નોબર ગડગડી રહી છે ને હરિજન ભેટ મેલવા માંડ્યા. અને મહારાજ કહે, "આડી વળીઓ બંધાવો." પછી હરિજને સેલા, પાઘડીઓ વગેરે નાના પ્રકારના પોશાક અને વેઢ, વીંટીઓ, તોડા, પોંચીઓ, ઉતારી, રૂપિયા ને સોનામહોર તે ઠાકોર આગળ ભેટ મેલી.

**● પીઠવડીના ભગા-મૂળાએ કળસની સેવા કરી તથા બોટાદના દાદા ખાચરે ધજાની સેવા કરી**

જ્યારે નરનારાયણ મુનિની મૂર્તિઓના દેરા ઉપર ધજા તથા કળશ પધરાવવાનો સમય થયો ત્યારે મહારાજ બોલ્યા જે, "કળશ કોણ ચડાવે છે ? ને ધજા કોણ ચડાવે છે ? ત્યારે ગામ પીઠવડીના ભગો-મૂળો બોલ્યા જે, 'હે મહારાજ ! કળશ અમે ચડાવશું ને રૂપિયા હજાર આપીએ છીએ." ત્યારે મહારાજે એમને કળશ આપ્યો અને બોટાદના દાહાખાચર બોલ્યા જે, "ધજા અમે ચડાવશું. રૂપિયા સાતસે આપીએ છીએ." ત્યારે મહારાજ કહે, "લિયો" પછી તેમણે ધજા ચડાવી. એવી રીતે ઠાકોરજીની પૂજા કરીને આરતી ઉતારી.

**● આરતી ઉતારવાનો વિધિ શ્રીહરિ સમજાવે છે**

તે સમયે આરતી ઉતારીને શ્રીજી બોલ્યા જે આ પ્રમાણે આરતી ઉતારે તો તે આરતી ભક્તજનોને સુખરૂપ થાય છે.



Final



आदौ यतुष्याद तलेषुदेशे द्विनामिदेशे मुखमंडलैकं ।
सर्वांगदेशे खलु सप्तवारं निराजनं भक्तजनेषु सोख्यम् ॥

પ્રથમ પ્રભુના પગ તળાને વિષે આરતીના ચાર આંટા ઉતારે. પછી બે આંટા નાભી દેશને વિષે ઉતારે અને એક આંટો મુખને વિષે ઉતારે અને સર્વે અંગને વિષે સાત આંટા ઉતારે તે પ્રમાણે આરતી ઉતારે તો ભક્તજનોને વિષે તે આરતી સુખદાઈ થાય છે.

તેવી વિધિથી શ્રીજી આરતી ઉતારીને પછી બે ઘડી પર્યંત એકાગ્ર દષ્ટિએ કરીને શ્રીજી નરનારાયણદેવ સામું જોઈ રહ્યા. પછી અતિ પ્રેમ કરીને દેવને મળીને બોલ્યા જે **અમે સદા આ મૂર્તિઓને વિષે રહીશું. અને આ દેવોમાં અમો રહ્યા થકા ભક્તજનના મનોરથ પૂર્ણ કરશું.** અને આ દેવોના પ્રતાપ દિવસે દિવસે અધિક અધિક વધશે તેમ કહીને સર્વે સંતને પગે લગાડ્યા અને પોતે ઉમરામાં બેસીને થાળ જમ્યા. આ પ્રકારે અતિ આદરે કરીને શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. પછી સર્વે સંતો તથા હરિભક્તોને જમાડતા હતા.

**● મંદિરની ધજા કેવા પ્રકારની હોય તે વિષે શ્રીહરિ કુબેરસિંહજીને જણાવે છે**

પછી સાંજ સમયે સભા કરીને વરૂણમાં જે વિપ્રો વર્યા હતા તેમને ઘણી દક્ષિણાઓ આપતા હતા. તે સમયે કુબેરસિંહજી કહે, "આ ધજા ચડાવવાનું શાસ્ત્રથી છે કે લોકાચારથી છે તે કહો. "ત્યારે શ્રીજી કહે શાસ્ત્રથી છે તે સાંભળો. જેટલું મંદિરનું મકાન દેરું ઉંચું હોય તેટલો લાંબો સીધો છિદ્ર રહિત વાંસ જોઈએ, તેવો ન મળે તો ચાર, આઠ, દસ, સોળ, વીસ, તેટલા હાથ લાંબો હોય, વીસથી અધિક ન જોઈએ, અને પાંચ, સાત, નવ, એમ એકી હાથ ન જોઈએ. અને ચાર આંગળ જાડો અને વાંકો હોય તો પુત્ર નાશ કરે, ક્ષિદ્ર વાળો હોય તો ધન નાશ કરે અને એકી હાથ હોય તો રોગ કરે અને

વીસ હાથથી લાંબો હોય તો સર્વ પ્રકારની હાનિ કરે અને બે હાથનો જયા કહેવાય, ચાર હાથનો જયંત કહેવાય, છ હાથનો જઈત્ર કહેવાય, અને આઠ હાથનો શત્રુહંતા કહેવાય અને દસ હાથનો જયાવહ કહેવાય અને બાર હાથનો નંદ કહેવાય અને ચૌદ હાથનો ઉપનંદ કહેવાય અને સોલ હાથનો ઈન્દ્ર કહેવાય અને અઢાર હાથનો ઉપેન્દ્ર કહેવાય અને વીસ હાથનો આનંદ કહેવાય. તે દશ ભેદ વાંસના છે. તેમાં ધજા દસ પ્રકારની છે. બે આંગળની અંગૂર કહેવાય અને ચાર આંગલની પલ્લવ કહેવાય અને છ આંગળની સ્કંધ કહેવાય અને આઠ આંગળની શાખા કહેવાય અને અગિયાર આંગળની પતાકા કહેવાય અને ચૌદ આંગળની કદળી કહેવાય અને સોળ આંગળની કેતુ કહેવાય અને અઢાર આંગળની લક્ષ્મી કહેવાય અને વીસ આંગળની જય કહેવાય અને ચોવીસ આંગલની ધ્વજ કહેવાય અને પહેલા કળશને અડે તે અંગૂરા કહેવાય અને બીજા કળશને અડે તે પલ્લવ કહેવાય અને મંદિરના અડધા ભાગે અડે તે સ્કંધ કહેવાય અને ભગવાનની ધજામાં ગરૂડજી જોઈએ અને શંકરની ધજામાં વૃષભ જોઈએ. અને બ્રહ્માની ધજામાં પદ્મ જોઈએ, અને સૂર્યની ધજામાં વ્યોમ જોઈએ અને ઈન્દ્રની ધજામાં હાથી જોઈએ અને દુર્ગાની ધજામાં સિંહ જોઈએ, કેમ કે જેનું જે વાહન હોય તે ધજામાં બનાવે અને ધ્વજ દંડ બનાવીને વેદિકા બનાવીને વિધિથી પૂજન કરીને વેદ મંત્રથી મંદિર ઉપર ચડાવે એ પ્રકારે ધ્વજ દંડ ચડાવે તો તેની સંપત્તિ નિત્યે વધતી જાય છે. મંદિર ઉપર ધ્વજ ન હોય તો તે મંદિરમાં અસુર નિવાસ કરે છે. માટે મંદિર ધ્વજ વિના રાખે નહિ. અને તે ધ્વજ પૂર્વ મૂખે રહીને ચડાવે અને ધજા ચડાવવાથી સર્વ મનોરથ સિધ્ધ થાય છે. માટે અમોએ આ મંદિરમાં કોઈ પણ વિધિમાં બાકી રહેવા દીધું નથી. તેથી દિવસે દિવસે સર્વ સુખ-સંપત્તિમાં વૃદ્ધિ પામશે અને સર્વે સુખે ભજન કરશે તે પ્રમાણે કહેતા હતા. અને શ્રીજીમહારાજે અમદાવાદમાં



Final


નરનારાયણદેવના મંદિરમાં પોતે સર્વ વેદ વિધિ પ્રમાણે શાંતિથી પ્રતિષ્ઠા વગેરે કાર્ય કર્યું છે.

પછી કુબેરસિંહજી કહે, હે મહારાજ ! શ્રાવણ સુદ પૂર્ણિમાનું રક્ષાબંધન છે તેનું કારણ શું છે ? તે સુખને માટે હશે એમ જણાય છે.'' ત્યારે શ્રીજી કહે, ''સાંભળો, આગળ દેવો તથા દૈત્યોને બાર વર્ષ યુધ્ધ થયું. તેમાં દેવો હાર્યા અને દૈત્યોએ ત્રિલોકનું રાજ્ય લઈ લીધું. માટે હું ફરીથી યુધ્ધ કરું. ત્યારે ગુરુ કહે, અત્યારે યુધ્ધનો સમય નથી. માટે રહેવા દે. ત્યારે ઈંદ્રાણી બોલી જે આજે શ્રાવણ સુદી-૧૪ છે. તો આજ રહેવા દો અને કાલે હું રક્ષાબંધન બાંધું તેથી તમારો જય થાશે. કેમ કે ઈંદ્રાણી પતિવ્રતા છે. માટે તે કહે તેમ થાય. પછી તે પ્રમાણે રક્ષાબંધન કર્યું અને ઈન્દ્રનો વિજય થયો. તેથી રક્ષાબંધન બળવેને દિવસે થયું તે દિવસથી રક્ષાબંધન પરંપરા ચાલે છે, તેથી બ્રાહ્મણો રક્ષાબંધન બાંધે છે. *(શ્રી સ્વામિનારાયણ સહિંતા ચિંતામણી-૭૩)*

● **પ્રતિષ્ઠોત્તર પ્રસંગો : દેવના દર્શન માટે વ્યવસ્થા**

પછી દેવનાં દર્શન કરવા માટે મંદિરમાં ઘણી જ ભીડ અને પડાપડી થતી જોઈ શ્રીહરિ સભામાંથી ઊઠી મંદિરમાં પધાર્યા અને દર્શન માટે વ્યવસ્થા કરવા માટે બોલ્યા કે હે ભક્તો ! તમો સાંભળો. અમો કહીએ તે પ્રમાણે વ્યવસ્થા કરી વ્યવસ્થિત રીતે દર્શન કરો જેથી દરેકને સુગમતાથી દર્શનનો લાભ મળે. એમ કહીને બોલ્યા જે પ્રથમ સંતો, વર્ણીઓ, સંન્યાસીઓ વગેરે ત્યાગી વર્ગ ક્રમથી આવીને શ્રીનરનારાયણાદિ દેવોનાં ચરણસ્પર્શ કરી દર્શન કરે. પછી ગૃહસ્થ પુરુષો દર્શન કરે. પછી સ્ત્રીઓ દૂરથી દર્શન કરે. શ્રીજીની ઉપરોક્ત આજ્ઞા પ્રમાણે પ્રથમ સંતો વગેરે ત્યાગીઓ ક્રમથી એક એક આવી ચરણસ્પર્શ કરી દર્શન કરવા લાગ્યા. પછી ગૃહસ્થ હરિભક્તો પોતપોતાની શક્તિ પ્રમાણે શ્રીફળ, સાકર, ફળો તથા રૂપિયાની ભેટો

મૂકી સ્પર્શ કરી દર્શન કરવા ક્રમથી આવવા લાગ્યા. કાંકરીયા સરોવરથી મંદિર સુધી તથા બીજા રસ્તાઓ ઉપર પણ દર્શનાર્થીઓની મોટી લાઈનો થયેલી. નદીનું પૂર આવે તેમ જનોનું પુર દર્શન કરવા ઉમટેલું. ભીડ ઘણી હતી પણ વ્યવસ્થા એવી ગોઠવી હતી કે એક દરવાજેથી આવે અને બીજા દરવાજેથી બહાર નીકળે, તેથી કોઈને જરા પણ મુશ્કેલી પડતી ન હતી. નહિ ધક્કા ધક્કી કે નહિ અવ્યવસ્થા. સૌ એક પછી એક આવીને દર્શન કરી ચાલતા થાય. દસ વાગે રાજભોગ આવ્યા. ત્યાં સુધી માણસો દર્શન કરવા ગયા. મૂર્તિઓને સોનેરી વસ્ત્રો તથા સોનાના હીરા જડીત દાગીનાઓ તથા સાચા મોતીના હારો વગેરે ખૂબ સુંદર રીતે ધરાવ્યા હતા તેથી મૂર્તિઓની શોભા એવી અલૌકિક અને અનેરી હતી કે દર્શન કરી ત્યાંથી ખસવાની કોઈને ઈચ્છા થતી નહિ. પરંતુ શ્રીહરિની આજ્ઞા એજ શિસ્ત હતું તેથી દર્શન કરી કરીને ચાલતા થતા. દસ વાગ્યાનો સમય થયો ત્યારે રાજભોગ આવ્યા ત્યારે અડધો કલાક દર્શન બંધ કર્યા. રાજભોગની આરતી થઈ ત્યારે ફરીથી દર્શન કરનારાઓની ભીડ શરું થઈ.

ઉપર પ્રમાણે દર્શન કરવાની બરાબર વ્યવસ્થા ગોઠવી શ્રીહરિ ફરીથી સભામાં આવી પાટ ઉપર બિરાજ્યા. સંતો હરિભક્તો પણ આવીને મર્યાદા પ્રમાણે બેઠા. શ્રીહરિએ ભગવાનના મહિમાની તથા ઉપદેશની થોડી વાતો કરી ત્યાં બપોરનો સમય થયો એટલે શ્રીહરિ સભા વિસર્જન કરી પોતાના ઉતારે પધાર્યા.

તે દિવસે (ફા. સુ. ત્રીજના દિવસે) શ્રીહરિ તથા સંતો તથા આખા સંઘ માટે નવાવાસના હરિભક્તોએ મળીને શીરા પુરીની સુંદર રસોઈ બનાવરાવી હતી. જમવાનો સમય થયો એટલે પ્રથમ તે રસોઈમાંથી શ્રીનરનારાયણાદિ દેવોને ફરી થાળ જમાડ્યા. પછી શ્રીહરિને જમવા બોલાવ્યા એટલે શ્રીહરિ જમી મુખવાસ લઈ પાટ ઉપર બિરાજ્યા. ત્યારે નવાવાસના પુરુષોત્તમભાઈ, રાયજીભાઈ,



Final



હીરાભાઈ, વગેરે હરિભક્તોએ ષોડશોપચારથી શ્રીહરિનું પૂજન કરી પુષ્પના હારો પહેરાવી, આરતી કરી ભેટો ધરી પછી જમવા માટે સંતોની પંક્તિ થઈ. એટલે શ્રીહરિએ પીરસી સંતોને ખૂબ જમાડ્યા. પછી આખા સંઘના માણસોને પણ વ્યવસ્થિત રીતે ખૂબ જમાડ્યા. પછી શ્રીહરિએ ઉતારે જઈ બે ઘડી આરામ કર્યો.

● **શ્રીહરિની ભેટમાં આવેલા નાણાથી વેપારીઓનું દેવું ચૂકવ્યું**

શ્રીનરનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા કર્યા પછી શ્રીહરિએ અમદાવાદના બ્રાહ્મણોની ચોર્યાશી કરવા માટે ઘી, ગોળ, ખાંડ, ચોખા, દાળ, મસાલા વગેરે ઘણોજ માલ સામાન લીધો હતો. સતત પ્રવૃત્તિ અને ખૂબજ પરિશ્રમ, હજારો માણસોનો સમૂહ તેનો અને પ્રતિષ્ઠા તથા ચોર્યાશીનો ઉદ્‌ઘોષ તેથી શાંતિપ્રિય શ્રીહરિ અહીંથી ક્યારે ચાલી નીકળવું તે વિચારવા લાગ્યા. શહેરના હરિભક્તોએ તે વાત જાણી એટલે જેને ત્યાંથી માલ લાવ્યા હતા તેમનાં નાણાં ચૂકવવા અંગેનું તથા બીજાં કેટલાક વ્યવહારિક કાર્યો અંગેનું માર્ગદર્શન મેળવવા માટે લાલદાસ ગોરા વગેરે મળી આનંદાનંદજી સ્વામીને સાથે લઈ શ્રીહરિ પાસે ગયા પગે લાગી હાથ જોડી બધાં બેઠા, પછી આનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ ! આપણે ચોર્યાશી કરવા માટે જે સામાન લાવ્યા છીએ તેનાં નાણાં વેપારીઓને આપવાનું કેમ કરવું ? ત્યારે શ્રીહરિએ કહ્યું જે મંદિરની સિલકમાંથી આપો. ત્યારે આનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ ! હાલમાં પ્રતિષ્ઠાનો ઘણો ખર્ચ થયો છે એટલે મંદિરની સિલકમાં બિલકુલ રૂપિયા નથી, તો ક્યાંથી આપીએ ? એ બાબત તો પહેલાં જ આપને જણાવી હતી. ત્યારે શ્રીહરિ પોતાના ભક્તોની પરીક્ષા કરવા માટે મનુષ્યચરિત્ર કરતા બોલ્યા કે જે માલ લાવ્યા હોય તે આપે. અમે તો અમારી પાસે એક કોડી પણ નથી રાખતા માટે અમે શું કરીએ ? આવાં શ્રીજીમહારાજનાં વચનો સાંભળી તે માલ લેવા માટે જનારા હરિભક્તો બોલ્યા જે

હે મહારાજ ! જો વેપારીનાં નાણાં ન આપીએ તો તે લોકો અમારા ઉપર સરકારમાં કેસ કરે. એટલે સરકાર અમને બધાને પરેજમાં લે. હરિભક્તોનાં ઉપરોક્ત વચનો સાંભળી શ્રીજી હસીને બોલ્યા જે તમારે કેટલા રૂપિયા કરજ થયું છે તે કહો. ત્યારે તે સર્વેએ હાથ જોડી કહ્યું જે હે મહારાજ ! મંદિર કરતાં તથા પ્રતિષ્ઠાનું ખર્ચ કરતાં તથા બ્રાહ્મણોની આ ચોર્યાશી કરી તેમાં તથા સર્વ સંઘને જમાડવામાં તથા બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી તે આદિક ખર્ચ કર્યા તેમાં બને તેટલા રૂપિયા તો ભરી દીધા છે. પણ હવે માત્ર એક લાખ દેણા બાકી છે તેનું હવે કેમ કરવું ? ત્યારે શ્રીહરિએ વર્ણી મુકુદાનંદજીને કહ્યું જે તમે સર્વે સંઘના માણસોને કહો કે જેને મહારાજને ભેટ પૂજા કરવી હોય તે જલદી આવે. પછી સમય નહિ મળે. એટલે વર્ણીએ સંઘમાં તે પ્રમાણે કહેવરાવ્યું. એટલે પ્રથમ પુરુષોએ આવીને પ્રભુની પૂજા કરી ભેટો મૂકી. પછી બાઈઓએ ભેટો મૂકી. તેના રૂપિયા પંદર હજાર થયા. તે બધા રૂપિયા માલ લાવનાર સત્સંગીઓને આપ્યા. હવે બાકીના રૂપિયા પંચાશી હજાર રહ્યા તે તૂટો તો ભગવાન જ પૂરો કરશે. પણ મનુષ્યથી તો પૂરો ન થાય. એમ શ્રીજી માલ લાવનારા બધા સત્સંગીઓને તથા આનંદ સ્વામીને કહીને બોલ્યા જે તમે બેફિકર રહો અને રાત્રિ ત્રણ પહોર રહે ત્યારે તમે સર્વે અમારી પાસે આવજો, ત્યારે તમોને બધાજ રૂપિયા મળશે. અને અત્યારે તમે કોઈ શહેરમાં ન જશો. સંઘમાંજ પથારી કરીને સૂઈ રહેજો.

● **પ્રતિષ્ઠાના ખર્ચ આપવા માટે અઢાર દેવીઓ સહિત લક્ષ્મીજી પધાર્યા**

પછી શ્રીજીમહારાજ પોતાના તંબુમાં પલંગ બિછાવ્યો હતો તેના ઉપર પોઢ્યા અને બ્રહ્મચારીને કહ્યું જે આ તબુંમાંથી બધા માણસોને બહાર કાઢો ને તમે એકજ અમારી સેવામાં રહો. પછી બધાને તંબુ બહાર કાઢ્યા. પછી શ્રીહરિ બોલ્યા જે હે મહાપુરુષ



Final



! મધ્યરાત્રિએ બધા માણસો મારી માયાથી ગાઢ સુષુપ્તિમાં લીન થશે. તે સમયે તેજસ્વી અઢાર બાઈઓ આકાશ માર્ગેથી અહીંયા આવશે તેના તેજમાં તમે અંજાઈ જશો ને તમારા નેત્રો મીંચાઈ જશે. ત્યારે બે હાથ જોડીને બ્રહ્મચારીએ પૂછ્યું જે હે મહારાજ એ અઢાર બાઈયું આવવાની વાત આપે કરી તે બાઈયું કોણ છે ? અને શા માટે આવશે ? તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીહરિ બોલ્યા જે હે મહાયોગી ! જે બાઈયું આવશે તેમાં મુખ્ય લક્ષ્મીજી આવશે ને તેમની દાસીયું જે અષ્ટ મહાસિદ્ધિયું તથા નવ નિધીયું અણિમાદિક સત્તરને સાથે લાવશે. તે સર્વે વન વિચરણ વખતે અમારી સેવા કરવા વનમાં અમારી પાછળ પાછળ ફરતી પણ અમો તપસ્વીરૂપે હતા તેથી તેમનો સ્વીકાર કરતા નહિ. પછી શિવજીની રૂબરૂમાં અમોએ તેમને કહ્યું હતું કે અમો સત્સંગમાં વિચરીશુ ત્યારે સત્સંગીઓના ઘરોમાં રહીને અમારી સેવા કરજો તથા અમારે જરૂર જણાશે ત્યારે તમોને આજ્ઞા પણ કરીશું. તેથી અત્યારે તેઓ અમારી આજ્ઞાથી અમારી સેવા કરવા આવે છે. ભગવાન એવા જે અમે તે અમારી તે સર્વે દાસીયો છે તેથી ભગવાનની સદાય સેવા કરે છે તો પણ ભગવાન એવા જ અમે તે મનુષ્યરૂપે પ્રગટ થઈને જીવના કલ્યાણને માટે ભક્તે અર્પણ કરેલાં પત્ર, પુષ્પ વગેરે વસ્તુ ગ્રહણ કરીએ છીએ તથા ભક્તની સેવા, પૂજા ગ્રહણ કરવા સારુ ક્યારેક યાચના પણ કરીએ છીએ. પણ અમારે અર્થે નથી કરતા ને કોઈક વખત આવો પ્રસંગ આવે ત્યારે અમે અમારું પુરુષોત્તમપણું કેતાં અમારો પ્રતાપ દેખાડીએ છીએ. માટે હે વર્ણી ! જે માણસો અમારો યથાર્થ મહિમા જાણે છે તેને કાંઈ વસ્તુ દુર્લભ નથી. છતાં અમે તો તે સિદ્ધિયોને ઈચ્છતા પણ નથી, પણ તેમણે અમારી ઘણી પ્રાર્થના કરીને કહ્યું જે હે મહારાજ ! અમોને આપની કાંઈક સેવાનો લાભ આપો, જેથી અમારું સારું થાય. એમ અમે ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમણે આ પ્રમાણે કહ્યું ત્યારે અમે

તેના ઉપર કૃપા કરીને હા પાડી. એમ બ્રહ્મચારીજી ને શ્રીહરિ વાર્તા કરે છે ત્યાં મધ્ય રાત્રિનો સમય થયો.

શ્રીહરિએ કહ્યું જે હે બ્રહ્મચારી ! એક મોટી જાજમ અહી પાથરો. એટલે બ્રહ્મચારીજીએ જાજમ પાથરી, એટલામાં મહાતેજસ્વી લક્ષ્મીજી સહિત અઢાર દેવીયું આવી તેમણે આવીને શ્રીજીને પગે લાગી ઘણી સ્તુતિ કરીને પછી બોલી કે હે પ્રભો ! આપ અમને જેમ ઈચ્છા હોય તેમ આજ્ઞા કરો. એટલે અમે તે પ્રમાણે કરીએ. શ્રીજીમહારાજ બોલ્યા જે અમે આ શહેરમાં મંદિર કરી શ્રીનરનારાયણાદિ દેવોની સ્થાપના કરી. તેમાં ઘણાજ વિપ્રોને તથા સંતોને તથા હરિભક્તોને તથા બીજા અન્નારર્થી મનુષ્યોને સારી રીતે જમાડ્યા તથા દક્ષિણાઓ આપી તેનું ઘણું ખરચ થયું છે તે ખરચનાં નાણાં આપો. ત્યારે તે સર્વેએ કહ્યું જે હે મહારાજ ! અમારાં મોટાં ભાગ્ય જે આપનાં દર્શન થયાં તે મોટો લાભ થયો ને આપે અમને જે આજ્ઞા કરી તે પ્રમાણે અમે કરીશું, કારણ આવો આપની સેવાનો લાભ લઈ આપને રાજી કરવાનો આવો સમય અમને ફરી ક્યારે મળે ? એમ કહી જાજમ ઉપર મોટો ધનનો ઢગલો કર્યો. ત્યારે શ્રીજીએ કહ્યું જે આજે અમે તમને આજ્ઞા કરી તે તો અમારું વિડંબન છે. ને તમારા ઉપર કૃપા કરી તમને અમારાં દર્શન આપ્યાં છે. અમે તો અમારે પ્રતાપે પરિપૂર્ણ છીએ. આતો તમારી પ્રાર્થનાથી તમારી સેવા અંગીકાર કરવા માટે જ આ પ્રમાણે કર્યું છે. અમારી જે સેવા કરે છે તેને અમે મોટા ઐશ્વર્યને પમાડીએ છીએ. હવે સમય થયો છે માટે તમે તમારા ધામોમાં જાઓ. એટલે પ્રભુની આજ્ઞાથી તે બધાં પોતાના ધામમાં ગયાં.

પછી શ્રીહરિએ બ્રહ્મચારીને કહ્યું જે તમે દીવો કરીને આ ધનનો ઢગલો છે તે સંભાળો એટલે બ્રહ્મચારીએ દીવો કરીને જોયું તો મોટો રૂપિયાનો ઢગલો જોયો. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે હે મહારાજ !



Final



આ તો ઘણા જ રૂપિયા છે તે આપણી ખરાજાત (દેવું) ચૂકવતાં પણ વધશે. પછી શ્રીહરિએ કહ્યું જે હે બ્રહ્મચારી ! આનંદ સ્વામીને તથા આપણો માલ લાવનાર સત્સંગીઓને બોલાવીને સર્વે રૂપિયા તેમને આપી દ્યો. એટલે બ્રહ્મચારીજી તે સર્વેને બોલાવી લાવ્યા તેમને મહારાજે કહ્યું જે આ રૂપિયાનો ઢગલો છે તેમાંથી જેની પાસેથી તમે માલ લાવ્યા હો તે સર્વેને બોલાવી નામું જોઈ બરાબર હિસાબો કરી જેટલા રૂપિયા આપવાના નીકળે તે પ્રમાણે તેમને આપીને તેમના હાથઅક્ષરના નંદાવા (પહોંચ) લેજો, પણ ભૂલ કરશો નહિ. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સમય થયો ત્યારે દરેક વેપારીયોને બોલાવી તેમના લેણા નીકળતા રૂપિયામાંથી પ્રથમ કરેલા કરાર પ્રમાણે વધેલો સામાન પાછો આપવાનો હોઈ હિસાબ પેટે ઉચક રૂપિયા આપી તેની પહોંચો લઈ લીધી અને પછીથી શ્રીહરિએ હિસાબો ચૂકતે કરવા માટે બીજા ઊચક રૂપિયા હરિભક્તોને આપ્યા. તેમ કરતાં પણ ઘણાજ રૂપિયા વધ્યા તે રૂપિયા આનંદ સ્વામીના મુખત્યાર જે હરિભક્ત હતા તેમને બોલાવીને મંદિર ખાતે શ્રીહરિએ આપી દીધા.

- **મંદિરની સેવા કરતા આનંદ સ્વામી તથા અન્ય સંતો-હરિભક્તોને ફૂલનો હાર તથા છાતીમાં શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા.**

ફાગણ સુદ ચોથના દિવસે શ્રીહરિ સવારમાં વહેલા ઊઠી સ્નાન પૂજા પાઠ વગેર પોતાનું નિત્યકર્મ કરી દેવનાં દર્શન કરી સભામાં આવી ઊંચા સિંહાસન ઉપર બિરાજ્યા. સંતો હરિભક્તો તથા બીજા માણસો સભામાં આવી મર્યાદા પ્રમાણે બેઠા. પછી શ્રીહરિ સદ્‌ગુરુ આનંદાનંદજી સ્વામીને સભામાં પોતાની પાસે બોલાવી પ્રસાદીનો પુષ્પનો હાર પહેરાવી રાજી થઈ ખૂબજ હેતથી મલ્યા. પછી આનંદ સ્વામીની સાથે મંદિરના કામમાં સેવામાં જેટલા સંતો પાર્ષદો વર્ણીઓ

રહ્યા હતા. તેમને બોલાવી દરેકને એક એક પ્રસાદીનો ફુલનો હાર પહેરાવીને મલ્યા પછી બોલ્યા કે અમારી આજ્ઞાથી આનંદ સ્વામી સાથે રહી શરીરનું સુખ દુઃખ જોયા વિના તન, મનથી મંદિરની જે સેવા કરી છે તેથી અમો તમારા બધા ઉપર ખૂબ રાજી થયા છીએ. કારણ સેવાનું અપાર ફળ છે. એમ કહી સૌને છાતીમાં ચમણકમલ આપ્યાં. સભામાં આવી મર્યાદા પ્રમાણે બેઠા.

પછી શ્રીજીમહારાજે આનંદ સ્વામીને કહીને મંદિરની સેવામાં શહેરના તથા બહારગામના જે જે હરિભક્તો રહેલા તેમને બોલાવ્યા. તેમાં નથુ વિપ્ર, ચોપદાર કુબેરસિંહ, દામોદર પટેલ, બેચરભાઈ, લાલદાસ ગોરા, હીરાચંદ ચોકસી તથા કુબેર, કેવળ, પુરુષોત્તમ પટેલ, પુરુષોત્તમ સોની, ગણપત, સોમનાથ, હિમતરામ બે હરિભાઈ, ત્રિભુવન, ગોવિંદભઈ, આદિ ઘણા ભક્તોએ મંદિરની તન, મન, ધનથી સેવા કરેલી તેમને તથા બહારગામના જે જે હરિભક્તોએ તન, મન, ધન, વાહનો વગરેથી સેવા કરેલી તેમને બધાને શ્રીહરિએ અતિ હેત કરી પોતે પહેરેલા પ્રસાદીના પુષ્પના હાર અતિ રાજી થઈને પહેરાવ્યા. અને દરેકને છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને કહ્યું કે અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ. કારણ ઘણા જન્મનાં સુકૃત ભેગાં થયાં હોય તેને આવી સેવા મળે છે. શરીરથી જે સેવા કરે છે તેને ભગવાન બહુ કરી માને છે. ઉત્સાહ અને પ્રેમથી શ્રદ્ધાપૂર્વક જે થોડી પણ સેવા કરે છે તેને ભગવાન મેરુ તુલ્ય માને છે. તેથી જ ગુરુભજન સ્તોત્રમાં કહ્યું છે કે **''अणुमप्यतुलं हि सन्यते''** ભાવ વિના ગમે તેટલી સેવા કરે તેને તિલના જેટલી પણ માનતા નથી. શ્રીહરિની વાત સાંભળી તે બધા ભક્તો તથા સભામાં બેઠેલા હતા તે સૌ સેવામાં વધારે લાભ છે તેમ માની આનંદ સ્વામી બોલ્યા કે હે પ્રભો ! અમો સેવામાં ક્યારેય પાછા નહીં હઠીએ.



Final



- **પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીહરિએ ભગાદોશીનું મોટું સન્માન કર્યું તથા બીજા વણિક ભક્તજનોની ઓળખાણ કરાવી**

પછી જ્યારે પ્રતિષ્ઠાના બીજે દિવસે મંદિરના ચોકમાં મોટી સભા ભરાણી હતી. તે સભામાં ભગા દોશીએ ઘણી આર્થિક સહાય પ્રથમ કરી હતી, તે સેવાથી રાજી થઈ શ્રીહરિએ તેમનું મોટું સન્માન કર્યું. ત્યાર આનંદાનંદ સ્વામી અને સર્વ સભામાં ઉપસ્થિત સંતો-હરિભક્તો ભગા દોશીની આવી ઉદાર સેવાને શ્રીહરિનો અઢળક રાજીપો જોઈને અતિ રાજી થયા હતા. તથા બોટાદના પારેખ કુટુંબ, કામદાર કુટુંબ, ગઢાળીના આંબા શેઠ, વસ્તડીના કવિ અમરચંદ શેઠ દેરડી ગામના પ્રતિષ્ઠિત વણિક રૂપશીભાઈ વગેરે કુટુંબોને આગળ બેસાડી ભગા શેઠની સાથે આ બધા કુટુંબોની પરસ્પર શ્રીહરિએ ઓળખાણ કરાવી હતી.

જ્યારે વાણિયાની જ વાત ચાલે છે ત્યારે દુઃખ વેઠીને પ્રગટ પ્રભુને ઓળખી જેઓએ પોતાનું આત્યંતિક કલ્યાણ સાધ્યું છે. એવા એક બે વાણિયાનીવાત ભેળી ભેળી લખું છું. આ અમદાવાદ પ્રતિષ્ઠા મહોત્સવની સભામાં શ્રીહરિએ એક દેરડી ગામના રૂપશીભાઈ નામે જૈન વાણિક હતા. તે સારા વૈદ્ય અને કવિ પણ હતા. તેમને ઉભા કર્યા અને કહ્યું, 'હે રૂપશીભાઈ વણિક ! તમને કોના દ્વારા અને કેમ સત્સંગ થયો ? તે જરા વિસ્તારીને વાત કરો.'

શ્રીજીમહારાજના આજ્ઞા-વચનને માથે ચઢાવી રૂપશીભાઈ સભામાં ઉભા થયાં અને સહુ સાંભળે તેમ બોલ્યા જે, 'પ્રાણ પ્યારા પ્રગટ તથા હરિનાં હૃદય સમા સર્વે સંતો તથા સર્વે સભામાં ઉપસ્થિત હરિભક્તોને મારા ભાવથી જયશ્રી સ્વામિનારાયણ. મને સદ્.શ્રી બ્રહ્માનંદ સ્વામીના યોગમાં આવતા સત્સંગ ઓળખાણો છે. વળી, હે મહારાજ ! મને સત્સંગ ઓળખાણો પછી મેં અપાસરામાં જઈ જૈન ધર્મી પૂંજની સલાહ લીધી હતી. તેની વાત સાંભળી મેં વિચાર

કર્યો અને છેલ્લે જેમ લખોપતિ નાણાવટી વણિક 'નવડી ભાંગી' હિસાબનો તાલો મેળવે તે રીતે મેં તાળો મેળવ્યો તેથી મને આ પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતોનો રોકડિયો સત્સંગ સારમાં સાર જણાણો. પછી સંવત ૧૮૭૭ ના જેઠ મહિનામાં મેં બ્રહ્માનંદ સ્વામીના હાથે વર્તમાન ધરી સત્સંગ સ્વીકાર્યો. તેમના સમાગમથી મારી બુદ્ધિ નિર્મળ થઈ. પછી "મારા અનુભવ અને સત્સંગ મહિમાનું એક મને આવડે એવું કાવ્ય રચ્યું છે."

દોહા

શ્રી સહજાનંદ સ્વામી, સર્વ અવતારનું કારણ,
અવનિ ઉપર ઓધારવા, પ્રગટ્યા તરણ તારણ.....૧
સંભારે સુખ ઉપજે, દુઃખ તો નાખ્યા વામી,
કલી મધ્યે કૃપાનાથ, ધરમ સ્થાપિયો સ્વામી.....૨
સ્વામિનારયણના ચમત્કારની, વાત કરે છે વાણિયો,
મુરખને તો મનાય નહિ, ભાઈ સત્સંગી સુખ માણિયો.....૩
શ્રીપુરુષોત્તમની પૂરણ કૃપા છે, સૌને માથે સરખી,
તેમાં સત્સંગીને સમુ પડ્યું, તે જેણે જોયા નિરખી.....૪
બીજા લાખો ખર્ચે મર રૂપિયા, અને શાસ્ત્ર ભણે મર સો,
પણ પ્રગટ પ્રભુની ઓળખાણ વિના, તો મટે નહિ કાળનો ભો.....૫
મોટા સર્વ તીર્થના તીર્થ સ્વામી, અને સર્વે દેવનાં દેવ,
મોટા ભાગ્ય એ મનુષ્યના, જેણે ઓળખ્યા તત ખેવ.....૬
પ્રગટ સ્વામી સહજાનંદજી, છે ચૌદ લોકના પતિ,
વાણિયા તો ઘણી વાતું સાંભળે, પણ માનવા દિયે નહિ જતી.....૭
એમાં વાણિયાનો તો વાંક નથી, એ તો ઘણા ભજન કરે,
પણ આંટો જાય અપાસરે, ત્યારે જતી (સંગ) મને કરે.....૮
વાણિયાને વાત મનાઈ ગઈ, અને વાત ઉતરી ગળે,
ચાલો હવે સત્સંગ કરીએ, આમા દિ' નહિ વળે.....૯



Final



તોય વાણિયા બિચારા વિચાર કરી, પૂંજને જઈને પૂછે,
આ કળિયુગમાં આમ કે, છે જે આ સ્વામીની વાત તે શું છે ?.....૧૦

આ રીતે રૂપશીભાઈએ શ્રી હરિની આજ્ઞાથી ભર સભામાં પોતાને સત્સંગ થયો અને તેમાં જે જે મુશ્કેલીઓ પડી તે તમામ વર્ણન આ નિજકૃતિમાં કર્યું હતું તે દોહા સંભળાવ્યા આ વિચાર વિલાસના એંશી ઉપરાંત દોહાઓ છે. તે સાંભળી શ્રીહરિ, સંતો તથા આખી સભા ખૂશ થઈ. ત્યારે શ્રી હરિએ રાજી થઈ પોતે ફેરવતા હતા તે માળા અને હાર રૂપશીભાઈને આપ્યા. પછી કહ્યું,"ભગા શેઠ ! જુઓ આ તમારા જેવો જ બીજો દાખલો છે. તેના ગુરુની જ્યારે તેમને ઉપાધિ થઈ ત્યારે તેમણે વિચારીને તેને પણ સત્યવાત સમજાવી" સત્ય કહેવું તે નિંદા નથી. તે સાંભળી ભગા શેઠ તથા તે સમૈયામાં આવેલા તમામ વણિક ભક્તો ખૂબ રાજી થયા.

એવા જ એક બીજા ઝાલાવાડ પ્રાંતના વસ્તડી ગામના દશા શ્રીમાળી કવિ અમરચંદ હતા તે પણ પ્રતિષ્ઠિત અને જૈન વણિક હતા. તેમની પણ શ્રીહરિએ તે કાયમ ઓળખાણ કરાવી હતી. ત્યારથી ભગાશેઠ તથા બંને વણિકો વચ્ચે કાયમ મિત્રાચારીનો નાતો બની રહ્યો હતો. અમરચંદ કવિના પણ આચાર વિચાર શુદ્ધિના અનેક ચંદ્રાવળા છે, તેમાંથી અહીં બે આપણે વાંચીએ...

ચંદ્રાવળા :

પહેલું પાપ મુકાવિયું વરતાવ્યા વર્તમાન,
દીનબંધુ દયા કરી, દીધું દર્શન દાન.
દીધુ દર્શન દાન, મૂરખને મન નહિ ભાળ્યું,
હતા હરિના જન, ફાવતું તેને ફાવ્યું.
કહે કવિ અમરચંદ, મોક્ષ તો દેવા વેલું,
વરતાવ્યા વરતમાન, પાપ મુકાવ્યું પેલું.....૧

સાચો સત્સંગ જો મળે, થાય પ્રભુની મેર,
અજાણ નરને આવડે, પ્રભુ ભજવાની પેર.
પ્રભુ ભજવની પેર, જીવમાં જાણે સારી,
કહે નહિ કુસંગ, ધર્મ વ્રત રાખે ધારી,
કહે કવિ અમરચંદ, પડે નહિ કાબુ એ કાચો,
થાય પ્રભુની મેર, મળે જો સત્સંગ સાચો.....૨

આ પ્રતિષ્ઠિત વણિક કવિ અમરચંદ તથા દેરડીના રૂપશીભાઈ જેવા સત્સંગીની ઓળખાણ થઈ. તેમની સાથે મિત્રાચારી થઈ તેથી ભગાદોશી ખૂબ રાજી થયા. પછી પ્રતિષ્ઠાને ત્રીજે જ દિવસે આખા શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરાવી શ્રીહરિએ અપાર ઐશ્વર્ય-પ્રતાપ બતાવ્યો. પછી બોટાદવાસી તમામ ભક્તો સાથે તેઓ પરત પોતાને ગામ આવ્યા. સત્સંગનો રંગ દિનપ્રતિદિન વધતો રહ્યો. *(શ્રી ભક્ત આખ્યાન ભાગ-૧, પ્રકરણ ૩ અધ્યાય ૧૦)*

● **ધોળકાના મહાશંકર મહેતાની રક્ષા**

શ્રીનગરમાં શ્રીજીમહારાજે નરનારાયણની પ્રતિષ્ઠા કરીને પછી મંદિરમાં દરવાજાનાં કમાડ બંધ કરાવ્યા. દરવાજાની આથમણી દિશાએ અગાસી ઉપર મહારાજ વિરાજમાન થયા. એ વખતે દરવાજાની આથમણી બાજુના ચોકમાં લાખો મનુષ્યો ભરાઈને ઊભાં હતાં. પછી નરનારાયણની આરતી થઈ અને દરવાજાનાં કમાડ ઊઘડ્યાં ત્યારે દર્શન કરવા માટે મનુષ્યો દોડી આવ્યાં. એ સમયે ધોળકાનાં મહાશંકર મહેતા દરવાજામાં પડી ગયા. તેના ઉપર થઈને હજારો મનુષ્યો ચાલ્યાં ગયાં પણ શ્રીજીમહારાજે તેમની રક્ષા કરીને કંઈ થવા દીધું નહિ. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૩૬)*

● **સોનીનાં છોકરાને જીવનદાન**

ચોથા દિવસે સભામાં શ્રીહરિ ઉપર પ્રમાણે વાતો કરી રહ્યા હતા. તે વખતે એક હરિભક્ત આવીને શ્રીજીને પગે લાગીને બેઠા.



Final



ત્યારે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું જે તમે ઉદાસી કેમ દેખાઓ છો ? ત્યારે બીજા હરિભક્તો બોલ્યા જે આજ બે દિવસથી તેમનો છોકરો ખોવાયો છે તે હાથ નથી આવતો તેથી તે ઉદાસીન છે. શ્રીહરિ તો સર્વાન્તરયામી છે તેથી બધું જાણે છે, છતાં બધાને જણાવવા માટે બોલ્યા જે તમારા દીકરા પાસે ઘરેણું હતું ? ત્યારે તેણે કહ્યું જે હા મહારાજ. ત્યારે શ્રીજીએ કહ્યું જે તે દાગીના લેવા માટે ચોર લોકો તેને પકડી ગયા છે. ને ઉગમણી તરફ ગોમતીપુર લઈ જઈ તેના દાગીના કાઢી લઈ તેને ટાંકામાં નાખી દીધો છે. પણ ટાંકાંનું ઢાંકણું ભાંગી જવાથી આજુબાજુની રેતી ટાંકામાં ઘણી પડી તેથી અંદર રેતીનો મોટો ટેકરો થયેલો છે. તે ટેકરા ઉપર તમારો છોકરો બેઠો છે પણ મરી ગયો નથી. માટે ચિંતા છોડી ત્યાં જઈ તેને તેડી લાવો અને દાગીના પણ આવશે. ત્યાં જઈ તે છોકરાને તેડી લાવ્યા. દાગીના લઈને ચોરો નાઠેલાં તે વહેલાળ ગામ પાસે ચોકી બેઠી હતી ત્યાં તે ચોરો પકડાયા. ચોકીદારો તેમને ગામને ચોરે લઈ ગયા. તે ગામના મુખી જેસીંગભાઈ પટેલ હતા તેમણે ચોરોને પૂછ્યું જે તમો આ દાગીના ક્યાંથી લાવ્યા ? ત્યારે ચોરોએ કહ્યું જે અમોએ સોનીને ત્યાં દાગીના બનાવવા આપ્યા હતા તે લઈ જઈએ છીએ. ત્યારે જેસીંગભાઈએ કહ્યું જે ઠાકરડાને આવા ભારે દાગીના ન હોય. માટે આ ચોરીનો માલ લાગે છે. પછી તે ચોરોને બાંધીને અમદાવાદ લાવી સરકારને સોંપ્યા. પછી જેશીંગભાઈ શ્રીહરિનાં દર્શન કરવા મંદિરમાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરી બેઠા, ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે પટેલ અત્યારમાં ક્યાંથી આવ્યા. ત્યારે જેસીંગભાઈ બોલ્યા જે પ્રભુ ! થોડું સરકારી કામ હતું તેથી આવવું પડ્યું છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એવું જરૂરનું શું કામ હતું ? ત્યારે તેમણે કહ્યું જે ત્રણ ચોરો અમદાવાદથી કોઈકના દાગીના ચોરીને લાવ્યા હતા તે અમારે ત્યાં પકડાયા, તે ચોરોને સરકારને સોંપવા આવ્યું છીએ. ત્યારે શ્રીહરિ

બોલ્યા જે તે તો આપણા આ સત્સંગીના છોકરાના દાગીના લઈગયા હતા તે છે. માટે હાથમાં આવ્યા તે ઠીક થયું. ત્યારે બધા બોલ્યા જે હા મહારાજ, તેજ હશે. પછી કુબેરસિંહ ચોપદાર તથા બીજા હરિભક્તો તથા જેસીંગભાઈ પેલા સોની હરિભક્તને તેના છોકરા સહિત સાથે લઈને સરકારમાં ગયા અને ત્યાં બધી વાત કરી દાગીના ઓળખ્યા પછી સરકારે પેલા ચોરોને ડારો આપી મનાવ્યા. પછી સરકારે તે દાગીના તે સોની ભક્તને આપ્યા તેથી તેઓ આ બધા હરિભક્તો રાજી થયા. એમ શ્રીહરિએ પોતાના ભક્તની રક્ષા કરી.

● **પૂજારીની નિમણુંક :**

સ્વામિનારાયણ ભગવાને દેવની પૂજા કેમ કરવી, આરતી કેમ ઉતારવી વગેરે સમજાવ્યું છે. શ્રીજીમહારાજે મંદિરમાં સેવા-પૂજા માટે ગૃહસ્થ ગોપીભટ્ટને પૂજારી તરીકે રાખ્યા હતા. રામાનંદજીના ગુરુ આત્માનંદજી હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ વિશ્વંભર ભટ્ટ હતું. પૂજારી ગોપીભટ્ટ આ વિશ્વંભર ભટ્ટના પુત્ર હતા. નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે આ ગોપીભટ્ટ શ્રીહરિના કૃપાપાત્ર હતા.

ભટ્ટ ગોપી પ્રભુજીને પ્યારા તેના સુત તે ત્રણ છે સારા

આ ગોપીભટ્ટની સહી દેશ વિભાગના લેખમાં પણ શ્રીજીએ લીધી છે. એ ભૂદેવને ભલામણ કરેલી કે બાહ્ય અને અભ્યાંતર શુદ્ધિ જાળવીને ઠાકોરજીની પૂજા કરવી. બાહ્ય શુદ્ધિ પાણીથી થાય અને સેવા-પૂજા કરતાં કરતાં ક્રોધ કરે, રીસ રાખે, સાંસારિક વાતો કરે તો દેવ પૂજા સ્વીકારે નહિ. દેવ સરખો પવિત્ર થઈને દેવની પૂજા કરે તો જ દેવ પૂજા સ્વીકારે છે. સારા વિચારો અને સાત્ત્વિક ભાવથી પવિત્ર થવાય છે. આ બધી ભલામણો ભૂદેવને કરેલી.

પણ ગૃહસ્થ પૂજારીને આ ભલામણો ક્યાં સુધી ટકે ! નરનારાયણ દેવ પાસે પુષ્કળ ફળફળાદિ આવે, સીધુ આવે, બીજી કેટલીક ભેટો આવે. ભૂદેવના વિચાર બદલાઈ ગયા. ઠાકોરજી પાસે ફળ આવે કે



Final



દૂધ આવે પણ પૂજારી નરનારાયણ દેવને ધરાવે નહિ. સીધું થેલીમાં નાંખીને ઘેર લઈ જાય. બાળકો ખાશે. હરિભક્તો કહે - 'પૂજારીજી ! અમે ઠાકોરજી માટે લાવીએ છીએ તો થોડું ફળ સુધારીને દેવને અર્પણ કરો. પછી અમને પ્રસાદી ન આપો તો કાંઈ નહિ તમે ઘેર લઈ જજો.' ત્યારે પૂજારી કહે - 'મારી જોડે માથાકૂટ નહિ કરવાની. મને સ્વામિનારાયણ ભગવાને રાખ્યો છે. હું મનફાવે એમ કરીશ.' જ્યારે ઉનાળાની સીઝન આવી ત્યારે નરનારાયણદેવના ઘુમ્મટમાં ખાટલા ને ઘોડિયા લાવી દીધાં. પૂજારીનાં છોકરાં ઘુમ્મટમાં રમે, દોડાદોડી કરે. કિકિયારીઓ કરે. ભૂદેવ ખાટલામાં પડ્યા પડ્યા આરામ કરે. દેવમંદિરના શાંત વાતાવરણમાં અને નરનારાયણદેવના ઘુમ્મટમાં જ આખો સંસાર ખડો થઈ ગયો.

● **શ્રીહરિએ ભક્તજનોને દિવ્ય તેજોમય દર્શન કરાવ્યા**

અમદાવાદના સત્સંગીઓને શ્રીહરિ પ્રત્યે દરરોજ નવો ને નવો ભાવ રહેતો હતો. સ્વામિનારાયણ ભગવાન નવાવાસમાં બિરાજતા ત્યારે હરિભક્તોના ટોળેટોળાં દર્શન કરવા, પૂજા કરવા, ભેટ આપવા, અને સત્સંગ કરવા આવતાં હતાં. તે સર્વે મહારાજને નિત્ય નવા શણગાર ધરાવતાં, આભૂષણો પહેરાવતા, ચંદન-અબીલ-ગુલાલ વડે અર્ચા કરતા, સાબરમતીના જળ વડે પાદપ્રક્ષાલન કરતા, વ્રતમાન ધરાવતા, કંઠી બંધાવતા, મીઠાં પકવાનો જમાડતા હતા. એક દિવસ કેટલાક હરિભક્તોએ મહારાજની પૂજા કરી. પૂજા કરતાં કરતાં સંધ્યા સમય થઈ ગયો. અમદાવાદમાં એટલાં બધાં સત્સંગીઓનાં ઘર હતાં કે પૂજામાં જ સંધ્યા થઈ ગઈ ! અમદાવાદમાં સત્સંગનું પહેલેથી જ ઘણું જોર રહ્યું છે. અમદાવાદનો સત્સંગ શૂરવીરતા અને પ્રેમલક્ષણા ભક્તિનો છે. શ્રીહરિ, સંતો અને મંદિર વિષે તેમને ઘણી જ આત્મબુદ્ધિ રહી છે. જ્યારે પૂજા કરતાં કરતાં સંધ્યાનો વખત થયો એટલે અસંખ્ય મશાલ પ્રગટાવી. એક બાજુ સંતો અને હરિભક્તો

નારાયણ ધુન્ય કરે છે તો બીજી બાજુ શ્રીહરિની મૂર્તિમાંથી અતિશય તેજ નીકળવા લાગ્યું. એ તેજ કેવું છે તો પ્રેમાનંદ સ્વામી કહે છે કે શીતળ અને શાંત તેજ છે.

*અતિ તેજોમય રે રવિશશી કોટિક વારણે જાય,*
*શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.*

જે તેજની આગળ રવિ અને શશી પણ ઝાંખા પડી જાય ! શ્રીહરિના તેજની આગળ રવિ અને શશી વારણે જાય છે. સૂર્યના તેજમાં તો ઉગ્રતા છે. પણ શ્રીહરિની મૂર્તિનું તેજ શીતળ અને શાંત છે. એ તેજ એટલું બધું ગાઢ હતું કે પ્રગટાવેલા મશાલ અને દીવા બધું જ ઝાંખું પડી ગયું. દીવા અને મશાલની વાત તો ક્યાં કરવી પણ એ ભગવાનના તેજની આગળ તો સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારાગણ અને સમગ્ર બ્રહ્માંડ ઝાંખું પડી જાય છે. આ તેજનો મોટો સમુહ જોઈને બધાને આશ્ચર્ય થયું કે. કોઈ કહે છે આ દેવ છે. તો કોઈ કહે છે સાક્ષાત્ ભગવાન છે. કેટલાંક કહે છે સૂર્ય છે. તો કેટલાંક ચંદ્ર કહે છે. એ સિવાય આવું તેજ કોનામાં હોય ? એવામાં એ તેજ શ્રીહરિની મૂર્તિમાં પાછું વિલીન થઈ ગયું.

સભામાં બેઠેલા સત્સંગીઓએ કહ્યું - 'હે મહારાજ ! આ તેજ ક્યાંથી પ્રગટ્યું ? સ્વામિનારાયણ ભગવાન કહે છે. હમણાં નારાયણ ધુન્ય થતી હતી ત્યારે અમે પણ ભેળી ધુન્ય કરતા હતા. ત્યારે અમને આ લોકની સ્મૃતિ વિસરાઈ ગઈ. અમને ખ્યાલ જ ન રહ્યો કે અમે મનુષ્ય લોકમાં છીએ. અમને તો એમજ દેખાયું કે આપણે અક્ષરધામમાં બેઠા છીએ. આ આખી સભા પણ અક્ષરધામમાં બેઠી છે. પછી જ્યારે ધૂન્ય પૂરી થઈ ત્યારે આ લોકની સ્મૃતિ પાછી આવી. એ વખતે અનેક દેવતાઓ વિમાનમાં બેસીને અમારા દર્શને આવ્યા અને અમારી પૂજા કરીને પોતપોતાનાં સ્થાનકે ગયાં. આરતી સમયે અને નારાયણ ધૂન્ય સમયે તેત્રીસ કરોડ દેવતાઓ પણ મહારાજનાં દર્શને આવે છે. તેથી



Final


હે ભક્તજનો શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લો. ૬૩માં આજ્ઞા કરી કે હરિભક્તોએ સંધ્યા આરતી મંદિરમાં કરવી.

વહાલા ભક્તો ! આ તો સ્વામિનારાયણ ભગવાનનું દિવ્ય ઐશ્વર્ય છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મને મારવા માટે ઉતાવળા થયા ત્યારે મનુષ્યભાવ વિસરાઈ ગયો અને દિવ્ય ભાવમાં આવીને ભીષ્મને મારવા આગળ ધસ્યા ત્યારે ભગવાનના ભારને ધરતી સહન ન કરી શકી. એ જ પ્રમાણે સ્વામિનારાયણ ભગવાન જ્યારે ધુન્ય કરવા લાગ્યા ત્યારે મનુષ્યદેહની સ્મૃતિ જ રહી નહિ અને દિવ્ય ભાવમાં આવી ગયા. અક્ષરધામમાં બિરાજ્યા હોય એવો ભાવ આવી ગયો. આ ચરિત્ર જોયા પછી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની મૂર્તિના તથા અક્ષરધામના વર્ણનનાં કીર્તનો વાજિંત્રો સાથે ગાવા લાગ્યા. શ્રીહરિ તો સદાય અક્ષરધામમાં વિરાજમાન છે. પણ આ જીવોના સમાસને અર્થે મનુષ્યલીલા કરે છે. તેમ છતાં પોતે ક્યારેક દિવ્ય ભાવ જણાવે છે.

- **શ્રીહરિએ નટોની રમત જોઈ રાજી થઈ મોક્ષનો વર આપ્યો તથા સંતોને એકાગ્રતા શીખવી**

નવ યોગેશ્વરોના ગયા બાદ તુરત જ તે સભામાં યુવાવસ્થાવાળા પુષ્ટદેહવાળા નટવિદ્યામાં કુશળ, દસબાર નટો શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રભાવ સાંભળી તેઓ ભગવાન છે તેથી તેમની આગળ રમત કરીએ તો તેઓ રાજી થઈ ઘણું ધન આપશે તેથી આપણે સુખી થઈશું. તેમ માની ત્યાં રમવા આવ્યા. શ્રીહરિને નમસ્કાર કરી ધીરેથી વિનંતિ પૂર્વક બોલ્યા કે હે પ્રભો ! અમો પેટને માટે ગામોગામ રમત કરીએ છીએ. આપ ભગવાન છો તેથી આપ અમારી રમત જોઈ રાજી થાઓ તો અમે ભિખારી મટી જઈએ. અમૃત નજરે આપ જેને જુઓ તેને રંકપણાનું દુઃખ રહે નહિ. આપના નેત્રમાં અમૃત ભરેલું છે. આપની પાસે આવીને જે રંક રહે તેને સુખી થવાનો બીજો ઉપાય

રહ્યો નહિ. માટે કૃપા કરીને અમારી રમત જુઓ. તે નટોનો ભાવ જોઈ શ્રીહરિએ તેમને રમવાની રજા આપી.

ત્યારે નાટક, ચેટક, નટોની, રમત વગેરે જોવામાં બાધ માનતા સંતો ભગવાનના ધ્યાનમાં બેસી ગયા. તે જોઈ શ્રીહરિએ સંતોને કહ્યું કે હે સંતો ! તમને આ રમત જોવામાં બાધ નથી માટે તમો આ રમત જુઓ, કારણ કે પેટને માટે આ નટો કેવું અઘરું કામ શીખે છે ? મરણનો પણ ભય રાખતા નથી. રમતમાં અપાર શ્રદ્ધા અને ઉત્સાહ રાખે છે. લોક લાજ પણ રાખતા નથી. ભગવાન ભજવામાં આટલું કઠણ કામ કરવું પડતું નથી. તમને એટલું બતાવવા માટે આ નટોની રમત તમને બધાને દેખાડવાની છે. ભગવાન ભજવા અતિ સુગમ છે છતાં પણ અજ્ઞાની, મૂર્ખ, તુચ્છ મતિવાળાને તે કઠણ પડે છે. ને નાશવંત દુઃખરૂપ વિષયો માટે અપાર મહેનત કરે છે. મોટા મોટા રાજાઓ પણ ભગવાનને મેળવવા પોતાના પુત્રોને રાજ્ય આપી વનમાં જઈ શ્રીહરિ વિના બીજી વાતને દુઃખરૂપ માની અપાર સાધન કરે છે. પહેલાં પણ તેવાઓએ અપાર સાધન કર્યા છે. તે બધાયનું ફળ ભગવાનમાં મનની અખંડ વૃતિ રહે ને જીવનો મોક્ષ થાય તે છે. અને ભગવાનનું ભજન ન થયું તો પછી જેમ ઘાણીનો બળદ આખો દિવસ ફરી ફરી ને ત્યાંનો ત્યાંજ રહે તેમ જાણવું. ભગવાન વિના બીજી કોઈ પણ વસ્તુ અધિક દેખાય છે ત્યાં સુધી વિઘ્ન છે. કસર હોય તે જણાવ્યા વિના જણાય નહિ. તે દેખાડવા માટે આ રમત તમોને દેખાડવી છે. આ સભામાં બેઠેલા દરેકને પોતાનામાં કસર હોય તે જણાય અને તેને ટાળવા પ્રયત્ન કરે. માટે રમત જુઓ. શ્રીહરિની આજ્ઞા મળતાં તે નટો અનેક પ્રકારની તેમની રમતને અનુરૂપ વાજિંત્રો વગાડી કૂદવું વગેરે ભૂમિ ઉપર થઈ શકે તેવી જુદી જુદી રમતો કરવા લાગ્યા. પછી થાંભલાની માફક ઊભો કરેલો, ઘણો ઊંચો પડી ન જાય તે માટે ચારે તરફ જાડા દોરડાથી મજબૂત બાંધેલો



Final



એક વાંસ તૈયાર કર્યો. પછી વસ્ત્રથી જેણે કેડ બાંધી છે. માથા ઉપર ઉપરા ઉપર ઝાલ્યા વિના સાત ગાગરો જેણે મુકી છે. યુવાવસ્થાવાળો, ધીરજવાળો, જેણે કેડ ઉપર ઢાલ બાંધી છે. મુખમાં મ્યાન વગરની (ઉઘાડી) ચમકતી તલવાર જેણે રાખી છે. હાથમાં બંદૂક રાખી છે. એવો એક નટ તે ઊંચા વાંસની ટોચ ઉપર ચડી બીલકુલ આધાર વિના તે ટોચ ઉપર ઊભો રહી બંદૂકના અવાજો કરતો એવો ભાગ્યશાળી તે નટને શ્રીહરિ પોતાના નેત્રો ઊંચા કરી જોવા લાગ્યા. સંતો તથા સભામાં બેઠેલા સૌ તેને જોવા લાગ્યા. તે વખતે તે નટની દૃષ્ટિ માત્ર વાંસની ટોચ સિવાય બીજે ક્યાંય ન હોવાથી તે વાંસના અગ્રભાગ સિવાય બીજી કોઈ વસ્તુને તે જોતો ન હતો. જે અર્જુનજીએ દ્રૌપદીજીના સ્વયંવરમાં મત્સ્યવેધ કર્યો ત્યારે અર્જુન ફકત માછલાની આંખની કીકીને જે દેખતો હતો તેમ પછી નીચે ઊભા રહીને ઢોલ વગાડનાર નટે વાંસની ટોચ ઉપર રહેલા નટને જે જે પૂછ્યું તેના ઉત્તર થોડીવારમાં આપી તે નટ વાંસની ટોચ ઉપરથી એકદમ નીચે ઉતરી બે હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યો. પછી બે તરફ વાંસડાઓ ઊભા કરી તેની વચમાં દોરડું બાંધી તેના ઉપર બે નટો કૂદતા હતા તથા તે દોરડા ઉપર સામસામા નિરાધાર ચાલતા હતા તે રમતને પણ શ્રીહરિ જોતા હતા. પછી તે બે નટો પણ પોતાની રમતો પૂરી કરી નીચે ઊતરી શ્રીહરિને બે હાથ જોડી નમસ્કાર કરવા લાગ્યા ત્યારે શ્રીહરિએ નીચે ઊતરેલા ને નમસ્કાર કરતા તે નટોને તથા નીચે રહી પોતાની આગળ રમતોને કરતા બીજા નટોને ખૂબ લાડુ અપાવ્યા, અને પોતે તેમના ઉપર રાજી થઈ મોક્ષનો વર આપ્યો અને કોઠારી પાસે ઘણું દ્રવ્ય પણ અપાવતા હતા. ઘણું દ્રવ્ય મળવાથી આનંદ પામેલા અને પોતાને કૃતાર્થ માનતા તે નટો શ્રીહરિને વારંવાર નમસ્કાર કરી પોતાના સ્થાનકે ગયા. તે નટોના ઉપર અત્યંત રાજી થયેલા શ્રીહરિને જોઈ સભામાં બેઠેલા બધા તે નટોના ભાગ્યનાં

વખાણ કરતા બોલવા લાગ્યા કે અહો ! આ નટોનાં કેવા મોટાં ભાગ્ય કે જેમને થોડી જ રમતમાં શ્રીહરિએ રાજી થઈ મોક્ષનો વર આપી કૃતાર્થ કર્યા !

નટોના ગયા બાદ પોતાના ત્યાગી, ગૃહી ભક્તોને શ્રીહરિ કહેવા લાગ્યા કે હે ભક્તો ! મારી આજ્ઞાથી આ નટો હમણાં જ આપણી સમક્ષ રમ્યા. તેમાં નટવિદ્યામાં કુશળ જે નટ વાંસની ટોચ ઉપર રમતો હતો તેની મનોવૃત્તિ ગાગરો યુક્ત પોતાનું મસ્તક તથા પોતાનું શરીર તે બેયનું રક્ષક એવું વાંસનું અગ્ર (ટોચ) તેના ઉપર જ હતી. પણ બીજે ક્યાંય ન હતી. તેમજ બેય વાંસની વચમાં બાંધેલા દોરડા ઉપર કૂદતા અને ચાલતા બેય નટોની મનોવૃતિ પણ જેમ દોરડાથી બીજે ક્યાંય ન હતી. તેમ તમો સર્વેએ કૃપાપૂર્ણ દષ્ટિવાળી આ મારી મૂર્તિમાંજ તમારી મનોવૃત્તિ રાખવી જોઈએ. તે પ્રમાણે મારી મૂર્તિમાં મનોવૃત્તિ રાવાથી મારી મૂર્તિનો સાક્ષાત્કાર જલદી થાય છે. આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળી તે બધા ભક્તો અંતરમાં ખૂબ રાજી થઈ શ્રીહરિને બે હાથ જોડીને કહેવા લાગ્યા કે હે પ્રભો ! આપે નટની રમત બતાવી તે પ્રમાણે આપની મૂર્તિમાં મનોવૃત્તિ રાખવાનું કહ્યું તે પ્રમાણે જ અમો કરીશું.

- **મુક્તમુનિએ શ્રીનગરમાં ૧૮૭૯ ના વર્ષનો અન્નકૂટ કર્યો**

અમદાવાદનો સત્સંગ તો રામાનંદ સ્વામીના સમયનો હતો. મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેનાથી ગામના બધા હરિભક્તોને સ્વામીના ઉપર ઘણો પ્રેમ ભાવ રહ્યો હતો. બહુનામી સહજાનંદ સ્વામી શ્રીહરિ તો રામાનંદ સ્વામી કરતા પણ અપાર પ્રતાપી અને સમર્થ રહ્યા હતા. સહુને શ્રી સહજાનંદ સ્વામીના ઉપર વધારેમાં વધારે અપાર પ્રેમ થયો હતો. કારણ કે 'તેમનામાં સાધુતાના ગુણ સહુથી અધિક રહ્યા હતા.' જ્યારે અલૌકિક સમજણ આવે છે ત્યારે અલૌકિક ગુણોને લીધે વધારેમાં વધારે હરખથી અલૌકિક પ્રેમ થાય છે.



Final



જેસંગભાઈના ઘરની આગળ ચોકના દરવાજા પાસે જે માળ હતો ત્યાં મુક્તાનંદ સ્વામી ઉતર્યા હતા અને તે સ્થાન નિર્બાધ હતું. શ્રી સહજાનંદ સ્વામી મહારાજ અને રામાનંદ સ્વામી પણ તે માળ ઉપર આવીને ઘણીવાર ઊતર્યા હતા. એવી તે જગ્યા હતી કે બધા મુનિઓ તેને નિર્બાધ અને પ્રસાદીની સમજીને આવતા હતા. મુક્તાનંદ સ્ાવમી સહુ હરિ ભક્તોને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ફરીવાર અમદાવાદમાં આવ્યા. ત્યાં રહીને દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કર્યો. તેનાથી બધા હરિભક્તો ઘણું રાજી થયા. શ્રીહરિ તો ગઢપુરમાં રહ્યા હતા એટલે તેમણે દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ ઘણા વર્ષથી કર્યો. તેનું વર્ણન થઈ શકતું નથી. શ્રીહરિએ ગઢપુરમાં અને મુક્તાનંદ સ્વામીએ અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા પછીના ૧૮૭૯ ના વર્ષનો અન્નકૂટ કર્યો હતો. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૯, તરંગ-૩૪)*

- **તરગાળાઓની ફરિયાદ**

તે દિવસોમાં એક વખત શ્રીજીમહારાજ અમદાવાદમાં સાધુની જાયગામાં પાટ ઉપર બિરાજમાન થયા હતા અને વાતો કરતા હતા ત્યાં એક તરગાળો આવીને શ્રીહરિને કહેવા લાગ્યો કે હે મહારાજ ! આપે અહીંયા આ મોટું મંદિર કરીને સાધુને રાખ્યા છે તેથી અમારા લોકોને બહુ હેરાનગતી થઈ છે. ત્યારે શ્રીહરિ બોલ્યા જે તમારે શી હેરાનગતી થઈ ? ત્યારે તેણે કહ્યું જે પાંચ વખત તમારી આરતીઓની ઝાલરો નગારાં વાગે તેથી અમારા કાન ફૂટી જાય છે. ને અડધી રાત સુધી તમારા સાધુઓ તાબોડા વગાડીને કાંઈ ગાય છે તેથી આખો મહોલ્લો કચવાય છે ને કહે છે ટોપીવાળાએ અહીંયા ગામ વચ્ચે આ સાધુઓને ક્યાં ઘાલ્યા ! તે સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા જે સંતો ! સાંભળો, આ તુલસીદાસનો કહેલો પ્રત્યક્ષ દાખલો.

तुलसी पूर्वके पापसे, हरिकथा न सोहाय ।
जैसे ज्वरके जोरसे, भोजनकी रुची जाय ॥

જુવોને આપણે ભજન-સ્મરણ કરીએ છીએ તે આ લોકોને રુચતું નથી. પછી શ્રીહરિએ તે તરગાળાને કહ્યું જે નાયક ! તમો જ્યારે ગામડે રમવાં સારું જાઓ છો ત્યારે આખા ગામને જગાડી મારો છો. ને તમારે લીધે કેટલીક વખત લોકોને ચોરનો ઉપદ્રવ પણ સહન કરવો પડે છે. આ બધી લોકોની હેરાનગતી તમો નથી ગણતા ને અહી અમને કહેવા આવ્યા છો ? ત્યારે તે નાયક કહે અમે તો માતાજીના હુકમથી રમત કરીએ છીએ, ત્યારે શ્રીહરિ કહે આ સંતો પણ પિતાજીના હુકમથી કથા, કીર્તન વગેરે કરે છે, માટે તમારી વાત ધ્યાનમાં નહિ લેવાય.

● **મુસલમાનને પરચો**

ઉપરનો પ્રસંગ પૂરો થયો તે વખતે કોઈ મુસલમાન દરવાજે ઊભો હતો તે મહારાજની મૂર્તિમાંથી શીતળ તેજ નીકળતું જોઈને બોલ્યો જે અહો......હો ! ત્યારે શ્રીહરિ એ પોતાના મોઢા સામી ઊંચી આંગળી કરી એટલે તે બોલતો બંધ રહ્યો. વળી પાછું ફરીથી તેજ દેખીને અહોહો ! કહેવા લાગ્યો. ત્યારે ફરી પ્રભુએ મોઢા સામે ઊંચી આંગળી કરી તેથી બોલતો બંધ થયો. એમ ત્રણ વખત થયું. પછી શ્રીહરિની ઈચ્છાથી તેને સમાધિ થઈ. તેમાં તે તેના પેગંબરો પાસે ગયો. ત્યાં જોયું તો પેગંબરો પોતાના સિંહાસન ઉપર શ્રીહરિને પધરાવી પૂજા કરતા હતા. તે જોઈને મુસલમાન આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો કે આપ તો ખુદાના પણ ખુદા છો. પછી સમાધિમાંથી જાગ્યો એટલે શ્રીહરિ પાસે આવી પગે લાગીને બોલ્યો જે હે મહારાજ ! આપ તો ખુદાના પણ ખુદા છો અને જીવોના મોક્ષ માટે પ્રગટ થયા છો. માટે મારા અપરાધ માફ કરજો. એમ ઘણી વિનંતી કરીને પછી પોતાના દીકરા ડોસામીયાંને કહ્યું કે આ સ્વામિનારાયણ સાક્ષાત્



Final



ભગવાન છે. તેઓ આપણને કાંઈ કામ બતાવે તો જરૂર કરવું. પછી જ્યારે આચાર્ય મહારાજ શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે હવેલી કરી ત્યારે તે ડોસામીયાએ સારી મદદ કરી હતી.

● **શ્રીહરિ અમદાવાદમાં હરિભક્તોના ઘેર ઘેર પધરામણીએ ફર્યા**

સર્વાવતારી પરાત્પર પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર મનુષ્યરૂપે પ્રગટ થઈ અધર્મનો નાશ કરી. ભાગવત ધર્મનું સ્થાપન કરી. વર્તમાન તથા ભાવી જીવાત્માના કલ્યાણ માટે એક વિશુદ્ધ સંપ્રદાયની સ્થાપના કરવા માટે અનેક ગામોમાં ફરતા ફરતા વિ. સંવત ૧૮૮૫ ની સાલમાં શ્રીનગર પધાર્યા. શહેરના મંદિરમાં રહેતા સદ્ગુરુ આનંદાનંદજી સ્વામી વગેરે સંતો તથા શહેરના સત્સંગીઓએ તથા ધર્મપ્રેમી આગેવાન જનતાએ શ્રીહરિને વાજતે ગાજતે દબદબાથી ભવ્ય સ્વાગત સામૈયું કરી શહેરમાં પધરાવ્યા. શ્રીજી શ્રીનરનારાયણદેવના મંદિરમાં પધારી શ્રીનરનારાયણાદિ દેવોનાં દર્શન કરી સભામાં બિરાજ્યા. ત્યાં સંતો તથા હરિભક્તોએ હારો પહેરાવી શ્રીહરિનાં દર્શન કર્યા. મેવા, મીઠાઈની ભેટો મૂકી. પછી શ્રીહરિ રંગમહોલ નામથી જાણીતા પોતાના ઉતારે પધાર્યા. રાત્રે જમી સૌને જમાડી પોતે પોઢી ગયા. સવારે વહેલા ઊઠી સ્નાનાદિ પોતાનો નિત્યવિધિ કરી સભામાં આવી સુંદર ઊંચા સિંહાસન ઉપર બિરાજ્યા. સંતો હરિભક્તો પણ સભામાં આવી શ્રીહરિનાં દર્શન કરી પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. પછી સત્સંગીઓએ ષોડશોપચારથી શ્રીહરિની પૂજા કરી ભેટો ધરી આરતી ઉતારી .પછી શ્રીહરિએ દરેકને કુશળ સમાચાર પૂછી, ઉપદેશની તથા સત્સંગના માહાત્મ્યની કેટલીક વાતો કરી. પછી શહેરના હરિભક્તોએ શ્રીહરિને વિનંતિ પૂર્વક કહ્યું કે હે પ્રભો ! અમારાં ઘરોમાં આપની પધરામણી કરવાની અમારી ઈચ્છા છે. તો આપશ્રી અમારા ઘરોમાં

પધારી આપના પવિત્ર ચરણકમળથી અમારાં ઘરોને પાવન કરવા કૃપા કરો. પોતાના ભક્તોની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ કહ્યું કે હે ભક્તો ! અમે થોડા દિવસો શ્રીનગરમાં રોકાઈ તમારા મનોરથો પૂરા કરીશું. રોજ થોડા થોડા ઘરોમાં પધરામણી થાય તેવી ક્રમાનુસાર વ્યવસ્થા કરજો.

પછી હરિભક્તોએ રોજ થોડા થોડા ઘરોમાં શ્રીહરિની પધરામણી કરવાની ચાલુ કરી તે આશરે પંદર દિવસે પધરામણી પૂરી થઈ રહી. પછી શ્રીહરિએ સૌ સત્સંગીઓને કહ્યું કે હવે તમારા દરેકના ઘરોમાં અમોએ આવી તમારાં ઘરો પાવન કર્યા તથા તમોને સેવાનો ખૂબ લાભ આપ્યો. માટે હવે અમો અહીંથી ચાલવાનો વિચાર કરીએ છીએ. માટે આવતી કાલે અમો ચાલીશું. ત્યારે બધાએ કહ્યું કે પ્રભુ આપે અમારા મનોરથો પૂરા કર્યા તેથી અમોને ઘણોજ આનંદ થયો છે. તો હવે આપની ઈચ્છામાં આવે ત્યારે પધારવાનું રાખશો. પરંતુ ફરીથી જલદી દર્શન દેવા પધારવા કૃપા કરશોજી.

શ્રીહરિ આ રીતે અમદાવાદમાં રોકાઈ સત્સંગનો પ્રચાર કરી ચાલવા તૈયાર થયા. સાથેના દરેકને તૈયાર થવાની આજ્ઞા કરી. પછી બીજા દિવસે સાંજના અમદાવાદથી ચાલ્યા ત્યારે શહેરના હરિભક્તો વાજતે ગાજતે શ્રીહરિને વળાવવા ચાલ્યા રસ્તામાં અપાર માણસો પુષ્પના હારો પહેરાવી તથા વધાવી દર્શન કરતા હતા. એમ શ્રીહરિ માણેક ચોકમાં થઈ શહેર બહાર આવ્યા એટલે શ્રીહરિએ ત્યાં ઉભા રહી વળાવવા આવેલા માણસોને ઉભા રાખી પ્રસાદ આપી પાછા વળવાની આજ્ઞા કરી એટલે બધા પાછા વળ્યા અને શ્રીહરિ ગામ અસલાલી પધાર્યા ત્યાં હરિભક્તોએ સામૈયું કરી ગામમાં પધરાવ્યા. પછી શ્રીહરિ ગામ બહાર દક્ષિણ તરફ (હાલ જ્યાં છત્રી છે ત્યાં) કૂવા પાસે વિશાળ જગ્યા જોઈ પીપળાના વૃક્ષ નીચે ઊતર્યા અને ત્યાં સભા કરી પોતે પાટ ઉપર બિરાજમાન થયા.



Final



● **અનેક સ્વરૂપે લીલા :**

આ વખતે શ્રીહરિ અમદાવાદમાં લગભગ ત્રણેક મહિના રોકાયા હતા એક દિવસ સભામાં શ્રીહરિ સત્સંગીઓ પાસેથી વિદાય માગી - 'હે ભક્તો! અમે અહીંયાં બહુ દિવસ રોકાયા છીએ. ગુરુ પૂનમ, રક્ષાબંધન, જન્માષ્ટમી, જલઝીલણીના મોટા મોટા ઉત્સવ ઊજવ્યા છે. તો હવે અમને રજા આપો.' એ વખતે સભામાં રેવાબાઈ નામે બ્રાહ્મણ બહેન બેઠાં હતાં એમણે પ્રાર્થના કરી - 'હે મહારાજ ! મારા ઘેર જમવા પધારો.' બીજા ભક્તોએ પણ સૂર પુરાવ્યો કે અમારે ઘેર જમવા પધારો. એ ભક્તોનાં નામ છે - હીરાચંદભાઈ ચોકસી, દામોદરભાઈ, બેચરભાઈ, લાલદાસ ગોરા, વગેરે અસંખ્ય ભક્તોએ વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ સૌને નવાઈ લાગે એવી વાત કરી. હે ભક્તો! આવતી કાલે તમે સૌ સંતો માટે અને અમારા માટે રસોઈ બનાવજો. અમે જમવા આવીશું. આ સાંભળીને બધા ભક્તો રાજી થયા.

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરીને સંતો સાથે ભક્તોને ઘેર જમવા પધાર્યા. એકસાથે એક જ સમયે વિવિધ સ્વરૂપે શ્રીહરિભક્તોના થાળ જમ્યા. **एकोऽपि सन् यो बहुधा विभाति** - એક હોવા છતાં બહુ સ્વરૂપે દેખાવું એ ભગવાનનું દિવ્ય ઐશ્વર્ય છે. સાંજના સમયે દરેક ભક્તો મંદિરમાં ભેગા થયા અને ચર્ચા કરવા લાગ્યા. મારે ઘેર જમવા પધાર્યા હતા. બીજો કહે - મારે ઘેર આવેલા. ત્રીજાએ કહ્યું, ચોથાએ કહ્યું, સત્સંગીઓને પરમ આશ્ચર્ય થયું છે. એક સાથે આટલા બધા ઘેર પ્રભુ કઈ રીતે જમ્યા ! શ્રીહરિની લીલા અલૌકિક છે. એ ધારે ત્યારે વિશ્વરૂપ ધારણ કરે, એ ઈચ્છે ત્યારે બહુરૂપે દેખાય અને ઈચ્છે ત્યારે અદશ્યરૂપ રહે અને એજ મૂર્તિરૂપે દર્શન આપે.

જેમ વૃંદાવનની લીલામાં શ્રીકૃષ્ણ ભગવાને જેટલી ગોપીઓ તેટલાં સ્વરૂપ ધારણ કર્યા હતાં, જેમ પંચાળામાં રાસલીલા વખતે જેટલા સંતો તેટલા સ્વરૂપ ધારણ કર્યા હતાં તે જ પ્રમાણે આજે મહારાજે જેટલા હરિભક્તોએ થાળ બનાવ્યા હતા તે સર્વેના ત્યાં અનેક સ્વરૂપ ધારણ કરીને હરિભક્તોના ભાવ પૂરા કર્યા.

● **શ્રીહરિનો બ્રહ્મચોરાસી કરવાનો વિચાર સંતોને જણાવ્યો**

ફાગણ સુદ ત્રીજના દિવસે શ્રીહરિએ સ્વહસ્તે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા ખૂબ જ ધામધૂમ પૂર્વક કરીને પછી મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી આદિ સદ્‌ગુરૂને પોતે પુછ્યું જે, “ બ્રાહ્મણની ચોરાશી કરશું ?” ત્યારે સ્વામીએ કહ્યું જે, મહારાજ ! હાલમાં ચોરાસી નહિ થાય ને ફેર જ્યારે પધારો ત્યારે કરજો. પછી પોતે બોલ્યા જે, “ સ્વામી ! એમ શું બોલો છો ? એક દિવસમાં અમારે ચોરાસી કરવી.” એમ કહીને સર્વે સંત સહિત કાંકરિયા પધાર્યા ને ત્યાં મંચ ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત આવીને સન્મુખ બેઠા. તે સમે દેશાંતરથી આવ્યા જે સત્સંગી તે સર્વે શ્રીજીમહારાજની નાના પ્રકારની વસ્ત્ર, અલંકારને સોના રૂપા મહોર આદિ દ્રવ્યે કરીને સેવા ઘણી કરતા હતા. તેને અંગીકાર કરીને પોતે પોઢવા ગયા.

● **“ન ભૂતો ન ભવિષ્યતિ” બ્રાહ્મણોની ચોરાસી શ્રીહરિએ કાંકરિયા સરોવરે કરી. કીડી અને કાગડા અદ્રશ્ય થયા**

પછી પ્રાતઃકાળમાં પોતે કાંકરિયા તળાવને વિષે સ્નાન કરીને શહેરમાં પધાર્યા. ને શ્રી નરનારાયણના મંદિરમાં આવીને લીંબડાની હેઠે સભા કરીને વિરાજ્યા. ને ચોરાસી નાતના પાતળીયા(આગેવાન) બ્રાહ્મણને તેડાવીને કહ્યું જે “અમારે ચોરાસી કરવી છે, કેમ તમે જમશો ?” પછી તે બ્રાહ્મણે કહ્યું જે “ હે મહારાજ ! અમદાવાદની ચોરાસી તો બહુ દિવસથી સામાન ભેળો કરે ત્યારે થાય ને તમે તો



Final



કોઈ સામગ્રી ભેળી કરી નથી. માટે કીયે પ્રકારે ચોરાસી કરશો ?” પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, “ તમો જમવાની પ્રથમ હા પાડો ને અમારે સામાન ભેળો કરવાની સામર્થી છે તો કહીએ છીએ.” પછી બ્રાહ્મણે કહ્યું જે બહુ સારું મહારાજ ! શા સારું નહિ જમીએ ? એ પ્રકાર જમવાનું નક્કી કરીને પછી પોતે કહ્યું જે “ કાંકરિયે રસોઈ કરાવીએ.” ત્યારે બ્રાહ્મણે કહ્યુ જે, “ ત્યાં તો કાગડા ને કીડીઓ બહુ તે કેમ સુખ આવે ?” પછી પોતે બોલ્યા જે કીડી અને કાગડા આવે તો જમવું નહિ. પછી સહુ ખુશી થઈને ઘેર ગયા ને પોતે લાલદાસ ગોરા ને દામોદર ને માણેકશા ને લખા ભક્ત ને હીરા ભક્ત, કુબેરસિંહ આદિ હરિભક્ત ને બીજા ગામોના જે ડાહ્યા હરિજન તેમને બોલાવીને કહ્યું જે તમે સર્વે શહેરમાં જઈને ગોળ, ઘી, ઘઉ, દાળ, ચોખા, મીઠું, મરચું, જીરૂ, મેથી, હળદર, આંબલી, તેલ આદિક વસ્તુને એક-એક નોખા-નોખા જઈને નક્કી કરીને મણથી લઈને હજારો મણનું બહાનું દઈને આવવું. આવા રીતે આજ્ઞા કરી, તે સર્વે જણ તેવી જ રીતે કરીને આવ્યા.

● **અમદાવાદ શહેરની ચોરાસી**

શ્રીનરનારાયણદેવોની પ્રતિષ્ઠા કર્યા પછી ત્રીજના દિવસે રાતે આનંદાનંદ સ્વામીને શ્રીજીએ પૂછ્યું કે સિલકમાં કેટલા રૂપિયા છે ? સ્વામી કહે ૩૯ાા, (સાડી ઓગણચાલીશ) છે. શ્રીહરિ કહે શ્રદ્ધા હોય તો શહેર ચોરાસી કરે, નહિ તો શ્રદ્ધા પ્રમાણે બ્રાહ્મણો જમાડે. શ્રીજી કહે રૂા. ૩૯-૫૦ માં કેટલા બ્રાહ્મણો જમે ? સ્વામી કહે થોડા વિપ્રો જમે. પછી વિચાર કરીને શ્રીહરિએ કહ્યું : અમે શહેરની ચોરાશી પાંચમના દિવસે કરીશું.

ફાગણ સુદ ચોથના દિવસે શણગાર આરતીનાં દર્શન કરી શ્રીહરિ તથા સંતો ફરીથી પૂર્વની માફક સભામાં આવી બેઠા. પછી શ્રીજીમહારાજે ચોરાસીનું નક્કી કરવા માટે સરકારના શાસ્ત્રી

હરદત્તજીને સભામાં બોલાવ્યા શ્રીહરિએ તેમને કહ્યું જે અમારે આવતી કાલે આ શહેરની ચોરાસી કરવી છે. તેમાં દક્ષિણ દશક્રોશીના પણ દરેક વિપ્રોને જમાડવા છે. ત્યારે હરદત્ત શાસ્ત્રી બોલ્યા કે આપ તો મોટા યોગી છો. અને સમર્થ છો. એટલે યોગીની વાત હું નથી કરતો પણ રાજાની વાત જાણું છું. પહેલાં અમદાવાદમાં એક રાજા થઈ ગયો તેણે છ માસ અગાઉથી સામગ્રી તૈયાર કરવાની મહેનત કરી હતી ત્યારે તેનાથી અમદાવાદ શહેરની ચોરાસી થઈ હતી. ત્યાર પછી ફરીથી આજ સુધી કોઈએ શહેરની ચોરાસી કરી નથી. અને આપતો આવતી કાલે જ ચોરાસી કરવાની વાત કરો છો તેમાં અમારી બુદ્ધિ પહોંચતી નથી. ત્યારે શ્રીહરિ કહે શહેરના તથા શાખાનગરોના જે વિપ્રો છે તેમને તમામને જમવાની તમે હા પડાવો. અમો આજે સાંજે પહેલાં તમામ સામાન કાંકરીયા સરોવરે ભેગો કરીશું. તમો જરા પણ ચિંતા ન રાખશો. ચોરાસી નાતના બ્રાહ્મણો સૌ સૌ પોતપોતાની નાતનાં વાસણો લાવે. રાત્રે આવીને ચુરમાના લાડુ બનાવે, પાંચમના દિવસે સવારે દાળ, ભાત, શાક બનાવે અને બપોર પછી જમવાનું છે. પછીથી હરદત્ત શાસ્ત્રીએ ચોરાસી નાતના આગેવાન બ્રાહ્મણ પટેલીયાઓને બોલાવ્યા ને તેમને જમવા સંબંધી વાત શ્રીહરિએ કરી. ત્યારે તેઓ બોલ્યા કે સ્વામિનારાયણ ! તમો અમારી મશ્કરી કરો છો કે શું ? ત્યારે શ્રીહરિ બોલ્યા જે અમારે તમને કાલે જ ખૂબ પ્રેમથી જમાડવા છે તેમાં જરા પણ શંકા કે ખોટું નથી, છતાં પણ જો આપને શંકા રહેતી હોય તો આપણે લખાણ કરીએ કે, જો અમો આજે સાંજ પહેલાં કાંકરીયા સરોવરે તમામ સમાન તમને ન આપીએ તથા રસોઈ અંગેની તમામ વ્યવસ્થા ન કરી આપીએ તો તમો કહો તેટલા રૂપિયા અમો તમોને આપીએ. અને તમો આજે સાંજે રસોઈ બનાવવા માટે ન આવો અને કાલે (પાંચમના દિવસે) જમવા ન આવો અને અમારો સામાન બગડે તો તેનો તમામ ખર્ચ



Final



તમારે અમને આપવો પડે. એમ લખાણ કરવાનું શ્રીહરિએ કહ્યું એટલે તેઓ તે પ્રમાણે લખાણ કરવા તૈયાર થયા. એટલે ઉપર પ્રમાણે પાકું લખાણ કરી અરસ-પરસ સહીઓ કરી. એક એક કાગળ બેય પક્ષો પાસે રાખ્યા ત્યારે જમવાની બધાએ હા પાડી અને જયજયકાર બોલવા લાગ્યા. આ બધી વાત થઈ ત્યાં સુધીમાં મધ્યાહ્‌ન થવા આવ્યો હતો શ્રીહરિની આવી ચમત્કારી વાત સાંભળી વિપ્રો આશ્ચર્ય પામ્યા. અને બોલવા લાગ્યા કે સ્વામિનારાયણની મોટપ આજે જોવામાં આવી. પછી સરખેજ ગામમાં જેટલા વિપ્રો હતા. તેમને બોલાવવા માણસો મોકલ્યા તેઓ આવ્યા પછી તેમની સાથે બધી વાત કરી. પછી વિપ્રો ઘરે ગયા. પછી તે વિપ્રો એક બીજાને કહેવા લાગ્યા કે વાસણો ભેગાં કર્યા પણ હજી બરાબર વિશ્વાસ આવતો ન્હોતો છતાં તૈયાર તો થઈ રહેવું અને બોલાવવા આવે ત્યારે જવું એમ નિર્ધાર કર્યો.

બ્રાહ્મણોના ગયા પછી શ્રીહરિએ શહેરના આગેવાન સત્સંગીઓ લાલદાસ ગોરા, હીરાચંદ ચોકસી, વગેરેને બોલાવીને કહ્યું જે ચોર્યાસી કરવાનું ક્કી થયું છે. માટે ચોરાશીની વાત જાહેર થશે એટલે તુરત જ શહેરના વેપારીઓ ભાવો વધારી દેશે. માટે તમો બધા જલદી જાઓ અને ઘી, ખાંડ, ગોળ, તેલ, ચોખા, દાળ, મસાલા વગેરનો મણ એકના લેખે ભાવ નક્કી કરો. અને તે ભાવથી હજારમણ લઈએ અથવા એકમણ લઈએ પણ ભાવ નક્કી કર્યા પ્રમાણે જ આપવાનું લખાણ કરી કર્યા પ્રમાણે જ આપવાનું લખાણ કરી લેજો. અને જેને ત્યાંથી વીસ મણથી વધારે માલ લીધો હોય તેમની સાથે નક્કી કરવું કે તેમાંથી દસ મણ (જેટલો માલ લીધો હોય તેનો અડધો) વધે તો પાછો લેવો. બધી વસ્તુઓ આ પ્રમાણે નક્કી કરીને લાવવી. આ બાબતનું પણ લખાણ કરજો. કારણ કે કેટલું વપરાશે તેનું કાંઈ નક્કી નથી. માટે વધે તો પાછું કોને આપવું ? શ્રીહરિના કહ્યા પ્રમાણે

સત્સંગીઓ બજારમાં જઈ વસ્તુઓના ભાવ તાલ વગેરે બધું નક્કી કરી પાકું લખાણ કરી એક પહોરમાં તો દરેક સામાન મસાલા સહિત ખરીદી લીધો. પછી શ્રીહરિએ બાઈઓને કહ્યું કે તમે એક એક જણ દશ દશ શેર ઘઉં દળવા લઈ જાઓ અને ઘંટી ન મલે તો ભાડે લેજો. આમ ઘઉં દળવાની વ્યવસ્થા પણ કરી દીધી.

તે દિવસે મંદિર તરફથી સંતોને લાડુની રસોઈ હતી. શ્રીહરિ પણ મંદિરમાં જ જમ્યા. સંતો પણ જમીને બધા શ્રીજીની આજ્ઞા પ્રમાણે સેવાના કામમાં લાગી ગયા. શ્રીહરિએ કહ્યું કે તમામ સામાન કાંકરીયા તળાવે પહોંચાડો. ત્યારે હરિભક્તોએ કહ્યું જે ત્યાં તો કીડીયો, મંડોડીયો, કાગડા, સમળા વગેરે ઘણાં જીવડાંઓ પડશે તે સામાન બગાડશે. ત્યારે શ્રીજીએ કહ્યું જે આપણે જેટલી જગ્યા વાપરવાની નક્કી કરીશું એટલા વિસ્તારમાં કોઈ પણ જનાવર આવશે નહિ માટે ચિંતા રાખ્યા વિના જલદી સામાન ત્યાં પહોંચાડો. શ્રીહરિનું વચન સાંભળી વચનમાં વિશ્વાસુ આજ્ઞા પરાયણ સંતો તથા હરિભક્તોએ શહેરના તથા સંઘના સત્સંગીઓના તમામ ગાડાંઓ મંગાવીને તે સામાન કાંકરીયા થોડીવારમાં પહોંચાડી દીધો. સાંજના ચાર વાગ્યે દરેક નાતના વિપ્રોને બોલાવવા સત્સંગીઓ ગયા. એટલે તેઓ પોતપોતાની નાતના રસોઈયાઓ તથા વાસણો લઈને કાંકરીયા સરોવરે આવ્યા. શ્રીહરિએ પણ કાંકરીયા સરોવરે પધારી દરેક વ્યવસ્થા કરી રખાવી હતી. દરેક નાતના ચોકા અલગ ગોઠવી રાખ્યા હતાં. રસોઈયા આવ્યા એટલે પ્રથમ પાણી ગાળીને ભરાવી દીધું. પછી જ્યારે સીધું આપવા માંડ્યું ત્યારે એક એક ચોકે જમનારા પાંચસો માણસ હોય ને કહે જે અમારે ચોકે હજાર કે બે હજાર બ્રાહ્મણો જમનારા છે એમ ખોટું કહીને બમણો તમણો રસોઈનો સામાન લેવા માંડ્યો તો પણ કોઈને જરા પણ રોકટોક કર્યા વગર દરેકને કહ્યા પ્રમાણે ઘઉંનો લોટ આપ્યો. મણ લોટે અડધો મણ ઘી



Final



આપ્યું તેજ પ્રમાણે ખાંડ, ઈલાયચી વગેરે સમાલા પણ કહ્યા પ્રમાણે આપ્યા. દરેક ચોકે જરર પ્રમાણે સંતને દેખરેખ રાખવા તથા સામાન આપવા રાખ્યા. તેમના સિવાય કોઈ ફરીથી સામાન આપે નહિ તેવો બંદોબસ્ત કર્યો. રસોઈનું કામ ચાલતું થયું ચુલામાં લાકડાં ન સળગે ત્યારે વિપ્રો લાકડાં સળગાવવા ઘી અંદર નાખતા. જ્યારે તેમ કરતાં સંતો રોકે ત્યારે વિપ્રો તેમની સાથે લડવા તૈયાર થતા. બ્રાહ્મણો ઘી ખુટાડવા અનેક ઉપાયો કરવા લાગ્યા. કેટલાક તો વારેવારે થીનું ઘી ખાય, કેટલાક તળેલાં મૂઠિયાં ઘીમા બોળી બોલીને ખાય. અને અજવાળા માટે દિવેલના દીવાનો બંદોબસ્ત કર્યો હતો છતાં તે થઈ રહે ત્યારે તેઓ દીવેલ લેવા ન જાય અને ઘીમાં કાકડા બોળી બોળીને સળગાવી અજવાળું કરે. સંતો ના પાડે પણ માને નહિ. ત્યારે સંતોએ શ્રીહરિને વાત કરી. શ્રીજીએ કહ્યું કે વિપ્રોને જમાડવા માટે ઘી ભેગું કર્યું છે. માટે તેઓ ગમે તે રીતે ઘી ખાય તથા વાપરે તેમાં તમારે તેમને રોકવા નહિ.

### ● શેઠરૂપે થયા શ્રીહરિ

પછી કુબેરસિંહે કહ્યું જે હે મહારાજ ! ઘઉં સારા મળ્યા નહિ. પછી પોતે બોલ્યા જે કોઠ-ગાંગડના ઘઉં બહુ સારા છે તે તમે બે-ચાર હરિભક્તો દરવાજે જાઓ. ત્યાં ગાડા આવ્યા હશે. તે સાંભળીને હરિજન તરત ત્યાં ગયા. ત્યાં તો એક સામટા પચાસ ગાડા આવીને ઉભા રહ્યા ને કહેવા લાગ્યા જે, સ્વામિનારાયણનું મંદિર ક્યાં છે ? અમારે ઘઉંના ગાડા ત્યાં લઈ જવાના છે. પછી કુબેરસિંહે કહ્યું જે, ચાલો હું તમને મંદિર દેખાડું. એમ કહીને પચાસે ગાડા હંકાવીને લાવ્યા ને ભાવનું પૂછ્યું, ત્યારે કહે જે, ત્યાંથી શેઠે ભાવ કરીને મોકલ્યા છે. એમ કહીને સર્વે ગાડા ખાલી કરીને ચાલી નીસર્યા.

પછી તે ગાડાવાળા પાસે સીધુ સામાન તત્કાળ કાંકરિયા તલાવ પર પહોંચાડવા આજ્ઞા કરી. બહેનો પાસે સીધું સાફ કરાવ્યું. દરેક

બ્રાહ્મણો ખૂબ જમ્યા. મહારાજનું વચન જે કીડી-કાગડા નહી આવે તેને સર્વે બ્રાહ્મણ તે સમે સંભારીને ઘણું આશ્ચર્ય પામીને એમ બોલ્યા જે, " એ વાત કોઈ મનુષ્યથી થાય નહિ. આ તો કોઈ મોટા ઈશ્વર છે. જુઓને ! બાર મહિના સુધી સામાન ભેળો કરે ત્યારે શહેરની ચોરાસી થાય ! ને સ્વામિનારાયણે તો નોતરા ને સામાન એક દિવસે કર્યું ને કીડી-કાગડા નહિ આવે તે પણ ક્યાંઈ ન મળે એ મોટા પરચો." એમ સર્વે બોલતા જાય ને જમતા જાય.

પછી શ્રીજીમહારાજ ઘોડે અસ્વાર થઈને સર્વે વિંટાણા થકા સર્વે બ્રાહ્મણને બે વાર પ્રદક્ષિણા કરીને લક્ષાવધી મનુષ્યને દઈને પાછા મંચ ઉપર વિરાજમાન થઈને બોલ્યા જે, આવી મનુષ્યની ભીડ તો કોઈ ઉત્સવમાં થઈ નથી. આ તો " ન ભૂતો ન ભવિષ્યતિ " એવી ભીડ થઈ છે. તે ફેર પોતે કાંકરિયામાં ઘણીવાર સખા સહિત જળક્રિડા કરીને સર્વ હરિભક્તોને સુખ દેતા હવા.

એક દિવસ કાંકરિયા તળાવને વિષે સ્નાન કરીને ઉગમણી પાળે ગરનાળા ઉપર બેસીને વિધિ કરીને પ્રેમી ભક્ત લાવ્યા જે થાળ તેને પોતે જમીને ઉતારે પધાર્યા. એક દિવસ તે તળાવની દક્ષિણાદિ પાળે પથ્થરનો ગોખ હતો તેમાં પોતે દક્ષિણાદે મુખારવિંદે વિરાજ્યા ને સર્વે સંતને દેશદેશના હરિભક્તની સભા થઈને સમે જ્ઞાનવાર્તા ઘણી કરી. પછી આરતી કરીને ઉતારે આવ્યા. એવી રીતે ઘણીક લીલા કરીને સુખ દીધું. એક દિવસ મંચ ઉપર વિરાજમાન થયા ને દામોદરને કહ્યું જે સંઘમાં સહુને સંભળાવો કે જેને પૂજા કરવી હોય તે કરે. પછી સહુએ પૂજા કરી પણ એકલી બાઈઓ રહી.. તે સર્વ આવીને મહારાજની પૂજા કરતી હતી.

ત્યાંથી મહારાજ જેતલપુર પધાર્યા ને પછી વાંસેથી દુલાપસાહેબને એરણસાહેબની ભેળી મેડમો (પત્નીઓ) લઈને, ત્યાં શહેરમાંથી કાંકરિયે તળાવ આવીને પૂછ્યું જે સ્વામિનારાયણ ક્યાં છે. ? ત્યારે



Final



કુબેરસિંહે કહ્યું જે સ્વામિનારાયણ તો ગઢડે પધાર્યા છે. પછી તે સાહેબ કરડીને બોલ્યા જે અહો ! એ ક્યાં સામાન પડા હે ? બ્રાહ્મન સબ જીમતા હૈ એ સબ છોડકે ચલે ગયે ? બડા ઓલિયા, બડા ઓલિયા, એમ બે વાર બોલીને પછી સર્વ સામાન ફરીને જોઈને કહ્યું જે, અમારા જેવું કામકાજ હોય તો કહેવું. - સદ્. ભુમાનંદ સ્વામીની વાતો, ૧૮૭૮ની લીલા.

## ● ચોરાસીમાં લાલદાસ ગોરાની સેવા

નરનારાયણદેવની પ્રતિષ્ઠા કર્યા પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી આદિ સદ્ગુરુને બોલાવીને કહ્યું કે, નરનારાયણ પધરાવ્યા તે માટે બ્રાહ્મણ જમાડવા જોઈએ. પછી આનંદ સ્વામીને પૂછ્યું કે, તમારા કોઠારમાં રૂપિયા હોય તો અહીંના બ્રાહ્મણને જમાડિયે. આનંદાનંદ સ્વામીએ કહ્યું કે, કોઠારમાં તો કાંઈ નથી. મહારાજ કહે કોઈ ધનાઢ્ય હરિજન રૂપિયા આપે એવો છે ? આનંદાનંદ સ્વામી કહે, એવો ધનાઢ્ય હરિજન તો મારી પાસે કોઈ નથી કે જે આપણને રૂપિયા આપે. પણ એક લાલદાસ ગોરા છે તે થોડાક જ રૂપિયાનો આસામી છે. એટલે મહારાજે લાલદાસ ગોરાને બોલાવીને પૂછ્યું કે, તમારી પાસે કેટલા રૂપિયા છે ? તેમણે કહ્યું કે મારી પાસે સાત હજાર રૂપિયા છે અને એટલાનો જ હું આસામી છું.

મહારાજે પૂછ્યું કે એ રૂપિયા તમે અમને આપશો ? લાલદાસે કહ્યું કે, મારા ઘરનાં માણસોને પૂછીને કહીશ. મહારાજ કહે, જાઓ ત્યારે ઘરના માણસોને પૂછી આવો.

લાલદાસે ઘેર જઈને પૂછ્યું કે, આપણી પાસે સાત હજાર રૂપિયા છે તે મહારાજ માગે છે. ત્યારે ઘરના માણસોએ કહ્યું કે, એ રૂપિયા મહારાજે આપણને આપ્યા છે. એટલે મહારાજના જ છે. માટે મહારાજને આપી દો. એમાં મને પૂછવાનું શું ? આપણે તો રળી ખાઈશું. આવી વાત સાંભળી લાલદાસ સાત હજાર રૂપિયા લઈ

મહારાજ પાસે આવ્યા અને તેમની પાસે રૂપિયા મૂકી દીધા. પછી મહારાજે બ્રાહ્મણની નાતના પટેલિયા બોલાવ્યા અને પૂછ્યું કે પરમ દિવસે ચોરાસી જમશોને ? પટેલિયા કહે કે, ચોરાસીનો સામાન તો કંઈક છે નહિ ને પરમ દહાડે ચોરાસી કરવાનું કહો છો તે શી રીતે બનશે ? મહારાજ કહે, તમારે સરસામાનનું શું કામ છે ? હા પાડો ને ! એટલે બ્રાહ્મણોએ ચોરાસીની હા પાડી પછી મહારાજે મોટા મોટા સત્સંગીને બોલાવીને કહ્યું કે તમે બધા ચૌટામાં જઈને ઘી, ગોળ, ઘઉં, ચોખા વગેરે સરસામાન લઈ આવો ને પરમ દહાડે ચોરાસી કરવી છે. બધાએ સરસામાન લાવી લાવી કાંકરિયા તળાવ ઉપર પહોંચાડ્યો. મહારાજ ત્યાં પધાર્યા અને બોલ્યા કે અમારી પૂજા કરવી હોય તે બ્રાહ્મણની પંક્તિ થયા પહેલા કરે. આજે બ્રાહ્મણની પંક્તિ થશે ત્યારે અમારે ચાલવું છે.

જેરામ બ્રહ્મચારી અને નાનાભાઈ પાસે આ રીતે સંઘમાં સાદ પડાવ્યો. મહારાજ ગાદી તકિયા નંખાવીને મંચની નીચે બિરાજતા હતા. હરિજન બધા પૂજા કરતા હતા ને ભેટ ધરતા હતા. મહારાજના કોઠારી પ્રભાશંકર તથા લાધો ઠક્કર મહારાજને પગે ધરેલી ભેટ લેતા હતા. બધા હરિજન પૂજા કરી રહ્યા પછી લાધા ઠક્કરે ભેટના રૂપિયા ગણ્યા તો સાત હજારને અર્ધો રૂપિયો થયા. આ જોઈને લાધો ઠક્કર બોલ્યા કે, મહારાજ, આ તો ભાતા માટે પણ ન વધ્યું. મહારાજ કહે - અમે સાથે છીએ પછી ભાતાનું શું પ્રયોજન છે ? એવી રીતે પોતાનો અલૌકિક પ્રભાવ જણાવતા હતા. તે પછી સાત હજાર રૂપિયા લાલદાસભાઈ ગોરાને પાછા આપ્યા. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૩૭)*

- **કાંકરિયા સરોવર સિધ્ધરાજ જયસિંહે બંધાવીને તેનું ભર્યું કર્યું ત્યારે બ્રાહ્મણોની ચોરાસી કરેલી**

મચ્છંદરનાથ પછીના અવતારે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહ થયા હતા. તેમણે બહુ દાન-પુણ્ય કર્યું. એકસોને આઠ



Final



તળાવો ગળાવીને પાકા બંધાવ્યા હતા. તેમાં અમદાવાદનું કાંકરિયા તળાવ જે પરમહંસો સાથે શ્રીહરિએ ઘણીવાર જળક્રિડા કરી છે એવું પ્રસાદીનું તથા ધોળકાનું, સાયલાનું, ચંદ્રાસરનું વગેરે તથા સિધ્ધપુરનો રુદ્રમાળ તથા વઢવાણનું રાણકદેવીનું મંદિર પણ તેમણે બંધાવ્યું હતું.

અને સિધ્ધરાજ જયસિંહ કાંકરિયા તળાવ પુર્ણ બંધાઈ રહ્યા પછી તેનું ભર્યું કર્યું ને બ્રાહ્મણોની ચોરાસી કરવા સારુ છ માસ સામાન ભેળો કર્યો હતો ને તેણે તે વખતે કાંકરિયા સરોવરે ચોરાસી કરી હતી. *(સ્વામિનારાયણ સંહિતા અધ્યાય ૩૬) તથા શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ ૩ વાર્તા ૨૪૭,*

- **કાંકરિયા ઉપર સભામાં સાહેબો આવ્યા**

ફાગણ સુદી બીજના દિવસે સવારમાં વહેલા ઉઠી શ્રીહરિ બધાં સાથે સરોવરમાં સ્નાન કરી પૂજા વગેરે નિત્યકર્મ કરી મંચ ઉપર આવીને બિરાજ્યાં. સંત-હરિભક્તોની સભા થઈ. ત્યારે ત્યાં બે સાહેબો અશ્વ ઉપર બેસીને આવ્યા. સભાની બહાર દૂર ઊભા રહ્યા. કુબેરસિંહે પાસે જઈને તેમને સભામાં આવવા કહ્યું ત્યારે તેઓએ કહ્યું કે સ્વામિનારાયણ દેશમાં બહુજ વિખ્યાત છે. તેમનાં મત જેવો બીજો કોઈપણ મત વિખ્યાત નથી. તેનું શું કારણ છે તે જોવા માટે અમો આવ્યા છીએ. કારણ જાણ્યા સિવાય તેની મોટપ જાણવામાં આવતી નથી. સભાની રીત અમો જોઈ ત્યારે કારણ જોવામાં આવ્યું એટલે અમને આનંદ થયો. હવે શ્રીહરિ આજ્ઞા કરે તો અમે તેમની પાસે આવીએ, તમો ત્યાં જઈ તેમની મરજી પૂછો. ત્યારે કુબેરસિંહ શ્રીહરિ પાસે આવવા આજ્ઞા આપી અને હરિભક્તોની સભામાં તેમને આવવા માટે રસ્તો કરાવ્યો. એટલે તે બેય સાહેબો અશ્વ ઉપરથી ઉતરી સભામાં શ્રીહરિ પાસે આવી ટોપી ઉતારી પગે લાગીને બોલ્યા કે ઉત્તમ પુરુષ હોય તે ઉત્તમ વાતને ગ્રહણ કરે છે, તેથી તે ઉત્તમ

ગણાય છે. આપે સ્ત્રી પુરુષોની સભા જુદી પાડી છે. તે ઘણીજ ઉત્તમ રીતનો પ્રચાર કર્યો છે. જગતમાં તો દરેક ઠેકાણે ત્યાગી-ગૃહી સ્ત્રી-પુરુષો એકાકારે વર્તે છે. આપનાં સંતો સામા ત્યાગી છે. ચિત્રની કે પાષાણાદિકની સ્ત્રીને પણ તેઓ અડતા નથી. અષ્ઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે. અને આપના ગૃહસ્થ શિષ્યો પણ ઘટે તેમ નિયમમાં તત્પર રહે છે. બાઈની સભામાં બાઈઓ મલાજાથી બેસે છે. ભાઈની સભામાં ભાઈઓ મલાજાથી બેસે છે. વ્યસન કેફ માત્રનો ત્યાગ કરે છે. આવી રીત તમારા સંતો-હરિભક્તોની જોઈ તેથી અમે ખૂબ પ્રભાવિત થયા છીએ. વળી જોયું છે કે સ્ત્રીનો ગુરુ સ્ત્રી જ હોય છે. ને તેથી તે મોક્ષને પામે છે. જેને માથે ધણી છે એવી જે સ્ત્રી તે પોતાના સ્વામી પાસે ભણે તેમાં કોઈ બાધ નથી. એવી સ્ત્રીની પાસે સર્વ સ્ત્રીઓ-સધવા-વિધવા ભણી શકે. તમારા મતમાં આવી રીત છે તે અમે દેખવા આવ્યા છીએ. તે સાંભળી શ્રીહરિ કહે : અમારા આશ્રિત જે ત્યાગી-ગૃહી છે તેઓ જ્યાં સુધી ધર્મમાં ચાલે ત્યાં સુધી અમે તેમને અમારા માનીએ છીએ. અને જે અમને (સ્વામિનારાયણને) ઈષ્ટદેવ અને કારણના કારણ માનીને પોતપોતાના ધર્મમાં રહી ભક્તિ કરે છે તે અમારા છે. એમ શ્રીહરિએ ઘણી વાતો કરી. તે સાંભળી સાહેબો આનંદ પામ્યા. પછી ત્યાંથી ચાલતા થયા.

### ● કાંકરિયા શ્રીહરિના દર્શને પરશૂરામજી પધાર્યા.

શ્રીનગરમાં શ્રીજીમહારાજ શ્રી નરનારાયણ પધરાવ્યા માટે ગયા હતા. અને કાંકરિયા સરોવરના દક્ષિણ કીનારે ઉતર્યા હતા. તે સમયે પરમશુરામજી મહારાજના દર્શન આવ્યા. મહારાજ તેમને જોઈ રહ્યા, એટલે ભક્તજનોએ શ્રીજીમહારાજને પૂછ્યું કે આપ કોને જોઈ રહ્યા છો ? શ્રીજી કહે પરશુરામજી અમારા દર્શન આવ્યા છે તેને જોઈએ છીએ. - સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો, વાર્તા - ૧૧૩



Final



### ● શ્રીહરિનાં દર્શને નવ યોગેશ્વરો આવ્યા

બરાબર તે જ સમયે સભામાં ઋષભદેવના પુત્ર, જ્ઞાનોપદેશમાં પ્રવિણ, ક્રોધાદિ દોષો રહિત, હરિધ્યાનપરાયણ, બ્રહ્મનિષ્ઠ (૧) કવિ, (૨) હરિ, (૩) અંતરિક્ષ, (૪) પ્રબુદ્ધ, (૫) પીપ્પલાયન, (૬) આવિર્હોત્ર, (૭) દ્રુમિલ, (૮) ચમસ, (૯) કરભાજન, આ નવ - યોગેશ્વરો આવ્યા. તેઓ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા. પછી ધર્મનંદન શ્રીહરિ તેમનો સત્કાર કરી પવિત્ર સારા આસનો ઉપર બેસાડીને તેમને કુશળ સમાચાર પૂછવા લાગ્યા કે હે યોગેશ્વરો ! તમો અંતરાત્મા અને દેહથી સુખી છો ને ? તમારા આગમનથી અમોને ઘણો આનંદ થયો છે. 'હે જયંતીનંદન ! જેવા તમે અમને વહાલા છો તેવો અમારો આ દેહ પણ અમને પ્રિય નથી. બ્રહ્માદિ દેવોપણ તમારા જેવા પ્રિય નથી. હે મહાભાગ ! તમો બાલ્યાવસ્થાથી જ તમારા પિતાના ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરી ત્યાગી થઈ મારું ભજન કરો છો તેથી તમો મને અત્યંત પ્રિય છો. અમૃત સમાન શ્રીહરિની વાણી સાંભળી તે યોગેશ્વરોને સમાધિ કરાવી સગુણ-નિર્ગુણ ઐશ્વર્યના આશ્રયભૂત પોતાના દિવ્ય તેજોમય સ્વરૂપનું દર્શન કરાવ્યું. તે યોગેશ્વરો શ્રીહરિના દિવ્યસ્વરૂપનાં દર્શન કરી આશ્ચર્ય પામી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા હે હરે ! આપ અનંત જીવોના કલ્યાણ કરવા શ્રીનરનારાયણ દ્વારા દુર્વાસાના શાપનું નિમિત્ત કરી ધર્મદેવ અને ભક્તિદેવીથી આ ભરતખંડમાં મનુષ્યરૂપે પ્રગટ થયેલા આપ આ યોગેશ્વરો મારા છે એમ માનવા કૃપા કરશોજી.

ઉપર પ્રમાણે ગદ્ગદ્ વાણીથી સ્તુતિ કરતા તે યોગેશ્વરોને શ્રીહરિ હસતા થકા કહેવા લાગ્યા કે હે તાપસો ! તમો મારાજ છો. કારણ બ્રહ્માદિ દેવને પણ દુર્લભ એવું મારું દર્શન તમોને થયું તે તમારા અહોભાગ્ય છે. માટે હે યોગેશ્વરો ! તમો બદરિવનથી અહીં આવ્યા છો માટે અત્યારે બદરીવનમાં પાછા જાઓ. ત્યાં નર સહિત

નારાયણ ઋષિરૂપ મારું દર્શન તમો કરો. પછી થોડા સમયમાં તમો મને પામશો. શ્રીહરિની આજ્ઞા મળતાં તે યોગેશ્વરો શ્રીહરિને ત્રણ પ્રદક્ષિણાઓ કરી વારંવાર નમસ્કાર કરતા બદરિવનમાં જવા ઉત્તર દિશામાં ચાલ્યા ગયા.

● **શ્રીહરિ તથા ચોરાસીના દર્શને મુક્ત આવ્યા**

આવે સમયે તે સભામાં કોઈ ફકીરના વેષમાં આવીને બેઠા હતા. તે શ્રીહરિની સમીપ આવ્યા. તેણે એક માત્ર કફની પહેરી હતી. તે સિવાય બીજું કાંઈ તેની પાસે હતું નહિ. માથા ઉપર વાળ રાખેલા હતા અને તે પણ છૂટા હતા. તે સુંદર લાંબા વાળ મસ્તક ઉપર છૂટા ઝૂકી રહ્યા હતા. તેની ઉંમર ચાલીશ વર્ષની આસપાસ દેખાતી હતી. તેણે આગળ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી તે શ્રીહરિની સમીપે આવીને ચાર ઘડી સુધી ઉભા રહ્યાં. જ્યાં સુધી તેણે શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યાં સુધી તેણે આંખનું એક મટકું પણ ભર્યું ન હતું. સામી બાજુથી શ્રીહરિ પણ તેનાં નેત્રમાં પોતાની વૃત્તિ જોડીને તેને તે રીતે જ દેખી રહ્યા હતા. શ્રીહરિ કાંઈ બોલ્યા નહિ અને તે યોગી પણ કાંઈ બોલ્યા નહિ. તેઓ બંને પરસ્પર નેત્રની વૃત્તિથી એકબીજાને સમજી ગયા હતા. તે સમયે શ્રીહરિની પાસે દશ બાર કેળાની એક લૂમ આવી. શ્રીહરિએ યોગીને તે લૂમ આપી. તે કેવા યોગી છે.? તે કોઈને કળાયું નહિ, પણ વૃત્તિના લક્ષથી તેને જાણી લીધા કે આ કોઈ અદ્‌ભૂત મુક્ત છે. તે શ્રીહરિની ખાલી મરજી લેવા આવ્યા હતા અને મરજી લઈને ચાલ્યા ગયા.

● **પ્રતિષ્ઠા, ચોરાસીના ખર્ચમાં સુરતના ભાઈચંદ શેઠ તથા અરદેસર કોટવાળનું યોગદાન**

અમદાવાદમાં શ્રીહરિએ શ્રીનરનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા કરી પછી અમદાવાદની શહેર ચોરાસી કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય કરતા પહેલાં શ્રીહરિએ પોતાના અગ્રગણ્ય સંતો જેમ જેમ





તેમને મળતા ગયા તેમ તેમ તેમની સાથે ચર્ચા વિચારણા કરેલી. આ ચર્ચા વિચારણાના પ્રસંગે જુદા જુદા ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં જેવા જાણ્યા-સાંભળ્યા તેવા વર્ણવ્યા છે. તેનો સાર નીચે પ્રમાણે છે.

આનંદ સ્વામીએ એક કાગળ શ્રીજીમહારાજના હાથમાં આપ્યો. તે વાંચી શ્રીજીમહારાજ બોલ્યા જે સ્વામી ! આવું ખર્ચ કરશો તો અહીંથી ઝોળી ઉપાડવી પડશે. ત્યારે સ્વામી બોલ્યા જે શિખરબંધ મંદિર કરાવવા માંડ્યું છે તે ખર્ચ તો થશે જ તો ! શ્રીહરિ કહે કેમ કરીશું ? હાલ તો રૂપિયા નથી. તેવામાં સુરતથી ભાઈચંદ શેઠ ને અરદેસર કોટવાળ આવ્યા. ને શ્રીજીને વિચારમાં પડેલા જોઈ કારણ પૂછ્યું. જવાબમાં શ્રીહરિએ પેલો કાગળ બતાવ્યો. તે વાંચી તે બન્ને જણે દોઢ દોઢ હજારની હુંડીઓ હઠીભાઈ હેમાભાઈની દુકાને મૂકીને રૂપિયા લાવી દીધા. પછી હીરાચંદ શેઠ આવ્યા. તેમને શ્રીહરિએ પૂછ્યું કે જેતલપુરના યજ્ઞના કેટલા રૂપિયા ગોવિંદ સ્વામીએ તમારી પાસે મૂક્યા છે ? હીરાચંદ શેઠે કહ્યું કે મહારાજ ! સાડા ત્રણ હજાર છે. શ્રીહરિ કહે આ આનંદ સ્વામી જેમ જેમ માગે તેમ તેમ તેમને મંદિરના કામમાં આપજો.

● **પંક્તિનાં દર્શને શ્રીહરિ ઘોડા ઉપર બેસીને પાંચ પ્રદક્ષિણા કરી**

વિ.સં. ૧૮૭૮ ના ફાગણ સુદ ૫ ના રોજ સવારથી જ સભામાં ઉપરોક્ત કાર્યક્રમમાં બપોરનો સમય થયો. તે દરમ્યાન બધી જ રસોઈઓ તૈયાર થઈ ગઈ હતી. વિપ્રોને જમવા માટે પંક્તિઓ બેસાડવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. શહેરમાંથી જમવા માટે વિપ્રો પોતપોતાનાં કુટુંબો સહિત આવવા લાગ્યા હતા. આશરે ત્રણેક વાગ્યા સુમારે જમવા માટે પંક્તિઓ બેસી ગઈ. દરેક નાતોના વિપ્રો પોતપોતાની નાતની ગોઠવણ પ્રમાણે વ્યવસ્થિત બેસી ગયા હતા. પીરસવાનું શરૂ થયું. દરેક વસ્તુઓ પીરસાઈ ગયા. પછી



Final

શ્રીનરનારાયણદેવની જય બોલીને વિપ્રોએ જમવાનું શરૂ કર્યું. વિપ્રો જમતાં જમતાં શ્રીનરનારાયણદેવની અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના નામની જય બોલતા હતા. પીરસનારાઓ તાંબડીઓ ભરી ભરીને ગરમ ઘી પડિયામાં આપતા હતા. વિપ્રો ઘીમાં લાડુ બોળીને નરમ કરીને સબડકો ભરી લાડું જમતા હતાં. જમતા જમતા વિપ્રો લાડુનાં તથા શ્રીહરિના ખૂબ વખાણ કરતા હતા. દાળ શાક કોઈ લેતા નહી. માત્ર લાડુ જ ખૂબ જમતા હતા. વિપ્રો જમવા લાગ્યા એટલે શ્રીહરિ પીરસનારાઓને ખૂબ આગ્રહ કરીને પીરસવાની ભલામણ કરી, શ્વેત વસ્ત્રો ધારણ કરી ઘોડા ઉપર બેસી પંક્તિનાં દર્શન કરવા નીકળ્યા. આખી ચોરાસીની પંક્તિઓની પાંચ પ્રદક્ષિણાઓ કરી, આંબલીઓમાં મંચ ઉપર બિરાજમાન થયા. હિમાભાઈ શેઠની માતાએ પણ પંક્તિઓનાં દર્શન કર્યા. વિપ્રો જમી રહેવા આવ્યા ત્યારે ખૂબ ઊંચા સ્વરે ઉપરા ઉપરી શ્લોકો બોલવા લાગ્યા. તેથી આકાશ અને વન બંને ગાજી ઊઠ્યાં. એક ઘડી દિવસ રહ્યો ત્યારે બધા જમી રહ્યા. જમીને બધા વિપ્રો ખૂબ પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ દરેક વિપ્રને સારી રીતે દક્ષિણાઓ આપી સંતોષ પમાડી સૌને પોતપોતાના ઘરે જવાની રજા આપી.

એક જ દિવસમાં હજારો બ્રાહ્મણો, હજારો આગંતુકો અભ્યાગતો, તથા લાખોની સંખ્યામાં ઉત્સવ ઉપર આવેલા સત્સંગીઓના સંઘને તથા શહેરના સત્સંગીઓને એમ લાખોની સંખ્યામાં માણસોને જમાડ્યા તેથી માણસોને ઘણું જ આશ્ચર્ય થયું કે ભગવાન વિના બીજા કોઈથી આવું અદ્‌ભૂત કામ થાય જ નહિ. માટે આ સ્વામિનારાયણ જરૂર ભગવાન છે. એમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યશ સર્વે ગાવા લાગ્યા.

પછી શ્રીહરિ જમ્યા સંતો તથા વ્યવસ્થાપકો, કામ કરનારાઓ બધા જમ્યા. પછી શ્રીહરિએ ઉતારે જઈ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને



Final



તથા બ્રહ્માનંદ સ્વામી વગેરે આગેવાન સંતોને તથા શહેરના આગેવાન સત્સંગીઓને પોતાની પાસે બોલાવીને કહ્યું કે પીરસનારા સહિત તમામ બ્રાહ્મણો જમી રહ્યા છે. નવી રસોઈ બનાવવાની જરૂર નહિ પડે. માટે ચાલો હવે સીધું સામાન જોઈએ. પછી શ્રીહરિ તેઓને સાથે લઈ જ્યાં સીધાનો સામાન હતો ત્યાં ગયા. જોયું તો સામાન બધો જ જેમનો તેમ હતો (જેટલો લાવ્યા હતા તેટલો જ હતો) એક તલભાર પણ ઓછો થયો ન હતો. તે જોઈ સંતો તથા હરિભક્તોએ આશ્ચર્ય સાથે માન્યું કે આ શ્રીજીમહારાજનો જ પ્રતાપ છે. પછી શ્રીહરિએ તે બધાને કહ્યું જે તમો આ સામાન સંભાળો. તે માટે જોઈએ તે સંતોને તથા કામકાજમાં રાખ્યા હોય તે તમામ હરિભક્તોને અહીં રાખજો. પછી રસોડાએ જઈને જોયું તો લાડું ઘણા જ પડ્યા હતા. તે જોઈ શ્રીહરિએ કહ્યું કે વિપ્રોએ લાડુ બહુજ કર્યા તેથી અડધો અડધ વધ્યા છે. તો સંઘમાં જે જમ્યા વિના રહ્યા હોય તે તમામને બોલાવીને જમાડજો. શહેરના હરિભક્તોને તથા આખા ખોખરા મહેમદાવાદ ગામમાં જેટલા માણસો છે તે તમામને બોલાવીને જમાડજો. દાળ, ભાત, શાક પણ ઘણાં જ છે. કાંઈ ખૂટે તેમ નથી. બીજા અન્નાર્થીઓ આવે તેમને પણ જમાડજો. તેમ કરતાં પણ જો લાડુ વધે તો બહારગામોથી આવેલા હરિભક્તોને ભાતામાં આપજો. અને વધેલો બધો જ સામાન હાલ મંદિરમાં મોકલી આપજો. પછી સવારે વેપારીઓએ કરાર પ્રમાણે તેનો માલ પાછો આપજો. તેમ છતાં વધે તેની યોગ્ય વ્યવસ્થા કરજો જેથી બગાડ ન થાય.

ઉપર પ્રમાણે ફાગણ સુદી ત્રીજ, ચોથનો રાત્રી દિવસનો તથા પાંચમનો આખા દિવસનો ખુબ પરિશ્રમ હોવાથી શાંતિ પ્રિય શ્રીહરિ પાંચમની મોડી રાત સુધી વધેલા માલસામાનની વ્યવસ્થા કરવાની ઉપર પ્રમાણે ભલામણ કરી, પોતાના તંબુમાં જઈને પોઢી ગયા.

Final

● **કરી ચોરાસીને મટાડી લખચોરાસી**

આપ તો સાક્ષાત્ ભગવાન છો. તે આપે ચોરાથી કરી ત્યારે અમે જાણ્યું. આ અમદાવાદ શહેરની ચોરાસી કરવાની કોઈ હિંમત કરતા નથી. આપે એક પહોર વારમાં જે જોઈએ તે બધો સામાન કઈ રીતે ભેગો કરી દીધો ? આપ પોતે ધન રાખતા નથી અને બીજા પાસે રખાવતા પણ નથી. ધન સિવાય આવું કામ થાય નહિ. ધન વિના ચોરાસી કરવાની વાત કરવી તે સુગમ નથી. કરોડપતિ શાહુકાર હોય, તો પણ કોઈ ચોરાસી કરતા નથી. વધારે ને વધારે ધન ભેળું કરવા માટેનો સંકલ્પો મનુષ્ય રોજ રોજ કરતો રહે છે. એમ કરતા જો મનુષ્ય મરી જાય તો સર્પ થાય છે અથવા ભૂત થાય છે. લોકોને ધન મળે છે, પણ ચોરાસી કરતા નથી તેઓ ક્યારેય લખચોરાશીને તરશે નહિ. આપ તો લખચોરાસીને મટાડનારા છો અને થોડું પણ ધન રાખતા નથી. છતાં પણ આપે અપાર ચોરાસીઓ કરી છે, કેટલાય યજ્ઞો કર્યો છે અને કેટલાય વિપ્રોને કન્યાદાન અપાવ્યા છે. કેટલાય વિપ્ર બાળકોને યજ્ઞોપવિત અપાવી છે અને કેટલાય બ્રાહ્મણોને અશ્વ, વસ્ત્ર તથા ધન વગેરેનું અપાર દાન આપ્યું છે.

● **શ્રીહરિ મંચ ઉપર બિરાજીને સર્વને દર્શન આપતા હતા**

તે જગ્યાએ શ્રીહરિને બેસવા માટેના બે મંચ બનાવ્યા હતા. એક પૂર્વ તરફ અને બીજો પશ્ચિમ તરફ હતો. પૂર્વ તરફનો મંચ આંબલીના એક વૃક્ષની નીચે કરેલો હતો. તે મંચ કમર જેટલો ઊંચો હતો. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ ત્યાં આવીને બેઠા. તેના ઉપર આંબલીનો ઘાટો છાયો હતો. તે મંચ ઉપર શ્રીહરિ પશ્ચિમ મુખ રાખીને બેસતા હતા અને કાંઈ વર્ણવી ન શકાય તેવી સભા થતી હતી. એક દિવસ શ્રીહરિ તે મંચ ઉપર બેઠા હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યો હતાં. ફૂલના હારમાં શ્રીહરિની મૂર્તિ નખથી શિખ પર્યંત છવાઈ ગઈ હતી. માત્ર એક મુખ કમળ દેખાતું હતું. તેની અદ્‌ભૂત શોભા કહી શકાતી નથી.





● **"જમતાં જમતાં જાય પ્રાણ, તેના આપણાં કુળમાં થાય વખાણ"**

કાંકરિયા ચોરાશીમાં બ્રાહ્મણો જમતા હતા. તેના દર્શને શ્રીજી પધાર્યા અન ઊંચા હાથ કરીને બોલ્યા જે બ્રાહ્મણોને લાડવા બહુ વહાલા હોય માટે ખૂબ જમજો, તે ઉપર શ્રીજીએ વાત કરી, જે અમદાવાદ જેવું શહેર હતું. તેમાં બ્રાહ્મણો ચોરાસીમાં જમવા ગયા. ત્યાં એક પંડિત પણ ભણનારા ભેગા લઈને જમવા ગયાતા તેણે લાડવા ખૂબ ખાધા તેથી નીચું જોઈ શકે નહિ. તે વિદ્યાર્થીને ખભે હાથ મૂકીને બજારે આવતા વિદ્યાર્થીને કહે, "મારા પગમાં જોડા છે કે નથી ? ત્યારે વાણિયા કહે, "બહુ જમ્યા લાગો છો." ત્યારે પંડિત કહે, "જમ્યા તો જાની. તેને તો પાછળ ખાટલામાં ઉપાડીને લાવે છે. હું તો ચાલીને જાઉં છું." ત્યાં તો જાનીને ઉપાડીને નીકળ્યા ત્યારે વાણિયો કહે, "જાની બહુ જમ્યા ?" ત્યારે જાની કહે, જમ્યા તો તુલજારામ તે તો તળમાં રહ્યાં. ત્યાં જ મરી ગયા અને હું તો ઘેર પહોંચીશ" એમ શ્રીજીએ વાત કરી. અને વિપ્રોને રાજી કર્યા. *(શ્રી સ્વામિનારાયણ સંહિતા ચિંતામણી-૪૭)*

● **વિપ્રોએ ગળા સુધી ઘી પીધું**

શ્રીહરિએ કરેલી ચોરાસીમાં બ્રાહ્મણો જમતા જમતા "નરનારાયણ દેવની જય...સ્વામિનારાયણ ભગવાનની જય..." આ રીતે જય બોલાવતા હતા. લાડું જમનારાને તાંબડી ભરી ભરીને ઉપરથી આપતા હતા. ઘીમાં લાડુને કરીને સબડકા લેતા હતા. દાળ ભાત કર્યા હતા, પણ વિપ્રો તેને અડતા નહિ. વિપ્રો ઘીમાં ઢીલા કરીને લાડુને પીતા હતા, તે કંઠ આવે ત્યાં સુધી જમ્યા. અને તે વખતે અપાર પ્રસન્ન થયા. તે સમયે શ્લોક બોલતા હતા તેનાથી આકાશ અને વન ગાજી રહ્યુ હતું. દિવસ પાછલી એક ઘડી જ્યારે બાકી રહ્યા ત્યાં સુધી વિપ્રો જમતા રહ્યા. તે રીતે જ વિપ્ર બાઈઓ હતી તે પણ બધી ત્યાં જમતી રહી.

**● એક બ્રાહ્મણે નિષ્કુળાનંદ સ્વામીને હાથે બટકું ભર્યું**

પછી મહારાજે બ્રાહ્મણોને સીધાં દીધાં ને ચોરાશી નાતના બ્રાહ્મણોના ચોરાશી ચોકા થાય ને ચોકે ચોકે કાંઈ બગાડ ન થાય તથા જોતું કરતું હોય તે સારુ એક એક સાધુ રાખેલ તેવામાં એક નાતના બ્રાહ્મણો સીધાનું ગાડું લઈને શહેરમાં હાંકીને લઈ ચાલ્યા તે ગાડું નિષ્કુળાનંદ સ્વામીએ પરાણે પાછું વળાવ્યું ત્યારે તે બ્રાહ્મણ સ્વામીને બટકું ભરીને પરાણે ગાડું ગામમાં લઈ ચાલ્યો તે વખતે શ્રીજીમહારાજ બીજે સ્વરૂપે દસ-બાર સ્વાર સાથે ત્યાં પધાર્યા ને સ્વારોએ પીસ્તોલના અવાજ કર્યા તેથી બ્રાહ્મણ ગાડું મુકીને ભાગી ગયા પછી તે ગાડું વાળીને પાછું લાવ્યા ને મહારાજ ચોકે ચોકે ફરીને બોલ્યા કે ''લાડું ખાજો, ગોળ સાકર ઘી ખાંડ ખાજો પણ અમારા સાધુને કોઈ ખાશો નહિ'' પછી મહારાજે ગોળ રાંધવાની કડામાં સાધુ પાસે શીરો કરાવ્યો ને હજારો ગરીબ ગુરબાંને જમાડ્યાં ને કાઠીઓના સ્વારોને પણ જમાડ્યા પછી મહારાજ કાઠીના સ્વારોને સાથે લઈને બ્રાહ્મણો જમતા હતા તેને બે પ્રદક્ષિણા કરીને હજારો મનુષ્યોને દર્શન દીધાં ને પછી પાછા મંચ ઉપર બિરાજમાન થયા, પછી મહારાજ બોલ્યા કે ''આવી ભીડ્ય તો કોઈ સમૈયામાં થઈ નથી'' એમ કહીને મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામીને ભળામણ કરી કે ''આ સામાન વધ્યો છે તે બધો મંદિરે પહોંચતો કરજો ને અમે તો હવે ચાલશું'' એમ કહી સહુને મળીને ચાલ્યા તે જેતલપુર જઈને રાત્રી રહ્યા ને પછી ગણેશ ધોળકાની રાણ્યુમાં જઈને બે રાત્રી રહ્યા ને ત્યાંથી ફરતા ફરતા ગઢપુર પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી વાર્તા-૨૪૭)*

**● લાડુ અખૂટ થયા**

જ્યારે બ્રાહ્મણો જમ્યા ત્યારે શ્રીહરિ ચાલવા માટે તૈયાર થયા. અશ્વ ઉપર બેઠા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યો હતા. શ્વેત ફૂલના દશવીશ હાર શ્રીહરિએ છાતી ઉપર ધારણ કર્યા હતા. ફૂલના ગુચ્છ



Final



બંને કાન ઉપર ધારણ કર્યા હતા. પાઘમાં ફૂલના તોરા લટકતા હતા. જ્યાં ગોળ, ઘી અને લોટ રાખ્યા હતા ત્યાં આવીને તેને જોવા લાગ્યા. સામાન તો જેટલો હતો તેટલો ને તેટલો જ હતો. એક તલભાર પણ ઓછો દેખાયો નહિ.

પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે, '' હવે આ પડેલો બધો સામાન તમે સંભાળો. કામકાજમાં જરૂર હોય તેટલા સંતો અને હરિભક્તોને રાખો. વિપ્રોએ જે લાડુ કર્યા છે તે અડધો અડધ વધ્યા છે. સંઘના જેટલા હરિભક્ત છે તે બધાને જમાડો. શહેરના જેટલા હરિભક્ત છે તે બધાને પણ બોલાવીને જમાડો. તે કરતા પણ જો લાડુ બચે તો તે બધા બહારથી આવેલા હરિભક્તોને ભાતામાં આપો. મહેમદાવાદ અને ખોખરામાં જેટલા હરિભક્તો છે તેને બોલાવીને જમાડો. અને કોઈ અન્નાર્થી આવે તો તેમને પણ જમાડો.

આટલી વાત કરીને શ્રીહરિ વિપ્રોને ફરતા પાંચ આંટા ફર્યા અને પછી ત્યાથી ચાલ્યા. તે અસલાલી થઈને જેતલપુર પધાર્યા. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર ૨૨ તરંગ ૯૫, ૯૬, ૯૭, ૯૮)*

**● શ્રાવક હિમાશેઠના માતૃશ્રી અમૃતબાની સમજણ જોઈ મહેમાન પણ શ્રીહરિના આશ્રિત થયા.**

અમદાવાદમાં નરનારાયણ દેવનું મંદિર તૈયાર થઈ ગયું. મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો. એ ટાણે ભક્તોના હૈયામાં હરખની હેલી ચડી. લોકો તો ગાંડાતુર બનીને માયાનો અંચળો ફેંકી દઈ શ્રી હરિના સમૈયામાં હાલ્યા. સમૈયામાં તો લોકો નાચવા લાગ્યા. અબીલ ગુલાલ ઉડાડવા લાગ્યા. અને કીર્તનની રમઝટ બોલવા લાગી. જોવા માટે શેરીએ શેરીએ લોક ઉમટ્યું એ વખતે હિમાભાઈ શેઠના બા અમૃત બા ઝરૂખે બેઠેલા. તેણે પણ સામૈયું જોયું ને આશ્ચર્ય પામ્યા એટલે નોકરાણી ચંપાને સાદ કરી બોલાવી પૂછ્યું.''ચંપા ! જો તો ખરી,

આ સામૈયું કોનું છે ? ક્યાંય કથા બેસે છે કે કોઈ સંતપુરુષના વધામણાં થાય છે ?'' બા, યે તો સ્વામિનારાયણ સંપ્રદાયનું સામૈયું છે. તેઓએ નરનારાયણ દેવનું કાળુપુરમાં સુંદર મંદિર બનાવ્યું છે. ત્યાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા માટે ગઢડેથી સ્વામિનારાયણ પધારે છે. બા ! યે મંદિરની શી વાત કરું ! આવો કપરો સમય છે, છતાંય દેવાવાળા હૈયું મોકળું મેલી ધર્માદો કરે છે ઈ ત્યાં પ્રત્યક્ષ જોવા મળે છે. શું એની જાહોજલાલી, કળા કારીગરી તો આપણે જોતા જ રહી જઈએ. એમાંય એના સાધુ તો બધા પંથોથી નોખા હોં. એના નિયમ ધરમ બીજાથી જૂદા જ એટલે કહેવાય છે કે સાધુ થવું તો સ્વામિનારાયણના !''

''બા ! લ્યો મારા જ ઘરની વાત કરું તો, મારા ઘરવાળા અવા ખોટા લખણે ચડેલા, દારુ–જુગારના હરેડ બંધાણી, કામ ધંધો મન ફાવે તો કરે, નહીં તો ત્રણ ટાંણાં ખાઈ પીને રખડતા રહે. એમાં એક વખત મંદિરે કામે ગયેલા ત્યારે સાધુ સાથે ઓળખ થઈ ને ધીરે ધીરે ત્યાં હેવાયા થયા ને કંઠી બંધાવી ગુરુ કર્યા. પછીથી એમને સહજાનંદ સ્વામીના દર્શન થયા ને મનના ઘાટ ભાંગી ગયા. વ્યસનો છૂટી ગયા. અને એવા તો ભક્તિમાં પરોવાયા કે નવરા પડ્યા કે મંદિરે સેવા કરવા હાલ્યા જાય !''

''તો તો કોઈ વાર એના મારેય દર્શન કરવા પડશે.'' અમૃતબાને હૈયામાં ઘાટ થતા બોલ્યા. ''કોઈ વાર શા માટે ? બા ! ધરમના કામમાં ઢીલ શું ?'' એક કહેવત છે ને કે,

'કાલ કરતા આજ કર, આજ કરતા અબ,'
અવસર બીતે જાત હૈ, ફિર કરેગા કબ ?

''અહો...હો ! બાઈ, તું તો બહુ મોટી સમજદાર છે હોં ! આ ઉકરડે રતન પાક્યા જેવું છે.'' ''ઠીક છે બા, આ સંસાર માંડ્યો એટલે નિભાવવો પડે. બાકી નહીં તો બાકી આમાં સુખના સરવડા



Final



છે, મન કદીય જંપીને બેસે નહીં. અંતરમાં લાગેલી આગ તો ભક્તિના શીતળ જળ વિના ટાઢી થાય નહિ. આવું બધું મને નવરાશ મળે એટલે મંદિરે જાવ ત્યારે ત્યાં સાંખ્યયોગી બાયુ કહેતી. શું એની સમજ ? શું એની વાતું ? આપણે તો માનવ જનમ લીધો પણ મારગ જ ભૂલ્યા એની હવે સમજણ પડી. માટે કહું છું બા, કે જો તમને મનથી સાચો ભાવ જાગ્યો હોય તો આજે ખરેખરો મોકો છે. મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા આવતા સ્વામિનારાયણ ભગવાને કાંકરિયે સભા કરીને ચોરાસીનો જગન માંડ્યો છે. આખા શહેરના બ્રાહ્મણ સાધુને જમાડવાના છે. આ નિર્ણય તો કાલે જ લેવાયો છે. લોકો એ સાંભળી છક થઈ ગયા. એલા ભૈ આપણા ઘરમાં બે-ચાર મહેમાન આવવાના હોય તો તેની બે દિ પેલા તૈયારી કરીએ ત્યારે સચવાય અને આ તો હજારું લોકો જમાડવા કાંઈ નાની સૂની વાત થોડી છે ?''

''બાઈ ! સ્વામિનારાયણ કંઈ ક ચમત્કારી લાગે છે, નહિ તો આવું મોટું મંદિર અને આવા ઉત્સવ કરવા વહમા પડે.'' અમૃતબાને સાંભળતાં જ મનમાં તાલાવેલી જાગી. એ બોલ્યા, ''ચંપા, તું લખાને બોલાવી લાવ.''

થોડીવારે લખો આવી સામે ઊભો ત્યારે અમૃતબાએ કહ્યું, ''ભાઈ ! તું અને બે–ચાર જણ એક સરસ મજાની પાલખી ઝટપટ તૈયાર કરો અને મારો રથ તૈયાર કરી લાવો. મારે શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરવા જવું છે.''

લખો તો થોડી જ વારમાં રથ અને પાલખી લાવી હાજર થયો. અમૃતબાએ ચંપાને રથમાં સાથે બેસાડી પાલખી સાથે લીધી.

કાંકરિયા તળાવે તો લોકોનો જુવાળ જામ્યો હતો. અમૃતબાએ ત્યાં આવનાર ચંપાને કહ્યું ''હે બાઈ ! જો તો ખરી, આમાં આપણને સ્વામિનારાયણ કેમ મળશે ? ''બા, ધીરજ રાખો. હું હમણાં સમાચાર કહેવડાવું છું.'' કહીને ચંપાયે લખાને કહ્યું, ''તમે જાવ ને અંદર જઈ

કુંબેરસિંહ ચોપદારનું નામ પૂછી તેને અહીં બોલાવી લાવો ને !'' લખો કુંબેરસિંહ ચોપદારને મળ્યો અને કહ્યું, ''તમારું થોડુંક કામ છે.'' અમારા શેઠાણી પાસે આવશો કે ?''

ચોપદાર કુંબેરસિંહ એ જ પળે લખા સાથે રથ પાસે આવી અમૃતબાને કહ્યું, ''બોલો બા ! શા માટે મને બોલાવ્યો છે ? શું કામ છે ?''

''ભાઈ હું શેઠ હિમાશાની બા છું. અમારે ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા છે.'' ''ભલે બા ! થોડી વાર થોભો ત્યાં હું તેમને બોલાવી લાવું છું. કહી ચોપદાર પાછા ગયા અને ભગવાન સ્વામિનારાયણ પાસે જઈ વાત કરી.''

મહારાજ તો પ્રસંગ પ્રમાણે સૌને કામની વ્યવસ્થા સોંપતા હતા. છતાં ભક્ત આધીન ભગવાને ભક્ત હૈયાનો ભાવ જોતાં બધું કામ છોડી ચોપદાર સાથે ચાલવા પગલાં માંડ્યા.

અમૃતબાના રથથી થોડે દૂર ઊભા. અમૃતબા રથથી નીચે ઊતરી પંચાગ પ્રણામ કરી દર્શન કરતા મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયા. ત્યારે તેને ચોવીસ તીર્થંકરના સ્વરૂપ વર્તાયા એ જોઈ અમૃત બા ખૂબ રાજી થયા. અને પંદર સો રૂપિયાની ભેટ ધરી. કહ્યું, ''હે મહારાજ ! આપને માટે હું પાલખી લાવી છું તેમાં બિરાજી આપ સંઘમાં વિચરણ કરો, જેથી સૌને આપનાં દર્શન થાય અને સુખ અને શાંતિ મળે. તેમજ અમારી પાલખી પવિત્ર થાય.'' એવો નિર્મળતાનો ભાવ જોઈ મહારાજ પણ પાલખીમાં બેઠા અને સર્વત્ર સભામાં ફર્યા. સૌએ. દર્શન કરી આનંદ અનુભવ્યો.

આ પ્રસંગ પછી તો અમૃતબા પણ અવાર-નવાર મંદિરે દર્શન કરવા જતા અને સત્સંગમાં બેસતા. એક વખત ભિક્ષા માટે સંતો વિચરણ કરતા રતનપોળમાં ગયા. અને ''નારાયણ હરે...જય સચ્ચિદાનંદ પ્રભુજી'' કહી પોળના નાકે પોકાર પાડી ઊભા. સંતોના



Final



શબ્દો સાંભળી અમૃતબા ઝરૂખે આવ્યા અને જોયું એ જ વેળા નોકરને બોલાવી કહ્યું,

''જા પેલા સંતોને કહે કે, હવે તમે બીજે ક્યાંય ભિક્ષા કરવા જતા નહિ, હમણાં તમારે ત્યાં સીધું સામગ્રી મોકલાવું છું. પછી મંદિરે સિધા મોકલ્યા. તે જોઈને ત્યાં આવેલા મહેમાન બોલ્યા.

''બા ! આપણે તો શ્રાવક કહેવાઈએ અને તમે સ્વામિનારાયણના સાધુને સીધા મોકલ્યા ?'' હા, ભાઈ હું જાણું છું પણ એવો ટૂંકો જીવ તમે ન રાખશો. કોઈ પણ ધર્મમાં દાન-ધર્માદો કરતા પોતાનો ધર્મનાશ થતો નથી. આવા સમર્થ સાધુના ગુરુના મેં દર્શન કર્યા ત્યારે મને તેનામાં સાક્ષાત આપણાં તીર્થંકારોનાં દર્શન થયા હતા. એ અનુભવ મેં જોયો છે. અને સાધુ—બ્રાહ્મણ કે ગરીબને ભોજન કરાવવાથી તો મોટું પુણ્ય મળે છે. એમ બધી વાત વિચારી મેં સામગ્રી મોકલી છે, તેથી તમારો જીવ બગાડો નહીં.''

અમૃતબાની વાત સાંભળી મહેમાન પણ આશ્ચર્ય પામ્યા અને ઘેર જતાં પહેલાં નરનારાયણદેવના દર્શન કરવા ગયા, ત્યારે સંતોનો પરિચય થતા તેઓ પણ ભાવથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બન્યા. *(નારીરત્નો – ૧૭)*

- **ચોરાસીમાં મરેલા બળદને શ્રીહરિએ જીવનદાન આપ્યું**

શ્રીહરિ કાંકરીયા સરોવર ઉપર વિપ્રોની ચોર્યાસી કરવા માટે સીધા વગેરેની તૈયારી તથા વ્યવસ્થા કરાવતા હતા. તે વખતે ખંભાતથી શ્રાવક વાણિયાનો મોટો સંઘ કેસરીયાજી યાત્રા કરવા જતો હતો. તેમણે રસ્તામાં કાંકરીયા સરોવર ઉપર પાણીની તથા છાંયાની સારી સગવડતા જોઈ ત્યાં એક તરફ ઉતારો કર્યો. તેમને મળવા શહેરના ઘણા વાણિયા આવ્યા. તેમણે સંઘવાળા વાણિયાઓએ પૂછ્યું જે આટલા બધા તંબુ કોના છે અને આટલું બધું સીધું સામાન શું કરવા કરાવ્યું છે ? ત્યારે તે વાણિયા બોલ્યા જે સ્વામિનારાયણ

ભગવાન કહેવાય છે તેમણે અહીંયા મોટું મંદિર કરાવી દેવ પધરાવ્યા છે. તે નિમિત્તે તેઓ ચોર્યાશી કરવાના છે તે માટે આ સીધું તૈયાર કરાવ્યું છે. પછી શહેરના વાણિયાઓ પોતાને ઘેર ગયાં. સંઘવાળા કેટલાક માણસો સીધું સમાન લેવા શહેરમાં ગયા તે વખતે સંઘના ગાડાંના ચાર-પાંચ બળદીયા છૂટી ગયા ને સામસામા બાઝી પડ્યા. તેમાં એક બળદ રાસની ઘુંચમાં આવી જવાથી તેના ગળામાં દોરડું પેસી ગયું તેથી તે બળદ મરણ પામ્યો. તે જોઈ સંઘના માણસો ઉદાસ થયા. તેવામાં તે બળદનો માલિક ગામમાંથી આવ્યો. તે પોતાનો બળદ મરેલો જોઈ પોક મૂકી રડવા લાગ્યો. તે સાંભળી શ્રીહરિ બોલ્યા જે આટલું ઉતાવળું કોણ રડે છે ? ત્યારે સેવકોએ કહ્યું જે અહીંયાં જે વાણિયાનો સંઘ ઊતર્યો છે તે સંઘવાળાના ગાડાનો એક બળદનો માલિક રુવે છે. પછી સંઘવાળામાં કોઈકે તેને કહ્યું જે તમે આ પાસેના તંબુમાં જાવ, તેમાં સ્વામિનારાયણ છે. તેમને લોકો ભગવાન કહે છે, તો જો ભગવાન હશે તો તારો બળદ જીવતો કરશે. એટલે તે ગાડાવાળો શ્રીજીના તંબુ પાસે આવીને રોવા લાગ્યો તેને શ્રીજીમહારાજે પાસે બોલાવીને કહ્યું જે તું શા માટે રડે છે ? ત્યારે તે બોલ્યો જે મારો સારામાં સારો સિત્તેર રૂપિયાનો બળદ મરી ગયો છે. ત્યારે શ્રીજી બોલ્યા જે એટલી વારમાં શાથી મરી ગયો ? ત્યારે તેણે બધી વાત કરી. ત્યારે શ્રીહરિ બોલ્યા જે પશુ એકદમ ન મરે. થોડો ઘણો જીવ હશે. ત્યારે તે બોલ્યો જે તેમાં જરા પણ જીવ નથી. ત્યારે શ્રીહરિ કહે, ચાલ દેખાડ જોઈ. એમ કહી બળદ પાસે ગયા ને તે બળદને જોઈ શ્રીજી બોલ્યા જે આનો જીવ કપાળે ચડી ગયો છે તે હમણાં ઊઠશે. તે સાંભળી સંઘનાં તથા બીજાં માણસો મનમાં વિચાર કરવા લાગ્યાં કે મરેલા જીવતાની તો ખબર નથી ને ભગવાન થયા છે. શ્રીજીએ તે લોકોના વિચારો અંતર્યામીપણે જાણી તે બળદવાળાને કહ્યું જે તે બળદના કાનમાં તું પાંચ વાર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ



Final



એમ બોલ એટલે તે સારો થશે. તેણે તે પ્રમાણે કર્યું એટલે તત્કાળ બળદ જીવતો થયો. શ્રીહરિનો આવો અદ્‌ભૂત પ્રતાપ જોઈ સંઘવાળા અને બીજા માણસો આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિને પગે લાગી ખૂબ વખાણ કરવા લાગ્યા. એમ શ્રીહરિએ પ્રતાપ બતાવ્યો.

- **છાપો લેવાની આજ્ઞા શ્રીહરિએ કરી**

ફાગણ સુદ છઠના દિવસે સવારે શ્રીહરિ વહેલા ઉઠી સ્નાન, સંધ્યા વંદન વગેરે પોતાના નિત્ય નિયમો કરી સંત-હરિભક્તો સહિત મંદિરમાં પધાર્યા. દેવનાં દર્શન કરી સભામાં બિરાજ્યા. પછી પોતાના ઉદ્ધવ સંપ્રદાયને અનુસારે શ્રીનરનારાયણાદિક દેવોની પૂજાની તથા ઉત્સવોની તથા થાળ, વહીવટ વગેરેની બરાબર વ્યવસ્થા કરી. પછી શ્રીહરિએ શ્રીનરનારાયણ તથા શ્રીહરિકૃષ્ણ એવા નામવાળી અને શંખ, ચક્ર, ગદા, પદ્મ એ ચાર આયુધોથી શોભાયમાન ચાંદીની ચાર છાપો બનાવરાવી હતી તે છાપો શ્રીહરિએ સભામાં સર્વે સંતહરિભક્તોને બતાવીને કહ્યું જે અમારી આજ્ઞાથી અત્યંત પવિત્ર એવા શ્રીનરનારાયણના મંદિર રૂપી આ ક્ષેત્રમાં, અગ્નિથી તપાવેલી અને ભગવાનના નામવાળી તથા તેમના આયુધોના ચિન્હોવાળી આ છાપો જે પોતાના બેય હાથો ઉપર લઈને ચિન્હિત થશે તેમને ક્યારેય યમનો ભય રહેશે નહિ. એટલુંજ નહિ પણ તેનાથી ભગવાન પણ રાજી થશે અને અંતે પોતાના ધામમાં લઈ જશે. આ બાબત અમો એકલાજ કહીએ છીએ. એમ નથી પણ બ્રહ્માંડ, બ્રહન્નારીદય, સ્કંદ, વામન, માર્કંડેય, આદિ પુરાણોમાં તથા સામવેદ આદિ ચાર વેદોમાં પણ છાપો લેવાનું કહ્યું છે. માટે મારા આશ્રિત વા તમો ત્યાગી, ગૃહી, સ્ત્રી-પુરુષોએ બેય હાથો ઉપર અગ્નિથી તપાવેલ છાપો લેવી. અને જે માણસ તપ્તમુદ્રા (છાપો) લઈને ચિન્હિત થશે તે જ મારો ભક્ત છે. અને જે માણસો નહિ લે તે મારા આશ્રિત નથી તે નિશ્ચય જાણો. આ પ્રમાણેની શ્રીહરિની આજ્ઞા સાંભળી બધા રાજી થયા. અને દરેકે

છાપો લેવાની આજ્ઞાને માથે ચડાવી, છાપો લેવાનો નિર્ણય કર્યો. પછી શ્રીહરિએ સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી પાસે છાપો ગરમ કરાવી. પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ભગવાન છે તો પણ મનુષ્યભાવ બતાવતા, શિષ્ટાચારનું પાલન કરતા શ્રીહરિએ સૌ પ્રથમ પોતાના બે હાથ ઉપર છાપો લીધી. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ છાપો લીધી. પછી બીજા સૌ સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓએ છાપો લીધી. ત્યારબાદ બાઈ-ભાઈ સર્વે સત્સંગીઓએ પણ નિયમ મુજબ અડધો અડધો રૂપિયો આપી છાપો લીધી. તેટલામાં શ્રી ઠાકોરજીની રાજભોગની આરતી થઈ એટલે બધા દર્શન કરવા ગયા. ત્યાં શ્રીહરિને જમવા બોલાવવા આવ્યા એટલે પોતે જમવા પધાર્યા. પોતે જમીને દરેકને જમાડ્યા. પછી શ્રીહરિએ થોડીવાર આરામ કર્યો.

- **છાપની મૂર્તિઓ શ્રીહરિએ પૂજવા આપી**

બપોર પછી શ્રીહરિ ફરી સભામાં આવીને બિરાજ્યા. અને પોતાના વર્તમાન તથા ભાવિ ભક્તોનું કલ્યાણ કરવાની ઈચ્છાથી મંદિરો ઉત્સવોની વિશેષરૂપે ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરવાનો મનમાં વિચાર કર્યો કે ભગવાનની ચિતરેલી અથવા છાપોથી છાપેલી મૂર્તિઓ બનાવરાવી દરેકને પૂજવા આપી હોય તો દરેકને પૂજા, સેવા કરવાનો કાયમ લાભ મળે, અને કાયમને માટે ભક્તિની પ્રવૃત્તિ થાય. માટે અહીં આજે ચિત્રની તથા છાપની મૂર્તિઓ બનાવરાવી દરેકને પૂજવા આપું, પછી તે સભામાંજ નારાયણજી ભાઈને બોલાવી શ્રીહરિએ કહ્યું જે તમો મૂર્તિઓ બનાવવાના કુશળ કારીગર છો, માટે શ્રીનરનારાયણદેવની પડખે નારદ, અને ઉદ્ધવજી સેવામાં હોય તથા ચરણમાં ગરુડજી હોય એવી શ્રીનરનારાયણદેવની તથા ધર્મ-ભક્તિએ સહિત અમારી હરિકૃષ્ણ નામની તથા શ્રીરાધાકૃષ્ણ હરિકૃષ્ણ નામની એમ સારી ત્રણ છાપો આજેજ બનાવો. શ્રીજીની આજ્ઞા પ્રમાણે



Final



નારાયણજીભાઈએ તુરત જ ઉપર પ્રમાણેની ચાંદીની ત્રણ છાપો બનાવવાનો આરંભ કર્યો. ઉપર પ્રમાણે વાતચીત થઈ રહી હતી ત્યાં સંધ્યા આરતી થઈ એટલે આરતી, નારાયણધૂન્ય વગેરે નિયમો કરી દર્શન કર્યા. પછી કથાવાર્તા કરી ત્યાં શયન આરતી થઈ એટલે શયન આરતીનાં દર્શન કરી શ્રીહરિ પોઢવા પધાર્યા.

ફાગણ સુદ સાતમના દિવસે શ્રીહરિ સવારમાં વહેલા ઉઠી સ્નાન, દેવાર્ચનાદિ પોતાના નિત્યકર્મો કરી, શ્રીઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવીને બિરાજમાન થયા. સર્વે સંતો, તથા સત્સંગીઓ પણ આવીને પોતપોતાની મર્યાદા પ્રમાણે સભામાં બેઠા. તે વખતે નારાયણજીભાઈએ ઉપરોક્ત શ્રીહરિની આજ્ઞા પ્રમાણે શ્રીનરનારાયણદેવના ચરણમાં ગરુડજી તથા સેવામાં નારદજી તથા ઉદ્ધવજી તથા સૂર્ય ચંદ્રના બિંબ સહિતની શ્રીનરનારાયણદેવની એક છાપ જેવી પહેલાં ગઢડામાં બનાવી હતી તેવી તથા બીજી શ્રીરાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજની છાપ, ત્રીજી, ધર્મભક્તિએ સહિત હરિકૃષ્ણ મહારાજની છાપ એમ ચાંદીની બનાવેલી ત્રણેય છાપો સભામાં લાવી શ્રીહરિને બતાવી. પોતાની ઈચ્છા પ્રમાણેની બનાવેલી છાપો જોઈ શ્રીહરિ ઘણા રાજી થયા અને નારાયણજીભાઈને ઘણા રૂપિયા તથા સોનાના કડાં તથા અમૂલ્ય વસ્ત્રો આપી સારો સત્કાર કર્યો. પછી શ્રીહરિએ તે છાપો. આધારાનંદ સ્વામીને આપીને કહ્યું કે તમો આ ઉપરથી કાગળમાં મૂર્તિઓ છાપીને સાંજે અમને આપજો. એટલે તેમણે શ્રીજી આજ્ઞા પ્રમાણે છાપવાનું કામ શરૂ કર્યું. ત્યાં રાજભોગની આરતી થઈ એટલે સભા વિસર્જન કરીને શ્રીહરિ દર્શન કરવા પધાર્યા.

બપોર પછી શ્રીહરિ સભામાં આવીને બિરાજ્યા તે વખતે આધારાનંદ સ્વામીએ કાગળમાં છાપેલી મૂર્તિઓ લાવીને શ્રીહરિને આપી એટલે શ્રીહરિએ તેમાંથી સંત, પાર્ષદ, બ્રહ્મચારી તથા બાઈ-ભાઈ સર્વે હરિભક્તો દરેકને એક એક મૂર્તિ પૂજવા આપી. પૂજા

સેવા કરવાની રીતી પણ દરેકને શીખવાડી, તેથી બધા રાજી થયા. પછી શ્રીહરિએ દરેકને યાદ દેવરાવતા કહ્યું કે અમોએ અમારા તમામ આશ્રિતોને આથી પહેલાં એટલે સં. ૧૮૭૬ ની સાલમાં (પ્ર. પ્ર. વ. ૪૮ માં) પણ શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ પૂજામાં રાખીને પૂજવાની ખાસ આજ્ઞા કરી છે. અને આ વખતે ફરીથી પણ આજ્ઞા કરું છું માટે મારા દરેક આશ્રિતોએ આ મારી આજ્ઞાનું યથાર્થ પાલન નહિ કરે અને શ્રીનરનારાયણદેવની મૂર્તિ પૂજામાં નહી રાખે તો મારો નથી. વચનામૃતમાં કરેલ આજ્ઞા નીચે પ્રમાણે છે.

"સંવત ૧૮૭૬ ના માઘ સુદી ૧૩, તેરશના દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંમડાના વૃક્ષની હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સંધ્યા સમે બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને પોતાના મુખારવિંદની આગલ બે મશાલું બળતી હતી. અને શ્રી વાસુદેવનારાયણની સંધ્યા આરતી તથા નારાયણ ધૂન્ય થઈ રહી તે કેડે શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે સાવધાન થઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ. ત્યારે સર્વે મુનિ તથા હરિભક્તો બોલ્યા જે હે મહારાજ ! કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રીનરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું. તે પૂજજો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે. અને શ્રીમદ્ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની કહી છે. માટે ચિત્રમૂર્તિ પણ અતિ પ્રમાણ છે. અને અમારી આજ્ઞા પણ છે. માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરી શ્રીનરનારાયણની પૂજા કરવી. અને પૂજા કર્યા પછી પ્રદક્ષિણા કરવી, અને સાષ્ટાંગ પ્રમામ કરવા, પછી ભગવાન પાસે એમ માગવું જે હે મહારાજ ! અમારી કુસંગ થકી



Final



રક્ષા કરજો. તે કુસંગ ચાર પ્રકારનો છે. એક તો કૂંડા પંથી બીજો શંક્તિ પંથી, ત્રીજો શુષ્ક વેદાંતી અને ચોથો નાસ્તિક એ ચાર પ્રકારનો કુસંગ છે. તેમાં જો કૂડા પંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચૂકાવીને ભ્રષ્ટ કરે. અને જો શક્તિ પંથીનો સંગ થાય તો દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે. અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય તો આકાર માત્રને ખોટા કરે અને ભગવાનનાં ધામ તથા ભગવાનની મૂર્તિઓને ખોટી કરી દેખાડે અને ભગવાનની ભક્તિ ને ઉપાસના થકી ભ્રષ્ટ કરે. અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમને ખોટા કરી દેખાડે અને અનાદિ સચ્છાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે. માટે ભગવાનની પાસે માગવું જે એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસે સંગ થશો નહી. અને વળી એમ પ્રાર્થના કરવી જે હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો અને નિત્યે તમારા ભક્તનો સમાગમ દેજો, એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી.

અને તે સર્વે હરિભક્ત એમ મનમાં લાવશો માં, જે એતો કાગળ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોઈ દહાડો લાવસો જ માં. કાં જે અમે તો સત્પુરુષ છીએ. તો અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો અમારે અને નરનારાયણને તો સુધો મન મેળાપ છે, તે અમે નરનારાયણને કહીશું જે હે મહારાજ ! જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો. માટે એ નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરી પણ રાખીશું. માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે, એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડેજ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં અને પ્રાતઃકાળમાં સ્નાન કરીને

ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો અને જ્યાં સુધી પંચવર્તમાનમાં રહીને એ નરનારાયણદેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રી નરનારાયણ વિરાજમાન રહેશે. એ અમારી આજ્ઞા છે તે સર્વે દઢ કરીને માનજો. એવી રીતે શ્રીજીમહારાજ બોલ્યા તે વચન સર્વે હરિભક્તે માથે ચઢાવ્યા. ઈતિ વચનામૃતમ. પ્રથમ પ્ર.પ્ર.-૪૮ મું.

ઉપર પ્રમાણે શ્રીહરિએ અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કર્યા પહેલાં બે વર્ષ અગાઉ શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ પૂજવાની પોતાના આશ્રિતોને આજ્ઞા કરી મૂર્તિઓ પૂજવા આપેલી તે સ્પષ્ટ છે. ત્યાર બાદ આ સં. ૧૮૭૮ ના ફાગણ સુદ સાતમના દિવસે ફરીથી પણ શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ પૂજવાની આજ્ઞા કરી અને સૌને તે મૂર્તિઓ પૂજવા આપી ઉપરોક્ત બાબતનું દ્રઢીકરણ કરતા હતા.

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી પણ ''શ્રીહરિચરિત્રામૃતસાગર'' નામના ગ્રંથમાં લખે છે કે શ્રીહરિએ આથી બે વરસ પહેલાં શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ બે વખત બનાવરાવીને દરેક પોતાના આશ્રિતોને પૂજવા આપી આજ્ઞા કરી હતી કે દરેક મારા આશ્રિતોએ શ્રીનરનારાયણદેવની મૂર્તિ કાયમ પૂજામાં રાખવી. આ માટે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના પુર વીસમાંના તરંગ ૫૭-૫૮ તથા પુર બાવીસમાનો તરંગ ૫૭ મો વાંચો. ઉપર પ્રમાણે સાતમના દિવસે સાંજે સભામાં શ્રીનરનારાયણદેવ વગેરેની મૂર્તિઓ દરેકને પૂજવા આપવાનો કાર્યક્રમ પૂરો થયો ત્યાં સંધ્યા આરતી થઈ એટલે શ્રીહરિએ દરેકની સાથે દર્શન કરી આરતી નારાયણ ધૂન્ય વગેરે કર્યા. પછી કથા વાર્તા નિત્યનિયમો કર્યા ત્યાં શયન આરતી થઈ એટલે શ્રીહરિ દર્શન કરી પોઢવા પધાર્યા.



Final



### ● મંદિરના મહંતો કોઠારીઓને ઉપદેશ

ફાગણ સુદી અષ્ટમીના રોજ સવારે વહેલા ઊઠી શ્રીહરિએ સ્નાન કરી દેવાર્ચનાદિક નિત્ય નિયમો કર્યા. પછી દેવનાં દર્શન કરી સભામાં આવીને બિરાજ્યા. સંતો હરિભક્તો પણ સભામાં આવી પોતપોતાની મર્યાદા પ્રમાણે શ્રીહરિને નમસ્કાર કરીને બેઠા. પછી શ્રીહરિએ કેટલીક જ્ઞાનોપદેશની વાતો કરતાં મંદિરના વહીવટ સંબંધી કેટલીક સમજણની વાતો કરતાં કહ્યું કે મંદિરના જ કોઠારીઓ અથવા મહંતો થાય તેમણે બહુ સાવધાન રહેવું જોઈએ જેથી પોતાના તરફના મમત્વથી તથા લોભથી ધનમાં મન બગડે નહિ. ધનમાં મન બગડે કે સંતો કહે તેમ કરે નહિ તેથી અધોગતિને પામે છે. કેટલાક કોઠારીઓ દેવનું ધન પામીને કુટિલ થઈ જાય છે અને ઉપરથી પોતે મમત્વે રહિત દેખાઈને ધણીને કહે છે કે હું કહું તેમ તમે કરો તો તમને ઘણું ધન મેળવી આપું. જેને ધનનો લોભ હોય તે બીજા નચાવે તેમ નાચે છે. માટે મંદિરનો વ્યવહાર કરવામાં ખૂબ વિચારશીલ અને સાવધાન રહેવું જોઈએ જેથી ધનમાં લોભાઈને દેવનો તથા સંતનો અપરાધ ન થાય અને યમપુરીનાં દારૂણ દુઃખ ભોગવવાં ન પડે.

### ● મહારાજે કાંકરિયા સરોવરના ઉગમણા ગરનાળે દિવ્ય ચરિત્ર કર્યું

મહારાજે દયા કરીને ચોરાસીમાં બધા બ્રાહ્મણોને દર્શન દીધાં ને ચારેકોર ફર્યા ને પ્રદક્ષિણા કરી. ભગવાન જ્યારે અક્ષરધામમાંથી જીવોના મોક્ષ કરવા બ્રહ્માંડમાં પધારે છે, ત્યારે જેમ તેમ કરીને જીવોને ભગવાનનો સંબંધ થાય અને ભગવાનનાં દર્શન ને સમાગમનો લાભ મળે એમ કરે. અને એ ભગવાનને જમાડે એનો તો મોક્ષ થાય પણ ભગવાન જેને જમાડે એનોય મોક્ષ થાય. એમ આ જીવના મોક્ષ કરવા સારુ મહારાજ પધારે છે.

મહારાજ કાંકરિયા તળાવ ઊતર્યા હતા. ત્યારે ત્યાં ઉગમણા ગરનાળા પડખે મોટી જગ્યા છે ત્યાં મહારાજ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદસ્વામી બધા મોટા મોટા સંતો પધાર્યા હતા. મહારાજ પોતે રમત કરવા લાગ્યા. મહાભારતમાં વાત છે કે, પાંડવો નવચેટી રમતા. એક હાથમાં નવ હાથી ને બીજા હાથમાં આઠ હાથી આમ ઊંચા ઊડાડે. તે આકાશમાં જતા રહે ને ભોય પડતાં પહેલાં હાથમાં ઝીલી લે એમ રમતા હતા. તેમ મહારાજે પણ એવી રમત આદરી. મોટા મોટા સદ્‌ગુરુને હાથની હથેળીમાં બેસાડી આમ આકાશમાં ઉડાડે; આકાશમાં વારા ફરતી અધ્ધર થતા રહે અને હેઠે પડવા આવે ત્યારે હાથમાં ઝીલી લે. ભગવાનની હથેળી મોટી થઈ શકે. એ હથેળી બીજી રીતની હોય. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી બધાને એમ કરે. અને મહારાજ સંતની મોટી સભા ભરીને વિરાજમાન હતા.

● **સંતોને માન આવ્યું તે શ્રીહરિએ ટળાવ્યું**

કોઈવાર સંતોને એવો સંકલ્પ થયો, આ સમે આપણે બધાય મહારાજના ભેગા સાધુ છીએ, એને લઈને મહારાજની શોભા વધી. અને આપણે સંત ન હોઈએ ને મહારાજ એકલા હોય તો શું થાય? ત્યારે મહારાજે એમનો સંકલ્પ જાણ્યો અને આકાશમાં બીજી અક્ષરધામની સભા દેખાડી. તેજોમય બધા અનંત મુક્તો ચારેકોર બેઠેલા અને મહારાજ પોતે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા. એક પડખે સંત બેઠા હતા. આકાશમાં એવી સભા જોઈ. પછી મહારાજ ને સંતોએ પૂછ્યુંઃ સંત કહે મહારાજ ! આ સભા કોની ? ત્યારે મહારાજે કહ્યુંઃ અહીંયા સંતો બેઠા છે, એમાં કોઈને મનમાં એમ માન આવ્યું હશે કે, આપણે આટલા સંત છીએ. મહારાજની તથા આપણી શોભા થાય છે. એકલા મહારાજ હોય તો શું થાય ? મહારાજ કહે કોઈ ને હોય તો અમારા અનંત મુક્તો છે. જ્યાં જઈને ત્યાં સભા ભરાઈને બેઠી હોય. તમે હોય કે ન હોય; આટલા



Final



જ છો એમ નહિ. અમારે તો અક્ષરધામમાં તમારા જેવા અનંત મુક્તો રહેલા છે, એ બધાય અમારી સેવામાં હાજર છે. ત્યારે એ બધા સંતને માન આવ્યું હતું તે ઊતરી ગયું. *(સદ્. મુનિસ્વામીની દિવ્ય વાણી વાર્તા-૧૦૧)*

● **કાંકરિયાની ચોરાસી ભૂમાનંદ સ્વામીની કલમે.**

**ચોપાઈ**

એમ શ્રીનગરમાં અલબેલે, પ્રતિષ્ઠા કરી સુંદર છેલે, ।
જયકાર વર્તાવ્યો તે ઠારે, પછે ગયા પોતાને ઉતારે ॥ ૨૬
તેને બીજે દિવસે દયાળે, ચોરાસી કરી છે તતકાળે ।
શ્રીનગરના બ્રાહ્મણ સઘળા, જમાડી દીધા છે તે સબળા ॥ ૨૭
ચોરસી જાતના જે વાડવ, કાંકરિયે જમાડ્યા તે સર્વ, ।
સંત હરિજનના જે સંઘ, સર્વ આવ્યા હતા જે ઉમંગ ॥ ૨૮
તેમને પ્રસાદીનું જે અન્ન, પ્રીતે કરાવ્યું સૌને પ્રાશન્ન, ।
તે હરિજનોએ પૂજા કરી, વસ્ત્રાભૂષણ ભાવથી ધરી ॥ ૨૯

*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉતરાર્ધ તરંગ - ૭૮ )*

● **કાંકરિયાની ચોરાસી પ્રસાદાનંદ સ્વામીની કલમે.**

શ્રીહરિ શ્રીનગરથી વાજતે ગાજતે ચાલ્યા. કુબેરસિંહ છડી પોકારતા હતા, કાઠીના અસવારોના હાથમાં ભાલા ચળકતા હતા. પછી કાંકરિયા આવીને ઘોડીએથી ઉતરીને વિસામાના ઓટે પધાર્યા. તે સમયે શહેરમાંથી ગાડા સામાનના આવવા લાગ્યા. મોઘો પાથરીને સામાન નખાવવા લાગ્યો. વળીઓ ચારેકોર બંધી, જેથી કોઈ પેસી શકે નહિ. ચોખાનાં ગાડા, દાળના ગાડા, ઘી તથા ગોળના ગાડા આવવા લાગ્યા. પછી મહારાજ કહે ચોકી પહેરાની ખબર રાખજો કેમ જે ગંઠીછેડા (ગઠીયા લોકો) આવ્યા છે. માટે સંઘમાં સંભળાવી આવો જે અજાણ્યા માણસને પેસવા દેશો નહી. પછી શ્રીહરિ ઉતારે પધાર્યા.

ત્યાર પછી બ્રાહ્મણો મોટાં મોટાં રંગાડા લાવીને સીધાનો સામાન ભરીને પોતાના ચોકે લઈ જાય. તેમો પોતાના ચોકે પાંચસો માણસો હોય અને હજાર માણસો છીએ તેમ કહીને બમણું તમણું લઈ જતા હતા. શ્રીહરિ અસવાર થઈને પાર્ષદો અને કાઠી ભક્તોની સાથે ચોકે ચોકે ફરતા હતા. તે સંતોએ આવીને મહારાજને વાત કરી જે બમણો સામાન લઈ જાય છે. ત્યારે મહારાજ કહે લઈ જશે તો જમશે. કોઈ ઘેર લઈ જશે નહિ. તેવામાં એક ગાડું શહેરમાંથી સામાન ઘી - ગોળ ભરીને આવતું હતું તેને બ્રાહ્મણો લઈને ચાલ્યા, ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે, ભૂદેવ ! ચોકો તો આ બાજુ છે તે લઈને ક્યાં ચાલ્યા ? તેમ કહીને ગાડાને પાછું વાળતા હતા, એટલામાં બ્રાહ્મણને ક્રોધ સમાયો નહી તેથી ઉછળીને નિષ્કુળાનંદ સ્વામીના હાથે બચકું ભર્યું તે જોઈને જમતગડા રાઘવાનંદ સ્વામી બોલ્યા જે સંતને ધર્મરાજાના દૂત લઈને ચાલ્યા. તે સમયે મહારાજ આવીને ઊભા રહ્યા ને બોલ્યા ત્યારે બ્રાહ્મણ કહે અહી. આઘેરો ચોકો છે, ત્યારે મહારાજ કહે કાંકરિયાની આથમણી પાળે ચોકે છે ત્યાં જમવું હોય તો ચાલો નહીં તો રહેવા દો. પછી રાઘવાનંદ સ્વામી રહે, નિષ્કુળાનંદ સ્વામીના હાથે બચકું ભર્યું, તે લોહી ચાલ્યું જતું હતું. પછી મહારાજ હસીને કહે, હે ભૂદેવો ! ગોળ ઘીના લાડુ જમો પણ અમારા સાધુને ખાશો નહિ. પછી મહારાજે બ્રાહ્મણો જમી રહ્યા પછી ભણેલા બ્રહ્માણોને પાઘડી - શેલા અપાવ્યા. ને દરેક બ્રાહ્મણને અકેક રૂપિયો દક્ષિણા અપાવી. - સદ્.પ્રસાદાનંદ સ્વામીની વાતો, વિશ્રામ - ૫૮.

- **કાંકરિયામાં સ્નાન માત્રથી સર્વે તીર્થનું ફળ મળે છે.**

**ચોપાઈ**

કાંકરિયાના ગરનાળા પર, નવ તેરી રમ્યા નટવર ।
બેઉ હાથ પર બબે સંત ઉભા રાખી ઉડાડ્યા મહંત ॥૨૪॥
અક્ષરધામની લીલા કરી, જળમાં ન્હાવા પધાર્યા હરિ ।



Final



એટલામાં ચાર સંત આવ્યા, આકાશ મારગે મન ભાવ્યા ॥૨૫॥
એક વાર કાંકરિયે ન્હાય, સર્વે તીરથનું ફળ થાય ।
અંતે અક્ષરધામને પામે, પંચ પાપ બળે દુઃખ વામે ॥૨૬॥

*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ - ૯૩)*

- **મોટુ તીર્થ બન્યું કાંકરિયા**

શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા, ને સંતો જમ્યા પછી શ્રીહરિ મંદિરમાં પોઢી ગયા. ત્રીજા પહોરે અશ્વ ઉપર બેસી રાજબજારમાં વાજતે ગાજતે ચાલ્યા. અપાર જનોને દર્શન દેતા તથા તેમના હાર વગેરે સ્વીકારતા કાંકરિયા આવ્યા. લોકો સત્સંગન નિયમોનું વર્ણન કરી બહુ ગુણ લેતા. મંચ ઉપર શ્રીહરિ બિરાજ્યા. સંતો હોળીના પદ ગાવા લાગ્યા. પરના ભાવિક ભક્તો પણ ત્યાં આવતા જતા ચાલુ રહેતા સંધ્યા આરતી પછી પુરમાં આવ્યા. ફાગણ સુદી પડવાને દિવસે સરોવરમાં નાહ્યા. સાથે અપાર સંત હરિભક્તો પણ નાહ્યા. શ્રીહરિ ત્યાં રહ્યા ત્યાં સુધી દરરોજ બે વાર તે સરોવરમાં સ્નાન કરતા. તથી તે મોટુ તીર્થ થયું છે. શ્રીહરિના ચરણમાં બધા તીર્થો રહેલા હોય છે. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૨૨, તરંગ-૮૯ )*

- **શ્રીહરિએ અચિંત્યાનંદ સ્વામીનું પ્રારબ્ધ કહ્યું.**

અને થોડાક વરસ ગયા કેડે અચિંત્યાનંદ સ્વામીને શરીરે મંદવાડ થયો હતો અને તેમની સેવામાં છ સાધુ રાખ્યા હતા અને અમદાવાદની આંબલીઓમાં રહ્યા હતા. અને જે વખતે મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા અને કાંકરીયે તળાવે બ્રાહ્મણોની ચોરાશી કરી ત્યાં તે વખતે મંચ ઉપર મહારાજ બિરાજમાન હતા તે વખતે અચિંત્યાનંદ સ્વામીને ત્યાં લાવ્યા. પછી મહારાજ મંચ ઉપર ઉભા થઈને તાલી પાડીને બોલ્યા જે આ કારિયાણી ગામનો માંચો ભગત ગલઢેરા હતા અને તે પ્રથમ મારગીના પંથમાં હતા અને નિષ્કામી

વર્તમાનમાં દૃઢ હતા. અને તે અમારે વચને કરીને સાધુ થયા અને તેમનું એવું પ્રારબ્ધ હતું તે રુંવાડે રુંવાડે જીવડા પડે એવું હતું અને જો અમારૂં એમણે માન્યું તો તેમનું એવું પ્રારબ્ધ હતું તે ટળી ગયું અને આમને લઈને આખી ઝાલાવાડ સત્સંગી થઈ છે તે બધાયનું પુન્ય આમને છે. એમ મહારાજે ઉભાં ઉભાં સૌ સાંભળે તેમ ઉંચે સાદે વાત કરી હતી. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૪૮૦)*

● **કાંકરિયા પ્રસાદીના સ્થાનો**

૧. કાંકરિયા સરોવર : જે સરોવરમાં શ્રીહરિ અનેકવાર સંતો સાથે પધારીને સ્નાન લીલા કરી છે તથા દિવ્ય દર્શન કરાવ્યું છે. ને તે સરોવર ''ન ભૂતો ન ભવિષ્યતિ'' બ્રાહ્મણોની ચોરાસી કરાવી છે. એવું પ્રસાદીનું મહાસરોવર તથા શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે સરોવર આજુબાજુ હરિભક્તોના ઉતારા હતા.

૨. ઉગમણા ગરનાળે : અહીં શ્રીજીમહારાજે સંતોને હથેલીમાં રાખીને આકાશમાં ઉડાડ્યા હતા તથા અહીં સભાઓ કરેલી છે.

૩. આંબલીયોના ઝૂંડ : આ વિભાગ તળાવથી દક્ષિણ બાજુનો છે. ત્યાં મંચ ઉપર શ્રીહરિ બિરાજતા અને ત્યાં અવાર નવાર પધારતા સભા કરતા એવી પ્રસાદીની જગ્યા પર આજે ત્યાં શિખરબધ્ધ મંદિર બન્યું છે. ત્યાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીએ બાળ સ્વરૂપ હનુમાનજી પધારાવ્યા છે. તે દર કારતક સુદ પાંચમના રોજ દર્શને આવવાનો મહિમા (સમૈયો થાય છે) ઘણા છે. તથા ત્યાં છત્રી બનાવીને ચરણાવિંદની પ્રતિષ્ઠા પ.પૂ.આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરી છે.

● **શ્રીનરનારાયણદેવનો મહિમા**

પછી શ્રીહરિ યજ્ઞમંડપમાંથી બહાર આવી સભામાં ઊંચા આસને બિરાજ્યા અને પોતાના આશ્રિતો તથા બીજા સર્વ માણસો પ્રત્યે બોલ્યા કે હે ભક્તજનો ! અમોએ આ મધ્યના મંદિરમાં જે



Final



શ્રીનરનારાયણદેવને સ્થાપન કર્યા છે. તેઓ સાક્ષાત્ બદરિકાશ્રમના અધિપતિ ઈશ્વરમૂર્તિ નારાયણ પોતે જ છે. તેમ જાણજો. અને તે નરનારાયણના મંદિરથી જમણી બાજુના મંદિરમાં રાધિકાજીએ સહિત શ્રીકૃષ્ણને જે મેં સ્થાપન કર્યા છે તે શ્રીકૃષ્ણ પોતે નરનારાયણ રૂપેજ છે એમ માનો. અને ડાબી બાજુના મંદિરમાં અમારાં માતા-પિતા ધર્મ-ભક્તિની મૂર્તિઓ સહિત શ્રીહરિકૃષ્ણ નામની જે અમારી મૂર્તિ સ્થાપન કરી છે તે ભક્તોને ઉપાસના તથા ધ્યાન કરવા માટે છે. માટે હે સજ્જનો ! જે મનુષ્યો આ શ્રીનરનારાયણાદિ સ્વરૂપોનાં હંમેશા દર્શન કરશે તે નિશ્ચય મોક્ષને પામશે અમો આ મૂર્તિઓમાં કાયમ નિવાસ કરીને સર્વ ભક્તોની સેવા અંગીકાર કરી તેમના મનોરથો પૂર્ણ કરીશું. આ શ્રીનગરમાં તથા આખા દેશમાં શ્રી નરનારાયણદેવનો પ્રતાપ પ્રતિદિન અધિકાધિક વધતો જશે. ભરતખંડવાસી સર્વ જનો દર્શન કરવા આવશે. અને અહીંના તથા બહારગામના જે માણશો દર પુનમે આવી ભાવપૂર્વક આ દેવોનાં દર્શન કરશે તેમના મનોરથો જરૂર સિદ્ધ થશે. અને આ લોકમાં ભક્તિ અને પરલોકમાં મુક્તિને પામશે તેમાં જરા પણ સંદેહ નથી. જે માણશ આ શ્રીનરનારાયણાદિક દેવો આગળ જપ, હોમ, વ્રત તથા ભાગવતપુરાણ આદિ સત્શાસ્ત્રોનું વિધિપૂર્વક પુરશ્ચરણ કરશે કરાવશે તેને જરૂર ઈષ્ટ ફળ પ્રાપ્ત થશે. દરેક તીર્થો પણ અહીંયાં આવી સદાય વાસ કરશે. તેમજ આ શ્રીનરનારાયણાદિ દેવોની મહાપૂજા તથા અભિષેકાદિક કરાવશે તેના ઉપર દેવ પ્રસન્ન થશે. આ શ્રીનરનારાયણાદિક દેવોને જે થાળ કરાવશે તથા અન્ન, વસ્ત્ર, ધન, આભૂષણો, જમીન, ઘર, વૃક્ષો વગેરે જે જે વસ્તુઓ ભાવથી અર્પણ કરશે તેમના ઉપર દેવ રાજી થઈ તેમને તે અનંત ગણું આપશે ને અંતે મોક્ષ કરશે. તથા ફાગણ માસમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં પુષ્પ દોલોત્સવ (ફૂલદોલોત્સવ) શ્રીનરનારાયણ જયંતિના દિવસે દેશાંતરમાં

રહેનારા જનોએ પણ અહીં અમદાવાદમાં આવી શ્રીનરનારાયણદેવનાં દર્શન કરવા જેથી અખિલ પુરુષાર્થની સિદ્ધિ થશે. આ અમારાં વચનો તમારે સત્ય જ માનવાં.

આ પ્રમાણે શ્રીહરિએ પ્રતિષ્ઠા વખતે શ્રીનરનારાયણાદિ દેવોનો ઘણોજ મહિમા કહેલો છે પણ આતો સંક્ષેપથી લખ્યો છે. આ પ્રતિષ્ઠા અંગેનો તથા દેવોનો મહિમા જે શ્રીહરિએ સ્વમુખેથી કહેલો છે તેનું વિશેષ વિવરણ જાણવા માટે સત્સંગિભૂષણ અંશ ત્રીજો. અ. ૨૮ થી ૩૮ સુધી વાંચવાથી તથા સત્સંગીજીવન પ્રકરણ ચોથાના અધ્યાય ૨૬ થી ૪૧ સુધીના ૧૬ અધ્યાયો વાંચવાથી તથા આગળ જણાવેલાં વચનામૃતો વગેરેનાં અવતરણો વાંચવાથી જાણવા મળશે.

**શ્રીનરનારાયણ દેવનો મહિમા** : "હે સજ્જનો ! આ શ્રીનરનારાયણ સાક્ષાત્ આપણા ઈષ્ટદેવ છે .અને સર્વ આવિર્ભાવો કહેતાં સર્વ અવતારોના કારણભૂત અને અક્ષરધામાધિપતિ પણ આ શ્રીનરનારાયણ છે. અને હે ભક્તો ! વસુદેવ ઘરે કૃષ્ણરૂપે આ નારાયણ હતા અને નર તો પાંડુ ઘેર અર્જુનરૂપે હતા. અને આ મેં સ્થાપન કરેલા નરનારાયણ દેવનો મારે ક્યારેય વિયોગ નથી. પણ સદા સંયોગ જ છે. એટલા માટે સર્વે મંદિરોના મધ્યે આ શ્રીનરનારાયણ મંદિર તો સર્વોત્તમ છે. અને હું હૃદયમાં સાક્ષાત્ પુરુષોત્તમ એવા શ્રીનરનારાયણનું સ્મરણ કરું છું. અને આજ સાક્ષાત્ સર્વાધિપતિ છે. આમના નિયંતા કોઈપણ નથી અને મુળીપુરમાં રાધાકૃષ્ણ નામથી સ્થાપેલા તથા શ્રીવૃત્તાલયમાં શ્રીલક્ષ્મીનારાયણ રૂપે સ્થાપેલી તથા ધોળકા આદિ સ્થાનોમાં મોરલીમનોહરદેવ આદિ નામોથી સ્થાપેલા. આજ શ્રીનરનારાયણ છે. તથા વેદવ્યાસ મુનિએ શ્રીમદ્ભાગવતમાં આદિ, મધ્ય અને અંતમાં તથા ભારતમાં અને બીજાં પુરાણોમાં પણ આજ વર્ણવેલા છે. તે હેતુ માટે આ નરનારાયણ સર્વાધાર, સર્વકર્તા કહેવાય છે. સર્વ કારણના કારણભૂત આ શ્રીનરનારાયણ દેવ જ



Final



વિષ્ણુ રૂપે જગતનું રક્ષણ છે." *(સત્સંગિભૂષણ અં. ૪, અ. ૪૦)*

"નરનારાયણ વાસુદેવને પોતાથી અધિક માને છે તે એકના એક છે. યથાર્થ તો ઈશ્વરની રીત ઈશ્વર જાણે છે ઈશ્વર ઈશ્વરની ઉપાસના કરે છે તેથી તેમનામાં ન્યૂનતા જરાપણ આવતી નથી. ઈશ્વર વગર ઈશ્વરની વાત વારંવાર મોહ ઉપજાવે છે. એવી ઘણી વાત છે. જ્યાં સુધી ઈશ્વરની વાતમાં મોહ થાય છે ત્યાં સુધી હરિભક્તોમાં ઘણી કસર છે. જ્યારે મોક્ષના માર્ગે ચાલે છે ત્યારે નિર્ભય માર્ગે ચાલે છે અને ઈશ્વરની વાત સર્વે તેને સવળી ભાસે છે. તે સિવાય ગમે તેવો પ્રવિણ હોય તો પણ ઉલટો દ્રોહ કરે છે." *(હરિચરિત્રામૃત સાગર પુ.-૨૭, ત.-૧૮)*

"નરનારાયણનું મંદિર મોટું રહ્યું છે. આ પૃથ્વી પર પ્રગટ હરિ સહજાનંદ સ્વામીની જેવી મૂર્તિ વિચરે છે તેવી મૂર્તિ હરિજનોના મનોરથ પૂરા કરવા માટે પ્રતિમાની મૂર્તિઓમાં રહેલા છે તેમ માની દર્શન કરે છે તેને અત્યંત આનંદ થાય છે. આવી સમજણ વગરના જે જનો છે તે મૂર્તિઓનાં જ દર્શન કરે છે." *(હરિચરિત્રામૃત સાગર પુ.-૨૮, ત.-૮)*

વચનામૃતોમાં શ્રીહરિનાં સ્વમુખે કહેલાં નીચે પ્રમાણેનાં વચનો છે :-

૧. "પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે શ્રીનરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું. અછેદ્ય છું. અભેદ્ય છું. સચ્ચિદાનંદ છું. અને અમારી જે મોટપ છે તે તો સ્વસ્વરૂપનો પ્રકાશ તથા શ્રીનરનારાયણની ઉપાસના તે વડે છે. અમારી મોટપ તો શ્રીનરનારાયણની ઉપાસના વડે કરીને છે. હું બ્રહ્મ છું હું આત્મા છું એવી રીતની જે મારી મોટપ તે તો હું મૂકવાને ઈચ્છું અથવા બીજા કોઈ બ્રહ્માદિક જેવા છે તે મુકાવવાને ઈચ્છે તોય પણ અમારી મોટપ ટળે નહિ. અને અમારે શ્રીનરનારાયણદેવની ઉપાસના છે તે

પોતાનું જે બ્રહ્મરૂપ તેને વિષે પરબ્રહ્મ ને પરમાત્મા એવા જે શ્રીનરનારાયણ તેમની સાકાર મૂર્તિ તેની ઉપાસના છે.'' *(વચનામૃત પ્રથમ પ્ર.-૮)*

૨. ''અને જે લાજે કરીને ન બોલે તેને શ્રીનરનારાયણના સમ છે.'' *(પ્ર.પ્ર. વ. ૩૭)*

૩. ''અથવા નરનારાયણના આશ્રમમાં જઈને તે આશ્રમના મુનિ ભેળો રહીને તપ કરું.'' *(પ્ર.પ્ર. વચ. ૪૦)*

૩. ''અમારી આજ્ઞા છે જે હરિભક્ત માત્રને શ્રીનરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું તે પૂજજો. હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રીનરનારાયણની પૂજા કરવી.'' *(વચ. પ્ર.પ્ર.-૪૮)*

૫. ''આ સંસારમાં દઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણ ઋષિ છે. અને તે નરનારાયણનો આપણે આશ્રય છે. તેના પ્રતાપ થકી ધીરે ધીરે એ નરનારાયણનું ભજન કરીને આપણે પણ એ સરખાજ નિષ્કામી થઈશું.

સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી. યોગકળાએ કરીને ઉર્ધ્વરેતા હોય એવા તો એક નરનારાયણ જ છે. અથવા જે નરનારાયણના અનન્ય ભક્ત હોય તે પણ તેના ભજનના પ્રતાપે કરીને દઢ બ્રહ્મચર્યવાળા થાય છે. પણ બીજાથી થવાતું નથી. તે હવે નરનારાયણને પ્રતાપે કરીને ધીરે ધીરે દઢ બ્રહ્મચારી થશે.'' *(પ્ર.પ્ર. વ.-૭૩)*

૬. ''આપણે તો શ્રીનરનારાયણના દાસ છીએ તે શ્રીનરનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું. અને એ શ્રીનરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે. ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે. અને એ નરનારાયણ આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું. ને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ શ્રીનરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ



Final



રાખવી નહિ.'' આપણા પતિ જે શ્રીનરનારાયણ તે તો બોરડીના ઝાડ હેઠે બેઠા તપ કરે છે અને કોઈ જાતના સંસારના સુખને સ્પર્શ કરતા નથી. ત્યારે આપણા પતિ જે શ્રી નરનારાયણ તેના આપણ દાસ છીએ. તે જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાના પતિ કરતાં ઘરેણાં, વસ્ત્ર, ખાનપાનાદિક જે ભોગ એ સર્વે પતિથી પોતાને વાસ્તે ન્યૂન રાખે પણ અધિક રાખે નહિ તેમ આપણા પતિ જે શ્રીનરનારાયણ તે થકી આપણે પણ સાંસારિક સુખ ન્યૂન રાખવું જોઈએ.''''અનંતકોટિ બ્રહ્માંડના પતિ, બ્રહ્મપુર, ગોલોક ને વૈકુંઠાદિક ધામના પતિ અને રાધિકા લક્ષ્મી આદિ જે પોતાની શક્તિયો તેના પતિ એવા જે ભગવાન તે સર્વે પોતાના વૈભવને તજીને બોરડીના ઝાડ હેઠે તપ કરવાને શા સારુ બેસે ?'' ''બીજા અવતાર કરતાં આપણા પતિ જે નરનારાયણ તે તો અત્યંત ત્યાગી છે. અને જીવના કલ્યાણ અર્થે તપ કરે છે અને એ નરનારાયણને કોઈ વૈભવ જોઈતો હોય તો બોર ખાઈને શા સારું બેસી રહે ?'' ''તો નરનારાયણ. તો સાક્ષાત્ ભગવાન છે. તે જો એમને કાંઈ જોઈતું હોય તો વધુ તો નહિ પણ ચાર તો ગામડાં વસાવી બેસે.'' *(પ્ર.પ્ર. વ.-૭૪)*

૭. ''એવા જે શ્રીનરનારાયણ ભગવાન તે જે તે કૃપા કરીને મોટું તપ કરે છે. એવી રીતે જે પોતાના ભક્ત છે તેમનું તે ભગવાનના પ્રતાપે કરીને નિર્વિઘ્ન કલ્યાણ થાય છે.'' *(સા. વ.-૧૬)*

૮. ''એને વિષે રહ્યા થકા તો એક નરનારાયણ ઋષિને પરાભવ ન થાય.'' *(લોયા વ.-૧૩)*

૯. ''આપણે પણ શ્રીનરનારાયણનું મંદિર શ્રીઅમદાવાદ નગરને વિષે કરાવ્યું છે, તે શ્રીનરનારાયણ દેવની ઈચ્છા હશે તો બીજાં મદિર થાશે. ઉત્સવને દિવસે શ્રીનરનારાયણની ઈચ્છાએ કરીને કોઈવાર હજારું ને લાખું રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ થાય, અને કોઈવાર તુલસીનું પત્ર મૂકીને ઉત્સવ થાય.'' *(મ.પ્ર. વ.-૨૧)*

૧૦. "અમે અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા. ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો." "અમારા અંતરમાં તો એક નરનારાયણ વિના બીજું કંઈ ગમ્યું નહિ." *(મ.પ્ર. વ.-૨૨)*

૧૧. "શ્રી પુરુષોત્તમનારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રીનરનારાયણ રૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે. અને વળી તે નરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામ, કૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને પોતાના દેહને અને અન્ય જીવના દેહને સમ દેખાડે છે. તેમ પુરુષોત્તમ એવા જે શ્રીનરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે. ને ચોરાશીના દુઃખનો તેને પાર આવતો નથી. અને જે શ્રીનરનારાયણને વિષે અજર, અમરપણું સમજે છે તે કર્મ થકી ને ચોરાશી થકી મુકાઈ જાય છે." *(અમ. વ.-૪)*

૧૨. "માટે તે આ શ્રીનરનારાયણને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રીનરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે." *(અમ. વ.-૬)*

૧૩. "ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને ગણવાજ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ ને એમ જાણવું જે શ્રીનરનારાયણની કરૂણાએ કરીને હું મોટપ પામ્યો છું." *(અમ. વ.-૭)*

*૧૪. ને આપણા ઈષ્ટદેવ જે શ્રીનરનારાયણ તે પણ ક્રોધ તથા માન નથી રાખતા તે માટે શ્રીનરનારાયણના આશ્રિત એવા જે ઉદ્ધવ સંપ્રદાયના આપણ સર્વે તેમને ક્રોધ તથા માન તેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો અને આ જે અમે ક્રોધનું પ્રાયશ્ચિત છે તેને જે કરશે તેના ઉપર શ્રીનરનારાયણ પ્રસન્ન થશે." (અમ. વ.-૮)*



Final



૧૫. "આપણે તો સર્વે પ્રગટ પ્રમાણ શ્રીનરનારાયણ તેની નિષ્ઠાવાળા છીએ માટે ઉત્તમ છીએ." *(અમ. વચ.)*

૧૬. "અમે બાંધી એવી જે ધર્મ મર્યાદા તેની બહાર સંકલ્પ થાય તથા કોઈ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય ત્યારે નરનારાયણ સ્વામિનારાયણ એમ વારંવાર ઊંચે સ્વરે કરીને નામ ઉચ્ચારણ કરવું." શ્રી પુરુષોત્તમ એવા જે શ્રીનરનારાયણ તેમની નિરંતર ખટકે સહિત ભક્તિ કરવી. *(જેત. વ.-૩)*

૧૭. "કેમ જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ ઋષિનો તમારે દ્રઢ આશરો છે.... શ્રીપુરુષોત્તમ તે જાતે આજ તમને સર્વને શ્રીનરનારાયણ ઋષિરૂપે થઈને પ્રત્યક્ષ મળ્યા છે." *(જેત. વ.-૪)*

૧૮. "અમે તો ભગવાન જે શ્રીનરનારાયણઋષિ તે છીએ...અમે વારે વારે શ્રીનરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હાર્દ છે જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રીનરનારાયણ તેજ આ સભામાં નિત્ય બિરાજે છે તે સારુ મુખ્યપણું લાવીએ છીએ અને તે સારું અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખર્ચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે અને એ શ્રીનરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે અને તેમાં પણ આજે ભરતખંડ તેના તો વિશેષ રાજા છે અને પ્રત્યશ્ર શ્રી નરનારાયણ તેને મેલીને આ ભરતખંડના મનુષ્ય બીજા દેવને ભજે છે તે તો જેમ વ્યભિચારીણી સ્ત્રીયું હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે અને શ્રીનરનારાયણ ભરતખંડના રાજા છે. તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. *(જેત. વ.-૫)*

આ ઉપરાંત પણ શ્રીસ્વામિનારાયણ ભગવાને તથા તેમના સમયના નંદ સંતોએ અનેક જગ્યાએ અનંતવાર શ્રીનરનારાયણદેવનું માહાત્મ્ય વર્ણવેલું જોવા મળે છે. તે સંપ્રદાયના ગ્રન્થો વાંચવાથી જાણવા મળશે.

# અમદાવાદના મુસ્લિમ ભક્ત ડોસાતાઈ

● **શ્રીહરિના પ્રથમ દર્શને ડોસાતાઈને અકંડ સ્મૃતિ થઈ.**

અમદાવાદમાં ડોસાતાઈ નામે એક મુસલમાન રહેતા હતા. જાતિએ તાઈ હતા, તેથી ડોસાતાઈ નામે ઓળખાતા. ખેતીનો ધંધો કરી તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. એક વખત ડોસાતાઈ વહેલા ઉઠી પોતાને ખેતર જઈ કામકાજ કરી રહ્યા હતા બરાબર સૂર્યોદયનો સમય થયો, એ સમયે ભગવાન સ્વામિનારાયણ માણકી ઘોડી ઉપર બેસી પાંચ દસ કાઠી ઘોડે સવારો સાથે કાઠિયાવાડ તરફથી અમદાવાદ આવી રહ્યા હતા, તેઓને તેમણે રસ્તા કાંઠે દરબારોનાં કેળવેલાં ને કીંમતી કાઠિયાવાડી જાતવાન ઘોડાની સાથે માણકીને ગરૂડગતિથી ચલાવતા શ્રીજીમહારાજ સૌની આગળ હતા. હથિયારબંધ, મોટાં મોટાં પાઘડાંધારી, મહાશૂરવીર કાઠી ભક્તો ઘોડાને સરસ રીતે ખેલવતા પવનવેગે પાછળ ચાલ્યા આવતા હતા. મંદહાસ્યયુક્ત શ્રીહરિનું મુખારવિંદ ઊગતા સૂર્યનાં કિરણોથી અને મસ્તકે બાંધેલી સોનેરી પાઘના પવન વડે ફરકી રહેલા છોગલાથી જોનારના ચિત્તને હરણ કરતું હતું. ડોસાતાઈ આ અદ્‌ભુત દૃશ્ય જોઈને આભા બની ગયા ! ગ્રીષ્મઋતુની પ્રચંડ ગરમીથી અતિ તૃષાચતુર બનેલા કોઈ મનુષ્યને અચાનક શીતળ છાયાવાળું જળાશય મળે ત્યારે એ જેમ અત્યંત ઉત્સુકતાથી તેનો ઉપયોગ કરી શાંતિ પામે તેમ ડોસાતાઈ વારંવાર નિહાળીને શ્રીજીનાં દર્શન કરવા લાગ્યા.

એમના મનમાં તર્ક થયો કે - “આ કોઈ રાજા-મહારાજા હશે ? કે કોઈ ધનાઢ્ય શેઠ શાહુકાર હશે ? અગર કોઈ મહંત - મહાપુરુષ કે ઓલિયા પુરુષ હશે ?” કોઈ વટેમાર્ગુને તેમણે પૂછ્યું - ‘ભાઈ ! એ કોણ આવે છે ? ત્યારે તેણે કહ્યું : કે, ‘એ હાલમાં જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે પોતે જ છે ફક્ત આટલી વાત થઈ ત્યાં તો પૂરપાટ જતાં ઘોડાં ઘણે દૂર નીકળી ગયાં ! તીવ્ર



Final



ગતિથી બનેલું આ બધું મનમોહા દૃશ્ય ડોસાતાઈ આશ્ચર્યચકિત દૃષ્ટિથી જોઈને, પોતાને મહાભાગ્યશાળી માનવા લાગ્યા. “અહો ! હું કૃતાર્થ થઈ ગયો ! ફક્ત દર્શન માત્રથી જ મારા મનમાં કેટલો આત્મસંતોષ સાથે આનંદ અનુભવાઈ રહ્યો છે ! ચોક્કસ આ કોઈ મોટા ઓલિયા પુરુષ હશે !” આ પ્રસંગની તેમના હૃદય ઉપર એટલી ઊંડી અટલ છાપ પડી કે, એમના આખા જીવનનો તત્કાળ પલટો થઈ ગયો ! અને વટેમાર્ગુએ કહેલો સ્વામિનારાયણ શબ્દ એમના હૃદયમાં કોતરાઈ ગયો ! અને ધીરા અવાજથી સ્વામિનારાયણ એમ સ્વાભાવિકપણે અખંડ સ્મરણ થવા લાગ્યું.

● **શ્રીહરિનીને ડોસાતાઈની એક દૃષ્ટિ થતા જ સમાધિ થઈ**

પછી ડોસાતાઈ ખેતરથી શહેરમાં જઈ તુર્તજ જે મળે તેને પૂછવા લાગ્યા કે, ‘સ્વામિનારાયણ ક્યાં ઉતર્યા હશે ? એમનું ક્યાંય સ્થળ અગર મંદિર છે કે નહિ ?’ આમ પૂછતાં પૂછતાં મંદિર ખોળી કાઢ્યું, મંદિરના ચોકમાં આવીને જુએ છે, ત્યાં શ્રીજીમહારાજ હજારો મનુષ્યોની સભા વચ્ચે ઊંચા આસન ઉપર બેસીને ઉપદેશ આપી રહ્યા હતા. બધા ભક્તો તલ્લીન બની એકાગ્રતાપૂર્વક બહુજ શાંતિથી એ ઉપદેશામૃતનું પાન કરી રહ્યા હતા. ડોસાતાઈએ આવી મોટી સભા આટલી શાંતિથી આ રીતે બેઠેલી કોઈવાર જોયેલી નહિ, એથી આશ્ચર્યમુગ્ધ બની અત્યંત ભક્તિભાવ સાથે એકી નજરે દર્શન કરવા લાગ્યા. દર્શન કરતાં કરતાં શ્રીજીમહારાજ અને એમની દૃષ્ટિ એક થઈ એટલે તત્કાળ ડોસાતાઈને સમાધિ થઈ ગઈ ! બે કલાક સુધી સમાધિમાં રહ્યા તેમાં તેમને અક્ષરધામ વગેરે અનેક ધામ અને અનંત આશ્ચર્ય જોવામાં આવ્યાં. સમાધિમાંથી જાગી શ્રીહરિને સર્વોપરિ ભગવાન માની ખૂબ મહિમા સમજી, સત્સંગનાં વર્તમાન લઈ, કંઠી ધારણ કરી ઘેર ગયા અને પછી હમેશાં મંદિરમાં દેવદર્શન, સંતસમાગમને કથાવાર્તા સાંભળવા આવવા લાગ્યા.

● **જ્ઞાતિ અને કુટુંબીઓ તરફથી થયેલા ત્રાસમાં મહારાજે ડોસાતાઈને નિવારણ બનાવ્યા**

તદ્દન જુદા સંસ્કારવાળી જ્ઞાતિના માણસનું પોતાથી ભિન્ન ગણાતા ધર્મ તરફ જ્યારે વલણ થાય છે, ત્યારે એમનાં સગાં-સ્નેહીઓના મનમાં બહુ જ અણગમો ને અકળામણ પેદા થાય છે. કારણ કે સાચી વસ્તુની પારખના અભાવે તેઓ એમ માની લે છે કે - આપણો એક ભાઈ મોટી ભૂલ કરી રહ્યો છે, માટે તેને કોઈપણ હિસાબે આપણે જુદો પડવા દેવો ન જોઈએ. આ રીતે ડોસાતાઈ મુસલમાન હોવા છતાં હિન્દુ ધર્મના એક અનુયાયી થઈને જ્યારે સનાતન ધર્મની રીતભાત સ્વીકારી અલમસ્તપણે વર્તવા લાગ્યા, ત્યારે તેમનાં માતા પિતા વગેરે કુટુંબીઓ ખૂબ ખેદ પામી ડોસાતાઈને સમજાવવા માંડ્યા કે "ભાઈ ! આપણે આ પ્રમાણે વર્તીએ એ કોઈ રીતે પોસાય નહિ. અમારે જ્ઞાતિલોકોનાં કડવાં વેણ સાંભળવાં પડે છે, માટે તું આ બધું ટીખળ છોડી દે" આ રીતે સગાંસ્નેહીઓએ ડોસાતાઈને અનેકવાર સમજાવ્યા, કેટલીક વાર આકરો ઠપકો આપી ખૂબ તિરસ્કાર કર્યો, અને છેવટે તો મૃત્યુનો ભય બતાવી માર માર્યો. છતાં પણ એમણે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ જે અખંડ ભજન કરતાં હતાં તે છોડ્યું નહિ. આથી બધા લોકો તેમના ઉપર વિશેષ કોપાયમાન થઈ ગયા. પછી તો અતિ નિર્દય થઈને એમને ઘણું દુઃખ આપવા લાગ્યા.

એક દિવસ ડોસાતાઈનાં બધા સંબંધીઓએ મળી વિચાર કર્યો કે - આ કોઈ રીતે આપણું માનતો નથી માટે એમની મેળે એ ગરીબ ગાય જેવો થઈને આપણી પાસે આવે અને માફી માગે એવો ઉપાય લેવો જોઈએ. ગમે તેવો શક્તિશાળી માણસ હોય પણ જો તેને બે ચાર દિવસ ખાવા-પિવાનું ન મળે , તો એ ચોક્કસ ઢીલો પડી જાય. માટે આપણે આને એક ઘરમાં પૂરી તાળું વાસી દઈએ. ખાવા-પીવાનું



Final



કંઈ પણ આપવું જ નહિ. બે દહાડા થશે, ત્યાં તો એની મેળે સીધો દોર જેવો થઈ જશે. આમ નક્કી કરી ડોસાતાઈને એક અંધારા ઘરમાં પૂરી તાળું વાસી દીધું. ડોસાતાઈ કોઈ જાતના ચિંતા-શોક કર્યા વિના અંધારા ઘરમાં ભારે ઉત્સાહથી સ્વામિનારાયણ મહાપ્રભુનું અખંડ નામ જપવા લાગ્યા. એકાંત સ્થળમાં ધ્યાન-ભજન કરવાની આ તો ભારે ઉત્તમ સગવડ મળી, એમ ધારી અત્યંત આનંદથી અલમસ્તપણે ભજન કરી રહેલા ડોસા ભક્ત, ખાવું પીવું વગેરે દેહની ક્રિયાઓનું તદ્દન ભાન ભૂલી કેવળ પ્રભુપરાયણ બની ગયા. પ્રભુના ભજન-સ્મરણ આગળ દેહ અને સંસાર જેણે તૃણ સમાન તુચ્છ થઈ ગયેલો છે, એવા એ ડોસા ભક્ત ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ અન્નજળ અને નિદ્રા લીધા વિના હૃદયના ખરા સદ્‌ભાવથી ભજન કરી રહ્યા હતા. તે જોઈ ભક્તવત્સલ, કરુણાસાગર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીએ અલૌકિક દેહે દિવ્ય દર્શન આપી ડોસા ભક્તને પોતાની અમીમય દૃષ્ટિથી ષડ્ર્મિ (ભૂખતરસ, હર્ષ, શોક, જરા, મૃત્યુ) રહિત બનાવી દીધા ! અને એમના શરીરને પણ નિરાવરણ કરી દીધું ! આથી ડોસા ભક્ત સર્વ દુઃખથી મુક્ત થઈ હસતે મુખે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ભજન કરતા કરતા બંધ ઘરમાંથી બહાર નીકળી આવ્યા ! આ જોઈ ને લોકો મહાન આશ્ચર્ય પામી વાતો કરવા લાગ્યા કે આજ ત્રણ દિવસથી ડોસા તાઈ ભૂખ્યા તરસ્યા છે, છતાં એમના મુખ ઉપર કેટલી ક્રાંતિ ને ઉત્સાહ જણાય છે ! મુંઝવણ શોક-ચિંતા કે કોઈ પ્રકારની ગ્લાનિ એમને બીલકુલ થતાં નથી. ખરેખર એ સાચા ભક્ત છે, અને એથી જ એમના ઈષ્ટદેવે બંધ ઘરમાંથી બહાર કાઢ્યા ! આ રીતે સમજુ લોકો એમની પ્રશંસા કરવા લાગ્યા, પરંતુ દુરાગ્રહી અને ક્રૂર પ્રકૃતિના એમના કેટલાક ઉતાવળિયા સંબંધીઓએ ગુસ્સે થઈને ડોસા ભક્તને તત્કાલ પકડી ફરીથી એ જ અંધારા ઘરમાં પૂરી દીધા, અને એક થાંભલા સાથે બાંધી પગથી તે માથા સુધી મજબૂત

દોરડાં ખૂબ ખેંચીને કોઈ ચોરને બાંધે તેમ નિર્દય થઈને બાંધી દીધા. પછી ઘરને તાળું વાસી બે જણ ચોકી કરવા બેઠા. અને પછી પરસ્પર એક બીજા વાતો કરવા લાગ્યા કે - પહેલી વાર આપણે ન જાણીએ તેમ ગમે તે રીતે કંઈક કપટ કરીને એ બહાર નીકળી આવ્યો, પણ હવે નીકળે તો બહાદુર કહેવાય. ખરો ભક્ત હશે અને એના પ્રભુ રક્ષા કરે છે, એમ જે કેટલાક શ્રધ્ધાળુ લોકો વાતો કરે છે, તે બધી હવે ખબર પડશે કે કેટલી વીશે સો થાય છે ! ત્રણ દિવસથી કંઈ ખાધું પીધું નથી ને લાકડું બાંધે તેમ બરાબર બાંધ્યો છે તે ભીંસાઈ મરશે, અને ભૂખના દુ:ખથી કંટાળી ગયો હશે, પણ અભિમાનનો માર્યો પકડેલ નાડું છોડી શકતો નથી, પણ હવે એની ધીરજ ટકે તેમ નથી. ઘડી બે ઘડીમાં ચોક્કસ હારી જસે અને માફી માગશે.

ડોસા ભક્તના સંબંધીઓએ આ રીતે દુ:ખ દેવામાં કંઈ ખામી રાખી ન હતી, પરંતુ "રામ રાખે એને કોઈ ન ચાખે" આ કહેવત મુજબ દયાસિંધુ શ્રીહરિની કૃપાથી જેનું શરીર નિરાવરણ બની ગયું હતું એવા ડોસા ભક્ત ફરીથી ઘરમાં પૂર્યા કે તત્કાળ બંધનથી રહિત બની ગયા ! એટલું જ નહિ પણ અમદાવાદથી ધોળકા નીકળ્યા ! ધોળકામાં તેમના કોઈ સંબંધી ભેટી ગયા, તેમણે ત્યાં ઘરમાં પૂર્યા, ત્યાંથી પણ તુર્ત જ બહાર નીકળી ગયા ! પછી તેમનો સંબંધી નવાઈ પામી ડોસા ભક્તને અમદાવાદ મૂકી ગયો. આ બનાવ પછી દરેકને એમ થઈ ગયું કે આમની આગળ આપણો કોઈ ઉપાય ચાલે તેમ નથી.

સમાજમાં કેટલાક માણસો એવા હઠીલા હોય છે, કે એ હજારો પ્રકારે હેરાન થાય તો પણ પોતાની હઠીલાઈ છોડતા નથી. ગમે તેટલી મુશ્કેલીમાં મુકાય છતાં એ પોતાનું જ ધાર્યું કરે છે. બીજાને હેરાન કરવામાં એમને આનંદ આવે છે. સમાજના કંટકરૂપ આવી હલકી સ્વાર્થવૃત્તિના લોકો જીવનભર વેરઝેર વધારતા રહી અશાંતિ ફેલાવતા



Final



રહે છે, પરંતુ નિષ્ફળતાંથી બોધપાઠ લઈ વિનમ્ર બની મૌન રહેવાનું તેમને યાદ જ નથી આવતું.

આ ન્યાયે ડોસા ભક્તની પાછળ પડેલા પેલા બે ચાર ક્રૂર કુટુંબીઓએ એવો વિચાર કર્યો કે - કોઈ ન જાણે તેમ સીમમાં આપણા ખેતર પાસે માથાબૂડ મોટી ઘોર ખોદી ડોસાને તેમાં જીવતો દફનાવી દઈએ ! આમ કર્યા વિના એ સીધો નહિ થાય. કાં તો આ ઉપાયથી ડરીને માની જશે, નહિતર ઠેકાણે થઈ જશે ! એટલે બધો મામલો ખતમ, કોણ પૂછનાર છે કે, શું થયું ? આ રીતે પ્રથમ તૈયારી કરી બીજે દિવસે કામકાજને બહાને ડોસા ભક્તને તેઓ ખેતર લઈ ગયા. ત્યાં ખોદી રાખેલો મોટો ખાડો બતાવી કહ્યું : 'તને આમાં બેસારીને દાટી દેવો છે. ચાલ આમાં બેસી જા' ડોસા ભક્ત જરાપણ આનાકાની કર્યા વિના ગભરાયા સિવાય ખૂબ ઉત્સાહથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ભજન કરતા કરતા તેમાં બેસી ગયા ! એટલે પેલા લોકોએ ચોતરફથી ધૂળ નાખી તેમને ગળા સુધી દાટી દીધા ! પછી પૂછ્યું : 'બોલ ! છે ઉગરવાની મરજી ? તો ભગતપણાનો બધો ડોળ છોડી દે' ડોસા ભક્ત તો ભજનમાં તલ્લીન બની ગયા હતા. મરવું એ તો એમને મન મંગળ હતું એટલે એ શા માટે ડરે ? પછી તે લોકોને પુષ્કળ ધૂળથી તેમને દાટી દઈને, કોઈ જાણી ન શકે તેમ જમીન સરખી કરી ઘેર જવા રવાના થયા !

- **કુટુંબજીનોએ ડોસાતાઈની માફી માગી**

ગામમાં આવી તે લોકો પોતાના ફળીમાં પેઠા ત્યાં તો ઓસરીની કોરે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ગંભીર અવાજથી ભજન કરતા ડોસા ભક્તને જોયા ! 'અરે આ શું ! કોઈ રીતે નીકળી શકાય નહિ એવા ઊંડા ખાડામાં કોઈ ન જાણે તેમ દાટીને આપણે ઉતાવળે પગલે આવ્યા છીએ, પણ ત્યાં તો આપણી પહેલાં આ અહીં આવી પહોંચ્યા છે ! આ તો ભારે નવાઈની વાત કહેવાય ! અત્યાર સુધી

આપણે એમને બહુ જ હેરાન કર્યા છે એ મોટામાં મોટી ભૂલ કરી છે. ડોસા તાઈ ખરા ભક્ત છે. ખુદા એમની મદદમાં છે નહિતર કદી પણ આમ બને નહિ 'રામ રાખે તેને કોણ ચાખે' એ કહેવત બરાબર છે. આવા સાચા ભક્તને કોચવીને આપણે મોટું પાપ કર્યું છે, માટે ચાલો એમની માફી માગી શુદ્ધ થઈએ'' પછી એ લોકો ડોસા ભક્તના પગમાં પડી માફી માગવા લાગ્યા કે ''અમે ખૂબ અપરાધ કર્યો છે. તમને ઘણાં દુઃખ આપ્યાં છે, અને તમે ખુદાની મહેરબાની વડે બંધ ઘરમાંથી બહાર નીકળી આવતા તેને અમે ખોટું જ માનતા હતા, પરંતુ આ બનાવે તો અમારી આંખ ખોલી નાંખી છે ! ખરેખર તમે ખુદાના ખરા આશિક છો. અમે ખોટો હઠ કરીને તમને ઓછા હેરાન કર્યા નથી. ઘણા ગુના કર્યા છે, માફ કરો.'' આ પ્રમાણે અપરાધીઓની દીન વાણી સાંભળી ડોસા ભક્તે કહ્યું ''ભાઈઓ ! તમે મારા સાચામાં સાચા મિત્રો છો. તમે મન આકરી કસોટીમાં કસ્યો. તેથી જ હું બળવાન બન્યો છું. પ્રભુમાં અતુટ શ્રદ્ધા અને અખૂટ ધીરજ એ તમારા પ્રયાસથી મને મળેલ છે. તમે મારે માથે ઉપકાર કર્યો છે, પણ કોઈ ગુનો કર્યો હોય અગર કંઈ દુઃખ આપ્યું હોય એમ હું માનતો જ નથી.

પ્રભુ તમારું ભલુ કરે એમ હું હૃદયથી ઈચ્છું છું. આ રીતે ડોસા ભક્તનાં અભય વચનો સાંભળી તેમનાં સંબંધીઓ અને અન્ય લોકો આશ્ચર્ય સાથે ખૂબ આનંદ પામી એમની પ્રશંસા કરવા લાગ્યાં. અને પછી તે બધાએ વૈરવૃત્તિ છોડી દીધી. એથી ડોસા ભક્ત સ્વતંત્રપણે પોતાની રીતે પ્રભુ ભક્તિ કરવા લાગ્યા.

ડોસા ભક્તની સાથે રહેલા સ. શ્રી. નિષ્કુલાનંદ સ્વામીએ હરિસ્મૃતિ નામના પોતાના ગ્રથમાં આ વાત સંક્ષેપથી નીચે પ્રમાણે લખી છે -



Final



વળી એક ડોસો યવન, અચરજકારી છે,
તેને થયું હરિનું દર્શન અચરજકારી છે.
રહી મૂર્તિ અંતરમાંઈ, અચ,
ભૂલ્યો દેહ દીસે નહિ કાંઈ, અચ. ૩૬
તેને બાપે બાંધ્યો બંધે, અચ,
રોક્યો ઘરમાં ઘાલી સંબંધે, અચ.
આપ્યાં કમાડ દીધાં તાળાં, અચ.
બેઠાં બારણે રખવાળાં, અચ. ૩૭
તેમાંથી દેહ અદર્શ થઈ, અચ.
નિસર્યો બાર ગાઉ પર જઈ અચ.
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે, અચ.
ત્યાંથી નીસરી ગયો ત્રીજે અચ. ૩૮
આવરણ એક આડું નવ રહ્યું. અચ.
ભૌતિક દેહ અભૌતિક થયું. અચ.
તે તો જાણે છે જન મનમાં, અચ.
એહ સામર્થી ભગવનમાં, અચ. ૩૯
એવી કેટલીક વાતો કરીએ, અચ.
પ્રગટ મૂર્તિની, વૈખરીએ, અચ.
ઘણી વાતો થોડામાં કહી, અચ.
બીજી ઘણી ગ્રંથોમાં રહી. અચ. ૪૦

*(હરિસ્મૃતિ, ૭ મો ચિંતામણિ)*

શ્રીજીમહારાજની કૃપાથી અને ભજન-સ્મરણના પ્રતાપથી ડોસા ભક્તને બધી ઉપાધી દૂર થઈ, એથી તેઓ વિશેષ ભજન કરવા લાગ્યા. સર્વ ક્રિયામાં પ્રભુનું અખંડ નામસ્મરણ કરવું એવું એમનું ખાસ અંગ બંધાયું હતું. અતિ અગત્યનું કોઈને કામ હોય અને તે પૂછે, તો જ ડોસા ભક્ત થોડું બોલી બહુ. ટૂંકામાં વાત પતાવી લેતા.

કેમ કે પ્રભુ ભજન વિના એક પણ શ્વાસ વ્યર્થ ન જાય એ એમને મન બહુ જ મહત્ત્વની વાત હતી. વિશેષપણે તો કાયમ મૌનવ્રત રાખતા. ઘેર એક વખત જમી આવશ્યક કામ કાજ કરી બાકીના સમયમાં ધ્યાન-ભજન કર્યા કરતા. મોટા યોગીની પેઠે એમની દૃષ્ટિ અને દેહ એ બંને નિરાવરણ બની ગયાં હતાં. તેથી જ્યારે ઈચ્છા થાય ત્યારે ઘેર બેઠાં વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ભુજ ઈત્યાદિ દેવ મંદિરોનાં દર્શન કરી બીજા આગળ વાત કરતા કે આજે અમુક દેવોનાં દર્શન કર્યા ને આવાં વસ્ત્રો તથા આભૂષણો પહેર્યા હતા. કોઈવાર સમાધિમાં દેવલોક, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, ગોલોક, વૈકુંઠ અને અક્ષરધામનાં દર્શન કરી ત્યાંની આશ્ચર્યકારક વાતો કરતા, ત્યારે કોઈ વખત પળવારમાં સદેહે પણ દૂર પ્રદેશમાં પહોંચી દેવદર્શન, કથાવાર્તા કે સંતસમાગમ કરી તુર્ત જ કે બે પાંચ દિવસે ઘેર આવતા. જ્યારે ડોસા ભક્ત ઘેર ન આવે, ત્યારે તેમના પિતા એમની શોધ કરતા અને દૂર પ્રદેશમાં છે એવા સમાચાર સાભળી ત્યાંથી તેમને ઘેર તેડી લાવતા.

એક વખત ડોસા ભક્ત શ્રીજીમહારાજની ઈચ્છાથી બદરિકાશ્રમમાં ગયા ને ત્યાં કેટલાક દિવસ રોકાઈ રહ્યા, એટલે એમના પિતાએ તેમને બહુ ખોળ્યા, પણ હાથ આવ્યા નહિ. પછી તેઓ યોગીરાજ સ.ગોપાળાનંદ સ્વામી પાસે વડતાલ ગયા ને પૂછ્યું : "સ્વામી ! અમારો ડોસો દેખાતો નથી તે મરી ગયો હશે કે શું ?" સ્વામી કહે "એ તો બદરિકાશ્રમમાં તપ કરવા ગયેલ છે તે હમણાં નહિ આવે."

આ રીતે વ્રત, દાનપુણ્ય કે કોઈ મોટી તપશ્ચર્યા કર્યા સિવાય ફક્ત દૃઢશ્રદ્ધા-વિશ્વાસપૂર્વક સ્વામિનારાયણ એ નામના અખંડ જપથી ડોસા ભક્ત મોટા યોગીઓને પણ દુર્લભ એવી સિદ્ધદશાને પામ્યા, એ કેટલા મહત્વ અને ગૌરવની વાત છે ! શુદ્ધ દિલથી કરેલાં



Final



ભગવન્નામ-સ્મરણ ધૂનભજન કીર્તન રૂપી જપયજ્ઞનો કેટલો અદ્ભુત પ્રૌઢપ્રતાપ ને પ્રભાવ છે એ ડોસા ભક્તના જીવનમાંથી યથાર્થ જાણી શકાય છે જો કે અધ્યાત્મતત્વનો જેણે સાચા ગુરુ પાસેથી પૂર્ણ અનુભવ લીધો નથી, એવા પ્રખર બુદ્ધિશાળી મનુષ્યના ભેજામાં પણ આ વસ્તુ ઘડીકમાં બંધ બેસે તેમ નથી, તેને માટે તો બુદ્ધિથી પહેલેપાર રહેલા પરમતત્ત્વનો અભ્યાસ અંતરની ઊંડી ભાવનાથી કરવો પડે છે.

बहुत काल करत सतसंगा तब होत संशयका भंगा'

ડોસા ભક્ત જળમાં કમળ રહે તેમ સંસારમાં અલિપ્તપણે કૌટુંબિક ફરજો બરાબર બજાવતા હતા. પરંતુ એમનું પ્રભુમય નિઃસ્વાર્થ જીવન અને કુટુંબીઓનું અજ્ઞાનમય સાંસારિક જીવન એ બંને વચ્ચે સુમેળ સાધી શકાય તેમ ન હતું. તથા પોતાને સ્વાભાવિકપણે ગૃહજીવનમાં રસ કે રુચિ તદ્દન ન હતા, અને એમની ત્યાગભાવના દિનપ્રતિદિન પ્રબળ થઈ રહી હતી, એટલે મોટા નંદ સંતોનો સમાગમ વિશેષ કરતા. વડતાલના સમૈયા ઉપર હરવખત દર્શન કરવા જતા ત્યાં દેશ વિદેશથી આવેલા સંતોનો પરિચય સાધી એમની વાતો સાંભળતા. તેમ જૂનાગઢ મંદિરના મહંત અ.મુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એમનું મન વધારે આકર્ષાયું. તથા સ્વામીની સાધુતા, સ્વરૂપનિષ્ઠાનું બળ અને ઉદારપ્રવૃત્તિપૂર્વકની દયાળુતા વગેરે ગુણો ખૂબ ગમ્યા, તથા અમદાવાદથી કોઈ દૂર સ્થાનમાં ત્યાગી થઈને રહેવું એ પોતે કરેલા સંકલ્પ પ્રમાણે બરાબર મળતું આવ્યું, તેથી ડોસા ભક્ત સ્વામીની સાથે જુનાગઢ આવી પાર્ષદ તરીકે ત્યાગી થઈને રહ્યા.

### ● ડોસાતાઈની અદ્ભૂત સેવા

સત્સંગમાં પ્રથમના સમયમાં નાના મોટા દરેક પ્રકારની સેવા ઉત્સાહથી કરતા. સૌ સેવા ને ભજનપરાયણ રહેતા, તેમ ડોસા ભક્ત પણ પોતાને ઘટે તેવી સેવા સ્વચ્છતા વગેરે કરતા, અને ખાસ કરીને

તો તેઓ હમેશાં પાણીનો ફાળકો ચલાવતા. જૂનાગઢમાં ૫૦ થી ૬૦ હાથ ઊંડા કૂવા હોય છે. તેમાંથી સવાર સાંજ નાહવા માટે તથા રસોડા સારુ ઝાઝાં માણસો માટે પાણી પુરું પાડવું. એ ઘણું મુશ્કેલ હતું. કારણ કે તે સમયમાં કોઈ પ્રકારનાં યાંત્રિક સાધનો હતાં નહિ. એટલે કૂવા ઉપર લાકડાના ફાળકા ગોઠવી તે દ્વારા મોટી ડોલોથી પાણી સીચીને પુરું પાડવામાં આવતું. ખૂબ મજબૂત માણસ હોય એ જ ફાળકો ચલાવી શકે. જેવા તેવાથી એ કામ બને તેમ ન હતું. ડોસા ભક્ત શરીરે મજબૂત અને શ્રદ્ધાવાળા હતા, એટલે એક ટોડલા ઉપર બેઠા બેઠા લગભગ આખો દિવસ ફાળકો ચલાવતા અને સહુ સાધુ સત્સંગીઓ નાહવું ધોવું વગેરે કામ લેતા ડોસા ભક્ત કોઈની સાથે જરાપણ વાતચીત કર્યા વિના મૂર્તિમાં એકાગ્રવૃત્તિ રાખી પોતાની હંમેશની ટેવ પ્રમાણે કામકાજની સાથોસાથ સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ એમ ધીરા અવાજે અખંડ ભજન કર્યા કરતા, એટલું જ નહિ, પરંતુ ભજન સ્મરણના આનંદમાં એમને ખાવું, પીવું વગેરે દેહની ક્રિયાઓ પણ યાદ રહેતી નહિ. કોઈ કહે કે - ચાલો જમવાનો સમય થઈ ગયો, ત્યારે તેઓ એટલું બોલતા કે, ચાલો ત્યારે પોઠિયાને ભાડું આપીએ' અને જો કોઈ જમવાનું ન પૂછે તો બે દહાડા ભૂખ્યા પણ ચાલ્યા જતા. જમવા બેસે ત્યારે જેટલું પીરસ્યું હોય તેટલું જમી લેતા. ફરીથી કોઈ પીરસે તો ભલે નહિતર કંઈ પણ માગતા નહિ. આમ ડોસા ભક્ત સર્વ રીતે અતિ ઉચ્ચ સ્થિતિને પામ્યા હતા. એથી સહુ કોઈ તેમનો દાખલો લઈ પોતાના જીવનને વિશેષ ઉજ્જવલ અને ભક્તિનિષ્ઠ બનાવતા હતા. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી કથાવાર્તાના પ્રસંગમાં સાધુ સત્સંગીઓને કહેતા કે આ ડોસા ભક્તના જેવી સ્થિતિ થશે ત્યારે અક્ષરધામમાં રહેવાશે. સ્વામી સમૈયા-ઉત્સવ ઉપર જતા ત્યારે તથા દેશમાં ફરવા જતા ત્યારે કોઈ કોઈવાર ડોસા ભક્તને પણ સાથે તેડી જતા. જો કે ડોસાભક્તને કોઈ પ્રકારનો સંકલ્પ કે



Final



ક્યાંય જવાની ઈચ્છા જ ન હતા. મોટા સંતો કહે તેમ કરવું અને સેવા ને સ્મરણ ખૂબ કરી લેવાં એ જ એક જીવનનું સુખ ધ્યેય હતું પરંતુ સ્વામીનો હેતુ તેમને સાથે તેડી જવામાં એ હતો. કે, આવા આદર્શ ભક્તનું વર્તન જોઈને મુમુક્ષુઓ ઉત્તમ માર્ગદર્શન મેળવી વિશેષપણે ભગવન્નિષ્ઠ બને.

- **ડોસાભક્તની સમજણને ગુણાતીતાનંદ સ્વામીએ સભામાં બિરદાવી**

એક વખત સ. ગુણાતીતાનંદ સ્વામી ઊનાના શેઠિયાઓના આગ્રહથી ઊના પધારેલા. ત્યારે ડોસા ભક્તને પણ સાથે તેડી ગયા હતા. વીસાવદર-કાળસારી ઉપરથી ગીર સોંસરા થઈને પગ રસ્તે સ્વામી ઊના પધાર્યા હતા. માર્ગમાં કેટલાક સત્સંગીઓને સત્સંગ પ્રથમથી ઘણો ઉત્તમ તથા સાધુ-સંતોને વિષે અત્યંત પ્રેમભાવ વાળો હતો. નગરશેઠ શ્રી ગણેશ શેઠ, વલ્લભજી શેઠ અને હંસરાજ ગાંધી વગેરે ઉપર સ્વામી બહુ પ્રસન્ન હતા, એથી કેટલાક સમય ત્યાં રોકાઈને સ્વામી સૌને કથાવાર્તાનું ભારે સુખ આપતા, સવાર સાંજ મોટી હકડાઠઠ સભા થતી. ડોસા ભક્ત તદ્દન મૌન રહી એક તરફ ક્યાંય દૂર ખૂણે નિર્માનીપણે બેસી વાતો સાંભળતા, એટલે એમની સ્થિતિનો કોઈને ખ્યાલ ન હતો. વાતના પ્રસંગમાં સ્વામી કહેતા કે, લોકવ્યવહારે ગમે તેવા મોટા હોય કે ધનવાન હોય, અગર મોટા ભક્ત કહેવાતા હોય પણ આ ડોસા ભક્તના જેવી સમજણ તથા સ્થિતિ કરવા માટે ખૂબ કાળજીથી રાત્રિ-દિવસ દાખડો નહિ કરીએ તો અક્ષરધામમાં જવાશે નહિ, માટે બરાબર સાવધાન ને શૂરવીર રહેવું. આ પ્રમાણે સ્વામીની વાતથી શેઠીયાઓ ડોસા ભક્તનો પૂરો પરિચય મેળવી એમનો મહિમા સમજ્યા.

સંપ્રદાયમાં પ્રથમથી એ રીત ખૂબ પ્રચલિત છે કે, ગામડાઓમાં ફરતા સંતો સવાર, સાંજ ગામથી દૂર નદી, તળાવ કે કૂવા હોય ત્યાં

નાહવા જાય. બપોર પછી ચાર બજે સંતો જ્યારે નાહવા જાય ત્યારે કેટલાક પ્રેમી ભક્તો સંતો સાથે જાય, અને કોઈ મોટા સદ્‌ગુરુ પધાર્યા હોય ને અનુકૂળ સમય હોય તો વધારે પ્રમાણમાં સત્સંગીઓ સાથે નાહવા જાય. આ પ્રથા મુજબ એક દિવસ પુણ્યતિથિ હતી, એથી ચાર બજે જ્યારે સ્વામી મછુંદ્રી નદીએ નાહવા તૈયાર થયા, ત્યારે શેઠિયાઓ પણ સ્વામીની સાથે ચાલ્યા. એ વખતે સ્વામીએ ડોસા ભક્તને પૂછ્યું "કેમ ભગત ! નદીએ નાહવા આવવું છે ?" ત્યારે તે કહે "સ્વામી ! કંઈ વિચાર નથી' ત્યારે સ્વામી કહે તમે મંદિરનું ધ્યાન રાખજો અમે જઈએ છીએ' આમ કહી સહુ મંદિરની ખડકી બહાર આવ્યા ત્યારે સ્વામી કહે 'ખડકીએ તાળું વાસી દો. ડોસા ભક્તને ખબર નહિ રહે, કે મંદિરમાં કોણ આવ્યું. આ પ્રમાણે તાળું વસાવી સ્વામી અને બધા સત્સંગીઓ નદીએ ગયા, ત્યાં તો ડોસા ભક્ત નદીમાં કપડાં ધોતા હતા ! આ પ્રત્યક્ષ બનાવ જોઈને બધા જ આશ્ચર્ય પામ્યા ! સ્વામીએ ડોસા ભક્તને પૂછ્યું 'ભગત ! તમે તો આવવાની ના પાડતા હતા ?' ત્યારે તે કહે "મને એમ સંકલ્પ થયો કે, સ્વામી ને શેઠિયાઓ ગયા છે તે નાહ્યા પછી ધૂન, કીર્તનને કથાવાર્તાનો ભારે લાભ મળશે એટલે આવ્યો.

● **ડોસાતાઈની નિર્માનીતા**

આ રીતે ડોસા ભક્તને ભીંત વગેરે કોઈ પણ પ્રકારનું આવરણ નડતું નહિ. એ જ રીતે દૂરદર્શન અને દૂરશ્રવણ એ પણ એમને સિદ્ધ હતા. આથી તેઓ જે ધારે કે ઈચ્છે તે પ્રાપ્ત કરી શકતા ને લોકાંતરમાં સદેહે જઈ શકતા હતા. પોતામાં આટલું મહાન સામર્થ્ય હોવા છતાં તેમના મનમાં કોઈ પ્રકારની ઈચ્છા કે કોઈના તરફ ઈર્ષ્યા, અભિમાન, દંભ કે કપટ ન હતા. તેમજ ઐશ્વર્ય બતાવી પ્રસિદ્ધ થવાની અથવા પૂજાવાની તો જરા પણ ઈચ્છા નહતી. ખરેખર મારામાં કંઈ પણ નથી, બધું પ્રભુનું છે એવા વિશુદ્ધ આશયથી નાના મોટા દરેક



Final



તરફ અતિ નિર્માનીપણે તેઓ વર્તતા હતા. દોષોનું વળગણ છૂટવું અને ગુણો કે ઐશ્વર્યનું અભિમાન ન આવવું એ કાંઈ જેવી તેવી મામુલી વાત નથી. આજ સાચા ભક્તોનું ઉત્તમ લક્ષણ છે. ડોસા ભક્તની પેઠે દરેક મુમુક્ષુએ જગતનાં સર્વ પ્રલોભનોમાંથી મનોવૃત્તિ પાછી વાળી અતિ દૃઢ નિષ્ઠાપૂર્વક ભગવાન સ્વામિનારાયણનાં નામસ્મરણ, ધૂન કીર્તનરૂપી જપયજ્ઞમાં મનને સતત જોડી રાખવો પ્રબળ પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. *(આદર્શ ભક્તગાથા)*

● **શ્રીનરનારાયણના મંદિર વિષે**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે હાલ જે સ્થળે અમદાવાદમાં શ્રી નરનારાયણાદિ દેવોનું મંદિર કર્યું છે તે સ્થળની પસંદગીનાં કારણો નીચે મુજબ તારવી શકાય.

(૧) પોતે અમદાવાદ પધારતા ત્યારે કાળુપુર નવાવાસમાં ઉતરતા. તેની નજીકમાં આ સ્થળ આવેલું છે.

(૨) આ સ્થળે ખુલ્લી જગ્યા પડી.

(૩) અંગ્રેજ સરકારના હાકેમ શ્રીહરિને જમીન કૃષ્ણાર્પણ આપવાનો હોઈ તેમણે શ્રીહરિને જમીન જાતે પસંદ કરવાનો વિકલ્પ આપેલો.

(૪) જમીન શહેરની મધ્યમાં હતી, જેની પ્રતિતિ હાલ બરાબર થઈ શકે છે.

(૫) સ્થળ ઉચાણ પર હોવાને લીધે સુરક્ષિત હતું. આજથી આશરે સો વર્ષ ઉપરાંતના સમયમાં, જાણવા પ્રમાણે, અમદાવાદમાં અભૂતપૂર્વ રેલ સાબરમતીમાં આવી હતી. આવી રેલ ફરીથી હજી સુધી આવી નથી. ત્યારે આખું શહેર જળબંબાકાર થઈ ગયું હતું. શહેરમાંથી વહેતી બાણગંગાઓએ માઝા મૂકી હતી. કાળુપુરનો દરવાજો અર્ધ ઉપરાંતનો જળમાં ડૂબી ગયો હતો, ત્યારે આ મંદિરના દરવાજાના ઉમરા સુધી પાણી આવ્યું હતું ! શહેરમાં હોડીઓ ચાલતી

હતી. જળથી અસરગ્રસ્ત માણસોને હોડીથી બચાવી લાવવા માટે ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીએ આખું મંદિર ખુલ્લું મુક્યું હતું ને સૌ પોતપોતાને સ્થળે જઈ શક્યા નહિ ત્યાં સુધી ભોજન ને પાગરણની વ્યવસ્થા કરી હતી. એટલે આ સુરક્ષિત સ્થાન છે.

(૬) આ તો ભૌતિક ગણતરીઓ થઈ. મહત્વનું કારણ તો ભગવાન સહજાનંદ સ્વામી પોતે જ જાણતા હતા કે આ સ્થળ કાળાંતરથી મહાપવિત્ર છે. અગાઉ જણાવી ગયા તેમ અહીં સાબરમતી નદીના બન્ને કાંઠે વિશાળ વિસ્તારમાં ધર્મરણ્ય ફેલાયેલું હતું. સાબરમતી અભ્રમતી મટીને સાભ્રમતી બની હતી. તેને કાંઠે વેદકાળમાં આદિ સત્યયુગમાં શ્રીધર્મદેવે અને મૂર્તિદેવીએ ઉગ્રતપ કરેલું. તેના ફળરૂપે આ સ્થળે શ્રીનારાયણ ઘાટનું સ્થળ છે. આવા સ્થાનની પવિત્રતા અને નિકટતા જોઈને જ દધિચિ મુનિ જેવા પરોપકારાર્થે આત્મસમર્પણ કરનારા ઋષિ શાખાઓમાંથી વહેતી. કાળુપુરનો વહેળો અને માણેકચોકની બાણગંગા, તેના કાંઠે આવેલું માણેકનાથનું મંદિર, મહુર્તપોળ, માંડવીની પોળે વગેરે એવી પ્રતીતિ કરાવે છે કે આ વહેળાઓની આસપાસ અમદાવાદ શહેરનું નિર્માણ થયેલું ને તે તેનાં મધ્યબિંદુ હતાં. પૂર આવે છે ત્યારે માધુપુરા ભયમાં મુકાય છે તે તેની પ્રતીતિ છે. આવી જગ્યાએ આ ટેકરાવાળી જગ્યા ખૂબ સુરક્ષીત લાગી તેમાં શંકા નથી. શ્રીનરનારાયણના જન્મ અને તેમની અત્રે પ્રતિષ્ઠા - એ બન્ને સમયની વચમાં ઘણા કલ્પો વીતી ગયા કોઈ ભૂપૃષ્ટમાં ફેરફારો થયા હોય તે સ્વાભાવિક છે. એટલે શ્રીનરનારાયણના જન્મ સ્થાને શ્રીહરિએ મંદિરનું નિર્માણ કરવા ઠરાવ્યું હોય તે સ્વાભાવિક છે. તેમણે જાતે જ જમીન પસંદ કરેલી છે.

શ્રીહરિએ આજ્ઞા કરી છે કે શ્રીનરનારાયણદેવની જયંતીના દિવસે ફાગણ વદ પ્રતિપદાને દિવસે ફુલદોલોત્સવના દિવસે દેશદેશના સૌ હરિભક્તોએ અહીં આવી આ જન્મોત્સવ ઉજવવો.



Final



મંદિર સંબંધી અભિપ્રાય : ‘‘હઠીસંગના મંદિર પછી આશરે વીસ વર્ષે આ શ્રીસ્વામિનારાયણનું મંદિર થયું. ભવ્યતા અને સૌંદર્યમાં એ પણ અમદાવાદને શોભે તેવું છે.

હિંદુ મંદિરોમાં સર્વથી ઉત્તમ બાંધણીનું તો સ્વામિનારાયણનું મંદિર છે. એ મંદિર ગઈ સદીના પૂર્વાર્ધના અંતમાં બંધાયું છે. મંદિરની બાંધણી પ્રાચીન હિંદુઘાટની અને આકર્ષક છે. એને લગતાં મકાનો તથા દરવાજો પણ ભવ્ય છે. અને મકાનો લાકડકામના ઉત્તમ નમુના રૂપ છે.’’

(રત્નમણિરાવકૃત અમદાવાદનો ઈતિહાસ)

‘‘જો કે અમદાવાદમાં ચાર પાંચ એવાં પ્રચંડ દેવો છે એમાં જૈનોનું હઠીસીંગનું દેવળ અને હિંદુઓમાં સ્વામિનારાયણ મંદિર જોવા લાયક છે. પણ બે બ્રિટીશ રાજ્ય દરમિયાન થયાં છે એ છે ઘણાં પ્રચંડ અને જોરાવર **(powerful)** એમાં પણ સ્વામિનારાયણના દેવળમાં જેટલી પ્રચંડતા અને વિસ્તાર છે. એટલો હઠીસિંગના દેવળમાં નથી. હઠીસિંગના દેવળમાં વૈભવ ઘણો છે. (‘અમદાવાદનો જીવનવિકાસ’ પાન ૨૫ સ્થાપત્ય વિષેના લેખમાંથી).

**“It's principal feafture is an octagonal dome, supported on twelve pillars in the usual Hindu form, excep that the eorners are filled in and that the poreh is squared. With this exception, which in mr. Fergusson's opinion distroys the play of outline, The design of the whole is not unworthy of the great days of the earlier style.” (Bombay Gazetteer, Ahmedabad District. (Page 280)**

‘‘તેના મુખ્ય લક્ષણો એ છે કે તેને અષ્ટકોણ ઘુંમટ છે જે સામાન્ય હિંદુ પ્રણાલિકા મુજબ્લા બાર થાંભલાઓ ઉપર આધારિત છે. આમાં અમદાવાદ એટલો છે કે ખુણાઓ પુરી દેવાયેલા છે અને

પ્રવેશ ચોરસ છે. મી. ફરગ્યુસનના અભિપ્રાય મુજબ આ રેખાની સામ્યતાને અવરોધે છે. તે અપવાદ સિવાય આખું સ્થાપત્ય પુરાણા સમયના મહાન દિવસોને અનુરૂપ નથી .એમ નથી.'' (બોમ્બે ગેઝેટીયર, અમદાવાદ જીલ્લો,' પાનું ૨૮૦ નો ગુજરાતી અનુવાદ.)

- **દલપતરામ કવિની અગાશીમાંથી મંદિરનું દૃશ્ય**

''ધ્રુવ દિશામાં નિરખતાં થાળ બાંધ્યું એક ચોખંડ અંતરિક્ષનું સરોવર જાણે દેખાય છે. એની ત્રણ પાળો બાંધેલી છે. સ્વામિનારાયણના મંદિરની હવેલીઓ ને વચ્ચે છે. અવકાશમાં પાણી ભરેલું જાણે ઘોર-ગંભીર સરોવર એ ગગન ગોમતીને મધ્યે છે બ્રહ્મપદ્મસમા મંદિરનાં ત્રણ શિખરો ને શિખર ઉપર છે સૂર્ય પ્રભામાં ઝળહળતા બ્રહ્મા, વિષ્ણુ ને શિવના તેજબિંબુસમા ત્રણ સુવર્ણ કળશો. અને એ એમનીય ઉપર આકાશના સુવિશાળ ચંદરવાની નીચે ઉડતા ફફડતા હોય અર્જુનના રથ ઉપરના જેવા ત્રણ કપિધ્વજો. કલાકોના કલાકો પર્યંત એ અંતરક્ષિનું સરોવર કિશોરાવસ્થામાં હું નિહાળી રહેતો.

- **વૃંદપુજા**

સંપ્રદાયની સંધ્યા આરતિનું વૃંદપૂજાનું એવું કવિતા સોહમણું ભવ્યદર્શન અન્યત્ર દીઠું નથી. congregational worship સંઘપૂજાનું વધારે કવિત્વમય વિધાન દીઠાનું સ્મૃતિ ના પાડે છે. શ્રીજીએ સંઘ પૂજાને વૈષ્ણવી સાયંસંધ્યા ભાખી છે. નિત્યનિયમ દિવસમાં રાત્રિ ઢોળાય છે એ સમયની એ સંઘભક્તિ છે.''

(કવિ નાનાલાલકૃત સમશ્લોકી શિક્ષાપત્રીની પ્રસ્તાવનામાંથી સભાર ઉદ્‌ધૃત)

- **નરનારાયણ દેવ ભક્તો સાથે વાત કરે છે :**

એક વાત તો હૈયામાં જડી રાખવા જેવી છે કે આ નરનારાયણ દેવ સદા પ્રગટ, સદા હાજરાહજૂર છે. શ્રીહરિનાં આ સ્વરૂપો ભક્ત સાથે વાત પણ કરે છે. જો ભક્તની પાત્રતા હોય, શ્રદ્ધા હોય તો



Final



એમના માટે નરનારાયણ દેવ મૂર્તિ નથી પણ પ્રત્યક્ષ ભગવાન છે.

એકવાર શ્રીહરિ શ્રીનગરમાં બિરાજતા હતા. ત્યારે શાહપુરના બે ભાટ ભક્તો નરનારાયણ દેવનાં દર્શન કરવા આવ્યા. એકાગ્રતાથી દર્શન કરવા લાગ્યા. દેવની આગળ દર્શન કરતાં કરતાં બન્ને જણ વાતો કરવા લાગ્યા કે 'વાહ ! કેવું તેજસ્વી સ્વરૂપ છે ! સુંદર મૂર્તિઓ છે.' બીજો કહે - 'આ નરનારાયણ દેવ છે.' પહેલો કહે - 'આ બેમાંથી નારાયણ કોણ હશે ?' એ વખતે મહાપ્રતાપ દેખાયો. ભગવાન નારાયણ સ્વયં પોતાની હાથની આંગળીઓના સંકેતથી પેલા ભાટ ભક્તોને કહેતા હતા કે અમે પોતે જ નારાયણ છીએ અને મારી બાજુમાં ઊભા છે એ નર છે. આ રીતે ભગવાન પોતાની ઓળખાણ આપતા હતા. એ જોઈને બન્ને ભક્તો પરમાનંદ પામી ગયા અને આ દિવ્ય દર્શનની સૌને મહિમાપૂર્વક વાતો કરવા લાગ્યા.

આ રીતે સ્વામિનારાયણ ભગવાને શ્રીનગરમાં બહુ જ અલૌકિક પ્રતાપ બતાવતા એ પ્રતાપ દ્વારા મુમુક્ષુઓની ભક્તિને દૃઢ કરતા ભક્તોના મનોરથ પૂરા કરતા. શ્રી નરનારાયણ દેવ દ્વારા આ પ્રતાપ બતાવીને શ્રીહરિ કહે છે કે -અમે અખંડ આ નરનારાયણ દેવ રૂપે હાજરાહજૂર છીએ.

- **શ્રીહરિએ હરિભક્તનો ગાય આપવાનો સંકલ્પ પૂરો કર્યો**

અમદાવાદમાં છગનભાઈ નામે એક શ્રીહરિના ભક્ત રહેતા હતા. નરનારાયણ દેવનાં દર્શન કરતાં કરતાં એમને મનમાં સંકલ્પ થઈ આવ્યો કે મારે નરનારાયણ દેવને એક ગાય આપવી છે. તેમનો સંકલ્પ અંતર્યામી શ્રીહરિ જાણી ગયા અને કહ્યું કે - 'ભક્તરાજ ! ઠાકોરજીને દૂધ માટે એક સારી ગાય આપશો ?' શ્રીહરિએ સામેથી પોતાના સંકલ્પને સત્ય કર્યો. એટલે છગન ભક્ત પરમ આનંદ પામ્યા અને તરત જ સોનાની શિંગડીઓવાળી, અલંકારોથી શણગારેલી, વાછડાએ સહિત ઉત્તમ દૂધવાળી ગાય નરનારાયણ દેવને અર્પણ કરી.

નરનારાયણદેવ દ્વારા આ રીતે ભક્તોના અસંખ્ય સંકલ્પો પૂરા થાય છે અને થતા રહે છે.

● **નરનારાયણદેવનું પ્રગટપણું**

એકવાર એક દૂરના પ્રદેશનો વણિક યાત્રાએ નીકળ્યો હતો. જે જે તીર્થમાં જાય ત્યાં સંકલ્પ કરે કે જે કોઈ દેવ મારી પાસેથી સોનાનો કંદોરો બોલીને માંગી લે તે દેવને મારે આ કંદોરો આપવો છે. આવી શુભ ભાવનાથી તીર્થે તીર્થે સોનાના કંદોરાનો સંકલ્પ કરતો કરતો આવ્યો પણ ક્યાંય એનો સંકલ્પ ફળ્યો નહિ. અનેક તીર્થસ્થાનોમાં ફરતાં ફરતાં તે અમદાવાદ આવ્યો. નરનારાયણદેવનાં દર્શન કરતાં જ શાંતિ વળી અને સોનાના કંદોરાનો સંકલ્પ કર્યો - હે ભગવાન ! તમામ તીર્થોમાં ફરીને અહીં આવ્યો છું. આ નગરમાં પણ બધા તીર્થમાં જઈ આવ્યો. પણ કોઈ દેવે પ્રત્યક્ષ બોલીને સોનાનો કંદોરો માંગ્યો નથી. હજુ સુધી મારો સંકલ્પ સિદ્ધ થયો નથી. તો તમે સંકલ્પ પૂરો કરો. એવામાં એના આશ્ચર્ય વચ્ચે શ્રી નરનારાયણ દેવ બોલ્યા, 'હે ભક્ત! લાવો એ કંદોરો અમને આપી દો.' આ અમૃતવાણી સાંભળીને તેણે હર્ષભેર કંદોરો શ્રીનરનારાયણ દેવને અર્પણ કર્યો. પછી સંતો એ વણિકને ઘણો પ્રસાદ આપ્યો. વણિક પણ સંતોનો સમાગમ કરીને સત્સંગી થયો. આવા તો અનંત અપાર પરચાઓ આ નરનારાયણદેવની આગળ થાય છે. એટલે શ્રીહરિ અને સંતોનાં વચન સદા સત્ય છે કે નરનારાયણદેવ સદા પ્રગટપણે બિરાજે છે. શ્રીહરિ સ્થાપિત સર્વ મંદિરોમાં શ્રી નરનારાયણ દેવ સર્વથી મોટા છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ-૩, વાર્તા-૨૫૩)*

● **શ્રીનરનારાયણદેવે રૂપિયા માગી લીધા**

એક મારવાડી સદગૃહસ્થ ધર્માદાના પાંચસો રૂપિયા સાથે લઈને યાત્રા કરવા નિકળેલો ને જ્યાં જ્યાં મંદિરે દર્શન કરવા જાય ત્યાં એમ સંકલ્પ કરે કે "જો દેવ માગી લીયે તો પાંચસો રૂપિયા



Final



ધર્માદાના આપવા." એમ કરતાં તે ઘણાં તીર્થોમાં ફર્યો પણ કોઈ દેવે રૂપિયા માગ્યા નહિ તે મારવાડી અમદાવાદમાં નરનારાયણદેવનાં દર્શન કરવા આપણા મંદિરમાં આવ્યો ત્યારે નરનારાયણદેવે તેની પાસે તે ધર્માદાના રૂપિયા માગ્યા એટલે તુરત તેણે દેવની આગળ પાંચસો રૂપિયાનો ઢગલો કર્યો ત્યારે બ્રહ્મચારીએ પૂછ્યું "કેમ આટલા બધા રૂપિયા ધર્યા ?" ત્યારે તે કહે "મારે સંકલ્પ હતો કે આ રૂપિયા જે દેવ માગે તેને આપવા છે ને તે માટે હું ઘણે મંદિરે ફર્યો પણ કોઈએ માગ્યા નહિ ને અહીં આવ્યો ત્યારે આ દેવે માગી લીધા માટે ધર્યા છે" એમ શ્રીજીમહારાજે દેવમાં રહીને તેનો સંકલ્પ પૂરો કર્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૫)*

● **સિંહાસનમાં બિરાજે તો ભગવાન સાચા :**

શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે શ્રીહરિ શ્રીનગર પધાર્યા હતા. અંગ્રેજ શ્રી ડનલોપ સાહેબે શ્રીહરિની પોતાના રાજમહેલમાં પધરામણી કરીને મહેલ શણગાર્યો અને પ્રભુને બેસવા માટે સુંદર સિંહાસન બનાવ્યું. સુવર્ણના તારથી ગૂંથેલો મખમલનો ઓછાડ સિંહાસનમાં પાથર્યો અને સિંહાસન સારી રીતે સજાવ્યું. ભક્તિભાવપૂર્વક શ્રી ડનલોપ સાહેબ અને એના રાજપ્રધાનોએ સ્વયં આ સેવા કરીને, મનમાં એક સંકલ્પ કર્યો. આપણે શણગારેલા સિંહાસનમાં સ્વામિનારાયણ ભગવાન કોઈના કહ્યા વગર આપમેળે બિરાજી જાય તો ભગવાન સાચા. સંતો માટે ખુરશીઓની પણ વ્યવસ્થા કરી હતી.

સ્વામિનારાયણ ભગવાન સંતો સાથે ડનલોપ સાહેબના મહેલ ઉપર પધાર્યા, અને અંતર્યામી અંગ્રેજ લોકોનો સંકલ્પ જાણીને પ્રેમથી સજાવેલા સિંહાસનમાં બિરાજી ગયા. ડનલોપ સાહેબ સહિત સર્વે અમલદારો બહુ રાજી થયા. પછી તેઓએ સુગંધીમાન પૂજા-સામગ્રીથી તથા કમળના હારથી શ્રીહરિની પૂજા કરી, ફળ અર્પણ

કર્યા. શ્રીહરિને અંતર્યામી જાણીને ડનલોપ સાહેબ ગદગદ થઈને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. પોતાનો સંકલ્પ પૂરો થયો જાણીને અંગ્રેજને પાકો નિશ્ચય થયો કે સ્વામિનારાયણ ભગવાન ખરા.

● **શ્રીનરનારાયણ દેવના પૂજારીની બદલી કરી**

બરાબર તે સમયે હિરાચંદ ચોકશી, લાલદાસ ગોરા, કુબેરસિંહ ચોપદાર વગેરે શહેરના આગેવાન હરિભક્તો આવી શ્રીહરિને પગે લાગીને સભામાં બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું કે આજે તમે મોડા કેમ આવ્યા ? ત્યારે તેઓ બોલ્યા જે આજે મંદિર બાબતનું અગત્યનું ભારે કામ હતું. તેથી મોડું થયું. ત્યારે શ્રીજી બોલ્યા જે મંદિરનું એવું અગત્યનું શું કામ હતું ? ત્યારે ભક્તો કહે આપે શ્રીનરનારાયણદેવની સેવામાં પૂજારી તરીકે ગોપી ભટ્ટને રાખ્યા છે. તેઓ બહુજ તામસી પ્રકૃતિના બની ગયા છે. ઠાકોરજીની સેવા પણ જેમ તેમ જેવી તેવી કરે છે. ઘી, ગોળ, સાકર, મેવો વગેરે વસ્તુઓ ઠાકોરજી માટે હરિભક્તો અપાર લાવે છે, મંદિર તરફથી (કોઠારેથી) પણ આપની આજ્ઞા પ્રમાણે થાળની કાચી સામગ્રી તમામ આપે છે. તે તમામ તેમના છોકરાં ખાઈ જાય છે. અને ઠાકોરજીને કોરા ચોપડ્યા વિનાના ખાલી રોટલાજ ધરાવે છે. ને મુઠડીનું અનાજ આવે છે તે કોઠારે ન આપતાં પોતે વેચી ખાય છે.

લીલાધર નામે તેમનો નાનો છોકરો છે તે ગામનાં બીજા છોકરાંઓને ભેગા કરી મંદિર વચ્ચે (ઘૂંમટમાં) સોગઠાંબાજી તથા જુગાર રમે છે. આ સિવાય બીજી પણ કેટલીક અવ્યવસ્થા ચાલે છે. તે અંગે અમે ભટ્ટજીને જ્યારે કહીએ છીએ ત્યારે તેઓ કહે છે કે તેઓ છોકરાઓ છે તે ખાય અને રમે. એટલે તે અંગેનો વિચાર કરવા અમો રોકાયા હતા એટલે વાર થઈ. તો હવે હે મહારાજ ! મહેરબાની કરી ગોપીભટ્ટને સેવામાંથી છૂટા કરી બ્રહ્મચારીને સેવામાં રાખો તો સારું. બીજું કારણ એ છે કે શ્રીનરનારાયણ દેવ તપસ્વી



Final



છે તેથી તેમની સેવામાં ગહસ્થ કરતાં બ્રહ્મચારી હોય તો સારું કહેવાય અને સેવા પણ પવિત્રપણે સારી થાય.

ઉપર પ્રમાણેની વાત સાંભળી શ્રીહરિએ તુરત જ કુબેરસિંહને મોકલીને પૂજારી ગોપી ભટ્ટને બોલાવ્યા. ભટ્ટજી પૂરા સેવામાંથી પરવારીને શ્રીહરિ પાસે આવી પગે લાગીને બેઠા. એટલે શ્રીહરિએ પૂછ્યું કે કેમ ભટ્ટજી ! કેવું ચાલે છે ? ત્યારે ભટ્ટજી બોલ્યા જે રૂપાળું ચાલે છે. આનંદથી દેવની સેવામાં દિવસ વ્યતીત થાય છે. ત્યારે શ્રીહરિ કહે તમો બીજા વિરોધીયોના મંદિરોવાળા સાથે સારો સંબંધ રાખો છો કેમ ? અને અમૂક મંદિરોમાં થાળ કરવા પણ જાઓ છો તેથી આપણા મંદિરના થાળો વ્યવસ્થિત અને સમયસર થઈ શકતા નહિ હોય ને ? ત્યારે ભટ્ટજી બોલ્યા કે શું કરીએ ? બોલાવે ત્યારે જવું પડે. અને બીજી કાંઈ ઉપાધિ ન થાય તે માટે બીજાઓ સાથે મેળ પણ રાખવો પડે છે. પછી શ્રીહરિએ કહ્યું કે ભટ્ટજી ! અમોએ તમને પૂજા સંબંધી કાચો લેખ કરી આપ્યો છે તે લાવો એટલે પાકો લેખ કરી આપીએ જેથી ભવિષ્યમાં તમને કોઈ મુશ્કેલી ન થાય. ત્યારે ભટ્ટજીએ કાચો લેખ લાવીને શ્રીહરિને આપ્યો. પછી ત્રીજે ચોથે દિવસે ગોપી ભટ્ટે શ્રીહરિ પાસે પાકો લેખ અથવા કાચો આપેલો દસ્તાવેજ બેમાંથી એક પાછો આપવા વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે આ શહેરના કલેકટર દુર્લભ સાહેબ તથા સંત હરિભક્તો કહે છે કે શ્રીનરનારાયણદેવ તપસ્વી છે તેથી તેમની સેવામાં ગૃહસ્થ ન જોઈએ તેથી હવે દેવની સેવામાં બ્રહ્મચારીને રાખવા છે. એમ કહી તરત જ ત્યાંજ બેઠા બેઠા મંદિરની ચાવીઓ ગોપીભટ્ટ પાસેથી લઈ લીધી. અને સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીને દેવની સેવામાં રાખ્યા અને પેલો કાચો લેખ મંગાવી ભટ્ટના દેખતાં જ સભામાં શ્રીહરિએ ફાડી નાખ્યો અને ઘણો જ ઠપકો આપ્યો. તેથી

સંતો તથા હરિભક્તો ખૂબ રાજી થયા. પછી સભા વિસર્જન કરી પોતે ઉતારે પધાર્યા.

- **આનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું દેવ સેવા માટે બ્રહ્મચારીને અમદાવાદ મોકલો પછી આનંદાનંદજી બ્રહ્મચારીને મોકલ્યા**

સંવત ૧૮૭૮ ની સાલમાં અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવ્યા અને મોટા આનંદાનંદ સ્વામીને ત્યાં અમદાવાદમાં રાખ્યા હતા. પછી પ્રથમ વર્ષનો અન્નકૂટ આવ્યો ત્યારે મોટા આનંદ સ્વામીએ વિચાર કર્યો જે આ શહેર ગામ છે માટે બ્રહ્મચારી જો હોય તો સારૂં ! તે સમે શ્રીજીમહારાજ ગામ ફરી આવ્યા ને શ્રીજીમહારાજને વંદના કરી જે અમદાવાદ જેવું શહેર છે માટે ત્યાં બ્રહ્મચારી મોકલો તો સારું ! તે સમે શ્રીજીમહારાજ વસ્તા ખાચરના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા પછી મહારાજે સંતની સભા સામું જોયું એટલે સભામાં સદ્‌ગુરુ આનંદાનંદજી બ્રહ્મચારી બેઠા હતા તેમને મહારાજે તર્જની આંગળીની સાને કરીને બોલાવ્યા. પણ સ્વામી કાંઈ સમજી શક્યા નહીં જે મને બોલાવે છે પછી એક સંત પાસે બેઠા હતા. તેણે કહ્યું તેથી ઉભા થઈને મહારાજ પાસે જઈ હાથ જોડીને ઉભા રહ્યાં ત્યારે મહારાજે કહ્યું જે આનંદાનંદ અમદાવાદ જશો ? ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે મહારાજ તમો જ્યાં આજ્ઞા કરો ત્યાં જાઉં ! પછી મહારાજ ઉભા થઈને આનંદ બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા અને પોતાની ડોકમાં ચાર ગુલાબના હાર પહેર્યા હતા તે આનંદ બ્રહ્મચારીની ડોકમાં પહેરાવ્યા અને મહારાજે કહ્યું જા તું એકલો ચાલજે. પછી મોટા આનંદ સ્વામીને બોલાવીને મહારાજે કહ્યું જે આ આનંદ બ્રહ્મચારી તમારી સાથે અમદાવાદ આવે છે તે મૂળજી બ્રહ્મચારી જેવો છે.

પછી બીજે દિવસે મોટા આનંદ સ્વામી સાથે આનંદાનંદ બ્રહ્મચારી અમદાવાદ ગયા અને ત્યાં સાત મહિના સુધી



Final


નરનારાયણદેવની સેવા કરી અને રૂગનાથ ગોર કરીને બ્રાહ્મણ હતા તેમને મહારાજે મંદિરની સોંપણી કરી હતી. અને રૂગનાથ ગોરના ઘરનાં મનુષ્ય થાળ કરતાં હતાં તે થાળ ધરીને પાછો પોતાની મેળે લઈ જાય અને સ્વામી દેવની સેવા કરતા અને પોતે ચોવીશ કલાકમાં એક વખત જમતા પછી શ્રીજીમહારાજે લોયામાં જ્યારે શાક ઉત્સવ કર્યો ત્યારે પોતાને વિચાર થયો જે હું પણ લોયે દર્શને જાઉં. પછી મોટા આનંદ સ્વામીની રજા લઈને પોતે ચાલવાને માટે તૈયાર થયા ત્યારે ગોકળ ચોકશીએ એક હાથ માદરપાટ આણી દીધો અને જે દિવસે સ્વામી લોયે આવ્યા તેની અગાઉથી શ્રીજીમહારાજ પંચાલે પધાર્યા હતા અને ગોપાળાનંદ સ્વામીનું મંડળ સવારમાં ગામ પીપરડીએ ગયું હતું. સ્વામીએ લોયે આવીને સંઘા પટેલને પૂછ્યું જે મહારાજ ક્યાં ? પટેલે કહ્યું  પંચાળે પધાર્યા છે અને ગોપાળાનંદ સ્વામી આજ પીપરડિયે રાત છે તે દિવસે એકાદશી હતી એટલે સંઘા પટેલે કહ્યું જે બ્રહ્મચારી કાંઈ ફરાળ કરશો ? ત્યારે સ્વામી કહે સુખડીનું ફરાળ કરું ? પછી પોતે સુખડી કરીને ઠાકોરજીને જમાડીને પછી પોતે જમ્યા અને બાકીની સુખડી વધી તે સંઘા પટેલને આપવા માંડી ત્યારે સંઘા પટેલ બોલ્યા જે સ્વામી કાલે બારસ છે તે તમારે પારણું કરવા થાશે માટે તમો રાખો પછી સુખડીનો લોટો ભરી લીધો. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૮૮૯)*

- **અમદાવાદમાં આનંદાનંદજી બ્રહ્મચારીના વચને ગરાસ પાછો મળ્યો**

અને સ્વામી અમદાવાદ સમૈયો કરવા પધાર્યા હતા ત્યાં એક દિવસ રહીને તૈયાર થયા પછી ત્યાંના બ્રહ્મચારી તથા હરિજનો સૌ મળીને કહેવા લાગ્યા જે સ્વામી અમારી રસોઈ જમ્યા વગર અહીંથી જવાય નહી. સ્વામી કહે મારે રામનૌમી વડતાલ કરવી છે ! માટે હું રોકાઈશ નહી. પછી પોતાનાં પોટલા લઈને સૌ બ્રહ્મચારીઓએ

ઓસરીની કોર ઉપર મૂક્યાં અને ગાડાવાળો જ્યાં પોતાના બળદીયા લેવા ગયો ત્યાં તો એક બળદીયાનો પગ સુણી ગયો હતો તેને દોરીને સ્વામી પાસે ચોકમાં લાવ્યા અને સ્વામીને કહ્યું. જે આ બળદ ચાલી શકે તેવો નથી ? પછી સૌ તે પોટલાં આસને મેલી આવ્યાં તે વખતે ગામ સાગંરપુરના કાઠી હરિભક્ત મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા તેને સ્વામીએ પૂછ્યું. જે તમે આંહીં ક્યાંથી ? ત્યારે કાઠી કહે સ્વામી અમારા ગરાસ માટે અમે આંહી અઢાર વરસ થયાં આંટા મારીએ છીએ પણ તેનો કોઈ નીવેડો આવતો નથી. ત્યારે સ્વામી કહે આ બળદનું ઔષધ તમને કરતાં આવડે છે ? કાઠી કહે કે હા ! ત્યારે સ્વામી કહે કે આજ સારો થાય તો આજ તમારો ગરાસ ઘરે આવે! પછી આંબલી તથા આવળ તથા આંબા હળદર તથા મેંદાલકડી અને સાજી ખાર વિગેરે વાટીને ખૂબ ખદખદાવ્યું અને બળદિયાને પગે બાંધ્યું. અને બીજે દિવસે સવારમાં બળદિયાને દોરીને સ્વામી પાસે લાવ્યા. સ્વામી બળદને જોઈને રાજી થયા. અને આશીર્વાદ આપ્યો. અને કહ્યું જે જાઓ આજ બાર વાગ્યે તમારા કામનો ફેંસલો થઈ જશે. પછી સ્વામીએ જમીને પોતાની પ્રસાદી સૌ કાઠીને આપી તે વખતે સરકારી મનુષ્ય બોલાવવા આવ્યું. જે આંહી સારંગપુરના કાઠી છે કાઠી ? તેમને સાહેબ બોલાવે છે. પછી સ્વામીને પગે લાગીને સાહેબને બંગલે ગયા ત્યાં સાહેબે કાગળ લખી આપ્યો જે જાઓ સૌ સૌના ગરાસ સુખેથી ખાઓ. પછી તે સૌ પાછા મંદિરમાં આવીને સ્વામીને પગે લાગ્યા. અને બોલ્યા જે સ્વામી તમારા આશીર્વાદથી ફેંસલો અમારા લાભમાં થયો. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૯૩૧)*

## શ્રીહરિએ અમદાવાદમાં ઉજવેલા ઉત્સવો

- **શ્રીહરિએ ફૂલદોલનો ભવ્ય ઉત્સવ અમદાવાદમાં ઉજવ્યો**

અમદાવાદમાં ફૂલદોળનો ઉત્સવ કરવા શ્રીહરિ સંતો, પાર્ષદો, કાઠીના સ્વારો, સત્સંગીઓને સાથે લઈ ગઢપુરથી સં. ૧૮૮૧ ના



Final



મહા માસમાં ચાલ્યા તે સારંગપુર, સુંદરિયાણા, કંથારીયા થઈ ચાલ્યા તે રસ્તામાં વાંસળ નામની નદી આવી. ત્યાં પાણીનો ઊંડો ધરો હતો. તેમાં શ્રીહરિએ બધાની સાથે સ્નાન કરી સૌને નાસ્તો કરાવ્યો. શ્રીહરિ ત્યાં નાહ્યા ત્યારથી તે સ્થળે નદીનો ઘાટ "નારાયણધરા" ના નામથી ઓળખાય છે. ત્યાર પછી પણ શ્રીહરિ ત્યાં ચાર વખત સ્નાન કરી સભા કરી બિરાજેલા છે. તેની સ્મૃતિ માટે સદ્‌ગુરુ શુક્રાત્માનંદ સ્વામીએ શ્રી હનુમાનજીની મૂર્તિ પધરાવેલી છે. અત્યારે પણ ત્યાં ભાદરવા વદ અમાસના રોજ પ્રતિ વર્ષે સમૈયો ભરાય છે. તે સ્થળ ઘણું ચમત્કારી છે, (આ સ્થળ લીંબડીથી દક્ષિણ તરફ આશરે ત્રણ ગાઉં દૂર આવેલું છે.) શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે શિયાણી, તાવી, દેવળિયા, દદુકા, મચ્છિયાવ વગેરે ગામોના હરિભક્તોની સેવાઓ અંગીકાર કરી સાણંદ આવ્યા, ત્યાં રાત રોકાઈ સવારે ચાલ્યા તે અમદાવાદ નજીક આવી શહેરના સત્સંગીઓને સમાચાર આપ્યા. એટલે મંદિરમાં રહેતા સંતો તથા હરિભક્તો હારો તથા ભેટો તથા વાજિંત્રો સહિત સામૈયું લઈ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. દર્શનની ઉતાવળથી કોઈ કોઈનો સંગાથ કરવા પણ રહેતા નથી. શહેરથી પશ્ચિમ દિશાએ કોટને અડીને સાબરમતી નદી વહે છે. તેનો પટ પા કોષ પહોળો છે. કીનારા પાસે કેડ સમું પાણી વહે છે, સરખેજના માર્ગે થઈ શ્રીહરિ નદી પાસે આવ્યા. બે ઘડી દીવસ ચઢ્યો હતો. શ્રીહરિએ સંતો તથા સત્સંગીઓ સહિત નદીમાં સ્નાન કર્યું. તેટલામાં શહેરમાંથી સંતો તથા સત્સંગીઓ આવ્યા. અત્યંત ભાવથી પુષ્પના હારો પહેરાવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચરણમાં માથું મૂકી શ્રીહરિનાં દર્શન કર્યા. પછી શ્રીહરિને વિનંતિપૂર્વક કહ્યું કે અમો મ્યાના, પાલખી, ગાડીઓ વગેરે વાહનો લાવ્યા છીએ તેમાં આપને જેને યોગ્ય લાગે તેમને બેસાડો. પછી શ્રીહરિએ મુક્તમુનિ, બ્રહ્મમુનિ, ગોપાળાનંદ મુનિ, આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી વગેરે

આગેવાન સંતોને વાહનોમાં બેસવાની આજ્ઞા કરી એટલે તેઓ બેઠા. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજમાન થઈ નદી ઊતરી શહેરના દરવાજે આવ્યા. ત્યાં ઢોલ, ત્રાંસા, વાજાં, વગેરે લઈને સત્સંગીઓ ઉભા હતા. તેથી ત્યાં વાજિંત્રો વાગવા લાગ્યા. પછી ગાજતે વાજતે સામૈયા સાથે શ્રીહરિએ પુરના દરવાજામાં પ્રવેશ કર્યો. અને રાજબજારમાં ચાલવા લાગ્યા. બજારમાં બધે પાણી છાંટી બજારો શણગારી હતી. સવારીની શોભા અવર્ણનીય હતી. બજારમાં બન્ને તરફ અપાર માણસો હારો લઈને ઊભા હતા. શ્રીહરિ નજીકમાં આવે ત્યારે તેઓ હારો પહેરાવી દર્શન કરતા હતા. અગાશીમાં ઊભેલા માણસો પુષ્પોની વૃષ્ટિ કરી વધાવી દર્શન કરતા હતા. સંતો કીર્તનો ગાતા ગાતા ચાલે છે. પછી શ્રીહરિ સ્વારી સાથે શ્રીનરનારાયણદેવના મંદિરમાં આવ્યા.

● **શ્રીહરિએ નેત્રદ્વારા પોતાનું સામર્થ્ય મૂર્તિઓમાં ધારણ કર્યું**

પૂર્વ બાજુના પ્રથમ મંદિરમાં રાધિકાજીએ સહિત શ્રી ગોલોકવિહારીલાલ બિરાજે છે. વચલા મંદિરમાં ભરતખંડના રાજા બદ્રિપતિ શ્રીનરનારાયણદેવ બિરાજે છે. વચલા મંદિરેથી પશ્ચિમના મંદિરમાં શ્રીધર્મદેવ તથા ભક્તિદેવીની મૂર્તિઓ સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજ નામની શ્રીહરિની મૂર્તિ બિરાજે છે. શ્રી નરનારાયણ દેવના અને શ્રી હરિકૃષ્ણ મહારાજના મંદિર વચ્ચે શૈયામાં શ્રીહરિની ચિત્રપ્રતિમા રહેલી છે. શ્રીહરિએ સંતો તથા હરિભક્તોએ સહિત તમામ મૂર્તિઓનાં દર્શન ભાવથી કર્યાં. દર્શન કરતી વખતે પ્રતિષ્ઠા વખતે જે તેજ શક્તિ સામર્થ્ય મૂર્તિઓમાં શ્રીહરિએ મૂક્યું હતું તેથી વધારે પોતાની મૂર્તિનું જેટલું સામર્થ્ય પ્રગટ છે. તેટલું બધું સામર્થ્ય નેત્રની વૃત્તિ દ્વારા પોતાના સંકલ્પથી શ્રીહરિએ મૂર્તિઓમાં ધારણ કર્યું. પછી મંદિરના મુખ્ય દરવાજામાં પેસતાં ઉત્તર દિશામાં સમીપે લીંબડો હતો તેના ચોતરા ઉપર પાટ બિછાવેલી હતી. તેના ઉપર શ્રીહરિ હસ્તે વદને બેઠા. હરિભક્તોએ ચોઘડીયાં બેસાર્યા હતાં તે તે વખતે



Final



વાગવા માંડ્યા. શહેરના ભક્તો તથા અન્ય ધર્મપ્રેમી જનતા શ્રીહરિને હારો પહેરાવી દર્શન કરી બરફી, પેંડા, કેળાં, વગેરે ભેટ ધરતા હતા. એકાદશીનો દિવસ હતો, ફલાહાર તૈયાર હતું. સમય થયો એટલે શ્રીહરિ સભામાંથી ઊઠી જમવા પધાર્યા. રાજગરાની પુરી, શીરો, બરફી, શીખંડ, શાકો વગેરેનું ફલાહાર જમ્યા. પછી સંતોને તથા સાથેના તમામ માણસોને પણ ખૂબ પીરસીને શ્રીહરિએ જમાડ્યા. પીરસતાં ખૂટે નહિ એટલી વધારે વસ્તુ બનાવી હોય તે જોઈને જ શ્રીહરિ પીરસવા પધારતા. શ્રીહરિ જેટલા દિવસ શ્રીનગરમાં રહ્યા ત્યાં સુધી હરિભક્તો શ્રદ્ધાથી જુદી જુદી જાતની રસોઈયો આપી શ્રીહરિને તથા સંતોને જમાડતા. શ્રદ્ધા વિના કરે તેમાં રસ રહે નહિ. સંતો ઉપદેશ કરે ત્યારે તેમાં પણ શ્રદ્ધાનો વિચાર રાખી ઉપદેશ કરે તોજ વિવેક કહેવાય. વિવેક અને વિચાર વિનાના પેટ ભરા કહેવાય, સત્સંગમાં વિચાર અને વિવેકવાળા સંતો ભૂષણરૂપ છે તે સૌને પ્રિય લાગે છે. નિર્ભયપણે શ્રીહરિનો પાકો નિશ્ચય જેમને હોય તે સાચા સંતો છે. પોતાના ધર્મ-નિયમોથી તથા બીજા પાળતા હોય તે નિયમોથી દશ વિશ ગણા. વિશેષ નિયમ, વર્તમાન રાખે પણ અંતરમાં કપટ રાખે તેનું કપટ ઈશ્વરને પણ કળાય નહિ તો બીજાનું તો શું લેખું ? દંભી તથા કપટીને બીજાનો ભાર હોય નહિ. કોઈ સંત દયા કરીને તેવાના દંભ, કપટ ટાળવા વાત કરે તો ઉલટો તેમનો અભાવ લે. દંભી હોય તે દંભીના દર્શનની વારે વારે ઈચ્છા કરે. તેમના અંતરને કોઈ સંત ઓળખતા હોય તેવા સંતથી તે અંતર ચોરે અને દૂર ભાગે, ને તેમને નમસ્કાર કરવાનો પણ ભાવ (વિવેક) નથી રાખતો. સંતના લક્ષણ સંત જાણે છે. દંભી કપટીને માટે જમપુરી છે જે દંભ અને કપટ રહિત છે તેમને માટે જેટલું સુખ છે તે ભગવાને રચ્યું છે. સત્સંગ વગરના ગમે તેવા હોય તોપણ તેને ભવબંધનનું અપાર દુઃખ છે. તેને તેઓ ક્યારેય જોતા નથી. જે ભવદુઃખ સમજાવે અને તેનાથી

છૂટવાના ઉપાયો બતાવે અને તેમાંથી છોડવા પ્રયત્ન કરતા રહે તેજ સાચા ગુરુ છે. જે ભવબંધનથી છોડાવે, પોતાનામાં ન જોડતાં ભગવાનમાં જોડે તે જ સાચા સંત છે.

મુક્તમુનિ, બ્રહ્મમુનિ, વગેરે સંતો સત્સંગમાં સારા કવિઓ છે. તેઓ કાવ્યો કરે છે. તેમાં શ્રીહરિની મૂર્તિનું ને મહિમાનું વર્ણન કરેલ છે. એવાં જે કાવ્યો હોય તે અમૃતની પેઠે ગાવા ને શ્રવણ કરવા યોગ્ય છે. ગદ્ય હોય તો પણ સાંભળવા યોગ્ય છે. તેમાં કુતર્ક કરે તે અભક્ત ને અજ્ઞાની કહેવાય. શ્રીહરિની વાતમાં જ્યાં સુધી વિશ્વાસ નથી ત્યાં સુધી ફાવે તેવા મોટા હોય તો પણ તેના માથેથી વારંવાર જન્મરણ મટતું નથી. બધાં શાસ્ત્રોનું એજ રહસ્ય છે.

આ રીતે એકાદશીનો આખો દિવસ વ્યતીત થયો. રાત્રે શયન કરી બારશની સવારે વહેલા ઊઠી શ્રીહરિ સ્નાનાદિક પોતાના નિત્ય નિયમો કરી સભામાં આવી બિરાજ્યા. સંતો હરિભક્તો બાઈ-ભાઈ સર્વે આવીને પોતાની મર્યાદા પ્રમાણે બેઠા. કથા વાર્તાઓ થવા લાગી. સમય સમય પ્રમાણેના બધા જ દૈનિક કાર્યક્રમોમાં બારશનો આખો દિવસ વ્યતીત થયો. શ્રીહરિની સાનિધ્યમાં આનંદ આનંદ વર્તી રહ્યો છે.

તેરશના દિવસે જસકીન સાહેબે શ્રીહરિને પોતાના બંગલે પધારવા વિનંતી કરી એટલે શ્રીહરિ આગેવાન સંતો તથા શહેરના આગેવાન સત્સંગીઓ તથા કાઠીસ્વારો સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા. શ્રીહરિએ સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતાં. માથે સોનેરી છત્ર શોભતું હતું. દોઢ પહોર દિવસ ચડ્યો હતો. શહેરા ઉત્સવિયા હરિભક્તો ઉત્સવ કરતા સાથે ચાલ્યા. ભદ્રમાં રાજદ્વાર હતું. ત્યાં મોટા સાહેબનો બંગલો હતો. તે ઈન્દ્રભવન જેવો શોભતો હતો. શ્રીહરિ બંગલા પાસે આવ્યા ત્યારે જસકીન સાહેબ સામા આવ્યા. ટોપી ઉતારી પગે લાગ્યા. શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરી પોતાની ઈચ્છા



Final



પ્રમાણેના દશબાર સંત-હરિભક્તોને સાથે લઈ સાહેબની સાથે બંગલા ઉપર પધાર્યા. સાહેબે શ્રીહરિને હાથ ઝાલી સોનાની ખુરશી ઉપર બેસાર્યા ને પોતે સામે બેસીને બોલ્યા કે હે પ્રભો ! આપ આ શહેરમાં પધાર્યા તેથી અમે ખૂબ ખુશી થયા છીએ. આપના જેવા આજ સુધી કોઈ દીઠા કે સાંભળ્યા નથી. આ કળિકાળમાં આવો શાસ્ત્ર પ્રમાણેનો વિશુધ્ધ ધર્મ ચલાવવો અને અજ્ઞાનીને અબુધ માણસોને સમજાવવા બહુ કઠણ કામ છે. અત્યારે પોતાના પુત્રને પણ સારા માર્ગે ચલાવવો કઠણ છે, તો આતો હજારો નરનારીઓ જે આપના શિષ્યો થયા છે. તેઓ તમારી આજ્ઞા પ્રમાણે જ વર્તે છે. અને અઘટીત વાતનો ત્યાગ કરે છે એ કાંઈ ઓછા આશ્ચર્યની વાત નથી. જગતમાં સંતો અને પંડિતો ઘણા ગુરુઓ છે પણ કોઈનામાં આવું ધર્મનું તેજ નથી. સૌ અજ્ઞાનથી અધર્મમાં સુખ માની અવળા માર્ગે ચાલી રહ્યા છે.

ત્યારે શ્રીહરિ કહે કે અમે ભગવાનના ભક્ત પ્રહલાદ, પ્રિયવ્રત, વગેરેની સમજણ શાસ્ત્રમાં વાંચીને તથા તેમાં વિશ્વાસ રાખીને તે પ્રમાણે અમારા દરેક શિષ્યોને વર્તાવીએ છીએ. અમને શાસ્ત્રોની વાતમાં દઢ પ્રીતી અને પ્રતીતિ છે. પ્રભુમાં હેત વગર ગમે તેવો ચતુર હોય, ગમે તેટલાં સાધન કરે, અગ્નિમાં બેસે, આકાશમાં ઊડે, સૃષ્ટિની રચના કરે તો પણ શું ? ભગવાન વિના બીજી વાતમાં જ્યાં સુધી ભાવ રહે છે ત્યાં સુધી તે પશુ સમાન છે. તમે મોટા સાહેબ છો ને મોટા અધિકાર ઉપર છો, તેથી તમારામાં જે ગુણ રહ્યા છે તે તમને નથી દેખાતા, ભગવાન રાજી રહે તેવી વાત કરતાં તમને આવડે છે. તમે નીતિ પ્રમાણે ચાલો છો, ધનના લોભમાં જ્યાં સુધી તમે લેવાતા નથી. ત્યાં સુધી પૃથ્વી ઉપર જેટલા રાજા છે તે તમારા સમાન થતા નથી. એટલું જ નહિ પણ તમારા કહેવા પ્રમાણે કરે છે. ગમે તેટલું સાધન હોય પણ હરિની મરજી પ્રમાણે ચાલતા નથી

તેને તે કાંઈ પણ કામ આવતું નથી. જો રાજા નીતિ પ્રમાણે ચાલે તો રૈયતને દુઃખ થતું નથી. પ્રજા પાસેથી ધન લે છે તેમ પ્રજાનું રક્ષણ કરે છે તેની કીર્તિ ચોદ લોકમાં દિવસે દિવસે વૃધ્ધિપામે છે. તમારું બધાનું વર્તન ઈશ્વર રાજી થાય તેવું છે. તમે લોભ માટે ન્યાયનો અન્યાય જ્યાં સુધી કરતા નથી ત્યાં સુધી તમારી કીર્તિ વધે છે. જે દિવસે તમે લોભને મિત્ર કરશો અને તેના કહ્યા પ્રમાણે કરશો ત્યારે ન કરવાનું તમે કરશો. જ્યાં સુધી તમારામાં લોભનો પ્રવેશ નહિ થાય ત્યાં સુધી તમારા રાજ્યને વાંધો નહિ આવે. અને જ્યારે લોભથી અન્યાય કરશો ત્યારે તમારું રાજ્ય નહિ રહે. ત્યારે સાહેબ કહે ભગવાન અંતર્યામી છે. તેમનો ડર ના રાખે તેનામાં લોભ પ્રવેશ કરે છે તે અમે સમજીએ છીએ. પંચ વિષયમાં અતિ લોભ અને આસક્તિ હોય તેને મૃત્યુનો ડર દેખાતો નથી. તેથી તે વિના મોતે મરે છે. આપની વાતમાં ઘણો સાર રહેલો છે તે અમને જાણવામાં આવે છે. માટે આપ અમારામાં લોભ પ્રવેશ ન કરે તેવી કૃપા કરજો.

પછી સાહેબે શ્રીહરિની વિધિ પ્રમાણે પૂજા કરી ગુલાબના હાર પહેરાવ્યા અને જાતજાતના વસ્ત્રોના તાકા તથા મેવા વગેરે અર્પણ ક્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા ત્યારે બંગલેથી નીચે ઊતરી અશ્વ પાસે આવ્યા ત્યાં સુધી સાહેબ શ્રીજીની સાથે આવ્યા. પછી ત્યાં શ્રીહરિએ સાહેબને કહ્યું કે જે સન્માર્ગે ચાલતા હોય તેની તમારે સહાય કરવી, એટલામાં જ તમારું શ્રેય છે, જેથી અનંત જન્મનાં પાપો પણ નાશ પામશે. તમે કુંભાડીને તથા સાચા માણસોને ઓળખો છો માટે આ છેલ્લા શબ્દો તમને કહ્યા. એમ વાત કરી શ્રીહરિ અશ્વ ઉપર બેસી મંદિરમાં આવ્યા. ત્યાં સ્નાન કરી થાળ જમ્યા. પછી રસોઈવાળા સત્સંગીઓએ પૂજા કરી. પછી સંતોની પણ પૂજા કરી. એમ હંમેશાં આનંદ થઈ રહ્યો છે. રોજ સંતો હોળીનાં પદો ગાય છે, ઉત્સવ કરે છે. હરિભક્તો ખારેકો, ખજૂર, ખાંડના હારડા, વગેરે



Final



વસ્તુઓ લાવે છે. શ્રીહરિ રોજ સભામાં ગુલાબ ઉડાડતા ને પ્રસાદ વહેંચતા, એમ કતાં ફાગણ સુદ પૂનમ વ્યતીત થઈ.

ફાગણ વદી પડવો ફૂલદોલ (લોકમાં જેને ધૂળેટી કહે છે.) શ્રી નરનારાયણ જયંતિના દિવસે સમય થયો ત્યારે શ્રીનરનારાયણદેવનું વિધિપ્રમાણે પૂજન કરી આરતી કરી. પછી ભગવાનને પુષ્પના તથા આસોપાલવના પત્રથી બનાવેલા શોભાયમાન હિંડોળામાં પધરાવી ઝુલાવવા લાગ્યા. પછી શ્રી નરનારાયણદેવના સન્મુખ ચોકમાં (હાલ જ્યાં છત્રી છે ત્યાં) પૂર્વ પશ્ચિમ મોટી પાટ મૂકી હતી તેના ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. સંતો હરિભક્તો પણ આવીને બેસી ગયા. સંતો સભામાં હોળીનાં પદો ગાવા લાગ્યા. સમય થયો ત્યારે બ્રહ્મચારીઓ કેસર ને કેસુડાને પલાળી ઉકાળી રંગ તૈયાર કર્યો હતો તે ભગવાનની પ્રસાદી કરાવી, ત્રાંબા પીત્તળના મોટા ચરૂઓમાં ભરીને શ્રીહરિ આગળ મૂક્યો. ત્યારે આધારાનંદ સ્વામીએ પ્રભુને સોનાની એક પિચકારી આપી, તેનાથી શ્રીહરિ રંગ છાંટવા લાગ્યા પણ પિચકારીમાં રંગ ઓછો ભરાતો તેથી શ્રીહરિને તે ગમ્યું નહિ. તેથી પિચકારી મૂકીને સોના, રૂપાના બે મોટા કટોરા (તાંસળાં)થી રંગ ઉડાડવા લાગ્યા. સંતો તથા હરિભક્તોને રંગ રસબસ કરી દીધા. આખો ચોક રંગમય બની ગયો. પછી બધા ઉપર ખૂબ જ ગુલાલ નાખ્યો, તેથી ચોક રંગીન કીચડમય બની શોભવા લાગ્યો. ત્યાં આનંદ સ્વામીએ આવીને કહ્યું જે હે પ્રભો ! ગોવિંદભાઈ તથા હીરાચંદભાઈ ચોકસી વગેરે ઉત્સવીયા હરિભક્તો વસંત પંચમીથી આરંભી આજ સુધી એટલે કે દોઢ માસ પર્યંત કાયમ સંધ્યા આરતી પછી ખૂબ ભાવથી શ્રીનરનારાયણદેવ આગળ ઉત્સવ કરે છે. તેમ જ એક માસ પર્યન્ત હિંડોળામાં ઉત્સવ કરે છે. બીજા એકાદશી વગેરે ઉત્સવના દિવસોમાં પણ શ્રદ્ધાથી ઉત્સવ કરે છે. અત્યારે તે બધા હરિભક્તો ઉત્સવ કરે છે તે બધા આપની પ્રસાદીના રંગ વિના રહી ગયા છે

માટે તેઓ આપની પ્રસાદીના રંગની ઈચ્છા રાખે છે. તો આપ મંદિરમાં પધારી તેમના ઉપર રંગ નાખો તો સારું. રંગ ત્યાં રાખી મૂક્યો છે. એટલે શ્રીહરિએ મંડપમાં (ઘુંમટમાં) જઈને ઉત્સવીયા ભક્તો ઉપર ખૂબ રંગ નાખી તેમને રંગથી તરબોળ કરી દીધા, પછી ગુલાલ નાખ્યો, એમ આખો ઘૂંમટ, કોળી, રૂપચોકીઓ સહિત આખું મંદિર રંગમય બની ગયું.

● **શ્રીહરિએ દરિયાખાન સહિત હજારો ભૂતોનું કલ્યાણ કર્યું.**

પ્રથમ અમદાવાદમાં પેશવાઈ તથા ગાયકવાડી રાજ્ય હતું. તે વખતમાં સાધુને ગામમાં ઉતરવા દેતા નહિ. પછી સાધુ પાદર ગોરવાડામાં દરિયાખાનનો રોઝો છે. ત્યાં ઉતારો કરવા માંડ્યા. ને ત્યાં છ છ મહિના સાધુ ઉતારો કરતા. એમ ઘણા દી ચાલ્યું. પછી એક વખત મહારાજ (અમદાવાદ) પધાર્યા. ને સાથે સાધુ તથા હરિભક્ત તથા કેટલાક કાઠી હરિભક્તો હતા. આ સાલ હતી સંવત ૧૮૮૨ની મહારાજ કહે આપણે રંગ રમવા જે રંગાડા તૈયાર કર્યા હતાં ને ગુલાલ તૈયાર કર્યા હતો તે રંગ છે કે ઢોળી દીધો ? આનંદ સ્વામી કહે મહારાજ ! એ બધોય રંગ જેમ છે એમ જ છે. ત્યારે મહારાજ કહે લાવો. પછી મંદિરના ચોકમાં છત્રી છે. એ છત્રી ઠેકાણે સરખું કરી ત્રણ પાટો ગોઠવી. એ ત્રણ પાટો રંગમહોલમાં છે. મોટી પાટ મેડા ઉપર ગોઠવી છે. અને નાની બે પાટો નીચે રાખી છે. એ ત્રણે પાટો છત્રી છે. ત્યાં ઉપરા ઉપર રાખી, ને પડખે બધાય મોટા મોટા રંગના રંગાડા લાવીને મૂક્યાં ને ગુલાલ બધો પડખે રાખ્યો. પછી મહારાજે પોતે એક શ્વેતાંબર પહેર્યું તથા એક શ્વેત વસ્ત્ર ખંભે રાખી કેડ બાંધી. પછી એક હાથમાં ગુલાલની ઝોળી લીધી ને પિચકારી લઈ મહારાજ મંદિરમાં પધાર્યા. એક પિચકારી નારાયણને નાખી ને એક પિચકારી નરને નાખી. બ્રહ્મચારી હતા તેમને એકેક પિચકારી રંગની નાખીને ગુલાલ નાખ્યો. પછી મહારાજ આવીને પાટ



Final



ઉપર ચઢીને ચારેકોર સાધુ અને હરિભક્તો પર રંગ નાખવા મંડ્યા. તે દિવસે કણભાના નાથ ભક્તે પોતાનું ઘર વેચી ઘેબરની રસોઈ આપી હતી. અને નાથ ભક્તે બધા સંતને પહોળી કિનારવાળા ખેસ ઓઢાડવા જામનગરથી મંગાવ્યા હતા. સંતોને મહારાજ કહે એ ખેસને રંગશો નહિ. ધોળા ને ધોળા ઓઢીને આવો. પછી આ પ્રસાદીના રંગમાં રંગાઈ જશે. બધા સંતો એ ખેસ ઓઢીને આવ્યા ને મહારાજ પિચકારીથી રંગ નાખવા મંડ્યા. પિચકારીથી રંગ ઝાઝો જાય નહિ. પછી તે પિચકારી મેલી પડી. થાળી લીધી. મોટું રંગાડું રંગનું ભરેલું. એમાંથી થાળી બોળી બોળીને એકદમ રંગ નાખવા મંડ્યા. એટલો બધો રંગ નાખ્યો ને, તે જેમ વરસાદ વરસે ને ભોંયે ગારો થઈ જાય, એવો રંગથી ગારો થઈ ગયો. સાધુ હરિભક્તોના કપડાં રંગથી નીતરતા જાય. એટલો બધો રંગ તે બધાયના ઉપર ખૂબ નાખ્યો. મહારાજે ગુલાલના ફૂલના હાર પહેર્યા હતા. મહારાજના એ બધા હાર પણ રંગથી નીતરવા લાગ્યા. મહારાજને પણ સંતો હરિભક્તોએ રંગ નાખ્યો. આથી ફૂલના હાર નીતરતા જાય. ખૂબ મહારાજ રમ્યા. એમ બે વાગ્યા સુધી રમ્યા.

બે વાગ્યાનો વખત થયો. પછી મહારાજ કહે ચાલો આપણે નારાયણ ઘાટ નહાવા જઈએ. મહારાજ ઘોડે અસવાર થયા. સંત હરિજન ઉત્સવ કરતા કરતા વાજાં વગાડતા વગાડતા નરનારાયણ દેવના મંદિરથી નારાયણ ઘાટ પધાર્યા. ત્યાં મહારાજ જતા હતા. દીલ્લી દરવાજેથી બહાર નીકળ્યા. ને દરિયાખાનના રોજાના દરવાજામાં મહારાજ આવ્યા. એ ટાણે દરિયાખાન ભૂત હતો. તે શહેરનો રાજા હતો દરિયાખાન ભૂત ફકીરનો વેશ લઈને દોડતો આવ્યો. લીલારંગના વસ્ત્રો પહેરેલાં. હાથમાં લોઢાનો સળિયો ને ખપ્પર છે. તે આવીને મહારાજની માણકી ઘોડીની લગામ ઝાલીને મહારાજને કહે, 'મારા રોજામાં તમારા સાધુ ઉતરે છે; તેનું ભાડું આપો.' ત્યારે મહારાજ

કહે, 'શું ભાડું માગો છો ?' પછી તે કહે, મારું કલ્યાણ કરો, એ ભાડું માગું છું.'

ત્યારે મહારાજે પોતાના બેય ચરણારવિંદ એના માથે મેલ્યાં. ઘોડી ઉપર બેઠેલા તે મહારાજે એક બાજુ કરીને બેય ચરણારવિંદ તેના માથા ઉપર મેલ્યાં. ત્યાં તો એ મોટા દેવ થઈ ગયો. ત્યાં બીજા કેટલાય ભૂત આવ્યા એના ઉપર મહારાજે દૃષ્ટિ કરીને બધાય દેવ થઈ ગયા. પછી મહારાજ તો બધુંય જાણે છે, તોય એને પૂછવા લાગ્યા. એલા તું કોણ છે ? ત્યારે એ કહે, મહારાજ ! આપ તો બધુંય જાણો છો, છતાં પૂછો છો ? તેથી મારે કહેવું જોઈએ. આ શહેરનો હું રાજા મુસલમાન બાદશાહ હતો. અને બીજો સામો રાજા તે લડવા આવ્યો. એને ને મારે યુદ્ધ થયું. એ જીત્યો. ને અમને મારી નાખ્યા. એટલે અમે ભૂત થયા હતા. ત્યારે મહારાજ કહે, તમને અમારાં દર્શન શાથી થયાં ? તે કહે મહારાજ ! તમારા સંતો આ દરિયાખાનનો ઘુંમટ છે. તેમાં રહેતા. તે સંતો રાત્રીએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા. કથા-કિર્તન કરતા. એ શબ્દ મારા કાનમાં પડ્યા. એ સંતના પગની રજ ઊડી ઊડીને અમારા ઉપર પડી. એટલે અમારી બુદ્ધિ પવિત્ર થઈ. પછી અમે કોઈ જીવહિંસા કરતા નહિ. અને તમને સંભારતા. અમને એમ થયું કે આ સાધુ જેમનું ભજન કરે છે. એ ભગવાનના અમને ક્યારે દર્શન થાય ? એ અમારો સંકલ્પ જાણીને તમે અમને દર્શન દીધાં. પછી મહારાજે રાજી થઈને એને સ્વર્ગમાં મેલી દીધો. તે સર્વેએ પ્રત્યક્ષ નજરે જોયું. તે સમયને વિશે અમદાવાદમાં સર્વે આશ્ચર્ય પામતા હવા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'આ દરિયાખાનનું તમે કલ્યાણ કર્યું. તેનું શું કારણ ?'

ત્યારે મહારાજ કહે, "એ પૂર્વે દૂર્યોધનનો સોમો(૧૦૦) ભાઈ વિકર્ણ હતો. ભગવાનનાં ભક્ત દ્રૌપદીના ચીર (જ્યારે) દૂર્યોધન



Final



ખેંચવવા માંડ્યો, ત્યારે (આ) વિકર્ણ કહે, 'આ કૃત્ય તું કર માં.,' એમ દૂર્યોધનને વાર્યો (તે ભક્તનો પક્ષ રાખ્યો)એ પુણ્યે કરીને આ સંતના ઉતારા કરાવી, તે સ્વામિનારાયણ નામની ધૂન કરાવી, (તેના) પાપ બાળી નાખ્યા.

પછી મહારાજ નારાયણ ઘાટ નાહવા પધાર્યા. ત્યાં સંત સહિત જળમાં ઘણીવાર સ્નાન કર્યું. નાતા હતા ત્યારે ગંગાજી મૂર્તિમાન આવી મહારાજને હાથ જોડીને પગે લાગ્યાં. મહારાજની પ્રાર્થના કરવા લાગ્યાં. મહારાજ ! તમારો મને ઘણા કાળથી વિયોગ હતો. આજ તમારા દર્શન થયાં. માટે મને હવે અહીં નિવાસ આપો. પછી મહારાજે ગંગાને નારાયણઘાટ રહેવાનો નિવાસ આપ્યો. મહારાજ સ્નાન કરી કોરાં વસ્ત્રો પહેરી, પાછા સંત હરિભક્ત સહિત મંદિરમાં પધાર્યા.

- **શ્રીહરિ સંતો-ભક્તોના સ્નાનથી પાવન થયેલી સાબરમતી નદી તથા નારાયણઘાટનો મહિમા**

એક વખત સાબરમતીમાં શ્રીહરિ સંતો સાથે સ્નાન કરતાં કરતાં અંજલિમાં પાણી ભરીને સંતો ઉપર ઉડાડતા હતા. પ્રસાદીના જળનાં છાંટણા લેવા માટે સંતો અને હરિભક્તો શ્રીહરિની આજુબાજુ ફરતા હતા. આ અલૌકિક જળક્રિડા જોઈને ઈન્દ્ર આદિક દેવોને પણ સંતોની ઈર્ષા આવી. એટલે દેવતાઓ પણ સંતોનું રૂપ ધારણ કરીને દિવ્ય જળલીલાનો આસ્વાદ માણવા લાગ્યા.

સાબરમતીમાં સંતો અને હરિભક્તો સાથે શ્રીજીમહારાજ જ્યારે સ્નાન કરવા લાગ્યા ત્યારે સાબરમતી નદી કેવી ખુશ થાય છે. તે જોઈએ.

शिवं भिन्नं भिन्नं प्रतियुगमुशन्नाम दधति ।
सुरैदैत्यै नागैर्नरमुनि नृपैश्चानुदिवसम् ।
नतादष्टा स्पृष्टातिचपलतरंगात्मकरतः ।
स्पृशंति या नारायण पदसरोजंत्विवहदि ॥

સ્વામિનારાયણ ભગવાન સાબર ગંગામાં સ્નાન કરવા લાગ્યા ત્યારે પ્રભુની સેવામાં સાક્ષાત સાબરગંગા મૂર્તિમાન હાજર થયાં અને પ્રાર્થના કરી. હે ભગવાન ! મારા જળમાં કેટલાક પાપી જીવો ન્હાય છે. એટલે હું દૂષિત થઈ જાઉં છું. તો મારા ઉપર કૃપા કરો.' શ્રીહરિ કહે - 'હે સાબરગંગા ! મને જેવી ઘેલા નદી પ્રિય છે. એનાથી પણ તું મને વધુ પ્રિય છે. (શ્રીહરિને આ સાબરગંગા અતિ પ્રિય છે. એમ એમના મુખેથી બોલ્યા છે. તેથી વર્તમાન સમયે સાબરગંગા રીવરફ્રન્ટ થતાં અતિશય સ્વચ્છ ને રમણીય - દર્શનીય બની છે. ભારતની તમામ નદીઓમાં સાબરગંગા પ્રથમ સ્વચ્છ થઈ છે.) કારણ કે ઘેલાને તો આ અવતારમાં પાવન કરી છે. પણ તને તો સતયુગથી પાવન બનાવી છે. જ્યારે પરમાત્મા સાબરમતી નદીને કિનારે ચાર સ્વરૂપે પ્રગટ થયા. નર નારાયણ, હરિ અને કૃષ્ણ એ ચાર સ્વરૂપે દેવો અને ઋષિઓ સાથે સાબરગંગામાં ખૂબ સ્નાન કર્યું. એ વખતે પાવન થયેલી સાબરગંગાને બનાવી છે. હવે તમારામાં ગમે તે પાપી જીવ સ્નાન કરે છતાં એનો પાશ તમને નહિ લાગે. એટલું જ નહિ, સાબરમતીમાં સ્નાન કરનારનો ઉદ્ધાર થશે. કોઈ પણ પશુ, પક્ષી, જીવ, જંતુ, મનુષ્ય કે જીવ પ્રાણી માત્ર આ નદીનું જળ પીશે તો એ દેવ જેવો બની જશે. સાબર ગંગાનો મહિમા અપરંપાર છે. પદ્મપુરાણમાં ઉત્તરખંડમાં અધ્યાય ૧૩૪ થી ૧૭૩ સુધી ૪૦ અધ્યાયોમાં સાબરમતીનો ખૂબ મહિમા વર્ણવ્યો છે.

● **કળિયુગમાં સાબરગંગા**

આવા પવિત્ર તીર્થને સ્વામિનારાયણ ભગવાને વધુ પાવન બનાવ્યું છે. સંતો સાથે સેંકડો વખત સ્નાન કર્યું છે. વાસુદેવાનંદ વર્ણી લખે છે. કે, ગંગા જેમ સ્વર્ગને પવિત્ર કરે છે. તેવી જ રીતે સાબરમતી આ પૃથ્વીને પવિત્ર કરે છે. પ્રાતઃ કાળે આ નદીનું તટનું અથવા તેના



Final



નિર્મળ જળનું જો કોઈ પ્રાણી સો યોજન દૂરથી પણ સ્મરણ કરે તો તે મોક્ષને પામે છે. મૃત્યુ પામેલા કોઈ જીવનું એક હાડકું પણ જો આ નદીમાં પડે તો તે જીવ ભગવદ્ ધામને પામી જાય છે. અક્ષય પુણ્ય આ નદીમાં સ્નાન કરવાથી થાય છે. પાપિષ્ઠ જીવ પણ આ નદીને કિનારે દેહ ત્યાગ કરે તો ભગવદ્ ધામને પામે છે.

ગંગાનદી તો શિવજીનો સ્પર્શ છે. પણ આ બધાં તીર્થોને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનો સ્પર્શ છે. તેથી તે સર્વોત્તમ તીર્થ ગણાય છે.

શ્રી નરનારાયણ દેવના જન્મનો ઈતિહાસ તથા સ્વામિનારાયણ ભગવાનની સ્નાન લીલાથી આ સ્થળ 'નારાયણ ઘાટ'નામે મહાતીર્થ બન્યું છે. આવા સ્થળ 'નારાયણ ઘાટ' નામે મહાતીર્થ બન્યું છે. આવા સ્થળની દિવ્ય પુણ્ય સ્મૃતિ રૂપે આદિ આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજશ્રીએ નારાયણઘાટમાં નદી તટે હનુમાનજીની મૂર્તિ પધરાવી છે.

આ સાભ્રમતીએ પોતાના હૃદયમાં સ્વામિનારાયણ ભગવાનના ચરણાવિંદ ધારણ કર્યા. એટલે કે આ સાબરમતીના જળમાં સ્વામિનારાયણ ભગવાને પ્રવેશ કર્યો. ત્યારથી એ સાબરમતી પોતાના પાણી દ્વારા દેવોને દૈત્યોને, મનુષ્યોને, નરોને, બધાને કહે છે. - 'આવો ગંગાને જમના સુધી લાંબા થવાની કોઈ જરૂર નથી. મારા જળમાં સ્નાન કરો. ગંગા અને જમનાના સ્નાનનું ફળ મળી જશે. કારણ કે મારા જળ પ્રવાહમાં પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ સંતો અને હરિભક્તો સાથે અનંતવાર સ્નાન કરેલું છે.' સાક્ષાત્ ગંગાજીએ વાદળામાં આવીને આ નદીના જળમાં પ્રવેશ કરેલો. સા-અભ્ર-મતિ, એટલે સાભ્રમતિ કળિયુગમાં કલૌ સાભ્રમતિ ગંગા. કળિયુગમાં તો આ સાભ્રમતિએ જ ગંગા છે. આમાં જે કોઈ સ્નાન કરશે એનાં ગંગા સ્નાનની જેમ જ, અનંત પાપો ધોવાઈ જશે.

● **શ્રીહરિ અમદાવાદમાં ધૂળેટીને દિવસ રંગોત્સવ કર્યો.**

સંવત ૧૮૮૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મછિયાવથી ચાલ્યા તે સાણંદ થઈ શ્રીનગર પધાર્યા. શ્રીહરિ રોજ સાંજ વખતે આવીને મોટી પાટ ઉપર સહુને દર્શન દેવા માટે બેસતા જેટલા સંતો, બ્રહ્મચારી અને હરિભક્તો હતા, તેમની સભા થાતી હતી. જે વર્ણવી શકાતી નથી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદ સ્વામી જેવા ગાયક સંતો વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને હોરીનાં પદ ગાતાં હતાં. અને જે અદ્‌ભૂત ઉત્સવ થતો હતો. તે કહી શકાતો નથી. જ્યારે હરિભક્તો થાળ ભરીને ગુલાલ લાવતા હતા ત્યારે શ્રીહરિ હરખભેર સંતો તથા હરિભક્તોની સભા ઉપર નિત્ય ઉડાડતા હતા. તે વખતની સભા પ્રફૂલ્લિત ગુલાબનું વન હોય તેવી શોભતી હતી.

શહેરમાં ઉત્સવિયા જે હરિભક્તો ગણાતા હતા. તે શ્રી નરનારાયણ દેવનાં મંદિરનાં ઘુંમટમાં જ્યારે સંધ્યા આરતી અને નારાયણ ધૂન કરી રહે ત્યારે ઝાંઝ મૃદંગ લઈને ઘણા હરખથી ઉત્સવ કરતા હતા. જેવો સમય હોય તેવા ઉત્સવનાં પદ ઘણા ઉત્સાહથી ગવાતા હતા. તે ઉત્સવનાં પદને ત્યાં જઈ શ્રીહરિ સાંભળતા હતા. તે સમયે રાજી થઈ સહુને શ્રીહરિએ ફૂલનાં હાર આપ્યા. જેના જેવા ગુણ હોય અને સત્સંગમાં જે ઉપયોગી થતા હોય તેની શ્રીહરિ પ્રશંસા કરતા હતા. તેણે કરીને હરિભક્તો ને સત્સંગનો રંગ ચઢતો રહેતો, પણ તેઓ કુસંગીથી ક્યારેય દબાતા નહિ.

હુતાશનીને દિવસે જેટલા હરિભક્તો હતા તેમણે જેનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી, શ્રીફળ ખજૂર, ખારેકના થાળ ભરી ભરીને લાવતા અને સાકરના હારડા પણ લાવતા, તેને દયાળુ શ્રીહરિ અંગીકાર કરતા હતા. ફરી ફરીને આવો અવસર ક્યારેય આવતો નથી, એમ સમજીને બધા હરિભક્તો ખૂબજ પ્યારથી



Final



શ્રીહરિને પૂજતા હતા ગુલાબનો ખૂંપ, ગુલાબના હાર, પહોંચી અને બાજુબંધ વગેરે તે વખતે શ્રીહરિને ધરાવ્યા. એક પહોર સુધી શ્રીહરિએ ફૂલના શણગારને પોતાના અંગ ઉપર રાખ્યા અને પછી રાજી થઈને નિત્યાનંદસ્વામીને તે ફૂલના શણગાર આપ્યા. શ્રીહરિએ ધારેલા ખૂંપ, હાર, બાજુબંધ પહોંચી, આ બધું તેમણે ઉતારે લઈ જઈને મૂક્યું ત્યારે તેનો મહિમા સમજીને વગર પૂછ્યે કોઈ લઈ ગયું. બહુ તપાસ કરી, પણ કોણ લઈ ગયું, તે ખબર ન પડી. તેની લેશ માત્ર ગંધ પણ મળી નહિ.

● **શ્રીહરિએ ઉડાડેલા રંગથી દેવતાઓ પણ ભીંજાયા.**

ધૂળેટીનો દિવસ હતો ત્યારે વડોદરાના નાથ ભક્તે ઘેબરની રસોઈ કરાવી. તે શ્રીહરિ જમ્યા અને પછી સંતોની પંક્તિ કરી, તેમાં ઘેબર પીરસવા આવ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે વિવિધ પ્રકારનો રંગ બનાવી રાખ્યો હતો. મંદિરના ઘૂમટની આગળના ભાગમાં જ્યાં ચોક હતો ત્યાં એક મોટી પાટ ઉપર તે રંગ મૂકી રાખ્યો હતો. શ્રીહરિ ત્યાં આવીને બેઠા અને સંત હરિભક્તોની પણ ત્યાં સભા થઈ. પછી ત્યાં રંગના ભરેલાં કેટલાક પાત્ર લાવીને મૂક્યાં. શ્રીહરિ સહુના ઉપર રંગ ઉડાડવા લાગ્યા ત્યારે ચોઘડિયા વાગવા લાગ્યાં. તાંસા અને ઢોલ પણ જેટલા હતા. તે વાગવા લાગ્યા. તેના શબ્દથી આકાશ ભરાઈ ગયું. સ્વર્ગમાં જે દેવતાઓ હતા, તે બધા આ વાજિંત્રને શબ્દ સાંભળીને ત્યાં આવ્યા. દેવતાના વિમાનોથી શ્રીહરિ ઉપર જેટલું આકાશ હતું. તે છવાઈ ગયું. શહેરના પણ કેટલાક લોકો ત્યાં આવ્યા અને જેટલો ચોક હતો તે બધો ભરાઈ ગયો.

શ્રીહરિ તે વખતે એ રીતે રંગ ઉડાડતા હતા કે તે રંગ સહુના સુધી પહોંચી જતો હતો. જ્યાં સુધી દેવતાઓના વિમાનો હતા ત્યાં સુધી શ્રીહરિનો ઉડાડેલો રંગ પહોંચતો હતો અને તે વિમાનમાં બેઠેલા દેવતાઓ પણ રંગથી ભીંજાઈ ગયા હતા. તે સમયે દેવતાઓ જે

વાજિંત્ર વગાડવા લાગ્યા તેનો શબ્દ સહુને ખૂબ મીઠો લાગતો હતો અને દેવતાઓની જે અપ્સરાઓ આવી હતી, તે પણ વિમાનમાં નાચવા લાગી. દેવતાઓ ચંદન, પુષ્પ અને કેસરી રંગ લઈને સહુ સભાના ઉપર વરસાવવા લાગ્યા. તેનો સુગંધ આખી સભામાં છવાઈ ગયો.

જેટલો રંગ હતો તે બધો શ્રીહરિએ ઉડાડી દીધો. પછી ઘણા પ્રેમ રસપૂર્વક ગુલાલ ઉડાડવા લાગ્યા. નખથી શિખા પર્યંતની શ્રીહરિની મૂર્તિ રંગથી ભરાઈ ગઈ હતી. બધા સંતોની સભા પણ રંગથી ભરાઈ રહી હતી. હરિભક્તોની સભા પણ રંગથી ભરાઈ ગઈ હતી અને શહેરના લોકો પણ રંગથી ભરાઈ ગયા હતા. મંદિર અને ચોક રંગથી ભરાઈ ગયો હતો. તે સ્થળે રંગ તથા ગુલાલનો કીચડ ખૂબ થઈ ગયો હતો. તેમાં જેટલા દેવતાઓ હતા, તે રંગ ગુલાલના કીચડને વિમાનમાં ભરીને લઈ ગયા શ્રીહરિ જેટલો ગુલાલ હતો તે બધો ઉડાડી રહ્યા, તે પછી તેમણે અશ્વ મગાવ્યો અને તે સાથે બધી સવારી પણ આવી.

- **રંગોત્સવ પછી શ્રીહરિએ સાબરમતીમાં સ્નાન કર્યું.**

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. સંપૂર્ણ અંગ રંગથી ભરેલું હતું. ગુલાબના હાર પહેર્યા હતા અને માથે ગુલાબની પાઘ ધારી હતી. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. બીજી બધી બધી જે સવારી હતી, તે પણ શ્રીહરિની સાથે ચાલી. જેટલા સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે ચાલતા હતા. તે બધા હોરી અને વસંતના પદ ગાતા હતા. સહુ સ્નાન કરવા માટે સાબરમતી નદી તરફ ચાલ્યા. રાજમાર્ગના ઉપર ચાલ્યા હતા. ત્યાં સડક બંધાતી હતી. ચોપદાર કુબેરસિંહ આગળ ચાલીને 'જય જય..મહારાજ..' એમ બોલતા હતા. તે શ્રીહરિની આગળ છડી લઈને ચાલતા હતા. તેની આગળ તાંસા, ઢોલ આદિ વાંજિત્ર વાગી રહ્યા હતાં. શહેરના જેટલા નરનારી મનુષ્ય હતા. તે



Final


બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં આવીને ઉભા હતા. કેટલાક હરિભક્તો ગુલાલ ઉડાડી અને અલભ્ય લાભ લેતા હતા. શહેરની તે બધી બજાર પણ ગુલાલમય થઈ ગઈ હતી.

- **મંજુકેશાનંદ સ્વામીએ મર્યાદા લોપી તે પર શ્રીહરિએ વાત કરી.**

જ્યાં બાદશાહ વાડી કહેવાય છે ત્યાં શ્રીહરિ આવ્યા ત્યાં સાબરગંગાનો ઘાટ બાંધેલો છે. તે સ્થળે રંગે ભરેલો શ્રીહરિ અશ્વ ઉપરથી પ્રેમ પૂર્વક ઉતર્યા અને સાબરમતી નદીમાં નહાયા. જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા. તે બધા પણ રંગભર્યા જ જઈને સાબરમતી નદીમાં નહાયા. તેનાથી સાબરમતીનું પાણી પણ રંગ રંગ થઈ ગયું. તે સમયે મંજુકેશાનંદ સ્વામી બાંધેલા ઘાટ ઉપર આવ્યા અને ઉછળીને પાણીમાં કૂદી પડ્યા. શ્રીહરિએ પોતે તે દેખ્યું ત્યારે તે સ્વામીને બોલાવ્યા. પછી શ્રીહરિએ કહ્યું, "કોના મંડળમાં રહો છો ? સાધુની રીત શીખ્યા નથી ? કોઈ અઘટિત કામ કરવું તે સંત ભક્તની રીત નથી. અમારી, સંતોની તથા હરિભક્તોની મર્યાદા રાખતા નથી અને મન કહે તેમ કરો છો." એમ કહી સંતોને કહ્યું, "આ આવા સાધુ છે."

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "આ સંત તો બહુ પ્રેમી છે. અને પ્રેમને લીધે તેમને મર્યાદાનો બહુ ખ્યાલ રહ્યો નથી. કવિ લોકો પણ પ્રેમમાં મર્યાદા રાખવાનું કહેતા નથી. જે પ્રેમી ન હોય તેણે પ્રેમીનો વાદ લેવાય નહિ." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "અમે આ સંતને પ્રેમી જાણ્યા ન હતા. પ્રેમમાં કોઈ નિયમ કહ્યા નથી. પ્રેમનાં જે લક્ષણ કહ્યાં છે. તેમાં તે પ્રેમ લોકની મર્યાદાથી રહિત કહ્યો છે. લોક મર્યાદા અને પ્રેમ લોકની મર્યાદાથી રહિત કહ્યો છે. લોક મર્યાદા અને પ્રેમ, એ બંનેની રીત એક સરખી મળતી આવતી નથી. અમને પ્રેમની કાંઈ ખબર ન હતી અને લોક મર્યાદાની રીતે અમે બોલ્યા છીએ. જે પ્રેમ

હોય છે તેને લોકોદેખતા નથી. એટલે લોક વિરુદ્ધ જેટલું કરાય છે તેની લોક તેટલી અપકીર્તિ સહુને મોઢે કહેતા રહે છે. *(શ્રીહરિ ચરિત્રામૃતસાગર પૂર ૨૮ તરંગ ૧૦૬-૧૦૭)*

- **ગંગા સહિત નવસો નવાણું નદીઓએ સાબરમતીમાં વાસ કર્યો.**

સંવત ૧૮૭૮ની સાલમાં અમદાવાદના નારાયણ વ્યાસ, શ્રીહરિ ભગવાનને પૂછે છે. હે સત્પતે ! ત્યાર બાદ ધર્મદેવ, સનક મુનિને શુ કહેતા હતા તથા દિવ્ય મંડપને વિષે ધર્મદેવે, કેટલા પ્રકારનાં ભોજનોનું વર્ણન કરતા હતા, તે કહો.

શ્રીહરિ ભગવાન કહે છે. હે દ્વિજ વર્ય ! તમો પ્રીતિથી સાંભળો, જે કથા ધર્મદેવ, સનકમુનિને કહેતા હતા. તે કથા અમો તમને કહીશું, ધર્મદેવ, સનકમુનિને કહેતા હતા, હે મુને ! તે ચતુઃસ્વરૂપ મૂર્તિઓના પ્રાદુર્ભાવ સમયે દિવ્ય મંડપમાં ઘીની ભરેલી હજારો નદીઓ હતી તથા દૂધની દહીંની શેરડીના રસની પણ હજારો નદીઓ હતી. તથા અમૃતના સેંકડો ઘડા હતા. ખાંડ તથા સાકરના પણ સેંકડો ઢગલા પડેલા હતા. તેથા પેંડા, બરફી, માલપુવા, માંડા, જલેબી, ઝીણી પુરીઓ, ઘુઘરાઓ, સુરતફેણી તથા ખૂબ ઘી અને ખાંડના લાડુઓ આદિ ભાતભાતનાં પકવાનોના સમુહો પડેલા દેખાતા હતા. જેને જે વસ્તુની ઈચ્છા થતી, તેને તે વસ્તુ કલ્પતરૂની માફક તૈયાર થતી હતી અને તે મંડપમાં રચેલાં અનંત ભાતનાં ભોજનોની સંખ્યા કરવા માટે કોઈ પણ સમર્થ વ્યક્તિ ન હતી. બ્રહ્માદિદેવો પણ તે ઐશ્વર્ય જોઈને અત્યંત આશ્ચર્ય પામતા હતા. છેવટે આ સર્વ શ્રીહરિ ભગવાનના પ્રતાપ સિવાય બીજું કંઈ પણ નથી. એમ નિશ્ચય કરીને અતિ આનંદ પામતા હતા.

ત્યાર બાદ મનોહર મંડપને વિષે રત્નજડીત સુવર્ણમય સિંહાસન ઉપર બિરાજમાન આદ્યનારાયણને સર્વે દેવવરો પ્રણામ કરવા લાગ્યા.



Final



તથા બીજા પણ દેવો, મનુષ્યો,નાગો, ગંધર્વો, સિદ્ધો, તે સર્વે પોતપોતાની પત્નીઓ સહિત નારાયણનું પૂજન કરવા માટે આવ્યા. તથા તપસ્વીઓ બ્રહ્મચારીઓ પણ આવ્યા. તથા સર્વે મૂર્તિમાન પર્વતો કલ્પવૃક્ષો, નદીઓ, સુરભી આદિક ગાયો તથા સપ્ત સાગરો પણ ત્યાં આવ્યા. તે મહોત્સવ પ્રસંગે કેટલાક ઉત્સુકો વિવિધ વાજિંત્રને વગાડતા હતા. પૌરાણિકો પુરાણશાસ્ત્રને વાંચતા હતા. કેટલાક ગીતો ગાતા હતા. કેટલાક ભગવાનની આગળ નૃત્ય કરતા હતા. દક્ષ પ્રજાપતિ ભોજન પાત્રો લાવ્યા હતા. યક્ષરાજ કૂબેર ભંડારી સુવર્ણ પાત્રો લાવ્યા હતા. શેષનારાયણ અલંકારો લાવ્યા હતા. સાગરો રત્નોના સમુહ લાવ્યા હતા. દ્વાદશ સૂર્યો દીપિકાઓ લાવ્યા હતા. અને કલ્પતરૂઓ સ્વાદિષ્ટ ઈષ્ટ ફળો લાવ્યાં હતાં, એ પ્રકારે સર્વે દેવો અનેક સામગ્રી હર્ષ પૂર્વક નારાયણ ભગવાનને માટે લાવ્યા હતા. અને સુવર્ણપાત્રમાં વિષ્ણુએ મૂકેલા ભગવાનના ચરણારવિંદ ઉપર મહાદેવજી જલધારા કરતા હતા. બ્રહ્માજી પ્રક્ષાલન કરતા હતા. અને હે સનક ! અમો પંચામૃતથી પ્રભુને સ્નાન કરાવીને દિવ્ય વસ્ત્રો ધારણ કરાવતા હતા.તે સમયે બ્રાહ્મણો ઉંચા સ્વરથી વેદ મંત્રો બોલતા હતા. વિષ્ણુ ભગવાનના મસ્તકે મુગટ ધારણ કરતા હતા. મહાદેવજી સુવર્ણનાં બે કડાં, નારાયણના બે હસ્તને વિષે ધારણ કરતા હતા. બ્રહ્મા મલયાગર ચંદનની અર્ચા કરતા હતા. પછી સર્વે દેવો પ્રેમથી શ્રી નારાયણ ભગવાનની આરતી ઉતારતા હતા. પછી અમો તથા સંકર્ષણ પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અષ્ટવસું, અશ્વિની કુમારો, એકાદશ રુદ્રો, યમરાજા, વાયુદેવ, અગ્નિ, ઈન્દ્ર, વરૂણ, સપ્તર્ષિઓ તથા નારાદાદિ અન્ય ઋષિમુનિઓ મહાપ્રભુ શ્રી નારાયણનાં દર્શન કરીને વાજિંત્રોના ધ્વનિઓ કરતા હતા. એ પ્રકારે સ્તવન પ્રણામ તથા વિવિધ પૂજન કરીને ઉત્સાહ પૂર્વક સર્વ નારાયણની સમીપે બેસતા હતા.

ત્યાર બાદ લક્ષ્મીજી, સરસ્વતી, દુર્ગા, સાવિત્રી, ઈંદ્રાણી આદી હજારો દેવીઓ નારાયણનું પૂજન કરવા માટે ત્યાં આવતી હતી. ત્યારે શ્રી નારાયણ દેવો મારફતે દેવીઓને કહેવરાવતા હતા કે હે દેવો ? અમારે તથા નરને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય છે. માટે તેમની પૂજાને અમે નહિ સ્વીકારીએ અમારાભાઈ હરિ અને કૃષ્ણની પૂજા સારા ઉપચારોથી સુખ પૂર્વક તે સ્ત્રીઓ કરી શકે છે. પછી તે સર્વ દેવીઓએ પ્રેમથી હરિ અને કૃષ્ણનું પૂજન કર્યું. અને નર,નારાયણ એ બંને બ્રહ્મચર્યાશ્રમમાં રહીને રત્ન સમુહો તથા સોના રૂપા મહોરો તથા અમુલ્ય વસ્ત્રો ભેટમાં આવેલા હતા તે સર્વ બ્રાહ્મણોને આપી દીધાં.

પછી ચારે ભાઈઓ જમવા માટે તત્પર થયા. ધર્મદેવ કહે છે. હે મુને ! તેમાંથી નારાયણ મને કહેવા લાગ્યા કે હે ધર્મદેવ ! ભોજન જલ્દી બનાવો, એમ કહીને સાબરમતી નદી પ્રત્યે ગયા અને જ્યાં અમોએ તપ કર્યું હતું તે નારાયણ ઘાટે જઈને નારાયણાદિ ચારે ભાઈઓ સ્નાન કરતા હતા. તે વખતે ઘણા કાળથી નિરાશા થયેલી ગંગા નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એ ચારે સ્વરૂપોને જોઈ પોતે ભાગ્યવતી થઈ, અને આકાશના મેઘોમાં રહીને રેવા, તાપી આદિ નવસોને નવ્વાણું નદીઓ યુક્ત તે ગંગા પ્રગટ ભગવાન શ્રી પુરૂષોત્તમ નારાયણના આમંત્રણની રાહ જોતી હતી. ત્યારે અંતર્યામીપણે જાણીને ભગવાને કહ્યું, કે હે ગંગે ! અહીંયા આવો. ત્યારે તે વિષ્ણુપદી ગંગા આનંદપૂર્વક ત્યાં આવીને સર્વ નદીઓ સહિત પ્રીતિ પૂર્વક નારાયણ ઘાટે વાસ કરીને રહી. અને અભ્રમાંથી આવી એટલે લોકમાં "સાબરમતી"નામે પ્રસિદ્ધ થઈ. ત્યાર પછી નારાયણ ભગવાન, પ્રધાન પુરૂષાદિક ઈશ્વરો સહિત તથા બ્રહ્મા, વિષ્ણુ, શંકર આદિમુનિ દેવો સહિત તે સાબરમતીમાં સ્નાન કરીને વિષ્ણપુર પ્રત્યે આવી પીતાંબર વસ્ત્રો પહેરીને જમવા માટે પંક્તિપુરઃસર બેઠા. અને પોતે પોતાની જ્ઞાતિઓને વિષે પીરસનારાઓ પીરસવા લાગ્યા. સર્વે દેવો





રૂચિ પ્રમાણે પ્રેમથી જમતા હતા. સર્વે દેવાંગનાઓ સોનાનાં તારથી ગુંથેલી અમુલ્ય સાડીઓ પહેરીને પંક્તિઓમાં ફરતી અનેક જાતનાં શાકોને પીરસતી હતી તથા જલેબી આદિ ચાર પ્રકારનાં ભક્ષ્ય ભોજ્યાદિ પકવાનો તથા દૂધપાક વગેરે પ્રેમથી ચપળતા પૂર્વક પીરસતી હતી. એ પ્રકારે ખૂબ જમીને તૃપ્ત થયેલા દેવોને હે મુને! અમોએ એમ કહ્યું જે આ દ્રવ્યોના ઢગલાઓમાંથી ઈચ્છા મુજબ ગ્રહણ કરો તથા વસ્ત્રો અને અલંકારો પણ ગ્રહણ કરો એ પ્રમાણે યથેષ્ટ વસ્તુઓ ગ્રહણ કરીને સર્વે દેવો તથા મુક્તો પોતપોતાના સ્થાનો પ્રત્યે ગયા.

ત્યાર બાદ નર અને નારાયણ એ બંને અમને કહીને વિશાલા પ્રત્યે ગયા અને અમારા ત્રીજા પુત્ર શ્રીહરિ, તે વૈકુંઠ ધામને વિષે રહ્યા. ચોથા પુત્ર કૃષ્ણ તે ગોલોક ધામને વિષે રહ્યા. શ્રીહરિ ભગવાન, નારાયણ વ્યાસને કહે છે. હે દ્વિજ ! એ પ્રકારે ધર્મદેવનાં વચન સાંભળીને હર્ષ પામતા મહામુનિ સનકઋષિ શ્વેતદ્વીપની પ્રસંશા કરતા ત્યાંથી બ્રહ્માના લોકમાં જતા હતા. હે દ્વિજેન્દ્ર ! આ પુરાતની ઈતિહાસ કથા શાસ્ત્ર પ્રમાણે છે. તે મેં તમને કહી છે. અને અમે તો સાક્ષાત્ અક્ષરધામના વાસી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છીએ. આ અમદાવાદ નગરનાં નરનારાયણ રૂપે અખંડ રહેલા છીએ. તથા આ સાબરમતી નદીમાં વારંવાર સ્નાન પણ કર્યું છે. તથા હે વાડવ ! નરનારાયણ ભગવાને પણ ઘણીવાર સ્નાન કરવાથી સાબરમતી ગંગા અને નારાયણઘાટ એ બંને અતિ ઉત્તમતીર્થ છે. માટે તે સાબરમતીમાં જે જનો સ્નાન કરીને યથા શક્તિ દાન આપશે તેમને કોટીગણું પુણ્ય થશે. અને અંતે પરમપદને પામશે તથા જે જનો સાબરમતી નદીમાં માઘસ્નાન કરશે તે પંચ મહાપાપોથી મુક્ત થવામાં કોઈપણ પ્રકારનો સંશય નથી. તથા જે પુરુષો આ સાબરમતીના કિનારે નારાયણ ઘાટે શ્રાધ્ધ કરાવશે. તેને ગયા શ્રાધ્ધ સમાન ફળની



Final

પ્રાપ્તિ થશે. અને અંતે સ્વર્ગને પામશે. હે દ્વિજોત્તમ ! આ સાબરમતી નદીના નારાયણ ઘાટે સર્વ તીર્થો નિવાસ કરી રહે છે. માટે અન્ય તીર્થો કરતા કોટી ગણું પુણ્ય નારાયણ ઘાટ તીર્થનું સેવન કરવાથી થાય છે. તથા આ નારાયણઘાટ તીર્થને વિષે જે કોઈ પશુ, પક્ષી તથા માછલાં આદિ જળચર પ્રાણીઓ પણ મૃત્યુ પામે છે તે તે સર્વે સ્વર્ગલોકમાં જાય છે. અને તેમને પતિ તરીકે વરવા માટે અપ્સરાઓના ગણો પરસ્પર ''કેશાકેશિ'' મહાયુધ્ધ કરે છે. તથા પરસ્પર વિવાદોમાં બોલે છે કે આ પતિ મારો છે. તારો નહિ ? એવું ''નારાયણ ઘાટ '' તીર્થનું અત્યંત માહાત્મય છે. તથા આ નારાયણઘાટની આજુબાજુની એક યોજન ભૂમિમાં જે કોઈ મૃત્યુ પામશે તેનો પણ મોક્ષ થશે. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય ૮૭)*

● **વાસનાવાળા પ્રેતની નારાયણઘાટે મુક્તિ**

અસલાલી ગામના ગણેશ પટેલ મરણ પામીને માયિક પદાર્થમાં વાસના હોવાથી સર્પ થયા હતા. પરંતુ આનંદ સ્વામીની પ્રસાદી જમીને દિવ્ય દષ્ટિ થવાથી શ્રીહરિના તથા ધામના તેમને દર્શન થતાં હતા. એક વખત પોતાના ભત્રીજાની સ્ત્રીને કરડીને તેમાં પ્રવેશ કરી બોલ્યા કે દ્વારિકાદિક તીર્થયાત્રા કરીને તત્કાળ મારો મોક્ષ કરો. ત્યારે તેમના ભત્રીજાએ પૂછ્યું કે ક્યા ? તીર્થમાં તમારો મોક્ષ થાય એમ છે. ? પછી સર્પ થયેલા કાકા બાઈમાં રહીને બોલ્યા કે સાબરમતીના કિનારે નારાયણ ઘાટે નિશ્ચય મારો મોક્ષ થશે. એટલે તેમનો ભત્રીજો પોતાની સ્ત્રીને નારાયણ ઘાટે લઈ જઈને ભગવાનની ભક્તિના પ્રભાવથી કાકાને બદરીકાશ્રમમાં મોકલી દીધા. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય ૧૦૬)*

● **સાબરમતીમાં સંતો-ભક્તો સાથે જળક્રિડા**

સંવત ૧૮૮૧ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મછિયાવથી ચાલ્યા તે કુંવારજ, સાણંદ થઈને શ્રીનગર પધાર્યા. ત્યાંના હરિભક્ત



Final



છત્રીસ પ્રકારના વાજાં લઈને સન્મુખ આવીને ગાજતે વાજતે ખાનપરે દરવાજે થઈને શહેરમાં રાજ બજાર સોંસરા થઈને મંદિરમાં પધાર્યા. ને ત્યાં દરવાજાને મેડે ઉતર્યા ને દરવાજાને પાસે લીંબડા હેઠે ઓટા ઉપર બિરાજ્યા. ફૂલદોલના ઉત્સવ ઉપર દેશ દેશના હરિજન દર્શને આવ્યા તેની ઉપર કૃપાદૃષ્ટિ કરીને જોતા થકા સર્વેને દર્શન દેતા હવા. પછી ઉત્સવને દિવસે ભારે ભારે રંગના કડાયા ને મોટી ત્રાંબાની કોઠીઓ ભરાવીને સર્વે સંતને ને હરિભક્તોને માથે તાંસળીયું ભરીને નાખતા હવા. સંતને હરિજન મહારાજની ઉપર રંગને ગુલાલની ફાંટો ભરીને નાખતા હવા. એમ પરસ્પર રંગમાં રમીને કીચ મચાવ્યો. પછી રંગે ભર્યા થકા એમ ને એમ ઘોડે અસવાર થઈને નારાયણઘાટે ન્હાવા પધાર્યા. સર્વે સમાજે સહિત સાબરમતીમાં નાહીને ઘણીવાર સુધી જળક્રિડા કરી બહાર નીસરીને વસ્ત્ર ને ભારે ઘરેણાં પહેરીને ઘોડે બિરાજ્યા. તે સમે દેવના વિમાન આકાશને વિષે છાઈ જતા હવા ને પુષ્પની વૃષ્ટિ કરતા થકા જય જય શબ્દને કરતા હવા. એવી શોભાએ જુક્ત થકા ગાજતે વાજતે પાછા શહેરમાં થઈને નરનારાયણના મંદિરમાં વિરાજમાન થયા. (સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - પેઈજ ૧૩૩-૧૩૪)

● **ઉન્મત્ત ગંગાએ સાબરગંગાનો મહિમાં ગઢપુરમાં કહ્યો.**

સંવત ૧૮૮૧ની સાલમાં એકવાર શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાના પાયા અને કૂવો ખોદાવતા હતા. તે વખતે મહારાજ ખુરશી નંખાવીને બિરાજ્યા હતા ત્યારે લક્ષ્મીવાડીથી ને પીપળાવાડીથી ફળ આવ્યા તે અંજીરને દાડમ મહારાજ જમતા જાય ને કારખાનાવાળા સંત, પાર્ષદો તથા હરિજનોને આપતા જાય ને ફૂલના હાર, બાજુબંધ, ગુચ્છ, તોરા અને ગજરા તે મહારાજે પેર્યા. તે સમે મૂર્તિમાન ઉન્મતગંગા પોતાની સખીયો સાથે મહારાજ પાસે આવ્યા. ને ભારે મોતીનો હાર, રત્ન જડાવ કડાં,

ને બીજાં ઘરેણાં તથા દિવ્ય સુંદર અમૂલ્ય વસ્ત્રો તે મહારાજને ધરાવીને પૂજા કરી તેને સમાધિ વાળા દેખતા હતા તે અહો અહો કરવા લાગ્યા પછી મહારાજ કહે ''ખબરદાર, બોલ્યા તો'' પછી મહારાજે ઉન્મત્ત ગંગાને નેત્રની સાને કરીને રજા આપી.

પછી ઉન્મત્તગંગા ખળખળીએ સોનાના સિંહાસન ઉપર બિરાજમાન થયાં ને વાયુને આજ્ઞા કરી જે ''નદી માત્રને મારી પાસે બોલાવી લાવો'' પછી સાત દ્વીપ અને નવખંડની તમામ નદીઓ આવી અને સ્વર્ગની મંદાકિની તથા પાતાળગંગા વગેરે પણ આવી અને તે ભારે ભારે રત્નનાં આભૂષણ તથા અમૂલ્ય વસ્ત્રોને ભેટ મેલવાને પૂજા કરવા લાવી. પછી જ્યારે સાબરગંગા આવ્યા ત્યારે ઉન્મત્ત ગંગાએ સામા જઈને હાથે ઝાલી તેને પોતાને પડખે બેસાર્યા. ત્યારે મંદાકિની વગેરે નદીઓને સંશય થયો જે ''અમારા કરતા કાંઈ એ મોટાં થયાં?'' ત્યારે ઉન્મત્તગંગા બોલ્યાં જે ''અમારા અક્ષરધામના પતિ એવા સહજાનંદ સ્વામી તે મુનિમંડળ, સંન્યાસી, બાઈઓ તથા ભાઈઓ, હરિજન સહિત વારંવાર નાયા છે. ને તમારામાં તો જ્યારે મહારાજ તીર્થમાં ફરતા હતા ત્યારે નાયા હશે ને આ સાબરગંગામાં તો વિજાપુર જાતાં સખપરને આરે નાયા, ગામ મોટેરે નાયા, ગામ પેથાપુર તથા વૌઠાને આરે નાયા, ને અમદાવાદ નારાયણ ઘાટે તો વારંવાર નાયા છે ને ગામ ગલીયાણે વારંવાર નાયા છે, ગોલાણાના આરે થયા છે તે માટે મારા કરતાં કાંઈ તેમનું માહાત્મ્ય ઓછું નથી. ને મારા તથા આ સાબરગંગાના જળને વિષે ઉત્પન્ન થયાં જે માછલા ને મગરમચ્છ આદિક નાના પ્રકારનાં જળજંતુઓ જ્યારે મરે છે. ત્યારે દેવતાના વિમાનો તેને તેડવા આવે છે. ને અપસરાઓ હજારો આવે છે. ને માંહો માંહી આ મારો પતિ, આ મારો પતિ, એમ કરી લડે છે. તે શા સારુ જે અમારે વિષે પુરુષોત્તમ ભગવાન વારંવાર નાયા તેણે કરીને અમારું માહાત્મ્ય તમારા કરતાં ત્રિલોકીમાં અધિક થયું.



Final



ને અમારામાં જે શ્રાધ્ધાદિક પિતૃકર્મ કરે છે. તેનો પિતૃઓ પણ મોક્ષને પામે છે. ને એકાદશી આદિક વ્રતને વિષે જે મનુષ્ય નાય છે. તે મર્યા પછી સત્સંગમાં અવતાર લઈને ભક્તિ કરી ભગવાનના ધામમાં જાય છે.'' એવી રીતે ઉન્મત્ત ગંગાએ માહાત્મ્યની વાત કરી ત્યારે સર્વે નદીઓને સંશય મટ્યો ને પછી સર્વેએ સાબરગંગાની તથા ઉન્મત્તગંગાની ચંદન પુષ્પથી પૂજા કરી ને હીરા મોતીના હાર પેરાવ્યા તે પછી ચરણનો સ્પર્શ કરતા જાય ને નાના પ્રકારની ભેટ મેલતાં જાય.તે વખતે ત્યાં છત્રીશ પ્રકારનાં વાજિંત્ર વાગતા હતા ને આકાશમાં સર્વે દેવો જય જયકાર કરી રહ્યા હતા ને અપસરાઓ થૈથૈ કાર કરી રહી હતી. તે સમે સચ્ચિદાનંદ સ્વામી આદિક જે સમાધિવાળા હતા તે પણ ઉન્મત્તગંગાની વાત સાંભળીને ઘણા આશ્ચર્ય પામ્યા પછી સર્વે નદીઓ ઉન્મત્તગંગાની તથા સાબરગંગાની આજ્ઞા માગી ચાલી નીકળી ને ઉન્મત્તગંગાએ સાબરગંગાને કહ્યું જે ''તમે હમણાં રોકાઓ, મહારાજ જયારે વડતાલ મૂર્તિઓ પધરાવાને જાશે ત્યારે આપણે સાથે જાશું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૨ વાર્તા ૧૮)*

- **શ્રીહરિએ રંગે રમીને સાબરગંગામાં નાહ્યા ને પાણી લાલ થયું ને મૂર્તિમાન ગંગાજીએ આવીને સ્તુતિ કરી.**

સંવત ૧૮૮૨ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા તે રોજકા,ખસતા, ગાંફ, સમાણી, કૌકા, આંબારેલી, ધોળકા, કમોડ થઈ અમદાવાદ પધાર્યા. હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ મંડપમાં પધાર્યા ભક્તજનોની પાસે પધાર્યા. ઉત્સવીઆ ઉત્સવ કરતા હતા. તે ઉત્સવને સાંભળીને પ્રભુ બહુ રાજી રાજી થયા. ત્યારે મહારાજ તે ભક્તજનો ઉપર રંગ નાખતા હતા. તેમાં લાલ ગુલાલ અને અબિર આદિ રંગોથી રંગની રેલ કરી દીધી. જેમ શ્રાવણ માસમાં વરસાદ વરસે તેમ શ્રીઘનશ્યામ પ્રભુ રંગ વરસાવતા હતા. મહાનુભાવાનંદ સ્વામી અને ભૂમાનંદસ્વામી બંને મુનિવર્યો ઉપર મહારાજ રાજી થઈ

ને માટલું ભરીને રંગ ને ગુલાલની સાથે નાંખતા હતા. ખૂબ રંગે રમીને સર્વે સંત-ભક્તોની સાથે સાબરમતી નદીએ સ્નાન કરવા પધારતા હતા. મહાપ્રભુએ નદીમાં પ્રવેશ કર્યો એટલે તરત જ નદીના પાણી લાલ થઈ ગયાં. ને પ્રભુના જળના ખેલને જોવા આકાશમાર્ગે બ્રહ્મા, વિષ્ણુ, શિવજી તથા ઈન્દ્રાદિ દેવો સૌ મળીને જળમાં સ્થિર થયાં. સામાં ઉભા રહીને ઉમંગથી પ્રભુને ધારી લીધા. તેને દિનદયાળ પ્રભુ જોતા હતા.ગંગાજી ત્યારે ગદ્ ગદ્ કંઠે હાથ જોડીને સ્તુતિ કરતા હતા.

ગંગા કહે છે, હે બળવંત બલભ્રાતા પ્રભુ ઘણા સમયથી આપનો વિયોગ હતો. આપના ચરણનો વિયોગ હતો હે કૃપા નાથ મારી આશાને પૂરી કરો. સર્વના પાપોના સમુહને નાશ કરનારી એવી હું તે મને સનાથ કરો. એ માગું છું. ગંગાએ આવી રીતે વચનો કહ્યાં તે સાંભળીને પ્રભુ કહેતા હતા. ગંગા તમે મારા વચનને ઉમંગથી સાંભળો. તમારો મહિમા બહુ જ છે તે આજથી વધારે ઉંચો થયો છે. માટે આ સ્થાનમાં નિવાસ કરીને રહો. આ નારાયણ ઘાટમાં જ રહીને સૌના પાપના સમુહને તોડી નાખજો. તમારો મહિમા જગતમાં બહુ જ પ્રસિદ્ધ થઈ જશે. માટે ગંગા તમે નિશ્ચય માનજો. આમ કહીને શ્રીઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સાથે નદીના પાણીમાંથી બહાર નીકળ્યા. પ્રભુએ સફેદ વસ્ત્રોને શરીર ઉપર ધારણ કર્યા. ત્યારે સૌ નરનારીજનો મહારાજનો જય જયનો નાદ કરતાં હતા.

હે રાજન ! રંગવાળા ને વસ્ત્રો ભીનાં હતા તે વસ્ત્રો દામોદર ભક્તને જોઈને દીનદયાળ પ્રભુએ એમને આપ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી પ્રભુ પાસે આવીને પ્રીત કરીને પ્રભુને પૂછતા હતા. કે હે અંતર્યામી પ્રભુ ! સાંભળો. જ્યારે આપ જળમાં સ્થિર થયા હતા. ત્યારે જળમાં બે સ્વરૂપો ધરીને આવેલ રંગવાળું કોણ હતું. ?



Final



- **ઉત્સવ પ્રિય શ્રીહરિએ અમદાવાદમાં જન્માષ્ટમી ઉત્સવ કર્યો**

એકવાર પવિત્ર શ્રાવણ માસમાં શ્રીહરિ અમદાવાદ પધાર્યા. નવા વાસમાં ઉતારો કર્યો. વિશાળ ચોકમાં સભા થઈ. શહેરના હજારો ભક્તોએ સત્સંગનો લાભ લીધો. શ્રીહરિ દરરોજ જુદી જુદી પોળોમાં જઈને ભક્તોને ઘેર પધરામણી કરે, થાળ જમે, હરિભક્તો ભગવાન અને સંતોની પૂજા કરે. ભેટ અર્પણ કરે. એમ કરતાં જન્માષ્ટમી નજીક આવી. સંતો અને હરિભક્તો જન્માષ્ટમી ઉત્સવની તૈયારી કરવા લાગ્યા. જન્માષ્ટમીનો ઊત્સવ એટલે દૈવી તત્વોનો આસુરી તત્વો ઉપર વિજય. આપણા દેહ અને જીવની રક્ષા કરવા તો આજે પણ હજુ પરમાત્મા દર વર્ષે અવતાર લે છે. પણ આપણે ખરા હૃદયથી તેમનો આશરો કરવો જોઈએ. સુંદર કલામય પારણું લાવ્યા. સારાં રમકડાં લાવ્યા. તોરણ અને પતાકા બાંધ્યા. પંચાજીરીનો પ્રસાદ તૈયાર કર્યો. સાતમના દિવસે જન્માષ્ટમીની તૈયારી કરી.

જન્માષ્ટમીના પવિત્ર દિવસે શ્રીહરિ વહેલા જાગ્યા. સાંજે વિશાળ સભા થઈ. સંતો અને હરિભક્તોની સભામાં સ્વામિનારાયણ ભગવાને શ્રીકૃષ્ણના મહિમાની વાતો કરી. જન્માષ્ટમી વ્રત કરવાની વિધિ સમજાવી. સભામાં ગવૈયા સંતો કીર્તનો ગાતા હતા. મુક્તાનંદ સ્વામી વગેરે સંતો કથા-વાર્તા કરવા લાગ્યા. આ રીતે ભજન-કીર્તન કરતાં કરતાં રાતના બાર વાગ્યા. શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી અને ઉત્સવ ઊજવવાની ધન્ય ઘડી નજીક આવી પહોંચી. આસોપાલવ અને કેળના થાંભલા ઓથી પારણું શણગારેલું હતું. સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાળ-લાલજીને પંચામૃતથી સ્નાન કરાવ્યું. ફૂલહારથી પૂજા કરી દીપ પ્રગટાવ્યો. નૈવેદ્ય કર્યું. પછી બાળ લાલજીને પારણામાં પધરાવી. અને જન્મોત્સવની આરતી ઉતારી. 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી'નો જયઘોષ થયો. ભગવાનનો જય જયકાર થયો. એ વખતે

શ્રીહરિની મૂર્તિમાંથી તેજ તેજ નીકળવા લાગ્યું. આ તેજમાં શ્રીહરિનાં દર્શન કરીને સૌને બહુ આશ્ચર્ય થયું. આ અલૌકિક પ્રતાપ જોઈને ઘણા મુમુક્ષુઓ સત્સંગી બન્યા. પંચાજીરીનો પ્રસાદ વહેંચાયો. સંતો અને હરિભક્તો ઉત્સવનાં કીર્તન ગાવા લાગ્યા. સવારના ચાર વાગ્યા સુધી જાગરણ કર્યું. સવારે સ્નાન વિધિથી પરવારીને શ્રીહરિએ પારણાં કર્યાં. સંતો અને હરિભક્તોને પણ પારણાં કરાવ્યાં.

- **મોટેરા પધાર્યા**

આગળ ચાલતાં પાદશાહવાડીથી પશ્ચિમ તરફ સાબરગંગાના કિનારે નારાયણઘાટે આવ્યા. ત્યાં અશ્વ ઉપરથી ઊતરીને શ્રીહરિ સંત હરિભક્તો સહિત નદીમાં સ્નાન કરવા લાગ્યા. દરેકના વસ્ત્રો રંગવાળા હતાં. તેથી નદીનું પાણી રંગીન બની ગયું. બે ઘડી સ્નાન કરી બહાર નીસરી શ્વેત વસ્ત્રો પહેરી ગાદી તકીયા ઉપર બિરાજમાન થયા. હરિભક્તોએ હારો પહેરાવી પૂજા કરી. પછી નદીના સામે કિનારે મોટેરા ગામના પુરુષોત્તમ આદિ ભક્તોને દર્શન આપવા અશ્વ ઉપર બેસી નદી ઊતરી મોટેરા ગયા. ત્યાં તમામને દર્શન આપી વાજતે ગાજતે શ્રીનગરમાં પોતાના નિવાસ સ્થાને (મંદિરમાં) આવ્યાં. ત્યાં સુવાસિનીબાઈએ થાળ તૈયાર કર્યો હતો તે જમ્યા. સંતોને પણ પીરસીને જમાડ્યા. પછી રસોઈ આપનાર હરિભક્તોએ શ્રીજીની પૂજા કરી ભેટો ધરી. પછી શ્રીહરિએ હરિભક્તોને કહ્યું કે કોઈ હરિભક્તને સંત સમાગમ માટે પોતાના ગામમાં મંદિર કરાવવાનો ભાવ થાય તો સંતને બાધ ન આવે તેવી જગ્યાનો વિચાર કરીને મંદિર કરાવજો ને અંદર દરેક જાતની વ્યવસ્થા કરાવજો એમ આજ્ઞા કરી. પછી થોડીવાર આરામ કરવા પધાર્યા.

પછી સાંજના સમયે દરવાજા પાસે લીંબતરૂ નીચે વેદિકા ઉપર પાટ બીછાવી હતી તેના ઉપર શ્રીહરિ બિરાજ્યા. સંતો તથા હરિભક્તો પણ આવીને પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. સંતો કીર્તન ગાવા લાગ્યા.



Final



- **શ્રીહરિ અમદાવાદમાં ફૂલડોલ ઉત્સવ કરવા પધાર્યા**

હુતાશનીને દોઢ માસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિ અમદાવાદમાં ફુલદોળનો ઉત્સવ કરવા ગઢપુરથી ચાલ્યા. મુક્તમુનિ, બ્રહ્મમુનિ, નિત્યાનંદમુનિ, ગોપાળાનંદમુનિ, શુકમુનિ વગેરે આગેવાન સંતોને તેમના મંડળના સંતો સહિત સાથે લીધા. નિષ્કુળાનંદ સ્વામી તથા બીજા ભણનારા સંતોને પણ સાથે લીધા. તેમને બધાને બેસવા ગાડીઓ આપી હતી. જીવુબા વગેરે બાઈઓ પણ પોતાની ગાડીઓમાં બેસી સાથે ચાલ્યા. દાદા ખાચર વગેરે જેટલા કાઠી હરિભક્તો હતા તે પણ પોતપોતાના ઘોડાઓ ઉપર બેસીને સાથે ચાલ્યા. ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા આવેલા દેશોદેશના સત્સંગીઓને પણ સાથે લીધા. બેય ભાઈઓના પરિવારને પણ ગાડીઓમાં બેસાડી સાથે લીધા. રસ્તામાં ચાલતા પીંપળીયા થઈને સારંગપુર આવી રાત રહ્યાં. ત્યાંથી ચાલ્યા તે જસકા થઈ રોજકામાં રાત રહ્યા. ત્યાંથી ખસતા થઈ વેજળકામાં રાત રહ્યા. ત્યાંથી કૌકા થઈ ધોળકામાં રાત રહ્યા. ત્યાંથી સવારમાં ચાલ્યા તે જેતલપુરમાં જઈ રાત રહ્યા. ત્યાંથી અશલાલી થઈ સં. ૧૮૮૨ ના મહા સુદમાં અમદાવાદ પધાર્યા. શહેરમાં ખબર આપી એટલે મંદિરમાં રહેતા સંતો તથા હરિભક્તો વાજતે ગાજતે સ્વાગત સામૈયું તથા તથા હારો વગેરે લઈ શ્રીહરિના સન્મુખ ગયા. નદી કિનારે શ્રીહરિને મળ્યા એટલે સૌએ દંડવત પ્રણામ કરી હારો પહેરાવી દર્શન કર્યા અને ભેટો ધરી. પછી શ્રીહરિ ત્યાં એક ચોતરા ઉપર બિરાજમાન થયા. પછી કુબેરસિંહ ચોપદાર તથા નથુભટ્ટ જસ્કીન સાહેબ પાસે ગયા અને શ્રીહરિના પધાર્યાના સમાચાર કહ્યા, એટલે જસ્કીન સાહેબ પણ અંગ્રેજી પડઘમ વાજાં તથા પલ્ટન સાથે સવારી લઈ શ્રીહરિની સામે આવ્યા. શ્રીહરિનાં દર્શન કરી ખૂબ ખુશી થયા. શ્રીહરિએ સૌને કુશળ સમાચાર પૂછ્યા.

પછી શ્રીહરિ શહેરમાં આવવા તૈયાર થઈ અશ્વ ઉપર બિરાજમાન થયા એટલે વાજતે ગાજતે સ્વારી ચાલતી થઈ. શ્રીહરિ પહેલાં જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે જેવી અનેરી સામૈયાની શોભા થતી તેવી જ શોભાયે યુક્ત સ્વારી સાથે શ્રીહરિ માણેક ચોકમાં થઈ પોતાના મંદિરમાં પધાર્યા. શ્રીનરનારાયણાદિક દેવોનાં દર્શન કરી દરવાજા પાસે લીંબડા નીચે ચોતરા ઉપર પલંગ બિછાવેલો હતો તેના ઉપર બિરાજમાન થયા. સંત-હરિભક્તો પણ દર્શન કરી, ઉતારા કરી સભામાં આવીને બેઠા સંતો હોળીના પદો ગાવા લાગ્યા. આનંદાનંદ સ્વામીએ મંદિર તરફથી સુંદર કંસારની રસોઈ બનાવરાવી તૈયાર રાખી હતી. સમય થયો એટલે શ્રીહરિએ જમીને સંતો હરિભક્તોને જમાડ્યા. મંદિર કર્યું ત્યારથી હયગ્રીવાનંદજી સ્વામી કોઠારી હતા. તેઓ આનંદ સ્વામીને પૂછ્યા વિના કાંઈ કરતા નહિ. આવાં બધાં કાર્યોમાં તેઓ ખૂબ હોશિયાર અને ભાવશીલ હતા. તેમની સેવા જોઈ શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. ગોવિંદભાઈ, રણછોડભાઈ ચોકશી, બેચરભાઈ, દોલાભાઈ વગેરે હરિભક્તો મંદિરમાં જે વસ્તુઓ આવતી તેનો આવક-જાવકનો હિસાબ રાખતા. લાલદાસ ગોરા, દામોદર પટેલ, હીરાચંદ ચોકસી, રતનજી, માણેકચંદ, શંભુ દાસ, કુબેરસિંહ, નથુ ભટ્ટ નવાવાસના રઘાભાઈ, પુરુષોત્તમ સોની, વગેરે સત્સંગીઓ આનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે મંદિરની બધી સેવા કરતા તેથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. શ્રીહરિ અમદાવાદમાં રોકાયા ત્યાં સુધી હરિભકતો નિત્ય નવી નવી રસોઈઓ આપતા. ફુલદોળના ઉત્સવનાં દર્શન કરવા દેશોદેશના અગણિત હરિભક્તો આવ્યા હતા. તેઓ શ્રીહરિની તથા સંતોની ભાવથી પૂજા સેવા કરતા. અને સત્સંગ વૃદ્ધિ પામે ને તેમાં તથા શ્રીહરિમાં પ્રીતિ થાય અને જગતનો અભાવ થાય એવી શ્રીહરિની તથા સંતોની વાતો નિત્ય સાંભળીને ખૂબ આનંદ પામતા.



Final



- **રંગે રમ્યા**

બધા જમી રહ્યા પછી સમય થયો ત્યારે શ્રીનરનારાયણદેવની નાની મૂર્તિઓનું ષોડશોપચારથી વિધિ પ્રમાણે પૂજન કરી નૈવેદ્ય ધરાવી આસોપાલવના તથા કેળના પાનથી તથા રંગબેરંગી પુષ્પોથી બનાવેલા સુંદર હીંડોળામાં પધરાવી ઝુલાવ્યા.

પછી શ્રીહરિ ચોકમાં સુંદર મોટી પાટ ઢાળી હતી તેના ઉપર આવીને બિરાજ્યા. સંતો જાતજાતના રંગના ભરેલા મોટાં મોટાં વાસણો લાવ્યા એટલે શ્રીહરિ સોનાના કટોરાથી રંગ ઉડાડવા લાગ્યા. તે વખતે ચોઘડીયા તથા વાજિંત્રો વાગવા લાગ્યા. સંતો તથા હરિભક્તો પણ બે જુથોમાં રહીને ખૂબ રંગ ઉડાડવા લાગ્યા. એમ ઘણીવાર રંગ તથા ગુલાલ ઉડાડ્યો. જેટલો રંગ અને ગુલાલ હતો તે તમામ ઉડાડી દીધો. આખી સભા રંગથી તથા ગુલાલથી તરબોળ કરી દીધી. આખું મંદિર તથા ચોક પણ ભરી દીધાં. રંગ ઉડાડી રહ્યા પછી શ્રીહરિ રંગવાળા કપડેજ ગુલાબના હાર પહેરીને અશ્વ ઉપર બેસી સંતો હરિભક્તોએ સહિત વાજતે ગાજતે રાજબજારમાં થઈ ચાલ્યા. રસ્તામાં અપાર જનો દર્શન કરતા હતા. હરિભકતો ગુલાલ ઉડાડતા હતા તેથી આખી રાજબજાર ગુલાલમય બની ગઈ હતી. શ્રીહરિ પાદશાહવાડી પાસે નારાયણઘાટે આવ્યા, જ્યાં ઘાટ બાંધેલો છે. શ્રીહરિ ત્યાં અશ્વથી ઊતરી બધાં સાથે નદીમાં સ્નાન કરવા પધાર્યા. ત્યાં શ્રીહરિ પાસે સાબરમતી નદી મૂર્તિમાન આવ્યા અને શ્રીહરિનું પૂજન કરી પ્રાર્થના કરતાં કહ્યું કે હે પ્રભો ! મારા જળમાં અનંત પાપી જીવો નહાય છે તેથી (તે પાપથી) હું ધ્રુજી ઊઠું છું, તો તે મારો ભય દૂર કરવા કૃપા કરો. આપ અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ મળ્યા તો મારે જરા પણ દુઃખ ન રહેવું જોઈએ.

● **સાબરગંગા માહાત્મ્ય**

સાબરગંગાની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ કહ્યું કે હે ગંગે ! જેવી ઘેલા નદી મને પ્રિય છે. તેથી પણ તું મને અધિક પ્રિય છું, કારણ કે ઘેલાને તો આ વખતે જ પાવન કરી છે. અને તને તો સત્યયુગમાં જ્યારે હું તારા કિનારા પર ચાર સ્વરૂપે પ્રગટ થયો હતો ત્યારે એ ચાર સ્વરૂપે અનેક દેવતાઓ ઋષિયો સહિત સ્નાન કરી તથા જળપાન કરી પાવન કરી હતી. આ વખતે પણ સર્વાવતારી એવા અમોએ આ સંતો તથા હરિભક્તોએ સહિત અનંતવાર તારા જળમાં ખૂબ જળક્રીડા કરતાં સ્નાન કરેલું છે અને હજી પણ અમો સ્નાન કરીશું એટલે અત્યારે પણ તને ખૂબ પાવન કરી છે. માટે હવે તારામાં ગમે તેટલા પાપી જીવો સ્નાન કરશે તોપણ તને જરા પણ પાપ લાગશે નહિ એટલું જ નહિ પરંતુ તેવા પાપીયોનો ઉદ્ધાર થશે. તેમજ પશું, પંખી, મનુષ્ય વગેરે જીવ જંતુ અજાણે તારુ જળ પીશે અથવા સ્નાન કરશે તે દેવ બનશે. પછી મનુષ્યનો દેહ ધરી સત્સંગ કરી મોક્ષને પામશે. પરંતુ સર્વાવતારી એવો જે હું તે મારો મહિમા જાણી તારા જળમાં મરેલાં જીવ પ્રાણી માત્રનાં હાડકાં નાખશે તો તે જીવ યમપુરીમાં ગયો હશે. તો પણ યમદૂતોને તેને છોડી મૂકશે. તેમજ કોઈ જીવ અવગતિથી ભૂત, પ્રેત, પિશાચ વગેરે અધમ યોનિમાં ગયો હશે તેના નિમિત્તે શ્રાદ્ધ કરી પીંડ નાખશે તો તે પ્રેતના દેહમાંથી છૂટી મનુષ્યદેહને પામશે. મારો મહિમા જાણી તારા જળમાં જે ન્હાશે તેના મનોરથ પૂરા થશે. અહીં સાધુ-વિપ્રોને જમાડી દાન-દક્ષિણા આપશે તેને અનંતગણું ફળ મળશે. આ પ્રકારે સાબરગંગાનો શ્રીહરિએ કહેલો મહિમા સાંભળી આનંદ પામી. પછી સાબરગંગાએ શ્રીહરિની જેવી મૂર્તિ જોઈ તેવી એકાગ્ર વૃત્તિથી અંતરમાં ઉતારી લીધી અને હાલર પક્ષીની લકડીની માફક દૃઢ ગ્રન્થી બાંધી દીધી. શ્રી સ્વામિનારાયણ ભગવાન સાબરમતીના કિનારે આ જગ્યાએ વારંવાર



Final



નાહ્યા તેથી તથા પૂર્વે નર સહિત નારાયણ ભગવાન આ જગ્યાએ પ્રગટ થઈ આ ઘાટે નાહ્યા ત્યારથી આ જગ્યાનું નામ "નારાયણઘાટ" પડેલું પરંતુ કાળાન્તરે લોકમાં વિસ્મૃત પ્રચલિત થયું એમ સાબરમતી નદીના નારાયણઘાટનો તથા આખી સાબરમતી નદીનો અપાર મહિમા છે તેને કોઈ પૂરેપૂરો કહી શકે તેમ નથી. પદ્મ પુરાણમાં આ સાબરમતી નદીનો અપાર મહિમા વર્ણવેલો છે.

● **શ્રીહરિએ અમદાવાદના ભક્તજનોની ઈચ્છાથી પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કર્યો**

પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન અનેક જીવોનો ઉદ્ધાર કરવા ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, ઝાલાવાડ વગેરે પ્રદેશોના શહેરોમાં તથા ગામોમાં ઘોડાની પીઠ ઉપર અવિરત વિચરી, માણસના હૃદયમાં (જીવાત્મામાં) અનાદિકાળથી માયાના મોહથી વ્યાપી રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો તથા વંશે સહિત અધર્મનો તથા દૂરાચારોનો પોતાના સ્વવર્તનથી, સદુપદેશથી, ચમત્કારોથી, સમાધિઓથી તથા અસિધારાવર્તન વર્તનવાળા સંતો દ્વારા ઉપદેશથી નાશ કરી પંચવર્તમાનના નિયમો આપી. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી, પોતાના આશ્રિતો બનાવી, ભાગવત ધર્મનું સ્થાપન કરી,માણસને મનુષ્ય-જીવનના મોક્ષરૂપી ખરા કર્તવ્યનું ભાન કરાવી, ફરતા ફરતા સંવત ૧૮૮૪ ના કારતક માસ બેસતાં શ્રીનગરમાં પધાર્યા. મંદિરમાં રહેતા સંતોને તથા હરિભક્તોને શ્રીહરિ પધાર્યાના સમાચાર મળતાં તેઓ શોભાયમાન સામૈયું લઈને શ્રીહરિના સન્મુખ ગયા. શ્રીહરિની પાસે આવી સાષ્ટાંગ દંવડત્ પ્રણામ કરી વસ્ત્રો પહેરાવી પગે લાવ્યા. પછી વાજતે ગાજતે દબદબાથી શોભાયમાન સામૈયું કરી શ્રીહરિને શહેરમાં પધરાવ્યા. શ્રીહરિ મંદિરમાં આવી શ્રી નરનારાયણાદિ ભગવત્સ્વરૂપોનાં દર્શન કરી સભામાં બિરાજ્યા. શ્રીહરિ પધાર્યા જાણી શહેરના આગેવાન નાગરિકો તથા ધર્મપ્રેમી માણસો તથા સત્સંગીઓ દર્શને

આવ્યા. તેમણે શ્રીહરિને હારો પહેરાવીને ભેટો મૂકી ભાવથી દર્શન કર્યા. પછી સંતોએ તથા સત્સંગીઓએ શ્રીહરિને કહ્યું કે હે પ્રભો ! આપે કૃપા કરી અહીં પધારી અમને દર્શન આપ્યાં તેથી અમોને ઘણો આનંદ થયો છે. પરંતુ વધારેમાં અમારી એક પ્રાર્થના છે કે પ્રબોધિની (દેવ ઊઠી) એકાદશી ચાર પાંચ દિવસ પછી આવે છે. તો તે એકાદશીનો ઉત્સવ આપ શ્રીનગરમાં કરી અમારી સેવા અંગીકાર કરી અમારા મનોરથ પૂર્ણ કરવા કૃપા કરો. આપે પહેલાં વિ.સં. ૧૮૬૧ ની સાલમાં તથા સં. ૧૮૭૫ ની સાલમાં એમ બે વખતે અહીં **પ્રબોધિની એકાદશીના ઉત્સવો કર્યા હતા.** ત્યારથી આરંભી આપની આજ્ઞા પ્રમાણે અમો દરસાલ આ એકાદશીનો ઉત્સવ ભાવથી ઊજવીએ છીએ. પરંતુ ત્યારે મંદિર થયું ન હતું. અને હવે તો આપશ્રીએ અહીં મંદિર કરાવી શ્રીનરનારાયણાદિ ભગવત્સ્વરૂપોની સ્થાપના કરી છે. માટે શ્રી નરનારાયણાદિ દેવો સમક્ષ આપીશ્રી આ વખતે આ એકાદશીનો ઉત્સવ અહીં કરો તો અમોને ઘણોજ આનંદ થશે. એટલું જ નહિ પણ આ દેવો આગળ આપની સાનિધ્યમાં આપના સમક્ષ આ ઉત્સવ કરીએ. જેથી અમો દર સાલ ઉત્સવ કરીએ છીએ તેમાં કોઈ ન્યૂનતા રહેલી હોય તો તે ન્યૂનતા દૂર થાય. પછી દર સાલ અમો વિધિપૂર્વક સૂચના પ્રમાણે તે ઉત્સવ ઉજવી શકીએ.

પોતાના ભક્તોની ભાવભરી વિનંતી સાંભળી શ્રીહરિએ કહ્યું કે સારું. તમારા પ્રેમને લીધે તમારી ઈચ્છાને માન આપી આ પ્રબોધિની એકાદશીનો ઉત્સવ અમો અહીંજ કરીશું. માટે તમો તે અંગેની બધીજ તૈયારીઓ કરો-કરાવો. પછી શ્રીહરિએ દેશોદેશના હરિભક્તો ઉપર પત્રો લખાવ્યા કે આ પ્રબોધિની એકાદશીનો ઉત્સવ અમો અમદાવાદમાં ખૂબ મોટા સમારોહથી કરવાના છીએ માટે તમો બધા દર્શન તથા સમાગમનો અલભ્ય લાભ લેવા અમદાવાદ આવજો.



Final



પ્રબોધિનીનો ઉત્સવ શ્રીનગરમાં કરવાનું નક્કી કરી શ્રીહરિ અમદાવાદમાં પોતાના સદુપદેશથી તથા ચમત્કારોથી તથા સમાધિઓથી તથા દર્શન વગેરેથી સત્સંગીઓને તથા બીજી જનતાને સુખ આપતા સંપ્રદાયનો પ્રચાર કરી રહ્યા હતા. ત્યાં કારતક સુદી એકાદશી (પ્રબોધિની) આવી. તે દિવસે શ્રીહરિ સવારમાં વહેલા ઉઠીને શૌચ સ્નાનાદિ કરી પોતાના દર એકાદશીએ કરવાના નિયમ પ્રમાણે પોતે મહાપૂજા કરી તથા બીજા નિયમો કરી દેવનાં દર્શન કરી, સભામાં આવી ઊચાં સિંહાસન ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તો પણ દેવનાં દર્શન કરી સભામાં આવી શ્રીહરિનાં દર્શન કરી પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા. પછી ગવૈયા સંતોએ વાજિંત્રો વગાડી ગાવણું કર્યું. પછી શ્રીહરિએ ઉપદેશની તથા એકાદશીના માહાત્મ્યની તથા એકાદશીની ઉત્પત્તિની તથા એકાદશીનું વ્રત દશમી વિધ્ધા ન કરવું. પણ તિથિપ્રધાન એટલે સૂર્યોદય વ્યાપી તિથિએ કરવું તથા તેનો ઉદ્યાપનવિધિ વગેરે વિગતવાર સમજાવ્યું. ત્યાં બપોરનો સમય થયો એટલે એકાદશીવ્રતનો ઉદ્યાપનવિધિ કરાવ્યો તથા ધર્મદેવનાં જન્મનો ઉત્સવ કરાવ્યો.

પછી થોડો સમય આરામ કર્યા બાદ શ્રીહરિએ ફરી સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. સંધ્યાં આરતી થઈ એટલે આરતી, નારાયણ ધૂન્ય વગેરે નિત્ય નિયમો કરી દેવનાં દર્શન કરી શ્રીહરિ સભામાં આવી બિરાજ્યાં. ત્યાં કથાવાર્તા નિત્યનિયમ કરી રહ્યા બાદ સંતો તથા હરિભકતો એકાદશીના માહાત્મ્યનાં તથા શ્રીહરિની મૂર્તિનાં વર્ણનનાં કીર્તનો બોલી જાગરણ કરવા લાગ્યા. ઉત્સવીયા હરિભક્તો શ્રી નરનારાયણદેવ સન્મુખ બેસી ઝાંઝ, મૃદંગ વગાડી કીર્તનો બોલી ઉત્સવ કરવા લાગ્યા. પછી સમય થયો એટલે શાકભાજીની, મેરાયાની, ગોદડીયોની, એમ દેવની ત્રણ પ્રકારે ત્રણ આરતીઓ શ્રીહરિએ બ્રહ્મચારી પાસે કરાવી. પછી બાર વાગે દેવને પોઢાડી દીધા.

પછી શ્રીહરિ થોડો આરામ કરવા પધાર્યા. ઉત્સવીયા હરિભક્તોએ પહેલાંની શ્રીહરિની આજ્ઞા પ્રમાણે દરસાલના નિયમ મુજબ ઉત્સવ ચાલુ રાખ્યો. સંતોએ તથા બીજા હરિભક્તોએ પણ કીર્તનો બોલતાં જાગરણ ચાલુ રાખ્યું. સવારે ચાર વાગ્યા ત્યારે શ્રીહરિ સ્નાનાદિ નિત્યવિધિ કરી ઉત્સવીયા હરિભક્તો ઉત્સવ કરતા હતા તેમની વચમાં આવીને ચાકળા ઉપર બિરાજ્યા એટલે ઉત્સવીયા હરિભક્તોએ શ્રીજીને રાજી કરવા પ્રેમથી અને ઉત્સાહથી ખૂબ જોરથી ઉત્સવ કરવા માંડ્યો. મંગળા આરતી થઈ એટલે દેવનાં દર્શન કર્યા. થોડીવાર પછી શણગાર આરતીનાં દર્શન કર્યા. તે દરમ્યાન ઉત્સવ તો ચાલું જ હતો. શ્રીહરિ પણ દર્શન કરી ઉત્સવીયાની વચમાં જ આવીને બેઠા. પછી દરેક ઉત્સવીયા હરિભક્તોને શ્રીહરિએ પ્રસાદીના હારો પહેરાવી. પેંડા, સાકર, પતાસાં, સુકો મેવો વગેરેનો ખોબો ખોબો પ્રસાદ આપ્યો. ત્યાં સાત વાગ્યાના સુમારે રાજભોગની આરતી થઈ એટલે ઉત્સવ બંધ કરી ઉત્સવીયા ભક્તો શ્રીહરિની સાથે દર્શન કરવા ગયા. દર્શન કરી શ્રીહરિ સભામાં બિરાજ્યા. અને ઉત્સવીયા ભક્તો સ્નાન, પૂજા પાઠ વગેરે નિયમો કરવા ઘેર ગયા.

શ્રીહરિ આ એકાદશીની રાત્રે એટલે બારશની વહેલી સવારે ઉત્સવમાં આવીને બિરાજ્યા તે વખતે ધર્મધુરંધર આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પણ શ્રીહરિની સાથે ઉત્સવમાં આવીને બેઠા હતા. ત્યારથી આરંભી અદ્યાપિ પર્યન્ત પરંપરાથી દરેક આચાર્ય મહારાજશ્રીઓ દરસાલ પ્રબોધિની એકાદશીની રાત્રે એટલે બારશની વહેલી સવારે ઉત્સવમાં આવી આશરે એક કલાક બેસી ઉત્સવીયા હરિભક્તોને હાર પહેરાવી પ્રસાદ આપી. દેવનાં દર્શન કરી પોતાના નિવાસે પધારે છે. આ નિયમ ત્યારથી દરેક આચાર્ય મહારાજશ્રીઓએ અદ્યાપિ પર્યંત જાળવી રાખ્યો છે. શહેરના હરિભક્તોએ પણ પહેલાંની શ્રીહરિની આજ્ઞા પ્રમણે અદ્યાપિ પર્યંત પરંપરાથી પ્રબોધિની



Final



એકાદશીનો આખી રાત દેવ આગળ ઉત્સવ કરવાનો નિયમ બરાબર જાળવી રાખ્યો છે.

બારશના દિવસે રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિએ જમીને સંતોને તથા બહારગામથી આવેલા સત્સંગીઓને જમાડ્યા. એમ શ્રીનગરમાં વિ. સં. ૧૮૮૪ ના કારતક સુદી પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ખૂબ ધામધૂમથી કરી ભક્તોને ખૂબ સુખ આપી શહેરમાં અનેક ચમત્કારો બતાવી, સમાધિઓ કરાવી. સંપ્રદાયનો બહોળો પ્રચાર કરી. કારતક સુદી પૂનમનો ઉત્સવ પણ ખૂબ સમારોહથી કરી શ્રીનગરથી જવાની તૈયારી કરી. ત્યારે શહેરના સત્સંગીઓએ પ્રાર્થનાપૂર્વક કહ્યું કે હે પ્રભો ! ફરી જલદી દર્શન દેવા પધારવા કૃપા કરજો.

પછી શ્રીહરિએ આ ઉત્સવ ઉપર બહારગામોમાંથી આવેલા સંતોને ગામડાઓમાં ફરવા જવાની આજ્ઞા કરી. એટલે સંતો શ્રીહરિને સંભારતા તે તે ગામોમાં મુમુક્ષુઓને ઉપદેશ આપવા ગયા. તેમજ હજારોની સંખ્યામાં ઉત્સવ ઉપર આવેલા સત્સંગીઓને પણ પોતપોતાના ગામ જવાની આજ્ઞા કરી, એટલે તેઓ શ્રીહરિને પોતાના ગામોમાં દર્શન દેવા પધારવાનાં વિનંતિ પૂર્વક આમંત્રણો આપી. શ્રીજીનાં દર્શન કરી ચાલતા થયા.

પછી શ્રીહરિ પણ તૈયાર થઈ ઘોડા ઉપર બેસી ચાલ્યા સાથે આવેલા તથા બીજા જેને જેને આજ્ઞા કરી તે સંતો તથા હરિભક્તો પણ તૈયાર થઈ સાથે ચાલ્યા. શહેરના સત્સંગીઓ વાજતે ગાજતે શ્રીહરિને વળાવવા ચાલ્યા. શહેર બહાર આવી શ્રીહરિએ વળાવા આવેલા સૌને ઊભા રાખી પ્રસાદી આપી પાછા વળ્યા. પોતે આગળ ચાલ્યા. રસ્તામાં ચંડોળા તળાવ આવ્યં. તેમાં સુંદર નિર્મળ જળ જોઈ શ્રીહરિએ સંતો સહિત તેમાં સ્નાન કર્યું. (આ ચંડોળા તળાવમાં શ્રીહરિએ સંતો તથા હરિભક્તો સહિત અનંતવાર સ્નાન કરેલું છે

તેથી તળાવ ઘણું પ્રસાદીનું હોઈ દર્શનીય છે.) પછી શ્રીહરિ ત્યાંથી અસલાલી ગામ પધાર્યા.

અનેક જીવાત્માઓનું કલ્યાણ કરવું એજ જેમનું અવતાર કાર્ય છે. એવા શ્રીહરિ, અવિરતપણે અનેક ગામોમાં વિચરી માણસોમાં રહેલા અજ્ઞાન અને અધર્મનો નાશ કરી, ભાગવત ધર્મનું સ્થાપન કરી, પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી. પોતાના આશ્રિતો બનાવી સંપ્રદાયનો પ્રચાર કરતા વિ.સં. ૧૮૪૪ ની સાલમાં અષાઢ સુદમાં ફરી બીજી વખત શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા. શ્રીનગરના મંદિરમાં રહેતા સંતો તથા શહેરના સત્સંગીઓ શ્રીહરિના પધારવાના સમાચાર સાંભળી હારો, ભેટો, વિવિધ પ્રકારનાં વાજિંત્રો સહિત શોભાયમાન સામૈયું લઈ શ્રીહરિનાં સન્મુખ ચાલ્યા. શહેરથી બહાર આવ્યા. ત્યાં દૂરથી ઘોડા ઉપર બિરાજમાન, અત્યંત શોભાયમાન તેજસ્વી મૂર્તિ શ્રીહરિને જોઈ જેમ વનમાં ઉત્પન્ન થયેલા દાવાનળના તાપથી દુઃખી થયેલા હાથીઓ જેમ શીતળ, નિર્મળ જળવાળા માનસરોવર તરફ જલદી દોડે, ભિક્ષુકો જેમ દાતારનું નામ સાંભળી તે દાતાર તરફ દોડે, તેમ બધા ભક્તો એકદમ ઉતાવળા શ્રીહરિના સામે ચાલ્યા. શ્રીહરિની સમીપે આવી બધા ભક્તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, હારો પહેરાવી, ભેટો મૂકી દર્શન કરી આનંદ પામ્યા. શ્રીહરિએ સૌને કુશળ સમાચાર પૂછી સત્કાર્યા. શ્રીહરિને પૂર્વની માફક વાજતે ગાજતે સ્વાગત સામૈયું કરી શહેરમાં પધરાવ્યા. શ્રીહરિ શ્રી નરનારાયણદેવના મંદિરમાં પધારી શ્રી નરનારાયણાદિ દેવોનાં દર્શન ભાવથી કરી સભામાં બિરાજ્યા. શહેરના સત્સંગીઓએ તથા આગેવાન નાગરિકોએ તથા બહારગામોથી આવેલા ભક્તોએ શ્રીહરિને હારો પહેરાવી ભેટો મૂકી ભાવથી દર્શન કર્યા. પછી શ્રીહરિ મંદિરમાં રંગમહોલ નામથી ઓળખાતા પોતાના નિવાસ સ્થાનમાં ઉતર્યા. સંતો પોતાની ધર્મશાળામાં ઊતર્યા. શહેરના સંતો તથા હરિભકતો શ્રીહરિની તથા સાથેના માણસોની ખુબ બરદાસ કરી શ્રીહરિને રાજી કરતા હતા.



Final



- **શ્રીહરિએ અમદાવાદમાં શરદ પૂર્ણિમાનો ઉત્સવ ભવ્યતાથી ઉજવ્યો**

આ પ્રમાણે વાતચીત થઈ રહી હતી. તેટલામાં અસુરોને પ્રિય એવો સંધ્યાકાળ થયો. એટલે શ્રીહરિ સંતો તથા હરિભક્તો સાથે આરતી, નારાયણ ધૂન્ય કરી. શ્રી નરનારાયણાદિ દેવનાં દર્શન કરી સભામાં આવી બિરાજ્યા. સંતો હરિભક્તો પણ સભામાં બેસી ગયા. પછી સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી શ્રીહરિને વિનંતિ પૂર્વક કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આજથી છઠ્ઠા દિવસે આસો સુદી પૂનમ છે, જે શરદ પૂનમ, માણેકઠારી પૂનમ, કોજાગરી પૂનમ એવા નામોથી ઓળખાય છે. અને એક ઉત્સવનો દિવસ ગણાય છે. તો આપની આ શરદ પૂર્ણિમાનો ઉત્સવ આ શ્રી નગરમાં કરીને પધારવાનું રાખો તો સારુ એવી અમારા બધાની ઈચ્છા છે. તો તે પૂર્ણ કરવા કૃપા કરો. આનંદાનંદ સ્વામીની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ કહ્યું, કે અમો શરદ પૂનમનો ઉત્સવ અહીંયા કરીને જઈશું. તે માટેની સર્વ સામગ્રી તૈયાર કરાવજો અને આ પૂનમના રોજ ભગવાનને નવાન્ન જમાડવાનું હોય છે તો તમો નવી ડાંગરના સારા પૌવા મોટા પ્રમાણમાં મંગાવી તૈયાર રાખશો.

શ્રીહરિ આ પ્રકારે શરદ પૂનમો ઉત્સવ શ્રીનગરમાં જ કરવાનો નિશ્ચય કરી, આનંદાનંદ સ્વામીને તે અંગેની સામગ્રી તૈયાર કરવાની આજ્ઞા કરી સભા વિસર્જન કરી પોતાના ઉતારે પધાર્યા. સંતો-હરિભક્તો પણ પોતપોતાના ઉતારે ગયા. એકાદશીના દિવસે સવારે વહેલા ઉઠી શ્રીહરિએ સ્નાનાદિ નિત્યકર્મ કર્યું. પછી શ્રીહરિએ દર એકાદશીએ મહાપૂજા કરવાના નિયમ પ્રમાણે વિધિપૂર્વક મહાપૂજા કરી. બ્રાહ્મણોને તથા અભ્યાગતોને સારી રીતે દાન આપ્યું. પછી પોતાના ઉતારેથી સભામાં પધાર્યા ત્યાં ઊંચા સિંહાસન ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તો પણ સભામાં આવી પોતપોતાની મર્યાદા

પ્રમાણે સભામાં બેઠા. પછી ગવૈયા સંતો વિવિધ સ્વરોથી વાજિંત્રો વગાડી ગાન કરવા લાગ્યા. પછી શ્રીહરિએ ગવૈયા સંતોનું ગાન બંધ રખાવી દેશાંતરોથી આવેલા બીજા ગવૈયાઓને ગાયન કરવાની આજ્ઞા કરી. એટલે તે ગવૈયાઓએ થોડીવાર ગાયન કર્યું. તે સાંભળી રાજી થયેલા શ્રીહરિએ તે ગવૈયાઓનો યોગ્ય સત્કાર કર્યો. પછી શ્રીહરિએ ઉભા થઈ સભામાં ચારે તરફ જોયું તો અનેક ભક્તોને હાથમાં પૂજા કરવાનો સામાન લઈ ઉભેલા જોયા. એટલે શ્રીહરિએ સૌને પૂજા કરવા આવવાની આજ્ઞા કરતાં કહ્યું કે તમો એક એક ગામના મળીને પૂજા કરવા આવો જેથી વધારે સમય ન જાય અને તેથી દરેકને પૂજા કરવાનો પૂરો સમય મળે. પૂજા કરવામાં કોઈ દીર્ઘસૂત્રીપણું અર્થાત્ વિલંબ ન કરશો. અને એક ગામના પૂજા કરીને જાય પછી જ બીજા ગામનાઓએ આવવું.

તે પ્રમાણે પૂજા કરવાની શ્રીહરિની આજ્ઞા મળતાં દરેક દેશોના હરિભક્તો એક એક ગામના મળીને પૂજા કરવા આવવા લાગ્યા. એક ગામના પૂજા કરી ભેટો ધરી જાય પછીથી બીજા ગામના ભક્તો આવતા. એમ વિવિધ દેશોના ગામોગામના પુરુષ ભક્તો તથા સ્ત્રી ભક્તો મર્યાદા પ્રમાણે વારા ફરતી આવી પૂજા કરી રહ્યા બાદ બધાએ એકી સાથે મળીને શ્રીહરિની સ્તુતિ કરી. પછી શ્રીહરિએ તે ભક્તોએ મૂકેલી ભેટોની વસ્તુઓના મોટા ઢગલા જોઈ ઉદાર મનવાળા શ્રીજીએ તે દરેક વસ્તુઓ પોતાના હાથથી બ્રાહ્મણોને તથા ગરીબોને યોગ્ય રીતે દાનમાં આપી દીધી.

- **બ્રહ્મમુનિનાં દાણ લીલાના પદો**

આ પ્રમાણે શ્રીનગરમાં શ્રીહરિ હંમેશાં અનેક ચરિત્રો કરી આનંદ આપતા હતા. ત્યાં આસોસુદી પૂર્ણમા (શરદપૂનમ) આવી. તે દિવસે રાત્રે શ્રી નરનારાયણદેવના મંદિર આગળના વિશાળ ચોકમાં ત્રણ વર્તુલોમાં (ત્રણ ગોળાકાર ઘેરાઓમાં) ગાતા સંતોના



Final

અમદાવાદનો મહિમા

મધ્યમાં શ્રીહરિ નારાયણધૂન્ય કરતા પ્રવેશીને મુનિઓની સાથે તાળીઓ પાડીને ગાવા લાગ્યા. તે વખતે શ્રીહરિની મૂર્તિ ઘણી અલૌકિક લાગતી હતી. તે વખતે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, વગેરે મોટેરા સંતો પણ શ્રીહરિની સાથે ફરતા ફરતા શ્રીહરિની મૂર્તિનાં વર્ણનનાં તથા ચરિત્રોનાં કીર્તનો ગાવા લાગ્યા. તે સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા કે હે મુનિઓ ! બ્રહ્મમુનિનાં બનાવેલાં દાણલીલાનાં પદો ફરી ગાઓ. ત્યારે સંતોએ તે પદો ફરીથી ગાયાં. તે સાંભળી તૃપ્ત નહિ થયેલા શ્રીહરિએ કહ્યું કે હજી ફરીથી પણ બ્રહ્મમુનિનાં બનાવેલાં તેજ પદો ગાઓ. ત્યારે મુક્તાનંદ સ્વામી આદિ સંતો ફરીથી પણ તેજ પદો ગાવા લાગ્યા. ફરીથી ગાયેલાં તે પદોને સાંભળીને પણ તૃપ્ત નહિ થયેલા, અને સંતોને રાજી કરવાની ઈચ્છાવાળા શ્રીહરિએ કહ્યું કે ફરીથી પણ તેજ પદો ગાઓ એટલે ચોથી વખત પણ સંતો બ્રહ્મમુનીનાં બનાવેલાં તે જ પદો ગાવા લાગ્યા. એમ વારંવાર કહેતા શ્રીહરિ જ્યારે ગાવા ગવરાવવાથી વિરામ ન પામ્યા ત્યારે ફરતા ફરતા ગાતા સંતોમાંથી થાકેલા કેટલાક સંતોએ જાણ્યું કે શ્રીહરિ હવે હમણાં આ રાસ બંધ નહિ રાખે તેમ માની યુક્તિને જાણનારા સચ્ચિદાનંદ મુનિની પ્રેરણાથી દસબાર સંતો છાની રીતે રાસમંડળમાંથી બહાર જઈ ચોર-ચોર એવી બૂમો પાડવા લાગ્યા. તે સાંભળી બીજા માણસો પણ ચોર ચોર એમ ઊંચે સ્વરે બોલવા લાગ્યા. ચોર ચોર એ પ્રકારનો થતો કોલાહલ સાંભળી શ્રીહરિ ગાવાનું બંધ કરી શસ્ત્રધારી, શૂરવીર પાર્ષદોને સાથે લઈ મશાલોના પ્રકાશમાં ચોરને ગોતવા નીકળ્યા. શ્રીહરિએ પાર્ષદોની સાથે રહી ચોરોને ચારે તરફ ઘણું ગોત્યા પરંતુ ચોરો ક્યાંય મળ્યા નહિ. એટલે શ્રીહરિએ ગાવાના સ્થળે પાછા આવી ચારે તરફ વીંટળાઈને ઉભેલા સંતોને પૂછ્યું કે હે સંતો ! અમારી રાસમંડળની રમતને બંધ કરાવવા ચોર ચોર એવું ખોટું બુમરાણ કોણે કર્યું. આ

પ્રકારે મુનિઓને કહીને શ્રીહરિ પોતાના ઉતારે પધાર્યા. ત્યારે મધ્યરાત્રિનો સમય થયો હતો એટલે શ્રીહરિ સ્નાન કરી શ્વેત પીતાંપર પહેરી, શ્વેત ખેસ ઓઢી ચંદ્રશાળા (અગાશી) ઉપર પધાર્યા. ત્યાં સુવર્ણ તથા ચાંદીથી બનાવેલા સુંદર સિંહાસનમાં પધરાવેલા શ્રીકૃષ્ણ પ્રભુને નમસ્કાર કરી આગળ બેઠા. પછી શ્રીહરિ પોતાના ભક્તોને આ પૂનમની મધ્ય રાત્રિએ ભગવાનનું આ પ્રકારે મહાપૂજન કરવું જોઈએ તે શીખવાડવા ષોડશોપચારથી પ્રભુની મહાપૂજા, ધૂપ, દીપ, આરતી વગેરે વગેરે કરી ચાંદીનાં પાત્રમાં દૂધ, સાકર, એલાયચી વગેરે મસાલા નાખી પલાળી તૈયાર રાખેલા નવી ડાંગરના પૌંઆ પ્રભુને નૈવદ્યમાં ધરાવી શ્રીહરિએ ફરીથી અનેક વાટો સળગાવેલી મોટી આરતી કરી. તે વખતે મૂર્તિ રૂપે અને પ્રત્યક્ષ મનુષ્ય સ્વરૂપે બીરાજેલા શ્રીહરિના દર્શન કરવા હજારો માણસો અગાશીમાં આવવા લાગ્યા. સંતોએ તો દર્શન કરી ચોકમાં આવી ગાવાનું શરૂ કર્યું અને ઉત્સવીયા હરિભક્તો શ્રીહરિની આજ્ઞાથી અગાશીમાં જ ઠાકોરજી આગળ ઝાંઝ મૃદંગ વાજિંત્રો વગાડીને ઉત્સવ કરવા લાગ્યા. સમય થયો એટલે શ્રીહરિએ મહાપૂજાની સમાપ્તિ કરી. ઉત્સવની પણ સમાપ્તિ કરાવી. પછી શ્રીહરિ જ્યાં સંતો ગાતા હતા ત્યાં પધાર્યા. સંતોએ શ્રીહરિને શ્વેત ઊંચા આસન ઉપર બેસાડ્યા. અને ચારે તરફ સંતો બેસી ગયા. તે વખતે શ્રીહરિની મૂર્તિમાંથી અલૌકિક અપાર શીતળ શાંત તેજ પ્રગટ થયું. તે જાણે એકી સાથે કરોડો સૂર્ય ઉગ્યા હોય તેના કરતાં પણ અધિક પ્રકાશમાન દેખાતું હતું તે તેજમાં શ્રીહરિને દિવ્યરૂપે બધા દેખતા હતાં. શ્રીહરિની તેજોમય દિવ્ય મૂર્તિનાં દર્શન કરી બધા આનંદ પામ્યા. પછી સંતોએ શ્રીહરિની ખૂબ સ્તુતિ કરી. તે સ્તુતિ સાંભળી શ્રીહરિ બોલ્યા કે હે સંતો ! તમારી સ્તુતિથી અમો પ્રસન્ન થયા છીએ. માટે તમો અમારી પાસેથી તમને ઈચ્છિત વર માગો. ત્યારે બધાએ કહ્યું કે હે પ્રભો ! આપે રાજી



Final



થઈ અમને વર માગવા કહ્યું તો અમો એટલું માગીએ છીએ કે આ અમારી દૃષ્ટિગોચર રહેલી આપની મૂર્તિનું તથા આપનાં ચરિત્રોનું સ્મરણ અમોને સદાય રહે. અને હે પ્રભો ! અમારું મન આપના ચરણકમળ વિના બીજા દેહગેહાદિક, માયિક પદાર્થમાં ક્યારેય ન જાય એ વર આપો. એટલે શ્રીજીએ રાજી થઈ તે વર આપ્યો.

પછી તે તેજ શ્રીહરિએ પોતાની મૂર્તિમાં સમાવી લીધું. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિ સભામાંથી ઊઠી પોતાના નિવાસ સ્થાને જઈ પોઢી ગયા. સંતો તથા હરિભક્તો પણ પોતપોતાના ઉતારે જઈ સૂઈ ગયા. આસો વદી એકમના દિવસે સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી સંતો પ્રભાતિયાં બોલવા લાગ્યા. શ્રીહરિ શૌચ સ્નાનાદિક કરી. દેવાર્ચન વગેરે પોતાના નિત્યકર્મ કરી, શ્વેત વસ્ત્રો પહેરી સભામાં આવી સુંદર આસન ઉપર બિરાજ્યાં. પછી સૌ સંતો હરિભક્તોને સભામાં બોલાવી કહ્યું કે હે ભક્તો ! આજે હું જેતલપુર જવાની ઈચ્છા રાખું છું. માટે મારી સાથે આવેલા દરેક તૈયાર થાઓ પછી શહેરના સત્સંગીઓને કહ્યું કે અમોએ આ શ્રીનગરમાં આશરે ત્રણ મહિના રોકાઈ અનેક ઉત્સવો તથા ચરિત્રો કરી સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ કરી. માટે હવે અમો આજે અહીંથી જઈશું માટે તમો બધા હવે શાંતિથી ભજન કરજો. મંદિરની સેવા બરાબર કરજો. એટલી વાત કરે છે ત્યાં નાનાભાઈ શ્રીહરિને બેસવા ઘોડો તૈયાર કરીને લાવ્યા તેના ઉપર શ્રીહરિ બિરાજ્યા. પછી સાથેના સંતો તથા હરિભક્તો ચાલ્યા. તેમની સાથે શ્રીહરિ પણ ચાલ્યા. ત્યારે શહેરના હરિભક્તો વાજતે ગાજતે વળાવવા ચાલ્યા. શ્રીહરિ માણેક ચોક થઈ દરેકને દર્શને આપતા શહેર બહાર નીકળી ચંડોળા તળાવે આવ્યા. ત્યાં ઉભા રહી વળાવના આવેલા સૌને ઊભા રાખી પ્રસાદ આપ્યો પછી પોતે એકદમ ઉતાવળો ઘોડો ચલાવી જેતલપુર પધાર્યા.

- **આ રંગોત્સવના સમૈયાનો લાભ ઉનાવાના છલાભાઈને મળ્યો હતો.**

મહારાજે આ રંગોત્સવ રૂપી યજ્ઞ કર્યો. એ સમૈયામાં ઉનાવાના છલાભાઈ કરીને પાટીદાર હતા. એમના મેં (મુનિ સ્વામીએ) પણ દર્શન કર્યાં હતાં. એ પોતે વાત કરતા કે, મારા પિતા રામદાસભાઈ પટેલ હતા. તે મહારાજના દર્શન કરવા અમદાવાદના સમૈયામાં આવેલા. છલાભાઈ કહે મારી નાની અવસ્થા ૮ વર્ષની ને હું ભેળો હતો. મહારાજ અત્યારે રંગમહોલ છે અને ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવેલી છે. એ જ ઠેકાણે બેઠા હતા. ત્યાં સવારમાં મહારાજ પૂજા કરતા હતા. રામદાસ પટેલ આવીને મહારાજને કહે આ છોકરાને વ્રતમાન ધરાવો અને ગુરુમંત્ર આપો. ત્યારે મહારાજે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું કે, એને વ્રતમાન ધરાવો. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ વ્રતમાન ધરાવ્યાં. અને ગુરુમંત્ર મહારાજે પોતે જ આપ્યો. છલાભાઈ રંગ રમવા મહારાજના યોગમાં આવી ગયેલા અને નારાયણઘાટે મહારાજ નાહ્વા ગયા. ત્યારે તે વખતે પોતે ભેળા ને ભેળા નાહવા ગયેલા. પોતાને એ બધી વાત યાદ હતી. છલાભાઈ પોતે વાત કરતા. અમને ઘણીવાર મળ્યા હતા. તેઓ સત્તાવન અઠ્ઠાવનમાં ધામમાં ગયા. તે ભગવાનનાં ભક્ત બહુ સારા હતા. આખો દિવસ મંદિરમાં બેઠા હોય. શરીરે પણ પુષ્ટ મૂર્તિ હતા. એમનાં દર્શન કરવા કેટલાક સાધુઓ આવતા, ગામડેથી હરિભક્તો પણ દર્શન કરવા આવતા. મહારાજના મળેલા એ છેલ્લા બાકી હતા. મહારાજનો મહિમા એવો છે કે, જેને જેને ભગવાનનો યોગ થાય પોતે નિર્માની થઈ જાય કેમકે ભગવાન પોતે નિર્ગુણ મૂર્તિ છે. એનો જેને સંગ થાય એ ભગવાનના ભક્ત બધા નિર્ગુણ છે. એ ભક્તની ક્રિયા પણ નિર્ગુણ થાય છે. *(મુનિ સ્વામીની વાતો ૧૫૨ તથા મહારાજની લીલા ૯૪)*



Final



- **શ્રીહરિએ છલાભાઈની રક્ષા કરી**

ગામ ઉનાવાના હરિભક્ત છલાભાઈ એક વખત ગાડી જોડીને શ્રીજીમહારાજના દર્શને ગઢડા જતા હતા ત્યારે રસ્તામાં સાબરમતી નદી ઉતરતા ગાડાના પૈડાનો ખીલો નીકળી ગયો. તેથી પૈડું નીકળી ગયું. ત્યારે ખીલો રસ્તામાં ઘણો ગોત્યો પણ જડ્યો નહી ને સાંજ પડી ગઈ. પછી તે શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યો, તેવામાં ત્યાં એક ભરવાડ આવ્યો તેણે કહ્યું "સાંજ પડી ગઈ છે ને નદીમાં કેમ બેસી રહ્યા છો? ગાડી જોડીને ગામ ભેગા થઈ જાઓ નહિ તો ચોર આવશે તે તમને લૂંટી લેશે" ત્યારે છલાભાઈ કહે, "ગાડીના પૈડાનો ખીલો નીકળી ગયો છે તેથી બેઠા છીએ." ત્યારે તે ભરવાડે ખીલો દીધો ને કહ્યું "આ મને રસ્તામાંથી જડ્યો છે" એટલું કહીને તે ખીલો આપીને તુરત ચાલી નીકળ્યો. તેને આગળ જતાં ભાળ્યો નહિ ત્યારે છલાભાઈએ જાણ્યું જે "આ તો મહારાજે રક્ષા કરી" પછી ગાડીમાં ખીલો નાખીને ચાલ્યા તે અમદાવાદ ગયાને રાત્રી રહીને ગઢડે ગયા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું : "સાબરમતીમાં ખીલો ખોવાઈ ગયો હતો કે ?" ત્યારે છલાભાઈએ કહ્યું "હા મહારાજ ! તે એક ભરવાડ આપી ગયો હતો." ત્યારે મહારાજ કહે, "એ તો તમારી રક્ષા કરવા સારું અમે આવ્યા હતા." તે સાંભળીને સહુ રાજી થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૫)*

- **વડતાલમાં ફૂલડોલના ઉત્સવમાં અમદાવાદના હરિભક્તો ૧૮ જોડ ત્રાંસા લઈને આવ્યા હતા.**

આ રીતે ભક્તના મનોરથોને પૂરતા થકા અને વિચિત્ર વાતો ચિતો કરીને ભક્તોને સુખ આપતા થકા ફૂલડોળના ઉત્સવ સુધી વરતાલમાં રહ્યા, આ ઉત્સવ ઉપર ઉત્સાહથી દરરોજ આવતા સર્વ સંતો તથા હરિભક્તોને મળતા અને છાતીમાં ચરણારવિંદ આપતા

અને સુખ સમાચારને પૂછતા હતા, જેથી સંતો તથા હરિભક્તો બહુ રાજી રહેતા. એટલું જ નહિ પણ આંબલા તળે સભા ભરીને પરસ્પર સંતો પાસે સામ સામા પ્રશ્નોત્તરો કરાવતા. તેમાં કોઈ કઠિન પ્રશ્ન હોય તેનો પોતે ઉત્તર કરતા અને સંતોને હરિજનો રસોઈ આપે ત્યારે પોતે પ્રેમથી પંગતમાં બહુવાર ફરીને પીરસીને બહુ જમાડે એમ આનંદ ઉત્સવમાં હુતાશની પૂરી ગઈ. બીજે દિવસે ફૂલડોળનો ઉત્સવ આવતાં જોબન પગીએ બે બેડીયાં ગુલાલ મંગાવ્યો હતો અને નારાયણગિરી બાવાએ પણ તેટલો જ મંગાવ્યો હતો. અને બીજા હરિભક્તોએ પણ ધનશક્તિને અનુસારે મંગાવ્યો હતો અને જોબન પગીએ રંગના બે મોટા ઓઝ અને કેટલાંક વાસણો પણ ભરાવ્યાં હતાં. અને પાણીની પૂર્તિ માટે એવી તજવીજ કરેલી કે, આંબલાથી ઉત્તર તરફ એક કૂવો હતો તેનું પાણી ઓઝમાં આવે. એ રીતે કૂવે ટાટના કોષ જોડાવ્યાં હતા. વળી ઉત્સાહ ઉપજાવવા માટે બાવળનો એક મોટું વૃક્ષ હતું તેની ઉપર બાર મણની મોટી નોબત ચઢાવી હતી અને વધારામાં અમદાવાદના હરિભક્તો ફૂલડોળનો મહોત્સવ જાણીને ૧૮ જોડ ત્રાંસા લઈને આવ્યા હતા. આ પ્રકારે ફૂલડોળની સમગ્ર સામગ્રી પડવાને દિવસે તૈયાર હતી. મહારાજ પણ તે દિવસે તો વહેલા ઉઠીને નિત્યવિધિ કરીને સર્વ શ્વેત વસ્ત્રોને ધારીને ફૂલના હાર બાજુ બંધ ગજરાને ધારીને, ચાખડીએ ચઢીને આંબલે પધાર્યા, ત્યાં મહારાજને બેસવા માટે મોટો મંચ કરીને તેની ઉપર ઢોલિયો ઢાળ્યો હતો તેની ઉપર ચઢીને બેઠા. તે વખતે સર્વે સંતો પાર્ષદો–હરિજનોને બહુ ઉત્સાહથી રંગ રમવા માટે તૈયાર થઈ રહેલા જાણીને મહારાજ પણ તૈયાર થઈ મંચ ઉપરથી હેઠે ઉતરીને સંતો પ્રત્યે બોલ્યા કે, અડધ અડધ બે તડાં કરો, તો જ અમે રંગ રમીએ નહીં તો નહિ. આ વાતને સાંભળીને મુક્તાનંદ, નિત્યાનંદ, બ્રહ્માનંદ, અદ્‌ભૂતાનંદ આદિક સમસ્ત સંતોએ કહ્યું, કે, 'તમો જેમ કહો છો તેમ કરીએ.' પછી



Final



એક તરફ સંતો અને બીજી તરફ પાર્ષદો અને મહારાજ રહ્યા. એમ વિક્તિ કરીને ઉગમણી તરફનો જે રંગ ભરેલો ઓઝ તથા ગુલાલનો અડધો ઢગલો હતો તે સંતોને આપ્યો અને આથમણી તરફનો રંગ ભરેલો ઓઝ તથા તેટલો ગુલાલ પોતે મહારાજે રાખ્યો. એમ જુદી જુદી વ્યક્તિ કરીને શ્રીજીમહારાજે સોનાની પીચકારી રંગભરેલી લઈને પોતાને હાથે સર્વ સંતો તથા હરિજનો ઉપર પ્રસાદીભૂત રંગ છાંટ્યો. એટલે હવે રમવાની છૂટી થઈ. એ સમયે આકાશમાં બ્રહ્માદિ દેવો અને ગોલોક, વૈકુંઠ, અક્ષર આદિક ધામોના પાર્ષદો પણ મહારાજ અને સંતોની પરસ્પર રંગલીલાને જોવા માટે ઉત્સાહથી આવ્યા.તેની ભારે ભીડ આકાશમાં થઈ ગઈ અને સૂર્ય પણ આ રંગ લીલાને જોવા માટે આકાશમાં સ્થિર થઈ ગયો અને સૂર્ય પણ આ રંગ લીલાને જોવા માટે આકાશમાં સ્થિર થઈ ગયો. તે વખતે સંતો અને મહારાજની પરસ્પર રંગભરેલી પીચકારીઓ અને ગુલાલની મુઠીઓ એવી વેગથી છૂટે કે જેથી આકાશ રક્તવર્ણવાળો થઈ ગયો અને દેવોનાં વિમાનો અને ઝાડવાં પણ રક્ત વર્ણવાળા થઈ ગયાં. એમ બહુવાર અન્યોન્ય રમવા છતાં કોઈ પણ હાર્યા નહિ. આમ શ્રી હરી સંતો–ભક્તો ખૂબ જ રંગે રમ્યા તેમાં અમદાવાદના ભક્તજનોએ પણ લાભ લીધો હતો. *(સદ્‌શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો વાર્તા ૬૫)*

● **શિલ્પી આનંદાનંદ સ્વામી**

રાજસ્થાનમાં ભરતપુર સ્ટેટમાં ઐતિહાસિક અત્યંત પરાક્રમી રાજાઓ થઈ ગયા. ઉત્તમ ક્ષત્રિય રાજપૂત ઝાટ વર્ણના મહારાજાઓએ રાજ કર્યું. ઈન્ટરનેટના માધ્યમથી ગૂગલમાંથી મળેલી માહિતી અનુસાર સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીના પૂર્વાશ્રમ અને પૂર્વજોની ખૂબજ ઝીણવટભરી માહિતી મુકવામાં આવેલી છે. સત્તરમી સદીના ઉતરાર્ધમાં મહારાજા સૂરજમલજી પિતા બદનસિંહજી રાજ્ય કરતા

હતા. તેઓ શૂરવીર સાહસી અને વ્યવહાર કુશળ પવિત્ર રાજા તરીકે ગણાતા. જેઓએ દિલ્હીના નવાબ સાથે અનેકવાર લડાઈ કરીને વિજય મેળવ્યો હતો. મહારાજા સુરજમલને પાંચ રાણીઓ અને તેનાથી પાંચ પુત્રો થયા. તેમાં કાવરીયાદેવીનામે રાણીના કૂખે વિ.સં. ૧૮૧૩ આસો સુદી દશેરા (વિજયા દશમી)ના દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ નવલસિંહજી રાખ્યું. જેઓ આનંદાનંદ સ્વામી નામે આપણા સંપ્રદાયમાં પ્રસિધ્ધ થયા.

એકવાર મહારાજા સૂરજમલજીને દિલ્હી નવાબની લડાઈમાં દુશ્મનોએ કપટથી મારી નાખ્યા. સાથે મોટા પુત્ર જવાહરસિંહનું પણ અવસાન થયું. આવા કપરા સંજોગોમાં ઉત્તરાધિકારીનો અધિકાર રતનસિંહના પુત્ર કેશરીસિંહજીને બે વર્ષની નાની વયે ગાદીએ બેસાડવામાં આવ્યા. એ સમયે સમય સૂચકતા વાપરીને પોતાનું કર્તવ્ય બજાવવા સોળ વર્ષના નવલસિંહજીએ પ્રતિનિધિ રાજા તરીકે રાજ્યની તમામ જવાબદારી સંભાળી લીધી. એવામાં માત્ર બે વર્ષમાં નાના રાજવી કેશરીસિંહજીનું ગંભીર બિમારીમાં મૃત્યુ થતાં રાજા નવલસિંહજી રાજ્યપદે બિરાજમાન થયા. સાત વર્ષના ટુંકા સમયમાં મહારાજા નવલસિંહજીએ અનેક રજવાડાઓને જીત્યા. અનેક સત્કર્મો કર્યા. શૂરવીરતા અને આધ્યાત્મના સુભગ સમન્વયથી પ્રજાના દિલને પણ જીતી લીધા. જન્મથી વૈરાગ્ય હોવાથી મોહમાયાનો પ્રભાવ ક્યારેય દેખાયો જ નહિ. માત્ર કર્તવ્ય ફરજ બજાવવી એ ધ્યેયને સિધ્ધ કરતાં કરતાં અનેક કામો કર્યા. જેવા કે ભરતપુરમાં બલરામ મંદિર, લક્ષ્મણ મંદિર, બિહારીલાલજી મંદિર, આગ્રામાં ભવ્ય હંસમહેલ, મોટા જવાહરસિંહની સ્મૃતિમાં પુષ્કર તીર્થમાં જવાહરઘાટ બનાવ્યો. વૃંદાવન ગોવર્ધનમાં માનસ ગંગા મંદિર તથા રાજમહેલ બનાવ્યો તથા પરિક્રમામાં વિશ્રામ સ્થળો તેમજ અન્ય જીર્ણોધ્ધાર કાર્યો અને તીર્થ સ્થાનોમાં અન્નક્ષેત્રો શરૂ કર્યા. અનેક યજ્ઞ કરાવ્યા. નવલસિંહજીને



Final



મૃગનેન નામે પત્ની હતાં. તેમનાથી કોઈ સંતાન હતું નહીં.

પોતાના પરાક્રમથી ભરતપુર રાજ્યની તિજોરી પણ ધનસંપત્તિથી છલકાવા લાગી હતી. તે ધનનો ઉપયોગ મોજશોખમાં નહિ પરંતુ સત્કર્મમાં વાપરતા. જેઓ સૂરજમલજીના આખા પરિવારનો એક આધાર સ્તંભ બન્યા. તેમની કીર્તિ ચક્રવર્તી રાજાઓની જેમ ચારે દિશાઓ ફેલાઈ રહી હતી ત્યારે મહારાજા નવસિંહજીની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. પરંતુ તેઓનું જીવન પ્રભુ સેવાના નિમિત્તે હોઈ રાજ્યગાદી સ્વેચ્છાએ નાનાભાઈ રણજીતસિંહને સોંપીને જેઓના જીવનમાં વૈરાગ્ય અને ત્યાગ સહજ રહ્યા છે એવા નવલસિંહજી ભરતપુરના પોતાના પરિવાર જનોની પ્રાર્થના પૂર્વક રજા મેળવીને પ્રભુ ભક્તિ કરવા પોતાની પ્રિય ભૂમિ વૃંદાવનમાં આવ્યા. ત્યાં પરિક્રમા, કીર્તન ભક્તિ, તીરથવાસીની સેવા આદિ સત્કર્મ કરતાં બે વર્ષ વિતાવ્યા. કેટલાક મુમુક્ષુઓ થકી અયોધ્યામાં લોમશઋષિના આશ્રમમાં રહેતા મહાત્મા રામગલોલાદાસની સાધુતા સાંભળીને નવલસિંહજી વૃંદાવનથી અયોધ્યા રામગલોલાજી પાસે આવ્યા. રામગલોલાજીએ ઉત્તમ વૈરાગી જાણી શિષ્ય કરી રાખ્યા. વ્યવહાર કુશળતા અને સાધુતાનો સમન્વય જોઈને વૃધ્ધ રામગલોલાજીએ દીક્ષા આપી લક્ષ્મણદાસ નામ રાખીને ટુંકા સમયમાં પોતાની ગાદીનો વારસો ન ઈચ્છતા હોવા છતાં ગુરુ વચને ઉત્તરાધિકારી બન્યા અને રામગલોલાજી સાકેતવાસી થયા. ૫૦૦ વૈરાગીઓ અને હજારો ગામોમાં શિષ્ય સમુદાયને સહજમાં લક્ષ્મણદાસે દિલ જીતી લીધા. નિશાન ડંકા, હાથી, ઘોડા, છત્ર, ચામર, ગાદીના વારસામાં મળ્યું. પણ આ બધું બંધન કરતા જાણી મન પ્રભુ ભક્તિમાં રહેતું.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા ઘનશ્યામ મહારાજ બાલ્યાવસ્થામાં અવધપુરમાં રહેતા ત્યારે જ્યાં અખંડ સત્સંગ રામધૂન અને રામકથા થતી ત્યાં મહાપ્રભુ રામગલોલા

આશ્રમમાં કથા સાંભળવા બેસતા. વળી ક્યારેક સરયૂ ગંગાના કિનારે પણ લક્ષ્મણદાસ અને ઘનશ્યામ મહારાજની નજર મળી જતી. મહારાજે લક્ષ્મણદાસને માયાનું આવરણ રાખીને પોતાનું જ્ઞાન ભૂલાવી દીધું હતું.

પ્રસંગ એવા બન્યો એકવાર લક્ષ્મણદાસ ભગવાનની પૂજા કરી રહ્યા હતા ત્યારે મંદિરમાં દ્વારકા યાત્રા કરીને આવેલા વૈરાગીઓ આપસમાં વાતો કરવા લાગ્યા કે, પશ્ચિમ ભારતમાં જીવન મુક્તાના પંથના ગુરુ રામાનંદ સ્વામી અને તેમના શિષ્યોમાં ત્યાગ અને વૈરાગ્ય જોયો એવો જગતમાં ક્યાંય ન જોવા મળ્યું અને જીવનમુકતા તો સાક્ષાત્ ભગવાન કૃષ્ણનાં દર્શન કરાવે, ગૌલોક વૈકુંઠનાં દર્શન કરાવે છે. આ વાત ચાલું હતી ત્યારે રામલક્ષ્મણ જાનકીની મૂર્તિયોમાંથી અપાર તેજ નિકળવા લાગ્યું. ત્યારે લક્ષ્મણદાસને થયુ કે મૂર્તિયોનું તેજ તો જીવન મુક્તાની વાતો થવાથી થાય છે તો જીવન મુક્તા કેવા મોટા હશે ! બહાર આવી વૈરાગીઓ પાસેથી જીવન મુકતાની વિગત જાણીને દર્શન કરવાની ઉત્કંઠા જાગી. બસ ક્યારે મોકો મળે ને જીવન મુક્તાનાં દર્શન કરુ. જીવન મુક્તા એટલે રામાનંદ સ્વામીના ઉધ્ધવ સંપ્રદાયને એ સમયમાં મતપંથીઓ જીવન મુકતાનો પંથ તરીકે ઓળખતા.

એકવાર લક્ષ્મણદાસે પોતાના શિષ્યોને દ્વારકાની યાત્રા કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે મોટા ભાગના વૈરાગીઓએ આનાકાની કરી. કેમ કે રામના ઉપાસક કૃષ્ણના તીરથમાં જવું એ સમયમાં લોકોને વાત ગળે ઉતારવી બહુ જ કઠણ હતી. યુક્તિપ્રયુક્તિથી શિષ્યોને સમજાવી વશ કરી ૫૦૦ વૈરાગી શિષ્યોને સાથે લઈ નિશાન, ડંકા હાથી પાળા, છત્ર છડી ચામર લઈને રામગલોલાજીનો સંઘ અયોધ્યાથી દ્વારિકા તરફ પ્રયાણ થયો.



Final



કેટલાક દિવસે દ્વારિકા જતાં પહેલાં જીવનમુક્તાને મળવા દર્શનનો દૃઢ વિચાર હોવાથી પૂછતાં પૂછતાં લોજ ગામે લક્ષ્મણદાસના વૈરાગીઓનું ૫૦૦ નું લશ્કર આવી પહોંચ્યું.

લોજ ગામે સદ્ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા તો રામલક્ષ્મણ જાનકી રૂપે રામાનંદ સ્વામીમાં દર્શન થતાં છત્ર ચામર નિશાન ડંકાના ઠાઠને મુકાવીને સ્વામીની સામે બેસી ગયા. નિત્ય નવા દિવ્ય અનુભવોનો ખજાનો મળતો રહેતા દ્વારિકા જવાનું ભૂલાઈ ગયું. પાંચ પંદર દિ' વિત્યા પછી વૈરાગીઓ ચિપિયા પછાડતા જવાની ઉતાવળ કરવા લાગ્યા. ત્યારે લક્ષ્ણદાસે કહ્યું કે "મારે તો અહીં જ દ્વારકા" તમોને જાવુ હોય તો જઈ આવો. ત્યારે અન્ય વૈરાગીઓ દ્વારિકા દર્શન કરીને પરત આવતાં લક્ષ્મણદાસે પોતાની ગાદીનો વારસો બીજા યોગ્ય શિષ્યને સોંપીને અયોધ્યા પાછા મોકલ્યા. અને પોતે જે જોઈતું હતું તે મળી ગયું માની રામાનંદ સ્વામીના શિષ્ય થઈને રહ્યાં. સ્વામીએ લક્ષ્મણદાસને ભાગવતી મહાદીક્ષા આપીને આનંદાનંદ નામ રાખ્યું. ગરુ રામાનંદ સ્વામી અને રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ મોટા શિષ્યોની અનુવૃતિમાં રહીને સેવામાં જોડાઈગયા. એ વખતે વર્ષ હતું સં. ૧૮૫૫ નું.

સં. ૧૮૫૬ માં નિલકંઠવર્ણી લોજમાં પધાર્યા ત્યારે આનંદાનંદ સ્વામી રામાનંદ સ્વામીની સાથે ભૂજ આવ્યા હતા. પડછાયાની જેમ રામાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહેતા. પૂર્વાશ્રમમાં મહારાજા પદે રહીને ત્યાગાશ્રમમાં ગાદીપતિ પદે રહીને સેવક બનીને સેવા કરવી એ માણસનું કામ ન હોય જે અક્ષરધામના મુક્તથી જ થાય.

રામાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીને નાની ઉંમરે ગાદી સોંપી ત્યારે બીજા શિષ્યોમાં અસંતોષ થયો ત્યારે રઘુનાથ જેવા અસુરને બાદ કરતાં બીજા બધાજને સમજાવવામાં આનંદાનંદ સ્વામીનો પ્રયત્ન

મુખ્ય હતો. ભક્તિભાવ અને વ્યવહાર કુશળતા સ્વામીમાં જન્મ પહેલાથી જ હતા.

રામદાસ સ્વામી અને મુક્તાનંદ સ્વામીની જેમ રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણીની અનુવૃત્તિમાં રહેતા સમર્પિત સંત શ્રીહરિના વચનના અનુરાગી હતા.

શ્રીહરિએ માંગરોળમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું તેનાથી પહેલા આનંદાનંદ સ્વામીને વર્ણીમાં સર્વોપરિ ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો હતો. શ્રીહરિ વિશેષપણે વ્યવહારના કામો સ્વામીની સલાહ સૂચન લઈને કરતા. પૂર્વના ગાદીપતિ વૈરાગી સત્સંગમાં આવવાથી અન્ય વૈરાગીઓ સન્યાસીઓ શ્રીહરિના આશ્રિત થવા લાગ્યા. આવા સાધુઓનું નિયમન કરવાની જવાબદારી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને સોંપી હતી.

આનંદાનંદ સ્વામીના પ્રસંગો અસંખ્ય છે પરંતુ જ્યારે અમદાવાદ શહેરમાં અંગ્રેજ સરકારે મંદિર કરવા જમીન આપી ત્યારે સભામાં શ્રીહરિએ કહ્યું કે મંદિર કરવા કોણ જશે ? તે વખતે કોઈ કંઈ બોલ્યા જ નહિ. ત્યારે શ્રીજીમહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે સ્વામી તમે પૂર્વાશ્રમમાં રાજવંશ રહીને અનેક મંદિરો બનાવ્યાં છે. તેથી તમે અમદાવાદનું મંદિર કરવા જાઓ. કુશળતાના ગુણો જોઈને પ્રભુએ પાંચ રૂપિયા તુંબડીમાં આપીને મંદિર બાંધવા મોકલ્યા.

સ્વામી શિષ્ય મંડળને સાથે લઈ અમદાવાદ આવ્યા. શ્રીહરિનો પૂર્ણ રાજીપો હોય અને પોતાની આગવી કામની સૂઝબૂઝ હોય, વળી મહારાજને રાજી કરવાનો એક માત્ર હેતુ હોય ત્યાં જે પણ સંકલ્પ થાય તે સર્વે સત્ય થાય. સંપ્રદાયનું પ્રથમ મંદિર બની રહ્યુ હોય, પશ્ચિમ ભારતનું મુખ્ય શહેર હોય જ્યાં મતપંથીઓના અનેક અખાડાઓના સામ્રાજ્ય હોય એવા ચતુષ્કોણ સંકટની વચમાં મંદિર બાંધવું સ્વામીના જીવનની મોટી કસોટી અને મોટો પડકાર હતો.



Final



આનંદ સ્વામી બધામાં પારંગત હતા તેથી દુશ્મનોના પ્રયત્નોના કામિયાબ થવા લાગ્યા અને મંદિરના પથ્થરો ગોઠવતા જતા હતા.

સ્વામીના જમણા હાથમાં પદ્મ (કમળ)નું ચિન્હ હતું એટલે લક્ષ્મી તો ખૂટે જ નહિ. પણ લક્ષ્મી બંધન કરતા હોય એટલે સંપત્તિને નજીક આવવા દેતા નહિ.

સ્વભાવે નરમ ખરા અને કડક પણ ખરા. ઉદાર પણ ખરા અને કરકસરવાળાએ ખરા. વિનય અને નમ્ર ખરા અને શત્રુઓને દૃષ્ટિ માત્રથી કંપાવનાર ખરા. પરંતુ જીતવા માટે પ્રેમરૂપી સાધનનો જ ઉપયોગ કરતા.

સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર અમદાવાદના નિર્માતા, જેતલપુર મંદિરના નિર્માતા, ભરુચ મંદિરના નિર્માતા તેમજ ૨૭ જેટલા હરિ મંદિરોના નિર્માતા સદ્‌ગુરુ વર્ય આનંદાનંદ સ્વામીના જીવનના અનેક પ્રસંગો સંપ્રદાયના શાસ્ત્રો, વાર્તા, ગ્રન્થો, કાવ્યગ્રન્થોમાં લેખકોએ લખ્યા છે. તે ભવિષ્યના લેખમાં લખીશું. સ્વામીનો અક્ષરવાસ જેતલપુરમાં સંવત ૧૯૧૭ આસોવદ એકાદશીના દિવસે થયો ત્યારે સ્વામીની ઉંમર ૧૦૪ વર્ષની હતી. પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર જેતલપુર દેવસરોવરના કિનારે આવેલ અક્ષર ફુલવાડીમાં કર્યો હતો. જ્યાં હાલ ભવ્ય સ્મૃતિ સ્થાન બનાવવામાં આવ્યું છે.

અમદાવાદ શ્રી નરનારાયણદેવનું મંદિર નિર્માણ નિર્વિઘ્ને સમ્પન્ન થતાં સંપ્રદાયના વિજયના ડંકા દિગંતમાં ગાજવા લાગ્યા. વિધર્મીઓના મોઢા કરમાઈ ગયા. સહજાનંદ સ્વામીનો ચારે દિશામાં જયજયકાર થયો. તેનો યશ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીના ખાતામાં આવ્યો. ત્યાર પછી બીજા નવ મંદિરોમાં પણ આનંદાનંદ સ્વામીની યથાયોગ્ય સેવાઓ પાયાના પથ્થરની જેમ છે. સર્જનનું કામ હોય કે સમૈયો, વાદ હોય કે વિવાદ બધામાં આનંદાનંદ સ્વામીની જરૂર પડતી.

સ્વામીએ જીવનના પાછલા ૩૦ વર્ષ જેતલપુરમાં સેવા કરી અને અનેક ગામો જેમ કે, ગામડી ગામ વગેરેમાં હરિમંદિરો બંધાવ્યા. જેઓના અનેક પરચાઓ શાસ્ત્રો વાર્તાગ્રન્થોમાં લખાયેલા છે.

● **આનંદાનંદ સ્વામીને શ્રીહરિનો નિશ્ચય થયો**

અયોધ્યામાં આનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સાધવાનો અભ્યાસ કર્યો. પણ મનના સંકલ્પ બંધ ન થયા. પછી એમ વિચાર કર્યો કે, 'મનના સંકલ્પ મટતા નથી. માટે હવે તો તીર્થમાં ફર્યા કરશું.' એમ વિચારીને તીર્થમાં ફરતાં ફરતાં લોજપુરના સીમાડામાં આવ્યા, ત્યાંથી મનના સંકલ્પ બંધ થઈ ગયા. ત્યારે એમ વિચાર થયો જે, 'આ ગામમાં કોઈ ઈશ્વરમૂર્તિ સમર્થ પુરુષ છે. શા માટે જે, મારા સંકલ્પ બંધ થઈ ગયા.' એવો વિચાર કરીને મહારાજ મઠ ભરડતા હતા, ત્યાં પાસે આવીને બેઠા. કાળી કામળી પાસે હતી. ને તે એમ બોલ્યા જે, "મહારાજ ! તમારામાં કાંઈ ઐશ્વર્ય છે ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "તમારે કાંઈ જોવું હોય તો ઐશ્વર્ય દેખાડીએ."

તે સમયે સાધુ આવીને એમ બોલ્યા જે 'આ કોણ છે ? ત્યારે મહારાજ બોલ્ય જે, "ઘૂડનું બચ્ચું છે, તે ક્યાંકથી ઊડીને આવ્યું છે, તે હમણાં ઊડી જશે." એમ કહીને હસ્યા, પણ આનંદ સ્વામીને તો મહારાજને વિષે અતિ હેતે કરીને વૃત્તિ જોડાઈ ગઈ ને 'આ સાક્ષાત્ ભગવાન છે' એવો નિશ્ચય થઈ ગયો. પછી ત્યાં મહારાજ પાસે જ રહ્યાં. *(સદ્.શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૨૫)*

● **ધ્રાંગધ્રા સંતોને વૈરાગીઓએ માર્યા ને આનંદાનંદ સ્વામીએ ફરિયાદ કરી**

એક સમયને વિષે મહારાજે સાધુને ધ્રાંગધ્રે જવાની આજ્ઞા કરી ને કહ્યું જે "તમે સર્વે ત્રણ દિવસ ત્યાંના રામમહેલમાં રહેજો." પછી તે સાધુઓ ત્યાં ગયા ને રામમહેલમાં ઉતર્યા ત્યારે પ્રથમ તો ત્યાંના



Final



બાવાઓએ કોઈ બીજા બાવા જાણીને ભોજન વગેરે સત્કાર કર્યો. ત્યારે એ સાધુઓ તો સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ ભજન કરવા માંડ્યા. ત્યારે તેઓએ જાંણ્યું જે "આ તો સ્વામિનારાયણના સાધુ છે" એમ જાણીને તેમને કાઢવાનો ઘણો ઉપાય કર્યો પણ સાધુ ત્યાંથી નીસર્યા નહિ ને બોલ્યા જે "તમે સુઝે તેટલા ઉપાય કરશો તો પણ અમે ત્રણ દિવસ સુધી તો આંહીથી નહિ જઈએ શા સારું જે અમારા ગુરુએ આજ્ઞા કરી છે." પછી તે ગોપાળદાસે સાધુને ખાવા ન દીધું ને માર્યા તો પણ ભૂખ્યા પડી રહ્યા પછી તે વાતની ગામના મહાજનને ખબર પડી એટલે તેણે ખીચડી અપાવી. પછી તે સાધુ ત્યાંથી ત્રીજે દિવસે ચાલી નીકળ્યા ને ગામ મેંથાણ આવતા હતા ત્યાં રસ્તામાં વૈરાગીઓએ લૂંટ્યા ને માર્યા તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ તે વૈરાગીને કહ્યું જે 'તું તારી તરવાર ભોંય મેલીને સાધુનો સામાન બાંધે છે પણ કોઈક તારૂં કામ કાઢી નાખશે ને નિર્માની વ્રત ચૂકશે" એમ તે વૈરાગી સાધુને લૂંટીને ગયા પછી આનંદાનંદ સ્વામીએ ધ્રાંગધ્રા જઈને રાજાને કહ્યું ત્યારે તે બોલ્યા જે, "ગાયું ગાયું લડી તેમાં અમે શું કરીએ." એમ તેણે ન્યાય કર્યો. પછી આનંદાનંદ સ્વામી આદિ સાધુઓએ માળિયા જઈને વડોદરાના બાબાજી પાસે ફરિયાદ કરી ત્યારે તેણે ધ્રાંગધ્રાના રાજા ઉપર અગિયારસો અગિયારસો રૂપિયાના બે મોશલ મોકલ્યા. તેને રૂપિયા દરબારે વૈરાગી પાસેથી અપાવ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૯૫)*

● **ત્રણ મોટા સંતોની સ્થિતિ**

અને કોઈ સમયને વિશે મહારાજે આનંદાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામીને અને સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે, "તમને કોઈક ક્રિયાને વિશે કે કોઈક પદાર્થ વિશે અમે જોડીએ તો તમને તેનો વિક્ષેપ થાય કે ન થાય ?" ત્યારે તેમણે જેમ પોતાને વર્તતુ હતું તેમ કહ્યું તેમાં આનંદ સ્વામી એમ બોલ્યા જે, "અમે તો તમારી આજ્ઞાએ કરીને કરીએ એટલે વિક્ષેપ જણાતો નથી."

પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, “તમે આજ્ઞા કરો એટલે કહીએ, પણ અંતર્વૃત્તિ કરીને તમારી મૂર્તિને અંતરમાં ધારીએ ને જેવી શાંતિ રહે છે તેવી રહેતી નથી. પછી જો એક વેંત વૃત્તિ બહાર કાઢી હોય તો એક હાથ અંતરમાં ઉતારીએ ત્યારે શાંતિ થાય છે.”

પછી સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું કે, “અમે તો તમારી મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા જ નથી. જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં તમારી જ મૂર્તિ દેખાય છે. તે અમારે તો કશો વિક્ષેપ થતો નથી.” *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૩૫૦)*

● **મહારાજે આનંદાનંદ સ્વામીને સંતોનો મહિમા કહ્યો.**

અને સર્વે સાધુનાં મંડળ બાંધવા તથા તેમને ફરવા મોકલવાં ઈત્યાદિક કાર્યને આનંદ સ્વામી કરતા હતા. તેમાં કટેલાક સાધુ હિન્દુસ્તાની તથા કેટલાક સાધુ પંજાબી, તે આનંદ સ્વામીની આજ્ઞામાં નો'તા વર્તતા. ત્યારે આનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, “સાધુ તો બહોત અડંબગી હે, ને આજ્ઞામાં નહિ વર્તતા હે.” ત્યારે મહારાજ એમ બોલ્યા કે, “કેટલાક તો અક્ષર, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદ્રિકાશ્રમાદિક ધામોના મુક્ત છે. અને કેટલાક તો ભગવાનના અવતાર છે ને કેટલાક મોટા ઋષિ છે, તે તમારી આજ્ઞામાં કેમ વર્તે ? માટે જેટલું વર્તે તેટલું વર્તાવો. એમનું સામર્થ્ય તો અમે રોકી રાખ્યું છે એટલે જણાતું નથી, પણ એ તો બહુ સમર્થ છે.” એ વાત સાંભળીને આનંદ સ્વામી તથા બીજા સર્વે આશ્ચર્ય પામ્યા. *(સદ્.શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૫૬)*

● **આનંદ સ્વામી કહે હા. શ્રીજીમહારાજ સર્વોપરી છે**

અમદાવાદ મંદિરમાં જુનાગઢથી ગુણાતાતીનંદ સ્વામી પધાર્યા હતા તે સભામાં રોજ જ્ઞાન-વાતો થતી હતી. પછી ગુણાતીતાનંદ સ્વામીએ આનંદ સ્વામીને પૂછ્યું જે રસ્તે ચાલતાં લોકોએ તમને તથા તમારી સાથે હતા તેમને રામકૃષ્ણરૂપે દીઠા, એટલે તમને રામકૃષ્ણ



Final



કહ્યા : તે વાત યાદ છે કે ? તો કહે : હા વળી એક વખત શ્રીજીમહારાજે ચોરણો પહેર્યો. ચાર તસુની કોરનું ચીણિયાવાળું કેડિયું પહેર્યું. માથે બ્રાહ્મણની પાઘડીને ટીપણું ઘાલ્યું. કપાલમાં આડું તિલક કર્યું. ડોકમાં માળાઓ ને ફકીરની તસબી પહેરી. ને ખંભે બંદૂક લીધી. પછી સભામાં આવી પૂછ્યું જે અમો કોના જેવા છીએ ? ત્યારે સૌ વિચારી રહ્યા : કોના જેવા કહેવા, તે કાંઈ સુઝ્યું નહિ. પણ સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે અમે કોઈ અવતાર જેવા નથી. અમ જેવા તો અમે એક જ છીએ. તે વાત જાણો છો કે ! ત્યારે આનંદ સ્વામી કહે : હા, એ વાત ખરી છે : “કોટિ કૃષ્ણ ત્યાં જોડે હાથ, સદ્ગુરુ જ્યાં ખેલે વસંત.” એ કીર્તન બોલીને આ શબ્દો વારે વારે બોલે અને પોતાનું સ્વરૂપ સમજાવે. ત્યારે આનંદ સ્વામી કહે : હા, વાત સાચી છે, શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. એમ અમદાવાદની સભામાં આનંદ સ્વામીને મોઢે સર્વોપરીપણાની હા પડાવી. માટે જ્ઞાન સમજવું હોય તો સત્પુરુષનો સમાગમ કરવો, તો જ્ઞાન વૃદ્ધિ પામે. જ્યારે સર્વોપરીને નિશ્ચયની ઘેડ બેસે ત્યારે તેની નિશાની જે બીજાને સમજાવતા આવડે. ઐશ્વર્યાથી ન થવું પણ ભગવન્નિષ્ઠ થવું. *(શ્રી સ્વામિનારાયણ ભાગવત સ્કંધ-૩, અધ્યાય-૮)*

● **આનંદાનંદ સ્વામીએ શ્રીહરિની સુંદર પૂજા કરી**

ગઢપુરમાં શ્રીજીમહારાજ નાનીબા વાળા ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઉગમણે મુખારવિંદે સભા કરીને બિરાજમાન હતા. તે સમયને વિષે ગામ સુરતનો સંઘ આવ્યો. ત્યારે સંઘાળુ હરિજન સર્વ આવી મહારાજને દંડવત પ્રણામ કરી બેઠા. ત્યારે શ્રીજીમહારાજે ખબર પૂછી ને ઉતારો કરાવ્યો.

અને બીજે દિવસે તે હરિભક્તો જલેબી-લાડુની રસોઈ આપી. ને મહારાજ સારુ ભેટ-સામગ્રી (માં) કડાં, વેઢ, વીંટી, બાજુ, પોંચી,

જરિયાની જામો, સુરવાળ, ખેસ, પાઘ વગેરે ઘણાં મૂલ્યવાળા પોશાક લાવી મહારાજની પૂજા કરી. એવી રીતે આઠ દહાડા સુધી સુતરફેણી, બરફી વગેરે સારાં સારાં પકવાન કરાવી રસોઈઓ આપી. તેમજ ભારે મુલવાળા ચંદન પોશાકથી મહારાજની પૂજા કરી ને પછી આરતી ઉતારી. અને પછી મહારાજ પાસે શીખ માંગીને સંઘાળુ માણસ સહુ ચાલ્યા.

અને તે સંઘ ગયા પછી આનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી જે, 'મારે પૂજા કરવી છે !' ત્યારે મહારાજે કહ્યું જે, ઠીક પૂજા સામગ્રી લાવો ને પૂજા કરો.' તે સમે મહારાજ તેને તે ઓરડે વિરાજમાન હતા ને સ્વામીએ છ-સાત ભાતનું ચંદન લાવી મહારાજને શરીરે તથા ભાલને વિશે ભાત પાડીને ચંદન ચરચ્યાં ને કુમકુમનો ચાંદલો કર્યો. ને પછી છાતી, ઉદર તથા બે ભુજ ને સાથળ, ગોઠણ, પિંડીયું ને ચરણારવિંદ ઉપર એ રીતે મહારાજની પૂજા કરીને છ-સાત જાતનાં ચંદન જુદી જુદી ભાતથી ચરચ્યાં. જેથી શોભા બહુ આવી.

તે જોઈને આનંદ સ્વામીએ ફરીને બધે શરીરે સારી પેઠે નિહાળીને જોયું. ને જે અંગ ચરચ્યાં વિના રહેલ ત્યાં ફરીથી ચરચ્યું ને તે ચંદન મધ્યે બધે શરીરે કુમકુમના ચાંદલા કર્યા. ને પછી સુંદર શ્વેત સૂક્ષ્મ જામો પહેરાવ્યો ને તે ઉપર ગુલાબી રંગ છાંટ્યો, જેથી જામો શરીરે ચોંટી ગયો ને ચંદનની બધી ભાત જામા સોંસરી દેખાવા લાગી. ને મસ્તકને વિષે ગુલાબ, ચંપા, ચમેલી આદિ સુંદર સુગંધીમાન પુષ્પની પાઘ ગૂંથીને ધરી. એવી શોભા જોઈને સભામાં બેઠેલા હરિજન, તેમાં કેટલાકનાં નાડી પ્રાણ તણાઈ ગયા ને કેટલાક ને સમાધિ થઈ ગઈ ને જેને નાડી-પ્રાણ કે સમાધિ નહોતી થાતી તેને પણ નાડી-પ્રાણ ખેંચાઈને સમાધિ થઈ, ને મૂર્તિને વિષે જેને હેત નોતું થાતું તેને પણ હેત થયું.



Final



એવી રીતે શ્રીજીમહારાજે પાંચ છ ઘડી દર્શન દીધાં. ને ત્યાર પછી નાગમાલાનાં વંડામાં ના'વા પધાર્ય ને તે વંડા મધ્યે બાજોઠ ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. અને ચંદન ભરેલો જામો પહેર્યો હતો તે ઉતારીને પછી બધે શરીરે ચરચેલું ચંદન ઉતાર્યું. પછી બ્રહ્મચારીએ મહારાજને અંગે ચોળીને નવરાવ્યા ને નાહીને રૂમાલ વતી શરીર લો'યું, ને પીતાંબર પહેરી ચાખડી ઉપર ચડીને નાનીબા વાળા ઓરડે પધાર્યા.

તે વખતે મહારાજે એક પિતાંબર જ પહેરેલું ને ઉઘાડું મસ્તક ને ઉઘાડે શરીરે બિરાજ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ગામ માંગરોળના ગોવર્ધનભાઈ આવ્યા. તેને જોઈને નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'ગોવર્ધનભાઈ ! તમે ક્યાં ગયા'તા ? આવો મોટો લાભ ને આનંદ તેમાં તમે રહી ગયા ! તે આનંદ તે શું ? તો મહારાજની આનંદ સ્વામીએ પૂજા કરી. એવી શોભા તો કોઈ દા'ડો દીઠી ન હતી ! ને તેમાં તમો રહી ગયા ! એ તમારે બહુ મોટી ખોટી ગઈ, કેમકે એ સમયને વિશે તમે હોત તો ભારે લાભ થાત અને અમને તો તે શોભા જોઈ બહુ આનંદ આવ્યો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'એ ગોવર્ધનભાઈને તો મહારાજની મૂર્તિ એક કોપિનભર હોય તો પણ તેથી અધિકો આનંદ આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા કે, 'એવો કાંઈ આનંદ આવે ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એની વાત જુદી છે ને તમારી પણ વાત જુદી છે.' *(મહારાજની લીલા-૧૨)*

- **શ્રીહરિએ વડતાલથી આનંદ સ્વામીને ગઢપુર મૂર્તિ લેવા માટે મોકલ્યા**

એક સમે મહારાજ ગઢપુરમાં બિરાજે છે. તે મહારાજને એવો વિચાર જે, મંદિર કરીને તેમાં મૂર્તિઓ પધરાવવી. એવા વિચારથી

મહારાજ સભા કરીને બિરાજે. ત્યારે બોલ્યા જે, આપણે મૂર્તિઓ લેવી'. એમ બીજે ને ત્રીજે દિવસે સભામાં મહારાજ સંભાર્યા કરે.

તેવા સમામાં મુક્તાનંદ સ્વામી વડોદરેથી આવ્યા. ત્યારે તેમણે મહારાજને કહ્યું જે, 'વડોદરેથી લક્ષ્મીનારાયણની મૂર્તિ અમે લાવતા હતા, પણ રસ્તામાં વરસાદ થવાથી ગાડું ચાલ્યું નહી, માટે બોચાસણમાં મૂક્તા આવ્યા છીએ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તે લક્ષ્મીનારાયણની મૂર્તિ તો વડતાલમાં પધરાવશું, અહીંયાં નથી લાવવી. ને સ્વામી ! આપણે મૂર્તિઓ ઝાઝી જોઈએ છીએ.' તેવામાં હસનભાઈ ગામ લાઠીએ ગયા હતા ત્યાં ત્રણ ગાડીઓ મૂર્તિઓની લઈને સલાટ વેચવા સારું આવેલા. ત્યારે હસનભાઈએ તે મૂર્તિયોની ગાડી ત્રણ ગઢડે લાવવા સારું એ સલાટને કહ્યું જે, 'અમારે મૂર્તિઓ રાખવી છે.' તેમ કહેવાથી તે ગાડાં ત્યાંથી ચાલ્યાં. તે વાટમાં ચારણનું સમઢિયાળું ત્યાં આવ્યાં.

એટલામાં મહારાજ વરતાલ સમૈયો કરવા પધાર્યા ને વાંસેથી તે ગાડાં ગઢપુરમાં આવ્યાં. ત્યારે તે ગાડાંને રોક્યા ને ગાડિયું આવ્યાના ખબર વરતાલે મહારાજને લખ્યા. ત્યારે ત્યાંથી મહારાજે આનંદ સ્વામીને મૂર્તિઓ લેવા સારું મોકલ્યા. ત્યારે તેણે ગઢપુર આવીને સલાટને બોલાવ્યા. ને તે સલાટને કહ્યું જે, 'તમારે મૂર્તિઓ આપવી છે ?' ત્યારે સલાટે કહ્યું જે, 'મહારાજ, મૂર્તિઓ વેચવા સારું તો આજ પંદર દા'ડા થયાં બેઠા છીએ.'

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું જે, 'લાવો મૂર્તિઓ દેખાડો.' ત્યારે તેમણે ત્રણે ગાડીમાંથી મૂર્તિઓ દેખાડી. તે આનંદ સ્વામી જોઈને આઠ મૂર્તિઓ લેવાનો ઠેરાવ કર્યો. ત્યારે સલાટે કહ્યું જે, ''મહારાજ, બધી મૂર્તિઓ રાખો. કેમ કે, એટલા સારુ તો અમે લાઠીએથી અહીં સુધી આવિયા છીએ. માટે બધિયે મૂર્તિઓ રાખવી હોય તો રાખો, પણ



Final



આઠ મૂર્તિઓ તો નહીં આપીએ.'' આમ કહી સલાટ ચાલ્યા. ત્યારે સ્વામીએ બહુ તાણ કરી પણ રહ્યા નહિ ને ગઢપુરથી ઉગામેડી ગયા.

ને મહારાજ વડતાલથી સમૈયો કરીને આવતાં ઉગામેડીએ ભેગા થયા. ત્યારે મહારાજે સલાટને કહ્યું જે, ''ગાડીઓમાં શું છે ?'' ત્યારે સલાટે કહ્યું જે, ''મૂર્તિઓ છે.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''કેટલી મૂર્તિઓ છે ?'' ત્યારે સલાટે કહ્યું જે, ''છવ્વીસ મૂર્તિઓ છે.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારે લેવિયું છે, માટે ચાલો ગાડાં પાછાં વાળો.'' ત્યારે સલાટે કહ્યું જે, 'તમારા સાધુને મૂર્તિઓ આપતા હતા, પણ રાખી નહી. માટે પાછા નહીં વળીએ.' એટલે મહારાજે કહ્યું જે, 'અમારે તો બધી મૂર્તિઓ રાખવી છે, માટે ચાલો.'' ત્યારે સલાટે કહ્યું જે, ''મહારાજ ! તમે તમારા સાધુના કહેવાથી નહિ રાખો. માટે હવે પાછા તો નહિ આવીએ.''

પછી મહારાજે ગઢડે પધાર્યા ને સલાટ તો ગઢડે ન આવ્યા. પછી મહારાજ ઘોડીએ ચડીને દરબારમાં આવ્યા ને ઘોડીયેથી ઊતરતાં સૌ પગે લાગવા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'આનંદ સ્વામી ને હસન ક્યાં છે ? તેણે મૂર્તિયો કેમ રાખી નહિ ?'' ત્યારે હસનભાઈ મહારાજનાં ચરણને સ્પર્શ કરતાં સુરવાળનું ડોરણું કાઢતાં પડ્યું મૂકીને મહારાજ આગળ હાથ જોડીને બોલ્યા જે, 'હું હાજર છું' ત્યારે મહારાજે કહ્યું જે, ''મૂર્તિયો કેમ ન રાખી ?'' ત્યારે હસનભાઈએ જવાબ દીધો જે, 'મહારાજ ! હું નથી જાણતો, માટે આનંદ સ્વામીને પૂછો.''

પછી મહારાજ બોલ્યા જે, ''તે સલાટ અમને ઉગામેડીએ મળ્યા હતા, તે અને અમે પાછા વાળવાનો બહુ દાખડો કર્યો પણ આવ્યા નહિ.'' ત્યારે હસનભાઈએ મહારાજને કહ્યું જે, 'તમે કહો તો સલાટને પાછા વાળી આવું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'અમે તેને વાળવાનો બહુ દાખડો કર્યો તોય પાછા વળ્યા નહિ. તે તારાથી કેમ

આવશે ?' ત્યારે હસનભાઈએ મહારાજને કહ્યું જે, "અમે વેપારીની રીત જાણીએ માટે સો કળા કરીને પણ સલાટને પાછા લાવીશ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આનંદ સ્વામીની ઘોડી ઉપર બેસીને જાઓ ને સલાટને તેડી લાવો."

પછી હસનભાઈ તેડવા ગયા, તે ગામ ઝીંઝાવદર ગાડાં ભેળા થયા. ને સલાટને કહ્યું જે, "સો રૂપૈયે દશ રૂપૈયે મારા દલાલીના ને તમારી બધી મૂર્તિઓ મારે વેચી દેવી." એમ કહીને સલાટને પાછા વાળ્યા ને ગઢડે આવી અયોધ્યાવાસીવાળા વંડામાં ગાડાં છોડાવ્યાં. ત્યારે મહારાજે પોતા પાસે તેડાવ્યા ને હસનભાઈને કહ્યું જે, "આ સલાટને સીધાં આપો." એટલે સલાટે કહ્યું જે, "મહારાજ ! અમે સીધાં નહીં લઈએ, અમારે સીધાં લીધાંની રીત નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સીધાં લેજો, ના પાડો મા. કેમ કે, તમે સલાટ છો પણ મૂળ તમે બ્રાહ્મણ છો, માટે સીધાં લીધામાં શો બાધ છે ?" ત્યારે સલાટે કહ્યું જે, "મહારાજ, અમારો માલ તમે રાખશો એટલે અમે સીધાં લેશું." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારો માલ અમે રાખશું, માટે સીધાં લ્યો." એમ કહીને સાકરનાં સીધાં અપાવ્યાં ને એ સીધાં જમીને વંડામાં સલાટ એક રાત રહ્યાં.

અને બીજે દિવસે સવારમાં મહારાજે દરબારમાં મૂર્તિઓનાં ગાડાં મંગાવ્યા અને વાસુદેવના ઓરડામાં બધી મૂર્તિઓ ઉતરાવીને ઓરડામાં ઊભી કરિયું. એટલે મહારાજે મૂર્તિયો ઉપર હાથ ફેરવી ચારે તરફ નિહાળીને જોયું ને બોલ્યા જે, "આમાંથી બાવીસ મૂર્તિઓ રાખશું ને ચાર મૂર્તિ નહિ રાખીએ. તેની વિગત જે, એક કાળભૈરવની ને ત્રણ મૂર્તિઓ વાઘેશ્વરની, એ ચાર મૂર્તિ નહિ રાખીએ. કેમ કે, એ અમારા ખપમાં ન આવે માટે, અને બીજી મૂર્તિઓનું મૂલ કરો." ત્યારે તેમણે મૂલ કર્યું જે, 'મૂર્તિઓ બાવીશના રૂપૈયા ચારસે ને ચાલીશ (૪૪૦) લેશું.' ત્યારે મહારાજ બોલ્યા જે, "એટલા રૂપૈયા મૂર્તિઓની



Final



કિંમત હોય નહિ, માટે ફેર વિચારીને કિંમત કરો." એમ ઘણી ખેંચ-તાણ કરી પણ સાટું બંધ બેઠું નહિ. ત્યારે હસનભાઈએ હરજી ઠક્કરને કહ્યું જે, "રૂપૈયા સોએ રૂપૈયા દશ દલાલીના કર્યા છે, માટે તે સલાટ વધારે કિંમત કરે છે. માટે તે વાતની મહારાજને ઘેડ બેસારીને તથા સલાટને આમ-તેમ સમજાવીને સાટું સુધારો." ત્યારે હરજી ઠક્કર ત્યાં જઈને મૂર્તિ બાવીસના રૂપૈયા ચારસે ને ચાલીસ આપવાનો ઠેરાવ કરી સમાધાન કર્યું ને મૂર્તિઓ લીધી. ને સુરત તથા ભુજ તથા ધોલેરા તથા ધોળકું ને ગઢપુરનાં મંદિરમાં પધરાવી. *(મહારાજની લીલા-૧૨)*

● **શ્રીહરિએ આનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યા**

શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અનોડિયા ગામથી વીજાપુરના માર્ગે ચાલતાં મહૂડી ગામ નજીક આવ્યું. તે વખતે શ્રીહરિએ મસ્તક ઉપર પાઘ ધારણ કરવાને બદલે દૂધ જેવી સફેદ પછેડી ઓઢી હતી. પોતાના સેવક ગણ સાથે વાતો કરતા કરતાં શ્રીહરિએ પૂછ્યું, હે પાર્ષદો અત્યારે હું તમને કેવો દેખાઉ છું ? ડુંગરજીએ કહ્યું હે મહારાજ ! આપ સાચે સાચું જ જાણવા માગતા હો તો તમને દૂરથી જોતાં કોઈ એમ જ કહે કે આ કોઈ સ્ત્રી છે ! આવું સાંભળી શ્રીહરિ ફરી બોલ્યા, હે પાર્ષદો ! જીવના કલ્યાણ માટે મેં ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવ્યો છે. આ ઉદ્ધવ સંપ્રદાય શું છે તે જે લોકો જાણતા નથી તેઓ એવું કહે છે કે જીવન નામનો કોઈ એક પુરુષ થઈ ગયો છે. તેને મુક્તા નામની સ્ત્રી હતી. તે આ બે જણાએ ભેગા થઈને સ્વામિનારાયણનો પંથ ચલાવ્યો છે. તેથી લોકો તેને જીવન મુક્તાનો પંથ કહે છે ! તેઓ મારા સંપ્રદાયનું કોઈ તત્વ જાણતા નથી. અને મને પણ ઓળખતા નથી.

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! ભક્તિ ધર્માત્મજ શ્રીહરિ આવી રીતે વિનોદ કરતા કરતા માર્ગમાં જતા હતા. તેવામાં

કોઈ ભક્તજન મહાપ્રભુ પાસે આવી કહેવા લાગ્યા. હે મહારાજ ! પાછળ આનંદ સ્વામી દોડતા દોડતા આવે છે માટે આપ ઉભા રહો. પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ નજીકના કોઈ વૃક્ષ નીચે ઉભા રહ્યા. તેટલામાં આનંદાનંદ મુનિ તેમના મંડળે સહિત ત્યાં આવી પહોંચ્યા. જગદીશ્વર શ્રીહરિને પૃથ્વી ઉપર પડી દંડવત્ કરવા લાગ્યા. શ્રીહરિએ તપસ્વી એવા આનંદાનંદ મુનિને તથા તેમના સંતોને મળી છાતીમાં ચરણારવિંદ આપ્યા. સર્વના કુશળ સમાચાર પૂછ્યા. પછી મહૂડી તરફ આગળ ચાલ્યા. *(સત્સંગિભૂષણ ચતુર્થ અંશ અધ્યાય-૮)*

- **આનંદાનંદ સ્વામીએ ખીચડીમાં ઘી પીરસ્યું ને શ્રીહરિએ દૂધ પીરસ્યું તે થોડું હતું તો પણ તે અખૂટ થયું**

ખારવા ગામે શ્રીહરિએ ત્યાં ભક્તોને સમાધિ કરાવીને અક્ષરધામનાં દર્શન કરાવ્યા. ને રાત્રે સભામાં શ્રીહરિના મુખથી આવી વાત સાંભળીને જે સમજુ હતા તેમણે ધર્મને સર્વોપરિ જાણીને સત્સંગનો આશ્રય હરખભેર કર્યો અર્થાત્ સત્સંગી થયા. જ્યારે સાચા સદ્ગુરુ રૂપ શ્રીહરિ પ્રકટ મળ્યા ત્યારે જગતમાં કહેવાતું મિથ્યાજ્ઞાન ઓળખાયું અને ઘેર ઘેર ફરતા મિથ્યા ગુરુઓનું જ્ઞાન પણ થયું. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે વર્ણી બોલાવવા આવ્યા. તે વેળાએ શ્રીહરિ ઉઠ્યા અને પહેરેલા વસ્ત્રો અને આભૂષણો ત્યાં જ ઉતાર્યા. એક પીતાંબર વસ્ત્ર પહેલ્યું અને બીજું મસ્તક ઉપર થોડું રાખીને ઓઢી લીધું. ધર્મના લાલ શ્રીહરિએ હાથમાં રૂમાલ રાખ્યો અને ચરણોમાં ચાખડીઓ પહેરી. તેમાં ચાખડીઓનો ''ચટાક્ ચટાક્'' આવો શબ્દ વારા ફરતી થયા કરતો હતો. તેમજ ચરણોમાં જે ઝાંઝર પહેર્યા હતાં. તે ચાલતી વખતે તેનો ઝણકારો સંભળાતો હતો.

જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પહોંચ્યા. આગળ એક મસાલ રાખી હતી. પાણીથી બંને ચરણ ધોયા, રૂમાલથી તેને કોરા કર્યા. એક સોનેરી બાજોઠ પર શ્રીહરિ બેઠા. ત્યારે જે ભોજન તૈયાર



Final



કર્યા હતાં તે લાવ્યાં. સોનાના થાળ ભોજનોથી પૂરા ભર્યા હતા. તે બધા શ્રીહરિ આગળ લાવ્યા. શ્રીહરિ પોતાની રુચિને અનુસારે પ્રેમથી બધું સરસ રીતે જમ્યા. પછી ખીચડી અને દૂધ ઘણા ભાવથી જમ્યા. શ્રીહરિએ જમીને ચળું કર્યું, જળપાન કર્યું, હાથ લૂછીને મુકવાસ લીધો. જમ્યા તેમાંથી એક થાળ રૂપા ભક્તને આપ્યો.

શ્રીહરિની સાથે જેટલા સંતો અને દરબારો હતા તે બધાની પગંત કરાવી. તે સમયે સહુ પોતપોતાની રીતે પગંત કરીને બેસી ગયા. શ્રીહરિએ વિપ્રોને કહ્યું કે હવે પછી જે વિપ્ર, વાણિયા અને કણબી પટેલ, જેટલા જમવાના હોય તેટલી ખીચડી રાખી મૂકો. સંતો સંતોમાં પીરસે અને દરબારોમાં પણ પીરસે. આનંદાનંદ સ્વામી ખીચડીમાં એક સરખી ધારથી ઘી પીરસે. સહુને પહોંચે તે રીતે બધું વિચાર કરીને પીરસવું. ગામના ભક્તો પ્રેમથી દૂધ લાવ્યા છે. તે દૂધને હું પીરસીશ. શ્રીહરિના કહ્યા પ્રમાણે સંતોએ પીરસ્યું. પછી શ્રીહરિએ પંગતમાં દૂધ પીરસ્યું. એક વાર બધું પહોંચાડીને પછી ફરીવાર પ્રેમથી પંગતમાં દૂધ ફેરવ્યું. ગામના ભક્તોનો અત્યંત ભાવ હતો એટલે જેને જે જોઈએ તે આગ્રહ કરીને પીરસ્યું. જમનારા સહુને ઘણા જ તૃપ્ત કર્યા. દૂધ તો થોડું લાવ્યા હતા, તે બધાને પહોંચાડી દીધું, છતાં કાંઈક વધ્યું. જોનારા લોકોને ઘણું આશ્ચર્ય થયું કે આવું સામર્થ્ય મનુષ્યમાં હોય નહિ. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૪, તરંગ-૮૫)*

- **સદ્. આનંદાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહ છોડ્યો**

ગામ જેતલપુરમાં સદ્ગુરુ શ્રી આનંદ સ્વામીએ પોતાને ધામમાં જાવું હતું તેથી સર્વે સાધુ, બ્રહ્મચારી તથા પાળાઓને બોલાવીને તેમને મંદિરની ભલામણ કરીને પછી પોતે સંવત ૧૯૧૭ ના આસો સુદ-૧૧ ને દિવસે આ ભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૮૩)*

## ડાકોરના બોડાણા ભક્ત બીજા અવતારે દામોદર ભક્ત થયા

### ● સ્વરૂપનિષ્ઠાપ્રિય દામોદર ભક્ત

મોક્ષમાર્ગના સાધનો શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં બતાવેલા છે, તેમાં આજ્ઞા અને ઉપાસના એ બે મુખ્ય છે. જે ઈષ્ટદેવ મહાપ્રભુની આપણે ભક્તિ કરીએ છીએ, તેમની આજ્ઞા પ્રમાણે જ આપણું વર્તન બરાબર હોય તો જ આપણે શુદ્ધ પાત્ર બની ભક્તિ કરવાના અધિકારી થઈ શકીએ છીએ. તેમજ આજ્ઞાપાલન વિના પ્રભુની કૃપાનું પાત્ર પણ થઈ શકાય નહિ. પ્રભુ આપણા ઉપર પ્રસન્ન થાય અને આપણે પોતાના માને એ માટે જેમ આજ્ઞા પાલનની ખાસ જરૂર છે, તેમ એથી પણ અતિશય આવશ્યક સર્વોપરી શુધ્ધ ઉપાસનાની છે. કારણ કે, શ્રીજીમહારાજ પોતેજ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, “કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલા દેવતા થાય છે ઈત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમ પદ પામે છે એ સર્વ ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા અનાત્માનો વિવેક થાય છે. પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી. જેટલી એ ભક્તને ભગવાનના માહાત્મ્યે સહિત ભગવાનને વિષે નિષ્ઠા છે. તેટલી જ એ ભક્તના હૃદયમાં વૈરાગ્ય વૃત્તિ આવે છે. માટે બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે, તો જે એ ભગવાનનો આશ્રિત હોય, તે એ ભગવાનના ધામને પામે



Final



એમાં શો સંશય છે ? એમ માહાત્મ્ય સમજે. તે સારૂં જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગે કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું. *(વચ.ગ. પ્ર. ૫૬)*

સ્વરૂપનિષ્ઠા, નિશ્ચય, આશ્રય અને ઉપાસના એ શબ્દો લગભગ સમાન અર્થવાળા છે. ઉપાસના શબ્દનો અર્થ સાધારણ રીતે એવો થાય છે કે, પ્રભુની પાસે બેસવું-એટલે કે પ્રભુમાં તલ્લીન બની જવું. અર્થાત્ જગતના ભાવો ભૂલી જઈને અતિશય એકાગ્રવૃત્તિથી સાકારનિષ્ઠાપૂર્વક પ્રભુમાં જોડાવું. તથા પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ પ્રભુની સમાન કે તેમનાથી અધિક કોઈ પણ નથી. સર્વના પ્રેરક-પ્રવર્તક, નિયંતા પરાત્પર તત્ત્વ અને સર્વ અવતારના અવતારી તો એક મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. અન્ય કોઈ સર્વોપરી નથી અનંત કોટી બ્રહ્માંડમાં જ્યાં ક્યાંય શક્તિ-સામર્થ્ય, ઐશ્વર્ય-પ્રતાપ) જણાય છે તે બધું સ્વામિનારાયણ મહાપ્રભુએ આપેલ છે. આ રીતે અતિશય માહાત્મ્ય પૂર્વકની સમજણ સાથે કોઈનાં પણ નિંદા, ગૌણતા કે દ્રોહમાં જરાપણ ઉતર્યા સિવાય શ્રી સ્વામિનારાયણ પ્રભુને સર્વેશ્વર સમજીને પછી એમનાં ધ્યાન-ભજન, પૂજા-પાઠ અર્ચન, વંદન, સ્તુતિ પ્રાર્થના, નામસ્મરણ, લીલા ચિંતન-શ્રવણ દર્શન વગેરે પ્રકારથી મૂર્તિની અખંડ સ્મૃતિ સાથે જાણે કે, હું મારા ઈષ્ટદેવ પ્રત્યક્ષ પ્રભુની પાસેજ બેઠો છું ને પ્રભુ મારી સામે બિરાજેલા છે, આવી અતિ ઉત્કૃષ્ટ ભાવનાથી અનન્ય નિષ્ઠાપૂર્વક ઈષ્ટદેવની આરાધના કરવી તેને ઉપાસના કહે છે.

વચનામૃતોમાં તથા બીજા ગ્રંથો અને કીર્તનો વગેરેમાં પણ શ્રીજીનું સર્વોપરીપણું ખૂબજ સ્પષ્ટતાથી વર્ણન કરેલું છે. એટલું જ નહિ પણ અતિશય આગ્રહપૂર્વક સર્વોપરીપણું સમજી તેનો સર્વત્ર પ્રચાર કરવાની શ્રીજીમહારાજે ખાસ આજ્ઞા કરી છે, તે આપણે

જોઈએ. શ્રીજીનાં રહસ્ય વચનોનો ઊંડાણથી અભ્યાસ થાય તો યથાર્થ સિદ્ધાંત જરૂર સમજાય.

શ્રીજીમહારાજે સર્વ આશ્રિતોના મોક્ષ માટે સર્વ શાસ્ત્રના સારરૂપ શિક્ષાપત્રી આપી છે અને તે પ્રમાણે વર્તવાનું કહ્યું છે. શિક્ષાત્રીમાં સર્વોપરી બાબતનો તો બહુ જ ઉત્તમ ને સ્પષ્ટ નિર્ણય આપેલો છે તે દરેકે અવશ્ય ધ્યાનમાં લેવો જોઈએ.

"એતેષુ યાનિ વાક્યાનિ શ્રી કૃષ્ણસ્વર વૃષસ્ય ચ
અત્યુત્કર્ષપરાણિ સ્યુસ્તથા ભક્તિ વિરાગયો.
મન્તવ્યાનિ પ્રાધાનિ તાન્યેવેતરવાક્યતઃ"

*(શિ. ૧૦૧-૧૦૨)*

એ સર્વ સત્‌શાસ્ત્રોને વિષે જે વચન શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય, તે વચન બીજા કરતાં પ્રધાનપણે માનવાં, આમાં ભગવાનના સ્વરૂપનું અતિ ઉત્કર્ષપણું કહેનારાં વચનો મુખ્ય અને બીજાં ગૌણ વચનો છે. એમ સ્પષ્ટ વિભાગ કરી આપ્યો છે. તથા ઈષ્ટદેવનું અતિ ઉત્કર્ષણપણું કહેનારાં વચનો પ્રધાન એટલે મુખ્ય માનવાની આજ્ઞા કરી છે. એ રીતે પ્રથમના ૪૭ ના વચનામૃતમાં લખે છે કે, "પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિ શુદ્ધ સ્વરુપ અને સદા સાકાર મૂર્તિ સમજે અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપની પ્રતિપ્રાદન કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાભળે."

ગઢડા મધ્યના ૨૧ માં વચનામૃતમાં લાખ વાર કહ્યે સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો ! પણ જેને સમજ્યા વિના કોઈ વાતે છૂટકો જ નથી એવી અપીલ વગરના છેલ્લા નિર્ણયરૂપ લાખ વાતની એક વાત શ્રીજી શું કહે છે ? તેનો તલસ્પર્શી વિચાર કરો. "જેવું પરોક્ષ ભગવાનના રામ કૃષ્ણાદિ અવતારનું માહાત્મ્ય જાણે છે તથા



Final



નારદ, સનકાદિ, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે છે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નથી. તે આ વાર્તા એકવાર કહ્યે સમજે અથવા લાખવાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત (શ્રીજી સર્વોપરી છે તે) સમજે જ છૂટકો છે." મધ્યનું ૧૩ મું વચનામૃત એ મહત્વનાં વચનામૃતોની અંદર ખાસ મહત્વનું વચનામૃત મનાયેલ છે. તેમાં અનેક બાબતોની સરખામણી કરતાં કહ્યું છે કે સ્વરૂપનિષ્ઠાની ખોટ-ખામીનો વાંધો કોઈ પણ ઉપાયથી ભાંગશે નહિ માટે સતત સાવધાન બની સ્વરૂપનિષ્ઠાની વાત નિત્ય નવિન રાખી બીજાને પણ એ રહસ્ય સમજાય તેવું દરેક વાત કરવામાં બીજ લાવવું. આવી સર્વ આશ્રિતોને શ્રીજીએ ખાસ આગ્રહથી આજ્ઞા કરી છે. આ સંબંધમાં આપણે સ્વામિનારાયણ મહાપ્રભુના શ્રી મુખનાં રહસ્ય વચનો વિચારીએ, "શ્રીજીમહારાજ એમ બોલતા હતા જે હે સંતો, જે મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળો." આ રીતે મોટેરા સંતોને ખાસ બોલાવી પાસે બેસારી પછી શ્રીજીએ પોતાના પુરૂષોત્તમપણાની વાત વિસ્તારથી કરી, તેમાં છેવટ સિધ્ધાંત રૂપે કહ્યું - 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણ્યો. એ ભગવાનના સ્વરૂપની દઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ. ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજવામાં કસર રહી તો કોઈ રીતે ભાંગશે નહિ. માટે દેહ છતાં જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો. આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાતો તે તો શાસ્ત્રોમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. આ વાતને નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે

કરીને વિસારી દેશોમાં જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિશે આ વાતનું બીજે લાવજો એમ અમારી આજ્ઞા છે.'' ''જો થોડી સમજણ હોય તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની જે મૂર્તિ છે તેને વિષે ન્યૂનપણું સમજે માટે પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિદૃઢ નિશ્ચય થવો જોઈએ. તો સર્વ કામ સરે'' (વચ. પ્ર. ૭૩) ''ભગવાનના સ્વરૂપનો જેને સંતસમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃધ્ધિને પામતો જાય છે. જેને હૃદયમાં એવો ભગવાનનો મહિમા સહિત દૃઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો ને એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નહિ.'' *(વચ. વ. ૧૨)*

ગઢડા અત્યંપ્રકરણના ૩૮ ના વચનામૃતમાં સ્વયં શ્રીજીમહારાજ અતિ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તેજ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયન ગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે.''

આ પ્રમાણે વચનામૃતોમાં અનેક સ્થળે શ્રીજીમહારાજે પોતે જ પોતાનું સર્વોપરીપણું અત્યંત આગ્રહથી બીલકુલ સંકોચ વિના ખૂબજ સ્પષ્ટ રીતે સમજમાં ન આવે તો શ્રીજીના પૂર્વ કૃપાપાત્ર આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના મત પ્રમાણે તેમને મંદ બુદ્ધિવાળા અથવા મંદ ભાગ્યવાળા કહી શકાય.

यं साम्येन वदन्ति येऽक्षरपरं सर्वावतारैर्जना
मन्दास्तेत्वक्तारिणोऽस्य न परं जानन्ति तत्वं प्रमोः
यस्याज्ञां निवहन्ति मङ्गलकरां सर्वेऽक्षराद्याः सदा
वन्दे तं पुरुषोत्तमं हि सहजानन्दं सदानन्दम्



Final



''જેઓ અક્ષરથી પર એવા શ્રી સ્વામિનારાયણ પ્રભુને રામકૃષ્ણાદિક સર્વ અવતારોની સમાન કહે છે, તે મનુષ્યો તો મંદબુદ્ધિવાળા છે, એટલું જ નહિ પરંતુ તેઓ અવતારી સ્વામિનારાયણ પ્રભુના સર્વોપરી પરતત્વને જાણતા જ નથી. જેમની મંગળકારક આજ્ઞાએ અક્ષરાદિક અનંત મુક્તો નિરંતર વહન કરે છે એવા અને પોતાના ભક્તોને અખંડ આનંદ આપનાર પુરુષોત્તમ એવા શ્રી સહજાનંદ સ્વામીને હું વંદન કરું છું.''

સંપ્રદાયમાં હરિલીલામૃત ગ્રંથ સર્વ માન્ય અને પ્રમાણભૂત મનાયેલ છે. વડતાલ ગાદીનાં આચાર્ય સ્થાનથી તેની સર્વોત્તમ રચના તથા સમર્થ વિદ્વાનો દ્વારા તેનું પ્રકાશન થયેલ છે. એ હરિલીલામૃતમાં અનેક પ્રસંગોમાં શ્રીજીનું સર્વોપરીપણું શ્રેષ્ઠ રીતે લખ્યું છે. વિસ્તાર ભયથી અહીં બે ત્રણ દાખલા જોઈએ.

ભક્તિમાતાની ઈચ્છાથી ઘનશ્યામ મહારાજે માતાજીને સમાધિ કરાવી સ્વર્ગાદિલોક-લોકાંતરની અદ્‌ભૂત રચના બતાવી છેવટે અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. અક્ષરધામમાં ભક્તિમાતાએ શું જોયું ?

ત્યાં તો દીઠા હરિતણાં અવતાર સર્વે,
મત્સ્યાદિ જે થઈ ગયા જગમધ્ય પૂર્વે ।।૫૨।।
તેઓ મળી સ્તુતિ કરે ઘનશ્યામ કેરી,
થૈદીન પાય પ્રમણે હરિરુપ હેરી ।।૫૩।।

*(હરિ લી. ૨ ૧૧)*

નીલકંઠ વર્ણી તીર્થાટન કરી લોજ પધાર્યા તે સમાચાર જાણી રામાનંદ સ્વામીએ ભૂજથી અમુક સત્સંગીઓને સમાચાર કહ્યા હતા કે, 'તમે લોજ વર્ણીનાં દર્શન કરવા જાજ્યો.' શેખપાટના લાલજી ભક્ત લોજ ન ગયા પણ ભૂજ ગયા ત્યારે રામાનંદ સ્વામીએ તેમને શું કહ્યું?

'કહે લાલજી મોટા તે કેવા, દત્તાત્રિ કે ઋષભદેવ જેવા,
શું કે છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન.
જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી,
આ છે અવતારના અવતારી, ઘણું શું કહિયે વિસ્તારી.
સહુ ઉપર એ શ્રીહરિ, એની ઉપર નહિ કોઈ એક,
પુરણ બ્રહ્મ પુરુષોત્તમ પોતે, એને આધારે બીજા અનેક.

*(સારસિદ્ધિ ક. ૪૪)*

આ પ્રમાણે અનેક વચનામૃતોમાં તથા મોટા સંતોના ગ્રંથો કીર્તનો વગેરેમાં અતિશય મહિમા સાથે શુધ્ધ સર્વોપરી સ્વરુપનિષ્ઠા-ઉપાસનાનું ખૂબજ સ્પષ્ટ શબ્દોથી પ્રતિપાદન કરેલું છે, છતાં જેની પ્રજ્ઞા એ રીતે કેળવાઈ ન હોય તેને આ અતિ ઉત્તમ વસ્તુ પણ સમજમાં ન આવે. એ તો જ્યારે પોતાની બુદ્ધિ કે પંડિતાઈનું અભિમાન અગર દુરાગ્રહ છોડી, દઈને અતિશય નિર્માની બની મોક્ષના ખરા-ખપ સાથે ગુરુ દૃષ્ટિથી અથવા એકાંતિક મહાપુરુષની દૃષ્ટિથી જોવા-જાણવા સમજવાનો પ્રયત્ન થાય તોજ શુદ્ધ સર્વોપરી ઉપાસના યથાર્થ રીતે સમજાય છે. કારણ કે - ઉપાસનાની વાત ઘણી અટપટી છે. અઘરી કે અટપટી બાબતનો ઉકેલ પોતાની બુદ્ધિથી થઈ શકતો નથી ત્યારે તેમાં બીજા કોઈ જાણકારની સલાહ સૂચન અગર મદદની માગણી કરવી પડે છે. પૂરા અનુભવ નિષ્પક્ષ અને હિતકારી નિષ્ણાતોનો મત સર્વે માન્ય હોય છે.

જેમ આંખનું તેજ કોઈ કારણસર ઓછું થાય ત્યારે તે માણસ દૂરની વસ્તુ જોઈ શકે નહિ. તથા લખી-વાંચી પણ શકે નહિ. પછી તેને ચશ્માનો આધાર લેવો પડે છે. જેમ ચશ્માથી બધુ સ્પષ્ટ જોઈ શકાય છે, તેમજ એકાંતિકની દૃષ્ટિથી જોઈએ વિચારીએ તો અવશ્ય સર્વોપરીપણું સમજાય તેજ રીતે દૂર દર્શક યંત્રથી વૈજ્ઞાનિકો રાત્રિ-દિવસ આકાશનું નિરક્ષણ કરી આજે અનેક ઉપયોગી બાબતોનો



Final



નિર્ણય લઈ રહ્યાં છે. તથા ડોકટરો પણ સૂક્ષ્મદર્શક યંત્રથી સેંકડો રોગોનાં મૂળ કારણભૂત અતિસૂક્ષ્મ જંતુઓ પ્રત્યક્ષ જોઈને દર્દીઓનાં દુઃખ-દર્દ જલ્દી દૂર કરી શકે ટૂંકમાં વિશ્વભરનાં સર્વ કાર્યો ઉત્તમ સાધનો તે તે વિષયના નિષ્ણાતોનો અભિપ્રાય જાણી, તેમની સલાહ-સૂચન કે દોરવણી પ્રમાણે જ તન, મન અને ધનનો મોટો ભોગ આપીને પણ સૌ કોઈ કરતા હોય છે. એજ રીતે શુદ્દ સર્વોપરી સ્વરૂપનિષ્ઠાના નિષ્ણાંત અને પ્રવર્તક તથા નિરંતર શ્રીજીમહારાજની સાથે રહી તેમના હદગત અભિપ્રાયના યથાર્થ જાણકાર યોગીરાજ સ. ગોપાળાનંદ સ્વામી, પંડિતરાજ સ. નિત્યાનંદ સ્વામી, વૈરાગ્યમૂર્તિ સ. નિષ્કુલાનંદ સ્વામી અન સંતશિરોમણિ અક્ષરમૂર્તિ, સ. ગુણાતીતાનંદ સ્વામી ઈત્યાદિક મોટા નંદ સંતો ને ત્યાર પછી તેઓની શુદ્ધિ પરંપરામાં તેમનો સમાગમ કરીને શુદ્ધ સર્વોપરી ઉપાસના સંપૂર્ણ રીતે સમજેલા બ્રહ્મનિષ્ઠ સંતોમાં અમદાવાદના સ. નિર્ગુણદાસજી સ્વામી ભૂજના સ. અક્ષરજીવનદાસજી સ્વામી, મૂળીના સ. હરિનારાયણદાસજી અને જુનાગઢના સ. બાળમુકુંદદાસજી સ્વામી તથા સ. નારાયણદાસજી સ્વામીએ આદિક સાક્ષાત્કારને પામેલા એકાંતિક મહાપુરુષોની દૃષ્ટિથી જોઈએ-વિચારીએ તો તત્કાળ આવશ્યકતા નિઃસંશયપણે શ્રીજીના સ્વરૂપનો સર્વોત્કૃષ્ટ દૃઢ નિશ્ચય થાય.

- **વિવેક વિનય વગેરેની આવશ્યકતા**

શ્રીજી ધર્મપ્રિય છે સદાચારી હોય એજ એમને ગમે છે. ગુરુ ધણી કે વડીલો-કર્તવ્ય નિષ્ઠ, આજ્ઞાકારી વફાદાર સેવકોને જ હૃદયથી ચાહે છે, અને એમની કૃપા કે રાજીપો શીલવંત સેવક ઉપર જ થાય છે .મોઢેથી મોટી મોટી વાતો કરે, મહિમા ગાય પણ કહ્યું જરાય કરે નહિ તે શિષ્ય-સેવક ગમે તેવો સારો હોય તોપણ ગુરૂ અગર ધણીને દીઠો પણ ગમે નહિ. જેને ગુરૂ, ધણી કે ઈષ્ટદેવ માન્યા તેનું

ગમતું ન કરે એટલે કે આજ્ઞા-હુકમ માને પાળે નહિ, એટલું જ નહિ પરંતુ અવળો ચાલે, તેને શી રીતે સેવક માની શકાય ? આપણે વર્તન વિના મોઢેથી નિશ્ચયનું બળ બતાવીએ, સર્વોપરી એમ બોલીએ પણ આચરણ સર્વોપરી ન રાખી શકીએ, અને છતાં સ્વરૂનિષ્ઠાનું કોરે કોરૂં બળ બતાવીએ એ શ્રીજી માની લે તેવા નથી. સ્વરૂનિષ્ઠાનું ભારે બળ બતાવી મોટા થવું કે ભગવદીય બની બેસવું એ તેનું ફળ નથી. ઉપાસનાના બળનો ઉપયોગ કોઈને પોતાની સરસાઈ કહી બતાવવામાં કરવાનો નથી. પણ એ બળે પોતાના કમાદિક દોષો ટાળી જગતનાં મોહ-મમત્વ, આસક્તિ અભિમાન અને વાસના નિર્મૂળ કરી પ્રભુમાં જોડાઈ જવું એ સ્વરૂપનિષ્ઠાના બળનું મહાફળ છે. દંભ પાખંડ કે સ્વાર્થ સાધવામાં જો ઉપાસનાા બળનો ઉપયોગ થાય તો એથી બીજી કોઈ મોટી કુસેવા નથી. કેમ કે જગતમાં કોઈ પણ માણસ પોતાનું સારૂં નરસું વર્તન તથા ભાવના ગુપ્ત રાખી શકતો નથી, એકાંતમાં કર્યું હોય એ પણ જાહેર થયા વિના રહેતું નથી. તો પછી પાંચ પચીસ માણસો વચ્ચે કરેલાં દંભડોળ પાખંડ શી રીતે ઢાંક્યા રહે ? લોકોના હૃદયમાંથી ધર્મ ભાવના બીલકુલ નષ્ટ થઈ ગઈ છે એમ માની લેવું એ બહુ ભૂલ ભરેલું છે. ધર્મના બહાના નીચે જ્યારે મિથ્યાપણું જોવામાં આવે છે, ત્યારે લોકોને ધર્મ તરફ કે ધાર્મિક કહેવાતા મહાજન તરફ અતિશય અવિશ્વાસ તથા અણગમો થઈ જાય છે. અને એથી આજે અનેક લોકો ધર્મ માર્ગથી સદાને માટે દૂર થતા જાય છે. આપણા સૌના પૂર્વજો પોતાના સહવાસમાં આવનાર પામર ને પતિત માણસોને પણ ઉત્તમ ચારિત્રવાન અને પ્રભુપરાયણ બનાવી દેતા હતા. જો આપણે તેમ ન કરી શકતા હોઈએ તો આજ્ઞા, ઉપાસનામાં મોટી ખામી છે. એમ અવશ્ય કબૂલ કરવું જ પડશે.

સત્સંગમાં ચારિત્રશીલ અને ભગવન્નિષ્ઠ એવા અનેક સંતો તથા ગૃહસ્થો છે કે જેઓએ જીવનભર અતિ પરિશ્રમ વેઠી મમત્વથી



Final



નિઃસ્વાર્થપણે સત્સંગ સેવા અને ભજન ભક્તિમાં પોતાનું પવિત્ર જીવન સમર્પિત કરેલું હોય છે. આવા દર્શનીય મહાપુરુષો તરફ હંમેશાં પૂજ્યબુદ્ધિ રાખવી જ જોઈએ. કારણ કે, ઈષ્ટદેવની આજ્ઞા અને સેવા જેમણે બરાબર બજાવી હોય તેમના તરફ અણગમો કે અભાવ દર્શાવવો એ અત્યંત અઘટિત છે. સર્વોપરી ઉપાસના બાબતમાં મત ભેદ હોય તેથી કોઈને હળવા ભારે કહેવા-માનવાની ભાવના રાખવી એ બહુ ગેરવ્યાજબી છે. સર્વના તરફ સદ્ભાવના અને પરમસહિષ્ણુતા એ ગુણો દરેક અવશ્ય શીખવા જોઈએ.

સ્વરૂપનિષ્ઠાની સાચી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રથમ ધર્મનિષ્ઠ બનવું જોઈએ. જ્યાં સુધી ધર્મનિષ્ઠા એટલે આજ્ઞાપાલક થવાય નહિ ત્યાં સુધી સ્વરૂપનિષ્ઠાનું બળ પ્રાપ્ત થઈ શકે જ નહિ. સ્વરૂપનિષ્ઠાની અટલ દૃઢતા થયા પછી પણ લવા-બાદશાહના દાખલા પ્રમાણે કોઈના લીટાને અડ્યા ભૂસ્યા વિના બાજુ પર મોટો લીટો તાણીને પોતાનું મોટું કરી બતાવતા શીખવું. પણ ધર્મ ઘેલા બની કોઈના તરફ અરૂચિ, અભાવ, અવગુણ દેખાડી દ્રોહ અગર નિંદામાં ઉતરી 'निंदत नहि कोई देवकु' એ શ્રીજીની ખાસ મહત્વની આજ્ઞા છે તેને ક્યારેય પણ લોપવી નહિ. હવે આપણે શ્રીજીમહારાજે પોતે જ ચમત્કાર બતાવી જેમને સર્વોપરી દૃઢ નિશ્ચય કરાવેલો, તેવા અનન્ય ભક્તના ચરિત્રનું અવલોકન કરી આપણે સૌ સર્વોપરી અનન્ય સ્વરૂપનિષ્ઠાની અતિ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાના પ્રબળ પ્રયત્નો કરીએ.

અમદાવાદ શહેરમાં દામોદર નામના એક મુમુક્ષુ પાટીદાર રહેતા હતા. તેઓ સંતોના સમાગમથી સત્સંગનાં વર્તમાન ધારણ કરી શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થયા હતા. સાધુ સત્સંગીઓની સેવા કરવી એ એમનું મુખ્ય અંગ હતું. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે દામોદર ભક્ત પોતાનું બધું કામ કાજ છોડી દઈને. શ્રીજી અને સંતની સેવામાં અખંડ હાજર રહેતા અને

સવાર-સાંજ સંત હરિભક્તોની મોટી સભામાં હાજર થઈ જેટલો સમય મહારાજ દર્શન આપે, પોતે ઉપદેશ કરે, તથા ધૂન-કીર્તન અગર કથા-વાર્તા થાય અને મહારાજની પૂજા થાય, તેટલો સમય દામોદર ભક્ત અતિશય આસક્તિપૂર્વક એકાગ્ર દૃષ્ટિથી એક ક્ષણવાર પણ આમતેમ જોયા સિવાય મહારાજના દર્શન વારંવાર નીરખી નીરખી કરતા. સેવા-સમાગમ તથા દર્શન કરવાનો એમના મનમાં બહુજ મહિમા હતો. શ્રીજીમહારાજને વિષે એમને અત્યંત ગાઢ સ્નેહ હતો તેથી સેવા કરવા માટે તો દામોદર ભક્ત કેટલીકવાર શ્રીજીમહારાજની સાથે ગામડાંઓમાં ફરવા જતા અને હમેશાં બહુ ખંતથી કાળજી રાખી હળવામાં હળવી સેવા પણ પ્રેમથી કરતા.

એક વખત શ્રીજીમહારાજ મહોત્સવ પ્રસંગે ભક્તજનોની વિશાળ સભામાં વિરાજી જ્ઞાનોપદેશ આપી રહ્યા હતા. ચોતરફ અત્યંત ભીડ હતી. ક્યાંઈ જઈ શકાય તેમ હતું નહિ. એ સમયે મહારાજને ઉધરસ આવવાથી જરા થૂંકવાની ઈચ્છા જણાઈ, એટલે સમયસૂચક દામોદર ભક્તે તુર્તજ પોતાની પાઘડી આગળ ધરીને તેમાં થૂંકવા કહ્યું. મહારાજે હાથની સાનથી બહુ બહુ ના પાડી, છતાં તેમણે મહારાજને પાટ ઉપરથી ઊઠવા દીધા નહિ, પાઘડીમાં જ ષ્ઠીવન કરાવ્યું. આ રીતે જ્યાં જેમ ઘટે તેમ તેઓ ઉત્સાહથી સેવા કરતા!

શ્રીજીમહારાજ, હરવખત ઠેર ઠેર સમૈયો-મહોત્સવો કરતા, ત્યારે દામોદર ભક્ત સાફ સુફી કરવી, વાસણો માંજવા વગેરે એક પછી એક સેવા કર્યાજ કરતાં. કોઈ ગમે ત્યારે ગમે તેવી સેવા બતાવે તે તેઓ ધન્ય ભાગ્ય માનીને અતિ ઉત્સાહથી કરતા. તથા દેશદેશાંતરથી આવેલા સત્સંગી બાઈઓને ઉતારા આપવા અને તેમની દરેક પ્રકારે સંભાળ રાખવી એ સેવા ખાસ તેઓ કરતા.

देशान्तरागताभ्यश्च, स्त्रीभ्यो वासस्थलादि चः
माहेश्वरो ददौ दामोदरदासस्तथोचितम्

*સ.પ્ર. ૩-૨*



Final



આ વિશ્વમાં અતિ અદ્‌ભૂત અને અતિશય રમણીય સુંદરમાં પણ સુંદરતમ એવાં અનંત પદાર્થો અને પ્રાણીઓ પ્રભુએ બનાવ્યાં છે. એ પ્રભુ પોતે અનુપમ, અતુલિત મહામનોહર હોય એ સ્વાભાવિક છે. આ ન્યાયે શ્રીજીમહારાજની આંખો અતિસય આકર્ષક તથા ખૂબજ સુંદર હતી. આપણા અષ્ટ કવિઓ શ્રીજીની આંખોની ભવ્યતાનું વર્ણન કરતાં થાક્યાં જ નથી. એક સંતે પોતાનાં ઘણાં કીર્તનોમાં ભારે મહત્ત્વપૂર્ણ શબ્દોથી આંખોની અલૌકિક કરામત ગાઈ છે. શ્રીજીમહારાજનાં ફક્ત એકજ વાર દર્શન કરી કેટલાય મુમુક્ષુએ પોતાનું આખું જીવન શ્રીજી સેવામાં સમર્પણ કર્યું હતું. આવા અતિશય મન મોહક મુખારવિંદનાં વારંવાર નીરખીને દામોદર ભક્ત દર્શન કરતાં.

● **પ્રભુ કૃપાનું ફળ**

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચારેય સાધનો જેમનામાં સંપૂર્ણ હોય, તથા ઈષ્ટદેવમાં દૃઢ વિશ્વાસ અને અતિશય નિર્માનીપણે સેવા કરવાની અખૂટ શ્રધ્ધા હોય, તેના ઉપર જ પ્રભુની પ્રસન્નતા થાય છે. આ જીવાત્મા ઉપર જ્યારે પ્રભુની કૃપા થાય છે, ત્યારે તેને પ્રભુનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. પરંતુ મુમુક્ષુ જ્યારે ભક્તિ, જ્ઞાન-ધ્યાન, સેવા, દાન અગર પરોપકારની અતિ ઉચ્ચકોટિએ પહોંચે છે, ત્યારે તેનામાં સૂક્ષ્મરૂપે અભિમાન બહુધા પેસી જાય છે. જેમનામાં અભિમાનનો અંશ હોય તેમનામાંથી નિર્માનીપણું અને ગુણબુદ્ધિ વગેરે અતિ આવશ્યક સદ્‌ગુણો ચાલ્યા જાય છે. પછી તેમનામાં તપ, ત્યાગ, ભક્તિ વગેરે ગુણો ગમે તેટલાં હોય, છતાં તે પ્રભુકૃપાના પાત્ર થઈ શકતા નથી. જેમ સંસારમાં કોઈ માણસ ગરીબીમાંથી કોટ્યધિપતિ બને, છતાં સાદાઈ, ખાનદાનપણું અને દાનપુણ્યમાં ઉદારતા ન હોય, તો તે સર્વના આશીર્વાદનો પાત્ર બની શકતો નથી. દામોદર ભક્તમાં અતિ ઉત્તમ કોટિનું નિર્માનીપણું હતું તેથી તેમના

ઉપર શ્રીજીમહારાજ કૃપાદૃષ્ટિ રાખતા અને એ કૃપાના ફળરૂપે અલૌકિક ચમત્કાર જણાવીને શ્રીજીમહારાજે પોતેજ દામોદર ભક્તને સર્વોપરીપણું સમજાવી શુદ્ધ સ્વરૂપનિષ્ઠાનો દૃઢ નિશ્ચય કરાવ્યો હતો.

● **દામોદરભાઈની સર્વોત્તમ ભક્તિ :**

શ્રીનગરમાં દામોદરભાઈ રહેતા હતા. બહુજ સારા સત્સંગી અને ખૂબ સેવાભાવી, સંતો પ્રત્યે પણ કુટુંબી જેવો ભાવ. આ દામોદરભાઈનું જીવન બહુ નિરાળું હતું. એ આઠ મહિના સુધી મહેનત કરીને પૈસા રળે. પછી ચાર મહિના મહારાજની સેવામાં જોડાઈ જાય. આમ ઘણાં વર્ષો સુધી ભગવાનની સેવા કરી. પોતાના કુટુંબ માટે, પરિવાર માટે કે પોતાના દેહ માટે માણસ ઘાણીના બળદની જેમ રાત-દહાડો પરિશ્રમ કરે છે, પણ જ્યારે ભગવાન કે સંતોની સેવાની વાત આવે ત્યારે હાથ ઉંચા કરી દે છે. એવા કાચા ભક્તો માટે દામોદર ભક્તની ભક્તિ ઉદાહરણ રૂપ છે.

દામોદરભાઈને શ્રીહરિની સેવા કરવામાં બહુ આનંદ આવતો. સ્વામિનારાયણ ભગવાન એમની ભક્તિથી એમને ઘેર રાત રોકાયેલા. દામોદરભાઈનો સ્વભાવ એવો કે જો કોઈ બજારમાં નવી વસ્તુ ભાળે તો તરત જ શ્રીહરિ માટે ખરીદી લેતા. નવી વસ્તુ જોઈને એને ભગવાન યાદ આવે. સંતો યાદ આવે. એ વખતે નવાં નવાં ઘડિયાળો શોધાયાં હતાં. કોઈપણ ચીજ નવી શોધાય તો એ પહેલી શહેરમાં મળે. અમદાવાદમાં આવાં ઘડિયાળ જોયાં. એટલે અમદાવાદના દામોદર ભક્તને સંકલ્પ થયો. આવાં સરસ ઘડિયાળ ભગવાનને પહોંચાડું. ભક્તના હૃદયની એક ખૂબી હોય છે. કોઈ સારી વસ્તુ દેખે ત્યારે એને ભગવાન યાદ આવે. ચાર ઘટિકાયંત્રો લીધાં. લઈને અમદાવાદથી છેક ગઢપુર પહોંચ્યા. મહારાજની આગળ મૂક્યાં.

શ્રીજીમહારાજ રાજી થયા. આ તો બહુ સરસ છે. એક ઘટિકાયંત્ર દરબારગઢમાં, જ્યાં બહેનો રહેતાં હતાં ત્યાં મોકલ્યું.



Final



સવારે ક્યારે જાગવું, ક્યારે ધ્યાન કરવું, ક્યારે ભજન કરવું એમાં કામ લાગે. એક ઘટિકાયંત્ર સંતોના આશ્રમમાં મોકલ્યું. શ્રીજીમહારાજે ત્રીજું ઘટિકાયંત્ર અક્ષર ઓરડીએ લગાવડાવ્યું. અને ચોથું ઘટિકાયંત્ર દાદાખાચરને સોંપ્યું. ચાર ઘટિકાયંત્ર દામોદર ભક્તે અમદાવાદથી મહારાજને પહોંચાડેલાં. સ્વામિનારાયણ ભગવાને આ રીતે બધાને અનુરૂપ ઉપયોગમાં લીધાં.

● **શ્રીજીમહારાજનું નામ લઈને દામોદર ભક્તે માંદા વૈરાગી માટે જમવાનું બનાવરાવ્યું**

ઠાકોરજીની સંધ્યા આરતી થયા પછી શ્રીજીમહારાજ અક્ષર ઓરડીને વિશે બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી આદિ પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી. તે રાત્રીના અગ્યાર વાગતાં સુધી સભા પ્રસંગ ચાલ્યો. ત્યારે શ્રીજીમહારાજે સહુને ઊઠવાની આજ્ઞા કરી. ત્યારે સહુ ઊઠ્યા. તેટલામાં દર્શને આવતા દામોદરને ડેલી પાસે એક વૈરાગી મળ્યો. તેણે દામોદરને દીન વચનથી કહ્યું જે, "હું માંદો છું, ને ક્ષુધા બહુ વ્યાપી છે."

ત્યારે દામોદરને સાંભળીને મોટીબા તથા લાડુબા પાસે જઈને બોલ્યા જે, 'મહારાજને જમવું છે. માટે જમવાનું કરો.' ત્યારે તુરત બાજરાનો રોટલો ને તાંદળજાની ભાજી તૈયાર કરીને દામોદરના હાથમાં આપી. તે લઈને વૈરાગીને આપવા જતા મહારાજે ભાળ્યો. ત્યારે પૂછ્યું જે, "કોણ એ ?" ત્યારે જવાબ દીધો જે 'હું દામોદર.' ત્યારે મહારાજે કહ્યું, જે, 'હાથમાં શું છે ?' ત્યારે દામોદરે જવાબ દીધો, જે 'રોટલો લઈ જાઉં છું.'

પછી મહારાજે કહ્યું જે, "લાવો, અમારે જમવું છે.' પછી ત્યાં જમવા બેઠા ને બોલ્યા જે, 'અત્યારે રોટલોને ભાજી ક્યાથી વારું ?' ત્યારે તેણે કહ્યું જે, 'એક માંદો વૈરાગી ડેલીએ આવીને બેઠો છે.

તે ભૂખ્યો હોવાથી તમારું નામ દઈને રોટલો લાડુબા પાસે મેં કરાવ્યો.' ત્યારે મહારાજ ચોથિયું રોટલો જમીને બાકીનો રોટલો તથા ભાજી (પ્રસાદીનો કરીને) દામોદરને આપ્યાં ને બોલ્યા જે, 'જાઓ, તે વૈરાગીને ઝટ જમાડી દ્યો.' ત્યારે તે ત્યાં જઈને ખવરાવી આવ્યા. ને વળી ફેર દામોદરને તેડી (મહારાજ) વૈરાગીને દર્શન દેવા ગયા. તે પછી અક્ષર ઓરડીએ પધાર્યા. ને ચાર ઘડી રાત્રી ગયા પછી ખબર કઢાવી તો વૈરાગીએ દેહ છોડી દીધેલો. પછી દામોદરને કહ્યું જે, 'સવારે તેની દેહ ક્રિયા કરાવજો.' એમ કહીને પછી મહારાજ પોઢ્યા અને તે વૈરાગીને અક્ષરધામમાં લઈ ગયા. ને અલૌકીક આશ્ચર્ય તે જ રીતે દામોદરને શ્રીજીમહારાજે દેખાડ્યું. *(મહારાજની લીલા-૧૧)*

- **ગઢપુરમાં અમદાવાદના ભક્તોની રસોઈ ને દામોદર ભક્ત અથાણું લાવ્યા.**

એક સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે બિરાજમાન હતા ને આગળ હરિભક્ત તથા સાધુની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે અમદાવાદનો સંઘ આવ્યો. તે મહારાજને દંડવત કરીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે એમને સમાચાર પૂછ્યા ને એમને ઉતારો દીધો. પછી તે સૌ ઉતારો કરીને મહારાજ પાસે આવ્યા ને મહારાજને કહ્યું જે, "આજ અમારી રસોઈ કરાવો." ત્યારે મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, "આજ અમદાવાદના હરિભક્તોની રસોઈ છે તે ખાંડના લાડવા કરાવો." પછી બ્રહ્મચારીએ મહારાજનો થાળ કરાવ્યો તે ખાંડના લાડુનો કરાવ્યો, ને સાધુ રસોઈ કરવા મંડ્યા. ત્યાં મહારાજનો થાળ થયો, ને બ્રહ્મચારી મહારાજને તેડવા આવ્યા, જે "ચાલો મહારાજ, થાળ થયો છે." તે મહારાજ રઘુવીરજી મહારાજને ત્યાં જમવા પધાર્યા. ને મહારાજને સારું આસન નાંખ્યું, તે ઉપર મહારાજ બિરાજ્યા.

પછી રઘુવીરજી મહારાજે બાજોઠ ઢાળીને તે ઉપર થાળ મેલ્યો.



Final



ત્યારે બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવરાવ્યા ને પછી મહારાજ જમવા બેઠા. ત્યારે બ્રહ્મચારી કે, "મહારાજ જમો." ત્યારે મહારાજ જમવા મંડ્યા. ત્યારે રઘુવીરજી મહારાજે હાથ જોડીને કહ્યું જે, "મહારાજ સારી પેઠે જમો." તે સમે અમદાવાદના હરિભક્ત આવ્યા. તેમણે મહારાજને બહુ તાણ કરીને સારી પેઠે જમાડ્યા. ને બ્રહ્મચારી હાથમાં રૂમાલ લઈને મહારાજને વાહર નાંખતા જાય ને મહારાજને જળપાન કરાવતા જાય, ને રઘુવીરજી મહારાજ મહારાજને જમવાની વસ્તુ આપતા જાય, એવી રીતે મહારાજ જમતા હતા. તે સમયે દામોદર આવ્યા. તે મહારાજને વાસ્તે બહુ સારું અથાણું લાવ્યા, તે મહારાજની આગળ મૂક્યું ને હાથ જોડીને બેઠા. પછી તે અથાણું વગેરે મહારાજ સારી પેઠે જમીને દૂધ-ભાતને સાકર જમ્યા. ને પછી દૂધ પાન કર્યું, તે મહારાજને મુખે દૂધનો ધોળો દોરો પડી રહ્યો. ત્યારે બ્રહ્મચારીએ ચળું કરાવ્યું. ત્યારે અમદાવાદના હરિભક્ત મુખવાસ લાવ્યા હતા, ને મહારાજને ધર્યો. તે મહારાજ મુખવાસ જમ્યા ને પછી મહારાજ ચાખડી ઉપર ચઢીને દરબારમાં પધાર્યા. તે લીંબડા હેઠે ખુરશી ઉપર મહારાજ બિરાજ્યા.

તે સમયે મહારાજે એક ખેસ પહેરેલો ને બીજું વસ્ત્ર પાસે એકેય નહિ. તે સમયે મહારાજને ફૂલનો હાર હરિભક્તે પહેરાવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે "સાધુની પંક્તિ કરો." ત્યારે સર્વે સાધુએ આવીને પંક્તિ કરી. ત્યારે મહારાજ ખુરશી ઉપરથી ઉતરીને લાડુ પીરસવા માંડ્યા ને રઘુવીરજી મહારાજ વાંસે પંખો લઈને વાહર નાખતા. એવી રીતે મહારાજે પંગતમાં પાંચ વાર લાડુ ફેરવ્યા. ને પછી બ્રહ્મચારી પાણી લાવ્યા ને મહારાજના હસ્ત ધોવરાવ્યા ને લીંબડા તળે બાજોઠ ઉપર ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયાં ને ચાખડિયું આગળ મૂકી. તે ઉપર ચઢીને મહારાજ ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા.

તે સમયે કેસર ચંદનાદિક લઈને અમદાવાદના હરિભક્ત ઉભા હતા, તે મહારાજની પૂજા કરવા સારું આવ્યા. તે કેસર-ચંદને કરીને મહારાજને લલાટમાં અર્ચા કરીને પછી હૃદયને વિષે ને બે બાજુને વિષે ઉદરને વિષે ચંદન ચરચ્યું ને બે ચરણારવિંદે ચરચ્યું. ને પછી આરતી ઉતારી. પછી મહારાજે સર્વે હરિભક્તને ચરણારવિંદ છાતીમાં આપ્યાં. પછી સાધુની પૂજા કરી, પછી સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજે એક ઘડી વાત કરીને મહારાજ અક્ષર ભુવનમાં પધાર્યા. ને હરિભક્ત-સાધુ સર્વે ઊઠ્યા ને સૌ સૌને ઉતારે ગયા ને મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા.

● **શ્રીહરિએ દામોદરને દરવાણી બનાવ્યા.**

બીજે દહાડે સવારમાં ઉદાસ થઈને એકાએકી ચાલી નીકળ્યા. તે દામોદરે સામા આવતા મહારાજને દેખ્યા ત્યારે દામોદરને એમ જણાણું જે, 'મહારાજ આજ ઉદાસી છે.' ત્યારે દામોદર વાંસે ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "પાછા વળી જાવ." તોય દામોદર પાછા ના વળ્યા ને ચાલ્યા તે ખીમા સુતારને ત્યાં ગયા. ને ખીમે સુતારે ઢોલિયો ઢાળ્યો તે ઉપર મહારાજ બેઠા. તે મહારાજે દામોદરને કહ્યું જે, "ખડકી દઈને તું ઊભો રહેજે ને કોઈને આવવા દેશોમાં." પછી ખીમો સુતાર હાથ જોડીને ઊભો રહ્યો ને કહ્યું જે, "મહારાજ, આજ ભલે પધાર્યા ને બહુ સારું થયું તે મારું ઘર પવિત્ર કર્યું." એ રીતે મહારાજની સ્તુતિ કરી.

ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ જમવાનું છે ? ભૂખ લાગી છે." ત્યારે ખીમે સુતારે કહ્યું જે, "તમે જમો એવું તો કાંઈ નથી ને રસોઈ કરાવું." ત્યારે મહારાજ કહે, "રસોઈ નથી કરવી ને જે તૈયાર હોય તે લાવ્ય." ત્યારે ખીમો સુતાર બાજરાનો રોટલો ને ગોરસ લાવ્યા. તે પ્રથમ ઘી-ગોળને રોટલો જમ્યા ને પછી ગોરસને રોટલો જમ્યા ને પછી ચળું કર્યું. ત્યારે ખીમો સુતાર બોલ્યા જે, "તમે



Final



કહેતા જે, ભૂખ્યા છીએ" પણ કાંઈ જમ્યા નહિ." એમ કહીને મહારાજને સોપારીના કટકા દીધા. તે મહારાજ જમ્યા ને પછી ઢોલિયા ઉપર બેઠા.

ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા. તેમણે દામોદરને કહ્યું જે, "મહારાજ અહીં છે ?" પણ મહારાજે ના પાડેલી જે, 'કોઈને આવવા દેશો માં' તેથી દામોદરે કહ્યું જે, "સ્વામી, અહીંયા ઉભા રહો ને હું મહારાજને પૂછી આવું." ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "જાવ, પૂછી આવો." ને મહારાજની મરજી હોય તો જઈએ, નહિ તો પાછા વળી જઈએ."

પછી દામોદર કમાડ ઉઘાડીને મહારાજ પાસે ગયા ને કહ્યું જે, "મુક્તાનંદ સ્વામી આવ્યા છે, તેને તમારી પાસે આવવા દઉં ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આવવા દ્યો, ને બીજાને આવવા દેશો માં." ત્યારે સ્વામી મહારાજ પાસે આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ જમશો ? અમે અરધો રોટલો જમ્યા છીએ ને અરધો રોટલો છે, તે તમે જમો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "હા, મહારાજ જમું." ત્યારે અરધો રોટલો ને ગોરસ સ્વામીની આગળ મૂક્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, "ગોરસ તો નહિ જમાય ને બાજરાનો રોટલો જમું."

પછી ખીમો સુતાર ઘી લાવ્યા તે સ્વામી જમ્યા. પછી હાથ ધોવરાવ્યા. ને પછી સ્વામી મહારાજની પાસે બેઠા ને દરબારમાંથી મોટીબા, લાડુબા ને દાદો ખાચર ને બીજી ડોસિયું - એ સર્વે ખીમા સુતારની ખડકીયે આવ્યાં. ને દામોદરને પૂછ્યું જે, "મહારાજ અહીયાં છે ?" ત્યારે દામોદરે કહ્યું જે, "મહારાજ તો અહીંયા છે, ને મને મહારાજે કહ્યું છે જે, 'કોઈને અમારી પાસે આવવા દેશોમાં.' ને લ્યો હું મહારાજને પૂછી આવું ને મહારાજ કહે તો તમે આવો."

પછી પૂછવા ગયા ને તેણે મહારાજની આગળ જઈને કહ્યું જે,

"દાદો ખાચર, મોટીબા, લાડુબા, બીજી ડોસિયું આવ્યા છે, તે તમે કહો તો અહીં આવે ?" ત્યારે મહારાજ કહે, "ચાલો, આપણે જઈએ." એમ કહીને મહારાજ ઊઠ્યા ને દાદો ખાચર ને બાઈયું સર્વે ભેળા થઈને દરબારમાં ગયા. ને મહારાજ આવીને લીંબડા તળે ઘડીક બેઠા ને પછી અક્ષર ભુવનમાં પધાર્યા. ત્યાં મહારાજ પોઢ્યા. *(મહારાજની લીલા-૭૫)*

- **દામોદર ભક્ત ગુલાલ ગોટાની બે છાબ લાવ્યા ને કપૂરના હાર મહારાજને પહેરાવ્યા.**

સંતોની રીત, તેમનું વર્તન, તેને દેખીને શ્રીનગરના નિવાસી બધા લોકો અત્યંત આશ્ચર્ય ચકિત થઈ ગયા.

સંતો જ્યાં સુધી જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા ફરતા હતા. જે સમયે સંતો જમીને રહ્યા, તે વખતે તરત જ ધર્મકુમાર શ્રીહરિએ હાથ ધોઈ નાખ્યા. પછી પુરૂષોત્તમ પટેલને ઘેર જઈને શ્રીહરિ બે ઘડી પોઢી રહ્યા. જ્યારે બધા જમી રહ્યા ત્યારે બધા સંતો નદીએ સ્નાન કરવા ગયા. સહુનું વર્તન એક જ પ્રકારનું હતું. તેઓ સ્નાન કરવા શહેરની બહાર ગયા.

સ્નાન આદિ કરીને જ્યારે સંતો આવ્યા હતા ત્યારે તેમણે સુંદર તિલક કર્યા હતા. શ્રીહરિ પણ તે સમયે સભામાં આવીને બેઠા હતા. ત્રાંસા અને ચોઘડિયા વાગતા હતા. શહેરના હરિભક્તો આવવા લાગ્યા. તેઓ ફૂલના હાર લાવતા. તેને શ્રીહરિ પ્રેમથી સ્વીકારતા હતા અને તેને લીધે હરિભક્તોને પણ હેત ઘણું વધતું હતું. જેઓ ભક્ત પાસે આવતો તેને તેવા વચનથી અવિનાશી શ્રીહરિ બોલાવતા હતા. શ્રીહરિનો મહાન પ્રતાપ જોઈને કેટલાક લોકોએ પાપ કર્મ છોડી દીધાં. જ્યારે ફૂલના હાર ઝાઝા થઈ જતા ત્યારે શ્રીહરિ સંતોને તે હાર આપી દેતા. સંતોને ફૂલહાર આપ્યા પછી હરિભક્તોને આપતા. ભવ બ્રહ્મા જેવા પ્રસાદીના હાર ચાહતા હતા પણ તેમને મળતા નહિ.



Final



મેવા અને મીઠાઈઓ અપાર આવતી હતી. શ્રીહરિ તે દરબારોને પુષ્કળ આપી દેતા.

તે સમયે ઝાંઝ અને મૃદંગ લઈને સંતો વસંત રાગ ગાવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી તો કાફી, હોરી અને ધુમારના પદ ગાવા લાગ્યા. પછી બ્રહ્માનંદ સ્વામીએ પણ તે પદ ગાયા. તેમાં તેમણે કેટલાક મર્મના શબ્દ ગાયા હતા. તે પછી પ્રેમાનંદ સ્વામીએ પદ ગાયા. તેનાથી અત્યંત આનંદ અને ઉત્સવ છવાઈ ગયો હતો. દામોદર નામે જે હરિભક્ત હતા તેઓ ગુલાલ ગોટા લાવ્યા હતા. ગુલાલ ગોટાની બે છાબ લાવ્યા હતા. તેઓ વિચાર કરતા હતા. આ કોને આપશું ? અને કેમ આપશું ? પણ તે વખતે તેમાંથી એક છાબ બ્રહ્માનંદ સ્વામીએ લઈ લીધી અને બીજી છાબ શ્રીહરિને આપી. દામોદરભાઈ હારતોરા અને બાજુબંધ કપૂરના બનાવીને ઘણા પ્રેમથી લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવ્યા. વસંતી વસ્ત્ર પાંચ લાવ્યા હતા તે પણ યોગ્ય સમય વિચારીને શ્રીહરિને પહેરાવ્યા. શ્રીહરિની અત્યંત મનોહર ઘનશ્યામ મૂર્તિ નટવર બની હતી. તેમની સુંદર ચંચળ દૃષ્ટિ ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારી હતી.

શ્રીહરિએ પ્રેમથી ગુલાલ ગોટાને હાથમાં લીધો અને પછી પ્રેમથી પૂછ્યું, અરે આ શેનું ફળ છે ? તમે બતાવો તો ખરા, આને શું કરવાનું ? ત્યારે હરિભક્તોએ કહ્યું, આ તો ગુલાલનું ફળ છે. તેને આપ સાક્ષાત્ જાણો જ છો. અમને તો આપ હેત હોવાથી પૂછો છો. શ્રીહરિએ પાછા વળીને જોયું એક એક ગુલાલ ગોટો લઈને બધા દરબારોની છાતી ઉપર નાખ્યો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ છાબ લઈને તે ગુલાબ ગોટા શ્રીહરિના ઉપર નાખ્યા. ત્યારે શ્રીહરિએ તેમના હાથમાંથી છાબ ખેંચી લીધી અને હસવા લાગ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી સંતોની સભામાં બેઠા અને ગાવા લાગ્યા. તે બાબતે શ્રીહરિ તેમને મર્મ કરવા લાગ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૪, તરંગ-૧૦૦)*

- **વડતાલમાં બાર બારણાના હિંડોળે બાર સ્વરૂપે શ્રીહરિ ઝુલ્યા તે વખતે દામોદરભાઈએ શ્રીહરિને કપૂરના હાર તથા પોશાક ધરાવ્યો**

સંવત ૧૮૭૨ ની સાલમાં ફાગણ સુદ પૂનમ (હુતાશની)નો મોટો ફુલ દોલનો ઉત્સવ કરાવ્યો હતો. તેમાં શ્રીજીમહારાજ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા દેશદેશથી હરિભક્તો મોટી સંખ્યામાં આવ્યા હતા. ને દર્શન-સેવાનું ખૂબ સુખ લીધું હતું.

વડતાલ ગામના જે હરિભક્તો હતા, તેણે શ્રીહરિની આજ્ઞા લઈને શ્રીહરિને પધરાવવા માટે એક સુંદર હિંડોળો બનાવ્યો હતો. તે અલૌકિક હિંડોળો સેવા ભાવી હરિભક્તોએ મુનિવર નિષ્કુળાનંદ સ્વામીના પાસે બનાવડાવ્યો હતો. તેની અપરંપરાર શોભા હતી. તે હિંડોળામાં વિચિત્ર પ્રકારના સુંદર સોનેરી સ્તંભ કર્યા હતા અને તેને ચારે કોર ચિત્તને ખેંચે તેવા ત્રણ ત્રણ દ્વાર કર્યા હતા.

હિંડોળાની વચ્ચે ઉપર ઘુંમટ કર્યો હતો. તેના ઉપર સોનાનો કળશ મૂક્યો હતો. તેની વિચિત્ર શોભા જે હતી, તેનું વર્ણન કરતા આપણી તો બુદ્ધિ ડૂબી જાય છે. હિંડોળાની ચારે બાજુ છજાં કર્યા હતા અને છજાંની વચ્ચે એક એક ઘુંમટ રચ્યો હતો. તે બધા ઘુંમટ ઉપર ભાવે વિચિત્ર સોનાના કળશ રાખ્યા હતા. સુંદર સોનાના જે બધા ઘુંમટ હતા, તેનાં છજાં ઉપર સોનેરી રાખ્યા હતા. સુંદર સોનાના જે બધા ઘુંમટ હતા, તેનાં છજાં ઉપર સોનેરી વસ્ત્રની ઝાલર લગાવી હતી. તે છજાંઓની ચારે તરફ વિચિત્ર પ્રકારના સોનાનાં લોલક બનાવીને લટકાવી દીધાં હતાં. કળા પૂરેલા સોનાના મોર કર્યા અને તે મોરનાં વૃંદ છજાઓ ઉપર બેસાડી દીધાં. એક એક મોતીની નાની માળા મોરના મુખમાં આપી હતી. તેનો તાલ મેલ એવો થયો હતો કે વિમાન કરતા પણ તેની શોભા અધિક બની હતી.



Final



આ ભૂમિ ઉપરના વિચિત્ર અમૂલ્ય જેટલા મણિઓ હતા, તે બધા હિંડોળાના સ્તંભમાં લગાવી દીધા હતા. મોતીના તોરણ બનાવીને હિંડોળાની ચારે બાજુ બંધાવ્યાં હતાં અને સોનાની વિશાળ ઘુઘરમાળા હિંડોળાની નીચે લટકાવી હતી. તેને કોઈ જાણી શકતા નહિ. તે હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો હતો. તેની અદ્‌ભૂત શોભા બધે છવાઈ ગઈ હતી. ઓટાથી સો પગલાં જેટલે દૂર અગ્નિ ખૂણા તરફ જે આંબો હતો ત્યાં હુતાશનીને દિવસે શ્રીહરિએ નિત્ય વિધિ કરી, રસોઈ જમી, ગામની બહાર આવીને પ્યારા શ્રીહરિ આંબલે બેઠા અને શરીર ઉપર અમૂલ્ય અને અનુકૂળ કેસરી રંગના વસ્ત્ર ધારણ કર્યા હતા.

અમદાવાદના હરિભક્ત જે કેસરી વસ્ત્ર લાવ્યા હતા. તે શ્રીહરિએ પહેર્યા હતા અને દામોદર નામે અમદાવાદના હરિભક્ત કપૂરના હાર લાવ્યા હતા. તે સિવાય કપૂરના તોરા, બાજુબંધ, કડાં, પહોંચી અને કુંડળ જે કરાવીને લાવ્યા હતા તે ઉત્સાહપૂર્વક શ્રીહરિને ધરાવ્યાં હતા. સંતો અને હરિભક્તોની જે સભા થઈ, તે જાણે સરોવરમાં કમળ ખીલ્યાં હોય તેવી દેખાતી હતી. તે વખતે સંતો ઝાંઝ, મૃદંગ આદિ વાજિંત્રો લઈને હોરીનાં પદ ગાતા હતા. પ્રેમભાવથી યુક્ત થયેલા સંતો જ્યારે ઉત્સવ કરતા હતા ત્યારે આ ભૂમિ પર હોવા છતાં પણ અક્ષરધામમાં બેઠા હોય તેવી રીતે સભા દેખાતી હતી. જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિને એક એક સાકરનો હારડો લઈને અર્પણ કરતા હતા. તેનો ગણે પાર આવતો ન હતો. સહુ હરિભક્તો ખજૂર અને ખારેકના થાળ ભરી ભરીને લાવતા હતા તથા સુંદર ટોપરાના થાળ ભરી ભરીને લાવતા હતા.

જે સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ હતા, તે બધાની શ્રીહરિએ પૂજા કરી અને સહુને હાર આપ્યા. કંઠથી ઊપડે તેટલા બધા હાર સહુને શ્રીહરિએ આપ્યા અને પાર્ષદોને પણ ઊપડે તેટલા હાર આપ્યા.

શ્રીહરિની સાથે જે કાઠી દરબારો આવ્યા હતા, તે બધા જેટલા હારથી રાજી થાય તેટલા હાર તેમને આપ્યા. નિત્ય ચોકી કરનારા જેટલા પગી હતા, તે સહુને પણ શ્રીહરિએ બોલાવીને ઘણા હેતથી તેઓ મુખથી 'ના... ના...' કરતા હતા તો પણ હાર આપ્યા. *શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૫, તરંગ-૬૧)*

- **દામોદર ભક્તે શ્રીહરિ સાથે ત્રીસ વર્ષ સુધી રહીને સેવાનો લાભ લીધો હતો.**

સંવત ૧૮૭૭ ની સાલમાં શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા ને ભક્તજનોને ખૂબજ કથા-વાર્તા દર્શનનું સુખ આપ્યું હતું. શ્રીહરિ વહેલી સવારે ઉઠ્યા પછી સાબરમતી નદીએ સ્નાન કરવા માટે ગયા. જ્યારે નગરના દરવાજાઓ ખૂલ્યા ત્યારે શ્રીહરિ અમદાવાદ શહેરની બહાર નીકળ્યા. જે બાજુ બાદશાહી બાગ હતો તે માર્ગ ભક્તજન ચિત્તચોર શ્રીહરિ ચાલ્યા. સંતો, વર્ણી તથા પાર્ષદો જેટલા હતા તે શ્રીહરિની સાથે ગયા. અને જે વખતે હરિભક્તોએ સાંભળ્યું કે શ્રીહરિ સ્નાન કરવા ગયા છે એટલે તરત જ બધા તેમની પાછળ પાછળ સ્નાન કરવા આવ્યા. બાદશાહી બાગના મહેલની પાછળના ભાગ તરફ શ્રીહરિએ સ્નાન કર્યુ હતું. સ્નાન કરીને જ્યારે ધર્મકુમાર શ્રીહરિ બહાર નીકળ્યા ત્યારે પીતાંબર વસ્ત્ર પહેર્યું. તે સમયે જેટલા વિપ્ર આવ્યા હતા તે બધાને પંક્તિ બધ્ધ બેસાડ્યા.

શ્રીહરિએ તે વખતે ચટ્ ચટ્ ચાલીને સહુ વિપ્રો જે નદી ઉપર આવ્યા હતા. તેમને એક એક રૂપિયો દાનમાં આપ્યો અને તે રીતે સહુની પૂજા કરી. શ્રીહરિ જ્યારે દાન આપી રહ્યા તે પછી વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેરી લીધાં. ત્યારે જે હરિભક્તો આવ્યા હતા તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. તે હરિભક્તોએ અનુપમ અવસર જોઈને ફૂલના હાર પહેરાવ્યા અને પ્રસન્ન મનથી રૂપિયાની ભેટ મૂકી.



Final



તે હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી લીધી તે વખતે સંતો અને વર્ણીઓને સહુને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. બધા હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણીની જ્યારે પૂજા કરી લીધી ત્યારે સહુ 'જય જય ..... જય જય.....' એવા શબ્દ બોલ્યા. શ્રીહરિના અશ્વને સોનાનાં આભૂષણો અને શણગારથી તૈયાર કરીને ત્યાં લાવ્યા છે, એમ જ્યારે ધર્મકુમાર શ્રીહરિએ દેખ્યું એટલે તરત જ આવીને અશ્વ ઉપર બેઠા. પોતાના અંગો ઉપર સોનાનાં આભૂષણો ધાર્યા હતા. અને સોનાનું છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર રાખ્યું હતું.

સંતો, વર્ણી અને હરિભક્તો પ્રસન્ન મનથી તે સમયે શ્રીહરિની આગળ ચાલ્યા અને કેટલાક શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા. શ્રીહરિ નગરના દરવાજામાં જ્યારે આવ્યા ત્યારે ઢોલ અને ત્રાંસાની એક જોડ સન્મુખ આવીને વગાડવા લાગ્યા. સંતો, વર્ણી અને જે હરિભક્તો હતા, તે બધા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીનાં કહેલા શ્રીહરિની મૂર્તિની શોભાનું વર્ણન કરતા ગરબીનાં કીર્તન ગાવા લાગ્યા. શેઠ શ્યામળ પારેખના ઘરની તરફ થઈને શ્રીહરિ ત્યારે કુબેરસિંહ ચોપદારની પોળ હતી તે તરફ આવ્યા. ત્યારે ચોપદાર કુબેરસિંહ શ્રીહરિને બે હાથ જોડીને પોતાને ઘરે પધરાવ્યા અને અમૂલ્ય લાભ લીધો. તેના ભાઈ મોતીરામ પણ પોતાને ઘેર પધરામણી કરીને સુખ લીધું. ત્રણેય ભાઈઓએ પૂજા અને આરતી કરીને આ લાભ લીધો. મોતીરામના જે દીકરા હતા તે પણ શ્રીહરિની સેવામાં આવ્યા હતા. બજારથી ઉત્તર તરફના ભાગમાં જે પોળ છે તેમાં હરિહરભાઈ, રણછોડભાઈ, કાળાભાઈ, લાલદાસ અને કેવળભાઈ ઈત્યાદિક હરિભક્તો રહેતા હતા. તે સહુએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવીને પૂજા કરી. એક પાનાચંદ નામે અપાર ફેલી હતો. તેણે પણ તે સમયે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા.

એક દામોદરભાઈ નામના હરિભક્ત શ્રીહરિની ઘણી સેવા કરતા હતા. એટલે તેઓ પણ શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા અને શ્રીહરિની સેવા, પૂજા કરીને તેમને રાજી કર્યા. દામોદરભાઈએ શ્રીહરિની પાસે ત્રીશ વર્ષ સુધી રહીને પોતાના શરીરથી સેવા કરી હતી. ઘરના વરસ દિવસના ખર્ચ માટે તેઓ આઠ માસ ઘરમાં રહીને ઉદ્યમ-ધંધો કરતા હતા. પછી બાકીના ચાર માસ શ્રીહરિની સેવા કરતા હતા. તેઓ એવા હતા કે શ્રીહરિની સેવા સિવાયનું તેમને બીજું લગાર પણ સુખ ન માનતા. તેનો ભાવ જોઈને શ્રીહરિ એક બે વખત તેને ઘેર આવીને રાત રહ્યા હતા. શ્રીહરિ તો ભાવના સિવાય ક્યાંય ટકતા નહિ. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૬, તરંગ-૮૨)*

● **શ્રીહરિએ દામોદર ભક્તને આડા ચોકીમાં રાખ્યા**

સંવત ૧૮૬૬ ની સાલમાં શ્રીહરિ ડભાણમાં મોટો યજ્ઞ કરવા પધાર્યા ને તે વખતે મૂળજી બ્રહ્મચારીએ મહારાજને કહ્યું કે, પ્રભો ! જો આપ આ પુનઃ બનાવેલી રસોઈ જમો તો, આ કાર્યકર્તાઓ પણ રાંધેલી ખીચડી જમે. મુક્તાનંદે આમ કહ્યું તેથી સંતપતિ, શ્રીહરિ તત્કાલ સભામાંથી ઊઠ્યા અને કાર્યકર્તા ભક્તજનોને કહેવા લાગ્યા કે, હરે ભક્તજનો ! તમે સર્વે હવે સ્નાન કરીને ભોજન કરી લો. આ પ્રમાણે તે સર્વેને આજ્ઞા કરીને પોતે પણ સ્નાન કરવા પધાર્યા. નિત્યવિધિ કર્યા પછી શ્રીહરિએ ભોજન કર્યું. પછી પોતે સભામાં બિરાજ્યા અને સંતોને પૂછવા લાગ્યા કે હે સંતો ! હજુ કેટલું કામ બાકી (યજ્ઞનું) છે ? ત્યારે રામદાસ મુનિએ કહ્યું કે, હે ભગવન્ ! હજુ ચાર પાંચ દિવસનું કામ બાકી છે. હે રાજન્ ! તેથી શ્રીહરિએ વિચાર્યું કે જો હું અહીં ડભાણમાં જ રહીશ તો આ યજ્ઞ સંબંધી કાર્ય જલદીથી થશે નહિ. તેથી તેઓ તત્કાળ સભામાંથી ઊઠ્યા અને ઘોડે સ્વાર થઈને, ડભાણમાંથી બહાર નીકળી, ગામની ભાગોળે આવ્યા અને પોતાને વળાવવા માટે આવેલા ભક્તજનો પ્રત્યે બોલ્યા કે હે



Final



સદ્‌મતિ પ્રિયજનો ! મારા સેવક આ દામોદર ભક્તે આડી દોરેલી આ રેખાને ઉલ્લંઘીને, તમારે કોઈએ મારી પાછળ આવવું નહિ. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને, મારા દર્શનનો લોભે પણ જો તમે મારી પાછળ આવશો તો તમે ગુરુ દ્રોહી ગણાશો.

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! આમ કહીને, ઘોડે સવારોથી વેષ્ટિત શ્રીહરિ, ડભાણથી પ્રાતઃ કાળે નીકળ્યા અને સંગવકાળે (સૂર્યોદય બાજ ૫ કલાક ૪૮ મિનટિ પછીનો સમય) હાથરોલી ગામે પધાર્યા. *(સત્સંગી ભૂષણ-૨, અધ્યાય-૫૦)*

● **મહારાજ દામોદર ભક્તને કહે એ તો સર્વે અવતાર છે**

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરથી સંત પાર્ષદો તથા સત્સંગીઓનો સંઘ સાથે લઈને પ્રબોધિનીનો સમૈયો કરવા વડતાલ જઈ રહ્યા હતા. પગરસ્તે ચાલતાં ભાલપ્રદેશમાં નાનીબોરૂ નામનું ગામ આવ્યું. ગામના પાદરમાં તળાવ જોઈને સહુએ વિચાર કર્યો કે, - 'સૂર્યોદય સમય થયો છે. માટે અહીં આપણે નાહી-ધોઈને પૂજા-પાઠ કરી લઈએ' પછી સહુએ તળાવને કિનારે ઉતારા કર્યા. એ વખતે સેવાભાવી દામોદર ભક્ત પણ સાથે જ હતા. શ્રીજીમહારાજ સૌ ભક્તજનો સાથે તળાવમાં સ્નાન કરવા પધાર્યા અને ખોબા ભરી ભરીને ભક્તજનો ઉપર પ્રસાદીનું જળ ઉછાળવા લાગ્યા આથી પોતાના અત્યંત અહોભાગ્ય માની આનંદ પામેલા ભક્તજનો પણ પરસ્પર એક બીજા ઉપર પ્રેમથી જળ ઉડાડીને નિર્દોષ આનંદ લઈ રહ્યા હતા. એ સમયે તળાવને કાંઠે દામોદર ભક્તે અચાનક ઘણાં માણસો જોયાં એટલે તેમણે મહારાજને પૂછ્યું - 'મહારાજ આ માણસોમાંથી કોઈ આપણો સામાન ઉપાડી જાશે નહિને ? ત્યારે મહારાજે કહ્યું "તમે બરાબર ધ્યાન દઈને જુઓ, એ કોઈ માણસો નથી એ તો અનંત અવતારો, ઈશ્વરો તથા દેવો અમારા દરશન કરવા આવ્યા છે" પછી દામોદર ભક્તે તે તરફ બરાબર જોયું, ત્યાં તો

એ સર્વને બે હાથ જોડી નમસ્કાર કરી શ્રીજીમહારાજની સ્તુતિ-પ્રાર્થના કરતા જોયા અને થોડીજ વારમાં તે સર્વ અવતારો મહારાજને પુષ્પોથી વધાવીને અંતર્ધાન થઈ ગયા. પછી અતિ આશ્ચર્ય પામેલા દામોદર ભક્તને શ્રીજીમહારાજે કહ્યું કે, ‘‘અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય અમારી ઈચ્છાથી થાય છે. સર્વ અવતારો અમારી પાસેથી જ શક્તિ-સામર્થ્ય પામેલા છે. સર્વ અવતારના કારણ અવતારી-સર્વોપરી અમે જ છીએ અમે સર્વના નિયંતા છીએ. અમારો કોઈ નિયંતા નથી. અમે સદા સ્વતંત્ર અને સર્વ ઈશ્વરોનાં પણ ઈશ્વર છીએ. તમે અમારા અનન્ય એકાંતિક ભક્ત છો તેથી તમને આ ચમત્કાર જણાવીને અમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવ્યું છે’’ પછી દામોદર ભક્તે નમ્રતાથી કહ્યું - ‘‘કૃપાનાથ આપે પરમકૃપા કરીને મને આપના સ્વરૂપનો જેવો છે તેવો મહિમા સમજાવી સર્વોપરી દઢ નિશ્ચય કરાવ્યો એથી હું આજે કૃતાર્થ થયો છું. અત્યારે સુધી મારી આવી ચોખ્ખી સમજણ ન હતી. હવે સવોત્કૃષ્ટ જ્ઞાન શું છે તે હું યથાર્થ સમજ્યો છું.’’ આ પ્રમાણે મહારાજ અને દામોદર ભક્તની વાત સાંભળી સર્વ ભક્ત જનો મહાન આશ્ચર્ય પામી શ્રીજીમહારાજનો સર્વોપરીપણાનો સર્વોત્કૃષ્ટ મહિમા સમજ્યા. પછી સૌ પૂજા-પાઠ કરી વડતાલને માર્ગે ચાલતા થયા.

માર્ગમાં સંઘના સૌ ભક્તજનો, દામોદર ભક્તને શ્રીજીમહારાજે સર્વોપરી નિશ્ચય કરાવ્યો તે વાતો પરસ્પર કરતા હતા. સૌ વડતાલ ગયા ત્યાં પ્રબોધિનીના મોટા સમૈયામાં દેશદેશાંતરથી હજારો સત્સંગીઓ આવેલા હતા. તેમાં પણ એ સર્વોપરીપણાની ઘણી ચર્ચા થયેલી. સૌ સૌની સમજણ પ્રમાણે વાતો કરતા હતા. ત્યારે કેટલાકે સ્વયં શ્રીજીમહારાજને એ સર્વોપરી બાબતનો પ્રશ્ન પૂછીને તેનું સ્પષ્ટીકરણ કરતા આગ્રહ કરેલો. તેથી મહારાજે પોતાની પૂજા, આરતી, સ્તુતિ કરીને સભામાં બેઠેલા સર્વ સત્સંગીઓ સાંભળે તેમ



Final



પોતાનું સર્વોપરી પુરુષોત્તમપણું સ્પષ્ટ શબ્દોમાં વિસ્તારથી સમજાવ્યું હતું, તેનું ટૂંકું વર્ણન સ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી પ્ર. ૭૯ માં કર્યું છે.

પછે બોલિયા પ્રાણ જીવન, તમે સાંભળજ્યો સહુ જન,
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ. ૩૮
અતિ અપાર અક્ષરાતિત, થઈ તમારે તે સાથે પ્રીત,
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણા. ૩૯
જે જે મૂરતિ જનનેભાવે તે મૂરતિ નિજધામ પોંચાવે,
પણ સર્વેપાર જે પ્રાપતિ, તે છે તમારે કે પ્રાણપતિ. ૪૦

આમાં સ. નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજનો રહસ્યરૂપ સિદ્ધાંત કેટલી સ્પષ્ટ ભાષાથી મહત્ત્વપૂર્ણ શબ્દોમાં સંક્ષેપથી રજુ કર્યો છે, તે દરેકે ખાસ ઊંડાણથી વિચારવો જોઈએ. કોઈના તરફ અણગમો કે અરૂચિ બતાવ્યા સિવાય પોતાની માન્યતાને સર્વે શ્રેષ્ઠ માનવી, છતાં સર્વ શાસ્ત્રો, તથા સાત્ત્વિક દેવ-દેવીઓ, ઈશ્વરો, અવતારો, વગેરે સનાતન વૈદિક સિદ્ધાંતોની બધી બાબતો તરફ સદ્‌ભાવ રાખી પોતાના ઉપાસ્ય ઈષ્ટદેવમાં અનન્યનિષ્ઠા રાખવી જોઈએ એવો અનુકરણીય ભાવ અહીં દર્શાવ્યો છે.

● **દામોદર ભક્તે નથુ ભટ્ટને સર્વોપરિ નિશ્ચય કરાવ્યો**

અમદાવાદમાં વિપ્ર નથુ ભટ્ટ બહુ ઉત્તમ કોટિના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. તેઓ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની સાધુતા તથા વર્તન જોઈને અને શ્રીજીમહારાજના કેટલાક ઐશ્વર્યો પ્રત્યક્ષ જોઈને ચૂસ્ત સત્સંગી થયા હતા. પહેલાં તેઓ હવેલીમાં કથા કરતા, વૈષ્ણવ સમાજમાં તેમની ઉત્તમ પ્રતિષ્ઠા હોવાથી શહેરના શેઠિયાઓ તરફથી નથુભટ્ટને ઘણી સારી આવક હતી. સત્સંગી શેઠિયાઓ તરફથી નથુ ભટ્ટને ઘણી સારી આવક હતી. સત્સંગી થયા તેથી કેટલાક લોકોને એમના તરફ અણગમો થયો. અંદરો અંદર ચર્ચા-

વિચારણા થતાં એમ નક્કી થયું કે, "સ્વામિનારાયણનો તિલક ચાંદલો અને કંઠીનો નથુ ભટ્ટ ત્યાગ કરે તો જ આપણે એમના મુખની કથા સાંભળવી અને સંબંધ રાખવો" પછી બધા વતી કોઈ મારફતે નથુ ભટ્ટને કહેવરાવ્યું કે, "તમે સ્વામિનારાયણને ભલે માનો-પૂજાને અને મંદિરે જાઓ પણ તિલકને કંઠી વૈષ્ણવનાં રાખવાં જોઈએ, આમ કરશો તો તમારું બધી રીતે માન-સન્માન વધશે અને યશ-આબરૂ સાથે સૌની જોડે મીઠો સ્નેહ-સંબંધ બરાબર જળવાઈ રહેશે" છતાં નથુ ભટ્ટે માન્યું નહિ. અને આ રીતે અનેક પ્રકારના કાયમી લાભો જતા કરી નથુ ભટે મોટી આવકનો ત્યાગ કર્યો પણ સત્સંગ છોડ્યો નહિ તેમ તિલક ચાંદલાનો પણ ત્યાગ કર્યો નહિ. નાત જાતની પૂરેપૂરી મુશ્કેલી સહન કરીને પણ એમને નિડરપણે સત્સંગ રાખ્યો હતો.

આ પ્રમણે નથુ ભટ્ટે સત્સંગ રાખ્યો હતો તેથી દામોદર ભક્ત એમની સાથે ખૂબ સ્નેહભાવ રાખતા ને સાથે બેસી જ્ઞાન ગોષ્ઠી કરતા. હરવખત થતી વાત-ચીત ઉપરથી દામોદર ભક્તને જણાયું કે ભટ્ટજીને જેવો જોઈએ તેવો સર્વોપરી નિશ્ચય નથી. પણ એ વિદ્વાન છે તેથી આપણી વાત તેમને મનાશે નહિ પરંતુ હિતની વાત દુઃખ લગાડીને પણ કહેવી જોઈએ. આ ન્યાયે એક દિવસ દામોદર ભક્તે કહ્યું કે, "ભટ્ટ બાપા ! તમે વિદ્વાન અને વૃદ્ધ છો તેથી તમને કહેવા લાયક હું નથી, છતાં એક વાત બહુ જરૂરની છે તે તમને ખાસ સમજવા માટે કહું છું."

● **શ્રીહરિને દામોદર ભક્તે સર્વોપરી જાણ્યા**

"સ્વામિનારાયણના જેવું બીજે ક્યાંઈ નથી. સર્વથી શ્રેષ્ઠ એ એ એમ આપણે નક્કી કરી બીજું બધું છોડી દઈને સ્વામિનારાયણના આશ્રિત થયા છીએ. પરંતુ જો સમજણમાં ખામી હોય તો સર્વથી પર અને જેમાં સર્વથી અતિ અધિક મહાસુખ રહેલું છે. એવા પ્રભુના અક્ષરધામમાં જઈ શકાય નહિ. માટે આપણા ઈષ્ટદેવ શ્રી



Final



સ્વામિનારાયણ ભગવાન એ પોતે સર્વ નિયંતા, સર્વ કારણના કારણ ઈશ્વરોના પણ ઈશ્વર છે, અને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિને પ્રલય એમની ઈચ્છા અને પ્રેરણાથી થાય છે. તથા રામ,કૃષ્ણ દત્ત, કપિલ નૃસિંહ વગેરે સર્વ અવતારો પણ સ્વામિનારાયણ મહા પ્રભુપાસેથી જ શક્તિ-સામર્થ્ય અથવા ઐશ્વર્ય પ્રતાપ પામેલા છે માટે સ્વામિનારાયણ પ્રભુ સર્વોપરી છે. આ પ્રમાણે આપણી સ્વરૂપનિષ્ઠાની દૃઢ સમજણ હોવી જોઈએ." દામોદર ભક્તની વાત સાંભળીને નથુ ભટ્ટ એકદમ ગુસ્સે થઈ ગયા અને આવેશમાં આવી જઈ અલ્યા કણબા તું શું સમજે ? એમ કહી દામોદર ભક્તના ગાલ ઉપર જોરથી થપાટ લગાવી દીધી. અને બોલ્યા કે, 'ચાલ્ય મહારાજ પાસે' પછી ગાડું જોડાવી તેમાં દામોદર ભક્તને બેસાડી વડતાલ ગયા. ત્યાં મહારાજનાં દર્શન કરી નથુ ભટ્ટે કહ્યું - "મહારાજ, આ દામોદર તો શાસ્ત્રમાં ન મળે તેમ તમને સર્વોપરી એટલે અવતારોના પણ ઉપરી એમ કહે છે તો એ કેમ સમજવું ?" ત્યારે મહારાજે કહ્યું - "તમે ધ્યાનમાં બેસો જેવું હશે તેવું સમજાઈ જશે." પછી નથુ ભટ્ટ ધ્યાનમાં બેઠા એટલે સમાધિ થઈ ગઈ ને અક્ષરધામનાં દર્શન થયા. ત્યાં અનંત કોટિ મુક્ત મંડળના મધ્યમાં દિવ્ય આસન ઉપર વિરાજેલા શ્રીજીમહારાજને જોયા અને રામ કૃષ્ણાદિક અવતારો મહારાજની સ્તુતિ કરે છે એવાં નથુ ભટ્ટને દર્શન થયાં આથી તેઓ અતિશય આશ્ચર્ય પામ્યા પછી સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે બહુ સંતોષ પામી પ્રસન્ન ચિત્તથી મહારાજને દંડવત પ્રણામ કર્યા. અને વિનયથી દામોદર ભક્તને રાજી કરી પોતાના ગુના બદલ તેમની માફી માગી અભિમાન દૂર કર્યું. આ રીતે દામોદર ભક્તને નિશ્ચયની અડગ દૃઢતા હતી. તેથી તેઓ કોઈના પ્રસંગથી નિશ્ચયથી ચલાયમાન થતા નહિ એટલું જ નહિ પણ નથુ ભટ્ટ જેવા વિદ્વાનને પણ પોતાનો રંગ લગાડી ગઈ સર્વોપરી સ્વરૂપનિષ્ઠાવાળા બનાવી દીધા. આવી અતિ ઉત્તમ સ્થિતિ જોઈને સ્વયં શ્રીજીમહારાજે એમની પ્રશંસા કરેલી છે.

## ● નિર્માની દામોદર ભક્ત

એક સમય દામોદર ભક્ત અને એક સાધુ એ બંનેયને પરસ્પર વાત-ચીતનો પ્રસંગ ચાલતાં જ્ઞાનચર્ચા થયેલી. તેમાં તે સાધુએ તમોગુણના આવેશથી દામોદરબાઈને ધોલ મારી દીધી છતાં તે કાંઈ પણ બોલ્યા નહિ, તેમ ક્રોધ પણ કર્યો નહિ. પછી જ્યારે વાત મહારાજે જાણી ત્યારે તે સાધુને બોલાવીને ઘણો ઠપકો આપ્યો. પછી દામોદર ભક્તને કહ્યું કે, ‘‘મહારાજ ! એ સાધુ તો મારા પિતા તુલ્ય છે. પિતા હોય તે દીકરાને મારે ખરા. એ તો એમનો હક છે. કોઈ ધખે-વઢે, ટોકે અગર મારે તો જ આ જીવ સરખો ચાલે એવો છે. સાધુ વિના અમને બીજા કોણ શુદ્ધ બનાવી શકે તેમ છે ? મારા સાચા હિતૈષી સાધુઓને જ્યારે તમે ઠપકો આપશો ત્યારે અમારી ખોટ-ખામી કોણ દૂર કરશે ?’’ આ પ્રમાણે દામોદર ભક્તની સાધુ-સત્સંગીઓને વિષે આત્મબુદ્ધિ જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા.

## ● ‘‘લાવો હું ગાંઠ છોડી દઉં’’

એક વખત શ્રીજીમહારાજ કેટલાક ભક્તજનો સહિત ગુજરાત પ્રદેશનાં ગામડાઓમાં વિચરણ કરી રહ્યા હતા. દામોદર ભક્ત પણ સાથે હતા. એક દિવસ શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસી સૌ ભક્તજનો સહિત એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. માર્ગમાં મહારાજે પેસાબ કરવા માટે ઘોડીએથી નીચે ઊતર્યા અને નાડીની ગાંઠ છોડવા લાગ્યા પણ છૂટી નહિ. હીરની નાડી હતી, ગાંઠ ખૂબજ બેસી ગયેલી, બે ત્રણ જણાએ ગાંઠ છોડવાનો પ્રયાસ કર્યો પણ ગાંઠ છૂટતી ન હતી અને શ્રીજીમહારાજ મનુષ્યભાવ દર્શાવી વિશેષ અકળામણ બતાવી રહ્યા હતા. હવે શું કરવું એ વિચારમાં સૌ હતા. ત્યાં અચાનક દામોદર ભક્ત પાસે આવ્યા અને કહ્યું - ‘‘લાવો હું ગાંઠ છોડી દઉં, એમ કહી બહુ ઝડપથી પોતાના દાંતથી નાડી તોડી નાખી. આ રીતે દામોદર ભક્તની સમય સૂચકતા જોઈને સહુ એમની પ્રશંસા કરવા લાગ્યા.



Final



## ● દામોદર ભક્તે શ્રીહરિનું કણું કાઢ્યું

એક વખત શ્રીજીમહારાજની આંખમાં કણું પડ્યું તે ખૂબ ખટકવા લાગ્યું. એક બે ભક્તજનોએ કણું કાઢવાની કોશિશ કરી પણ નીકળ્યું નહિ. કણું ખૂબજ ખટકતું હતું, તેથી મહારાજને ઘણું કષ્ટ થઈ રહ્યું હતું, એ જોઈને દામોદર ભક્તે કહ્યું - ‘‘મહારાજ હું કણું કાઢવામાં બહુ હોંશિયાર ગણાઉં છું. તમે કહો તો એક ક્ષણ વારમાં કણું કાઢી આપું. આપને જરાય તકલીફ નહિ થાય’’ મહારાજે હા કહી એટલે તરત જ દામોદર ભક્તે આંખની પાંપણ હાથથી ઉથલાવી પોતાની જીભના ટેરવાથી ચતુરતાપૂર્વક ઝડપથી કણું કાઢી લીધું. શ્રીજીમહારાજની આંખ તુરત જ હળવી ફુલ જેવી થઈ ગઈ, એટલે હસીને બોલ્યા કે ‘‘તમે કામ તો બહુ સરસ કર્યું, પણ અમારી આંખ અભડાવી’’ ત્યારે તેણે કહ્યું ‘જગત અભડાય પણ પરબ્રહ્મ તે વળી ક્યાંઈ અભડાતું હશે ! કણું આંખમાં ખુંચી ગયું હતું. તે જો મેં ન કાઢ્યું હોત તો તમને ત્રણ દિવસ સુધી નિંદર પણ ન આવે એવો આકરો ખટકો ઉપડત, માટે મારે આ રીતે કણું કાઢવું પડ્યું છે. (જીભથી કણું કાઢવામાં કુશળ સ્ત્રી-પુરુષો અત્યારે પણ કેટલેક સ્થળે હયાત છે)

પછી દામોદર ભક્ત સખાભાવથી શ્રીજીને કહ્યું - ‘‘લોકમાં કોઈ સારું કામ કરી આપે તો તેનાં વખાણ થાય ને ઈનામ મળે, અને તમે તો ઉલટા સારા કામમાં ખોટ કાઢો છો તે ફરીથી તમારું કામ કરશે કોણ ?’’ આ રીતે દામોદર ભક્તની પ્રેમપૂર્ણ મર્મભરી વાણી સાંભળીને મહારાજ પ્રસન્ન થયા અને તેમને સ્વહસ્તે પુષ્કળ પ્રસાદ આપ્યો. ત્યારે તેમણે એ પ્રસાદ સહુ ભક્તજનોને વહેંચી આપ્યો પછી વિનય પૂર્વક બોલ્યા કે -

‘‘મહારાજ ! તમે ખાલી પ્રસાદ આપીને કામ પતાવી લો એમ નહિ ચાલે, જેમ અમે તમારું કામ કર્યું તેમ તમારે પણ અમારું કામ

કરી આપવું પડશે'' ત્યારે મહારાજે કહ્યું, ''ભક્તવર્ય ! તમે અમને જે કામ બતાવશો તે અમે ચોક્કસ કરી આપીશું, બોલો, તમારે શું કામ છે ?'' ત્યારે દામોદર ભક્તે કહ્યું - ''કૃપાનાથ ! અમારી હૃદયરૂપી આંખમાં માયારૂપી મોટું કણું પડ્યું છે તે તમે કાઢી નાખજો. અહં-મમત્વરૂપ એ માયારૂપી કણું ખુબ જ ખટકે છે અને એવું દુઃખ આપે છે કે જેથી અમે બેભાન બની ગયા છીએ. કણા જેટલી વાસના કે આસક્તિ હોય તોપણ મોક્ષ બગાડી દે, માટે અમારા ગુના માફ કરી એ અમારૂં કણું કાઢી નાખવાની તમે જરૂર કૃપા કરજો, નહિતર એ કણું અમને તદ્દન આંધળા બનાવી ભવાટવીના ગોથાં ખવરાવ્યા કરશે. હૃદયમાં અતિ ઊંડું પેસી ગયેલું એ માયારૂપી કણું આપની કૃપા વિના કેવળ અમારા દાખડાથી નીકળે તેવું નથી માટે જરૂર કૃપા કરજો.'' આ પ્રમાણે ભક્તની સમયોચિત પ્રાર્થના સાંભળીને શ્રીજી અને સૌ સંતો તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા, એ દામોદર ભક્તના પુત્ર દયારામ હતા, તેમના મફતલાલભાઈ અને એમના પુત્ર કાંતિલાલભાઈ હાલમાં વિદ્યમાન છે. દામોદર ભક્તની વંશ પરંપરામાં અત્યાર સુધી સત્સંગ અને સેવાભાવ ઉત્તમ પ્રકારે જળવાઈ રહેલ છે. અમોએ અમદાવાદના સ. શાસ્ત્રી શ્રી ચૈતન્યદાસજી સ્વામી વગેરે જુના સંતો પાસેથી દામોદર ભક્તની માહિતી મેળવી છે.

● **નીચે ટેલની સેવા**

અમદાવાદના શ્રીહરિના પરમકૃપાપાત્ર ભક્તરાજ શ્રી દામોદરભાઈની સેવા સત્સંગમાં ખૂબજ પ્રસિદ્ધ છે. અને પ્રેરણા લેવાય તેવા નોંધપાત્ર પ્રસંગો સંતોના મુખે પરંપરાથી સાંભળવા મળે છે. જેની નોંધ શાસ્ત્રોમાં પણ કદાચ ન લેવાઈ હોય. તો આપણે દાસાનુંદાસ પણે અને નિર્માનીપણે મુક સેવા કરતા દામોદરભાઈના પ્રસંગો જોઈએ.



Final



દામોદરભાઈ ત્રીસ વર્ષ સુધી શ્રીહરિ સાથે રહીને ઘણીજ નાની મોટી સેવા કરતા તેમાં પોતે વર્ષની અંદર આઠ માસ ઉદ્યમ કરતા અને ચાર માસ અખંડ શ્રીહરિની તથા સત્સંગ અને સંતોની મહિમાથી સેવા કરતા.

શ્રીહરિ જ્યારે સભામાં બિરાજમાન ત્યારે કથા-વાર્તા કીર્તન કે ઉપદેશની વાતો શ્રીહરિ કરતા હોય. તે પ્રસંગે શ્રીહરિને થૂંકવાનું થતું ત્યારે તરત જ અવકાશ જોઈને દામોદરભાઈ પોતાની પાઘ ધરતા ને તેમાં શ્રીહરિ થૂંકતા આ સેવા કેટલો મહિમા હોય, કેટલી સમજણ હોય, અને મહારાજને સર્વોપરીપણે જેમ છે તેમ સમજ્યા હોય તો જ થઈ શકે આવી સેવાની તક દામોદરભાઈ જવા દેતા નહી.

● **શ્રીહરિ સાથે દામોદરભાઈની એકતા**

એકવાર દામોદરભાઈ સુરત ગયેલા ને ત્યાં બાઈ ભક્તોએ શ્રીહરિ માટે સારા ચોખા મોકલ્યા કે ચોખા ગઢપુર શ્રીહરિને પહોંચાડજો જેથી તેમના થાળમાં રોજ વપરાય અને શ્રીહરિ રાજી થાય.

સુરતથી ચોખા લઈને દામોદરબાઈ સીધા જ અમદાવાદ પોતાને ઘેર આવ્યા. ને વિચાર કર્યો કે આ ચોખા શ્રીહરિ ગઢપુરમાં જમવાના છે. ને તે ચોખા અહીં જમે તો પણ શું ફેર પડવાનો ! ત્યાં જમે કે અહીં જમે, આમ વિચાર કરીને અમદાવાદમાં રહ્યા થકા. બધાજ ચોખા રોજે રોજ રસોઈ બનાવીને શ્રીહરિને થાળ જમાડીને તે પ્રસાદી જમી જતા.

સુરતના હરિભક્તો બાઈ-ભાઈ સંઘ લઈને ગઢપુર મહારાજનાં દર્શને આવ્યા. ને પછી શ્રીહરિને પૂછ્યું કે, મહારાજ ! અમે મોકલાવેલા ચોખા મળી ગયા ? ત્યારે શ્રીહરિ કહે કોની સાથે મોકલ્યા હતા ? ત્યારે બાઈઓ કહે મહારાજ અમે દામોદરભક્ત સાથે મોકલાવ્યા હતા. ત્યારે મહારાજ બોલ્યા કે મળી ગયા.

થોડા સમય પછી દામોદરભાઈ ગઢપુર શ્રીહરિના દર્શને ગયા ને શ્રીહરિને સભામાં પગે લાગ્યા. ત્યારે મહારાજે દામોદર ભક્તને કહ્યું ! દામોદર ! પેલા સુરતના બાઈઓએ મોકલેલા ચોખાનું શું થયું. ત્યારે દામોદરભાઈ બોલ્યા કે, મહારાજ ! જમી ગયા છો તોય પૂછો છો ? તમને જમાડીને તો હું રોજ પ્રસાદી જમતો હતો. આવી હતી મહારાજ અને મુક્તોની એકતા.

**● દામોદરભાઈના નિયમની દઢતા**

દામોદરભાઈના ધર્મપત્ની દેહ મૂકી ગયા ને શ્રીહરિ સાથે અક્ષરધામમાં ગયા. દામોદરભાઈ વિધૂર થયા. તેમને રોજ રામપ્રતાપભાઈના દર્શન કરીને પછી જ જમવું. આવો તેમને રામપ્રતાપભાઈ સાથે દઢ સ્નેહ હતો. એકવાર દામોદરભાઈ. રામપ્રતાપભાઈ પાસે બોલી ગયા કે હવે આ જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે મારે મા-બેન છે. પછી તેમને રહેવાયું નહિ તેથી તેમણે બીજા લગ્ન કર્યા. ને રોજ તેમના નિયમ મુજબ રામપ્રતાપભાઈના દર્શને જાય. દામોદરભાઈએ બીજા લગ્ન કર્યા તે વાત રામપ્રતાપભાઈના જાણવામાં આવી. પછી જ્યારે દામોદરભાઈ નિયમ મુજબ દર્શને આવ્યા ત્યારે રામપ્રતાપભાઈ હાથમાં લાકડી લઈ રીશ કરીને મારવા પાછળ દોડ્યા ને બોલ્યા સસુર કિસ બ્રહ્માંડ સે પત્ની લાયે હો. તે સાંભળી દામોદર એકદમ દોડીને જતા રહ્યા. પરંતુ તેમણે જે દર્શને જવાનો નિયમ હતો તે તોડ્યો નહિ. તે જ્યારે રામપ્રતાપભાઈ સ્નાન કરતા હોય કે જમતા હોય ત્યારે બારણે રહીને દર્શન કરી જય સ્વામિનારાયણ કહીને ભાગી જતા. *(સતંપરંપરાથી સાંભળેલ વાતો)*

**● દામોદરભાઈ તથા જેરામ બ્રહ્મચારીને શ્રીહરિએ મનાવ્યા**

કોઈ સમયે મહારાજ વડતાલમાં રામપ્રતાપભાઈના બંગલામાં બિરાજમાન હતા તે વખતે સમૈયે આવેલા હરિજનો માટે મહારાજે દામોદર ભક્તને કહી રાખેલું હતં કે 'જેના થાળ હોય તેને પૂજા કરવા



Final



આવવા દેવા' તેથી દામોદર તે બંગલાના દાદરા પાસે ઉભા હતા ને જેનો થાળ હોય તેને જ મહારાજ પાસે જવા દીયે પણ બીજા કોઈને જાવા દીયે નહિ. તેવામાં ગામ મેઉના ભાવસાર ભૂખણદાસના દીકરા મંછારામ અને તુલસીદાસ તે મહારાજની પૂજા કરવા સારું ચંદન, પુષ્પ, વસ્ત્ર આભૂષણ ઈત્યાદિક સામગ્રી લઈને જેરામ બ્રહ્મચારીને ભેળા લઈ આવ્યા પણ દામોદર ભક્તે રોક્યા ને કહ્યું 'જેનો થાળ હોય તે જ પૂજા કરવા જાય એવી આજ્ઞા છે' ત્યારે જેરામ બ્રહ્મચારી કહે 'આની તો રસોઈ છે ને થાળ પણ છે' તો પણ દામોદર ભક્તે ન જાવા દીધા ને ખેંચતાણ કરતાં બેય જણા બાથોબાથ આવ્યા ને જેરામ બ્રહ્મચારી દામોદરને હેઠો પાડીને ઉપર ચડી બેઠા ત્યારે તે બધુ મહારાજ ઉભા ઉભા જોતા હતા. પછી જેરામ બ્રહ્મચારી ઉભા થઈને બોલ્યા ! જે "મહારાજ તો રૂપિયા રૂપિયાનો થાળ કરાવે તને પૂજા કરવા દે છે ને તમે તો બસો રૂપિયાની રસોઈ આપી તેમાં શું પૂજા કરાવે ?" એમ કહીને ચાલી નિસર્યા ત્યારે મહારાજ બોલ્યા જે "એ જેરામ બ્રહ્મચારી ! આવો આવો પૂજા કરાવો" ત્યારે તે હરિભક્તોએ જઈ મહારાજની પૂજા કરી.

પછી બીજે દિવસે નિત્યાનંદ સ્વામીના બંગલામાં મહારાજે જેરામ બ્રહ્મચારીને બોલાવી ને કહ્યું જે "તમારે પાડોશ કેનો હતો ? કેમ જે બ્રાહ્મણને આટલો ક્રોધ હોય નહિ માટે કોળી કે મુસલમાનનો પાડોશ હશે ?" ત્યારે બ્રહ્મચારી લાલચોળ થઈને રીસાઈ ગયા. પછી મહારાજે દામોદરને કહ્યું "જેરામ બ્રહ્મચારી આકરા છે તે કૂવે પડીને મરશે તેની બ્રહ્મહત્યા દામોદરને લાગશે' ત્યારે દામોદર આકુળ વ્યાકુળ થઈને બ્રહ્મચારીને ખોળવા માંડ્યો પણ ક્યાંઈ મળ્યા નહિ. પછી સાંજને વખતે કોઈકે કહ્યું "બ્રહ્મચારી ધર્મશાળાના ભંડકિયામાં સૂતા છે ત્યારે દામોદર ત્યાં જઈને તેને તેડી લાવ્યો પછી મહારાજે તે બેયને અરસ-પરસ દંડવત્ કરાવીને મનાવ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૮)*

● **શ્રીહરિ અને ભક્તની એકતા**

એક વખત શ્રીનગરમાં દામોદરે શ્રીજીમહારાજ પાસે માગ્યું કે "હે મહારાજ ! તમારે હોઠે જે શ્વેત બિંદુ છે તે મને આપો ને તમને એ મટી જાય" ત્યારે મહારાજે એ તેમને આપ્યું તેથી એને થયું ને મહારાજને મટી ગયું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૨)*

● **અમદાવાદના રળિયાતબાનો સંકલ્પ શ્રીહરિએ પૂરો કર્યો**

અમદાવાદના ભક્તો મહારાજ પ્રત્યે બહુ પ્રીતિવાળા હતા. એકવાર મહારાજ મોહનભાઈને ઘેર સંતો સાથે પધાર્યા. મોહનભાઈએ સુંદર બાજોઠ ઉપર બેસાડી કેસર ચંદન ચર્ચી પુષ્પહાર પહેરાવી થાળ જમવા આપ્યો. ખૂબજ પ્રેમથી મહારાજ થાળ જમ્યાં ને સંતોને જમાડ્યા મોહનભાઈના ઘરની બાજુમાં જ રળિયાતબાઈ રહેતા હતા. તેમને ભગવાનમાં શ્રદ્ધા પણ સ્વામિનારાયણ ભગવાન છે એમ શ્રધ્ધા નહોતી. તેમણે મનમાં સંકલ્પ કર્યો કે ભગવાન મારું નામ લઈને ઘરમાં આવે, મેં ગુલાબપાક, કોપરાપાક કર્યા છે તે માંગી લે તો માનું ભગવાન ખરાં ! મહારાજ મોહનભાઈના ઘેરથી નીકળ્યા ને બાજુનાં ઘરમાં જવા લાગ્યા. ત્યારે બીજા હરિભક્તો કહે મહારાજ ! અહીં કોઈ સત્સંગી નથી રહેતું. મહારાજ કહે ચાલો તો ખરા. મહારાજે રળિયાતબાઈનું નામ લઈ બારણું ખખડાવ્યું ત્યારે થોડી ખાત્રી થતાં બારણું ખોલ્યું. પછી મહારાજે રળિયાતબાઈએ સંકલ્પ કર્યો હતો તે જ પ્રમાણે ગુલાબપાક-ટોપરાપાક માગીને જમ્યા. તેથી રળિયાતબાઈને ભગવાન વિષે અચળ નિષ્ઠા થઈ. ને મહારાજે પ્રણામ કર્યા. ને પ્રાર્થના કરી. આમ શ્રીહરિએ ભક્તજનોના સંકલ્પો પૂરા કર્યા છે તેથી તેમનું નામ ભક્તમનોરથપૂરક પડ્યું છે. *(સંતપરંપરાથી સાંભળેલ વાત)*



Final



● **અમદાવાદના સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી (પુરાણી)**

નિત્યાનંદ તણા સુશિષ્ય, સુમતિ જ્ઞાતાજનો સૌ કહે ।
ભૂમાનંદ મુનિ ભલા ભગવદી, વૃતાલયે તે રહે ॥
સાધુતા ગુણ શ્રેષ્ઠ શ્રીહરિ તણી, લીલા સદા ઉચ્ચરે ।
બેસીને હેઠ આસને પ્રભુતણું, જે ધ્યાન નિત્યે ધરે ॥
*(શ્રીહરિ લીલામૃત કળશ-૧, વિશ્રામ-૨)*

સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ અમદાવાદ હતું. જ્ઞાતિએ કણબી પટેલ અને તેમનું નામ કહળાભાઈ હતું.

અમદાવાદમાં મોટી સાલેપરી નામની પોળમાં કડવા પાટીદાર જ્ઞાતિનું એક કુટુંબ રહેતું હતું. આ કુટુંબમાં કાકાના પુત્ર અને મોટા બાપાના પુત્ર આ પ્રકારના સંબંધથી પરસ્પર ભાઈના સંબંધવાળા બે મુમુક્ષુ સત્સંગી હતા. તે બન્ને માશીયાય ભાઈઓ પણ હતા. તે બન્નેને સાધુ થવાની ઈચ્છા હતી. આ બન્ને ભાઈઓ પૈકીના એક ભાઈ (પવિત્રાનંદ સ્વામી) ના લગ્ન થઈ ગયેલા તેથી તેના સસરા પક્ષ તરફથી તેમને સાધુ થવામાં વિરોધ હતો. પરિણામે તેના પિતાશ્રી તેને સાધુ થવાની રજા આપતા નહીં. વિરોધ ટાળવા માટે અને સાધુ થવાની સંમતિ મેળવવા એ મુમુક્ષુ પોતાની મેળે જ ભગવા વસ્ત્રો પહેરી સાધુના વેશમાં રહેવા લાગ્યા. તેનો આ પ્રકારનો વ્યવહાર જોઈને તેના સસરા પક્ષના લોકોએ તેને સાધુ થવાની સંમતિ આપી એટલે તરત જ તેના પિતાએ પત્ર લખી આપ્યો કે મારા પુત્રને સાધુ થવું હોય તો તે માટે હું અનુમતિ આપું છું અમે ખુશી છીએ. આ પત્ર લઈને તથા પિતાની આજ્ઞા લઈને તે બન્ને મુમુક્ષુ સત્સંગી અને તેની માટેનો સંમતિ પત્ર લઈને સાથે આવનાર તેનો ત્રીજોભાઈ આ ત્રણેય વ્યક્તિઓ ગઢપુર આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યા. પછી તેના પિતાએ લખેલ પત્ર શ્રીહરિને આપ્યો અને કહ્યું કે, "અમારે બન્નેને સાધુ થવું છે અને અમારા પિતાનો સંમતિ પત્ર લઈને અમારા આ ત્રીજાભાઈ અમને બન્નેને અહીં મૂકવા આવ્યા છે."

શ્રીહરિએ તે સંમતિપત્ર વાંચ્યો અને કહ્યું કે, "આ પત્રમાં તો એકને જ સાધુ થવાનું લખેલ છે." ત્યારે પત્રમાં જેનું નામ હતું તે મુમુક્ષુ કહે, "મહારાજ ! એક જ ગામના અમે એકજ કુટુંબના બે ભાઈ માટે જુદા-જુદા પત્રો હોય નહીં અને મારા આ બીજા મોટા બાપુના પુત્રને તો તેના પિતાએ પ્રથમથી જ સાધુ થવાની સંમતિ આપી છે." આ વાતના સમર્થનમાં બીજા મુમુક્ષુએ કહ્યું કે, "તેના લગ્ન થયા હતા તેથી તેને સાધુ થવામાં વિરોધ હતો એટલે જ આ પત્ર તેને માટે લખવો પડ્યો અને મને તો મારા પિતાએ પ્રથમથી જ રજા આપી છે અને આ મારો ભાઈ પણ રસ્તામાં મને કહેતો હતો કે તું સાધુ થા તેમાં અમે ખુશી છીએ." બન્ને મુમુક્ષુની વાતને તે બન્ને સાથે આવેલા ત્રીજા ભાઈએ સમર્થન આપ્યું.

બન્ને મુમુક્ષુની વિશુધ્ધ ભાવના અને યોગ્યતાનો વિચાર કરીને શ્રીહરિએ બન્નેને સાધુ દીક્ષા આપી. જેના લગ્ન થયા હતા અને જેને માટે સંમતિપત્ર પણ લખાયેલો તેને દીક્ષા આપીને તેનું નામ 'પવિત્રાનંદ' રાખ્યું. અને બીજા મુમુક્ષુને દીક્ષા આપીને તેનું નામ 'ભૂમાનંદ' રાખ્યું. બંને સંતો સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીના શિષ્ય તરીકે રહ્યા હતા. ભૂમાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરતા અને સ્વામીશ્રીની સેવા કરીને તેમને પ્રસન્નતા પ્રાપ્ત કરેલી. પુરાણો, ઈતિહાસો, ધર્મશાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરીને સ્વામીશ્રીએ વિદ્વતા પ્રાપ્ત કરેલી. તેઓશ્રી ઉત્તમ કોટિના વક્તા હોવાથી શ્રીહરિલીલામૃત ગ્રંથમાં શરૂઆતમાં સ્વામીશ્રી તથા વસો ગામના વાઘજીભાઈનો સંવાદ દર્શાવેલ છે. શ્રીહરિના લીલા ચરિત્રનો અનુભવ કરનાર આ ભૂમાનંદ સ્વામીએ શ્રીહરિના ચરિત્રનો એક વાર્તા ગ્રંથ લખેલ છે જે "ભૂમાનંદ સ્વામીની વાતો" નામથી પ્રસિદ્ધ છે. જે સાલવારની લીલાઓ તેમાં લખી છે.



Final



મુંબઈમાં ૧૯૪૨ માં નિત્યાનંદ સ્વામીના શિષ્ય ભૂમાનંદ સ્વામી પધારેલા, અને અહીં ધ.ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના વખતથી સત્સંગ થયેલો. તે વખતે બંગલાઘાટનું નાનું મંદિર ભૂમાનંદ સ્વામીએ બંધાવ્યું હતું. ને તેમાં પ્રથમ શ્રી ગોલોકવિહારી મહારાજની સંવત ૧૯૪૨ માં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

શ્રીહરિ સાથે ઘણી જગ્યાએ વિચરણમાં તેમનું નામ સેવામાં આવે છે. સ.ગુ. ભૂમાનંદ સ્વામી વડતાલમાં પંચભૌતિક દેહને તજીને અક્ષરવાસી થયા.

● **અમદાવાદના સ.ગુ. પવિત્રાનંદ સ્વામી**

'રૂડા પવિત્રાનંદ પુરાણી રે' (નંદમાળા - મંજુકેશાનંદજી) પવિત્રાનંદ સ્વામી અને ભૂમાનંદ સ્વામીના પૂર્વાશ્રમના સંબંધની વાત સ.ગુ. ભૂમાનંદ સ્વામીના જીવન ચરિત્રમાં વિસ્તૃત વર્ણવેલ છે. તેઓનું પૂર્વાશ્રમનું નામ આણંદભાઈ હતું. પવિત્રાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીના શિષ્ય હતા. સ્વામી પાસે જ વિદ્યાભ્યાસ કરીને ઉત્તમ કોટીના મુક્ત થયા હતા. હરિલીલા પ્રદિપ ગ્રંથમાં પવિત્રાનંદ સ્વામી અને રામચંદ્ર વૈદ્યનો સંવાદ છે. પવિત્રાનંદ સ્વામી બાંધકામ કાર્યમાં કુશળ હતા. વડતાલ, જુનાગઢ, સુરત, વડોદરા વગેરે ગામોના મંદિરોની બાંધકામમાં તેમણે ખૂબજ સેવા કાર્ય કરેલ છે. વડતાલ મંદિરનો અજાયબી સમાન સભામંડપ પવિત્રાનંદ સ્વામીએ બંધાવેલો છે.

એક વખત પવિત્રાનંદ સ્વામી બીમાર થયા. તેથી નડિયાદ જઈને મંદિરમાં રહીને વૈદ્યની દવા લેતા હતા. એ સમયમાં ભૂમાનંદ સ્વામી. પવિત્રાનંદ સ્વામીને મળવા ત્યાં ગયા. બન્ને સંતોએ પરસ્પર શ્રીહરિની લીલાઓ સંભારી સુખ દુઃખની વાત કરી. ત્યારે ભૂમાનંદ સ્વામી કહે શ્રીહરિ ધામમાં ગયા પછી દેશકાળ ખૂબ જ વિપરીત

થયા છે. ત્યારે પવિત્રાનંદ સ્વામી કહે તમારી વાત સાચી છે. પંરતુ આપણે તો આપણા નિયમ ધર્મોમાં દઢનિષ્ઠા રાખવી. બાકી તો ધાર્યું ભગવાનનું જ થાય છે.

સ.ગુ. પવિત્રાનંદ સ્વામી સંવત ૧૯૩૫ ની સાલમાં અષાઢ વદ-૧૦ ના દિવસે વડતાલમાં દેહ તજીને અક્ષરવાસી થયા. સુમિત્રાનંદ સ્વામી પવિત્રાનંદ સ્વામીના શિષ્ય હતા.

● **નિર્માની બ્રહ્મચારી વાસુદેવાનંદજી સ્વામી**

એક વખત અમદાવાદમાં બ્ર. વાસુદેવાનંદજીએ પોતાનું પુસ્તક સત્સંગીભૂષણનું લેખન કાર્ય પૂર્ણ કરી સભામાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે વાંચ્યું. તેથી આચાર્યશ્રી ખૂબજ પ્રસન્ન થયા અને બ્રહ્મચારીની પ્રશંસા કરીને તેમને મહિમાથી પગે લાગ્યા. તેથી બ્ર. વાસુદેવાનંદજી બોલ્યા કે, "મહારાજ ! આપ મારા ગુરુ અને હું તમારો શિષ્ય છું. અને તમોએ મારા વખાણ કર્યા તે મારા ધામમાં ગયા પછી મારા શબને બાળીને રાખ ધોઈ નાંખ્યા પછી કર્યા હોત તો સારું હતું કારણ કે તમારી પ્રશંસાથી મારામાં માનરૂપી દોષ પેસી જાય તો મારા જીવનનું અત્યંત ભૂંડુ થઈ જાય. આમ, બ્ર. વાસુદેવાનંદજી મહાવિદ્વાન હોવાની સાથે નિર્માની પણ એટલા જ હતા. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીયો પેઈજ-૭૫)*

● **અમદાવાદમાં વાસુદેવ બ્રહ્મચારીએ થયેલ સ્વપ્ન સત્ય થયું.**

અમદાવાદમાં વાસુદેવ બ્રહ્મચારીને એમ સ્વપ્ન થયુ જે, ગોપાળાનંદ સ્વામીના પિતા મોતીરામ ઠાકરે ટોરડામાં દેહ મેલ્યો, તેને તેડવા પોતે તથા સર્વજ્ઞાનાનંદ સ્વામી તથા કૃષ્ણાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામીએ ચાર જણા આજ ગયા, ને તેડીને ધામમાં મૂક્યા. એ વાત પ્રાતઃકાળે બીજાને કહીને લખાવી રાખી હતી. તિથિવાર તે પ્રમાણે સત્ય થઈ. *(શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો, વાર્તા-૨૯૯)*



Final



● **પીપળિયાના રામજી વણિકને વળગેલા પાંચ ભૂતોનો ઉદ્ધાર કર્યો**

એક સમયે અમદાવાદમાં વસંત પંચમીના સમૈયા ઉપર દેશદેશાંતરના અનેક સંતો તથા હરિભક્તો પધારેલા. તે સમયે ગામ પીપળિયાના રામજી વણિક કે જેને જુદા જુદા પાંચ ભૂતો વળગેલા હતા તે પણ સમૈયામાં આવેલા. તે વણિક મંદિરના દરવાજા પાસે આવ્યા અને ધૂણવા લાગ્યા અને બોલવા લાગ્યા કે મંદિરમાં હું નહિ આવું. વળી, બળું છું એમ બૂમો પાડી કુદકા મારે પણ મંદિરમાં પગ ન મૂકે.

એવી રીતે તે માંડ માંડ મંદિરમાં આવ્યા પણ ધૂણતા બંધ થતા ન હોતા. પછી કેટલાક હરિભક્તો તેને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાજી મહારાજ પાસે લાવ્યા. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે, "તેને બ્ર. વાસુદેવાનંદજી પાસે લઈ જાઓ." પછી તેને બ્ર. વાસુદેવાનંદજી પાસે લાવવામાં આવ્યા. પછી બ્રહ્મચારીશ્રીએ તું કોણ છે ? એ કહીને પાણીની અંજલી ભરીને તે વણિક ઉપર છાંટી તેથી જુદા જુદા પાંચ ભૂતો વારા ફરતી બ્રહ્મચારી પાસે હાજર થયાં અને વાસુદેવાનંદજીએ બધા ભૂતોને પાણીની અંજલી છાંટીને કહ્યું કે, "તમે આ વણિકના શરીરમાંથી નીકળીને બદ્રિકાશ્રમમાં જતા રહો." ત્યારે ભૂતોએ કહ્યું કે, "તે વણિક સાધુઓને રસોઈ આપે તો અમે તેનામાંથી જતા રહીએ." પછી તે વણિકે સંતોને રસોઈ આપી અને તે બધા ભૂતો બદ્રિકાશ્રમમાં જતા રહ્યાં. આમ બ્ર. વાસુદેવાનંદજીએ તે ભૂતોનું કલ્યાણ કરીને બદ્રિકાશ્રમમાં મોકલ્યા અને તે વણિકને ભૂતપ્રેતાદિકના ઉપદ્રવમાંથી મુક્ત કર્યા. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ પેઈજ-૭૭)*

● **અમદાવાદમાં શ્રીહરિએ ભવાનીશંકર વિપ્રનો સંકલ્પ સોળ ચિન્હ દેખાડીને પૂર્ણ કર્યો.**

જેતલપુર, ડભાણ વગેરે ગામોમાં મહાયજ્ઞો કરીને સહજાનંદ

સ્વામીએ પોતાનું અલૌકિક ઐશ્વર્ય બતાવેલું અને તેથી તેમના અનુયાયીઓ તેમને ભગવાન માને છે એવું પણ ભવાની શંકરભાઈએ સાંભળલેું. આ બધું જાણ્યા પછી ભવાનીશંકર વિચાર કર્યો કે જ્યોતિષશાસ્ત્રની સામુદ્રિક શાસ્ત્રમાં લખેલ છે કે, "જેના ચરણમાં સોળ ચિન્હો હોય તે ભગવાન કહેવાય. વળી, ભગવાન હોય તે અંતર્યામી હોય તેથી તે જીવપ્રાણી માત્રના વિચારો પણ જાણી શકે. માટે આપણે સ્વામિનારાયણની પરીક્ષા કરીને ચોક્કસપણે ખાત્રી કરવી કે તે ભગવાન છે કે પછી તે અંગેનો ખોટો પ્રચાર છે. તેઓ ખરેખર ભગવાન જ હોય તો આપણે તેના સેવક થાવું." આમ મનમાં અડગ નિશ્ચય કરીને ભગવાન સ્વામિનારાયણની પરીક્ષા કરવા માટે તેઓ અમદાવાદ આવ્યા.

તે સમયમાં અમદાવાદના કાલુપુર વિસ્તારમાં હાલમાં જ્યાં સ્વામિનારાયણ મંદિર છે. તેની બાજુમાં એક મકાનમાં શ્રીજીમહારાજ ઉતરેલા અને ત્યાં રોકાયેલા. (તે સ્થળની યાદી માટે વર્તમાન સમયમાં ત્યાં દેરી કરેલ છે) સહજાનંદ સ્વામીના દર્શન કરવા ભવાની શંકર ત્યાં ગયા. તેમને જોઈને ભવાનીશંકરના સંકલ્પ મુજબ સહજાનંદ સ્વામીએ તેમનું નામ લઈને તેને આદરથી બોલાવ્યા અને સન્માનપૂર્વક પોતાની પાસે બેસાર્યા. પછી મહારાજે કહ્યું કે, "ભૂદેવ ! જુઓ ! અમારા ચરણારવિંદમાં તમારી ધારણા મુજબ સોળ ચિન્હ છે કે નહિ ?" શ્રીજીમહારાજના કહેવાથી ભવાનીશંકર મહારાજનાં ચરણ જોયા અને તેમાં રહેલા સોળ ચિન્હોને જોયા. આમ ભવાનીશંકરના બન્ને સંકલ્પો પૂર્ણ થતાં તેમને સહજાનંદ સ્વામી અંતર્યામી ઈશ્વર છે એવી પ્રતિતી થઈ ગઈ. તેથી તેમણે મહારાજને નમસ્કાર કરીને કહ્યું કે, "આપ ખરેખર ભગવાન છો. મને તમારો આશ્રિત કરો. તમે મારા ગુરુ અને હું તમારો શિષ્ય. મને તમારા સંપ્રદાયના નિયમ ધર્મો કહો જેનું હું પૂર્ણપણે પાલન કરીશ." આમ, ભવાની શંકર સહજાનંદ



Final


સ્વામીના શિષ્ય બન્યા ત્યાર પછી તેઓશ્રીનું સમગ્ર કુટુંબ સત્સંગના નિયમ ધર્મો પાળીને આદર્શ સત્સંગી બન્યા. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ પેઈજ ૧૨૨-૧૨૩)*

- **અમદાવાદમાં સત્સંગી અને વૈષ્ણવ વચ્ચે વાદવિવાદમાં કોર્ટમાં સત્સંગીનો વિજય થયો**

એક વખત અમદાવાદમાં સત્સંગીના અને વૈષ્ણવના છોકરા વચ્ચે એક બીજાના સંપ્રદાય અને ગુરુ વિષે વાદવિવાદ થયો તેમાં વૈષ્ણવોએ બહુ ગાળો દીધી તે તકરાર વધતાં વધી પડી ને કોર્ટે કામ ગયું. ત્યાર તેનો ન્યાય આપવો તે ન્યાયાધીશને પણ મુશ્કેલ થઈ પડ્યો. કારણ કે મોટા મોટાઓમાં કજીયો ગરે એમ હતું ને કોર્ટમાં પણ સારાં સારાં માણસો તે ન્યાય સાંભળવા એકઠા થયાં હતાં. પણ ન્યાય કરનાર પોતે સારી રીતે ન્યાય કરવાના વિચારમાં હતો તે વખતે સત્સંગીના છોકરાએ કહ્યું જે "આ કોર્ટમાં અમે જે રીતે બોલીએ તે પ્રમાણે તેઓ બોલે તો કોઈના ગુરુ ખરા ખોટાની તકરાર રહેશે નહિ" ત્યારે તે વાત સહુએ કબુલ કરી. ત્યારે તે બોલ્યા જે "સ્વામિનારાયણ તે અમારા ધણી છે, અમારી માના ધણી છે, અમારી બેન દીકરીના ધણી છે એમ અમારા સો કુટુંબના ધણી છે. હવે તેઓ એમ બોલે જે એમના મહારાજ તે એમની મા-બેન દીકરીના ધણી છે." ત્યારે તેઓએ વાતને કબુલ ન રાખી અને એમ બોલ્યા નહિ એટલે ભર કોર્ટમાં સત્સંગીની પ્રતિષ્ઠા વધી ને વૈષ્ણવો માન ભંગ થઈને ઘેર ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૮)*

- **શ્રી રામપ્રતાપભાઈનો અંતિમ સંસ્કાર નારાયણઘાટે કર્યો.**

અમદાવાદમાં શ્રીજીમહારાજના મોટાભાઈ રામપ્રતાપજી મહારાજ માંદા થયા ત્યારે પોતાને દેહ નહિ રહે એમ જણાણું તેથી ભાગવતની પારાયણ બેસાડી પછી તેની પૂર્ણાહુતિને દિવસે સંત, બ્રહ્મચારી તથા પાર્ષદોને જમાડ્યા ને ધોતિયાં ઓઢાડ્યાં ને કથા

કરનાર બ્રાહ્મણને સોનાનાં કડાં, વેઢ, વીંટી, શેલાં તથા પાઘડી આપી અને કેટલુંક ધન તથા ઘોડી આપીને તેને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે ઘેર પહોંચાડ્યા. પછી વળતે દિવસે એટલે સંવત ૧૮૯૯ ના આસુવદી દશમને દિવસે પોતે દેહ તજીને ધામમાં ગયા પછી અયોધ્યાપ્રસાદજી મહારાજે પાલખી કરાવીને તેમાં દેહને પધરાવી સાબરમતીને આ કાંઠે (નારાયણઘાટે) લઈ ગયા ને ત્યાં અગ્નિ સંસ્કાર કરીને તેરમાને દિવસે હજારો બ્રાહ્મણોને જમાડ્યા. તથા સાધુ-બ્રહ્મચારી અને પાર્ષદોને પણ જમાડ્યા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા ૨૬૬)*

● **ઈડરના જુવાનસિંહજીએ નારાયણઘાટે જતા મહારાજનો પક્ષ રાખ્યો.**

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં જન્માષ્ટમીના દિવસે સભા કરી વિરાજમાન હતા ત્યારે વાતો કરતા હતા જે, મૂઢપણું; પ્રીતિ અને સમજણનું અંગ તેમાંથી મૂઢપણાનું અંગ જે હરિભક્તમાં હોય તે શ્રેષ્ઠ. તે મૂઢપણાનું અંગ તો માળોદના દૂદા ભક્તનું છે. પ્રીતિનું અંગ જેતપરના દમા ઠક્કરનું છે. સમજણનું અંગ ઘાંટીલાના હરિ સુતારનું છે. એવી રીતે ત્રણ અંગવાળાની વાત કરી. પછી શૂરવીરને પ્રતિવ્રતાની વાત કરી.

લીલાપુરના લાલજી પટેલે પ્રશ્ન પૂછ્યો જે, ‘‘શૂરવીરનું અંગ કોને કહેવાય ?’’

અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, ‘‘શૂરવીર હોય તે કોઈની છાયામાં ન દબાય ને કોઈથી એને હલકું વચન ન કહેવાય ને શ્રીજીનાં વચનમાત્ર યથાર્થ પાળે તે શૂરવીર.’’

એકવાર ઈડરના દરબાર જુવાનસિંહજી મહારાજ અમદાવાદ આવ્યા. રામનવમીની અસવારીમાં નાહવા માટે નારાયણ ઘાટે જતા હતા ત્યારે કોઈ વાણિયા શાહુકારના છોકરાએ સ્વામિનારાયણને



Final



ગાળ દીધી. તે એમણે સાંભળી. પછી તે વાણિયાના છોકરાને પકડી લાવ્યા. પોતાના ઉતારે પહેરામાં ચોવીશ કલાકની કેદમાં બેસાડ્યો. તેમનો કારભારી કામદાર કહેઃ ‘‘અહીં સરકારી રાજ છે, તો આપણને હરકત આવશે.’’ ત્યારે તેઓ કહે જે, ‘‘હરકત આવતી હોય તો ભલે, પણ મારા ઈષ્ટદેવને ગાળ આપી તે એણે મારું માથું કાપ્યું એવું મને દુઃખ લાગ્યું છે. આ સરકારી રાજય છે, નહિતર તેની જીભ કાઢી નાખત માટે સરકારી રાજના કાયદા પ્રમાણે એને શિક્ષા કરવી છે.’’

તે સમે ગામમાંથી મહાજન શાહુકાર આવ્યા ને ફોજદારને સાથે લઈ આવ્યા. સરકારી કલેક્ટર સાહેબને બોલાવીને તે વાણિયાના છોકરાને છોડાવવો એમ વિચાર કરી આવ્યા. ત્યારે એમને કહ્યું જે સાંજના છ વાગે આવો. એમ કહી સર્વને ઘેર મોકલ્યા. જુવાનસિંહજી પોતે ચાર વાગે ફરવા નીકળ્યા. કલેક્ટરને ભેગા થયા અને કહ્યું જે, ‘‘અમારા ગુરુને વાણિયાના છોકરાએ ગાળ દીધી તેથી એને કેદ કર્યો છે. તેનો બાપ ફોજદારને લઈને આવ્યો છે, પણ આપ્યો નથી.’’ કલેક્ટર સાહેબ કહે : ‘‘તમારે જે દંડ કરવો હોય તે લઈ કાઢી મૂકો.’’આમ ઉપાધિ થઈ, પણ શૂરવીરપણું ન મૂક્યું. *(સદ્. શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો - વિશ્રામ ૯૩)*

● **હઠીસિંહના દેરામાં પધરામણી :**

એક વખત સ્વામિનારાયણ ભગવાન ગઢપુરથી ચાલ્યા. માર્ગનાં ગામોમાં દર્શન દેતાં દેતાં જેતલપુર પધાર્યા. મુક્તાનંદ સ્વામી શ્રીનગરથી દર્શન કરવા જેતલપુર આવ્યા. શ્રીનગરના હરિભક્તોના કુશળ સમાચાર કહ્યા. એ વખતે એરણ સાહેબના ચોપદાર મોતીરામ પ્રભુને મળવા આવ્યા. અને હાથ જોડીને કહ્યું કે, પ્રભુ ! અંગ્રેજ સાહેબ આપને શ્રીનગર પધારવાનું આમંત્રણ આપે છે. તેથી સંતો અને હરિભક્તો સાથે પધારો. શ્રીહરિ તરત જ શ્રીનગર પધાર્યા. નવાવાસમાં ઊતર્યા અને સંતો ધર્મશાળામાં ઊતર્યા. થાળ જમીને શ્રીહરિ હિમાભાઈ

શેઠને બંગલે પગલાં પાડવા પધાર્યા. હિમાભાઈ શેઠ શ્રાવકોમાં આગેવાન હતા. તેમણે પ્રભુને પ્રાર્થના કરી - પ્રભુ ! જ્યાં અમારા દેવ બિરાજે છે ત્યાં પગલાં પાડો. એની પ્રાર્થનાથી સ્વામિનારાયણ ભગવાન હઠીસિંહના દહેરામાં પધાર્યા. ત્યાં આરસની મૂર્તિઓ હતી. (અઢારમી સદીમાં પ્રેમચંદ સલાટે આ મંદિર બાંધેલું. આ મંદિર અમદાવાદમાં સ્થાપત્યનું ગૌરવ છે.) એ મૂર્તિઓને સોના અને મોતીનાં આભૂષણો ધરાવ્યાં હતાં. મંદિરનું બાંધકામ કોતરણી, પૂતળાં વગેરે પ્રભુએ જોયું. શેઠના ભાવને માન આપીને શ્રીહરિએ આ બધું જોયું. પછી નવાવાસમાં પધાર્યા.

ભક્તવત્સલ સ્વામિનારાયણ ભગવાન અનેક જીવોના કલ્યાણ માટે વિચરણ કરે છે. ક્યાંક ચાલતા જાય છે. ક્યાંક ઘોડા ઉપર બેસીને પધારે છે. ક્યાંક ગાડાંમાં, તો ક્યાંક રથમાં બેસીને વિચરે છે. શ્રીહરિને ઉત્તર ગુજરાતના કરજીસણ, ડાંગરવા, એટલાં બધાં પ્રિય હતાં કે અવારનવાર અહીં પધારતા. ઉત્તર ગુજરાતના હરિભક્તો ખૂબજ પ્રેમી એટલે વારંવાર એમના ભક્તિભાવને વશ થઈને શ્રીહરિ એમને ઘેર પધારતા. એક સમયે ઉત્તર ગુજરાત, કરજીસણ, ડાંગરવા આદિ ગામોમાં વિચરતા વિચરતા ભગવાન શ્રીહરિ મોટેરા ગામ પધાર્યા. શ્રીહરિની સાથે સંતો અને હરિભક્તો હતો. પુરુષોત્તમ પટેલને ઘેર થાળ જમ્યા. પુરષોત્તમભાઈએ શ્રીહરિ અને સંતોની પૂજા કરી. પછી સાબરમતી નદીમાં સુંદર પાણી જોઈને ભગવાન, સંતો અને હરિભક્તો સાથે નદીમાં ખૂબ નાહ્યા.

શ્રીનગરથી ઘણા સત્સંગીઓ શ્રીહરિના દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કર્યાં, પૂજા કરી. પછી અમદાવાદના સત્સંગીઓ સાથે પરમાત્મા શ્રીહરિ શ્રીનગર પધાર્યા. પાદશાહવાડીની દિશાએથી સાબરમતીની નદી ઉલ્લંઘી વાજિંત્રો લઈને હરિભક્તોએ ભવ્ય સામૈયું કર્યું. અંગ્રેજ પલટન પણ આ સામૈયામાં સામેલ હતી. અંગ્રેજ સાહેબ પણ આવેલા



Final



અને એમની સાથે અંગ્રેજી બેન્ડ પણ શ્રીહરિના સામૈયામાં સૂર પુરાવતાં હતાં. અંગ્રેજ સાહેબ ટોપી ઉતારીને પ્રભુને પગે લાગ્યા. પરમાત્માએ પ્રસાદીનો હાર અંગ્રેજને આપ્યો. અંગ્રેજ બહુ ખુશ થયા. અંગ્રેજે કહ્યું- 'હે પ્રભુ ! અમારા રાજ્યમાં હવે તમારું તથા સંતોનું કોઈ અપમાન નહિ કરે. અમે અંગ્રેજો હંમેશાં આપ સૌની સંભાળ લઈશું.' ભગવાન શ્રીહરિની અસ્વારી દિલ્હી દરવાજેથી શહેરમાં પ્રવેશી. રાજમાર્ગો ઉપર જળ છાંટ્યાં હતાં. માર્ગની બંને બાજુ ફાનસ પ્રગટાવેલાં હતાં. શહેરની દુકાનો પણ ફૂલહારથી સજાવીને શહેરવાસીઓ શ્રીહરિનું સ્વાગત કરી રહ્યા હતા. અસ્વારીમાં ગુલાલ ઊડતો હતો. ફટાકડા ફૂટતા હતા. આનંદ આનંદ થઈ રહ્યો હતો. જયજયના નાદ થતા હતા. અસ્વારી માણેકચોકમાં આવી. શહેરના નગરશેઠ હિમાભાઈ અને એમનો પરિવાર શ્રીહરિના સ્વાગત માટે આગળ આવ્યો. એમના પરિવારે સોનાના ફૂલથી મહારાજની પૂજા કરી. આ રીતે ધામધૂમથી શ્રીહરિ નવાવાસમાં પધાર્યા. નવાવાસના ચોકમાં લીમડાના વૃક્ષ નીચે ભગવાન બિરાજ્યા અને વિશાળ સભા થઈ.

હરિભક્તોનો ભાવ જોઈને સ્વામિનારાયણ ભગવાન શરીરનો થાક ભૂલી ગયા. દૂર-સુદૂરથી વિચરણ કરીને પધાર્યા છે અને સામૈયામાં એકાદ કલાક ગયો, છતાં થાકવાનું નામ નથી. શ્રીહરિ હરિભક્તો અર્થે દૂર દૂર વિચરણ કરે છે. પણ થાકતા નથી. આપણા અર્થે તો અક્ષરધામમાંથી વિચરણ કરીને આ ભરતખંડમાં પધાર્યા છે. આપણા અર્થે તો હિમાલયમાં ૭ વર્ષ તપશ્ચર્યા કરીને પગપાળા વિચરણ કર્યું. તેમ છતાં થાક્યા નથી. અને આપણે તો મંદિરે એક વખત ચાલતા જવું હોય તો પણ થાકી જવાય છે ! પછી સામૈયું પૂરું કરીને ત્રણ કલાક સભા કરી, રાતના સાડા દશ વાગ્યા. પોતાના ભક્તો માટે ભગવાન પોતાના શરીરની પરવા કરતા નથી. નવાવાસની

સભામાં મોડી રાત સુધી બેસી રહ્યા. સભા પૂરી થઈ. શહેરવાસીઓ પોતપોતાને ઘરે ગયાં. સત્સંગીઓ બેસી રહ્યા હતા.

● **સિકંદર બાદશાહ તથા ભૂતોનો ઉદ્ધાર શ્રીહરિએ કર્યો**

સિકંદર બાદશાહ ઘણા વરસથી ભૂત થયેલો તે મહારાજની સન્મુખ આવીને હાથે જોડીને બોલ્યો જે "હે મહારાજ ! તમે સાક્ષાત્ ખુદા છો માટે મારું ભૂતનું દેહ છોડાવીને મારું સારું કરો." ત્યારે મહારાજે કહ્યું "તું બદરિકાશ્રમમાં જા" એટલે તે તુરત બદરિકાશ્રમમાં ગયો પછી મહારાજ ચાલ્યા તે બધેય દરવાજે દર્શન દઈને બારમે ઈડરીયે દરવાજે થઈને ગામ બહાર નિકળ્યા ત્યાં રસ્તે ચાલતાં સવા લાખ ભૂત સામાં મળ્યાં તેને બે સેનાપતિ હતા તેમણે મહારાજ સન્મુખ ઉભા રહીને સ્તુતિ કરી જે "હે મહારાજ ! અમારો મોક્ષ કરો" ત્યારે મહારાજે પોટલીયો મંગાવીને તેમાંથી પાણી લઈને ભૂતોને છાંટવા માંડ્યા તે જેને છાંટા પડે તે ભડકો થઈને ઉડી જાય એમ તે બધાંય ભૂતોને બદરિકાશ્રમમાં મોકલી દીધાં પછી ત્યાંથી ગામ મછિયાવ થઈને શીયાણી ગયા ને ત્યાંથી બોટાદ થઈ ગઢડે પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી વાર્તા-૨૪૫)*

● **શ્રાવક હેમાશેઠને સંતનો ગુણ આવ્યો**

તે ટાણે ગામમાંથી શેઠ હેમોભાઈ તથા હઠીભાઈ તે સભામાં આવ્યા ને મહારાજની પ્રાર્થના કરીને કહ્યું "હે મહારાજ ! તમે સંત પાર્ષદ તથા કાઠી હરિજન સહિત અમારે ઘેર પધારો કેમકે અમારો દિકરો પરણે છે તેનો માંડવો નાખ્યો છે તેમાં તમને પધરાવવા છે" ત્યારે મહારાજ કહે આ ટાણે આરતી વખત થયો છે તેથી અમારાથી નહિ આવી શકાય" ત્યારે શેઠ કહે "મહારાજ ! ત્યાં માંડવામાં આરતી ધૂન્ય કરજો' ત્યારે મહારાજે હા કહીને પછી ચાલ્યા ને માંડવામાં જઈને ત્યાં આરતી ધૂન્ય કરી રહ્યા ત્યાર પછી હેમા શેઠે સાકરની ગુણ મંગાવીને મહારાજ પાસે મુકાવી ત્યારે મહારાજે



Final



તેમાંથી સાકર સહુ સંત હરિજનોને વહેંચી દીધી પછી હેમો શેઠ બોલ્યા કે "હે મહારાજ ! આવતી કાલે તમને જમાડવા છે માટે સંત હરિજન સહુ સાથે જમવા પધારજો" ત્યારે મહારાજ હે "ભલે આવશું પણ નથુ ભટ્ટની દેખરેખ નીચે બ્રાહ્મણો પાસે રસોઈ કરાવજો" પછી બીજે દિવસે શેઠે તે પ્રમાણે નથુ ભટ્ટને રાખીને બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી ને તે તૈયાર થઈ ત્યારે શેઠે મહારાજ તથા સંતને બોલાવવા માણસ મોકલ્યું ત્યારે મહારાજ સંત પાર્ષદ સહુ સાથે જમવા પધાર્યા ને જમી રહ્યા તે કેડે વર આવીને મહારાજને પગે લાગ્યો ત્યારે મહારાજે પાંચસો રૂપિયાનો પ્રસાદનો રેંટો તે વરને દીધો ત્યારે શેઠ બોલ્યા કે હે "મહારાજ ! અમારે તો તમને આપવું જોઈએ" ત્યારે મહારાજ કહે "આતો અમે ગુસાંઈજીની પેઠે પ્રસાદી આપી" એમ કહીને પછી મહારાજ ઉતારે પધાર્યા ત્યારે દાદા ખાચરે મહારાજને પૂછ્યું "હે મહારાજ ! એ હેમો શેઠ તો શ્રાવક વાણિયો છે તેણે તમને તથા સંતને કેમ માંડવામાં પધરાવ્યા ને જમાડ્યા ?" ત્યારે મહારાજે વાત કરી કે "એકવાર મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક સાઠ સાધુઓ આ ગામથી ઉત્તરાદિ તરફ આંબલીઓના ઝાડ નીચે બેસીને ધ્યાન કરતા હતા તેવે ટાણે એ હેમો શેઠ આદિક કેટલાક માણસો કોઈ માણસ મરી ગયું હશે તેને અગ્નિ સંસ્કાર કરવા આવેલા તે પણ બધાય ત્યાં છેટે આંબલીને છાંયે બેઠા હતા તેવે સમયે એક જબરો સરપ તે આંબલી ઉપરથી પડ્યો તેથી તે શેઠ વિગેરે સહુ ભાગી ગયા ને એ સરપ તો સાધુઓ ધ્યાન કરતા બેઠા હતા તે તરફ ચાલ્યો તો પણ સાધુઓ એમને એમ ધ્યાનમાં બેસી રહ્યા ને તે સરપ તો બધાય સાધુઓ ઉપર ચડીને વયો ગયો તે જોઈને તે શેઠ વગેરે ઘણા વાણીયાઓને ગુણ આવ્યો કે ખરા કેવળીક તો આ સ્વામિનારાયણના સાધુઓ છે" તે દિવસથી તે શેઠ તથા તેના ભાઈ હઠીભાઈને અમારો ને સંતનો ગુણ હતો તેથી તેણે અમને તથા સંતને

માંડવામાં પધરાવ્યા ને સાકરનાં બીડાં આપ્યા તથા રસોઈ કરાવીને જમાડ્યા છે'' એમ મહારાજે વાત કરી તે સાંભળીને સહુ રાજી થયા.

- **અમદાવાદના પ્રાણવલ્લભ વિપ્ર અક્ષરધામમાંથી પાછા આવીને ભલામણ કરીને ધામમાં ગયા**

અમદાવાદમાં એક પ્રાણવલ્લભ નામે વિપ્ર બહુ સારા હરિજન થાય હતા તે એક મહારાજનું જ ભજન કર્યા કરે ને જગત બધાને અસત્ય જાણતો હતો તે એકવાર ગોદાવરીની જાત્રાએ ગયો ને ત્યાં તેને ટુંટીયાનો રોગ થયો ને તેથી તે દેહ મેલી ગયો ત્યારે મહારાજ તેને તેડવા આવ્યા ને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા પછી મહારાજે તેને પૂછ્યું, ''તને કાંઈ ઈચ્છા રહી છે ?'' ત્યારે તે કહે ''મને બીજું તો કાંઈ નથી પણ એક ઈચ્છા રહી છે કે બધા માણસો મરકીના રોગથી મરે છે તેમ હું પણ મર્યો એમ જગત કહેશે માટે ભગવાનના ધામમાં ગયો છું એમ કહી આવું'' ત્યારે મહારાજ કહે, ''ભલે જા પાછો દેહમાં ને કહી આવ'' પછી તે દેહમાં આવ્યો ત્યારે તેના દેહને સ્મશાનમાં લઈ જઈને ચિતામાં ખડક્યો હતો તે હલ્યો તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા ને તેને ચિત્તામાં બેઠો કરીને પૂછ્યું ''હેં ભાઈ તું તો મરી ગયો હતો ને ?'' ત્યારે પ્રાણવલ્લભ કહે ''હું તો સ્વામિનારાયણના અક્ષરધામમાં ગયો હતો પણ મને એક સંકલ્પ રહ્યો છે તે તમને કહેવા સારુ આવ્યો છું તે શું તો આ સમયે કાળનો જબરો વેગ વર્તે છે તેથી હજારો માણસ મરી જાશે માટે તમારે જીવવું હોય તો સ્વામિનારાયણનું ભજન કરજો ને હું હવે ધામમાં જાઉં છું માટે તમે સહુ તાળી પાડીને ભજન કરો.'' એમ કહી પોતે ધૂન્ય કરી દેખાડી પછી સર્વે માણસો તાળી પાડીને ભજન કરવા લાગ્યા ત્યારે પ્રાણવલ્લભ શીખ માગીને જેમ કોઈ માણસ ગામ જાયે તેમ શીખ માગીને ભગવાનના ધામમાં ગયો તે જોઈને લાખો માણસ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૭)*



Final



- **ખાખીના હાથ મહારાજની પ્રાર્થનાથી છૂટ્યા**

એકવાર શ્રીજીમહારાજ અમદાવાદમાં સભા કરીને બેઠા હતા તે વખતે દેહે કરીને અતિ મોટા અને ઉન્મત્ત એવા બે ખાખી આવીને મહારાજ પાસે બેઠા તેમાં એકના હાથમાં તો સામસામાં લોઢાથી જડેલાં એવાં કાળીયાર મૃગનાં શિંગડાં હતાં તે બોલ્યો કે ''અરે મહંતજી એ જીવન્મુક્તાકુ ક્યા કરેંગે'' ત્યારે બીજો કહે ''ઈનકુ લે ચલો'' એમ પરસ્પર બોલતા હતા તેવામાં તે સભામાંથી એક સાધુ તેની પાસે આવ્યા ને તેના બેય હાથ ઝાલીને પોતે સમાધિ કરી ગયા એટલે તે ખાખીના હાથ બહુજ ભીંસાવા લાગ્યા તેથી તે રોતો જાય ને બરાડા પાડતો જાય ''છોડ રે બાબુ, છોડ રે બાબુ. મેં મર જાતા હું મેરા પ્રાણ નિકલા જાતા હૈ'' ને બીજા બાવાને કહે કે ''ઈસ્કા હાથ છોડાઈ દે, હાથ છોડાઈ દે'' ત્યારે બીજો બાવો સાધુના હાથ છોડાવવા બહુ દાખડો કરવા લાગ્યો પણ કોઈ રીતે છૂટ્યા નહિ ને કોઈ ઉપાય ન ચાલવાથી બહુ અકળાયો ત્યારે મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા એટલે મહારાજ દયા કરીને સમાધિવાળા સાધુ સામી દૃષ્ટિ કરી ત્યારે તે જાગૃત થયા ને હાથ છુટી ગયા તેવા જ તે બેય જણ ભાગ્યા તે પાછું વળીને જોવા પણ ઉભા રહ્યા નહિ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૯)*

- **અસદ્ વાસનાનું કારણ જાણવા છતાં ધર્મમાં સ્થિતિ રહેતી નથી**

એક વખત રઘુવીરજી મહારાજ અમદાવાદ પધાર્યા ને નરનારાયણદેવનાં દર્શન કરીને તથા અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા સર્વે સંતને મળ્યા પછી વળતે દિવસે સવારે સભામાં વાત કરી કે ''આ લોકમાં કેટલાક માણસો એવા છે કે તે ધર્મ અધર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે ને તેના સ્વરૂપનું નિરૂપણ કરીને બીજાઓને યથાર્થ સમજાવે છે ને જાણે છે કે ધર્મ પાળવે કરીને આ લોકમાં માન મોટપ

સુખ યશ પ્રતિષ્ઠા વગેરે પમાય છે અને સ્વર્ગાદિક લોકનાં સુખ તથા જ્ઞાન વૈરાગ્યાદિક મોક્ષોપયોગી સદ્‌ગુણ પણ ધર્મે કરીને પમાય છે. ને ધર્મ લોપવે કરીને આ લોકને વિશે અતિ દુઃખ અપકીર્તિ આદિક દોષ પમાય છે ને મરીને નરક, યમયાતના જન્મમરણ તથા ગર્ભવાસાદિક અનેક કષ્ટ પમાય છે ને ભગવાનની અપ્રસન્નતા થાય છે તેણે કરીને મોક્ષોપયોગી સદ્‌ગુણ પામતા નથી ને તે ગુણ હોય તો પણ નાશ થઈ જાય છે ઈત્યાદિક વાર્તા જાણે છે તો પણ ઈંદ્રિયો અંતઃકરણ તથા અંતઃશત્રુ તથા પૂર્વ કર્મ અસદ્‌વાસનાને વશ થઈને વખત ઉપર ધર્મને વિશે સ્થિતી રહેતી નથી ને પરાભવ પામી જવાય છે ને માયિક તુચ્છ પદાર્થ સારુ ધર્મને લોપે છે તેનું જે એ ધર્મનું જાણવાપણું તે કેવું છે તો જેમ જેતપુરમાં એક જમાદાર હતો તે ભાદર નદીના ધરામાં નહાવા પડ્યો ને બુડ્યો ને પાણી દસ શેર પી ગયો પછી બીજા મનુષ્યોએ તેને કાઢ્યો ને ઉપાડીને તેને ઘેર લઈ ગયા પછી એ ગામનો ગરઢેરો કાઠી માંગુવાળો એને જોવા આવ્યો ને કહ્યું "જમાદાર, તમને તરતાં નોતું આવડતું જેથી બુડ્યા ?" ત્યારે તે જમાદાર બોલ્યો કે 'અરે માંગુવાલા, હમ તરીબી જાણું ને ઢબીબી જાણું પણ સાલા ઓસાણ આયા નહિ." એમ મરણ વખત આવ્યો તો પણ ઓસાણ આવ્યું નહિ તેના જેવું એ જાણવું જે મરીને મહાકષ્ટ થાય એવું કર્યું ને મોક્ષ માર્ગમાંથી પડી ગયો ને પરલોક બગડ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૦)*

### ● સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરીપણાની વાતો કરી

એકવાર સંવત ૧૯૧૪ ની સાલમાં સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા ને નરનારાયણદેવનાં દર્શન કરીને તથા અયોધ્યાપ્રસાદજી મહારાજને મળીને સભા મંડપને ત્રીજે માળે ઉતર્યા ને બીજે દિવસે ચોકમાં ચંદની હેઠે સભા થઈ હતી તે વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીને કહ્યું કે "હે સ્વામી ! આજ તો



Final



તમે વાતું કરો આજ તમારો વારો છે." પછી સ્વામી ખુરશી ઉપર બેસીને વાતો કરતાં બોલ્યા કે "આકડાય સ્વાહા ને વાકડાય સ્વાહા" તે સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજે પૂછ્યું "સ્વામી ! એ શું સમજવું ?" ત્યારે સ્વામી કહે 'આકડાય એટલે પ્રકૃતિ પુરુષમાંથી જે કાંઈ થયેલ છે તે બધાંને કાળના કોળીયા જેવું સમજવું ને તેમાં ક્યાંઈ પ્રીતી ન રાખવી ને વાકડાય એટલે અનંતકોટી બ્રહ્માંડને વિશે જે દસ દસ મૂર્તિયું છે તે બધી મહારાજની આજ્ઞા ઉપાસનાયે કરીને મોટપને પામ્યા છે ને મહારાજનું દીધેલું કણેતું ખાય છે." એવી શ્રીજીમહારાજની મોટપની વાતો કરી તે સાંભળીને ઘણાને ઉપાસના સમજાણી. એમ પાંચ દિવસ સુધી વાતો કરીને પછી સ્વામી વડતાલ પધાર્યા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૧)*

### ● ભક્તવત્સલ ભગવાને ભક્તની રક્ષા કરી

એકવાર અમદાવાદની ઉપરવાસ બાર ગાઉનું તળાવ હતું તે પાણીના જોસથી તુટી ગયું ને તે પાણી એકદમ આવતું હતું એવે સમયે રસ્તામાં એક હરિજન આવતો હતો તેને તે પાણી કેડ સુધી થયું ત્યારે તે એક બાવળનું ઠુંઠું ઝાલીને ઉભો રહ્યો ત્યાં તો પાણી છાતી સુધી થયું ત્યારે તે મહારાજની સ્તુતિ કરવા લાગ્યો કે "હે મહારાજ ! આજ ઉગરાય તેમ નથી માટે આગળ તમે જેમ જીવરામ વિપ્રની દરિયામાં રક્ષા કરી હતી ને રાજુલાના સોની નાગભક્તની તથા રઘુવીરજી મહારાજની રક્ષા કરી હતી તેમ તમે અટાણે મારી રક્ષા કરો." એમ પ્રાર્થના કરવા લાગ્યો ત્યાં તો તેને મહારાજે દર્શન દીધાં ને કહ્યું "તું જરાપણ ચિંતા કરમાં ને હેઠો બેસીજા." ત્યારે તે હેઠો બેસીને ભજન કરવા લાગ્યા ને પાણી તો વાંસજાળ ચઢી ગયું ને શ્રીજીમહારાજ તે હરિજનની પાસે ઉભા રહ્યા તેથી પાણી બે હાથ છેટે રહ્યું એમ શ્રીજીમહારાજ તેની રક્ષા કરતા ત્રણ દિવસ સુધી ત્યાં ઉભા રહ્યા પછી પાણી ઉતરી ગયું ત્યારે તે હરિભક્તને મહારાજે

અમદાવાદને મંદિરે પહોંચાડી દીધો ને પછી પોતે અદ્રશ્ય થઈ ગયા. એમ જે ખરા પોતાના આશ્રિત હોય તેની શ્રીજી રક્ષા કરે છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૫)*

● **સત્સંગ તો માથા સાટે છે**

એક સમયે અમદાવાદમાં વૈષ્ણવો સહુએ મળીને ઠેરાવ કર્યો કે "આપણે સહુએ સત્સંગી માત્રની સાથે ખાવા પીવાનો કોઈ જાતનો વ્યવહાર રાખવો નહિ." એવો ઠેરાવ કરવાથી સર્વે નાત્યમાં તડાં પડ્યાં તેથી દીકરી કે વહુ સહુ સહુને ઘેર રહે ને કોઈ સગામાં જઈ શકે નહિ ને કરેલાં સગપણ પણ અટકી રહ્યાં એમ ઘણું વેર બંધાણું એવામાં એક વૈષ્ણવ કણબીની કન્યા લગ્ન કરવા લાયક થયેલી ને તેનું સગપણ એક સત્સંગીના દીકરા સાથે કરેલું હતું પણ પ્રતિબંધને લીધે પરણાવવુ બંધ રહ્યું હતું પછી દીકરીનો બાપ બહુ મૂંઝાણો એટલે વરના બાપને બોલાવીને કહ્યું કે "તમે સત્સંગ મૂકી દીયો તો હું મારી દીકરીના લગ્ન કરું" ત્યારે વરને બાપે કહ્યું "તારી દીકરી બીજે પરણાવવી હોય તો પરણાવ્ય પણ સત્સંગ તો અમારે શિર સાટે છે તે મૂકીશ નહિ." તે પછી થોડા દિવસ વીત્યા તે વખતે ફરીને તેને બોલાવીને દીકરીના બાપે કહ્યું "તમે ભલે સત્સંગ રાખો પણ તમારો દીકરો માંડવા વચ્ચે કહે કે "હું સત્સંગી નથી, પછી ભલે તે સત્સંગ રાખે એમ ફક્ત એકજ વાર માંડવા વચ્ચે મોઢેથી માણસોમાં કહે તો હું મારી દીકરી પરણાવવું" ત્યારે તે વાત વરે કબુલ રાખી એટલે દીકરીનો બાપે લગ્ન લખીને થોડાં માણસ ભેગાં કર્યા પછી વરને કહ્યું કે "હવે કહો જે હું સત્સંગી નથી." ત્યારે તે કહે "હજુ તો થોડાં માણસ છે ને નાત્યના પટેલીયા પણ નથી ને મારી સાસુ વગેરે બાઈડીયો પણ નથી તો તેમને પણ બોલાવી લાવો" પછી સર્વે ભેગાં થયાં ત્યારે કન્યાના બાપે કહ્યું કે "હવે કહો" ત્યારે તે વરે સહુ સાંભળતાં પોતાની સાસુને કહ્યું કે 'આ તમારો ધણી છે તેને તમે





કહોજે આ મારો ધણી નથી પછી સુખેથી સંસાર વ્યવહાર ચલાવો ને તેનો ત્યાગ પણ કરશો નહિ ફક્ત એકજ વખત મોઢેથી અમથાં કહો એટલે પછી હું કહું" ત્યારે તે કહે 'એમ તો કેમ કહેવાય ?" ત્યારે વર કહે "તમારા આ ધણીને નાશવંત જાણતાં થકાં તમે એમ બોલવાની ના કહો છો તો સત્ય અને સર્વના નિયંતા એવા મારા ધણી જે સ્વામિનારાયણ તેના ધણીયપણાની ના કહેવરાવો તે મારી જીભે કેમ કહેવાય ? અને તમે તો કદાપિ કહો તો એ મારાથી ન જ કહેવાય જે હું સત્સંગી નથી. માટે મારાથી તો કદી પણ એમ કહેવાશે નહિ તારી દીકરી સુખેથી બીજે પરણાવ મારે જોઈતી નથી" એમ વરે કહ્યું તે સાંભળીને કન્યાનો બાપ તો માણસો સમક્ષ બહુ મુંઝાણો ને દિકરી બીજે આપે તો આબરું જાય તેથી પરણાવવાનું તેણે કબુલ કર્યું ને લગ્ન લેવાનું કહ્યું ત્યારે વરે કહ્યું "તારી દીકરી સત્સંગ રાખે હમેશા મંદિરે જાય ને સત્સંગના નિયમ પાળે એમ કબુલ કરે તોજ પરણીશ." એમ કબુલાત આપી ત્યાર તે પરણ્યો પણ સત્સંગ મૂક્યો નહિ. પછી તો તેના સાસરીયાં વગેરે સગાં વહાલાં સરવે સત્સંગી થયા. આ વાતની તકરાર ચાલતી હતી ત્યારે તેની અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર પડવાથી બીજા એક સત્સંગી કણબીની એક મોટી દીકરી કુંવરી હતી તેની સાથે આ છોકરાનાં લગ્ન કરવા તે કણબીને મહારાજે બોલાવીને કહ્યું એટલે તેણે મહારાજની આજ્ઞાથી પોતાની દીકરી આપવાની હા કહી પછી મહારાજે વરના બાપને બોલાવીને કહ્યું જે "તારો વેવાઈ જો એની દીકરી તારા દીકરાને ન પરણાવે તો તું મુંઝાઈસ નહિ" એમ હિંમત આપીને સત્સંગ દ્રઢ રાખ્યો અને પરણ્યો એ ખબર મહારાજને મળવાથી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૭)*



Final

● **અમદાવાદના ગવૈયા જીષ્ણુદાસજીએ બાવાખાચર પાસે ગાવણું કરીને પ્રસાદીનો હાર માગ્યો**

એક વખત અમદાવાદના જિષ્ણુદાસ કરીને સાધુ ગવૈયા ગઢપુર આવ્યા હતા તેણે ગોપીનાથજી મહારાજના મંદિરની પછવાડે પ્રદક્ષિણામાં બેસીને ગાયનનો આલાપ કર્યો તે સાંભળી બાવો ખાચર બહુજ રાજી થયા અને સાધુને કહ્યું જે સ્વામી માંગો તે આપું જિષ્ણુદાસજી કહે શ્રીજીમહારાજ જે હાર પહેરતા તે હાર મને આપો તે હારમાં એક મોતી તથા એક પરવાળું હતું. તે હાર લેવા ને માટે બાવો ખાચર પોતાને ઘરે ગયા ત્યારે લાડુબાએ કહ્યું જે બાવા પટારો ઉઘાડીને શું કરે છે ? બાવો ખાચર કહે ફુઈ, ગવૈયા સાધુએ ગાંવણું કર્યું તે સાંભળીને હું બહુજ રાજી થયો છું તેમને આ હાર આપવો છે પછી લાડુબાએ કહ્યું જે તું ગાંડો થા માં ગાંડો, આ હાર કાંઈ ગાંવણાના આલાપમાં અપાય નહીં. આ તો જ્યારે અક્ષરપતિ પ્રકટ પુરુષોત્તમ આ પૃથ્વી ઉપર પધાર્યા હોય અને મોટીબા ફુઈ જેવાં તથા રાજબાઈ ફુઈ જેવાં તથા મારા જેવાં સાથે આવ્યાં હોય અને તેમણે સેવાએ કરીને રાજી કર્યા હોય ત્યારે આ હાર મળે, અમથો આ હાર મળે તેવો નથી. પછી જ્યારે લાડુબા ધામમાં ગયાં ત્યાર પછી બીજીવાર તે ગવૈયા સાધુ આવીને બાવા ખાચરને રાજી કરીને તે હાર તેઓ લઈ ગયા હતા. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૧૮૪)*

● **શ્રીહરિએ નથુ ભટ્ટની ભૂલ ઓળખાવી**

જેતલપુરના કોટમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને ત્યાં ગામડીની એક બાઈ આવી તેણે મહારાજને છેટેથી વિનંતી કરી જે મહારાજ ગંગામાને કહો કે મને વર્તમાન ધરાવે. મહારાજ કહે અમે એમ વર્તમાન ન ધરાવીએ પરણ્યા એ પતિ ને બીજા ભાઈ બાપ કરે તો વર્તમાન ધરાવીએ ત્યારે બાઈ કહે હું પરણી તે પતિ બીજા ભાઈ બાપ મહારાજ કહે એમ કહેનારાં ઘણાં મળે પણ પરણ્યા



Final



પતિને જો ભાઈ બાપ કહે તો વર્તમાન ધરાવીએ ત્યારે બાઈ કહે પરણી છું તે પતિ મારો ભાઈ બાપ. મહારાજ કહે તેમ કહેનારાં પણ ઘણાં મળે પણ ધોળાં વસ્ત્ર પહેરે તો વર્તમાન ધરાવીએ. બાઈ કહે લાવો ધોળાં વસ્ત્ર પહેરું. મહારાજ કહે માથું મુંડાવે તો વર્તમાન ધરાવીએ બાઈ કહે બોલાવો વાળંદને માથું મુંડાવું આટલાં વાનાં તે બાઈએ કબૂલ કર્યા તે વખતે ગામ અમદાવાદના નથુ ભટ્ટ શ્રીજીમહારાજના ઢોલીયા પાસે બેઠા હતા. તેમને મહારાજે કહ્યું જે નથુ ભટ્ટ અમારાં જુનાં સત્સંગી સારાં કે નવાં ? મહારાજ કહે એ બાઈને જેટલું અમે કહ્યું તેટલું તે કરવાની હા પાડી અને તમારી ઘરવાળી મરી ગઈ છે તેથી તમે પંદર દિવસથી ખાધું નથી પછી નથુ ભટ્ટ હાથ જોડીને મહારાજને પગે લાગીને બોલ્યા જે મહારાજ મારી ભૂલ ઓળખાવી અને તે બાઈને ગંગામાં પાસે વર્તમાન ધરાવ્યાં પછી તે સત્સંગી થઈ. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૩૧૦)*

● **શ્રીહરિએ ભદ્રના કિલ્લામાં રોઝા ઘોડાને શ્રીહરિ દર્શન દેવા પધાર્યા.**

એક વખતે શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા અને ભદ્રકાળી પાસે નીકળ્યા તે સમે ભદ્રકાળીમાં રોઝો ઘોડો બાધ્યો હતો તે હણહણ્યો એટલે મહારાજે તેનો શબ્દ સાંભળ્યો. પછી મહારાજ કહે આ રોજો ઘોડો હણહણ્યો માટે ચાલો ત્યાં જઈએ પછી મહારાજ ભદ્રકાળીમાં પધાર્યા અને સખાસહિત રોઝા ઘોડાપાસે ગયા પછી મહારાજે તેના ચાબુકને કહ્યું જે જે આ ઘોડાની પછાડી છોડી નાંખ્ય આંખ્યના ડાબલાં પણ છોડી નાંખ્ય પછી ચાબુક બોલ્યો જે મહારાજ આવો હાથી જેવડો ઘોડો છે તેની પછાડી છોડાય નહીં. કેમકે કોઈકનું નુકશાન કરે ત્યારે મહારાજ કહે નુકસાન કરે તે અમારે માથે પછી ચાબુકે ઘોડાની પછાડી અને ડાબલાં છોડી નાખ્યાં પછી શ્રીજીમહારાજની મૂરતી સામું જોઈને રોઝા ઘોડાની આંખ્યમાંથી

આંસુની ધાર ચાલી નીકળી તે જોઈને મહારાજ બોલ્યા જે રોજો ઘોડો હવે ઝાઝા દિવસ રહેશે નહીં એમ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા. *(અક્ષરાનંદ સ્વામીની વાતો-૪૦૮)*

● **શ્રીહરિનો પ્રતાપ અને મુક્તાનંદ સ્વામીનું સામર્થ્ય**

કોઈક સમયને વિશે મહારાજ અમદાવાદમાં નથુ ભટ્ટને ઘેર વિરાજમાન હતા ત્યારે પોતાની છાતીએ મુક્તાનંદ સ્વામીનો હાથ અડાડી કહ્યું કે સ્વામી, આ મૂર્તિને ભજીને અનંત કમલાપતિ થવાય છે. અને આજે તમને મૂર્તિ મળી છે તેના આકારે દૃષ્ટિ થાય તો અનંતકોટિ બ્રહ્માંડ રાખના પડીકા જેવું થઈ જાય. એવો આ મૂર્તિનો મહિમા છે. સ્વામી તમારામાં જે સમાર્થ્ય છે તે તમે જાણો છો ? સ્વામી, કહે ના મહારાજ. હું નથી જાણતો, મહારાજ બોલ્યા કે તમે તો અહીંથી જીવોને હાથે પકડીને ફેંકો છો તે ઠેઠ અક્ષરધામમાં જઈ પડે છે. એમ અન્યાવિર્ભાવથી પણ તમારામાં અધિક સામર્થ્ય છે. તે સમયમાં મુક્તાનંદ સ્વામીના વિદ્યાર્થી ગામ મેથાણના વિપ્ર ગોવિંદરામ પાસે હતા. એવી રીતે શ્રીજીમહારાજ પોતાના એકાંતિક ભક્તને પોતાનું પુરુષોત્તમપણું જણાવતા હતા. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૯૨)*

● **વડનગરના બે બ્રાહ્મણો બ્રહ્મચારીની દીક્ષા લઈને અમદાવાદ સેવામાં રહ્યા**

વડનગરના બે ભિક્ષુક વિપ્ર કાઠિયાવાડમાં ભિક્ષાવૃતિ કરીને પાછા વળતાં, મહારાજના દર્શન કરવાની ઈચ્છાથી ગઢપુર નજીક આવ્યા. એટલે મહારાજ કાઠી સવારો સાથે લઈને સામેથી ચાલ્યા આવતા જણાયા. મહારાજ એ બે વિપ્રને મળ્યા. એટલે તે વિપ્ર ખભેથી પોતાના ખડીયા નાખી દઈને દંડવત્ કરવા લાગ્યા. એ જોતાં મહારાજ બોલી ઊઠ્યા - રાખો, રાખો. તે વિપ્ર બોલ્યા : મહારાજ અમે તમારાં દર્શને આવીએ છીએ. મહારાજ કહે, તમે ગઢપુર જાઓ અને અમે



Final


આમ જઈને આવીએ છીએ. એમ કહીને ગયા. ત્યાં તો મહારાજને અગ્નિસંસ્કાર થતા હતા. એટલે વિપ્ર નવાઈ પામી ગયા અને ત્યાં વાત કહી તે સાંભળીને બધા નવાઈ પામ્યા. પછી એ વિપ્ર બ્રહ્મચારી થયા અને હરિકૃષ્ણાનંદ અને રામચંદ્રાનંદના નામે અમદાવાદમાં હરિકૃષ્ણ મહારાજની સેવામાં રહ્યા. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૧૫૮)*

● **અમદાવાદના વ્રજલાલે શ્રીહરિ પાસે પોતાનું ગમતું કરાવ્યું**

અમદાવાદના વ્રજલાલ મહારાજની પૂજા કરવા માટે કપૂરના અલંકાર કરાવીને અને બે બે સેરના સાકરના બે પેંડા કરાવીને વડતાલે મહારાજનાં દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરીને મંદિરથી આથમણી વાડીઓમાં નાવા ગયા. ત્યાં નાહીને, કોળીને વાડીનો ધણી માનીને તેને પૂછ્યું કે અહીં દેવતા મળશે ? તે કોળીએ કહ્યું કે - પેલી વાડીએ મળશે. એટલે વ્રજલાલ પોતાના સામાનની તે કોળીને ભલામણ કરીને પોતે વાડીએ દેવતા લેવા ગયા. એટલે પેલો કોળી બધો સામાન લઈને પલાયન થઈ ગયો. વ્રજલાલે મંદિરમાં આવીને સ્વામીને આ વાત કહી અને સ્વામીએ એ વાત મહારાજને સંભળાવી. મહારાજે જોબન પગીને અને મૂળજી પટેલને કહ્યું. એટલે ઘણી શોધ કરાવી તોપણ તેનો સામાન હાથમાં આવ્યો નહિ. પછી તેમણે વ્રજલાલને પૂછ્યું કે કેટલા રૂપિયાની તમારી મતા હતી? વ્રજલાલે કહ્યું કે, મતા તો પાંચ રૂપિયાની હતી. એટલે તે બોલ્યો કે, તમને પાંચના સાત રૂપિયા અપાવીએ. છતાં વ્રજલાલે માન્યું નહિ. એટલે જોબન પગીએ અને મૂળજી પટેલે મહારાજને કહ્યું કે, ભક્તનો માલ તો જડતો નથી. અને માલથી અધિક રૂપિયા આપવાના તે ભક્તને કહ્યા પણ તે તો કહે છે કે મારે મારો સામાન જ જોઈએ. એટલે રાત્રીએ બધાને ભેગા કરીને તપાસ કરીશું. રાત્રીએ બધા કોળીને એકઠા કરીને પૂછ્યું, પણ કોઈએ હા ન પાડી. પછી બધાને એક

લાઈનમાં ઊભા રાખ્યા અને વ્રજલાલ ભક્તને બોલાવીને કહ્યું કે, તમારો સામાન જેણે લીધો હોય તેને આમાંથી ઓળખી લો. વ્રજલાલ મશાલ લઈને જોવા લાગ્યા ને જોતાં જોતાં એક જણને બતાવીને બોલી ઊઠ્યા કે, ''આ મારો દીકરો !'' પેલો કોળી બોલ્યો કે, મારા ઉપર જુઠું તહોમત મૂકે છે. એટલે મૂળજી પટેલ કહે કે ફરી એક હારમાં ઊભા રહો. પછી પેલો કોળી વેશ બદલીને વચ્ચે જઈને ઊભો રહ્યો. તો પણ વ્રજલાલે તેને ઓળખી કાઢ્યો. એટલે કોળી બોલ્યો કે મેં એનો સામાન લીધો હોય તો હું તેલમાંથી વીંટી કાઢુ. આ સમયે મહારાજ સુતારને ઘેરથી જમીને આવતા હતા તે ઊભા રહ્યા ને બોલ્યા કે, તું તેલના કડાયામાં બેસે તો પણ લેનારો તો તું જ છે. પછી મૂળજી પટેલે તે કોળી પાસેથી તેનો સામાન કાઢ્યો અને મહારાજને સોંપ્યો. બીજે દિવસે મહારાજે શુકમુનિને કહ્યું કે, એને બોલાવો. અમારી પૂજા કરે. પછી તેને બોલાવ્યો અને હાર મંગાવ્યો. વ્રજલાલે મહારાજની પૂજા કરી અને કહ્યું - આ પેંડામાંથી જમો. મહારાજ એક ચપટી ભરીને જમ્યા. વ્રજલાલ બોલ્યા કે, મેં તો એવો સંકલ્પ કર્યો હતો કે, મહારાજ બંને પેંડામાથી અકેક ફડશ જમશે તો મારો સંકલ્પ તમે ખોટો કરી નાખ્યો. મહારાજ બોલ્યા કે અમે તો જમ્યા છીએ એટલે નહિ જમાય. છતાં બહુ હઠ કરીને મહારાજને પરાણે જમાડ્યા. એમ કેટલાક ભક્ત તો ભગવાનને પણ પોતાનું ગમતું કરાવે છે. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૨૩૧)*

- **અમદાવાદના રણછોડરાય તથા હિંમતલાલ એ બંને ને બ્રહ્મરાક્ષસનો દેહ ગોપાળાનંદ સ્વામીએ છોડાવ્યો**

એક વખત ગોપાળાનંદ સ્વામી હજારો માણસોની સભામાં શ્રીજીમહારાજના પ્રતાપથી વાતો કરતા હતા, ત્યાં અમદાવાદવાળા જાદવરાય નાગર તથા હરિભાઈ ભૂતિયા બેઠા હતા. તેમને સ્વામીએ પૂછ્યું કે અમદાવાદમાં રામાનંદ સ્વામીના મળેલા હમણાં કોઈ નાગર



Final



છે ? ત્યારે જાદવરાયે કહ્યું કે અમે ચાળીશેકને આશરે છીએ. આ હરિભાઈના બાપ હિંમતલાલ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમને સ્વામીશ્રીએ સદાવ્રત ખાતે છસેં રૂપિયા હતા, તે સદાવ્રતમાં વાપર્યા નહિ અને પોતે દબાવી બેઠા, તે પાપે કરીને બ્રહ્મરાક્ષસ થયા છે ને પોતાના પુત્ર હરિભાઈને વળગ્યા છે. ત્યારે હરિભાઈ કહે કે સ્વામી, મારી માના બાપ જે મારા દાદા હતા તે પણ ઘણા ધનવાન હતા. તેમનું દ્રવ્ય પોતાના ઘરના ભોંયરામાં મોટા પટારામાં ભરી રાખ્યું છે. તેમને બીજી કાંઈ પ્રજા નથી. હું એક જ તેમની દીકરીનો દીકરો છું ને હું તેનો વારસ છું. તે ઘરને તાળું વાસી મૂક્યું છે. અઠાવીસ વર્ષ થયાં તે બ્રહ્મરાક્ષસ થયા છે ને તે ઘરમાં પણ કોઈથી જવાતું નથી. હું બે ત્રણ માણસોને લઈને તે ઘરમાં ગયો હતો, પણ અમે બધા ધબોધબ પડી ગયા. તે માત્ર ''શંકર'' શબ્દ બોલ્યા કરે છે. આ વાત સાંભળી સ્વામી બોલ્યા કે હરિભાઈ, તમારા બાપ અને તમારી માના બાપ બંને બ્રહ્મરાક્ષસ થયા છે ખરા, પણ હવે એ બેઉનો મોક્ષ કરીએ. પછી સ્વામીએ તે બે બ્રહ્મરાક્ષસને હરિભાઈના શરીરમાં લાવીને બોલાવ્યા. પ્રથમ રણછોડરાય જે હરિભાઈનો દાદો થાય તે બોલ્યો કે હું તો શ્રીમંત પેશ્વાના રાજ્યમાં એક વખત મુખ્ય સૂબો હતો. તે વખતે મેં મારા ભોંયરામાં અઢાર હજાર રાળ મૂક્યા છે. એટલે સ્વામી કહે : હવે તેનું શું કરવું છે ? ત્યારે તે કહે મારી દીકરીનો દીકરો હરિભાઈ છે તે જો મારી પોળને નાકે મહાદેવનું દહેરું દશ હજાર રૂપિયાનું કરાવીને તેમાં શંકર પધરાવે અને અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણના દહેરાના ઘૂંમટમાં દશ હજાર રૂપિયા આપે ને સાધુ બ્રાહ્મણ જમાડી અરધું દ્રવ્ય વાપરે અને અરધું દ્રવ્ય હરિભાઈ પોતે લે તો હું રાજી થાઉં, પણ સ્વામી, આપ કૃપા કરી મારો મોક્ષ કરો. પછી સ્વામીએ કહ્યું કે તમે કહ્યું તે પ્રમાણે હરિભાઈ પાસે કરાવીશું. પછી હરિભાઈના બાપા હિંમતલાલને પૂછ્યું કે હવે તમે બોલો :

ત્યારે તે બોલ્યા કે સ્વામી, રામાનંદ સ્વામીના છસો રૂપિયાનું શું કરવું ? પછી સ્વામીએ અંતર્દષ્ટિ કરી રામાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી, તમારા સદાવ્રતના છસો રૂપિયા આ હિંમતલાલ નાગર દબાવી બેઠેલા તે રૂપિયા તો તમારા શિષ્ય રઘુનાથદાસે લીધા છે. પછી સ્વામી બોલ્યા કે એ વિમુખને એણે શીદ આપ્યા ? માટે હવે તે રઘુનાથદાસના પટારામાં રૂપિયા બાવીસો છે, પછી તે બેઉ સસરા જમાઈને તમે બદરિકાશ્રમમાં મોકલજો. પછી રામાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે હિંમતલાલ બ્રહ્મરાક્ષસે રઘુનાથદાસના પટારામાથી છસો રૂપિયા લાવીને આપ્યા. હરિભાઈએ તે રૂપિયા શ્રી સ્વામિનારાયણના મંદિરમાં મોકલ્યા અને અમદાવાદમાં હવેલીની પોળમાં રણછોડરાય જે પોતાના દાદા થાય તેમનું ઘર ઉઘાડ્યું, પટારામાંથી રાળો કાઢીને શામળ ટંકશાળીને ત્યાં વટાવી તેના રૂપિયા બેતાળીશ હજાર આવ્યા. તેમાંથી દશ હજાર રૂપિયાનું પોતાની પોળને નાકે મહાદેવનું દહેરું કરાવી તેમાં શંકરની સ્થાપના કરી બ્રહ્મભોજન કરાવ્યું. તે દહેરું અદ્યાપિ સુધી હરિભાઈ ભૂતિયાના નામથી પ્રખ્યાત છે. બીજા દશ હજાર રૂપિયા શ્રી સ્વામિનારાયણ મંદિરના ઘૂંમટ કરવા સારુ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યા અને સાધુ જમાડ્યા. એ રીતે અરધા રૂપિયા કહ્યા પ્રમાણે પુણ્ય માર્ગે વાપર્યા અને બાકીના અરધા રૂપિયા પોતે રાખ્યા. પછી રણછોડરાય તથા હિંમતલાલ એ બંને બ્રહ્મરાક્ષસોનો દેહ છોડાવીને સ્વામીએ બદરિકાશ્રમમાં મોકલ્યા. *(સ્વા. ભાગવત સ્કંધ-૪, અધ્યાય-૧)*

● **નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં ઉદ્ધવ સંપ્રદાયને વૈદિક છે તેમ સિધ્ધ કર્યો.**

આનંદાનંદ ઉવાચ :- ''ઉદ્ધવ સંપ્રદાય''ની દિનપ્રતિદિન ચઢતી કળા જોઈને બીજા મત પંથવાળા લોકો ઈર્ષ્યા કરવા લાગ્યા, તેમાં સૌથી વિશે, ગોસ્વામીના આચાર્ય હતા. તેમણે ''ઉદ્ધવ સંપ્રદાય''ને



Final



જડમૂળમાંથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કરવા માંડ્યો, અને તે કાર્યમાં સહાયતા માટે કાશી, જામનગર વગેરે ઠેકાણેથી પોતાના જેવા સ્વભાવવાળા પ્રતિષ્ઠિત પંડિતોને છપ્પન ભોગના મહોત્સવ નિમિત્તે અમદાવાદમાં બોલાવીને ભેગા કર્યા. વળી તેમણે વડોદરાના શાસ્ત્રીઓને પણ અમદાવાદ પધારવા પોતાનો ગૂઢ આશય જણાવી ખાનગી પત્ર લખ્યો, એટલે તે પંડિતોએ તે પત્રનું રહસ્ય સમજી ઉદ્ધવમતને નાશ કરવામાં મદદરૂપ થવાની પોતાની ઈચ્છા કરી, પરંતુ જો તેઓ રાજાની આજ્ઞા વિના અમદાવાદ જાય તો તત્કાળ રાજા તેમની આજીવિકા તોડી નાખે એમ હતું, તેથી તેમણે ભેગા થઈ યુક્તિથી અમદાવાદ જવાનો પોતાનો વિચાર રાજા પાસે જઈને જણાવ્યો, પરંતુ શ્રીમાન મહારાજા સયાજીરાવ પોતે બુદ્ધિમાન હોવાથી તરત જ તેમનો ગૂઢ આશય સમજી ગયા. આવા શુદ્ધ સંપ્રદાયની નિંદા કે અવગણના થાય તે ઠીક નહિ એમ વિચારી વિદ્વાનોને તેમણે કહ્યું કે જે સભામાં તમારે જવાનું છે તે સભાનો હેતુ તમારે જાણવો જોઈએ. જ્યાં ઈર્ષ્યાથી જે કેવળ ખોટો વાદવિવાદ કરીને બીજાને હલકો પાડવાનો ઈરાદો હોય અથવા કોઈની નિંદા કે અવગણના કરવાની હોય તેવી સભામાં તમારા જેવા ડાહ્યા અને સુજ્ઞ વિદ્વાનોને જવું યોગ્ય નથી. અમદાવાદમાં જે પંડિતો ભેગા થાય છે તેનો હેતુ તમે સારી રીતે સમજો છો, છતાં ત્યાં જવા માટે તમે તૈયાર થયા છો. એ ઘણું દિલગીરી ભરેલું છે. જે સભામાં પોતાને જવાનું હોય તે સભાનું સ્વરૂપ અને કોની સાથે વાદવિવાદ કરવાનો છે વગેરે હકીકત પ્રથમથી જ વિચારીને પછી તે સભામાં જવું જોઈએ. જે પુરુષો સભાના આગેવાન સભ્યોનો હેતુ જાણ્યા સિવાય જે તે સભામાં જાય છે, તે અંતે અપમાનને પાત્ર થાય છે. એ સભા તો કેવળ ''ઉદ્ધવ સંપ્રદાય'' ઉપર દ્વેષને લીધે જ બોલાવવામાં આવેલી છે એમ અમને જણાય છે, માટે કેવળ રાગદ્વેષને લીધે ભેગી થયેલી સભામાં તમારા જેવા પંડિતોને મોકલવા

એ મને ઠીક લાગતું નથી. એ સભામાં ''ઉદ્ધવ સંપ્રદાય''ના સમર્થ અને મહાવિદ્વાન મુનિ નિત્યાનંદ સ્વામી આવનાર છે. તેમની સાથે તમારે વાદવિવાદ કરવાનો છે. નિત્યાનંદ મુનિના વિદ્યાબળનો તમને પ્રથમથી જ અહીં અનુભવ થયેલો છે, માટે તમારી જે કીર્તિ છે તેને નહિ ગુમાવવાં છાનામાના તમારે બેસી રહેવું એ જ ડહાપણ ભરેલું છે. એવા રાજાનાં વચન સાંભળી સૌ પંડિતો પોતાને ઘેર ગયા અને છાનામાના બેસી રહ્યા. હવે મહારાજાએ આ બાબતનો સંદેશો ઉમરેઠ નિત્યાનંદ સ્વામી ઉપર મોકલાવી જણાવ્યું કે અમદાવાદમાં ઘણા પ્રતિપક્ષીઓ ''ઉદ્ધવ સંપ્રદાય'' ને મૂળમાંથી છિન્ન ભિન્ન કરીને ઉખેડી નાખવાની તૈયારીઓ કરી રહ્યા છે, અને વાદવિવાદ માટે મોટો સમારંભ કરી રહ્યા છે, માટે તમારે તે સભામાં જઈ તે સર્વ વિરોધીઓને જીતીને ''ઉદ્ધવ સંપ્રદાય''ને સર્વોપરિ સિદ્ધ કરવો. ઉપરની હકીકત નિત્યાનંદ સ્વામીએ સાંભળી કે તરત જ તેઓ પોતાના ભગવદાનંદ મુનિ વગેરે વિદ્વાન શિષ્યોએ સહિત અમદાવાદ પહોંચી ગયા. સ્વામી અમદાવાદ પધાર્યા એવી ખબર સાંભળી આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી પોતાના પુત્ર કેશવપ્રસાદ તથા મહાનુભાવાનંદ વગેરે સંતોને સાથે લઈને સામા પધાર્યા, અને વાજતે ગાજતે અતિ સન્માનપૂર્વક નિત્યાનંદ સ્વામીને મંદિરમાં તેડી લાવ્યા. તેથી સૌ સંત હરિભક્તોના મનમાં ઘણો જ આનંદ ઉત્પન્ન થયો.

નિત્યાનંદ સ્વામી અમદાવાદ ઓચિંતા પધાર્યાની વાત સાંભળીને સર્વ વિરોધીઓને અત્યાર સુધી જે વિજય મેળવવાની આશા હતી, તેનો વેગ તરત જ બદલાઈ ગયો અને હવે આપણી લાજ રહેશે કે નહિ તેના જ વિચાર થવા લાગ્યા, પણ હવે આ વાત બંધ રાખી શકાય તેમ પણ નહોતું, કેમ કે પ્રતિપક્ષીઓએ આચાર્યજીને પ્રથમથી જ ખબર આપી હતી કે તમારો સંપ્રદાય વેદમૂળ નહિ હોવાથી તે અવૈદિક છે, અને તમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન નથી,



Final



એમ બે વિરોધ બતાવ્યા હતા, તેથી કોઈ રીતે સભાનો પ્રસંગ બંધ રાખી શકાય તેવું નહોતું અને જો તેમ કરવા જાય તો લોકમાં હાંસીને પાત્ર થાય એ મોટી બીક હતી. હવે ઠરાવેલા વખત પ્રમાણે શ્રી સ્વામિનારાયણના મંદિરમાં વિશાળ ચોકમાં એક મોટી સભા ભરાઈ, અને તે સભામાં સર્વ સદ્‌ગુરુઓ, સાધુઓ અને સત્સંગી જનો આવી પોતાની યોગ્ય જગ્યાએ બેઠા, અને સૌની વચ્ચે ઊંચે આસને નિત્યાનંદ સ્વામી બિરાજમાન થયા, એટલે પ્રતિપક્ષીઓ સર્વે અનુક્રમે સભામાં સામા આવીને બેઠા. તેમાં ખાસ કરીને ખોટા ડોળ કરનારા વેદાન્તીઓ, સાંખ્યવાદીઓ, નૈયાયિકો અને વૈયાકરણીઓ ભાડૂતી આણેલા વિદ્વાનો હતા, પરંતુ નિત્યાનંદ સ્વામીના પ્રભાવ અને તેજ આગળ સૌની ધીરજ આપોઆપ જતી રહી. અને ઘણી મહેનત કરી ગોખી રાખેલા કહેવાના શબ્દો બોલવાની પણ કોઈની હિંમત રહી નહિ અને સૌનાં મન ઝાંખા પડી ગયાં. પછી સૌ છાનામાના નિત્યાનંદ સ્વામી શું બોલશે તે સાંભળવા ઉત્સુક થયા.

તેવામાં નિત્યાનંદ સ્વામી સભામાં બહુમાન પૂર્વક ગંભીર મીઠી વાણીથી વિદ્વાન મંડળને સંબોધી કહેવા લાગ્યા : હે માનનીય સજ્જનો તથા વિદ્વાનો, તમે સર્વ સત્શાસ્ત્રના રહસ્યને યથાર્થ સમજનારા અને મહાસભામાં શોભારૂપ હોવાથી હું તમારો સમાગમ ઘણા દિવસથી ઈચ્છતો હતો, તે આજે ભગવાન શ્રી સ્વામિનારાયણની મહાકૃપાથી પ્રાપ્ત થયો છે. માટે તમારા જેવા મહાસમર્થ વિદ્વાનોની શાસ્ત્રોનો વાદવિવાદ કરવાની વાણી સાંભળવાની મારી ઘણી ઈચ્છા છે, તો જેમાં તમારી રુચિ અને શક્તિ હોય તેવા વાદનો આરંભ કરો. આવું સ્વામીનું અતિ વિનયવાળું ધીરજથી ભરેલું પ્રિય વચન સાંભળી સૌ વિદ્વાનો સ્તબ્ધ થઈ ગયા. પછી કેટલીક વારે પરસ્પર એકબીજાના સામું જોઈ એક પંડિતને ઉત્તેજન આપી આગળ કર્યો, ત્યારે તેણે ધીરજ રાખીને સભામાં સ્વામીને પૂછ્યું કે અમારે તમને પૂછવાના

પ્રશ્નો તો ઘણા છે, પરંતુ તેમાં પ્રથમ તમારા સંપ્રદાયને માટે અમારો મુખ્ય આક્ષેપ એ છે કે તમારો સંપ્રદાય શાસ્ત્ર પ્રમાણે હોય તો તે સિદ્ધ કરી આપો અને તમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે તેનું શાસ્ત્રમાં શું પ્રમાણ છે ?

આવા મોટા સમારંભમાં મોટા મોટા પંડિતો આવીને કેવા કઠણ પ્રશ્ન પૂછશે એવું જે સાંભળવા આવનાર લોકો ધારતા હતા તેમને આવા ઈર્ષ્યા ભરેલા પૂછેલા નિઃસાર બે પ્રશ્ન સાંભળી આશ્ચર્ય થયું. પછી નિત્યાનંદ સ્વામીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિપ્રધાન એવો "ઉદ્ધવ સંપ્રદાય" સનાતન સત્શાસ્ત્રશુદ્ધ છે એમ અનેક શાસ્ત્રનાં વચનોથી સૌને બરાબર સાબિત કરી આપ્યો.

सर्वज्ञता तृप्तिरनादिबोधः स्वतंत्रता नित्यमलुप्तशक्तिः ।
विभोरभीज्ञा च महाव्रतानां षडाहुरंगानि महेश्वरस्य ॥१॥

આવામાં અમારા સ્વામિનારાયણ ભગવાનમાં અનંત લક્ષણો છે, તેથી સર્વોપરિ ભગવાન સર્વે કહે છે, ને અમે પણ સર્વોપરિ ભગવાન માનીએ છીએ. વળી એ શ્રી સહજાનંદ સ્વામી સર્વના કારણ, સર્વાન્તરાત્મા, પરાત્પર, પરબ્રહ્મ, સાક્ષાત્, સર્વાવતારી પ્રગટ પુરુષોત્તમ પોતે જ છે. એમ વેદાકિક સત્શાસ્ત્રનાં પ્રમાણોએ સહિત યથાર્થ રીતે સિદ્ધ કરી બતાવ્યું. પછી પંડિતો બોલ્યા કે તમારો સંપ્રદાય શાસ્ત્ર પ્રમાણે છે, એમ કહી સભા વિસર્જન થઈ. *(સ્વા. ભાગવત સ્કંધ-૭, અધ્યાય-૧૦)*

- **૧. શ્રીહરિ કુબેરસિંહને સ્વપ્નામાં કહુ કે તમારો દેણદાર તો કાલે આવશે ?**

એક સમયે અમદાવાદવાસી હરિભક્તો, દર્શનની લાલસાથી શ્રીહરિ પાસે જવા માટે વિચારો કરતાં હતા. તેમાં કુબેરસિંહે કહ્યું, કે હાલ મારાથી આવી શકાશે નહિ, કેમ કે આજે એક દેણદાર પૈસા આપવા માટે આવનાર છે, એમ કહીને તે તો રાત્રે સુઈ ગયા. અને



Final



સ્વપ્નમાં મહારાજે દર્શન આપી કહ્યું કે, કેમ સુઈ રહ્યા છે ? સોનાની છડી લઈને સર્વ હરિભક્તો સાથે અમારા દર્શનાર્થે ચાલો, અને તમારો દેણદાર તો કાલે આવશે માટે ચિંતા ન કરશો.

- **૨. અમદાવાદના મનસુખરામ વણિકને શ્રીહરિ તેડવા પધાર્યા.**

ત્યારબાદ અમદાવાદના મનસુખરામ વણિકને પોતાના અંતકાળ વખતે અનંત મુકતો સહિત શ્વેત હાથી ઉપર બિરાજમાન, અનંત સૂર્ય સરખી કાન્તિવાળા શ્રીહરિનાં દર્શન કરીને પુત્રને કહેવા લાગ્યા કે, મને મહારાજ તેડવા માટે આવ્યા છે તો જલ્દી દૂધપાક બનાવો મહારાજને જમાડી તેમની સાથે હું અક્ષરધામમાં જાઉં છું, એમ કહીને શ્રીહરિ ભગવાનના પ્રભાવથી દેવોએ સ્તુતિ કરાયેલા તે મનસુખરામ, હાથી ઉપર બેસીને ધામમાં જતા હતા.

- **૩. સરસપુરના કાનદાસ પટેલ ચોરો પાસેથી ધન-વસ્ત્રાદિક શ્રીહરિએ હનુમાનજી દ્વાર પાછું અપાવ્યું.**

એક વખત સરસપુરના કાનદાસ પટેલ કોઈ વ્યવહારિક કાર્ય પ્રસંગે સોનીપુર જતાં રસ્તામાં ચોર લોકો મળ્યા અને તેમનું ધન વસ્ત્રાદિ લૂંટી લીધું, ત્યારે તે ભક્ત એકદમ ઉદાસીન થઈને માર્ગમાં બેસીને ઈષ્ટદેવ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા. તે વખતે અંતર્યામી ભગવાન તત્કાળ પાંચ ઘોડે સ્વારો સાથે લઈ તેમની પાસે આવી કહ્યું કે, ભક્ત ! ઉદાસીન કેમ છો ? ત્યારે કાનદાસ બોલ્યા કે હે નારાયણ મુને મારું ધન વગેરે ચોર લોકો લૂંટી ગયા, હવે હું શું કરું. મહારાજે કહ્યું, ભક્ત ! બીલકુલ ચિંતા કરશો નહિ, એમ કહિ કપિરાજ હનુમાનજીને બોલાવ્યા, એટલે હનુમાનજી તે ચોરોને તાડન કરી તેમની પાસેથી ધન લઈને ભક્ત કાનદાસને આપી ને પોતે અદૃશ્ય થઈ ગયા. અને શ્રીહરિ પણ અદૃશ્ય થઈ ગયા. આ પ્રમાણે ભગવાન પોતાના ભક્તોનું રક્ષણ કરે છે. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૫)*

● **અમદાવાદ રંગોત્સવમાં પાર્ષદ ગુમાનજીની સેવા.**

સંવત ૧૮૮૧ માં શ્રીહરિએ અમદાવાદમાં રંગોત્સવ કર્યો ત્યારે ગુમાનજી શ્રીહરિ સાથે હતા. અમદાવાદના વજા શેઠ, વલ્લભરામ, સજાભાઈ વગેરે ભક્તોએ ખૂબ ભાવથી શ્રીહરિની સેવા તથા પૂજન કર્યું હતું. આ ભક્તોએ તે સમયે મિયાંજી તથા ગુમાનજીના હાથે મહારાજનું પૂજન કરાવ્યું હતું.

મિયાજી ગુમાનજીએ હાથ, પૂજ્યા સહજાનંદ સુખ પાથ,
પુરુષોત્તમ દાસનો તે પ્રીતે, ઓઢ્યો ખેસ વાલે રૂડી રીતે.

વળી, જ્યારે સંવત ૧૮૮૨ માં ફરીવાર અમદાવાદમાં ફૂલદોલ ઉત્સવ કર્યો ત્યારે ભગુજી, ગુમાનજી વગેરે પાર્ષદો સાથે ખૂબ પ્રેમથી રંગે રમ્યા હતા. તે વાત તેમણે જ આ ગ્રંથના ૬૩ માં કિરણમાં નીચે મુજબ લખી છે.

પાળા ભગુજી રતનજીને ભાળી, રંગ્યા રંગે તે વનમાળી;
ગુમાનજી અને ભીમભાઈ, રંગ્યા રંગે વાલે રાજી થાઈ .... ૩૦

*(ગુમાનજી (શ્રીવાસુદેવ ચરણદાસજી)નું જીવન પેઈજ ૨૪-૨૫)*

● **જેતલપુરના ગંગામાની ગાથા**

જુનાગઢના નાગર નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈને ઉના પરણાવી હતી. તેની દીકરી શર્મિષ્ઠાના વડનગર લગ્ન કર્યા. ભક્તરાજ નરસિંહ મહેતા પાછળની ઉંમર દીકરીની દીકરીને ત્યાં આવીને અંતિમ જીવન વિતાવ્યું હતું.

શર્મિષ્ઠાને તાના રીરી નામે બે દીકરીઓ હતી. જેઓને નરસિંહ મહેતાએ સંગીત શીખવાડ્યું અને કવિ સમ્રાટ તાનસેનને મલ્હાર રાગનું ગાન કરી દીપક રાગની ઉષ્ણતા શાંત કરી હતી. તથા ભીમ મહેતા નામે એક પુત્ર હતો. તેને નવ પુત્રો થયા. તેમાં (૧) ઉનાવા (૨) ઊંઝા (૩) નારદીપુર (૪) માણસા (૫) કોઠા (૬) પેથાપુર



Final



(૭) મહેતાપુરા (૮) પલિયડ (૯) વેડા માં જઈને વસ્યા.

નવ પૈકીના શ્યામજી મહેતા નારદીપુર આવીને વસ્યા. તેમના ભુદર મહેતા નામે પુત્ર થયા. તેમના ઘરે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ જેઓને ''મા'' કહીને બોલાવતા એવા જેતલપુરના તથા સંપ્રદાયના ઈતિહાસને ઉજાગર કરનાર તેમજ દશક્રોશી સહિત ઉત્તર ગુજરાતના ઉદ્ધવ સંપ્રદાયના પ્રણેતા એવા સત્સંગ શિરોમણી ''ગંગામા'' નો વિક્રમ સંવત ૧૮૦૭ જેઠ સુદ સાતમ ગંગા સપ્તમીના પવિત્ર દિવસે માતા પ્રેમકુંવરબાના કૂખ થકી પ્રથમ સંતાન રૂપે પ્રાદુર્ભાવ થયો.

ભુદર મહેતાને ત્રણ પુત્રીઓ અને બે પુત્ર થયા.

(ગંગામા) ગંગાકુવર, રળીયાતકુંવર, કશળીકુંવર પુત્રીઓ અને નાનાલાલ અને જોઈતારામ પુત્રો થયા.

ભુદર મહેતાએ પુત્રી ગંગાકુંવર (ગંગામા)ને નારદીપુરગામમાં વલ્લભદાસના પુત્ર વિશ્વનાથન રાવલને ઘેર પરણાવી. તથા રળીયાતકુંવર દીકરીને ઉનાવા (બાલવા) પરણાવી, કશળકુંવરીએ સ્વેચ્છાએ નાગર ઈતર જ્ઞાતિમાં મહેસાણામાં દવે જ્ઞાતિમાં લગ્ન કર્યા. તે સમયે તેનો વિવાદ થવાથી તેઓને નાત બહાર મુક્યા. જે કશળીકુંવરના ઘેર શ્રીહરિએ ખીચડીના દાતણ કર્યા હતા તથા રળીયાતકુંવરને ત્યાં ઉનાવામાં શ્રીહરિ સાતવાર ઘેર પધારી થાળ જમ્યા હતા. પુત્ર નાનાલાલ કરજીસણ રહેવા જતા રહ્યા અને કડવા પટેલ ૪૨ સમાજના ગોર પદુ કરતા. બીજા પુત્ર જોઈતારામ નારદીપુર રહ્યાં.

ગંગામાના માતા પિતાના લગ્ન સમયે લગ્ન માંગુ લઈને દરબાર પિપળજ ઠાકોર રાજા સાહેબ પોતે વાણીયા વેડા ગામે ગયેલા હતા તેથી પુત્રી ગંગામાને ઠાકોર સાહેબ ભાણી કહીને બોલાવતા. નારદીપુર અને વેડાનો વાંટો (રાજ્ય) પિપળજના ઠાકોર સાહેબનો

હતો. ગંગામાના પિતા ભુદરજીને બળદેવજી બીજા નામે ઓળખાતા. જેઓએ રામાનંદ સ્વામીના સચિવ તરીકે સેવા આપેલી. પિપળજ ઠાકોર સાહેબના અંગત સન્માનનીય ભુદરજીએ રામાનંદ સ્વામીની સાથે વિચરણ કરીને ઉદ્ધવ સંપ્રદાયના વિસનગર સહિત નાગરોના નવ ગામ ગોળમાં પાયા નાખ્યા હતા. તે વખતે વામપંથીઓનો ખૂબજ પ્રચાર પ્રભાવ હતો. પરંતુ ઠાકોર સાહેબના સહયોગથી ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતો વધવા લાગ્યા.

એકવાર ગંગામાના દાદા શ્યામજી મહેતાને સ્વપ્ન આવ્યું કે નારદીપુરમાં રબારીવાસના ટેકરા નીચે ભગવાનની મૂર્તિયો મુગલ શાસન સમયથી દબાયેલી છે અને લક્ષ્મણજીના જમણા ગાલે મોટા તલની નિશાની છે. આ વાત જમીન માલિક રબારીને કરી તો તેણે પણ સાક્ષી પુરી કે અમારી ગાયો પણ આ ટેકરા પર અનેકવાર શિંગડાથી જમીન ખોદવાનો પ્રયત્ન કરે છે.

પીપળજ ઠાકોરની મદદથી ટેકરાનું ખોદકામ કર્યું તો તેમાંથી બળીયાદેવ, શ્રીકૃષ્ણ, રાધાજી, બળદેવજી, રેવતીજી, પાંચ પાંડવ, કુંતાજી, અષ્ટપટરાણી આદિ મૂરતિયો નીકળી. તે મૂર્તિયોમાં બળિયાદેવને નારદીપુરના નાયક લોકો લાંભા ગામના તળાવના કિનારે સ્થાપના કરીને મંદિર કર્યું. જે આજે લાંભા બળીયા કાકા દેવ મંદિર ખૂબજ પ્રસિદ્ધ છે. તથા પાંડવો કુંતાજીની મૂર્તિયોને એક નાયક બહુચરાજી પાસે આસજોલ ગામે લાવીને મંદિર કરીને સ્થાપના કરી.

નારદીપુરના નાયક સમાજના લોકો લાંભામાં રહેવા આવતાં નાયકના ગોર પદ વલ્લભદાસ રાવલ લાંભા રહેવા આવ્યા. તેઓ ખૂબજ વિદ્વાન અને જ્ઞાની હોવાથી લાંભા-અસલાલી-જેતલપુરના ગોરપદે ગ્રામવાસીઓએ નિયુક્ત કરતા વલ્લભદાસ જેતલપુર સ્થાયી થયા.



Final



વલ્લભદાસ રાવલને વિશ્વનાથ નામે પુત્ર હતા. તેમના લગ્ન નારદીપુરના ભુદરજી મહેતાની પુત્રી ગંગાકુંવર (ગંગાબા) સાથે થયાં હતાં એટલે ગંગાબા જેતલપુર રહેવા આવ્યાં.

વલ્લભદાસ રાવલને ઘણા ગામોનું ગોરપદુ હતું તથા સાત્વિક સંયમી અને સંતોષી સ્વભાવના હોવાથી યજમાન વૃત્તિથી આર્થિક રીતે સુખી સમ્પન્ન હતા. તેઓ અવાર નવાર યજ્ઞાદિકર્મ કરતાં.

નારદીપુરમાં રબારીવાસના ટેકરામાંથી નીકળેલી મૂર્તિયોમાની રાધાકૃષ્ણની મૂર્તિની ઘરમાં સ્થાપના કરી પૂર્ણ પૂજા અર્ચના નૈવેધ કરતા. તથા બળદેવજી રેવતીજી અને લક્ષ્મણજીની મૂર્તિને નારદીપુરમાં ગંગામાના પિતા ભુદરજી મહેતાએ ઘરમાં રાખી પૂજા કરતાં. (સમયાન્તરે શ્રીહરિએ જેતલપુરમાં આનંદાનંદ સ્વામી પાસે મંદિર કરાવીને મધ્ય મંદિરમાં સ્વહસ્તે બળદેવજી રેવતીજી સાથે લક્ષ્મણજીની મૂર્તિને હરિકૃષ્ણ નામાભિધાન કરીને સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરી પધરાવી.)

એકવાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ઉદ્ધવ પધાર્યા ત્યારે વિશ્વનાથ રાવલ પત્ની ગંગાકુંવર આદિ ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત થયા અને સ્વામીની આજ્ઞાથી અન્નક્ષેત્ર શરૂ કર્યું તેમાં ગંગાકુંવરે અતિથિને જમાડ્યા વિના જમવું નહિ એવું આકરુ નિયમ રાખ્યું હતું.

એકવાર સંવત ૧૮૩૭ ના ચૈત્ર માસમાં વડનગરના નાગરોના અધિષ્ઠાતાદેવ હાટકેશ્વર જયંતીના પર્વમાં જેતલપુરથી વિશ્વનાથ રાવલ વડનગર શિવપૂજન કરવા રોકાયા. ત્યાં લુણેશ્વર મહાદેવ મંદિરમાં જનમેદનીની ભયંકર ભીડમાં કરુણ ઘટના બની કે ગંગામાના પતિ વિશ્વનાથનું માત્ર ૩૨ વર્ષની ઉમરે નિધન થયું.

તે સમયે પીપળજના ઠાકોર સાહેબે વિશ્વનાથના પાર્થિવ શરીરને જેતલપુર પહોંચતું કરાવ્યું.

નાની ઉંમરે વિધવા બનતા ગંગાબા પતિને દેવ સરોવરના કિનારે પશ્ચિમી પાળે ચિતા ગોઠવાને સતી થવાનો સંકલ્પ કર્યો, અને ચિત્તામાં બેસવા જતાં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રગટ દર્શન આપીને હાથ પકડીને ચિત્તામાં બેસવાની ના પાડી અને દિવ્યરૂપે પ્રભુ બોલ્યા કે ગંગા હજી તારા હાથે અમારી બહુજ સેવા લેવાની બાકી છે. ગંગા કહે, મારે કોઈ પુત્ર નથી તો હવે જીવીને શું કરવું ? શ્રીકૃષ્ણ બોલ્યા કે - ગંગા હું તારો પુત્ર બનીને રહીશ. તમને મા કહીને બોલાવીશ. અને મારા બધા આશ્રિતો તને મા કહીને બોલાવશે.

આવું પરમાત્માનું વચન સાંભળી પતિના વિયોગનો શોક ટળી ગયો. પછી પતિના પિતા વલ્લભદાસ રાવલની અનુવૃત્તિમાં રહી રાધાકૃષ્ણની સેવા પ્રગટ ભાવે કરતાં. એકવાર રામાનંદ સ્વામીના આશીર્વાદથી રાધાકૃષ્ણની મૂર્તિયો પ્રત્યક્ષ થાળ-દૂધ જળ આરોગતા.

તે દિવસથી પુત્ર રૂપે પરબ્રહ્મની પ્રતિક્ષા કરતાં ગંગામાને દેવ સરોવરના કાંઠે નિલકંઠ વર્ણીને ઘરે લાવ્યા. થાળ જમવાના ટાણે દીકરો કહે ‘‘મા’’ એવું વચન માંગતાં પતિના અંતિમ સંસ્કાર વખતે આપેલા દીકરાનું વચન યાદ આવ્યું અને સ્તનમાં દૂધ ઉભરાઈ આવ્યું. સંપ્રદાયમાં ઉત્તમ ભક્તિના કોટીના અસંખ્ય સ્ત્રી ભક્તો થયાં પરન્તુ ‘‘મા’’ શબ્દ માત્ર ગંગામાને માટે જ કહ્યો.

ગંગામા, રામાનંદ સ્વામી અને શ્રીહરિએ શ્યામમૂર્તિ રાધાકૃષ્ણદેવ તથા મહાપ્રતાપી બળદેવજી રેવતીજી દક્ષિણ પડખે લક્ષ્મણજીની મૂર્તિ (હરિકૃષ્ણ મહારાજ) અનેકવાર થાળ પૂજન આરતી કરેલી છે.

સંપ્રદાયના સુપ્રસિદ્ધ નારદીપુરના ભક્ત તીતા ભક્ત મેવાડ ચિતોડગઢના વતની હતી. ગંગામા તેમને ભાઈ કહેતા.

ગંગામાનુ પિયર ભુદર મહેતાનું ઘર હાલમાં નારદીપુર ‘‘કિયારી’’ પાસે આવેલું છે. અને જેતલપુર મંદિરના ચોકમાં આવેલી છત્રીની જગ્યાએ તેમનું જુનું ઘર હતું.



Final



મંદિર બનાવ્યા પછી મંદિરની પૂર્વ દરવાજાની સામે આવેલા ઘરમાં જીવન પર્યન્ત રહ્યાં. અને વિ.સં. ૧૮૯૮ પોષ સુદ-૧૫ પૂનમના રોજ ૯૭ વર્ષની વયે અક્ષરવાસી થયાં.

જ્યાં પોતાના પતિ વિશ્વનાથનો અગ્નિ સંસ્કાર કર્યો હતો તે જ જગ્યાએ દેવ સરોવરના કાંઠે પ્રસાદીની અક્ષર ફુલવાડીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. (૩૦) ત્રીસ વર્ષની ઉંમરે વિધવા થયાં. અને દેહ ત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર ૯૭ વર્ષની હતી.

ગંગામાના સાસુનું નામ ભવાની કુંવરબા હતું. તેઓનું પિયર લુણાવાડા પાસે મોટા સોનેલા હતું.

● **રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજ**

આદિ આચાર્ય પ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ કેશવપ્રસાદજી મહારાજ પિતાની જેમ સમાધિનિષ્ઠના અંગવાળા હતા. તેઓ સમાધિ અવસ્થામાં રહીને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને અક્ષરધામમાં અનંત મુક્તોની સહિત દર્શન કરતા અને દેહમાં આવીને સંતોને હરિભક્તોને પાસે અક્ષરધામની શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરતા. તે સમયે શ્રીજીમહારાજને મળેલા સંતો બધા જ અક્ષરવાસી થઈ ચુકેલા. એટલે તત્કાલીન સંતો અવારનવાર પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીને અક્ષરધામની મૂર્તિ વિષે પ્રશ્નો પૂછતા. શ્રીજીમહારાજના પધરાવેલા શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપો શ્રીહરિના જ હોવા છતાં અક્ષરધામમાં અનંત મુક્તોથી વિંટાયેલ મૂળ સ્વરૂપનાં દર્શન ધ્યાન કરવાની સંતોની અત્યન્ત જીજ્ઞાસા હતી. ત્યારે પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીએ અક્ષરધામમાં રહેલ શ્રીહરિના સ્વરૂપની પ્રતિકૃતિ મૂર્તિ બનાવવાનો વિચાર કર્યો. તે સંતોએ જાણ્યો ત્યારે સંતો ખૂબજ રાજી થયા.

સંપ્રદાયમાં સર્વ પ્રથમ અક્ષરધામના સર્વોપરિ પ્રતિકૃતિ સ્વરુપની મૂર્તિ બનાવવા વડનગરના ખ્યાતનામ પવિત્ર લલ્લુભાઈ શિલ્પી મીસ્ત્રીને પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીએ બોલાવ્યા અને શ્રીજીમહારાજની મૂળ સ્વરૂપની અક્ષરધામના સ્વરૂપનું અંગો અંગનું વર્ણન અને વચનામૃતના પરથારામાં જણાવેલા ચિન્હો સહિત સંપ્રદાયમાં સર્વ પ્રથમ કાષ્ટની ઘનશ્યામ મહારાજની મૂર્તિ બનાવવા આજ્ઞા કરી. મીસ્ત્રીએ પોતાની આવડત પ્રમાણે કાગળમાં સ્કેચ કરીને વડનગર આવી પોતાના વર્કશોપમાં સારામાં સારા લાકડાને લાવ્યા.

અક્ષરધામમાં બિરાજમાન સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ બનાવવાની શરૂઆત કરી. ત્યારે મૂર્તિને આકાર આપતા આપતા મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ. તે સમયે અક્ષરાધિપતિએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને કહ્યું કે મીસ્ત્રી મુંઝાશો નહી. અમારા અંગો અંગનું માપ લઈ લો. તેજના પુંજમાં બિરાજમાન શ્રીહરિના અંગો અંગના માપ સાઈઝ રુપની નોંધ કરી. ત્યાર પછી ઘડતર કામ શરૂ કર્યું. જેમ જેમ ઘડતર કરતા જાય તેમ તેમ આબેહૂબ આકૃતિ તૈયાર થતી જાય. જ્યારે જ્યારે દ્વિધા ઉત્પન્ન થાય એટલે તુરત શ્રીહરિ દર્શન આપતા. આશરે છ મહિનાના સમયગાળા દરમ્યાન મૂર્તિના ઘડતર કામ પર્યન્ત મીસ્ત્રીએ પોતાની પત્ની કે પરિવારની સાથે વાત સુધા પણ કરી નહિ. તેઓના ધર્મપત્ની પતિની સાધનારુપી મૂર્તિની સેવામાં મદદરૂપ થવા વર્કશોપમાં લાજ કાઢીને જમવાની થાળ મુકી આવતા.

અણીશુધ્ધ બ્રહ્મચર્યવ્રતના પ્રતાપે મૂર્તિ તો એવી બની કે જાણે અક્ષરધામમાંથી પ્રત્યક્ષ ભગવાન આવીને ખડા થયા.

મૂર્તિને અમદાવાદ મંદિરમાં લાવવા પ.પૂ. આચાર્ય કેશવપ્રસાદજી મહારાજ સ્વયં વડનગર પધાર્યા. મૂર્તિ જોઈને બોલ્યા કે આ મૂર્તિ પ્રત્યક્ષ મહારાજ છે. જેવા અક્ષરધામમાં સર્વોપરિ સ્વરૂપ છે તેવા



Final



જ સાંગોપાંગ મહારાજની મૂર્તિનું ઘડતર કર્યું છે. બાપજીએ મીસ્ત્રીને પોતાની પૂજામાં રહેલ પ્રસાદીના શ્રીહરિનાં ચરણારવિંદ આપી રાજી કર્યા. તે દિવસથી મીસ્ત્રી શ્રીજીમહારાજને જ્યારે યાદ કરે ત્યારે દર્શન આપતા.

શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટની મૂર્તિને શ્રીહરિનું નિવાસસ્થાન રંગમહોલમાં એક કબાટ બનાવી તેમાં રાખવામાં આવ્યું. થાળ-આરતી પૂજા શરૂ કરી. પીતાંબર ઘનશ્યામ મહારાજનું સંતો ધ્યાન કરતા ત્યારે આ મૂર્તિ અને અક્ષરધામની મૂર્તિ એક થતી. થોડા વર્ષ માત્ર થાળ પૂજા થતી. ત્યાર પછી વિક્રમ સંવત ૧૯૪૨ ના વર્ષે કારતક સુદ-૧૨ ના દિવસે વિધિવત પ.પૂ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી. ત્યાર પછી વાઘા વસ્ત્રો ધરાવવાની શરૂઆત થઈ.

આ રંગમહોલમાં પ્રતિષ્ઠિત શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના આધારે સંપ્રદાયમાં અન્ય મંદિરોમાં મૂર્તિઓ બનાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. પણ રંગમહોલના ઘનશ્યામ મહારાજની કોપી કોઈનાથી આજ સુધી થઈ નહિ.

"એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી."

કોઈને પણ અક્ષરધામમાં બિરાજમાન શ્રીજીમહારાજના સ્વરુપનાં દર્શન કરવાં હોય તો આવો રંગમહોલમાં અમદાવાદમાં બિરાજે છે. વર્ષોથી સંતો-હરિભકતો મૂર્તિની સામે બેસી ધ્યાન કરતા હોય છે. ધ્યાન કરવાનું સ્વરૂપ હોવાથી અત્રે આરતી અને અન્ય ઉત્સવો રાખવામાં આવતા નથી. માત્ર ચકોરપક્ષી જેમ ચંદ્ર સામું જોઈ જ રહે એમ મુક્તો મૂર્તિની સામે બેઠાજ હોય છે.

આ મૂર્તિ કેશવપ્રસાદજી મહારાજની સાથે અનેકવાર વાત કરતી. પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી કલાકોના કલાક સુધી આ મૂર્તિની સામે બેસી રહેતા. વર્તમાન આચાર્યશ્રી

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પૂજામાં આ મૂર્તિ રાખીને ધ્યાન કરે છે.

આ મૂર્તિ દ્વારા સંતો-હરિભક્તોને અનંત પરચાઓ થયા છે અને આજે પણ થઈ રહ્યાં છે. ઘનશ્યામ મહારાજે જે જે ભક્તોને કેવા પરચાઓ દર્શન આપ્યા તેની વાતો આગળના લેખમાં લઈશું.

પરંતુ વડોદરાના સયાજીરાવ ગાયકવાડે પોતાના માટે આવી મૂર્તિ બનાવવા લલ્લુભાઈ મીસ્ત્રીને હુકમ કર્યો. પરંતુ મીસ્ત્રીએ બે હાથ જોડી ના પાડી. હવે મારાથી બીજી મૂર્તિ આવી તો નહિ જ બને. આ મૂર્તિને ૧૨૮ વર્ષ થયાં. મનુષ્ય રુપે જેવા મહારાજ હતા તેવા જ સ્વરૂપે અક્ષરધામમાં બિરાજે છે. અને તેવા જ રુપે રંગમહોલમાં બિરાજમાન છે. જ્યાં આજે પણ અખંડ કીર્તનો ગવાય છે. ભદ્રકાળી પાસે એક ભક્તએ મોક્ષ માગ્યો તો માતા મુમુક્ષુને રંગમહોલ સુધી લઈ આવીને કહ્યું. મોક્ષ તો અહીજ છે.

મંદિરોમાં બિરાજમાન બધા જ સ્વરુપો શ્રીજીમહારાજના જ છે. તેમાં જરાપણ રતિભાર અંતર નથી. પરંતુ મૂળ સ્વરૂપની આકૃતિ રંગમહોલના ઘનશ્યામ મહારાજ સ્વયં છે. ધ્યાનના સાચા અંગવાળા સંતો-હરિભક્તો આ મૂર્તિનું જ ધ્યાન કરે છે. પણ કેટલાક પોતાના મંદિરમાં બિરાજમાન સ્વરૂપના આત્મબુદ્ધિથી અલગ અલગ સ્વરૂપનું ધ્યાન કરે છે અને પ્રતિપાદન કરે છે.

ઘનશ્યામ મહારાજની મૂર્તિને કેટલાક વર્ષ સુધી રાખવામાં આવેલ લાકડાનું બોક્ષ હાલ નરનારાયણદેવના કોઠારમાં છે. જેમાં થાળનો પ્રસાદ મુકવામાં આવે છે. એટલે પ્રસાદ પણ સંપ્રદાયમાં વખણાય છે.

● **અંકુશ અને અભય મુદ્રા શ્રી ઘનશ્યામ મહારાજની**

આપણા સંપ્રદાયમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની સર્વ પ્રથમ પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૧૯૪૨ માં (૧૨૬) વર્ષ પહેલા અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણનું નિવાસ સ્થાન રંગમહોલમાં કરવામાં



Final



આવી. ત્યાર પછી અન્ય મંદિરોમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિઓ કાષ્ટ, માર્બલ, પંચધાતુઓના સ્વરૂપો બન્યા અને પ્રતિષ્ઠાઓ થઈ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના રંગમહોલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ કાષ્ટથી બનાવવામાં આવેલ છે. શિલ્પકારને શ્રીજીમહારાજે દિવ્યરૂપે અંગે અંગના માપ અને ચિન્હો રેખાઓના દર્શન કરાવતા કરાવતા છ મહિનાના સમયમાં મૂર્તિનું ઘડતર કરવામાં આવેલ છે. શ્રીહરિની મનુષ્ય દેહની સંપૂર્ણ પ્રતિકૃતિ અને અક્ષરધામમાં બિરાજમાન સર્વાવતારીનું મૂળ સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૂર્ણ સ્વરૂપ છે. જેમાં એક રતી ભારનો પણ ફર્ક નથી. કારણ કે જ્યારે જ્યારે વડોદરામાં મૂર્તિનું ઘડતર કર્તા શિલ્પકાર ને અંગોઅંગ ને ઘડતા ઘડતા દ્વિધા ઉપસ્થિત થતી ત્યારે ત્યારે શ્રીહરિ નીજ સ્વરૂપમાં દર્શન આપતા. અને શિલ્પકાર માપ લઈ કાગળ પર આકૃતિ ફરમો બનાવી ઘડતર કામ કરતા.

આ મૂર્તિની રચના બાદ સંપ્રદાયમાં અનેક મૂર્તિઓ બનાવવામાં આવી છે. પણ કોઈ શિલ્પી તેની કોપી કરી શક્યું નથી. મંદિરોમાં બિરાજમાન સ્વરૂપોમાં ઐશ્વર્ય નો કોઈ ભેદ હોતો નથી. પણ અક્ષરધામનું આબેહુબ સ્વરૂપ તો રંગમહોલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ છે. એમાં તો બ્રહ્માદિક પણ શંકા કરી શકે તેમ નથી. આખો સંપ્રદાય આ વાતને સ્વીકારે છે અને ધ્યાન ધરવા માટે સંતો હરિભક્તો આ સ્વરૂપની જ પસંદગી કરે છે.

મુક્તિદાતા અનંતના આધાર સદા સત્ય, સદા દ્વિભુજ દિવ્ય મનુષાકૃતિ ધારણ કરેલા શ્રી ઘનશ્યામ મહારાજ જમણા હસ્ત વડે અંકુશ મુદ્રા ના અને ડાબા હસ્તે અભયદાન (વરદાન) મુદ્રામાં દર્શન આપે છે.

આપણા વેદોમાં મુદ્રાઓ વિષે ખૂબજ લખવામાં આવ્યું છે. આદિકાળથી મુદ્રાઓ દ્વારા વાર્તાલાપ એટલે કે પોતાના વિચારોનું આદાન પ્રદાન અને અભિવ્યક્તિ કરવામાં આવે છે. આજે વિશેષતા શબ્દો ભાષાઓથી વાર્તાલાપ થઈ રહ્યો છે તેનાથી અતિ પ્રાચીન પ્રથા મુદ્રા વિજ્ઞાન છે. શરીર દ્વારા કરવામાં આવતી મુદ્રા વડે જે તે પ્રકારની મુદ્રા જે તે પ્રકારની રજુઆતના વાઈબ્રેશન તથા વાતાવરણ તેમજ તેવા પ્રકારની ઉર્જા ઉત્પન્ન થતાં સામેની વ્યક્તિ પર તેને પ્રકારની ઉર્જા દ્વારા પ્રભાવિત કરવામાં આવે છે. તેનું પોષણ તથા પ્રત્યુતર તેમજ વાતાવરણ મુદ્રાઓનો પ્રભાવ હજારો - લાખો માઈલો સુધીની દૂરી પર થાય છે. માત્ર માણસ પર જ નહી પણ જે તે લોકમાં રહેતા દેવો અને ભગવાનના સ્વરૂપ સુધી નિવેદન પહોંચે છે. આપણા શરીરમાં એક બ્રહ્માંડ હોય એટલી શક્તિ રહી છે. તે શક્તિનો ઉપયોગ અને પ્રદર્શન કરવા મુદ્રાઓ વિશેષ સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. વાણી જેવા અન્ય ઉપાયનો પ્રભાવ ખૂબજ અલ્પ અને સિમિત છે. પરંતુ મુદ્રા સચોટ પૂર્વક એક સૂત્રતા સાધવા અદ્વિતીય ઉપાય છે. જે પૂજા વિધિમાં વિવિધ પ્રકારની મુદ્રા વડે દેવોને ઉપચાર નિવેદન કરવામાં આવે છે. તેનો પ્રભાવ મંત્રોથી પણ અધિક છે. એવું આપણા વેદો કહે છે. જે નૈવેદ્ય નિવેદનમાં પ્રણાય સ્વાહાઃ અપાનાય સ્વાહાઃ વ્યાનાય સ્વાહાઃ ઉદાનાય સ્વાહાઃ સમાનાય સ્વાહા આ પાંચેય અલગ અલગ મુદ્રાથી નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે.

શ્રીઘનશ્યામ મહારાજનો જમણો હસ્ત અંકુશ મુદ્રા વ્યક્ત કરે છે. અંકુશ મુદ્રા સર્વના નિયામક પદનું દર્શન કરાવે છે. હું સર્વનો નિયામક પરમાત્મા છું. એવી અભિવ્યક્તિ થાય છે. મારાથી પર કોઈ જ નથી સર્વોપરી સર્વનો આધાર હું જ છું. એવો અર્થ મુદ્રા વિજ્ઞાનના શાસ્ત્રના આધારે થાય છે.



Final



તથા ડાબા હસ્તે અભયદાન (વરદાન)ની મુદ્રાનું દર્શન વરદાન આપે છે. મુદ્રા વિજ્ઞાનના આધારે અભયદાન થકી આશ્રિતો તથા દર્શનાર્થીને નિર્ભયતાનું વચન આપે છે. અને રક્ષણ પાલકપણાનું વરદાન આપે છે. જે જે શરણે આવે છે તેને કાળ, કર્મ, માયા થકી રક્ષા કરતા હું છું એવો પ્રત્યુત્તર આપી રહ્યા છે. હું સર્વનો નિયામક છું. અને તમારૂં રક્ષણ કર્તા છું. એટલે કે મને સર્વોપરી સર્વકારણ જે માનશે તેની સર્વ પ્રકારે રક્ષા કરીશ. એવા કૃપાના સાગર ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની મુદ્રાઓથી જણાય છે. હસ્ત અને આંગળીઓની સ્થિતિ શાસ્ત્રોક્ત છે. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં નારાયણજી પેઈન્ટર તથા સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી દ્વારા જે પ્રસાદીની મૂર્તિઓની છાપો બનાવી તેમાં સહજાનંદ સ્વામીની ફૂલ હાથમાં રાખેલી મૂર્તિની મુદ્રા પણ અંકુશ મુદ્રાની વ્યક્ત કરી રહ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ હાથમાં વાંસઓળી લઈને ત્રિભંગી મુદ્રામાં ભક્તાધિનપણુ જણાવે છે. જેઓ રાધાદિક ભક્તની તરફ ઢળી ને કહે છે. જે મારાથી પ્રભાવિત થાય છે તે ને હું મારા તુલ્ય બનાવું છું.

ભગવાન શ્રીરામ ચતુર્ભુજ સ્વરૂપે ધનુષ્યબાણ હાથમાં રાખીને રાજા સ્વરૂપે ભક્તોનું અધર્મ-અસત્ય થકી રક્ષણ કર્તાનું દર્શન કરાવે છે. સદાશિવ હંમેશા ધ્યાનાવસ્થાની મુદ્રાના દર્શન કરાવે છે. જે મહાયોગી ત્યાગીના લક્ષણો સહિત સંહારકની જવાબદારી સ્વરૂપે ત્રિશુલ રાખે છે. શ્રી હનુમાનજી હાથમાં ગદા ઉગામી ને ભક્તોના રક્ષણને કાજે સદાય તત્પર તથા પર્વત ઉપાડી ને ભગવાન રામ અને ભક્તોની સેવામાં હાજર વળી શનિ જેવા ને પગ નીચે દબાવીને કષ્ટભંજનપણાના દર્શન કરાવે છે.

એવી રીતે દરેક સ્વરૂપની પોતપોતાની આગવી અભિવ્યક્તિ દ્વારા તે પ્રકારની ઉર્જા ઉત્પન કરી ને ભક્તોને તે પ્રકારનું પોષણકર્તાના પ્રમાણનું દર્શન કરાવે છે.

ગણપતીજીની વિશેષતાઓ : મોટું માથું એટલે - વિશાળ બુદ્ધિ. નાસિકા લાંબી એટલે - આબરૂ બહુ, પેટ મોટું એટલે વિશાળ દિલ ના વાહન ઉંદર એટલે-ઉંદર સ્વાવલંબી અને સતત ઉદ્યમી પોતે પોતાનો રસ્તો કરી લે. આંખો નાની એટલે સૂક્ષ્મ દ્રષ્ટિ એટલે ગણપતીજીની સર્વ પ્રથમ પૂજા બધાજ ધર્મમાં થાય છે.

વર્તમાન સમયના કેટલાક પેઈન્ટરો, શિલ્પીઓ, પ્રચારકો મન કલ્પીત રીતે ભગવાનને બેસાડતા તથા ઉભા રાખતા હોય છે. જેનો કોઈ શાસ્ત્રોક્ત અર્થ હોતો નથી. પરંતુ વિપરીત અભિવ્યક્તિ વડે વિપરીત અસરો થાય છે. તેમાં જરાય શંકા નથી. વેદોના મંત્રોનું ગાન તેની તે મુજબની મુદ્રાઓનો પ્રયોગ કરવાનો હોય છે. મુદ્રાઓ વિના મંત્ર પણ અપૂર્ણ કહેવાય છે.

ભગવાનની સાથે સેવકના સ્વરૂપે રાધા, લક્ષ્મી, ભક્તિમાતા આદિ સ્વરૂપ સેવકપણાની હસ્તની મુદ્રાઓ થકી સેવા આપે છે. મુદ્રાઓની જેમ વ્યવહારમાં પણ કેટલાક ઈશારાઓથી પણ લોકો સમજી જતા હોય છે. એટલે કહેવત છે કે સમજદાર ને ઈશારો કાફી.

- **વિઠ્ઠલપુરના સંતોકબાઈને શ્રીહરિએ અમદાવાદ મંદિરમાં મૂર્તિઓના દર્શન કરાવ્યા ને બે મહિને તેડવા આવશું એવો વર આપ્યો**

મેમકાવાળા રામજીશેઠની બેન શામબાઈ સમાધિનિષ્ઠ હતાં ને સાયલા ગામમાં રહેતાં ને તેમની દીકરી સંતોક એવે નામે કરીને મહા ભક્તરાજ હતા તે બાઈને ગામ વિઠ્ઠલપર (વિઠ્ઠલાપરા) ઢુંઢીયા વાણિયાને ઘરે પરણાવ્યાં હતાં. પછી કોઈક એ વીઠલપરના વાણિયા અમદાવાદ ગયા ને એ સંતોકબાઈ પણ ભેગાં હતાં ત્યારે એ



Final



સંતોકબાઈએ પોતાના સાસુ સસરાને કીધું જે આ ગામમાં સ્વામિનારાયણનું મંદિર છે તે મને દર્શન કરવા જવા દો. ત્યારે તે બોલ્યાં જે આપણે ઢુંઢીયા છીએ તે આપણાથી સ્વામિનારાયણના મંદિરમાં જવાય નહિ. માટે એ વાત કોઈ દિવસ કરવી નહીં. પછી તે બાઈ તો ઘણું દીલગીર થયાં ને રાત્રીએ સૂઈ રહ્યાં ત્યારે મહારાજ પધાર્યા ને તે સંતોકને કીધું જે તમને દર્શન કરવા આવવા દીધા નહી તે ચાલો મારા ભેગાં હું તને એ મંદિર દેખાડું ને મૂર્તિઓનાં દર્શન કરાવું. પછી એ બાઈ મહારાજ ભેગા મંદિરમાં જઈને એ ઠાકોરજીનાં દર્શન કર્યા તે મહારાજ કહેતા જાય. જે જુઓ આ મંદિરમા મારી રાધાકૃષ્ણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારી નરનારાયણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારી સજા છે. આ મંદિરમાં મારા હરિકૃષ્ણને ધરમભક્તિની મૂર્તિઓ છે. એમ સરવે દર્શન કરાવીને પછી શ્રીજીમહારાજે એ સંતોકબાઈને કીધું જે તમને આ ઢુઢીઆ વાણિયાને ત્યાં રેવા દેશું નહી. આજથી બે મહિને અમારા ધામમાં તેડી જાશું. માટે તમારા પિયરનો જે માલ હોય તે સરવે ત્યાં લઈ જાજો. આંહી કાંઈ રેવા દેશો નહી શા સારૂ જે તમારો દેહ પડ્યા પછી એ કાંઈ પાછું નહી આપે માટે લઈ જાજો.

એવી રીતે મહારાજ કહી ગયા ને પછી એ બાઈ સુતાતાં ને જાગ્યાં ત્યારે વિચાર્યું કે મારે મહારાજનાં દર્શન થયા ને મંદિર ને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં ને બે મહિને તેડી જવાની વાત કરી તે સરવે વાત સાચી છે. પછી એ અમદાવાદથી પાછા વિઠલપર આવ્યા. થોડે થોડે પોતાના પિયરનો જે માલ તેને જે કોઈ સાથ મળે તે ભેગો મોકલવા માંડ્યો ને દોઢ માસ થયો ત્યારે એ બાઈને પોતાનો ભાઈ તેડવા આવ્યો ત્યારે તે ભેગાં પિયર જાવા તૈયાર થયાં. ત્યારે પોતાનો સર્વે માલ ભેગો લીધો ને ગાદલાં ને ગોદડાં લીધા ત્યારે તેમના સાસરે કીધું જે આ ગાદલાં ગોદડાં શું કરવા લઈ જાઓ છો ત્યારે બાઈએ

કહેવરાવ્યું જે એમાં રૂ સારૂં નથી ને તે વળી થોડું છે તે સારાં ભરીને લેતી આવીશ. એમ કહીને સર્વે માલ પોતાના પિયરનો જે હતો તે ભેગો લઈને પોતાને પિયર આવ્યા ત્યારે એમના મા-બાપે કીધું જે અરે બાઈ તું ગાડી છું ? આ ગાદલાં ગોદડાં ચાકળાં ચંદરવા એ આંહી કેમ લાવી. ત્યારે એ બાઈએ એ સર્વે વાત પોતાના મા-બાપને કહી અને આઠ દિવસ થયા ત્યારે મહારાજના દર્શન થયાં તે મહારાજે સંતોકને કીધું જે આજથી આઠમે દહાડે સંધ્યા વખતે દીવા થાય તે ટાણે તમને તેડવા આવશું. પછી એ વાત સંતોકે પોતાના મા-બાપને કહી ને ગામમાં પણ એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. ત્યારે ગામમાં એમનાં સગાં ઢુંઢીઆ વાણિયા હતા તેમણે માંહો માંહે એમ વાત ધારી જે આઠમે દહાડે ત્યાં જઈ ખબર રાખવી ને એ વાત જુઠી પડે તો એ સત્સંગી છે એ એમને ફજેત કરવા એવું ધારીને ઠરાવ કરી રાખ્યો પછી તેને પાંચ દિવસ ગયા ત્યારે એ સંતોકબાઈને થોડો તાવ આવ્યો ને પછી આઠમો દિવસ આવ્યો ત્યારે એ સંતોકે પોતાના મા-બાપને કીધું જે આજ સાંજે મહારાજ પધારશે તે આપણી બજાર સારી નથી તે વાસીદું વળાવો ને સારી કરાવો. પછી તે બજાર વળાવી સારી કરાવી. સાંજ પડી ત્યારે સંતોકે કીધું જે આપણી ખડકીએ બે દીવા કરાવો તે દીવા પણ કરાવ્યાં. ત્યાં મહારાજ પધાર્યા ત્યારે સંતોક બોલી જે આ મહારાજ પધાર્યા ને સાધુ પણ ઘણા ભેગાં છે. તે મને એમ કહે છે કે જે તમને બદ્રિકાશ્રમમાં નહી મોકલું, ગોલોકમાં નહીં મોકલું, શ્વેતદ્વીપમાં નહી મોકલું, તમને અક્ષરધામમાં તેડી જઈશ. પૂર્વજન્મમાં તમારૂં સત્યવતી (શ્રીકૃષ્ણ ભગવાનની અષ્ટપટરાણીમાં સત્યવતી હતા.) નામ હતું. એમ કહીને એ સંતોક બાઈએ દેહ મૂકી દીધો ત્યારે તેમનાં સંબંધીઓ ટાણે જે જોવા આવ્યાં હતાં તે સર્વે વિસ્મય પામી ગયાં અને બોલ્યાં જે જુઓને આ વાત કેવી સાચી થઈ. એ વાત પૂરી થઈ. *(શ્રીજીમહારાજ પ્રગટની વાતો, વાત-૫૯)*



Final



### ● શ્રી રામપ્રતાપભાઈનો શ્રાપ અને અનુગ્રહ

એકવાર અમદાવાદમાં રામપ્રતાપભાઈએ તરવાર વેચાવા આવી તે સાડા ત્રણ રૂપિયાની વેચાતી લીધી. તેમાં ત્રણ રૂપિયા પોતાની ગાઠે બાંધ્યા હતા તે આપ્યા ને અડધો રૂપિયો ખૂટે તે પોતાના પાળાને કહ્યું જે જા કોઠારેથી કોઠારી પાસેથી અડધો રૂપિયો લાવીને આને આપ પછી તે પાળે કોઠારી પાસે અડધો રૂપિયો માગ્યો તે કોઠારીએ આપ્યો નહીં તે તેણે ભાઈને આવીને કહ્યું જે એ તો આપતો નથી. ત્યારે ફરી પાછો તે પાળાને ભાઈયે કોઠારી પાસે મોકલીને મંગાવ્યો પણ તેણે આપ્યો નહીં. ત્યારે ત્રીજીવાર પાછો પાળાને મોકલીને કહેવરાવ્યું જે ભાઈ ઉભા થઈ રહ્યા છે ને તરવાર વાળો ખોટી થઈ રહ્યો છે ને ભાઈ ખીજે છે માટે અડધો રૂપિયો આપો પણ કોઠારીએ તો આપ્યો નહી. પાળે આવીને ભાઈને કહ્યું જે એ તો આપતા નથી. ત્યારે ભાઈને રીસ ચઢી તે હાથમાં સોટી લઈને એ કોઠારી પાસે ગયા તે ભાઈને આવતા દેખીને એ કોઠારીએ કોઠારનાં કમાડ વાસી દીધાં. પછી ભાઈ આવીને એમ બોલ્યા જે અરે સસુર મારા માણસને ત્રણ આંટા ખવરાવ્યા ને એક અડધો રૂપિયો આપ્યો નહીં તે તું મરીને ભૂત થા ! એમ કહીને ભાઈ તો ચાલી નીકળ્યા પછી તરત એ કોઠારી મરીને ભૂત થયો તે કોઠારમાં દેખાય ને આડો અવળો એ મંદિરનાં ઘણાં માણસોને દેખાય ને એમ કહે જે ભાઈના દ્રોહથી ને ભાઈના શ્રાપથી હું ભૂત થયો છું. પછી મહાનુભાવાનંદ સ્વામીએ ભાઈને ઘણા વિનય કરીને કહ્યું જે, 'હે મહારાજ ! એ કોઠારીને ભૂતનો દેહ આવ્યો છે તે ઘણો દુઃખી થાય છે તે એની ઉપર અનુગ્રહ કરીને એનો દેહ છોડાવીને એનું સારૂં કરો ત્યારે ભાઈ રાજી થઈને બોલ્યા જે એનો ભૂતનો દેહ છૂટીને એ બદ્રિકાશ્રમમાં જાય એવો આશીર્વાદ દીધો. એટલે તરત એનો ભૂતનો દેહ છૂટીને બદ્રિકાશ્રમમાં ગયો. એ વાત પુરી થઈ. *(શ્રીજીમહારાજ પ્રગટની વાતો, વાત-૧૬૭)*

**● શ્રીહરિ અમદાવાદમાં ૨૬ વાર પધાર્યા તેની સાલવાર માહિતી**

સંવત ૧૮૫૫ ની સાલમાં શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે પ્રથમવાર પધાર્યા હતા. ત્યાર બાદ ૧૮૫૯, ૧૮૬૦, ૧૮૬૧, ૧૮૬૨, ૧૮૬૩, ૧૮૬૬, ૧૮૬૮, ૧૮૭૪, ૧૮૭૫, ૧૮૭૬, ૧૮૭૮, ૧૮૮૧, ૧૮૮૨, ૧૮૮૪, ૧૮૮૫ સુધી વર્ષમાં એકવાર બે વાર, પાંચ વાર પધારીને ક્યારેય એક દિવસ, બે દિવસ, છ દિવસ, એક માસ, દોઢ માસ, ત્રણ માસ કે તેથી વધુ રોકાઈને શ્રીહરિએ હરિભક્તોના ઘેર ઘેર પધાર્યા છે તથા ભોજન જમ્યા છે. રાત્રી રહ્યા છે. તથા દરેક દરવાજે ગયા છે અનેક સ્થળોને પ્રસાદીના કર્યા છે. સાબરમતી (નારાયણઘાટ) કાંકરિયા સરોવરે સ્નાન લીલા કરી છે. આમ શ્રીહરિના પદરજથી પાવન થયેલી તીર્થભૂમિ અમદાવાદ ધામનો મહિમા શાસ્ત્રોમાં આપણા નંદસંતોએ ખૂબજ કંડાર્યો જે અવર્ણનિય છે.

**● નિષ્કુળાનંદ સ્વામીની કલમે શ્રીહરિને મળેલા ભક્તજનો**

ચોપાઈ :

ભક્ત અમદાવાદે અનેક, ભજે હરિ તજે નહિ,
જિયાં વિરાજે બદરિપતિ, તિયાં સરવે જન શુભમતિ ॥૪૪॥
ભક્ત આદિ શેઠ ઈચ્છારામ, હીરાચંદ બે ભક્ત અકામ ॥
મનોહર કુબેર ગોવિંદ, ગોપાલ ગોકુલ ને આનંદ ॥૪૫॥
રણછોડ ત્રિકમ બેચર, આશારામ શામત કુબેર ॥
મોહનલાલ દોલા આદિ ભાઈ, હવે કહુ હરિજન બાઈ ॥૪૬॥
વ્રજકુંવર રતનબાઈ, આદિતને હરિશું સગાઈ ॥
અંબા લક્ષ્મીને ઠકરાણી, શામકુંવર અચરત જાણી ॥૪૭॥
એહ આદિ છે વણિક વૃંદ, એક ભક્ત છે હરગોવિંદ ॥
હવે કહું દ્વિજ હરિજન, નથુ જુગલ જન પાવન ॥૪૮॥



Final



હીંમતરામને જીવણરામ, હરેશ્વર ને મહાદેવ નામ ॥
કાશીરામ કુબેરજી કહીએ, ગણપતરામ નામે દોય લઈએ ॥૪૯॥
આદિત ગિરધર સોમનાથ, કહું હિરજન બાઈ સાથ ॥
ગંગા રેવાને શિવકુંવર, જમના હરિ દેવ વિપર ॥૫૦॥
ક્ષત્રી ભક્ત છે કુબેરસિંહ, કહું કણબી ભક્ત અનઘ ॥
શંભુદાસ દામોદર વાલો, વજેરામ ગંગારામ ॥૫૧॥
લાલદાસ દો કેવળરામ, રણછોડ દયાળજી નામ ॥
ભક્ત ભાવસિંઘજી સુધીર, પીતાંબર પાનાચંદ વીર ॥૫૨॥
પ્રેમજી ખુશાલ ભાઈચંદ, હીરો રાયજી હરગોવિંદ ॥
લખો કસલો ને ગંગારામ, ભક્ત વસતો માણ્યકો નામ ॥૫૩॥
હરિભક્ત બાઈ વજી હરિ, મોટાં જન છે માન કુંવરી ॥
એહાદિ ભક્ત કણબી કહીએ, સારાં હરિજન સોની લહીએ ॥૫૪॥
પુરુષોત્તમ ભક્ત મંગળ, લક્ષ્મીચંદ છે જન અમળ ॥
હીરાચંદ આદિ ભક્ત ભાઈ, બાઈ દેવ ને દિવાળી બાઈ ॥૫૫॥
કડિયા કુબેર ને અંબારામ, ભજે હરિ જાણી સુખધામ ॥
ભક્ત સુતાર છે દામોદર, હરિજન જગો ને ભુધર ॥૫૬॥
કૃષ્ણ બેચર ને અંબારામ, હરિ આદિ ભણશાળી નામ ॥
એહાદિ બાઈ ભાઈ અપાર, વસે અમદાવાદ મોઝાર ॥૫૭॥

*(શ્રી ભક્તચિંતામણી પ્રકરણ-૧૨૦)*

**● શ્રીહરિને મળેલા અમદાવાદના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ. શ્રી દયારામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ગણપતરામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી દેવરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી મંગળભાઈ ભટ્ટ |
| પ.ભ.શ્રી રામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી નથુભાઈ ભટ્ટ-૧ |
| પ.ભ.શ્રી અંબારામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી નથુભાઈ ભટ્ટ-૧ |
| પ.ભ.શ્રી હરેશ્વરભાઈ વિપ્ર | પ.ભ.શ્રી મંગળભાઈ વ્યાસ |
| પ.ભ.શ્રી કાશીનાથભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ઉમિયાશંકરભાઈ વિપ્ર |

પ.ભ.શ્રી હરિશંકરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી સોમનાથભાઈ વિપ્ર
પ.ભ.શ્રી કુબેરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી મહાદેવભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગોવિંદભાઈ વિપ્ર
પ.ભ.શ્રી રણછોડભાઈ વિપ્ર
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ વિપ્ર
પ.ભ.શ્રી રાયજીભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ભવાનીશંકરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી નરભેરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગોવિંદરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગોકળભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ત્રિકમરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી બેચરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી રણછોડભાઈ વિપ્ર
પ.ભ.શ્રી દયારામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી હરિરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી મહાદેવભાઈ વ્યાસ
પ.ભ.શ્રી ગંગાશંકરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગૌરીશંકરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી આશારામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી આત્મારામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી શંભુદાસભાઈ વિપ્ર
પ.ભ.શ્રી મોહલાલ ચોકસી
પ.ભ.શ્રી હરિવલ્લભ ચોકસી
પ.ભ.શ્રી ત્રિકમભાઈ ચોકસી
પ.ભ.શ્રી બેચરભાઈ ચોકસી
પ.ભ.શ્રી કેવળભાઈ ચોકસી
પ.ભ.શ્રી ઘેલાભાઈ ચોકસી
પ.ભ.શ્રી ગોપાળભાઈ ચોકસી
પ.ભ.શ્રી હીરાચંદ ચોકસી - પિતા
પ.ભ.શ્રી ગોકળભાઈ ચોકસી-પુત્ર
પ.ભ.શ્રી ગોવિંદભાઈ ચોકસી - પુત્ર
પ.ભ.શ્રી ઈચ્છારામભાઈ ચોકસી - પિતા
પ.ભ.શ્રી આશારામભાઈ ચોકસી - પુત્ર
પ.ભ.શ્રી દોલાભાઈ ચોકસી
પ.ભ.શ્રી રણછોડભાઈ ચોકસી

**સોની ભક્તો**

પ.ભ.શ્રી પ્રભુદાસ સોની
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ સોની
પ.ભ.શ્રી મંગળભાઈ સોની
પ.ભ.શ્રી લક્ષ્મીચંદભાઈ સોની
પ.ભ.શ્રી હીરાચંદભાઈ સોની
પ.ભ.શ્રી દામોદરભાઈ પટેલ-પિતા
પ.ભ.શ્રી દયારામભાઈ પટેલ-પુત્ર
પ.ભ.શ્રી નથુભાઈ પટેલ



Final

અમદાવાદનો મહિમા

પ.ભ.શ્રી કુબેરભાઈ પટેલ
પ.ભ.શ્રી હિંમતભાઈ પટેલ
પ.ભ.શ્રી નાગરભાઈ પટેલ
પ.ભ.શ્રી લક્ષ્મણરાયભાઈ પટેલ
પ.ભ.શ્રી લાલદાસભાઈ પટેલ
પ.ભ.શ્રી લાલદાસભાઈ ગોરા
પ.ભ.શ્રી ગિરધરભાઈ પટેલ
પ.ભ.શ્રી મોહનલાલભાઈ પટેલ
પ.ભ.શ્રી વૃજલાલભાઈ પટેલ
પ.ભ.શ્રી જુગલદાસભાઈ પટેલ
પ.ભ.શ્રી હેમંતરામભાઈ પટેલ
પ.ભ.શ્રી ગિરધરલાલ પટેલ
પ.ભ.શ્રી રણછોડભાઈ પટેલ
પ.ભ.શ્રી ગોપાળભાઈ પટેલ
પ.ભ.શ્રી રઘુનાથભાઈ પટેલ
પ.ભ.શ્રી હીરાભાઈ પટેલ
પ.ભ.શ્રી બેચરભાઈ પટેલ
પ.ભ.શ્રી મુળજીભાઈ પટેલ
પ.ભ.શ્રી રાયજીભાઈ પટેલ
પ.ભ.શ્રી પ્રભુદાસભાઈ પટેલ
પ.ભ.શ્રી વજેરામભાઈ પટેલ
પ.ભ.શ્રી ગંગારામભાઈ પટેલ
પ.ભ.શ્રી રઘનાથભાઈ પટેલ
પ.ભ.શ્રી નારાયણભાઈ પટેલ
પ.ભ.શ્રી કેવળદાસભાઈ પટેલ-૨
પ.ભ.શ્રી વણારસીભાઈ પટેલ
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ પટેલ
પ.ભ.શ્રી કુબેરસિંહ છડીદાર
પ.ભ.શ્રી મોતીસિંહભાઈ
પ.ભ.શ્રી ભાવસિંહભાઈ
પ.ભ.શ્રી મોહલાલ શેઠ
પ.ભ.શ્રી માણેક શાહ
પ.ભ.શ્રી હિમાભાઈ શેઠ
પ.ભ.શ્રી તેમના માતુશ્રી
પ.ભ.શ્રી લક્ષ્મીચંદભાઈ-૧
પ.ભ.શ્રી હીરાચંદભાઈ-૧
પ.ભ.શ્રી હીરાચંદભાઈ-૨
પ.ભ.શ્રી હરગોવિંદભાઈ શેઠ
પ.ભ.શ્રી મોહનલાલ શેઠ
પ.ભ.શ્રી અમૃતલાલ શેઠ
પ.ભ.શ્રી શેઠ શ્યામલ પારેખ
પ.ભ.શ્રી હરિભાઈ
પ.ભ.શ્રી કાળાભાઈ
પ.ભ.શ્રી પાનાચંદભાઈ
પ.ભ.શ્રી કહળાભાઈ (ભૂમાનંદ સ્વામી)
પ.ભ.શ્રી આણંદભાઈ (પવિત્રાનંદ સ્વામી)
પ.ભ.શ્રી કેશવલાલભાઈ-૧
પ.ભ.શ્રી કેશવલાલભાઈ-૨
પ.ભ.શ્રી મોહનલાલભાઈ
પ.ભ.શ્રી શામળભાઈ

પ.ભ.શ્રી ગિરધરલાલ
પ.ભ.શ્રી લક્ષ્મીચંદભાઈ-૨
પ.ભ.શ્રી લલીતદાસભાઈ
પ.ભ.શ્રી માણેકલાલ
પ.ભ.શ્રી આત્મારામભાઈ
પ.ભ.શ્રી હરજીવનભાઈ
પ.ભ.શ્રી ગગલદાસભાઈ
પ.ભ.શ્રી ઈચ્છારામભાઈ
પ.ભ.શ્રી જગજીવનભાઈ
પ.ભ.શ્રી રામ ભક્ત
પ.ભ.શ્રી હરગોવનભાઈ
પ.ભ.શ્રી તરભોવનભાઈ
પ.ભ.શ્રી ગોવિંદભાઈ
પ.ભ.શ્રી ગોકળભાઈ
પ.ભ.શ્રી રણછોડભાઈ
પ.ભ.શ્રી ગોપાળભાઈ
પ.ભ.શ્રી જુગલદાસભાઈ
પ.ભ.શ્રી ગિરજાલાલભાઈ
પ.ભ.શ્રી હરિનારાયણભાઈ
પ.ભ.શ્રી પાનાચંદભાઈ
પ.ભ.શ્રી ભાઈચંદભાઈ
પ.ભ.શ્રી રઘાભાઈ

**બાઈ ભક્તો**

રેવાબાઈ
હરિબાઈ
વજીબાઈ
દીવાળીબાઈ
આધારબાઈ
અભેકુંવરબાઈ
શિવકોરબાઈ
ઉમિયાબાઈ
રંગાબાઈ
પાલીબાઈ
જમુનાબાઈ-૧
ગંગાબાઈ
અનુપમાબાઈ
અંબાબાઈ વણિક
લક્ષ્મીબાઈ વણિક
રતનબાઈ વણિક
હરકોરબાઈ
ઉમેદબાઈ
ગલાલબાઈ
ખુશાલબાઈ
શામકોરબાઈ
સુરજબાઈ
ફૂલકોરબાઈ
જમુનાબાઈ-૨
જતનબાઈ
ઉજાગરબાઈ
ઠકરાણીબાઈ વણિક
રસીલીબાઈ
લસીલીબાઈ



Final



અંબાબાઈ વણિક -૨
જીવીબાઈ
લક્ષ્મીબાઈ
શિવાબાઈ
શ્યામાબાઈ
ગંગાબાઈ
અમૃતબાઈ
ચંપાબાઈ
દોલીબાઈ
વ્રજકુંવરબાઈ વણિક
શામકુંવરબાઈ વણિક
અચરતબાઈ વણિક
શિવકુંરબાઈ
જમનાબાઈ
દેવબાઈ-૧
માનકુંવરીબાઈ
દેવબાઈ-૨
દીવાળીબાઈ
નાથીબાઈ
આદિતબાઈ વણિક
સાહેબના પત્ની મેડમ

**વિપ્ર ભક્તો**

પ.ભ.શ્રી હિંમતરામ શાસ્ત્રી
પ.ભ.શ્રી રણછોડભાઈ શાસ્ત્રી
પ.ભ.શ્રી નારાયણભાઈ શાસ્ત્રી
પ.ભ.શ્રી હરદત્તજી શાસ્ત્રી
પ.ભ.શ્રી ભવાનીશંકર વિપ્ર
પ.ભ.શ્રી મહાદેવભાઈ શાસ્ત્રી
પ.ભ.શ્રી ગૌરીશંકરભાઈ શાસ્ત્રી
પ.ભ.શ્રી ગણપતભાઈ શાસ્ત્રી
પ.ભ.શ્રી હરિશંકરભાઈ - ૧
પ.ભ.શ્રી હરિશંકરભાઈ - ૨
પ.ભ.શ્રી કેશવરામ શાસ્ત્રી
પ.ભ.શ્રી ઉત્તમરામ શાસ્ત્રી
પ.ભ.શ્રી નથુભાઈ ભટ્ટ
પ.ભ.શ્રી જીવણરામ વિપ્ર
પ.ભ.શ્રી હરેશ્વરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી કાશીરામ વિપ્ર
પ.ભ.શ્રી કુબેરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી આદિતરામ વિપ્ર
પ.ભ.શ્રી ગિરધરરામ વિપ્ર
પ.ભ.શ્રી સોમનાથભાઈ વિપ્ર
પ.ભ.શ્રી દયાળજીભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગણપતરામ વિપ્ર - ૨

**કડિયા તથા સુતાર ભક્તો**

પ.ભ.શ્રી કુબેરભાઈ કડિયા
(મંદિર બાંધકામની સેવા કરી)
પ.ભ.શ્રી અંબારામભાઈ કડિયા
(મંદિર બાંધકામની સેવા કરી)
પ.ભ.શ્રી દામોદરભાઈ સુતાર
પ.ભ.શ્રી જગાભાઈ સુતાર

**પટેલ ભક્તો**

પ.ભ.શ્રી હરજીભાઈ પટેલ
પ.ભ.શ્રી મુળજીભાઈ પટેલ
પ.ભ.શ્રી કલ્યાણભાઈ પટેલ
પ.ભ.શ્રી હિરદાસભાઈ પટેલ
પ.ભ.શ્રી શંભુદાસભાઈ પટેલ
પ.ભ.શ્રી વજેરામભાઈભાઈ પટેલ-૧
પ.ભ.શ્રી ગંગારામભાઈ પટેલ-૧
પ.ભ.શ્રી કેવળરામભાઈ પટેલ
પ.ભ.શ્રી રણછોડભાઈ પટેલ
પ.ભ.શ્રી દયાળજીભાઈ પટેલ
પ.ભ.શ્રી ભાવસિંહજીભાઈ પટેલ
પ.ભ.શ્રી સુધીરભાઈ પટેલ

**વણિક ભક્તો**

પ.ભ.શ્રી મનોહરભાઈ વણિક
પ.ભ.શ્રી ગોવિંદભાઈ વણિક
પ.ભ.શ્રી ગોપાલભાઈ વણિક
પ.ભ.શ્રી ગોકુલભાઈ વણિક
પ.ભ.શ્રી આનંદભાઈ વણિક
પ.ભ.શ્રી ત્રિકમભાઈ વણિક
પ.ભ.શ્રી શામળભાઈ વણિક
પ.ભ.શ્રી કુબેરભાઈ વણિક
પ.ભ.શ્રી મોહનલાલ વણિક
પ.ભ.શ્રી દોલાભાઈ વણિક
પ.ભ.શ્રી વજેરામભાઈ વણિક-૨
પ.ભ.શ્રી વજેરામભાઈ વણિક-૩
પ.ભ.શ્રી ગંગારામભાઈ વણિક-૨
પ.ભ.શ્રી લાલદાસભાઈ વણિક-૨
પ.ભ.શ્રી વાલાભાઈ વણિક
પ.ભ.શ્રી માણ્યકભાઈ વણિક
પ.ભ.શ્રી વસતાભાઈ વણિક
પ.ભ.શ્રી ગંગારામભાઈ વણિક-૩
પ.ભ.શ્રી પીતાંબરભાઈ વણિક
પ.ભ.શ્રી પ્રેમજીભાઈ વણિક
પ.ભ.શ્રી હીરાભાઈભાઈ વણિક
પ.ભ.શ્રી રાયજીભાઈ વણિક
પ.ભ.શ્રી હરગોવિંદભાઈ વણિક
પ.ભ.શ્રી લખાભાઈ પટેલ
પ.ભ.શ્રી કલાભાઈ પટેલ
પ.ભ.શ્રી દોલાભાઈ પટેલ
પ.ભ.શ્રી એરણ સાબે
પ.ભ.શ્રી ડનલોપ સાહેબ
પ.ભ.શ્રી મેડપ
પ.ભ.શ્રી બિંદુભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી કર્કભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી બાપાલાલભાઈ
પ.ભ.શ્રી નાનાભાઈ
પ.ભ.શ્રી ચારણનો પુત્ર (વેદ



Final



બોલ્યો તે)
પ.ભ.શ્રી ચીમનરાવજી
પ.ભ.શ્રી શોભાનસિંગ ચોપદાર
પ.ભ.શ્રી દોલતભાઈ
પ.ભ.શ્રી કેવળરામભાઈ-૩
પ.ભ.શ્રી કુબેરસિંહ ચોપદાર
પ.ભ.શ્રી મોતીસિંહ
પ.ભ.શ્રી જસકીન સાહેબ
પ.ભ.શ્રી એરણ સાહેબ
પ.ભ.શ્રી ડનલોપ સાહેબ
પ.ભ.શ્રી શ્યામલાલભાઈ
પ.ભ.શ્રી વૃન્દાવનભાઈ
પ.ભ.શ્રી ત્રિજીવનભાઈ

● **શ્રીહરિએ વિધવાનો વિવેક સમજાવ્યો**

તે દિવસે અંબાબાની રસોઈ હતી તે જમવા શ્રીહરિ પધાર્યા એટલે અંબાબાએ કિંમતી રેશમી વસ્ત્રો પહેરી સોનાના પાત્રમાં પકવાનો, શાકો, અથાણાં, વગેરે પીરસીને થાળ બાજોઠ ઉપર મૂક્યો. વિધવા અંબાબાને આ પ્રમાણેનાં વસ્ત્રો પહેરેલાં જોઈ ધર્મરક્ષક શ્રીહરિ બોલ્યા કે હે અંબે ! તમોએ વિધવા થઈને કિંમતી વસ્ત્રો પહેર્યા છે માટે તમારો થાળ અમો નહી જમીએ. એટલું જ નહીં પણ તમારે મારી પાસે ઊભા પણ ન રહેવું. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તો પણ અંબાબા. ત્યાં જ ઊભાં રહ્યાં ત્યારે શ્રીહરિ અવળા ફરીને બેઠા. એટલે પસ્તાવો કરતાં અંબાબા વસ્ત્રો બદલીને વિધવાને યોગ્ય વસ્ત્રો પહેરીને આવ્યાં અને બોલ્યાં કે હે પ્રભો ! મારી ભૂલ માફ કરો. આપ સ્વયં ભગવાન મારે ઘેર પધાર્યા છો તેથી સનાથ થઈ છું તેમ મેં માનેલું. પણ હવેથી આપની આજ્ઞા પ્રમાણે જ વર્તીશ. માટે મારા ઉપર રાજી થઈ આપ મારું અન્ન જમો. એમ બહુ વિનંતી કરી ત્યારે શ્રીહરિ રાજી થઈને તેમનો થાળ જમ્યા.

● **ઉત્તમરામ શાસ્ત્રીને પોતાની પત્ની દ્વારા સત્સંગ થયો**

આ પ્રમાણે શ્રીનગરમાં શ્રીહરિને દશ દિવસ વ્યતિત થયા. અગિયારમે દિવસે આત્મજ્ઞાની લાલસાવાળા, રાજ્યમાં તથા લોકોમાં પ્રતિષ્ઠિત ઉત્તમરામ નામના વિપ્રને તેની પત્નીએ (જે સ્ત્રીને શ્રીજીનો

અલૌકિક પ્રતાપ જોઈ ભગવાનપણાનો પાકો નિશ્ચય થયો હતો) કહ્યું કે હે પ્રાણનાથ ! શ્રી સ્વામિનારાયણ પોતે સાક્ષાત્ ભગવાન છે તેમાં જરા પણ શંકા નથી. કારણ કે મેં બરાબર તપાસ કરીને નક્કી કરેલ છે. આપ તેમનાં દર્શન કરી આશ્રય કરો તો આપના મનોરથો સિદ્ધ થશે. પોતાની વિદુષી સુશીલ પત્નીના વિશ્વાસથી સવારે સભામાં આવી ત્યાં બિરાજમાન શ્રીહરિને આદરપૂર્વક નમસ્કાર કર્યા. શ્રીહરિએ તેમનો યોગ્ય સત્કાર કરી આસન આપી બેસાડ્યાં. પછી વિદ્વાન અને યોગાભ્યાસના થોડા જાણકાર તે ઉત્તરામ શાસ્ત્રીએ શ્રીહરિને પૂછ્યું કે હે નારાયણમુને ! મેં શાસ્ત્રોમાંથી નિર્વિકલ્પ, સવિકલ્પ, એમ બે પ્રકારનો સમાધિયોગ જાણ્યો છે. તેમાં સવિકલ્પ સમાધિ તો સુલભ છે તેમ હું માનું છું. પરંતુ નિર્વિકલ્પ સમાધિયોગને તો હું દુર્લભ માનું છું. કારણ નિર્બિજ સમાધિમાં રહેલો યોગી અગ્નિથી બળતા, શસ્ત્રોથી છેદાતા પોતાના શરીરને પણ જાણતો નથી. માટે આપને પૂછું છું કે હે સ્વામિન્ ! આપ ઉપરોક્ત બે પ્રકારની સમાધિમાંથી ક્યા પ્રકારની સમાધિ કરાવો છો ? ત્યારે શ્રીહરિ બોલ્યા, ''હે ઉત્તમરામ શાસ્ત્રી ! અમો તમોએ કહેલા બે પ્રકારથી અલગ પ્રકારનીજ સમાધિ કરાવીએ છીએ તેને તમે જુવો. શાસ્ત્રોનું અવલંબન લઈ તમને મનમાં કંઈ ગૂંચવાડો થયો હોય તો તેને દૂર કરો.'' પછી શ્રીહરિએ સભામાં બેઠેલા ગોપાળાનંદ નામના સંત તથા ગોવિંદરામ નામના વિપ્ર એ બેય સામી કૃપાદૃષ્ટિ કરી એટલે તે બેય જણાને તુરત જ સમાધિ થઈ ગઈ અને તેમનાં શરીરો પૃથ્વી ઉપર ઢળી પડ્યાં. તેમની પરીક્ષા કરવા માટે તેમના શરીરો ઉપર સળગતા લાલચોળ અંગારા મૂકાવ્યા તેથી તેમનાં શરીરો બળવા લાગ્યાં, તો પણ તે બેય જણા જેમના તેમ સ્થિર પડી રહ્યાં. તે જોઈ આશ્ચર્ય પામેલા તે ઉત્તમરામ વિપ્ર એકદમ, ઊભા થઈ શ્રીહરિના ચરણમાં પડ્યા. અને સ્તુતિ કરતા બોલ્યા કે આપ જ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન છો. માટે



Final



આપ ગમે તેને ગમે તે પ્રકારે સમાધિ કરાવો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. હવે કૃપા કરી આ બેય જણાનાં અંગો ઉપરથી અંગારા લેવડાવી લઈને બેયને સમાધિમાંથી જગાડો. ત્યારે શ્રીહરિએ તે બેયને સમાધિમાંથી જગાડ્યા. તે બેય જણાએ સમાધિમાં જોયેલ તમામ હકીકત કહી સંભળાવી. શ્રીહરિનો અપાર મહિમા સાંભળી તે ઉત્તમરામ શાસ્ત્રી વર્તમાન તથા નિયમો ધારી શ્રીજીના આશ્રિત બન્યા અને શ્રીહરિને પ્રાર્થના કરી કે હે પ્રભો ! આપ મારા ઘેર પધારી અમને પાવન કરો, મારા અપરાધો માફ કરો. તે ઉત્તમરામ શાસ્ત્રી આમ શ્રીહરિના ગુણ ગાતા ગાતા પોતાના ઘેર ગયા અને કુટુંબે સહિત શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. શ્રીહરિ તે ઉત્તમરામ ''શાસ્ત્રીના ઘેર ત્રણ વખત પધાર્યા હતા.

- **વાડાશિનોરના ખુશાલભાઈએ સર્વસ્વ અર્પણ કરીને બ્રહ્મચારી ભેગા સેવામાં રહ્યા.**

ગામ વાડાશીનોરના ખુશાલભાઈ ઘરભંગ થયા એટલે એમના સંબંધી સર્વે કહેવા લાગ્યાં કે ફરી ઘર કરો. પોતાને પણ સ્ત્રીની વાસના હતી. સારા સારા હરિજન ફરી સ્ત્રી કરવાનો નિષેધ કરે ત્યારે તે બોલે કે, તમે ના પાડો છો પણ અંતરમાં બેઠી છે તે કર્યા વિના કેમ ચાલે ? હરિભક્ત બોલ્યા કે આપણે ગોપાળાનંદ સ્વામી પાસે જઈએ અને તેમને પૂછીએ. સ્વામી હા પાડે તો ફરી લગ્ન કરજો.

પછી હરજીવનભાઈ, મોરલીધરભાઈ અને ખુશાલભાઈ વગેરે હરિજનો ઊમરેઠ ગામે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને તેમને બધી વાત કરી. પછી હરજીવનભાઈ, બોલ્યા કે સ્વામી આ ખુશાલભાઈ ઘરભંગ થયા છે. અમે સર્વે ના પાડીએ છીએ તો પણ પોતે ફરી વિવાહ કરવા તૈયાર થયા છે. એટલે અમેં અહીં તમને પૂછવા આવ્યા છીએ. હવે તમે કહો તેમ કરીએ. સ્વામી કહે - પચાસ વરસે લગ્ન તે થતું હશે ? ખુશાલભાઈ કહે સ્વામી, ના પાડો છો

પણ અંતરમાં બેઠી છે તે કર્યા વગર કેમ ચાલે ? સ્વામી કહે, એક મહિનો અમારી પાસે રહો, ને જો અંતરમાં દેખાય તો કરજો, નહિ તો ન કરશો. ખુશાલભાઈ કહે લો આ રહ્યા. એમ કહીને ખુશાલભાઈ સ્વામી પાસે રહ્યા. સ્વામીએ રોજ રોજ વાર્તાઓ કહેવા માંડી. સ્વામીની વાર્તાઓ સાંભળીને દસ દિવસમાં તો ખુશાલભાઈ બોલ્યા કે સ્વામી, હવે અંતરમાંથી નાશ પામી ગઈ છે. એટલે નથી દેખાતી. ખુશાલભાઈએ પછી લગ્ન ન કર્યું. અને પોતાનું સર્વસ્વ નરનારાયણ દેવને અર્પણ કરીને અમદાવાદમાં બ્રહ્મચારી ભેળા રહ્યાં ને ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં હરજીવનભાઈને ઘેર રહ્યા હતા તેથી સ્વામીને તેમના પર હેત હતું. એટલે તેમને જીભાઈ કહીને બોલાવતા. એમ ગોપાળાનંદ સ્વામીએ ખુશાલભાઈનો મોહ નિવારણ કર્યો. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૧૭૭)*

● **અમદાવાદમાં કૃષ્ણાનંદ સ્વામીને શ્રીહરિ તેડવા પધાર્યા**

કૃષ્ણાનંદ સ્વામીએ ભક્તિપ્રિયદાસજીને પૂર્વે એમ કહ્યું હતું કે, જ્યારે હું દેહ છોડીશ ત્યારે તમે મારી પાસે હશો પછી તેઓ નોખાં મંડળોમાં ફરતા હતા. પછી સોળની સાલમાં અમદાવાદમાં કૃષ્ણાનંદ સ્વામી માંદા થયા અને ભક્તિપ્રિયદાસજી ફરવા ગયા હતા ત્યાંથી આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું - મેં તમને કહ્યું હતું તે સત્ય થયું. આજે હું દેહ મૂકીશ. પછી એમને મહારાજનાં દર્શન થયાં અને મહારાજ અલૌકિક પ્રતાપ બતાવીને તેમને બોલતા ચાલતા તેડી ગયા. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૫૮૬)*

● **શ્રીહરિની મૂર્તિનું તથા સવારીનું વર્ણન**

ઉપર પ્રમાણે વાતોચીતો કરતાં એક પહોર દિવસ ચડ્યો ત્યારે શ્રીહરિ તૈયાર થઈને અશ્વ ઉપર બિરાજ્યા. સ્વારી પણ તૈયાર થઈ બધા ચાલવા લાગ્યા. સૌથી પ્રથમ વાજાં તથા નેજાનિશાનવાળા ચાલ્યા. પછી પુરુષો ચાલ્યા. તેમની પાછળ સંતો કીર્તનો ગાતા ગાતા



Final



ચાલ્યા. પછી હથિયારબંધી પાળાઓ ચાલ્યા. પછી હાથમાં સોનાની છડીઓ લઈને ચોપદારો ચાલ્યા. તેમની પાછળ શ્રીહરિ ચાલ્યા. પ્રભુને માથે સોનેરી છત્ર ધારેલું હતું. શ્રીહરિની પાછળ બીજી સ્વારી ચાલે છે. વાહનોમાં જે બેઠા હતા તે સ્વારીની પાછળ ચાલતા હતા. સ્વારીની શોભા અવર્ણનીય હતી. આ રહ્યું તે સમયની શ્રીહરિની મૂર્તિનું વર્ણન.

ધવલ પાઘ શિર ધાર, ધવલ ધોતી કટીધારી.
ધવલ દુશાલ હિ ધાર, અસ પર અજ અવતારી.
ધર ધવલ હાર વર સુમનકે, ધવલ ધર સમ શિરધરં.
ધવલ ધાર કરમેં રૂમાલ, કીરતિધર સુખ કરં.
ધવલ અંગરખી ધાર, ધવલ શિર પેચ ધરત હી.
ધવલ ગુલિક ધર હાલ, ધવલ શિર ચવર ફિરતહી,
ધવલ દર્શન કલિકુંદ, ધવલ કલિ કરક કહાવૈ.
ધવલ હસન મુખમંદ, શશીકર સરિસ સુહાવૈ.
ધર ધવલ છત્ર શિરપે ધરત પર, ધવલ નારીનર ગાવહી.
વર ધવલ કીર્તિભુત પ્રગટ યશ, સુનિ સુર નર સુખ પાવહી
લાલ ભાલ છબી ભ્રાજ, લાલે ધર ચંદ લલીતા,
લાલ અધર પરવાલ, બિંબ ફુલ લાલ કહીતા.
લાલ રેખ વર બસત, લાલ લોચનકે માંહી,
લાલ રસન મુખ લાલ, લાલ કર ખ્યાલ સુહાઈ,
કંકુ લાલ ચરન તલ કરન તલ, લાલ કરજ નખ લાલ હી,
મુખ લાલ પાન ચાવત લલિત, લાલ લાલ છબિ લાલ હી.
પીત તડિત પટ ધાર, પીતધર પાગ પુનીતા,
પીત ધાર સુરવાલ પીત ધર શાલ લલીતા,
પીત નિવારન સીત, પીત ઉપર હાર પ્રમાનો,
પીત પનૈયા પાય, પીત શિર છત્ર હિ જાનો.

કર પીત ધરત રૂમાલ કહું, પીતાભ્રન પહિરત હરિ,
કહું પીતાંબર પિત ધરત કટી, પીત છબિ સર્વોપરિ.
*(શ્રીહરિલીલાસિન્ધુ, રત્ન-૧૧, તરંગ-૧૬)*

રાયપુર દરવાજે થઈ શ્રીહરિ પુરમાં પધાર્યા. શહેરની રાજબજારો જળ છાંટી તૈયાર કરી હતી. જાતજાતના પુષ્પના હારોથી તથા રંગોથી દુકાનો શણગારી હતી. કેળના સ્તંભો પણ રોપ્યા હતા. શ્રીહરિનાં દર્શન માટે હજારો સ્ત્રી-પુરુષો બજારમાં ઊભા હતા. વાજિંત્રોના ઘોષથી આકાશ ગાજી ઊઠ્યું હતું. લોકો આનંદથી શ્રીહરિને ફુલોના હારો પહેરાવી વધાવી. દર્શન કરતા હતા. આવી શોભાએ યુક્ત શ્રીહરિ વાજતે ગાજતે ચાલ્યા જાય છે. ત્યાં રસ્તામાં વૈષ્ણવી તથા અન્ય દેવસ્થાનો આવ્યા. જેમણે પહેલાં ભાઉ સુબાને આડું અવળું સમજાવી શ્રીહરિનું અપમાન કરાવ્યું હતું તે જોઈ શહેરના હરિભક્તોએ શ્રીજીમહારાજને વાત કરી જે હે મહારાજ ! આ લોકોએ આપનું તથા સંતોનું ઘણું અપમાન કર્યું છે. માટે આ લોકોના મકાન આગળ બંદૂકોના ભડાકા કરીએ ? (શંભા નંખાવીને સામતા પમાડીએ ?) ત્યારે સાહેબના ચોપદાર શોભાનસીંગે મહારાજને પૂછ્યું કે તુમકું એ સત્સંગી ક્યા કહતે હૈ ? ત્યારે શ્રીહરિ બોલ્યા કે એ લોકો કહે કે આ હવેલીઓ ઉપર તુપકના તાસીરા નાખીએ ? (બંદૂકોના અવાજ કરીએ ?) ત્યારે જમાદાર બોલ્યો કે નજરમાં આવે તેટલા નાખો. કેનો ભાર છે જે તમારા સાધુ બોલે ? તમે તો સરકારના તેડાવ્યા થકા આવ્યા છો, તેથી સરકારના મહેમાન છો, પછી એક હવેલી આગળ પાંચ પાંચ ભડાકા કર્યા. આથી તેઓ ખીજાઈ બોલવા લાગ્યા. ત્યારે તેમને સરકારી જમાદારોએ કહ્યું જે ચૂપ રહો યે તો સરકારકા હુકમ હે, સૌ કરેગા ! ત્યાંથી શ્રીહરિ માણેકચોકમાં આવ્યા. ત્યાં લોકોએ અનેક પ્રકારનું દારૂખાનું ફોડીને શ્રીહરિને રાજી કર્યા. આ પ્રમાણે સ્વારી સાથે શ્રીહરિ બજારમાં ચાલ્યા જાય છે, તે જોઈ દરેક



Final



મતપંથના ગુરુઓ ઝાંખા પડી ગયા. પ્રથમ તેમણે શ્રીજીનો ઘણો દ્રોહ કર્યો હતો. પણ છેવટે થાકી ને બેસી રહ્યા. સત્સંગનો નાશ કરવાની લાલચ છોડી દીધી. હવે તો સત્સંગના મૂળ પાતાળમાં ચોંટી ગયાં. ઈશ્વરની જેમ મરજી હોય તેમ થાય છે. હવે કોઈનો કાંઈ ઉપાય ચાલે તેમ નથી. આવી રીતે ચાલતાં રતનપોળમાં હિમાભાઈ શેઠની હવેલી આગળ સ્વારી આવી ત્યારે શેઠના ભાઈ, સ્ત્રી, પુત્ર તથા તેમના માતાજી વગેરે કુટુંબીઓએ સોનાનાં પુષ્પોથી શ્રીહરિને વધાવી દર્શન કર્યા. ત્યાંથી આગળ ચાલતા નવાવાસમાં આવ્યા. ત્યાં મોટેરા ગામના હરિભક્તો રહેતા હતા. ત્યાં જગ્યા ઘણી હતી ત્યાં શ્રીહરિ ઉતર્યા. ચોકમાં સભા માટે તૈયારી કરી રાખી હતી ત્યાં સભા થઈ. લીંબડાના વૃક્ષ નીચે ઊંચી પાટ ઉપર ગાદી તકિયા નાખી સિંહાસન બનાવ્યું હતું. તેના ઉપર શ્રીહરિ બિરાજ્યા, શ્રીહરિએ ભગવાનનાં ચરિત્રોની તથા ઉપદેશની ઘણી વાતો કરી. કીર્તનો ગવરાવ્યાં. ને પછી સભા વિસર્જન કરી. સ્વારીમાં આવેલા વાજાંવાળાઓને તથા બીજાઓને યોગ્ય ઈનામો આપી રજા આપી. સાહેબો પણ શ્રીહરિની રજા લઈ પોતાને બંગલે ગયા.

- **પ્રસાદીના સ્થળો**

આમ તો આખું મંદિર જ પ્રસાદીનું છે. મંદિરમાં ઘુમ્મટના દરેક સ્તંભને શ્રીહરિના હસ્તનો સ્પર્શ થયેલો છે. શ્રીહરિના ચરણારવિંદની રજથી આખુંય મંદિર પાવન બનેલું છે. છતાં પણ એ પવિત્રતાને કોઈ એક સ્થાનમાં કેન્દ્રિત કરવાથી મનને વધુ શાંતિ મળે છે.

**મંદિરની અંદર**

**ત્રણ સિંહાસનો :** મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પહેલાં શ્રીહરિ નરનારાયણ દેવ આદિ ત્રણેય સિંહાસનોમાં બિરાજ્યા હતા. આ રીતે ત્રણેય સિંહાસનોમાં બિરાજીને શ્રીહરિએ પ્રસાદીનાં કર્યાં છે.

જ્યારે આ સિંહાસન સોનાનાં કર્યા ત્યારે નરનારાયણ દેવના સિંહાસન ઉપર ચોડેલો આરસનો પથ્થર તથા થાંભલા નારાયણઘાટ (હરિમંદિર) મંદિરમાં સિંહાસનમાં લગાવેલા છે. શ્રી નરનારાયણદેવનાં દ્વાર સોનાનાં બનાવેલાં છે. અસલ પ્રસાદીનાં દ્વાર લુણાવાડા સ્વામિનારાયણ મંદિરમાં છે.

**મનોહર સ્વરૂપો** : સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈને પધરાવેલા નરનારાયણદેવ, ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને રાધાકૃષ્ણ દેવનાં સ્વરૂપો અતિ પ્રસાદીનાં છે, જે દર્શનીય અને ઉપાસનીય છે.

**ગરુડજી** : ગર્ભગૃહમાં ત્રણેય સિંહાસનોના પગથિયામાં રહેલી ત્રણેય ગરુડોની મૂર્તિઓ પ્રસાદીની છે. તેમાં હાલમાં પડખેનાં બે સિંહાસનોના પગથિયામાં ગરુડજી જેમના તેમજ છે. અને શ્રી નરનારાયણદેવના સિંહાસનના ગરુડજી મંદિર ઉપર શિખરના ભાગમાં રાખવામાં આવ્યા છે.

**ભોયરું** : શ્રી નરનારાયણદેવના સિંહાસનની નીચે સુંદર ભોયરું છે. જેમાં શ્રીહરિ બપોરના સમયે ઘણી વખત શાંતિથી પોઢતા તેથી તે ભોયરું પ્રસાદીનું છે.

**ભોયરામાં કૂવો** : શ્રી નરનારાયણદેવના સિંહાસનની બરાબર નીચે ભોયરામાં કૂવો છે. શિલ્પશાસ્ત્રની એવી વિધિ છે કે જ્યાં અચળ પ્રતિમાઓની સ્થાપના કરવી હોય ત્યાં મૂર્તિઓની નીચે કૂવો હોવો જોઈએ. એ નિયમને લક્ષમાં રાખીને શ્રીહરિએ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને મંદિરની બરાબર મધ્ય ભાગમાં કૂવો કરવાની આજ્ઞા કરેલી. બરાબર તે કૂવા ઉપર જ સિંહાસન ગોઠવી તેમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના કરવામાં આવી છે. આ કૂવાનું પાણી ઘણું સ્વાદુ અને મીઠું છે. તેથી શ્રીહરિ ભોંયરામાં પોઢતા ત્યારે પોતે આ કૂવાનું પાણી પીવા વગેરેના ઉપયોગમાં લેતા. તથા શ્રી નરનારાયણાદિ દેવોના ઉપયોગમાં



Final



વપરાતું. પછી જ્યારે બીજા પાણીની સગવડ થઈ ત્યારે તે કૂવાના મોઢા ઉપર પોલો થાંભલો કરી પડખાના ભાગો ચણી લઈ સિંહાસનના પાછળના ભાગમાં નાનું દ્વાર રાખેલ છે. જ્યારે શ્રી નરનારાયણાદિ દેવોને અભિષેક કરવામાં આવે છે ત્યારે હજુ પણ નાના લોટાથી તે કૂવાનું પાણી કાઢી અભિષેક કરવામાં આવે છે. તેથી આ કૂવો પ્રસાદીનો છે.

**મંદિરમાં પંચાયતન દેવ** : શ્રીહરિએ શ્રી નરનારાયણ દેવની સ્થાપના કરી ત્યારે સાથે જ શ્રી નરનારાયણદેવના સિંહાસનની પૂર્વ તરફ શિવ પંચાયતનની સ્થાપના કરી છે.

**શ્રી નરનારાયણદેવના મંદિરના દ્વારનો ઉંબરો** : આ ઉંબરા ઉપર બેસી શ્રીહરિ થાળ જમ્યા હતા તથા શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી રહ્યા પછી સત્સંગીઓ દાગીનાઓ તથા વસ્ત્રો દેવને ભેટ આપતા હતા તેને શ્રીહરિ ઉંબરા ઉપર બેસી લેતા હતા અને બ્રહ્મચારીને તે વસ્તુઓ મૂર્તિઓને ધરાવવા આપતા હતા. તથા દેવની પ્રતિષ્ઠા સમયે દેવ સામી એક દૃષ્ટિ રાખી મૂર્તિઓમાં દૃષ્ટિ જોડી પોતાનું તેજ અને શક્તિ મૂર્તિઓમાં મૂકતા હતાં. તેથી તે ઉંબરો પ્રસાદીનો છે.

**સુખશય્યા** : શ્રી નરનારાયણદેવના મંદિરથી પશ્ચિમ તરફ સુખશય્યાની સ્થાપના પણ શ્રીહરિએ જ કરેલી છે. તેમાં પલંગ છે તે પ્રસાદીનો છે. તેમાં સામે શ્રીજીની બે મૂર્તિઓ છે, તેમાં જે ચિત્રની મૂર્તિ છે તે શ્રીજીમહારાજે નારાયણજીભાઈ (વિશ્વકર્માનો અવતાર) પાસે બનાવરાવી છે. તેથી તે મૂર્તિ પ્રસાદીની છે. તેમાં સં. ૧૮૮૨ એમ લખેલું છે.

**થાંભલો** : રાધાકૃષ્ણદેવની આગળનો થાંભલો પ્રસાદીનો છે. એ થાંભલાને ઓઠિંગણ દઈને શ્રીજીમહારાજે ઘુમ્મટની છતમાં કોતરેલા પૂતળાનું નિરીક્ષણ કર્યું હતું. તથા ત્યાં જ ઊભા રહીને

મંદિરના નિર્માણકાર્યમાં સેવા કરનાર મુખ્ય કારીગરોને શિરપાવો આપ્યા હતા. આ એ જ થાંભલો છે જેને લાવતાં હરિભક્તના બળદનો પગ ભાંગી ગયેલો. શ્રીહરિ થાંભલાને ભેટ્યા હતા અને હરિભક્તની જાતે ધૂંસરીએ જોતરાઈને થાંભલો લાવવાની સેવાને બિરદાવી હતી.

**બેઠક** : મંદિરના ઉત્તર તરફના પગથિયાની આથમણી તરફની બેઠક ઉપર થાંભલા પાસે શ્રીહરિ ઘણી વખત બેસતા તેથી તે બેઠક પ્રસાદીની છે. હાલમાં તે બેઠક ફેરવી નાંખેલ હોઈ ત્યાં થાંભલા પાસે ઓટો કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે અને તે બેઠકનો પ્રસાદીનો પથ્થર રંગમહોલનાં પગથિયાં ચઢતાં જમણા હાથ તરફ દર્શન કરવા મૂકેલો છે.

**મંદિર પાછળ કૂવો** : મંદિર અને અક્ષર ભુવનના દક્ષિણ દિશાના ખૂણા પાસે કૂવો છે તે પ્રસાદીનો છે. તે કૂવાનું પાણી ઘણું જ સારું અને સ્વાદુ હતું. તેથી શ્રીજીમહારાજ તથા સંતો તે પાણી પીતા. દેવના ઉપયોગમાં પણ તે પાણી વપરાતું. તથા જ્યાં સુધી તે કૂવામાં પાણી હતું ત્યાં સુધી માંદા સંતો તે જ પાણી પીતા. હાલમાં તેમાં પાણી નથી. તેથી તે કૂવા ઉપર પથ્થર ઢાંકી દીધેલો છે.

**ચોક વચ્ચે છત્રી** : આ છત્રી છે તે જગ્યાએ શ્રીજીમહારાજ પાટ ઉપર પાટ નંખાવી તેના ઉપર ઊભા રહી સંતો-હરિભક્તો સાથે ઘણીવાર રંગે રમ્યા છે. તથા સભામાં પાટ ઉપર બિરાજી દર્શન તથા વચનામૃતનો ઉપદેશ આપ્યો છે. તેની સ્મૃતિ રૂપે તે જગ્યાએ આરસની છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે.

**દરવાજા પાસે છત્રી** : મંદિરના દરવાજા પાસે ઉત્તર તરફ છત્રી છે ત્યાં પહેલાં લીમડો હતો. તેની નીચે પાટ ઉપર શ્રીજીમહારાજ બિરાજી ઉપદેશ આપતા તેનાં સુંદર વચનામૃત પણ છે. તે લીમડો પડી જવાથી તે જગ્યાની સ્મૃતિ માટે ત્યાં છત્રી કરાવીને ચરણારવિંદ



Final



પધરાવ્યાં છે અને તે લીમડાનું થડ બ્રહ્મચારીની જગ્યામાં જવાના બારણા પાસે ખૂણામાં દર્શન માટે રાખવામાં આવ્યું છે.

**દરવાજો** : આ જગ્યાએ મેડાબંધ સુંદર દરવાજો હતો. તેના ઉપર શ્રીજીમહારાજ ઘણીવાર રહેતા, પોઢતા. તેની અગાસીમાં ઊભા રહી દર્શન પણ આપતા. તે દરવાજા ઉપર શ્રીજીમહારાજે શ્રી વાસુદેવ માહાત્મ્ય વંચાવેલ છે તે વાત વચનામૃતમાં લખેલ છે. તે જૂનો દરવાજો પડી જવાથી તે જગ્યાએ ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી પુરુષોત્તમપ્રસાદજીએ નવો ભવ્ય દરવાજો બંધાવેલ છે.

**હવેલી** : દેશી, પરદેશી લાખો ઉપરાંત મુલાકાતીઓ જેને જોઈને આશ્ચર્યના ઉદ્‌ગારો કાઢે છે તેમજ કાષ્ઠ કોતરણીની કળાના અજોડ નમૂનારૂપ આ ભવ્ય કાષ્ઠ ઈમારત આચાર્યશ્રીનું પરંપરાગત નિવાસસ્થાન છે. એમાં અંદરના ભાગમાં શ્રી ઘનશ્યામ મહારાજની પૂરા કદની કાષ્ઠની પ્રતિમા છે પહેલાં ત્યાં ચોક હતો ને તે સ્થળે મહારાજે નટ રમાડ્યા હતા.

**સભામંડપ** : આ સભામંડપની જગ્યાએ મંદિર કરાવ્યા પહેલાં શ્રીહરિએ સંતોને ઊતરવા માટે ધર્મશાળા બંધાવી હતી. તે ધર્મશાળામાં શ્રીજી ઘણી વખત ઊતરતા તથા સંતોને મળવા પણ ઘણી વખત પધારતા. તેમાં સંતોની પંક્તિ કરાવી પીરસતા. પીરસતાં પીરસતાં પંક્તિના બેય છેડે ખુરશીઓ મુકાવી તેના ઉપર બેસતા. તે બેય જગ્યાની સ્મૃતિ માટે તે જગ્યાએ ચરણારવિંદ પધરાવ્યાં છે. આ સભામંડપનાં થાંભલા, પાટડા, કૂંભીઓ, સરભરણા, મડાળો વગેરે કલામય અને આકર્ષક છે. મંદિરના ચોકથી સભામંડપ તરફની ભૂમિ સભામંડપ સમેત બ્રહ્મચારિણી જગા ગણાય છે. કારણ કે ત્યાં સ્ત્રીઓનો પ્રવેશ નથી.

**સભામંડપમાં ગાદી-સ્થાનની ભૂમિ** : આ જગ્યાએ જ્યારે જૂની ધર્મશાળા હતી ત્યારે શ્રીજીમહારાજ ઘણી વખત સભામાં પાટ નંખાવી

બિરાજતા. તેમજ ઘણી વખત રાત્રે ઢોલિયો બિછાવરાવીને તેના ઉપર પોઢતા તેથી તે સ્થળ પ્રસાદીનું છે. જે પાટ ઉપર શ્રીહરિ બિરાજતા તે પ્રસાદીની પાટ હાલમાં હવેલીના મેડા ઉપર અવધ ભુવનમાં રાખવામાં આવી છે.

**રંગમહોલ** : આ રંગમહોલ જ્યારે મંદિર કર્યું તે અરસામાં શ્રીજીમહારાજને ઊતરવા માટે ખાસ બંધાવ્યો હતો. તેથી શ્રીહરિ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે ત્યાં ઊતરતા. તેમાં જે ચોકડીમાં શ્રીહરિ જમતા તે ચોકડી તથા જે બારીમાં પોતે બિરાજતા તે બારી રંગમહોલના મેડા ઉપર પગથિયે ચઢતાં જમણી બાજુ છે. તથા રંગમહોલના ઉપરના તથા નીચેના ભાગમાં જે પાટો છે, જે સુખશય્યા તરીકે વપરાય છે તે ઉપર શ્રીજીમહારાજ બિરાજતા. જ્યારે જ્યારે અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરતા ત્યારે તે પાટો ઉપર ચડી શ્રીહરિ રંગ ઉડાડતા. તેથી તે પાટો પણ પ્રસાદીની છે. આ દર્શનીય સ્થળમાં શ્રીહરિની સ્મૃતિ માટે શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી છે. તે મૂર્તિ ઘણી ચમત્કારી છે. તે રંગમહોલની નીચે તથા મેડા ઉપર બહારની બાજુમાં શ્રીજીનાં લીલાચરિત્રો દર્શાવતાં ચિત્રો હતાં. તે ચિત્રોની નકલ કરાવીને તેજ સ્થળે કાચ જડાવી મૂકવામાં આવ્યાં છે. રંગમહોલના મેડા ઉપર દાદરે ચઢતાં બહારના ભાગમાં જમણી તરફ શ્રીજીની પ્રસાદીની મેના વગેરે વસ્તુઓ દર્શન માટે રાખવામાં આવી છે.

**બ્રહ્મચારીની જગ્યામાં કૂવો** : આ કૂવો બ્રહ્મચારીની જગ્યામાં આવેલો છે. શ્રીજીમહારાજ રંગમહોલમાં ઊતરતા ત્યારે આ કૂવાના થાળામાં બેસીને સ્નાન કરતા તથા આ કૂવાના પાણીનું જળ પીતા. તેની સ્મૃતિ માટે ત્યાં આરસની છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે.



Final



**અમદાવાદના વચનામૃતનાં સ્થાનો :**

૧. શ્રી નરનારાયણના મંદિરમાં (પોતાની મેડીને વિષે વિરાજમાન) અમદાવાદ-૫.
૨. મંદિરની સન્મુખ ઓટા ઉપર આથમણે મુખારવિંદ અમદાવાદ-૩.
૩. દરવાજાની મેડી ઉપર વાસુદેવ માહાત્મ્ય વંચાવતા હતા તથા દરવાજા પાસે લીંબવૃક્ષ નીચે વચનામૃત અમદાવાદ-૭.
૪. મંદિરથી ઉત્તર દિશે ધર્મશાળામાં સંતોને જમાડતા અમદાવાદ-૮.
૫. નરનારાયણના મંદિરની આગળ વેદીને વિષે અમદાવાદ-૨, ૪, ૬.

● **મંદિરની બહાર પ્રસાદીનાં સ્થળો :**

શ્રીહરિ પહેલ વહેલા જ્યારે અમદાવાદ પધાર્યા ત્યારે જે સ્થળે ઉતારો કર્યો તેનું નામ નવોવાસ. આ સ્થાન મંદિર પાસે જ છે. નવાવાસમાં પુરુષોત્તમદાસ પટેલના ઘરે શ્રીજીમહારાજ મંદિર થયા પહેલાં સંતો- હરિભક્ત સહિત ઊતરતા. તે ઘરની આગળ લીમડાનું વૃક્ષ તથા મોટો વિશાળ ચોક હતો. તે ચોકમાં લીમડાના વૃક્ષ નીચે શ્રીહરિ સભામાં બિરાજી અનેક માણસોને સમાધિઓ કરાવતા, સદુપદેશ આપતા. એકવાર એક ભાટના છોકરા પાસે વેદ બોલાવેલા. તે લીમડાનું વૃક્ષ પડી જવાથી તે જગ્યાએ છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે. જે ઘેર શ્રીજીમહારાજ ઊતરતા તે પુરુષોત્તમદાસ પટેલનું અસલ ઘર હાલમાં મોજૂદ છે. તેમાં તેમના વંશજો રહે છે. આ નવા વાસમાં તે વખતે ઘણા હરિભક્ત રહેતા હતા. તે તમામ ભક્તોના ઘેર શ્રીજીમહારાજ ઘણીવાર પધારેલા છે તથા થાળ પણ જમ્યા છે.

**નથુ ભટ્ટનું ઘર** : રામાનંદ સ્વામીએ તેમને સત્સંગ કરાવેલો. તેઓ ભાગવતના સારા પંડિત હતા. વૈષ્ણવની હવેલીમાં કાયમ ભાગવતની કથા વાંચવા જતા. તેમનું ઘર મંદિરથી દક્ષિણ તરફ નજીકમાં હાજાપટેલની પોળમાં રામજીમંદિર પાસે આવેલું હતું. ત્યાં શ્રીજીમહારાજ સંતો સહિત ઘણી વખત પધારી થાળ જમેલા.

**રામજી મંદિર** : આ મંદિર હાજાપટેલની પોળમાં રામજી મંદિરની પોળમાં આવેલું છે. તે મંદિર ઘણું પ્રાચીન હોવાથી મંદિરના નામ ઉપરથી જ તે પોળનું નામ રામજી મંદિરની પોળ પડેલું છે. આ મંદિરમાં શ્રીજીમહારાજ ઘણી વખત પધારી શ્રી રામચંદ્રજી ભગવાનની મૂર્તિઓનો સ્પર્શ કરી દર્શન કરતા. તેથી તે મૂર્તિઓ સહિત આખું મંદિર પ્રસાદીભૂત છે. શ્રી રામાનંદ સ્વામી પણ આ મંદિરમાં ઘણી વખત પધારેલા છે.

**હીરાચંદ ચોકસીનું ઘર** : ચોકસી હીરાચંદભાઈ શહેરમાં આગેવાન પ્રતિષ્ઠિત સત્સંગી હતા. તેમનું ઘર પણ હાજાપટેલની પોળમાં નથુભટ્ટના ઘર જોડે આવેલું છે. તેમના ઘેર શ્રીજીમહારાજ સંતો સહિત ઘણી વખત પધારી થાળ જમેલા છે. હાલમાં ચોકસીના વંશજોએ નથુભટ્ટનું ઘર વેચાણ લઈ પોતાના ઘર સાથે ભેળવી દીધું છે.

**લાલદાસ ગોરાનું ઘર** : લાલદાસ ગોરાનું ઘર ઝાંપડાની (જહાંપનાહની) પોળમાં હતું. હાલમાં તેમણે તે ઘર વેચી દીધું છે. પણ ઘર હજી એ જ પ્રમાણે મોજૂદ છે. શ્રીહરિ તે ઘેર ઘણી વખત પધારેલા છે.

**બહેચર મણકીવાળા શેઠનું ઘર** : આ ઘર કાળુપુરમાં ગુંદીની પોળમાં આવેલું. પરંતુ હાલમાં તે પોળ રિલીફ રોડમાં જતાં તે રિલીફ રોડ ઉપર આવેલું છે. તે ઘર ઘણું પ્રસાદીનું છે. શેઠે શ્રીહરિને તથા



Final



મુક્તાનંદ સ્વામી વગેરે મોટા સંતોને ઘણી વખત પોતાના ઘરે પધરાવી સેવાપૂજા કરેલી છે. તેઓ મૂળ વૈષ્ણવ હતા.

**માણેકચોક** : આ માણેકચોક અમદાવાદ શહેરનું મુખ્ય બજાર છે. માણેકનાથ બાવાના નામ પરથી તેનું નામ માણેકચોક પડેલું છે. સાબરમતી નદીના કિનારે આવેલ માણકેશ્વર તીર્થ ઉપરથી પણ તે નામ પડ્યું હશે. હીરા, માણેક, મોતી, સોનુ, ચાંદી વિગેરેની દુકાનો આજે પણ ચોકમાં છે. શ્રીજીમહારાજ જેટલી વખત અમદાવાદ આવેલા તેટલી વખત આ ચોકમાં પધાર્યા છે. તે ચોકમાં તથા આજુબાજુમાં રહેતા હરિભક્તોના ઘેર પણ પધારેલા છે. તેથી આ માણેકચોક પ્રસાદીનો છે.

**અંબાબાવાળું રામજી મંદિર** : આ રામજી મંદિર આકાશેઠ કૂવાની પોળમાં આવેલું છે. તેમાં રામચંદ્રજીની મૂર્તિઓ છે. તે શ્રી રામાનંદ સ્વામી તથા શ્રીજીમહારાજની પ્રસાદીની છે. આ મંદિર અંબાબાએ રામાનંદ સ્વામીને આપ્યું હતું. તેથી રામાનંદ સ્વામી અમદાવાદ પધારતા ત્યારે આ મંદિરમાં ઊતરતા. શ્રીહરિ પણ એક વખત તે મંદિરમાં ઊતરેલા અને ઘણી વખત તેમાં ગયેલા. તેથી તે મંદિર પ્રસાદીનું છે.

**અંબાબાનું ઘર** : આ ઘર હવેલીની પોળથી માંડવીની પોળ સુધીમાં અથવા તેની આજુબાજુમાં આવેલું હતું પણ તે તપાસ કરતાં હજી ચોક્કસ રૂપમાં મળી શક્યું નથી.

**રાધાકૃષ્ણનું મંદિર** : આ મંદિર રાયપુર દરવાજા પાસે મોરલીધરની પોળના નાકે મુખ્ય રસ્તા ઉપર પખાલીની પોળના સામે આવેલું છે. તે મોરલીધરનું મંદિર કહેવાય છે. આ મંદિર પણ અંબાબાની માલિકીનું હતું. તેથી તેમણે તે મંદિર રામાનંદ સ્વામીને અર્પણ કર્યું હતું. સ્વામીના ધામમાં ગયા પછી વિમુખ રઘુનાથદાસ તે તેમાં રહેતો. હાલમાં તે બીજાના કબજામાં છે. શ્રીજીમહારાજ તેમાં એક વખત પધારેલા છે. તેથી તે પ્રસાદીનું છે.

**વડનગરા નાગરોના હાટકેશ્વર મહાદેવ** : આ શિવાલય રાયપુરમાં હવેલીની પોળના નાકે આવેલું છે. તે વડનગરા નાગરોના મહાદેવજી કહેવાય છે. તેમાં શ્રીજીમહારાજ ઘણી વખત દર્શને પધારેલા છે.

**શંકરાચાર્યની હવેલી** : આ હવેલી રાયપુર ચકલામાં ભાઈશંકરની હવેલી પાસે આવેલી છે. ત્યાંના સંન્યાસીએ શ્રીજીમહારાજને શાસ્ત્રાર્થ કરવા બોલાવેલા ત્યારે શ્રીહરિ ત્યાં પધારેલા.

**મહાલક્ષ્મીજીનું મંદિર** : આ મંદિર રાયપુરમાં મહાલક્ષ્મીની પોળમાં પ્રવેશ પાસે આવેલું છે. તે સોનીઓની કુળદેવી છે. આ પોળમાં ઘણા સોની હરિભક્તો રહેતા. હાલમાં પણ તેમના વંશજો તેમાં રહે છે. શ્રીજીમહારાજ તે હરિભક્તોના ઘરે ઘણી વખત જમવા તથા પધરામણીએ પધારતા ત્યારે તે મંદિરમાં દર્શન કરવા જતા. તે પોળમાં બીજાં ઘણાં મકાનો  પ્રસાદીનાં હશે. હાલમાં સોની પ્રભુદાસભાઈનું એક ઘર પ્રસાદીનું જોવા મળે છે. તેમાં તેમના વંશજો રહે છે.

**વીસનગરા નાગરોના હાટકેશ્વર મહાદેવ** : આ શિવાલય ખાડિયામાં અમૃતલાલની પોળ સામે આવેલું છે. તે વીસનગરા નાગરોના મહાદેવ કહેવાય છે. શ્રીહરિ તેમાં પણ દર્શન કરવા પધારેલા છે.

**અમૃતલાલ શેઠનું ઘર** : ઉપર જણાવેલ મહાદેવ સામે અમૃતલાલની પોળ આવેલી છે. તે પોળનું નામ જેના ઉપરથી પડ્યું છે તે અમૃતલાલ શેઠના ઘરે શ્રીહરિ પધારેલા છે. તેથી તે પ્રસાદીનું છે.

**રાયપુર દરવાજો** : શ્રીહરિ કાંકરિયા સરોવરે ઘણી વખત આ દરવાજેથી જતા-આવતા અને ક્યારેક દરવાજા ઉપર જઈ થોડીવાર લોકોને દર્શન દેવા ત્યાં બિરાજતા તેથી તે દરવાજો પ્રસાદીનો છે.



Final



**કાંકરિયા સરોવર અને હનુમાનજી** : અમદાવાદ શહેરનું અને અમદાવાદના મુલાકાતીઓનું આકર્ષણ બનેલું કાંકરિયા તો એક તીર્થ છે. જે સરોવરમાં શ્રીહરિ તથા ત્યાગની મૂર્તિ સમા પરમહંસોએ અનેકવાર સ્નાન કર્યું છે, જેના કિનારે શ્રીહરિએ નરનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે લાખો બ્રાહ્મણો જમાડ્યા છે. સરોવરથી થોડે દૂર એક આંબો હતો ત્યાં મોટો મંચ બંધાતો અને લાખો માણસો તે મંચ ઉપર બિરાજેલા સહજાનંદ સ્વામીનાં દર્શન કરી શકતા. શ્રીહરિ એ મંચ ઉપર જ પોઢી જતા. હાલ ત્યાં છત્રી અને હનુમાનજી છે તથા ભવ્ય શિખરબંધ મંદિર છે. લાભપાંચમના દિવસે અહીં દર્શન કરવાનો બહુ મહિમા છે. શ્રીહરિ આ સરોવરના ગરનાળા ઉપર બેસી ઉપદેશ-કથાવાર્તા કરતા. તેથી તે ગરનાળું પ્રસાદીનું છે. આ ગરનાળું પ્રાણી-બાગના દક્ષિણ છેડે આવેલું છે. અને ભારત-સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી રક્ષિત ઈમારત તરીકે જાહેર થયેલું છે. અહિં તેની સ્મૃતિમાં સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામીએ બાલસ્વરૂપ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી છે તથા ચરણારવિંદની સ્થાપના પ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરી છે.

**નગીના વાડી** : આ નગીના વાડી કાંકરિયા સરોવરના મધ્ય ભાગમાં આવેલી છે. તે વાડીમાં સુંદર બંગલો, આરામગૃહ તથા સુંદર બગીચો છે. શ્રીહરિ તે બંગલામાં તથા બગીચામાં જઈ એકાંતમાં સ્વસ્વરૂપનું ધ્યાન ધરતા તથા આરામ કરતા.

**સરોવરના દક્ષિણ તરફનો વિસામો** : આ વિસામા ઉપર શ્રીહરિ ઘણી વખત બેસીને ભક્તોને ઉપદેશ આપતા. ક્યારેક એકલા પણ બેસી આરામ કરતા તેથી તે વિસામો પ્રસાદીનો છે.

**કાંકરિયા સરોવરની આથમણી પાળ** : આ સરોવરની આથમણી પાળે શ્રીહરિ ઘણી વખત ફરવા પધારતા અને બેસતા. તેથી તે પાળ પ્રસાદીની છે.

**ચંડોળા તળાવ** : આ તળાવ અમદાવાદ શહેરથી દક્ષિણ દિશામાં નેશનલ હાઈવે ઉપર આવેલું છે. તે ઘણું મોટું ઈરીગેશન (સિંચાઈ) તળાવ છે. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે અમદાવાદથી જેતલપુર આવતા-જતા ત્યારે આ તળાવમાં સંતો-હરિભક્તો સહિત સ્નાન કરતા અને તેના કિનારે વૃક્ષ નીચે બેસતા. અહીં પ્રસાદીનું કોઈ સ્મારક નથી.

**ભમરિયો કૂવો** : આ કૂવો અમદાવાદથી જેતલપુર જતાં નારોલથી આગળ મોટા રસ્તા ઉપર આવેલો છે. ત્યાં શ્રીજીમહારાજે હજામત કરાવીને સ્નાન કરેલું છે. તથા તે સિવાય પણ તે કૂવે ઘણી વખત સ્નાન કરેલું. હાલમાં હાઈવે પહોળો કરવાથી તે કૂવો પૂરીને હાઈવે બનાવ્યો છે.

**આસ્ટોડિયા દરવાજો** : શ્રીજીમહારાજ જેતલપુરથી અમદાવાદ આવતાં-જતાં ત્યારે ઘણી વખત આ દરવાજેથી શહેરમાં આવતા. ક્યારેક દરવાજાના ઓટલા ઉપર બિરાજી દર્શન આપતા.

**ખોખરા મહેમદાવાદ** : આ ખોખરા ગામમાં શ્રીજીમહારાજ ઘણી વખત પધારેલા છે. તે ગામમાં સત્સંગ સારો હતો. તેથી દરેક સત્સંગીઓના ઘરમાં પધરામણી તથા થાળ જમવા પધારેલા છે.

**ખોખરા દેવ ચકલાના ગરબા** : અમદાવાદ શહેરમાં અનેક વિસ્મયકારક બનાવો ભૂતકાળમાં બની ગયા છે. શહેરના ખોખરા ગામમાં દેવચકલા નામે એક શેરી છે. ગામની મધ્યમાં આવેલ આ શેરી ખાતે જૂના સમયમાં ભગવાન સ્વામિનારાયણ પોતે પધાર્યા હતા. ત્યાં એક ઓરડીમાં નિવાસ કર્યો હતો. વિદાય થતા પૂર્વે અહીં ભવ્ય રસોડું કર્યું હતું. ખોખરા સહિત આજુબાજુના અનેક ગામના લોકોને જાતે રાંધીને ભોજન કરાવ્યું હતું. દર વર્ષે નવરાત્રી દરમ્યાન એ જ સ્થળે ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવે છે ત્યારે એમને અચૂક યાદ કરવામાં આવે છે. ભગવાન ત્યાં નિવાસ કરતા હતા એ ઓરડી હાલ



Final



જર્જરિત હાલતમાં છે.

**નથુભટ્ટનું ઘર** : ખોખરા ગામમાં નથુભટ્ટ સારા સત્સંગી હતા. શ્રીજીમહારાજ જ્યારે ખોખરા પધારતા ત્યારે તેમના ઘેર ઊતરતા. એક વખત શ્રીહરિ નથુભટ્ટના ઘેર જમવા બિરાજ્યા હતા, ત્યારે હજારોની સંખ્યામાં વૈરાગીઓ શ્રીજીમહારાજને મારવા આવેલા. તેની સ્મૃતિ માટે તે ઘરે છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે.

**ખોખરા ગામથી ઉગમણી તરફ છત્રી** : આ છત્રી ખોખરા ગામથી ઉગમણી તરફ જ્યાં હાઉસીંગ-બોર્ડનાં મકાનો છે ત્યાં આવેલી છે. તેથી શ્રીજીમહારાજ જ્યારે ખોખરા પધારતા ત્યારે તે જગ્યાએ સભા કરી બિરાજતા. જ્યારે બાવાઓ સાથે લડાઈ થઈ તે દિવસે શ્રીજીએ પોતે આ ઠેકાણે પાટ ઉપર બિરાજી થોડીવાર કથા-વાર્તા કરી. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને તે પાટ ઉપર બેસી કથા કરવાની આજ્ઞા કરી પોતે નથુભટ્ટને ઘેર જમવા પધાર્યા હતા. તેથી તે જગ્યા પ્રસાદીની હોઈ ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યાં છે.

**જમાલપુર દરવાજો** : રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી રામદાસ સ્વામીના પત્રથી રઘુનાથદાસની ઉપાધિ શમાવવા જ્યારે શ્રીહરિ અમદાવાદ પધાર્યા હતા ત્યારે આ દરવાજેથી શહેરમાં આવ્યા હતા. તેથી તે પ્રસાદીનો છે.

**ગૌરીશંકર મહાદેવ** : આ શિવાલય પાનકોર નાકાના નાકેથી ઉતર તરફ જૂની સિવિલવાળી લાઈનમાં જતાં આગળ ગોલાની (ઘાંચીની) વાડી છે, તે વાડીમાં આવેલું છે. શ્રીજીમહારાજ તેમાં શિવજીના દર્શન કરવા પધાર્યા હતા. તેથી મહાદેવજી તથા તે વાડી પ્રસાદીની છે.

**ભદ્રનું ટાંકુ** : આ ટાંકુ ભદ્રમાં પેશ્વાઈ મહેલ છે તેમાં આવેલું છે. અને હાલમાં તે ભોંયરુ સરકારે સીલ કરેલું છે. તેથી જોવા મળતું નથી. તે મહેલમાં હાલ સરકારી ઓફિસ છે. ત્યાં પેશ્વાના સૂબા

વિઠુબાભાઈએ શ્રીહરિના વિરોધીઓની ઉશ્કેરણીથી શ્રીહરિને ત્યાં બોલાવી મારી નાંખવા માટે કાવત્રું કરેલું. પહેલાં ચીમનરાવજીએ આ જ મહેલમાં શ્રીહરિને પધરાવીને ખૂબ સત્કાર તથા પૂજન કરેલાં. અંગ્રેજોએ પણ આ મહેલમાં શ્રીહરિની ઘણીવાર પધરામણી કરાવી છે. તેથી તે મહેલ પ્રસાદીનો છે.

**ત્રણ દરવાજા :** શ્રીહરિ જેટલી વખત ભદ્રના મહેલમાં પધારતા તેટલી વખત આ દરવાજેથી પધારતા. ક્યારેક તે દરવાજા ઉપર પણ જઈને નીચે ઉભેલા માણસોને દર્શન આપતા.

**શ્વેત કૃષ્ણનું મંદિર :** આ મંદિર ભદ્રની પાછળ થઈ કોંગ્રેસ હાઉસ આગળ થઈ ગણેશ બારીના આરે જતાં રસ્તામાં દક્ષિણીઓના મહોલ્લામાં આવેલું છે. શ્રીહરિ તે મંદિરમાં બે-ત્રણ વખત પધાર્યા હતા અને ત્યાંના અંધ પૂજારી પુષ્કરદાસજીને શ્રીજીએ કૃપાદૃષ્ટિ કરી દેખતા કર્યા હતા. તેથી તે પૂજારી રોજ બે વખત શ્રીનરનારાયણદેવનાં દર્શન કરવા આવતા. તેથી તે મંદિર પ્રસાદીનું છે.

**ગણેશબારીનો આરો :** આ સાબરમતી નદીનો આરો એલિસબ્રિજ પુલની પાસે આવેલો છે. ભદ્રની પાછળ શ્વેત કૃષ્ણના મંદિર પાસેથી ત્યાં જવાય છે. ત્યાં શ્રીજીમહારાજે સંતો-સહિત ઘણીવાર સ્નાન કરેલું છે.

**ખાનપુર દરવાજો તથા આરો :** આ દરવાજે સાબરમતી નદીનો ખાનપુરનો આરો આવેલો છે. ત્યાં શ્રીજી ઘણી વખત સ્નાન કરવા પધારતા ત્યારે આ દરવાજે થઈને જતા, તેથી તે આરો તથા દરવાજો બન્ને પ્રસાદીના છે. પહેલાં ભાદરવા સુદી એકાદશી (જલઝીલણી)ના દિવસે શ્રીહરિ તથા ગણપતિજીનો વરઘોડો જળ ઝીલવા માટે ત્યાં જતો.

**સપ્તર્ષિનો આરો :** સરદાર પુલની પાસે સાબરમતી નદીનો આ આરો આવેલો છે. તે આરો તથા નદીનો દક્ષિણ તરફનો કાંઠો આ



Final



બેય પ્રસાદીના છે. શ્રીહરિ ઘણી વખત તે રસ્તેથી અમદાવાદ આવતા-જતા ત્યારે તે કાંઠે સ્નાન કરતા.

**શાહ આલમના રોજા પાસે વડ :** આ વડ નીચે શ્રીહરિ ઘણી વખત સભા કરી બિરાજતા. હાલમાં તે વડ પડી ગયો છે. શહેરના હિસાબે ત્યાં કોઈ નિશાન થઈ શક્યું નથી. પરંતુ તે જગ્યા પ્રસાદીની છે.

**હરગોવિંદ શેઠનું ઘર :** આ ઘર શાહપુરમાં આવેલું છે. તેઓ સારા હરિભક્ત હતા. શ્રીહરિને ઘણી વખત પોતાના ઘેર પધરાવી જમાડતા અને પૂજા કરી રાજી કરતા. તે ઘરનું સરનામું મળતું નથી.

**દરિયાપુર દરવાજો :** આ દરવાજો શહેરથી ઉત્તર તરફ આવેલો છે. શ્રીહરિ તે દરવાજેથી ઘણી વખત નારાયણઘાટે પધારતા તથા દરિયાપુરમાં રહેતા સત્સંગીઓના ઘેર પણ પધારતા.

**દિલ્હી દરવાજો :** આ દરવાજો પણ શહેરથી ઉત્તર દિશામાં આવેલો છે. શ્રીહરિ નારાયણઘાટે તથા અન્ય સ્થળોએ જવા-આવવા માટે આ દરવાજાનો ઉપયોગ કરતા.

**મોહનલાલ શેઠનું ઘર :** આ ઘર ઘીકાંટા-પંચભાઈની પોળમાં રસ્તા ઉપર આવેલું છે. મોહનલાલ શેઠ વૈષ્ણવ ધર્મ પાળતા હતા. પણ સત્સંગીઓના સમાગમથી સત્સંગનો સારો રંગ લાગ્યો હતો. તેમને ત્યાં દીકરાના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા શ્રીહરિને ખૂબ ભાવથી લગ્નમંડપમાં પોતાને ઘેર પધરાવી પૂજા-આરતી કરી હતી.

**અંબારામ વૈદ્યનું ઘર :** આ વૈદ્ય સારા સત્સંગી હતા. તેમનું ખરું નામ અમીચંદદાસ પટેલ. શ્રીજીમહારાજને તેઓ ઘણી વખત પોતાના ઘેર પધરાવી પૂજા કરતા. એક વખત શ્રીહરિ તેમના ઘેર રાત રોકાયા હતા. આ ઘર દરિયાપુરમાં રૂપાપરીમાં કડિયાવાળા ખાંચામાં આવેલું છે. તે ઘરમાં તેમના વંશજો રહે છે.

**દામોદર પટેલનું ઘર** : દામોદરભાઈ શ્રીજીમહારાજના છડીદાર હતા. તેમના વંશમાં પરંપરાથી સારો સત્સંગ જળવાઈ રહ્યો છે. શ્રીજીમહારાજ તેમને ઘેર ઘણી વખત પધરામણીએ તથા જમવા પધારેલા છે. આ મકાન દરિયાપુરમાં નાની સાલેપરીમાં આવેલું છે. તે જૂનું ઘર હજી મૂળ સ્થિતિમાં છે. તેમના ઘેર શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓ પણ છે.

**કુબેરસિંહ છડીદારનું ઘર** : કુબેરસિંહ છડીદાર સારા સત્સંગી હતા. તેઓએ મંદિરની જમીન લેવા બાબતમાં સારો ભાગ લીધો હતો. તેમણે શ્રીહરિને ઘણી વખત પોતાના ઘરે પધરાવી પૂજા કરી જમાડ્યા હતા. તેમના ભાઈ મોતીરામ પણ સત્સંગી હતા. તેથી તેમનું ઘર પ્રસાદીનું છે. દરિયાપુરમાં તે ઘર આવેલું છે. તેમના વંશજોનું પોળમાં મકાન છે.

**નરભેરામ શાસ્ત્રીનું ઘર** : નરભેરામ શાસ્ત્રી સરકારી શાસ્ત્રી હતા. રાજ્યમાં તેમનું માન સારું હતું. તેઓ અયાચિત વૃત્તિવાળા પવિત્ર બ્રાહ્મણ હતા. પછીથી શ્રીહરિનો સંબંધ થતાં તેઓ સારા સત્સંગી થયા હતા. શ્રીહરિની ઘણી વખત પોતાના ઘેર પધરામણી કરાવેલી.

**પ્રાણનાથ શુક્લનું ઘર** : આ શુક્લ રાજ્યમાં સારા પ્રતિષ્ઠિત શાસ્ત્રી હતા. રાજ્ય દરબારમાં તેમનો માનમરતબો સારો હતો. સૂબા પણ તેમને કાંઈ કહી શકતા નહિ. તેઓ પણ પ્રભુનો સમાગમ થતાં સારા સત્સંગી બન્યા હતા. સૂબાએ જ્યારે પ્રભુને ભદ્રના ટાંકામાં મારી નાંખવા પ્રયત્ન કરેલો ત્યારે શ્રીજીમહારાજ તે પ્રાણનાથ શુકલના ઘેર ઊતર્યા હતા અને એક રાત રોકાયા હતા.

**હઠીસીંગનાં દહેરાં** : આ જૈન દેરાસરો દિલ્હી દરવાજા બહાર નારાયણઘાટ જતાં રસ્તામાં જમણા હાથ ઉપર આવેલાં છે. આ દેરાસરો અમદાવાદના નગરશેઠ હિમાભાઈ હઠીસીંગે બંધાવ્યાં છે.



Final



તેથી હઠીસીંગનાં દહેરાં એવું નામ પડ્યું છે. આ દહેરાં શહેરનાં જોવાલાયક સ્થળોમાં ગણાય છે. હિમાભાઈ શેઠ એક વખત શ્રીહરિને આ દહેરાં જોવા લઈ ગયા હતા. પ્રભુ ત્યાં બધે ફર્યા હતા.

**દરિયાખાનનો ઘુમ્મટ** : આ ઘુમ્મટ બાદશાહી વખતનો છે. તેમાં દરિયાખાનની અથવા કોઈ બીજા બાદશાહની કબર હોય તેમ લાગે છે. નારાયણઘાટે જતાં રસ્તામાં ડાબા હાથ ઉપર પોલીસ હેડક્વાર્ટર્સની બાજુમાં આ ઘુમ્મટ આવેલો છે. જ્યારે આપણા નંદ સંતોને શહેરમાં ક્યાંય ઊતરવાનું સ્થળ નહોતું ત્યારે એક વખત મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટા સંતો આ ઘુમ્મટમાં થોડા દિવસ રોકાયા હતા અને હજારો ભૂતોનો મોક્ષ કર્યો હતો. શ્રીહરિ પણ તે ઘુમ્મટમાં એક વખત પધાર્યા હતા.

**મોતી શાહીબાગ મહેલ (પાદશાહ વાડી)** : આ મહેલ નારાયણઘાટ રેલ્વેપુલ પાસે સાબરમતીના કિનારે આવેલો છે. તે મહેલ ફરતો બગીચો ખૂબ શોભાયમાન છે. આ મહેલ શાહજહાં-બાદશાહે બંધાવેલો છે. તે રક્ષિત ઈમારત છે.

અંગ્રેજોના વખતમાં તેમાં અંગ્રેજ કલેકટર તથા કમિશ્નર રહેતા. પેશ્વાના વખતમાં ચીમનરાવજીના આમંત્રણથી શ્રીહરિ તે મહેલમાં એક વખત પધાર્યા હતા. પછીથી અંગ્રેજ ડનલોપ તથા એરણ સાહેબના આમંત્રણથી શ્રીહરિ તે મહેલમાં ઘણી વખત પધારેલા છે. આ મહેલની પાછળ નદીમાં ઘાટ બાંધેલો છે. શ્રીહરિએ તે ઘાટે સ્નાન કરેલું છે.

**અંધારી વાડી** : આ વાડી મોતીશાહી મહેલ અને નારાયણઘાટની વચમાં નદીના કિનારા પાસે હતી. શ્રીજીમહારાજ જ્યારે ત્રણચાર દિવસ આનંદાનંદ સ્વામીની સાથે છાના રહ્યા હતા ત્યારે તે વાડીમાં રહ્યા હતા. આ વાડીમાં પ્રભુ બધે ફરેલા તેથી તે વાડી પ્રસાદીની છે. પણ હાલમાં શહેર ચારે તરફ વધતું જતું હોવાથી તે વાડીમાં

બંગલાઓ થઈ ગયા છે. પરંતુ પ્રસાદીની તે જગ્યા મોજૂદ છે.

**રેલ્વેપુલની નીચે મહાદેવજી** : આ મહાદેવજીનું નાનું મંદિર નારાયણઘાટ અને શાહી મહેલની વચમાં સાબરમતી ઉપર રેલ્વેનો પુલ છે તેની નીચે આવેલું છે. તે નાનું હોવાથી દેખવામાં આવતું નથી. શ્રીજીમહારાજ જ્યારે ત્રણ-ચાર દિવસ અંધારી-વાડી નારાયણઘાટમાં ગુપ્ત રહેલા ત્યારે આ શિવાલયમાં એકાંતમાં બેસવા જતા.

**દૂધેશ્વરનો આરો** : સાબરમતીને આ આરે સત્યયુગમાં દધીચિ નામના ઋષિએ ત્યાં પોતાનો આશ્રમ બાંધી ઘણાં વર્ષો પર્યંત તપશ્ચર્યા કરેલી છે. તેથી તે પ્રાચીન તીર્થ ગણાય છે. આજથી સો-બસો વર્ષ પહેલાં ત્યાં જંગલ જેવું હતું. શ્રીજીમહારાજ ત્યાં કેટલીક વખત જઈ સ્નાન કરી દૂધેશ્વર મહાદેવનાં દર્શન કરતા.

**ભીમનાથ મહાદેવ** : ભીમનાથ મહાદેવજી અન્ડર બ્રિજથી એરપોર્ટ તરફ જતા માર્ગમાં ડાબી બાજુ આવે. જ્યાં ગાયત્રી શક્તિ-પીઠ આવેલી છે. એની બાજુમાં ભીમનાથ છે. મરાઠાના સમયમાં બંધાયેલું આ મંદિર તથા ઘાટ બન્ને પ્રસાદીનાં છે. ત્યાં શ્રીહરિએ દર્શન કર્યાં છે અને ઘાટ ઉપર સ્નાન કર્યું છે.

**મોટેરા ગામ** : આ ગામ સાબરમતી નદીના કિનારે આવેલું જૂનું ગામ છે. તે આખું ગામ સત્સંગી છે. શ્રીજીમહારાજ ત્યાં ઘણી વખત પધારતા. હાલમાં ત્યાં જે હરિમંદિર છે તે શ્રીહરિના વખતમાં હરિભક્તોએ બંધાવેલું છે. શ્રીજીમહારાજ તે મંદિરમાં ઊતરતા અને લીમડા નીચે સભા કરી બિરાજતા. મંદિર તથા સત્સંગીઓનાં નિવાસો પ્રસાદીનાં છે.

**મોટેરા ગામના કોટેશ્વર મહાદેવ** : આ મહાદેવજીનું શિવાલય મોટેરા ગામની ભાગોળે સાબરમતી નદીના કિનારે આવેલું છે. ત્યાં નદીમાં ઘાટ બાંધેલો છે. શ્રીજીમહારાજ જ્યારે મોટેરા ગામ પધારતા



Final



ત્યારે તે ઘાટે સ્નાન કરતા. મહાદેવજીનાં દર્શન કરી તે શિવાલયમાં તથા ઘાટે બિરાજતા.

**કાલુપુર દરવાજો** : આ દરવાજેથી શ્રીજીમહારાજ સરસપુર તથા વેલાળ વગેરે ગામોમાં પધારતા. તેથી તે દરવાજો પ્રસાદીનો છે.

**કાલુપુર રેલ્વે સ્ટેશનમાં મહાદેવજી** : આ મહાદેવજીનું શિવાલય સરસપુર જવાના પુલ ઉપરથી જતાં જમણી તરફ ઊતરીએ એટલે નજીકમાં જ છે. તથા કાલુપુર દરવાજેથી સીધા આગળ જતાં રેલવે કંપાઉંડમાં જતાં રેલવેના દવાખાના પાસેથી આગળ જતાં નજીકમાં રેલવે યાર્ડમાં આવેલું છે. તે ભોંયરામાં છે. એટલે ત્યાં રેલ્વેના ગમે તે માણસને પૂછવાથી બતાવે છે. ત્યાંથી શ્રીજીમહારાજ આગળ ગામડાંઓમાં જતા ત્યારે રસ્તામાં તે શિવાલય આવતું તેથી શ્રીહરિ તેમાં દર્શન કરવા પધારતા તેથી તે મહાદેવજી પ્રસાદીના છે.

**ઉત્તમરામ કેશવરામ શાસ્ત્રીનું ઘર** : આ ઘર પણ શ્રીહરિ ઘણી વખત પધારેલા હોઈ પ્રસાદીનું છે.

**વ્રજલાલ ઘાંચીનું ઘર** : આ ઘર કાલુપુર દરવાજે જતાં રસ્તામાં આવેલું છે. તેમાં તેમના વંશજો રહે છે. તેમના કુટુંબના બીજા પાંચ-છ ઘર પણ પ્રસાદીનાં છે. શ્રીજીમહારાજ તેમને ત્યાં ઘણી વખત પધારેલા છે.

**પખાલીની પોળના નાકે હનુમાનજીનું મંદિર** : આ મંદિરમાં શ્રીજીમહારાજ ઘણી વખત પધારેલા છે. તેથી તે હનુમાનજી પ્રસાદીના છે.

- **નિત્યાનંદ સ્વામીને આપેલ પ્રસાદીનો હાર કોઈ લઈ ગયું**

શ્રીહરિ હંમેશાં સાંજ-સવાર મોટી પાટ ઉપર સંત હરિભક્તોને દર્શન આપવા સભામાં બેસતા ઉપદેશની વાતો કરતા, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે ગવૈયા સંતો હંમેશા

વાજિંત્રો વગાડીને હોળીનાં પદો બોલીને ઉત્સવ કરતા. હરિભક્તો ગુલાલ લાવતા તેને શ્રીહરિ ઉડાડતા. સંધ્યા આરતી પછી રોજ ઉત્સવીયા હરિભક્તો શ્રીનરનારાયણદેવ આગળ ખૂબ પ્રેમથી ઉત્સવ કરતા. શ્રીહરિ તે જોઈને તેમના ઉપર રાજી થઈ પ્રસાદીના હારો પહેરાવતા અને ઘટે તેનાં વખાણ પણ કરતાં. હુતાશનીના દિવસે હરિભક્તોએ મળીને શ્રીહરિની પૂજા કરી શ્રીફળો, ખૂજર, ખારેકો, સાકરના હારડા, પેંડા, બરફી. જારની ધાણી, પતાસાં, શેકેલા ચણા, વગેરેના થાળો ભરીને શ્રીહરિ આગળ મૂક્યા. પછી ગુલાબના ખૂંપ તથા હારો શ્રીજીને પહેરાવ્યાં. શ્રીહરિએ એક પહોર સુધી તે ધારણ કર્યા. પછી નિત્યાનંદ સ્વામીને તે આપ્યા. તેમણે પ્રસાદી તરીકે રાખી મુકવા ઊતારા ઉપર જઈને મૂક્યા. પરંતુ તે માહાત્મ્ય જાણીને પૂછ્યા વિના તે કોઈ લઈ ગયું. પછી ઘણી તપાસ કરી પણ કોઈ લઈ ગયું. તે જાણવામાં ન આવ્યું. પછી શ્રીહરિએ પોતાની પાસે આવેલ મીઠાઈ તથા ખારેકો પ્રસાદીમાં વહેંચી દેવરાવ્યાં.

● **એક સંતને ચાર ઘેબર કેમ આપ્યા ?**

ધૂળેટીના દિવસે વડોદરાના નાથ ભક્તે ઘેબરની રસોઈ કરાવી હતી. શ્રીહરિ પ્રથમ જમ્યા. પછી શ્રીજીએ સંતોની પંક્તિમાં એક ઘેબરના ચાર ચાર કકડા કરીને ચાર, પાંચ વાર ખૂબ પીરસ્યું. કપીલેશ્વરાનંદ સ્વામીને ચારેય ભાગ આગ્રહ કરીને એક વખતે આપ્યા અને આધારાનંદ સ્વામી માટે પણ તેમને ઘેબરના ચારેય ભાગ આપ્યા. એમ પંક્તિમાં ફરતા ફરતા નિષ્કુળાનંદ મુનિપાસે આવ્યા અને આધારાનંદ મુનિ માટે ફરી ઘેબર તેમને આપ્યા ત્યારે કોઈક મુનિ બોલ્યા જે તેમને બીજી વખત કેમ પીરસ્યું ? ત્યારે શ્રીહરિ બોલ્યા : તમે બધાય કેટલાય દિવસથી રસોઈ જમો છો, અમે જાણીને બંનેને આપ્યા છે. તેમાં આશંકા કેમ કરો છો ? આધારાનંદ સ્વામીને અમે કામ અર્થે વડોદરા મોકલ્યા છે. અમારા વચનમાં રહીને ગયા



Final



છે. તેમને માટે અમે સંભારીને જે આપ્યું તેમાં શું થયું ? પછી તે મુનિ બોલતા બંધ થઈ ગયા.

● **સત્સંગ વિચરણમાં શ્રીહરિએ કરેલી આજ્ઞા ને આનંદ સ્વામીને મોટેરા કર્યા**

શ્રીહરિ, સંતો, પાર્ષદો, રાજાઓ તથા હથિયાર બંધીના મોટા સંઘ સાથે નાગડકાથી ચાલ્યા તે ભેંસજાળ, બદલાણા, લીંબડી થઈ ખારવા ગામ આવ્યા. તે સમયે તે ગામના બધા જ હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યાં. ત્યાંના એક વિપ્ર ઘણાજ ભારે પ્રેમી ભક્ત હતા. તેઓ સ્વધર્મમાં નિષ્ઠાવાન અને શુધ્ધ વિચારવાળા હતા. તપસ્વી, વૈરાગ્યવાન અને ધર્મમાં ધીર હતા. તેઓ ગંભીર અને નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. પ્રગટ શ્રીહરિની ભક્તિ કરતા તથા જ્ઞાની હતા. તેમાં અનેક શુભ ગુણો હતા. માનો પૂર્વના ચ્યવનઋષિ ફરી અવતાર ધરીને આવ્યા હશે કે શું ? તેમનાં અત્યંત ઉગ્ર તપને જોઈને મોટા રાજાઓ પણ તેમનાથી ડરને લીધે ધ્રૂજતા હતા. તેઓ પોતાના મુખથી જેને જેવું હોય તેવું કહી દેતા તેને તેવું તરત જ ફળી ભૂત થાતું હતું.

તે સિવાય ખારવામાં એક રૂપાભાઈ નામે હરિભક્ત હતા. તેઓ ઘણા શૂરવીર ભક્ત અને ખેતીનું કામ કરતા હતા. તેઓ વૈશ્ય જાતિના પટેલ હતા. તેમણે કેટલાક લોકોને હરિભક્ત કર્યા હતાં. તેઓ ગામના ભક્તોને સાથે લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. અત્યંત ઉલ્લાસથી દંડવત્ પ્રણામ કર્યા. શરીરે રોમાંચિત થઈ ગયાં. સહુ સંતોના ચરણમાં પડ્યા અને હૃદયમાં ઘણોજ ઉત્સાહ વધ્યો. અનેક પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યાં. શ્રીહરિ ગામને દરવાજે પધાર્યા. ગામના ઉત્તર દરવાજાની અદ્ભૂત શોભા અવર્ણનીય હતી. દરવાજાની આગળ એક તળાવ હતું. તેથી પૂર્વ તરફના ભાગમાં સ્વચ્છ જગ્યા હતી. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. દરબારોએ પોતપોતાની ચંદનીઓ ઊભી કરાવી દીધી. તેની વચ્ચેના

ભાગમાં શ્રીહરિની ચંદની ખડી કરાવી, જેની શોભા સહુથી વિશેષ હતી. તે ચંદની ઘણા થાંભલાવાળી હતી.

શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતર્યા. શરીર ઉપર અનંત વસ્ત્ર અને આભૂષણો પહેર્યા હતા. સ્વયં ચંદનીના મધ્ય ભાગમાં આવીને બેઠા. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર "જય જય ધર્મકુંવર", "જય જય ધર્મધુરંધર" આવા શબ્દો બોલીને જય જયકાર કરતો હતો. રાજપુત્ર ક્ષત્રિય દરબારો તો પોતાને જરૂર પૂરતું ઘાસ અને જોગાણ લાવ્યા હતા. પણ શ્રીહરિની સાથેના જે કાઠી દરબારો હતા, તેમના ઘોડાઓ અને બળદોને માટે ગામના જે બધા હરિભકતો હતા, તેઓ ઘાસ અને જોગાણ લઈ આવ્યા. ખારવા ગામના હરિભક્તો ખીચડી બનાવવા માટેના ચોખા અને મગની દાળ લઈ આવ્યા. તે આનંદાનંદ સ્વામીની આગળ મૂક્યા. સીધા સામાનમાં પણ ઘટતી કેટલીક વસ્તુઓ મંગાવવી પડી. "સંઘમાં જેટલા મનુષ્યો હતા. તેમાંથી કોઈને કાંઈ વસ્તુની જરૂર હોય અને મંગાવવી હોય તો તેણે આનંદાનંદ સ્વામીને કહેવું પણ સીધું કોઈ ગૃહસ્થને કહેવું નહિ." શ્રીહરિએ આવી આજ્ઞા કરી રાખી હતી કે જેનાથી કોઈને કાંઈ દુઃખ ન થાય. જો હરેક માણસ કોઈને કોઈ માણસ પાસે મગાવ્યા જ કરે તો તેનાથી પરસ્પર બધા જ દુઃખિયા થઈ જાય. કોઈને કોઈ વસ્તુ મળે, કોઈને ન મળે. એટલે શ્રીહરિએ પોતાના મનમાં વિચાર કરીને બધા જ સંઘમાં એક 'સાદ' પડાવીને જણાવી દીધું કે આનંદાનંદ સ્વામીને આખા સંઘમાં મુખી-મોટેરા કર્યા છે.

સંતોને કે હરિભક્તોને કોઈપણ વસ્તુની જરૂરત પડે તો તેમણે તરત આનંદાનંદ સ્વામી પાસે માગવું. કોઈ વાર માગેલી વસ્તુ મળે કે ન મળે, તેનાથી મનમાં કાંઈ ખાટું (દુઃખ) કરવું નહિ. સંભવ છે ક્યારેક કોઈને પોતાના ઘરમાં પણ ધારી વસ્તુ તુરંત મળથી નથી. આવો વિચાર રાખવો. વગર વિચારે જો કોઈનો અવગુણ લેવામાં



Final



આવે તો મોક્ષનો અંકુર નાશ પામી જાય છે. મનનો સ્વભાવ તો બાળકના જેવો છે. તે ઘડીયે ઘડીયે તેનો રંગ બદલાઈ જાય છે અને તેને લીધે સત્સંગરૂપ ચિંતામણીને કે ઠેકાણે-કથોલે ફેંદી દે છે. નાનું બાળક બોર જેવી ચીજ માટે કોઈ અમૂલ્ય વસ્તુને પણ તુરંત ફેકી દેતા વિચાર કરતું નથી. શ્રીહરિએ આટલી વાત કહીને સહુને ચેતવી દીધાં. તેમની વાતમાં સહુનું હિત રહેલું હોય છે. તે સાંભળીને બધા રાજી થયા. પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને કહ્યું કે, કોઈ પણ બાબતમાં તમને કાંઈ નિર્ણય કરવાનું સુઝે તો મને પૂછજો. પછી શ્રીહરિ આનંદાનંદ સ્વામીના ઉપર ખૂબજ રાજી થયા અને તે રાજીપાના નિમિત્તે ફૂલનો હાર પહેરાવ્યો અને એક ચાદર ઓઢાડી અને તેમની છાતીમાં સોળ ચિન્હે સહિત પોતાના ચરણ કમળ ચાંપ્યા અને કહ્યું કે તમારે મેં કહી તે સેવારૂપી ભક્તિ કરવાની છે. તેનાથી તમારું અંતઃકરણ શુધ્ધ થઈ જશે.

## ● શ્રીહરિએ જૈનના પૂજ્યને સમાધિ કરાવી

એકવાર શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા ને હાલમાં સભા મંડપ છે તે ઠેકાણે એક નાની બે ખંડની ધર્મશાળા હતી ત્યાં સભા કરીને બેઠા હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત હરિજનોની સભા થઈ હતી તે વખતે મંદિર આગળ થઈને પાંચ પૂજ્ય નિકળ્યા. તેઓ સભા સામું જોઈને બોલ્યા કે "ઓલ્યા ઢોલિયા ઉપર બેઠા તે મહા જાદુગારા છે" તેવામાં મહારાજે તેમના એક પૂજ્ય સામી દૃષ્ટિ કરી તેથી તુરત તેને સમાધિ થઈ ગઈ ને તે ભુસ દઈને નીચે પડ્યો ને તેનાં ઝોળી ઝંડો છેટે જઈ પડ્યાં તે જોઈને બીજા પૂજ્ય તો ભાગી ગયા ને ખડકી બહાર જઈને ઉભા રહ્યા ને ઓલ્યો સમાધિમાં પડ્યો હતો તેને જગાડવા પણ ગયા નહિ કારણ કે તેમણે જાણ્યું કે "જગાડવા જાશું તો આપણને પણ ક્યાંક જાદુ કરી મેલશે" તેમ જાણીને તેઓ બહાર ઉભા રહ્યા તેવામાં ત્યાંથી એક શ્રાવક

વાણિયો નિકળ્યો તેને તે પૂજ્યોએ કહ્યું "સ્વામિનારાયણે જાદુ કર્યું છે તેથી ત્યાં એક પૂજ્ય પડ્યો છે તેને જગાડી જુઓને અને જો ન જાગે તો સ્વામિનારાયણની પ્રાર્થના કરશો એટલે તે જગાડી દેશે પણ જગાડીને જ આવજો" પછી તે વાણિયો ત્યાં જઈને જગાડવા લાગ્યો ને બહુ હેરવી ફેરવીને જોયું પણ જાગ્યો નહિ પછી તેણે મહારાજ પાસે જઈને સ્તુતિ કરીને કહ્યું કે "હે સ્વામિનારાયણ ! તમે અમારા પૂજ્યને જાદુ કર્યું છે તેથી તે પડી ગયો છે ને બીજા પૂજ્ય તેની વાટ જોઈને બહાર ઉભા છે માટે તમે દયા કરીને તેને જગાડો" ત્યારે મહારાજ કહે "તેતો માવદે ક્ષેત્રમાં ગયેલ છે ને ત્યાં તે ચોવીશ તિર્થંકરોના દર્શન કરે છે" ત્યારે તે વાણિયો બોલ્યો કે 'મહારાજ એ ઠીક પણ હવે દયા કરીને એને જગાડો" ત્યારે મહારાજે તે સામી દૃષ્ટિ કરી કે તેજ ઘડીએ પૂજ્ય જાગૃત થયો ને પોતાનાં ઝોળી ઝંડો લઈને તુરત બીજા પૂજ્ય ઉભા હતા તેની પાસે ભાગી ગયો પછી તે પૂજ્યોએ તથા વાણીયે તેને પૂછ્યું કે "તમે ક્યાં ગયા હતા ?" ત્યારે તે કહે "હું તો માવદે ક્ષેત્રમાં ગયો હતો ને ત્યાં આપણા ચોવીશે તિર્થંકરનાં દર્શન કરતો હતો પછી તે બોલ્યો કે "હવે આપણે આ ખડકીયે ક્યારેય નિકળવું નહિ કારણ કે સ્વામિનારાયણ મહા જાદુગરા છે ને તેણે હજારો માણસને વશ કરી લીધા છે" એ કહેતા થકા ત્યાંથી ચાલતા થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૫૪)*



Final



## આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો મહિમા, ઐશ્વર્ય તથા જીવનદર્શન

### ● શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની સ્તુતિ

રાગ : ભુજંગપ્રયાતવૃત

કૃપાસિંધુએ મસ્તકે હાથ થાપ્યો, દયા આણિને ઉત્તરાખંડ આપ્યો ।
ઉરે એહના સદ્ગુણો આણિ યાદ, નમું પ્રેમથી શ્રી અયોધ્યાપ્રસાદ ॥૨૬॥
રચ્યું મુળીમાં ધામ ઉદ્દામ જેણે, તથા શ્રી છપૈયે કર્યું ધામ તેણે ।
દઈ બોધ સૌનો મટાડયો વિષાદ, નમું પ્રેમથી શ્રી અયોધ્યાપ્રસાદ ॥ ૨૭॥

*શ્રી હરિલીલામૃત કળશ ૧ વિશ્રામ ૧*

પરમ પવિત્ર એવી પુરાણો પ્રસિધ્ધ ભૂમિ એટલે ઉત્તર પ્રદેશની ભૂમિ જ્યાં આદિયુગથી શ્રી રામચંદ્રજી ભગવાન, શ્રી કૃષ્ણભગવાન વગેરે અવતારો તથા ઋષિમુનિયો તથા સદ્ગુરુ શ્રી રામાનંદ સ્વામી વગેરેનું પ્રાગટય થયું છે. એવી પુનિત ભૂમિમાં પરમ કૃપાળુ, સર્વાવતારી સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પણ પ્રાગટ્ય થયું. શ્રીહરિએ અગિયાર વર્ષ સુધી બાળ લીલા કરી, માત-પિતાને દિવ્યગતિ આપી. વિ.સં. ૧૮૪૯ના અષાઢ સુદી દશમના દિવસે વન વિચરણની વાટ લીધી. સાત વર્ષ સુધી ભારતની ભૂમિમાં તથા નેપાલ વગેરેની ભૂમિને પોતાના પદરજથી પાવન કરી અને અનેક મુમુક્ષુઆને દર્શનદાન તથા તપસ્વીઓના તપની પૂર્ણાહુતિ કરાવીને ભારતના પશ્ચિમના સીમાડે સાગરકાંઠે આવેલા લોજ ગામે પધાર્યા.

પીપલાણામાં રામાનંદ સ્વામીનો મેળાપ થયો ને તેમના થકી વિ.સં.૧૮૫૭ના કારતક સુદ એકાદશીના રોજ દિક્ષા ગ્રહણ કરીને નારાયણ મુનિ તથા સહજાનંદ સ્વામી નામોનિધાન થયા. ત્યારબાદ એક વર્ષ રામાનંદ સ્વામી સાથે સોરઠ પ્રદેશમાં વિચરણ કર્યું.

વિ.સં.૧૮૫૮ના કારતક સુદ એકાદશીના રોજ જેતપુર મુકામે ઉનડ રાજાના દરબારમાં સદ્. રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા શ્રીહરિને સોંપીને ફરેણી મુકામે પોતે સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો.

● **સત્સંગવૃધ્ધિ માટે વિચરણ**

શ્રીહરિએ સત્સંગના ઉત્કર્ષ માટે ગામે ગામ વિચરણ શરૂ કર્યું. સમાધિ દ્વારા પોતાનું સર્વોપરીપણું જણાવ્યું. અનેક મુમુક્ષુઓને પરમહંસ દીક્ષા આપીને તેમને ગામો ગામ સત્સંગ વૃધ્ધિ માટે મોકલ્યા તથા સમૈયાઓ કર્યા, ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડ્યા, યજ્ઞો કર્યા, મંદિરો કર્યા. ત્યાર બાદ વિ.સં. ૧૮૭૯માં લોયા મુકામે શાકોત્સવ પ્રસંગે શ્રી રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈનું આગમન થયું પછી થોડા માસ રાખીને શ્રીહરિએ તેમને પહેરામણી કરીને વિદાય કર્યા.

● **પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું પ્રાગટ્ય**

મહાપ્રસાદીમય એવી છપૈયાની ભૂમિમાં, પવિત્ર ધર્મકુળમાં શ્રી રામપ્રતાપજી તથા સુવાસિનીબા થકી વિ.સં.૧૮૬૫ના જેઠ સુદી એકાદશીના દિવસે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું પ્રાગટ્ય થયું હતું.

● **અમદાવાદમાં ભાઈ રામદાસજીને ધર્મકુળનું સ્વપ્ન આવ્યું**

સદ્ગુરુ રામદાસજી સ્વામીને દેખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. તેમને બાથમાં ભીડીને મળ્યા અને પછી મસ્તક નમાવીને પગે લાગ્યા. પછી શ્રીહરિએ તેમનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યા. પછી ઘણા જ હેતથી તેમને બધા સમાચાર પૂછ્યા. શ્રીહરિએ કહ્યું, તમે જે મારા ઉપર પત્ર લખ્યો હતો, તે જેતપુરમાં મને મલ્યો હતો. તે પછી શું થયું, તે વાત મને સંક્ષેપમાં કહો. આ બધા સત્સંગીઓ પોતાના નિયમને અને ધર્મને હવે બરાબર પાળી શકે છે ને ? ત્યારે રામદાસજી સ્વામી બોલ્યા. બધા સત્સંગીઓ તો સંતોના જેવા





Final

નિયમધર્મ પાળે છે. તે તત્કાળ ઉતારી નાખ્યા અને રામદાસભાઈને પહેરાવ્યા પછી દયાળુ શ્રીહરિએ જે હરિભક્તો સાથે આવ્યા હતા. તેમને એકેક ફૂલહાર પ્રસાદીનો આપ્યો.

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મુકુંદ વર્ણી બોલાવવા આવ્યા. શ્રીહરિ તરત જ ઉઠ્યા. એક પીતાંબર પહેરી લીધું. બીજું એક પીતાંબર ઓઢી લીધું. ચતુર શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. સ્વામી રામદાસજીને સાથે લીધા. શ્રીહરિ અતિશય ઉત્સાહથી ચાલ્યા. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. જળથી ચરણકમળ ધોયા. બે બાજોઠ ઉપર સ્વામી અને પોતે, બંને બેઠા. ત્યારે વર્ણી ભોજનના થાળ લાવ્યા. દૂધપાક અને પૂરી બનાવ્યા હતા. તેના બે થાળ ભરાવ્યા, બંને શ્રીહરિની સન્મુખ લાવ્યા. ત્યારે સુખદાયક શ્યામ સુંદર શ્રીહરિ બોલ્યા. આમાંથી એક થાળ રામદાસજી સ્વામીને આપો.

ત્યારે રામદાસજી સ્વામી બોલ્યા, આજ મને લાગ મળ્યો છે. આપણે બહુ દિવસે ભેળા થયા છીએ, આપ જમીને પ્રસાદરૂપ થાળ મને આપો. ગુરુ રામાનંદ સ્વામી રોજ પ્રસાદ આપતા હતા. હે હરિ, આપનો પ્રસાદ લેવા માટે જ હું અત્યારે આપની સાથે આવ્યો છું. હે નાથ ! હું હાથ જોડીને કહું છું કે આપ કૃપા કરીને જમો અને તે પછી મને પ્રસાદી આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે વૃધ્ધ છો. અને હું તમારી આગળ બાળક ગણાઉં. દુનિયામાં આ ઘટિત ન કહેવાય. આ રીવાજ તો અઘટિત ગણાય.

ત્યારે સ્વામી રામદાસજી હેતથી બોલ્યા, ગુરુ રામાનંદ સ્વામી પણ આપનો પ્રસાદ ચાહતા હતા. હું તે જાણું છું. તેમને મને ઘણીવાર કહ્યું પણ હતું. વારે વારે મને કહ્યું હતું પણ તે સમયે મને સમજાયું નહિ. પણ સ્વામીની વાત આજે સમજાણી છે. અને તેઓ જે કહેતાહ તા તે બધું હવે મળતું આવે છે. 'અમે ધર્મદેવ અને ભક્તિના

પરિવારને સત્સંગમાં દેખીએ છીએ.'' આવું રામાનંદ સ્વામી બોલ્યા છે. તેને અંતર્યામી તેઓ સત્ય કરશે.

હું હમણાં શ્રીનગર (અમદાવાદ)માં એક રાતે સૂતો હતો, ત્યારે મને સ્વપ્ન આવ્યું. ''માનો ચરોતર પ્રદેશનું કોઈ એક ગામ હતું અને ત્યાં ખૂબ જ ધામધૂમથી સમૈયો ઉજવાઈ રહ્યો હતો. ત્યાં અનંત હરિભક્તો આવ્યા હતા. તે સમૈયાનો ઉદ્‌ઘોષ સાંભળીને આપના બંને ભાઈ પોતાના કુટુંબ સાથે ત્યાં આવ્યા અને તેમણે થાળ બનાવીને આપને જમાડ્યા. માનો તે પ્રસાદ મને આપ્યો છે મેં અને મુક્તાનંદ સ્વામીએ, બે વચ્ચે તે વહેંચી લીધો.'' તે પછીનું કોણે દેખ્યું છે. તે ભગવાન જાણે ! પછી શ્રીહરિએ જમીને સ્વામી રામદાસજીને પ્રસાદી આપી. તેનાથી વિચક્ષણ તે સ્વામી ઘણા ખુશી થયા. ઘણા ઉલ્લાસથી તે પ્રસાદીને જમ્યા અને ઘણા સમયનું વિયોગનું દુઃખ બધું ટળી ગયું. શ્રીહરિ જમી રહ્યા. તત્કાળ બંને હાથ ધોયા. પછી તરત મુખવાસ લીધો. જેની સુંદર સુવાસ આવતી હતી.

પછી શ્રીહરિએ તે સ્વપ્નની વાતને સંભળાવવા માટે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને મયારામ ભટ્ટ, એ ત્રણને બોલાવ્યા. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જે વાત રામદાસ સ્વામીને સ્વપ્નામાં કહી હતી તે વાતને રામદાસ સ્વામીના મુખથી જ સહુને પ્રેમથી સંભળાવી. તે સિવાયની બીજી વાત રામાનંદ સ્વામીએ જે કહી હતી તે બધી દેખેલી અને સાંભળેલી હતી તે રામદાસજીએ કહી.

તે સાંભળીને સહુએ શ્રીહરિ આગળ પ્રેમથી કહ્યું, ગુરુ રામાનંદ સ્વામીએ મનમાં જે ધાર્યું હશે તે થાશે. હવે આપને સ્વામી તરફથી તો કાંઈ બાધ નથી રહ્યો. સ્વયં તો નિર્બાધ છો. કારણ કે આપને અહંત્વ કે મમત્વ નથી. તો હવે, આપ અમને નિર્બાધ કરો. લોકોપવાદથી મુક્ત કરો. જેમાં સત્સંગનું હિત રહ્યું હોય તેમ આપ વિશુધ્ધ રીતે કામ કરી રહ્યા છો. બીજું અમારા એવા સદ્‌ભાગ્ય



Final



ક્યાંથી હોય કે આપના કુટુંબના દર્શન અમને થાય ! આપનું કુટુંબ ઠેઠ ક્યાં રહ્યું છે ? બહુ દૂર રહ્યું છે. અમારા મનમાં તો તેમા પ્રત્યે ખૂબ જ ભાવ છે. હવે તો જ્યારે અમારા સદ્‌ભાગ્ય ઉદય થાશે ત્યારે ભાઈ (રામદાસ સ્વામી)નું સ્વપ્ન સફળ થાશે. જ્યારે ધર્મકુળ અહીંયા આવશે ત્યારે બધા સત્સંગને શાંતિ થાશે. આપ મળ્યા તેનાથી સહુને ઘણીજ શાંતિ થઈ ચે અને સૌ અક્ષરધામના અધિકારી થાય છે. હે હરે ! કાળ, માયા અને ઘોર પાપમય કર્મ એ બધાના બંધનથી આપે સહુને છોડાવીને દીધા છે. ધર્મકુળ છે તે સત્સંગનું ભૂષણ છે. તે ભૂષણ આપે સત્સંગીયોને પહેરાવી દીધું છે.

ત્યારે શ્રીહરિએ સહુને હેત કરીને કહ્યું, અમારા મનમાં અત્યારે તો ધર્મકુળનો કોઈ ઘાટ સંકલ્પ નથી, હા, તમારો સહુનો ઘાટ સંકલ્પ પૂર્ણ કરવા ધર્મકુળ કોઈક દિવસે તો જરૂર આવશે. હરિભક્તો મનમાં જે ધારે છે સંકલ્પ કરે છે. તે બધા આ વખતે પૂરા થાય છે. રામાનંદ સ્વામી ઘણા જ બળવાન છે અને તેઓ સત્સંગનું સન્માન કરે છે. અમે સત્સંગમાં આવ્યા એટલે ધર્મકુળ આવેલું જ છે. જે આવ્યું છે તે તમને દેખાતું નથી. તમારો આ સંકલ્પ દેખીને મૂર્તિમાન તે ધર્મકુળ આવશે. હું દુર્લભમાં અત્યંત દુર્લભ છું. તે તમારા સૌના માટે આવ્યો છું. મારા જેવું કોઈ દુર્લભ નથી કે જે સત્સંગમાં આવશે.

શ્રીહરિનું ઉપર કહ્યું તેવું શુભ અને વરદાનરૂપ વચન સાંભળીને સહુ સંતો અને હરિભક્તો મનમાં અત્યંત રાજી થયા અને સહુએ જય જયકારનો ધ્વનિ કર્યો. જમવા માટે બધા સંતોની પંગત થઈ. ભોજનથી ભરેલા થાળ વિપ્રો લાવ્યા. શ્રીહરિને પીરસવા લાગ્યા. છાતી ઉપર ફૂલોના હાર પહેર્યા હતા. મસ્તક ઉપર તોરા વાળી ટોપી પહેરી હતી. બાજુબંધ બાંધ્યા હતા. છાતી ઉપર જે હાર પહેર્યા હતા તેનો તો કોઈ પાર જ ન હતો. લલાટમાં કેસરી ચંદન ચિત્રવિચિત્ર રીતે ચરચ્યું હતું ને લલાટની વચ્ચે સુશોભિત લાલ કુકુંમનો વિશાળ

ચાંદલો કર્યો હતો. જે દરબારો શ્રીહરિની સાથે હતા તેમને બધાને પણ શ્રીહરિ પીરસતા હતા. અતિ ઉમંગથી તે તે પીરસવાની વસ્તુઓના નામ પણ બોલતા જતા હતા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા અને એવું બોલ્યા કે આજ અહીંથી (મછિયાવથી) જરૂર નીકળી જવું છે. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૪, તરંગ-૯૩)*

- **ધર્મકુળનું આગમન**

વિ.સં.૧૮૮૧ની સાલમાં બામણગામ થઈ શ્રીહરિના બંને ભાઈ તથા થોડો પરિવાર બોચાસણ આવ્યા. રામપ્રતાપની સાથે તેમનાં પત્ની સુવાસિની તથા મોટા પુત્ર નંદરામ તથા વિસરામ મામાના પુત્ર મંછારામ હતા. ઈચ્છારામનાં પત્ની વરીયાળી તથા મોટા પુત્ર ગોપાળ, સીતારામ તથા બદરિનાથ તેમના મામા સુફળ હતા. ગઢપુરમાં શ્રીહરિ તે વાત સાંભળી ધર્મકુળની બે બાઈઓ પુત્ર સાથે આવી, તેની સાથે તેમના સંબંધી ત્રીજી એક પતાસી બાઈ પણ હતી. તેઓ માર્ગમાં આવતા હતા.

તેમની સન્મુખ શ્રીહરિ ઘોડા ઉપર બેસી ચાલ્યા. સાથે દાદા ખાચર તથા સોમલા ખાચર, નાંગમાલો વગેરે પાર્ષદો તથા નિત્યાનંદને શુકમુનિ હતા. તથા જીવુબા, લાડુબા, અમુલા, અમરી વગેરે બાઈઓ પણ પોતાનો રથ જોડાવી સાથે ચાલ્યા તે કારિયાણી ગામ આવીને વસ્તાખાચરના દરબારમાં સૌ ઉતર્યા. પાછલી પહોર રાત રહી ત્યારે દાદાખાચર અશ્વ ઉપર બેસી અયોધ્યા વાસી સન્મુખ ચાલ્યા તે પોલારપુરમાં અયોધ્યાવાસીના ભેગા થયા. તેમને જોઈ અયોધ્યાવાસી બહુ રાજી થયાં.

શ્રીહરિ પણ કારિયાણીથી એક ગાઉ સુધી સામા આવ્યા. સાથે સંત હરિભક્તો પણ હતા. બંને ગામની વચ્ચે અયોધ્યાવાસીને શ્રીહરિ ભાવથી મળ્યા. બહુ દિવસનો વિયોગ હોવાથી સૌ સંભારવા લાગ્યા. સુવાસિની બાઈએ અગિયાર વર્ષ સુધી શ્રીહરિની ઘણીક સેવા કરી



Final



હતી ને રાજી રાખ્યા હતા. છતાં શ્રીહરિએ વિસારી દીધા હતા. તે શ્રીહરિને મળીને બહુ રડવા લાગ્યા. બે ઘડી રુદન કર્યું ત્યારે શ્રીહરિ બોલ્યા કે આ બધા રડે છે. તેને ના પાડો અમને આ સારું લાગતું નથી. ત્યારે નંદરામે સુવાસિની તથા ગોપાળજીએ વરીયાળી બાઈને રડતા બંધ રાખ્યાં. જીવુબા વગેરેને સુવાસિની તથા વરીયાળી મળ્યાં. ભગવાનના સંબંધે કરીને પરસ્પર પ્રેમથી ભેટ્યાં વિસરામ મામાના પુત્ર મંછારામ શ્રીહરિને પ્રેમથી મળ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા કારણ કે શ્રીહરિ છપૈયા હતા ત્યારે વારે વારે તેમને ઘેર આવતા નંદરામ પણ શ્રીહરિને ભાવથી મળ્યા તે નિષ્પાપ ને વિશ્વાસી હતા. ગોપાળજી પણ શ્રીહરિને મળ્યા અને સુખ સમાચાર પૂછ્યા ગોપાળજીના મામા સુફળને પણ શ્રીહરિ ભાવથી મળ્યા. સીતારામજી સાત વર્ષના હતા. તે શ્રીહરિને પગે લાગ્યા ને બદ્રિનાથ પણ પગે લાગ્યા તેમની સાથે આવેલ નિર્ગુણમુનિને તથા પરમ ચૈતન્યાનંદ મુનિને શ્રીહરિ મળ્યા ને મહાઆનંદ થયો. સુવાસિનીબાઈને જીવુબાએ પોતાના રથમાં ભાવથી બેસાડ્યાને વરીયાળીબાઈને લાડુબાએ પોતાના રથમાં બેસાડ્યા. ને કારિયાણી થઈ ગઢપુર આવ્યા.

*(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર ૨૬ તરંગ - ૪૮)*

- **આચાર્યોની સ્થાપના દેશ વિભાગ**

ધર્મકુળ સત્સંગમાં આવ્યા પછી શ્રીહરિ સાથે સત્સંગમાં અહોનિશ વિચરણમાં સાથે રહેતા. વિ.સં. ૧૮૮૧ની સાલમાં શ્રીહરિએ સર્વ સંતો હરિભક્તોની સંમતિ લઈને પ્રથમ અશલાલી, જેતલપુરમાં વિચારણા કરીને આખરે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિર પાછળ બે દેશની ગાદીની સ્થાપના કરી. તેમાં પોતાના મોટાભાઈ શ્રી રામપ્રતાપભાઈના સુપુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની અમદાવાદ શ્રી નરનારાયણ દેવના (ઉત્તર વિભાગ) આચાર્ય તરીકે નિમણુંક કરી અને પોતાના નાનાભાઈ

શ્રીઈચ્છારામભાઈના સુપુત્ર શ્રી રઘુવીરજી મહારાજની વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવના (દક્ષિણ વિભાગ) ગાદીના આચાર્ય તરીકે નિમણુંક કર્યા.

**● પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજના ગુણો**

આપણા આદિ આચાર્ય મહારાજ અત્યંત નિર્માની સ્વભાવના હતા. મોટા મોટા નંદ સંતો પગે લાગે પણ માનનો અંશ તેમને સ્પર્શતો ન હતો તેમનું જીવન સાધુ જેવું સાદુ હતું. પોતાનો દેહ સત્સંગના ઉત્કર્ષને માટે અર્પણ કરી રાખ્યો હતો. શ્રીહરિના સાન્નિધ્યમાં રહેવાથી તેમનામાં ઉત્તમ ગુણોએ સદાને માટે નિવાસ કર્યો હતો. તેમની દૃષ્ટિ નિરાવરણ બની હતી અને ત્રણેય અવસ્થામાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને સાક્ષાત દેખતા હતા. મૂર્તિનું અહોનિશ સુખ અનુભવતા.

એકવાર પૂ. મહારાજશ્રી મેમકા ગામે પધારેલા અને ભક્તજનોને ખૂબ જ સુખ આપેલા જેટલા દિવસ ત્યાં રહ્યા ત્યાં સુધી મેમકા ગામથી દક્ષિણમાં ભોગાવાના કાંઠે શ્રીહરિએ સ્નાન કરેલું એવો પ્રસાદીનો કૂવો છે, તે કૂવે દરરોજ ન્હાવા પધારતા ત્યારે પોતે કૂવામાંથી પાણી સીંચીને સ્નાન કરતા આવા નિર્માની આપણા મહારાજશ્રી હતા.

**● પૂ. મહારાજશ્રીની આત્મનિષ્ઠા પરાકાષ્ઠાને પામી હતી**

(૧) એક વખત સંતોએ સહિત આચાર્ય મહારાજ જેતલપુર પાસેના ગામડી ગામે પધારેલા સત્સંગીઓમાં અનુપમ આનંદ છવાઈ રહ્યો હતો. આનંદના અતિરેકમાં ક્રિયાનું વિસ્મરણ થતું, આ પ્રેમની વિહ્‌વળતા પાકશાળા સુધી પહોંચી હતી. રસોઈ કરનાર બ્રાહ્મણે સંભ્રમમાં સાકરને બદલે મીઠું નાખ્યું ને દૂધપાક તૈયાર કર્યો. ઠાકોરજીનો થાળ થયો. આચાર્યશ્રી જમવા બેઠા શ્રીહરિમાં અખંડ વૃત્તિ રાખી દૂધપાક જમી ગયા. પીરસનાર જેમ આગ્રહ કરે તેમ જમતા જાય. તેમને મન ભગવાનની પ્રસાદીની વસ્તું તરીકે સાકર



Final



અને સબરસ બન્ને સરખાં હતાં મુખપર લગાર પણ ગ્લાની અથવા વિરૂપતા આવતા દીધી નહિ, જ્યારે બીજા જમ્યા, ત્યારે દૂધપાક ખારો થયો છે. એવી ખબર પડી સત્સંગીઓને દુઃખ થયું. અને આચાર્યશ્રીની માફી માગી આચાર્ય શ્રી પ્રસન્ન વદને કહેવા લાગ્યા કે ભક્તો ! દુઃખી થશો નહિ. આ દેહને ભાડુ જ આપવાનું હતું ને વળી ભગવાનની પ્રસાદીમાં સ્વાદની ભાવના રાખવી નહિ. જે પ્રસાદી તરીકે આવે તે જમી લેવું. આ હતું ઉત્તમ નિઃસ્વાદી વર્તમાન, અને આત્મનિષ્ઠા. પોતે પાળ્યું અને બીજાને બોધ આપ્યો.

(૨) એક વખત આચાર્યશ્રી અવધ ભુવનમાં માનસીપૂજા કરવા બેઠા હતા. અને શ્રીહરિને વિષે તદાકાર વૃત્તિ બની હતી. અને દેહભાવનું વિસ્મરણ થયું હતું. તેવામાં તેમના બરડા ઉપર વીંછી ચઢ્યો અને પોતાના સ્વભાવ પ્રમાણે વીંછીએ ડંશ દીધા. તેનાં લાલ ચાઠાં પડેલા છતાં એક કલાક સુધી માનસી પૂજામાં રહ્યા પણ દેહનો ભાવ આવવા દીધો નહિ. કલાક પછી પાર્ષદને કહ્યું કે જુઓ કંઈ કરડ્યું જણાય છે. ત્યારે સેવકોએ જોયું તો વીંછી મળી આવ્યો. આખો બરડો ડંશથી લાલ રંગનો સુજી ગયેલો જોયો. સર્વને અતિ આશ્ચર્ય અને દુઃખ થયું. મહારાજશ્રી એ જણાવ્યું કે દરેક પ્રાણી માત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે. તો તે પ્રાણી તે સ્વભાવને અનુસર્યું, આપણી પ્રકૃતિ દૈવી ગણાય તે મુજબ વર્તન સ્વાભાવિક થાય. સૌ કોઈ પોતાની પ્રકૃતિ અને સ્વભાવ કેમ મૂકે ? આ હતી તેમની ઉત્તમ આત્મનિષ્ઠા.

આ આચાર્યશ્રીમાં સમાનતા નામનો વિશેષ ગુણ હતો. પધરામણી કરવામાં નાનામોટા હરિભક્તોમાં સમભાવ બતાવતા, શીલ, સંતોષ, દયા અને શાન્તિ એ તેમના સ્વાભાવિક ગુણો હતા. સંતો તથા હરિભક્તો પ્રત્યે આત્મીયતાનો ભાવ અજોડ હતો. તેઓશ્રી વિદ્વાન

હતા. અને વિદ્યા તરફ સહાનુભૂતિ દર્શાવતા તેઓ કવિ પણ હતા. તેમના રચેલા કેટલાંક કીર્તનો સંપ્રદાયમાં પ્રસિધ્ધ છે.

તેઓએ સત્સંગીજીવન ગ્રંથની તત્વાર્થ દિપિકા નામની સંસ્કૃત ટીકા રચાવી છે. અને અમદાવાદની હવેલીનું મકાન આ આચાર્યશ્રીએ બંધાવેલું છે. ડુંગરપુર, ઈડર, જેતલપુર, સિધ્ધપુર, માંડવી (કચ્છ), મુળી મંદિર ઉપર પ્રતિષ્ઠા તથા છપૈયા વગેરે સ્થળોએ મંદિરો કરાવરાવી પ્રતિષ્ઠાઓ કરેલી છે. અને શિક્ષાપત્રીમાં આજ્ઞા અનુસાર અમદાવાદમાં સંસ્કૃત પાઠશાળા શરૂ કરી અને વિદ્વાન શાસ્ત્રી રાખીને વિદ્યાની પ્રવૃત્તિ કરાવી તે પાઠશાળામાંથી હજારો સાધુ અને બ્રાહ્મણો વિદ્વાન થઈ ગુજરાતમાં પ્રસિધ્ધ થયેલા છે. અદ્યાપિ ઉત્તરોત્તર પાઠશાળા વૃધ્ધિ પામતી જાય છે. અને વિદ્યાની પ્રવૃતિ થતી જાય છે.

● **પૂ. મહારાજશ્રીનું નિઃસ્પૃહીપણું**

વિ.સં. ૧૯૬૦ની સાલમાં અમદાવાદની હવેલી પૂરી થઈત્યારે તે પ્રસંગે વડતાલથી ધ.ધૂ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તેડાવ્યા હતા. તે વખતે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્.શ્રી નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, અદ્ભૂતાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી આદિ ઘણા સંતો પાર્ષદો સાથે લઈને પધાર્યા હતા.

એ વખતે પૂ. રઘુવીરજી મહારાજે પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું કે, તમે તો અમદાવાદના મોટા વ્યવહારમાં બંધાઈ ગયા છો ? ત્યારે પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા કે અમે તો જે દિના જન્મ્યા છીએ તે દિવસથી એક સ્વામિનારાયણ સિવાય અમારા અંતરમાં અમે બીજુ કાંઈ રાખ્યું નથી. ત્રણેય અવસ્થામાં અમે અખંડ શ્રીજીમહારાજને સંભારીએ છીએ અને તમો ભગવત્પ્રસાદને વડતાલની ગાદી સોંપી દો અને હું કેશવપ્રસાદને અમદાવાદની ગાદી સોંપીને તમો કહો તે સ્થાનમાં ગઢડા, છપૈયા



Final



વગેરેમાં રહીને કેવળ ધ્યાન કરીએ. આ અમદાવાદ ગાદી કે શહેરનો રંચ માત્ર ભાવ અમારા હૃદયમાં નથી. આ વાત સંભાળીને પૂ. શ્રી રઘુવીરજી મહારાજ કાંઈ બોલ્યા નહિ આવા આપણા પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ નિસ્પૃહીપણે વર્તતા હતા.

● **પૂ.મહારાજશ્રીની દયાળુતા**

એક સમયે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામ શ્રી મુળીપુરમાં બિરાજમાન હતા ને અરસામાં સાયલાના દરબાર શ્રી કેસરીસિંહજી મુળીમાં દર્શન કરવા પધાર્યા હતા. તેઓ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દર્શને આવ્યા.

આચાર્યશ્રીને ખાનગીમાં વાત કરી જે, "હે મહારાજ ! મારે બહુ દુઃખ છે. આપ મટાડો તો સારું, નહિતર મટે એમ નથી." આચાર્યશ્રી કહે; "શું દુઃખ છે ?" દરબાર બોલ્યા; "હે મહારાજ ! અમારા દરબારમાં એક ભાટ આવી ગરાસ સારુ મુઓ છે. તે ભૂત થઈને મેડીમાં આગળ આવી ઉભો રહે છે. સૂવા, બેસવા તથા ખાવા પણ નથી દેતો. જ્યારે દૂધ અને ચોખા ખાવા લઈએ એટલે મોવાળા દેખાય એવું મહા કષ્ટ છે. એ વાત કોઈને કહેવાય એમ નથી પણ આપ તો મોટા છો અને ભગવાનના ભાઈના પુત્ર છો માટે આ વાત તમને કહું છું આપ સાયલા પધારો અને અમોને દુઃખથી મુક્ત કરો."

આચાર્યશ્રી બોલ્યા; "બહું સારુ, સમૈયો પૂરો થઈ રહેશે પછી આવીશું."

પછી સાયલા દરબારે પારેખ સોમચંદને પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રીને તેડવા સારુ મુળી મોકલ્યા. તેમણે આવી કહ્યું "મહારાજ, સાયલા પધારો."

આચાર્ય મહારાજ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ લઈને સાયલા આવ્યા. દરબારે પોતાની મેડીમાં ઉતારો કરાવ્યો. દરબારમાં રસોઈ

કરાવી સાધુ, બ્રહ્મચારીને જમાડ્યા. સંત-હરિભક્તો મેડીમાં કીર્તન ભજન કરતા હતા. તે સમયે મરીને ભૂત થયેલ જે બારોટ તેણે મેડીમાં બૂમ પાડી કહ્યું જે, "હું બળુ છું. મારે હવે ક્યાં જવું ?" એમ કહી રોવા લાગ્યો; "આપ ધર્મગુરુ થઈ મને કાઢી મૂકશો તો મારે હવે ક્યાં જવું ?" એમ કહી મોટેથી રોવા માંડ્યો અને કહે; "મને માર્ગ બતાવો, ત્યાં હું જાઉં." એમ અકળાયો.

ત્યારે મહારાજ કહે; "બારોટજી ! બદ્રિકાશ્રમમાં જાઓ. ત્યાં તમારો મોક્ષ થશે." એમ કહ્યું. ત્યાં તો બારોટ મેડી ઉપરથી પડતું મુક્યું, તે અગ્નિની પેઠે તેજનો ભડકો થઈ બદ્રિકાશ્રમમાં ગયો. રાજા કેસરીસિંહજીનું આવી રીતે દુઃખ મટાડ્યું એવા સમર્થ અને દયાળુ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા. દરબારે આચાર્ય મહારાજ તથા સાધુની બહુ સેવા પૂજા કરી સંતોને ધોતિયાં ઓઢાડ્યા. આચાર્યશ્રીને પુષ્પના હાર, તોરા, હીરા, મોતીના ઘરેણા પહેરાવ્યાં. (સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૩૨)

### ● પૂ. મહારાજશ્રીને બ્ર.આનંદાનંદજીનો મહિમા

એક વખત અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બન્ને દેશના સંતો તથા બ્રહ્મચારીઓને તેડાવીને રસોઈ આપેલી તે જમી રહ્યા બાદ આચાર્યશ્રીની હાજરીમાં અમદાવાદ દેશ તથા વડતાલ દેશના સાધુ બ્રહ્મચારીઓ સામ સામા વિભાગમાં ગોઠવાઈને અષ્ટકો બોલવાની હરીફાઈ કરવા લાગ્યા. આમ બોલતા બોલતા દિવસના ચાર વાગ્યા અને નરનારાયણ દેવ જાગ્યાનું નગારું વાગ્યું. પછી સ.ગુ.બ્ર.આનંદાનંદજી બોલ્યા જે, "બેઉ પક્ષવાળ જીત્યા અને હવે સૌ બોલવું બંધ રાખો. " તેથી સૌ બોલતા બંધ થયા. ત્યાર બાદ પાંચ મણ પતાસા મંગાવીને એક ચલાખામાં ઢગલો કર્યો પછી આચાર્યશ્રી બ્ર. આનંદાનંદજી પ્રત્યે બોલ્યા જે, "સ્વામી ! તમે સૌને આ પતાસા વહેંચો, તમોએ આ નરનારાયણ દેવની ખૂબ સેવા



Final


કરી છે." પછી બ્રહ્મચારીએ આચાર્યશ્રીની આજ્ઞા મુજબ સૌને ખોબે ખોબે પતાસા વહેંચ્યા અને આચાર્યશ્રી તથા સંતોને રાજી કર્યા. આમ, અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ બ્ર. આનંદાનંદજીનો ખૂબ મહિમા સમજતા કારણ કે શ્રીજીમહારાજે અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે પ્રથમ દેવ સેવામાં બ્ર. આનંદાનંદજીને રાખ્યા હતા.(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ. પ્રભુ શાસ્ત્રી જૂનાગઢ પાના - ૬૫)

### ● આચાર્યશ્રીના કહેવાથી શ્રીહરિ નારુજીને ધામમાં તેડી ગયા

બામણગામમાં નારુજી કરીને ગરાસિયા હતા. તે શ્રીજીમહારાજ સાથે ગામો ગામ ફરતા હતા પણ શ્રીજીમહારાજને પોતાને ઘેર કોઈ દિવસ પધરાવ્યા નહી. પછી તેણે દેહ મૂક્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા સારું પધાર્યા અને સૌની આગળ નારુજી બોલ્યા જે, શ્રીજીમહારાજ તેડવા પધાર્યા છે ને તેમની સાથે હું ધામમાં જાઉં છું. પછી શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા. અને ત્યાં સંતની તથા પાર્ષદની પંક્તિ કરી અને ઝીણાભાઈને દાદાખાચર વચ્ચે નારુજીને બેસાર્યા પછી મહારાજે નારુજીનું ભાણું ટાળીને બીજાને પીરસ્યું અને હરે કર્યા.

પછી નારુજી બોલ્યા જે, મહારાજ ! મારા ભાણમાં પીરસ્યું નથી. મહારાજ કહે; જે તપાસ કર જે તે કોઈ દિવસ ઘેર સંતની પંક્તિ કરી છે ? અને નારુજીને ક્ષુધા પણ બરાબર લાગેલી હતી. પછી મહારાજને કહ્યું જે, મને ઝટ દેહમાં મેલો. આંહીયા તેનું શબ બાંધતા હતા. તેટલામાં નારુજીનું શરીર સચેત થયું પછી શબને છોડી નાંખ્યું અને ઘેર લઈ ગયા. એને બીજે દિવસે બેય આચાર્યને તેડાવવા કાગળ લખીને માણસ મોકલ્યું એટલે અયોધ્યાપ્રસાદજી મહારાજ એક સો હો માણસો સાથે લઈને બામણગામ પધાર્યા. અને રઘુવીરજી મહારાજ પણ પધાર્યા. ત્યાં આઠ દિવસ સુધી રાખ્યા અને પછી છેલ્લે

દિવસ પૂજા કરી આરતી ઉતારીને સંતને વસ્ત્ર ઓઢાડીને પોતે હાથ જોડીને વિનંતી કરી કે શ્રીજીમહારાજ મને અક્ષરધામ લઈ ગયા હતા. અને ત્યાં મને આવી રીતે દેખાડયું પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા રઘુવીરજી મહારાજને વિનંતી કરી કે, તમે ભગવાનના પુત્ર છો તે મારી ઉપર રાજી થાઓ અને મહારાજ મને અક્ષરધામમાં તેડી જાય પછી આચાર્ય મહારાજ તેને બાથમાં ઘાલીને કહ્યું જે, હવે તમને શ્રીજીમહારાજ સુખેથી અક્ષરધામમાં તેડી જશે. પછી થોડા દિવસ કેડે તેણે દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ તેને ધામમાં તેડી ગયા. (સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા - ૨૪૮)

- **પૂ. મહારાજશ્રીને શ્રીહરિએ કહ્યું જાઓ હું તમારા ભેળો છું**

શ્રીહરિએ બે દેશની વહેંચણી કરી પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદ જવા તૈયાર થયા. પછી શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા. ત્યાં આવી દંડવત્ કરી મહારાજને પગે લાગ્યા અને બહુ જ દિલગીર થયા ને મહારાજને કહ્યું જે, મહારાજ ! રઘુવીરજી મહારાજને તો વડતાલ ગામડીયું ગામ તે કાંઈ ફીકર નહીં, પણ મારે તો અમદાવાદ જેવું શહેર તેમાં રહેવું અને મારી પાસે કાંઈ વિદ્યા નહીં તેમ દ્રવ્ય પણ નહીં.

પછી શ્રીજીમહારાજે સભા સામુ જોયું ત્યાં તો નિરંજનદાસ સ્વામીને મહારાજે દેખ્યા અને પોતા પાસે બોલાવ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજને શ્રીજીમહારાજે કહ્યું જે, લ્યો આ તમને કામધેનુ આપું છું તેને જમાડીને જમજો અને તે કહે તેમ કરજો. પછી અયોધ્યાપ્રસાદજીને મહારાજ બાથમાં ઘાલીને મળ્યા અને વાંસો ઠપકારી મહારાજે કહ્યું જે જાઓ હું તમારી ભેળો છું પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદ પધાર્યા અને સ્વામીએ જેમ કહ્યું તેમ કર્યું. (સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા -૧૭૩)



Final



- **શ્રીજીમહારાજે બે દેશના ધાવા પાડ્યા ને દિવ્ય દર્શન કરાવ્યું**

એક સમયે શ્રીજીમહારાજ બે દેશના ભાગ પાડતા હતા. તે સરખે ભાગે મંદિર નાખતા હતા. ત્યારે મંદિર નાનાં મોટાં થવા લાગ્યાં. ભાગ વહેંચનારને નાનાં મોટાં થાય તેથી વહેંચતા ન ફાવ્યું એટલે કહ્યું જે, ''મહારાજ ! તમે વહેંચી આપો તો ઠીક.''

શ્રીજીમહારાજ કહે; ''એમાં મૂંઝાઓ છો શું ?'' એમ કહી પોતે ધાવા કરવા માંડ્યા તે મુંબઈ ને કરાંચીનો ધાવો, માંડવીને બુરાનપુરનો ધાવો, વડનગરને માણાવદરનો ધાવો, જૂનાગઢને ભૂજનો ધાવો, ગોંડળ ને ચરાડવાનો ધાવો, ગઢડા ને મુળીનો ધાવો, ધોલેરા ને અમદાવાદનો ધાવો, વડોદરા ને ઈડરનો ધાવો, ભરૂચ ને સિધ્ધપુરનો ધાવો, સુરત ને પ્રાંતિજનો ધાવો. ખંભાત ને માણસાનો ધાવો ને ઉત્તર વિભાગમાં છપૈયા એવી રીતે શ્રીજીમહારાજે ધાવા કર્યા.

તે જોઈ એમ થયું જે શ્રીજીમહારાજ આ શું કહે છે. એ સાંભળી એક બીજા સામું જોવા માંડયું. મહારાજ બોલ્યા જે ''સામું શું જુઓ છો ?''

ત્યારે મૂળજી શેઠે કહ્યું; ''આ જે ધાવા કર્યા એમાં કોઈ જગ્યાએ મંદિર છે ને કોઈ જગ્યાએ નથી; તે માટે એક બીજા સામું જુએ છે.''

મહારાજ કહે; ''છે તો બધું પણ તમે જોઈ શકતા નથી.'' ત્યારે મૂળજી શેઠ કહે; ''આ તો વહેંચણીનું કામ છે. માટે સૌ જુએ અને સર્વના મનનો સંશય મટે એમ કરો.''

ત્યારે શ્રીજી કહે; ''મારા સામું જુઓ.'' પછી સર્વેએ છવ્વીશ ધામોનાં દર્શન કરી, જન્મ સ્થાન છપૈયા જોઈ બહુ આનંદ પામ્યાને સૌનો સંશય હતો તે મટી ગયો ને નિવૃત્તિ પામ્યા સર્વને થયું જે,

જે રીતે કર્યું તે ઠીક કર્યું છે. આવો પ્રતાપ જોઈ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ એ બંને મનમાં એમ જાણતા હતા કે શ્રીજીમહારાજને તો બંને બરોબર છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૯૯)*

- **પૂ.મહારાજશ્રી અન્ન પાણી વિના બાવન દિવસ સુધી સમાધિમાં રહ્યા**

તેમાં અયોધ્યાપ્રસાદજી મહારાજને નરનારાયણનો દેશ આવ્યો અને એમ વિચાર થયો જે આ મંદિર પુરુ કરવાને લાખો રૂપિયા ખર્ચ થશે. તે કેમ થશે ? એમ વિચાર કરે છે. ત્યાં શ્રીજીમહારાજ પોતે આવ્યા ને કહ્યું જે, ‘‘તમારે સુઝે એટલા રૂપિયા વાપરજો. તેમાં કોઈ દિવસ ખોટ નહિ આવે.’’ પછી લાખો રૂપિયા વાપર્યા ને મંદિર કરાવ્યું ને કરોડોની આબરૂ વધારી. એવા સમર્થ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો પાર આવે એમ નથી. તેમને શ્રીજી વિના બીજો વહેવાર ન હોતો.’’

તેમને ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજને વિષે વૃત્તિ રહેતી તે ધ્યાન ભજન કરતા અને કાવ્યો કરતા તો પણ એમને એમ મૂર્તિમાં જ રહેતા. શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યાંથી જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિને તેજના સમૂહમાં દેખતા તેવા સ્થિતિ વાળા હતા. એક સમે બાવન દિવસ સુધી સમાધિમાં રહ્યા ને અન્ન પાણી પણ ન લીધું.

તે સમે શુકમુનિ અને ગુણાતીતાનંદ સ્વામી આવ્યા ને પ્રાર્થના કરી જે, ‘‘મહારાજ ! તમે અન્ન નથી લેતા તેથી સર્વ સાધુ, બ્રહ્મચારી ઉદાસ રહે છે. તો થોડું અન્ન લ્યો.’’ એમ પ્રાર્થના કરી.

ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘ હું તો શ્રીજી પાસે થાળ જમું છું.’’ એમ કહી પાછી અંતર્દષ્ટિ કરી, મૂર્તિમાં જોડાઈ ગયા. એવી રીતે બાવન દિવસ પૂરા થયા.



Final



આરતી થયા પછી સમાધિમાંથી ઉઠી કહ્યું જે, ‘‘ભોમાનંદ સ્વામી ક્યાં છે ?’’ એમ કહી સૌને સંભાર્યા ને કહ્યું; ‘‘સર્વે સાધુને બોલાવો એ આ દેશ તથા વડતાલ દેશમાં રસોઈ કરે, એમ પત્ર લખો. પછી મંદિરમાં સૌને રસોઈ કરાવી, સાધુનાં દર્શન કરી, અન્ન જળ લીધું.’’

એવી રીતે સાધુનું માહાત્મ્ય જાણી ભગવાનના ઉત્સવોમાં પોતે સેવા કરતા. ફૂલ મંડળી હોય તો હિંડોળામાં સેવા કરતા. પારણામાં ઝુલાવતા અને ગાવણું કરતાં અર્ધી રાત્રી થઈ જતી. પ્રેમે સહિત ભક્તિ કરતા. નિત્ય નવા નવા કીર્તન કરી ગાતાં પ્રભાતમાં ઉઠી પ્રભાતિયાં બોલતાં. વહેલા ઊઠી વચનામૃત વાંચતા. સવારે સભામાં વાતો કરતા. સર્વ સાધુ તથા બ્રહ્મચારીને ઉપદેશ વચન કહેતા. જેવી રીતે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ મનુષ્યરૂપે બિરાજતા ને સમાસ થતો હતો, તેવો સમાસ અને આનંદ થતો. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૯૯)*

- **મહારાજશ્રીના દર્શનનું ફળ તો શ્રીજીમહારાજના દર્શન જેવું જ**

પ્રેમભક્તિએ કરી હજારો રૂપિયાનું ખર્ચ કરતા અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે માણસોનાં મન ખેંચાતા હતાં. શ્રી હરિની સેવામાં અને તેમની સેવામાં કાંઈ ફેર નથી એમ જાણી ઘણા પ્રેમીજનોએ હજારો રૂપિયાનો શિરપાવ, હાથી, ઘોડા અને ઘોડાગાડી, બળદની જોડી તથા ઘણાક માણસો તો શેલાં, પાઘડીઓ, સોનાનો દોરો, હીરા, કંઠી, સોનાનાં કડાં, દુશાલ એવા ઘણા પદાર્થ લઈ આચાર્ય મહારાજની પૂજા કરતા.

કેટલાક પુષ્પહાર, તોરા, પુષ્પની પોંચી, કડા, પુષ્પની પછેડી ટોપી એવી રીતે પુષ્પના શણગારમાં ગરકાવ થયેલા તેઓશ્રીને જોઈને આનંદ પામતા હતા. એવા જે અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો

પાર આવે એમ નથી. જેને એકવાર દર્શન કર્યાં હોય તે પણ નહિ ભૂલે. એમનાં દર્શનનું ફળ તો જેવું શ્રીજીમહારાજના દર્શનનું ફળ તેવું જ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દર્શને કરી ત્રિવિધ તાપની નિવૃત્તિ થતી હતી. એવો એમનો ચમત્કાર હતો. તેમાં કંઈ સંશય નથી. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૯)*

● **શ્રીહરિનો દ્રોહ કરવાથી આવેલું દુઃખ અયોધ્યાપ્રસાદજી મહારાજે મટાડ્યું**

વડોદરાના દિવાનજીએ શ્રીજીમહારાજનો બહુ દ્રોહ કર્યો તેથી અંત સમયે તે બહુ દુઃખ પામ્યા. સરકારે તેને બાર મહિને સાઠ હજારનું પેનશન બાંધી આપેલું તે પણ બંધ કર્યું અને ત્યાંથી કાઢી મૂક્યા તે અમદાવાદમાં જઈને રહ્યા.

એના કાકા રાવસાહેબે પોતાની પાસે રહેતા પાળિયાદ ગામના ઝૂમખરામને આ વાત કરી અને પૂછ્યું કે આનો કોઈ ઉપાય છે ? દિવાનજીએ સ્વામિનારાયણનો દ્રોહ કર્યો તેથી અમારી આવી દશા થઈ છે. ઝૂમખરામે કહ્યું કે, સ્વામિનારાયણ પોતે તો ધામમાં પધાર્યા છે. પણ તેમના પુત્ર છે તે ઘણા સમર્થ છે. તે જો રાજી થાય તો તમારો દિવસ પાછો વળે. પછી તેણે અયોધ્યાપ્રસાદજી મહારાજની ઘણી પ્રાર્થના કરીને ઘેર પધરાવ્યા અને સંતો સહિત જમાડ્યા. તેના પુત્રે મહારાજ પાસે ખોબો ભરીને રૂપિયા મૂક્યા. અને સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં, એમ મહારાજને રાજી કર્યા. પછી સરકારે તેને વડોદરા બોલાવ્યા અને મહિના પછી પાછું પેનશન ચાલુ થયું. એવો મોટાનો પ્રતાપ છે. *(નિર્ગુણદાસ સ્વામીની વાતો-૪૮૮)*

● **મોટાનો મહિમા મોટા જાણે**

એકવાર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામ મૂળીથી હાલાર દેશમાં ફરવા નિકળ્યા હતા તે ફરતા ફરતા ગામ લાખાણીથી વણથલીએ પધાર્યા. ત્યારે વાણીયાની વણથળીએથી બેચર ભટ્ટ વગેરે



Final



હરિભક્ત દર્શને આવ્યા તે સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજ ચંદની નીચે સભા કરીને બેઠા હતા. ત્યાં આવીને તેઓ દંડવત્ કરીને પગે લાગ્યા ને સાધુ સર્વને પગે લાગ્યા તે વખતે સભામાંથી કોઈક હરિજને વાત કરવા માંડીને બોલ્યા જે, " જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી વાત કરે છે. તે અવતારનું ને દેવનું ખોદ ખોદ કરે છે." ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું "કેમ બેચર ભટ્ટ સ્વામી એવી વાત કરે છે કે બીજી રીતની વાતું કરે છે ?" ત્યારે બેચર ભટ્ટ બોલ્યા જે, "અમે તો વારે વારે જુનાગઢ જઈએ છીએ તે કાંઈ એવી વાત તો ક્યારેય સાંભળી નથી પણ સવારમાં ઉઠતા જ તમારા બાપના વખાણ કરે છે ને ગુણ ગાયા કરે છે." તે સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજ મરક મરક હસીને બોલ્યા જે "ગુણાતીતાનંદ સ્વામી તો કોઈ અવતારનું કે દેવનું ખોદે તેવા નથી. તે તો મહારાજના સર્વોપરીપણાની વાતું કરતા હશે" ત્યારે બેચર ભટ્ટે કહ્યું "હા મહારાજ ! એની જ વાતું કરે છે." એમ જે મોટાનો મહિમા ન સમજે ને વાતમાં સિધ્ધાંતને ન સમજે તે મોટાનો અવગુણ લઈને પોતાના જીવનું બગાડી નાખે છે. માટે મોટાની વાત ન સમજાય તો પોતાની અણસમજણ જાણવી પણ ક્યારેય અવગુણ તો ન જ લેવો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ વાર્તા - ૩૯૦ રૂગનાથચરણ જુનાગઢ)*

● **પૂ. મહારાજશ્રી માણસાના અણદાભાઈને અંત સમે દર્શન દેવા પધાર્યા**

ગામ માણસાના અણદાભાઈએ પહેલા અયોધ્યાપ્રસાદજી મહારાજને કહેલું કે, જ્યારે મારો અંત સમો થાય ત્યારે તમે મને દર્શન દેવા પધારજો. પછી જ્યારે તે માંદા થયા એ અંત સમય થયો ત્યારે તેમણે કાગળ લખાવીને રામાભાઈ સાથે મોકલીને અયોધ્યાપ્રસાદજીને બોલાવ્યા. તે મહારાજ કાગળ વાંચીને પાણી

પીવા પણ ન રહ્યા અને ડહેલામાંથી ગાડી જોડાવીને ચાલ્યા, તે દિવસ ઉગ્યે માણસા આવ્યા. રસ્તામાં કોઈ અર્ધી રાત્રીએ તો કોઈ પાછલી રાત્રીએ પાર્ષદો સાથે ભેગા થયા. મહારાજ અણદાભાઈને જોઈને બોલ્યા કે નાડી નથી. અણદાભાઈએ પણ કહ્યું કે નાડી નથી. પણ આપ અહીં રહેશો ત્યાં સુધી ફિકર નથી.

પછી મહારાજ બે દિવસ રહ્યા અણદાભાઈએ મહારાજની ભારે પૂજા કરી અને મહારાજ તેમને મળીને ખડકી બહાર આવ્યા એટલે તરત જ અણદાભાઈએ દેહ છોડ્યો.

એ દિવસે ઈડરથી રાજા જુવાનસિંહજીએ પોતાના મામા અણદાભાઈને માંદા જાણીને તેમની ખબર કાઢવા પોતાના ગોરને મોકલેલો તે બ્રાહ્મણ માણસા આવતો હતો. પચાસ કાઠીના સવારો સાથે શ્રીજીમહારાજ અણદાભાઈને તેડી જતા હતા. તેવા તે બ્રાહ્મણને દર્શન થયા. એટલે તે બ્રાહ્મણે એક સવારને પૂછ્યું કે “તમે ક્યાંથી આવો છો” ? સવારે કહ્યું, “અમે માણસાથી આવીએ છીએ,” બ્રાહ્મણે પૂછ્યું, “ક્યાં ઉતર્યા હતા.” ? સવાર કહે, “અણદાભાઈના માઢમાં ઉતર્યા હતા.” બ્રાહ્મણે પૂછ્યું, “અણદાભાઈને કેમ છે” ? સવારે કહ્યું, “સારું છે.” એમ દિવ્ય દર્શન દઈને ગયા.

પેલા વિપ્રે માણસા આવીને આ વાત કહી. એવી રીતે તેમના ચાકરને પણ દિવ્ય સ્વરૂપે દર્શન દીધા ચાકરે પૂછ્યું, “બાપા ક્યા જાઓ છો” ? તે બોલ્યા કે, “આ બાજુ ગામ છે ત્યાં જઈને આવીએ છીએ.” ચાકરે પણ માણસા આવીને આ વાત કરી. અને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે, “અણદાભાઈ મોટા મુક્ત હતા.” *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા - ૧૫૯)*

**● પૂ. મહારાજશ્રીને દિવ્ય દર્શન**

કોઈ એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજે મુળીમાં વૃન્દાવનદાસજી અને મારી (તદ્રૂપાનંદ સ્વામી)પાસે એવી વાત કરી



Final



કે મેં વાલ્મીકી રામાયણ વંચાવીને સાંભળી છે. એટલે હું શ્રીજીમહારાજનું ધ્યાન કરું છું ત્યારે મને રામ- લક્ષ્મણ દેખાય છે. પછી ઘણા દિવસ વિચાર કરીને એમને વિસારી મૂક્યા ત્યારે શ્રીજીમહારાજ દેખાવા લાગ્યા.

વળી એમણે બીજી વાત કરી કે સંવત ૧૯૦૭ ની સાલમાં અમે વડતાલ ગયા અને ત્યાં સર્વે સાધુ હરિજનની સભામાં અમે બે ભાઈ અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ પાટ ઉપર બેઠા હતા. તે વખતે મેં અંતર દૃષ્ટિ કરીને હૃદયમાં જોયું ત્યારે હૃદયને વિષે તેજમાં અતિ તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજ દેખાયા. પછી મેં બહાર જોયું ત્યારે અતિ તેજોમય શ્રીજીમહારાજ દેખાયા. એમ ઘણીવાર દેખાયા અને પછી ન દેખાયા. *(સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો - ૫૯૦-૫૯૧)*

**● અપકાર ઉપર ઉપકાર કર્યા**

વડોદરાના દિવાનજીએ શ્રીહરિનો બહુ દ્રોહ કર્યો. તેથી અંત સમયે બહુ દુઃખ પામ્યા. વર્ષે સાંઈઠ હજારનું પેન્શન બાંધેલું તે બંધ કર્યું અને ત્યાંથી કાઢી મૂક્યા. દિવાનજીના કાકા રાવસાહેબ અમદાવાદમાં હતા. તેમણે પાળીયાદવાળા ઝુમખરામને આ વાત કરી કે, આનો કોઈ ઉપાય છે ? દ્રોહ કરવાથી અમારી આવી દશા થઈ છે. ત્યારે તેમણે કહ્યું કે, શ્રીહરિ તો ધામમાં પધાર્યા છે. પણ તેમના પુત્ર અયોધ્યાપ્રસાદજી ઘણા સમર્થ છે. તે જો રાજી થાય તો તમારો દિવસ પાછો વળે.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજની પ્રાર્થના બહુ કરી ઘરે પધરાવ્યા રસોઈ આપી. ખોબો ભરીને રૂપિયા આપ્યા અને વસ્ત્રો ઓઢાડ્યા એમ મહારાજશ્રીની પૂજા કરીને રાજી કર્યા. પછી સરકારે તેને વડોદરા બોલાવ્યા અને પછી પેન્શન ચાલું કર્યું. *(સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા - ૪૮૮)*

● **પૂ. મહારાજશ્રીએ રઘુભાઈને મહાભાગવતી દીક્ષા આપીને હરિનારાયણદાસજી નામાનિધાન કર્યું**

એક સમયને વિષે આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી ઝાલાવાડ પ્રદેશમાં વિચરણ કરતા અખિયાણા ગામે સંઘે સહિત પધાર્યા. સાથે સદ્. બ્ર. શ્રી વાસુદેવાનંદ સ્વામી તથા સદ્. શ્રી આનંદાનંદ સ્વામી વગેરે મોટા સંતો ભેગા હતા.

રઘુભાઈએ આચાર્ય મહારાજ અને મોટા સંતોની ઘરે પધરામણી કરી. રસોઈ આપી અને ઘણી સેવા કરી હતી. આચાર્ય મહારાજશ્રી અખિયાણા થઈ ધ્રાંગધ્રા પધાર્યા હતા. ધ્રાંગધ્રા વગેરે ગામડામાં ફરીને મુળી જન્માષ્ટમીના સમૈયા ઉપર પધાર્યા હતા.

રઘુભાઈ પણ અખિયાણાથી મૂળી જન્માષ્ટમીના સમૈયા ઉપર આવ્યા હતા. અયોધ્યાપ્રસાદજી મહારાજે રઘુભાઈને કહ્યું કે, ''રઘુભાઈ ! સંસારમાં ક્યાં સુધી રહેવું છે ? તેમણે કહ્યું, ''આપ દીક્ષા આપો ત્યાં સુધી.'' અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું કે, ''તો અમારે પણ તમારા જેવા પરમ મુક્તને દીક્ષા આપવાની ઘણીજ ઈચ્છા છે.'' આમ પછી શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે મુળીમાં જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે રઘુભાઈને દીક્ષા આપીને હરિનારાયણદાસજી સ્વામી એવું નામાભિધાન કર્યું. *(સદ્.શ્રી હરિનારાયણદાસજી સ્વામીનું જીવન દર્શન)*

● **પૂ. મહારાજશ્રી ડાંગરવા પધાર્યા**

એકવાર સવારના પહોરમાં શ્રીજીમહારાજ ડાંગરવા જતન ફઈને ઘરે પધાર્યા. જતનબા બોલ્યા, ''મહારાજ અત્યારના પહોરમાં ક્યાંથી ? મહારાજ કહે ''કરજીસણ આવ્યો હતો. તે, લાવને જતનફઈને મળતો જાઉં તેથી આવ્યો છું.'' તે વખતે સવારમાં ઢોર છોડવાનો વખત થઈ ગયેલો. જતનબા ભેંસો ધણમાં છોડવા જવાનો વિચાર કરતા હતા. અંતર્યામી પ્રભુએ જાણી લીધું ને કહ્યું, ''જતનફઈ



Final



તમે ભેંસો છોડી આવો હું ઘેંસ હલાવું છું.'' જતનબાએ કહ્યું કે ''પણ મહારાજ આ કામ તમને ન સોંપાય તમો તો ભગવાન છો.''મહારાજે કહ્યું કે ''તેમાં શું થઈ ગયું ? તમો અમારી પરીક્ષા તો કરી જુઓ'' અંતે જતન ફોઈએ મહારાજના હાથમાં કડછો આપ્યો જતનબા ભેંસોને લઈને ધણમાં ગામને ગોંદરે ગયા.

અનંત કોટી બ્રહ્માંડના સર્જનહારને ઘેંસ હલાવતા ફાવે નહિ. બળતણ વધારે પડી ગયું. ધુમાડાનો પાર નહિ. આંખો લાલ લાલ થઈ ગઈ. પરસેવો થવા લાગ્યો પણ મહારાજે ઘેંસ ઉભરાવા દીધી નહિ. કડછો હલાવ્યે રાખ્યો. જતનબા ભેંસો મૂકી આવી ગયા. મહારાજની સામું જોઈ બોલ્યા ''વાહ ! શું તમારી કળા, જે કામ લો તે સારી રીતે પુરુ પાડી દો છો ભગવાન. ત્યારે મહારાજ બોલ્યા ''સૃષ્ટિનું સર્જન કરવું સારું પણ તમારી આ ઘેંસ રાંધવી આકરી.'' જતનબાને સ્મરણ થઈ આવ્યું કે મેં ભગવાન પાસે મારા સ્વાર્થનું કામ કરાવ્યું. તેઓ દિલગીર થઈ ગયા. મહારાજે કહ્યું ''જતનબા, તમો એ તો અમને આ કામ માટે ના પાડેલી, પણ અમોએ આગ્રહ કર્યો અને તમે ગયા તેમાં તમારો દોષ નથી.''

''મહારાજ, બીજુ તો કાંઈ નહીં પણ આ હાંડલીનું રાધેલું જે કોઈ ખાસે તે અક્ષરધામમાં જાશે તે નક્કી થઈ ગયું'' જતનબા બોલ્યા.

થાળીમાં ઘેંસ પીરસીને મહારાજને જમાડયા. દૂધ, દહીંની તાંસળી ભરીને મહારાજને ઘેંસ તથા દૂધનું શિરામણ કરાવ્યું. મહારાજે ચળુ કરી વિદાય લીધી જતનબાએ મહારાજને પ્રેમભરી વિદાય આપી. જતનબાએ ઘેંસ ખાધી એટલી તેનો સ્વાદ અલૌકિક હતો. એટલી મીઠાશ હતી કે ન પૂછો વાત. મહારાજના ધામમાં ગયા પછી જતનબા તે હાંડલીના રોજ દર્શન કરે અને ગળગળા થઈ જાય.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ એક વખત ફરતા ફરતા ડાંગરવા આવ્યા. ડાંગરવાના સત્સંગીઓએ મહારાજનું

સ્વાગત કર્યું. જતનબાના ઘેર આવ્યા. પ્રસાદીનો પોશાક તથા હાંડલીના દર્શન કર્યાં જતનબાએ આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી આરતી ઉતારી મહારાજને યથાશક્તિ ભેટ ધરી . મહારાજે સામે ચાલીને હાંડલી માગી જતનબા બોલ્યા "મહારાજ, હાંડલી તો મારો પ્રાણ છે. મારા પ્રાણ જોઈતા હોય તો આપું. પણ આ હાંડલી જોઈને તો હું જીવું છું. આચાર્ય મહારાજને જતનબાએ હાંડલી ન આપી. હાંડલીની કિંમત કંઈ ન હોતી પણ તેનો સંબંધ શ્રીજીમહારાજ સાથે થયેલો તેની કિમત હતી. *(દંઢાવ્યા દેશની લીલા માંથી)*

● **પૂ. મહારાજશ્રીએ કચ્છમાં ગામે ગામ વિચરીને ભક્તોને ખૂબ સુખો આપ્યા**

પૂ. મહારાજશ્રી ભુજ પધાર્યા ત્યારે એ વખતે સદ્. બ્રહ્માનંદ સ્વામી સદ્ગુરુ શ્રી દેવાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, શુધ્ધાત્માનંદ સ્વામી તથા પાર્ષદ ભગુજી, જોરાજી તથા દેવાજી વગેરે સાથે રહેતા ભુજમાં ધ.ધૂ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રથમવાર પધારતા હોઈ સત્સંગીઓમાં અપૂર્વ ઉત્સાહ હતો. કચ્છ દેશના તમામ હરિભક્તો એ વખતે ભુજ શહેરમાં દર્શને આવેલા અને જાણે સાક્ષાત્ શ્રીજીમહારાજ પધાર્યા હોય એવા ભાવથી મહારાજશ્રીનું સ્વાગત કરવા રાજ્યની તમામ રીયાસત લાવી બહુજ ભારે ઉમંગથી સામૈયું કર્યું હતું.

મહારાજશ્રી દરરોજ મોટી સભાઓ ભરતા સદ્ગુરુઓ ઉપદેશની વાતો કરી પોતાના શુધ્ધ ચારિત્રની છાપ નગરવાસીઓ ઉપર પાડતા રાત્રે વાજિંત્રો સાથે ભજન કીર્તન થતાં સવારની સભા કરી સત્સંગીઓના ઘરે મહારાજશ્રી પધરામણીએ પધારતા. કચ્છ દેશના લોકોની પ્રાર્થનાથી આચાર્યશ્રી કચ્છને ગામડે નાનામાં નાના હરિભક્તને આંગણે પધરામણીએ સંતોની સાથે પધારતા. આવી રીતે



Final



લગભગ એક માસ કચ્છ દેશમાં રહી હરિભક્તોને અપૂર્વ સુખ આપેલું હતું. *(સદ્.બ્રહ્માનંદ સ્વામી જીવનદર્શનમાંથી પાના ૩૪૦)*

● **પૂ.મહારાજશ્રીનું મચ્છુ કાંઠા આદિ ગામમાં વિચરણ**

પરમ કૃપાળુ સર્વાવતારી શ્રી હરિના લાડીલા આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને હળવદ, ધ્રાંગધ્રા, મચ્છું કાંઠાના હરિભક્તોએ પ્રાર્થના પૂર્વક કહ્યું જે, મહારાજ ! અમારા દેશમાં પધારો અને દર્શન આપો."

પછી ભક્તોની પ્રાર્થના સ્વીકારીને પૂ. મહારાજશ્રી હળવદ જવા માટે સદ્. ઉત્તમાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, નિયમાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, નિલકંઠાનંદ સ્વામી, શાંતાનંદ બ્રહ્મચારી તથા ગોપાળજી ત્રવાડી વગેરે સંત હરિ ભક્તો સાથે લઈને ચાલ્યા.

મહારાજશ્રી કીર્તન કરતા. બ્રહ્મચારી અવિનાશાનંદ તે લખતા, ગવૈયા જિષ્ણુદાસજી, નંદકિશોરદાસજી, હરિકૃષ્ણદાસજી આદિ સર્વે હમેશાં ગાવણું કરતા. તે સર્વે સાથે લઈને મુળીથી ટીકર થઈ સેડલા પધાર્યા. ત્યાં ભકતોને ખૂબ સમાગમનું સુખ આપીને ત્યાંથી સંત મંડળે સહિત મહારાજશ્રી કોંઢ, ગોળી ને કોઈબા આદિ ગામોમાં થઈ હળવદ પધાર્યા. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૮)*

● **શ્રીહરિના પાર્થિવ દેહનું વિમાન અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ આદિએ ઉપાડ્યું**

શ્રીજીમહારાજ સ્વધામ જાવા તૈયાર થયા ત્યારે એક દિવસે દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે સભા કરીને બેઠા હતા ને તે સભામાં રામપ્રતાપજી મહારાજ, ગોપાળજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી, દાદો ખાચર, સુરો ખાચર તથા પાળા મીયાંજી અને રતનજી આદિક સર્વે બેઠા

હતા. ને એક કોરે જીવુબા, લાડુબા ને રાજબા વગેરે બાઈઓ બેઠા હતા. તે વખતે મહારાજે સૌને કહ્યું, "હવે અમને રજા આપો અમારે ધામમાં જાવું છે." તે સાંભળી સૌને મૂર્છા આવી ગઈ ને સર્વેએ કહ્યું, "હે મહારાજ ! અમને સાથે લઈને ધામમાં જાઓ તો ઠીક" પછી મહારાજે સૌને ધીરજ દીધી ને સમજાવ્યા ને કહ્યું અમે જે ધારીને આવ્યા હતા તે કામ બધું થઈ રહ્યું છે. ને મોટા ધામ બાંધ્યાં, આચાર્ય કર્યા, દેવ પધરાવ્યા શિક્ષાપત્રી કરી તથા મોટા ગ્રંથ કર્યા ને તેમાં સૌ સૌના ધર્મ બાંધી દીધા માટે શિક્ષાપત્રી પ્રમાણે વર્તજો ને આ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં સૌ રહેજો.

આજથી તે અમારે ઠેકાણે છે ને અમારી વાંસે કોઈએ શોક કરવો નહિ. ને કોઈએ આત્મઘાત કરવો નહિ. આવી રીતે શ્રીહરિએ સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમ ને દિને મધ્યાહ્ન સમે દેહોત્સર્ગ કર્યો તે વખતે અનંત કોટી અક્ષરમુક્તો વિમાનો લઈને આવ્યા ને સર્વે સ્થળે તેજ તેજ છવાઈ રહ્યું ને તે વિમાનમાં બેસીને મહારાજ અક્ષરધામમાં ગયા તે અક્ષરમુક્તોએ તથા અનંત ધામના મુક્તોએ ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરીને ચંદનનો વરસાદ કર્યો ને મહારાજને નવરાવી, ધોળું ધોતિયું પહેરાવીને રઘુવીરજી મહારાજે પૂજા કરીને આરતી ઉતારી ને વિમાનમાં બેસાર્યા ને તે વિમાન રઘુવીરજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાળજી મહારાજ અને વૃન્દાવનજી મહારાજ એ ચાર જણે ઉપાડ્યું ને અગરચંદન અને કપુર વગેરેથી ચિતા રચીને રઘુવીરજી મહારાજે અગ્નિ સંસ્કાર કર્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૨ વાર્તા - ૩૧૭)*

- **શ્રીહરિની ઉત્તર ક્રિયા બંને આચાર્યશ્રીએ સૌ સૌની રીતે કરી**

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી એ બન્ને તથા ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી અને ધ.ધુ.



Final



રઘુવીરજી મહારાજશ્રી વગેરેને બોલાવી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની ઉત્તરક્રિયા વિષેનો યોગ્ય વિચાર કરવા કહ્યું, ને બોલાવ્યા તેથી સહુ આવ્યા અને શ્રી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા સાંભળી સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદસ્વામી બોલ્યા કે, "મહારાજની ઉત્તર ક્રિયાનું જે ખર્ચ આવે તે બન્ને આચાર્યે સરખું ભરવું અને બંનેના દેશના હરિભક્તો તરફથી જે જે ઉપજ ભેટ સામગ્રી રોકડ વગેરે જે કંઈ આવે તે તેણે સહુ સહુએ રાખવી." તે સાંભળી સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ કહે કે, "સ્વામી ! એ ઠીક ન કહેવાય ? એમ નથી કરવું ઉપજ પણ સહીયારી અને ખર્ચ પણ સહીયારૂં કરવું." તે સાંભળી નિત્યાનંદ સ્વામી કહે કે, અમારે તેમ નથી કરવું અમારા દેશનાને અમે જમાડશું અને ઉપજ પણ સહુ સહુની સહુએ લેવી પછી એ ઠરાવ શ્રીગોપાળાનંદ સ્વામીએ માન્ય રાખ્યો. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ પોતાના દેશનો પંઠો રામપ્રતાપભાઈના વંડામાં કર્યો. અને નિત્યાનંદ સ્વામીએ દાદાખાચરના દરબારમાં કર્યો હતો.

ઉત્તરક્રિયા બાદ બન્ને આચાર્યશ્રીને સૌ સૌના દેશમાં જઈને રહેવાની આજ્ઞા ગોપાળાનંદ સ્વામીએ કરી અને ગઢડાની શ્રીજીપ્રસાદીની વસ્તુઓ પુસ્તકો વગેરે પદાર્થોના સરખા હિસ્સા (ભાગ) પાડી ચીઠીઓ નાખી સહુ સહુને કબજો સોપ્યો.

- **મુળી મંદિરનો લેખ દાદાખાચરે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને આપ્યો**

શ્રીહરિ ધામમાં ગયા પછી દાદાખાચરે અને મૂળજી શેઠે આવી મુળી મંદિરનો લેખ (ત્રાંબાને પત્રે યાવત્ ચંદ્ર દીવા કરૌ) હતો તે લાવી શ્રી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, "સ્વામી ! શ્રીજીમહારાજ છેલ્લે ભલામણ કરી ગયા છે કે, બ્રહ્મમુનિને કહેજો કે, મુળી મંદિર જલ્દી પુરુ કરે અને આ લેખ તેમને સોંપજો" એમ કહેતા શ્રી ગોપાળાનંદ સ્વામીએ પણ એવાજ વચનો કહીને સ્વામીના હાથમાં મુળી મંદિરનો

લેખ સોંપ્યો. સ્વામીએ શ્રીજીમહારાજની ઉત્તરક્રિયા પછી એ લેખ સંભાળવાનું કહી દાદાખાચરના પટારામાં એ લેખ મેલાવ્યો અને પછી અયોધ્યાપ્રસાદજી જ્યારે અમદાવાદ પધાર્યા ત્યારે તેમને દાદા ખાચરે તે લેખ સોંપ્યો હતો.

- **મુળી મંદિર માટે સુવાસિનીબા તથા સુનંદાબાનું મહત્વનું યોગદાન**

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે અમદાવાદમાં આવી રહ્યા એક દહાડો આચાર્ય મહારાજે સ્વામીને શ્રીજી વચનની યાદી આપી મુળીનું મંદિર પૂર્ણ કરવાનું કહ્યું, સ્વામીએ તે આજ્ઞા શિર ચડાવી, બીજે જ દિવસે મુળી જવાનું પ્રયાણ કરતાં આચાર્ય મહારાજશ્રીએ પોતાના થાળની પ્રસાદી સ્વામીને આપી અને સ્વામી સાથે જનારા સહુ સંતો પાર્ષદોને મળ્યા અને શ્રી બ્રહ્માનંદ સ્વામીને મળીને ફૂલનો મોટો હાર પહેરાવ્યો, પછી સ્વામી મહારાજશ્રીને દંડવત કરી, નરનારાયણ દેવના દર્શન કરવા મંદિર ઉપર ગયા એ વાતની જાણ (અયોધ્યાપ્રસાદજી મહારાજનાં) વહુજી મહારાજને થતાં તેણે સ્વામીશ્રીને પાર્ષદ મારફત કહેરાવ્યું કે, ''શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે મુળીનું મંદિર સર્વ શ્રેષ્ઠ બનાવજો. અને આ સાથે મોકલેલ ઘરેણાની નાની પેટી છે. તેમાંથી ઘરેણાં વટાવી મંદિરના ઉપયોગમાં લેજો.''

શ્રી વહુજી મહારાજશ્રીનો મંદિર પ્રત્યેનો આગ્રહ અને પોતાના સ્ત્રી ધનનાં ઘરેણા વેચી શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરવું વગેરે હકીકત જાણીને સ્વામી બહુ જ રાજી થયા. અને ઘરેણાં પાછા મોકલાવ્યા પરંતુ શ્રી વહુજી મહારાજે તે નહિ રાખતાં, સ્વામીશ્રીને ન છૂટકે તે સાથે લઈ જવા ફરજ પાડી. મંદિરનો ત્રાંબા પતરાનો લેખ અને તેની હદ દિશાના વર્ણન તથા દરબારની સહી વાળો



Final



કાગળનો (વાડીનો)લેખ જે એક કપડામાં વીંટી શ્રીજીએ દાદા ખાચરને આપેલ, તે જ સ્થિતિમાં આચાર્ય મહારાજે સ્વામીને સોંપ્યો.

ગઢપુરથી બ્રહ્માનંદ સ્વામીને મુળીએ મંદિર કરવા મહારાજની આજ્ઞાથી આવવાનું હતું. ત્યારે પૂ. સુવાસિનીબાએ પોતાના પગના પહેરવાના ચાંદીના બહુ ભારે તોડા એ વખતે આપેલા પરંતુ બ્રહ્મમુનિએ તે તોડા પ્રસાદીના જાણીને સાચવી રાખેલા હતા તે યદપિ હાલ મુળીમાં છે. *(બ્રહ્મમુનિ જીવન દર્શન પાના ૨૯૯ થી ૩૦૨)*

- **મુળી શિખરબધ્ધ મંદિર પૂર્ણ થતાં પ્રતિષ્ઠા**

પરમ કૃપાળુ, શ્રીહરિએ વિ.સં.૧૮૭૯ના મહાસુદ પાંચમના રોજ મુળીમાં રંગ મહોલમાં સ્વહસ્તે રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા આરતી કરેલ હતી. ને સૌ પ્રથમ દેવ સેવામાં ઘેલા જોષીને રાખ્યા હતા. મંદિર પૂર્ણ થતાં તે મૂર્તિઓની પ્રતિષ્ઠા પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્મમુનિયે મળીને ખૂબ જ ભવ્યતાથી કરી હતી. મુળી મંદિર તૈયાર થતાં સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ અમદાવાદ ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીને પત્ર લખી જણાવેલ કે મૂર્તિઓ પધરાવવા યોગ્ય મંદિર તૈયાર થયું છે. માટે શુભ મુહૂર્ત નક્કી કરી દેશાવરમાં કંકોત્રીઓ લખાવી મોકલી, આપ ધર્મકુળ સહિત મુળી પધારો.

પૂ. મહારાજ પધાર્યા અને ગઢપુરથી સદ્. ગોપાળાનંદ સ્વામી પધાર્યા અને ખૂબ ધામ ધૂમ પૂર્વક વિ.સં. ૧૮૮૮ના મહા સુદી પંચમીના રોજ શિખર બધ્ધ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને ખૂબ જયજયકાર કર્યો.

- **મુળી મંદિરમાં અયોધ્યાપ્રસાદજી સાથે દિવ્યસ્વરૂપે શ્રીહરિ પીરસતા હતા**

અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં વસંત પંચમીના સમૈયા ઉપર પધાર્યા હતા. તે સમૈયે દેશદેશના સત્સંગીઓ તથા લક્ષ્મીનારાયણ

દેશના સંત હરિભક્તો તથા ગઢડાથી દાદાખાચર અને મોટીબા પણ આવ્યાં હતાં. તેમાં દાદાખાચરના દીકરા બાવા ખાચર તથા અમરા ખાચર, નાગમાલાના દીકરા કાંથડ માલા. સુરા ખાચરના દીકરા નાથા ખાચર અને બોટાદના ભગા દોશી, શિવલાલભાઈ આદિ હરિભક્ત આવ્યા. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, સિધ્ધાનંદ સ્વામી, અદ્‌ભૂતાનંદ સ્વામી આદિ આવ્યા. આ દેશના મોટા સંતો સ.ગુ.શ્રી મહાનુભાવાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી, રઘુનાથાનંદ સ્વામી, આદિ ઘણા સાધુ અને હરિભક્ત આવ્યા હતા અને સમૈયો બહુ સારો થયો.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ સર્વ સંઘને જલેબી, મોતૈયા લાડુ, ઘેબર, મોહનથાળની સારી રસોઈ કરાવીને પંક્તિમાં પીરસતા હતા. તે સમે અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે શ્રીજીમહારાજને પંક્તિમાં ફરતા દેખી મોટીબા તથા દાદાખાચર ઘણો આનંદ પામ્યાં તે જેમ ગઢપુરમાં બિરાજતા હતા અને જેમ સંતોને જમાડતા તે પ્રેમ હતો તેમ શ્રીજીમહારાજને મુળીમાં પણ સંતોને પ્રેમે જમાડતા જોઈ દાદાખાચર અને મોટીબાને એમ થયું જે શ્રીજી તો પ્રત્યક્ષ છે. પછી તેઓએ મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજીને પ્રાર્થના કરી કહ્યું જે, "બીજી રસોઈ, જલેબી તથા સાટાની વગેરેની કરાવો અને જેટલો માલ જોઈતો હોય તેથી બમણો કરાવો, કેમકે મને શ્રીજીમહારાજે સ્વયં કહ્યું છે, માટે બમણી રસોઈ કરાવો."

બીજી રસોઈ માટે સાટા, જલેબી, કરાવ્યા અને ત્રીજી રસોઈ માટે ઘેબર બનાવ્યા. પછી ચોક વચ્ચે પંક્તિ કરાવી અને રંગોળી પુરાવી, કેળ્યું રોપાવી, અગરબત્તીના ધૂપ કરાવ્યા. પંક્તિમાં સાધુ પંચવર્તમાનનું બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન બોલે તે સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજે કેડબાંધી અને શ્રીજીમહારાજે પણ કેડ બાંધી પીરસવા



Final



પધાર્યા. તે જોઈ દાદાખાચર અને મોટીબાને સંશય હતો ને નિવૃત્ત થયો. પોતાના મનમાં એમ રહેતું જે મહારાજ ગઢપુર મેલીને ક્યાંય જતા નથી, એમ હતું તે મટી ગયું અને એમ થયું જે શ્રીજીમહારાજ સર્વવ્યાપક છે અને જયાં એમણે મંદિર કર્યા છે ત્યાં તો પ્રત્યક્ષ છે એમ થયું. પંક્તિમાં ફરતા એવા શ્રીહરિ તેમને મોટીબાએ કહ્યું જે, "ગઢપુરની જેમ બે દિવસની રસોઈ એક દિવસમાં જમાડો તો રાજી થાઉં." એવી રીતે મોટીબાએ કહ્યું એટલે બે દિવસની રસોઈ સાટા જલેબી જમાડી દીધાં. પછી ત્રીજા દિવસની રસોઈ માટે જે ઘેબર બનાવ્યા હતા તે પણ જમાડી દીધાં અને સાધુને તો જમાડી ચકચૂર કર્યા અને એમ થયું જે આવું તો કોઈ દિવસ જમાયું નથી. આ તો અદ્‌ભૂત પરચો થયો.

પછી મહારાજની પૂજા કરવા સારું દાદાખાચરે પ્રાર્થના કરી ત્યારે અયોધ્યાપ્રસાદજી બોલ્યા જે, " હવે તો દેશ વહેચેલ છે તો કેમ કરશું ?"

દાદાખાચર કહે; " અમે તો બન્ને દેશમાં છીએ. જ્યારે વહેંચણી કરેલ તે દિવસે મહારાજ પાસે અમોએ માગેલ છે તેથી અમે પૂજા કરીએ તેનો તમારે બાધ નથી એમ કહ્યું." એટલે મહારાજે હા પાડી.

બપોર પછી સાંજે સભા થઈ તે સમયે મહારાજને શેલું પાઘડી, કિનખાબની ડગલી અને સોનાનો દોરો પહેરાવ્યો. સાધુ બ્રહ્મચારીને ધોતિયા ઓઢાડ્યાં. ચંદન, પુષ્પે કરી પૂજા કરી પછી આરતી ઉતારી. એવી રીતે તેમના જે મનોરથ હતા તે પૂર્ણ કર્યા.

મોટીબાએ કહ્યું જે, "આ કેશવપ્રસાદજી મહારાજની મારે પૂજા કરાવવી છે." કેશવપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "હું માગું તેમ મને આપો તો પૂજા માની લઈશ."

મોટીબાએ કહ્યું; માગો. ત્યારે કેશવપ્રસાદજી મહારાજ કહે; "તમે પૂજા કરો છો તે ચરણારવિંદ ને મહારાજનો સુરવાલ, શેલું,

રૂમાલને હાથમાં રાખતા તે સોટી તેટલી પ્રસાદીની વસ્તુ મને આપો.''

ત્યારે મોટીબા કહે; ''ભલે''પછી પોતાની પાસે ચરણારવિંદ હતાં તે તરત આપ્યાં અને કહ્યું કે, ''સુરવાલ આદિ તમે ગઢડે આવશો ત્યારે આપીશ'' પછી કેશવપ્રસાદજીમહારાજ ગઢડે ગયા. એ મોટીબા પાસેથી પ્રસાદીની વસ્તુઓ લીધી અને જીવા ખાચરના ઘેરથી એક જામો, શેલું, તરવાર એટલી વસ્તુ પ્રસાદીની લાવ્યા. (આ પ્રસાદીના ચરર્ણાવિંદ પૂ. કેશવપ્રસાદજી મહારાજે હાલારમાં ધૂડકોટ ગામમાં મંદિરમાં પધરાવ્યા છે તેમાં ઘણી વખત તેજ નીકળતું ને તેના દર્શન કરવા ખૂબ હરિભક્તો આવતા.) *(સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૩૫)*

- **પૂ. મહારાજશ્રીએ મુળી ઉપર અતિકૃપા વરસાવી**

એક સમયે શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં બિરાજમાન હતા. તે સમયે તેઓ ત્યાં બે માસ રહ્યા હતા. દેશ દેશના હરિભક્તો તથા સર્વે સાધુ, બ્રહ્મચારીની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે સર્વ સાધુ બ્રહ્મચારી તથા હરિભક્તોએ પ્રાર્થના કરી કહ્યું, ''હમણાં અહીં રહી સર્વેને દર્શન તથા વાતોનું સુખ આપો. આવી ભક્તજનોની પ્રાર્થનાને ધ્યાનમાં લઈને પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે મુળી ઉપર અતિ મહેરબાન થઈ ખૂબ કૃપા વર્ષા કરીને ખૂબ સુખો આપ્યા છે જે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' લાભ મુળી પ્રદેશના ભક્તજનોને મળ્યો છે.'' *(સદ્.શ્રીતદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ -૧)*

- **પૂ. મહારાજશ્રીના હાજરીમાં સદ્. શ્રી બ્રહ્માનંદમુનિયે દેહોત્સર્ગ કર્યો**

આપણા આદિ ગુરુ સદ્.શ્રી બ્રહ્માનંદ સ્વામીએ સ્વધામ જવાની તૈયારી પૂર્વે સ્વસ્થ થઈ શ્રીહરિકૃષ્ણ મહારાજને જળ ધરાવીને પીવા માગ્યું એ પ્રસાદીનું જળપાન કરી સર્વે સંતો સન્મુખ જોઈને



Final



કહેવા લાગ્યા કે, ''જ્યા જ્યાં આપણા મંડળના સાધુઓ દેશમાં ફરવા ગયા હોય ત્યાં ત્યાંથી સહુ સંતોને મુળીએ તેડાવી લ્યો. તેમજ પાર્ષદ ભગુજી ઊંટ લઈને અમદાવાદ જાય અને ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને તથા એક પાર્ષદ ગઢપુર જઈને સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીશ્રીને આહીં તેડી લાવે. તેવા કાગળો લખી મોકલો. ઉપર મુજબ કહીને પોતાને તે શ્રીજી પ્રસાદીનો સિતાર સદ્ગુરુ શ્રી દેવાનંદ સ્વામીના હાથમાં આપીને પોતે કહ્યું કે આજથી આ સિતાર હવે હું તમને સોપું છું. અને તમો આ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સન્મુખ બેસીને દરરોજ ચાર પદો મહારાજશ્રીને ગાઈ સંભળાવજો. શ્રીજીમહારાજ આ મૂર્તિમાં પ્રગટ બિરાજે છે. એમ ભલામણ કરીને મૂર્તિને દંડવત્ કરી પગે લાગી સહુ સંતો વગેરેને જય સ્વામિનારાયણ ઉંચે સાદે કરીને શૃંગાર આરતીના દર્શન કરી પોતાને આસને પધાર્યા.''

શ્રીજીના હજુરી પાર્ષદ ભગુજી પોતાના મારવાડી કાળા ઊંટ ઉપર સ્વાર થઈ પત્ર લઈ અમદાવાદ આવ્યા. ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી એ પત્ર વાંચી તુરત જ મોટેરા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો હરિભક્તો, વગેરેની સાથે અમદાવાદથી મુળીએ પધાર્યા.

ગઢપુર પત્ર લઈ જોરાજી ગયા હતા. અતિવૃષ્ટિને અંગે સદ્ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામીશ્રીની શારીરિક પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેઓ મુળી આવી શક્યા નહીં પરંતુ મહાન વૈરાગ્ય મૂર્તિ સદ્ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામીને પત્ર લખી આપી મુળીએ જવા આજ્ઞા કરી. એટલે સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી બીજા સાધુઓની સાથે પાર્ષદ જોરાજી સાથે વરસતે વરસાદે મુળી આવ્યા. અને બ્રહ્મમુનિને મળીને સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના જય સ્વામિનારાયણ કહીને પત્ર આપ્યો દેશમાં ફરવા ગયેલા સંત મંડળો પણ સમાચાર સાંભળતાં તુરત જ મુળીમાં આવ્યા જુનાગઢથી સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીએ

આવીને સ્વામીને દંડવત્ કર્યા. ત્યારે સ્વામી કહે "જોગી આવી ગયા"? ગુણાતીતાનંદ સ્વામી કહે, "હા સ્વામી " કહી પગે લાગતા સ્વામીએ પ્રસાદીની ધાબળી આપી. સંતોની સભા સન્મુખ જોઈ બ્રહ્મમુનિ એ નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું કે, "કચ્છના રણમાં મારી સાથે જે સંતો હતા. તે સહુએ આવી પહોચ્યા ? એ સાંભળી તે સૌએ કહ્યું જે, સ્વામી ! અમો સૌ આપશ્રીની સેવામાં હાજર છીએ. કંઈ આજ્ઞા હોય તો ફરમાવો. પછી સ્વામીશ્રીએ ઉતારેથી આચાર્ય મહારાજશ્રીને તેડી લાવવાની આજ્ઞા કરી તેથી મહારાજશ્રી પણ થાળ જમીને સ્વામીની પાસે તુરતજ પધાર્યા.

સ્વામીશ્રીને પીઠ કુક્ષિ પાસે એક નાની ફોડલી થઈ હતી. અને તેની પીડાથી શરીરમાં થોડો જવર પણ હતો, તેથી સ્વામીશ્રી પોતાના આસને રહેતી પૈડાઓ વાળી લાકડાની મોટી પાટ ઉપર તકિયા ઓઠીગણ દઈ એક પડખે સુતા હતા. અને સ્વામીશ્રીની સન્મુખ આચાર્ય મહારાજશ્રી ખુરશી ઉપર બિરાજ્યા હતા. તેમજ અન્ય સંતો પાર્ષદો વગેરે સ્વામીશ્રીના આસનની આસપાસ વીંટાઈ વળી બેઠા હતા. એ સમયે સ્વામીશ્રી આચાર્ય મહારાજશ્રી સામી દ્રષ્ટિ માંડી સહુ સભાને ઉદેશીને કહેવા લાગ્યા કે, "જ્યારે હું વડતાલમાં મંદિર કરાવતો હતો. ત્યારે મંદિરને ફરતો પરથાર પૂરો થયો અને ઉપરથી ઘુંમટી વળી રહી ત્યારે શ્રીજીમહારાજ મને પોતાની સાથે લઈ ગયા હતા. તેવી જ રીતે હું જ્યારે જુનાગઢનું મંદિર ચણાવતો હતો ત્યારે પણ જ્યારે મંદિર ફરતો પરથાર પૂરો થયો અને ઉપરની ઘુંમટીઓ વળી રહી ત્યારે મને શ્રીજીમહારાજે ત્યાંથી બોલાવી પોતાની પાસે રાખ્યો હતો. એ જ પ્રમાણે આંહી (મુળીમાં) મંદિરનો પરથાર પુરો થઈ જતાં ઉપરની ઘુંમટીઓ વળાઈ રહી છે. શિખરો પણ થઈ રહ્યા છે, માટે જરૂર શ્રીજીમહારાજ મને ધામમાં તેડી જશે તો કોઈએ તે વાતનો શોક કરવો નહીં. એમ કહીને સ્વામીએ સર્વને સંપ રાખવા



Final



ભલામણ કરી ત્યાં રાજભોગની આરતી થતાં સહુએ ઠાકોરજીના દર્શન કરીને "વાસુદેવ હરે" કર્યા. એ વખતે શ્રી વાસુદેવાનંદજી બ્રહ્મચારી શ્રીહરિકૃષ્ણ મહારાજશ્રીના થાળની પ્રસાદીમાંથી સાકર નાખી કઢેલુ દૂધ અને દાળ ભાત વગેરે લાવ્યા. સ્વામીશ્રી આચાર્ય મહારાજશ્રીની હાજરીમાં પોતાના કાષ્ઠના પત્તરમાં તે દૂધ અને થોડો ભાત નખાવી પોતાના હાથથી પાણીનું ચાપવું ભરી તેમાં મેળવી. "જય ઘનશ્યામ" બોલીને તે બધું પી ગયા, પછી ચળુ કરી પોતાની નાની તુંબડીમાં રહેતા પ્રસાદી જળનું પાન કરીને તકિયે ઓઠીગણ દઈને જરા આડે પડખે થયા.

પછી સ્વામીએ સર્વે સભાને નમસ્કાર કરીને ધૂન્ય કરવાની આજ્ઞા કરી પોતે પદ્માસન વાળી શ્રીજીમહારાજની મૂર્તિ સન્મુખ અનિમેષ દ્રષ્ટિ રાખી, જમણા કરમાં માળા રાખી, કંઠસ્થાનમાં "સ્વામિનારાયણ" મહામંત્રનો જાપ જપી, ભજન કરવા લાગ્યા તેટલામાં તો ઓરડામાં મહા શિતળ શાન્ત તેજ છવાઈ રહ્યું. અને બાનારાજ થયા, હેર મંદિરમાં શિખરો ઉપર પણ અંતરિક્ષમાં અનંત મુક્તોના વિમાનો છવાઈ રહ્યા, એ સમયે સ્વામીશ્રી ઉપર દિવ્ય ચંદન પૂષ્પોની વૃષ્ટિ થઈ ત્યારે સ્વામીશ્રીએ પોતાના બન્ને હાથ જોડી સૌને ઉંચે સ્વરે જય સ્વામિનારાયણ કર્યા. અને તુરત જ શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે સ્વામીશ્રીને ધામમાં તેડી જવા પધાર્યા એવાં સૌને દિવ્ય તેજોમય દર્શન થયાં તે વખતે સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના મુખારવિંદમાંથી તેજોમય દિવ્ય અદ્‌ભૂત મૂર્તિ નીકળી તેને શ્રીજીમહારાજે લઈને (પોતાની અંકમાં પધરાવી) પોતાના દિવ્ય વિમાનમાં બિરાજી જય જયના નાદો સાથે સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી ગયા.

પછી સ્વામીશ્રીના પંચભૂતના દેહને સ્નાન કરાવી ભગવાં વસ્ત્રો ધારણ કરાવી, સ્વામીશ્રીએ પોતાના સ્વહસ્તે બાંધેલો મોટો રૂમાલ

(પાઘ) એક ખીંટી ઉપર રખાવેલ હતો તે મસ્તકે ધરાવી ચંદન ચર્ચી તિલક ચાંદલો કરી. પુષ્પોના ઘણા હારો કંઠમાં પહેરાવી સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તથા દેવાનંદ સ્વામીએ આરતી ઉતારી અને સહુએ સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ કર્યા પછી ઉત્તમ વિમાનમાં પધરાવી ઉત્સવ કીર્તનો કરતા કરતા ભોગવતી નદીમાં પૂર્વ કિનારે મંદિરથી ઉત્તર દિશામાં ચંદન કાષ્ઠની ચિતામાં શરીરે ઘૃતનું લેપન કરી તુલસી પીપળો, સુખડ અને શ્રીફળ વગેરેમાં દેહનો અગ્નિ સંસ્કાર કર્યો તે પછી ભોગવતી ગંગામાં આચાર્ય મહારાજશ્રી તથા સંત હરિભક્તોએ સ્નાન કર્યું. *(બ્રહ્માનંદ જીવન પાના ૩૫૪-૫-૬)*

● **પૂ. મહારાજશ્રી વખતસિંહને વર આપી અંતે શ્રીહરિ સાથે તેડવા આવ્યા**

મુળી મંદિરમાં બ્રહ્માનંદ સ્વામી મંદિર કરાવતા હતા. એક વખત સભા ભરાઈને બેઠી હતી તે સમે સર્વે ગરાસિયા દરબારો આવીને આગળ બેઠા. ત્યાં રઘાભાઈએ બ્રહ્મમુનિને કહ્યું જે, ‘‘દરબાર રામાભાઈને દીકરા નથી; તે તમો મહારાજને પ્રાર્થના કરી વર આપો તો થાય.’’

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ‘‘બે દીકરા થશે’’ એવો વર આપ્યો પછી પ્રથમ વખતસિંહજી અને બીજા સરતાનસિંહજી એમ બે દીકરા થયા.

વખતસિંહજી તો વાસુદેવાનંદ સ્વામી પાસે સમાગમ માટે આવતા અને વાતુ સાંભળતા સ્વામીએ વાત કરીને કહ્યું જે, તમો રઘુરાજાનો અવતાર છો. તમોને પ્રગટની ઉપાસના ન હતી માટે તમારે આટલા જન્મ લેવા પડયા. તો હવે પ્રગટની ઉપાસના કરી સર્વે ઠેકાણેથી વાસના તોડી ભગવાન સાથે જોડાઓ. વાસુદેવાનંદ સ્વામીએ વખતસિંહજીને પૂર્વ જન્મનું જ્ઞાન કરાવ્યું કેટલીક વાર રાજા થયા, કેટલીક વાર રાજાના સુખ ભોગવ્યા સ્ત્રીઓનાં સુખ ભોગવ્યાં, દિકરાના સુખ ભોગવ્યા તે દેખાડ્યું એવા સુખ દુઃખ નજરે જોઈ તેઓ



Final



કંટાળી ગયા અને સ્વામીને પ્રાર્થના કરી જે, ‘‘હે સ્વામી ! આવા દુઃખ તો ઘણી વાર ભોગવ્યા છે, માટે એ દુઃખથી મુક્ત થવું ઘણું સારું. તેથી તમારો સમાગમ માગું છું. તમારા સમાગમે કરી દેહને વિષે અહ્‌મ બુધ્ધિ, રાજને વિષે મમત્ત્વ બુધ્ધિ છે તેનો ત્યાગ કરાવી મને સંતનો સમાગમ કાયમ થાય, જેણે કરી આત્મા પરમાત્માનું જ્ઞાન થાય એવી કૃપા કરો.’’

એમ કહી દિન-પ્રતિદિન સમાગમ કરતા અને વંડાની જમીન તથા ખાતરી મંદિરમાં આપી. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે વર આપ્યો જે, ‘‘વખતસિંહજી ! તમને હું તેડવા આવીશ.’’ મરણને ચાર માસ બાકી રહ્યા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે આવી રાજા વખતસિંહજીને કહ્યુ; ‘‘તમારે ચાર માસનું આયુષ્ય બાકી છે. ચાર માસ પુરા થશે એટલે શ્રીજીમહારાજ સાથે હું તેડવા આવીશ.’’એમ કહી અદૃશ્ય થઈ ગયા. જ્યારે ચાર માસમાં ચાર દિવસ બાકી રહ્યા ત્યારે આવીને કહ્યું; ‘‘પરવારવું હોય ને દાન પુણ્ય કરવું હોય તો કરી લ્યો.’’

ત્યારે બ્રાહ્મણની ચોરાશી કરી. મંદિરમાં રસોઈ દઈ સાધુને ધોતિયા ઓઢાડી. ઠાકોરજીને થાળ તથા વસ્ત્ર, ઘરેણાં ચડાવ્યા. બ્રાહ્મણને બે બે હજાર રૂપિયા દક્ષિણા આપી. અષ્ટ મહાદાન આપી સર્વ સાધુને બોલાવી પગે લાગી કહ્યું જે, ‘‘મારો અપરાધ હોય તે માફ કરજો.’’ એવી રીતે વિનય સહિત પ્રાર્થના કરી. ચોથા દિવસે શ્રીજીમહારાજ અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે વિમાન લઈ તેમને તેડવા આવ્યા. સાથે અનંત મુક્ત આવ્યા, તે કેટલાક માણસો દેખતા હવા. કેટલીક બાઈઓ જોઈને કહે અહો, ભગવાનમાં તો અનંત ચમત્કાર છે જ ‘‘એવી રીતે ઘણા માણસોએ જોયા. આવી રીતે મુળીપુરમાં રાજાને શ્રીજીમહારાજ ધામમાં લઈ જતા હવા. આ વાત મેં નજરે જોયેલ છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૨૫)*

● **શ્રીજીમહારાજ સાથે ગઢપુરથી મુળી વિચરણ**

ગઢપુરથી એક સમયે મહારાજ શિયાણી આવ્યા ત્યાં હરિભક્તો શ્રીહરિને આવતા જોઈ સામા ગયા. તેમાં શિવરામ ભટ્ટ, તેમના પુત્ર મોરારજી, રામચંદ્ર ભટ્ટ, વિઠ્ઠલજી પંડયા, પુરુષોત્તમ પંડ્યા, દવે નાનજી, દવે પ્રભુજી, કલ્યાણજી પાઠક આદિ વિપ્ર તથા ગરાસિયા પથાભાઈ, વણિક ભીમા વોરા, રૂપા વોરા, મુલજી વોરા, મેઘજી રાજા પટેલ, મેઘા પટેલ, ડોસા પટેલ, રઘુભાઈ દેપાળા, રતના ભગત, વસ્તા ભગત, મીઠો સઈ (દરજી), રાજાભાઈ આદિ હરિભક્ત તે શ્રીજીમહારાજને વાજતે - ગાજતે શિયાણીમાં પધરાવતા હવા. સાધુ, પાર્ષદોને ઉતારો કરાવતા હવા. શ્રીહરિ સાથે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ પાંચસો પરમહંસ ને રામપ્રતાપભાઈ, ઈચ્છારામભાઈ, નંદરામભાઈ, ઠાકોરરામ, ગોપાળજી, બદ્રિનાથજી, સીતારામ, વૃન્દ્રાવનજી, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ આદિ ધર્મકુળ, દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, મામૈયા પટગર, નાગમાલા, નાજા જોગિયા, ભગુજી, રતનજી, મિંયાજી, કમુ, જોરાજી આદિ પાર્ષદો તેણે સહિત સૌને ઉતારો કરાવી શીરા, પૂરીની રસોઈ કરાવી સર્વને જમાડ્યા.

ત્યાંથી શ્રીહરિ તાવી, દેવળિયા, ભાથરિયા, ભડવાણા, તરમણિયા, લખતર, વણા, ભદ્રેશી, વઢવાણ, ખેરાળી, લીમલી થઈ મુળી પધાર્યા. (સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭) આવી જ રીતે બીજીવાર ગઢપુરથી શિયાણી, તાવી, દેવળિયા, મછિયાવ, થઈ દંઢાવ્ય દેશમાં શ્રીહરિ સાથે ધર્મકુળનું વિચરણ હતું. તથા કરમડ ગામે દીવાળી ઉપર અન્નકૂટોત્સવ હતો ત્યારે પણ શ્રીહરિ સાથે ધર્મકુળ પરિવારના બધા સાથે હતા. ને ત્યાંથી કંથારિયા વગેરે ગામોમાં વિચરણ કરેલું હતું.



Final



● **પૂ. મહારાજશ્રીએ મુળીમાં ગણપતિ પૂજન કરાવ્યું.**

એક સમે મુળીપુરમાં પૂ. મહારાજશ્રી ઘણું રોકાયા હતા. ને ભક્તજનોને ખૂબ કથા - વાર્તાનું સુખ આપેલું. પૂ. મહારાજશ્રી કહે "ગણપતિ ચોથ આવે છે તો ગણપતિ કરવા જોઈશે તે કોણ કરશે?"

નિર્દોષાનંદ સ્વામીએ કહ્યું જે, "પીતાબંર સુતાર તથા નિષ્કામાનંદ બ્રહ્મચારી એમ બન્ને થઈ ગણપતિ કરશે." આચાર્યશ્રીએ પીતાંબર સુતાર તથા નિષ્કામાનંદ બ્રહ્મચારી એ બન્ને ને બોલાવી પૂછ્યું; "તમે ગણપતિ કરશો ?"

બન્ને કહે; "મહારાજ ! "ગણપતિ અમે કર્યા નથી પણ આપ કહો તો કરીએ.

મહારાજ કહે; "કરો, આવડશે."

એક કહી માટીનું ગાડું મંગાવી આપ્યું. પીતાંબર સુતાર અને બ્રહ્મચારીએ રાતમાં ગણપતિ રંગી, ત્રીજને દિવસે તૈયાર કર્યા. ચોથને દિવસે સવારમાં ગણપતિ જોઈ મહારાજ કહે; "બહું સારા થયા છે." એમ કહી પીતાંબરને થાળ આપ્યો અને બ્રહ્મચારીને શ્રીજીમહારાજનો થાળ આપ્યો અને કહ્યું; "આ બ્રહ્મચારી બહુ જ બુધ્ધિશાળી છે."

કલા ભગત કહે; "મહારાજ ! એ તો શ્રીજીમહારાજની મૂર્તિઓ પણ કરે છે."

પછી આચાર્યશ્રી કહે; "કરેલી મૂર્તિ હોય તો લાવો. " એટલે તૈયાર મૂર્તિ લાવી આપી. આચાર્યશ્રી જોઈને બહુ પ્રસન્ન થયા અને કહ્યું; "મૂર્તિ કરતા રહેજો તો હાથ રહેશે."

ચોથને દિવસે મધ્યાહ્ને હળવદવાળા ગોર મોરારજી ગણપતિ પૂજવાનો સામાન લાવ્યા શ્રી અયોધ્યાપ્રસાદજી કહે; " પૂજન કરવું છે ?"

આચાર્યશ્રી કહે; "ગણપતિને બેસવા માટે સિંહાસન અને મંડપ બનાવ્યો છે ?"

મોરારજી કહે; “હા, મહારાજ ! ”

તે સમે સર્વે સાધુ તથા હરિભક્તો મળી દર્શન કરવા આવ્યા. મોરારાજી ગોર, હળવદના શુકલ પુરુષોત્તમ, શુકલ માધવજી, વ્યાસ નાગેશ્વર એ સર્વે વેદ મંત્ર બોલતા હવા. તે સમે વાંટાવદરના સોની મહાદેવ, સુતાર હરિભાઈ તથા લાધા ઠક્કર એમને સંકલ્પ થયો જે, આ પુરુષોત્તમ નારાયણના પુત્ર થઈ ગણપતિનું પૂજન શું કારણથી કરતા હશે ?

આમ વિચાર કરે છે. તે સમે તેજનો સમુહ દેખાયો અને તે મધ્યે શ્રીજીની મૂર્તિ તથા ગણપતિ દેખાયા. ગણપતિની પૂજા કરી લાડુના નૈવેદ્ય કરી. આરતી ઉતારી. સર્વ બાઈ - ભાઈને પણ તેજનો સમુહ દેખાયો અને તે તેજને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન થયાં. સર્વનો સંશય મટી ગયો અને એમ જાણ્યું જે, “શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે. તેમાં સંશય કરવા જોગ આપણે નથી.”

“જો સંશય કરીએ તો બ્રહ્માની પેઠે મોહ પામીએ, માટે જેમ શ્રીજીમહારાજે કહ્યું છે. તે ઠીક છે.” એમ સૌને નિશ્ચય થયો એવી રીતે પૂજા કરીને સૌ વિપ્રને દક્ષિણા આપી મહારાજ જમવા પધાર્યા. અને સૌ સંતો અને હરિભક્તો માટે પણ “હરે ” થયા.

સાંજને સમે સભા થઈ. આચાર્ય મહારાજશ્રી સભામાં ગાદી તકિયે બિરાજમાન થયા અને સાધુ કીર્તન બોલતા હતા. સભામાં સર્વે હરિ ભક્તો બેઠા હતા.

કીર્તન બોલી રહ્યા પછી હરિભાઈ સુતારે પ્રશ્ન પૂછ્યો; “મહારાજ ! ગણપતિ પૂજવાનો શો હેતુ ?”

ત્યારે આચાર્યશ્રી કહે; “ગણપતિ તો શ્રી કૃષ્ણનો અવતાર છે તે વ્રતરાજમાં કહ્યું છે; “શ્રી કૃષ્ણભગવાને યુધિષ્ઠર રાજાને તેમનો મહિમા ઘણો કહ્યો છે.” વળી શ્રીજીમહારાજની પણ આજ્ઞા છે માટે પૂજન કરવું, તો એમાં કંઈ સંશય રાખવા જેવું નથી.”



Final



શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને તો અહોનિશ શ્રીજીમહારાજ પાસે ને પાસે રહે છે તેઓ શ્રી તેજના સમૂહમાં ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજને દેખે છે તેવા સમર્થ છે. તે જે કહે તે ઠીક જ હોય એમ જાણજ્યો. આ વાત અમે નજરે જોઈ તે લખી છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૬૪)*

- **પૂ. મહારાજશ્રીએ મુળીમાં તર્પણ કર્યું ને દિવ્ય દર્શન બાઈ ભાઈ ભક્તોને થયા ને ૧૦૫ જનોઈ પહેરી**

એક વર્ષે મુળીપુરમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયા ઉપર પધાર્યા હતા. ઘણા હરિભક્તો પણ આવ્યા હતા. સમૈયો સારો થયો હતો. જલેબી તથા મોતૈયા લાડુની રસોઈ થતી હતી.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પંક્તિમાં પીરસી સર્વને જમાડતા અને હરિભક્તોને સુખ આપતા હતા. નિત્યે નવીન કીર્તન ગાતા ગવડાવતા હતા એ અવિનાશાનંદ પાસે લખાવતા હતા. તે સમે વસતડીના ત્રવાડીના ગોપાળજી તથા હળવદના વેદાંતી મોરારજી આચાર્યશ્રી પાસે આવ્યા અને મહારાજને કહ્યું; “અહી સર્વે હરિભક્તોને બહુભાવ છે. તો આપ અહીં રહો અને જનોઈ બદલાવો એમ કહી મહારાજને રોક્યા.”

ભાદરવા સુદ બીજને દિવસે હસ્ત નક્ષત્ર છે. તે દિવસે ત્રવાડી ગોપાલજી, દિનકર વેદાંતી, મોરારજી આચાર્ય, જેઠા વ્યાસ, મંછારામ જગન્નાથ, ધ્રાંગધ્રાના ઓઝા ભગવાનભાઈ, ઓઝા જેઠાભાઈ, હળવદના મકનજી દવે, નરભેરામ વૈદ્ય આદિ વિપ્ર આવ્યા હતા. સર્વે સંત, બ્રહ્મચારી કેશવાનંદ, શાન્તાનંદ સ્વામી, લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી, જગન્નાથાનંદ બ્રહ્મચારી કરુણાનંદ બ્રહ્મચારી આદિ બ્રહ્મચારી તથા હરિભક્તો સહિત આચાર્ય મહારાજશ્રી નદી પર સ્નાન કરવા જતા હતા. નદીમાં બેસી પહેલા સ્નાન વિધિ કરી, ઋષિને પાટલા ઉપર સ્થાપન કરી દર્ભને જવ-તલ લઈને ભૂમિ શુધ્ધિ કરીને પછી તર્પણ કર્યું.

તે સમે સુસવાવના વિભાજી, ડોસાજી, વખતસિંહજી તથા તાવીના અખાભાઈ આદિને એમ મનમાં થયું જે, આ સાક્ષાત પુરુષોત્તમના ઉપાસક છે. વળી તેમના પુત્ર છે તે એમને શા માટે તર્પણ કરવું પડતું હશે ?'' તે સમે ઋષિને મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ જોતા હતા. મોટા મોટા રાજાઓ થઈ ગયા તેઓને જોતા હતા.

તે સમે ગરાસિયાઓ આવેલ તેમને થયું જે આજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દર્શને આવ્યા તેમાં આપણને ઘણો લહાવો મળ્યો. આવા સમર્થ ઋષિઓ પૂર્વેના રાજા મનુ, દશરથ, માંધાતા, અંબરીષ, જયંત ને જદુ, હરિશ્ચંદ્ર એવા ઘણા રાજાઓને ઋષિ તે સર્વે તથા તર્પણનો સમો ને પુરુષોત્તમ નારાયણના પુત્ર જે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમના સંગે કરી સર્વેના દર્શન થયાં અને એમ માનતા હતા જે આમનો મહિમા તો અપાર છે.

સર્વે તર્પણ કરી જનોઈ પહેરતા હતા તેમાં કેટલાકે સોનાની, રૂપાની વગેરે પહેરાવી પૂજા કરી હતી. પછી સર્વે સાધુ બ્રહ્મચારી, હરિભક્ત, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની પ્રસાદી કરાવી સૌ પહેરતા હતા. સર્વે બ્રાહ્મણને દક્ષિણા આપતા હતા. જમવાનું બનાવી સાધુ બ્રહ્મચારીને જમાડતા હતા. સર્વે બ્રાહ્મણો વેદ મંત્ર ઉચ્ચારણ કરતા હતા.

આચાર્ય મહારાજશ્રી મંદિરમાં આવ્યા અને સાંજે સભા થઈ તે સમે સર્વે સાંખ્યોગી બાઈઓએ પ્રાર્થના કરી હળવદના રણછોડ મહેતાને આચાર્યશ્રી પાસે મોકલ્યા તેમણે આચાર્યશ્રીને કહ્યું જે, ''આ બાઈઓને આપને જનોઈ પહેરાવવી છે તો આપ લીમડા પાસે આવો.''

ચોકમાં છત્રી છે તે સમીપે પ્રસાદીના લીમડા તળે ખુરશી નાખી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન થયા અને બાઈઓ જનોઈ લાવતાં જાય અને રણછોડ મહેતા આચાર્યશ્રીને પહેરાવતા



Final



જાય. એવી રીતે એકસો પાંચ જનોઈ પહેરાવી, સર્વના મનોરથ પૂર્ણ કર્યા.

પછી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં પધાર્યા જાણી રણછોડ મહેતાએ બાઈઓ આગળ વાત કરી જે વિભાજી જનોઈ પહેરાવવા ગયા ત્યારે પૂર્વે કહ્યું, એમ દર્શન થયું હતું. તે વાત સાંભળી બાઈઓને એમ થયું જે અમોને એવા દર્શન શી રીતે થાય ? તે વાત રણછોડ મહેતાને કરી.

તે ભક્તે આચાર્ય મહારાજશ્રીને આ વાત કરી. અને બાઈઓને પણ તેવા દર્શન કરવાનો સંકલ્પ છે. એમ કહ્યું. તે સમે સભામાં શ્રીજીમહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વિરાજમાન થયાં છે અને સંતોની સભા ભરાઈને બેઠી છે તે સમે અઠ્યાસી હજાર (૮૮૦૦૦) ઋષિ ને પૂર્વના મુનિ તથા તનુ રાજા, હરિશ્ચંદ્ર રાજા આદિ ઘણા રાજાઓ પૂજા કરે છે, તેવા દિવ્ય દર્શન સર્વે બાઈઓને થયા જેથી તેઓના મનમાં એમ થયું જે ભક્ત કહેતા હતા તેમ થયું અને સર્વે આશ્ચર્ય પામ્યા. રણછોડભક્તને તેડાવી કહ્યું સર્વેએ એમ જાણ્યું જે આ અયોધ્યાપ્રસાદજી મહારાજ મળ્યા તે શ્રીજીના દર્શન તુલ્ય દર્શન થયાં એમ માનતા હતા. આ વાત અમે નજરે જોઈ છે. તે લખી છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૬૫)*

- **પૂ. મહારાજશ્રીએ મુળીમાં વશરામ ખવાસને જીવતદાન આપ્યું.**

મુળીમાં પંચમીની સવારમાં શ્રીઅયોધ્યાપ્રસાદ મહારાજે વસંત વધાવવા મોરારજીને કહ્યું; ''રંગ રમવો છે.''એમ વાત કરીને માળિયાના મોડજી દરબારને કહ્યું; ''અહીં આવો.''આચાર્યશ્રી ઠાકોરજી પાસે આવ્યા અને વસંત વધાવી નીચે ઊતર્યા. ચોકમાં પાટ ઉપર રંગ રમવા માંડ્યો. એક પાટ ઉપર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને કેશવપ્રસાદજી મહારાજ અને બીજી પાટ ઉપર કાઠી દરબાર

એવી રીતે એક બાજુ ધર્મકુળ અને બીજી બાજુ હરિભક્તો એમ ખૂબ રંગ અને ગુલાલની ધૂમ મચાવી. પછી અયોધ્યાપ્રસાદજી કીર્તન બોલે અને બીજા ઝીલે પછી મહારાજ નહાવા પધાર્યા અને સૌ હરિભક્તો તથા સાધુ જમવા ગયા. સાંજને સમયે સભા થઈ. દરબાર સતાજીએ રૂપાના કમાડ રાધાકૃષ્ણદેવને અર્પણ કર્યા. મૂર્તિને સોનાની ઉતરી રાધિકાજીને અને ભક્તિ માતાને જવમાળા પહેરાવી. આચાર્ય મહારાજ એ ધર્મકુળની પૂજા કરી સાધુ બ્રહ્મચારી તથા પાર્ષદને ધોતિયા ઓઢાડ્યા. પછી કીર્તન ગાવા માંડ્યા ને કીર્તનની ધૂમ મચી રહી.

દરબાર સતાજીનો હજુરી વશરામ ખવાસ માંદો પડ્યો કારમુક (કાળમુખ) હાથ ધોણું અને નાડી તુટી જાય એવો બહું માંદો થયો. એટલે વંડામાં લઈ ગયા. તે વાત કોઈએ આવી આચાર્યશ્રીને કરી જે દરબારનો હજુરી વશરામ બહુ માંદો થઈગયો છે. તે દેહ રહે તેમ નથી માટે તમો દર્શન આપો તો ઠીક.

આચાર્યશ્રી કહે; "લ્યો, જઈએ." એમ કહી ચાલ્યા તે વંડાને દરવાજે પહોચ્યા અને માણસ સામો મળ્યો અને કહ્યું; "વશરામે દેહ મેલી દીધો." મહારાજ કહે; "માણસને કોલેરા થાય તો તરત મરે નહી. માટે ચાલો." એમ કહી તેની પાસે આવ્યા.

અભડાયેલ જે હતા તે કહે; "છેટા રહેજો, નહિતર અભડાશો."

મહારાજે પાસે આવી નાડી જોઈ કહ્યું; "વશરામ ! " એમ કહી સાદ કર્યો એટલે વશરામે આંખ ઉઘાડી મહારાજ કહે; "આને માટે દહીં મંગાવો. ગરમી થઈ છે." દહીં મંગાવી પોતાના હાથે તેના મોઢામાં મૂક્યું અને સાજો કર્યો.

મરી ગયેલ વશરામ ખાવાસને જીવતો કર્યો જાણી સર્વે દરબારને થયું જે આ અયોધ્યાપ્રસાદજી મહારાજ બહુ મોટા છે તે જે કરે તે થાય, એમ સૌને રાજી કર્યા. વશરામ નિમિત્તે દરબારે સંત-હરિભક્તોને રસોઈ આપી આ વાત મુએલાને જીવતો કરવો તે



Final



આશ્ચર્યકર્તા છે. તે ભગવાનના પુત્ર તેમનો મહિમા બહુ મોટો છે આ વાત અમે નજરે દીઠેલ છે તે લખી છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીનીવાતો વિશ્રામ ૬૮)*

- **તમે મને સંભારશો એટલે શ્રીજીમહારાજ સાથે હું આવીશ...**

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયે મુળીપુર આવ્યા હતા. અમદાવાદના નાગર બ્રાહ્મણ બાપુજી એને લક્ષ્મણરાય પણ ત્યાં આવ્યા હતા. બાપુજી શરીરે માંદા થયા તેને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જોવા પધાર્યા. બાપુજીને મહારાજે કહ્યું જે, "કેમ છે બાપુજી અમદાવાદ જવું છું કે અહીં દેહ મુકવો છે?"

બાપુજી કહે; "મહારાજ ! આપ છો ત્યાં અમદાવાદ છે. અમદાવાદમાં આપનાં દર્શનાર્થે જતો હતો પણ આપનાં દર્શન અહીં થયાં. માટે અમદાવાદ જવાની જરૂર નથી. "

ત્યારે આચાર્યશ્રી બોલ્યા જે, " તમે અમદાવાદમાં શ્રીજીની પૂજાને પધરામણી કરી આરતી ઉતારી તે સમયની મૂર્તિ સંભારજો" અને વળી કહ્યું જે,"તમે મને સંભારશો, એટલે શ્રીજીમહારાજ સાથે હું આવીશ. તો મૂર્તિ સંભારજો, એટલે હું પાછો આવીશ અને આ બે બ્રાહ્મણ તમારી પાસે મેલું છું, તે એક ગગા મહેતા અને બીજા રામકૃષ્ણ પાઠક." એ બંનેને આચાર્યશ્રીએ ભલામણ કરી કહ્યું; "એમને વધુ કસર થાય તો મને ખબર આપજો." એમ કહી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં આવી બેઠા.

પછી વાત કરવા માંડી તે કલાક સુધી વાત કરી. સભામાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને દીઠા એટલે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ચાલો ઊભા થાવ. બાપુજીને તેડવા જઈએ." એમ કહી શ્રીજી, અયોધ્યાપ્રસાદજી મહારાજ સહિત વંડામાં બાપુજી હતા ત્યાં આવ્યા. બાપુજીને દર્શન આપ્યા બાપુજીએ

કહ્યું; "આ શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે. અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ સાથે છે." એમ કહી પોતાની પત્નીને કહે; "મારી પેટી લાવો. એમાં એક હાથનું કડું છે અને બીજી સાંકળી એ બે લાવો."

ઘરના માણસે બંને વસ્તુ આપી. મહારાજની પૂજા કરી, કડું અયોધ્યાપ્રસાદજી મહારાજને આપ્યું અને સાંકળી શ્રીજીમહારાજને આપવા માંડી, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો, એમ તમને અમોએ કહેલ તે ભૂલી ગયા ?" પછી અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરી કહ્યું; "હું શ્રીજીમહારાજ સાથે હવે જાઉં છું." એમ કહી દેહ મૂક્યો.

સર્વની દૃષ્ટિએ શ્રીજીમહારાજ તેમને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બ્રાહ્મણોને દેહ ક્રિયા કરવાની ભલામણ કરી ઉતારે પધાર્યા. આ વાત જાણી સર્વે આશ્ચર્ય પામ્યા અને મનમાં એમ થયું જે, "આ 'બાપુજી' જેવા કોઈ ભાગ્યશાળી નહી." *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો. વિશ્રામ - ૬૯)*

● **તેજના સમુહમાં સર્વેને દિવ્ય દર્શન થયા**

એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળી પધાર્યા હતા. જે શ્રાવણ સુદ પુનમનું ગ્રહણ હતું ત્યારે નદીમાં નહાય એવું પાણી ન મળે એટલે સર્વે અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવ્યા.

પછી સાધુ જગજીવનદાસજી બોલ્યા; "મહારાજ નદીમાં પાણી નથી તો નાહીશું ક્યાં ?"

તે સમે સાધુ જિષ્ણુદાસજી કીર્તન ગાતા હતા. મહારાજ કહે; "મલ્હાર ગાઓ."

ગવૈયા જિષ્ણુદાસજી એ. "આવી ઝુકી ગગન વા ગરજે" એ કીર્તન ગાયું અને બીજું પદ ઉપાડ્યું ત્યાં તો પાણી પાણી થઈ ગયું.



Final



ભોગવતી નદીમાં પૂર આવ્યું અને સૌને આનંદ થયો. મહારાજ હંમેશા સવારમાં ગાજતે વાજતે કીર્તન ગવડાવતા હતા. તે સમે બળેવને દિવસે રાત્રીએ ગ્રહણ હતું, તે ચોકમાં સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. મહારાજ વાતુ કરતાં હતા. પછી ગ્રહણ થયું અને અંધારું થઈ ગયું એટલે મહારાજે ધૂન કરવાનું કહ્યું. સર્વે ધૂન કરે છે, ત્યાં સર્વેને તેજનો સમુહ દેખાયો. તેજના મધ્યને વિષે મહારાજની મૂર્તિને સમીપે અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, વાસુદેવાનંદ સ્વામી આદિ અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજને જોઈ આનંદ થયો. સભા આખીને આશ્ચર્ય થયું.

એવી રીતે એક કલાક સુધી રહ્યું. પછી બંધ થયું. સંતો ઝીલણિયાં દશ કીર્તન બોલ્યા. ગ્રહણ મૂકાયા પછી મહારાજ સર્વે સંતો સહિત કીર્તન ગાતા ગાતા નદીએ નહાવા ગયા. નાહીને સૌ બ્રાહ્મણને મહારાજે દાન, દક્ષિણા આપી અને કીર્તન બોલતાં બોલતાં સર્વે મંદિરમાં આવ્યા મહારાજે જગજીવનદાસજીને બોલાવી કહ્યું; "સવારમાં અમારી રસોઈ કરજો." એમણે હા કહી. પછી હરિભક્તો આવ્યા. તેમણે આવી કહ્યું; "અમારે રસોઈ આપવી છે." ત્યારે મહારાજ કહે; "તમે સૌ જન્માષ્ટમી સુધી રસોઈ આપજો." મહારાજ મહિના સુધી રહ્યા. નિત્ય નવી રસોઈ કરાવીને જમાડતા હતા. અને આનંદ ઉત્સવ થતો હતો. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૭૨)*

● **હળવદમાં પૂ. મહારાજશ્રી કહે આપણો મુકામ ઉપાડો આ વાદળીમાં જળ ઘણું છે**

એક સમે ગામ હળવદમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. ત્યારે રાજા રણમલસિંહજી સીગરામ જોડાવીને સામા

આવ્યા હતા. પોતાની અસવારીને હાથી ઉપર રાજસાહેબના કુંવર રઘુભા બેઠા હતા. તે નગારા, નિશાન અને અસવારી લઈને સામા આવ્યા હતા. ગામ કોઈબાને સિમાડે વાવ છે, ત્યાં સુધી સર્વે હરિભક્ત અસવારી લઈ સામા આવ્યા હતા. વાજતે ગાજતે શહેરમાં પધરામણી કરાવી મોરબીની ભાગોળે તળાવની પાળ પર ડેરાતંબુ કરાવ્યા. અને ઉતારો કરી સૌ જમવા પધાર્યા.

મહારાજની રસોઈ થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને જમ્યા. સાંજનો સમય થયા પછી સભા ભરાઈને બેઠી સર્વે હરિભક્તો બેઠા છે. ને ગવૈયા સાધુ કીર્તન બોલે છે, ત્યારે આથમણી બાજુથી એક વાદળી ચઢી આવી તે જોઈ અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે જે, "દેવા ભક્ત કયાં છે. ? તેને બોલાવો."

ત્યારે દેવા ભક્ત કહે; "શું કામ છે. મહારાજ ?" મહારાજ કહે; "આપણો મુકામ ઉપાડો. આ વાદળીમાં જળ ઘણું છે." પછી દેવા ભક્ત બીજે મુકામ જોઈ આવ્યા ને કહ્યું; "મુકામ ઉપાડો."

મહારાજ મંદિરમાં પધાર્યા ને વહુજી મહારાજ ખેંગાર ભકતને ઘેર ગયા. હાથી, ઘોડા, ગાડી, ઊંટ સર્વે દરબારને ઉતારે ગયા. પછી સર્વે મંદિરમાં આવ્યા ને સભા થઈ. મહારાજ બિરાજમાન થયા તે સમે વરસાદ ઘણો વરસ્યો જે આંખ ઉઘડવા દે નહિ. એવી રીતે સવારો સવાર વરસ્યો. સર્વેને લાગ્યું જે અયોધ્યાપ્રસાદજી મહારાજ બહુ સમર્થ છે, જે આગળથી ચેતવણી આપે છે. એ તો ભગવાનના પુત્ર છે. તેથી ભગવાનના જેટલું સામર્થ્ય છે. એમ સહુ મહિમા જાણતા હતા.

જ્યારે વરસાદ વરસવા માંડ્યો ત્યારે રાજ સાહેબે મહારાજને તેડવા માણસ મોકલ્યા ને કહ્યું, જે વરસાદ આવે છે તે આપણને દરબારમાં બોલાવે છે. એમ માણસે આવી કહ્યું મહારાજ કહે; "ઉતારો મંદિરમાં લાવ્યા છીએ તે કંઈ ફિકર નથી એમ રાજ સાહેબને



Final



કહેજો." માણસે આવી રાજ સાહેબને વાત કરી તે એમને થયું જે ભગવાનના પુત્ર છે. માટે તેઓશ્રીને આગળથી ખબર પડે છે. એમ જાણી એમનો મહિમા ઘણો સમજતા. દરબારમાં સભા કરી કીર્તન ગવરાવતા અને મહારાજને પ્રશ્ન પૂછતા. તેનો ઉત્તર મહારાજ કરતા. તેમ રમુજ થતી હતીને અમૃતરસ વરસતો હતો. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૪)*

- **પૂ. મહારાજશ્રીએ હળવદમાં દિવાનને બદ્રિકાશ્રમમાં મોકલ્યો અને રાજસાહેબને અંત વખતે તેડવાનો વર આપ્યો**

એક સમયે ગામ હળવદમાં રાણા રણમલસિંહજીએ આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજને પ્રાર્થના કરી પહેલાં પોતાના દરબારમાં પધારવા કહ્યું, સાધુ. બ્રહ્મચારી અને સર્વેને આવવા માટે રાજ સાહેબે ઘોડાગાડીઓ મોકલી તથા હાથી લઈ પોતે તેડવા આવ્યા ને વાજતે- ગાજતે દરબારમાં પધાર્યા. દરબારમાં મોટા સિંહાસન પર મહારાજ બિરાજમાન થયા ને રાજ સાહેબે પૂજા કરવા માંડી. પ્રથમ પંચામૃત લઈ પગ ધોઈ ચંદન, પુષ્પ ચડાવી કુમકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર - તોરા લઈ પહેરાવ્યા. સોનેરી ડગલી પહેરાવી ને માથે પાઘડી બંધાવી. શેલું ઓઢાડી મોતીની માળા પહેરાવી. હાથમાં કડાં પહેરાવ્યા અને રૂપિયાનો થાળ ભરી મૂક્યો સાધુ બ્રહ્મચારીની પૂજા પોતાના કુંવર પાસે કરાવી. સાધુ પાસે કીર્તન ગવડાવ્યાં.

પછી રાજસાહેબ અને મહારાજ બંને સભામાંથી ઊઠી એકાંતમાં જઈ બેઠા. રાજા રણમલસિંહજીએ મહારાજને કહ્યું જે, "મારે મોટું દુઃખ છે તે તમો મટાડો તો મટે તેમ છે." મહારાજે કહ્યું જે, "તમારે શું દુઃખ છે ? તે કહો તો મટાડી દઈએ."

રાજ સાહેબ બોલ્યા જે, "મારી સાથે એક દિવાનને ઘણો સ્નેહ હતો તે મરીને પ્રેત થયો છે. તે મેડીમાં દેખા દે છે. સૂઈએ ત્યારે

કહે છે જે, હોકો પીવો છે ? એમ આવીને કહે છે. ને સુખે સુવા દેતો નથી. માટે તેના જીવનો આપશ્રી મોક્ષ કરો તો અમે સુખી થઈએ.''

વળી કહ્યું જે, ''આ દુઃખ મટાડવા સારુ ગોસાઈનું મંદિર કરાવ્યું. કેટલાક સન્યાસી રાખ્યાં, પ્રેતવાદી, ભૂવા, ભામા આદિ કર્યા પણ તે જતું નથી. આપ તો ભગવાનના પુત્ર છો. એ માટે તમારા આશરે આવ્યો છું.''

મહારાજ કહે; ''ક્યાં છે એ ?''

રાજ સાહેબ કહે; ''અમારો સુવાનો ઓરડો છે ત્યાં રહે છે.'' પછી ત્યાં જઈ બતાવ્યો. તે પોતાના દિવાનને નજરે જોતાં બતાવ્યું. મહારાજે હાથમાં પ્રસાદીનું પાણી લઈ ઓરડામાં છાંટ્યું ત્યારે દિવાનનું પ્રેત કહે; ''હે, મહારાજ ! આપ જ્યાં કહો ત્યાં જાઉં.''

મહારાજ કહે; ''બદ્રિકાશ્રમમાં જા.'' પ્રેત બદ્રિકાશ્રમમાં ગયો. આવી રીતે અયોધ્યાપ્રસાદજી મહારાજનો ઘણો પ્રતાપ જોઈ રાજસાહેબના મનમાં થયું જે કલ્યાણના કરનાર તો આ ભગવાનના પુત્ર છે. એમ વિચારી મહારાજને કહે; '' આજથી આપનો આશ્રય લીધો છે. તો તમારે મને અંત વખતે તેડવા આવવું પડશે.'' એવો વર માગ્યો. મહારાજ કહે; ''અંતકાળે શ્રીજી સાથે હું તેડવા આવીશ'' એમ કહી મહારાજ પાછા મંદિરમાં પધાર્યા. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૬)*

● **પૂ. મહારાજશ્રી રાણા રણમલસિંહજીને તેડવા આવ્યા**

એકવાર રાજ સાહેબ પોઢતાં હતા. તે વખતે તેમનો દિવાન મોક્ષને પામ્યો હતો. તેણે આવી કહ્યું જે,''આજથી હવે મારો પ્રેતનો દેહ મટી ગયો. તમે મારા પર બહુ ઉપકાર કર્યો. મને પ્રેતના દેહમાં દુઃખ બહુ હતું. તેમાંથી મુક્ત કર્યો. એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમનો આશ્રય કરજો. ભૂલશો નહિ. એ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણના પુત્ર છે.''



Final



તેમની આજ્ઞાથી હું બદ્રિકાશ્રમમાં ગયો છું અને સુખી છું તમારે હમેશાં સ્વામિનારાયણના નામનું ભજન કરવું. તમને મારા પર હેત હતું તેથી તમને પ્રતીતિ આવે તે માટે નારાયણની આજ્ઞા લઈને આવ્યો છું હવે પછી તો નહિ આવી શકું સુખે ભગવાનનું ભજન, તપ કરી ધામને પામીશ એમ કહી તે ચાલ્યો ગયો.

સવારે નાહી-ધોઈ પોતાનું નિત્યકર્મ કરી પોતાના માણસ મોકલી ખબર કઢાવી જે જાઓ, મહારાજની સભા બેઠી હોય તો દર્શન કરવા આવીએ એમ આવીને માણસે કહ્યું. ત્યારે મહારાજ કહે; ''ભલે પધારે.'' પછી તે પોતાના દરબારી માણસે પાછા આવી કહ્યું જે, ''ભલે પધારો.'' ત્યારે રાજ સાહેબ પોતાના સિગરામમાં બેસીને દર્શને આવ્યા.

મહારાજની પાસે ઉત્તમાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી તથા મોટા સાધુ એકસોની સભા ભરાઈને બેઠી હતી. તે સમે રાણા રણમલસિંહજી આવ્યા ને મહારાજે તેમને સભામાં આગળ બેસાડ્યા તે સમે વચનામૃતની કથા વંચાતી હતી. કથા પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ વાતો કરતા. હતા તે રહસ્યનું વચનામૃત વંચાવીને વાત કરી જે આ વચનામૃતમાં શૂરાને પતંગનું દૃષ્ટાંત આપ્યું છે. તેમ વેગ કરવાનો કહ્યો. તે પર ઘણી વાતો કરી. પછી કીર્તન ગવડાવી મહારાજ અને રાજ સાહેબ એકાંતમા બેઠા હતા. રાજ સાહેબને રાત્રે દિવાનના પ્રેતે આવી જે વાત કરી હતી. તે સર્વેના આગળ કહી.

મહારાજ કહે; ''તમારા દિવાનનું પણ કલ્યાણ થશે.''

રાજ સાહેબ ફરીથી વર માગ્યો જે, ''મહારાજ ! મારો દેહ પડે ત્યારે મને ધામમાં તેડી જજો. એ વર આપો.'' મહારાજે વર આપ્યો તેઓએ વર માથે ચડાવ્યો. મહારાજનું માહાત્મ્ય તેઓ બહુ જાણતા. હમેશાં સ્વામિનારાયણના નામની માળા ફેરવતા. અયોધ્યાપ્રસાદજી મહારાજે ચોવીશની સાલમાં અક્ષરનિવાસ કર્યો.

રાણા રણમલસિંહજીએ રાણા ડોસાજી સુસવાવ વાળાને વાત કરી જે, "મહારાજે મને વર આપ્યો છે. તેઓ એ આજ રાત્રે દર્શન આપ્યા ને કહ્યું; "આજથી ત્રણ દિવસે તમને તેડવા આવીશું એમ મને કહ્યું છે."

ડોસાજી કહે; "પરવારીને તૈયાર થાઓ." એમ વાત કરે છે તે જ વખતે તાવ આવ્યો ત્રીજો દિવસ થયો ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આવ્યા અને ધામમાં લઈ ગયા. રાણા ડોસાજીને પણ તે સમે શ્રીજીનાં દર્શન થયાં એમને શ્રીજીની અનન્ય નિષ્ઠા હતી. આ વાત ડોસાજીએ પોતે કીધેલ છે તે લખી છે. *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૭)*

- **પૂ. મહારાજશ્રી હળવદમાં ૨૦ દિવસ રહ્યા ને રણછોડ મહેતા ઉપર શ્રીજીમહારાજની કૃપા થઈ**

હળવદ આજુબાજુના ભક્તજનોનેએ પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, "મહારાજ ! અમારા દેશમાં પધારો અને સર્વને દર્શન આપો." ત્યારે પૂ. મહારાજશ્રીએ નિયમાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, પુરાણી ધર્મવલ્લભદાસજીને પૂછ્યું જે, "મચ્છુકાંઠા તથા હળવદમાં દેશકાળ કેવા છે ?" ત્યારે પુરાણી બોલ્યા જે, "દેશકાળ તો સારા છે, પણ આ રણછોડ મહેતાને દશ હજાર રૂપિયાની ખોટ છે. બાકી બીજાના દેશકાળ સારા છે." ત્યારે મહારાજ કહે; "રણછોડને દેશકાળ કઠણ છે. તો નહિ આવીએ." ત્યારે રણછોડ મહેતા બોલ્યા જે, "મહારાજ ! એક ખોટ તો થઈ છે પણ આપ ન પધારો તો બીજી ખોટ થાય, દેશકાળ કઠણ છે. પણ આપ પધારશો તો બધા દેશકાળ સારા થશે."

એમ કહી રણછોડ મહેતા તો માથેથી પાઘડી ઉતારી બેઠા ને કહ્યું જે, "મહારાજ દશ હજાર ભરશે તો બે હજાર વધુ ભરશે માટે આપ પધારો બે હજાર રૂપિયા વાપરવાના છે, તો આપ હા કહેશો



Final



ત્યારે પાઘડી માથે મુકીશ ને અન્ન પણ લઈશ." સર્વે સાધુ તથા હરિભક્તો બોલ્યા જે, હા કહો, મહારાજ કહે; "ભલે."

મહારાજ હળવદ જવા માટે ઉત્તમાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, નિયમાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, સુકૃતાત્માનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામીએ સર્વે સદ્ગુરુઓ અને વૃન્દાવનદાસજી, ધર્મવલ્લભદાસજી આદિ મોટા સાધુઓ અને કેશવાનંદ સ્વામી, નિલકંઠાનંદ સ્વામી, શાંતાનંદ બ્રહ્મચારી, ગોપાળજી ત્રવાડી વગેરે સર્વે હરિભક્તોને સાથે લઈ ચાલ્યા. મહારાજ કીર્તન કરતા બ્રહ્મચારી અવિનાશાનંદ તે લખતા. ગવૈયા જિષ્ણુદાસજી, નંદકિશોરદાસજી, હરિકૃષ્ણદાસજી આદિ સર્વે હંમેશા ગાવણું કરતા. તે સર્વેને સાથે લઈ ટીકર, સેડલા, કોંઢ, ગોળી ને કોઈબા આદિ ગામોમાં થઈ હળવદ પધાર્યા.

પ્રથમ રાજસાહેબની રસોઈ કરી. બીજે દિવસે મકનજીભાઈની ત્રીજે દિવસે મોરારજીભાઈ, ચોથે દિવસે શુકલ પરસોત્તમની એમ ચાર દિવસ રસોઈ લીધી. પાંચમે દિવસે મોતૈયા લાડુને જલેબીની રસોઈ રણછોડભકતની લીધી. છટ્ઠે દિવસે મોતૈયા લાડું રસોઈ સોની વીરજીભાઈની, સાતમે દિવસે જાની કાનજીભાઈની રસોઈ લીધી, આઠમે દિવસે વૈદ્ય નરભેરામભાઈની, નવમે દિવસે હરજીભાઈ ખત્રીની, દશમે દિસે મહાદેવ દવેની લીધી. અગિયારમી રસોઈ પ્રાણભાઈ દવેની લીધી. બારમી રસોઈ ખેંગાર સિંધવની લીધી. એવી રીતે વીશ દિવસ રહ્યા અને રસોઈ તથા પૂજા તથા પધરામણી ધામ ધૂમથી થતી.

તે સમે રણછોડ મહેતાએ પ્રાર્થના કરી કહ્યું જે, "મહારાજ ! મારે ઘેર પધારો."

મહારાજ કહે; "રણછોડ ! તમે રસોઈ દીધી તે ઘણું છે." પોતાના બે દિકરા દેવચંદ અને માધવજીને સાથે લઈ ઉત્તમાનંદ

સ્વામી તથા નિર્દોષાનંદ સ્વામી પાસે આવી મહેતાએ કહ્યું જે, "સ્વામી ! મારે ઘેર મહારાજ નહિ પધારે ત્યાં સુધી અન્ન ખાવું નથી."

ત્યારે સ્વામીએ મહારાજને કહ્યું, મહારાજે ગોપાલજી ત્રવાડી તથા મોરારજીને બોલાવી કહ્યું; "ભલે પધારો." રણછોડભાઈએ કહ્યું; જે "હાથી પર બેસી મારે ઘેર પધારો." ત્યાર પછી હાથી મંગાવ્યો ને તેના ઉપર મહારાજ બિરાજમાન થયા અને તેમને ઘેર પધાર્યા. કેશર, ચંદન ચર્ચી પૂજા કરતા હવા. નાના પ્રકારના પુષ્પના હાર, ગજરા અને બાજુ બંધ ધારણ કરાવતા હતા. સોનાની કિનખાબની ડગલી પહેરાવી, માથે પાઘ બંધાવી. સોનેરી શેલું ઓઢાડ્યું પાંચસો રૂપિયાનો દોરો પહેરાવ્યો. હાથમાં કડાં અને પાંચસો રૂપિયા રોકડા આપ્યા. સાધુ બ્રહ્મચારી તથા પાર્ષદની ચંદન પુષ્પથી પૂજા કરી, ધોતિયા ઓઢાડી સાધુ પાસે કીર્તન ગવડાવ્યાં.

સંધ્યા આરતીનો વખત થયો એટલે આરતી, ધૂન પણ એમના ઘેર કરી. મહારાજ મંદિરમાં પધાર્યા. પછી વહુજી મહારાજને પોતાના ઘેર પધરાવ્યા ને રૂપિયા પાંચસો મૂકી પૂજા કરી. એવી રીતે બે હજાર રૂપિયાની ભેટ કરી.

ગામના કેટલાક લોકો બોલ્યા જે, રણછોડભાઈતો ગાંડા થઈ ગયા છે. તે દશ હજારની ખોટ ગઈ છે ને કોઈને એક પૈસો આપવાની શક્તિ નથી ને આ બે હજારની પધરામણી કરી. છોકરાને ભીખ માગતા કર્યા. સ્વામિનારાયણ આવી ખર્ચો પૂરશે તે જોઈશું. એમ કુસંગીઓ બોલવા લાગ્યા. ગામ આખું હિલોળે ચડયું જે આ તો બધું ઠીક પણ રણછોડે આવા ખરાબ દેશકાળમાં મહારાજની સેવા કરી તે બહું મોટું કામ કર્યું.

એવી રીતે જેને જેમ ફાવે તેમ બોલવા લાગ્યાં એટલામાં રણછોડ ભક્તે મુંબઈમાં રૂના ધોકણાં મોકલ્યાં હતા. તેનો ભાવ



Final



એકદમ વધ્યો તે રૂના વેચાણમાં નાણા ઘણાં આવ્યા. ટપાલથી ખબર પડી જે ખોટ મટી ગઈ છે તે ત્રીસ હજારનો વધારો થયો છે માણસે સત્કાર્ય કર્યું. હોય તે ખાલી નથી જતું તે આ તો ભગવાનના પુત્ર છે. એમને આપ્યું હોય તેનું અનંત ઘણું પુણ્ય થાય છે. એમ સૌ ગામ લોકોને લાગ્યું.

રણછોડ તો મહારાજને પગે લાગીને કહે જે, "મારા ઘેર ફરી વાર પધરામણીએ આવો તો સૌને આનંદ ઉત્સવ થાય. રૂપિયા જે આવ્યા છે તે તમારા ભાગ્યના છે. મારા ભાગ્યના નથી." એમ મહારાજને કહ્યું.

મહારાજ બોલ્યા જે, "એ તો તમારા ભાગ્યના ભગવાને આપ્યા છે. તે સુખેથી વાપરો અને ભજન કરો." ઉત્તમાનંદ સ્વામીને તેમણે કહ્યું જે, "મહારાજ મારે ઘેર પધારે." ત્યારે સ્વામીએ ના પાડી કહ્યું જે, "ભક્ત ! તમે તો ઘણી સેવા કરી છે." પછી ફરી વાર પધરામણી કરાવી ત્યારે એકસો રૂપિયા મૂક્યા. એવા કપરા દેશકાળમાં મહારાજની સેવા કરી રાજી કર્યા. એવા જે અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો પાર આવે એમ નથી. એ તો ભગવાનના પુત્ર છે. તેમની શી વાત ! *(સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૮)*

- **પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની સેવા કરનાર મારવાડીને શ્રીહરિ તેડી ગયા**

એક સમયે શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા તે વખતે એક મારવાડી આવ્યો ને મહારાજને પગે લાગીને બોલ્યો કે "હે મહારાજ ! હું ભુખે મરું છું" ત્યારે શ્રીજીમહારાજે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને બોલાવી કહ્યું "આને રોટલા ખવરાવો તે હંમેશાં તમારી ગાડી હાંકશે" પછી તેને રોટલા ખવડાવ્યા ને મંદિરમાં રાખ્યો ને તેણે પચીસ વર્ષ સુધી અયોધ્યાપ્રસાદજી મહારાજની

ગાડી હાંકી પછી તેને મંદવાડ થયો ત્યારે શ્રીજીમહારાજે તેને દર્શન દીધાં ને કહ્યું "ચાલ અમારા ધામમાં" ત્યારે તે મારવાડે આનંદ સ્વામી પાસે જઈને કહ્યું "મને મોટા મહારાજ કહે છે ચાલ અમારા ધામમાં" ત્યારે આનંદ સ્વામી કહે "જા ધામમાં તારાં મોટાં ભાગ્ય" ત્યારે તે પોતાને આસને પાછો આવ્યો ને તુરત દેહ મુકીને ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૨)*

- **પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞા લઈને સદ્. સર્વનિવાસાનંદ સ્વામી સદ્. ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા**

અમદાવાદમાં સર્વનિવાસાનંદ સ્વામી હતા. તેમને પચાશ સાધુ ભેગા રહેતા અને દશ પાળા પોતે ફરવા જતા ત્યારે સાથે ચાલતા તથા સીગરામ વગેરે વાહન પોતાને સ્વાધીન હતા. તો પણ પોતાના મનમાં એક દિવસ એમ વિચાર થયો. જે જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો નથી. ત્યાં સુધી આપણી કસર ટળશે નહીં એમ વિચાર કરીને એક વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે હાથ જોડીને બોલ્યા જે મારે વરતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જવું છે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે સ્વામી તમારામાં શું નૂન્યતા છે ? તે ત્યાં જવું ? પછી સર્વનિવાસાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ નથી કર્યો ત્યાં સુધી શ્રીજીમહારાજની ઉપાસના તથા સત્સંગની પ્રથા તથા દ્રઢતા થાય નહીં. માટે હું આપને વિનંતી કરીને કહું છું કે મને સમાગમ કરવા જવાની રજા આપો. પછી પોતાની પાસે સાઠ જોડ્ય ચરણારવિંદ હતાં તથા શ્રીજીની કેટલીક પ્રસાદીની ચીજો હતી. તે બધું અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે સ્વામી તમારે જવું હોય તો ભલે પધારો હું રાજી છું પણ આ તમારી પૂજા તમાર સેવકોને જે ઘટે તેમ વહેંચી આપો.



Final



પછી સ્વામીયે પોતાના સેવકોને યોગ્યતા પ્રમાણે પૂજા વહેંચી આપી. અને બાકીની જે પૂજા રહી તે અયોધ્યાપ્રસાદજી મહારાજને કૃષ્ણાર્પણ કરી અને પોતે એક સેવકને સાથે લઈને વડતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા એવી રીતે મોટા હોય તે મોટાનો મહિમા સમજે જેમ હીરે કરીને જ હિરાની પરીક્ષા થાય તેમ મોટા હોય તેજ મોટાની મોટપ જાણે. ૭૩૯

- **સિધ્ધપુરના રણછોડ ભગતને શ્રીહરિએ સ્વપ્નમાં મંદિર બંધાવવાનો આદેશ કર્યો ને પૂ. મહારાજશ્રીએ પ્રતિષ્ઠા કરી.**

સિધ્ધપુરના વૈષ્ણવ રણછોડભાઈ ગલાભાઈ નગર શેઠ હતા તેમને પરોઢીએ સ્વપ્નમાં શ્રીહરિએ દર્શન દીધાં અને કહ્યુઃ "ભગત! તમારા સિધ્ધપુરમાં અમારું મંદિર કરાવજો." પણ તમે કોણ છો ? મારે તમને ક્યાં ગોતવા ? મંદિર બાંધવા માટે મને દોરવણી કોણ આપે ? "ભગત તમને કાલુપુર (અમદાવાદ) સ્વામિનારાયણ મંદિરમાં રંગમહોલમાં મારી મુલાકાત થશે."

શેઠ તો ઘોડા ઉપર બેસીને કાલુપુર મંદિર આવ્યા ને નરનારાયણદેવના દર્શન કર્યા, મૂર્તિઓએ મંદ મંદ હાસ્ય કર્યું. "રણછોડભાઈએ સંતોને પૂછ્યું રંગમહોલ ક્યાં આવ્યો ? " આ સામે સભામંડપની અંદર રણછોડભાઈ ત્યાં ગયા.

રણછોડભાઈને જે મૂર્તિએ આદેશ આપ્યો હતો તે મૂર્તિના તેમને દર્શન થયા. અક્ષરધામની મૂર્તિને રણછોડભાઈએ દંડવત્ કર્યા. ભગવાને ફરીથી સિધ્ધપુરમાં મંદિર કરવાનો આદેશ આપ્યો ને અયોધ્યાપ્રસાદજી મહારાજને મળવા કહ્યુંઃ પછી મહારાજશ્રીને મળ્યા ને સ્વપ્નાની વાત કરી. ત્યારે મહારાજશ્રીએ રણછોડભાઈને કહ્યું જે, "તમે ભાગ્યશાળી છો, ભગવાને તમને બબ્બે વખત દર્શન આપ્યા." અને મહાનુભાવાનંદ સ્વામીને મંડળે સહિત સિધ્ધપુર રણછોડભાઈ

સાથે જવાની આજ્ઞા કરી.

સિધ્ધપુરમાં રણછોડભાઈએ વારાહીના માઢમાં પોતાનું મકાન મંદિર માટે આપી દીધું. મકાનને મંદિરમાં ફેરવ્યું. મંદિર પૂર્ણ થતા વિ.સં. ૧૯૨૧ ના જેઠ સુદી એકાદશીના રોજ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ, રાધાકૃષ્ણ અને સુખ શૈયા, હનુમાનજી, ગણપતિજી, શિવપાર્વતીજી, નંદી વગેરની પ્રાણ પ્રતિષ્ઠા કરીને જય જય કાર કર્યો.

વર્ષો વીતી ગયા. આ જે રણછોડભાઈ નથી, પણ તેમની યશગાથા ગાતું મંદિર સિધ્ધપુરમાં આજે એ રહ્યું.

● **રણછોડ ભગતની આચાર્યશ્રી પ્રત્યે દાસત્વતા અને મહિમા**

મંદિર પૂર્ણ થયું ત્યારે કોઈ ઈર્ષાળુ માણસે શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજને કહ્યું કે, રણછોડ ભગતે મંદિરનું ધાબું વાળીને મંદિરને બગાડ્યુ઼. તરત જ અયોધ્યાપ્રસાદજી મહારાજે રણછોડભાઈને અમદાવાદ બોલાવીને વઢ્યા કે તમે મંદિરનું ધાબું વાળીને મંદિરના રૂપિયા બગાડ્યા.

ત્યારે રણછોડભાઈ બોલ્યા કે, બાપજી ઠાકોરજીના રૂપિયા ઠેકાણે પાડ્યા. બીજુ કાંઈ ન બોલ્યા. ત્યારબાદ મહારાજશ્રીને કોઈકે કહ્યું બાપજી, ! ‘‘રણછોડભાઈએ તો પોતાના પદરના (ઘરના) રૂપિયા ખર્ચીને મંદિર બંધાવ્યું છે.’’

ત્યારે મહારાજશ્રી કહે એવું હોય તો આપણને રણછોડભાઈનો અપરાધ લાગે કેમ કે તેમનું અપમાન કર્યું હતું. તે પછી તરત રણછોડભાઈને બોલાવ્યા ને કહ્યુંઃ રણછોડભાઈ અમને ખબર ન હતી કે, તમે તમારા રૂપિયાથી મંદિર બાંધ્યું, માટે અમે તમને વઢ્યા તે અમને તમારો અપરાધ લાગે. ત્યારે રણછોડભાઈ કહે બાપજી ! ‘‘ તમે તો શ્રીજીમહારાજના પુત્ર છો અને તમે મને ખાસડું મારો ને ખંખેરીને તમને પાછું આપું ત્યારે આ રણછોડીઓ તમારો દાસ



Final



ખરો.આમ મહારાજશ્રીનો મહિમા જાણ્યો પણ મને વગર વાંકે કેમ વઢ્યા છો તેવો એક શબ્દ પણ ન ઉચાર્યો.’’ આવા દાસત્વભક્તિવાળા રણછોડભાઈ હતા. ધન્ય છે તેમના માતા-પિતાને કે તેમને ઘેર આવા ભક્તરાજે જન્મ લીધો. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત ઉતરાર્ધ અધ્યાય - ૧૦૯)*

● **પૂ.અયોધ્યાપ્રસાદજી મહારાજને, મહારાજનો નિશ્ચય**

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જ્યારે આ દેશમાં નહોતા આવ્યા ને હિંદુસ્તાનમાં પોતાને ઘેર હતા ત્યારે સ્વપ્નમાં એક વખત શ્રીજીમહારાજનાં દર્શન તેમને થયાં હતાં. તેવાં ને તેવાં જ દર્શન પોતે પ્રથમ આ દેશમાં જ્યારે આવ્યા ત્યારે કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં થયાં તેથી તેમને મહારાજનો બરોબર નિશ્ચય થયો. *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ - ૩ વાર્તા - ૩૧૫)*

● **પૂ. મહારાજશ્રીએ મહામંદિરોમાં પ્રતિષ્ઠાઓ કરી**

ઈડરમાં સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીની દેખરેખ નીચે ક્રમે ક્રમે મંદિર સંપૂર્ણ તૈયાર કરાવીને શ્રી હરિના અંતર્ધાન બાદ સંવત ૧૯૦૨ ના જેઠ સુદ એકાદશીના રોજ શ્રી ગોપીનાથજી દેવ-હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ને ખૂબ જ ધામધૂમ પૂર્વક મહા મહોત્સવ થયો.

એવી જ રીતે શ્રીહરિની પ્રાગટ્ય ભૂમિ છપૈયામાં પણ મંદિર તૈયાર થતાં પૂ. મહારાજશ્રી બ્રાહ્મણ પાસે શુભ મુહૂર્ત જોવરાવીને નંદરામ, ઠાકોરરામ આદિ ધર્મકુળ તથા સદ્. મહાનુભાવાનંદ સ્વામી આદિ સંતો તથા વાસુદેવાનંદ આદિ વર્ણીઓ તથા હેમંતરામ, શિવરામ, જેસંગભાઈ, નથુભટ્ટ વગેરે હરિભક્તોને સાથે લઈને અમદાવાદથી રથ,ઘોડા, સિગરામ વગેરે વાહનોમાં બેસીને છપૈયા તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં કપડવંજ, વાડાશિનોરનો, લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ, રતલામ, ગ્વાલિયર, લખનઉ વગેર મુખ્ય મુખ્ય શહેરોમાં વિશ્રાન્તિ લેતા લેતા પવિત્ર સરયુ નદીના કીનારે રહેલી

મનુવંશના રાજાઓની રાજધાની જે અયોધ્યાનગર તે પ્રત્યે સંઘ સહિત આવ્યા અને પોતાનું મુળ વતન બરહટ્ટા નામે શાખા નગરમાં નિવાસ કર્યો.

- **પૂ. મહારાજશ્રીએ અયોધ્યામાં મંદિર કરવા સંકલ્પ કર્યો તથા છપૈયામાં પ્રતિષ્ઠા**

અયોધ્યા નગરમાં રામઘાટ, સ્વર્ગદ્વાર, કનક ભુવન, હનુમાનગઢી આદિ રમણીય તીર્થસ્થાનો જોઈને આચાર્યશ્રી પ્રસન્ન થયા અને અહીંયા પણ મંદિર થવું જોઈએ તેવો સંકલ્પ કર્યો. ત્યારબાદ ત્યાં એક રાત્રી રહીને બીજા દિવસે અયોધ્યાનું નિરિક્ષણ કરતા શહેર વચ્ચે થઈને ચાલતા મખોડા તીર્થ ઉતરીને છપૈયાપુર પધારતા હતા.

મહારાજશ્રીનું આગમન સાંભળી છપૈયાપુર વાસી સંત-હરિભક્તો હર્ષ પામતાં વાજતે-ગાજતે સન્મુખ જઈ પ્રેમથી દર્શન કરી આચાર્યશ્રીને ભેટ્યા. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સર્વ ભક્તો સાથે પુરમાં પ્રવેશ કરી પોતાના નિવાસ સ્થાને પધાર્યા. અને સાથે આવેલા સંત-હરિભક્તોને યથાયોગ્ય ઉતારાઓ અપાવ્યા. ત્યારબાદ ભવ્ય ત્રણ શિખરનું ઉંચું અને વિશાલ મંદિર જોઈને બહુ પ્રસન્ન થયા. અને સર્વજ્ઞાનંદ સ્વામીને તથા મુળીના સદ્. મહાપુરુષદાસજીને કહ્યું કે હે સ્વામી શ્રીહરિનો જેવો સંકલ્પ હતો તેવુંજ તમોએ મંદિર બનાવ્યું છે.

પ્રતિષ્ઠા માટે દિવસ નક્કી કરીને કુંકુમ પત્રિકાઓ મોકલાવી. ત્યારબાદ તે તે દેશોથી જેમ કે માલવ, સિન્ધ, બંગાળ, બિહાર અને વ્રજ આદિ દેશોથી હજારો જનો પ્રતિષ્ઠા પ્રસંગે આવતા હતા. ત્યારબાદ અયોધ્યાપ્રસાદજી મહારાજ યજ્ઞમંડપમાં કુંડ તથા પત્રિકાઓ યથા શાસ્ત્ર કરાવીને પ્રતિષ્ઠા વિધિ માટે વિદ્વાન બ્રાહ્મણોનું વરુણ કરતા હતા. તે બ્રાહ્મણો યજ્ઞ કુંડમાં ઘૃત, જવ, તલ આદિ હૂત દ્રવ્યનો હોમ કરતા હતા. અને ચતુર્વેદી બ્રાહ્મણો પણ વેદ મંત્રોથી અખંડ



Final



ઘીની ધારા વડે વિધિ પૂર્વક હોમ કરતા હતા. તે વખતે દેવો દુંદુભી વગાડતા હતા. ગંધર્વો ગાતા હતા, અપ્સરાઓ હર્ષ પામીને નૃત્ય કરતી હતી.

ત્યારબાદ સર્વ શાસ્ત્રોક્ત વિધિ સંપૂર્ણ કરીને વિક્રમ સંવત્ ૧૯૦૭ના જેઠ સુદ એકાદશીના રોજ શુભ મુહૂર્તમાં મધ્ય મંદિરને વિષે ધર્મ, ભક્તિ અને શ્રી ઘનશ્યામ મહારાજની મૂતિઓની સ્થાપના કરી. દક્ષિણ તરફના મંદિરમાં રેવતી બળદેવ-હરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી. અને ઉત્તર તરફના મંદિરમાં કુંજ વિહારી વાસુદેવ ભગવાનની સ્થાપના કરી. એ પ્રમાણે સર્વ દેવોની સ્થાપના કરીને પોતે આરતી ઉતારી. પછી સર્વ ભક્તોને કહેતા હતા કે, અમોએ સ્થાપિત કરેલી મૂર્તિઓનું ભાવથી જે કોઈ દર્શન તથા થાળ કરશે, તે પરમ મોક્ષ ગતિને પામશે. *(શ્રી છપૈયાધામના નિર્માણ કરતા પૂ. સદ્. મહાપુરુષદાસજી હતા.સ્વા.મુળી, શ્રી હરિકૃષ્ણ લીલામૃત ઉત્તરાર્ધ અધ્યાય ૧૦૯, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સચિત્ર ઈતિહાસ)*

- **પૂ. મહારાજશ્રીના ખબર કાઢવા ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા**

એકવાર સદ્. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વડતાલ જતાં રસ્તામાં ગઢડે પધાર્યા. તેવે સમે અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ માંદા થયા હતા. તેમણે સ્વામીને ગઢડા કાગળ લખ્યો જે "અમને દર્શન દઈને પછી વડતાલ જાઓ" તે કાગળ સ્વામીને મળ્યો તે વાંચીને પોતે વિચારમાં પડ્યાં જે " ભગવત્પ્રસાદજી મહારાજનો પત્ર નથી તો શી રીતે અમદાવાદ જાવું ?"એમ વિચાર કરતા હતા ત્યાં તો વડતાલથી ભગવત્પ્રસાદજી મહારાજનો પણ કાગળ આવ્યો જે "અમદાવાદમાં અયોધ્યા પ્રસાદજી મહારાજ માંદા છે માટે ત્યાં જ જો અને ત્યાં બે દિવસ રોકાઈને પછી અહીં વડતાલ આવજો." ત્યારે સ્વામી રાજી થયા ને પછી ચાલ્યા તે સંવત ૧૯૨૧ની

સાલમાં અમદાવાદ પધાર્યા ને નરનારાયણદેવનાં દર્શન કરીને આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજને મળ્યા ને પછી ઉતારા કર્યા. ત્યાર પછી હરે થયા ત્યારે સહુ જમવા ગયા ને જમીને આસને આવ્યા.

પછી વચનામૃતની કથા વંચાવીને બે કલાક પોઢી ગયા. પછી જાગ્યા ને સાંજે સભામાં સ્વામીએ વાતો કરીને વળતે દિવસે સવારની કથા વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં આવ્યા ને પાટ ઉપર બિરાજમાન થયા તે સ્વામી સભામાં ગાદી તકીએ બેઠા હતા તે વખતે સભામાં ઉપાસનાની વાતો બહુ કરી તે સાંભળીને આચાર્ય મહારાજ બોલ્યા જે, " સ્વામી ! આજ તો ઉપાસનાની વાત બહુ સારી કરી" ત્યારે સ્વામી કહે "તમારા બાપના ગુણ ગાઈએ છીએ તે મહિમા કહીએ છીએ. જેમ ખજાનાની ચાવી તમે કેશવપ્રસાદજી મહારાજને બતાવશો તેમ સ્વામિનારાયણે પોતાની ઉપાસના અને મહિમા અમારા હૃદયમાં ભર્યા છે. " સ્વામીએ ત્યાં રહી બે ચાર દિવસ સુધી ઉપાસનાની બહુ વાતો કરી. પછી આચાર્ય મહારાજની રજા લઈને મળીને ચાલ્યા તે વડતાલ પધાર્યા. *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ - ૩ વાર્તા ૪૯)*

● **પૂ. મહારાજશ્રીએ અંતર્યામીપણે રામજી શેઠને મેળે આવવાની ના પાડી**

એકવાર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામશ્રી મુળીના મંદિરમાં વસંતનો સમૈયો કરવા પધાર્યા હતા. તે એક દિવસ રાત્રીએ સભામાંથી ઉઠીને પોતાને આસને સૂઈ રહેવા ગયા. ત્યારે મેમકાવાળા રામજી શેઠે મહારાજના પગ ચાંપવા માંડયા ને મહારાજને પૂછ્યું જે આ અમદાવાદવાળા હઠીભાઈ શેઠ મેળો કરે છે. તે મેળા ઉપર વઢવાણના વાણીયાનો સંઘ જશે તે સંઘ ભેગો હું પણ અમદાવાદ આવીશ. ત્યારે મહારાજશ્રી કહે એ ભેગા આવશો નહિં. ત્યારે રામજી



Final



શેઠે કહે મારે કાંઈ એ વાણીયાના મેળે જવું નથી, મારે તો આપણા મંદિરમાં ઠાકોરજીના દર્શન કરવા જવું છે. ત્યારે મહારાજશ્રી કહે એ મેળામાં ટુંટીઆનો રોગ બહુ ભારે થશે ને હજારો માણસ મરી જશે. માટે તમારે આવવું નહીં. ત્યારે રામજી શેઠ ગયા નહિ.

પછી મેળામાં ટુંટીયાના રોગથી હજારો માણસ મરી ગયાં એ વાત સાચી થઈ.

● **હરિભક્તના અપરાધે અને મહારાજશ્રીના વચને...**

વળી એક દિવસ રામજી શેઠે શ્રી અમદાવાદ સમૈયા ઉપર ગયા ત્યારે એક દિવસ સવારમાં મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી પોતાને ઉતારે એકલા બેઠેલા હતા. તે ત્યાં જઈને રામજી શેઠે વાત કાઢી જે શ્રી વઢવાણના દીવાન લાધા ઠાકરને આપણા ઉપર ઘણી ઈર્ષા છે જુઓને આપણા બળદને દરબારના બળદ સામ સામા વઢ્યા તે દરબારના બળદનું શીંઘડું થોડુંક આપણા બળદે પાડ્યું તે સારું વઢવાણના હરિભક્તોને બેસાડી દેવા માંડ્યા ને બાર રૂપિયા દંડ લઈને રજા દીધી. એવુ ઈર્ષા એ કામ કર્યું તે સાંભળીને મહારાજશ્રી બોલ્યા જે, એમાંથી એ કામદારને ત્રણ વાનાં થશે. ત્યારે રામજી શેઠે પૂછ્યું જે, શા ત્રણ થાશે ? ત્યારે મહારાજશ્રી બોલ્યા જે એક તો પંદર દિવસમાં એનો કારભાર ઉતરી જશે ને પછી થોડેક દહાડે એના શરીરમાં એવો મંદવાડ થશે જે ઉઠવા બેસવાની ક્રિયા પોતાથી થશે નહીં. માણસો ઉપાડી ઉપાડીને ઉઠાડે ને ત્યાર પછી એના શરીરમાં મોટા મોટા જીવડા પડશે તેથી દેહ ગંધી જશે. એ ત્રણ ઉપાય થોડાક દિવસમાં થશે. અને તમે સુરત રાખજો. પછી એ પ્રમાણે ત્રણેય ઉપાય થયા. તેને રામજી શેઠે નજરે દીઠા.

● **રામજીશેઠેને મહારાજશ્રીએ પોતાના રોગની આગમ જણાવી**

એકવાર અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રી મુળીએ સમૈયા કરવા જતા હતા તે ગામ જસાપર મહારાજ ને રામજી શેઠ ભેગા થયા ત્યારે

દંડવત્ કરી ભેટ મૂકીને મહારાજને કીધું જે તમે સુખી છો ! ત્યારે મહારાજશ્રી બોલ્યા જે સુખી દુઃખી બેય છીએ. ત્યારે રામજીશેઠે પૂછ્યું જે, હે મહારાજ ! દુઃખી કેમ ? ત્યારે મહારાજશ્રી બોલ્યા જે એ વાત રાત્રીએ જણાશે. તમે જો જો પછી એ રાત્રીમાં મહારાજના શરીરમાં મંદવાડની ઘણી કસર થઈ ગઈ તેથી મેનામાં બેસાડી મહારાજશ્રીને અમદાવાદ લઈ ગયા.

- **અયોધ્યાપ્રસાદજી મહારાજના મોટા પુત્રી જમનાબાઈનું દુઃખ મટાડ્યું**

એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજનાં મોટા દીકરી જમનાબાઈ, તેમને છપૈયાપુર પાસે લક્ષ્મણપુરમાં પરણાવીને તેમને ઘેર મોકલ્યાં. એટલે પોતે પવિત્રપણે થઈને દૂધ તથા પાણી ગાળીને શુદ્ધ પણ રસોઈને કરવા લાગ્યાં. તે જોઈને પોતાના સાસુ, નણંદ, દિયર અને જેઠ તેમણે એમના ઉપર બહુ ઈર્ષા કરવા માંડી. એમ કરતા થકા કેટલાક દિવસ વીતી ગયા. પછી તે બાઈ છપૈયાપુરમાં આવ્યાં. તે સમે અયોધ્યાપ્રસાદજી મહારાજ ત્યાં હતા. એટલે તે વાત પોતાનાં માતા-પિતાને કહી જે "મારે ભગવાન ભજવામાં અને ધર્મ પાળવામાં હરકત બહુ આવે એમ જણાય છે."એવી રીતનું ઘણુંક પોતાનું દુઃખ વર્ણન કરીને દિલગીર થઈ ગયાં.

ત્યારે તેમની દુઃખની વાત જોઈ સાંભળીને મહારાજે પોતાના અંતઃકરણમાં જરાએક કચવાઈને ધીરજ આપતા સતા એમ બોલ્યા જે, "હે બાઈ જમના તમારા ઉપર જે ઈર્ષા કરે છે તે સર્વે હમણાં જ આજ ને આજ આવીને નિર્માની થઈને બે હાથ જોડીને તમોને પગે લાગશે." એમ કહીને મહારાજ પોતાના જીવાત્મામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા હવા એવા થકા પોતે તે વખતે ઈચ્છા કરી કે 'ચાર યમદૂત મહાભયંકર અને કાળા શાહી જેવા ને સર્વે હથિયારે સહિત એવા થકા તત્કાળ ત્યાં જઈને, સાસુ-નણંદ



Final



આદિક જે જે ઈર્ષા કરતાં હતાં. તે સર્વેને એકદમ ક્રોધ કરીને યમદૂત મહાભય દેખાડવા લાગ્યા.'

અને બોલ્યા જે, "તમે એ જમનાબાઈ ધર્મ પાળે છે, તેમને શા વાસ્તે દુઃખ આપો છો ? " એ બાઈ તો મહાસતી છે. અને પાર્વતી જેવા ગુણ એમનામાં છે. તે બાઈ તમારા કુળને તારશે. માટે હવેથી જો એમને દુઃખ દેશો તો તમારી ભૂંડીવલે છે. અને અમે તો યમરાજાના યમદૂત છીએ. અને એ બાઈના પિતા તો સાક્ષાત્ ભગવાનના પુત્ર છે. તે અમે પણ તેમની આજ્ઞાએ કરીને આવ્યા છીએ. અને તમે અત્યારે હાલ જાઓ, એ બાઈને છપૈયાપુરથી રાજી કરીને તેડી લાવો. અને જો કોઈ દિવસ એ બાઈને ધર્મ પાળવામાં આડ કરી તો પાછા ફેર અમે તમારે અર્થે આવીશું, અને તમારા જીવ લીધે જ છૂટકો કરશું. અને આ ફેર તો તેમની આજ્ઞા થકી તમને સમજાવીને પાછા જઈએ છીએ."

એવી રીતે તે જમદૂત કહીને ત્યાં થકી ચાલતાં એક પીપળાનું વૃક્ષ પોતાના આંગણે સામે થોડેક દૂર હતું. તે વૃક્ષને એક પાટુ મારી કે તરત મૂળમાંથી ઉખડીને કડકડાટ થઈને પૃથ્વી ઉપર પડ્યું. તે જોઈને મહાત્રાસ પામતા સતા તત્કાળ છપૈયાપુરમાં આવીને અતિ નિર્માની થકા બે હાથ જોડીને તે સર્વે વાત કહીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને 'ફરીથી કોઈ દિવસ દ્રોહ ન કરવો.' એવો નિયમ રાખીને તે જમનાબાઈને વિનંતી પૂર્વક પગે લાગીને પોતાને ઘેર તેડી ગયા. એવો પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજનો પ્રતાપ જોઈને સર્વ જન આશ્ચર્ય પામ્યા. *(શ્રી પુરુષોત્તમ લીલા (કચ્છલીલા) અધ્યાય ૫૯)*

- **પૂ. મહારાજની અઢાર દિવસ સુધી અન્ન જળ વિના રહ્યા**

એક વખત ગુણાતીતાનંદસ્વામી હરિજયંતિનો સમૈયો કરવા વડતાલ પધાર્યા હતા. તે વખતે અમદાવાદના આચાર્ય શ્રી અયોધ્યા

પ્રસાદજીએ અઢાર દિવસથી અન્ન જળ લીધું નથી એવું સાંભળી સમૈયો પૂરો થયેથી ચૈત્ર વદિમાં ગુણાતીતાનંદ સ્વામી પોતાના મંડળ સહિત અમદાવાદ જવા નીકળ્યા, તેમની સાથે શુકસ્વામી પણ હતા. વસો થઈ અમદાવાદ ગયા. ત્યાં મંદિરમાં ઉતારો કરી, શ્રીજીમહારાજનું ધ્યાન ભજન કરી, ગુણાતીતાનંદ સ્વામી આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજીની પ્રકૃતિ જોવા પધાર્યા. તે પહેલા શુકસ્વામી ત્યાં જઈ અયોધ્યા પ્રસાદજીને કહેતા હતા જે, હે મહારાજ આપનું શરીર તો બહુજ લેવાઈ ગયું છે. દેશી વૈદ્યની દવા કરો તો સારું એટલામાં ગુણાતીતાનંદ સ્વામી આવ્યા ને મહારાજશ્રીને કહે આપના દાદાને સંભારવા હતાને ? તે સર્વોપરી ભગવાન છે. તે સર્વે વાતે સારું કરત. તમો અન્ન જમો, કોઈ વાતે ચિંતા કરશો નહિ. તે સમયે શ્રીજીમહારાજે શ્રીઅયોધ્યાપ્રસાદજીને દર્શન દઈ કહ્યું જે , મોટા પુરુષની આજ્ઞા માની ને અન્ન જમજો. એમ કહી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે, શ્રીજીમહારાજ તમારે વશ છે, માટે કાલે મારે ત્યાં જમવા પધારવા કૃપા કરો. હું આપને જમાડયા પછી થી પ્રસાદીનું અન્ન જમીશ. વળી વડતાલના તમામ સાધુ મારે ત્યાં જમવા પધારે એટલી કૃપા કરો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ હા કહી. પછી બીજે દિવસે શુદ્ધ રસોઈ કરાવી હવેલીમાં એક બાજુ વડતાલના સાધુઓની અને બીજી બાજુ જુનાગઢના સાધુઓની પંગત કરાવી. તેમાં પ્રથમ ગુણાતીતાનંદ સ્વામીને પાટલે બેસાડ્યા. તે વખતે સ્વામીએ બીજો પાટલો મંગાવ્યો. તે પોતાની સામે મુકાવ્યો અને વચ્ચે પત્તર મૂક્યું. હવે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પંગતમાં પીરસવા પધાર્યા, તે સમયે તેમણે શ્રી સહજાનંદ સ્વામીને પ્રત્યક્ષ પાટલા ઉપર બિરાજમાન થયેલા જોયા; ત્યાં વડતાલના સાધુ ખાલી પાટલો જોઈને બોલ્યા જે વચ્ચેથી પાટલો લઈ લો; કારણ કે પીરસતા ફાવે. ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી



Final



મહારાજ બોલ્યા જે કોઈ બોલશો નહિ. એમ કહી શ્રી અયોધ્યાપ્રસાદજીમહારાજ પંગતમાં પીરસવા લાગ્યા. પછી સર્વે પીરસી રહ્યા એટલે "શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય" બોલાવી એટલે સર્વેએ જમવાનું શરૂ કર્યું, ને તેઓ સર્વ જમી રહ્યા ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે શુક સ્વામી વગેરેને કહ્યું જે ગુણાતીતાનંદ સ્વામીને સામે પાટલે શ્રીજીમહારાજ બેઠા હતા. સ્વામીને શ્રીજીમહારાજ વશ છે. આવો ગુણાતીતાનંદ સ્વામીનો અદ્ભૂત મહિમા જાણી શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજે પૂછ્યું જે, વ્યતિરેક સ્વરૂપ ક્યાં છે અને કેવું છે. ? તે સમયે સ્વામીએ અમૃત દૃષ્ટિથી અયોધ્યાપ્રસાદજી મહારાજ સામું જોયું; ત્યારે તરત તેમની નિરાવરણ દૃષ્ટિથઈ ; તેથી અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજને દીઠા. ત્યાં સ્વામી બોલ્યા કે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ , આ દિવ્ય સિહાસન ઉપર વ્યતિરેક સ્વરૂપે શ્રીજીમહારાજ નિરંતર બિરાજે છે અને અન્વય સ્વરૂપે સર્વ મુક્તોમાં મૂર્તિમાન રહ્યા છે. એમ કહી ત્યાંથી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની વૃત્તિ ખેંચી દેહમાં લાવ્યા. પછી સાંયકાળે સભા થઈ ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીને ખુરશી ઉપર બેસાડી વાતો કરવાનું કહ્યું. તે સમયે સ્વામી કહે; બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દશ દશ મૂર્તિઓ છે. છ સગુણ અને ચાર નિર્ગુણ. એવા અનંત કોટિ બ્રહ્માંડો છે. તેમને મોટપ આપનાર શ્રી સહજાનંદ સ્વામી છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ આ બ્રહ્માંડમાં સહજાનંદ સ્વામી કોઈ દિવસ પધાર્યા નથી. પણ વિરાટ બ્રહ્માના આમંત્રણથી આ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ પધાર્યા છે. તેમને સર્વ અવતારના અવતારી સર્વોપરી ઓળખીને તેમના સાધર્મ્યપણાને પામે ત્યારે પરમ સુખિયા થાય છે. એમ વાત કરી ત્યાં સંધ્યા આરતી થઈ ને સર્વે દર્શને પધાર્યા. *( શ્રી સ્વામિનારાયણ ભાગવત સ્કંધ ૬ અધ્યાય ૧૯)*

● **શ્રીજીમહારાજે સૌ સૌના દેશનો પ્રબંધ બાંધ્યો.**

શ્રીજીમહારાજ જેતલપુરથી ચાલ્યા તે રધવાણજ રાત રહ્યા અને બીજે દિવસે વરતાલ પધાર્યા. ને મંદિરમાં આવીને ઉતારા કર્યા. અને મહારાજતો અયોધ્યાવાસી ભેળા જમતા અને સાધુ રસોઈ કરે અને મહારાજ પીરસતા ને પછી પ્રકરણ ફેરાવ્યું, જે જેને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તેને રઘુવીરજી મહારાજની પાસે મંત્ર લેવો અને નરનારાયણના દેશમાં રહેવું હોય તેને અયોધ્યા પ્રસાદજી મહારાજની પાસે મંત્ર લેવો. એ રીત કરી.

એક દિવસે બેય આચાર્ય ને નોખાનોખા પાટ ઉપર બેસાર્યા અને મહારાજે કહ્યું જે, સૌ સૌના દેશના પૂજા કરો, તે અમે જોઈએ. પછી સૌએ પૂજા કરી. તે લક્ષ્મીનારાયણ દેશના હોય તે રઘુવીરજી મહારાજની પૂજા કરે અને નરનારાયણ દેશના હોય તે અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરે અને મહારાજ પાસે વસ્તુ લાવે તેને તેમ પૂછે જે, તમે કિયા દેશના છો ? ત્યારે કહે જે, નરનારાયણના દેશના છીએ. ત્યારે અયોધ્યાપ્રસાદની આગળ મેલો અને કહેશે જે, અમે લક્ષ્મીનારાયણના દેશના છીએ, ત્યારે તમે રઘુવીરજી મહારાજની આગળ મેલો. જે ફળ, ફૂલ હોય તે મેલો, એ રીતે સૌ સૌના દેશોનો પ્રબંધ બાંધ્યો , પછી કેટલાક દિવસ રહીને ગઢડે મહારાજ પધાર્યા. *(સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો-વાર્તા ૨૭૨)*

● **નરનારાયણદેવને ઝાઝા મંદિર ગમે છે.**

એક સમે મહારાજ ગંગાજળિયા કૂવા પાસે ચાકળા ઉપર વિરાજમાન હતા. અને સાધુ બેઠા હતા. પછી મહારાજે કહ્યું જે, આપણે મંદિર ક્યા ક્યા ગામમાં હોય તો ઠીક અને કેટલાક હોય તો ઠીક ? અમદાવાદ, વડતાલ, આદિક કેટલાક ગામમાં નામ સાધુએ લીધાં . પછી મહારાજે કહ્યું જે, બાઈઓ ને પૂછો ત્યારે બાઈઓએ કહ્યું જે, ગઢડે તો અવશ્ય મંદિર કરવું જોઈએ, શા માટે જે, ગઢડે



Final



મહારાજ બહુ રહ્યા છે માટે વધુ મહિમા તો ગઢડાનો કહેવાય માટે અહીં તો જરૂર મંદિર કરવું જોઈએ અને ઝાઝા મંદિર મહારાજ, સારાં નહિ શા માટે જે, અયોધ્યાવાસીનું ખર્ચ પુરું કરવું જોઈશે.

એ વાત સાંભળીને મહારાજે કહ્યું જે, બાઈઓ બહુ ડાહ્યા કેમ જે આપણે અયોધ્યાવાસીના ખરચની ખબર નહિ અને બાઈઓએ કહી. દેખાડ્યું પછી મહારાજે કહ્યું જે, લ્યો અમે કહીએ એમ કહીને મહારાજે માળા હાથમાં લીધી અને એમ બોલ્યા જે, નરનારાયણને ઝાઝા મંદિર ગમતા હોયતો બેકી આવે અને થોડાં ગમતાં હોય તો એકી આવે, એમ કહીને મહારાજે માળા ફેરવી ત્યાં તો બેકી આવી પછી કહ્યું જે, આ તો બેકી આવી ત્યારે મહારાજે કહે મરને ગામો ગામ મંદિર થાય. *(સદ્.શ્રી ભાયાત્માનંદ સ્વામી વાતો - વાર્તા - ૩૦૩)*

● **પૂ. મહારાજશ્રીએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો**

અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદી પર આદિ આચાર્ય તરીકે વિ.સં. ૧૮૮૨ ના કારતક સુદ એકાદશીને રોજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આવ્યા. તે આદિ આચાર્ય મહારાજનું પ્રાગટ્ય વિ.સં. ૧૮૬૫ના જેઠ સુદ એકાદશીના શુભ દિને છપૈયા ગામે થયું હતું. તેમના પિતાનું નામ રામપ્રતાપજી પાંડે અને માતાનું નામ સુવાસિની બા હતું.

પૂ. મહારાજશ્રીનું પ્રાગટ્ય જેઠ સુદ એકાદશી ના રોજ હતું તે જોગાનું જોગ સિધ્ધપુર, ઈડર અને છપૈયા આ ત્રણેય શિખરબધ્ધ મંદિરોની પ્રતિષ્ઠા તેમના સ્વહસ્તે જેઠ સુદ એકાદશીના રોજ થયેલી હતી.

પૂ. મહારાજશ્રીએ ઉત્તરાધિકારી પોતાના સુપુત્ર શ્રી કેશવપ્રસાદજી મહારાજને આચાર્ય પદે આરુઢ કરી. સંવત ૧૯૨૪ ના ફાગણ સુદી સાતમને રોજ સ્વતંત્રપણે ભૌતિક દેહનો ત્યાગ કરી

શ્રીહરિની મૂર્તિમાં સદાને માટે લીન થયા. પૂ. મહારાજશ્રીએ ૪૨ વર્ષ ગાદી ભોગવી અને સત્સંગનું ઉત્કર્ષપણું કર્યું. અને ઘણીજ સત્સંગની સેવા કરી છે. અને તેમનું જીવન પ્રભુમય હતું. અને આચાર્યપદ પોતાની સેવા અને કાર્યથી સાર્થક કર્યું.

પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતે શ્રી વિષ્ણુ ભગવાનનો અવતાર હતા. *(શ્રી સ્વામિનારાયણ ભાગવત સ્કંધ ૧ અધ્યાય - ૫)*

● **અમદાવાદના દરજી ભક્તની સત્સંગ પ્રત્યે આત્મીયતા**

અમદાવાદમાં એક દરજી હરિભક્તે અયોધ્યાપ્રસાદજી મહારાજ દેહ મુકી ગયા ત્યારે મુછો મુંડાવી હતી તે જોઈ તેના નાતીલા કુસંગીઓને ઈર્ષા આવી. તે પછી થોડા દિવસ થયાં ત્યાં તે હરિજનનો બાપ મરી ગયો ને તેની પાછળ તેણે ખરચ કરવાનો આરંભ કર્યો ને જલેબી-લાડવા વગેરે પકવાન કરાવ્યા પછી તેની નાતને નોતરાં દેવા માંડ્યો ત્યારે તે નાતીલાએ જમવાની ના પાડી ત્યારે તે હરિજને પોતાના લાગતા વળગતા પાસે નાતની વિનંતી કરાવી તો પણ તેણે માન્યું નહિ પછી તે હરિજને નાતના આગેવાનને બોલાવી કહ્યું જે "તમને ખવરાવવું એતો નાતનો વ્યવહાર છે તે મારી આબરુની ખાતર તમને ખવરાવું છું નહિ તો તમને ખવરાવવા હું રાજી નથી ને સ્વામિનારાયણ તે અમારા બાપ છે ને તેમના આચાર્ય તથા સાધુ બ્રહ્મચારી વગેરે અમારું કુટુંબ છે માટે હું તો હવે તેને ખવરાવીશ ને તમારે ન ખાવું હોય તો હવે હું તમને આગ્રહ કરવાનો નથી ને આ માલ તૈયાર કરી રાખ્યો છે તે હમણાં મંદિરમાં મોકલી દઉં છું." ત્યારે નાતીલાએ કહ્યું કે "ભાઈ તારી સમજણ ખરી છે ને અમે જમવાની ના કહી તે અમારી ભૂલ થઈ માટે હવે તું સુખેથી નાત્યને જમાડ્ય ને અમે સૌના વતી માફી માગીએ છીએ." પછી તે હરિજને પોતાના સર્વે નાતીલાને જમાડ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૯)*



Final



● **દેશવિભાગનો લેખ**

લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ વ.પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવિર ઈચ્છારામ તમો બે ભાઈને અમો દત્તપુત્ર કરીને અમારા સત્સંગી સર્વેના આચાર્ય સ્થાપ્યા છે ને અમારા મંદિર શ્રીનરનારાયણનાં તથા શ્રીલક્ષ્મીનારાયણનાં તથા રાધાકૃષ્ણ આદિકનાં તથા સત્સંગમાં જે ધર્માદાની પેદાશ તે તમો બે ભાઈને આપી છે ને તેની તમો બે ભાઈને વેંચાણ કરી આપી છે, તેની વિગત્ય શિમાડાનાં ગામ લિખાં છે પૂર્વ દિશાને વિશે શ્રી કલકત્તા શ્રી કાશી શ્રી ઉજ્જેણ શ્રી ખાચરોદ શ્રી રતલાંમ શ્રી પેટલાવાદ શ્રી દેવદ શ્રી ગોધરા શ્રી ડાકોરજી મોજે સઈયત મોજે બોરડિ મોજે અલેણા મોજે કડી મોજે ખડોલ મોજે સાસતાપર મોજે મહુધા મોજે ધુમજ મોજે શુંઝ મોજે કેસરુ મોજે વાંઠવાલી મોજે અરેરિ મોજે ખાતરજ શ્રી મેમદાવાદ મોટું મોજે છાપરા શ્રી ખેડા મોજે કોશિયા મોજે પિપલી મોજે મેલજ મોજે બરોડા મોજે વઉઠા મોજે વિરપર મોજે પિસાવાડું મોજે કૌકું મોજે ધોલિ મોજે ભુંભલી મોજે વેજલકું મોજે સરઘવાલું મોજે ધનાલુ મોજે ફેદરા મોજે ખડોલ શ્રી ધંધુકુ મોજે કોટડું મોજે ગુંજાર મોજે મોરસિયું મોજે વાગડ મોજે દેવલિયું મોજે નાગનેસ મોજે વાણિયાવદર મોજે કરમડ મોજે મિણાપર મોજે ચાસકા મોજે કુડલા મોજે ભાણેજડું મોજે કોરડા મોજે સુદામડા મોજે સેજકપર મોજે ચોટિલા મોજે બાંભણબોર મોજે કવાડવું શ્રી રાજકોટ મોજે રૈયા મોજે વાજડી મોજે ઢોકલિયું મોજે સરપદડ મોજે ઝીલરિયું મોજે વિસામણ મોજે ડાંગરા મોજે જાલીયું દેવાણિનું મોજે તમાસિરોણ મોજે વણથલી વાંણિયાની મોજે ચાવડા મોજે અલૈયા ખિરામણું શ્રી નવાનગર આદિક પશ્ચિમ દિશાને વિશે ને પૂર્વ દિશાને વિશે શ્રી કલકત્તા પર્યંત શીમાડાનાં ગામ લિખ્યાં છે તે સર્વે શુભ સ્થાન શ્રી વરતાલ્યવાસિ શ્રી લક્ષ્મીનારાયણ તેની હધમાં

છે તથા એ શિમાડાના ગાંમની પધોરના રસતાનાં ગાંમ લિખ્યા વિનાનાં છે તે તથા એ શિમાડાનાં ગામથી દક્ષિણ દિશાની કોરનો દેશ-સર્વે છે તે તથા શ્રીનવાનગરની ખાડિથી દક્ષિણ દિશાની કોરે મોજે ખંભાલિયુ તથા શ્રીબેટ આદીક દેશ છે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની હધમાં છે તે સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથર આદીક જે આવે તે તથા ધરતીવાડી

તૃણ તરૂ આદીકની જે પેદાશ આવે તે સર્વ શ્રીલક્ષ્મીનારાયણની છે ને લક્ષ્મીનારાયણના દેશના હમણાં જે મંદિર તથા મેડી ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રીલક્ષ્મીનારાયણની છે તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને સિમાડાનાં ગામ શ્રી કલકત્તા તથા નવાનગર પર્યંત લિખ્યાં છે તેથી ઉત્તર દિશાની કોરનો દેશ સર્વે છે તે શુભ સ્થાન શેહરે અમદાવાદવાસી શ્રી નરનારાયણ તેની હધમાં છે તથા શ્રી નવાનગરની ખાડી ઉતાર ઉત્તર દિશાની કોરે શ્રીમાંડવી બંદર તથા શ્રી લખપત બંદર આદિક દેશ સર્વે છે તે શ્રી નરનારાયણની હદમાં છે તે સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતી વાડી તૃણ તરૂ આદીકની પેદાશ આવે તે સર્વે શ્રી નરનારાયણની છે ને શ્રી નરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડી ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે શ્રી નરનારાયણની છે એવિરિત્યે દેશવિભાગે સહિત મંદિરોની વેંચણ કરીને ચિઠ્ઠિયું બે પાનાની નાખીયું તેમાં શ્રી નરનારાયણના મંદિરની ચિઠિ પાંડે અયોધ્યાપ્રસાદને ભાગે



Final



આવી છે તે નરનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદની છે ને શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની ચિઠિ પાંડે રઘુવિરને ભાગે આવી છે તે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે રઘુવિરની છે ને સત્સંગીમાં તથા કુસંગીમાં ધર્માદાની ઉઘરાત્ત કરવા જાય તે પોતપોતાની હધમાં જાય પણ કોઈ કોઈને હધમાં જાય નહિ ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેવો હોય બેય આચાર્યને પોતપોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠિ બાંધવી પણ કોઇ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો નહિ ને કંઠિ બાંધવી નહી ને કોઇ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોલા લુગડાંવાલા થાવું હોય તો પોતપોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોલા લુગડાંવાલા પાલા કરવા ને તેની જે મિલકત ઘર હોય તે તથા જમીન વાડી તથા આંબા આદિક વૃક્ષ હોય તે લેવું પણ કોઇ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા કરવા નહિ ને તેની મિલકત ઘર તથા જમીન વાડી વૃક્ષ આદિક કાંઈ લેવું નહીં એમ અમારી આજ્ઞા છે ને અમો તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા તે કોઈ કાલે દર દાવો કરશે નહી ને અમારી શિક્ષાપત્રી પ્રમાણે તમો રહેજ્યો ને આ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોતપોતાના ધર્મમાં રહી તમારી સેવા કરશે ને સરકાર દરબાર આદિક કોઈના વાંકતલે આવે એવું અજોગ્ય કામ કોઇ કાલે કરશે નહી ને તેમ ગમે તેવો આપત્કાલ પડશે તો સત્સંગીમાં ભીખ માંગી ખાશે પણ આચાર્યને માથે આવે એવું કોઈનું કરજ કરશે નહી ને કોઈ જાણે અજાણે કરશે તો કરનાર ભોગવશે એમ અમારી આજ્ઞા છે ને સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાલાને આચાર્ય સ્થાપ્યા છે તે સર્વે નિરંતર

તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે ને શ્રી ધર્મવંશના બેય ગાદીવાલા આચાર્ય વિના અન્ય મતવાલા હર કોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્ય ન્યુનપણે જાણવામાં આવે તો પણ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા સમસ્ત તથા સત્સંગી સમસ્તે અમારી આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાંણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્યોને સદાકાલ નિરંતર માનજ્યો ને મન કર્મ વચને આજ્ઞા માં રહેજ્યો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં કોઈ કાલે સુખ થાશે નહી ને અતિ કષ્ટને પામશે ને કોઈ હરિભક્ત શ્રી લક્ષ્મીનારાયણનાં દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યના ચોપડામાં લીખાવેલ હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રી નરનારાયણના દેશમાં ઉચાલો લેઈ જઈ રેણાંક કરે ને તેને દશોદ વિશોંદ આદીક ધર્માદાનું  દેવું તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરૂ માંનવા પણ તેનો કશો દોષ ધારવો નહિ જે પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરૂ કરી મંત્ર ઉપદેશ લીધો છે ને હવે કેમ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને ગુરૂ માની દશોદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો શંશય રાખવો નહિ શા માટે જે એવી અમારી આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા જમીનવાડી મેડી મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માંગવું નહિ કેમ જે તે શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલ છે માટે તે આચાર્યને જ રહે પણ તેની ફેરવણી થાય નહિ તેજ પ્રમાણે કોઈ હરિભક્ત શ્રી નરનારાયણના દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ





શ્રી નરનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ તે આચાર્યના ચોપડામાં લીખાવ્યું હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરૂ માંનવા પણ તેમાં કશો સંશય રાખવો નહી શા માટે જે અમારી એવી આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીનવાડી મેડી મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રી કૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહી કેમ જે તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને શ્રી કૃષ્ણાર્પણ આપેલ છે માટે તે આચાર્યને જ રહે પણ તેની ફેરવણી થાય નહી એવી રીત્યે અમારી આજ્ઞા છે ને કોઈ ગરાસિયાને બેય દેશમાં ગામ જમીન વાડી હોય ને કોઈ વેપારીને બેય દેશમાં દુકાનો હોય કે કોઈ ખેડુને બેય દેશમાં ખેડ હોય ને તેને દશોંદ વિશોંદ દેવી પડે તે જે આચાર્યના દેશમાં જે ગામ જમીનવાડીની કમાણી આવે તથા જે વેપારની કમાણી આવે તથા જે ખેડની કમાણી આવે તે આચાર્યને તેના દેશની કમાણીની દશોંદ વિશોંદ દેવી તેમાં ફેર પાડવો નહી એમ અમારી આજ્ઞા છે ને શ્રી લક્ષ્મીનારાયણની હધમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડું આદિકની રેંણાક હોય ને તે સત્સંગી હોય અથવા કુસંગી હોય ને તેને શ્રી નરનારાયણ આદિક દેવની આગલ્ય ભેટ મુકવાની અથવા માંનતા અર્થે મુકવાની અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે તેનો બાધ નથી પણ શ્રી લક્ષ્મીનારાયણની હધમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહી તેવું કાંઈ આપવું નહી ને જો કદાચિત આપે તો શ્રી લક્ષ્મીનારાયણની

ગાદીના આચાર્યને રાખવું નહી ને આપનારને કહેવું કે જે તમારે આપવાની જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારી હધમાં હોય તો આપો અથવા અમારી હધમાં વેચાથુ લેઇ આપો તો અમોથી લેવાશે એમ કરતાં કાંઇ સ્થાવર વસ્તુ શ્રી નરનારાયણની હધનું જોરાવરી આપે તો શ્રી લક્ષ્મીનારાયણને અર્થે રાખવું નહી ને પોતાને જાંણે તત્કાલ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું એમ અમારી આજ્ઞા છે તેમાં કોઇ કાલે ફેર પાડવો નહી તેજ પ્રમાણે શ્રી નરનારાયણની હધમાં કોઇ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાંક હોય ને તે સત્સંગી હોય અથવા કુસંગી હોય ને તેને શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવની આગલ્ય ભેટ મુકવાની અથવા માંનતા અર્થે મુકવાની અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે તેનો બાધ નથી પણ શ્રી નરનારાયણની હધમાં જે ગામ તથા જમીનવાડી તથા મેડી ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઇ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહી તેવું કાંઇ આપવું નહી ને જો કદાચિત આપે તો શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહી ને આપનારને કહેવું કે જે તમારે આપવાની જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારી હધમાં તમારૂ હોય તો આપો અથવા અમારી હધમાં વેચાથું લેઇ આપો તો અમોથી લેવાશે એમ કરતાં કાંઇ સ્થાવર વસ્તુ શ્રી નરનારાયણની હધનું જોરાવરી આપે તો શ્રી લક્ષ્મીનારાયણની અર્થે રાખવું નહી ને પોતાને જાણે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને તત્કાલ હવાલે કરવું એમ અમારી આજ્ઞા છે તેમાં કોઇ કાલે ફેર પાડવો નહી ને શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રી નરનારાયણની હધમાં સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું તેનો બાધ નથી પણ કાંઇ દક્ષિણા તથા ગામ જમીનવાડી તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર ઝવેર તથા



Final



મેડી ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઇ ભેટ મુકે અથવા માંનતાને અર્થે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાથું આપે અથવા ઘરેણે આપે હરેક બાંનાને મશે આપે તો કાંઇ લેવું નહી ને કાંઇ જોરાવરી મોહોબતથી આપે ને લેવું પડે તો પોતાને કાંઇ રાખવું નહી. પોતાને જાંણે તત્કાલ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું તેજ પ્રમાણે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને શ્રી લક્ષ્મીનારાયણની હધમાં સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું તેનો બાધ નથી પણ કાંઇ દક્ષિણા તથા ગામ જમીનવાડી તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર ઝવેર તથા મેડી ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઇ ભેટ મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાથું આપે અથવા ઘરેણે આપે હરેક બાંનાને મશે આપે તો કાંઇ લેવું નહી ને કોઇ જોરાવરી મહોબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઇ રાખવું નહી પોતાને જાણે શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું એમ અમારી આજ્ઞા છે ને કોઇ હરિભક્ત ઉચાલા વિના બીજા દેશમાં કમાણી અર્થે રોજગાર કરવા જાય ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે જેના દેશમાં બાઇડી છોકરાં સહિત ઉચાલો હોય તે દેશના આચાર્યને દેવું એમ અમારી આજ્ઞા છે ને તમારા વતનમાં સરવાર દેશને વિષે તમો બેય ગાદીના આચાર્ય સગાં સંબંધી છે તથા તેના આશ્રિત જે મનુષ્ય હોય તે બેય ગાદીના આચાર્યમાં જેને જે સાનૂકુળ હોય તેની પાસે મંત્ર ઉપદેશ લેઇ સેવક થાય ને ગુરૂ માને ને પોતાની મરજીમાં આવે તે તેને આપે તેનો બાધ નથી ને બેય ગાદીના આચાર્યનુ એ જૂનુ વતન છે તે સારૂ તમારે પોતપોતાની જમીનવાડી તથા મેડી ઘર ગામ આદિક જે હમણાં છે તથા વેચાથું અથવા ઘરેણે રાખવું પડે તે પોતપોતાને જાંણે પોતપોતાનું રાખજ્યો તેનો બાધ નથી ને તમારા સગાંસંબંધીને તેના આશ્રિત મનુષ્ય તે

વિના હર કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈ સેવક થાવું હોય તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્ય પાસે જાવું ને તેને ગુરૂને નાતે ગામ જમીનવાડી તથા મેડી ઘર તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ આપવું હોય તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને આપવું ને આચાર્યને તેજ પ્રમાણે લેવું એમ અમારી આજ્ઞા છે ને આ લિખ્યું તમો બેય ગાદીના આચાર્યને રાજી રજા વંદ કરી અમે અમારી અકલ ખુશીથી યથાયોગ્ય વેંચી આપી લિખ્યું કરૂં છે તેમાં તમારા સગા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથી ને તમારા સગા ભાઈ કોઈ તમ પાસે આવે તેને ખરચ નિમિત્તે આપવું તે ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગીને ને તમારે પણ દિલમા ધારવું ને ઘટે તે પ્રમાણે ને તમારી ગાદી ઉપર બેસારવો તે તમારો પુત્ર હોય અથવા શ્રી ધર્મકુલનો બીજા તમારા ભાઈનો પુત્ર હોય તે સર્વે પ્રકારે ધર્મમાં કુશલ રહે એવો હોય ને સર્વે સાધુ તથા સર્વે બ્રહ્મચારી તથા સર્વે સત્સંગીને પોતપોતાના ધર્મમાં રખાવે એવો સમર્થ હોય તેને ગાદી ઉપર બેસારવો તે પણ ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગી સત્સંગની વૃધ્ધિને ઈચ્છે એવાને સર્વે પ્રકારે પ્રમાણિક હોય તેની મરજી લેવી ને તમારી નજરમાં પણ આવે ને અમારા સંપ્રદાયના ગ્રંથમાં મલતું આવે એવો હોય તેને એક એક જણને ગાદી ઉપર બેસારવો ને તેથી વધારે પુત્ર હોય ને તે ગાદીવાલા પાસે આવે ત્યારે તેને ખરચ નિમિત ઉપર લિખ્યા પ્રમાણે સાધુ તથા સત્સંગીની મરજી લેઈને દેવું પણ તે ઉપરાંત કોઈનો કશો દર દાવો નથી એમ અમારી આજ્ઞા છે ને તમો બેય ગાદીના આચાર્યને પરસ્પર કોઈ લેણ દેણ આદિક વ્યવહારમાં વાંધો પડે ને તે સારૂ સામસામા સવાલ જવાબ કરવા પડે અથવા તે વાંધો પાર પાડવા પંચાત્ય કરવી પડે તો જે સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા છે તેમને એ કજીયામાં નાખવા નહીં ને એમને





પોતાને જાણે પણ એ કજીયામાં પડવું નહી કેમ જે એ વ્યવહાર માર્ગને વિષે એ ત્યાગી છે એ અમંગલરૂપ છે તથા એ ત્યાગીને એવો વ્યવહાર માર્ગ તે અમંગલરૂપ છે તે સારૂ એવો વાંધો પાર પાડવામાં જવાબ સવાલ કરવા તથા પંચાત્ય કરવા શ્રી નરનારાયણની હધના બે ગ્રહસ્થ બાઈડી છોકરાંવાલા પ્રમાંણિક ધર્મનિષ્ઠા હોય તેને નાખવા તે કજીયો પાર પાડશે ને કદાચિત બેય આચાર્યના ઘરની બાઈયુંને પરસ્પર કોઈ જાતનો કજીયો હોય તો તેમાં બોલવા તથા કજીયો ઉકેલવા સાંખ્યજોગી વિધવા બાઈયુંને નાખવી નહી કેમ જે વિધવા અમંગલરૂપ છે ને બેય તરફની સુવાસિની બાઈયું પ્રમાણિક ધર્મવાલીયું હોય તેને તે કજીયાની વાતમાં નાંખવી તે સાંમસાંમા જવાબ સવાલ કરશે ને કજીયો ઉકેલશે એમ અમારી આજ્ઞા છે આવિ રિત્યે બેય આચાર્યને લિખ્યાં કરી આપ્યા છે ને જે જે રિત્યની આજ્ઞાઓ કરી છે તે પ્રમાણે જ બેય આચાર્યને સદૈવ નિરંતર ચાલવું ને ચલાવવું ને તેમા કોઈ કાલે કોઈ રિત્યેનો ફેર પાડવો નહી ફેર પાડે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરૂદ્રોહી છે ને તે ધર્મવંશનો નથી ને સર્વે સાધુ તથા બ્રહ્મચારી તથા સર્વે પાલા તથા સત્સંગીને અમારી આજ્ઞા છે જે અમો આ લિખ્યાં કરી આપ્યાં છે તેમાં કોઈ કાલે ફેર પાડશે પડાવશે નહી ને પોતાના આચાર્યની આજ્ઞામાં નિરંતર રહેશે ને બેય ગાદીના આચાર્યને પરસ્પર ક્લેશ થાવા દેશે નહી ને કોઈ અવલા-સવલું બતાવી પરસ્પર ક્લેશ કજીયો કરાવશે ને અમારી આજ્ઞાનું ઉલ્લઘંન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરૂદ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળતુલ્ય જાણવો. સંવત ૧૮૮૩ ના વર્ષે માગશિર્ષ શુદ ૧૫ ને દિવસે શુભસ્થાન શ્રી ગઢડા મધ્યે દાદા એભલના દરબારમાં લિખું છું.. લેખક સાધુ શુકમુનિ.. શ્રી લિખિત પાંડે અયોધ્યાપ્રસાદ ઉપર લિખ્યું તે સહિ છે અત્ર સાખ્ય..૧ સાધુ મુક્તાનંદજીની સાખ્ય ૧ સાધુ નિત્યાનંદજીની સાખ્ય ૧ સાધુ આનંદાનંદજીની સાખ્ય ૧ સાધુ



Final

ગોપાલાનંદજીની સાખ્ય ૧ સાધુ બ્રહ્માનંદજીની સાખ્ય ૧ સાધુ મહાનુભાવાનંદજીની સાખ્ય ૧ બ્રહ્મચારી મુલજી સાખ્ય ૧ એ આદિક સાધુ સમસ્ત તથા બ્રહ્મચારી સમસ્તની સાખ્ય છે ૧ લેખક શુકમુનિ ૧ ખાચર દાદા એભલની સાખ્ય ૧ ઠક્કર લાધારામજીની સાખ્ય ૧ ભટ્ટ ગોપિવિશ્વંભરની સાખ્ય ૧ ભટ્ટ રઘુનાથ ગોપીના દસક્ત છે.. શુભ.

અયોધ્યાવાસી બાઈભાઈ (ધર્મવંશી) અમદાવાદ-૩

આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ ભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી, વરતતા કેમ જે અયોધ્યાવાસીયે તો અતિશેજ સત્સંગ પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યુ છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતા કોઈને આવડતું નથી, અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કપટી હશે તો એમને છેતરી જશે,તે સારૂ એમને કોઈ કાર્યનો આદર કરવો હોય, ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગ્રહસ્થ તેમને પુછીને તો કામ કરવા દેવું, પણ કોઈ એક જણાને કહે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગ્રહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે.

● **ગ્રંથ સંદર્ભ સુચિ**


શ્રીહરિચરિત્રામૃત સાગર
શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો
શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો
શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો
શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર
શ્રીહરિકૃષ્ણ લીલામૃત
શ્રીહરિ લીલામૃત




Final




શ્રી સ્વામિનારાયણ ભાગવત
શ્રીજીમહારાજ પ્રગટની વાતો
સંત આખ્યાન
ભક્ત આખ્યાન
મુનિ સ્વામીની વાતો
શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨-૩
શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો
અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ
અમદાવાદમાં શ્રીહરિ
શ્રી ભક્તચિંતામણી
શ્રી સત્સંગીજીવન
શ્રી સત્સંગીભૂષણ
શ્રી વચનામૃત
શ્રી આદર્શ ભક્તગાથા
શ્રી સંત સુમન સ્રજ
શ્રી બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ
શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો
શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો
સંતો પરંપરાથી સાંભળેલ વાતો